
Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

# કલશામૃત-૧



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

श्री सिद्ध परमात्माने नमः।
श्री सद्‌गुरुदेवाय नमः।
श्री निजशुद्धात्माने नमः।

# કલશામૃત ભાગ – ૧

શ્રી કલશટીકા – જીવ અધિકાર ઉપરના
પરમોપકારી આધ્યાત્મિક સત્પુરુષ પરમ પૂજ્ય
કાનજી સ્વામીના સ્વાનુભવ મુદ્રિત પ્રવચનો.

પ્રકાશન
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ – ૩૬૦૦૦૧.
ટેલી નં. — (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૪ | ૨૫૪૦ | ૨૦૭૦ | ૨૦૧૪ |

**પ્રકાશન**

**રાજકોટ મંદિરમાં પ્રતિષ્ઠાદિન વસંતપંચમીના શુભદિને**

**મહાસુદ ૫, શનિવાર તા.૦૮-૦૨-૧૪**

પડતર કિંમત – ૧૮૦/–

વેચાણ કિંમત – ૫૦/–

પ્રથમ આવૃત્તિ – પ્રત ૧૫૦૦ - ૨૦૦૧

દ્વિતિય આવૃત્તિ – પ્રત ૧૦૦૦ - ૨૦૧૪

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**

૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,

રાજકોટ – ૩૬૦૦૦૧.

ટેલી નં. — (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

લેસર ટાઈપ સેટિંગ તથા મલ્ટીકલર તથા મુખપૃષ્ઠ ફોટા

**પૂજા ઇમ્પ્રેશન્સ**

પ્લોટ નં. ૧૯૨૪/બી

૬, શાંતિનાથ બંગલોઝ

શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,

ભાવનગર-૩૬૪૦૦૧

ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક

**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**

૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,

ડૉ. યાજ્ઞિક રોડ,

રાજકોટ-૩૬૦૦૦૧

ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated Shree Digamber Jain Swadhyay Mandir Trust, PanchNath Plot, Shree Kanji Swami Marg, Rajkot, India, 360 001, Phone: 0281-2231073.

Our request to you:

1) This electronic version of Kalash Amrut – Part 1 is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 17 May 2014 | First electronic version |

# પ્રકાશકીય નિવેદન

**‘मंगलं भगवान वीरो मंगलं गौतमोगणी।
मंगलं कुंदकुंदार्यो जैन धर्मोऽस्तु मंगलम्’।।**

(૧) ભારત વર્ષના શાસન નાયક ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીની પુણ્યધરાને શોભાવતા દ્વિતીય શ્રુતસ્કંધના પ્રણેતા શ્રી કુંદકુંદાચાર્યદેવ આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે થયા.

મંગલાચરણમાં જેમનું તૃતીય નામ છે તેવા શ્રી કુંદકુંદાચાર્યદેવ પછીના થયેલા સમસ્ત આચાર્યો-મુનિગણ પોતાને આચાર્ય શ્રી કુંદકુંદદેવની આમ્નાયમાં ગણતાં ગૌરવશાળી અનુભવી રહ્યાં છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ પછી અનુપમ વિદ્વતાના ધારક શ્રી અમૃતચંદ્રસૂરિ કે જેઓ પોતાની દિવ્ય જ્યોતિર્માન પ્રજ્ઞાથી સારા ભરતક્ષેત્રને પ્રકાશી રહ્યાં હતાં.

જેમ પરમાગમોમાં શ્રી સમયસારજી અજોડ તેમજ અદ્વિતીય શાસ્ત્ર છે, વળી તે ભારતનો ભગવાન તેમજ ભાનુ છે; તદ્ઉપરાંત શુદ્ધાત્માના અચિંત્ય વૈભવનો સર્વાંગ પ્રકાશ કરનારો સર્વોત્કૃષ્ટ મહાન ગ્રંથ છે; તેમ આત્મખ્યાતિ ટીકા પણ સર્વ ટીકાઓમાં ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ જેવી સર્વોત્તમ રહી છે. આ વિષે શ્રી ટોડરમલજી સાહેબ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં લખે છે કે : **‘વર્તમાનકાળમાં જો અધ્યાત્મ તત્ત્વ હોય તો, શ્રી સમયસારજી શાસ્ત્રમાં શ્રી અમૃતચંદ્રદેવકૃત આત્મખ્યાતિ ટીકામાં છે.’**

(૨) શ્રી સમયસારજી શાસ્ત્રની ટીકા કરતાં કરતાં અત્યુત્તમ દિવ્ય જ્ઞાનચેતનામાં સ્ફુરાયમાન થયેલો અમૂલ્ય અર્ક એટલે કળશો. આત્મખ્યાતિ ટીકા લખતાં... લખતાં... પ્રબળ ભાવો અધ્યારૂઢપણે ઊછળી ઊઠ્યાં અને તે પદ્યરૂપ બની આત્માનુભવની કલમ દ્વારા મૃદુતા અને માધુર્યતામાં વરસી પડ્યાં. જેમ જિનમંદિરના ઉન્નત ધવલ શિખર ઉપર કળશ ચઢાવે તેમ આ કળશો ટીકા ઉપર અધ્યારોહણ પામ્યા.

આ મંગળમય કળશો છે તે શ્રી આચાર્ય અમૃતચંદ્રદેવનું અનુપ્રદાન છે. જેમ કળશોમાં અમૃત ભર્યું હોય તેમ આ કળશોમાં જ્ઞાનામૃત ભર્યું છે. તેઓશ્રીએ આ કળશોમાં મિથ્યા એકાન્ત અને મિથ્યા અનેકાન્તનું વિષ ઉતારી સમ્યક્ અનેકાન્તમયી પરમામૃત પિવડાવ્યું છે. પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આ કળશોનો મહિમા કરતા કહે છે કે : આચાર્યદેવે તો એક-એક કળશે ન્યાલ કરી દીધા છે. અમૃતના કળશો ભરી ભરીને મિથ્યાત્વ મળને ધોવડાવી નાખ્યા છે.

(૩) શ્રીમદ્ અમૃતચંદ્રઆચાર્યદેવની વિશિષ્ટતા માંગલિકના પ્રથમ કળશમાં મુખરિત થઈ. તેઓશ્રીએ માંગલિકની શરૂઆત અસ્તિથી કરી. તેઓ માત્ર ઈષ્ટદેવ કે જિનવાણીને નમસ્કાર કરીને સિમિત ન રહ્યા; પરંતુ આખા સમયસારનો પ્રતિપાદ્ય વિષય જે શુદ્ધાત્મા તેને મારા નમસ્કાર હો! આમ સંપૂર્ણ સમયસારનો સાર તેમણે પ્રથમ કળશમાં મૂકી દીધો.

**‘नमः समयसाराय’**માં ત્રિકાળને તો મારા નમસ્કાર છે જ પરંતુ **‘सर्वभावान्तरच्छिदे’** માં પૂર્ણ સાધ્યદશાને પણ નમસ્કાર કર્યા છે. જે પર્યાય, સ્વભાવનું લક્ષ કરીને પૂર્ણ થઈ તો કોઈ અપેક્ષાએ તે પણ પૂજ્ય છે. આમ **‘પૂર્ણતાને લક્ષે શરૂઆત’** તે સૂત્રમાં પૂર્ણ ધ્યેય અને પૂર્ણ સાધ્ય બન્ને સમાવિષ્ટ પામ્યા છે.

આ કળશોની અન્ય એક ટીકા ઉપલબ્ધ છે તે શાસ્ત્રનું નામ છે ‘પરમ અધ્યાત્મ તરંગિણી.’ આ ટીકામાં શ્રી શુભચંદ્ર આચાર્યદેવે માંગલિકમાં આઠને નમસ્કાર કર્યાં છે. જીવતત્ત્વને, સાધક પર્યાયને, સાધ્યપર્યાયને તેમજ પંચપરમેષ્ઠીને નમસ્કાર કર્યાં છે.

આત્મખ્યાતિ ટીકામાં પહેલી ગાથાના અંતરમાં શ્રી અમૃતચંદ્રદેવ લખે છે કેઃ હું દ્રવ્યવચન અને ભાવવચનથી સમયસાર કહીશ. શુદ્ધાત્માને અનુસરીને પરિણતિ થવી તે તો ભાવવચન છે અને સ્વાનુભવપૂર્વકની વાણી તે દ્રવ્યવચન છે.

પ્રથમ કળશમાં શુદ્ધાત્માને તો નમસ્કાર કર્યા જ છે પણ તેમાં ઈષ્ટદેવને પણ નમસ્કાર કર્યા છે. કેવળજ્ઞાનના નમસ્કારમાં ઈષ્ટદેવ આવી ગયા.

બીજા કળશમાં જિનવાણીને નમસ્કાર કર્યા છે. તેમાં જ્ઞાનરૂપ સરસ્વતીને તો તેઓશ્રી સ્વાનુભવપૂર્વક નમસ્કાર કરે છે અને દ્રવ્યશ્રુતરૂપ સરસ્વતીને વિકલ્પથી નમસ્કાર કરે છે. સ્વાનુભૂતિરૂપ નમસ્કાર તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને વિકલ્પરૂપ નમસ્કાર તે બંધનું કારણ છે. તેમ છતાં જિનાગમમાં વિકલ્પરૂપ નમસ્કારને પણ પરંપરાએ મોક્ષનું કારણ કહ્યું છે. વ્યવહારરૂપ તથાપ્રકારનો

વિકલ્પ છૂટ્યો; અનુભવ થયો તો અનુભૂતિ પૂર્વેના વિકલ્પને ભૂતનૈગમનયે કારણ કહેવાય છે.

ત્રીજા કળશમાં આચાર્યદેવે શ્રીગુરુનું માંગલિક કર્યું. તેમાં સાધકદશાનું સ્વરૂપ તો દર્શાવ્યું પણ સાથે સાથે પૂર્ણ સાધ્યદશાની ભાવના પણ વ્યક્ત કરી છે.

શ્રી સમયસારજી શાસ્ત્રની ટીકા કરવાના કાળે અમારી વિશુદ્ધિ થશે. તેનું રહસ્ય એ છે કે : શ્રી સમયસારની ટીકા કરવાના વિકલ્પથી અમારી પરિણતિમાં પરમ વિશુદ્ધતા નહીં થાય; પરંતુ ટીકા લખવાના કાળે અમારું લક્ષ ધ્રુવ જ્ઞાયક ઉપર જશે તેનાથી અમારી પરિણતિમાં પરમ વિશુદ્ધિ થશે. ટીકા લખવાના કાળમાં પણ અમારું ધ્યેય તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા જ છે. ધ્યેય ઉપરથી દૃષ્ટિ ખસતી નથી તેથી વિશુદ્ધિ તો વર્તે જ છે; પરંતુ તે કાળે શુદ્ધાત્માનું ઉગ્ર અવલંબન આવવાથી પરમ વિશુદ્ધિ થાઓ... આમ સાધ્યદશાની ભાવના ભાવી છે.

આત્મખ્યાતિ ટીકાના પ્રથમ ત્રણ કળશો દેવ-શાસ્ત્ર-ગુરુના માંગલિકના રૂપમાં થયા. ચોથા કળશની રચના બાર ગાથા પછી કરી. વળી શ્રી સમયસારજી શાસ્ત્રની એકથી બાર ગાથાઓને પીઠિકાની ગાથાઓ કહી છે. સંક્ષેપ રુચિવંત જીવ બાર ગાથા સુધીમાં સમ્યક્ત્વને પામી જાય છે.

(૪) આ કળશોમાં રહેલા નિહિત ભાવોને ખોલનાર પં. શ્રી રાજમલ્લજી વિક્રમ સંવતની સત્તરમી શતાબ્દીમાં થયા. તેમણે આ કળશો ઉપર ટીકા લખી. આ ટીકાનું નામ તેઓએ **'બાલાવબોધ'** તેવું આપ્યું. ટૂંકા ટૂંકા ભાવાર્થ કરી પરમાર્થ તત્ત્વનો રસ રેલાવ્યો.

શ્રી સમયસારજીમાં પ્રથમ પૂર્વરંગ છે અને પછી જીવાજીવ અધિકાર છે. જ્યારે કળશ ટીકાકારે જીવ અધિકાર તેમજ અજીવ અધિકાર અલગ અલગ લખ્યા છે. જીવ અધિકારમાં લખતા કહે છે હું જીવનો વૈભવ કહીશ.

આ ટીકામાં ખાસ વિશેષતા દૃષ્ટિગોચર થાય છે કે કળશમાં મુખ્યપણે જે કહેવું છે તે લીટીનો ભાવાર્થ પહેલો કરે છે. આમ પ્રથમ ભાવાર્થથી શરૂઆત કરી પછી શબ્દોના અર્થ કરે છે. આચાર્યશ્રીના હૃદયમાં રહેલા સંસ્થિત ભાવોને ખોલવા માટે તેઓ શબ્દાર્થની પાછળ ભાવાર્થ કહે છે. કોઈ ભાવાર્થ, અનુભવની રસિકતા વિનાનો નથી. તદ્ઉપરાંત કળશનું તાત્પર્ય શું છે? તેમજ તેની અંદર કેવી જ્ઞાન જ્યોતિ પ્રકાશી રહી છે તેનો પ્રત્યક્ષ ભાસ થાય તેવો તલસ્પર્શી ભાવાર્થ કર્યો છે. લૌકિકમાં પણ શબ્દાર્થનો ભાવાર્થ તો કરવો જ પડે છે.

આ ટીકામાં **'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ'** તેને પ્રત્યક્ષ આસ્વાદો... પ્રત્યક્ષ આસ્વાદોનો ધ્વનિ મુખ્યપણે ગર્જે છે. 'વસ્તુ શુદ્ધ ચેતનામાત્ર છે' તેમાં ક્યાંય

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો અખંડ-અભેદ ધ્યેય લીધું છે અને ક્યાંય તો અભેદ જ્ઞેય લીધું છે. આમ સ્વાનુભવના કાળે જે **'ધ્યેય પૂર્વક જ્ઞેય'** થાય છે તેવા આત્માનું સંપૂર્ણ દર્શન કરાવ્યું છે. આમ આ કળશટીકામાં શુદ્ધ જીવવસ્તુ અને તેના પ્રત્યક્ષ અનુભવની આકાશવાણી, માનો ટીકાના રૂપમાં વિમલ જળના રૂપમાં વરસી પડી. આ વાણી તૃષાવંત જીવોને અમૃતપાન કરાવે છે.

તેઓશ્રીની ટીકામાં બીજી વિશિષ્ટ કળા એ પણ જોવા મળે છે કે : તેઓ 'શીલ' શબ્દનો પ્રયોગ બહુધા કરે છે. દા.ત. અનુભવશીલ, સાધનશીલ, સ્વસંવેદનશીલ, જાણનશીલ, મેટનશીલ, દૂરીકરણશીલ, ક્ષયકરણશીલ આમ અનેક જગ્યાએ શીલ શબ્દ પ્રતિનિધિત્વપણે વપરાયો છે.

અધ્યાત્મ રસિક કવિવર પંડિત શ્રી બનારસીદાસજીની આ કળશટીકા આત્મોત્કર્ષના રૂપમાં કેવી માર્ગદર્શક બની છે તેમજ તેમના જીવન ઉપર પં. શ્રી રાજમલજીનો કેવો પ્રભાવ વર્તે છે તે તેમની નાટક સમયસારની કૃતિ ઉપરથી ખ્યાલ આવે છે.

**'પાંડે રાજમલ્લ જિનધર્મી, સમયસાર નાટક કે મર્મી.'** આ ઉપરાંત આત્મ નિખિલતામાં અભિરામ પામેલા ઉપકૃત ભાવોને અભિવ્યક્ત કરતાં લખે છે કે... **'સમયસાર કલશા અતિ નીકા, રાજમલ્લજી સુગમ યહ ટીકા.'** આમ પં. શ્રી રાજમલ્લજીએ સમયસાર કળશોમાં રહેલા સ્વાત્મિકભાવોને ખોલ્યા છે. જ્યારે આ કળશટીકાનો ઢૂંઢારીમાંથી હિન્દી અનુવાદ થયો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ કહેલું કે : 'આ કળશટીકા, રહસ્ય ઉદ્‌ઘાટન કરનારી છે. ટીકા ઘણી ગંભીર અને આત્મસ્પર્શી છે. વસ્તુના ગૂઢ મર્મને છેદીને તત્ત્વને ઓગાળીને અંદરથી બહાર કાઢ્યું છે.'

આ કળશટીકા આત્માનો આસ્વાદ કરાવનારી અને વસ્તુના દળમાં પ્રવેશીને વાત કહેનારી છે. લોકોના મહાભાગ્ય કે આ કાળે આવી વાત બહાર આવી ગઈ. આ કળશોમાં શ્રી આચાર્યદેવે અમૃત રેલાવ્યા છે અને પં. રાજમલ્લજી સાહેબે આનંદરસ રેલાવ્યા છે. ઘણી વખત અનુભવની મસ્તીમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીના એવા ઉદ્‌ગારો સરી પડતા કે : **'દિગમ્બર આચાર્યોએ તો મહાન કામ કર્યાં જ છે, પરંતુ ગૃહસ્થ જ્ઞાની પંડિતોએ પણ ગજબના કામ કર્યાં છે.'** આમ જ્ઞાની પંડિતો શ્રી ટોડરમલજી, શ્રી દોલતરામજી, શ્રી દીપચંદજી; શ્રી રાજમલ્લજી; શ્રી બનારસીદાસજી, શ્રી ભાગચંદજી આદિ પ્રત્યે પણ તેમના હૃદયમાં અપ્રતિમ ભાવના ઉછળતી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(૫) **'અહો ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન કુંદ ધ્વનિ આપ્યા અહો! તે ગુરુ કહાનનો.'**

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી એટલે અધ્યાત્મ ક્રાંતિના વિશ્વવ્યાપી ઉત્કૃષ્ટ આંદોલન કર્તા. અક્ષય ચૈતન્યસત્તાના પરિપ્રેક્ષ્યપૂર્વક જ્ઞાતાભાવની નિર્મળધારા અનવરતપણે પીસતાલીસ વર્ષ સુધી વહી. આ જ્ઞાનચેતનાની અવિચ્છિન્ન સાતિશય મંગલ સુજન યાત્રાએ ભરતખંડના કણ કણમાં ભગવાન આત્માના કિર્તનની અલખ જગાડી. પરમ શીતલ કરુણામયી ઓમધ્વનિ અતિ આસન્નભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં સંવાહક બની તેમજ મુમુક્ષુ જીવોને ભાવિ મોક્ષનું પાથેય આપ્યું.

સુવર્ણપુરીની નીલી નિરભ્ર ક્ષિતિજો, ત્યાંની મુક્ત વાયુમંડલની સમ્યક્ લહેરો તેમજ વિજ્ઞાનઘન સ્વભાવની ધરાતલ ઉપર અધ્યાત્મની અક્ષ્ક્ષુણ રશ્મિઓ ખીલી ઊઠી. અનાદિથી વિષય-કષાયની ઉન્માદિની ચંચલ હવા વિદીર્ણીત થતી અસ્ત પામી. ધ્રુવસત્તામાં ધ્રુવઆસીન થવાનો વિરામનો શંખ વાગી ઊઠ્યો. તે સાથે જ સર્વત્ર નીરવ... નીરવ... નીરવતા છવાઈ ગઈ. આમ અનાસક્ત આત્મસિદ્ધિની અકથ પ્રભાની પ્રાંચીરો પ્રગટી. તે સાથે જ સમગ્ર દિગમ્બર જૈન સમાજ નરસિંહ કહાનગુરુના ચરણોમાં નત મસ્તક થઈ ગયો.

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનમાંથી મુમુક્ષુઓને પુણ્ય, પવિત્રતા, પ્રજ્ઞા અને પ્રતિભાના અર્ઘ્યનું સંપ્રદાન મળ્યું. આપશ્રીએ ગાથામાં, ટીકામાં-કળશોમાં રહેલા સૂક્ષ્મ ગૂઢ સિદ્ધાંતોના ભાવવાહી તેમજ સમીચીન અર્થ કર્યા. ગાથાઓમાં... ટીકાઓમાં... કળશોમાં રહેલા વિરાટ ભાવોને કરુણામયી મિષ્ટ ભાષામાં અને સરળ શૈલીમાં સમજાવ્યા; જેથી સામાન્ય બુદ્ધિવંત જીવો પણ સહજતાથી સમજી શકે. આપશ્રીની વૈરાગ્ય પ્રેરકવાણી સદૈવ આત્માર્થી જીવોને સ્વભાવની પુષ્ટિ, તુષ્ટિ અને તૃપ્તિ કરતી રહી.

જ્યારે આપ પ્રવચન કરતા ત્યારે જ્ઞાયકમાં તરબોળ થઈ જતા અને કહેતા કે જેમ કેરીને ઘોળવાથી મીઠો મધુરો રસ પ્રાપ્ત થાય છે તેમ જ્ઞાયક સ્વભાવને ઘૂંટવાથી અતીન્દ્રિય આનંદરસ પ્રગટ થાય છે.

આપશ્રીનું સંપૂર્ણ જીવન સ્વાનુભવ સંપન્ન અને જ્ઞાનથી સમૃદ્ધ હતું. આપશ્રીએ કુંદકુંદ-અમૃત અને રાજનાં હૃદયમાં પેસી જૈનદર્શનના મૂળભૂત સિદ્ધાંતોને વિશદ્તાથી પ્રકાશ્યા છે. તદ્ઉપરાંત આપશ્રીની તીક્ષ્ણ વાણીમાં હંમેશા સમ્યક્દર્શનનો વિષય ધ્રુવ પરમાત્મા અને તેના અનુભવની પ્રાધાન્યતા જ વર્તતી;

તેમ છતાં બાકીના અનુયોગોનો સમન્વય પણ સાથે રહેતો.

ભારતવર્ષની ધર્મમયી હરિયાળી અવનિ પર જૈનધર્મનો અનોખો અને અલગારી ઈતિહાસ સર્જ્યો તે પંચમકાળનું અછેરું છે. અનેક નિકટભવી જીવોના હૃદયમાં તત્ત્વજ્ઞાનની અખંડ જ્યોત જગાડીને આપશ્રીએ અલભ્ય જૈન સંસ્કૃતિનું વરદાન આપ્યું છે.

(૬) આ કળશટીકાના જીવ અધિકારમાં ત્રિકાળી સ્વભાવની મહિમા અને મસ્તી કેવી ઊછળે છે તેનું સ્પષ્ટ દર્શન થાય છે. જ્ઞાયકભાવ પોતાના અનાદિ અનંત ત્રિકાળ શુદ્ધત્વને કદી છોડતો નથી. કારણ કે તે સદા સ્વાભાવિક શુદ્ધ છે. જ્યારે પર્યાયમાં અશુદ્ધતા છે ત્યારે ચૈતન્ય જ્ઞાનાનંદ પરમાત્મા તે અશુદ્ધતાથી સદાય નિરાળો રહ્યો છે. જિનવચનમાં આવા પરમાત્મ-તત્ત્વને ઉપાદેય કહ્યો છે.

આ પરમાત્મા કેવો છે? તે અનંત... અનંત શક્તિઓનો સંગ્રહાલય છે; પવિત્રતાનો પિંડ છે; નિત્યાનંદનો ગંજ છે, શીતળતાનો અને શુદ્ધતાનો સાગર છે; જ્ઞાનદર્શનનો પૂંજ છે; આ સર્વ ઉપમાઓથી રહિત, સ્વાભાવિક અનુપમ તત્ત્વ છે. જેને વચન દ્વારા વર્ણવી શકાતો નથી, માત્ર અનુભવી શકાય છે. હું અમેચક છું... જ્ઞાયક છું... તેવો વિકલ્પ ઉઠે છે તે જ મેચકતા છે. માટે હવે કથનથી... વિકલ્પથી... ચિંતનથી... બસ થાઓ... બસ થાઓ...

આવા અભેદ જ્ઞાયકને ઉપાદેયપણે ગ્રહનારા જ્ઞાનને જ સ્વાભાવિક જ્ઞાન કહે છે. આમ વસ્તુનો પ્રત્યક્ષ રસાસ્વાદ તે જ મોક્ષમાર્ગ છે. આ નિશ્ચય મોક્ષમાર્ગ જે પ્રગટ થયો તેમાં ભેદ કે વ્યવહાર રત્નત્રયનો બિલકુલ સહારો નથી, કારણ કે મોક્ષમાર્ગ નિરપેક્ષ છે.

(૭) આ કળશટીકા ઉપરના પ્રવચનોના ગ્રંથનું નામ **'કલશામૃત'** છે, જે યથા નામ તથા ગુણરૂપ છે. આચાર્ય અમૃતચંદ્રદેવે અમૃત નિકેતનમાંથી અમૃતના ધોધ વહાવ્યા છે. શ્રી રાજમલ્લજીસાહેબે પણ અમૃતાનંદને ઉછાળ્યા છે. વળી વસ્તુ સ્વયં અમૃતસ્વરૂપ છે અને જે મોક્ષમાર્ગ પ્રગટ્યો તે પણ આનંદામૃતથી ભરપૂર છે. આવા પરમામૃતમયી નાથના પ્રવચનોની અમૃતકથા તે જ **'કલશામૃત'** છે.

આ કળશટીકામાં, વાચક ભગવાનઆત્મા છે અને વાચ્ય પણ ભગવાનઆત્મા છે. વળી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું હાર્દ પણ ભગવાનઆત્મા જ છે. તેથી આ શાસ્ત્ર વૈરાગ્યનો જનક અને સ્વાનુભૂતિનો સર્જક છે. આ કૃતિનો અંતર્મુખી સ્વાધ્યાય થતાં જ જીવ અમૃતપાનથી તૃપ્ત.. તૃપ્તથશે.

(૮) આ કલશામૃત ભાગ-૧માં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરવામાં આવ્યા છે. આ પ્રવચનો અક્ષરશઃ સીડી ઉપરથી કમ્પ્યૂટરાઈઝ્‌ડ કરવાનું કાર્ય ભાઈશ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર દ્વારા કરવામાં આવ્યું છે અને ત્યારબાદ તે પ્રવચનોને ડીવીડી ઉપરથી ચેક કરવાનું કાર્ય ડો. દેવેન્દ્રભાઈ દોશી-સુરેન્દ્રનગર દ્વારા કરવામાં આવ્યું છે. તથા શ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ દ્વારા આ પ્રવચનોને ફરી ડીવીડી ઉપરથી સાંભળી ચેક કરી અને જરૂરી કૌંસ ઉમેરીને પૂર્ણતા કરવામાં આવેલ છે. આવા ઉત્કૃષ્ટ કાર્ય બદલ સંસ્થા સર્વેની આભારી છે.

(૯) આ સંસ્થાનો અભિગમ માત્ર એ જ છે કે : પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા જે તત્ત્વધારા નિર્ઝરી છે તે જન-જન સુધી પહોંચે તે જ માત્ર એક ઉદ્દેશ્ય રહેલ છે. આવું ભવાન્તકારી સુખદ તત્ત્વજ્ઞાન પુસ્તકના માધ્યમ દ્વારા જીવોને ઉપલબ્ધ થાય તે જ માત્ર હેતુ રહેલો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની અમી દ્રષ્ટિ રાજકોટ ઉપર સદૈવ રહી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાન વિદ્વાનો દ્વારા હંમેશા પ્રવાહિત રહ્યું છે. અધ્યાત્મ વક્તા આદરણીય **‘ભાઈશ્રી લાલચંદભાઈ મોદી’**ના સ્વર્ગવાસ સમયે આ કળશટીકાના પ્રવચનોને પ્રકાશિત કરવાની ભાવના ઘણાં મુમુક્ષુઓએ વ્યક્ત કરેલી અને તે જ મુજબ પુસ્તકની બીજી આવૃત્તિ અક્ષરશઃ પ્રકાશિત કરતાં સંસ્થા હર્ષની લાગણી અનુભવે છે. આ ‘કલશામૃત’ પુસ્તક પ્રકાશનમાં રૂ. એક લાખ સ્વ. સરોજબહેન ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે ભાઈશ્રી ચેતનભાઈ તથા તેમના કુટુંબીજનો દ્વારા સંસ્થાને દાનરાશિ પ્રાપ્ત થયેલ છે તથા જે જે દાતાઓ તરફથી દાનરાશિ પ્રાપ્ત થયેલ છે. તે સર્વે દાતાઓ પ્રત્યે સંસ્થા આભારની લાગણી દર્શાવે છે.

(૧૦) આ પુસ્તકનું સુંદર કલર પેઈજ ફ્રન્ટ પેઈજ બનાવી આપવા બદલ કમલેશભાઈ સોમપુરા તથા રાજેશભાઈ મકવાણાનો તથા પુસ્તકનું સુંદર પ્રિન્ટિંગ તથા બાઈન્ડીંગ કરી આપવા બદલ શ્રી ધર્મેશભાઈ શાહ-શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

(૧૧) આ **‘કલશામૃત’**માંથી ઝરતા અતીન્દ્રિય આનંદરસનું અમૃતપાન કરી સર્વે જીવો અમરત્વને પ્રાપ્ત કરો તેવી મંગલ ભાવના સાથે અસ્તુ.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ-૩૬૦૦૦૧
ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# શ્રી કહાનગુરુના ભક્તરત્ન પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈ મોદીના જીવન ઝરમરની અલ્પ ઝલક

કાઠિયાવાડની ધીંગી રસદાર અવનિ અનેક મહાપુરુષોની ગૌરવશાળી ગુણિયલ યશગાથાની તર્જની વગાડી સદા ગૌરવવંતી રહી છે. આ અમીધરા અને શૂરવીર સંતોને પોતાની શાર્દુલ ગોદમાં હિંચોડતી શૌર્યવંત ખમીર ઝળકાવી રહી છે. અનેક પ્રતાપી પ્રખર પ્રભાકરના ઉજાસથી અજ્ઞાન અંધકારને ભેદતી જ્ઞાન જ્યોતિને પ્રકાશતી વિશ્વમાં ડંકો વગાડી રહી છે.

સમગ્ર ભરતખંડમાં ચૈતન્યવિદ્યાનું આધ્યાત્મિક આંદોલન ફેલાવી આધ્યાત્મિક ક્રાંતિ સ્થાપક... જિનશાસન પ્રભાવક... અધ્યાત્મમૂર્તિ પૂજ્ય શ્રી કાનજીસ્વામી થયા. તેમના અનન્ય ભક્ત રત્ન, મનિષીઓમાં અગ્રીમ, અધ્યાત્મના પ્રકાંડ એવા **પૂજ્ય શ્રી લાલચંદભાઈ અમરચંદભાઈ મોદી** થયા... જેમણે જ્ઞાન જ્યોત્સનાની શીતળ પ્રભાને પ્રસરાવી.

પૂજ્ય ગુરુદેવશ્રીના મુખચંદ્રથી પ્રવાહિત વિશુદ્ધ પરમાગમની જ્ઞાનધારાનું રસપાન થતાં... આપનું ચિત્ત પરિતૃપ્ત થયું. પરમ પવિત્ર જ્ઞાનસમુદ્રમાં ડૂબકી લગાવી આપ પાવન થયા. આપશ્રીના અસંખ્ય પ્રદેશેથી અતીન્દ્રિય આનંદનું ઝરણું પ્રસ્ફૂટિત થયું અને આ રીતે શ્રીગુરુની અમીદૃષ્ટિમાં આપ ભિંજાયા. 'પુત્રના લક્ષણ પારણામાં' તે ઉક્તિ અનુસાર આપશ્રી કહાનગુરુદેવના સાચા કુળ દીપક બન્યા. તે સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર... 'મુંબઈમાં લાલચંદભાઈ પ્રવચન આપે છે તેમની બહુ જ નિર્મળ દૃષ્ટિ છે. (શ્રી સમયસાર ગાથા ૮૫ ઉપર તા.૩-૮-૭૬ના પ્રવચનમાંથી...) વળી પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા થતાં આપશ્રી નાઈરોબી જિનમંદિરના શિલાન્યાસ પ્રસંગે ગયેલા... તેને અનુલક્ષીને પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે... 'શ્રી બાબુભાઈ અને રાજકોટવાળા શ્રી લાલચંદભાઈ મોદી ત્યાં નાઈરોબી ગયેલા. શ્રી લાલચંદભાઈની બહુ નિર્મળ દૃષ્ટિ છે. (પૂ. બહેનશ્રીના વચનામૃત બોલ નં.૨૩૧ થી ૨૩૫ તા.૧૧-૯-૭૮ના પ્રવચનમાંથી...)'

પૂજ્ય ગુરુદેવશ્રીનું રાજકોટ મધ્યે પ્રથમ પ્રવચન સાંભળતાં જ આપને ચોંટ લાગી. 'શુભભાવ તે તો કષાયની મંદતા છે.' તે વાક્યના આપના ઋજુ હૃદયમાં વારંવાર પડઘા પડવા લાગ્યા. આ દિવસથી આપના જીવનની દિશા જ બદલી ગઈ... અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આપના જીવનનો સુવર્ણયુગ શરૂ થયો. પૂજ્ય ગુરુદેવશ્રી કદી કોઈને વાંચન આપવા માટે ન કહેતા... પરંતુ આપશ્રીને પ્રવચન આપવા માટે ખાસ આજ્ઞા કરી. આ આજ્ઞા પાછળ ભાવિના ઉદ્ધારના સંકેતો રહેલા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી જ્યારે-જ્યારે રાજકોટ પધારતા ત્યારે ક્યા શાસ્ત્રની કઈ ગાથા ઉપર સ્વાધ્યાય કરવો છે તેની નોંધ કરીને સકળ સંઘ વતી પૂજ્ય ગુરુદેવશ્રીને આપશ્રી આપતા.

આપશ્રીને દૃષ્ટિના વિષયની તો પ્રથમથી જ અગ્રતા હતી, ઉપરાંત જ્ઞાનનો સ્વપ્રકાશક સ્વભાવ, જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ, દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ, ધ્યેયપૂર્વક જ્ઞેય, પ્રતિભાસ જેવા સૂક્ષ્મ અને ગૂઢ વિષયો કે જેનો ઉકેલ કેવળ સ્વાનુભવથી જ આવે તેવા ગંભીર વિષયોને વિશદ્‌તાપૂર્વક અતિવ સ્પષ્ટ કર્યાં.

આબાલ-ગોપાલ સૌને સદાકાળ તેના વર્તમાન જ્ઞાનમાં **‘જાણનારો જણાય છે અને ખરેખર પર જણાતું નથી...’** આ સૂત્રને આપશ્રીએ વિધ-વિધ ગાથાના આધારથી... ન્યાયથી... તર્કથી... દૃષ્ટાંત દ્વારા સરળ શૈલીમાં જગત સમક્ષ જાહેર કરી સ્વાભાવિક સિદ્ધાંતના સત્યાન્વેષક રહ્યા.

શ્રી કહાનયુગમાં અનેક વિદ્વાનો થયાં તેમાં આપશ્રીનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિ દરમ્યાન આપશ્રી સોનગઢ સ્વાધ્યાય મંદિરના ટ્રસ્ટી હતા... ઉપરાંત શ્રી કુંદકુંદ તીર્થ સુરક્ષા ટ્રસ્ટના ટ્રસ્ટી અને છેલ્લે ચેરમેન હતા. વળી સોનગઢમાં શ્રી પરમાગમ મંદિરના પંચકલ્યાણક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાથી ભગવાનના પિતા થવાનું સૌભાગ્ય આપશ્રીને પ્રાપ્ત થયેલું.

વળી આપશ્રીએ ઘણા વર્ષો સુધી રાજકોટ દિગંબર જિનમંદિરમાં ધારાવાહિક પ્રવચનો આપ્યા. તદ્‌ઉપરાંત મુંબઈ, સોનગઢ, જયપુર, દેવલાલી તેમજ ભારતના અન્યક્ષેત્રે શિબિરો... પંચકલ્યાણક... દશલક્ષણ પર્વ આદિ પ્રસંગે પ્રવચન દ્વારા શુદ્ધનયની વર્ષા વરસાવી. આપના પ્રવચનોમાં દૃષ્ટિનો વિષય ધ્યેયપરમાત્મા સદા ઉર્ધ્વ રહેતો.

શ્રી ટોડરમલજી સ્મારક ભવન જયપુરમાં આપ ઘણાં વર્ષો સુધી શિબિરો દરમ્યાન ગયેલા. ત્યાં જૈનદર્શનનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ ભારતના ખૂણે-ખૂણે સત્‌ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે તે જાણી ખૂબ જ પ્રમોદિત ભાવે નિજ સ્વરૂપ સંપદામાંથી પ્રાપ્ત થયેલ નિધિઓની લ્હાણી કરતા. આ રીતે જીવનના અંત સમય સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીની પ્રભાવના કરતા રહ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના મુખ્ય પરમાગમ શાસ્ત્રો ઉપર કરેલા પ્રવચનોને અક્ષરદેહ અપાય તેવી પવિત્ર ભાવનાથી પ્રેરાઈને મુંબઈમાં આપશ્રીની પ્રેરણાથી શ્રી સમયસાર

ઉપરના પ્રવચનોના અગિયાર ભાગ 'પ્રવચન રત્નાકર'રૂપે પ્રકાશિત થયાં. તદ્‌ઉપરાંત અદ્વિતીય ચક્ષુ, અધ્યાત્મ પ્રવચન રત્નત્રય, આત્મવૈભવ, ધ્યેયપૂર્વક જ્ઞેય, પ્રવચન રત્નો આદિ અનેક શાસ્ત્રો પ્રકાશિત થવામાં આપશ્રીની પ્રેરણા બળવાન રહી.

પુરુષાર્થમૂર્તિ પૂજ્ય સોગાનીજીનું 'દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ' તે ગ્રંથનું સંકલન પણ આપશ્રીએ કરેલ અને તેને પ્રકાશિત કરવામાં આપશ્રી તેના મુખ્ય સૂત્રધાર રહેલા. પૂજ્ય બાપુજી સ્વ. અમરચંદભાઈ ગીરધરભાઈ મોદીના સ્મરણાર્થે શ્રી પ્રવચનસારજીમાં રહેલ (૪૭) સુડતાલીસ નય ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું પુસ્તક **'નય પ્રજ્ઞાપન'** પ્રકાશિત કરેલ.

પૂજ્ય ગુરુદેવશ્રીની સ્મૃતિમાં દેવલાલીમાં 'આધ્યાત્મિક સંકુલ' ઊભું કરવામાં આપશ્રીની પ્રેરણા મુખ્ય રહી. આજે દેવલાલી એક આધ્યાત્મિક દર્શનીય તીર્થ સ્થળ બન્યું છે.

આપે શ્રી રાજકોટ દિગમ્બર જિનમંદિરમાં ચાલતી જૈનશાળાનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરેલ. ભૌતિક યુગમાં બાળકોનું સદાચારમયી જીવન કેવી રીતે બને... તેમજ પાયાનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાથી આગળ જતાં અધ્યાત્મવિદ્યાના બીજડાં રોપાઈ અને તે વટવૃક્ષરૂપે કેવી રીતે ફાલે-ફૂલે તે સંબંધી બાળકોને આશીર્વચન આપેલા તેના ફળ સ્વરૂપે શ્રી રાજકોટ દિગંબર જિન મંદિરની સ્કુલ ટાઈપની પાઠશાળામાં નાના બાળકો તેમજ મોટા સર્વે મળીને ૩૫૦ થી ૪૦૦ જેટલા મુમુક્ષુઓ પાયાનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે. આ રીતે દિગમ્બર જૈન સમાજમાં આપશ્રીએ અનેક પ્રકારનું ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના કળશટીકા ઉપરના પ્રવચનો સાંભળી આપનું મનમયુર નાચવા લાગતું. તેથી શ્રી રાજકોટ દિગમ્બર જિન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટને આપ અવાર-નવાર આ પ્રવચનો પુસ્તકરૂપે પ્રકાશિત કરવાનું સૂચન કરતા આપશ્રીની ઉત્તમ મનોભાવના પુસ્તકરૂપે સાકાર થતાં શ્રી દિગંબર જિન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-રાજકોટ હર્ષ અનુભવે છે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ - રાજકોટ**

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# અનુક્રમણિકા


| પ્રવચન નં. | કળશ નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૦૧ | ૧ | ૨૩-૦૫-૭૭ | ૦૦૧ |
| ૦૨ | ૨ | ૨૪-૦૫-૭૭ | ૦૧૬ |
| ૦૩ | ૨ | ૨૫-૦૫-૭૭ | ૦૩૦ |
| ૦૪ | ૩ | ૦૨-૦૬-૭૭ | ૦૪૩ |
| ૦૫ | ૩-૪ | ૦૩-૦૬-૭૭ | ૦૫૪ |
| ૦૬ | ૪-૫ | ૦૪-૦૬-૭૭ | ૦૬૭ |
| ૦૭ | ૫ | ૦૫-૦૬-૭૭ | ૦૮૦ |
| ૦૮ | ૫-૬ | ૦૬-૦૬-૭૭ | ૦૯૨ |
| ૦૯ | ૬-૭ | ૦૭-૦૬-૭૭ | ૧૦૫ |
| ૧૦ | ૭ | ૦૮-૦૬-૭૭ | ૧૧૭ |
| ૧૧ | ૮ | ૧૦-૦૬-૭૭ | ૧૩૦ |
| ૧૨ | ૮-૯ | ૧૧-૦૬-૭૭ | ૧૪૨ |
| ૧૩ | ૯ | ૧૨-૦૬-૭૭ | ૧૫૬ |
| ૧૪ | ૯-૧૦ | ૧૩-૦૬-૭૭ | ૧૬૮ |
| ૧૫ | ૧૦-૧૧ | ૧૪-૦૬-૭૭ | ૧૮૦ |
| ૧૬ | ૧૧ | ૧૫-૦૬-૭૭ | ૧૯૩ |
| ૧૭ | ૧૨ | ૧૭-૦૬-૭૭ | ૨૦૬ |
| ૧૮ | ૧૨-૧૩ | ૧૮-૦૬-૭૭ | ૨૧૭ |
| ૧૯ | ૧૩ | ૧૯-૦૬-૭૭ | ૨૩૦ |
| ૨૦ | ૧૩-૧૪ | ૨૦-૦૬-૭૭ | ૨૪૨ |
| ૨૧ | ૧૪-૧૫ | ૨૧-૦૬-૭૭ | ૨૫૪ |
| ૨૨ | ૧૫ | ૨૨-૦૬-૭૭ | ૨૬૬ |
| ૨૩ | ૧૬ | ૨૩-૦૬-૭૭ | ૨૭૮ |
| ૨૪ | ૧૭-૧૮ | ૨૪-૦૬-૭૭ | ૨૯૨ |
| ૨૫ | ૧૯ | ૨૫-૦૬-૭૭ | ૩૦૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

| કળશ નં. | પ્રવચન નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૬ | ૨૦ | ૨૬-૦૬-૭૭ | ૩૧૮ |
| ૨૭ | ૨૧ | ૨૭-૦૬-૭૭ | ૩૩૧ |
| ૨૮ | ૨૨ | ૨૮-૦૬-૭૭ | ૩૪૫ |
| ૨૯ | ૨૨-૨૩ | ૨૯-૦૬-૭૭ | ૩૫૬ |
| ૩૦ | ૨૩ | ૩૦-૦૬-૭૭ | ૩૬૯ |
| ૩૧ | ૨૪ થી ૨૬ | ૦૨-૦૭-૭૭ | ૩૮૩ |
| ૩૨ | ૨૭ | ૦૩-૦૭-૭૭ | ૩૯૯ |
| ૩૩ | ૨૭-૨૮ | ૦૪-૦૭-૭૭ | ૪૧૧ |
| ૩૪ | ૨૮ | ૦૫-૦૭-૭૭ | ૪૨૩ |
| ૩૫ | ૨૮-૨૯ | ૦૯-૦૭-૭૭ | ૪૩૪ |
| ૩૬ | ૨૯ | ૧૦-૦૭-૭૭ | ૪૪૭ |
| ૩૭ | ૨૯ | ૧૧-૦૭-૭૭ | ૪૫૮ |
| ૩૮ | ૩૦ | ૧૨-૦૭-૭૭ | ૪૭૦ |
| ૩૯ | ૩૧ | ૧૩-૦૭-૭૭ | ૪૮૩ |
| ૪૦ | ૩૨ | ૧૪-૦૭-૭૭ | ૪૯૬ |

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**


સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ

તાડપત્ર ઉપર આત્મખ્યાતિટીકા લખે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# જિનજીની વાણી

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
        જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર–સમય શિરતાજ રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
        જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.
સ્યાદ્વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
        જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
        જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
        જિનજીની વાણી ભલી રે... સીમંધર.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્રી રાજમલ્લજી પાંડે**

શ્રી આત્મખ્યાતિના કળશો ઉપર કળશટીકા લખે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.


**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહાનગુરુદેવના અનન્ય ભક્ત રત્ન

# પૂ. શ્રી લાલચંદભાઈ મોદી

(રાજકોટ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## કલશામૃત ભાગ–૧માં આવેલી દાનરાશિની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સરોજબેન ચંદુલાલ મહેતા, હ. ચેતનભાઈ | ૧૦૦૦૦૦/- |
| ૨. | નીલાબેન રસીકલાલ કામદાર | ૨૫૦૦/- |
| ૩. | ચીમનલાલ પ્રેમચંદ શાહ | ૧૦૦૦/- |
| ૪. | મધુબેન પારેખ | ૧૦૦૦/- |
| ૫. | સ્વ. જમનાદાસ વિક્રમશી સંઘવી | ૧૦૦૦/- |
| ૬. | સ્વ. મુક્તાબેન જમનાદાસ સંઘવી | ૧૦૦૦/- |
| ૭. | મીનાબેન ભૂપતરાય ભાયાણી | ૨૫૧/- |

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ॐ

नमः सिद्धेभ्यः

# ‘કલશામૃત’

(અધ્યાત્મયુગપુરુષ પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના
શ્રી ‘સમયસાર-કળશ’ની રાજમલજીકૃત ટીકા ઉપર અક્ષરશઃ પ્રવચન)
(ભાગ-૧)

(પંડિતપ્રવરશ્રી રાજમલજીકૃત ટીકાના ગુજરાતી અનુવાદસહિત શ્રીમદ્
અમૃતચંદ્રાચાર્ય વિરચિત શ્રી સમયસાર-કલશ)

## – ૧ –
## ‘જીવ અધિકાર’

(અનુષ્ટુપ)
नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

ખંડાન્વય સહિત અર્થ :– ‘भावाय नमः’ (भावाय) પદાર્થ. પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની. એથી આ અર્થ ઠર્યો–જે કોઈ શાશ્વત વસ્તુરૂપ, તેને મારા (नमः) નમસ્કાર. તે વસ્તુરૂપ કેવું છે? चित्स्वभावाय (चित्) જ્ઞાન–ચેતના તે જ છે (स्वभावाय) સ્વભાવ–સર્વસ્વ જેનું, તેને મારા નમસ્કાર. આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે :– એક તો ‘ભાવ’ કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે; તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે એવો અર્થ ઊપજે છે. બીજું સમાધાન આમ છે કે યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે, વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે; વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી. વળી કેવો છે ‘ભાવ’? ‘समयसाराय’ જોકે ‘સમય’ શબ્દના ઘણા અર્થ છે તોપણ આ અવસરે ‘સમય’ શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તેમાં જે કોઈ 'સાર' છે, 'સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. આ વિશેષણનો આ ભાવાર્થ છે–સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા; અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા. હવે કોઈ વિતર્ક કરે કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?' તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :– વળી કેવો છે 'ભાવ'? 'स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे' (स्वानुभूत्या) આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું, તે-રૂપે (चकासते) અવસ્થા છે જેની; (सर्वभावान्तरच्छिदे) 'સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર. શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે. સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી. ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું; કારણ કે અજીવ પદાર્થને—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળને–અને સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી, તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી. શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે, તેને જાણતાં–અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે, તેથી શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે. ૧.**

---

## જ્યેષ્ઠ સુદ ૫, સોમવાર તા.૨૩.૦૫.૧૯૭૭
## કળશ - ૧, પ્રવચન - ૧

આ 'સમયસાર-કળશ' છે. આજે શ્રુતપંચમીનો દિવસ છે ને ! 'ષટ્ખંડાગમ'ની રચના થઈ હતી એનો આજે છેલ્લો મહોત્સવ હતો. જેઠ સુદ ૫. 'અંકલેશ્વર'. એથી આ શ્રુતપંચમી કહેવાય છે. શ્વેતાંબરમાં જ્ઞાનપંચમી કારતક સુદ ૫ કહેવાય છે.

મુમુક્ષુ :– એ બીજા ...

ઉત્તર :– એ બીજા .. સાત ... આ તો શ્રુતપંચમી. પહેલા 'ષટ્ખંડાગમ' રચાણા, એ પૂરું થયું ને એનો મહોત્સવ કર્યો. એ આ શ્રુતપંચમીનો દિવસ છે. આજે આપણે કળશ વાંચવાનો દિવસ છે. એટલે શ્રુતપંચમી ને બે ભેગું થઈ ગયું ને? આહાહા..!

**'સમયસાર-કલશ' જીવ અધિકાર.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

**'ખંડાન્વય સહિત અર્થ :– 'भावाय नमः''** અહીંથી મંગળિક કર્યું, શરૂઆત (કરી). **'(भावाय)' 'પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની.'** જગતમાં જે કંઈ પદાર્થ છે ને? એનું સત્ત્વ હોય છે. સત્ત્વ, એનો સ્વભાવ હોય છે. સત્ત્વ વિનાનું સત્ હોય નહિ. જગતના જેટલા પદાર્થો છે એ બધા એનું સત્ત્વો છે. એ **'પદાર્થ સંજ્ઞા છે સત્ત્વસ્વરૂપની.'** પદાર્થ એને કહીએ કે જેમાં એનું સત્ત્વ હોય છે, વસ્તુનો સ્વભાવ હોય છે એને પદાર્થ કહેવામાં આવે છે. **'એથી આ અર્થ ઠર્યો કે જે કોઈ શાશ્વત વસ્તુરૂપ,...'** છે. શાશ્વત વસ્તુ છે, એને હું નમસ્કાર કરું છું. આહાહા..! જે સત્ત્વસ્વરૂપ છે **'તેને મારા નમસ્કાર.'** ચૈતન્યવસ્તુ શાશ્વત છે. એનો સ્વભાવ કહેશે. આ તો ભાવાયની વ્યાખ્યા છે. સ્વભાવ તો એનો ગુણ કહેશે. પણ આ તો ભાવાય એટલે વસ્તુ છે. એ વસ્તુ શાશ્વત છે. **'તેને મારા નમસ્કાર.'** આહાહા..!

**'તે વસ્તુરૂપ કેવું છે? चित्स्वभावाय (चित्) જ્ઞાન—ચેતના તે જ...'** જેનો સ્વભાવ છે. ભગવાનઆત્મા પદાર્થ છે, ભાવાય છે. ભાવાય એટલે ભાવવાળી વસ્તુ છે. એનો ભાવ છે શું ત્યારે? ભાવ વસ્તુ છે એનો સ્વભાવ શું? ભાવ છે એમાં દ્રવ્ય લીધું. હવે એનો ગુણ લે છે. **'चित्स्वभावाय' 'चित्स्वभावाय'** જ્ઞાન જેનો સ્વભાવ છે. આહાહા..! ભગવાનઆત્મા 'જ્ઞ' સ્વભાવી, જ્ઞાનસ્વભાવી, જ્ઞાનસ્વરૂપ છે એનું. છે ને? **'चित्स्वभावाय'** ચિત્ એટલે જ્ઞાન. ચેતના સ્વભાવ એટલે **'સર્વસ્વ જેનું.'** જ્ઞાન સર્વસ્વ જેનું છે. ભગવાનઆત્મામાં ચૈતન્યસ્વભાવ એ વસ્તુનું સર્વસ્વ છે. આહાહા..! પુણ્ય ને પાપ અને રાગ ને દ્વેષ આદિ એ કાંઈ ચૈતન્યનું સર્વસ્વ નથી. સમજાણું કાંઈ? આ તો મંગળિક-શરૂઆત કરે છે. આહાહા..!

**'તેને મારા નમસ્કાર.'** જેનો સ્વભાવ ચૈતન્ય છે. ભાવાય પદાર્થ છે, સત્ત્વસ્વરૂપ છે અને જેનો સ્વભાવ ચેતન છે. એ ચેતન જેનું સર્વસ્વ છે. પુણ્ય ને પાપ અને રાગાદિ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. એ તો વિકારી તત્ત્વ બીજા તત્ત્વો છે. આહાહા..! ચૈતન્યસ્વભાવ એવો ભાવ, ચૈતન્યસ્વભાવ, એવો પદાર્થ, ચૈતન્યસ્વભાવ એવો જે ગુણ, એવો જે ધરનાર ગુણી... આહાહા..! એને મારો નમસ્કાર, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– ભગવાનને નમસ્કાર ન કર્યા?

ઉત્તર :– એ ભગવાન જ આમાં આવ્યા. પરિપૂર્ણ દશા પ્રાપ્ત થાશે એ ભગવાન એમ કહે છે.

**'આ વિશેષણ કહેતાં બે સમાધાન થાય છે :– એક તો ભાવ કહેતાં પદાર્થ; તે પદાર્થ કોઈ ચેતન છે, કોઈ અચેતન છે;...'** જગતમાં પદાર્થ-તત્ત્વ-તો છે. પણ તત્ત્વમાં બે છે. કોઈ ચેતન તત્ત્વ છે, કોઈ અચેતન તત્ત્વ છે. **'તેમાં ચેતન પદાર્થ નમસ્કાર કરવા યોગ્ય છે...'** આહાહા..! જાણક સ્વભાવથી ભરેલો ભગવાન, જેને દશા પ્રગટ થઈ ગઈ છે. એવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન તેને નમસ્કાર કરવા લાયક છે. આહાહા..! **'બીજું સમાધાન આમ છે કે યદ્યપિ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે,...'** શું ઇ કહે છે? કે આત્મા ચૈતન્ય સ્વભાવ છે એમ ભેદ પાડીને વાત કરી, છતાં ચૈતન્ય સ્વભાવ અને વસ્તુ કાંઈ જુદી નથી. પણ ભેદ પાડીને, ગર્ભિત અંદર ભેદ પાડીને સમજાવાય છે. એ વિના કોઈ ઉપાય નથી.

એથી **'વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે,...'** આત્મામાં ચેતનશક્તિ ચૈતન્યગુણ એ અંદર ગર્ભિત છે. **'વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે.'** આત્મા પદાર્થ અને ચૈતન્યગુણ એ વસ્તુ એક જ છે. બે કાંઈ જુદી નથી. ઝીણી વાત છે. આ તો મૂળમાંથી ઉપાડી છે ને. **'વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે, વસ્તુ ગુણ એક જ સત્ત્વ છે, તથાપિ ભેદ ઉપજાવીને કહેવા યોગ્ય છે;...'** બીજો કોઈ ઉપાય છે નહિ. ચૈતન્યસ્વભાવ તે આત્મા, એટલો ભેદ ઉપજાવવો પડે છે. આ ભગવાનઆત્મા.. આ તો જડ, માટી, ધૂળ છે. વાણી, મન આ બધા તો માટી અજીવતત્ત્વ છે. અંદર ચૈતન્યતત્ત્વ જે છે, જ્ઞાયકથી ભરેલો ભગવાન, એ ચૈતન્ય સ્વભાવવાળું તત્ત્વ છે. એટલો ભેદ પાડીને સમજાવવું પડે છે. આ આત્મા છે એ ચૈતન્યસ્વભાવવાળો છે. એટલો ભેદ પાડીને સમજાવવું પડે છે.

બે વાત થઈ. એક ચેતન પદાર્થ અને એક અચેતન પદાર્થ. બીજું આ વસ્તુનો ગુણ વસ્તુમાં ગર્ભિત છે તેથી ગુણ એક જ વસ્તુ છે. વસ્તુ અને વસ્તુનો ગુણ. આત્મા અને આત્માનો ચૈતન્ય ગુણ બે વસ્તુ એક જ છે. સાકર અને સાકરનું ગળપણ, બે એક જ ચીજ છે. પણ ગળપણ દ્વારા સાકરને સમજાવાય છે. એટલો ભેદ પાડવો પડે છે. એમ ભગવાનઆત્મા અને ચૈતન્યગુણ બેય છે તો એક જ વસ્તુ, પણ ચૈતન્યગુણથી ભેદ પાડીને 'આ આત્મા' એમ સમજાવાય છે. આહાહા..!

જેને ધર્મ કરવો છે એટલે કે જેને સુખી થવું છે... ધર્મ કરવો એટલે સુખી થવું. એ સુખી થવું એટલે આ સંયોગી ચીજ મળે એ સુખી નહિ, એ તો દુઃખના નિમિત્ત છે. આ પૈસા-ધૂળ મળે, બે પાંચ કરોડ રૂપિયા કે બાયડી-છોકરા એ બધા દુઃખના નિમિત્ત છે. એ તો આકુળતાના નિમિત્ત છે. સુખ–જેને ધર્મ જોતો હોય તેને સુખ જોઈએ છે. એ સુખ કેમ પ્રાપ્ત થાય? કે ચેતન વસ્તુ છે એનો ચૈતન્યસ્વભાવ છે. એમાં એ આનંદસ્વભાવ અવિનાભાવપણે રહેલ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઊપજાવીને કહેવા યોગ્ય છે;...'** ભેદ પાડીને કહેવાયોગ્ય છે એમ, કે આ ચેતન એ ચેતન. ચૈતન્ય એ ચેતન. ચેતન, ચૈતન્યસ્વભાવ એ આત્મા. એમ ભેદ પાડીને સમજાવવું પડે છે. **'વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી.'** આ ચેતન જાણક સ્વભાવ તે આત્મા, એમ વિશેષણ અને ભેદ પાડ્યા વિના વસ્તુ સમજાવી શકાતી નથી, તેમ સમજી શકાતી નથી. સમજાવી શકાતી નથી, તેમ સમજી શકાતી નથી. અરે..રે..! આવી વાત!

જેને સુખી થવું છે એટલે ધર્મ કરવો છે, એને આ આત્મામાં ધર્મ પડ્યો છે. આનંદ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન, શાંતિ એવો ધર્મ વસ્તુમાં જ પડ્યો છે. પણ તેને એનું વિશેષણ બનાવીને, કે આનંદ તે આત્મા, ચેતન તે આત્મા (એમ ભેદથી સમજાવવું પડે છે). સમજાણું કાંઈ? આહાહા..! આ તો બીજી રીતની વાત છે, પ્રભુ! વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. લોકોએ તો બહારથી માનીને બેઠા છે. દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. એ કાંઈ ધર્મ નથી. એ તો વિકલ્પની ક્રિયા, રાગની ક્રિયા છે. આહાહા..!

અહીંયાં તો એનો સ્વભાવ... વસ્તુ પદાર્થ છે. સત્ત્વરૂપ છે અને તેનો ગુણ જે ચેતન છે, એ દ્વારા ચૈતન્યથી આ ચેતનને ઓળખાવાય છે. એટલો ભેદ પાડીને સમજાવાય છે. કહ્યું ને એ? '**વિશેષણ કહ્યા વિના વસ્તુનું જ્ઞાન ઊપજતું નથી.**' વિશેષણ એટલે આ ચેતન તે આત્મા, આ જ્ઞાન તે આત્મા. એટલો ભેદ પાડ્યો ને? વિશેષણ થયું એટલું.

મુમુક્ષુ :- સમજ્યા પછી તો ભેદ ન પાડવો જોઈએ?

ઉત્તર :- અત્યારે એની ક્યાં વાત છે? અત્યારે તો હજી આ સમજાવવાની વાત છે ને. અહીં તો શરૂઆત સમજાવવાની વાત કરવી છે, કે ચેતન કોણ છે? આત્મા કોણ છે? ચેતનસ્વભાવવાળો છે. એમ સમજ્યા વિના કોઈ રીતે સમજાવી શકાય જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અત્યારે ભેદનો આશ્રય લેવો કે નહિ એ પ્રશ્ન અત્યારે છે જ નહિ. સમજાણું કાંઈ? એ પછી લેશે. '**स्वानुभूत्या चकासते**' એ પછી.

અહીં તો ફક્ત આ આત્મા વસ્તુ છે. આ શરીરાદિ તો જડ, માટી, ધૂળ છે. અંદર આઠ કર્મ છે. પુણ્યના પરમાણુ પડ્યા હોય એને આ ધૂળ મળે. ધૂળ-ધૂળ એટલે આ પૈસા. એ પુણ્ય-પાપના પરમાણુ એ પણ જડ છે. અને એમાં થતાં પુણ્ય-પાપના શુભ-અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસાદિના ભાવ એ બેય પુણ્ય-પાપની વાસનાઓ વિકાર છે. આહાહા..! એ એનું વિશેષણ નથી એમ કહે છે. એ દ્વારા આત્માને ઓળખાવા યોગ્ય ચીજ નથી. આહાહા..! એને તો ચૈતન્યસ્વભાવ દ્વારા આત્મા, એટલું વિશેષણ કરીને, ભેદ પાડીને સમજાવાય છે. એ વિના જ્ઞાન ઊપજતું નથી. એટલે કે આ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપ છે. એવું ભેદ પાડીને કહે, ત્યારે આત્મા જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન એને થાય. ત્યારે એને જ્ઞાન સમજાય. ઝીણી વાત છે, બાપુ!

આ કાંઈ આ બહારની ક્રિયાકાંડ કાંઈ નથી. આ તો અંતરની વસ્તુ છે. એ અનંતકાળમાં એક સેકન્ડ પણ સમજ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ વ્રત, તપ, ભક્તિ, પૂજા, લાખો વાર, અનંતવાર કર્યા. એ તો બધા વિકલ્પ અને રાગ છે. એ એનું વિશેષણ જ નથી એમ કહે છે. આહાહા..! એનું વિશેષણ હોય તો, કહે આ આત્મા ચૈતન્યસ્વરૂપ તે એનું સ્વરૂપ તે એનું વિશેષણ. બસ એટલું. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞનો માર્ગ ઝીણો, બાપુ! લોકો બહારથી કલ્પીને બેઠા છે, એ વીતરાગમાર્ગ નથી. આહાહા..!

આ ભગવાનઆત્મા... પહેલા તો બે વાત કરી. પદાર્થ બે છે, એક ચેતન અને બીજો

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અચેતન. હવે ચેતન છે એ આત્મા, એને ચેતનના જ્ઞાન દ્વારા ઓળખાવ્યો. એવું વિશેષણ દીધા વિના, ઓળખાવ્યા વિના આ આત્મા છે એનું જ્ઞાન થાતું નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ જ્ઞાન તો બહિર્લક્ષી જ્ઞાન થયું.

ઉત્તર :– અત્યારે એ વાત નહિ. આ આત્મા છે તે ચેતન છે તે આત્મા. એટલું તો જ્ઞાન કર્યા સિવાય બીજો ઉપાય નથી, એમ કહે છે. બીજો ઉપાય જ નથી. ભલે એ અનુસરવા લાયક નથી, પણ આવ્યા વિના રહેતું નથી. એને બીજો કોઈ ઉપાય નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને આ દયા પાળે તે આત્મા, હિંસા કરે તે આત્મા, એ આત્મા છે જ નહિ. આહાહા..! એ તો વિકારની પર્યાયો છે. દયા પાળવી એ વિકાર છે, રાગ છે. અને હિંસા કરવી એ પાપનો દ્વેષ છે. એ રાગ અને દ્વેષ એ કાંઈ એને ઓળખાવનારી ચીજ નથી. કારણ કે એનામાં એ છે નહિ. એનામાં ચૈતન્યસ્વરૂપ છે. એનાથી ભેદ પાડીને વિશેષણથી કહ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. નહિતર આત્મા અને ચૈતન્યસ્વભાવ વસ્તુ તો એક જ છે. પણ આ આત્મા છે એને બીજાથી જુદો પાડીને જણાવવો હોય, ત્યારે જણાવવો શી રીતે? કે જે જાણનાર તે આત્મા, જ્ઞાન તે આત્મા, ચૈતન્યસ્વભાવ તે આત્મા. એમ એટલું તો ભેદ પાડીને સમજાવ્યા વિના એને આત્મા આ છે એવું જ્ઞાન થતું નથી. જ્ઞાન એટલે હજી કાંઈ આત્મજ્ઞાનની વાત નથી અહીંયાં. આ આત્મા છે એવું હજી જ્ઞાન એને આવા વિશેષણ વિના થઈ શકતું નથી. બસ. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો 'સમયસાર'ની દસમી ગાથામાં પણ આવ્યું છે ને? જ્ઞાન તે આત્મા. એટલો હજી ભેદ છે. પણ બીજો કોઈ ઉપાય નથી, એમ લખ્યું છે. એટલો તો વ્યવહાર... ગમે તેટલો.. શું કાંઈક કહ્યું છે? સાધિક. ગમે તેટલી બુદ્ધિવાળો હોય. પણ આ તો દેહ અને જડ છે. હવે એને આત્માને ઓળખાવવો છે. ત્યારે એને આટલું તો કહેવું પડે, કે આ જાણે છે, જાણનાર છે, જ્ઞાન છે તે આત્મા. ત્યારે એને આ આત્મા છે એવું જાણપણું થાય. અનુભવ પછી. સમજાણું કાંઈ? આહાહા..! જાણવો તો આત્માને છે ને? આ તો જડ, માટી, ધૂળ છે. પૈસા માટી, ધૂળ છે. આહાહા..! મકાન મોટા હજીરા પાંચ-પાંચ, પચાસ લાખના, દસ લાખના હોય. એ બધા માટીના-ધૂળના ઢગલા છે. એ કંઈ આત્મા નથી. આહાહા..! એનાથી આત્મા ઓળખાવી શકાતો નથી એમ કહે છે. આહાહા..!

વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવનું એટલું ટૂંકું કથન છે, કે આ પદાર્થ કીધો ત્યાં બે થયા એક ચેતન અને બીજો અચેતન. એક ભાગ એ પાડ્યો. બીજો ભાગ આ પાડ્યો, કે આત્મા જે છે તે જ્ઞાન તે આત્મા એવું વિશેષણ લીધા વિના પરથી જુદો આ આત્મા છે તેમ નહિ જાણી શકાય. આહાહા..! સમજાણું?

**'વળી કેવો છે 'ભાવ'?'** એ ભાવાયમાં આવી ગયું. પણ એ ભાવાય, ભાવ છે કેવો? **'चित्स्वभावाय'** એટલી વાત લીધી. હવે વિશેષ એનું સ્પષ્ટીકરણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'समयसाराय' **'જોકે 'સમય' શબ્દના ઘણા અર્થ છે તોપણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા.'** બધા પદાર્થને સમય કહેવામાં આવે છે. ભગવાન કેવળી પરમાત્માએ છ દ્રવ્ય જોયા છે. તીર્થંકર પરમેશ્વરે આ જગતમાં છ દ્રવ્ય, જાતિએ છ દ્રવ્ય, સંખ્યાએ અનંત (દ્રવ્યો જોયા છે). એમાં અહીં કહે છે, કે જીવાદિ સકળ પદાર્થ બધાને સમય નામથી ઓળખાવી શકાય. સમ્યક્ પ્રકારે અય–ગમન–પરિણમવું. જે ટકીને પરિણમે છે તેને સમય નામ પદાર્થ કહેવામાં આવે છે. આહાહા..!

**'તેમાં જે કોઈ 'સાર' છે,...'** હવે એ છ પદાર્થોમાં પણ પાછો સાર છે. છ પદાર્થ તો **'સાર કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ,...'** આહાહા..! છ દ્રવ્યો છે. કર્મ છે, શરીર છે, વાણી છે પણ એ કાંઈ આદરણીય, ઉપાદેય નથી, ગ્રહણ કરવાલાયક નથી. આહાહા..! અંદર ભગવાનઆત્મા ચૈતન્ય વસ્તુ છે તે ઉપાદેય છે. જે જાણકસ્વભાવ, જાણકસ્વભાવથી આ ચૈતન્ય છે એમ જાણી શકાય, એ આત્મા ઉપાદેય છે. આહાહા..! જેને ધર્મ કરવો છે એને આ આત્મા આદરણીય છે, કે જેથી આત્મા આનંદ જ્ઞાનમય છે એમ જેણે આદર્યો, એની દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન અને આનંદની દશા થયા વિના રહે નહિ. આહાહા..! આને ધર્મ કહીએ. આવી વ્યાખ્યા પકડાવી મુશ્કેલ પડે. એક તો દુનિયાના ધંધા આડે નવરો ન મળે. ચોવીસ કલાકમાં ૨૦-૨૨ કલાક તો એમાં જાય. રળવું ને ભોગ ને ખાવા ને પીવા ને બાયડી-છોકરા સાચવવા... આહાહા..! મજુર મોટો. કલાક-બે કલાક મળે એમાં સાંભળવા જાય તો આવી તત્ત્વની વાત આવે નહિ. બહારની ક્રિયા આમ કરો, આ કરો, આ કરો એ કાંઈ ધર્મ નથી. આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, કે આ જગતમાં ભાવ વસ્તુ જે પદાર્થ છે એ બે પ્રકારના છે. એમાં એક ચેતનપદાર્થ જેને જ્ઞાન દ્વારા જાણી શકાય એવો જે આત્મા તે જ આદરણીય છે, એ ઉપાદેય છે. ધર્મીને તે આદરવા લાયક છે. આહાહા..!

મુમુક્ષુ :– પૈસા કે દિ' ઉપાદેય?

ઉત્તર :– પૈસા ધૂળમાં હવે એ તો બિચારા દુઃખી થઈને ઘણા મરી જાય છે. અબજોપતિ બધા. આ શેઠ આવવાના છે ને? આજે શાહુજી, નહિ? એની પાસે ચાલીસ કરોડ રૂપિયા છે. ધૂળમાં પણ સુખ નથી. ઘરે ગયા તો શું કહેવાય? બધાને ઘરે જમવા બોલાવે અને પાર્ટી આપે.

મુમુક્ષુ :– પાર્ટીમાં બોલાવે.

ઉત્તર :– પાર્ટી બોલાવે. એવું બધું કરતા. કીધું, પૈસાવાળાને હજી આવું કરવું પડતું લાગે છે. 'દિલ્હી, દિલ્હી'માં ત્યાં એના ઘરે ઉતર્યા હતા ને. આહાહા..!

અહીં કહે છે, કે જેને આત્મપદાર્થ વસ્તુ છે એ જાણવી હોય, તો એને આ જ્ઞાન તે આત્મા એમ જાણીને એ આત્મા જ આદરણીય છે. હવે આત્મા આદરણીય છે એ એને

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહેવું? એટલે કે જ્ઞાન જાણનાર, જાણનાર એવો જે ભગવાનઆત્મા, તેના ઉપર દૃષ્ટિ દેવા જેવી છે. એવું જે જ્ઞાન તે આત્મા, તેનું જે અસ્તિત્વ છે, પૂર્ણ અસ્તિત્વ... આહાહા..! અસ્તિત્વ એટલે હોવાપણું. એનું જે પૂર્ણ સ્વરૂપે હોવાપણે છે, એ જ દૃષ્ટિમાં આદરવા લાયક છે. આહાહા..! ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને ધર્મની પહેલી શરૂઆત થાય. આહાહા..! સમજાણું કાંઈ?

એ કહે છે, જુઓ! **'ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.'** એ જીવવસ્તુ છે તેને મારાં નમસ્કાર. કાં તો પરમાત્મપદ પ્રાપ્ત છે અને પરમાત્મસ્વરૂપ જ અંદર છે. એ પણ ખરેખર નમસ્કાર કરવાલાયક અંતરની ચીજ છે. આહાહા..! અહીં તો સર્વજ્ઞ કહેશે. આહાહા..! **'આ વિશેષણનો આ ભાવાર્થ છે–સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા;...'** આ જડ અને ચેતન વચ્ચે બેમાં જડ તો અનંત છે. આત્મા પણ અનંત છે પણ તારો આત્મા એક જ જ્ઞાનસ્વભાવી છે. એ બીજાનો સ્વભાવી છે એ તો એને જાણવાનું રહ્યું. તારે તો અંદર જ્ઞાન જાણનાર આત્મા છે, એ આત્મા દૃષ્ટિમાં લઈને ઉપાદેય નામ આદરણીય છે. આહાહા..! ત્યારે તેને ધર્મની પહેલી શરૂઆત–સમ્યગ્દર્શન–થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું, લ્યો. ઓલું તો એટલું સહેલું સટ હતું. ઇચ્છામી પડિકમણા ઇરીયા વેહીયા તસ્સ મિચ્છામિદુકડ્ડમ. જાઓ. તસ્સૂતરી તાવકાએ ઠાણેણં માણેણં.આહાહા..! ભાઈ! એ બધી વાતું ક્રિયાની. ત્યાં ધર્મ-બર્મ નથી.

ધર્મ તો અંદર આ આત્મા, આનંદનો નાથ, જ્ઞાનસાગર એવો જે આત્મા તેને જે દૃષ્ટિમાં ઉપાદેય આદરણીય કરે, પૂર્ણ આનંદનો નાથ ભગવાન અંદર બિરાજે છે એને સ્વીકારે, એને સત્કારે એટલે સ્વીકાર કરે કે આ જ તે હું. ત્યારે તેને સત્‌દર્શન, જેવું સ્વરૂપ છે તેવું એને સત્‌દર્શન થાય. સમજાણું કાંઈ? આહાહા..!

એમાં અહીં **'ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા; અસારપણું જાણી...'** આહાહા..! **'અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** એ પૈસા ને આ જડ ને માટી... આહાહા..! દુકાનનો ધંધો. દુકાન ખોલે ને? ત્યારે પહેલા ઓલા લાકડાને પગે લાગે. શું કહેવાય? ઉંબરાને પગે લાગે. જય શંકરનો. આજ થાજો કાંઈક પેદાશ દુકાનમાં. એ બધી મૂર્ખાઈ છે એમ કહે છે. આહાહા..! એક ચૈતન્ય પદાર્થ નમસ્કાર કરવા લાયક છે. એ સિવાય કોઈ ચીજ નમસ્કાર કરવા લાયક છે નહિ... આહાહા..! દુકાન ખોલે ત્યારે કરે છે કે નહિ? આહાહા..!

**'અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** અચેતન પદાર્થ એમાં ખરેખર તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે છે એ અચેતન છે, એ કાંઈ ચેતન નથી. આહાહા..! એને પણ નમસ્કાર નિષેધ્યા છે. બધાનો નિષેધ. એક કોર ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એને જ નમસ્કાર કરવા લાયક છે. આહાહા..! અહીં તો કેટલી વાર માથા ફોડે, હનુમાન ને શિકોતેર ને ફલાણું. દેવી, દેવલાને માથા ફોડે અને એકકોર કહે અમે જૈન છીએ. ભાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ન મળે કાંઈ. અક્કલના બારદાન છે. બારદાન એટલે? અક્કલથી ખાલી ખોખા.

ત્રણલોકનો નાથ આત્મા કે પરમેશ્વર વીતરાગ, જેને સર્વજ્ઞ અને પૂર્ણ દશા પ્રગટ છે, આ ભગવાનઆત્મા પણ પૂર્ણ દશા સહિત છે. આહાહા..! એને વંદન કરવા લાયક (છે) એને છોડીને બીજાને વંદન કરે એ પરિભ્રમણમાં રખડવાના છે. આહાહા..! સમજાણું કાંઈ? એના શું કહેવાય કુળના? એના બાપ અને પરદાદાના નામ હોય ને? સુરધન. સુરધન બેસાડે. એને પછી કાંઈક ચઢાવે. વાણિયા થઈને જન્મ્યા અને ભાન ન મળે.

મુમુક્ષુ :– છોકરાનું ધ્યાન રાખે ને.

ઉત્તર :– છોકરાના ધ્યાન રાખે. કોણ રાખતું'તું? છોકરાનું શરીર છે એ જડ છે. જડ જડને લઈને ટકે છે. એનો આત્મા ભિન્ન છે એ આત્મા આત્માને લઈને છે. એનો બાપ એને ટકાવી શકે છે?

મુમુક્ષુ :– આપ તો અમારી બધી વાતોને ખોટી કહો છો.

ઉત્તર :– ખોટી હોય તો ખોટી નીકળે ને પણ. કેમ? 'બાબુભાઈ'!

**'અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** આહાહા..! **'હવે કોઈ વિતર્ક કરે કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણ પર્યાયે વિરાજમાન છે,...''** શું કહે છે? ભગવાન તીર્થંકરદેવે જાતિએ છ દ્રવ્ય જોયા, સંખ્યાએ અનંત. અનંત આત્મા, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ એવા છ દ્રવ્ય ભગવાને જોયા. તો અહીં કહે છે, કે બધા દ્રવ્યો પોતપોતાના ગુણની દશાપણે બિરાજમાન છે. છે? **''બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે,...''** એટલે શું કહે છે? જડ અને ચૈતન્ય બધા પોતાના ગુણો જે કાયમ છે અને વર્તમાન પલટતી અવસ્થા છે, એ ગુણપર્યાયે બિરાજમાન પદાર્થ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**''બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે,...''** આ શરીરના પરમાણુઓ છે, એ પણ ગુણ એની શક્તિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થા, એનાથી પોતે સ્વતંત્ર છે. બીજો પદાર્થ એને કાંઈ કરી શકે એવું છે નહિ. તો આત્મા જડને કાંઈ કરે એમ નથી તેમ જડ આત્માને કાંઈ કરે, એવું વસ્તુ સ્વરૂપમાં નથી. **'બધા સ્વાધીન છે,...'** પોતાની શક્તિ અને દશાથી બિરાજમાન છે. આમાં આવ્યું. દરેક પદાર્થ પોતાની અવસ્થાથી છે. જે જે ક્ષણે તે તે પદાર્થની અવસ્થા થાય–નિજક્ષણ, તે કાળે તે પર્યાય પોતાથી થાય છે, એ પરને લઈને થતી નથી. આહાહા..! આ ભાષા બોલાય છે એ આત્માથી નહિ, એમ કહે છે. આ શરીર ચાલે છે, આંખ આમ થાય એ બધી જડની અવસ્થા જડથી થાય. એનાથી ગુણપર્યાયથી બિરાજમાન સ્વાધીન એ પદાર્થ છે. આહાહા..! એમ પૈસાને આવવું અને જાવું એ જડ પદાર્થની સ્વતંત્રતા છે. એને કોઈ રાખે અને લાવે, પૈસાની સંભાળ કરી શકે કે પૈસા બીજાને દઈ શકે... અરે..રે..! એવું કોઈ ચીજમાં છે નહિ. બધા સ્વતંત્ર સ્વાધીન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓહો..! એમાં તો ઘણું નાખ્યું.

મુમુક્ષુ :– પૈસા જીવને નડતા નથી?

ઉત્તર :– કાંઈ નડતું નથી અને કોઈ અનુકૂળ થતું નથી.

મુમુક્ષુ :– નડે તો ખરા ને.

ઉત્તર :– કોઈ નડતા નથી. ધૂળેય નડતા નથી. પોતે ઊંધી દૃષ્ટિ કરીને નડતર ઉભી કરે છે.

મુમુક્ષુ :– પ્રાપ્ત થાય છે...

ઉત્તર :– એ પણ કોને પ્રાપ્ત થાય? ક્યાંથી થાય? આત્મા પોતાની ગુણપર્યાયને પ્રાપ્ત કરે. જડ જડ એના ગુણપર્યાયને પ્રાપ્ત કરે. બીજો કરે કોણ? આહાહા..! કોને પ્રાપ્ત કરે? આહાહા..! છોકરાઓને એનો બાપ કેળવણી આપી શકે નહિ?

મુમુક્ષુ :– બાપા તો અમેરિકા મોકલે પૈસા ખર્ચીને.

ઉત્તર :– કહો, એણે વકીલાતમાં પાપ કરીને કેટલા પૈસા ભેગા કર્યા? એ છોકરામાં ખર્ચ્યા. વિલાયત 'અમેરિકા' મોકલ્યો. ૩૫ હજાર રૂપિયા ખર્ચ્યા, લ્યો. કો'ક કહે છે કે આજકાલ આવવાનો છે. કો'ક કહેતું હતું. કો'ક કહેતું હતું. નોકરી બદલી છે ને ક્યાંક? એચ.પી.માંથી ક્યાંક નોકરી બદલી છે. 'રામજીભાઈ'ના દીકરા 'સુમન'ને આઠ હજાર રૂપિયાનો માસિક પગાર હતો.

મુમુક્ષુ :– કોઈ કોઈનો દીકરો નથી ને જીવને પૈસા મળે..

ઉત્તર :– પૈસા પણ નહિ, છોકરો નહિ, બાપ પણ નહિ. બાપ અને છોકરો કહેવું એ નિમિત્તનું કથન છે. આહાહા..! આત્માને બાપ પણ નથી અને આત્મા કોઈનો દીકરો પણ નથી. આહાહા..! આવી વાતું છે. અજ્ઞાની પોતાની વસ્તુના ભાન વિના, પરવસ્તુ સ્વતંત્ર છે એને કારણે ટકીને બદલે છે. છતાં હું એને બદલાવીને, એને રાખીને રક્ષણ કરું છું, એ અજ્ઞાનીની ભ્રમણા છે. વિપરીત માન્યતાઓની ભ્રમણા છે. ભ્રમણામાં ભવ કરી રહ્યો છે. આહાહા..!

અહીં કહે છે, "**બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે, સ્વાધીન છે, કોઈ કોઈને આધીન નથી;...**" કર્મને આધીન આત્મા નથી અને આત્માને આધીન કર્મ નથી. લ્યો, ઠીક. આહાહા..! પૈસો આવવો એ કાંઈ આત્માને આધીન નથી. તેમ પૈસો જાય એ આત્માને આધીન નથી. એ તો એનામાં એની ક્રિયા છે, એને લઈને જાય અને એને લઈને આવે, એ તો જડની સ્વતંત્ર પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! અરે..! આવું વીતરાગનું સ્વરૂપ બેસવું! એનો અર્થ એ કે કોઈ કોઈની દયા પાળી શકતું નથી, એમ કહે છે. બીજાની દયા કોણ પાળે? એ તો એનું આયુષ્ય હોય તો બચે અને આયુષ્ય ન હોય તો મરી જાય, દેહ છૂટી જાય. બીજો કહે કે એને કરી દઉં. દરેક ગુણ-પર્યાય '**સ્વાધીન છે, કોઈ કોઈને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આધીન નથી;...'** એમાં આવ્યું કે નહિ ઇ? આહાહા..!

મુમુક્ષુ :– દવાને આધીન નથી.

ઉત્તર :– દવાને આધીન નથી. આહાહા..! દવાને લઈને શરીર સારું થાય. એ એને આધીન નથી, એમ કહે છે. આહાહા..! મોટા રાજાઓ દવા લે છે, મોટા પાંચ પાંચ હજારના દિવસવાળા ડોક્ટર જ્યોર્જને હોય. મરી જાય છે. રાતે મરી ગયો, નહિ? પેલો જ્યોર્જ. રાતે સૂતો હતો સવારે મરી ગયો જોયું તો એક વાગ્યે મરી ગયો, થઈ રહ્યું, જાવ. મોટા સાડા ત્રણ કરોડના બંગલામાં સૂતો હતો. તો શું છે? ધૂળમાં. કોઈને આધીન કોઈની ચીજ છે નહિ. આહાહા..! એ દવાથી રોગ મટે એવું પરાધીન આ શરીર નથી. આહાહા..! ભારે આકરું! પચવવું આકરું બહુ.

મુમુક્ષુ :– કથંચિત્ કે સર્વથા?

ઉત્તર :– સર્વથા. સર્વથા એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતો નથી. કીધું ને? અહીં જુઓને!

**''બધાય પદાર્થ પોત પોતાના ગુણપર્યાયે બિરાજમાન છે, સ્વાધીન છે,...''** બે બોલ. **'કોઈ કોઈને આધીન નથી;...'** નકાર કર્યો પાછો. અસ્તિ કરી અને નાસ્તિ લીધી. આહાહા..! સ્વાધીન છે એ અસ્તિ છે અને પરાધીન નથી, પરને આધીન નથી એ નાસ્તિ. આહાહા..! બાયડી, છોકરાને આત્મા નભાવી શકતો નથી એમ કહે છે. કેમ કે દરેક વસ્તુ પોતપોતાની શક્તિ અને દશા–શક્તિ એટલે કાયમી અને દશા એટલે વર્તમાન અવસ્થા–કાયમી શક્તિથી અને અવસ્થાથી તે તે તત્ત્વ બિરાજી રહ્યું છે. એને બીજું તત્ત્વ કાંઈ કરે... આહાહા..! એ વીતરાગમાર્ગમાં તો નિષેધ છે. આહાહા..! અજ્ઞાનીઓ કોઈ કહે કે ઈશ્વર કરે છે, ઈશ્વરની મહેરબાની થાય તો આમ થાય. એ બધા ગપ્પેગપ્પા છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું લખ્યું, જુઓને! આહાહા..!

બેય પદાર્થ પોતાની શક્તિ, ગુણ એટલે શક્તિ. શક્તિવાન એ ચીજ. આત્મા અને જડ રજકણો આદિ. અને એની શક્તિ છે વર્તમાન ગુણ કાયમી અને બદલતી દશા છે એ પર્યાય છે. તો એ કાયમી ચીજ જે છે, તેના કાયમી ગુણો અને બદલતી અવસ્થાથી સ્વાધીન છે. કોઈ તેનું કરે એવું કોઈ ચીજમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?'** શિષ્યે પ્રશ્ન કર્યો. તમે જીવને સાર કહેવા માગો છો? દરેક પદાર્થ ગુણપર્યાયથી બિરાજમાન અને સ્વાધીન છે અને પરાધીન નથી. સમજાણું? આહાહા..! આ શ્રુતપંચમીનો દિવસ છે. આ શ્રુત છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. જિનેશ્વર, પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એની વાણીમાં તો આ આવ્યું, કે કોઈ ચીજ કોઈ ચીજને આધીન નથી. કોઈ પદાર્થ કહો, અનંત અજીવ રજકણો, એ એક રજકણ બીજા રજકણને આધીન નથી. આ પરમાણુ છે એ કાંઈ એક નથી. આ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘણા અનંત રજકણનો સ્કંધ-પિંડ છે. એમાં એક રજકણ બીજા રજકણને આધીન નથી. કારણ કે એ રજકણ પોતાના ગુણ અને પર્યાયને સ્વાધીન પોતાથી છે. એનો બીજો પરમાણુ એની પર્યાય કરે, એની અવસ્થા કરે, એમ કોઈ છે નહિ. આહાહા..!

આ રોટલી અને દાળ-ભાત અગ્નિથી થાય એમ કાંઈ છે નહિ. એમ કહે છે. અરે..રે..! આવી વાતું ક્યાંથી! પ્રત્યક્ષ થાય છે. અરે..! તને ખબર નથી, બાપુ! આહાહા..! તે તે તત્ત્વ–પદાર્થ, તેમાં તેની કાયમની શક્તિઓ અને તેની વર્તમાન બદલતી અવસ્થાને સ્વાધીન છે. કોઈ તેને બદલાવે અને એ બીજો બીજાને બદલાવે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! ભારે આકરું કામ. જુઓ! આ જીવદયા મંડળી નથી કરતા? મોટા અગ્રેસર થાય, પ્રમુખ થાય, બધાનું કરી દે. શેઠિયા હોય, ગામના નગરશેઠ. નગરપાલિકા, નગરરક્ષિકા હોય છે ને? મ્યુનિસિપાલીટી. એ અજ્ઞાનીઓએ કલ્પના કરેલી માન્યતા છે. આહાહા..!

ભગવાન જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે, કોઈ(પણ) તત્ત્વ પોતાની શક્તિ અને અવસ્થાથી સ્વાધીન છે. પરને લઈને કોઈ તત્ત્વની અવસ્થા થાય, એવું અમે માનતા નથી, કહેતા નથી અને એમ છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં? આહાહા..! આ તો શિષ્યનો હજી પ્રશ્ન છે, કે આવી રીતે છે એમાં તમે એક જીવને સાર શી રીતે કહો છો?

મુમુક્ષુ :– બધાયને માટે આમ છે.

ઉત્તર :– બધાય જીવો અને બધા પરમાણુઓ સ્વતંત્ર પોતાની શક્તિ એટલે ગુણ અને અવસ્થાથી રહેલા છે. એને કોઈ પરની જરૂર નથી. આ રીતે તો વસ્તુની મર્યાદા છે. એમાં તમે એકલા જીવને સાર ક્યાંથી કીધો? સમજાણું કાંઈ? છે ને? 'પ્રવિણભાઈ'! આમાં તો પ્રવિણતાની વાતું છે. આહાહા..!

જીવને જે સુખ-દુઃખની કલ્પના થાય છે એ પણ એની પર્યાયમાં પોતે કરે છે. એને સુખ-દુઃખની કલ્પનામાં બીજી ચીજો કારણ નથી. બીજી ચીજને લઈને સુખ કલ્પે છે એમ નથી. સ્ત્રીને લઈને મને સુખ થાય છે એમ નથી. અજ્ઞાની તેનું લક્ષ કરીને મને ઠીક છે એવો રાગ કરે છે. એ રાગ કરવામાં એ સ્વાધીન છે. પણ એ રાગમાં માને છે કે મને સુખ છે એ ભ્રાંતિ અને ભ્રમ છે. આહાહા..! આ તો બધું આખી દુનિયાથી ઊલટું છે.

હવે અહીંયાં પેટમાં ભૂખ લાગી હોય અને ફટ દઈને અંદરથી કેરીનો રસ અને પૂરી બેય સરખા ચડાવે. ભૂખ ભાંગી જાય. લ્યો. અહીં ના પાડે છે. એ પરમાણુમાં ભૂખ ભાંગી એ પરમાણુની ચીજ ભિન્ન છે અને ઓલી ચીજ અંદરમાં પડી એ પણ ભિન્ન ચીજ છે. તો ભિન્ન ચીજે ભિન્ન ચીજનું કાંઈ કર્યું એવું છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– પેટના રજકણોએ ખાધું એમ કેમ કહેવાય છે ?

ઉત્તર :— એ વખતે પરમાણુની પર્યાય એ રીતે થવાની છે. ક્ષુધાની પર્યાય થવાની છે. એ આહાર-પાણી મળ્યા. તૃષા લાગી માટે પાણી પડ્યું માટે તૃષા ઓલી થઈ (છિપાઈ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગઈ એમ નથી). આકરું કામ, ભગવાન! આ તો દુનિયાથી ઊંધું છે, બાપુ! જેનો પહેલો ઘડો ઊંધો મૂક્યો હોય એના ઉપર બધા ઘડા ઊંધા જ રહે. સવળો રહે નહિ. એમ જેના તર્ક જ ઊંધા છે, દૃષ્ટિ ઊંધી છે એના બધા તર્કો ઊંધા જ ઊઠે. આહાહા..! સત્‌ને એ ખબર નથી કે અસત્ શું છે? હજી મૂળ ચીજની ખબર નથી ને એને ધર્મ થઈ જાય! આહાહા..!

શિષ્યે આટલું તો પકડ્યું, કે બધાય પદાર્થ પોતપોતાના ગુણ ને અવસ્થા વર્તમાન થાય છે તેથી રહેલા છે. બિરાજમાન એટલે રહેલા છે. **'સ્વાધીન છે,...'** આહાહા..! **'કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે?'** દરેક વસ્તુ પોતાની શક્તિ અને દશાથી ટકી રહ્યા છે, જેને બીજા તત્ત્વની અપેક્ષા નથી, તો પછી જીવને જ સારપણું કેમ ઘટે? બીજા બધાય સાર છે એમ કેમ ન કહો? સમજાણું કાંઈ? અરે..! આવો શિષ્યને પ્રશ્ન પણ ઉઠવો કઠણ છે, કે દરેક પદાર્થ પોતાની પર્યાયથી પરિણમી રહ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્ત આવે તો...

ઉત્તર :– નિમિત્ત આવે તો ન થાય, નિમિત્ત આવે તો થાય એ વાત ઉડાવી દીધી. આ બધા પંડિતોની તકરાર એ છે ને? અહીં તો દરેક પદાર્થ પોતાની શક્તિ અને પર્યાયથી સ્વાધીન છે. એ કોઈ નિમિત્તથી બીજામાં પર્યાય ફરે અને એનો જે પર્યાયનો કાળ છે એ કાળ ફરે, એમ છે નહિ. આહાહા..! આવું સ્વરૂપ!

વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, કેવળજ્ઞાનમાં જણાણું એવી વાત કરી છે. અત્યારે આ તકરાર છે ને? કે એક ચીજને બીજી ચીજ કરે. કુંભાર ઘડાને કરે. અહીં ના પાડે છે. કુંભાર ઘડાને કરી શકતો જ નથી. ઘડાની પર્યાય તે તેની માટીની શક્તિ અને પર્યાયથી થાય છે. આહાહા..! એય..! 'માણેકલાલજી'! ત્યાં આ બધું દુકાનમાં કામ આવે?

એક જણો કહેતો'તો. મહારાજ! આમાં... 'રાજકોટ' 'રતિલાલ' ડોક્ટર હતા ને? મોટો ડોક્ટર હતો. 'ઊજમશીભાઈ'ના ભાઈ. 'રતિલાલ' ડોક્ટર. આંખના મોટા ડોક્ટર. એ એકવાર કરોડપતિ થઈ ગયા હતા. પાછું બધું ઊડી ગયું. (સંવત) ૧૯૯૫ની સાલની વાત છે. વ્યાખ્યાનમાં આવ્યા. ત્રણ-ચાર દિવસ સાંભળ્યું. આ મહારાજનું સાંભળ્યા પછી આપણે કાંઈ કામના રહીએ નહિ. એ જાણે આ બધા કામ કરી દે છે. 'રાજકોટ'માં 'રતિલાલ' આંખના મોટા ડોક્ટર હતા. 'ઉજમશી' વકીલનો ભાઈ. આહાહા..! આ તો ૧૯૯૫ની સાલની વાત છે. ૧૯૯૫. ૩૮ વર્ષ થયા. ત્યારે ચોમાસું ત્યા હતું. આ મહારાજનું સાંભળ્યા પછી આપણે વેપાર પણ કરી શકીએ નહિ, કાંઈ કરી શકીએ નહિ. પણ કોણ કરી શકે? તને ભાન નથી. તું તે વખતે રાગ અને દ્વેષને કર એ તારા કારણે છે, એ તો તું કરે છે. એથી પરમાં, દુકાનમાં કાંઈ કાર્ય થઈ ગયું (એમ નથી). આહાહા..! આવો મારે આંખ જોવી છે. પહેલા આંખમાં થોડા ટીપા નાખે. આંખ ફૂલે પછી એને બરાબર દેખે. જુઓ! મેં કર્યું કે નહિ આ? ધૂળેય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્યું નથી. સાંભળને! આંખમાં જોવું હોય તો પહેલા ટીપા નાખીને ફુલાવે એટલે જરી.. ઓલા શું કહેવાય? મોટેથી આમ બરાબર સરખું દેખાય.

અહીં તો કહે છે, કે એ જડની, આંખની પર્યાય, એ પરમાણુથી તે કાળે થવાને કાળે થઈ છે. ટીપાને લઈને નહિ. અરે..રે..! આ તે (કેવી વાત)! ડોક્ટરને બેસવું કઠણ. આહાહા..! મોઢામાં રોટલી પડી, એના કટકા થાય, કહે છે કે એ તારાથી નહિ. એમ કહે છે. કેમ કે જગતની ચીજ જડ છે. એને કટકા, બટકા, ભૂક્કો થવાનો સમય હોય ત્યારે એની પર્યાયથી એનાથી થાય છે. દાંતથી નહિ અને તારાથી નહિ. હવે આવી વાત ગળે ઉતારવી. આખી દુનિયા ઊંધુ કહે અને આ કહે કે, ભગવાન આમ કહે છે.

મુમુક્ષુ :– આખી દુનિયા કહે કે, પેટમાં દાંત નથી માટે ચાવીને ખાવું.

ઉત્તર :– ચાવીને ખાવું. પેટમાં દાંત નથી માટે ચાવી ચાવીને ખાવું. હવે ચાવી ચાવીને ખાય કોણ? ધૂળ? સાંભળને! એ દાંતના રજકણ પણ સ્વતંત્ર છે. એને કારણે દાંત ચાલે, આત્માથી નહિ. અને રોટલીના બટકા અને ભૂક્કો થાય એ દાંતથી નહિ. દરેક પદાર્થ પોતાની શક્તિ અને પર્યાયથી બિરાજમાન છે. એટલે કે ધરેલા છે. આહાહા..!

**'તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે? તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :–...'** કહે છે એમ કહે છે. આમ પહેલા બે કહી ગયા એક ન્યાયે તો. જીવ અને અજીવ બે જુદા છે અને ગુણથી ઓળખાવાય છે. બે આવી ગયા છે. **'स्वानुभूत्या चकासते,'** આહાહા..! કેવો છે ભગવાનઆત્મા? ભાવ આવ્યો હતો ને ત્યારે પૂછ્યું હતું ને? **'કેવો છે 'ભાવ'? 'समयसाराय''** છેલ્લી લીટી. **'કેવો છે 'ભાવ'?'** આહાહા..! કેવો છે આ આત્મા? ભાવ એટલે ત્રિકાળી પદાર્થ. એ **''स्वानुभूत्या चकासते,'** એ અનુભૂતિથી આત્મા પ્રસિદ્ધ થઈ શકે છે. પોતાની પર્યાયમાં અનુભવ કરવાથી આત્મા જણાય એવો છે. બાકી કોઈ રીત છે નહિ. આહાહા..! પહેલા **'भावाय'** એ દ્રવ્ય લીધું, **'चित्स्वभावाय'** એ ગુણ લીધો અને આ **'स्वानुभूत्या'** એ પર્યાય લીધી. આહાહા..!

જીવ વસ્તુ ભાવ છે. જ્ઞાનાદિ એની શક્તિ છે અને તે અનુભવમાં આવે ક્યારે? કે સ્વ-અનુભૂતિ કરે ત્યારે. રાગ કરે, દયા, દાન, વ્રત, તપ પાળે તો આત્માનો અનુભવ થાય, એવી એ ચીજ નથી. આહા..! છે? **''स्वानुभूत्या चकासते,'** આહાહા..! **'આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું,...'** આ શું કહે છે એ? આહાહા..! આ આત્મવસ્તુ છે, એની સન્મુખતાથી જે આત્માની દશામાં અતીન્દ્રિય સુખ... અતીન્દ્રિય સુખ ઊપજે, એને અહીં સ્વાનુભૂતિ કહે છે. આહાહા..! એની પ્રતીતિને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..!

ફરીને, **'स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ...'** આનંદરૂપ આત્માનું પરિણમન–પર્યાય થવી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા વસ્તુ છે, ચૈતન્યસ્વભાવ છે, હવે એને અનુભૂતિ... નિરાકુળ આનંદના અનુભવથી તે પ્રાપ્ત થાય છે. એનાથી તે આત્મા જણાય છે અને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે, ભાઈ! આ ધર્મ કેમ થાય? તો કહે છે, કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, તેની વર્તમાન દશામાં, તેની સન્મુખ થઈને નિરાકુળતા લક્ષણ.. છે ને? **'નિરાકુલત્વલક્ષણ....'** જેમાં આકુળતા જરીયે નથી. **'શુદ્ધાત્મપરિણમનરૂપ...'** એ શુદ્ધાત્માની દશા છે. આહાહા..!

એ **'સ્વાનુભૂત્યા'** **'અતીન્દ્રિય સુખ જાણવું,...'** સ્વાનુભૂતિ કહેતા **'નિરાકુલત્વલક્ષણ...'** જેમાં આકુળતા જરીએ નથી, રાગ જરીએ નથી અને **'શુદ્ધાત્મરૂપપરિણમનરૂપ...'** શુદ્ધ આત્માની દશા છે. **'અતીન્દ્રિય સુખ...'** છે. એ અતીન્દ્રિય સુખથી આત્મા જાણી શકાય છે. આહાહા..!

મુમુક્ષુ :– બીજા પાંચ દ્રવ્યમાં આવું નથી.

ઉત્તર :– બીજે ક્યાંય છે નહિ. એકલા આમાં છે. અને આ સંસારદશામાં પણ ક્યાં છે? એ પણ લેશે. પાંચમાં તો નથી પણ સંસારી જીવને પણ એ નથી. એ કહેશે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો અનુભવ કરનારા સંસારી, એને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી.

મુમુક્ષુ :– સુખેય નથી અને જ્ઞાનેય નથી.

ઉત્તર :– બેય નથી. પહેલા કીધું ને? આહાહા..! આવી ઝીણી વાતું બહું. હવે આમાં ધંધામાંથી નવરા ક્યારે થાવું અને આ બધું ક્યારે મળે? એય...! 'હરિભાઈ'! આખો દિ' ધંધા કરવા, બાયડી-છોકરા સાચવવા, એને ભણાવવા, એને વાંઢા રહે તો લોકોને ઓલું થાય છે, પરણાવવા, પલટાવવા બધું કરવું. હવે એમાં આવું ક્યારે સમજવું? આહાહા..!

કહે છે, કે પ્રભુ આત્મા દ્રવ્ય–ભાવ છે. તેનો ચિત્સ્વભાવ ત્રિકાળી ગુણ છે, તેનો વર્તમાન નિરાકુળ આનંદનો અનુભવ થવો... આહાહા..! તેનાથી તે આત્મા પ્રગટ પ્રસિદ્ધ થાય છે, તેનાથી તે આત્મા જણાય છે, જાણવામાં આવે છે. એ સિવાય આત્મા જાણવામાં આવતો નથી. પહેલું કહ્યું'તુંને ચૈતન્ય વિશેષણ વિના ગર્ભિત, એને ભેદ પાડ્યા વિના આ જ્ઞાન તે આત્મા ત્યાં સુધી હજી આત્માનો અનુભવ નથી. આહાહા..! સ્વાનુભૂતિ કહેતા નિરાકુલત્વ લક્ષણ પર્યાય, હોં! શુદ્ધાત્માનું પરિણમન અતીન્દ્રિયસુખ જાણવું. એનાથી જણાય એવો છે. આહાહા..! એ સ્વાનુભૂતિ એ જ ધર્મ છે. આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન થવું તે સ્વાનુભૂતિ તે ધર્મ છે. અને તેનાથી તે આત્મા જણાય છે. વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જ્યેષ્ઠ સુદ ૬, મંગળવાર તા.૨૪.૦૫.૧૯૭૭
## કળશ - ૧, પ્રવચન - ૨

આ એક 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશ છે. 'સમયસાર' 'કુંદકુંદાચાર્યે' બનાવ્યું. એની ટીકા બની અને એમાં કળશ બનાવ્યા. જેમ મંદિર ઉપર કળશ (હોય છે). એ કળશની ટીકા એક 'રાજમલ' થયા છે. 'રાજમલ' જૈનધર્મી 'સમયસાર' શાસ્ત્ર કે મર્મી. 'બનારસીદાસ'માં આવે છે. 'બનારસીદાસ' 'સમયસાર નાટક' એણે બનાવ્યું છે. પહેલો શ્લોક છે. હજી કાલે શરૂ કર્યો છે. અહીંયાં આવ્યા છીએ, અહીંયાથી જુઓ! બીજું પાનું છે.

'સમયસાર' એનો અર્થ ચાલે છે. પહેલું પાનું. 'સમયસાર' કોને કહીએ? **'જોકે 'સમય' શબ્દના ઘણા અર્થ છે તોપણ આ અવસરે 'સમય' શબ્દથી સામાન્યપણે જીવાદિ સકળ પદાર્થ જાણવા.'** સમય શબ્દે છએ દ્રવ્યને સમય શબ્દ લાગુ પડે છે.

**'તેમાં જે કોઈ 'સાર' છે,...'** અહીંયાં સિદ્ધાંત આ છે. પહેલું પાનું છે ને? પહેલો શ્લોક છે. બીજું પાનું, એની બીજી પંક્તિ. સમયસાર કેમ કહ્યું? તો કહે છે, કે સમય તો બધા પદાર્થને કહે છે. સમ-અય. સમ્યક્ પ્રકારે પરિણમન-ગમન કરવું, એવો પરિણમનસ્વભાવ તો છએ દ્રવ્યનો છે. પણ એમાં સાર કોણ છે? છ દ્રવ્ય તો છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. સાર કોણ છે? એ લીધું છે. **''સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ,...'** અહીંથી લીધું છે. આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ ધ્રુવ જે છે, એ સાર છે. કેમ કે એ ઉપાદેય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા, ફરીને કહીએ છીએ.

ધર્મની પ્રથમ સીઢી સમ્યગ્દર્શન, એનું ધ્યેય, એનો આશ્રય કરવાલાયક ચીજ, એ શુદ્ધ ચૈતન્યઘન એ એનું ધ્યેય અને ઉપાદેય છે. સમ્યગ્દર્શનમાં, સત્ય સમ્યક્ નામ સત્યદર્શન. તો સત્યદર્શનમાં આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન વિકાર વિનાનો અને એક સમયની પર્યાય પણ નથી. પૂર્ણ ઘન, આનંદઘન ચૈતન્ય નિત્ય ધ્રુવ એ સમકિતીનો વિષય છે અને એ ધર્મીને ઉપાદેય છે. ધર્મીજીવને આ આત્મા ઉપાદેય, આદરણીય અને અંગીકાર કરવા લાયક છે. આહાહા..! આ 'રાજમલજી'ની ટીકા છે. સૂક્ષ્મ છે. હજારો છપાઈ ગઈ.

**''સાર' કહેતાં ઉપાદેય છે જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.'** ટીકાકાર શું કહે છે? ઓહો..! હું એને નમસ્કાર કરું છું, કે જે શરીરમાં આત્મા ભિન્ન અને પુણ્ય-પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન અને એકલો આનંદકંદ શુદ્ધ ચૈતન્યઘન છે, તેને હું નમસ્કાર કરું છું. આહાહા..! નમસ્કાર કરવાલાયક ચીજ હોય તો શુદ્ધ ચીજ છે. વચ્ચે અશુદ્ધતા આવે છે એ નમસ્કાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરવા લાયક નથી. આહાહા..!

સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ, જિનેશ્વર, પરમેશ્વરે જેને આત્મા કહ્યો. શરીર અને કર્મને તો અજીવ કહ્યા. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાને તો પાપ કહ્યા. દયા, દાન, વ્રત, તપના વિકલ્પને તો પુણ્ય કહ્યું. એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ જે ધ્રુવ ચૈતન્યઘન છે એ સાર છે. આહાહા..! એમાં એની એક સમયની પર્યાય પણ સાર નથી. એમ જરી સૂક્ષ્મ વાત છે, ભગવાન! આ હજી કાલે જ શરૂ કર્યું. આમ તો વ્યાખ્યાનમાં ઘણી વાર ચાલ્યું છે.

મુમુક્ષુ :– શ્રુતપંચમીએ શરૂ કર્યું.

ઉત્તર :– કાલે શ્રુતપંચમી હતી માટે કાલે શરૂ કર્યું. અમારે 'ચેતનજી' કહે કે આ વાંચો. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ, એક સમયની પર્યાય જે અવસ્થા છે, એ અવસ્થામાં આદરણીય હોય તો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય આદરણીય છે. સમ્યગ્દષ્ટિને ઉપાદેય એક ચીજ આ છે. આહાહા..! ધર્મની પહેલી સીઢી. એ 'છ ઢાળા'માં આવે છે ને? પહેલી સીઢી. એ સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન. એનો આદર કોના ઉપર છે? આહાહા..! કે સાર ઉપર છે. સાર શું? ચૈતન્યઘન આનંદકંદ અણિન્દ્રિય, અતીન્દ્રિય, અણિન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય અણિન્દ્રિય આનંદ, એવું જે નિજસ્વરૂપ ધ્રુવ છે, એ સાર છે. એ સમ્યગ્દષ્ટિને ઉપાદેય છે. સમજાણું કાંઈ? ધંધામાં બહુ માથુ ફરી ગયું હોય ને, આ અંદર ઝીણું પડે એવું છે. આહાહા..! છે?

**'સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા;...'** આહાહા..! આ વિશેષણનો આ ભાવાર્થ છે, કે **'સાર પદાર્થ જાણી...'** શુદ્ધ ચૈતન્ય આનંદઘન નિત્યાનંદ પ્રભુ, ધ્રુવ. એ **'સાર પદાર્થ જાણી ચેતન પદાર્થને નમસ્કાર પ્રમાણ રાખ્યા;...'** એને નમન કરવું, આદર કરવો એ જૈનશાસનમાં પ્રમાણ રાખ્યું.

મુમુક્ષુ :– હાથ જોડવા...

ઉત્તર :– હાથ જોડવા એ તો દેહની જડ ક્રિયા છે અને મનમાં જે વિકલ્પ ઊઠે છે એ રાગ છે. એ નહિ. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! અનંતકાળમાં અપૂર્વ, પૂર્વે કદી ન કરેલી ચીજ આ છે. બાકી પૂર્વે અનંતવાર બધું કર્યું છે. શાસ્ત્રજ્ઞાન પણ અનંતવાર કર્યું. અને વ્રત ને તપની ક્રિયા પણ અનંતવાર કરી. આહાહા..! પણ આ આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન, અતીન્દ્રિય આનંદનું દળ છે, એ જીવમાં અને સર્વ પદાર્થમાં એ સાર છે. એવી અંતરમાં દૃષ્ટિ કરી નહિ અને ધ્રુવને ધ્યેય બનાવ્યું નહિ. શું કીધું?

ફરીને. પોતાનું લક્ષ અને ધ્યેય જે શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ છે એને કદી બનાવ્યું નથી. ધ્રુવને ધ્યેય બનાવ્યું નથી. રાગને, પુણ્યને, નિમિત્તને અને એક સમયની પર્યાયને ધ્યેય બનાવીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિથી મિથ્યાદૃષ્ટિ રહ્યો. ઝીણી વાત છે. આ તો સર્વજ્ઞ ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, જેની પાસે એકાવતારી–એક ભવતારી–ઇન્દ્રો સાંભળવા આવે છે. શક્રેન્દ્ર છે ને શક્રેન્દ્ર? સુધર્મ દેવલોકના ઇન્દ્ર. ૩૨ લાખ વૈમાન છે. એક એક વૈમાનમાં અસંખ્ય દેવ છે. એ શક્રેન્દ્ર એકભવતારી છે. ઇન્દ્ર છે. એકભવતારી. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જવાના છે. એવો સિદ્ધાંતમાં લેખ છે અને એની પત્ની પણ એકભવતારી છે. એ પણ આત્મજ્ઞાની છે. સુધર્મ દેવલોક છે. સોળ દેવલોક છે એમાં પહેલો દેવલોક, જેમાં ૩૨ લાખ તો વૈમાન. એક એક વૈમાનમાં અસંખ્ય સ્વર્ગના દેવ. કોઈ વૈમાનમાં સંખ્યાત દેવ છે પણ ઘણામાં અસંખ્યાત દેવ છે. એ બધાનો સ્વામી છે. છતાં એ સ્વામી નથી. એ સમ્યગ્દૃષ્ટિ છે. મારો સ્વામી તો હું ત્રિકાળી આનંદકંદ એનો હું સ્વામી છું. એ મારી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ પતિ-પત્ની ભગવાનને સાંભળવા મહાવિદેહમાં આવે છે. અત્યારે મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ને? 'સીમંધર' ભગવાન બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે. ભગવાન બિરાજે છે ત્યાં પતિ-પત્ની બેય સાંભળવા આવે છે. એક ભવે મોક્ષે જનારા છે અને બેયને મતિ, શ્રુત અને અવધિ ત્રણ જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન, હોં! સમ્યગ્દર્શન સહિત. એ સાંભળવા આવે તો એ વાત કેવી હશે? સાધારણ વાત આમ કરવું.. આમ કરવું... હવે એ વાત તો કુંભાર પણ કરે છે. કુંભાર પણ કહે છે કે દયા પાળો, ભાઈ! માર્ગ બીજો છે, ભગવાન!

અહીં એ કહ્યું, કે સારમાં સાર જે છે એ બીજા દ્રવ્યો તો નથી. આહાહા..! પોતામાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે એ પણ નથી. અને એ સમયે રાગને જાણવાની વર્તમાન પ્રગટ જ્ઞાનની વ્યક્ત દશા જે એક સમયની છે, એ પણ નહિ. આહાહા..! એ જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રિકાળી ધ્રુવ સાર અને આદરણીય છે. ઝીણી વાત છે, પ્રભુ! શું કહીએ? કોને ક્યાં કહેવું? આહાહા..!

એક વાર 'શ્રીમદ્' કહેતા. 'શ્રીમદ્ રાજચંદ્ર' તો જ્ઞાની હતા. અલ્પભવી. એક ભવે મોક્ષ જવાના છે. એ એકવાર એમ કહેતા હતા. ઝવેરાતનો લાખોનો ધંધો હતો. અંદરથી ભિન્ન નિરાળા હતા. એકવાર એમ કહેતા હતા કે, અરે..રે..! આ મારી વાત, આ નાદ કોણ સાંભળશે? ભગવાનના ઘરની પરમાર્થ સત્ય વાત કોણ સાંભળશે? એમ કહેતા હતા. મારો નાદ-અવાજ કોણ સાંભળશે? આ ચીજ ક્યાં? ગૃહસ્થાશ્રમમાં હતા. ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. ૩૩ વર્ષમાં દેહ છૂટી ગયો. ૧૯૨૪માં જન્મ અને ૧૯૫૭ દેહ છૂટી ગયો. સ્વર્ગમાં ચાલ્યા ગયા. અત્યારે સ્વર્ગમાં વૈમાનિકમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એવો નિશ્ચય–નિર્ણય એના વચનથી અને એની યોગ્યતાથી થઈ ગયો છે.

અહીંયાં કહે છે, કે આ આત્મા સાર છે. છે? કહ્યું? **'અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** આહાહા..! શરીરને નહિ, અરે..! પુણ્ય અને પાપના ભાવ પણ અચેતન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. કેમ કે જે પુણ્ય-પાપ છે એ રાગ છે અને રાગમાં જાણવાની શક્તિ નથી. હું કોણ છું એ જાણવાની શક્તિ નથી. રાગને જાણનાર જ્ઞાન આત્મા છે. બીજા દ્વારા જણાય છે એ ચીજ રાગ અચેતન છે. આહાહા..! તો વ્યવહારનો રાગ જે અચેતન છે એ પણ નમસ્કાર કરવા લાયક નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– રાગ કોને કહેવો?

ઉત્તર :– આ વિકલ્પ વૃત્તિ ઊઠે એને. કહ્યું ને. રાગ ઊઠે છે ને? વૃત્તિ ઊઠે છે, વિકલ્પ ઊઠે છે. હું આમ નમસ્કાર કરું એવી વૃત્તિ ઊઠે છે. એ વૃત્તિ છે. જ્ઞાનસ્વરૂપ નથી. આહાહા..! આ બાયડી-છોકરા, કુટુંબ અને ધંધામાં રાગ (થાય) એને લોકો રાગ કહે છે. એ માટે પૂછે છે કે અહીં રાગ આવ્યો ક્યાંથી? ભગવાન! આહાહા..!

'સમયસાર'ની ૭૨ ગાથામાં તો કહ્યું છે, કે પુણ્ય અને પાપના બેય ભાવ અશુચિ છે, મેલ છે, જડ છે, દુઃખ છે. એવા ત્રણ વિશેષણ આપ્યા છે. ૭૨ ગાથા. ૭૦ અને ૨. ૭૨ ગાથા. ભગવાન એનાથી ભિન્ન જ્ઞાતા છે, સુખ છે, ચેતન છે. આહાહા..! એવી ચીજ જે શુદ્ધ ચૈતન્યઘન છે એને અહીં સારપણું 'સમયસાર'. પદાર્થમાં–સમય નામ પદાર્થમાં સાર શુદ્ધ આત્મા એ સાર છે. આહાહા..! એ કહ્યું ને?

બીજા પદાર્થમાં **'અસારપણું જાણી અચેતન પદાર્થને નમસ્કાર નિષેધ્યા.'** આહાહા..! નમસ્કાર કરવા લાયક હોય તો એ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા શુદ્ધ આનંદની જે પરિણતિ થાય છે એ એક જ નમસ્કાર કરવાલાયક છે. અહીં તો ત્રિકાળને નમસ્કાર કરવા લાયક કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

**'હવે કોઈ વિતર્ક કરે કે...'** હવે કોઈ શિષ્ય પ્રશ્ન કરે છે. છે ને વિતર્ક? પાંચમી લીટી છે. **'કે 'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે,...''** પ્રભુ તમે આત્મા શુદ્ધ ચૈતન્યને જ સાર કેમ કહો છો? શુદ્ધ ચૈતન્યઘન પુણ્ય-પાપના મલિનતાથી રહિત, એને સાર કેમ કહો છો? કેમ કે બધા પદાર્થ અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ **'બધા પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે,...'** દરેક પદાર્થ પોતાની શક્તિરૂપે ગુણ અને બદલતી પર્યાય અવસ્થા, એ પોતાની શક્તિ અને પર્યાયથી રહે છે. કોઈનો આધાર કોઈને છે નહિ. કોઈ ચીજને કોઈનો આધાર નથી. છે?

**'સ્વાધીન છે,...'** પ્રત્યેક પદાર્થ પોતાની શક્તિ નામ ગુણ અને પર્યાય નામ વર્તમાન દશા, એનાથી દરેક પદાર્થ સ્વાધીન છે. કોઈને આધીન એ પદાર્થ છે નહિ. આહાહા..! તો સાર એને કેમ કહ્યું? બધા સ્વતંત્ર છે એને સાર ન કહેતા આને સાર કેમ કહ્યું? સમજાણું કાંઈ? **'કોઈ કોઈને આધીન નથી;...'** એક આત્મા કર્મને આધીન નથી, શરીર આત્માને આધીન નથી, વાણી આત્માને આધીન નીકળતી નથી, શરીર ચાલે છે એ આત્માને આધીન નથી. આહાહા..! બધા પદાર્થ પોતાની શક્તિ નામ ત્રિકાળી ગુણ અને એની વર્તમાન અવસ્થા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હાલત-દશા, એનાથી બધા સ્વાધીન છે. છે?

**'કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?'** આ શિષ્યનો પ્રશ્ન છે. માર્મિક પ્રશ્ન છે. બધા પરમાણુ અનંત છે, અનંત રજકણ છે. આ આંગળી છે એ પરમાણુ છે. અનંત પરમાણુનો સ્કંધ-પિંડ છે. આ કાંઈ આત્મા નથી. આ તો જડ-માટી છે. એના ટુકડા કરે. છેલ્લા ટુકડાને પરમાણુ કહે છે. એવો પરમ-અણુ. છેલ્લો ટુકડો, એવા અનંત ટુકડાની આ જડ આંગળી બની છે. એ જડ કાંઈ જાણતું નથી કે આ આંગળી છે અને જડ છે. છતાં એ સ્વતંત્ર છે. એ પોતાની પર્યાયથી ત્યાં આંગળી રહી છે, આત્માને કારણે નહિ. અને આંગળી આમ હલે છે એ આત્માને કારણે નહિ. કેમ કે પ્રત્યેક પદાર્થ પોતાના ગુણ અને વર્તમાન પર્યાયથી ટકી રહ્યા છે, બિરાજમાન છે. કોઈ કોઈના દ્રવ્યને આધીન નથી. આહાહા..!

મુમુક્ષુ :– નામકર્મના ઉદયને આધીન તો છે.

ઉત્તર :– બિલકુલ બાંધેલ નથી. નામકર્મ નિમિત્ત છે. ઉપાદાન તો પોતાના પરમાણુથી આ શરીર આવેલું છે. નિમિત્ત કાંઈ કરતું નથી એનું નામ નિમિત્ત કહેવાય છે. સિદ્ધાંત ઘણો સૂક્ષ્મ છે. પહેલા તો હજી વ્યવહાર શ્રદ્ધા કરવી એ ઘણું સૂક્ષ્મ છે. નિશ્ચય શ્રદ્ધા તો આત્માના આનંદનો અનુભવ છે. એ સમ્યગ્દર્શન છે. એ ચીજ તો અલૌકિક છે. પણ આ તો વ્યવહાર શ્રદ્ધા જે પ્રત્યેક પદાર્થમાં કોઈ પદાર્થ કોઈ પદાર્થનું કાંઈ કરતા નથી. આહાહા..! છે? શું કીધું? જુઓ!

**'બધાય પદાર્થ પોતપોતાના ગુણપર્યાયે વિરાજમાન છે,...'** દરેક પદાર્થ પોતાના ગુણ નામ ત્રિકાળી શક્તિ અને પર્યાય નામ વર્તમાન અવસ્થા, એનાથી બધા પદાર્થ પોતાથી શોભિત છે, બિરાજમાન છે, ટકે છે, ટકીને બદલે છે. કોઈને આધીન કોઈ દ્રવ્ય નથી.

મુમુક્ષુ :– આત્મા તો સાવ પાંગળો છે.

ઉત્તર :– આત્માને... આત્મા સર્વને જાણનાર છે.

મુમુક્ષુ :– કોઈનું કરે નહિ તો પાંગળો થયો.

ઉત્તર :– આંગળીનું કરે નહિ, રાગને કરે નહિ, રાગનો કર્તા થાય તો મિથ્યાદષ્ટિ છે. ઝીણી વાત છે, ભગવાન! શું કહીએ? આ તત્ત્વ તો વીતરાગના ઘરની વાત છે. લોકોને મળી નથી એટલે એવી લાગે છે. અહીં શિષ્યનો પ્રશ્ન જ એવો છે.

ભગવંત! પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા. એક વનસ્પતિ આ લીંબડાનું પાન. એક પાનમાં તો અસંખ્ય ઔદારિક શરીર છે. અને એક એક શરીરમાં એક એક જીવ છે. અને એક એક જીવ સાથે તૈજસ અને કાર્મણ બે શરીર છે. અને એક એક કાર્મણમાં અનંત પરમાણુ છે. એક-એક પરમાણુ પોતાથી રહેલા છે. પોતાની શક્તિ અને પર્યાયથી રહેલા છે. કોઈ બીજાથી રહ્યા છે એમ છે નહિ. આહાહા..! ક્યાં આટલું બધું શીખવા જાય? ધંધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આડે, પાપ આડે નવરા ક્યાં છે? હજી તો પુણ્યના પણ ઠેકાણા નથી. ધર્મ ચીજ તો ક્યાંય રહી ગઈ. પુણ્ય તો બે-ચાર કલાક સત્શાસ્ત્ર સાંભળવું, વિચારવું. સત્શાસ્ત્ર, હોં! ભગવાને કહ્યા એ. ત્યારે તો એને શુભભાવ પુણ્ય થાય છે. અહીં તો એ વાતને પણ કાઢી નાખી છે. એ કોઈ સાર ચીજ નથી. આહાહા..!

સાર તો પુણ્યના વિકલ્પથી પાર ભિન્ન ચૈતન્યઘન, જેમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. જેમ લીંડીપીપર હોય છે. લીંડીપીપર કહે છે ને? લીંડીપીપર. એ લીંડીપીપર કદે નાની છે અને રંગે કાળી છે. છતાં એની શક્તિમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ પહોરી સમજો છો? આ ઘૂંટે છે ને? તો ચોસઠ પહોરી પ્રગટે છે ને? તો એ ક્યાંથી પ્રગટે છે? પત્થરમાંથી? પથ્થરમાંથી થતી હોય તો ચોસઠ પહોરી ઘૂંટે. એ લીંડીપીપરની શક્તિમાં, નાના કદમાં અને કાળા રંગમાં અંદર ચોસઠપહોરી–રૂપિયો શક્તિ ભરી છે. ચોસઠ એટલે ચોસઠ પૈસા એટલે રૂપિયો. પૂર્ણ અંદર તીખાશ અને પૂર્ણ અંદર લીલો રંગ ભર્યો છે. એ અંદર પડ્યો છે એ પ્રાપ્ત થાય છે. કૂવામાં છે એ અવેડામાં આવે છે. અવેડાને હિન્દીમાં શું કહે છે? કૂવામાંથી પાણી બહાર કાઢે છે એને શું કહે? અવેડો અમારી હિન્દુસ્તાની ભાષા છે. આ કૂવામાંથી પાણી બહાર કાઢે છે ને? જે અંદર છે એ બહાર આવે છે. એમ ચોસઠપહોરી તીખાશ અને લીલો રંગ અંદરમાં પૂરો ભર્યો છે. ચોસઠનો અર્થ જ સોળ આના રૂપિયો. એ પ્રગટ બહાર આવે છે.

ભગવાનઆત્મામાં ચોસઠપહોરી જ્ઞાન અને આનંદ પૂરો પડ્યો છે. એ પીપર બેસે આ ન બેસે. કોઈ દિ' વિચાર કર્યો નથી, મંથન કર્યું નથી. આહાહા..! એમાં ચોસઠપહોરી જેમ તીખાશ અને લીલો રંગ પડ્યો છે, એમ ભગવાનઆત્મામાં રૂપિયે-રૂપિયો સોળ આના સર્વસ્વ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ પડ્યા છે. એ માટે એને શુદ્ધ કહે છે. એ શુદ્ધ આત્મા જ આદરણીય છે. કહો, 'મહેન્દ્રભાઈ'! આ તમારી ઝવેરાત-ફવેરાત આદરણીય નહિ એમ કહે છે અહીં તો. આહાહા..!

કહે છે,.. શું કહ્યું? જુઓ! **'કોઈ કોઈને આધીન નથી; તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?'** તો જીવપદાર્થને સારપણું કેમ ઘટે છે? સર્વ પદાર્થ પોતપોતાની શક્તિ અને અવસ્થાથી બિરાજમાન છે. **'કોઈ કોઈને આધીન નથી;** આહા..! **તો જીવ પદાર્થને સારપણું કઈ રીતે ઘટે છે?'** છે? **'તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :–'** પંડિતજી! ગુજરાતીમાં બે વિશેષણ કહે છે એમ છે. એ ખોટી વાત છે. આમાં ગુજરાતીમાં. કહે છે. કહે એમ આવ્યું. ઓલામાં કહે છે એમ આવ્યું છે. શું કહ્યું? આમાં ગુજરાતીમાં કહે છે એમ છે. એ ખોટી વાત છે. એ 'છે' ન જોઈએ. કહે. પહેલા કહી ગયા છે. આમાં એ છે. આમાં આ છે. જુઓ! છે નથી. બે વિશેષણ કહ્યા. છે?

ક્યા વિશેષણ? એક તો ચેતન, અચેતન પદાર્થમાં ચૈતન્ય અને ચેતનથી ચેતન ભિન્ન

જણાય છે એવા બે વિશેષણ કહી ગયા છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો સિદ્ધાંત છે, આ કાંઈ કથા નથી. આ વાર્તા નથી. આ તો ત્રણલોકના નાથના શ્રીમુખેથી દિવ્યધ્વનિ છૂટે છે એ દિવ્યધ્વનિનો આ તો સાર છે. આહાહા..! કદી એણે પોતાની ચીજ શું છે એની તપાસ કરી નહિ, શોધ કરી નથી, મેળવી નહિ. એ અમારી ભાષા છે. મિલી નહીં.

અહીં કહે છે. '**તેનું સમાધાન કરવા માટે બે વિશેષણ કહે છે :– વળી કેવો છે 'ભાવ'? स्वानुभूत्या चकासते, सर्वभावान्तरच्छिदे''** એ બે વિશેષણ છે. પણ ઓલામાં બે વિશેષણ કહી ગયા એમ કીધું. '(**स्वानुभूत्या**)' '**આ અવસરે 'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું,...**' શું કહે છે હવે? આહાહા..! ભગવાનઆત્મા. કેવળીએ જોયો એ આત્મા, હોં! બીજા કોઈ આત્મા આત્મા કરે છે એવો આત્મા જોયો જ નથી. ભગવાને, સર્વજ્ઞે જે દેખ્યો એ આત્મા. કેવળી પરમેશ્વરે જે આત્મા કહ્યો એવો આત્મા કોઈએ કહ્યો જ નથી. તો એમ કહે છે, કે આત્મા '**'સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ...**' આહાહા..! આનંદ નિરાકુળ લક્ષણ નામ આકુળતારહિત, રાગના વિકલ્પની આકુળતા રહિત અને નિરાકુળ આનંદના લક્ષણથી સહિત. આહાહા..! છે?

'**શુદ્ધાત્મપરિણમનરૂપ...**' એ આનંદનું શુદ્ધાત્મપરિણામ છે. સમ્યગ્દષ્ટિને અનુભૂતિ થાય છે, આત્માની અનુભૂતિ થાય છે, એ અતીન્દ્રિય આનંદના સુખના અનુભવસહિત થાય છે. આહાહા..! છે? '**स्वानुभूत्या चकासते**' નિરાકુળ લક્ષણ શુદ્ધાત્મપરિણમન. શુદ્ધ આત્મપરિણમન. એ પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે. એ નહિ. શુદ્ધસ્વરૂપ જે ભગવાનઆત્મા, પવિત્ર ત્રિકાળી જે છે, એની દૃષ્ટિ જ્યાં સમ્યક્ થઈ, તો એના પરિણમનમાં, પર્યાયમાં, અવસ્થામાં '**શુદ્ધાત્મ પરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું,...**' આહાહા..!

સ્વાનુભૂતિ ધર્મની એને કહીએ અને સ્વાનુભૂતિની સાથે સમ્યગ્દર્શન અવિનાભાવથી થાય છે. જ્યાં જ્યાં સ્વાનુભૂતિ છે, ત્યાં ત્યાં સમ્યગ્દર્શન છે. તો એ સ્વાનુભૂતિ શું છે? કે નિરાકુળ લક્ષણ અતીન્દ્રિય આનંદ. આહાહા..! એ ધર્મી જીવને પહેલી શરૂઆતમાં પહેલી સીઢી છે. સમ્યગ્દર્શન પહેલી સીઢી છે. એ સ્વાનુભૂતિ, નિરાકુળલક્ષણ શુદ્ધાત્મપરિણમન–પર્યાય, શુદ્ધાત્માની અવસ્થાસ્વરૂપ અતીન્દ્રિય સુખ જાણવું. આહાહા..! એ માટે સાર કહ્યો છે. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી અને ધ્રુવપણાથી તો પરિપૂર્ણ ભરેલો જ છે. જેમ લીંડી પીપર ચોસઠપહોરી તીખાશ અને લીલા રંગથી પૂરી ભરી છે. એમ ભગવાનઆત્મામાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ અતીન્દ્રિય આનંદ ભરેલો છે. એની સન્મુખ થઈને, સ્વાનુભૂતિ થઈને, સ્વ અનુભૂતિ થઈને, જેવી ચીજ છે એને અનુસાર થઈને સમ્યગ્દર્શનના કાળે જે સ્વાનુભૂતિ થાય છે એ અનાકુળ લક્ષણવાળી છે. એમાં અનાકુળ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદની છાપ છે. આહાહા..!

મુમુક્ષુ :– આમાં શું સમજાય?

ઉત્તર :– આ ભાષા તો સાદી આવે છે. હવે ભાવ તો ભલે સૂક્ષ્મ છે. ભાવ તો બધા સૂક્ષ્મ છે. શું કહે છે?

ફરીને, આ જગતમાં છ દ્રવ્ય છે. ભગવાને જોયા. તો બધા દ્રવ્ય પોતપોતાની શક્તિ અને પર્યાયથી બિરાજમાન છે. કોઈને આધીન કોઈ નથી. જો બધા સ્વતંત્ર છે, તો શુદ્ધ આત્માને જ તમે સાર કહો છો અને બીજા બધાને સાર નથી કહેતા, એનું કારણ શું? આ પ્રશ્ન છે. બધા પદાર્થ સ્વતંત્ર છે. પરમાણુ પરમાણુ સ્વતંત્ર છે. એને કઈ રીતે પરિણમવું એ પોતાના આત્માને આધીન નથી. બીજા પરમાણુને આધીન નથી. એ પરમાણુ પોતાનું દ્રવ્ય, પોતાની શક્તિ અને પર્યાય. શક્તિ એટલે ગુણ. પરમાણુ દ્રવ્ય પોતે વસ્તુ, પોતાની શક્તિ ગુણ અને વર્તમાન અવસ્થાથી બિરાજમાન છે. કોઈને આધીન કોઈ નથી.

મુમુક્ષુ :– આટલી વાત તો પ્રશ્નકાર સમજી ગયો.

ઉત્તર :– સમજી ગયો? એટલી વાત તો સ્વતંત્ર છે. આહાહા..! આંખ આમ હલે છે એ પોતાના આત્માથી નહિ, એમ કહે છે. એ પરમાણુ પોતાની પર્યાયથી પરિણમન કરે છે, આત્માને કારણે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ વાત પ્રશ્નકાર સમજી ગયો.

ઉત્તર :– એ તો પ્રશ્નકારે કહ્યું છે. બધા દ્રવ્ય પોતાથી છે. ઝીણી વાત છે. દૃષ્ટાંત દેતા, દેતા સૂક્ષ્મ થઈ જાય છે. આ હોઠ હલે છે ને? એ આત્માથી નહિ. કેમ કે એ પરમાણુનો રજકણનો પિંડ છે. એના પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની શક્તિ છે અને વર્તમાન અવસ્થા છે. તો વર્તમાન પર્યાય અને શક્તિથી બિરાજમાન છે. બીજા આત્માથી આ હોઠ હલે છે, આંખ હલે છે એમ ત્રણકાળ, ત્રણલોકમાં નથી. અજ્ઞાની, મૂંઢ માની લે કે અમારાથી પરદ્રવ્યમાં કાંઈક થાય છે. એ તો એની મિથ્યા ભ્રમની સ્વતંત્રતા છે. સમજાણું કાંઈ?

તો બધા દ્રવ્ય જ્યારે પોતાના ગુણ અને પર્યાયથી સ્વતંત્ર છે. આહાહા..! કોઈનું કાર્ય કોઈ કરી શકતા નથી. એમ શિષ્ય કહે છે. કાર્ય કહો કે પર્યાય કહો.

મુમુક્ષુ :– શિષ્યએ કહ્યું?

ઉત્તર :– શિષ્યનો પ્રશ્ન છે ને. કોઈનું કોઈ કરી શકતા નથી. માટે બધા દ્રવ્ય સ્વતંત્ર છે તો તમે જીવને જ સાર કેમ કહ્યો? બધી ચીજ સ્વતંત્ર છે અને એક જીવને જ સાર કહ્યો. એક વાર સાંભળ તો ખરો. જીવને સાર એ કારણે કહ્યો, કે જીવ શુદ્ધ ચૈતન્યઘન છે. એની અનુભૂતિ કરવાથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે છે. તો અતીન્દ્રિય આનંદ એ જ સાર છે. આહાહા..! કોઈ દિ' સાંભળી ન હોય એવી બધી વાતું છે.

મુમુક્ષુ :– અહીં શેઠીયાવ કેટલા દિવસ રહે તો સમજાય ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– એની મુદ્દત હોય? આ પરદેશમાં રળવા જાય છે એ લોકો મુદ્દત મારે છે? આ બહુ મહાજન લોકો 'આફ્રિકા' ગયા છે. મોટા ઘણા પૈસાવાળા છે. આપણા 'શાંતિલાલ ખુશાલ' નહિ? 'પાણસણા'વાળા. એની બે દીકરીઓ અહીં છે ને? બેનની દીકરી. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે. 'ગોવા'માં 'શાંતિલાલ ખુશાલ'. દોઢ વર્ષ પહેલા મરી ગયો. બે છોકરાઓ છે. બે અબજ ચાલીસ કરોડ. પૈસા ધૂળ. આહાહા..! મરી ગયો, પાંચ મિનિટમાં મરી ગયો. રાત્રે ઉઠ્યો, કહે મને કાંઈક થાય છે. ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવ્યા ત્યાં ભાઈ સાહેબ દેહ છૂટીને ચાલ્યા ગયા. એ ક્યાં એની ચીજ હતી? આહાહા..! 'ગોવા'માં ચાલીસ લાખનો તો બંગલો છે. દસ-દસ લાખના બે બંગલા. સાંઈઠ લાખ. 'ગોવા'માં. પૈસા તો ધૂળ-જડ-માટી છે. એની મમતા કરે છે એ મમતા પણ દુઃખ અને રાગ છે. અહીંયાં તો મમતા, રાગ અને લક્ષ્મીથી ભિન્ન ભગવાન અંદર શુદ્ધ ચૈતન્યઘન છે, એનો અનુભવ કરવાથી સુખ મળે છે એ સાર છે. આહાહા..!

મુમુક્ષુ :– આ એક જ પ્રકાર સુખનો કે બીજો પ્રકાર છે?

ઉત્તર :– સુખનો એક જ પ્રકાર છે. બીજો છે નહિ.

'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એય..! 'રતનલાલજી'! તમારા પૈસા-ફૈસામાં સુખ નથી એમ કહે છે અહીંયાં. આહાહા..! પૈસામાં તો નથી, શરીરમાં નથી. શરીરમાં તો નહિ, પાપના ભાવમાં નહિ. પાપના ભાવમાં તો નહિ, પુણ્યભાવમાં પણ નથી, પુણ્યભાવમાં તો નથી, એ પુણ્યને જ્ઞાનની વર્તમાન અવસ્થા જાણે છે. એમાં પણ (સુખ) નથી. સુખ તો ત્રિકાળી ગુણ અને દ્રવ્યમાં છે. આહાહા..! વસ્તુ, બાપુ! માર્ગ એવો રહી ગયો છે. આહાહા..!

ભગવાન ત્રણલોકના નાથ ઇન્દ્રોની સમક્ષ આમ વાત કરતા હતા. એકભવતારી, મોક્ષ જનારા છે એની પાસે ભગવાન દિવ્યધ્વનિ દ્વારા આ વાત કરતા હતા. એ વાત અહીંયા 'કુંદકુંદાચાર્યે' રચી. એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' રચી. એનો આ 'રાજમલે' હિન્દી ભાષામાં અનુવાદ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ?

સાર કેમ કહ્યું? કે **''સ્વાનુભૂતિ' કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ...'** પરિણામ થાય છે. આહાહા..! વસ્તુ નિરાકુળ લક્ષણથી આનંદથી આત્મામાં ભરી પડી પૂરી છે. એનો અંતર અનુભવ કરવાથી, સન્મુખ જવાથી, રાગ અને નિમિત્ત અને એક સમયની પર્યાયથી વિમુખ થઈને, સ્વભાવની સન્મુખ થઈને, એની અતીન્દ્રિય અનાકુળ દશા અનુભૂતિ ઉત્પન્ન થાય છે એમાં આનંદ આવે છે. એ કારણે શુદ્ધાત્માને સાર કહેવામાં આવ્યો છે. આહાહા..! વાતે વાતે ફેર છે. એ કહ્યું ને?

**'નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ...'** હોં! વર્તમાન પર્યાય. વસ્તુ તો નિરાકુળ આનંદકંદ છે જ પણ એનો જ્યારે સ્વીકાર થયો ત્યારે પર્યાયમાં પણ આનંદ આવ્યો. આ નિરાકુળલક્ષણ ચૈતન્યઆનંદ ત્રિકાળી ધ્રુવ. ત્રિકાળી ધ્રુવ નિરાકુળ આનંદ લક્ષણ છે. છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ છે એના ભાન વિના છે એ આવ્યું ક્યાંથી? એના જ્ઞાનમાં ભાસ થયો, કે આ અતીન્દ્રિય આનંદ છે એવો પરિણતિમાં અતીન્દ્રિય આનંદનો નમૂનો આવ્યો. નમૂનો આવ્યો એનાથી એને ખ્યાલ આવ્યો કે આ સાર આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય છે. અરે..રે..! આવી વાતું છે. હજી તો સમ્યગ્દર્શનની વાતું, પ્રભુ! ચારિત્ર તો ક્યાંય રહ્યા. એ તો કોઈ અલૌકિક વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :– વ્રત, તપની વાત તો આપ કરતા જ નથી.

ઉત્તર :– એ તો વિકલ્પ છે, રાગ છે. શું કરે? હજી પહેલા સમ્યગ્દર્શન તો કરે. સમ્યગ્દર્શન પછી જ્યારે અંતરમાં ચારિત્ર થાય છે, પછી વ્રતનો વિકલ્પ ઊઠે છે. એ બંધનું કારણ છે. આ તો હજી પહેલા સમ્યગ્દર્શનમાં સાર કેમ છે, એની વાત ચાલે છે. આહાહા..! છે કે નહિ? સામે પુસ્તક તો છે. ઘરે વાંચે તો ખબર પડે નહિ. 'સુકુમારજી'! ઘરે વાંચે તો ખબર પડે નહિ.

ભગવંત! તારી ચીજ એવી ચીજ છે. આહાહા..! કેવળી પરમાત્મા તો ભગવાનઆત્મા એમ બોલે છે. બધા આત્માને ભગવાનઆત્મા કહે છે. 'સમયસાર'ની ૭૨ ગાથામાં છે. આહાહા..! એ આત્માનો અનુભવ. સ્વાનુભૂતિ છે ને? **'આ અવસરે 'સ્વાનુભૂતિ'...'** સ્વ આત્માની અનુભૂતિ **'કહેતાં નિરાકુલત્વલક્ષણ શુદ્ધાત્મપરિણમનરૂપ અતીન્દ્રિય સુખ જાણવું તે-રૂપે અવસ્થા છે જેની;...'** એની અવસ્થા થઈ ત્યારે એણે પૂર્ણાનંદનો નાથ છે એમ ઉપાદેયપણે જાણ્યું.

ફરીથી, પોતાની પર્યાયમાં નિરાકુળ આનંદલક્ષણ ઉત્પન્ન થયું, તો એનાથી જાણ્યું કે આ આખો આત્મા નિરાકુળ આનંદ અને જ્ઞાનથી ભરેલો છે. તો એ અવસ્થામાં અવસ્થાયી જણાયો. અવસ્થા–પર્યાયમાં પર્યાયવાન ત્રિકાળ જણાયો. સમજાણું કાંઈ? એ કહ્યું, જુઓ! **'અતીન્દ્રિય સુખ જાણવું, તે-રૂપે અવસ્થા છે જેની;...'** જુઓ! એક એક શબ્દમાં ગંભીરતા છે. આહાહા..! આત્માને સારપણું કેમ કહ્યું? એ આત્મા અતીન્દ્રિય સુખસ્વરૂપ, આનંદસ્વરૂપ છે, એની કબુલાત જ્યારે અનુભવમાં થાય છે, એની દશામાં, વર્તમાન હાલતમાં, પર્યાયમાં આ અનુભવસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એવો અનુભવ થાય છે. એ માટે ત્રિકાળી આત્માને સાર કહ્યો. કેમ કે એનો અનુભવ કરવાથી આનંદ થાય છે. એ કારણે આત્માને સાર કહેવામાં આવ્યો છે. આહાહા..! ઝીણી વાત છે. આ 'રાજમલ'ની ટીકા આવી છે. 'રાજમલ' ગૃહસ્થી થયા છે, ગૃહસ્થ પંડિત છે. એમણે ટીકા બનાવી છે. આહાહા..! ઘરે પુસ્તક તો હશે. ભાઈ 'રતનલાલજી'ને કહું છું. આહાહા..!

**'(सर्वभावान्तरच्छिदे)'** હવે ચોથો શબ્દ લે છે. વળી એ શક્તિ કેવી છે? કે **''સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તેને મારા નમસ્કાર.**' આહાહા..! જેને એક સમયમાં. એક 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જે જોવે છે... આહાહા..! છે ને? **'એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.**' આહાહા..! ત્રિકાળી શુદ્ધ વસ્તુ, એના અનુભવમાં પણ શુદ્ધ આનંદ આવ્યો અને પૂર્ણ થઈને સર્વજ્ઞપણું થયું ત્યાં પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન પ્રગટ્યા. એવી ચીજને હું નમસ્કાર કરું છું. આહાહા..! એમ કહે છે. હજી તો આ માંગળીકનો શ્લોક છે.

મુમુક્ષુ :– એ તો બહુ પછીની વાત છે.

ઉત્તર :– આત્મા તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. શાસ્ત્રમાં તો શુભભાવને અતિ સ્થૂળ કહ્યો છે. શુભભાવને અતિસ્થૂળ કહ્યો. 'સમયસાર'માં પુણ્યઅધિકારમાં છે. દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઊઠે છે એ અતિસ્થૂળ છે. ભગવાન તો એની સામે મહાસૂક્ષ્મ ચીજ અંદર છે. આહાહા..! 'સમયસાર'માં પુણ્ય-પાપ અધિકારમાં છે. આહાહા..! સૂક્ષ્મ ચીજને પકડવા સૂક્ષ્મ ચીજ જોઈએ ને? આહાહા..! મોતી પકડવું હોય તો કાંઈ સાણસાથી પકડાય? જે સાણસાથી સાપ પકડાય એનાથી કાંઈ મોતી પકડાય? મોતી પકડવા માટે ઝીણી છીણી જોઈએ. ઝીણી સમાણી જોઈએ.

એમ ભગવાનઆત્મા... આહાહા..! જેની શરૂઆતમાં, અનુભવમાં પ્રતીતિ કરવી છે એને સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગથી રહિત નિરાકુળ આનંદલક્ષણ શુદ્ધાત્માનુભૂતિ પર્યાયથી એ જણાય છે. અંદર છે કે નહિ? આ તો માંગળિકનો શ્લોક છે. કાલે શ્રુતપંચમીના દિવસે મંગળિકના શ્લોકથી શરૂઆત કરી છે. પહેલો ભાગ કાલે આવી ગયો.

**'તેને મારા નમસ્કાર. શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.**' જુઓ! શુદ્ધ જીવ જે ત્રિકાળી શુદ્ધ, ગુણ શુદ્ધ અને એની વર્તમાનપર્યાય શુદ્ધ, એને સારપણું ઘટે છે. આહાહા..! અશુદ્ધપણાને સારપણું નથી. એ તો કાઢી નાખવાની ચીજ છે. આહાહા..! **'શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.**' હવે અર્થ કરે છે. **'સાર અર્થાત્ હિતકારી,...**' છે? **'સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી.**' આ તો બહુ અલૌકિક ટીકા છે. આહાહા..! સર્વજ્ઞ વીતરાગના પેટ ખોલીને વાત કરી છે. આ સંતો, અનુભવી આનંદના રસિયા, અતીન્દ્રિય આનંદના રસમાં તરબોળ હતા, એમાં વિકલ્પ આવતા શાસ્ત્ર રચાઈ ગયું. આહાહા..! દુનિયાના ભાગ્ય છે માટે આવું શાસ્ત્ર આવી ગયું.

એમાં તો એમ કહ્યું, કે એને એ માટે સાર કહે છે, કે એ સાર હિતકારી છે. પોતાનો આનંદ પ્રાપ્ત કરવો એ હિતકારી છે. સમ્યગ્દર્શનમાં પોતાના અતીન્દ્રિય આનંદનો–સુખનો અનુભવ થવો એ જ હિતકારી છે. અંદર છે? ઘરે પુસ્તક રાખ્યું છે કે નહિ? ઘરે તો હશે. સમજાણું કાંઈ? આહાહા..! **'શુદ્ધ જીવને 'સાર'પણું ઘટે છે.**' કેમ? **'સાર અર્થાત્ હિતકારી, અસાર અર્થાત્ અહિતકારી.**' આહાહા..! શુદ્ધ આત્મા અને એનો જે નિર્વિકલ્પ અનુભવ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમ્યગ્દર્શન, એ જ સાર છે. અને એ સિવાય બધી વસ્તુ અસાર, અહિતકારી છે. આહાહા..! એ શુભઅશુભ ભાવ પણ હિતકારી નથી, અહિતકારી છે.

મુમુક્ષુ :– ધર્મને હિતકારી કહ્યો છે.

ઉત્તર :– એ ધર્મ આ. હિતકારી આ સાર. આ ધર્મ. નિર્વિકલ્પ અનુભવ થવો એ ધર્મ છે, એ હિતકારી છે, એ સાર છે. એ સિવાય (બીજું બધું) અહિતકારી અને અસાર છે. આહાહા..! હજી તો સૂક્ષ્મ લે છે.

**'ત્યાં હિતકારી સુખ જાણવું, અહિતકારી દુઃખ જાણવું;...'** હવે જરી વિશેષ સ્પષ્ટ કરે છે. **'કારણ કે અજીવ પદાર્થને—'** પરમાણુઓ, શરીર, વાણી, કર્મ એ બધા પુદ્ગલ. અજીવ પદાર્થ પુદ્ગલ. લક્ષ્મી, શરીર, વાણી, કર્મ, મકાન, આબરૂ બધું પુદ્ગલ જડ છે. અને ધર્મ. એક ધર્માસ્તિ પદાર્થ છે જે ભગવાને જોયો છે. ચૌદ બ્રહ્માંડમાં એક ધર્માસ્તિ નામનું તત્ત્વ છે એને અહીં **'ધર્મ,...'** કહે છે. ધર્માસ્તિ પદાર્થ છે, હોં! ધર્મ (એટલે) આ ધર્મ નહિ. ધર્માસ્તિ નામનો એક પદાર્થ છે, એમ અધર્મ. એ અધર્મ નામનો એક પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં છે. ગતિ કરવામાં નિમિત્ત ધર્માસ્તિ અને ગતિ થઈને સ્થિર થવામાં **'અધર્મ,...'** નિમિત્ત, એવા બે પદાર્થ છે. **'આકાશ,...'** સર્વવ્યાપક. **'કાળને—'** અસંખ્ય કાળ છે. **'અને સંસારી જીવને સુખ નથી,...'** એ અજીવને સુખ નથી, પુદ્ગલને સુખ નથી, ધર્મ, અધર્મ પદાર્થને સુખ નથી, આકાશ અને કાળને સુખ નથી, **'અને સંસારી જીવને સુખ નથી,...'** આહાહા..!

**'જ્ઞાન પણ નથી,...'** પુદ્ગલમાં જ્ઞાન નથી અને સંસારીજીવને પણ જ્ઞાન નથી. આહાહા..! છે? **'સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી,...'** આહાહા..! **'અને તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી,...'** આહાહા..! શું કહે છે? અજીવ પદાર્થ પુદ્ગલને જાણે, ધર્મ, અધર્મને જાણે, આકાશને જાણે, કાળને જાણે અને સંસારી જીવને જાણે, તો એને જ્ઞાન પણ નથી. **'સંસારી જીવને સુખ નથી, જ્ઞાન પણ નથી, અને તેમનું સ્વરૂપજાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી, જ્ઞાન પણ નથી,...'** આહાહા..! આ શરીર જાણે, પુદ્ગલ જાણે એ તો જડ છે. એને જાણવામાં આત્મજ્ઞાન ક્યાં આવ્યું? આહાહા..! અને સંસારીજીવ પણ અશુદ્ધ છે, વિકારી પરિણતિ સહિત છે. એને જ્ઞાન પણ નથી, સુખ પણ નથી. પણ એને જાણનારને પણ જ્ઞાન નથી અને સુખ નથી. આહાહા..! કેમ કે સંસારી પ્રાણીને મલિન પર્યાય છે. એને જાણનારને જ્ઞાન પણ નથી અને એને જાણનારને સુખ પણ નથી. એને તો જ્ઞાન અને સુખ નથી પણ એને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. આહાહા..! છે?

છ દ્રવ્યમાં સંસારી જીવ લીધા. શુદ્ધ જીવને ભિન્ન રાખ્યો. એક શુદ્ધ જીવ છે એને જાણવાથી જ્ઞાન અને સુખ થાય છે. બસ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ, એને જાણવાથી જ્ઞાન અને સુખ થાય છે. બાકી સંસારી જીવને જાણવાથી પણ એને જ્ઞાન અને સુખ નથી અને એને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– સંસારી એટલે કોણ?

ઉત્તર :– સંસારી એટલે એકેન્દ્રિયથી માંડીને મલિન પરિણામવાળા પ્રાણી એ સંસારી. આહાહા..! શુભાશુભ પરિણમનવાળા જીવ. આહાહા..! શું કીધું? સમજાણું કાંઈ?

શુદ્ધ જીવ જે આત્મા પવિત્ર છે, પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એને જાણવાથી જ્ઞાન અને એને જાણવાથી સુખ (છે). એના વિના પુદ્ગલ આદિ લક્ષ્મી, પરમાણુ, માટી, ધૂળ બધી જગતમાં. એક પરમાણુથી માંડીને બધા પુદ્ગલ. પુદ્ગલને જ્ઞાન નથી અને સુખ નથી. અને પુદ્ગલને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. અને સંસારી જીવ મલિન પરિણામી છે, તેને જ્ઞાન અને સુખ નથી. અને એને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. આહાહા..! આ તો મોટું પહેલું મંગલિક કર્યું. શરૂઆત પહેલી ગાથા છે ને? 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ, સંત. ભાવલિંગી સંત હતા. છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હતા, આનંદમાં ઝૂલતા હતા, એમણે ટીકા બનાવી, એનો અનુવાદ 'રાજમલે' કર્યો.

**'તેમનું સ્વરૂપ જાણતાં જાણનહાર જીવને પણ સુખ નથી,...'** શું કહે છે? આ વિજ્ઞાન છે ને? પુદ્ગલને બહુ જાણે છે ને? આમ વહાણ ઊડે, આમ ઊડે. કહે છે, એને પણ સુખ નથી અને એને જાણનારને પણ સુખ નથી અને જ્ઞાન નથી. આહાહા..! આ તમારા ડોક્ટર અને વકીલાત અને એમ.એ. અને એલ.એલ.બી. વકીલાત, એ જાણનારને જ્ઞાન પણ નથી અને સુખ નથી. એ જીવને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– દુઃખી જીવોને જાણવાથી દયા, ધર્મ થાય.

ઉત્તર :– ધર્મ ક્યાં હતો? એ તો રાગ છે. અહીં તો અશુદ્ધ જીવને જાણવાથી પણ અશુદ્ધ જીવને જ્ઞાન ને સુખ નથી, પણ એને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. ઝીણી વાત, ભાઈ! આ તો વીતરાગ પરમેશ્વરનો માર્ગ છે. આવો માર્ગ ક્યાંય છે નહિ, ભાઈ! આહાહા..! દિગંબર સંતોએ, કરુણા કરી ને વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર બની ગયું છે. આહાહા..! આવી રચના સાંભળવા મળે એ મહા ભાગ્યવાન છે. આહાહા..! સમજે એ તો બીજી વસ્તુ છે. આહાહા..!

અહીંયાં તો કહ્યું, કે શુદ્ધ જીવ ભગવાનઆત્મા, એ સિવાયના બધા છ દ્રવ્ય અને સંસારી અશુદ્ધ પરિણમન મલિનતાવાળા, એને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. અને એ સંસારી પ્રાણી અને પાંચ બીજા દ્રવ્ય, એને જાણનારને પણ જ્ઞાન નથી, સુખ નથી. તો જ્ઞાન અને સુખ કોને છે? આહાહા..! **'તેથી તેમને 'સાર'પણું ઘટતું નથી.'** એને સારપણું ઘટતું નથી. આહાહા..! **'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે,...'** લ્યો. શુદ્ધ જીવ ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત મહામંગળિક સ્વરૂપ, એક સમયની સંસાર મલિનદશાથી ભિન્ન. આહાહા..! એ શુદ્ધ જીવને જ્ઞાન છે ને આનંદ છે. છે?

**'શુદ્ધ જીવને સુખ છે, જ્ઞાન પણ છે,...'** આહાહા..! શુદ્ધ જીવ જે અનાદિઅનંત નિત્યાનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ! એક સમયની પર્યાયથી ભિન્ન એવું તત્ત્વ, એમાં જ્ઞાન છે અને એમાં સુખ છે. એક વાત. **'તેને જાણતાં–અનુભવતાં જાણનહારને સુખ છે, જ્ઞાન પણ છે,...'** આહાહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જે પ્રગટ કર્યું એ અંદરમાં એવી શક્તિ હતી. એ પૂર્ણ જ્ઞાન અને આનંદસ્વરૂપ શુદ્ધ આત્મા, એને જ્ઞાન છે અને સુખ છે. અને એને જાણનારને પણ જ્ઞાન અને સુખ છે. આહા..! અંદર છે કે નહિ? આ બધા પૈસાવાળા, દેવ અને રાજા સુખી છે એમ ત્રણકાળમાં નથી. બધા દુઃખી છે, દુઃખી. અરે...! પુણ્યના પરિણામવાળા દુઃખી છે. એમાં જ્ઞાન નથી અને સુખ નથી. અને પુણ્ય પરિણામવાળા પ્રાણીને જાણનારને પણ જ્ઞાન અને સુખ નથી. આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ જે પરમેશ્વર થયા, તો એ તો પરદ્રવ્ય છે. પણ અહીંયાં શુદ્ધ જે આત્મા ત્રિકાળી પરમાત્મસ્વરૂપ (છે)... આહાહા..! એમાં જ્ઞાન પણ છે અને સુખ પણ છે. અને એ પરમાત્મસ્વરૂપ ભગવાનને જે જાણનાર છે એને જાણનાર છે એને જ્ઞાન અને સુખ છે. અંદર છે કે નહિ? આ સરવાળો લઈ લીધો. શિષ્યે પ્રશ્ન કર્યો હતો ને? કે છ દ્રવ્ય તો બધા સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય કોઈને આધીન નથી. કોઈ પદાર્થની અવસ્થા કોઈને આધીન નથી. સ્વતંત્ર છે. આહાહા..! બધી સ્વતંત્ર છે, તો એને સારપણું કેમ ન ઘટે? કે એને સારપણું નથી. જેમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, જેમાં અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ હોય, એનો અનુભવ કરવાથી અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ થાય એને સારપણું ઘટે છે. આહાહા..! છે? કદી વાંચ્યું નહિ, આ દૃષ્ટિએ વાંચ્યું નથી. 'ધન્નાલાલજી'! ઠપકો આપે છે. આવી વાત છે, બાપા! આહાહા..!

અરે..રે.! દેહ ચાલ્યો જશે. આ બધું કર્મ ધૂળધાણી છે. એકલો આત્મા ચોરાશીના અવતારમાં દુઃખી થઈને રખડે છે. એને સુખી થવાનો રસ્તો આ એક, કે હું પોતે અતીન્દ્રિય જ્ઞાન અને આનંદથી ભરપૂર આત્મા છું. એને જાણવાથી જ્ઞાન અને સુખ થાય છે. અને જ્ઞાન અને સુખ થયું એને અલ્પકાળમાં કેવળજ્ઞાન પામીને એ મોક્ષ જશે. આહાહા..! બીજ થઈ તો પૂનમ થશે, થશે ને થશે. એમ શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર ત્રિકાળ, એનું જ્ઞાન આનંદ થયા એ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશે. જગતમાં એ સાર ચીજ છે. બીજી કોઈ સાર ચીજ નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(અનુષ્ટુપ)

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिनित्यमेव प्रकाशताम्।।२।।

ખંડાન્વય સહિત અર્થ :– 'नित्यमेव प्रकाशताम्' (नित्यं) સદા–ત્રિકાળ (प्रकाशताम्) પ્રકાશ કરો; એટલું કહી નમસ્કાર કર્યા. તે કોણ? 'अनेकान्तमयी मूर्तिः' (अनेकान्तमयी) 'न एकान्तः अनेकान्तः' અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય અર્થાત્ તે જ છે (मूर्ति) સ્વરૂપ જેનું, એવી છે સર્વજ્ઞની વાણી અર્થાત્ દિવ્યધ્વનિ. આ અવસરે આશંકા ઊપજે છે–કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે, સંશય મિથ્યા છે. તેનું આમ સમાધાન કરવું–અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે. તેનું વિવરણ—જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે, કોઈનો સહારો નથી, તેથી 'અનેકાન્ત' પ્રમાણ છે. હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે? 'प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती' '(प्रत्यगात्मनः)' સર્વજ્ઞ વીતરાગ, [તેનું વિવરણ 'प्रत्यक्' અર્થાત્ ભિન્ન; ભિન્ન અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત, એવો છે 'आत्मा' આત્મા (–જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે પ્રત્યગાત્મા,] તેનું (तत्त्वं) સ્વરૂપ, તેની (पश्यन्ती) અનુભવનશીલ છે. ભાવાર્થ આમ છે–કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે. તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ–વાણી તો અચેતન છે. તેને સાંભળતાં જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે. કેવા છે સર્વજ્ઞ વીતરાગ? 'अनन्तधर्मणः' (अनन्त) અતિ ઘણા છે (धर्मणः) ગુણો જેમને એવા છે. ભાવાર્થ આમ છે—કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે; પરંતુ એવું માનવું જૂઠું છે, કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે. ૨.

---

## જ્યેષ્ઠ સુદ ૭, બુધવાર તા.૨૫.૦૫.૧૯૭૭
## કળશ - ૨, પ્રવચન - ૩

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।
अनेकान्तमयी मूर्तिनित्यमेव प्रकाशताम्।।२।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલા શ્લોકમાં એમ કહ્યું, કે શુદ્ધજીવ જે સાર છે, એનું જ્ઞાન અને એનો અનુભવ કરવો એ સાર છે. આત્મા સિવાય બીજી ચીજનું જ્ઞાન કરવું એ જ્ઞાન નથી. પુદ્ગલ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ આદિ, સંસારી અશુદ્ધ જીવનું જ્ઞાન કરવું એ જ્ઞાન નથી અને સુખ પણ નથી. સંસારી અશુદ્ધ પરિણતિવાળા જીવને જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એ સંસારી અશુદ્ધ પ્રાણીને જાણનાર જીવને પણ જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. આહાહા..! શુદ્ધજીવ જે આત્મા પવિત્ર, ત્રિકાળી આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ! એનું જ્ઞાન કરવું એ જ્ઞાન અને એના આનંદનો સ્વાદ લેવો તે સાર. આ વાત છે. સમજાણું કાંઈ? બાકી તો બધું અસાર છે. આહાહા..! આ તમારું જ્ઞાન-ધ્યાન કરવું એ બધું અજ્ઞાનમાં જાય છે.

મુમુક્ષુ :– કુજ્ઞાન છે.

ઉત્તર :– લ્યો. ઠીક. બાપા કહે છે, કુજ્ઞાન છે. એ પોતાની બુદ્ધિને કુજ્ઞાન છે એમ કહ્યું પહેલું. વકીલાતની. આહાહા..!

મુમુક્ષુ :– સંસારમાં પ્રવેશ કરાવે એ જ્ઞાન શું કામનું?

ઉત્તર :– એ જ્ઞાન શું કામનું? આહાહા..!

અહીં તો પહેલા કળશમાં ત્યાં સુધી કહ્યું, કે શુદ્ધ આત્મા સિવાય બીજા પરમાણુથી માંડીને જગતની બધી જડની ચીજ, એને જ્ઞાન નથી અને એને સુખ નથી. પણ એ પુદ્ગલને જાણનારને પણ જ્ઞાન નથી અને સુખ નથી. આહાહા..! અને બાકીના ચાર ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ તો ઠીક. પણ સંસારીજીવ જે મલિન પરિણામી છે, એને સુખ નથી અને એને જ્ઞાન નથી. પણ એ મલિન પરિણામી જીવ છે, નિગોદ આદિના જીવ (છે)... આહાહા..! એને જાણનારને પણ જ્ઞાન નથી અને સુખ નથી. સમજાણું કાંઈ?

શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર આનંદસ્વરૂપ, વિકારના ભાવથી રહિત નિર્વિકારી ચૈતન્યઘન ભગવાનઆત્મા, એ શુદ્ધને જાણવું એ જ્ઞાન અને એ શુદ્ધને જાણવું એ સાર અતીન્દ્રિય આનંદનો સ્વાદ. આવી વાત છે. 'મોહનલાલજી'! 'રતનલાલજી'. 'રતલામ'. પ્રેમ છે ને આવ્યા છે. એ વાત અહીંયાં છે. 'રતનલાલજી'! આહાહા..! 'રતલામ'થી 'મોહનલાલજી'નો પત્ર બે દિવસ પહેલા આવ્યો હતો. આહાહા..!

પહેલા કળશમાં જ એમ લીધું, કે આત્મા જે પોતાનો શુદ્ધ ચૈતન્ય છે. અનંત આનંદકંદ જ છે. પર્યાયમાં અશુદ્ધતા છે એ તો અંશમાં છે. સંસાર અને સંસારનું કારણ એ તો એની પર્યાય–અવસ્થા અંશમાં છે. વસ્તુ જે ત્રિકાળી દ્રવ્યગુણ શુદ્ધ ચૈતન્યઘન, એમાં કોઈ સંસારનો ભાવ પણ નથી અને સંસારના કારણરૂપ ભાવ પણ એમાં નથી. આહાહા..! એવો ચૈતન્ય શુદ્ધ આનંદકંદ સ્કંધ, શુદ્ધ ચૈતન્ય સ્કંધ–પિંડ, પ્રભુ શુદ્ધ, એની સન્મુખ થઈને જ્ઞાન કરવું, એ જ્ઞાન. બાકી શાસ્ત્રનું જ્ઞાન કરવું એ પણ જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! એવી ચીજ છે. જગતને કઠણ પડે પણ માર્ગ તો આવો છે. એ તો પહેલા કળશમાં કહ્યું. હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આજ તો બીજો કળશ છે. એમાં વીતરાગની વાણીની વાત ચાલે છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એની દિવ્યધ્વનિ. વાણી–દિવ્યધ્વનિ. સર્વજ્ઞની વાત તો કાલે આવી હતી. **'(सर्वभावान्तरच्छिदे)'** ભાઈ! **'(सर्वभावान्तरच्छिदे)'** આવ્યું હતું. પણ હવે એ વાત કોઈને ન બેઠી હોય તો આપણને કાંઈ ખબર નહિ એ વખતે. **'(सर्वभावान्तरच्छिदे )'** આવી ગયું છે. **''સર્વ ભાવ' અર્થાત્ અતીત-અનાગત-વર્તમાન પર્યાય સહિત અનન્ત ગુણે વિરાજમાન જેટલા જીવાદિ પદાર્થ, તેની 'અન્તરછેદી' અર્થાત્ એક સમયમાં યુગપદ્ પ્રત્યક્ષરૂપે જાણનશીલ જે કોઈ શુદ્ધ જીવવસ્તુ, તેને મારા નમસ્કાર.**' એ પહેલા કળશમાં આવી ગયું છે. હવે એની વાણીની વાત ચાલે છે.

સર્વજ્ઞ પરમેશ્વર એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં અનંત દ્રવ્યો, એના ગુણો અને એની ત્રણકાળની પર્યાય, એ ત્રણકાળની પર્યાયસહિત, ગુણસહિત દ્રવ્યને સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં પૂર્ણ પ્રત્યક્ષ જાણે છે.

મુમુક્ષુ :– આટલું બધું જાણે તો થાકી ન જાય?

ઉત્તર :– એમ કહે છે. ભાઈએ કીધું એમ કીધું. એવો પ્રશ્ન ત્યાં 'પ્રાંતિજ'માં ઉઠ્યો હતો. 'હુકમચંદજી' સ્થાપતા હતા ને કાંઈક. આ બધાને જાણે છે તો ખેદ (થાય છે), આ થોડું જાણે છે એને ખેદ થાય તો આ બધું ત્રણકાળ, ત્રણલોક જાણે. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! એ પર જાણવું નથી. પોતાની પર્યાયમાં જ ત્રણકાળ, ત્રણલોકને જાણવાની તાકાત છે. તો પોતાની પર્યાયને પોતામાં, પોતાથી, પોતાના ષટ્કારકથી પોતાથી જાણે છે. આહાહા..! શું કીધું ઇ? કે સર્વજ્ઞ જે પર્યાય છે, એ પોતાની પર્યાયનો કર્તા છે. એ લોકાલોક છે. અનંત પર્યાય સહિત દ્રવ્ય-ગુણ એ છે તો અહીંયાં સર્વજ્ઞ પર્યાય થઈ, એમ નથી. ઝીણી વાત છે, ભગવાન! આ વીતરાગનો માર્ગ અલૌકિક છે.

એ આત્મામાં એવી એક અનાદિ શક્તિ છે. સર્વજ્ઞશક્તિ છે, સર્વજ્ઞ સ્વભાવ છે, સર્વજ્ઞ એ વસ્તુ જે આત્મા સત્ છે, એનું સર્વજ્ઞપણું એનું સત્ત્વ છે. એનો કસ એ સત્ત્વ સર્વજ્ઞ છે. આહાહા..! એ સર્વજ્ઞની જે પર્યાય થાય છે, એ પર્યાય સર્વજ્ઞ સ્વભાવમાંથી આવે છે. બહારમાંથી નથી આવતી, બહારના કારણે નથી આવતી. નિશ્ચયથી તો સર્વજ્ઞ જે પર્યાય છે, ત્રણકાળ, ત્રણલોકને પ્રત્યક્ષ જાણતી પર્યાય, એ પર્યાયનો કર્તા પર્યાય છે. એ પર્યાયનું કાર્ય પર્યાય છે. એ પર્યાયનું કાર્ય અનંત ગુણ-દ્રવ્ય-પર્યાય છે એ કાર્ય નથી કે એ પર્યાય જાણવામાં આવી તો કારણ થયું અને અહીંયા પર્યાય કાર્ય થઈ એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'ધન્નાલાલજી'! સૂક્ષ્મ વાત છે. આ સમજવી પડશે. આ દુનિયામાં થોથા છે. એમાં કાંઈ નથી. કોઈ પાસે પૈસો બે-પાંચ કરોડ અને કોઈ પાસે એકેય પાયેય ન હોય, એમાં કાંઈ છે નહિ.

મુમુક્ષુ :– સુખ તો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર :– ધૂળમાં પણ નથી. જેને આત્માનો આનંદ છે, ભલે નરકમાં હોય, સાતમી નરકમાં (હોય). આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એ સાતમી નરકમાં મિથ્યાદષ્ટિ લઈને ગયો હોય, પણ જ્યાં અંતરમાં પૂર્વે સંતો પાસે સાંભળ્યું હતું, એ વાત અંદરમાં યાદ આવતા અંદર આત્મામાં ઘૂસી ગયો. આહાહા..! દુઃખની શું વાત કરે? એ દુઃખની સ્થિતિ. પહેલી નરકના દુઃખની સ્થિતિ એ અનંતગુણી સ્થિતિ છે. એનો વિચાર નથી. બધું ભૂલી ગયો.

પચ્ચીસ વર્ષનો રાજકુમાર હોય અને વર્ષની અબજોની પેદાશ હોય. અને એના પિતાએ એક દિવસ લગન કર્યા હોય. અને તે દિવસે લગન કરીને એ રાજકુમારને 'જમશેદપુર'ની ભઠ્ઠીમાં જીવતો નાખે અને દુઃખ હોય, એનાથી અનંતગુણા દુઃખ ભગવાન પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિમાં છે. આહાહા..! ઉત્કૃષ્ટ વાત કરી. અબજોપતિ, રાજકુમાર, પચ્ચીસ વર્ષ, પરણેલો, તે દિવસ. આહાહા..! વિષય લેવાનો રાત્રીનો ભાવ, એમાં સાંજે કોઈ જીવતો લઈ (જાય). અને આ 'જમશેદપુર' છે ને? શું કહેવાય એ? 'જમશેદપુર'માં મોટી ભઠ્ઠી છે ને? મોટી ભઠ્ઠી છે. અમે ગયા હતા. જોઈ છે. 'નરભેરામભાઈ' લઈ ગયા હતા. 'નરભેરામભાઈ' છે ને? 'કામાણી'. ત્યાં છે ને? અમે ગયા હતા. મોટી ભઠ્ઠી. અનેક મોટું થાય, લોઢાના પૈડા થાય. અગ્નિ-અગ્નિ. અરે..રે..! રાજકુમારને એવી નિરોગી સ્થિતિમાં, એવી અનુકૂળ સ્થિતિમાં, યુવાન સ્થિતિમાં, લગનની સ્થિતિમાં, લગનના પહેલા દિવસે એ ભઠ્ઠીમાં જીવતો નાખે, ભાઈ! એ દુઃખ જોયું ન જાય એવું દુઃખ. એ દુઃખથી તો નારકીનું દસ હજાર વર્ષની સ્થિતિનું અનંતગણું દુઃખ છે. ભૂલી ગયો. પણ યાદ કરે ત્યારેને? ભૂલી ગયો. ત્યાં અનંત-અનંત કાળ ગાળ્યો છે. એ સ્થિતિમાં જ્યારે એ આત્મા સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! આ તો પહેલી નરક કહી. પણ એનાથી બીજી, ત્રીજી, ચોથી, છઠ્ઠી, સાતમી. જેની ૩૩ સાગરની સ્થિતિ. આહાહા..! એક સાગરોપમે દસ ક્રોડાક્રોડી પલ્યોપમ (જાય). એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એ સ્થિતિએ નરકમાં અનંતવાર ગયો. એમાં કોઈ પ્રાણી પૂર્વે સાંભળ્યું હતું એ ત્યાં યાદ નહોતું કર્યું. અરે..! પ્રભુ! તું શુદ્ધ ચૈતન્યઘન છે ને, ભગવંત છે ને. આહાહા..!

તારી શક્તિ, તારું સામર્થ્ય અને તારો સ્વભાવ તો પ્રભુ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. તારા આનંદ માટે પરની કોઈ અપેક્ષા નથી. આહાહા..! એવા અતીન્દ્રિય આનંદથી ભરેલી તારી ચીજ છે. એવું સંતો પાસે સાંભળ્યું હતું. રાજકુમારાદિ હોય. નિર્ણય નહોતો કર્યો અને નરકનું આયુષ્ય બંધાણું અને નરકમાં ચાલ્યો ગયો. આહાહા..! એવી સ્થિતિમાં પણ જેમ વીજળી થાય છે અને આ ત્રાંબાનું હોય છે ને? નીચે ઊતરી જાય છે. શું કહે છે? એ નહિ. આ બચાવવા માટે (રાખે છે). નીચે ઉતરી જાય, હડપ દઈને. આહાહા..! એમ ભગવાન આત્મા પોતાની નિર્મળ પર્યાયથી અંદરમાં ઘુસી જાય છે. આહાહા..! એને જે અતીન્દ્રિય

આનંદનો સ્વાદ આવે છે અને એને જે આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાન અને એ સાર છે. આહાહા..! બાકી ચક્રવર્તીનું રાજ પણ અસાર છે. મસાણની ભૂમિકા જેવી છે એવી રાખ છે, ધૂળ છે. આહાહા..!

એવી ચીજને અહીંયા સર્વજ્ઞ પરમાત્મા પોતાના પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદને વેદે છે. એ તો સમકિતી કહ્યા. પણ સમકિત થયા પછી, સ્વરૂપમાં રમણતા કરે, આનંદ એ ચારિત્ર છે. આ ક્રિયાકાંડ વ્રત, તપ અને પુણ્ય એ ચારિત્ર નથી. અંતરમાં આનંદસ્વરૂપનું જે ભાન થયું, એ આનંદમાં રમણતા, ચરવું, રમવું, જમવું... આહાહા..! એ જમતા જમતા એને અંદર કેવળજ્ઞાન થઈ જાય છે. સર્વજ્ઞની વાણી કેવી છે એની બીજા શ્લોકમાં વાત છે. આહાહા..! હજી તો સર્વજ્ઞની ખબર નથી તો એની વાણીની તો ક્યાં પ્રતીત હોય? આહાહા..! સમજાણું કાંઈ? અરે..! દુઃખી પ્રાણી છે. 'માણેકલાલભાઈ' બિચારા સાંભળવા આવ્યા છે, હોં! શ્વાસ ચડ્યો છે. 'માણેકલાલભાઈ' આવ્યા નથી. ઘરે છે. એના ભત્રીજાએ કહ્યું, શ્વાસ ચડ્યો છે. દુઃખી. આહાહા..! આ શરીરની સ્થિતિ ક્યારે કેમ બગડે? અને આત્માની સ્થિતિ ક્યારે સુધરે? એ તો પોતાના નિજ કાળનો પ્રભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો સર્વજ્ઞ સ્વભાવ એ જ જગતમાં સાર છે. કેમ કે શુદ્ધતાનું જ્ઞાન થયું છે. પોતાનું, હોં! ત્રણકાળનું જ્ઞાન થયું પણ એ પોતાનું જ્ઞાન થયું છે. એ માટે એ સાર ચીજ છે. બીજા કળશમાં એની વાણીને હવે સાર કહે છે. એ તો એનો સ્વભાવ કહ્યો. હવે વાણી તો પર છે, જડ છે. એને પણ અહીંયા વ્યવહારથી નમસ્કાર કરે છે. અર્થ. અર્થ છે ને?

**'ખંડાન્વય સહિત અર્થ :– 'नित्यमेव प्रकाशताम्' (नित्यं) સદા ત્રિકાળ (प्रकाशताम् ) પ્રકાશ કરો;...'** આહાહા..! જેમ સર્વજ્ઞપદ કાયમ રહો, એમ એની વાણી પણ કાયમ રહો. આહાહા..! કેમ કે સર્વજ્ઞ વિનાની કદી દુનિયા નથી હોતી. ત્રણકાળમાં ત્રણકાળને જાણનારનો કદી વિરહ હોય નહિ. ત્રળકાળનો ભાવ. જગતમાં ત્રણકાળ છે. તો ત્રળકાળને જાણનારનો જગતમાં કદી વિરહ નથી. અનાદિનો ત્રણકાળ છે. અનાદિથી ત્રણકાળને જાણનાર સર્વજ્ઞ પણ અનાદિથી છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, કે એની વાણી... સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવ... આહાહા..! અસંખ્ય પ્રદેશે જ્યાં કેવળજ્ઞાન (પ્રગટ થયું છે), સર્વ પ્રદેશ અંદરથી ખીલી ગયું. આહાહા..! એ પરમેશ્વરની જિનેશ્વરની વાણી **'नित्यमेव प्रकाशताम्'**. સદા કાળ પ્રભુ આપની વાણી નીકળતી રહો. પંડિતજી! સર્વજ્ઞ ભગવાન તો સદા હોય જ છે. આહાહા..! એમની ૐ ધ્વનિ છૂટે છે. પરમાત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવ. સર્વજ્ઞ પરમેશ્વર જેમ પર્યાયમાં પ્રાપ્ત થાય છે તો એમની ૐ ધ્વનિ નીકળે છે. 'મુખ ૐકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' આ 'બનારસીદાસ'નું વાક્ય છે. 'મુખ ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' ત્રિલોકના નાથ સર્વજ્ઞદેવ વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજે છે. 'સીમંધર' પ્રભુ, એવા અનંત તીર્થંકરો થઈ ગયા, અનંત થવાના

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..!

એ તીર્થંકરની વાણીમાં ૐ નીકળે છે. 'મુખ ૐ ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' ત્રિલોકનાથના મુખમાંથી ૐ ધ્વનિ નીકળે છે. આવી ભાષા તીર્થંકરની નથી હોતી. કેમ કે એ તો વીતરાગ થયા. અહીંયા રાગ છે તો ભાષા ભેદવાળી નીકળે છે. ભગવાન સર્વજ્ઞ વીતરાગ થયા છે તો અભેદ વાણી, ૐ એવી અભેદ એકાક્ષરી આખા શરીરમાંથી નીકળે છે. આહાહા..! 'એ મુખથી ૐ ધ્વનિ સુની ગણધર અર્થ વિચારે.' સંતો ચાર જ્ઞાનના ધણી સંતો, મુનિઓ છે. એ ભગવાનની વાણીનો અર્થ વિચાર કરીને શાસ્ત્ર રચના કરે છે. સમજાણું કાંઈ? 'ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે. તાસુ સુનકર આગમ રચે. ઔર ભવિ જીવ સંશય નિવારે.' ભગવાનની વાણી સાંભળી લાયક પ્રાણી સંશયને નિવારે છે. આહાહા..! 'ધન્નાલાલજી'! આવી વાતું છે, ભગવાન! આખી દુનિયાથી ફેર છે. આહાહા..!

**'પ્રકાશ કરો;...'** ટીકાકાર, કળશકાર કહે છે. 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ, સંત ભાવલિંગી છે. આનંદમાં રમે છે. અતીન્દ્રિય આનંદમાં, હોં! આહાહા..! અતીન્દ્રિય આનંદમાં તરબોળ છે. પ્રચુર આનંદમાં રમે છે એ કહે છે, ભગવાનની વાણી નિત્ય **'પ્રકાશ કરો;...'** આહાહા..! જેમ સર્વજ્ઞપણું કાયમ રહો, એમ વાણી પણ કાયમ રહો. **'એટલું કહી નમસ્કાર કર્યા.'** છે? **'એટલું કહી નમસ્કાર કર્યા.'** ત્રિકાળમાં એને જ નમસ્કાર છે. આહા..! એનો આદર કર્યો. આહાહા..! 'ફૂલચંદજી'એ દરેક ઓલામાંથી બહુ સારુ કાઢ્યું છે. ભાઈ! લખાણ પહેલા દરેક ગાથાનું બહુ સારુ કાઢ્યું છે. શરૂઆતમાં સાર કાઢીને બહાર મૂક્યો છે. પહેલામાં આ અને બીજામાં આ અને ત્રીજામાં આ. પહેલા શરૂઆતના લખાણમાં. હિન્દીમાં છે.

**'એટલું કહી નમસ્કાર કર્યા. તે કોણ?'** વાણી કેવી છે? **'अनेकान्तमयी मूर्तिः'** આહાહા..! **'न एकान्तः अनेकान्तः'** એક પક્ષની વાત નથી. વાણીમાં અનંત અનંત જે આત્માના, જડ આદિના ધર્મ છે, એ બધાનું અનેકાંતપણું જે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યપણે નથી, એક ગુણ બીજા ગુણપણે નથી, એક પર્યાય બીજી પર્યાયપણે નથી. અને પોતાથી છે, પરથી નથી. એવો અનેકાંત જે વસ્તુનો સ્વભાવ છે એ અનેકાંત વાણીમાં આવી વાત આવે છે. આહાહા..! છે?

**'न एकान्तः अनेकान्तः'** **'અનેકાન્ત અર્થાત્ સ્યાદ્વાદ, તે-મય અર્થાત્ તે જ છે સ્વરૂપ જેનું,...'** ભગવાનની વાણી અનેકાન્તમય સ્વરૂપ છે. સ્વપણે છે, પરપણે નથી. એ અનેકાન્ત. અથવા અભેદપણે.. આગળ દૃષ્ટાંત લેશે. આ દ્રવ્ય અને ગુણ છે એમાં સત્તા છે એ અભેદ છે. એ અપેક્ષિત. અને સત્તા ભેદ છે એ બીજી અપેક્ષા છે. એનું નામ અનેકાંત છે. એ હવે કહેશે. આહાહા..! અનેકાંત સ્વરૂપ જેનું છે **'એવી છે સર્વજ્ઞની વાણી...'** આહાહા..! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ વર્તમાનમાં તો ભરતક્ષેત્રમાં નથી. 'સીમંધર' પ્રભુ મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે. એની વાણી અનેકાંતમય નીકળે છે. દિવ્યધ્વનિ નીકળે છે. ગણધરો સાંભળે છે. વાઘ, નાગ સાંભળવા આવે છે. શાંત... શાંત... શાંત... આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સર્વજ્ઞની વાણી કેવી છે? **'આ અવસરે આશંકા ઊપજે છે–કોઈ જાણશે કે અનેકાન્ત તો સંશય છે,...'** કોઈ નિર્ણય તો આવ્યો નહિ. આમ પણ છે અને આમ પણ છે. પોતાથી છે, પરથી નથી. એમાં એવો નિર્ણય તો થયો નહિ. શંકાકાર કહે છે. **'અનેકાન્ત તો સંશય છે, સંશય મિથ્યા છે. તેનું આમ સમાધાન કરવું—અનેકાન્ત તો સંશયનો દૂરીકરણશીલ છે...'** સંશયનો નાશ કરનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ એમાં છે. આગમ છે ને? આમાં નથી. ઓલામાં છે. આમાં હશે. આમાં છે. 'નમો કેવળ નમો કેવળરૂપ ભગવાન, મુખ ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' સંશય નિવારણની એ વાણી છે. અનેકાન્ત સંશયવાદ નથી. પોતાથી છે અને પરથી નથી. એવો સંશય છે, સંશય નથી. અનેકાંત છે. પોતાથી છે અને પરથી નથી. નિર્ધાર નિઃસંશય એની વાણી છે. કોઈપણ તત્ત્વ સ્વથી છે અને પરથી નથી. અને એક ગુણ પણ પોતાથી છે અને પરથી નથી. એક પર્યાય પણ પોતાથી છે અને પરથી નથી એવું અનેકાન્ત છે. એ અનેકાન્ત જ સંશય નિવારક છે. સમજાણું કાંઈ? એમાં છે. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે. સો સત્યાર્થ શારદા તાસુ ભક્તિ ઉર આણ' એની ભક્તિ કરીને હું આ શ્લોક બનાવું છું. એમ 'બનારસીદાસ' કહે છે. એમ આ ભક્તિ છે આમાં. આહાહા..!

**'સંશયનો દૂરીકરણશીલ છે અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે.'** આહાહા..! બે વાત. સર્વજ્ઞ પરમેશ્વરની વાણી તો **'સંશયનો દૂરીકરણશીલ...'** દૂર કરવાનો એનો સ્વભાવ. સંશયને દૂર કરવાનો એનો શીલ નામ સ્વભાવ (છે). આહાહા..! ધન્ય ભાગ્ય! જેને વીતરાગની વાણી સમવસરણમાં સાંભળવા મળે. સાક્ષાત્ પરમાત્મા. ભરતક્ષેત્રમાં તો ભગવાનના વિરહ પડ્યા. તેમ કેવળજ્ઞાન રહ્યું નહિ. વાણી રહી ગઈ. સર્વજ્ઞ ભગવાનની વાણી જે છે એ વાણી રહી. એ વાણી **'સંશયનો દૂરીકરણશીલ...'** શીલ નામ સ્વભાવ. વાણીમાં એવી તાકાત છે, કે સાંભળનારનો સંશય દૂરીકરણશીલ–સંદેહનો નાશ કરવાનો એનો સ્વભાવ છે. આહાહા..! આમ અનંતવાર વાણી સાંભળી એ તો વાત અહીં લીધી જ નથી. એ તો વાણી સાંભળે અને એનો સંશય નિરાકરણશીલ થાય, દૂરીકરણશીલ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'અને વસ્તુસ્વરૂપનો સાધનશીલ છે.'** સંશયનો દૂરીકરણ, નાશ કરવાનો એનો સ્વભાવ છે અને વસ્તુના સ્વરૂપને પ્રકાશનારી છે. સાધનરૂપ છે. આત્મા પોતાના આનંદથી છે, એ દુઃખથી નથી. જ્ઞાનથી છે, અજ્ઞાન જડથી નથી. એમ સાધન કરનારી ચીજ વીતરાગની વાણી છે. આહાહા..! અરે..! વીતરાગ સર્વજ્ઞ શું કહે છે એની ખબર ન મળે. વાણીમાં શું આવ્યું એની ખબર નથી. આહાહા..!

**'તેનું વિવરણ—'** હવે અનેકાન્તની વ્યાખ્યા આપે છે. **'જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ...'** ભાષા જુઓ! સત્તાસ્વરૂપ વસ્તુ. શું કહે છે? કે આ આત્મા અને શરીરાદિ હોવાવાળી વસ્તુ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. સત્તા-સત્તા. પોતાની સત્તા હોવાપણે, તદ્રુપ રહેવું, એકરૂપ રહેવું... આહાહા..! એવું વસ્તુનું સ્વરૂપ, સત્તાસ્વરૂપ વસ્તુ છે. સત્તા–હોવાપણે વસ્તુ છે. આત્મા છે, પરમાણુ છે, છ દ્રવ્ય છે, સિદ્ધ છે, કેવળજ્ઞાન છે. આહાહા..! **'સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે,...'** એ સત્તાસ્વરૂપ વસ્તુ દ્રવ્ય-ગુણસ્વરૂપ છે. વસ્તુ અને વસ્તુનો ગુણ એ બે સ્વરૂપ છે. સત્તાસ્વરૂપ વસ્તુ છે એ બે રૂપે છે. દ્રવ્યરૂપે છે અને ગુણરૂપે છે. આહાહા..!

**'તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે...'** એમાં સત્તા છે, એને દ્રવ્યરૂપ કહીએ **'તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે.'** ઓહોહો..! આ તો સમ્યક્ કેમ થાય છે? અહીં તો એ વાત છે, ભાઈ! વાતું કરવી ને બહારમાંથી કાંઈ મળી જાય એવી આ ચીજ નથી. આહાહા..! કહે છે, કે અનેકાન્તમય કેમ કહ્યું? કે જે કોઈ વસ્તુ છે એ સત્તા છે, એનું હોવાપણું છે, અસ્તિપણું છે, મોજૂદગી ચીજ છે. આત્મા આદિ વસ્તુ મોજૂદગી ચીજ છે. એ મોજૂદગીને સત્તા કહે છે. તો એ સત્તા દ્રવ્ય-ગુણથી અભેદ કહો તો દ્રવ્ય કહેવામાં આવે છે. એ સત્તાને ભેદ કરીને કહો તો ગુણ કહેવામાં આવે છે. એનું નામ અનેકાન્ત છે. સમજાણું કાંઈ?

'અમૃતચંદ્રાચાર્યે' અસ્તિ નાસ્તિ કરીને ચૌદ બોલ અનેકાન્તના લીધા છે ને? એમાં આ અભેદ એ અસ્તિ અને ભેદ એ અભેદમાં નાસ્તિ. પણ ભેદમાં ભેદ છે. સમજાણું કાંઈ? બાપુ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! એને સમજવો એ તો ન્યાલ થઈ જાય. એના જન્મ-મરણ મટી જાય. આહાહા..! અને મોટું દુઃખ જ જન્મ-મરણનું છે ને, ભાઈ! આહાહા..! એક ક્ષણમાં આમ સારું હોય. એક ક્ષણમાં ઊડી જાય. ભડાક, દેહ છૂટી જાય. આહાહા..! એક સેકન્ડ. ત્યાં 'મુંબઈ' 'મલૂપચંદભાઈ'નો જમાઈ. 'મલૂપચંદભાઈ'નો જમાઈ હોંશિયાર માણસ હતો. 'મલૂપચંદભાઈ', એમનો દીકરો ત્યાં છે ને. 'પૂનમચંદ'. પાંચ કરોડ રૂપિયા અને બીજો દીકરો 'સ્વીટ્ઝરલેન્ડ' છે. એની પાસે ચાર કરોડ રૂપિયા. આપણા 'મલૂપચંદભાઈ'. હમણા અહીં નથી. ત્યાં 'અમદાવાદ' છે. એનો જમાઈ બિચારો બહુ હોંશિયાર. એકવાર હાર્ટએટેક આવી ગયો. અમે 'મુંબઈ' હતા ત્યારે હોસ્પિટલે ગયા હતા. પછી અહીંયાં તો એટલો રસ લાગેલો એને. ક્યારે કોઈ આવશે આ એકત્વ છૂટી જશે. યુવાન અવસ્થા. ૪૨ વર્ષ. ૪૦ ને ૨. બસ.

એ બહાર કોઈ દુકાન ઉપર ગયા, જરી બેઠા. દુકાનદાર નહોતો અને નોકર હતા. થોડીવાર લાગી. મને દુઃખે છે, બસ એટલું થયું. એક સેકન્ડમાં દેહ છૂટી ગયો. શું કરે એમાં? પૈસા શું કરે? શરીર શું કરે? બાપુ! આહાહા..! એ 'મલૂપચંદભાઈ'નો જમાઈ. શું નામ તેનું? 'અનિલભાઈ'. બહુ શાંત માણસ. અહીં બહુ રહેતો હતો. પછી એને બીક લાગી ગઈ હતી કે હવે હાર્ટ એટેક આવ્યો. કદાચિત્ આવી જશે તો દેહ છૂટી જશે. પછી લગની ઘણી લાગી હતી. બહુ પૂછે. આહાહા..! એક સેકન્ડમાં દેહ છૂટી ગયો. એક સેકન્ડ, હોં!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આમ થયું ત્યાં દેહ ઊડી ગયો, ખલાસ થઈ ગયો. કુટુંબી બહાર આવે ત્યાં તો અહીં મડદું. આહાહા..! એ દેહની સ્થિતિ પર છે, આ આત્મા પર છે.

અહીંયાં તો કહે છે, કે જે આત્માને સત્તારૂપ કહીએ, એ સત્તાને અભેદથી દ્રવ્ય પણ કહીએ અને એ સત્તાને ભેદથી ગુણ પણ કહીએ. આનું નામ અનેકાંત છે. આહાહા..! છે? **'આનું નામ અનેકાન્ત છે. વસ્તુસ્વરૂપ અનાદિનિધન આવું જ છે,...'** અનાદિ-અનંત વસ્તુ. આત્મા અનાદિ-અનંત. આ પરમાણુ છે એ પણ અનાદિ-અનંત ચીજ છે. ટુકડો જુદી ચીજ છે એની અવસ્થા બદલે છે. વસ્તુ તો અનાદિ છે. રજકણો, આ પરમાણુ. આહાહા..! **'અનાદિનિધન...'** (અનાદિ) એટલે આદિ નહિ અને નિધન એટલે અંત નહિ. આદિ અને અંત વિનાની ચીજ છે. **'કોઈનો સહારો નથી.'** આહાહા..! કોઈપણ ચીજને કોઈનો સહારો નથી, મદદની જરૂર નથી. આહાહા..! બધી ચીજ પોતાથી છે અને પરથી નથી. કોઈ ચીજને પરનો સહારો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'કોઈનો સહારો નથી, તેથી અનેકાન્ત પ્રમાણ છે.'** સ્વથી છે, પરથી નથી. એમાં પરનો કોઈપણ સહારો, મદદ નથી. જરૂર પડે તો એ રહે, બીજી ચીજની કાંઈ મદદ હોય તો એ ચીજ રહે એવી એ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો આવો માર્ગ છે, ભાઈ! આ તો એકેન્દ્રિયની દયા પાળો, વ્રત પાળો, તપ કરો. એવું તો બધું ઘણું સાંભળ્યું નથી? આહાહા..! ભાઈ! એ તો બધી રાગની ક્રિયા છે, ભગવાન! આ તો આત્માના તત્ત્વની વાત બીજી ચીજ છે. આહાહા..! ભગવાનઆત્મા તો રાગની ક્રિયાથી ભિન્ન છે. પોતાથી છે અને રાગથી નથી એ અનેકાન્ત છે. આહાહા..! એવું વસ્તુનું સ્વરૂપ છે.

સહારો કોનો? **'કોઈનો સહારો નથી,...'** આહાહા..! કોઈ ચીજ રહેવામાં અને બદલવામાં, કોઈ પદાર્થને પોતાથી રહેવામાં અને પોતાથી બદલવામાં બીજાનો સહારો નથી. આહાહા..! **'તેથી અનેકાન્ત પ્રમાણ છે. હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે?'** હવે વાણીની વાત કરે છે. **'प्रत्यगात्मनस्तत्त्वं पश्यन्ती'** આહાહા..! માળાએ અર્થ જ એવો કર્યો છે ને, જુઓ! **'प्रत्यगात्मनस्तत्त्वं' 'प्रत्यग'** નામ ભિન્ન આત્મા, સર્વજ્ઞ વીતરાગ. **'प्रत्यग'** આત્માની વ્યાખ્યા સર્વજ્ઞ વીતરાગ. આહાહા..! રાગથી ભિન્ન થઈ ગયા અને અલ્પજ્ઞથી ભિન્ન થઈ ગયા. સર્વજ્ઞથી સહિત થઈ ગયા અને વીતરાગતાથી સહિત થઈ ગયા. આહાહા..! એવો જે સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા, તેને અહીં **'प्रत्यगात्मन'** કહ્યા. **'प्रत्यग'** ભિન્ન આત્મા. જુદા આત્મા. આહાહા..!

સર્વજ્ઞ ભગવાન પરથી તો જુદા છે જ, પણ રાગથી જુદા અને અલ્પજ્ઞથી જુદા અને સર્વજ્ઞથી અને વીતરાગતાથી સહિત. આહાહા..! ભગવાનની આવી ઝીણી વાણી છે, ભાઈ! આહાહા..! **'તેનું વિવરણ– प्रत्यक् ભિન્ન-ભિન્ન...'** જુઓ! છે? **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી રહિત,...'** **'प्रत्यक्'**ની વ્યાખ્યા કરી. કેવા છે સર્વજ્ઞ પરમાત્મા? દ્રવ્યકર્મ જડ પરમાણુ, એનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહિત. ભાવકર્મ–પુણ્ય અને પાપ, વિકાર એનાથી રહિત. નોકર્મ વાણી અને શરીરથી રહિત આત્મા **'એવો છે.'** આત્મા **'એવો છે.'**

**'(–જીવદ્રવ્ય) જેનો તે કહેવાય છે...'** જેનો તે કહેવાય છે **'प्रत्यग'** આત્મા. એને **'प्रत्यगात्मा'** કહે છે. જેમાં દ્રવ્યકર્મ પણ નથી, ભાવકર્મ વિકાર પણ નથી અને નોકર્મ શરીર-વાણી પણ નથી. તેને અહીં **'प्रत्यगात्मा'** કહેવામાં આવે છે. આહાહા..! **'તેનું સ્વરૂપ,...'** **'प्रत्यगात्मा'** તેનું સ્વરૂપ **'તેની (पश्यन्ती) અનુભવનશીલ છે.'** આહાહા..! ભાષા. કહે છે, કે **'प्रत्यगात्मा'** **'તેનું સ્વરૂપ, તેની (पश्यन्ती)...'** વાણી **'અનુભવનશીલ છે.'** અર્થાત્ સર્વજ્ઞની અનુસારણીય વાણી છે. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ સ્વરૂપ, તેની અનુસારણીય વાણી છે. વાણી તો જડ છે પણ સર્વજ્ઞ પરમાત્મા જે પૂર્ણ દશા પ્રાપ્ત, એ વાણીમાં નિમિત્ત છે.

અહીંયાં તો એમ લીધું, **'અનુભવનશીલ...'** આહાહા..! એ વાણી.. અહીંયાં ભગવાન સર્વજ્ઞથી અનુકૂળશીલ છે. સર્વજ્ઞને અનુસરણ કરનારી છે. સર્વજ્ઞ સ્વભાવને, વીતરાગભાવને અનુસરણ કરનારી વાણી છે. આહાહા..! અનુભવનશીલ. **'ભાવાર્થ આમ છે–કોઈ વિતર્ક કરે કે દિવ્યધ્વનિ તો પુદ્‌ગલાત્મક છે,...'** વાણી નીકળે છે એ તો જડ છે. ૐ ધ્વનિ. **'અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.'** શાસ્ત્રમાં અચેતનને નમસ્કાર કરવાનો નિષેધ છે. **'તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,...'** એ કોનો અર્થ કર્યો? **'पश्यन्ती'** અનુભવનશીલ. **'સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,...'** એનો અર્થ. વાણી સર્વજ્ઞસ્વરૂપ અનસારિણી છે. આહાહા..! શબ્દ તો સાદા છે, પણ એમાં ભાવ... પૂર્ણ જ્ઞાન છે એને અનુસરણીય છે. વાણી તો વાણીથી પોતાથી નીકળે છે. પણ સર્વજ્ઞસ્વભાવ નિમિત્ત છે. એ સર્વજ્ઞસ્વભાવને અનુસારિણી વાણી છે. એને અનુસારે વાણી નીકળે છે. આહાહા..!

વાણી તો પોતાથી સ્વપરપ્રકાશક છે. પણ એ વાણી સર્વજ્ઞ અનુસારિણી છે. **'पश्यन्ती'** એટલે અનુભવનશીલ. એટલે કે સર્વજ્ઞના સ્વભાવને અનુસરનારી અનુભવનશીલ વાણી છે. એને અનુસરવાનો વાણીનો સ્વભાવ છે. વાણીનો સ્વભાવ સર્વજ્ઞનું અનુસરણ કરવાનો સ્વભાવ છે. આહાહા..! આવું છે. આવો ઉપદેશ આમાં. ભાઈ! જિનેશ્વરદેવનો માર્ગ આવો છે. છે?

**'તેનું સમાધાન કરવાને માટે આ અર્થ કહ્યો કે વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે,...'** આહાહા..! પહેલા કહ્યું હતું ને? **'पश्यन्ती'**. વાણી **'पश्यन्ती'** **'અનુભવનશીલ છે.'** આહાહા..! એટલે કે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર છે એ તો અરૂપી આનંદઘનમાં છે. વાણી, વાણીમાં જડ છે. પણ એ વાણી અનુભનવશીલ (છે). એ સર્વજ્ઞ સ્વભાવને અનુસારિણી વાણી છે. આહાહા..! એનું અનુકરણ કરીને જ વાણી નીકળે છે. છે તો પોતાથી. પણ એનો સ્વભાવ સર્વજ્ઞ સ્વભાવ અનુસારિણી છે. સમજાણું કાંઈ? આહાહા..! ટીકા બહુ સરસ છે. 'રાજમલ'ની ટીકા. કળશ ટીકા બહુ (સરસ). 'ફૂલચંદજી'એ પહેલા દરેકમાંથી એવા સરસ અર્થ કાઢ્યા છે. ખરેખર તો એનું ગુજરાતી થવું જોઈએ. ભાઈ કહેતા હતા, 'રામજીભાઈ'. સાર સાર કાઢ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કળશ-કળશમાંથી બહુ સરસ લીધું છે. બહુ સરસ. આહાહા..!

**'पश्यन्ती'** આહાહા..! વાણી જાણે વીતરાગને દેખે છે. વાણી સર્વજ્ઞ ભગવાનને દેખે છે એનો અર્થ... દેખે છે એનો અર્થ, કે સર્વજ્ઞનો જેવો સ્વભાવ છે, એવું અનુસરણ કરીને વાણી નીકળે છે. સર્વજ્ઞ અનુસારિણી વાણી છે. એનું નામ **'पश्यन्ती'** અર્થ છે. આહાહા..! વાણી સર્વજ્ઞને દેખે છે. શબ્દ એવો છે. **'पश्यन्ती'** એનો અર્થ એવો કર્યો કે વાણી સર્વજ્ઞનો જેવો સ્વભાવ છે, એવી અનુસારિણી વાણી છે. વાણીમાં સર્વજ્ઞપણાનું નિમિત્ત છે અને એ વાણી સર્વજ્ઞ અનુસારિણી નીકળે છે. આહાહા..! નીકળે છે પોતાથી. અનુસરીને... આહાહા..!

**'એવું માન્યા વિના પણ ચાલે નહિ.'** આહાહા..! સર્વજ્ઞ સ્વભાવ, વીતરાગ સ્વભાવ, એ સ્વભાવનું અનુસરણ કરીને વાણી નીકળે છે, એમ માન્યા વિના ચાલે નહિ. આહાહા..! અલ્પજ્ઞાનીને, રાગીને અનુસારે જે વાણી નીકળે છે એ વાણી દોષવાળી છે. આ તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્મસ્વરૂપ, એ વાણી તો પોતાથી નીકળે છે. વાણીની યથાર્થતા તો વાણી, વાણીથી છે. આત્મા કે સર્વજ્ઞ છે માટે વાણી નીકળે છે એમ નથી. પણ વાણીનું અનુસરણ સર્વજ્ઞનું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'સર્વજ્ઞસ્વરૂપ-અનુસારિણી છે.'** આહાહા..! એને **'पश्यन्ती'** નો અર્થ કર્યો **'અનુભવનશીલન.'** અનુસરીને નીકળતો સ્વભાવ. એમ. સર્વજ્ઞ પરમેશ્વરને અનુસરીને નીકળવાનો જેનો સ્વભાવ છે. વાણીનો. વાણી તો વાણી પોતાથી છે. પણ અનુસરણ–નિમિત્ત સર્વજ્ઞનું છે એમ બતાવવું છે. આહાહા..! વાણીના કર્તા સર્વજ્ઞ નથી. વાણી તો જડ છે. તેમ વાણી સર્વજ્ઞને અડતી નથી. સર્વજ્ઞ ભિન્ન ચીજ છે, વાણી ભિન્ન ચીજ છે. આહાહા..! પણ એટલો વ્યવહાર છે, કે સર્વજ્ઞને અને વીતરાગ પરમાત્માને અનુસરીને નિમિત્તમાં વાણી નીકળે છે. આહાહા..! જેવું સર્વજ્ઞે જ્ઞાનમાં દીઠું, વાણી પણ વાણીના કારણે સર્વજ્ઞના નિમિત્ત અનુસરણ કરીને વાણી એવી નીકળે છે. આહાહા..! હવે આવો ધર્મનો ઉપદેશ. એમાં કરવું શું? એમાં કાંઈ (કરવાનું) આવતું નથી. પણ આ સાચું તત્ત્વ શું છે એ એને સમજવું એ કરવું નથી? અનાદિથી સત્ સમજ્યો જ નથી. ગોટા જ વાળ્યા. અનંતવાર ત્યાગી થયો, મહાવ્રત લીધા, નગ્નમુનિ અનંતવાર થયો. એમાં શું થયું? આહાહા..!

અહીં વાણીને નમસ્કારને માટે આ પ્રશ્ન છે. વાણી તો અચેતન છે, વાણી પુદ્ગલ છે. અચેતનને વંદન નિષેધ છે. તો તમે નમસ્કાર કેમ કહ્યા? વાણી ત્રણેકાળ રહો, એવા આશીર્વાદ દઈને એનો સત્કાર કર્યો, આદર કર્યો. એનું કારણ આ છે, કે વાણી સર્વજ્ઞ અનુસારિણી છે. એક તો એ. **'એવું માન્યા વિના પણ ચાલે નહિ. તેનું વિવરણ—વાણી તો અચેતન છે. તેને સાંભળતા...'** એને સાંભળનારાઓ, વાણીને **'સાંભળતા જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન...'** જીવ આદિ સંવર, નિર્જરા, મોક્ષ અને નવતત્ત્વ આદિ **'સ્વરૂપજ્ઞાન...'** જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન. એનું કેવું સ્વરૂપ છે. જીવનું સ્વરૂપ કેવું? સંવરનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જે પ્રકારે ઊપજે છે...'** એ કેમ લીધું? કે ઊપજે છે તો જ્ઞાનને અનુસરીને પણ સાંભળો! પણ આ નિમિત્ત છે, તો જે પ્રકારે અંદરમાં જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે, એમાં વાણી નિમિત્ત છે. એમ લીધું ને?

**'જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...'** પોતાથી વાણી નીકળે છે અને સાંભળનારને વાણીમાં જે આવે છે એ સમયે જ્ઞાનમાં નથી આવતું. પણ એને જ્ઞાન થાય છે એમાં વાણી નિમિત્ત થાય છે અને એ વાણીમાં સર્વજ્ઞ નિમિત્ત થાય છે. આહાહા..! ભાષા કેવી લીધી, જોયું! **'સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે...'** ઊપજે છે તો પોતાથી. પણ નિમિત્ત છે તો એ પ્રકારે ઊપજે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નિમિત્ત છે, નિમિત્ત છે. ... સાંભળનારની પોતાની પર્યાયથી. પણ જે પ્રકારે એટલે સાંભળવામાં વાણી નિમિત્ત છે એ પ્રકારે જણાય છે એમ જાણવું. આહાહા..!

**'જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે...'** સાંભળનારને. **'સાંભળતા...'** એમ છે ને? **'સાંભળતા જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે...'** થાય છે પોતાથી પણ એમાં વાણી નિમિત્ત છે માટે **'જે પ્રકારે ઊપજે છે...'** એમ કહેવામાં આવ્યું. જ્ઞાન થવામાં વાણી નિમિત્ત છે. આહાહા..! નિમિત્તથી એમાં ઉત્પન્ન થયું નથી. સાંભળવાનું ઉત્પન્ન તો પોતાથી થયું છે. પણ એમાં વાણી નિમિત્ત છે એ અપેક્ષાએ કહ્યું, **'જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું...'** આહાહા..! પોતાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તો વીતરાગની વાણી ત્યાં નિમિત્ત છે. નિમિત્તથી ઉત્પન્ન થાય છે એમ નથી. અને પોતામાં નિમિત્તના કાળે ઉપજ્યા વિના રહે એમ પણ નથી. આહાહા..! એટલે એવો શબ્દ લીધો છે. અત્યારે તો બહારનો ઉપદેશ આપે. આ ક્રિયા કરો, વ્રત કરો, અપવાસ કરો, રાગની ક્રિયા એ જૈનધર્મની ક્રિયા જ નથી. આહાહા..!

અહીં તો વ્યવહાર નાખ્યો તો પણ આવો નાખ્યો છે. વીતરાગની વાણી સર્વજ્ઞને અનુસારિણી, એ નિમિત્ત કહ્યું. અને સાંભળનારને પણ જે પ્રકારે જ્ઞાન ઉત્પન્ન થાય છે. જે પ્રકારનો અર્થ? ઉત્પન્ન થાય છે પોતાથી પણ એમાં નિમિત્ત છે. પંડિતજી! આવું છે. આહા..! **'તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.'** લ્યો. અહીં આ સિદ્ધ કરવું છે. વ્યવહારથી વાણી પૂજનિક છે.

મુમુક્ષુ :– વ્યવહાર વ્યવહારે પૂજનિક છે.

ઉત્તર :– વ્યવહારે વ્યવહાર પૂજનિક છે. કેમ? કે વાણી સર્વજ્ઞ અનુસારિણી અને વાણી સાંભળનારને પોતાથી જ્ઞાન થાય છે એમાં વાણી નિમિત્ત છે. એટલી અપેક્ષા ગણીને વાણીને પૂજ્ય કહેવામાં આવી છે. સમજાણું કાંઈ?

**'વાણીનું પૂજ્યપણું છે.** આહાહા..! **કેવા છે સર્વજ્ઞ વીતરાગ? અતિ ઘણા છે ગુણો જેમને...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'अनन्तधर्मणः'** આહાહા..! સર્વજ્ઞ વીતરાગ તો અનંતધર્મ જેને પ્રગટ થયા છે. જેવી શક્તિ અનંતધર્મની હતી એવી પ્રગટ પર્યાયમાં અનંતધર્મ પ્રગટ થયા છે. આહાહા..! **'કોઈ મિથ્યાવાદી કહે છે કે પરમાત્મા નિર્ગુણ છે, ગુણનો વિનાશ થતાં પરમાત્મપણું થાય છે; પરંતુ એવું માનવું જૂઠું છે,...'** અનંતધર્મ કહેતા એને અનંતગુણ છે. સર્વજ્ઞ ભગવાનને અનંતગુણ છે. ગુણ વિનાનો આત્મા છે એમ છે નહિ. કોઈ અજ્ઞાની કહે કે નહિ, ગુણ નથી. **'એવું માનવું જૂઠું છે, કારણ કે ગુણોનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ છે.'** લ્યો. જો ગુણનો નાશ હોય તો દ્રવ્યનો નાશ છે. માટે ગુણવાળા છે, સર્વજ્ઞ અનંતધર્મવાળા છે. એને અનુસરીને વાણી નીકળી, એને અનુસરીને જ્ઞાન થયું, તો વાણીને પૂજ્યપણું કહેવામાં આવે છે. પહેલા આત્માને નિશ્ચયથી પૂજ્યપણું કહ્યું. આ બીજામાં વાણીને પૂજ્યપણું કહ્યું. એ બીજો શ્લોક છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

(માલિની)

**परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-**
**दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः**
**मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-**
**र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ।।३ ।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'मम परमविशुद्धिः भवतु' શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ. તેઓ કહે છે—(मम) મને (परमविशुद्धिः ) શુદ્ધસ્વરૂપપ્રાપ્તિ (તેનું વિવરણ—પરમ-સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મલતા) (भवतु) થાઓ. શાથી? 'समयसार व्याख्या एवं' (समयसार एव) શુદ્ધ જીવ, તેના (व्याख्या एव) ઉપદેશથી જ અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ભાવાર્થ આમ છે–આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે, વૈરાગ્ય-ઉત્પાદક છે; ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી. કેવો છું હું? 'अनुभूतेः' અનુભૂતિ–અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું. વળી કેવો છું? 'शुद्धचिन्मात्रमूर्तेः' (शुद्ध) રાગાદિ-ઉપાધિરહિત (चिन्मात्र) ચેતનામાત્ર (मूर्तेः) સ્વભાવ છે જેનો એવો છું. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે. વળી કેવો છું હું? 'अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः' (अविरतं) નિરંતરપણે અનાદિ સન્તાનરૂપે (अनुभाव्य) વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના, તેની સાથે છે (व्याप्ति) વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ છે વિભાવ પરિણમન, એવું છે (कल्माषितायाः) કલંકપણું જેને એવો છું. ભાવાર્થ આમ છે–પર્યાયાર્થિકનયથી જીવવસ્તુ અશુદ્ધપણે અનાદિની પરિણમી છે. તે અશુદ્ધતાનો વિનાશ થતાં જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે. હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં? ઉત્તર આમ છે—નિમિત્તમાત્ર પણ છે. તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કોણ? તે જ કહે છે— 'मोहनाम्नोऽनुभावात्' (मोहनाम्नः) પુદ્‌ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મજાતિ છે, તેનો (अनुभावात्) ઉદય અર્થાત્ વિપાક-અવસ્થા. ભાવાર્થ આમ છે—રાગાદિ-અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે, પુદ્‌ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. જેમ કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે. કેવું છે મોહનામક કર્મ? 'परपरिणतिहेतोः' (पर) અશુદ્ધ (परिणति) જીવના પરિણામ જેનું (हेतोः) કારણ છે. ભાવાર્થ આમ છે—જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને મોહકર્મ બંધાય છે, પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે. ૩.**

---

## જ્યેષ્ઠ વદ ૧, ગુરુવાર તા.૦૨.૦૬.૧૯૭૭
## કળશ - ૩, પ્રવચન - ૪

('સમયસાર') શાસ્ત્ર, એની ટીકા કરી હતી. ટીકા ઉપર કળશ કર્યા. એ કળશના આ અર્થ ચાલે છે. બે પદ ચાલ્યા. બે શ્લોક ચાલી ગયા. પહેલા દેવને નમસ્કાર કર્યા. **'नमः समयसाराय'** છે ને? દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, એમ આવે છે ને? દેવને **'नमः समयसाराय'** સાર નામ પરમાત્મા. પૂર્ણ સ્વરૂપ, એને મારો નમસ્કાર. બીજામાં શાસ્ત્રને નમસ્કાર કર્યો. દેવ-શાસ્ત્ર-ગુરુ તીન, આવે છે ને? શાસ્ત્ર સિદ્ધાંત સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી દિવ્યધ્વનિ, એને નમસ્કાર કર્યો. ત્રીજુંસ હવે ગુરુ પોતે છે. 'અમૃતચંદ્રાચાર્ય'. એટલે પોતાની પરમવિશુદ્ધિ માગીને ગુરુને એ જાતનો નમસ્કાર કરે છે. પોતાની શુદ્ધિ તો છે. 'પરમવિશુદ્ધિ' શબ્દ છે ને? એટલે અંતર આત્મા આનંદની શુદ્ધિ તો છે. દ્રવ્યદૃષ્ટિ પ્રગટી છે.

ભગવાનઆત્મા જેવો સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણ પવિત્ર જોયો અને છે, એવી દૃષ્ટિ થઈ છે. સમ્યગ્દર્શનમાં પૂર્ણ સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીત થઈ છે. પણ પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ નથી. એ માટે આ ત્રીજો શ્લોક છે, કે આની જે હું ટીકા કરીશ. એ ટીકા કરવાના કાળમાં મારી પરમવિશુદ્ધિ થઈ જાઓ. વિશુદ્ધિ તો છે. ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા તો છે. એની દૃષ્ટિ અને જ્ઞાન સ્વસન્મુખ થઈને થાય છે ત્યારે તેને ધર્મની શરૂઆત થાય છે. એટલે આ તો ધર્મની શરૂઆત તો થઈ ગઈ છે. હવે એને પૂર્ણતાની ભાવના છે. એ માટે ત્રીજો કળશ કહે છે.

**परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-**
**दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः**
**मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-**
**र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ।।३।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં વજન છે. મંગળિકની શરૂઆત ત્યાંથી કરી છે.

**ખંડાન્વય સહિત અર્થ :– 'મમ પરમવિશુદ્ધિઃ ભવતુ'** જોયું? આહાહા..! **'શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ.'** આચાર્ય દિગંબર સંત, મુનિ, વનવાસી. એ 'સમયસાર'ની ટીકા કરે છે, તો કહે છે, **'શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ આચાર્ય.'** નિમિત્તથી તો કથન એમ હોય ને? શાસ્ત્રની ભાષા થઈ છે એ તો ભાષાથી થઈ છે. પણ નિમિત્તકર્તા નિમિત્તપણે કોણ છે? કે 'અમૃતચંદ્રાચાર્ય'. એટલે કહે છે, કે **'શાસ્ત્રકર્તા છે અમૃતચંદ્રસૂરિ આચાર્ય તેઓ કહે છે–'** વાંધો કાઢવો હોય એ કહે કે, જુઓ! આ કહી શકતા નથી અને અહીં તો કહે છે એમ લખે છે. બોલવામાં ભાષા શું આવે? વ્યવહારની શૈલી તો એવી જ આવે ને.

**'તેઓ કહે છે, મને...' (પરમવિશુદ્ધિઃ )** આહાહા..! **'શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિ...'** હો. અહીંથી ઉપાડ્યું છે. મારો પ્રભુ પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, સાર એવો જે ભગવાન આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ, એની શુદ્ધિ તો થઈ છે. દશામાં ધર્મ, દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિર્મળ પરિણમન તો છે. પણ પૂર્ણ શુદ્ધતાનું પરિણમન હજી નથી. આહાહા..! એ માટે કહે છે. **'મમ પરમવિશુદ્ધિઃ'** મને પરમવિશુદ્ધિ. આ વિશુદ્ધિ શબ્દ નિર્મળના અર્થમાં વાપર્યો છે. કોઈ ઠેકાણે શુભભાવમાં વાપરે. પણ આ ઠેકાણે વિશુદ્ધિ (શબ્દ વાપર્યો છે). સંસ્કૃત ટીકામાં વિશુદ્ધિ એટલે વિશુદ્ધ એમ લખ્યું છે. ઓલી ટીકા છે ને? શબ્દનો ઝઘડો ન હોય. ભાવ શું કહેવો છે એ સમજવું.

અહીં તો **'(પરમવિશુદ્ધિઃ)'** હું સચ્ચિદાનંદ, આનંદસ્વરૂપ, સિદ્ધસ્વરૂપી જ દ્રવ્યદૃષ્ટિએ તો મારો આત્મા છે. આહાહા..! એની દશા પ્રગટ તો થઈ છે. આહાહા..! ધર્મની દશા, મોક્ષમાર્ગની દશા પ્રગટ તો છે. કારણ કે દેવ-શાસ્ત્ર ને ગુરુ. આ ગુરુ છે ને? એટલે. આહાહા..! પણ પરમ વિશુદ્ધિ હો. ઉત્કૃષ્ટ વિશુદ્ધિ થાવ. આહાહા..! હજી મલિનતા મારી પર્યાયમાં છે એમ કહે છે. આહાહા..! 'અમૃતચંદ્રાચાર્ય' સંત, મુનિ. જેણે ગણધર જેવું કામ 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રો તીર્થંકર જેવા અને ટીકા તો ગણધર જેવી. એ એમ કહે છે, કે મને હજી મલિનતા છે. હું હજી પૂર્ણ શુદ્ધ નથી. આહાહા..!

**'મને શુદ્ધસ્વરૂપપ્રાપ્તિ...' '(પરમવિશુદ્ધિઃ )'** નો અર્થ એટલે થયો. **'(પરમવિશુદ્ધિઃ ) શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિ...'** એટલે પૂર્ણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ. પરમવિશુદ્ધિ છે ને? આહાહા..! શુદ્ધ સ્વરૂપ આત્મા પવિત્ર આનંદ છે. આ આત્મા છે એ તો દરેકનો અતીન્દ્રિય આનંદનો સાગર જ છે. આહાહા..! એવું જ્યારે પ્રથમ સમ્યગ્દર્શનમાં ભાન થાય છે ત્યારે તેને શુદ્ધિ પ્રગટે છે. શુદ્ધ સ્વરૂપ તો છે ત્રિકાળી શુદ્ધ પણ એમાં દૃષ્ટિ આપતા પરિણતિમાં શુદ્ધિ આવે છે, પર્યાયમાં શુદ્ધિ આવે છે. સમજાણું કાંઈ? એ અહીં આચાર્ય મહારાજ પોતે કહે છે, **'મમ પરમવિશુદ્ધિઃ'** સાધારણ શબ્દ એવો કહ્યો, કે **'શુદ્ધસ્વરૂપપ્રાપ્તિ...'** એમ. એટલે કે મને શુદ્ધની પૂર્ણ પ્રાપ્તિ (થાઓ).

**'(તેનું વિવરણ–પરમ–સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ)'** એવો અર્થ કર્યો. પેલો પરમ શબ્દ છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરમ–સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિ-નિર્મલતા)...'** આહાહા..! મારે તો આ જોઈએ છે, બીજું કાંઈ નહિ. આહાહા..! મારો ભગવાન શક્તિએ, સ્વભાવે અને સ્વરૂપે પૂર્ણ શુદ્ધ સ્વરૂપે તો છે, પણ દશામાં એ પૂર્ણતા નથી. આહાહા..! એથી પૂર્ણતાની પ્રાપ્તિમાં,... શુદ્ધિની પ્રાપ્તિ છે, એ કહે છે, કે પરમવિશુદ્ધિની પ્રાપ્તિ હો. આહાહા..! સમજાણું કાંઈ? મને પરમ વિશુદ્ધિ હો. આહાહા..! છટ્ઠે ગુણસ્થાને ઊભા, વિકલ્પથી–નિમિત્તથી આ ટીકા થાય છે એ આમ પોકાર કરે છે. સમજાય છે કાંઈ? મને પરમવિશુદ્ધિ હો. આહાહા..!

પોતાની ખાત્રી પણ ભેગી આપે છે. શુદ્ધિ મને પ્રગટી છે. એની મને ખાત્રી છે, અનુભવ છે. આહાહા..! છદ્મસ્થ છે. અલ્પજ્ઞ છે, સર્વજ્ઞ નથી. અને વર્તમાન પંચમઆરામાં સર્વજ્ઞનો વિરહ છે. છતાં એમ કહે છે, કે મને પરમ વિશુદ્ધિ હો. બે વાત. એક તો શુદ્ધિ છે એની કબુલાત કરે છે અને આવો પંચમઆરો હલકો કાળ અને આવો છે છતાં... આહાહા..! ભાવનામાં તો મને પરમ શુદ્ધિ પ્રાપ્તિ થાવ એ મારી ભાવના છે. ભલે પાંચમો આરો, હલકો આરો, ઢીંકણો આરો હોય. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે. આહાહા..! એના એક એક પદમાં, એક એક કળશમાં પરિપૂર્ણ વસ્તુ ભરી છે. આહાહા..!

ભગવાનઆત્મા અમૃતના રસના સાગરથી તો ભરેલો પ્રભુ અંદર છે. પોતે જ અમૃતના સાગરના રસથી રસીલો છે. આહાહા..! એવી સ્થિતિ તો અમને, પંચમઆરાના મુનિ છીએ, આચાર્ય છીએ, છતાં અમે એમ કહીએ છીએ કે અમને શુદ્ધિ તો છે. આહાહા..! **'मम परमविशुद्धिः भवतु'** છેલ્લો શબ્દ છે ને? **'भवतु' 'परमविशुद्धिः'** પૂર્ણ આનંદ અમને પરમાત્મદશા પ્રગટ થાવ. આહાહા..! પણ વર્તમાનમાં તો પરમાત્મદશા થાય એવું છે નહિ ને? પાંચમા આરામાં તો મોક્ષ છે નહિ. સાંભળને. ન હોય તો ભાવના કોની છે? આહાહા..! અમને તો પરમવિશુદ્ધિ પ્રાપ્ત થાઓ એક જ વાત છે. અમે કાળ સામું જોતા નથી. આહાહા..! અમે તો અમારા આત્મા સામું જોઈને પૂર્ણ શુદ્ધની જે પ્રતીતિ અને અનુભવ થયો છે એની પ્રાપ્તિની પ્રાર્થના તો છે, એક જ વાત. આહાહા..! કહો, પંડિતજી! આ સંસ્કૃત-ફંસ્કૃત તો બધું પડ્યું રહ્યું. આહાહા..!

એક તો વસ્તુ શુદ્ધ છે એમ નક્કી કર્યું. એના ત્રિકાળી સ્વભાવો ગુણો છે એ શુદ્ધ છે એમ નક્કી કર્યું. એની પર્યાયમાં પણ કેટલીક શુદ્ધતા વીતરાગી અતીન્દ્રિય આનંદના રસવાળી પ્રગટેલી છે એમ નક્કી કર્યું. અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાવ એવી ભાવના આ ટીકાના કાળમાં છે. ભાષા તો એ લેશે કે ટીકાથી થાવ. પણ ટીકાના કાળમાં મારી શુદ્ધિ થાઓ. કારણ કે મારું વલણ ત્યાં રહ્યા કરે છે. આહાહા..! મારો નાથ પૂર્ણ, પ્રભુ! શુદ્ધ આનંદઘન છે એ ઉપર અમારું જોર વર્તે છે. એથી અમને એના કાળમાં શુદ્ધિ થાઓ. એમ પોતાની ભાવના ભાવે છે.

**'भवतु' 'भवतु'** શબ્દ છે ને? **'થાઓ.'** આહાહા..! અમને સ્વર્ગ મળો કે અમે ભગવાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાસે જઈને વાણી સાંભળીએ. પંચમઆરાના મુનિ છીએ એટલે અપૂર્ણપણું છે એટલે ભગવાન પાસે જઈને સાંભળીએ એમ ભાવના નથી કરી. આહાહા..! શું વાણી તે છે! અમે આત્મા છીએ એને તો કોઈ કાળ જ લાગુ પડતો નથી એમ કહે છે. પાંચમો આરો, ચોથો આરો, નરકનો આરો. આહાહા..! અમે તો ભગવાનઆત્મા અંદર પરમ પવિત્રતાના પિંડરૂપે પ્રભુ તો અંદર છે. આહાહા..! એને અમે જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે પણ અમારી દશામાં જે રીતે દ્રવ્ય અને ગુણ પૂર્ણ શક્તિ અને સ્વભાવ છે, એ રીતે દશામાં પૂર્ણતા નથી આવી એ અમારી કબુલાત છે. 'ચેતનજી'! આહાહા..! એ અમને પૂર્ણ થાઓ. આહાહા..! પણ, પ્રભુ! તમે એટલું નથી જાણતા? કે પાંચમા આરાના સાધુ તો સ્વર્ગમાં જ જાય ને. પંચમઆરાના સાધુને મોક્ષ તો હોય નહિ. એવું સિદ્ધાંતમાં નથી? સાંભળ... સાંભળ... સાંભળ. આહાહા..! અમે તો આ માંગણી–પ્રાર્થના કરીએ છીએ. સમજાણું કાંઈ?

**'શાથી?'** શું કહે છે? પરમ વિશુદ્ધિ-શુદ્ધિ તો છે. એમાં પરમશુદ્ધિ થાઓ. **'શાથી?'** ક્યા કારણથી પરમવિશુદ્ધિ થાઓ? આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યે' તો અમૃત રેડ્યા છે. આહાહા..! **'શાથી થાઓ?'** **'समयसारव्याख्या'** **'एव'** શબ્દ ત્યાં પડ્યો રહ્યો છે. **'समयसार'** છે ને? **'व्याख्या'** **'एव'** શબ્દ પડ્યો રહ્યો. ત્યાં **'एव'** જોઈએ.

શું કહે છે? અમને પરમવિશુદ્ધિ હો. એની વ્યાખ્યા ચાલે છે ને? શબ્દ ત્યાંથી ઉપાડ્યો છે. પરપરિણતિ ત્યાંથી નથી ઉપાડ્યો. **'मम परमविशुद्धिः** હો. આહાહા..! અમને નથી જોઈતું સ્વર્ગ, નથી જોઈતું તીર્થંકર પદ. આહાહા..! નથી જોઈતો અનુત્તર વિમાનનો ભવ. અમે તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છીએ. એવી અમને પ્રતીત અને ભાન તો છે. પર્યાયમાં શુદ્ધિ પણ પ્રગટી છે. એમાં અમારી ખાત્રી છે. એમને કાંઈ ભગવાનને પૂછવા જાવું પડે એવું નથી. એવા વિશ્વાસપૂર્વક અને શુદ્ધિના વેદનપૂર્વક કહીએ છીએ કે અમને પૂર્ણ શુદ્ધિ થાઓ.

**'શાથી?'** હવે એ કહે છે. પૂર્ણ શુદ્ધિ થાઓ. **'શાથી?'** છે ને અંદર? 'ધર્મચંદજી'! અક્ષરોમાં બધા ભાવ ભર્યા છે. આહાહા..! ઓહોહો..! આ તો સંતોની વાણી છે, વીતરાગની વાણી છે. સર્વજ્ઞ ભગવાનને અનુસારે વાણી નીકળી છે. આહાહા..! દુનિયા ગણશે કે નહિ? માનશે કે નહિ? આ ટીકા કરું છું એ દુનિયા માનશે કે નહિ? એની કંઈ પરવા નથી. અમે તો સત્ય છે તેને જાહેર કરીએ છીએ. અત્યારે એ જાતનો વિકલ્પ ઊઠ્યો છે, પણ અમને તો તેના કાળમાં એ વિકલ્પનું ફળ આવો એ નહિ. અમને તો પૂર્ણ શુદ્ધિ આવો. આહાહા..! એ અંતરની દૃષ્ટિના જોરની વ્યાખ્યા છે આ બધી. સમજાણું કાંઈ? આહાહા..!

**'समयसारव्याख्यया' (समयसार) 'શુદ્ધ જીવ,...'** તેની વ્યાખ્યા, વિશેષે કથન. જે બહુ ટૂંકું આમાં છે, એનું વિશેષ કથન. એટલે એમ લીધું. ઉપદેશ. વ્યાખ્યા–વિશેષ આખ્યા. જે સામાન્યપણે શાસ્ત્રમાં છે એની ટીકા વિશેષપણે વ્યાખ્યા. વિશેષ આખ્યાન કરશું. એની સ્પષ્ટતા, વિશેષતા જેમ થાય તેમ અમે લખશું કે કહેશું. આહાહા..! આ કથા નથી, આ તો આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? **'समयसार एव' 'શુદ્ધ જીવ, તેના ઉપદેશથી...'** એનો અર્થ વ્યાખ્યા એટલે વિશેષે કથનથી. વિશેષે ઉપદેશથી. ભાષા એમ લીધી, જોયું? વ્યાખ્યાનો અર્થ ઉપદેશ કર્યો. આહાહા..! વિશેષે કથનથી અમને **'શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ.'**

એકવચન ન વાપરતા બહુવચન કેમ વાપર્યું? **'અમને...'** એમ કીધું, જુઓ! એ તો લખનાર, અનુવાદ કરનાર કહે છે ને? ભાષાકાર કહે છે. પણ ભાષા એમ જ આવે. **'અમને...'** અમને એટલે... આહાહા..! આ વસ્તુ જે શુદ્ધ સ્વરૂપ છે તેની પ્રાપ્તિ આ ટીકાના કાળમાં થાઓ. એમ ભાવના છે. અમારે બીજી કોઈ ભાવના છે નહિ. આહાહા..! દુનિયા વખાણ કરે કે, આહા..! ભારે ટીકા કરતા આવડી, વ્યાખ્યાન કરતા બહુ સરસ આવડ્યું. એ કાંઈ વસ્તુ નથી. એ તો બધી પર વસ્તુ છે. આહાહા..! એને અને આત્માને કોઈ સ્પર્શ પણ નથી. ભાષા અને ભાષાનું સાંભળવું, એ ભગવાન આત્માને તો એનો સ્પર્શ પણ નથી. આહાહા..! એ બધું બાહ્યમાં ઘોળાય છે અને ભગવાન અંતરમાં ઘોળાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ.'** લ્યો. ભાષા કરી, જોયું? **'समयसारव्याख्या एव' 'શાથી?'** કે **'समयसारव्याख्या एव'** એનાથી જ. એમ કહ્યું. સમયસારની કથનીથી જ. વ્યાખ્યા–વિશેષે આખ્યાથી જ, એના ઉપદેશથી જ. લ્યો. કોઈ એમ કહે કે એના ઉપદેશથી શુદ્ધિ થાય? એ તો વિકલ્પ છે. કથનની શૈલી બીજી શું આવે? બાપુ! આહાહા..! એની વ્યાખ્યાથી અમને શુદ્ધિ થાઓ. એટલે ઉપદેશથી શુદ્ધિ થાઓ. ઉપદેશથી શુદ્ધિ થાય? 'હિંમતભાઈ'! આહાહા..! આવું સ્વરૂપ છે. વીતરાગનો માર્ગ, વીતરાગ પરમેશ્વર જિનેશ્વરનો માર્ગ જ કોઈ અલૌકિક છે. એની શરૂઆત પણ અલૌકિક, એની વચલી દશા અલૌકિક. આ તો વચલી દશાવાળા છે. મુનિ છે ને? આહાહા..! શરૂઆતવાળા સમકિતી, મુનિ મધ્યમાં છે, ઓલી ઉત્કૃષ્ટ દશા છે. છેલ્લી પ્રાપ્તિ ઉત્કૃષ્ટની કરવા માગે છે. આહાહા..! અમે મધ્યમ દશામાં તો વર્તીએ છીએ. આહાહા..!

અમારો આનંદનો નાથ, સાગર અનંત આનંદનું પૂર અંદર વહે છે. આહાહા..! આત્મા એને કહીએ કે જે અનંત અતીન્દ્રિય આનંદનું પૂર છે એને આત્મા કહીએ. એનું જ્ઞાન અને એની શ્રદ્ધા થતાં... આહાહા..! એ અતીન્દ્રિય જ્ઞાનનું જ્ઞાન અને અતીન્દ્રિય જ્ઞાનમાં આનંદનો આનંદ દશામાં આવે એ તો એની શરૂઆત છે. આ તો આચાર્ય છે, મુનિ છે. પ્રચુર સ્વસંવેદન છે. જે પાંચમી ગાથામાં આવે છે ને? આહાહા..! પણ એથી અમને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાઓ. આહાહા..! આ એક જ ઘોળાઈ રહ્યું છે, કહે છે. ભલે વિકલ્પ હો, ટીકા હો પણ અમારું ઘોલન તો આ એક છે. આહાહા..! 'ધર્મચંદજી'!

**'અમને શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થાઓ. ભાવાર્થ આમ છે–'** આ શુદ્ધની પ્રાપ્તિ થાઓ. આમાં કેમ કહ્યું? એ શાસ્ત્રની હવે મહત્તા બતાવે છે. કે આ શાસ્ત્ર મહાસાર શાસ્ત્ર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ બતાવે છે. **'આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે,...'** જોયું પરમાર્થરૂપ. પરમ પદાર્થની પ્રાપ્તિને બતાવનારું શાસ્ત્ર છે. આહાહા..! આ કોઈ વિકથા, કથા અને રાગની કથા, રાગ વધે ને એનાથી આમ થાય અને પછી સ્વર્ગ મળે, એ આમાં વાત છે જ નહિ. આહાહા..! **'આ શાસ્ત્ર પરમાર્થરૂપ છે,...'** 'સમયસાર' પરમાર્થરૂપ છે. સાર એટલે જ પરમાત્મસ્વરૂપ છે. 'સમયસાર' એટલે પરમાત્મસ્વરૂપ છે. આહાહા..!

એ શાસ્ત્ર **'વૈરાગ્ય-ઉત્પાદક છે;...'** બે વાત લીધી. **'શાસ્ત્ર પરમાર્થરૂપ છે,...'** પરમપદાર્થ સ્વરૂપ બતાવનાર છે. પરમપદાર્થ પ્રભુ પરમાત્મા. આહાહા..! અને **'વૈરાગ્ય-ઉત્પાદક છે;...'** પર તરફથી ઉદાસીન કરે એવું છે. સમજાણું કાંઈ? આહાહા..! પોતાના સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ એવું જે આ પરમાર્થ શાસ્ત્ર.. આહાહા..! એને બતાવનાર છે. આહાહા..! અને પરથી વૈરાગ્ય-ઉત્પાદક છે. વિકલ્પમાત્રથી ખસીને ઉદાસીન થવાનું આ શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? આહાહા..! **'વૈરાગ્ય-ઉત્પાદક છે;...'** શાસ્ત્ર વૈરાગ્ય-ઉત્પાદક (છે), નિમિત્તથી કથન છે ને. આહાહા..! એમાં તો એ જ આવશે. ભગવાન પરમાર્થરૂપ પરમાત્મા અસ્તિરૂપે અને પરની નાસ્તિ એટલે રાગના અભાવરૂપે (છે), એવું જ અહીં તો આમાં આવશે. એથી આ શાસ્ત્ર વૈરાગ્યનું ઉત્પાદક છે. આહાહા..!

હવે એક બાજુ એમ કહે, કે વીતરાગની દિવ્યધ્વનિથી પણ આત્મજ્ઞાન ન થાય. 'પરમાત્મપ્રકાશ' એમ કહે. ક્યારે કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ ને? દિવ્યધ્વનિથી કાંઈ આત્માને જ્ઞાન ન થાય. એ દિવ્યધ્વનિ તો પર છે. અહીં કહે છે, કે આ શાસ્ત્ર પરમાર્થ અને વૈરાગ્ય-ઉત્પાદક છે. નિમિત્ત આવું છે. ઉત્પન્ન થાય છે તો પોતાથી, પણ શાસ્ત્ર નિમિત્ત આવું છે. નિમિત્ત કરતું નથી પણ નિમિત્ત આવું છે. એમ. આવું નિમિત્ત (છે). આહાહા..! સમજાણું કાંઈ? એ અસ્તિ કહી.

**'ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી.'** કહો, આ બધા ઓલા શેઠ કહેતા હતા ને. ભારત વાંચ્યું છે, રામાયણ વાંચી છે. શેઠ 'શાહુજી' કહેતા હતા. આ સર્વજ્ઞની વાણી શાસ્ત્ર, તે દિગંબર શાસ્ત્ર, હોં! એ જૈનવાણી, વીતરાગની વાણી છે. આહાહા..! એ તો પરમાર્થ ભગવાનને બતાવે. આમાં ઉદાસીન. પરમાં સ્થાન બતાવે. ઉદાસીન. ઉદાસીન. આહાહા..! જેનું આસન પરથી તદ્દન ભિન્ન છે. એવું આ તો વૈરાગ્ય-ઉત્પાદક છે. બીજા શાસ્ત્રમાં તો લડાઈ, આ ને આ ને મારો આને. એ તો મરી જ ગયેલા છે. મરી ગયેલાને મારો. એ બધા રાગવર્ધક (શાસ્ત્ર) છે. આહાહા..! દુનિયાને આકરું લાગે, શું થાય? ઓલા ભાઈ કહે છે, અઢાર રામાયણ વાંચી છે. 'વિદ્યાનંદજી' છે ને એક? અઢારવાર રામાયણ વાંચી. અહીં કહે છે, **'ભારત-રામાયણ પેઠે રાગવર્ધક નથી.'**

મુમુક્ષુ :– ગીતા વાંચી છે, અઢાર વખત ગીતા વાંચી છે.

ઉત્તર :– ના, વધારે રામાયણ કહે છે. અઢાર રામાયણ. ગીતા તો એક સાધારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત છે. લોકો હવે... એનો પ્રચાર બહુ છે. આ તો અઢાર જાતની રામાયણ વાંચી છે. અઢાર જાતની એમ લખ્યું.

મુમુક્ષુ :– ટીકાકારો ઘણા હોય.

ઉત્તર :– ઘણી જાતની હોય ને. ટીકા ઘણી જાતની હોય. .. એ બધી અઢાર જાત એમ આવ્યું છે છાપામાં.

અહીં કહે છે, કે.. આહાહા..! પ્રભુ! આ શાસ્ત્ર છે એનાથી બીજા આ શાસ્ત્રો તો રાગના વર્ધક છે. આહાહા..! આ શાસ્ત્ર તો સ્વરૂપની પરિપૂર્ણતાની પ્રાપ્તિની અસ્તિ બતાવે છે અને પર પદાર્થમાં બિલકુલ અંશનો એમાં અભાવ (બતાવે છે). જેને પરનો સંબંધ છે જ નહિ. એવું વૈરાગ્ય-ઉત્પાદક આ શાસ્ત્ર છે. આહાહા..! એમ તો એમ કહીને એમ પણ કહ્યું, કે આ શાસ્ત્રથી મને આમ થાઓ. છતાં પાછું કીધું કે શાસ્ત્ર છે એ વૈરાગ્ય ઉત્પાદક છે. રાગ ઉત્પાદક નથી. શાસ્ત્ર તરફના ભણતરથી રાગ ઉત્પાદક એમ આ નથી. એમાં કહેલું છે એ વૈરાગ્ય-ઉત્પાદક છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવો છું હું?'** એટલે બે વાત થઈ. શાસ્ત્ર અને શાસ્ત્રથી વિરુદ્ધની વાત. હવે હું કેવો છું? આહાહા..! **'अनुभूतेः'** **'અનુભૂતિ–અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું.'** આહાહા..! આ પંચમઆરાના મુનિ આચાર્ય, કેવળીના વિરહે પણ એમ કહે છે... આહાહા..! હું છું તે છું કોણ અંદર? આહાહા..! **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ...'** છે. અતીન્દ્રિય આનંદ **'તે જ છે સ્વરૂપ...'** તે જ છે. **'તે જ છે સ્વરૂપ જેનું...'** આહાહા..! વ્યવહાર, પુણ્ય-પાપ આદિ એ એનું સ્વરૂપ નથી એમ કહે છે. છતાં કહેશે મારી પર્યાયમાં વ્યવહારનયે કલુષિતતા છે. આહાહા..! એક એક શ્લોકમાં જુઓ તો ગંભીરતાનો પાર ન મળે.

**'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું.'** હું આ આત્મા જે છે, એ કેવો છે? કે અતીન્દ્રિય સુખ જેનું સ્વરૂપ છે એવો આત્મા છે. એમાં દુઃખેય નથી, રાગેય નથી, વિકલ્પ નથી, અલ્પજ્ઞતા નથી. આહાહા..! એ તો અતીન્દ્રિય સુખનો સાગર છે. એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! જિનેશ્વરદેવ પરમેશ્વર એમ કહે છે, એ મુનિ પોતે કહે છે. આહાહા..! **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ...'** એ જ છે સ્વરૂપ. **'તે જ છે સ્વરૂપ...'** એ તો એકાંત થઈ જાય છે. 'તે **જ** છે' એમ કીધું ને? **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ...'** કથંચિત્ અતીન્દ્રિય સુખસ્વરૂપ છે અને કથંચિત્ ઇન્દ્રિય સુખસ્વરૂપ, અનેકાંત કરો ને ઇ. આ અનેકાંત એમ નથી. **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું...'** છે. અને બિલકુલ દુઃખ નથી. એનું નામ અનેકાંત છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનુભૂતિ—અતીન્દ્રિય સુખ,...'** અનુભૂતિની વ્યાખ્યા કરી. **'અતીન્દ્રિય સુખ,...'** આહાહા..! કળશમાં એ કીધું છે ને? બાર અંગ છે એ પણ વિકલ્પ છે. એમાં પણ અનુભૂતિને કીધું છે. બાર અંગમાં પણ અનુભૂતિને કહ્યું છે કે અનુભૂતિ કર, સ્વરૂપનો અનુભવ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! એ અનુભૂતિ અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપ છે. આહાહા..! આઠ વર્ષની બાલિકા પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે, અનુભૂતિને પામે છે ત્યારે આનંદને પામે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'અનુભૂતિ–અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું...'** બીજા બધા ગુણ ક્યાં ગયા? એમાં સમાઈ ગયા. નહિતર આમાં તો **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું...'** એક જ ગુણ લીધો. એની સાથે બધા અનંતા સાથે છે. પણ પ્રધાનતા આનંદની છે. દુનિયાને જોવે છે સુખ. સુખને માટે ઝાંવા નાખે છે ને? એથી કહે કે, બાપુ! સુખ તો તારામાં અંદર ભર્યું છે. ક્યાંય ધૂળમાં–બહારમાં સુખ છે નહિ. બાયડીમાં નથી, પૈસામાં નથી, મકાનમાં પણ નથી. આહાહા..!

એ તો અનુભૂતિસ્વરૂપ છે. અતીન્દ્રિય સુખ તે જ જેનું સ્વરૂપ છે. **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું...'** આહાહા..! એને અહીં આત્મા કહીએ, કહે છે. ઓલા કહે આત્મા બીજાને કહે. દયા પાળે, બીજાની હિંસા કરે, બીજાને મદદ આપે, બીજાના કાર્ય કરી દે, સુધારી દે એ આત્મા. એ બધી વાતું જૂઠી છે. આહાહા..!

**'વળી કેવો છું?' 'શુદ્ધચિન્માત્રમૂર્તેઃ'** એકલું સુખ નાખ્યું હતું ને! એટલે હવે ભેળવે છે. **'(શુદ્ધ)' 'રાગાદિ-ઉપાધિરહિત...'** ઓલો વૈરાગ્ય કર્યો હતો ને? એ **'રાગાદિ-ઉપાધિરહિત...'** અને એકલું સુખ કીધું હતું ને? તેથી રાગાદિ-ઉપાધિથી રહિત છું. વિકલ્પમાત્ર મારામાં નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ છે એ પણ મારા સ્વરૂપમાં નથી. આહાહા..! એવો હું અંદર છું.

**'(ચિન્માત્ર)' 'ચેતનામાત્ર સ્વભાવ છે...'** જોયું? પાછું સુખની સાથે ચેતના નાખ્યું. બે (વાત નાખી). આહાહા..! **'ચેતનામાત્ર સ્વભાવ છે...'** આનંદની સાથે ચૈતન્યસ્વરૂપ છું. આહાહા..! શુદ્ધ. રાગને વિકલ્પથી **'ઉપાધિરહિત ચેતનામાત્ર...'** ભાષા છે ને? **'ચિન્માત્ર'** પાછું ત્યાં એમ કહ્યું હતું, કે **'સુખ તે જ છે સ્વરૂપ જેનું...'** અહીં વળી કહ્યું, કે જ્ઞાનમાત્ર જ હું છું. એમાં આનંદ ભેગો આવી જાય છે. અનંતગુણો ભેગા (આવી જાય છે). પણ ચિન્માત્રમૂર્તિ. એકલો જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક સ્વભાવસ્વરૂપ તે હું આત્મા છું. આહાહા..! અરે..! આવી ચીજ સાંભળવા મળે નહિ. એ કે દિ' એને વિચારમાં આવે? કે દિ' એની શ્રદ્ધામાં ઇ આવે? અને ક્યારે એની પરિણતિ થાય? આહાહા..! મૂળ સ્વરૂપ તો આ છે. સમજાણું કાંઈ?

**'ચેતનામાત્ર સ્વભાવ છે.' 'મૂર્તેઃ'** એટલે સ્વરૂપ. ઓલામાં સ્વરૂપ કહ્યું હતું ને? **'અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ...'** એમ આ પણ એમ લેવું. **'ચેતનામાત્ર...'** સ્વરૂપ છે. **'સ્વભાવ છે.'** ચેતનામાત્ર સ્વભાવ છે. એકલું જાણવું... જાણવું... જાણવું... જાણવું.. જાણવું... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... જ્ઞાતા... સ્વભાવમાત્ર મારું સ્વરૂપ છે. જાણવું આ જ્ઞાતામાત્ર મારું સ્વરૂપ છે. આહાહા..! કોઈને હું કરી દઉં અને કોઈ પાસેથી લઉં, એવું મારું સ્વરૂપ નથી. આહાહા..! **'ચેતનામાત્ર સ્વભાવ છે જેનો એવો છું.'** એવો હું છું, એમ કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ભાવાર્થ આમ છે કે–દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે.'** શું કીધું? દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. એને જોનારી નયના પ્રયોજનથી જોઈએ તો તે વસ્તુ એવી જ છે. છે ને? દ્રવ્યાર્થિક. દ્રવ્ય એટલે વસ્તુ, અર્થ એટલે પ્રયોજન. જેનું પ્રયોજન જ્ઞાનનું દ્રવ્ય છે, જેના જ્ઞાનનું પ્રયોજન વસ્તુ ત્રિકાળ છે તે દ્રવ્યસ્વરૂપ આવું છે. એ નયના સ્વરૂપનો વિષય તો આવો જ છે. આહાહા..! અરે..! દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય. દ્રવ્યાર્થિકનય એટલે દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી. એને જોનારી નય, એનું જે પ્રયોજન એ દ્રવ્યસ્વરૂપ છે. એ **'દ્રવ્યસ્વરૂપ આવું જ છે.'** છતાં હવે મારી પર્યાયમાં ફેર છે, કહે છે. વસ્તુ તો આવી જ છે. સુખસ્વરૂપ છે, ચિન્માત્ર સ્વભાવ છે. વસ્તુ આત્મા એવી જ ચીજ છે. પણ એની દશામાં ફેર છે. વર્તમાન હાલત–પર્યાય, હાલત, દશા, અવસ્થા, પર્યાયદૃષ્ટિએ વ્યવહારે કેમ છે, એ હવે કહીએ છીએ, કહે છે. નિશ્ચય દ્રવ્યાર્થિકનયે આવો છું એમ કીધું. હવે વ્યવહારનયે, પર્યાયનયે અત્યારે કેવો છું? એ કહે છે. આહાહા..!

**'अविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः' 'નિરંતર...'** આહાહા..! આચાર્ય છે, મુનિ છે, શુદ્ધ સ્વરૂપ પ્રગટ્યું છે પણ પૂર્ણ શુદ્ધ નથી એથી અશુદ્ધતા નિરંતર મારી પર્યાયમાં વર્તે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક બાજુ એમ કહે, કે સમ્યગ્દૃષ્ટિને રાગેય નથી, દુઃખેય નથી, કાંઈ નથી. ત્યાં લઈને વાતું એમ કરે (પછી) ત્યાં અટકી જાય. આહા..! ત્યાં શેઠિયાને એમ થઈ ગયું ને? હમણા કુટુંબમાં કાંઈક ફર્યું છે, કહે છે. એ એમ કહે છે. બસ, આત્માને દુઃખ. જ્ઞાનીને દુઃખ છે. દુઃખ વેદે એ તીવ્ર કષાયવાળો કહેવાય. આહાહા..! અરે..! પ્રભુ! કેટલાય કાગળ આવ્યા'તા. આહાહા..!

અહીં કહે છે, અવિરત **'નિરંતરપણે અનાદિ સન્તાનરૂપે...'** ભલે હું મુનિ છું, ભલે શુદ્ધિ પ્રગટી છે, પણ એ અશુદ્ધતા છે એ તો અનાદિની છે. અત્યારે પર્યાયમાં જે અશુદ્ધતા બાકી છે એ અનાદિની છે. અશુદ્ધતા તદ્દન ગઈ હતી અને નવી થઈ છે એમ નથી. કેમ કે પૂર્ણ શુદ્ધતા પ્રગટી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' દેવ, મુનિ એમ કહે છે, કે **'નિરંતરપણે અનાદિ...'** પ્રવાહરૂપે. સન્તાન (એટલે) પ્રવાહ. સન્તાન— એક પછી એક પછી એક અનાદિથી. **'વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના,...'** આહાહા..! મારી ચેતનામાં અનાદિનો પરલક્ષીભાવ વર્તે છે એ અત્યારે પણ હજી થોડો છે. આહાહા..! સ્વઆશ્રય જો પૂર્ણ થઈ ગયો હોય તો આ હોઈ શકે નહિ. આહાહા..! આવો માર્ગ. હવે માણસને સમજાવો, લખવો કઠણ પડે. એય...! શું આપીશ તું ત્યાં 'સંજય' પૂછશેને. મહારાજ કાંઈક કહેતા હતા. આહાહા..! આવો માર્ગ છે. આઠ-આઠ વર્ષના બાળકો પણ સમજીને કેવળજ્ઞાન પામતા. આહાહા..! ભરી પડી વસ્તુ છે ને. તારી નજરને આળસે નારાયણ રહી ગયો છે. આહાહા..! ઓહોહો..! એક એક શ્લોકમાં કેટલું ભરે છે! જુઓને!

**'अविरतं'** એટલે **'અનાદિ સન્તાનરૂપે..' 'अनुभाव्य' 'વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ**

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ચેતના,...**' વિષય-કષાય શબ્દે આ તો મુનિ છે, પણ વિષય એટલે પર તરફ વલણ છે ને એટલો વિષય જાય છે. વિષય નામ પાંચ ઇન્દ્રિયના વિષયના ભોગ અહીં મુનિને નથી, પણ મારું વલણ હજી પર ઉપર જાય છે એટલો વિષય છે. જેટલો રાગ છે ને? લક્ષ એટલું પર ઉપર જાય છે. ભલે વાણી સાંભળવી હોય, ભગવાનના દર્શન હોય, પણ એ બધો રાગનો વિષય છે. આહાહા..! '**વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના,...**' મારી પર્યાયમાં, અવસ્થામાં હજી અનાદિની અશુદ્ધતા વર્તે છે. પૂર્ણ અશુદ્ધતા નહિ, પૂર્ણ શુદ્ધતા નહિ. પણ '**અનાદિ સન્તાનરૂપે વિષય-કષાયાદિરૂપ અશુદ્ધ ચેતના, તેની સાથે છે. વ્યાપ્તિ...**' આહાહા..! '**અર્થાત્ તે-રૂપ છે વિભાવપરિણમન,...**' જોયું? આહાહા..! વ્યાપ્તિ છે હજી. વારંવાર વિભાવમાં પરિણમન થાય છે. આહાહા..!

આચાર્ય મુનિ દિગંબર સંત વનવાસી છે, એ એમ કહે છે, કે હજી મને મારી પર્યાયમાં શુદ્ધિ તો પ્રગટી છે, ભગવાન આનંદના ભેટા તો થયા છે, પણ પર્યાયમાં હજી કલુષિતતા છે, એટલે રાગની વ્યાપ્તિ એટલે વારંવાર રાગ થયા જ કરે છે. આહાહા..! બિલકુલ રાગ નથી જ થતો એમ નહિ. કે કોઈવાર બિલકુલ થયો નથી અને પછી થાય છે એમ પણ નહિ. નિરંતર રાગ વ્યાપે છે, થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ધર્મકથા છે. એય..! 'ધર્મચંદજી'! આકરી વાતું છે, બાપુ! આહાહા..! વીતરાગ પરમેશ્વર, જિનેશ્વરદેવ, એના વાણીના ભાગો અલૌકિક વાત છે. આહાહા..! એનો આ એક ભાગ છે. વાણી તો આખી દિવ્યધ્વનિ હોય છે. આહાહા..! એનો આ તો એક ભાગ છે. મુનિ પોતે કહે. આહાહા..!

'**વિભાવપરિણમન, એવું છે...**' છે? '**કેવો હું છું?**' એમ કીધું ને? પહેલા એમ કીધું હતું કે વળી કેવો છું? કે આવો છું એમ કીધું. ચેતનામાત્ર અને આનંદમાત્ર. વળી કેવો છું? એ પર્યાય થઈ. ઓલો હું કેવો છું? એ દ્રવ્ય થયું. હવે હું કેવો છું? એ પર્યાય થઈ. બેય વાત છે. આહાહા..! છોકરાને સાંભળવું હોય ને, એમ.એ. ને એમાં બહુ ધ્યાન રાખે. કોલેજમાં ધ્યાન (રાખે). આહાહા..!

મુમુક્ષુ :– એ તો રાખવું જ પડે ને નહિંતર નાપાસ થાય.

ઉત્તર :– નાપાસ થાય. અહીં નાપાસ થાય છે એની તો ખબરું ન મળે. આહાહા..!

મુમુક્ષુ :– ન્યાં બાપા ધખે, બાર મહિના શું કર્યું?

ઉત્તર :– પાસ ન થાય તો બાપ ધખે. આ પાસ ન થાય તો ચાર ગતિમાં રખડવું પડે એ એને નહિ. આહાહા..!

કહે છે, કે '**વ્યાપ્તિ અર્થાત્ તે-રૂપ છે વિભાવપરિણમન, એવું છે.**' '**कल्माषितायाः**' આહાહા..! '**કલંકપણું જેને એવો છું.**' મને પર્યાયમાં કલંક છે. આહાહા..! મારો નાથ તો અતીન્દ્રિય આનંદ અને ચિન્માત્ર મૂર્તિ સ્વરૂપે છે. સમ્યગ્દષ્ટિ–ધર્મી તો પોતાના આત્માને અતીન્દ્રિય આનંદ અને ચિન્માત્ર, જ્ઞાનમાત્ર સ્વરૂપે જ વસ્તુએ જાણે છે. પણ મને પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગનું કલંક છે હજી. આહાહા..! રાગ ઉત્પન્ન થાય છે હજી. આહાહા..! આચાર્ય છે, મુનિ છે. આહાહા..! શુદ્ધ ઉપયોગ અને પરિણમન છે, પણ વિકલ્પ ઊઠે છે ત્યારે... આહાહા..! એટલું તો **'કલંકપણું જેને એવો છું.'** પર્યાયનયે. સમજાણું?

ઓલામાં એમ કહ્યું હતું, **'કેવો છું હું?'** કે **'અનુભૂતિ–અતીન્દ્રિય સુખ, તે જ છે સ્વરૂપ જેનું એવો છું.'** અને **'રાગાદિ-ઉપાધિરહિત ચેતનામાત્ર સ્વભાવ છે જેનો એવો છું.'** એ તો દ્રવ્યાર્થિકનયથી વાત કરી. વસ્તુની સ્વરૂપની દૃષ્ટિ થઈ છે અને સ્થિરતા થઈ એટલી. પણ હવે પર્યાયમાં બાકી છે એનું શું? આહાહા..! સમજાણું કાંઈ? **'પર્યાયાર્થિકનયથી...'** એટલે વ્યવહારનયથી. ઓલું દ્રવ્યાર્થિકનયથી હતું. પર્યાયાર્થિક એટલે અવસ્થાદૃષ્ટિથી **'જીવવસ્તુ અશુદ્ધપણે અનાદિની પરિણમી છે.'** આહાહા..! આચાર્ય મુનિ એમ કહે છે મને પણ હજી અશુદ્ધ કલંક છે. આહાહા..!

એક બાજુ એમ કહે, સમ્યગ્દૃષ્ટિને મલિનતા હોય નહિ, અશુદ્ધતા હોય નહિ એ તો એનો જ્ઞાતા-દૃષ્ટા તે જ ઇ છે. એય...! એક બાજુ એમ કહે, કે કર્મધારા અને જ્ઞાનધારા જ્ઞાનીને બેય હોય. જેટલી નિર્મળતા પ્રગટી છે એટલી આત્મધારા, જેટલી રાગધારા છે તેટલી કર્મધારા. આહાહા..! એની આ વાત કરે છે. આહાહા..! ચિન્માત્ર સ્વરૂપ છું, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છું એ જ્ઞાનધારા છે. આહાહા..! અને જેટલો હજી રાગ આવે છે, એ રાગનું કલંક થાય છે. આહાહા..! એ ચૈતન્યને ન શોભે. આનંદના સાગરને કલંક-રાગ ન શોભે. એ ચિન્માત્ર જેનું સ્વરૂપ છે, એકલું જ્ઞાનમાત્ર જેનું સ્વરૂપ છે, એને રાગ, શુભરાગ પણ કલંક છે. આ તો મુનિ છે એટલે અશુભ તો છે નહિ. શું કીધું એ? અશુભ તો છે નહિ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે ને? મુનિને અશુભ તો છે જ નહિ. શુભ આવે છે. ધર્મના લોભી આવે, ઇચ્છા વૃત્તિ ઉત્પન્ન થાય તો જરી ઉપદેશ કરે. આહાહા..! શૈલી તો, શૈલી તો જુઓ!

કહે છે, **'અશુદ્ધપણે અનાદિની પરિણમી છે.'** એટલે કાંઈ આ અશુદ્ધપણું નવું નથી. નવું તો શુદ્ધપણું પ્રગટ્યું છે એ હજી ઓછું છે. પણ આ અશુદ્ધપણું છે એ તો અનાદિનું છે. મુનિને, આચાર્યને હજી થોડું અશુદ્ધ બાકી રહી ગયું છે, એ કલંક છે એ પણ અનાદિનું કલંક મારું છે. એ મારી પર્યાયનું મારામાં મારાથી છે. આહાહા..! ષટ્કારકનું પરિણમન એ મારું મારામાં છે. આહાહા..! દ્રવ્યદૃષ્ટિએ નિર્મળ પરિણમન પણ મારું મારામાં છે અને પર્યાયદૃષ્ટિએ મલિન પરિણમન પણ મારું મારામાં ષટ્કારકથી છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. એ કહેશે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અશુદ્ધપણે અનાદિની પરિણમી છે. તે અશુદ્ધતાનો વિનાશ થતાં...'** એ અશુદ્ધતાનો નાશ થતાં **'જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે.'** લ્યો. બે લીધું પાછું. પૂર્ણ જ્યારે થાય ત્યારે એકલું જ્ઞાન અને એકલું સુખ રહેશે. અશુદ્ધતા રહેશે નહિ. આહાહા..! **'હવે કોઈ પ્રશ્ન કરે છે...'** એનો ઉત્તર આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જ્યેષ્ઠ વદ ૨, શુક્રવાર તા. ૦૩.૦૬.૧૯૭૭
## કળશ - ૩ - ૪, પ્રવચન - ૫

'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, કે હું આ કળશો રચું છું, એમાં મારી પરમવિશુદ્ધિ હો. એમ કહીને એમ કહ્યું, કે વિશુદ્ધિ તો છે. **'परमविशुद्धिः भवतु'** એમ છે ને છેલ્લો શબ્દ? આચાર્ય પોતે મુનિ છે. અતીન્દ્રિય જ્ઞાન અને આનંદના સ્વાદમાં તો છે. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ–અનુભવ છે, પણ પૂર્ણ નથી. એથી કહે છે, કે આ ટીકા કરતાં મને પરમવિશુદ્ધિ હો, પૂરણ નિર્મળતા હો. કેમ? કે આ ટીકા વખતે છે તો વિકલ્પ ભલે, પણ મારું લક્ષ, જોર વસ્તુના સ્વભાવ ઉપર દૃષ્ટિનું જોર રહેશે. એથી ટીકાના કાળમાં મારી પરમવિશુદ્ધિ હો, એમ કહ્યું છે. સમજાય છે કાંઈ?

અને હું કેવો છું? એ તો કહ્યું છે. હું ચૈતન્યમૂર્તિ શુદ્ધ છું. દ્રવ્યદૃષ્ટિએ તો શુદ્ધ ચૈતન્ય છું એવું ભાન છે. છતાં મારી પર્યાયમાં હજી અનાદિની કલુષિતતા વર્તે છે. મુનિ છે, આચાર્ય છે, છતાં (કહે છે), મારી પર્યાયમાં **'कल्माषितायाः'** કલંક છે. આહાહા..! એ મલિનતા મારી દશામાં છે. તે મલિનતાનો નાશ થાઓ અને પરમશુદ્ધિની પ્રાપ્તિ થાઓ. એમ હું ટીકા કરવાનું ફળ અને પ્રતિજ્ઞા કરું છું. આહાહા..! અહીં સુધી આવ્યું છે.

**'કોઈ પ્રશ્ન કરે છે કે...'** છે ને? **'અશુદ્ધતાનો વિનાશ થતાં જીવવસ્તુ જ્ઞાનસ્વરૂપ સુખસ્વરૂપ છે.'** ત્યાં સુધી આવ્યું છે. અશુદ્ધતા છે ખરી, પણ મારા શુદ્ધ સ્વભાવના બળે એ અશુદ્ધતાનો નાશ થઈ અને એકલું જ્ઞાન અને સુખરૂપ રહી જશે. એમ આચાર્ય મહારાજ ત્રીજા કળશમાં આમ કહે છે. સમજાણું કાંઈ આમાં? આહાહા..!

હવે ઓલી મલિનતા છે એમ કીધું ને? શુદ્ધિ પણ છે અને મલિનતા પણ છે, બેય છે. કેમ કે હું સાધક છું. હું કાંઈ સિદ્ધ થયેલ નથી, તેમ હું એકલો બાધક નથી. અજ્ઞાની પણ નથી એમ કહે છે. દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધતા, વસ્તુ જે મારી શુદ્ધ ચૈતન્યઘન, અતીન્દ્રિય આનંદકંદ (છે), એનું મને અવલંબન છે. તેથી મને શુદ્ધિ, ધર્મની પવિત્રતા પ્રગટ થઈ છે. આહાહા..! પણ પૂર્ણ પવિત્રતા નથી, તેથી ટીકાના કાળમાં પૂર્ણ પવિત્રતા થાઓ, એવી માગણી છે, પ્રાર્થના છે. છતાં તે પવિત્રતા પૂર્ણ થાવ. ઓલી અપવિત્રતા છે માટે. એ અપવિત્રતાનું મને હજી કલંક છે, એમ કહે છે. આહાહા..! આચાર્યપદમાં આવ્યા છે. ણમો લોએ ત્રિકાળવર્તી આચાર્ય, એમાં આવ્યા છે. એ કહે છે, કે મને **'कल्माषितायाः'** મલિનતા મને હજી છે, હોં! હું પૂર્ણ પરમાત્મદશાને પ્રાપ્ત નથી. મારી ભાવના તો પૂર્ણ અરિહંત પરમાત્મા થવાની છે, પણ આ વચમાં **'कल्माषिता'** હજી મલિનતા છે.

**'હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**કોઈ છે કે નહિ?'** પ્રશ્ન ઉઠ્યો. આ ન્યાય સમજાય છે? ઝીણી વાત છે, બાપુ! જૈનમાર્ગ વીતરાગ પરમેશ્વરનો માર્ગ બહુ ઝીણો છે. લોકોને તો બાહ્યથી લૌકિક વાત મળી છે. સર્વજ્ઞ પરમેશ્વરને જે કહેવું છે, એ ચોથા કળશમાં કહેશે. **'जिनवचसि रमन्ते'** એમ કહેશે. જિનવચનમાં તો એમ આવ્યું છે, કે આ આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે, એ જ આદરણીય અને ઉપાદેય છે. એ **'जिनवचसि रमन्ते'** વાણીમાં કાંઈ રમવું નથી. પણ જિનવાણી વીતરાગ પરમેશ્વર, એની વાણીમાં આ આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે, એને જ ઉપાદેય જાણી અને એમાં રમવાલાયક છે. વીતરાગની વાણીમાં તો આ આવ્યું છે. આહાહા..! 'દેવીચંદજી'! ધર્મ આમ થાય છે. કોઈ આ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધો ધર્મ નથી. એ તો એક શુભરાગ, અશુભરાગથી બચવા માટે આવે, હો, ધર્મ નથી. આહાહા..!

ધર્મ તો ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાનને પ્રગટ થયો. પરમાત્માને પર્યાયમાં પ્રગટ થયો. એ પરમાત્મદશા થઈ ક્યાંથી? અરિહંતને અરિહંતપણું પ્રગટ થયું. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ પ્રગટ થયું એ આવ્યું ક્યાંથી? બહારથી કોઈ ચીજ આવે છે? અંદરમાં એ ચીજ છે. આત્મામાં, સ્વભાવમાં અનંત ચતુષ્ટય સ્વરૂપ પડ્યું છે. જગતને બેસવું કઠણ (પડે). અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એ સ્વચતુષ્ટય મુખ્ય. આત્માના સ્વભાવમાં, ત્રિકાળમાં, ધ્રુવમાં એ અનંત ચતુષ્ટયની અસ્તિત્વતા છે. સમજાણું કાંઈ? એમાંથી અનંતચતુષ્ટય ભગવાનને પ્રગટે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. છે એમાંથી આવે છે.

અહીં એમ કહે છે, કે અમારી દ્રવ્યદૃષ્ટિએ તો એ છું. આહાહા..! મારો ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે એવો જે દૃષ્ટિનો વિષય, એથી તો હું શુદ્ધ છું, પવિત્ર છું, દશા પવિત્ર છે. પણ પૂર્ણ પવિત્રતા નથી એટલે અપવિત્રતા પણ હજી થોડી ભેગી છે. આહાહા..! અને તેનો નાશ થતાં હું પૂર્ણ આનંદ અને પૂર્ણ સુખરૂપે પરિણમીશ. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનરૂપે થઈશ. એમ 'અમૃતચંદ્રાચાર્ય' પોતાના ભાવની પ્રસિદ્ધિ કરે છે.

ત્યારે અહીં એક પ્રશ્ન ઉઠ્યો. **'હવે કોઈ પ્રશ્ન કરે છે કે જીવવસ્તુ અનાદિથી અશુદ્ધપણે પરિણમી છે, ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહીં?'** આચાર્યને પણ હજી અશુદ્ધતા છે. આનંદસ્વરૂપનું ભાન થયું છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. ધર્મી એને કહીએ... આહાહા..! ભગવાન જૈનદર્શનમાં, વીતરાગમાર્ગમાં ધર્મી એને કહીએ, કે જેને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભર્યું છે એનો એની દશામાં એને સ્વાદ આવે. આહાહા..! આવી વાતું!

મુમુક્ષુ :– અત્યંત દુર્લભ છે. આપની કૃપાથી સુલભ થઈ ગઈ.

ઉત્તર :– આહાહા..! અંદર આવો માર્ગ છે.

ત્યારે કહે છે, કે પવિત્રતા તો હતી તે પ્રગટી. પણ આ અપવિત્રતા કેમ આવી? હજી અપવિત્રતા બાકી છે, તો એ છે એનું કોઈ નિમિત્ત છે કે નહિ? એમ કહે છે. એટલે બીજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રીતે કહીએ તો જે આ આત્મા આનંદસ્વરૂપ છે, ભગવાન કેવળીએ જોયો છે, અતીન્દ્રિય આનંદનો સાગર છે, અતીન્દ્રિય આનંદનું પૂર પ્રભુ છે. અરે..! કેમ બેસે? એવા આનંદના પૂરથી અમને ભાન તો થયું છે. તો એ આનંદની દશાનું કારણ આત્મા. ધર્મની દશાનું કારણ આત્મા. પણ આ અપવિત્ર છે એનું કોઈ નિમિત્ત છે કે નહિ? આહાહા..! એ શું કહ્યું? કે સમ્યગ્દર્શન ધર્મ જે પ્રગટ્યો છે, એ ત્રિકાળ આનંદ... ધર્મની દશામાં અમારો ત્રિકાળી ભગવાન નિમિત્ત છે. ભાઈ! શું કીધું ઇ? ધર્મદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એવી વીતરાગદશામાં ત્રિકાળી આત્મા નિમિત્ત છે.

મુમુક્ષુ :– એનો આશ્રય લેવો.

ઉત્તર :– એનો આશ્રય છે, નિમિત્ત એ છે. મોક્ષમાર્ગમાં પવિત્રતામાં એ પવિત્ર આત્મા આવતો નથી. આત્મા તો આત્માપણે રહી અને પવિત્રતાની પર્યાયમાં, પવિત્રતાની શ્રદ્ધા અને જ્ઞાન આવે છે. ત્યારે અહીં કહેવું છે, કે પવિત્રતા જે પ્રગટી છે એમાં તો આત્મા નિમિત્ત છે. નિમિત્ત છે. પણ હવે આ અપવિત્રતા, અશુદ્ધતા થોડી હજી બાકી રહી, એનું નિમિત્ત કોણ? આહાહા..! વીતરાગમાર્ગ બાપુ! ઝીણો બહુ. લોકોને મળ્યો નથી. અન્યને જૈન તરીકે સ્વીકારીને બેઠા છે. બધી ક્રિયાકાંડો રાગની ને વિકારની ને... આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે.

અહીંયાં તો ત્યાં સુધી કહ્યું, કે વીતરાગતા જે પ્રગટી છે એમાં અમને ભગવાનઆત્મા કારણ–નિમિત્ત છે. પણ જે અપવિત્રતા બાકી છે એનું નિમિત્ત કોણ છે? સમજાણું કાંઈ? આહાહા..! એ પ્રશ્ન છે, જુઓ! **‘ત્યાં નિમિત્તમાત્ર કોઈ છે કે નહિ?’**

**‘ઉત્તર આમ છે—નિમિત્તમાત્ર પણ છે.’** નિમિત્તમાત્ર પણ, ભાષા જોઈ? **‘નિમિત્તમાત્ર પણ...’** ભલે એ અશુદ્ધતા છે પણ અશુદ્ધને નિમિત્તમાત્ર પણ. બીજી ચીજ એક છે એમ લેવું છે. ‘પણ’ શબ્દ છે ને? ‘દિલીપ’! ઝીણું છે બહુ આ. ઓલા પૈસા જેવું નથી ત્યાં તારા બાપને ત્યાં. પૈસા પેદા થઈ જાય. કેમ આ હુંડીના ધંધામાં બે-પાંચ લાખ પેદા થઈ જાય. દસ લાખની મૂડી હોય અને બે લાખની પેદાશ થાય એટલે જાણે આ કમાણા અને આ ગયા. ક્યાં ગયા? પાપમાં.

અહીં તો પરમાત્મા કહે છે, આચાર્ય ‘અમૃતચંદ્રાચાર્ય’ કહે છે. આહાહા..! ઘણાં ન્યાયો આપ્યા. પ્રભુ! અમે તો પવિત્ર છીએ ને! અમારો આત્મા પવિત્ર છે અને એના આશ્રયથી અમને પવિત્રતા પ્રગટ તો છે. આહાહા..! પણ એ પવિત્રતામાં કારણ તો ભગવાન છે, આત્મા પોતે. પણ હજી આ અશુદ્ધતા છે એનું કોઈ નિમિત્ત છે. અશુદ્ધતા છે અમારા ઉપાદાનની અમારામાં. સમજાણું કાંઈ? શુદ્ધતા પણ ઉપાદાન અમારામાં અમારે કારણે છે. એ શુદ્ધતામાં આત્મા નિમિત્ત છે.

મુમુક્ષુ :— ઉપાદાન કારણ કોણ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ઉપાદાનની શુદ્ધતા પર્યાય એ ઉપાદાન છે. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! કેવળી પરમેશ્વર ત્રિલોકનાથ... આહાહા..! જેને ઇન્દ્રો સાંભળવા આવે, જેને નાગ અને વાઘ સાંભળવા આવે એ વાતું કેવી હોય? ભાઈ! આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. એવું તો કુંભાર કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું એની પદ્ધતિ! દિગંબર સંતોની શું પદ્ધતિ! શું એની કળા! અને શું એની ગતિ! આહાહા..!

કહે છે, કે '**નિમિત્તમાત્ર પણ છે.**' ભાષા જોઈ? '**નિમિત્તમાત્ર કોઈ છે કે નહિ?**' પ્રશ્નમાં એમ હતું. ત્યારે કહે '**નિમિત્તમાત્ર પણ છે. તે કોણ? તે જ કહે છે—**' '**मोहनाम्नोऽनुभावात्**' '**પુદ્ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મ જાતિ છે.**' આઠ કર્મ છે એમાં મોહ નામની એક કર્મ જાત છે. '**તેનો ઉદય અર્થાત્ વિપાક-અવસ્થા.**' એ નિમિત્ત છે. કર્મ પડ્યું છે એટલું નહિ પણ એનો વિપાક ઉદય છે તે નિમિત્ત છે. નિમિત્ત છે. એ અશુદ્ધતા કર્મના ઉદયે કરાવી છે એમ નહિ. સમજાણું કાંઈ? અશુદ્ધતા કર્મને લઈને થઈ છે એમ નહિ. અશુદ્ધતા તો મારા ઉપાદાનના પુરુષાર્થથી જ થયેલી છે. અશુદ્ધતા, એમાં મોહકર્મ નિમિત્તમાત્ર છે. આહાહા..! એનો વિપાક. વિપાક સમજાણું? કર્મ તો પડ્યું છે પણ એનો ઉદયનો પાક આવ્યો છે ત્યારે આત્મા પોતાથી વિકારપણે પરિણમે છે. એમાં એ કર્મનું નિમિત્ત છે, વિપાકનું નિમિત્ત છે. નિમિત્તમાત્ર છે, વિપાકથી અહીં થયું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ગજબ કર્યો છે.

અમારી પવિત્રતા પ્રગટી છે એ પણ કંઈ આત્મા છે માટે પ્રગટી છે એમ નથી, કહે છે. એની તો પવિત્રતા છે એ તો અમારા ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર પરિણતિથી પરિણમી છે. પવિત્રતાનું કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન હું પોતે છું. પર્યાય છે. આહાહા..! એની પવિત્રતા જે ધર્મની પ્રગટી એનું ફક્ત નિમિત્તકારણ આત્મા છે. એ પરિણતિમાં આત્મા આવ્યો નથી અને આત્માથી તે પરિણતિ થઈ નથી. એમ અશુદ્ધતા કર્મથી થઈ નથી અને અશુદ્ધતામાં કર્મ આવ્યું નથી. આહાહા..! આવો ઝીણો માર્ગ બહુ, પ્રભુ! લોકોએ બહારથી કરી નાખીને આ ઇચ્છામી પડિકમણા ઇરિયા વીહરીયા તસ્સૂતરી ... સામાયિક થઈ ગઈ. અરે..! બાપુ! એ સામાયિકના મોઢા મોટા છે, બાપા! આહાહા..! જેણે અંતર રુચિમાં... આવશે, કહેશે પછી.

આત્માનો સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવ વીતરાગભાવે થાય ત્યારે તો એને સમકિતદર્શન કહે છે. આહાહા..! સામાયિક તો હજી પછી રહી. એ ચોથી ગાથામાં કહેશે. ચોથો કળશ છે ને? એમાં કહેશે. શુદ્ધ જીવ.. એમાં આવશે. (ચોથા કળશમાં) શ્રદ્ધા કહે છે ને? '**રુચિ–શ્રદ્ધા–પ્રતીતિ કરે છે. વિવરણ–શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે.**' જુઓ! એમાં છે. '**શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે...**' છે અંદર? આહાહા..! આ બાજુમાં છે. ચોથા કળશમાં. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– વિવરણ.

ઉત્તર :– વિવરણ એ. ઝીણી વાત છે, પ્રભુ! જિનેશ્વર વીતરાગ પરમેશ્વર અરિહંતદેવ, એનું કહેલું તત્ત્વ જૈનધર્મ બહુ ઝીણો છે, ભાઈ! આહાહા..! લોકોને તો એ સત્ય શું છે એ સાંભળવા મળ્યું નથી. આહાહા..!

અહીં તો કહે છે, કે આ આત્મા જે શુદ્ધ આનંદઘન છે, ચૈતન્યરસકંદ આત્મા અનાદિઅનંત નિત્ય છે. એનો જેને પ્રત્યક્ષ અનુભવમાં સ્વાદ આવે. આહાહા..! હજી તો ત્યારે તો એને સમકિતદૃષ્ટિ–ધર્મી પહેલા દરજ્જાનો કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? અને તે પણ પ્રત્યક્ષ અનુભવની દશા એ પરિણતિ સ્વતંત્ર પોતે પોતાથી કર્તા-કર્મ થઈને થઈ છે. આહાહા..! ધર્મ થવામાં એને કર્મના અભાવને લઈને એ અપેક્ષા છે, એમ નથી. આહાહા..! તેમ જીવના પ્રત્યક્ષ અનુભવ માટે, આનંદના વેદન માટે, વ્યવહાર રાગના નિમિત્તની અપેક્ષા છે એમ પણ નથી. એ નિર્મળ ભગવાન આત્માની પવિત્રતામાં નિમિત્ત હો તો આત્મા. આહાહા..! અને અશુદ્ધતા પોતાથી થાય છે એમાં નિમિત્ત હોય તો કર્મનો પાક ઉદયમાન, બસ. આહાહા..! આવી વાતું છે. કોઈકે તો સાંભળી પણ નહિ હોય. આ તે જૈનની વાત હશે આવી? જૈન ભગવાન આવું કહેતા હશે? જૈનમાં તો ભાઈ! આ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા (એ હોય). અરે..! બાપા! એ બધી ક્રિયાકાંડ તો રાગ છે, જૈનધર્મ છે જ નહિ. તને ખબરેય નથી. આહાહા..!

અહીં **'નિમિત્રમાત્ર પણ છે. તે કોણ?' 'મોહનામ્નોऽનુભાવાત્' 'પુદ્‌ગલપિંડરૂપ આઠ કર્મોમાં મોહ એક કર્મ જાતિ છે, તેનો ઉદય અર્થાત્ વિપાક-અવસ્થા. ભાવાર્થ આમ છે–રાગાદિ-અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે,...'** શું કહે છે? આહાહા..! કે આ આત્મા પવિત્ર છું એ તો ભાન થયું છે. અને એમાં વ્યાપ્ય-વ્યાપકપણે વ્યાપક આત્મા છે અને નિર્વિકારી પર્યાય મારી વ્યાપ્ય નામ અવસ્થા છે. સમજાણું કાંઈ? ધર્મી એમ કહે છે, કે વ્યાપક આત્મા ત્રિકાળી છે અને મારી પવિત્ર પર્યાય જે નિર્મળ આનંદના સ્વાદની જે છે એ મારું વ્યાપ્ય છે, મારી અવસ્થા છે. એમ વિકારપણે પણ હું જ પરિણમ્યો છું અને વિકારી મારી અવસ્થા છે, એમ કહે છે. 'દેવીચંદજી'! આવી વાતું છે. ઘણો ઝીણો માર્ગ છે, બાપુ! એ વીતરાગનું દર્શન, એનું સમકિત શું ચીજ છે એ લોકોએ સાંભળી નથી. અને સમકિત વિના ચારિત્ર ને ફારિત્ર બધા થોથા છે. આહાહા..!

અહીંયાં કહે છે, કે એ **'રાગાદિ-અશુદ્ધ-પરિણામરૂપ જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે.'** જોયું? એ કર્મને લઈને વિકાર થયો નથી એમ કહે છે. આહાહા..! જેમ મારો ધર્મ અતીન્દ્રિય આનંદ, એનો સ્વાદ–અનુભવ જે મને આવ્યો, એ સ્વતંત્ર મારી પરિણતિ–દશા છે. આહાહા..! એમાં વ્યાપક આત્મા અને વ્યાપ્ય મારી નિર્મળ અવસ્થા, એટલી. અને મારી મલિન અવસ્થા હજી બાકી છે. હું વીતરાગ નથી થયો. એથી મલિન અવસ્થામાં વ્યાપ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યાપક પણ હું જ છું. મારી પર્યાય વ્યાપક થઈ અને વિકારી પર્યાય થઈ છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. આ તો પ્રોફેસર છે–આચાર્ય. આહાહા..! છે?

**'જીવદ્રવ્ય વ્યાપ્ય-વ્યાપકરૂપે પરિણમે છે,...'** શું કીધું ઇ? આમ તો દ્રવ્ય છે એ તો કાંઈ વ્યાપક નથી. પણ જીવની અશુદ્ધપર્યાય છે એ પોતે જ વ્યાપક છે અને પોતે જ વ્યાપ્ય છે. પણ એને જીવને વ્યાપક કહી અને વિકારી પર્યાય એની અવસ્થા વ્યાપ્ય છે એમ કહ્યું છે. નહિ તો કાંઈ જીવમાં એવી શક્તિ–ગુણ નથી, કે વિકારી પર્યાય થાય. એવો કોઈ ગુણ નથી. ભગવાન આત્મામાં તો અનંતા ગુણ પવિત્ર પડ્યા છે. પર્યાયમાં અવસ્થામાં ક્ષણિકમાં કૃત્રિમ વિભાવ અવસ્થામાં થાય છે. અંદરમાં વિકારની કોઈ શક્તિ નથી કે એ શક્તિથી જીવમાં વિકાર થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. એને શું સમજવું? ઓલું સહેલુંસટ (હતું). સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા. આ સમ્મેદશિખરની અને ગિરનારની જાત્રા (કરે). એય..! 'ધર્મચંદજી'! સમ્મેદશિખરની અને શેત્રુંજયની. લાખ જાત્રા કરને, કરોડ કરને. એ બધો વિકલ્પ અને રાગ છે, શુભરાગ છે. હોય છે. પણ જ્યારે આત્માનું ભાન અંદર છે કે હું શુદ્ધ આનંદકંદ છું, એવી દશાની ભૂમિકામાં સ્થિરતા થઈ શકતી નથી એટલે એવો રાગ આવે. પણ તેને એ બંધનું કારણ જાણે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, એ વ્યાપ્ય-વ્યાપક પરિણમે છે આત્મા. કેવી સ્વતંત્રતા કરે છે! આહાહા..! આ અનુવાદ કરનાર કેટલો સ્વતંત્ર કરે છે, કે મારી દશામાં ધર્મ પણ છે અને હજી મલિનતા પણ છે. હું કાંઈ કેવળી થયો નથી. આહાહા..! તેમ હું અજ્ઞાની નથી કે એકલી અશુદ્ધતા જ છે. આહાહા..! એટલે મારા આત્માના ત્રિકાળી આનંદના નાથમાંથી પવિત્રતા તો પર્યાયમાં આવી છે. પર્યાય સ્વતંત્ર શુદ્ધપણે પરિણમે છે છતાં એને એમાંથી આવી એમ કહેવામાં આવે છે. અને તે વખતે રાગાદિ પરિણતિમાં પણ હું જ વ્યાપ્ય-વ્યાપક છું. એટલે કર્મ મને વિકાર કરાવે છે અને હું વિકાર કરું છું એમ નથી. આહાહા..! એની પણ ક્યાં ખબર છે? શું કર્મ અને શું વિકાર? આંધળે આંધળું ખાતુ અનાદિથી ચાલ્યું જાય છે. જન્મ-મરણના ચોરાશીના ફેરા કરી કરીને મરી ગયો છે. આહાહા..!

**'પુદ્ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.'** વિકારમાં પણ આચાર્ય કહે છે, કે વિકારની પરિણતિ પણ મારે કારણે મારામાં મારાથી થઈ છે. કર્મનો ઉદય તો નિમિત્તમાત્ર, એક હાજરીમાત્ર છે, બસ. આહાહા..!

મુમુક્ષુ :– મહારાજ! વૈભાવિક શક્તિ તો છે.

ઉત્તર :– એ શક્તિ છે પણ વિભાવરૂપે કાંઈ પરિણમવું એવો એનો અર્થ નથી. વિભાવ એટલે કે વિભાવ એક ગુણ એમાં છે. બીજા ચાર દ્રવ્યમાં નથી, આમાં છે માટે (વિભાવિક કહ્યું). પણ વિભાવ એટલે વિભાવરૂપે પરિણમવું એવી શક્તિનો અર્થ નથી. વિશેષ પ્રકારનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક ગુણ છે. એ નિમિત્તાધીન થાય તો વિભાવપણે પરિણમે, સ્વભાવને આધીન થાય તો નિર્વિકારપણે પરિણમે. સમજાણું કાંઈ? આ વસ્તુ આવી છે, બાપુ! માર્ગ તો આ છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન સાક્ષાત્ પરમાત્મા તો મહાવિદેહમાં બિરાજે છે. એમની આ વાણી છે. સમજાણું કાંઈ? ભગવાન તો મહાવિદેહમાં અરિહંતપદપણે બિરાજે છે. લાખો કેવળીઓ છે, વીસ તીર્થંકરો છે. મહાવિદેહમાં એની હયાતી છે. ભરતક્ષેત્રમાં તીર્થંકરોનો, કેવળીઓનો અભાવ છે.

**'પુદ્‌ગલપિંડરૂપ મોહકર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.'** આહાહા..! **'જેમ કોઈ ધતૂરો પીવાથી ઘૂમે છે.'** ધતૂરો તો નિમિત્ત છે, કહે છે. એ ઘૂમે છે એ એની પોતાની યોગ્યતાથી ઘૂમે છે. સમજાણું કાંઈ? ધતૂરો.. છે? **'પીવાથી ઘૂમે છે, નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે.'** ધતૂરો નિમિત્તમાત્ર છે. એને ઘૂમવાનું ઉપાદાન તો એનું પોતાનું જ છે. ધતૂરો તો નિમિત્તમાત્ર છે. એમ કર્મ તો નિમિત્રમાત્ર છે. વિકાર કરનારો જીવ પોતે સ્વતંત્ર છે. મુનિ છે, આચાર્ય છે, છઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે, પ્રચુર આનંદના વેદનમાં પડ્યા છે. એ પણ કહે છે, કે અમને વિકારમાં નિમિત્તમાત્ર ચીજ છે. વિકાર અમારાથી થાય છે. આ તો લોકો કહે કે કર્મને લઈને વિકાર થાય.. કર્મને લઈને વિકાર થાય. એલા કર્મ જડ-ધૂળ છે, એ તને વિકાર કરાવે? સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કોણ? ભૂલ મેરી અધિકાઈ.' જડ કર્મ છે એ શું? એ તો જડ, માટી, ધૂળ છે. જેવી આ ધૂળ છે, એવી એ ઝીણી ધૂળ અંદર છે. એ આત્માને વિકાર કરાવે એવું ત્રણકાળમાં નથી. આહાહા..!

કહે છે, કે **'નિમિત્તમાત્ર ધતૂરાનું તેને છે. કેવું છે મોહનામક કર્મ? અશુદ્ધજીવના પરિણામ...'** આત્માના મલિન શુભાશુભ ભાવ **'જેનું કારણ છે.'** મોહકર્મ. અશુદ્ધ પરિણતિ જેનું કારણ છે. એટલે શું કહે છે એ? મોહકર્મ કહેવું છે, હોં! જેને અશુદ્ધ પરિણતિનું કારણ છે, જેનું નિમિત્ત છે. અહીં અશુદ્ધ પરિણામનું નિમિત્ત અને કર્મથી ઉપાદાન એનાથી. અને કર્મનો ઉદયનો નિમિત્ત ત્યારે અશુદ્ધ ઉપાદાનથી અહીં પર્યાય થઈ આત્મામાં. એકબીજાના નિમિત્તનિમિત્ત છે. સમજાણું કાંઈ?

**'કેવું છે મોહનામક કર્મ? અશુદ્ધ જીવના પરિણામ જેનું કારણ છે.'** કર્મને. એ કર્મ કેમ બંધાયેલું હતું? કે જેને અશુદ્ધજીવના પરિણામ નિમિત્ત હતા, નિમિત્ત. ઉપાદાન તો એનું છે. સમજાણું કાંઈ? **'ભાવાર્થ આમ છે—જીવના અશુદ્ધ પરિણામના નિમિત્તે એવો રસ લઈને મોહકર્મ બંધાય છે,...'** નિમિત્ત. જીવના પુણ્ય અને પાપના ભાવ એવા પરિણામનું નિમિત્ત, એવું નિમિત્ત લઈને મોહકર્મ બંધાય છે. **'પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે.'** ઉદય સમયે કર્મ જે બંધાણું હતું, અશુદ્ધ જીવના પરિણામથી બંધાયેલું હતું, એ ઉદય પાછા અહીં અશુદ્ધ પરિણામ કરે, એને એ ઉદય નિમિત્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું બધી હવે. એમાં કેટલી વાત યાદ રાખવી? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– આપ નક્કી કરી દ્યો એટલું યાદ રાખીએ.

ઉત્તર :– એક ક્ષણમાં ભગવાન ત્રણલોકનો નાથ... આહાહા..! એક ક્ષણમાં કેવળજ્ઞાન લે એવી તાકાતવાળો તો પ્રભુ છે. આહાહા..! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. જેવો જિન એવો આત્મા. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ. એહી વચનસે સમજલે જિન પ્રવચન કા મર્મ.' 'શ્રીમદ્'માં બીજું વાક્ય છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, કર્મ કટે જિન વચનસો તત્ત્વજ્ઞાની કો મર્મ.' 'શ્રીમદ્'માં એવો શબ્દ છે. આહાહા..!

**'પછી ઉદયસમયે નિમિત્તમાત્ર થાય છે.'** લ્યો. છેલ્લું શું કીધું? કે જે નવું મોહકર્મ બંધાય, એને પૂર્વના જીવના અશુદ્ધ પરિણામ નિમિત્ત છે અને જ્યારે કર્મનો ઉદય આવે, ત્યારે અહીં અશુદ્ધ પરિણામ જીવ કરે એમાં એ કર્મનો ઉદય નિમિત્ત છે. સમજાણું કાંઈ? 'કર્મ ન કરાવે વિકારને અને વિકાર ન કરે કર્મને.' કર્મ કર્મને લઈને થાય અને વિકાર વિકારને લઈને થાય. આહાહા..! એવી સ્વતંત્રતા છે. આહાહા..! વીતરાગ સિવાય આ ક્યાંય છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય એ વાતની ગંધ ક્યાંય નથી. એ ત્રીજો કળશ થયો.

(માલિની)

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'ते समयसारं ईक्षन्ते एव' (ते) આસન્નભવ્ય જીવો (समयसारं) શુદ્ધ જીવને (ईक्षन्ते एव) પ્રત્યક્ષપણે પામે છે. 'सपदि' થોડા જ કાળમાં. કેવો છે શુદ્ધ જીવ? 'उच्चैः परं ज्योतिः' અતિશયમાન જ્ઞાનજ્યોતિ છે. વળી કેવો છે? 'अनवम्' અનાદિસિદ્ધ છે. વળી કેવો છે? 'अनयपक्षाक्षुण्णम्' (अनयपक्ष) મિથ્યાવાદથી (अक्षुण्णम्) અખંડિત છે. ભાવાર્થ આમ છે–મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે, તોપણ તેઓ જ જૂઠા છે; આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે. હવે તે ભવ્ય જીવો શું કરતા થકા શુદ્ધ સ્વરૂપ પામે છે, તે જ કહે છે– 'ये जिनवचसि रमन्ते' (ये) આસન્નભવ્ય જીવો (जिनवचसि) દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં (रमन्ते) સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે. વિવરણ—શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે. ભાવાર્થ આમ છે—વચન પુદ્ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી; તેથી વચન**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે. કેવું છે જિનવચન ? 'उभयनयविरोधध्वंसिनि' (उभय) બે (नय) પક્ષપાતને (विरोध) પરસ્પર વૈરભાવ, [વિવરણ— એક સત્ત્વને દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ, તે જ સત્ત્વને પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે, તેથી પરસ્પર વિરોધ છે;] તેનું (ध्वंसिनि) મેટનશીલ છે. ભાવાર્થ આમ છે—બન્ને નય વિકલ્પ છે, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે, તેથી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે. વળી કેવું છે જિનવચન ? 'स्यात्पदाङ्के' (स्यात्पद) સ્યાદ્વાદ અર્થાત્ અનેકાન્ત–જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે–તે જ છે (अङ्के) ચિહ્ન જેનું, એવું છે. ભાવાર્થ આમ છે–જે કોઈ વસ્તુમાત્ર છે તે તો નિર્ભેદ છે. તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં જે કોઈ વચન બોલાય છે તે જ પક્ષરૂપ છે. કેવા છે આસન્નભવ્ય જીવ ? 'स्वयं वान्तमोहाः' (स्वयं) સહજપણે (वान्त) વમી નાખ્યું છે (मोहाः) મિથ્યાત્વ-વિપરીતપણું, એવા છે. ભાવાર્થ આમ છે–અનન્ત સંસાર જીવોને ભમતાં થકા જાય છે. તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે. તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી. ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે. વિવરણ– આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે. તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી, સહજરૂપ છે. ૪.**

ચોથો કળશ.

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।।४।।**

ઓહોહો..!

**'ખંડાન્વય સહિત અર્થ :– 'ते समयसारं ईक्षन्ते एव' 'આસન્નભવ્ય જીવો...'** આહાહા..! જેને સંસાર નીકળવાનો નિકટ છે. મોક્ષ થવાની જેને નિકટદશા છે એવો આસન્નભવ્ય. આહાહા..! સંસાર ઉતરવાના જેને કાંઠા આવી ગયા છે. આહાહા..! આસન્નભવ્ય કીધું છે ને? જેને હવે મુક્તિ નિકટ છે. આહાહા..! આ પાંચ-પચાસ લાખ પૈસા મળવા, ધૂળ મળવા એ બધા તો ધૂળ છે એમ કહે છે. એ મળે અને રાજી થાય એ તો બધા પાગલ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ તો **'આસન્નભવ્ય જીવો...'** આહાહા..! જેને મોક્ષ નિકટ છે, આસન્ન–નિકટ–છે. આહાહા..! જેને અલ્પકાળમાં અરિહંતપદ પ્રાપ્ત થવાને લાયક જીવ છે. આહાહા..! એવા **'આસન્નભવ્ય જીવો શુદ્ધજીવને...'** 'સમયસાર'ની વ્યાખ્યા. 'સમયસાર' એટલે શુદ્ધ જીવ. પુણ્ય અને પાપના વિકલ્પો મલિન છે, એનાથી ભિન્ન વસ્તુ તેને અહીં શુદ્ધ જીવ કહે છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ હો તો પણ મલિન છે. ચાહે તો દયા, દાન, વ્રત, તપ અને ભક્તિના ભાવ હો તો પણ મલિન છે. એક પુણ્યરૂપ મલિન છે અને એક પાપરૂપ મલિન છે. આહાહા..! એ બેયથી રહિત એવા **'શુદ્ધ જીવને...'** **'ईक्षन्ते'** **'પ્રત્યક્ષપણે પામે છે.'** આહાહા..! ભાષા તો જુઓ!

**'આસન્નભવ્ય જીવો...'** શુદ્ધજીવ પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગરહિત, એને આત્મા–એવો જે પવિત્ર આત્મા છે તેને પામે છે. પર્યાયમાં, અવસ્થામાં તેનો અનુભવ થાય છે. **'समयसारं ईक्षन्ते एव'** આહાહા..! **'પ્રત્યક્ષપણે પામે છે.'** આહાહા..! **'થોડા જ કાળમાં...'** **'सपदि'** છે ને? અલ્પકાળમાં પામે છે. આહાહા..! કોણ અને કેમ એ પછી કહેશે. **'કેવો છે શુદ્ધ જીવ ?'** **'उच्चैः परं ज्योतिः'** **'અતિશયમાન જ્ઞાનજ્યોતિ છે.'** આહાહા..! ભગવાન તો જ્ઞાનની જ્યોતિ અંદર છે. ચૈતન્યનું નૂરનું પૂર છે. અરે..! કેમ બેસે? કોઈ દિ' સાંભળ્યું નથી. દેહ અને રાગથી ભિન્ન ભગવાન એ ચૈતન્યના પ્રકાશનું પૂર છે. પાણીનું જેમ પૂર આવતું હોય એમ આ ચૈતન્ય પૂર અંદર આનંદનો નાથ. આહાહા..! ચૈતન્યજ્યોતિનું એ પૂર છે. આહાહા..! છે?

**'વળી કેવો છે ?'** આવા આત્માને પામે છે. કોણ એ પછી કહેશે. **'अनवम्'** **'અનાદિસિદ્ધ છે.'** ભગવાન. આત્મા કાંઈ નવો નથી. અનાદિ છે. એને કોઈએ કરેલો નથી. ઈશ્વર કોઈ કર્તા નથી. **'अनवम्'** નવો નથી, જૂનો છે, અનાદિ છે. આહાહા..! ભગવાનઆત્મા અનાદિ છે. **'अनवम्'**.

**'अनयपक्षाक्षुण्णम्'** **'મિથ્યાવાદથી...'** ખંડિત નથી. ખોટી નયથી જૂઠાપણું એમાં હોતું નથી, એમ કહે છે. અજ્ઞાનીઓ કોઈ ક્ષણિક જ આત્માને માને, કોઈ ઈશ્વરકર્તા માને, કોઈ એકલો ધ્રુવ જ માને, એવું સ્વરૂપ નથી. કોઈ નયથી ખંડિત થાય એવો આત્મા નથી. કુનયથી ખંડિત થાય એવો આત્મા નથી. છે? **'अनवम्'** કહો કે **'अनयपक्षाक्षुण्णम्'** **(अनयपक्ष)** એટલે **'મિથ્યાવાદથી...'** એટલે જૂઠી નયથી **'અખંડિત છે. ભાવાર્થ આમ છે–મિથ્યાવાદી બૌદ્ધાદિ જૂઠી કલ્પના ઘણા પ્રકારે કરે છે,...'** કોઈ કહે કે ક્ષણિક જ આત્મા છે, કોઈ કહે ધ્રુવ જ છે, કોઈ કહે પરિણમે છે, કોઈ કહે પરિણમતો નથી. એવા અનેક પ્રકારના અજ્ઞાની(ના) મતમાં, વીતરાગ સ્વભાવે જે આત્માને જોયો એનાથી વિરુદ્ધ ઘણા અભિપ્રાયો જગતમાં છે. આહાહા..! તે બધા જૂઠા છે.

**'આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે.'** એ તો જેવું છે તેવું છે. લોકો કલ્પના કરે એથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાંઈ ચીજ બીજી થઈ જાય એમ નથી. ભગવાનઆત્મા તો અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા એવી શક્તિના સાગરથી ભરેલો ભગવાન પૂર્ણ આત્મા છે. દરેકનો. આહાહા..! સમજાણું કાંઈ? આ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત કહે છે.

**'હવે તે ભવ્ય જીવો શું કરતા થકા...'** એ ભવ્ય જીવો શું કરતા થકા **'શુદ્ધ સ્વરૂપ પામે છે,...'** જોયું? ભવ્યજીવ આસન્નભવ્ય કીધા. એ શી રીતે પામે છે?

**'ये जिनवचसि रमन्ते'** આહાહા..! જિનવચનમાં રમતા. એટલે કે જિનવચન તો વાણી જડ છે. કાંઈ જડમાં રમતા આત્માનું કલ્યાણ નથી. **'આસન્નભવ્ય જીવો (जिनवचसि) દિવ્યધ્વનિ દ્વારા કહી છે...'** જોયું? ભગવાનની દિવ્યધ્વનિ. ભગવાનને ૐ ધ્વનિ ઊઠે. તીર્થંકરને આવી વાણી હોય નહિ. ૐ ધ્વનિ. હોઠ બંધ, કંઠ ધ્રૂજે નહિ. પરમાત્મા અરિહંતોને ૐ ધ્વનિ નીકળે. એને અહીંયાં દિવ્યધ્વનિ (કહે છે). દિવ્ય નામ પ્રધાન અવાજ. આહાહા..! **'દિવ્યધ્વનિ દ્વારા કહી છે...'** જિનવચનનો અર્થ કરે છે. જોયું?

ઓલા એવો અર્થ કરે છે, કે ઉભયનયમાં રમે છે તે. નિશ્ચય અને વ્યવહાર બે. નિત્ય ને અનિત્ય, એક ને અનેક... એવો અર્થ કરે છે. **'उभयनयविरोध'** પહેલો શબ્દ છે ને? **'उभयनयविरोध'** એનો અર્થ કરે છે. એવો અર્થ કરે છે. અહીં તો **'जिनवचसि रमन्ते'** વીતરાગની વાણીમાં, ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ એની વાણીમાં આ આત્મા આનંદનો નાથ, પ્રભુ! એ પુણ્ય અને પાપના મલિન પરિણામથી ભિન્ન, એ ચીજને જિનવાણીમાં ઉપાદેય આદરણીય કીધી છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને એમાં? આ બે સંસ્કૃતના પ્રોફેસરો છે. આહાહા..!

**'जिनवचसि रमन्ते'** એટલે **'દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં સાવધાનપણે...'** જોયું? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એની ૐ ધ્વનિ આવી. 'મુખ ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' ભગવાનને આવી વાણી હોય નહિ. એ તો વીતરાગ છે, સર્વજ્ઞ છે, એ તો પૂર્ણ છે. 'મુખ ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે. આગમ રચી ભવિક જીવના સંશય નિવારે.' 'બનારસીદાસ'નું વાક્ય છે, સ્તુતિનું છે. આહાહા..!

અહીં તો સારમાં સાર કહ્યું. વીતરાગે ચાર અનુયોગમાં કહ્યું છે શું? ચરણાનુયોગમાં આમ કહ્યું છે, કરણાનુયોગમાં આમ કહ્યું છે. એ બધામાં આત્મા ત્રિકાળી ધ્રુવ આદરણીય છે તે એક જ કહ્યું છે. આહાહા..! કેમ? કે ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. પરમાત્મા વીતરાગ થયા છે અને વીતરાગતા પ્રગટ કરાવવામાં ઉપદેશ છે. તો વીતરાગતા પ્રગટ થાય કેમ? ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. એ વીતરાગતા થાય કેમ? કે ત્રિકાળી આત્મા ઉપાદેય ગ્રહણ કરે તો વીતરાગતા થાય. આહાહા..! એટલે ચારે અનુયોગમાં જિનવચનમાં આ કહ્યું છે. 'દેવીચંદજી'! આહાહા..! આમ ભાષા સાદી છે. ભાષા કાંઈ બહુ આકરી નથી. પણ ભાવ તો હોય એ હોય. શું થાય? બીજા ક્યાંથી લાવે? આહાહા..!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, **'દિવ્યધ્વનિ દ્વારા...'** આહાહા..! **'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** આ પવિત્ર ભગવાન આનંદનો નાથ–પ્રભુ પોતે, એ જ સ્વીકારવા લાયક છે, એ જ સત્કાર કરવા લાયક છે. એ જ ઉપાદેય છે, એ જ આદરણીય છે. એમાં લીન થવા લાયક છે.

મુમુક્ષુ :– થોડી વાર પહેલા આપ કહેતા હતા કે આત્માને નિમિત્ત બનાવે છે.

ઉત્તર :– એ તો એમ જ વાત છે. પરિણતિ સ્વતંત્ર છે. પણ એનું લક્ષ આમ છે એથી એનું જોર આપ્યું છે. ઉપાદેય છે એમ માને છે કોણ?

મુમુક્ષુ :– પર્યાય માને છે.

ઉત્તર :– બસ. એ પર્યાયની તાકાત છે કે આખા આત્માને ઉપાદેય તરીકે સ્વીકારે છે. પર્યાયમાં આત્મા આવતો નથી. આત્મા ક્યાંથી આવે? દ્રવ્યમાં દ્રવ્ય છે અને પર્યાયમાં પર્યાય છે. પણ પર્યાયમાં આખું આત્માનું સ્વરૂપ છે એવી શ્રદ્ધા અને એનું જ્ઞાન આવી જાય છે. આહાહા..! વીતરાગનો આવો માર્ગ! આહાહા..! 'ભાખ્યો શ્રી ભગવાન'. 'સીમંધર' ભગવાન ત્યાં એ પ્રરૂપણા (ચાલે છે). મહાવિદેહમાં દિવ્યધ્વનિમાં આવે છે. 'કુંદકુંદાચાર્ય' ગયા હતા ત્યાંથી સંદેશ લઈને આવ્યા, કે ભગવાન તો આમ માર્ગ કહે છે. ભાઈ! આહાહા..!

**'उभयनयविरोधध्वंसिनि'** છે ને? એમાં બે અર્થ છે. બે નય વિરોધ છે. એટલે કોઈ એમ કહે કે નિશ્ચય પણ આદરણીય છે અને વ્યવહાર પણ આદરણીય છે. તો વિરોધ રહેતો નથી. અહીંયાં અર્થ આમ કેમ કાઢ્યો? જિનવચનમાંથી આત્મા ઉપાદેય છે એમ કેમ કાઢ્યું? કે ઉભયનય બે નય વિરુદ્ધ છે. નિશ્ચય અને વ્યવહાર બે નયનો વિરોધ છે. નિશ્ચય જેને ઉપાદેય કહે, વ્યવહારનય તેને હેય કહે. રાગને નિશ્ચય હેય કહે, વ્યવહારને ઉપાદેય માનનાર મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચયને ઉપાદેય માનનારો સમકિતી છે. વ્યવહાર છે ખરો. પણ એ જાણવાલાયક છે.

અહીં બીજું કહેવું હતું, હોં! શું કહેવું હતું? કે ભગવાનની વાણીમાં, જિનવચનમાં આત્મા ઉપાદેય કહ્યો એટલે શું? કે જિનવચનમાં વીતરાગતાનું વર્ણન છે અને વીતરાગતા એ આત્મા ત્રિકાળીને અવલંબે પ્રગટે છે. એથી જિનવચનમાં આત્માને ઉપાદેય કીધો છે. સમજાણું કાંઈ આમાં? કારણ કે બે નય તો વિરુદ્ધ છે. જ્યારે નિશ્ચયથી કહીએ તો સ્વરૂપ ત્રિકાળી છે એ ઉપાદેય છે, વ્યવહારથી કહીએ તો અશુદ્ધતા છે તે હેય છે. ત્યારે બે નયની વિરુદ્ધતા રહે છે અને બેય આદરણીય છે તો વિરુદ્ધતા રહેતી નથી. નયની વિરુદ્ધતા રહેતી નથી, નયનું સ્વરૂપ રહેતું નથી. 'ચેતનજી'! ભાઈ! આ તો **'जिनवचसि रमन्ते'** કાઢ્યું કેમ? એમાંથી આ કેમ કાઢ્યું? **'उभयनयविरोध'** છે. આહાહા..!

નિશ્ચયનય અને વ્યવહાર. નિશ્ચયનય છે એ ત્રિકાળીને આદરણીય માને છે અને વ્યવહારનય વર્તમાન અશુદ્ધતા છે તેને જાણે છે એટલું છે. આદરવાનું નથી. આદરણીય નથી. આદરણીય નથી, તો જિનવચનમાં ત્રિકાળી સ્વરૂપ છે એ આદરણીય છે એની પ્રરૂપણા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરી છે. સમજાણું કાંઈ? આહાહા..! જિનવચન **'દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** જ્યારે વ્યવહાર અને નિશ્ચય બે વિરુદ્ધ છે, ત્યારે વ્યવહાર છે એ એક સમયની પર્યાયને અને રાગને જાણે છે. જ્યારે એનાથી વિરુદ્ધ નિશ્ચય છે એ ત્રિકાળીને જાણે છે. એટલે એને ત્રિકાળીને ઉપાદેય કરીને જિનવચનમાં નિશ્ચયને જ ઉપાદેય કીધો. એમ કહેવામાં આવ્યું છે. ભાઈ! સમજાણું આમાં?

વ્યવહારને હેય કહેવો છે. કારણ કે આ બે વિરુદ્ધ છે ને? તેથી હેયની વાત ન લેતા, વિરોધ નય છે. નિશ્ચયનય જે છે, તે વ્યવહારથી વિરુદ્ધ છે. એટલે કે ત્રિકાળીને ઉપાદેય માનનારા તે નિશ્ચય છે. એ જિનવચનમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું. 'દિલીપ'! આ વાતું કાંઈ 'કલકત્તા'માં તારા બાપ પાસે મળે એવું નથી. પૈસા, પૈસાની બધી વાતું કરે. આહાહા..!

અહીં કહે છે, **'उभयनयविरोधध्वंसिनि'** એમાં જિનવચનમાં આત્મા ઉપાદેય એમ કેમ કહ્યું આમાં? પાઠ તો આવો છે **'उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के'** તો એમ કહ્યું, કે ભગવાન કહે છે, કે ભાઈ! નિશ્ચય છે એ સ્વનો આશ્રય લે છે અને વ્યવહારને પરનો આશ્રય છે. એ બે વિરોધ છે. એથી પરનો આશ્રય છે એ તો હેય છે. ત્યારે હવે ઉપાદેય કોણ છે? કે જે સ્વનો આશ્રય જે ત્રિકાળી ભગવાનઆત્મા તે ઉપાદેય છે. એટલે જિનવાણીમાં નિશ્ચયને જ ઉપાદેય આ રીતે કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ? અરે..રે..! આવી વાતું હવે. એ મારગડા જુદા, ભાઈ! વીતરાગના માર્ગ એ ભવના અંત આવે એવો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :– વીતરાગી વચનો જ એનું નામ.

ઉત્તર :– એનું નામ વીતરાગીવચન. એટલે વીતરાગી ભાવ. વાણી તો વાણી વાચક છે, વીતરાગી ભાવ.

વીતરાગી ભાવ એટલે? કે પર તરફના લક્ષવાળો વ્યવહાર છે તે હેય છે. ત્યારે બે નયનો વિરોધ છે. તો એનાથી જે આ બાજુ છે. નિશ્ચય શુદ્ધ ચૈતન્ય ઉપાદેય છે એ વીતરાગભાવ એમાં ઉત્પન્ન થાય છે. માટે તે જ ઉપાદેય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'બાબુભાઈ'! આવું ઝીણું છે. ભાગ્યશાળીને તો કાને પડે એવું છે. આહાહા..! આ દુનિયાના ભાગ્યશાળી નહિ, હોં! એ બધા ધૂળશાળી. પાંચ-પચાસ કરોડ પૈસા અને ધૂળ કરોડ બધા. ભાગ્યશાળી એટલે ધૂળશાળી. આહાહા..! આ વીતરાગની વાણી તો જુઓ! 'દીપચંદજી'!

**'उभयनयविरोधध्वंसिनि' 'जिनवचसि रमन्ते'** જિનવચનમાં વીતરાગતા કહી છે. અને વીતરાગતા તે ત્રિકાળીના આશ્રયે ઉત્પન્ન થાય છે. તેથી વ્યવહારનો નિષેધ કરીને... આ જ્યારે ઉપાદેય છે ત્યારે ઓલો નિષેધ છે. એટલે બેનો વિરોધ પણ નક્કી થઈ ગયો. નિષેધ છે આ, ઉપાદેય ત્રિકાળી ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઆનંદઘન, પુણ્ય-પાપ, શુભાશુભ વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગથી રહિત એ જિનવચનમાં એને આદરણીય કહેવામાં આવ્યો છે. આહાહા..! એ સમકિતી ત્રિકાળી જીવને આદરે છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી તો ધર્મની પહેલી શરૂઆતવાળો. **'जिनवचसि रमन्ते'** વીતરાગભાવ પ્રગટ કરવા આત્મામાં રમે છે. એ ઉપાદેય ગ્રહણ કરે છે.

**'ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ તેમાં સાવધાનપણે...'** પાછી ભાષા.. **'रमन्ते'** છે ને? **'સાવધાનપણે રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે.'** એટલે? **'શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે...'** લ્યો. આ એનો સાર છે. વીતરાગ એ કહેવા માગે છે કે ત્રિકાળી આનંદનો નાથ, પ્રભુ! એનો અનુભવ કર. તને આનંદ આવશે. ત્યારે તને ધર્મ થશે. છે? **'શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.'** આમ શ્રદ્ધા-રુચિ-પ્રતીતિની લોકો વાતું કરે. શ્રદ્ધા છે અમારે. પણ એ નહિ. આ અનુભવ કરવો એનું નામ શ્રદ્ધા-પ્રતીતિ અને રુચિ છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ ૩, શનિવાર તા. ૦૪.૦૬.૧૯૭૭
## કળશ - ૪ - ૫, પ્રવચન - ૬

'કળશ ટીકા' ચોથો કળશ છે ને? અહીં સુધી આવ્યું, જુઓ!

**'जिनवचसि रमन्ते'** એનો અર્થ થઈ ગયો છે. **'આસન્નભવ્ય જીવો...'** વચમાં છે? જેને સંસાર તદ્દન અંતનો કાળ છે એવા નજીક જીવો આસન્નભવ્ય જીવો. આહાહા..! નીચે અર્થ કરશે ને. કાળ પહોંચવાનો કાળ છે. કાળલબ્ધિ કહેશે. **'जिनवचसि' 'દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ...'** ભગવાનની વાણીમાં દિવ્યધ્વનિ દ્વારા આ આત્મા અંતર જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર જેનો સ્વભાવ છે. જેની સત્તાથી જાણવું થાય છે, જેના હોવાપણાથી જાણવું થાય છે. આહાહા..! એવો જાણનાર જે ભગવાનઆત્મા ત્રિકાળી જે શુદ્ધ ધ્રુવ, જિનવચનમાં એને ઉપાદેય કીધો, આદરણીય કીધો. એ વસ્તુ આદરવાલાયક છે. બીજા જ્ઞાનીને રાગાદિ હોય. એ પછી કહેશે. પણ એ બધા હેય છે. વ્યવહાર હેય છે ને. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્ર સંબંધી પરલક્ષી જ્ઞાનનો વિકલ્પ, એ બધા પણ હેય છે.

આ વાંધા છે ને. વ્યવહારથી થાય. વ્યવહાર હોય છે. જ્ઞાનીને વ્યવહાર હોય તો છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હોય છે. ચારિત્રવંત હોય તો પંચ મહાવ્રત હોય છે. અમથું સમ્યગ્દષ્ટિને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પ્રભાવના એવો ભાવ તો આવે છે.

મુમુક્ષુ :– એને આપ ધર્મ કહેતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તર :– કાલે જૈનદર્શનમાં આવ્યું છે ને? ભાઈ 'જગનમોહનલાલજી'એ લખ્યું ને? વ્યવહાર હેય છે. એવું લખાણ લખ્યું છે. જોકે છેલ્લે થોડું એવું લખ્યું, એ એણે લક્ષમાં ન લીધું. એટલે એવી રીતે લખ્યું છે, કે આ પૈસા બોલાવે છે. એમ કે 'સોનગઢ'માંથી પૈસા આપ્યા એમને. એથી આ વ્યવહારને હેય તરીકે કહે છે. કહો, હવે... અહીંની સત્ય વાત જે બેસે, જે કહે એ બધી વાત જાણે પૈસા દીધા માટે (કહે છે). આહાહા..! પ્રભુ! કેટલી અવળાઈ. એ જૈનદર્શન આવ્યું છે. વાંચ્યું છે? ઠીક.

અહીંયાં તો જિનવચનમાં નિશ્ચય અને વ્યવહાર બે નય તો છે. નથી એમ નહિ. પછી તો કહેશે વ્યવહાર તો ઠેઠ સુધી હોય છે. પણ એ આલંબન તરીકે વ્યવહાર કહેવાય છે એમ પણ કહેશે. પણ આશ્રય કરવા લાયક નથી, હિતકર નથી. હિતનું સાધન, કારણ તો ભગવાનઆત્મા, એ જાણકસ્વભાવ જે જાણકસ્વભાવ, એ જાણકસ્વભાવની સત્તા, એવો જે શુદ્ધ ચૈતન્ય આત્મા, એને વીતરાગની વાણીમાં, એને આદર કરવો, ઉપાદેય કરવો એમ કહ્યું છે. છે?

**'તેમાં સાવધાનપણે...' 'रमन्ते'** ની વ્યાખ્યા કરી. સાવધાનપણે. એટલે કે મોહના અભાવથી. જે પરમાં સાવધાન હતો એ તો મોહ હતો. પોતામાં સાવધાનપણે. મોહરહિત આત્માના સ્વભાવમાં સાવધાનપણે **'રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ કરે છે.'** જ્ઞાયકભાવ એવો સ્વભાવભાવ, એની જે કોઈ રુચિ કરે છે, એની પ્રતીતિ કરે છે, એની શ્રદ્ધા કરે છે. એનું વિવરણ, એ ત્રણનું વિવરણ. શ્રદ્ધા-પ્રતીતિ અને રુચિનો વાસ્તવિક અર્થ શું? કે **'શુદ્ધ જીવવસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે છે...'** આહાહા..! અંદર જે શુદ્ધ જીવ ત્રિકાળી જીવ વસ્તુ, એનો પ્રત્યક્ષપણે એટલે કે મન અને રાગના અવલંબન વિના સીધો આત્માના આનંદનો પ્રત્યક્ષ અનુભવ કરે છે, એનું નામ જીવને ઉપાદેય કહેવામાં આવ્યો છે. આહાહા..! આવી વાતું. કેટલો સરસ અર્થ કર્યો છે.

**'તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.'** એકલી શ્રદ્ધા કરે કે આ આત્મા છે, એની રુચિ કરે, પ્રતીતિ કરે. પણ એનો અર્થ એ. જાણકસ્વભાવ એવું ચૈતન્યતત્ત્વ, એને પ્રત્યક્ષ સ્વસંવેદન. જ્ઞાનને જ્ઞાન દ્વારા વેદન (કરે) એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. 'દિલીપ'! ઝીણું બહુ, ઝીણું. આહાહા..! એને પહેલી ઓળખાણ તો કરવી પડશે ને? વસ્તુસ્થિતિ આ છે. એનું જ્ઞાન જ જ્યાં સાચુ નથી, ત્યાં તો એને ઉગરવાના કોઈ રસ્તા જ નથી. આહાહા..! કહે છે, **'તેનું નામ રુચિ-શ્રદ્ધા-પ્રતીતિ છે.'**

**'ભાવાર્થ આમ છે—વચન પુદ્‌ગલ છે,...'** પાઠમાં એમ આવ્યું ને? **'जिनवचसि रमन्ते' 'વચન તો પુદ્‌ગલ છે, તેની રુચિ કરતાં સ્વરૂપની પ્રાપ્તિ નથી;...'** પુદ્‌ગલની રુચિ કરતા કાંઈ સ્વરૂપની પ્રાપ્તિ નથી. **'તેથી વચન દ્વારા કહેવામાં આવે છે...'** વચન દ્વારા કહેવામાં આવે છે. **'જે કોઈ ઉપાદેય વસ્તુ,...'** આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ,

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેની સન્મુખપણું એનું નામ ઉપાદેય છે. **'તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે.'** ફળ પ્રાપ્તિ એટલે સુખ જોવે છે એ સુખની પ્રાપ્તિ ત્યાં છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવને અનુભવતા દુઃખની પ્રાપ્તિ છે. 'ધર્મચંદજી'! આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ નિત્ય, એનો અનુભવ કરતા સુખની પ્રાપ્તિ છે અને જીવોનું ધ્યેય પણ સુખની પ્રાપ્તિ છે. સુખ જોઈએ છે. દુઃખ જોતું નથી અને સુખ જોઈએ છે. તો એ સુખનું ફળ સ્વનો અનુભવ કરતાં સુખપ્રાપ્તિ થાય છે. આહાહા..! આવો માર્ગ! ઓલો કહે, વ્યવહાર કરતા કરતા થાય એમ કહો. પંડિતજી! એમ કહે છે. અહીં તો ના પાડે છે. વ્યવહાર હોય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પરાશ્રિત વ્યવહાર એ આગળ કહેશે. પાંચમા કળશમાં ખૂબ કહેશે.

**'તેથી વચન દ્વારા કહેવામાં આવે છે જે કોઈ ઉપાદેય વસ્તુ, તેનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે. કેવું છે જિનવચન ?' 'उभयनयविरोधध्वंसिनि' 'બે પક્ષપાતને પરસ્પર વૈરભાવ,...'** છે. બેમાં વિરોધ છે. એક નય કહે છે, કે આત્મા નિત્ય છે. એક નય કહે છે કે અનિત્ય છે, એક કહે છે, કે શુદ્ધ છે, એક નય કહે છે, પર્યાયમાં અશુદ્ધ છે, એક કહે છે કે અભેદ છે, બીજી કહે છે કે ભેદ છે. એક કહે છે કે એક છે, બીજી નય કહે છે કે અનેક છે. સમજાણું?

**'એક સત્ત્વને દ્રવ્યાર્થિકનય દ્રવ્યરૂપ, તે જ સત્ત્વને પર્યાયાર્થિકનય પર્યાયરૂપ કહે છે,...'** વસ્તુ તો એની એ છે. એને ત્રિકાળીની અપેક્ષાએ દ્રવ્યરૂપ કહે છે અને વર્તમાન દશાની અપેક્ષાએ પર્યાયરૂપ કહે છે. બે તો વિરોધ થયો. જે નય દ્રવ્યને કહે છે એનાથી જે નય પર્યાયને કહે છે એ વિરોધ થયો. **'विरोधध्वंसिनि'** આહાહા..! **'તેથી પરસ્પર વિરોધ છે; તેનું મેટનશીલ છે.'** કોણ? જિનવાણી, જિનવચન. જિનવચન તેનો વિરોધ મટાડવાના સ્વભાવવાળું છે. કારણ કે તે અપેક્ષાથી કહે છે. ત્રિકાળ છે તેને દ્રવ્ય કહે અને વર્તમાનને પર્યાય કહે, એ બેય અપેક્ષાથી કહે છે. એ સ્યાદ્વાદ, અનેકાંત એનું સ્વરૂપ છે, એવું જિનવચન કહે છે. એ જિનવચન વિરોધનું **'મેટનશીલ છે.'** જોયું? મટાડવાના સ્વભાવવાળું જિનવચન છે એમ કહે છે. આહાહા..! દ્રવ્યદૃષ્ટિએ પોતે ત્રિકાળી છે, પર્યાયદૃષ્ટિએ વર્તમાન પર્યાય છે. એ જિનવચન સ્યાત્ ત્રિકાળની અપેક્ષાએ નિત્ય અને વર્તમાનની અપેક્ષાએ પર્યાય, એમ જિનવચન વિરોધનું **'મેટનશીલ છે.'** વિરોધને મટાડવાના સ્વભાવવાળી જિનવાણી છે. આહાહા..! સમજાણું? છે ને? સામે છે કે નહિ?

**'બન્ને નય વિકલ્પ છે,...'** હવે અહીં એમ કહે છે. આત્મા દ્રવ્યે ત્રિકાળી નિત્ય છે અને વર્તમાન અવસ્થાથી અનિત્ય છે. એ બેયને અહીં તો ભેદરૂપ કહીને વિકલ્પ કહ્યો. ભેદરૂપ વિકલ્પ છે એમ કહ્યું. આહાહા..! **'શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ નિર્વિકલ્પ છે,...'** અને એ ભગવાનઆત્મા શુદ્ધજીવસ્વરૂપ, સ્વરૂપ એનું પવિત્ર ત્રિકાળી, એનો જે અનુભવ, એ નિર્વિકલ્પ છે. એમાં વિકલ્પ, રાગ નથી. શું કીધું ઇ? નિશ્ચયનયથી ત્રિકાળથી દ્રવ્ય છે, વસ્તુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે ત્રિકાળી એ પણ એક વિકલ્પ છે, પક્ષની અપેક્ષાએ રાગનો અંશ ભેગો છે. અને પર્યાય છે એ પણ એક રાગનો અંશ છે. અને અનુભવ છે એ તો નિર્વિકલ્પ છે. આ બે નયોની અપેક્ષાથી કહેવું એ તો એક રાગના ભાગનું અંતર અવલંબન છે. માટે સવિકલ્પ છે અને અનુભવ કરવો એ નિર્વિકલ્પ છે. આહાહા..! આવી વાતું હવે.

**'તેથી શુદ્ધ જીવવસ્તુનો અનુભવ થતાં બંને નયવિકલ્પ જૂઠા છે.'** એટલે? દ્રવ્યે નિત્ય છે એ જૂઠું છે એમ નહિ. પર્યાયે અનિત્ય છે એ જૂઠું છે એમ નહિ, પણ એનો જે વિકલ્પ છે, ભેદ પાડીને વિચારે છે એ વિકલ્પ છે એ જૂઠો છે. સમજાણું કાંઈ? અનુભવ તો ત્રિકાળીનો થાય છે અને પર્યાયમાં અનુભવ થાય છે. ત્રિકાળી દ્રવ્યનો અનુભવ પર્યાયમાં થાય છે. એ પર્યાય પોતે અહીં તો અત્યારે નિર્વિકલ્પ છે. અનુભવ નિર્વિકલ્પ છે. જૈનમાર્ગ આવો કઠણ. એને કોઈ બીજો સહેલો રસ્તો હશે? સહેલો બીજો કોઈ. માર્ગ તો આ છે એમાં સહેલો કોને કહેવો? સહેલો સમજ્યાને? અમારે સહેલો તો રાખને સહેલ કહે છે. આહાહા..!

**'કેવું છે જિનવચન ?'** **'स्यात्पदाङ्के (स्यात्पद)'** **'સ્યાદ્વાદ અર્થાત્ એકાન્ત–જેનું સ્વરૂપ પાછળ કહ્યું છે—'** કહેવાઈ ગયું. આત્મા સત્તાથી, અભેદથી જુઓ તો દ્રવ્યરૂપ છે અને એ સત્તાને ભેદથી જુઓ તો ગુણરૂપ છે. પહેલા અનેકાન્તમાં આવી ગયું છે. ત્રીજે પાને. ત્રીજી લીટી. **'જે કોઈ સત્તાસ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય-ગુણાત્મક છે, તેમાં જે સત્તા અભેદપણે દ્રવ્યરૂપ કહેવાય છે તે જ સત્તા ભેદપણે ગુણરૂપ કહેવાય છે; આનું નામ અનેકાન્ત છે.'** ત્રીજા પાને પહેલી લીટી. ત્રીજા પાને પહેલી બે-ત્રણ લીટી. છે?

**'ભાવાર્થ આમ છે–જે કોઈ વસ્તુમાત્ર છે તે તો નિર્ભેદ છે.'** વસ્તુ જે છે એમાં કાંઈ ભેદ નથી. કેમ કે પર્યાય ત્રિકાળને જોવે એમાં ભેદ ક્યાં રહે? વસ્તુમાત્ર અભેદ છે. દ્રવ્ય પર્યાય પણ અભેદ છે. જુદી પાડે તો ભેદ થાય. આમ તો અભેદ વસ્તુ છે. **'તે વસ્તુમાત્ર વચન દ્વારા કહેતાં જે કોઈ વચન બોલાય છે તે જ પક્ષરૂપ છે.'** કથનમાં આવે, કે હું દ્રવ્ય છું. એ પણ એક પક્ષ થઈ ગયો. વિકલ્પ. પર્યાય છું. એવો પણ એક રાગ-વિકલ્પ થયો. આહાહા..! અહીં સુધીના પક્ષને પણ રાગ કહે છે. રાગ કોને કહેવો એની વ્યાખ્યા કઠણ. આ બાયડી, છોકરા, કુટુંબ, ધંધા ઉપર રાગ એ રાગ. એ તો અશુભરાગની વાત છે.

અહીંયાં તો આત્મા દ્રવ્ય છે, વસ્તુ છે. એવી એક વિકલ્પની વૃત્તિ ઊઠે છે એ પણ એક રાગ છે. કારણ કે વસ્તુ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. એમાં વૃત્તિનું ઉત્થાન એના સ્વરૂપમાં છે નહિ. આહાહા..! ઉત્થાન એટલે ઉત્પન્ન થવું. હું દ્રવ્ય છું, પર્યાય છું એવો જે વિકલ્પ છે એ કાંઈ વસ્તુના સ્વરૂપમાં નથી. કારણ કે વસ્તુ બોલાય તે પક્ષરૂપ છે.

**'કેવા છે આસન્નભવ્ય જીવ ?'** **'स्वयं वान्तमोहाः'** આહાહા..! **'સહજપણે...'** **'स्वयं'** એટલે **'સહજપણે...'** **'वान्त'** એટલે **'વમી નાખ્યું છે મિથ્યાત્વ-વિપરીતપણું,...'** આહાહા..! કેવી ભાષા લીધી છે! **'વમી નાખ્યું છે.'** જેમ માણસ વમી નાખે એ ફરીને ન લે. ઇ વમન કૂતરા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખાય. એમ જેણે મિથ્યાત્વને છોડી દીધું છે. વસ્તુ જે હું અખંડાનંદ પ્રભુ છું એવો અનુભવ થતાં મિથ્યાત્વનો-ભ્રાંતિનો નાશ થઈ ગયો છે. એ મિથ્યાત્વને વમી નાખ્યું છે. આહાહા..! વમી કહેવાનો અર્થ, કે વમન કર્યું. એ એંઠ ફરીને લે નહિ. આહાહા..! **'स्वयं वान्तमोहाः' 'સહજપણે વમી નાખ્યું છે મિથ્યાત્વ એટલે વિપરીતપણું,...'** **'मोहाः'** ની વ્યાખ્યા આટલી કરી. તદ્દન રાગ-દ્વેષનો નાશ એમ નહિ. મિથ્યાત્વનો નાશ. હવે જરી ઝીણી વાત આવે છે.

**'ભાવાર્થ આમ છે–અનંત સંસાર જીવોને ભમતાં થકા જાય છે.'** ચાર ગતિમાં રખડતા અનંત સંસાર અનંત કાળ જાય છે. આહાહા..! આ ભવ, એ પહેલા ભવ... એ પહેલા ભવ.. એ પહેલા ભવ... એ પહેલા ભવ... એમ ભવની રાશ આમ અનંત થઈ ગઈ. કોઈ અનંતકાળમાં ભવ વિનાનો રહ્યો નથી. આહાહા..! એવો ભવભ્રમણ કરતા અનંતકાળ જાય છે. ઓહોહો..! નરક ને નિગોદ. કૂતરા ને કાગડા ને કીડીયું... આહાહા..! એવા એવા પરિભ્રમણ ભવ કરતા તો અનંતકાળ જાય છે. પરિભ્રમણ કરતા અનંતકાળ ગયો, કહે છે. આહાહા..!

**'અનંત સંસાર જીવોને ભમતાં થકા જાય છે.'** આહાહા..! **'તે સંસારી જીવ...'** અહીં શબ્દ અહીં લીધો છે. **'અનંત સંસાર જીવોને ભમતાં થકાં જાય છે.'** રખડતા-રખડતા. અનેક ભવો. માણસપણું પણ અનંતવાર મળ્યું છે. એને ખોઈ બેઠો. ઢોરમાં પણ ગયો અને નરકમાં પણ ગયો. **'અનંત સંસાર જીવોને ભમતાં...'** જાય છે. રખડતા જાય છે. આહાહા..! **'તે સંસારી જીવ એક ભવ્યરાશિ છે, એક અભવ્યરાશિ છે.'** એક ભવ્યનો ઢગલો છે. રાશિ છે ને? ભવ્યરાશિ છે. જે યોગ્યતા મોક્ષને લાયક માટે, એવી આ ભવ્યરાશિ છે. રાશિ એટલે ઢગલો. એક અભવ્યરાશિ છે.

**'તેમાં અભવ્યરાશિ જીવ ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી.'** આહાહા..! અભવ્યજીવ છે. કોરડુ મગ જેવા. કોરડુ મગ થાય ને? મઠ, અડદ. કોરડુને શું કહે છે? નહિ ચડે એવા. શું કહે છે એને? કોરડુ. આ મગ-મઠ અંદરથી ન ચડે એવા હોય છે ને? એની ખબર નથી? કહો! મગ, અડદ, મઠ. બધા કોરડુ. પાણીમાં બફાય નહિ એવા હોય છે કેટલાક. થોડા હોય છે. નવા હોય ત્યારે હજી ઘણા ન ચડે એવા હોય પણ એમાં કાંઈ બધા ન ચડે એવા ન હોય. વળી જુના થાય ત્યાર પછી કેટલાક બહુ થોડા રહે. કોરડુ એને કહે છે. તમારે શું કીધું? ગોરડું? એવા અભવીજીવો કોરડુ મગ જેવા છે. કોરડુ મગને લાખ પાણીમાં નાખો છતાં બફાય નહિ. ભરડે ભૂકો થાય, ઘંટલે ભૂકો થાય પણ બફાય નહિ. એવા અભવીજીવની અનંત રાશિ છે, કે જે ચાર ગતિમાં ભરડે ભૂકો થાય. એવી ક્રિયાકાંડ કરે કે નવમી ગ્રૈવેયકે જાય અને એવી પાપની ક્રિયા કરે કે નિગોદમાં અંદર સાતમી નરકે જાય. પણ એની કોઈ દિ' મુક્તિ થાય નહિ. આહાહા..! **'ત્રણે કાળ મોક્ષ જવાને અધિકારી નથી.'**

**'ભવ્ય જીવોમાં...'** હવે ભવ્યના પણ બે પ્રકાર છે. આહાહા..! ભવ્ય એટલે મોક્ષ જવાને લાયક. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થવાને લાયક. એમાં **'કેટલાક જીવો મોક્ષ જવાને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**યોગ્ય છે.**' ભવ્યમાં કેટલાક જીવો તો મુક્તિ થવાને લાયક છે. '**તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે.**' આ ઓલા 'રતનચંદજી'ને નથી બેસતું. તમારા 'રતનચંદજી' છે ને? 'મુખત્યાર'. 'સહરાનપુર'. એ કહે, નહિ. અર્ધપુદ્‌ગલ નહિ... અર્ધપુદ્‌ગલ નહિ. જ્યારે કરે ત્યારે અર્ધપુદ્‌ગલ કહેવાય. એમ કહે છે. જૂઠી વાત છે. એ વાત અહીં સિદ્ધ કરે છે. '**તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે.**' કેટલાક જીવો, ભવ્ય જીવો મોક્ષ જવાને લાયક છે. એમાં પણ એને પહોંચવાનું કાળનું માપ છે.

મુમુક્ષુ :– નિશ્ચિત છે.

ઉત્તર :– આમાં વિવરણ કહે છે.

'**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે...**' આ જીવ. છે? '**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' આહાહા..! કેવળજ્ઞાનમાં એની નોંધ છે. માણસ નથી કહેતા, કે ભાઈ! નોંધમાં મારું નામ છે કે નહિ? એમ આ ભવ્યજીવમાં કેટલાક મોક્ષ જવાને લાયક છે. એનું પણ કાળનું માપ છે. કેવળજ્ઞાનમાં એની નોંધ છે. આહાહા..! '**તે જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તનમાત્ર રહે છે...**' આ શબ્દ છે. એની ના પાડે છે. અર્ધપુદ્‌ગલ, એને સુધારવા માગતા હતા. પછી બંધ રાખ્યું છે. પોતાની દૃષ્ટિએ. કારણ કે અર્ધપુદ્‌ગલ સંસાર રહે ત્યારે પામે, એમ કહે છે. એ કહે, નહિ. પામે ત્યારે સંસાર અર્ધપુદ્‌ગલ થઈ જાય, એમ કહે છે. એટલે આ એને વિરુદ્ધ લાગે છે.

'**અર્ધપુદ્‌ગલપરાવર્તનમાત્ર રહે છે ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે.**' કાળલબ્ધિનું મુખ્યપણું બતાવ્યું છે. અત્યારે મુખ્યપણું બતાવ્યું. '**આનું નામ કાળલબ્ધિ કહેવાય છે.**' અર્ધપુદ્‌ગલપરાવર્તનમાં પણ અનંત ચોવીશી જાય. અનંત તીર્થંકરો થાય. અર્ધપુદ્‌ગપરાવર્તનમાં એક પુદ્‌ગલના અનંતમાં ભાગમાં અનંતી ચોવીશી જાય. આહાહા..! એવું અર્ધપુદ્‌ગલપરાવર્તનના કાળનું માપ છે, ત્યારે એ સમકિત પામે. ત્યારે એ સમકિત ઊપજવાને યોગ્ય છે. '**આનું નામ કાળલબ્ધિ કહેવાય છે.**'

'**યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે...**' સમકિતરૂપે પરિણમે છે તો આત્મા પોતે. '**તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી...**' કાળલબ્ધિનું મુખ્યપણું સ્થાપ્યું છે. અને હું તો એને પહેલેથી (સંવત) ૧૯૭૨ની સાલથી કહ્યું છે, કે ભાઈ! કાળલબ્ધિ આ છે ખરી. પણ કોને જ્ઞાન થાય? ઓલી તો એકલી ધારણા થઈ. પણ જેને સમ્યગ્દર્શન... આ જગતમાં સર્વજ્ઞ છે. તે દિ' ૧૯૭૨ની સાલમાં એ પ્રશ્ન ચાલ્યો હતો. ૬૧ વર્ષ (પહેલા). ૬૦ અને ૧ વર્ષ. મોટો પ્રશ્ન સંપ્રદાયમાં થયો, કે સર્વજ્ઞે દીઠું એમ થશે આપણે શું પુરુષાર્થ કરીએ? કેવળીએ દીઠું એમ થશે. કીધું, કેવળી છે જગતમાં સર્વજ્ઞ છે.

એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક જ્ઞાનગુણની એક પર્યાય ત્રણકાળ, ત્રણલોકને

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે, અનંતા કેવળીને જાણે. એવી એક સમયની પર્યાયની સત્તા–હોવાપણું જગતમાં છે. એ કોને બેસે? કીધું. જેને જ્ઞાન સ્વભાવમાં ભગવાન બેસે એને એ બેસે. જ્ઞાન સ્વભાવમાં કેવળજ્ઞાન આવું છે. એક સમયનું ત્રણકાળ, ત્રણલોક (જાણે). એ તો બધું આપણે બપોરે-રાત્રે સ્તવનમાં ચાલે છે. કેવળજ્ઞાનનો જ મહિમા (ચાલે છે). આહાહા..! જેની પર્યાયમાં જ્ઞાનનો સ્વભાવ જ્યાં પૂર્ણ ખીલી ગયો છે. જેની શક્તિમાં તો પૂર્ણ કેવળજ્ઞાન હતું. કેમ કે આત્મા પોતે સર્વજ્ઞશક્તિવાળું તત્ત્વ છે. અભવી હોય તોપણ સર્વજ્ઞ શક્તિવાળું તત્ત્વ છે. અભવીને પણ સર્વજ્ઞગુણ પડ્યો છે. આહાહા..!

એ (સંવત) ૧૯૮૫ની સાલમાં કહ્યું હતું ને? એક જણ સાથે ચર્ચા થઈ. એક 'મોહનલાલજી' હતા. એ કહે કે અભવીને ત્રણ આવરણ હોય. મતિ, શ્રુત અને અવધિ. મનઃપર્યાય અને કેવળ બે આવરણ ન હોય. આ ૧૯૮૫ની સાલમાં ચર્ચા ચાલી. ૪૮ વર્ષ થયા. ૫૦માં બે વર્ષ ઓછા. કીધું, એમ નથી. અભવીને પાંચ આવરણ છે. મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યય, કેવળજ્ઞાન આવરણ છે. અભવીને પાંચેય આવરણ છે. એનો અર્થ થયો કે કેવળજ્ઞાનાવરણી છે. તો શક્તિમાં કેવળજ્ઞાન છે, એનું આવરણ નિમિત્તરૂપે છે. ન્યાય સમજાય છે?

મુમુક્ષુ :– એ તો બધામાં છે.

ઉત્તર :– બધામાં છે. પણ બેસે ત્યારે ને? આહાહા..! જગતમાં સર્વજ્ઞ પર્યાય (છે). અત્યારે આ બધા વાંધા ઉઠ્યા છે ને? સર્વજ્ઞ.. સર્વજ્ઞ. 'મહેન્દ્રભાઈ' સર્વજ્ઞમાં નહોતા માનતા. 'મહેન્દ્ર' ઓલા પંડિત હતા ને. ન્યાયાચાર્ય. આહાહા..!

મુમુક્ષુ :– નિયતવાદ થઈ જાય છે.

ઉત્તર :– નિયતવાદ શેમાં? સર્વજ્ઞમાં? સર્વજ્ઞમાં પુરુષાર્થ આવે છે. સ્વભાવ સર્વજ્ઞગુણ તરફ ઢળવાનો. આ જગતમાં સર્વજ્ઞ પરમેશ્વર છે એવી સત્તાનો સ્વીકાર કરવા જ્યાં જાય છે. છે એનો સ્વીકાર કરવા જાય છે. તેથી તો 'પ્રવચનસાર'ની ૮૦મી ગાથામાં કહ્યું, **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** અરિહંતની પર્યાય જે કેવળજ્ઞાન જાણે, એ આત્માને જાણે અને મોહનો નાશ થાય જ. ૮૦ ગાથા. તે દિ' તો ક્યાંય વાંચ્યું છે જ ક્યાં? 'પ્રવચનસાર' તો ૧૯૭૮ની સાલમાં આવ્યું અને આ તો ૧૯૭૨ની સાલની વાત છે.

જેને સર્વજ્ઞ પર્યાય જગતમાં છે, એવું જેને જ્ઞાનમાં બેસે. ભગવાને એના ભવ ભાળ્યા નથી. એને ભવ હોય નહિ. મોટી ચર્ચા ચાલી હતી. ૧૯૭૨-૭૨ની સાલ. ૬૧ વર્ષ પહેલા. એમાંથી ને એમાંથી એક હતા. 'રોચકાવાળા' 'ઉજમશી' 'બોટાદ'માં રહેતા. પછી તમે મુંડાવીને શું કરવા બેઠા છો? કેવળજ્ઞાનીએ દીઠું ત્યારે (થશે). અંદર ને અંદર તકરાર ચાલી. હું તો સાંભળતો હતો. આહાહા..!

જેને આ જ્ઞાનસ્વભાવ તો ત્રિકાળ વસ્તુ પ્રભુ છે. એની એક સમયની વર્તમાન દશામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય છે, જાણવું એનો સ્વભાવ જ છે. એ જાણવું કોને ન જાણે? એ જાણવાની દશાને હદ અને પરિમિતતા હોય નહિ, મર્યાદા ન હોય. અસીમા. આહાહા..! ત્રણકાળ, ત્રણલોક (જાણે). અને એમ ન જાણે તો એક આત્મા ત્રિકાળ છે એને પણ એ જાણતો નથી. આત્મા ત્રિકાળી છે કે નહિ? અનાદિ-અનંત, પર્યાય અનાદિ-અનંત. એકને જાણે તો અનંતને જાણે. અંદર ત્રિકાળી થઈ ગયો. આહાહા..! એને ત્યારે કાળલબ્ધિનું જ્ઞાન થાય છે, એમ કહ્યું હતું. આ તો કાળલબ્ધિ ધારણારૂપે કીધી. પણ કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? કે અંતર જ્ઞાનસ્વરૂપમાં અનુભવમાં દૃષ્ટિ જાય, ત્યારે આ કાળે ધર્મ થયો એવી કાળલબ્ધિનું જ્ઞાન એને સાચું થાય. પંડિતજી! આહાહા..! આ તો ૫૦ વર્ષ પહેલાની વાતું છે.

મુમુક્ષુ :– દ્રવ્યસંગ્રહમાં આ..

ઉત્તર :– 'દ્રવ્યસંગ્રહ'માં વળી એ ૧૯૮૪ની સાલ. એ ૧૯૮૪ની સાલમાં.. આ ૧૯૭૨ની સાલમાં છે. ૧૯૮૪ની સાલમાં વાંચન ચાલતું હતું. એમાં 'દ્રવ્યસંગ્રહ' હું એક કોર વાંચતો હતો. ૧૯૮૪ની સાલ. એને કેટલા થયા ૪૯ વર્ષ. ૧૯૮૪ની સાલ. કાળ નિમિત્ત છે પણ હેય છે. 'દામનગર'માં. ૧૯૮૪ની સાલમાં 'રાણપર' ચોમાસુ જવું હતું. એ પહેલા 'જીવરાજજી' અને 'દામોદરશેઠ' બે વાતું કરતા હતા. આને જરી ભરમાવા માટે. એમ કે એ તો જે કાળે જે થવાનું હોય તે થાય, તે કાળે ૨૪ તીર્થંકર થાય, ફલાણું થાય, ઢીકણું થાય. બધી વાત સાચી. પણ થાય એની શ્રદ્ધા કોને? કે વાતું જ કરવી છે એને? જે કાળે જે થશે તે થશે. પણ તેનો નિર્ણય કરે કોણ? એનો નિર્ણય, જ્ઞાનસ્વભાવ સન્મુખ થયા વિના એનો નિર્ણય સાચો થાય નહિ. ક્રમબદ્ધનો કહો કે કાળલબ્ધિનો કહો.

દરેક દ્રવ્ય ક્રમબદ્ધ છે. જે સમયે જે પર્યાય જ્યાં (થવાની છે તે તેનો જન્મક્ષણ છે). 'પ્રવચનસાર'ની ૧૦૨ ગાથામાં છે. જન્મક્ષણ. છએ દ્રવ્યની પર્યાય ઉત્પત્તિની ઉત્પત્તિનો કાળ છે. જન્મક્ષણ. જન્મઉત્પત્તિનો. તે સમયે તે પર્યાય તે કાળે થાય. છએ દ્રવ્યમાં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવો જે ક્રમબદ્ધ અને જન્મક્ષણનો નિર્ણય કરવા જાય ત્યારે એનું લક્ષ પર્યાય ઉપર ન રહે. અંદર દ્રવ્યસ્વભાવ ઉપર જાય ત્યારે તેને ક્રમબદ્ધનો અને તે તે ક્ષણે ઉત્પન્ન થવાના કાળનું જ્ઞાન ત્યારે જ તેને સાચું થાય. પંડિતજી! ઝીણી વાત.

મુમુક્ષુ :– આપે જ ખુલાસો કર્યો હતો.

ઉત્તર :– ત્યારે તો અંદરથી આવ્યું હતું. ૧૯૭૨ ની સાલ. ઘણી તકરાર થઈ હતી. એક દિ' તો સંપ્રદાય છોડી દીધો. 'હીરાજી મહારાજ' ગુરુ હતા. શાંત, કષાય મંદ બહુ. જ્યારે હું નીકળ્યો ત્યારે એટલું કહ્યું, આ શ્રદ્ધા નડે નહિ, હોં! 'કાનજી'! એ તો મૂર્તિને ન માને એટલે. મૂર્તિ માને શ્રદ્ધા નડે. મેં કીધું, મૂળ વાંધા જ આમાં છે. મૂર્તિ-ફૂર્તિ પછી રહી ગઈ. આહાહા..!

જેને આત્મા એક સમયની પર્યાય કેવળજ્ઞાન જાણે એવું બહારમાં થાય. પણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળજ્ઞાનની સત્તાના સ્વીકારવાળાને એ દીઠું એવું થાય એની શ્રદ્ધા હોય ને? સમજાય છે? એની શ્રદ્ધા થતા તો સ્વ તરફ સન્મુખ થાય ત્યારે થાય. એ વખતે સન્મુખનો એટલો પ્રશ્ન નહોતો પણ જ્ઞાનમાં આ વાત એને બેસે છે, એમ હતું. જેના જ્ઞાનમાં સર્વજ્ઞ છે એમ વાત બેસે છે એને ભવ ન હોય. એક-બે ભવ હોય એ જાણવાલાયક છે. આ તો ૧૯૭૨ની સાલ. કેટલા વર્ષ? જન્મ્યા પહેલા. એય..! 'દિલીપ'! તું તો ક્યાંય ઓલા ભવમાં હોઈશ. આહાહા..! આ કાળલબ્ધિની મોટી તકરાર. એ તો પહેલેથી ૧૯૭૨ની સાલથી ચાલતી હતી.

૧૯૭૧ની સાલથી કર્મનું ચાલતું હતું. કર્મને લઈને વિકાર થાય, કર્મને લઈને વિકાર થાય. જ્ઞાનાવરણીને લઈને જ્ઞાન હણાય, એ ખોટી વાત છે, કીધું. વિકાર અને અલ્પજ્ઞતાના પરિણમનનો પોતાનો કાળ છે તો પોતે પોતાથી થાય છે. કર્મ તો નિમિત્તમાત્ર ચીજ છે. પંડિતજી! છે? સ્વતંત્ર છે. આહાહા..!

અહીંયાં કાળલબ્ધિ કીધી છે એ એક વસ્તુ છે, પણ તે કાળલબ્ધિના કાળમાં પાંચે સમવાય સાથે હોય છે. સમજાણું કાંઈ? પાંચે સમવાય એટલે? જુઓ! જીવ જ્ઞાયકસ્વરૂપ છે જેનો સ્વભાવ અને જેને એક સમયની પર્યાયમાં ત્રણ કાળ જણાય છે એવો પર્યાયનો સ્વભાવ. એ સ્વભાવનો નિર્ણય કરતા પોતાનો જ્ઞાયક સ્વભાવ છે એનો નિર્ણય થાય છે. એટલે સ્વભાવ આવ્યો? એના તરફનો પુરુષાર્થ છે એ પુરુષાર્થ આવ્યો, એ જ કાળે તે થવાનું છે એટલે કાળ આવ્યો. તે જ કાળે તે ભાવનું ભવિતવ્ય છે એટલે ભાવ આવ્યો. અને તે જ કાળે કર્મના નિમિત્તનો અભાવ છે, એ પણ નિમિત્ત આવ્યું. એક જ સમયમાં પાંચે છે. આહાહા..! ઝીણું પડે એવું છે.

અહીંયાં કહે છે, **'આનું નામ કાળલબ્ધિ કહેવાય છે.'** જોયું? **'ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. (અર્ધપુદ્ગલ) આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમનને યોગ્ય નથી એવો નિયમ છે.'**

મુમુક્ષુ :- કરોડો ઉપાય બધા ખોટા હોય.

ઉત્તર :- એ પણ હોય જ તે. કાળલબ્ધિની સાથે પાંચે સમવાય હોય જ. અહીં તો જ્ઞાન કરવાની વાત છે ને? ન જાણે એ વાત અહીં છે જ નહિ. આહાહા..!

**'આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી,...'** 'પ્રવચનસાર'માં જ્યાં જ્યાં જુઓ ત્યાં પુરુષાર્થ... પુરુષાર્થ... પુરુષાર્થ... હું સમકિત તો પામ્યો છું પણ હજી રાગ ચોર છે માટે કડ બાંધીને પુરુષાર્થ (કરું છું). આવે છે ને? રાગને છેદવા માટે બરાબર કમર બાંધીને બેઠો છું. પુરુષાર્થથી. આહાહા..! સમજાણું કાંઈ? પુરુષાર્થ તો ત્યાં છે જ. કાળલબ્ધિના કાળમાં પુરુષાર્થ તો છે જ. ટીકાકાર 'રાજમલે' અહીંયાં કાળલબ્ધિની મુખ્યતા કરી છે. એ ચોથો કળશ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(માલિની)

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।
तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

ખંડાન્વય સહિત અર્થ :– 'व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्' (व्यवहरणनयः) જેટલું કથન. તેનું વિવરણ—જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે. તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક (-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે. આટલું કહેવાનું નામ વ્યવહાર છે. અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે. ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. (हस्तावलम्बः) જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ–'જીવનું લક્ષણ ચેતના' એટલું કહેતાં પુદ્ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે. તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે. વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે? 'प्राक्पदव्यामिह निहितपदानां' (इह) વિદ્યમાન એવી જે (प्राक्पदव्याम्) જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં (निहितपदानां) નિહિત-સ્થાપેલ છે પદ-સર્વસ્વ જેમણે એવા છે. ભાવાર્થ આમ છે–જે કોઈ સહજપણે અજ્ઞાની છે, જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે, તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે. 'हन्त तदपि एषः न किश्चित्' જોકે વ્યવહારનય હસ્તાવલમ્બ છે તોપણ કાંઈ નથી, 'નોંધ' (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે. તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે? 'चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां' (चित्) ચેતના (चमत्कार) પ્રકાશ (मात्रं) એટલી જ છે (अर्थं) શુદ્ધ જીવવસ્તુ, તેને (अन्तःपश्यतां) પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવાર્થ આમ છે—વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે. કેવી છે વસ્તુ? 'परमं' ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે. વળી કેવી છે વસ્તુ? 'परविरहितं' (पर) દ્રવ્યકર્મ-નોકર્મ-ભાવકર્મથી (विरहितं) ભિન્ન છે. ૫.

---

હવે પાંચમો કળશ.

व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-
मिह निहितपदानां हन्त हस्तावलम्बः।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

तदपि परममर्थं चिच्चमत्कारमात्रं
परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।

આહાહા..! **'व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्' (व्यवहरणनयः)' 'જેટલું કથન.'** આ એની વ્યાખ્યા. વ્યવહારનયનો અર્થ કથન. કથન. ભેદ પાડીને કરવું એ કથનમાત્ર છે. આહાહા..! **'તેનું વિવરણ—જીવવસ્તુ નિર્વિકલ્પ છે.'** ભગવાનઆત્મા તો અખંડ અભેદ ચીજ છે. એમાં કોઈ ભેદ પણ નથી અને રાગ પણ નથી. **'તે તો જ્ઞાનગોચર છે.'** ભગવાનઆત્મા તો જ્ઞાનગમ્ય છે. અંદર જાણવાના જ્ઞાનને ગમ્ય છે. રાગ અને વિકલ્પને ગમ્ય આત્મા નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત. એકાંત તાણીને બેસે. ભગવાને દીઠું એ થશે, આપણે પુરુષાર્થ શું કરી શકીએ? માટે સર્વજ્ઞને ઉડાવો. સર્વજ્ઞ છે નહિ. કારણ કે ત્યાં નિયત થઈ જાય છે. એમ કહીને ઉડાવે છે. બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..!

સર્વજ્ઞ તો અનંત છે, સિદ્ધ અનંત સર્વજ્ઞ છે, લાખો કેવળીઓ છે. વીસ તીર્થંકરો કેવળી પરમાત્મા બિરાજે છે અને તેના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક હસ્તામલકની પેઠે જણાય છે. હાથમાં જેમ આમળો જણાય એમ જણાય છે. અને જગતની બધી અવસ્થાઓ ક્રમબદ્ધ થાય છે. છએ દ્રવ્યની. એક પછી એક પછી એક પછી એક. જે થવાને કાળે તે થાય છે. એ બધું ભગવાને... ગઈ અવસ્થાઓને જાણે, નથી થઈ એને પણ વર્તમાન પ્રત્યક્ષ જાણે છે. ભવિષ્યની પર્યાય અત્યારે દ્રવ્યમાં નથી. છતાં ભવિષ્યમાં થશે તેને વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. આહાહા..! આ જ્ઞાનસ્વભાવ.

'ઋષભદેવ' ભગવાન સમકિત સહિત, ત્રણ જ્ઞાન સહિત ૮૩ લાખ પૂર્વ રહ્યા. ચારિત્ર નહોતું. રાગ હતો, વિકાર હતો, સ્ત્રીઓ હતી, રાજપાટ (હતા). તીર્થંકર જેવાને સમકિત સહિતમાં ૮૩ લાખ પૂર્વ ચારિત્ર ન આવ્યું. એટલે કોઈ કહે કે, સમકિત હોય એને ચારિત્ર તરત આવવું જ જોઈએ, (એમ નથી). આવે પણ તરત જ આવે એમ નહિ. તીર્થંકર જેવાને ૮૩ લાખ પૂર્વ. આહાહા..!

'ભરત' ચક્રવર્તીને પણ ૭૭ લાખ પૂર્વ તો ચક્રવર્તીપદમાં ગયા. છ લાખ પૂર્વ પછી ચક્રવર્તીપદમાં ગયા. ૭૭ લાખ ગૃહસ્થાશ્રમમાં. ચક્રવર્તીપદ સિવાય. પછી (કેવળ) પામ્યા. આહાહા..! ચારિત્ર છે એ તો અંતરમાં સમ્યગ્દર્શન થયા પછી અંતરમાં જમવટ, આનંદમાં રમણ, અતીન્દ્રિય આનંદમાં રમણતા એનું નામ ચારિત્ર છે. ચારિત્ર કોઈ આ બાહ્ય ક્રિયાકાંડ અને પંચ મહાવ્રત એ કોઈ ચારિત્ર નથી.

અહીં કહે છે, જીવનું ભાન થયું હોય, સમકિત થયું. ક્ષાયિક સમકિત (હોય) તો (પણ) કરોડો અબજો વર્ષ સુધી ચારિત્ર ન હોય. ચારિત્ર ન હોય માટે એને સમકિત, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ નથી એમ નથી. સમજાણું કાંઈ? એ સ્વરૂપાચરણની ના પાડે છે. 'રતનચંદજી'. સ્વરૂપાચરણ ચોથે (ગુણસ્થાને) નથી. અનંતાનુબંધીનો અભાવ થયો એટલું

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આચરણ સ્વરૂપ નથી. ભાઈમાં લખ્યું છે. 'સિદ્ધાંત પ્રવેશિકા' 'ગોપાળદાસ બરૈયા'. ઘણે ઠેકાણે છે. વસ્તુ થઈ છે તેમાં સ્થિરતાનો અંશ (છે). અનંતાનુબંધી ગયો એટલે એ તો સ્વરૂપની સ્થિરતા છે. એનું ચારિત્ર નામ ન અપાય. ચારિત્ર તો જ્યારે પંચમ અને છઠ્ઠું ગુણસ્થાન થાય ત્યારે. અંદર શાંતિ શાંતિ વધી જાય ત્યારે ચારિત્ર નામ અપાય. સ્વરૂપાચરણ ચારિત્ર તો ચોથે ગુણસ્થાને હોય છે. આહાહા..! એ એની ના પાડે છે. શું થાય? શું કહે છે? વગર ઢોરનું.. શું? વગર ભરવાડે શું કહે છે? ઢોર. ધણી વિનાના ઢોર. ક્યાં ઢોર જાય? ધણી હોય તો ખ્યાલ આપે કે આ બાજુ ન નીકળવું, આમ નીકળવું. આ ધણી વિનાના ઢોર. કેવળજ્ઞાની પરમાત્માના વિરહ પડ્યા. એના સત્ય નિર્ણય કોની પાસે કબુલ કરાવવા? આહા..! એવી વાત છે.

**'જીવવસ્તુ નિર્વિકલ્પ છે. તે તો જ્ઞાનગોચર છે.'** એ તો જ્ઞાનથી જણાય એવી ચીજ છે. કોઈ ક્રિયાકાંડથી, વ્રત, નિયમ અને વિકલ્પથી જણાય એવી ચીજ નથી. **'તે જ જીવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.'** જુઓ! ભેદ પાડ્યો. જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ગુણ. એટલું તો એને ભેદ પાડ્યા વિના સમજાવી શકાય જ નહિ. એટલો તો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. છતાં એ વ્યવહાર આદરણીય નથી, હેય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ. જો કોઈ બહુ સાધિક...'** સાધિક એટલે **'(-અધિક બુદ્ધિમાન) હોય તોપણ આમ જ કહેવું પડે.'** એમાંથી બીજો કોઈ ઉપાય નથી. બહુ ટૂંકું લેવું હોય તો ૧૦મી ગાથામાં એમ કહ્યું, જ્ઞાન તે આત્મા. પહેલા વળી આટલું (લીધું), દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એમ ૮મી ગાથામાં લીધું. ૧૦મી ગાથામાં કહ્યું, આ જ્ઞાન તે આત્મા. એટલો તો ભેદ પાડ્યા વિના સમજાવાય નહિ. એટલો તો વ્યવહાર વચમાં આવ્યા વિના રહેતો નથી. પણ એ વ્યવહાર તો હેય છે. આહાહા..! આવું કામ. વાતે વાતે ફેર પડે. વસ્તુને જે રીતે છે એ રીતે ન સમજે તો તો ઘણો ફેર પડી જાય. આહાહા..!

**'આટલું કહેવાનું નામ વ્યવહાર છે.'** છે? શું કહ્યું? કે આ આત્મા નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ છે, પણ એને ભેદ પાડીને કહેવું, કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે આત્મા. છે ને? **'દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.'** એટલો ભેદ પાડીને કહેવું એનું નામ વ્યવહાર.

મુમુક્ષુ :– મોક્ષમાર્ગનો વ્યવહાર.

ઉત્તર :– એ અહીં નથી. આ તો આ વ્યવહાર હેય છે એ વાત અત્યારે (ચાલે છે).

**'અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે.'** વસ્તુ તો એકરૂપ જ્ઞાયકઘન, ચૈતન્યઘન, જ્ઞાનનો પિંડ-પુંજ પ્રભુ છે. એમાં આવા ભેદ ઊપજાવવા એ તો અયુક્ત છે. વસ્તુ તો નિર્વિકલ્પ અભેદ છે. શંકા કરે છે. **'તેમાં વિકલ્પ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**ઊપજાવવો અયુક્ત છે.'**

**'ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે.'** જોયું? એનું ફળ પુણ્ય અને વિકલ્પ છે, પણ આવ્યા વિના રહેતું નથી. ૧૧મી ગાથામાં કીધું ને? કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. એમ જૈનવચનમાં ઘણું કહ્યું છે. શુદ્ધનયનું હસ્તાવલમ્બ જાણી વ્યવહારનું ઘણું કથન છે પણ એનું ફળ સંસાર છે. 'સમયસાર'ની ૧૧મી ગાથાનો ભાવાર્થ. 'જયચંદ્રજી'નો ભાવાર્થ છે. આહાહા..!

**'વ્યવહારનય હસ્તાવલમ્બ છે.'** ત્યાં હસ્તાવલમ્બ શબ્દ વાપર્યો છે. **'જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે.'** એટલું તો એ નિમિત્ત છે, હોં! **'તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.'** તદ્દન અજ્ઞાની હોય એને સમજાવવું હોય તો આ વિના કોઈ ઉપાય નથી. જ્ઞાન તે આત્મા. ૮મી ગાથામાં કહ્યું ને? આત્મા. ઓલો સાંભળનારો આત્મા સાંભળીને ટક-ટક જોવે છે. ત્યારે ગુરુ અર્થ કરે છે, કે દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા પ્રાપ્ત થાય તે આત્મા. એટલો વ્યવહાર કર્યો. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એટલા ભેદથી સમજાવ્યું. બીજો કોઈ ઉપાય નથી. ભેદ કથનથી સમજાવ્યું છતાં કહેનારને ભેદ અનુસરવા લાયક નથી, તેમ સાંભળનારને ભેદ અનુસરવા લાયક નથી એમ ત્યાં પાઠ છે. ૮મી ગાથા. વ્યવહાર આવે ખરો, પણ અનુસરવા લાયક નથી. આહાહા..! આવું બધું લાંબુ કેટલું સાંભળવું?

જ્ઞાન ઊપજવાનું એટલે? તદ્દન અજ્ઞાની છે એને એટલું કહેવાય, કે જો આ જ્ઞાન તે આત્મા. એમ એટલું આ છે. બીજે ઠેકાણે એવું પણ લીધું છે, કે સવિકલ્પ હોય એને વ્યવહાર આવે. નિર્વિકલ્પ હોય એને વ્યવહાર (નથી). એવો એમાં અર્થ લીધો છે. **'વ્યવહારનય હસ્તાવલમ્બ છે. જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ–'જીવનું લક્ષણ ચેતના' એટલું કહેતાં...'** લ્યો. જુઓ! આવ્યું. ત્રણે કાઢી નાખ્યા. કાઢી નાખ્યું. ત્યાં જે ત્રણ હતા તે એક કર્યું.

**'જીવનું લક્ષણ ચેતના...'** ચેતન જે આત્મા, એનું લક્ષણ ચેતના, ચેતવું, જાણવું, દેખવું. જાણવું-દેખવું જેની ભૂમિકામાં છે એ ચેતના. એ ચેતના એ ચેતન આત્માનું લક્ષણ છે. આટલું ભેદ કથન આવ્યું એ વ્યવહાર. **'જીવનું લક્ષણ ચેતના એટલું કહેતાં પુદ્ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.'** જોયું? જડથી ભગવાન જુદો છે એવી પ્રતીતિ ઊપજે છે. લ્યો. **'તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.'** કથન આવે, આવ્યા વિના રહે નહિ. **'વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે?'** હવે વ્યવહારનય નિમિત્તપણે આવે છે એ કેવા છે એની વ્યાખ્યા કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જ્યેષ્ઠ વદ ૪, રવિવાર તા.૦૫.૦૬.૧૯૭૭
## કળશ - ૫, પ્રવચન - ૭

જીવ અધિકાર. પાંચમો શ્લોક છે.

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हन्त हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्।।५।।**

થોડો સૂક્ષ્મ વિષય છે. વ્યવહારનયનો અર્થ અહીંયાં **'જેટલું કથન.'** અર્થ છે? ભેદથી કથન કરવું એ વ્યવહારનય છે. એ વ્યવહારનય આવે છે પણ આદરણીય નથી. આહાહા..! વ્યવહારનો અર્થ જેટલું કથન, બસ. ભેદ પાડીને સમજાવવું, કહેવું એ બધો વ્યવહાર છે. પણ એ વ્યવહાર આશ્રય કરવા લાયક નથી. આહાહા..! આદરણીય નથી. એ માટે કહેશે **'हन्त'**. ખેદ છે કે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. સમજાવવા માટે વ્યવહાર કથન આવે છે. અહીંયા બે અર્થ કરશે. પહેલા અજ્ઞાનીને પણ... ૮મી ગાથામાં કહ્યું ને? અહીંયાં આપણે આવી ગઈ ૮મી ગાથા. આત્મા. સ્વસ્તિ. બ્રાહ્મણે કહ્યું સ્વસ્તિ. સાંભળનાર સ્વસ્તિનો અર્થ સમજ્યો નહિ. તો સ્વસ્તિ કહેનારને ટક ટક જોવે છે. શું કહે છે? શું કહે છે? અનાદર નથી કરતો. ન સમજે તો અનાદર નથી કરતો. સ્વસ્તિ, બ્રાહ્મણે કહ્યું. આ શું કહે છે? તો એણે કહ્યું સ્વ-અસ્તિ. તારું સ્વરૂપ જે ધ્રુવ ચૈતન્ય છે અસ્તિ, એનું કલ્યાણ થાઓ. એનો એવો અર્થ છે. તો એવો અર્થ સાંભળીને એને હરખ થયો. આ તો દૃષ્ટાંત છે.

સિદ્ધાંતમાં વ્યવહારનયના પક્ષવાળો જીવ. એવો શબ્દ લીધો છે. ભાઈ! આપણે આવી ગયું ને? 'ચંદુભાઈ'! વ્યવહારનયવાળો જીવ આવ્યો, તો એને ગુરુએ કહ્યું. આત્મા. એવો શબ્દ આવ્યો છે. ૮મી ગાથા. તો એ આત્મા કહેતા સાંભળનારને અનાદર ન થયો. શું કહે છે આ? પણ આ શું કહે છે એવી સમજવાની જિજ્ઞાસાથી ટક-ટક જોવે છે. આ શું અર્થ કરે છે? આ શું કહે છે? એવા તો લાયક વ્યવહારનયવાળા અજ્ઞાની જીવની એટલી લાયકાત હોય એ સાંભળવાને લાયક છે એમ કહે છે. ભાઈ! આહાહા..! આત્મા કહ્યો. પંડિતજી! આત્મા કહ્યો. ૮મી ગાથામાં છે. તો સાંભળીને, શું કહે છે? શું કહે છે? બસ. સમજવાની જિજ્ઞાસાથી એની સામું ટક-ટક, ટક-ટક જોઈ રહ્યો છે. તો એનો અર્થ કર્યો, કે ભાઈ! આત્મા કહ્યો, એ દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા પ્રાપ્ત હોય (એ આત્મા). આ વ્યવહાર કહ્યો. છ દ્રવ્ય કે એવી કોઈ વાત લીધી નથી. કારણ કે સારમાં સાર તો આત્મા છે. એનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુભવ કરવો છે. તો છ દ્રવ્ય શબ્દ ન લેતા પહેલા આત્મા શબ્દ લીધો. સાંભળનાર આત્માનો અર્થ સમજવાની જિજ્ઞાસા રાખે છે. આ આત્મા શું? આત્મા-આત્મા શું કરે છે? એવો અનાદર-અવજ્ઞા નહોતી. તો ગુરુએ એનો અર્થ કર્યો. કહેનારે કહ્યો અથવા બીજાએ કહ્યો. ૮મી ગાથામાં એવા બે અર્થ છે ને? છે. બધી ખબર છે.

આત્મા એને કહીએ, કે કાયમ હંમેશાં દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. એ આત્માનો અર્થ કર્યો. આ પણ વ્યવહાર. ભેદ પાડીને કહ્યું કે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય, પ્રાપ્ત હોય. એમ પાછું. એકલો આત્મા એમ નહિ. આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદને પ્રાપ્ત હોય. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત હોય. એ ત્રણ પણ હજી ભેદ છે, વ્યવહાર છે, મેચક છે, મેલ છે. ૧૬મી ગાથામાં આવ્યું છે. ત્રણપણે કહેવું, જાણવું એ પણ વ્યવહાર છે. ઝીણી વાત છે, ભગવાન! દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશાં પ્રાપ્ત હોય એ આત્મા. એટલો વ્યવહાર કહ્યો. પણ એ વ્યવહાર કહેનારને પણ અનુકરણીય નથી, અનુસરણીય નથી અને સાંભળનારને પણ અનુસરણીય નથી. ત્યાં એવો પાઠ લીધો. ૮મી ગાથા. વ્યવહાર આવે છે. ત્યાં તો અજ્ઞાનીને લીધા છે.

અહીંયાં બે અર્થ લીધા છે. આ ટીકા છે એ અજ્ઞાનીને લે છે. પણ એનો અર્થ જરી 'ફૂલચંદજી'એ કર્યો છે. 'ફૂલચંદજી'. તો **'प्राक्पदव्या'** જે છે ને? **'प्राक्पदव्या'** ત્રીજો શબ્દ. તો **'प्राक्पदव्या'** નામ અર્વાચિન પદ. અર્વાચિન નામ સવિકલ્પ દશા, એમ લીધું છે. જ્યારે અનુભૂતિમાં ન હોય અને જ્યારે સવિકલ્પ દશામાં હોય ત્યારે તેને વ્યવહાર આવે છે. સવિકલ્પ દશા એ જ વ્યવહાર છે. અને વિકલ્પ છોડીને અનુભૂતિ કરવી એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? બે અર્થ થયા. એક પહેલા બિલકુલ નથી સમજતા. અહીંયાં એ લેશે. એને સમજાવવા માટે ભેદ પાડીને કહે એ વ્યવહાર છે. વ્યવહાર આવે છે પણ અનુસરણ કરવા લાયક નથી. સાંભળનારને પણ આત્મા અખંડ આનંદકંદ છે, ત્યાં અનુભવ કરવાલાયક અને દૃષ્ટિ કરવાલાયક છે. આહાહા..! અને કહેનારા છે. વ્યવહારમાં તો આવ્યા છે, કહેનાર વિકલ્પમાં આવીને બતાવે છે પણ એણે વિકલ્પમાં રહેવું, અનુસરણ કરવું એમ નથી. આહાહા..! આ વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા.

અહીં કહે છે, કે વ્યવહારનય તો કથન છે. 'જ્ઞાનચંદજી'! કથન. એ ભેદ પાડીને સમજાવવું, કહેવું એ બધું કથનમાત્ર છે. એ વસ્તુ સ્વરૂપ નથી. આહાહા..! વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ વ્યવહારમાં આવતું નથી. આહાહા..! વ્યવહાર તો ભેદ કથન કરતો આવે છે કે આ રાગ, એ રાગ છોડવો. એ તો વળી નાસ્તિ થઈ. દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરવું એ પણ ભેદ થયો. એકરૂપ, ત્રણરૂપે થવું એ પણ ભેદ થયો, વ્યવહાર થયો. તો વ્યવહાર આવે છે. હસ્તાવલમ્બ. હાથમાં ટેકો લેવા લાયક નિમિત્ત. પણ એ આદરણીય નથી, આશ્રય કરવાલાયક નથી. કહેનાર અને સાંભળનાર બન્નેને આશ્રય કરવા લાયક નથી. એ ૮મી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથામાં છે. સમજાણું કાંઈ? વ્યવહાર કથન. બસ. ટીકાકારે વ્યવહારનયનો અર્થ જ એટલો કર્યો–કથન. ભેદ પાડીને કથન કરવું એ જ વ્યવહાર. બસ. એ તો કથન છે. અનુભવ કરવા માટે એ કથન વ્યવહાર કાંઈ કામ કરતું નથી. આહાહા..!

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં પોતાની શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ ચીજ છે, એ ઉપર દૃષ્ટિ કરીને અનુભવ કરવો એ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની એ ચીજ છે. એ વ્યવહાર સમ્યગ્દર્શન પામવાની ચીજ નથી. આહાહા..! એ તો કથનમાત્ર કહીને... સર્વથા અજ્ઞાની હોય તો દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દર્શન-જ્ઞાન-ચારિત્ર ભેદ કરીને સમજાવવું અને જ્ઞાની હોય તો સવિકલ્પ દશામાં એ વ્યવહાર આવે છે. પણ છે હેય. આ વાત છે. આ મોટા ઝઘડા. હજી પંડિતોમાં આ ઝઘડા ચાલે છે ને? 'જગનમોહનલાલજી'એ થોડો વ્યવહારનું નાખ્યું છે. વ્યવહાર હેય છે. આવ્યું હતું. વ્યવહાર હેય છે આવ્યું છે. જોકે છેલ્લે પછી ગડબડ કરી છે. છેલ્લી બે-ત્રણ લીટીમાં. બધું જોયું છે ને. વ્યવહાર હેય છે, શુદ્ધ ઉપાદેય છે, અશુદ્ધતા આદરણીય નથી, એનાથી શુદ્ધતા થતી નથી. એવું ઘણું લખ્યું છે. પછી છેલ્લે બે-ત્રણ લીટી લખી છે, કે વ્યવહારથી, શુભયોગથી નિશ્ચય થાય છે. તો એની હમણાં ટીકા કરી, કે એ પૈસા બોલે છે. એમ કે એ પંડિતોને 'સોનગઢ'થી પૈસા મળ્યા છે. એવો અર્થ લાગે છે. પૈસા બોલે છે એવી ભાષા છે. જૈનદર્શનમાં છે. એમ કે એને કાંઈક પૈસા મળ્યા લાગે છે. પંડિતજી! તો એ પૈસા બોલાવે છે કે વ્યવહાર હેય છે. અરે..! ભગવાન! એવું કોઈ પણ પ્રત્યે, વ્યક્તિ પ્રત્યે, પંડિતો પ્રત્યે એવો આક્ષેપ કરવો, પૈસા લે છે માટે આમ બોલે છે, એ કંઈ સજ્જનને શોભે છે? એમ ન શોભે, પ્રભુ! વ્યવહાર હેય છે એ તો અહીં આવ્યું, જુઓને! વ્યવહાર તો કથનમાત્ર છે. એમાં કાંઈ માલ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આક્ષેપ કરવો એ વ્યવહારીજનનો વ્યવહાર નથી.

ઉત્તર :– એવું ન હોઈ શકે. ભગવાન છે આત્મા, બાપુ! પરમાત્મા તો કહે છે, સર્વે જીવા, સર્વે કાળ, લોકાલોક સર્વ લોકમાં પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા છે, એવી તારી ભાવના હોવી જોઈએ. 'પરમાત્મપ્રકાશ'માં છેલ્લે છે અને 'સમયસાર નાટક'માં સંસ્કૃતમાં બંધ અધિકારમાં આવ્યું છે. 'સમયસાર'માં બંધ અધિકારમાં આ આવ્યું છે. મોટો શબ્દ છે અને 'પરમાત્મપ્રકાશ'માં પૂરું થઈને છેલ્લે આવ્યું છે. ઘણી મોટી વાત કીધી.

મુમુક્ષુ :– ડૉક્ટર સાહેબને મોઢે યાદ છે.

ઉત્તર :– આણે મોઢે કર્યું છે. એ બોલતા હતા. 'ચંદુભાઈ'એ મોઢે કર્યું છે. અહીં છે કે નહિ? એકેય છે? 'પરમાત્મપ્રકાશ' નથી? 'સમયસાર' છે. આ ને? એ બંધ અધિકારમાં સંસ્કૃતમાં છે. '**बंधस्य विनाशार्थं विशेषभावनामाह**' સંસ્કૃત છે. '**सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं**' વ્યવહાર-ફ્યવહારની વાત નથી. '**सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं**' આહાહા..! '**सहजशुद्धज्ञानानंदैकस्वभावोऽहं, निर्विकल्पोहं, उदासीनोहं, निरंजननिजशुद्धात्मसम्यक्श्रद्धान-**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातवीतरागसहजानंदरूपसुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः**' હું તો મારા આનંદથી અનુભવ કરવાલાયક છું. હું બીજા કોઈ ઉપાયથી અનુભવ કરવાલાયક છું નહિ. આહાહા..! જુઓ!

'**स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः प्राप्यः,...**' એ રીતે જ હું પ્રાપ્ત છું. '**भरितावस्थोऽहं,**' પૂર્ણ દશાથી ભરેલો છું. '**भरितावस्था**' શબ્દ છે એ પર્યાયના અર્થમાં નથી. '**भरितावस्था**' '**भरितावस्थ**' શબ્દ '**भरितावस्थ**' છે. પણ '**भरितावस्थ**' પરિપૂર્ણ નિશ્ચયથી સ્થ. સ્વભાવથી પરિપૂર્ણ પડ્યો છે. સર્વે જીવ. અભવી હોય કે ભવી હોય, ત્રણકાળ ત્રણલોકમાં સર્વ જીવ. જુઓ! આવે છે દેખો. '**राग-द्वेष-मोह-क्रोध-मान-माया-लोभ-पंचेंद्रियविषयव्यापार, मनोवचनकायव्यापार-भावकर्म-नोकर्म-**' આમાં એક દ્રવ્યકર્મ પડ્યું રહ્યું, ભૂલ થઈ છે. આમાં 'પરમાત્મપ્રકાશ'માં છે. '**द्रव्यकर्म-भावकर्म-नोकर्म-ख्याति-पूजा-लाभ-दृष्टाश्रुतानुभूतभोगाकांक्षारूप-निदानमायामिथ्याशल्यत्रयादिसर्वविभावपरिणामरहितः शून्योऽहं जगत्रये...**' ત્રણ લોકની અંદર જીવો આવા છે. પર્યાય છે એની વાત અહીંયા નથી. આહાહા..! '**जगत्रये कालत्रयेपि**' ત્રણ કાળમાં, જગતના ત્રણ (લોક). મધ્ય, ઊર્ધ્વ અને અધો. જગતત્રયે અને ત્રય કાળ. જગતત્રય ત્રિકાળ. અને '**मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन, तथा सर्वे जीवाः**' 'જ્ઞાનચંદજી'! '**सर्वे जीवाः**' સર્વે કાળ, સર્વ ક્ષેત્રમાં સર્વ જીવ, સર્વ પરિપૂર્ણ સ્વભાવથી ભરેલા છે. ચાર બોલ લીધા. સમજાણું કાંઈ? શું કીધું? '**जगत्रये**' એટલે ત્રિકાળ ક્ષેત્ર લીધું. ત્રિકાળ, કાળ લીધો, સર્વ જીવ દ્રવ્ય લીધું, પરિપૂર્ણ ભાવથી, એ ભાવ લીધો. આહાહા..! (સમયસાર જયસેનાચાર્યની ટીકા ગાથા ૨૮૩ થી ૨૮૫)

જુઓને! ટીકા. એ તો થોડું કહ્યું હતું ને? પહેલા કહ્યું હતું. ૧૯૬૪ની સાલમાં. સંવત્ ૧૯૬૪ની સાલ. ૧૯૭૦માં દીક્ષા લીધી. પણ અમારી 'પાલેજ'માં દુકાન છે ને? 'ભરુચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ'માં દુકાન છે. અત્યારે દુકાન છે. મેં દુકાન છોડી એને ૬૪ વર્ષ થયા. ૬૦ અને ૪. 'વડોદરા' એકવાર માલ લેવા ગયા હતા. ૧૮ વર્ષની નાની ઉંમર હતી. રાત્રે નાટક જોવા ગયા. 'અનસુયા'નું નાટક હતું. અનસુયા. એ લાંબી વાત છે. 'ભરૂચ'ને કાંઠે નર્મદા નદી છે ને? એ અને અનસુયા બે બહેનો હતી. ઘણું મોટું નાટક હતું. અમારે તો નાની ઉંમરમાં પિતાજીની સ્વતંત્ર ઘરની દુકાન હતી. એ વૈરાગી નાટક હતું ને? પહેલા તો વૈરાગી નાટક ઘણા થતા.

એ બાઈ સ્વર્ગમાં જતી હતી. તો સ્વર્ગમાં ના પાડી. વેદમાં આવે છે ને? કે અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર ન હોય એની ગતિ નહિ. તો એ ન ગઈ. પાછી ચાલી જા. તો કહે, ક્યાં જાઉં? કોને પરણું? કહે નીચે જે મળે તેને. તો એક આંધળો બ્રાહ્મણ હતો, તેની સાથે લગ્ન કર્યાં, એને પુત્ર થયો. પછી એ પુત્રને હાલરડાને શું કહે? ઝુલામાં ઝુલાવતી હતી. ૧૮ વર્ષની ઉંમર હતી ત્યારની વાત છે. ૭૦ વર્ષ પહેલાની.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ બાઈ એના છોકરાને કહેતી હતી. આ શબ્દ–'**उदासीनोहं शुद्धोऽहं**' બેટા! તું શુદ્ધ છે, ઉદાસીન છે, નિર્વિકલ્પ છે. 'જ્ઞાનચંદજી'! નાટકમાં એવું આવતું હતું. આ તો હવે સંપ્રદાયમાં પણ એ વાત નીચે ફરકે છે. એ વખતે નાટક જોયું હતું. અમારી સ્થિતિ ઠીક હતી એટલે નાટક જોવા માટે બાર આનાની ટિકિટ લેતા અને જે નાટક બતાવે એનું બાર આનાનું પુસ્તક લેતા હતા. શું બોલો છે એ સમજ્યા વિના (અમે નહિ જોઈએ). માટે પુસ્તક લાવો. પુસ્તકમાંથી એ અક્ષરે અક્ષર બોલે એ અમે સમજતા. તો એ બાઈ કહેતી હતી, કે બેટા! એ ત્યાંથી કોઈકનું વર્ષ, દોઢ વર્ષનું છોકરું લાવ્યા હશે. શુદ્ધોસી, બુદ્ધોસી, નિર્વિકલ્પોસી, ઉદાસીનોસી. એ શબ્દ આ છે. એને તો ખબર પણ નહિ હોય. આ તો આપણા જૈનદર્શનમાં છે. એ તો એક વેદાંત છે ને? સર્વવ્યાપક એ અપેક્ષાએ વાત હતી. વેદાંતની અપેક્ષાએ.

'**सर्वे जीवाः**' કેટલા (શબ્દ) લીધા? **जगत्रये कालत्रयेपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन, तथा सर्वे जीवाः इति निरंतर भावना कर्तव्या।**' આહાહા..! જુઓ! આ આચાર્યોના દિગંબર સંતોના કથન. સર્વ જીવ આવા છે એવી નિરંતર ભાવના કરવી. અહીં દ્રવ્યદૃષ્ટિની વાત છે. કહો, 'દેવચંદજી'!

મુમુક્ષુ :– એ તો આપે...

ઉત્તર :– એ તો ત્યારે સાંભળ્યું હતું, આ વાંચ્યું હતું અને અંદર આવ્યું. 'પરમાત્મ પ્રકાશ'માં છેલ્લે છે અને આ બંધ અધિકારમાં છે. એક જ પ્રકાર છે. સર્વ જીવ પૂર્ણ સ્વભાવથી ભરેલું દ્રવ્ય. અપૂર્ણ નથી, વિકૃત નથી. સમજાણું કાંઈ? અપૂર્ણ નથી, વિકૃત નથી. પૂર્ણ અને અવિકૃત સ્વભાવથી સર્વ જીવ ત્રણકાળમાં જગતત્રયમાં મન, વચન, કાયા કૃત, કારિત, અનુમોદનાથી સર્વ જીવ આવા છે એવો અનુભવ કરવો. એવી ભાવના કરવી. આહાહા..! બાકી આ બધું વ્યવહાર છે, કથન છે. સમજાણું કાંઈ?

'**તેનું વિવરણ—જીવવસ્તુ નિર્વિકલ્પ છે.**' ભગવાનઆત્મા તો નિર્વિકલ્પ અભેદ ચીજ છે. છે? '**તે તો જ્ઞાનગોચર છે.**' સ્વસંવેદ્ય છે. કોઈ વિકલ્પથી અને વ્યવહારથી આત્મા જણાય છે, એવી વસ્તુની સ્થિતિ નથી. આહાહા..! વસ્તુનું સ્વરૂપ જ જ્ઞાનગમ્ય છે. અંતર જ્ઞાનથી અનુભવમાં આવે છે. રાગથી, વ્યવહારથી, નિમિત્તથી, દિવ્યધ્વનિ દ્વારા કે વીતરાગના દર્શનથી કે દિવ્યધ્વનિ સાંભળવાથી આત્માનો અનુભવ થાય છે એમ નથી. આહાહા..! કાયરના કાળજા કંપે એવી વાત છે.

અહીંયાં તો કહે છે... આહાહા..! જ્ઞાનગમ્ય છે. ગોચર એટલે ગમ્ય. ગોચર કહે છે ને? ગાય હોય છે ને ગાય? એ ચરે છે ને? તો મૂળથી નથી ચરતી. ગાય ખાય અને ગધેડા ખાય એમાં બેમાં ફેર છે. ગાય જે ચરે એ ઘાસનું મૂળ રાખે. ઉપરથી ચરે. ગોચર કહે છે. મુનિને ગોચરી કહે છે એ અપેક્ષાએ. અને ગધેડો મૂળથી ઉખાડીને ખાય. પાછું ઉગે જ નહિ. એમ સવળી દશામાં.. આ તો લૌકિકથી કહ્યું. સવળી દશામાં... આહાહા..! અજ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગાદિ છોડીને મંદ રાગાદિ કરે છે પણ રાગનો અભાવ નથી કરતા. અને ગધેડા જેવા અહીં પંડિત જ્ઞાની છે, રાગને મૂળમાંથી ઉખાડીને ચૈતન્યનો અનુભવ કરે છે. 'હીરાલાલજી'!

મુમુક્ષુ :– ગધેડાનો દાખલો કાંઈ પંડિતને અપાય?

ઉત્તર :– એ કીધું ને અવળું કીધું ને? અવળામાં ગધેડો અને સવળામાં જ્ઞાની. એમ કહ્યું ને? સાથે કહ્યું. મુનિ ગોચરી કરે છે ને? તો ગાયની જેમ એના ઘરમાં વિશેષ હોય એટલું લે છે. બધા એને માટે રાખે છે. સાધુ એને માટે બનાવેલું હોય એ તો લેતા નથી. આ શું કહેવાય. ચોકા ને એ. ઉદ્દેશિક ચોકા, એ તો છે નહિ પણ એણે એના ઘર માટે બનાવ્યું છે. એમાં પણ ગોચર–ગો–ગાય જેમ ઉપરથી ચરે એમ થોડું લઈ લે. બસ. બધું ન લે. એમ એની સામે અજ્ઞાની લેવા. આત્માના આનંદસ્વરૂપ જે છે એને નથી લેતા, ઉપરથી રાગને લે છે. અને ઓલા ગધેડા છે એ મૂળ ઉખેડીને ખાય છે. ગાય ખાધા પછી તો ઘાસ વધે છે. મૂળ સાજુ છે ને? તો આ જ્ઞાની છે એ તો મૂળમાંથી સર્વ જીવ અખંડાનંદ પરમાત્મસ્વરૂપ હું છું. ભગવાન છે. દ્રવ્ય સ્વરૂપે સર્વ મારા સાધર્મી આત્મા છે. કોઈ સાથે વેર-વિરોધ નથી. ચાહે તો વિરોધ કરો. કરો પણ એ તો પર્યાયમાં, રાગમાં વિરોધ છે. સ્વરૂપમાં નથી. એટલે કોઈ પ્રત્યે એની દ્રવ્યદૃષ્ટિથી તો સાધર્મીપણું છે. કહો, પંડિતજી!

એ અહીં કહે છે, જુઓ! **'જ્ઞાનગોચર છે.'** વિકલ્પગમ્ય નથી, રાગગમ્ય નથી, વ્યવહારથી જણાતો નથી. આહાહા..! એ ચૈતન્યપ્રકાશનું નૂર. ભગવાન ચૈતન્યપ્રકાશના તેજનું પૂર, એ પોતાના જ્ઞાનની સ્વસંવેદન દશાથી જણાય છે. એ વ્યવહાર-ફ્યવહારથી જણાય છે એવી વસ્તુની સ્થિતિમાં સીમા નથી. વસ્તુની સીમા-મર્યાદા એવી નથી. સમજાણું કાંઈ? આહાહા..! આઠ વર્ષનો બાળક હોય એ પણ સર્વ જીવ આવા છે એમ જાણે છે. આહા..!

જેની રાગબુદ્ધિ અને પર્યાયબુદ્ધિ ઉડી ગઈ છે. રાગ તો હું નથી પણ એક સમયની અવસ્થા જેટલો પણ હું નથી. હું તો પૂર્ણ ભરિતઅવસ્થ છું. એ આમાં આવી ગયું છે. પૂર્ણ... પૂર્ણ.. પૂર્ણ... દરેક શક્તિ અનંત અને એક એક શક્તિમાં અનંત સામર્થ્ય. જ્ઞાન-દર્શન-આનંદ એવી ૪૭ શક્તિ આવે છે ને? એવી અનંત શક્તિ છે. એક શક્તિમાં અનંત શક્તિ છે. અને એક એક શક્તિમાં અનંત શક્તિનું રૂપ છે. સમજાય છે? રૂપ એટલે શું?

જેમ આત્મામાં જ્ઞાન છે જ્ઞાન. અને એક અસ્તિગુણ છે. છે ને? જ્ઞાન છે અને અસ્તિગુણ છે. તો અસ્તિગુણ જ્ઞાનગુણમાં આવતો નથી. એક ગુણમાં બીજો ગુણ આવતો નથી. પણ અસ્તિત્વ જે અહીં છે એનું રૂપ એમાં છે. શું? કે જ્ઞાન પણ અસ્તિત્વ છે. જ્ઞાન પણ અસ્તિત્વ છે એ પોતાથી અસ્તિત્વ છે એવું જ્ઞાનગુણમાં અસ્તિત્વનું રૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમ અનંતગુણમાં એક એક ગુણનું રૂપ છે. ગુણના આશ્રયે ગુણ નથી. દ્રવ્યના આશ્રયે ગુણ છે. ગુણના આશ્રયે ગુણ નથી. પણ ગુણનું જે સ્વરૂપ છે એવી જાતનું એક એક ગુણમાં એનું રૂપ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનગમ્ય ચીજ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– જ્ઞાનગમ્યનો અર્થ...

ઉત્તર :– સ્વસંવેદન અંતરમાં જાય છે તો જ્ઞાનની વર્તમાન દશામાં એ ચીજ ખ્યાલમાં આવે છે. એ તો કાલે કહ્યું હતું ને? કે જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે, એમાં વસ્તુ આવતી નથી. વસ્તુ તો વસ્તુરૂપે રહે છે, પર્યાય પર્યાયરૂપે રહે છે. બે. પણ પર્યાયમાં આખી ચીજનું જ્ઞાન થાય છે. પર્યાયમાં પૂર્ણ ચીજનું જ્ઞાન અને શ્રદ્ધા આવે છે. એ ચીજ નથી આવતી. ચીજ તો ચીજમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પર્યાયધર્મ અને દ્રવ્યધર્મ બે ભિન્ન ચીજ છે. આહાહા..! પણ પર્યાયધર્મમાં દ્રવ્યધર્મનું સામર્થ્ય જેટલું છે, જેટલી તાકાત અને સામર્થ્ય છે, એ બધાનું એક પર્યાયમાં જ્ઞાન અને શ્રદ્ધા આવી જાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! આવી વાતું ઝીણી પડે.

અહીં જ્ઞાનગમ્ય કહ્યું છે ને? એ જ્ઞાનગમ્યમાં જ્ઞાનમાં જાણવાલાયક છે. એ જ્ઞાનમાં વસ્તુ આવતી નથી. ગમ્ય–જ્ઞાનમાં જણાય છે એમ. સમજાણું કાંઈ? આહાહા..! એ જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા ત્રિકાળી, એ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ગમ્ય છે. એ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. જણાય છે. એ ચીજ પર્યાયમાં આવતી નથી. એ ચીજ રાગથી જણાતી નથી. એ ચીજ વ્યવહાર અને ભેદથી જણાતી નથી. પણ જણાય છે એ પોતાની પર્યાયમાં પરિપૂર્ણ ચીજ જેવી છે એવું સામર્થ્ય અને એટલી શક્તિનું, પર્યાયમાં એ વસ્તુ આવ્યા વિના વસ્તુના સામર્થ્યનું જ્ઞાન થાય છે. આહાહા..! આવો માર્ગ છે. વ્યવહારવાળા બધા તકરાર કરે છે કે 'સોનગઢ' વ્યવહાર ઉડાવે છે. એકાંત છે. એમને જે ભાસે એ કહે. બિચારા એ તો આત્મા... આહાહા..! વસ્તુની સ્થિતિ તો આવી છે. માનો ન માનો એથી કાંઈ ચીજ ફરી નહિ જાય. આહાહા..!

**'તે જ જીવવસ્તુને કહેવા માગે,...'** હવે વ્યવહાર કહે છે. છે તો જ્ઞાનગમ્ય, નિર્વિકલ્પ. **'તે જ જીવવસ્તુને કહેવા માગે, ત્યારે એમ જ કહેવામાં આવે છે...'** કહેવા માગે તો એમ જ કહેવામાં આવે છે. કહેવા માગે તો, હોં! કથન છે. આહાહા..! પહેલો ઓલો શબ્દ રાખીને કહ્યું ને? **'જેટલું કથન.'** એને રાખીને કહ્યું. આહાહા..!

આ તો સંતોની વાણી છે, વીતરાગની વાણી છે. આ કોઈ કથા નથી. એના એક એક શબ્દમાં ઘણી ગંભીરતા ભરી છે. દિગંબર સંતો એટલે કેવળજ્ઞાનીના કેડાયતો. આહાહા..! સર્વજ્ઞ પર્યાય પ્રગટી નથી પણ શક્તિએ સર્વજ્ઞપણું હું છું એવું જ્ઞાનગમ્ય થઈ ગયું છે. આહાહા..! એમના આ કથન છે. 'અમૃતચંદ્રાચાર્ય'. આ છે ને? 'અમૃતચંદ્રાચાર્ય' વચમાં 'કુંદકુંદાચાર્ય' છે. આહાહા..!

**'ત્યારે એમ જ કહેવામાં આવે છે કે જેના ગુણ દર્શન-જ્ઞાનચારિત્ર તે જીવ.'** ભાષા જુઓ! કહેવામાં આવે છે તો વ્યવહારનું કથન એટલું આવે છે, કે **'જેના ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.'** જે જીવ છે, આત્મા છે, એના ગુણ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એવા ભેદ પાડીને કહેવું, કથન કરવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! પણ એટલા કથનથી પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુભવ નથી થતો. અનુભૂતિમાં એ વ્યવહારની અપેક્ષા નથી. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય જે અભેદ ત્રિકાળી અખંડાનંદ પ્રભુ, એને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદની પણ અપેક્ષા નથી. આહાહા..! આવી ચીજ સાંભળી ન હોય એટલે માણસને લાગે. આ જાણે ક્યાંથી કાઢ્યું? કેટલાક કહે કે નવું કાઢ્યું છે. નવું નથી, પ્રભુ! અનાદિનો વીતરાગનો માર્ગ આ જ છે. આહાહા..! ભાઈ! તેં સાંભળ્યો નહોતો. પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી. તું કેવડો છો? ક્યાં છો? કેમ છો? અને કેમ પમાય? કઈ રીતે? એવી તારી મોટપની તને ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :– એ જૈનધર્મ છે.

ઉત્તર :– એ જૈનધર્મ, એ જૈનધર્મ. આહાહા..!

**'જેના ગુણ...'** કેટલી વાત કરી? જીવ એટલો આત્મા બસ. હવે એના ગુણ. ગુણી આત્મા. હવે એના **'ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જીવ.'** કથનમાં એટલો ભેદ પાડવો એ વ્યવહાર છે. આહાહા..! હવે ઓલા દયા, દાન અને વ્યવહારશ્રદ્ધા ને વ્યવહારરત્નત્રયનો રાગ એ તો ક્યાંય રહી ગયું. એ તો અસદ્ભૂત વ્યવહાર છે. આ સદ્ભૂત વ્યવહાર છે. 'ચંદુભાઈ'! એનો ને એનો ભેદ પાડ્યો ને? સદ્ભૂત વ્યવહાર છે. નિશ્ચય નથી. આહાહા..! એ 'સમયસાર'ની ૭ મી ગાથામાં કહ્યું છે. **'ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं। ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।૭।।'** એ તો જ્ઞાયક જ છે. ત્રણ ભેદ પણ એની વસ્તુમાં છે નહિ. 'સમયસાર'ની ૭ મી ગાથા. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! વીતરાગ જૈનધર્મ અને એના સિવાય બીજે ક્યાંય છે જ નહિ. સૂક્ષ્મ પડે પણ સત્ય તો એ રીતે જ છે. આટલો ભેદ પાડવો. આહાહા..!

**'જો કોઈ બહુ સાધિક હોય તોપણ...'** બહુ અધિક બુદ્ધિવાળો હોય, કહે છે. બહુ ક્ષયોપશમ હોય, બહુ ક્ષયોપશમ હોય તો પણ આટલો ભેદ પાડ્યા વિના કથન કરી શકે નહિ. આહાહા..! એ પણ વ્યવહાર થયો. ઘણી બુદ્ધિવાળો હોય, તો એટલું તો આ આત્મા જે ગુણી વસ્તુ, એ દર્શન-જ્ઞાન-ચારિત્ર એવું કથન કરવામાં ઘણી બુદ્ધિવાળો હોય તો પણ એટલું કથન વ્યવહાર આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'તોપણ આમ જ કહેવું પડે.'** એટલે કે એટલું કથન તો આવે છે, કે દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણ એટલું બસ. રાગ, પુણ્ય અને ઉદયવાળો એ વાત તો નહિ. આહાહા..! ગુણી જે વસ્તુ છે અનંતગુણનો પિંડ પ્રભુ, એને ગુણભેદથી ગમે તેટલી બુદ્ધિવાળો પ્રાણી હોય, પણ તે ગુણભેદથી કથન કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. એટલો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. છતાં એ ખેદ છે કે વ્યવહાર વચ્ચે આવે છે. **'हन्त'** છે. **'हन्त'** લેશે. **'हन्त'** છે ને? આહાહા..! **'આટલું કહેવાનું નામ વ્યવહાર છે.'**

**'અહીં કોઈ આશંકા કરશે કે વસ્તુ નિર્વિકલ્પ છે,...'** વસ્તુમાં તો ભેદ નથી. ગુણ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગુણીનો ભેદ પણ વસ્તુમાં નથી. એ તો અભેદ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા રાગરૂપે તો છે જ નહિ, એક સમયની પર્યાયરૂપે નથી, પણ ગુણ-ગુણીનો ભેદ કરવો એ ભેદરૂપ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, **'વસ્તુ નિર્વિકલ્પ છે, તેમાં વિકલ્પ ઉપજાવવો અયુક્ત છે.'** વસ્તુ તો અભેદ છે. એમાં ભેદ-વિકલ્પ ઉપજાવવો એ અયુક્ત છે. એવો શિષ્યનો પ્રશ્ન છે. છે અંદર? આહાહા..!

**'ત્યાં સમાધાન આમ છે કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે.'** જુઓ! હસ્તાવલમ્બ કોને કહે છે, સમજાણું? આમ પગથિયા ઉપર ચડે છે. લાકડાનો કઠોડો હોય છે ને? સીડી ઉપર હાથ રાખવાનું લાકડુ. ચડે છે તો પોતાથી પણ હાથ રાખવા માટે લાકડુ હોય છે એને હસ્તાવલમ્બ કહે છે. સમજાય છે? સીઢી ઉપર ચડે છે ને? એ ચડે છે તો પોતાથી ચડે છે. પણ એક હાથ રાખવા માટે લાકડું હોય છે. એના આશ્રયે ચઢતા નથી. સમજાણું કાંઈ?

'સમયસાર'ની ૧૧મી ગાથાના ભાવાર્થમાં એમ કહ્યું. 'જયચંદ્ર પંડિત'. શુદ્ધનયનું હસ્તાવલંબ જાણી વ્યવહારનયના ઘણા કથન આવ્યા છે. એક તો ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો તને અનાદિનો છે. 'સમયસાર'ની ૧૧ મી ગાથામાં ત્રણ વાત લીધી. ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી છે અજ્ઞાન એક. અને પરસ્પર ભેદરૂપ વ્યવહારનું કથન કરે છે. પરસ્પર બેયને ઠીક પડે છે. સાંભળનારને અને સંભળાવનારને... આહાહા..! આ ઠીક.. આ ઠીક.. બે. અને ત્રીજું શુદ્ધનયનું હસ્તાવલંબ જાણી વ્યવહારનું કથન જિનવચનમાં ઘણું આવ્યું છે. પણ એ ત્રણેયનું ફળ સંસાર છે. 'સમયસાર' ૧૧ મી ગાથાના ભાવાર્થમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'દેવચંદજી'! આ તો સર્વજ્ઞના પ્રોફેસર છે. આહાહા..!

કહે છે, **'કે વ્યવહારનય હસ્તાવલમ્બ છે. જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે...'** પણ એનો અર્થ એ નથી કે ઉપર લે છે એ એને લઈને ઉપર આવ્યો છે. **'તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.'** પ્રથમ અજ્ઞાનીને બિલકુલ ન સમજાય એને સમજાવવા માટે પહેલા આ છે, કે જો ભાઈ! જ્ઞાન એ આત્મા. જ્ઞાન એ આત્મા, એ વ્યવહાર થયો. એ **'જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.'** એનો અર્થ સમ્યગ્જ્ઞાન નહિ. પણ એના જ્ઞાનમાં ખ્યાલ આવવાનું એક વ્યવહાર અંગ આવું આવે છે. 'ચંદુભાઈ'! સમ્યગ્જ્ઞાન નહીં. ફક્ત એને પહેલું અજ્ઞાન છે. એથી એને કહે, કે ભાઈ! એ દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. અથવા જ્ઞાન તે આત્મા. ૧૦ મી ગાથા. જ્ઞાન તે આત્મા ત્યાં લીધું છે. જ્ઞાન તે આત્મા. એટલું ભેદ પાડીને કહેવું એ વ્યવહાર છે. આવ્યું?

**'હસ્તાવલમ્બ છે.'** પણ એનાથી ચઢતા નથી. એ ત્રણેયનું ફળ તો સંસાર કહ્યો છે. ભેદરૂપ વ્યવહારનો પક્ષ, ભેદરૂપ વ્યવહારનો પરસ્પર ઉપદેશ અને ભેદરૂપ કથન વ્યવહારનો નિશ્ચય શુદ્ધનયમાં નિમિત્ત દેખીને, હસ્તાવલંબ દેખીને ઘણું કર્યું છે. પણ ત્રણેયનું ફળ સંસાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. જિનવાણીમાં પણ નિમિત્તની ઘણી વાત કરી છે. હસ્તાવલંબની. આહાહા..! 'સમયસાર'ની ૧૧ મી ગાથા છે એની વાત છે. 'જયચંદ્ર પંડિતે' ઘણો સારો અર્થ કર્યો છે. આહાહા..!

**'જેવી રીતે કોઈ નીચે પડ્યો હોય તો હાથ પકડીને (તેને) ઊંચો લે છે...'** એનો અર્થ એમ ન લેવો કે એ ઉપર આવે છે એ ઓલાને પકડીને આવે છે અને એને લઈને ઊંચો આવ્યો છે. 'ચંદુભાઈ'! એ તો નિમિત્તમાત્ર છે. ઊંચા આવવાની શક્તિ તો એને પોતાને લઈને ઊંચો આવ્યો. નીચે પડ્યો, માણસ નીચે આવે છે એ તો પોતાની ક્રિયાવતીશક્તિ, પોતાના સ્વભાવ ભાવથી નીચેથી ઉપર પોતાની ક્રિયાથી આવે છે. એ ઉપાડનાર તો એક નિમિત્તમાત્ર છે. એનાથી ઉપર આવ્યો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આ લાકડી છે, જુઓ! આ લાકડી નીચે છે. તો આ આંગળીને હસ્તાવલંબ કહેવામાં આવે છે. પણ હસ્તાવલંબથી ઉપર આવી છે એમ નથી. પોતાની યોગ્યતાથી ઉપર આવી છે. એ તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત કાંઈ કરતું નથી. નિમિત્ત છે ખરું. નિમિત્ત ચીજ છે ખરી, પણ નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. પરની પર્યાયને શું કરે? અડતું નથી ને. એક દ્રવ્ય પોતાના અનંતગુણને ચુંબે છે. 'સમયસાર'ની ત્રીજી ગાથામાં છે. એક દ્રવ્ય પોતાના અનંતગુણને ચુંબે છે. અન્યને તો ચુંબતા નથી, અડતા નથી, સ્પર્શતા નથી. પરદ્રવ્યને કદી સ્પર્શ્યો નથી. કર્મના ઉદયને આત્મા કદી સ્પર્શ્યો નથી. આહાહા..! એ જડ છે, આ ચેતન છે, (બન્ને) દ્રવ્ય ભિન્ન છે. આહા..!

**'તેવી જ રીતે ગુણ-ગુણીરૂપ ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે.'** એ શું કહ્યું? આ અંગ કાંઈ સમ્યગ્જ્ઞાન છે એની અત્યારે વાત નથી. ફક્ત એના ખ્યાલમાં આવે, કે આ જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. વ્યવહાર કીધો એટલે એટલું લક્ષ થાય. એટલું લક્ષ થવાને માટે એટલી વાત છે. પણ એનાથી આત્મા પ્રાપ્ત થાય, એમ નથી. આહાહા..! આ એક શ્લોક, એમાં એવો અર્થ છે. આહાહા..! **'જ્ઞાન ઉપજવાનું એક અંગ છે.'** શું કીધું સમજ્યા? જ્ઞાન તે આત્મા. એટલું કહ્યું, તો એના લક્ષમાં એટલું આવ્યું. લક્ષમાં આવ્યું, હોં! કે આ જ્ઞાન તે આત્મા એમ કહે છે. હજી જ્ઞાન તે આત્મામાં ગયું નથી. પણ એના લક્ષમાં એમ આવ્યું. 'લક્ષ થવાને તેહને કહ્યા શાસ્ત્ર સુખદાયી' 'શ્રીમદ્'માં પાછળ આવે છે.

ભાઈ! તારી ચીજ તો આનંદ, જ્ઞાન છે. વ્યવહાર કહ્યો એટલું લક્ષ.. બસ. હજી સમ્યગ્જ્ઞાન નથી. જ્ઞાન સમજવામાં પહેલા એટલો અંશ આવ્યો. પણ એનું પછી લક્ષ છોડીને અંતરદષ્ટિમાં જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! કહો, પંડિતજી! આ જૈનધર્મ. જૈનધર્મ કોઈ પક્ષ નથી, સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! વસ્તુની સ્થિતિ અને મર્યાદા એ જૈનધર્મ છે. અને એવી ચીજ બીજામાં ક્યાંય નથી. આહાહા..!

**'ભેદકથન જ્ઞાન ઊપજવાનું એક અંગ છે. તેનું વિવરણ–'જીવનું લક્ષણ ચતેના' એટલું કહેતાં...'** જુઓ! **'પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.'** એ જાતની

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધા, હોં! હજી અનુભવ આગળ. **'તેથી જ્યારે અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.'** જોયું? જેની પ્રતીતિ ઊપજે છે એનો અર્થ સમ્યગ્દર્શન નહિ. ભાઈ! શ્રદ્ધામાં આવ્યું, કે ઓહો..! આ જ્ઞાન તે આત્મા એમ કહે છે. એટલું. આહાહા..! **'જીવનું લક્ષણ ચેતના એટલું કહેતાં પુદ્‌ગલાદિ અચેતન દ્રવ્યથી ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે. તેથી જ્યારે અનુભવ થાય...'** જ્યાં સુધી અનુભૂતિ અંદર થાય છે, **'ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.'** એવો જ્ઞાનનો એક અંશ લક્ષમાં આવે છે. વ્યવહાર. સમજાણું કાંઈ?

**'અનુભવ થાય ત્યાં સુધી ગુણ-ગુણીભેદરૂપ કથન જ્ઞાનનું અંગ છે.'** એનો અર્થ શું? 'ચંદુભાઈ'! અનુભવ થાય ત્યારે સમ્યગ્જ્ઞાન થાય છે. આ જે જ્ઞાનનું અંગ એટલે જાણવામાં, ખ્યાલમાં એ વાત આવી. એના ક્ષયોપશમમાં, ખ્યાલમાં એ વાત આવી, કે આ જ્ઞાન તે આત્મા એમ કહે છે. એટલો ખ્યાલ આવ્યો. એ જ્ઞાનનું અંગ, એટલું. એનાથી અનુભવ થાય છે એ પ્રશ્ન નથી. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ! વીતરાગમાર્ગ ઝીણો બહુ. અપૂર્વ માર્ગ છે, અપૂર્વ. આહાહા..!

**'વ્યવહારનય જેમને હસ્તાવલમ્બ છે તેઓ કેવા છે ?'** **'प्राक्पदव्यामिह निहितपदानां (इह)'** **'વિદ્યમાન એવી જે જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા,...'** અહીંયા હજી સમ્યગ્દર્શન થયું નથી એ પહેલાનું અહીં લીધું છે. અને 'ફૂલચંદજી'એ **'प्राक्पदव्याम्'** નો અર્થ સવિકલ્પદશા લીધી છે. આમાં છે. એ અર્વાચિન 'પદ્મનંદિ પંચવિંશતીં' એકત્વ સપ્તતિ અધિકાર છે. એમાં ૧૬ ગાથા છે. એ ૧૬ ગાથામાં અર્વાચિન શબ્દ આવ્યો છે. અર્વાચિનમાં ત્યાં સવિકલ્પદશા લીધી છે. ધર્મી જ્યાં સુધી અનુભૂતિમાં છે ત્યાં સુધી તો નિશ્ચયમાં છે. પણ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠ્યો એ તો વ્યવહાર થયો. તો વ્યવહાર એ સવિકલ્પ દશાવાળાને થાય છે. નિર્વિકલ્પ દશાવાળાને વ્યવહાર હોતો નથી. અરે..! આટલી વાતુંમાં આ બધું. બાપુ! માર્ગ તો એવો છે, ભાઈ! લોકો પોતાની કલ્પનાથી એના અર્થ કરે એમ ન ચાલે. આચાર્યો, દિગંબર સંતો, કેવળજ્ઞાનીના કેડાયતો છે. એમણે જે કહ્યું છે તેનું તે રીતે તેને સમજવું જોઈએ. આ જ્ઞાનનું અંગ કહ્યું એ અજ્ઞાનીની અપેક્ષાએ કહ્યું છે. નીચે કહેશે.

**'જ્ઞાન ઊપજતાં પ્રારંભિક અવસ્થા, તેમાં નિહિત-સ્થાપેલ છે. પદ-સર્વસ્વ જેમણે એવા છે. ભાવાર્થ આમ છે–જે કોઈ સહજપણે અજ્ઞાની છે,...'** છે ને? તદ્દન કાંઈ ખબર નથી. એમ. એવી રીતે લીધું છે. અને ભાઈ 'ફૂલચંદજી'એ આની શરૂઆતમાં અર્વાચિનમાં સવિકલ્પદશા લીધી છે. ધર્મીની સવિકલ્પદશામાં વ્યવહાર (હોય છે). એ સવિકલ્પદશા એ વ્યવહાર છે. નિર્વિકલ્પદશા એ નિશ્ચય અનુભવ છે. આમાં છે. જુઓ! આમાં છે. એ જ નીકળ્યું, જુઓ! હિન્દી છે હિન્દી? હિન્દીમાં ૯મું પાનું છે. **'प्राक्पदव्याम् अर्वाचीनपदव्याम व्यवहारपदव्याम्'** નીચે 'પદ્મનંદિ પંચવિંશતિ'માં એકત્વસપ્તતિ અધિકારનો ૧૬મો શ્લોક. એની ટીકામાં **'प्राक्पदव्याम्'** એટલે સવિકલ્પદશા. 'પદ્મનંદિ' છે? એનો એકત્વ સપ્તતિ અધિકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની ૧૬મી ગાથા. ૧૬મી-૧૬મી. એ છે ને? એકત્વ સપ્તતિ. ૧૧૪માં પાને. ૧૧૪ પાને છે. સંસ્કૃતનું, હોં! જુઓ! **'प्रमाणनयनिक्षेपा अर्वाचीने पदे स्थिताः।'** બીજી રીતે કહીએ તો, ભાઈ! આપણે 'સમયસાર'ની ૧૩ મી ગાથામાં આવે છે ને? કે નય, નિક્ષેપ અને પ્રમાણ એનાથી એ નક્કી કરવામાં આવે છે. પણ છે અભૂતાર્થ. ભાઈ! છે ને?

મુમુક્ષુ :– ૧૩ માં આવે છે.

ઉત્તર :– હા, એ પાઠ અહીં છે.

**'प्रमाणनयनिक्षेपा अर्वाचीने पदे स्थिताः।**
**केवले च पुनस्तस्मिंस्तदेकं प्रतिभासते।।१६।।'**

૧૬મી ગાથા છે. આહાહા..! એમાં સંસ્કૃત છે. આ પણ સંસ્કૃત છે.

શું કહે છે? કે **''प्राक्पदव्याम्''** અર્વાચિન પદના બે અર્થ થયા. એક તો બિલકુલ અજ્ઞાની છે એને સમજાવવા માટે જેમ ૮ મી ગાથામાં કહ્યું, કે આત્મા. એ તો અજ્ઞાનીને કહ્યું. તો એનો અર્થ દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા પ્રાપ્ત થાય તે આત્મા. એ અજ્ઞાનીને કહ્યું. એને જ્ઞાન ઉપજવાનું એટલે એ જાતનું લક્ષ થવાનું એક અંગ છે. સમ્યગ્જ્ઞાન એ પ્રશ્ન નથી. અને અહીંયાં અર્વાચિનપદમાં સવિકલ્પદશા. નિર્વિકલ્પમાં આવે છે તો તો નિશ્ચય છે. જ્યારે વિકલ્પ ઊઠે છે તો વ્યવહાર આવે છે. એ વ્યવહાર જાણવા લાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જાણવા લાયક છે તો હેય છે કે નથી?

ઉત્તર :– જાણવા લાયકનો અર્થ થઈ ગયો કે હેય છે. એ જાણવાલાયક કીધું એ હજી વ્યવહાર છે. કેમ કે જે રાગ આવે છે એ જ સમયે પોતાની જ્ઞાનપર્યાય પોતાથી સ્વપરપ્રકાશક ઉત્પન્ન થાય છે. એ રાગ છે તો રાગનું જ્ઞાન થાય છે એમ નથી. ઝીણી વાત છે. રાગ આવ્યો, વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે પણ એ રાગ છે તો રાગનું જ્ઞાન થયું (એમ નથી). એ જ સમયે જ્ઞાનની પર્યાયની સ્વપરપ્રકાશક તાકાત પોતાથી ઉત્પન્ન થઈ છે. તો વ્યવહારથી કહેવામાં આવે છે કે આ રાગને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, ભાઈ! 'જવાહરલાલજી'! આહાહા..!

**'સહજપણે અજ્ઞાની છે,...'** ભાવાર્થમાં એમ આવ્યું ને? **'જીવાદિ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ જાણવાના અભિલાષી છે,...'** હજી જ્ઞાન નથી. જાણવાની અભિલાષા છે. આત્મા શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? **'તેમના માટે ગુણ-ગુણીભેદરૂપ કથન યોગ્ય છે.'** એને માટે ભેદકથન વ્યાજબી છે. વ્યવહારકથન આવે જ તે. **''हन्त तदपि एषः न किञ्चित्''** **'જોકે વ્યવહારનય હસ્તાવલમ્બ છે તોપણ કાંઈ નથી,...'** છે? એમાં કાંઈ સાર નથી. આહાહા..! **'(જ્ઞાન સમજ) કરતાં જૂઠો છે.'** આહાહા..! પોતાના જ્ઞાનસ્વરૂપમાં અંદર જાય છે, ઠરે છે. એ રાગાદિ ભેદ આવ્યા એ બધા જૂઠા છે. સત્ય વસ્તુમાં આવતા નથી. ખોટા છે, વ્યવહાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખોટો છે. 'રાજમલ'ની ટીકા કડક છે. ઘણી જગ્યાએ આવે છે. જૂઠું જૂઠું ઘણી જગ્યાએ (આવે છે). આહાહા..!

મુમુક્ષુ :– એ તો વ્યવહારને જૂઠો જ કહે છે.

ઉત્તર :– વ્યવહાર જૂઠો જ કહે. એ જ્ઞાન અંદર સમ્યગ્જ્ઞાન થાય છે, અંતર અનુભૂતિમાં જાય છે તો એ વ્યવહાર તો બધા ખોટો છે. વ્યવહારથી અંદર અનુભવ થયો એમ છે નહિ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ ૫, સોમવાર તા.૦૬.૦૬.૧૯૭૭
## કળશ - ૫ - ૬, પ્રવચન - ૮

પાંચમો કળશ ચાલે છે ને? ક્યાં સુધી આવ્યું?

મુમુક્ષુ :– વ્યવહારનય હસ્તાવલંબ છે તોપણ કાંઈ નથી. (જ્ઞાન, સમજ) કરતાં જૂઠો છે.

**'તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?'** ત્યાંથી ચાલે છે. છે? નીચે હિન્દી છે. **'જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?'** શું કહે છે? કે દ્રવ્ય-ગુણ-પર્યાય એવું જ્ઞાનમાં ભેદરૂપ વિકલ્પથી ભાસે છે, પણ એ નિશ્ચય નથી, એ વ્યવહાર થયો. જ્ઞાનમાં દ્રવ્ય-ગુણ ને પર્યાય, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ એવા ભેદ જ્યાં સુધી ભાસે ત્યાં સુધી વ્યવહાર કહેવામાં આવે છે. ત્યાં સુધી રાગ છે. સમ્યગ્દર્શન નથી. આહા..! **'તે જીવો કેવા છે જેમને વ્યવહારનય જૂઠો છે?'** વ્યવહાર છૂટી જાય છે અને ચૈતન્યચમત્કાર રહે છે એ કેવા જીવ છે?

**'चिच्चमत्कारमात्रं अर्थं अन्तः पश्यतां'** આહાહા..! **'ચેતના પ્રકાશ એટલી જ છે શુદ્ધજીવવસ્તુ,...'** બહુ ટૂંકું. ભગવાનઆત્મા તો ચેતનાપ્રકાશ. શુદ્ધ જીવ ચેતનાપ્રકાશમાત્ર છે. ભેદ નહિ. દ્રવ્ય-ગુણ ને પર્યાયના ભેદ પણ નહિ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણના પણ ભેદ નહિ. અંતર્મુખ ચૈતન્યપ્રકાશનો અનુભવ કરતાં આ ત્રણે ભેદ આદિ જૂઠા છે. આહાહા..!

**'चिच्चमत्कारमात्रं अर्थं' 'ચેતના ચમત્કાર પ્રકાશ એટલી જ છે અર્થં'** પદાર્થ. **'શુદ્ધજીવવસ્તુ,...'** ભગવાન શુદ્ધ જીવવસ્તુ ચેતના પ્રકાશ. બસ. **'તેને (अन्तःपश्यतां) પ્રત્યક્ષપણે અનુભવે છે.'** આહાહા..! સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષપણું નથી. પ્રત્યક્ષપણું તો જ્ઞાનમાં આવે છે. સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ નથી. પણ જ્યારે એ આત્મા ચૈતન્યપ્રકાશમય અનુભવમાં આવે છે તો જ્ઞાન નિર્મળ થઈ જાય છે. એ જ્ઞાનમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે. આહાહા..! આ તો ધર્મની પહેલી ચીજ છે. **'શુદ્ધ જીવવસ્તુ, તેને પ્રત્યક્ષપણે અનુભવે છે.'** તો જ્ઞાનની પ્રધાનતા કરી.

મુમુક્ષુ :– જ્ઞાનમાં પ્રત્યક્ષપણું એનો અર્થ શું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– જ્ઞાનમાં પ્રત્યક્ષપણું થવું, એમાં પ્રતીતિ આવવી કે આ આત્મા, એનું નામ સમ્યગ્દર્શન છે. પ્રત્યક્ષપણું થવું એ સમ્યગ્દર્શન નથી, એ તો જ્ઞાન છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ અને પરોક્ષ તો જ્ઞાનના ભેદ છે. સમ્યગ્દર્શનનો એ ભેદ છે નહિ. અંતરમાં ચૈતન્યપ્રકાશ આત્મા, એમ પ્રત્યક્ષપણે રાગ અને નિમિત્તના અવલંબન વિના એકલો ચૈતન્યપ્રકાશ આત્મા પ્રત્યક્ષ વેદન–અનુભવમાં આવે છે, એનું નામ સમ્યગ્દર્શન કહે છે.

મુમુક્ષુ :– જ્ઞાનની પર્યાયમાં સમ્યગ્દર્શન...?

ઉત્તર :– એ પર્યાયમાં પ્રતીતિ થઈ કે આ આત્મા.

મુમુક્ષુ :– શ્રદ્ધાની પર્યાય તે જ્ઞાનગુણની પર્યાય...

ઉત્તર :– જ્ઞાનની પર્યાયમાં પ્રતીતિ થઈ કે આ આત્મા. આહાહા..! ઘણો ઝીણો વિષય છે.

જુઓ! **'શુદ્ધ જીવવસ્તુ, તેને (अन्तःपश्यतां) પ્રત્યક્ષપણે અનુભવે છે, ભાવાર્થ આમ છે—વસ્તુનો અનુભવ થતાં...'** ચૈતન્યચમત્કાર! બહુ ધીરજ જોઈએ. આ કોઈ પંડિતાઈની ચીજ નથી. તેમ ક્રિયાકાંડી ઘણા હોય, મહાવ્રત અને તપસ્યા, અનશન લે એની આ ચીજ નથી. આ ચીજ તો ત્રણ ભેદ પડે એવી પણ આ ચીજ નથી. આહાહા..! આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે. ત્રિકાળી દ્રવ્ય છે, એની શક્તિઓ ગુણ છે અને વર્તમાન અવસ્થા પર્યાય છે. એવા ત્રણભેદ પણ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પ્રત્યક્ષપણે અનુભવે છે. ભાવાર્થ આમ છે–વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર સહજ જ છૂટી જાય છે.'** ત્યાં વચન વ્યવહારનો અર્થ, પહેલું ભાઈ! કહ્યું હતું ને? વ્યવહારનય જેટલું કથન. એનો અર્થ, કે અંતરજલ્પ ઊઠે એ પણ વ્યવહારવચન છે. અંતરજલ્પ ઉઠે કે આ દ્રવ્ય છે, આ ગુણ છે અને આ પર્યાય છે. એવા અંતર્જલ્પ વિકલ્પ ઊઠે એ અંતરવાણી છે. એ કથનમાત્ર છે એમ કહે છે. આહાહા..! આત્મા વાણીથી કહે, કે આ દ્રવ્ય છે, ગુણ છે, વાણી છે, એ તો વ્યવહારકથન. પણ અંતરમાં વિકલ્પ ઊઠે અને અંદરમાં જલ્પ ઉઠે, કે આ દ્રવ્ય છે, ગુણ છે, તો એ પણ કથનમાત્ર છે. એ કથન છે, વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વસ્તુ નહિ એટલે એ પર્યાય જ નહિ?

ઉત્તર :– વાણી એ પણ વિકલ્પ કથન છે. વ્યવહારકથન કહ્યું ને? અંદર જલ્પ ઉઠે છે, કે આ દ્રવ્ય ને આ ગુણ ને આ પર્યાય. એ જલ્પ ઉઠે છે એ પણ વ્યવહારકથન છે. અંદરનું કથન છે. અભ્યંતર. આ વાણી છે એ બાહ્ય છે. બેય કથન વ્યવહાર છે. આહાહા..! માર્ગ આવો અલૌકિક માર્ગ છે.

**'વસ્તુનો અનુભવ થતાં વચનનો વ્યવહાર...'** જોયું ને? ભાષા એવી છે. અંદરનો વિકલ્પ અને વાણી બેય રહેતા નથી. એવો અર્થ કર્યો હતો ને? વ્યવહારનય જેટલું કથન. પહેલા એમ કહ્યું હતું ને? પહેલી લીટી. વ્યવહારનય એટલે **'જેટલું કથન.'** બસ. હવે જેટલા કથનમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બે પ્રકાર આવ્યા. વાણી પણ આવી અને અંદર જલ્પ ઊઠે છે, વિકલ્પ ઊઠે છે. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ ઉત્પાદ-વ્યય છે, આ ધ્રુવ છે, આ સામાન્ય છે અને આ પર્યાય વિશેષ છે, એવા અંતર્જલ્પ એ પણ કથન છે. આહાહા..! એ બધા વ્યવહાર જૂઠા છે. 'ધર્મચંદજી'! આહાહા..!

પહેલા એનું યથાર્થ જ્ઞાન તો થવું જોઈએ ને? ચીજ કેવી છે? અને કઈ રીતે પ્રાપ્ત થાય? એનું યથાર્થ જ્ઞાન તો થવું જોઈએ ને? હજી અનુભવ પછી છે. પણ કેવી ચીજ છે અને કેમ પ્રાપ્ત થાય એની ખબર નથી. તો પ્રયત્ન અને પ્રયોગ કઈ બાજુ કરે? વ્યવહારમાં પ્રયત્ન અને પ્રયોગ કરે તો પુણ્યબંધ થાય. એમાં ધર્મ તો થતો નથી. આહા..! અહીંયાં તો અંતરના અભેદમાં ભેદનો વિકલ્પ કરે તો પણ પુણ્યબંધ થાય છે. આહાહા..! વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ તો અલૌકિક છે. લોકોએ બહારથી કલ્પના કરીને માની લીધો છે, કે આ સમકિત છે અને હવે અમે ચારિત્ર અંગીકાર કરીએ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા એ સમકિત. અહીં તો ૬ ઠ્ઠા શ્લોકમાં નવ તત્ત્વનો (ભેદરૂપ) અનુભવ મિથ્યાત્વ કહેશે. ભેદ છે ને ભેદ? આહાહા..! આ વિકલ્પ છે. નવતત્ત્વ આ જીવ ને અજીવ, આ પુણ્ય ને પાપ. એવા નવતત્ત્વના ભેદનો વિચાર કરવો એ તો વિકલ્પ છે અને એની એકતાબુદ્ધિમાં તો મિથ્યાત્વ છે. આહાહા..!

અહીંયાં તો ચૈતન્યચમત્કાર માત્ર. એકલો ચૈતન્યપ્રકાશ એ દ્રવ્ય, ચૈતન્યપ્રકાશ એ આત્મા. એવો રાગ ને મન અને નિમિત્તની અપેક્ષા છોડીને નિરપેક્ષપણે, જેમાં પરની અપેક્ષા નથી અને પોતાના ચૈતન્યપ્રકાશનું નૂર, પૂર આત્મા એવા સ્વની અપેક્ષાએ જે ચૈતન્યપ્રકાશ છે એવો અનુભવ થાય એનું નામ સમ્યગ્જ્ઞાન છે, એનું નામ સમ્યગ્દર્શન છે. હજી આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'કેવી છે વસ્તુ ? 'परमं' ઉત્કૃષ્ટ છે, ઉપાદેય છે.'** આહાહા..! પરમની વ્યાખ્યા આ કરી. ચૈતન્યમાત્ર અભેદ જ્ઞાયકભાવ, એ જ ઉત્કૃષ્ટ વસ્તુ છે. ભેદમાં એ અભેદ જ ઉત્કૃષ્ટ વસ્તુ છે. અને પર્યાય ને રાગ ને નિમિત્તમાં પણ ઉત્કૃષ્ટ વસ્તુ આ છે. ત્રિકાળી ચૈતન્યપ્રકાશનું પૂર, ચૈતન્યપ્રકાશના નૂરના તેજનું પૂર... આહાહા..! એ એક જ વસ્તુ છે. એનો અનુભવ કરવો એ સમ્યગ્જ્ઞાન છે અને એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ઉપાદેય છે.'** એ એક જ ચીજ ઉપાદેય છે. અભેદ. ચૈતન્યપ્રકાશ વસ્તુ ભગવાન એ એક આદરણીય અને ઉપાદેય છે. વ્યવહાર-બ્યવહાર હેય છે. આમાં તો આ કહ્યું. અંતરમાં વસ્તુ અભેદ છે. એમાં એવા ભેદ કરવા દ્રવ્ય-ગુણ ને પર્યાય, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ને ગુણ-ગુણી ભેદ એ બધા તો વિકલ્પ છે, રાગ છે. અને એમાં ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. આહાહા..! એવો માર્ગ છે. એ જ ઉપાદેય છે. જુઓ! ચૈતન્યપ્રકાશમય મૂર્તિ આત્મા એક જ આદરણીય છે. ભેદ ને પર્યાય ને રાગ એ આદરણીય નથી, હેય છે. આહાહા..!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે એમાં?

**'વળી કેવી છે વસ્તુ ? 'परविरहितं''** લ્યો. એ વસ્તુ જ એવી છે. ભગવાનઆત્મા ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર–તેજ **'परविरहितं'** **'द्रव्यकर्म-'** જડ. એનાથી રહિત છે. **'नोकर्म'** વાણી શરીરથી રહિત છે. **'भावकर्म...'** પુણ્ય આદિ વિકલ્પથી પણ રહિત છે. ભાવકર્મ પુણ્ય વિકલ્પ. આહાહા..! વસ્તુ તો આવી છે. આવી છે, જેવી છે એમ અનુભવમાં લેવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! આ તો હજી ધર્મની પહેલી સીઢીની વાત છે. ચારિત્ર તો અલૌકિક વાતું છે. આનંદનો અનુભવ થાય ત્યારે પ્રતીતિમાં આવે છે કે આખો આત્મા આનંદમય છે. ત્યારે પ્રતીતિમાં આવે છે કે આ આનંદમાં લીન થઈશ ત્યારે અશુદ્ધતાનો નાશ થશે. આ આનંદમાં લીન થઈશ તો કર્મનો નાશ થશે એમ પ્રતીતિમાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! **'ભાવકર્મથી ભિન્ન છે.'** એ પાંચમો શ્લોક થયો.

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानधनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'तत् नः अयं एकः आत्मा अस्तु' (तत्) તે કારણથી (नः) અમને (अयं) આ વિદ્યમાન (एकः) શુદ્ધ (आत्मा) ચેતનપદાર્થ (अस्तु) હો. ભાવાર્થ આમ છે—જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે. પરન્તુ જીવ મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો પોતાના સ્વરૂપને જાણતો નથી, તેથી અજ્ઞાની જ કહેવાય. આથી એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ. શું કરીને? 'इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा' (इमाम्) આગળ કહેવામાં આવનાર (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના (सन्ततिम्) અનાદિ સંબંધને (मुक्त्वा) છોડીને. ભાવાર્થ આમ છે—સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે. 'यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्' (यत्) કારણ કે (अस्यात्मनः) આ જ જીવદ્રવ્ય (द्रव्यान्तरेभ्यः पृथक्) સકળ કર્મોપાધિથી રહિત જેવું છે (इह दर्शनम्) તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવ, (एतदेव) તે જ (नियमात्) નિશ્ચયથી (सम्यग्दर्शनम्) સમ્યગ્દર્શન છે. ભાવાર્થ આમ છે—સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે;**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે. વિવરણ—સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે, પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે; તેથી મોક્ષમાર્ગ છે. અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે. કેવો છે શુદ્ધ જીવ ? 'शुद्धनयतः एकत्वे नियतस्य' (शुद्धनयतः) નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં (एकत्वे) શુદ્ધપણું (नियतस्य) તે-રૂપ છે. ભાવાર્થ આમ છે—જીવનું લક્ષણ ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે—એક જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળચેતના. તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે, બાકીની અશુદ્ધ ચેતના છે. તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે; તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી, શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે.* x x x વળી કેવી છે જીવવસ્તુ ? 'व्याप्तुः' પોતાના ગુણ-પર્યાયો સહિત છે. આટલું કહીને શુદ્ધપણું દૃઢ કર્યું છે. કોઈ આશંકા કરશે કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુનો ભેદ છે કે અભેદ છે ? ઉત્તર આમ છે કે અભેદ છે—'आत्मा च तावानयम्' (अयम्) આ (आत्मा) જીવવસ્તુ (तावान्) સમ્યક્ત્વગુણમાત્ર છે. ૬.

---

છટ્ઠો કળશ.

एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानधनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक्।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसन्ततिमिमामात्मायमेकोऽस्तु नः।।६।।

'नः' એટલે અમને. 'नः'નો અર્થ અહીં નકાર નથી. અમને એક આત્મા હો. અમને બીજું કાંઈ નથી જોઈતું. આહાહા..! આચાર્ય મહારાજ! છે તો ખરી પણ ચીજ સાથે સમજાવે છે. અમને તો એક ભગવાનઆત્મા આનંદનું પૂર અને ચૈતન્યનું નૂર... આહાહા..! એનાથી ભરેલી અભેદ ચીજ 'नः' અમને. 'नः' એટલે અમને પ્રાપ્ત હો. અમને બીજી કોઈ ચીજ જોઈતી નથી. આહાહા..!

**'ખંડાન્વય સહિત અર્થ :– 'तत् नः अयं एकः आत्मा अस्तु' તે કારણથી અમને...'** છે ને? 'नः' એટલે અમને. **'આ વિદ્યમાન શુદ્ધ...'** 'एकः' નો અર્થ શુદ્ધ કર્યો. **'ચૈતન્યપદાર્થ**

---

* પંડિત શ્રી રાજમલજી કૃત ટીકામાં અહીં 'पूर्णज्ञानघनस्य' પદનો અર્થ કરવો રહી ગયો છે, જે અર્થ આ પ્રમાણે કરી શકાય :— વળી કેવો છે શુદ્ધ જીવ ? 'पूर्णज्ञानघनस्य' પૂર્ણ સ્વ-પર ગ્રાહકશક્તિનો પુંજ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હો.**' અમને તો એક ચૈતન્યપદાર્થ હો. આહાહા..! ભગવાનઆત્મા ભરિત અવસ્થ, ભરપૂર ગુણ શક્તિથી ભરેલો છે, એકરૂપ છે, એવો આત્મા અમને પ્રાપ્ત હો. પ્રાપ્ત તો છે પણ ઉપદેશ કરવો છે ને? આહાહા..! અને એ હજી પૂર્ણ આત્માની પ્રાર્થના, કેવળજ્ઞાન. આહાહા..!

'**ભાવાર્થ આમ છે—જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે.**' ભગવાનઆત્મા ચેતના, જાણવું, દેખવું એવા લક્ષણવાળી ચીજ તો સહજ છે. એ કોઈએ બનાવી છે અને કોઈથી બની છે એમ નથી. સ્વભાવિક છે. ચેતનાલક્ષણવાળી ચીજ સ્વભાવિક છે.

'**જીવવસ્તુ ચેતનાલક્ષણ તો સહજ જ છે. પરંતુ...**' થયું શું? '**મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો...**' આહાહા..! નિમિત્તથી મારામાં થાય છે, રાગથી મને લાભ થશે, એવી ભ્રમણા. ચૈતન્યપ્રકાશમય વસ્તુ તો છે ઇ છે, પણ એવી દૃષ્ટિ ન થતાં વર્તમાનમાં ભ્રમિત થયો. વર્તમાન દશામાં ભ્રમિત થયો. આહાહા..! '**પોતાના સ્વરૂપને જાણતો નથી,...**' ભગવાન આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એવી ચીજને, પર્યાયમાં રાગાદિથી ભ્રમિત થઈને એ ચીજને જાણતો નથી. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વપરિણામથી ભ્રમિત થયો થકો પોતાના સ્વરૂપને જાણતો નથી, તેથી અજ્ઞાની જ કહેવાય.**' આ કારણે છે તો ચૈતન્યપ્રકાશમયમૂર્તિ, પણ ભ્રમણાને કારણે એ પોતાને જાણતો નથી. એ કારણે અજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..!

'**આથી એમ કહ્યું કે મિથ્યા પરિણામ જવાથી...**' એ ભ્રમણા જવાથી '**આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ થાઓ.**' આ જ જીવ પોતાના સ્વરૂપનો અનુભવનશીલ-અનુભવસ્વભાવવાળો થાઓ. અનુભવસ્વભાવ. જે મિથ્યાત્વનો ભાવ હતો એને છોડીને પોતાનો ચૈતન્યપ્રકાશ આત્મા અનુભવનશીલ–અનુભવના આચરણવાળો થાઓ. અમારો અનુભવ સ્વભાવી જ થાઓ. બસ. આહાહા..! સમજાણું કાંઈ? '**અનુભવશીલી..**' શબ્દ વાપર્યો છે. સ્વભાવ. આહાહા..!

'**શું કરીને ?**' '**इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा**' '**આગળ કહેવામાં આવનાર જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના (सन्ततिम्) અનાદિ સંબંધને છોડીને.**' આહાહા..! એ નવતત્ત્વના ભેદ મિથ્યાત્વમાં અનાદિ સંતાન અનાદિથી ચાલ્યો આવે છે. આહાહા..! '**इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा**' '**આગળ કહેવામાં આવનાર જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના (सन्ततिम्) અનાદિ સંબંધને છોડીને. ભાવાર્થ આમ છે—સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવતત્ત્વરૂપ પરિણમ્યું છે...**' અનાદિથી નવતત્ત્વરૂપ પરિણમન છે. એ સંવર-નિર્જરા અને મોક્ષ એ સાચા નથી. પણ જેટલો અલ્પ રાગ રહે છે એ અપેક્ષાએ અશુભ નથી એ અપેક્ષાએ સંવર કહ્યું. છે તો ખોટું. મોક્ષ પણ જેટલો બંધ છે એટલો અલ્પ વિપાક છૂટે છે ને? એ અપેક્ષાએ મોક્ષ કહ્યું. સંવર-નિર્જરા-મોક્ષ શુદ્ધ નહિ. અનાદિથી જે સંવર-નિર્જરા-મોક્ષ છે એ તો અલ્પ રાગ રહ્યો અને તીવ્ર ગયો તો એને સંવર કહ્યું અને કર્મનો ઉદય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિપાક છે એ ખરી જાય છે એ અપેક્ષાએ નિર્જરા કહી અને બંધનો થોડો અભાવ છે. પૂર્ણ બંધ તો કોઈને નથી. એટલી અપેક્ષાએ એને મોક્ષ કહ્યું. એ સંવર-નિર્જરા-મોક્ષ સાચા નથી. સાચા હોય એમાં શુદ્ધતા હોય છે. પણ અનાદિના આ નવ છે. એ નહિ.

અહીં તો અનાદિ સંબંધને પ્રાપ્ત. એમ લેવું છે ને? **'નવતત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** આહાહા..! ભેદ છે ને? 'ઉમાસ્વામી'એ એમ કહ્યું ને કે તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. ત્યાં તો તત્ત્વાર્થ લીધું છે. સાત, પદાર્થનવ. ત્યાં એકવચન છે. અને આ તો બહુવચન ભેદનો અનુભવ છે. એમાં તો આત્માનું ભાન છે. એમાં બીજું તત્ત્વ નથી એવું જ્ઞાન થઈને પ્રતીતિ થાય છે એનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાન, નવતત્ત્વની શ્રદ્ધાને ત્યાં સમ્યગ્દર્શન કહ્યું. 'ઉમાસ્વામી'એ 'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું. અહીં મિથ્યાત્વ કહ્યું. અહીં ભેદરૂપ અજીવ અને જીવનું વેદન છે. વિકારનું વેદન છે. એ સહિત નવતત્ત્વનો (અનુભવ) એ શુદ્ધ સંવર-નિર્જરા-મોક્ષ નહિ.

**'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** આહાહા..! એક બાજુ કહે કે નવતત્ત્વ 'મોક્ષમાર્ગપ્રકાશક'માં સમ્યગ્દર્શન છે. નવતત્ત્વને સમ્યગ્દર્શન કહ્યું. 'તત્ત્વાર્થસૂત્ર'માં તો નવતત્ત્વને સમ્યગ્દર્શન કહ્યું. એ અભેદની વાત છે. એકરૂપ ચૈતન્યનો અનુભવ થતાં એ જીવ-અજીવ આદિ પર્યાય એમાં નથી એવું ભાન થાય છે, અનુભવમાં પ્રતીતિ થાય છે તો એ અપેક્ષાએ નવતત્ત્વને સમ્યગ્દર્શન કહ્યું. અહીંયાં તો નવતત્ત્વ જે ભેદ, ભેદવાળા છે એનો અનુભવ કરવો એ મિથ્યાત્વ છે. 'દેવચંદજી'!

'મોક્ષમાર્ગ પ્રકાશક' એમ કહે, કે નવતત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે. બધી વ્યાખ્યા. સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમહિતકર છે, આસ્રવ અહિતકર છે, બંધ અહિતકર છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એવા શબ્દો છે. એવા નવતત્ત્વનું ભાન. પણ એ દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, એને નવતત્ત્વનું ભાન આ પર્યાય જે છે એમાં નથી એવું બેનું જ્ઞાન સાથે (છે). જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીંયાં જે નવ તત્ત્વ કહે છે એ તો ભેદવાળા છે. અજીવ ને પુણ્ય ને પાપ ને આસ્રવ. સંવર, નિર્જરા, મોક્ષ એ તો અપેક્ષિત છે. મૂળ શુદ્ધાદિ નહિ. આહાહા..! **'નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.'** આહાહા..! જૈનદર્શનની શૈલી.. કઈ અપેક્ષાએ વાત છે એ સમજ્યા વિના એકાંત થઈ જાય છે. આહાહા..!

**'यदस्यात्मनः इह द्रव्यान्तरेभ्यः पृथक् दर्शनम् नियमात् एतदेव सम्यग्दर्शनम्' 'કારણ કે આ જ જીવદ્રવ્ય...'** ચૈતન્યપ્રકાશનું પૂર, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો સાગર એવું જીવતત્ત્વ ભગવાન પૂર્ણ.. છે? **'આ જ જીવદ્રવ્ય...' 'द्रव्यान्तरेभ्यः' 'આ જ જીવદ્રવ્ય સકળ કર્મોપાધિથી રહિત...'** કર્મની અપેક્ષા નથી, અનેરા દ્રવ્યની જ્યાં અપેક્ષા નથી, રાગ પણ અનેરું દ્રવ્ય છે એની પણ અપેક્ષા નથી. **'द्रव्यान्तरेभ्यः'** પોતાના દ્રવ્ય સિવાય બીજા દ્રવ્યની જેમાં કોઈ અપેક્ષા નથી. આહાહા..! **'द्रव्यान्तरेभ्यः'. 'द्रव्यान्तरेभ्यः'**ની વ્યાખ્યા કરી. **'કર્મોપાધિથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રહિત...**' પરદ્રવ્યની ઉપાધિથી રહિત. એમાં બધું આવી ગયું. કર્મ, પુણ્ય અને પાપ રાગાદિ દ્રવ્યાંતર છે, પોતાનું દ્રવ્ય નથી. એ અનેરા દ્રવ્યની ઉપાધિ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ એ દ્રવ્યાન્તર છે.

મુમુક્ષુ :– આ હિસાબે તો દયા, દાન આદિ કર્મોપાધિ થયા.

ઉત્તર :– એ ઉપાધિ જ છે. એ માટે તો આ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? કઠણ છે. વીતરાગમાર્ગ છે આ તો. વીતરાગતા ઉત્પન્ન થાય એ જૈનદર્શન. રાગ ઉત્પન્ન થાય એ જૈનદર્શન નથી. આહા..! રાગ તો જ્ઞાનીને પણ ઉત્પન્ન થાય છે. પણ એ પોતાનો છે એમ નહિ. એનું તો જ્ઞાન કરે છે. એ પણ પોતાના જ્ઞાનથી એનું જ્ઞાન થાય છે. આહાહા..! જ્ઞાનીને ભક્તિ, વંદનનો રાગ તો આવે છે પણ એ વ્યવહાર જાણવાલાયક છે. જાણવાલાયકમાં એને કહ્યો, આદરવાલાયકમાં એ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, કે '**જીવ દ્રવ્ય...**' '**द्रव्यान्तरेभ्यः**' જેવો છે એવો પ્રત્યક્ષપણે એનો અનુભવ... આહાહા..! અનેરા પદાર્થથી ભિન્ન પોતાનું ચૈતન્યદ્રવ્ય, ચૈતન્યપ્રકાશ પુંજ પ્રભુ, એનો અનુભવ. એ છે એને અનુસારે થવું. ભેદને દ્રવ્યાન્તરને અનુસારે ન થવું, પોતાના ત્રિકાળી જ્ઞાયકપ્રકાશના અનુસારે અનુભવ થવો... છે? '**તે જ નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.**' આહાહા..!

મુમુક્ષુ :– જ્ઞાનની પ્રતીતિને

ઉત્તર :– એ જ્ઞાન થયું. એમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય તો જ્ઞાનગુણની છે અને સમકિતની પર્યાય શ્રદ્ધાગુણની છે. બે ગુણની બે પર્યાય ભિન્ન ભિન્ન છે. પણ જ્યાં પ્રત્યક્ષ અનુભવ થયો કે આ ચૈતન્ય ભિન્ન, પરથી ભિન્ન એ જ્ઞાનમાં પ્રતીતિ થઈ એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! આવો માર્ગ છે.

'**તેવો જ પ્રત્યક્ષપણે તેનો અનુભવન,...**' તે દર્શનની વ્યાખ્યા કરી. જુઓ! છે ને? '**નિશ્ચયથી સમ્યગ્દર્શન છે.**' આ જ સમ્યગ્દર્શન છે. ભગવાનઆત્મા એકલો ચૈતન્યપ્રકાશ આનંદ અને અનંત શુદ્ધ શક્તિઓનો સંગ્રહ, અનંતગુણનું ગોદામ આત્મા છે. મોટું ગોદામ છે. અને અનંત સ્વભાવનો સાગર એવું ચૈતન્યસ્વરૂપ, એનું પ્રત્યક્ષપણે, પરની અપેક્ષા વિના– પોતાના દ્રવ્ય સિવાય, અનેરા દ્રવ્યાંતરની અપેક્ષા વિના, પોતાના દ્રવ્યનો પ્રત્યક્ષ અનુભવ થવો, તો '**द्रव्यान्तरेभ्यः**' માં એ રાગાદિ વ્યવહાર આવી ગયો. એનાથી રહિત અનુભવ થવો. વ્યવહારથી અનુભવ થવો એમ નથી. પણ એનાથી ભિન્ન અનુભવ થવો. આહાહા..! હવે અત્યારે આ તકરાર મોટી છે. 'સોનગઢ'ની સામે. એને બેઠું નથી એટલે એ બિચારા એની સામે છે. આહાહા..! વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે. નિશ્ચયથી થાય છે અને વ્યવહારથી નથી થતું એ એકાંત છે. આ અનેકાંત છે. '**द्रव्यान्तरेभ्यः**'થી નથી થતું. પોતાના દ્રવ્યથી થાય એ અનેકાંત છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાષા તો સાદી આવે છે. ભાવ તો જેવા છે એવા છે. આ તો અલૌકિક ભાવ છે, ભાઈ! જૈનદર્શન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સર્વજ્ઞ પરમેશ્વર... આહાહા..! જેને એક સમયમાં... રાત્રે આપણે સ્તવનમાં એ જ ચાલે છે ને? ૬૨૭ શ્લોક આવ્યા. એમાં એક જ કેવળજ્ઞાનની સ્તુતિ છે. ભિન્ન ભિન્ન રીતે. જૈન કેવળજ્ઞાન સર્વજ્ઞ પ્રકાશ. હમણા નવું પુસ્તક આવ્યું છે ને? સાંભળ્યું છે ? 'લઘુતત્ત્વ સ્ફોટ' ૨૫ અધિકાર. એક એક અધિકારમાં ૨૫ શ્લોક. ૬૨૫ શ્લોક અને એ ઉપરાંત બે શ્લોક. નવું પુસ્તક આવ્યું છે. શ્વેતાંબરના ભંડારમાંથી નીકળ્યું છે. છે દિગંબરનું. રાત્રે કલાક ચાલે છે. સાંજે સવા ચારથી સવા પાંચ. રાત્રે સાડા સાત થી સવા આઠ. બાર અધિકાર પૂરા થયા, નહિ? આહાહા..! શું કેવળજ્ઞાન અને સર્વજ્ઞની વ્યાખ્યા કરી છે એમાં. લોકો તો, સર્વજ્ઞ એટલે કોણ... આહાહા..! અને સર્વજ્ઞને જો આપણે નક્કી કરવા જઈએ તો ક્રમબદ્ધ નક્કી થઈ જાય.

મુમુક્ષુ :– પુરુષાર્થ રહેતો નથી.

ઉત્તર :– પુરુષાર્થ રહેતો નથી એમાં એમ કહે છે.

અરે..! ભગવાન! તારા એક ગુણની એક પર્યાય. જ્ઞાનગુણ જે સર્વજ્ઞસ્વભાવ ત્રિકાળી, સર્વજ્ઞશક્તિ આત્મામાં છે. જેમ જ્ઞાનશક્તિ છે, આનંદશક્તિ છે એવી સર્વજ્ઞશક્તિ છે. એમાં સામર્થ્ય છે. એમાંથી સર્વજ્ઞ જ્યારે થાય છે તો એક સમયમાં સર્વજ્ઞપણું (પ્રગટ થઈ જાય છે). આહાહા..!

મુમુક્ષુ :– 'અષ્ટ સહસ્ત્રી' ગ્રંથ છે એમાં સર્વજ્ઞની સિદ્ધિ કરી છે.

ઉત્તર :– સર્વજ્ઞની સિદ્ધિ. સર્વજ્ઞના વખાણ કરતા કરતા કેવળજ્ઞાન... ઘણું કરે છે. ઓહોહો..!

અહીં કહે છે, કે પ્રત્યક્ષ દ્રવ્યાન્તર નામ આ પોતાનું જે દ્રવ્ય પરિપૂર્ણ વસ્તુ, એ સિવાય અનેરા દ્રવ્યની અપેક્ષા છોડીને પોતાના દ્રવ્યની અપેક્ષાએ અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ ધર્મની શરૂઆત પહેલી સીઢી છે. પહેલી સીઢી. આહાહા..! પછી ચારિત્ર ને એ તો બહુ અલૌકિક વાતું છે, બાપુ! આહાહા..! બાહ્ય ત્યાગ કરે અને ચારિત્ર છે. એ ચારિત્ર નથી. નગ્નપણું લઈ લે અને પંચમહાવ્રતની ક્રિયા કરે એ નવમી ગ્રૈવેયક ગયો ત્યારે પંચમહાવ્રતની ક્રિયા હતી એવી ક્રિયા તો અત્યારે છે નહિ. તો પણ એ મિથ્યાત્વ હતું. આહાહા..! રાગથી લાભ થાય અને પુણ્યની ક્રિયાથી લાભ થાય એ તો મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રથમ ગુણસ્થાન છે.

ઉત્તર :– ચોથું ગુણસ્થાન. હજી ચોથા ગુણસ્થાનની આ વાત છે. પેલું તો મિથ્યાત્વ છે. આહાહા..! એમ કરતા કરતા... પોતાના દ્રવ્ય સિવાય અનેરા દ્રવ્ય પર્યાય... નિશ્ચયથી તો પર્યાય પણ અન્ય દ્રવ્ય છે. 'નિયમસાર'ની ૫૦ મી ગાથામાં પર્યાયને અન્ય દ્રવ્ય કહી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને અન્ય દ્રવ્ય કહી. કેમ? કે જેમ અન્ય દ્રવ્યમાંથી નવી

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય આવતી નથી, એમ નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય થતી નથી. નવી પર્યાય તો દ્રવ્યમાંથી આવે છે. દ્રવ્યના આશ્રયે આવે છે. તો જેમ અન્ય દ્રવ્ય છે એમ પર્યાયને પણ અન્ય દ્રવ્ય કહી દીધું. 'નિયમસાર'ની ૫૦ મી ગાથા. આહાહા..! મોક્ષમાર્ગ નિશ્ચયને પરદ્રવ્ય કહ્યો. 'દેવચંદજી'! નિશ્ચય. આ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર–લીનતા, આનંદ, તેને ત્યાં પરદ્રવ્ય કહ્યા છે. કેમ કે એ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ પરદ્રવ્યમાંથી નથી આવતી તેમ આ પર્યાયમાંથી નથી આવતી. તો અમારે તો એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય તો આ ચિદાનંદ ત્રિકાળ (છે). આહાહા..!

મુમુક્ષુ :– પરદ્રવ્ય, પરભાવ હેય છે.

ઉત્તર :– '**परद्रव्यं परस्वभावा इति हेया।**' ત્રણ બોલ છે. ૫૦મી ગાથા. '**परभावं परद्रव्यं इति हेया।**' આહાહા..! તો વ્યવહારરત્નત્રયનો રાગ અને નિમિત્તની તો વાત જ ક્યાં છે? લોકોની આની સામે તકરાર. ઘણી તકરાર કરે છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે—સમ્યગ્દર્શન જીવનો ગુણ છે.**' ત્રિકાળીની વાત (છે). '**તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે;...**' પર્યાય. સમ્યગ્દર્શન-શ્રદ્ધા તો ત્રિકાળી ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે એમ શ્રદ્ધા એ ત્રિકાળી ગુણ છે. '**સમ્યગ્દર્શન જીવનો ગુણ છે. તે ગુણ સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે;...**' સંસારદશામાં મિથ્યાત્વરૂપ પરિણમ્યો. આહાહા..! પર્યાય જેટલો હું. રાગથી, દયા, દાન, વ્રતાદિથી આત્માને લાભ થશે, એવો સમ્યગ્દર્શન ત્રિકાળી ગુણ મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ તો છે, ભાઈ! માર્ગ સૂક્ષ્મ છે. આહાહા..! જન્મ-મરણ કરી કરીને બિચારા.. આહાહા..! અહીં સાંભળવા આવતા. ઓલા નહિ? 'પદમશીભાઈ' કચ્છી-કચ્છી. હમણાં ગુજરી ગયા. બિચારા અહીંયાં બહુ હોંશથી સાંભળવા આવતા. અહીં મકાન લીધું છે. 'મોહનભાઈ'નું મકાન.

મુમુક્ષુ :– 'મણિકાંતભાઈ'ના બાપુજી.

ઉત્તર :– 'મણિકાંત'નો બાપ. અહીં મકાન લીધું ને? ૩૦ હજાર રૂપિયા આપ્યા છે. ૩૦ હજાર આપ્યા છે એણે. એના ઓલામાં રહે છે. અહીં રહેતા હતા બિચારા. અહીં કાયમ સાંભળવા આવતા. એ ૬૪ વર્ષની ઉંમરે ગુજરી ગયા. દેહ છૂટતા કાંઈ વાર લાગે છે? આહાહા..! દેહ છૂટ્યા પહેલા આ કામ કર્યું તો કર્યું, નહિતર પછી ખલાસ થઈ ગયું. પછી ક્યાં જાય? ક્યાં ઊપજે? આહાહા..! આવો યોગ ક્યારે મળે?

અહીં કહે છે, '**સંસાર-અવસ્થામાં વિભાવરૂપ પરિણમ્યો છે;...**' મિથ્યાત્વરૂપ. '**તે જ ગુણ જ્યારે સ્વભાવરૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ છે.**' આ જ શ્રદ્ધા ગુણ જો ત્રિકાળ સમ્યગ્દર્શન છે, ત્રિકાળી ગુણ, એ સ્વભાવરૂપે, સમ્યગ્દર્શનરૂપે પરિણમે તો એ મોક્ષમાર્ગ છે. આહાહા..! અને એ સમ્યગ્દર્શનગુણ વિભાવરૂપે પરિણમે તે સંસાર છે. આહાહા..! '**વિવરણ—સમ્યક્ત્વભાવ થતાં નૂતન જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્માસ્રવ મટે છે,...**' છે? '**પૂર્વબદ્ધ કર્મ નિર્જરે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**છે;...**' એની વ્યાખ્યા. જ્ઞાનાવરણાદિ દ્રવ્યઆસ્રવ મટે છે. સમ્યગ્દર્શન થતાં નવો આસ્રવ આવવો રોકાય જાય છે અને જૂનો નિર્જરે છે, સમ્યગ્દર્શન થતાં. '**તેથી મોક્ષમાર્ગ છે.**' અહીં તો સમ્યગ્દર્શન ઉપર જોર દેવું છે ને?

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન એટલે જ મોક્ષમાર્ગ.

ઉત્તર :– એ ખુલાસો કરશે. ખુલાસો કરશે, કે તમે સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહો છો અને શાસ્ત્ર તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણને મોક્ષમાર્ગ કહે છે. તમે એકને મોક્ષમાર્ગ કેમ કહો છો? એ પ્રશ્ન (આવશે).

'**તેથી મોક્ષમાર્ગ છે. અહીં કોઈ આશંકા કરશે...**' આશંકા, હોં! શંકા નહિ. મારા જાણવામાં ન આવ્યું. તમે શું કહો છો? સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહો છો. તો સમ્યગ્દર્શન તો એક ચીજ છે. એમાં ત્રણ ક્યાંથી આવ્યા? એવું જાણવામાં, હોં! તમારી વાત ખોટી છે એમ નહિ. એ તો શંકા થઈ. આ તો આશંકા છે. તમારી વાત સાચી છે પણ મને સમજાતી નથી. આહાહા..! '**આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે.**' મોક્ષમાર્ગ તો ત્રણ થઈને થાય છે અને તમે તો એક સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગ કહો છો. આહાહા..!

'**ઉત્તર આમ છે—**' પ્રશ્ન સમજાણો? કે સમ્યગ્દર્શન જે ત્રિકાળી ગુણ છે એ સ્વભાવરૂપ પરિણમે તો સમ્યગ્દર્શન છે. અને સમ્યગ્દર્શન છે તો એ મોક્ષમાર્ગ છે, એમ કહ્યું. તો શિષ્ય આશંકા કરે છે, કે મને સમજાયું નહિ. તમે એક સમ્યગ્દર્શનમાં ત્રણને મોક્ષમાર્ગ કેમ કહ્યું? મને સમજાયું નહિ. તો કહે છે... આહાહા..! '**ઉત્તર આમ છે—શુદ્ધજીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.**' જુઓ! આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનો રસીલો, રસીક આનંદનો થયો. અતીન્દ્રિય આનંદના રસનો સ્વાદિયો આત્મા થયો. તો એમાં સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન પણ થયું અને સ્વરૂપાચરણ સ્થિરતા પણ સાથે થઈ છે. ત્રણે છે. સમજાણું કાંઈ?

કેટલાક કહે છે ને કે સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ નથી. ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ નથી. એ ખોટી વાત છે. અનંતાનુબંધી જાય છે એટલી અંદર સ્વરૂપની સ્થિરતા થાય છે. દર્શનમાં પ્રતીતિ છે. અનંતાનુબંધીમાં સ્થિરતાનો અંશ છે. કેમ કે અનંતાનુબંધી ચારિત્રના દોષની વાત છે. ચારિત્રનો દોષ ગયો તો એટલું ચારિત્ર થયું. સમજાણું કાંઈ? એક કલાકમાં આટલું બધું યાદ કેમ રહે? બધી અજાણી વાતું. ભાઈ! પ્રભુનો માર્ગ એવો છે. જૈનદર્શન, સર્વજ્ઞ પરમેશ્વર, એનો તો આ માર્ગ છે. આહાહા..! જૈનધર્મ જ આવો છે. આહાહા..! અને આવી ચીજ જૈનધર્મ સિવાય કોઈ સ્થાનમાં નથી. વેદાંત કે (ક્યાંય નથી). આહાહા..!

'**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે–શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.**' આહાહા..! બે-ત્રણ ઠેકાણે નાખ્યું છે. આગળ નાખ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ૩૪ મે પાને ને ૪૫ મે પાને છે.

ઉત્તર :– હા પાનું નાખ્યું છે. બે-ત્રણ ઠેકાણે છે. આહાહા..!

**'કેવો છે શુદ્ધ જીવ ?' 'शुद्धनयतः एकत्वे नियतस्य' 'નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં શુદ્ધપણું તે-રૂપ છે...'** આહાહા..! વસ્તુની દૃષ્ટિએ જોતાં શુદ્ધનય, સત્યનયના જ્ઞાનથી જે ત્રિકાળી જ્ઞાન સત્ય છે, ત્રિકાળી જ્ઞાનને જાણનારી નય જે શુદ્ધ-સત્ય છે, એ નયે જોતાં શુદ્ધનયથી નિર્વિકલ્પ **'વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં શુદ્ધપણું તે-રૂપ છે.'** એ તો શુદ્ધ જ છે. ભગવાનઆત્મા શુદ્ધ જ છે.

કાલે નહોતું કહ્યું? **'सर्वे जीवाः'** સર્વકાળમાં, સર્વલોકમાં, સર્વ જીવ પરિપૂર્ણ શક્તિથી ભરેલો છે. બંધ અધિકાર. 'પરમાત્મપ્રકાશ'માં પાછળ એક જ શબ્દ છે. આહાહા..! **'सर्वे जीवाः'** પરિપૂર્ણ શક્તિથી ભરેલા, સર્વ ક્ષેત્રમાં, સર્વ કાળમાં. આહાહા..! એવી ધર્મીએ ભાવના કરવી જોઈએ. 'દેવીલાલજી'! બંધ અધિકારમાં ટીકામાં એ આવ્યું છે અને 'પરમાત્મપ્રકાશ'માં પાછળ (આવ્યું છે). **'सर्वे जीवाः'** મન, વચન, કાયાથી–કૃત, કારિત અનુમોદનાથી પરિપૂર્ણ છે. ત્રણકાળમાં, ત્રણલોકમાં પરિપૂર્ણ સર્વ જીવ. આહાહા..! વસ્તુનો સ્વભાવ તો આવો છે. એવા સર્વ જીવ. અભવી પણ એવા છે. એ તો પર્યાયમાં પ્રગટ નથી કરી શકતા. સમજાણું કાંઈ? અભવી. સર્વ જીવમાં એ આવ્યા કે નહિ? ...દુર્ભવિ. અનંતે કાળે કોઈ ભવી મોક્ષ જશે એ પણ સર્વ જીવમાં આવી ગયા. આહાહા..! સર્વ જીવ... આહાહા..! મન, વચન, કાયાથી, કૃત, કારિત, અનુમોદનાથી. ત્રણકાળ, ત્રણલોકમાં પરિપૂર્ણ શક્તિથી ભરેલા છે. આહાહા..!

**'शुद्धनयतः નિર્વિકલ્પ વસ્તુમાત્રની દૃષ્ટિથી જોતાં શુદ્ધપણું તે-રૂપ છે. ભાવાર્થ આમ છે–જીવનું લક્ષણ ચેતના છે. તે ચેતના ત્રણ પ્રકારની છે–'** જુઓ! હવે વિસ્તાર કેવો લે છે! આહાહા..! **'એક જ્ઞાનચેતના, એક કર્મચેતના, એક કર્મફળચેતના. તેમાં જ્ઞાનચેતના શુદ્ધ ચેતના છે,...'** ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય, એનું ચેતવું, વેદવું એ જ્ઞાનચેતના, એ શુદ્ધ જ્ઞાનચેતના, જ્ઞાનસ્વરૂપી શુદ્ધ ચૈતન્યપ્રકાશનો પુંજ, એનું વેદન, એને જાણીને એમાં ચેતવું, શુદ્ધ જ્ઞાનમાં ચેતવું એ જ્ઞાનચેતના શુદ્ધ છે, એ ધર્મ છે, એ મોક્ષનો માર્ગ છે. આહાહા..!

**'તેમાં અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** આહાહા..! શું કહે છે? અનાદિ સંસારી જીવને અશુદ્ધ ચેતનાનો સ્વાદ અનાદિથી છે. કર્મચેતના અને કર્મફળચેતના બે અશુદ્ધ છે. કર્મચેતના એટલે રાગનો અનુભવ કરવો એ કર્મચેતના. રાગને વેદવું એ કર્મફળચેતના. રાગ એ કર્મચેતના અને એનું વેદન કરવું એ કર્મફળચેતના, તો અનાદિથી સર્વ જીવ અશુદ્ધ ચેતનાનો સ્વાદીયા છે. અશુદ્ધ ચેતનાના સ્વાદવાળા છે. આહાહા..! દિગંબર મુનિ નવમી ગ્રૈવેયક ગયા 'મુનિવ્રત ધાર..' એ અશુદ્ધચેતનાનો સ્વાદ હતો. કેમ? કે 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા.' એમાં આવ્યું ને? મહાવ્રતના પરિણામ અશુદ્ધચેતના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

**'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને...'** એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદષ્ટિ જાય છે. આહાહા..! દ્રવ્યલિંગ ધારણ કરીને, અનંત વાર પંચ મહાવ્રત લઈને ગયા (એ) બધા સંસારીજીવને અશુદ્ધચેતનાનું વેદન છે. આહાહા..! એ પુણ્યભાવ, મહાવ્રત ભાવ બેય અશુદ્ધચેતના છે, અશુદ્ધ કર્મચેતના છે. અઠ્યાવીશ મૂળગુણનો બહારનો વિકલ્પ, એ અશુદ્ધચેતના છે. એ અશુદ્ધચેતના કર્મચેતના (છે) અને એને વેદવું એ કર્મફળચેતના (છે). તો અનાદિથી સંસારી પ્રાણીને અશુદ્ધચેતનાનો સ્વાદ છે. આહાહા..! શુદ્ધચેતના ભગવાન અંદર આનંદમૂર્તિ, પ્રભુ! એણે કદી એનો સ્વાદ લીધો નથી. સમજાણું કાંઈ?

વળી સ્વાદ શું હશે? જડના સ્વાદ હોય. જડમાં પણ સ્વાદ ન હોય. અજ્ઞાનીને જે સ્વાદ આવે છે. એ કહે છે. સ્ત્રીના વિષયમાં, પૈસામાં, આબરૂમાં, ખાવા-પીવામાં જે રાગ આવે છે એ રાગનું વેદન છે, એ ચીજનું વેદન નથી. અશુદ્ધ કર્મચેતનાનું વેદન કહ્યું ને? પરનું વેદન નહિ, શરીરનું નહિ. દાળ-ભાત-શાક-મોસંબી આદિ ચુરમા-દાળ, એનું વેદન અજ્ઞાની જીવને પણ કદી થતું નથી. આહાહા..! અશુદ્ધચેતનાનો. શુભ અને અશુભરાગનું વેદન છે. આહાહા..! સમજાણું કાંઈ? વીંછીં કરડે એનું વેદન જીવને નથી. એ તરફ લક્ષ કરીને દ્વેષ ઉત્પન્ન કરે છે. કર્મચેતના દ્વેષ છે એનું વેદન છે. આહાહા..! એ મહાવ્રતના પરિણામમાં શુભરાગનું વેદન એ પણ અશુદ્ધચેતનાનું વેદન છે. આહાહા..!

**'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને...'** એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદષ્ટિ જીવ છે, બધા જીવોને અશુદ્ધચેતનાનો સ્વાદ છે. બરાબર છે? પંડિતજી! આ બધા લોકો સુખી કહે છે ને? પૈસાવાળા હોય, પાંચ-પચાસ લાખ, પાંચ-દસ કરોડ, સ્ત્રી, કુટુંબકબીલા, શરીર સુંદર હોય, લાડુ ઉડાવે, રસગુલ્લા. રસગુલ્લા હોય છે દૂધના? એ ખાઈને જાણે અમે સુખી છીએ. મૂંઢ છે, મૂંઢ. સાંભળને. એ અશુદ્ધચેતનાનો સ્વાદ છે, રાગનો સ્વાદ છે. એ ચુરમા કે એનો કોઈ સ્વાદ નથી. પરચીજનું વેદન તો કોઈને છે જ નહિ. આહાહા..! છે?

**'અનાદિનો...' 'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને...'** એક સમ્યગ્દર્શન સિવાય જીવની વાત છે. **'અનાદિનો પ્રગટ જ છે;...'** આહાહા..! એ પંચ મહાવ્રત પાળે, વ્યવહાર સમિતિ, ગુપ્તિ, ભગવાનનું સ્મરણ એ અશુદ્ધ ચેતનાનો સ્વાદ છે. બરાબર છે? **'તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી,...'** એ અશુદ્ધ ચેતનાનું વેદન એ કાંઈ સમકિત નથી. સમજાણું કાંઈ? **'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે.'** આહાહા..! શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો સ્વાદ આવે તે સમકિત છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જ્યેષ્ઠ વદ ૬, મંગળવાર તા.૦૭.૦૬.૧૯૭૭
## કળશ - ૬-૭, પ્રવચન - ૯

'કળશ ટીકા' ચાલે છે. જીવ અધિકાર. છટ્ઠો કળશ ચાલે છે. અહીયાં આવ્યું છે. થોડું ફરીને લઈએ.

અનાદિકાળથી **'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** શું કહે છે? કે સર્વ જીવોને અનાદિકાળથી અશુદ્ધ ચેતનાનો સ્વાદ છે. શુભ-અશુભ રાગાદિ અશુદ્ધ ચેતના, એનો સ્વાદ–અનુભવ છે. તો એ સમયે આત્મા પણ અશુદ્ધ થઈ જાય છે ને? દ્રવ્ય. આત્મા તો દ્રવ્ય છે. દ્રવ્ય છે એ તો ત્રિકાળ શુદ્ધ છે. એમાં એ અશુદ્ધ સ્વાદ કે શુદ્ધનો સ્વાદ એ તો પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? એમાં આવ્યું છે, 'મખ્ખનલાલજી'! એ છે ને? 'નરેન્દ્રકુમારે' એણે લખ્યું છે. દ્રવ્ય પર્યાય બે ભિન્ન છે. તો એનો એણે જવાબ આપ્યો છે, કે દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે. જ્યારે અશુદ્ધ ભાવ થાય છે ત્યારે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. પંડિતજી!

મુમુક્ષુ :– 'મખ્ખનલાલજી'એ લખ્યું છે?

ઉત્તર :– હા. 'મખનલાલજી'એ લખ્યું છે. 'કરુણાદિપ' આવે છે ને વિરુદ્ધ. એમાં લખ્યું છે. એમ નથી. 'પ્રવચનસાર'માં જે ચાલ્યું છે, કે દ્રવ્ય જે શુભ હોય ત્યારે શુભ પરિણમન પર્યાયમાં થાય છે. શુભ બીજામાં થાય છે અને પર્યાયમાં શુભ નથી થતા એમ નથી. દ્રવ્ય જે છે એ તો ત્રિકાળ શુદ્ધ છે. પણ પર્યાયમાં જ્યારે શુભ થાય છે ત્યારે પરિણતિ શુભ થાય છે અને અશુભ થાય ત્યારે અશુભ પરિણતિ થાય છે. અને શુદ્ધ થાય છે તો શુદ્ધ પરિણતિ (થાય છે). એ પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? એમાં લખ્યું છે. આ 'કરુણાદિપ'માં. એની સામે જવાબ આપ્યો ને? એ છે ને? 'નરેન્દ્રકુમાર' એની સામે જવાબ આપ્યો છે.

'...જી'! દ્રવ્ય અને પર્યાયને ભિન્ન-ભિન્ન સમજીને પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિમાં ભેદ બતાવે છે. 'નરેન્દ્ર'. એ એની સમજ આગમ વિપરીત છે. દ્રવ્ય અને પર્યાય બેય અભિન્ન છે. જો પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. કહો, બરાબર છે? નહિ? પર્યાયમાં અશુદ્ધ હોય તો દ્રવ્યમાં શુદ્ધ ક્યાંથી રહેશે? પણ એ તો પર્યાયની વાત છે. સંસાર પર્યાય એ પણ પર્યાય છે. મોક્ષમાર્ગ પણ પર્યાય છે અને સિદ્ધ પણ પર્યાય છે. એ તો પર્યાયની વાત છે. દ્રવ્ય તો એમાં ત્રિકાળી શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? પણ આ ના પાડે છે. અભિન્ન છે. જો દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાય પણ શુદ્ધ છે. પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. મિથ્યાદૃષ્ટિ જીવની પર્યાય અશુદ્ધ છે, તો એનું આત્મદ્રવ્ય પણ અશુદ્ધ છે. સિદ્ધ ભગવાનનું આત્મદ્રવ્ય પરમશુદ્ધ છે, તો એની સિદ્ધપર્યાય પણ પરમશુદ્ધ છે. મિથ્યાદૃષ્ટિ, નિગોદ આદિની

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયને અશુદ્ધ બતાવવી અને નિગોદ આદિ આત્માને ત્રિકાળ શુદ્ધ કહેવો એ મિથ્યા સમાન છે. આવું છે. આ તમારા પંડિતોમાં આવું કેમ ચાલે છે?

મુમુક્ષુ :– 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' એ એમ કહ્યું **'सवै शुद्धा शुद्धनया'**

ઉત્તર :– એ તો ત્રિકાળી શુદ્ધનય. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. એકેન્દ્રિય આદિથી પંચેન્દ્રિય કે આ સિદ્ધ. પર્યાય (અશુદ્ધ) હો પણ દ્રવ્ય તો બધામાં શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? 'જયસેનાચાર્ય'ની ટીકામાં નહિ? 'સમયસાર'. **'एयत्तणिच्छयगदो'** ભાઈ! **'एयत्तणिच्छयगदो'** છે ને? ત્રીજી ગાથા.

મુમુક્ષુ :– એકેન્દ્રિયના જીવો પણ આવા છે.

ઉત્તર :– હા. એ. **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।'** દ્રવ્ય ત્રિકાળ છે એ તો સુંદર ઉપાદેય જ છે. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય બગડી ગયું હોય તો ઉપાદેયમાં રહે શું?

ઉત્તર :– વસ્તુ જ એને કહીએ, કે જેનો સ્વભાવ અપૂર્ણ ન હોય અને વિકૃત ન હોય. પરિપૂર્ણ હોય અને શુદ્ધ હોય ત્યારે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. પંડિતજી! આહાહા..! આવી ગડબડ હવે. આ 'મખનલાલજી'એ 'કરુણાદીપ'માં નાખ્યું છે.

અહીં **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।'** એ 'સમયસાર'ની ત્રીજી ગાથા છે. એકેન્દ્રિયથી માંડીને સર્વ. પર્યાય હો. દ્રવ્ય અંદર સુંદર જ છે. આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ ! પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. શક્તિ, સ્વભાવ, ગુણ, ભાવ બધા પૂર્ણ પવિત્ર જ છે. એ કાલે નહોતું કહ્યું? સર્વ જીવા. સર્વ જીવ, સર્વ કાળ, સર્વ ક્ષેત્રમાં સર્વ ભરિતાવસ્થ. પૂર્ણ શુદ્ધ અવસ્થ. અવસ્થા એટલે નિશ્ચય સ્થ. અવસ્થા (એટલે) પર્યાય નહિ. અવસ્થ. દરેક પદાર્થ નિશ્ચય પોતાની શુદ્ધ શક્તિથી પૂર્ણ ભરેલો છે. સમજાણું કાંઈ? 'દેવીલાલજી'! તો પર્યાય અશુદ્ધ છે અને દ્રવ્ય શુદ્ધ રહે? ભાઈ! દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ જ છે. અરે..! ભગવાન!

નિશ્ચય મોક્ષમાર્ગ જે છે એ પણ પર્યાય છે અને વ્યવહાર છે. 'પરમાર્થ વચનિકા'માં લખ્યું છે. દ્રવ્ય તો નિષ્ક્રિય છે. આહાહા..! અને 'પરમાત્મપ્રકાશની' ૬૮મી ગાથામાં લીધું છે, **'जिणवरु एउँ भणेइ' 'जिउ बंधु ण मोक्खु करेइ।'** જીવ જે દ્રવ્ય વસ્તુ છે, એ તો બંધ, મોક્ષને નથી કરતી. એમાં બંધ, મોક્ષનું કારણ પણ નથી. એ તો ત્રિકાળ ધ્રુવ વસ્તુ છે. આહાહા..! કહો, આવી વાતનો વિરોધ કરે. હવે કઈ વાત એને...

અહીં એ કહે છે, કે **'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** પ્રગટ શબ્દ કહેતા પર્યાયમાં અશુદ્ધતા છે. સમજાણું કાંઈ? શક્તિ તો શુદ્ધ જ છે, આનંદ છે. આહાહા..! સ્વભાવ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય પ્રભુતા, ઈશ્વરતાનું પરિપૂર્ણ તત્ત્વ છે. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. એમાં પર્યાયનો ભેદ નથી. પર્યાય છે ખરી. પર્યાય નથી એમ નહિ. સિદ્ધ પણ પર્યાય છે. મોક્ષમાર્ગ પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ એ પણ પર્યાય છે. પર્યાય છે ખરી. પણ એ પર્યાયના કાળમાં ચાહે તે પર્યાય હોય, નિગોદની હોય કે સિદ્ધની પર્યાય હોય, દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ અંદર પડ્યું છે. પંડિતજી! આહાહા..! 'ધર્મચંદજી'! આ તમે શું અત્યાર સુધી બધા ગોટા વાળ્યા? લોકો પંડિત કહે છે અને બધાએ હા-હા પાડી છે. આહાહા..! જુઓ!

વેદન અનાદિનું અશુદ્ધ જ છે. પણ વસ્તુ અશુદ્ધ નથી. વસ્તુ તો આનંદકંદ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! જો અશુદ્ધ વખતે દ્રવ્ય અશુદ્ધ થઈ જાય તો શુદ્ધતા ક્યાંથી આવશે? શુદ્ધતા જે આનંદની દશા છે, વર્તમાનમાં તો અજ્ઞાનીને દુઃખનું વેદન છે. આ દુઃખ કહ્યું ને? અશુદ્ધ ચેતનાનું વેદન કહો કે દુઃખનું વેદન કહો. એ સમયે ભગવાનઆત્મા સુખરૂપ ન હોય તો દુઃખનો નાશ કરીને સુખ આવશે ક્યાંથી? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ પદાર્થ જે ચીજ છે, એક સમયની પર્યાયથી ભિન્ન છે. અભિન્ન કહ્યું એ તો પરદ્રવ્યથી ભિન્ન કરવા માટે પર્યાય અને દ્રવ્ય અભિન્ન કહ્યા. પણ બે વચ્ચે તો ભિન્નતા છે. આહાહા..! સાચી વાત આવી છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ જિનેશ્વરદેવનો તો આ હુકમ છે.

પ્રભુ! તારી ગમે તે ચીજ હોય. 'પરમાત્મ પ્રકાશ' અને બંધ અધિકારમાં તો એમ લીધું સવ્વે જીવા. સર્વ કાળમાં, સર્વ ક્ષેત્રમાં પરિપૂર્ણ આનંદ આદિ અવસ્થા. અવસ્થા નામ નિશ્ચયથી ભરેલા છે. અવ નામ નિશ્ચયસ્ત. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિએ એવી નિરંતર ભાવના કરવી જોઈએ. એવો પાઠ છે. આહાહા..!

સમ્યગ્દર્શન કાળમાં થોડી શુદ્ધ પર્યાય છે, થોડી અશુદ્ધ છે. બે છે. જ્ઞાનધારા અને કર્મધારા. હજી પૂર્ણ કેવળજ્ઞાન થયું નથી. માટે રાગ પણ છે અને અરાગ પણ છે. મોક્ષમાર્ગ જેટલો પ્રગટ થયો એટલો અરાગ છે. એમ હોવા છતાં પણ વસ્તુ તો શુદ્ધ ત્રિકાળ છે. આહાહા..! સિદ્ધની પર્યાય પૂર્ણ થઈ તો પણ દ્રવ્ય તો ત્યાં ત્રિકાળ શુદ્ધ છે. અને નિગોદમાં અક્ષરના અનંતમાં ભાગમાં પર્યાય રહી ગઈ. વસ્તુ તો પૂર્ણ છે. આહાહા..! પ્રભુ! પૂર્ણ વસ્તુ ન હોય તો પૂર્ણતા ક્યાંથી આવશે? કાંઈ પર્યાયમાંથી પૂર્ણતા આવશે? આવશે પર્યાયમાં પૂર્ણતા, પણ એનું લક્ષ ધ્યેય દ્રવ્ય ઉપર છે. પૂર્ણ ઉપર ધ્યેય છે. સમકિતીનું પૂર્ણ ઉપર ધ્યેય છે. ભલે વર્તમાન પર્યાયમાં અપૂર્ણતા હોય અને એનું સાધ્ય સિદ્ધ હોય, પણ ધ્યેય દ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કંઈકના કંઈક અર્થ કરે એ ચાલે? પ્રભુ! આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :– પહેલેથી ઉંધું ભણતર જ ભણ્યા છે.

ઉત્તર :– એ વાત સાચી છે. પણ વસ્તુ દ્રવ્ય અને પર્યાય બે (છે). નિશ્ચયથી તો દ્રવ્ય પર્યાયને અડતું નથી. એમાં અભિન્ન લખ્યું છે ને? અભિન્ન લખ્યું છે. એમ છે જ નહિ. 'સમયસાર'ની ૪૯ ગાથામાં લીધું છે કે વ્યક્ત-અવ્યક્તનું જ્ઞાન એક સાથે હોવા છતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યક્ત એટલે એક સમયની પ્રગટ પર્યાય અને અવ્યક્ત એટલે ત્રિકાળી દ્રવ્ય, એ બેનું એક સમયમાં જ્ઞાન હોવા છતાં દ્રવ્ય અવ્યક્ત વ્યક્તને સ્પર્શતું નથી. આહાહા..! ફરીથી. લેવું છે? 'સમયસાર'ની ૪૯ ગાથા. અવ્યક્ત લેવું છે ને? અવ્યક્ત. જુઓ!

**'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.'** ત્રિકાળી દ્રવ્ય અવ્યક્ત છે. અવ્યક્ત નામ વસ્તુ પર્યાયમાં આવી નથી. એક બોલ. **'કષાયોનો સમૂહ જે ભાવકભાવ વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.'** કષાયભાવ જે પર્યાયમાં છે એ પ્રગટ છે અને જીવદ્રવ્ય છે એ અવ્યક્ત છે એનાથી ભિન્ન છે. છે? **'તેનાથી જીવ અન્ય છે...'**

**'ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે.'** શું કીધું? કે સામાન્ય ચેતનસ્વરૂપ જે છે, એમાં જેટલી ભૂત-ભવિષ્યની પર્યાય છે તે એમાં નિમગ્ન છે, અંદર ડૂબેલી છે. આહાહા..! **'સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે માટે અવ્યક્ત છે. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે.'** હવે આપણે અહીં લેવું છે. **'વ્યક્તપણું તથા અવ્યક્તપણું ભેળાં મિશ્રિતરૂપે તેને પ્રતિભાસવા છતાં પણ...'** પર્યાય અને દ્રવ્ય એક ક્ષણમાં સાથે જ્ઞાન થવા છતાં પણ. બેયનું જ્ઞાન એકસાથે થાય છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે ત્રિકાળ અને પર્યાય એટલે એક સમય, બેનું જ્ઞાન એક સમયમાં મિશ્રિત જ્ઞાન. દ્રવ્ય અને પર્યાય બેનું મિશ્રિત જ્ઞાન થવા છતાં... આહાહા..! **'તે વ્યક્તપણાને સ્પર્શતો નથી...'** એ એકલી પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી. આહાહા..! દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથા છે ને? અલિંગગ્રહણ. એના ૨૦ બોલ છે. એમાં એમ લીધું છે, કે પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. સમજાણું કાંઈ? અર્થાવબોધરૂપ પર્યાયવિશેષ દ્રવ્યને સ્પર્શતી નથી. અને પ્રત્યક્ષ.. શું કહેવાય એ શબ્દ ભૂલી ગયો. પ્રત્યભિજ્ઞાન. પ્રત્યભિજ્ઞાનમાં પ્રત્યક્ષ જે દ્રવ્ય છે, એ પર્યાયને સ્પર્શતું નથી. ૧૭૨ ગાથા. સમજાણું કાંઈ? એ તો દ્રવ્ય પર્યાયથી અભિન્ન છે એમ આવે છે એ તો પરથી ભિન્ન કરવા માટે. પણ બે વચ્ચે તો બે ભિન્ન છે. એ તો 'આપ્તમિમાંસા'માં આવે છે. ધર્મ અને ધર્મી બે નિરપેક્ષ ભિન્ન છે. ધર્મ અને ધર્મી બે નિરપેક્ષ ભિન્ન છે.

અહીં પણ એમ કહ્યું. ભગવાન ચિદાનંદ... આહાહા..! એક સમયમાં સંસારની મલિન દશા હોવા છતાં એક સમયની પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ તો આનંદકંદ સચ્ચિદાનંદ પૂર્ણ પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. 'દેવચંદજી'!

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિને પણ એમ જ છે?

ઉત્તર :– કેમ કે અનાદિથી પર્યાય પ્રગટ છે, એમાં એની રમત છે. નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ થઈને ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, તોપણ આતમજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બિન લેશ સુખ ન પાયો.' આત્મદ્રવ્ય છે એની દૃષ્ટિ ન કરી. એનું મહાત્મ્ય આવ્યું નહિ. પર્યાયમાં રમત કરતા કરતા પંચમહાવ્રતાદિ એવા પાળ્યા, શુક્લલેશ્યા (થઈ તેના ફળમાં) નવમી ગ્રૈવેયકે ચાલ્યો ગયો. અનંતવાર દ્રવ્યલિંગી (થયો). આહાહા..! પણ આત્મજ્ઞાન વસ્તુ જે એક સમયની પર્યાય પાછળ આખો પર્યાયવાન, અવસ્થાની પાછળ અવસ્થાવાન. આહાહા..! એની પ્રતીતિ ન થઈ, એ વિશ્વાસમાં આવ્યું જ નહિ.

પૂર્ણાનંદનો નાથ ભગવાન પૂર્ણ પ્રભુ સર્વ જીવ પરમાત્મા, દ્રવ્ય સ્વભાવે સર્વ જીવ સાધર્મી ભગવાનઆત્મા છે. આહાહા..! એને અનાદિથી એવી પર્યાયમાં પ્રતીતિ ન આવી. બાકી બધું કર્યું. પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ, ભગવાનના સમવસરણમાં જઈને અનંતવાર હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ અને દીવા... શેના કહેવાય એ? મણિરત્નના દીપ. જય નારાયણ.. જય ભગવાન. એમ સમવસરણમાં અનંતવાર પૂજા કરી. એ તો શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! કેમ કે ભગવાન 'કુંદકુંદાચાર્ય' 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં કહે છે, **'परदव्वादो दुग्गई'** પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. તારા સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે, તો તારા ચૈતન્યની પરિણતિ–ગતિ નહિ થાય, દુર્ગતિ–વિકાર થશે. આહાહા..! આ વાત સાંભળી ન હોય અને શું કરે? અને આવા લખાણ નાખે તો બિચારા સાધારણ માણસને અભ્યાસ ન હોય. દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે. માટે પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. એમ કહે. અરે..! ભગવાન! પ્રભુ! તારી ચીજની તો બલિહારી છે, નાથ! તારી અશુદ્ધતા પણ મોટી અને તારી શુદ્ધતા પણ મોટી. 'અનુભવ પ્રકાશ'માં આવે છે. આહાહા..! તારા પર્યાયના કાળમાં તારી અશુદ્ધતા પણ મોટી. ત્રણલોકના નાથના સવસરણમાં  અનંતવાર દિવ્યધ્વનિ સાંભળી. પણ તારી અશુદ્ધતા પણ મોટી અને શુદ્ધતા અંદર ત્રિકાળી પરમાત્મસ્વરૂપ છે એની તને રુચિ થઈ નહિ. પંડિતજી! બરાબર છે? આ તો બે ને બે ચાર જેવી વાત છે. આમાં કોઈ વિશેષ વ્યાકરણ, સંસ્કૃત એવી ચીજની જરૂર નથી. આહાહા..!

ભગવાન! અહીં તો એ કહે છે, જુઓ! કે **'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** હવે અહીંયાં 'પરમાત્મ પ્રકાશ'માં એમ કહે છે, કે સર્વ શુદ્ધ ચૈતન્યઘન છે. એ સ્વભાવની અપેક્ષાએ. એનો સ્વભાવ જ એવો છે. વસ્તુ છે એ સ્વભાવવાન છે. વસ્તુ છે એ સ્વભાવવાન છે તો એ ત્રિકાળી છે, તો એનો સ્વભાવ પણ ત્રિકાળી છે. સ્વભાવ પણ ત્રિકાળી શુદ્ધ છે. દ્રવ્ય શુદ્ધ છે તો એનો સ્વભાવ પણ ત્રિકાળી શુદ્ધ છે. એ તો પર્યાયમાં બધો સંસાર અને મોક્ષમાર્ગ અને મોક્ષ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંનું જૂઠું કરવા માટે ઓલો છોકરો બિચારો 'નરેન્દ્રકુમારે' સારુ લખ્યું હતું. એનો ઉત્તર જૂઠો આપવામાં આમ લખ્યું, દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે. માટે પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. અરે..! ભગવાન! તું પણ છો તો ભગવાન. પણ આવી બુદ્ધિ ક્યાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી? આહા..! 'દેવીલાલજી'!

અહીંયાં તો કહ્યું, **'સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** જુઓ! **'વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** પ્રગટ શબ્દે પર્યાયમાં અનાદિનો એ સ્વાદ છે. વસ્તુ તો છે ઇ છે. છે? આહાહા..! વ્યક્ત. અવ્યક્ત દ્રવ્ય તો ભિન્ન રહી ગયું. વ્યક્ત જે પર્યાય પ્રગટ છે, એનો અનાદિથી તને પુણ્ય, પાપ, રાગાદિનો સ્વાદ છે. આહાહા..! ભગવાન! તારી ચીજનો સ્વાદ તને ન આવ્યો. અને એ ચીજનો સ્વાદ આવ્યા વિના તારા જન્મ-મરણનો અંત કદી નહિ આવે. આહાહા..!

એ કહે છે, જુઓ! **'તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી,...'** છે? **'અશુદ્ધ ચેતનારૂપ વસ્તુનો સ્વાદ સર્વ જીવોને અનાદિનો પ્રગટ જ છે;...'** પ્રગટ જ છે. પર્યાયમાં અશુદ્ધતાનું જ વેદન અજ્ઞાનીને છે. આહાહા..! **'તે-રૂપ અનુભવ સમ્યક્ત્વ નથી,...'** એ તો મિથ્યાત્વ અનાદિનો અનુભવ છે. આહાહા..! **'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપનો આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે.'** આહાહા..! કેટલું સ્પષ્ટ કરે છે! આહાહા..! અંદર ભગવાનઆત્મા આનંદકંદ અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે, એની સન્મુખ થઈને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એનું નામ સમ્યક્ છે. કહો, સમજાય છે ને? આ તો ભાષા સાદી છે. આજે તો તમારી હિન્દી ચાલે છે. આ બધા હિન્દી છોકરાઓ આવ્યા છે ને? સમજાણું કાંઈ? આહાહા..!

જોયું? **'શુદ્ધ ચેતનામાત્ર...'** ત્રિકાળી, જુઓ! એવું વસ્તુનું સ્વરૂપ. છે? **'આસ્વાદ આવે...'** આહાહા..! પર્યાયમાં એનો આસ્વાદ આવે. એ દ્રવ્ય કહ્યું. **'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપ...'** એ ત્રિકાળી દ્રવ્ય. એનો આસ્વાદ એ પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? **'આસ્વાદ આવે તો સમ્યક્ત્વ છે.'** આહાહા..! 'ગોવિંદરામજી'!

મુમુક્ષુ :– આ મૂળ વાત છે.

ઉત્તર :– વાત તો આવી છે, ભગવાન! આહાહા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ફરમાવે છે. અને ન્યાય લોજિકથી પણ એમ જ બેસે, બીજી રીતે બેસે એવી ચીજ નથી. પરદ્રવ્યની સાથે સંબંધ છે નહિ. પરદ્રવ્યનો તો સ્વદ્રવ્યમાં અભાવ છે. અભાવનો તો સ્પર્શ છે નહિ. જે પરદ્રવ્ય છે એનો સ્વદ્રવ્યમાં અભાવ છે. તો પરદ્રવ્યનો તો સ્પર્શ નથી. હવે રહી પર્યાય અને દ્રવ્ય બે ચીજ. તો પર્યાયમાં અશુદ્ધતાનું સ્પર્શ, જે વેદન છે એ અનાદિનું સંસારનું છે. આહાહા..! અને પર્યાયમાં જ્યારે શુદ્ધ ત્રિકાળનો સ્વાદ આવે છે... આહાહા..! વસ્તુ તો ત્રિકાળ કહીને?

**'શુદ્ધ ચેતનામાત્ર વસ્તુસ્વરૂપ...'** વસ્તુ સ્વરૂપ તો શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે. એ બપોરે આવ્યું. ચેતન ચેતના સ્વભાવ ત્રિકાળ અને એ એના બે રૂપ : દર્શન, જ્ઞાન. દૃષ્ટા પ્રતિભાસરૂપ. કેમ કે જે બીજી બધી ચીજ છે એ સામાન્ય વિશેષ છે. તો એનો જ્ઞાતા-દૃષ્ટામાં સામાન્ય વિશેષનો પ્રતિભાસ થાય છે. દર્શનમાં સામાન્ય, જ્ઞાનમાં વિશેષ. એ ચેતનાના બે રૂપ અનાદિનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા તો એને સાચું જ્ઞાન નથી, એ ક્યારે અંતર્મુખ થશે? આહાહા..!

**'વળી કેવી છે જીવવસ્તુ ?'** હવે સાધારણ વાત કરે છે. કે **'પોતાના ગુણ-પર્યાયો સહિત છે.'** દરેક ચીજ પોતાની શક્તિ અને પર્યાય સહિત છે. શુદ્ધનયનો વિષય શું છે એ તો પહેલા કહ્યું. પણ વસ્તુ કેવી છે એ બતાવે છે. આ શુદ્ધનયનો વિષય છે એમ નહિ. વસ્તુ કેવી છે? કે પોતાના ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા, એમાં વ્યાપ્ત છે. કોઈની પર્યાયમાં કોઈ દ્રવ્ય વ્યાપ્ત છે એમ નથી, એ પહેલા સિદ્ધ કર્યું. અને પોતાનું દ્રવ્ય, પોતાના ગુણ પર્યાયમાં વ્યાપ્ત (છે), પરની પર્યાયમાં વ્યાપ્ત નથી અને પરની પર્યાય પોતામાં નથી. એવી દરેક ચીજ પોતાની શક્તિ અને પર્યાયમાં વ્યાપી રહી છે. પણ સમ્યગ્દર્શનનો વિષય જે છે એ પર્યાય નથી. સમજાણું કાંઈ?

પ્રત્યેક પદાર્થ ચાહે તો નિગોદનો હોય, ચાહે તો સિદ્ધનો હોય, ચાહે તો પરમાણુ હોય, ચાહે તો અનંત પરમાણુનો મહા અચેત સ્કંધ હોય. અચેત સ્કંધ આખા લોકમાં છે. તો બધા પદાર્થ પોતાની પોતાની શક્તિ... જે અનંત પરમાણુનો સ્કંધ છે, એમાં પણ જે પરમાણુ છે એ પણ પોતાના ગુણપર્યાયમાં વ્યાપ્ત છે. બીજા પરમાણુની સાથે વ્યાપ્ત નથી. આહાહા..! આ આંગળીમાં એક એક પરમાણુ ભિન્ન છે. એ પોતાના ગુણ પર્યાયમાં વ્યાપ્ત છે. બીજા પરમાણુની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! આમ વસ્તુ છે.

પ્રત્યેક પદાર્થ.. હજી પરની સાથે સંબંધ રાખે છે એ તો નિમિત્તનૈમિત્તિક સંબંધ કહ્યો, એ તો વ્યવહારથી કહ્યો. બાકી **'नास्ति सर्वोऽपि सम्बन्धः'**. 'સમયસાર'નો ૨૦૦ મો શ્લોક. **'नास्ति सर्वोऽपि सम्बन्धः'**. સ્વતંત્ર પદાર્થ પોતાના ગુણ પર્યાયમાં વ્યાપ્ત છે. કોઈ પણ સમયમાં પોતાની શક્તિ છોડી દ્યે છે અને પોતાની પર્યાય રહિત થઈ જાય એવું કોઈ દ્રવ્ય છે? આહાહા..! અનાદિથી પ્રત્યેક પદાર્થ પોતાની શક્તિ અને પર્યાયથી વ્યાપ્ત છે એ વસ્તુની સ્થિતિ બતાવી. પણ જ્યારે એને આસ્વાદ લેવો છે, તો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં આસ્વાદ આવે છે. પર્યાય ઉપર લક્ષ જવાથી આસ્વાદ આવતો નથી. સમજાણું કાંઈ? 'હીરાભાઈ'! આવી વસ્તુ છે. 'ગોવિંદ-રામ' બે નામ છે. ઓલા અન્યમતિમાં ભગવાનને ગોવિંદ પણ કહે છે અને રામ પણ કહે છે. અન્યમતિમાં નથી કહેતા? ભાઈનું નામ 'ગોવિંદરામ' છે. આહાહા..! પોતાના સ્વરૂપમાં રમે સો રામ. આવે છે ને? રાગમાં રમે તે હરામ. એ અનાત્મા છે. એ બીજી ગાથા આવી ગઈ છે.

**'जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण। पोग्गलकम्मपदसट्ठिदं...'** એ 'સમયસાર'ની બીજી ગાથા છે. **'जीवो चरित्तदंसणणाणठिदो'**. ભગવાનઆત્મા પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં જીવ સ્થિત છે એને આત્મા અને સ્વસમય કહે છે. જે આત્મા પુદ્‌ગલ કર્મ પ્રદેશમાં અર્થાત્ પુણ્ય, પાપ રાગ અને મિથ્યાત્વમાં સ્થિત છે તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનાત્મા કહે છે. વસ્તુ તો ત્રિકાળી છે જ. નિર્મળ પર્યાયમાં સ્થિત છે તે આત્મા. અને મલિન પર્યાયમાં સ્થિત છે તે અનાત્મા. સમજાણું કાંઈ? આ સમજાય એવી ભાષા છે. આ ભાષા કાંઈ એવી ઝીણી નથી. આત્મા છે ને ભગવાન! આહાહા..!

**'આટલું કહીને શુદ્ધપણું દઢ કર્યું છે. કોઈ આશંકા કરશે...'** આશંકા, હોં! શંકા નહિ. આશંકાનો અર્થ કે હું સમજી શક્યો નહિ કે આપ શું કહો છો? એનું નામ આશંકા. પણ આપ કહો છો એ જૂઠું છે એ શંકા. એમ નહિ. સમજાણું કાંઈ? **'કોઈ આશંકા કરશે કે સમ્યક્ત્વગુણ અને જીવવસ્તુનો ભેદ છે...'** ગુણ શબ્દે પર્યાય છે. સમકિત ગુણ એટલે પર્યાય અને **'જીવવસ્તુનો ભેદ છે કે અભેદ છે?'**

**'ઉત્તર આમ છે કે અભેદ છે—'** પર્યાય અને દ્રવ્ય અભેદ છે. પર્યાય ક્યાંય રહી છે અને દ્રવ્ય ક્યાંય રહ્યું છે, એમ નથી. દ્રવ્યની સાથે પર્યાય અભેદ છે. અભેદનો અર્થ? સ્વલક્ષે ઉત્પન્ન થઈ છે તો જેવી અભેદ ચીજ છે એવી પર્યાયને અભેદ કહી. આહાહા..! આવો માર્ગ છે. હવે **'आत्मा च तावानयम्' 'આ આત્મા જીવવસ્તુ સમ્યક્ત્વગુણમાત્ર છે.'** જુઓ! ત્રિકાળના અવલંબે સમ્યગ્દર્શન પર્યાય જે પ્રગટી, તે સમયે પર્યાય અભેદ એકાકાર થઈ. એકાકારનો અર્થ દ્રવ્યમાં કાંઈ પર્યાય ઘૂસી નથી જતી. પણ પર્યાયમાં દ્રવ્ય-ગુણની જેટલી શક્તિ છે એવી શ્રદ્ધા આવી ગઈ. અને દ્રવ્ય-ગુણમાં જેટલું સામર્થ્ય છે, એવી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપ એ જ્ઞાન થઈ ગયું. એ જ્ઞેય આવ્યું નહિ. સમજાણું કાંઈ? પણ જેટલી તાકાત પરિપૂર્ણ જે છે, પરિપૂર્ણ શુદ્ધ અનંત શક્તિ પિંડ અને એક એક શક્તિ પણ અનંત સામર્થ્યસહિત, એવું જે દ્રવ્ય છે, એની એક સમયની પર્યાયમાં એ જેટલું દ્રવ્ય છે એટલું જ્ઞાન થયું અને એટલી શ્રદ્ધા થઈ. એ શ્રદ્ધા અને જ્ઞાનપર્યાય દ્રવ્યમાં એક નથી થઈ. પણ એ સન્મુખ થઈ માટે અભેદ કહેવામાં આવી.

મુમુક્ષુ :– એકાકાર લખ્યું છે.

ઉત્તર :– એ કહ્યું ને? દ્રવ્યમાં આ બાજુ થઈ ગઈ. જે આ બાજુ હતી. આહાહા..! છે? **'आत्मा च तावानयम्' 'આ આત્મા જીવવસ્તુ સમ્યક્ત્વગુણમાત્ર છે.'** પોતાની પર્યાય પરિણમન કરે છે ત્યારે આત્મા કહેવામાં આવ્યો છે. આત્મા તો છે. પણ છે કોને? જેને શ્રદ્ધામાં આવ્યો એને. સમજાણું કાંઈ? હમણાં એ પ્રશ્ન થયો હતો. એક 'વારિયા' છે ને? 'રાજકોટ'. વીરજીભાઈ'નો દીકરો છે. એમ કહે, મહારાજ! તમે આત્માને કારણપરમાત્મા કહો છો, કારણપરમાત્મા. જીવ કારણપરમાત્મા છે. તો કાર્ય તો આવવું જોઈએ. કારણપરમાત્મા કહો અને કાર્ય ન થાય તો કારણપરમાત્મા કઈ રીતે થયો? તમે તો બધા જીવને કારણ પરમાત્મા.. કારણપરમાત્મા... કારણપરમાત્મા (કહો છો). ભાઈ! કારણપરમાત્મા છે, એ જેને પ્રતીતિમાં આવ્યો એને કારણપરમાત્મા છે. જેને પ્રતીતિ નથી થઈ એને કારણપરમાત્મા ક્યાં છે? સમજાણું કાંઈ? ન્યાયથી, લોજિકથી સમજવું જોઈએ. ભગવાનનો માર્ગ તો નયાવયમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..!

કારણપરમાત્મા કહો, કારણજીવ કહો. પરમાણુને પણ કારણપરમાણુ કહ્યું છે. એક પરમાણુ કારણપરમાણુ છે અને પર્યાય કાર્ય છે. એમ ભગવાનઆત્મા કારણપરમાત્મા કારણજીવ ત્રિકાળ છે. કારણજીવ. પણ કારણજીવ પરમાત્માની જેને પ્રતીતિ થઈ એને કારણજીવ છે. આ શું છે એ પ્રતીતિમાં આવ્યું નથી તો એને કારણપરમાત્મા ક્યાંથી થયો? સમજાણું કાંઈ? ન્યાયથી તો સમજાય એવી ચીજ છે. આહાહા..! ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવનો માર્ગ છે, ભાઈ! આ કોઈ આલી-દુઆલી સાધારણ બકે, વાત કરે એ વાત નથી, ભાઈ! આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આ વાણી તો આવી છે. આહાહા..! છે? આહાહા..!

કહે છે, કે સમકિતગુણ તન્મય છે. એનો અર્થ કે જે.. 'પ્રવચનસાર'ની ૯મી ગાથામાં કહ્યું, કે શુભ પરિણમે તો શુભ થાય, અશુભ પરિણમે તો અશુભ થાય, શુદ્ધ પરિણમે તો શુદ્ધ. એ પર્યાય. શુભ પરિણમે તો દ્રવ્ય શુભ થઈ જાય છે, ત્યાં એમ વાત નથી. નવમી ગાથામાં **'जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो।'** શુભ પરિણામ થાય તો શુભભાવ બીજે રહે અને પર્યાયમાં બીજું આવે એમ નહિ. એ પર્યાય શુભરૂપ થાય છે. પર્યાય અશુભરૂપ થાય છે, પર્યાય શુદ્ધરૂપ થાય છે. દ્રવ્ય તો ત્રિકાળી એક છે. આહાહા..! આવો ધર્મ સમજવા માટે આવું બધું કરવું પડે? આ સમજ્યા વિના સામાયિક, પોષા અને પડિક્કમણા કરવા માંડો ને. સમ્મેદશિખરની જાત્રા કરે. 'એકવાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ.' નરક પશુ ન થાય તો એમાં શું ડાળિયા થયા? એકવાર પુણ્ય બંધાય તો સ્વર્ગમાં જાય અને ત્યાંથી પટકાઈને ચાર ગતિમાં રખડશે. કાંઈ સમ્મેદશિખરના દર્શને સમકિત થાય, એમ નથી. ત્રિલોકનાથના દર્શનથી સમવસરણના દર્શનથી સમકિત થાય છે, એમ નથી. આહાહા..! અને એની દિવ્યધ્વનિથી પણ આત્મામાં સમ્યગ્જ્ઞાન થાય એમ છે નહિ. આહાહા..!

સમ્યગ્જ્ઞાન-દર્શન તો પોતાનો ત્રિકાળી જ્ઞાયકભાવ, ચિદાનંદ શુદ્ધ ચૈતન્યઘન, એના આલંબનથી થાય છે. **'भूदत्थमस्सिदो खलु'** ૧૧મી ગાથા. ભૂતાર્થને આશ્રયે સમકિત થાય છે. ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. સત્.. સત્.. સત્... સત્... સત્.. સત્... શાશ્વત સત્ વસ્તુ, એના આશ્રયે ઇ પર્યાય.. સમકિત થાય છે. પર્યાય છે અવસ્થા. પણ એનો આશ્રયદાતા દ્રવ્ય છે. આશ્રયદાતા, હોં! ખરેખર દ્રવ્ય પર્યાયનો દાતા નથી. શું કહ્યું? પર્યાયનો દાતા દ્રવ્ય નથી. એ 'યોગસાર'માં આવ્યું છે. 'અમૃતચંદ્રાચાર્ય'નું. આપણે વ્યાખ્યાનમાં આવી ગયું છે. દ્રવ્ય પર્યાયનો દાતા નથી, પણ પર્યાય એનું લક્ષ કરે છે તો આશ્રય કહેવામાં આવે છે. પણ આશ્રય કરવાથી પર્યાય અને દ્રવ્ય એક થઈ જાય છે એમ નથી. આહાહા..! 'એવો મારગ વીતરાગનો ભાખ્યો શ્રી વીતરાગ.' 'સીમંધર' ભગવાનના સમવસરણમાં ભાષામાં તો આ માર્ગ ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આ જીવવસ્તુ સમ્યક્ત્વગુણમાત્ર છે.'** બીજા બધા ગુણ ક્યાં ગયા? એ તો એ સમકિતની પર્યાય એ સન્મુખ થઈ છે, તો જેટલી ચીજ છે એની પ્રતીતિ થઈ માટે પર્યાય અને દ્રવ્યને અભેદ કહેવામાં આવ્યા. બાકી દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી, પર્યાય દ્રવ્યરૂપ થતી નથી. આહાહા..! બાકી સમકિતની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. પણ પરથી ભિન્ન થઈને ગુણની પર્યાય પોતામાં થઈ છે એ અપેક્ષાએ અભેદ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ શ્લોક પૂરો થયો. છ શ્લોક થયા.

(અનુષ્ટુપ)

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति' (अतः) અહીંથી હવે (तत्) તે જ (प्रत्यग्ज्योतिः) શુદ્ધ-ચેતનામાત્ર વસ્તુ (चकास्ति) શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ ? 'शुद्धनयायत्तं' (शुद्धनय) વસ્તુમાત્રને (आयत्तं) આધીન છે. ભાવાર્થ આમ છે—જેને અનુભવતાં સમ્યક્ત્વ થાયછે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :– 'यदेकत्वं न मुञ्चति' (यत्) જે શુદ્ધ વસ્તુ (एकत्वं) શુદ્ધપણાને (न मुञ्चति) નથી છોડતી. અહીં કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે–જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે. તે જ કહે છે– 'नवतत्त्वगतत्वेऽपि' (नवतत्त्व) જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ (गतत्वे अपि) તે-રૂપ પરિણમી છે તોપણ શુદ્ધસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે–જેમ અગ્નિ દાહકલક્ષણ છે, તે કાષ્ઠ, તૃણ, છાણાં આદિ સમસ્ત દાહ્યને દહે છે, દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે; પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે, અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર છે, કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે; તેવી જ રીતે નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે, કેટલાક અશુદ્ધરૂપ છે; જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે અને જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે. ૭.**

સાતમો કળશ.

अतः शुद्धनयायत्तं प्रत्यग्ज्योतिश्चकास्ति तत्।
नवतत्त्वगतत्वेऽपि यदेकत्वं न मुञ्चति।।७।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति' 'અહીંથી હવે તે જ પ્રત્યગ્જ્યોતિઃ શુદ્ધ-ચેતનામાત્રવસ્તુ...'** **'प्रत्यग्ज्योतिः'** એટલે ભિન્ન જ્યોતિ. શું? **'શુદ્ધચેતનામાત્ર વસ્તુ...'** શુદ્ધચેતનામાત્ર વસ્તુ. **'चकास्ति' 'શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે. કેવી છે વસ્તુ ?' 'शुद्धनयायत्तं' 'વસ્તુમાત્રને આધીન છે.'** આહાહા..! ચાહે તો શબ્દથી કહેવામાં આવે, પણ વસ્તુ તો વસ્તુને આધીન છે. છે? **'नयायत्तं'** છે ને? **'शुद्धनयायत्तं'** શુદ્ધનયને આધીન છે. આહાહા..! એ તો પોતાની નિર્મળ પર્યાયનું લક્ષ થાય છે તો એને આધીન ભાન થાય છે. કોઈ બીજું કારણ એમાં નથી. વ્યવહાર કે નિમિત્તથી થાય છે (એમ નથી). એ શુદ્ધનય પોતે પોતાને આધીન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વસ્તુમાત્રને આધીન છે.'**

**'ભાવાર્થ આમ છે—જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધસ્વરૂપને કહે છે :'** લ્યો. છે? જેનો અનુભવ કરતાં વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય અનંતગુણનો પિંડ છે, એનો અનુભવ–અનુસરીને થવું. એટલું. થાય છે પોતાથી. પણ એને અનુસરીને થવું. ત્રિકાળી શક્તિ ભગવાનઆત્મા, એને અનુસરીને અંદર થવું... આહાહા..! **'જેને અનુભવતા સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે'** :– એ શુદ્ધ સ્વરૂપને કહે છે. આહાહા..! વસ્તુમાં, વસ્તુમાત્ર પોતાને આધીન છે. કોઈને આધીન કોઈ છે નહિ. આહાહા..! **'જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :–'**

**'यदेकत्वं न मुञ्चति'** એ શુદ્ધ વસ્તુ ત્રિકાળી **'જે શુદ્ધ વસ્તુ શુદ્ધપણાને નથી છોડતી.'** લ્યો. એ તો ભગવાનસ્વરૂપી, પરમાત્મસ્વરૂપ પરમ ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ. પરમાત્મ એટલે પરમ ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ સત્ત્વ. એ પોતાનું શુદ્ધપણું કદી છોડતું નથી. ચાહે તો પર્યાયમાં નિગોદની પર્યાય થાય, અભવીની પર્યાય થઈ જાય, પણ પોતાના ત્રિકાળી શુદ્ધપણાને છોડતી નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ! વીતરાગનો આવો માર્ગ હશે? કેટલાક તો એમ કહે કે 'સોનગઢવાળા'એ નવો પંથ કાઢ્યો. બધા કહે છે એનાથી નવું કાઢ્યું. ભગવંત! નવો માર્ગ નથી, પ્રભુ! અનાદિનો માર્ગ આ છે. તને સાંભળવામાં નથી આવ્યો માટે નવો થઈ ગયો એમ છે નહિ. આહાહા..!

કેવી છે વસ્તુ? **'જે શુદ્ધ વસ્તુ (એકપણાને) શુદ્ધપણાને નથી છોડતી.'** એકપણાનો અર્થ શુદ્ધ કર્યો. જુઓ! એકપણું, એકરૂપ ત્રિકાળ વસ્તુ. જેમાં પર્યાયનો ભેદ પણ નથી. એવી ચીજને એક કહી અને એને શુદ્ધ કહી. એકપણું જે ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય ચીજ છે. સામાન્ય, અખંડ, અભેદ, એકરૂપ, સદૃશ્ય... આહાહા..! એ ઉત્પાદ-વ્યયનો ભાવ છે એ તો વિસદૃશ છે. વિસદૃશનો અર્થ? એક અવસ્થા ઉત્પન્ન થાય છે અને બીજી અવસ્થાનો વ્યય થાય છે તો વિસદૃશ થયું. એકરૂપ ન રહ્યું. ભગવાનઆત્મા ઉત્પાદ-વ્યય વિનાની ચીજ છે એ એકરૂપ રહે છે. આહાહા..! ઉત્પાદ-વ્યયમાં તો વિરોધ છે. એ ઉત્પન્ન થઈ અને વ્યય થયો, વ્યય થયો ને ઉત્પન્ન થઈ. એ તો વિરુદ્ધ થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આ ભગવાનઆત્મા ત્રિકાળી જે છે... આહાહા..! એ તો કદી ઉત્પાદ-વ્યયમાં આવતો નથી. એ ત્રિકાળી ચીજ છે એ ઉત્પાદ-વ્યયને કરતી નથી. આહાહા..! ઉત્પાદ-વ્યયને ઉત્પાદ-વ્યય કરે છે. એ કહ્યું ને? 'પરમાત્મ પ્રકાશ'ની ૬૮મી ગાથા. **'जिणवरु एउँ भणेइ'** એને અમે જીવ કહીએ, કે જે મોક્ષ અને મોક્ષનો માર્ગ, બંધ અને બંધના માર્ગને કરે નહિ. જિનવર એને જીવ કહે છે. એ ધ્રુવ. પર્યાય આત્મા છે એ તો અભૂતાર્થ આત્મા છે. આહાહા..! ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ આત્મા છે. ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું છે. અભાવ કરીને અસત્યાર્થ નથી કહ્યું. અને ત્રિકાળી ચીજ છે, એને મુખ્ય કહીને સત્યાર્થ કહ્યું છે. આહાહા..!

એ ત્રિકાળી ચીજ જે છે... આહાહા..! એ શુદ્ધપણાને નથી છોડતી. ત્રિકાળી ચીજ છે એ એકપણું છોડીને દ્વૈત નથી થતી. આહાહા..! એ દ્રવ્ય છોડીને પર્યાયમાં આવે છે—દ્વૈત એમ નથી થતું. 'દેવચંદજી'! આહાહા..! એવી ચીજ છે. એ **'શુદ્ધપણાને નથી છોડતી.'** એનો અર્થ એકપણાને નથી છોડતી. એકપણાને નથી છોડતી. આહાહા..! એક છોડીને દ્રવ્ય અને પર્યાય બે થઈ જાય એમ નથી. શુદ્ધ છોડીને અશુદ્ધ થઈ જાય. અરે..! આહા..! ત્રિકાળી શુદ્ધ છૂટીને શુદ્ધ પર્યાયની પરિણતિમાં આવી જાય એમ પણ નથી. આહાહા..!

**'કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે...'** જુઓ! **'જ્યારે સંસારથી (સંસારની પર્યાયથી) છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે—જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે.'** છે? ઘણા કહે છે, નહિ. અભ્યાસ નથી. એ બિચારા કહેતા હતા 'દેવકીનંદન'. 'દેવકીનંદન' પંડિત છે ને? એ શેઠની સાથે અહીં આવ્યા હતા ને? સાંભળીને કહ્યું, મહારાજ! અમારા બધા પંડિતોનું નિમિત્તાધીન પઠન છે, નિમિત્તાધીન અભ્યાસ છે. આ અભ્યાસ જ અમારી પાસે નથી. એમ કહ્યું. આહાહા..! એ તો ગુજરી ગયા બિચારા.

**'જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ...'** દ્રવ્ય એટલે વસ્તુ. ત્રિકાળ રહેનાર ધ્રુવની દૃષ્ટિએ, નિત્યની દૃષ્ટિએ **'ત્રણે કાળ શુદ્ધ છે.'** ત્રણે કાળ શુદ્ધ જ છે. એકાંત કર્યું. કાંઈક શુદ્ધ છે અને કાંઈક અશુદ્ધ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક' શાસ્ત્રમાં આવે છે ને? દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધાશુદ્ધનો પિંડ છે. આવે છે ને? તો તમે શુદ્ધ શુદ્ધ કેમ કહો છો? એ તો બિલકુલ અશુદ્ધ પર્યાયને નથી માનતા એને કહે છે. સમજાણું કાંઈ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે. ખબર છે ને, બધી ખબર છે. આહાહા..!

અહીં તો કહે છે, **'જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ...'** વસ્તુ ત્રિકાળ દૃષ્ટિએ **'વિચારતાં...'** એટલે જ્ઞાન કરતાં **'ત્રણે કાળ શુદ્ધ છે.'** અહીં તો આ આવ્યું. ઓલો કહે, નહિ. અરે..! ભગવાન! આ 'સોનગઢ'નું નામ પડે ત્યાં એને વિરોધ થાય છે. 'સોનગઢ'ની વાત ક્યાં છે? આ તો ભગવાનના ઘરની વાત છે. આહાહા..! ભાઈ! તેં આ ચોરાશીના અવતાર જન્મ-મરણ કરી કરીને અનંત અનંત જન્મ-મરણ કર્યા. એનું મૂળ કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એ સંસાર છે, મિથ્યાત્વ તે આસ્રવ છે, મિથ્યાત્વ એ બંધ છે, મિથ્યાત્વ એ જ સંસાર છે. 'સમયસાર

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાટક'માં આવે છે. આહાહા..! એનાથી અનંત સંસાર થયો. આહાહા..! એનો નાશ તો ત્રિકાળી શુદ્ધનો આશ્રય કરતા નાશ થાય છે. ત્યારે સંસારનો અભાવ થાય છે. આહાહા..!

**'नवतत्त्वगतत्वेऽपि'** હવે કહે છે કે નવ તત્ત્વમાં છે ને. પર્યાયમાં પરિણમન છે. તો પર્યાયમાં પરિણમન ભલે હો. પણ દ્રવ્ય તો દ્રવ્યરૂપ જ છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ ૭, બુધવાર તા.૦૮.૦૬.૧૯૭૭
## કળશ - ૭, પ્રવચન - ૧૦

'કળશટીકા' ચાલે છે. સાતમો શ્લોક છે.

**'अतः तत् प्रत्यग्ज्योतिश्चकास्ति' 'અહીંથી હવે તે જ શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ શબ્દો દ્વારા યુક્તિથી કહેવામાં આવે છે.'** એમ ભલે કીધું (પણ) **'चकास्ति'** એટલે પ્રસિદ્ધ થાય છે. શું કીધું? કે જે આ આત્મા છે આત્મા, એ ત્રિકાળ શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે. એ ચાર ગતિમાં રખડે છે. દુઃખી થઈને ચોરાશીના અવતાર ધારણ કરે છે. મનુષ્યપણું હોય કે દેવ હોય, રાજા હોય કે રંક હોય, બાળક હોય કે વૃદ્ધ હોય, બધા દુઃખી પ્રાણી છે. ચાર ગતિના અવતારમાં બધા દુઃખી છે. તો જેને દુઃખથી મુક્ત થવું છે તેને જિનેશ્વરદેવ ઉપાય બતાવે છે. જેને ચાર ગતિનો ડર લાગતો હોય, અરે..! ચોરાશી લાખ યોનીમાં અનંતવાર ઊપજ્યો અને જ્યાં સુધી મિથ્યાત્વ રહેશે ત્યાં સુધી અનંતવાર ઊપજશે. તો જેને પરિભ્રમણનો ડર લાગતો હોય અને પરિભ્રમણથી છૂટવું હોય તો કહે છે, કે શુદ્ધ ચેતનામાત્ર વસ્તુનો અનુભવ કરો. **'चकास्ति'** અર્થ શબ્દ કીધું, બાકી તો અનુભવ છે. આહાહા..!

અંદર ભગવાનઆત્મા શુદ્ધ ચેતના જાણન, દેખન પવિત્ર ચેતનાસ્વરૂપ છે. જિનેશ્વરદેવ જગતને ફરમાવે છે, કે તારી ચીજ અંદરમાં શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે. એમાં કોઈ પુણ્ય, પાપ, સંસાર આદિ છે નહિ. એનો અનુભવ કરો. આહાહા..! એ તો માથે આવી ગયું ને? કે અનાદિથી એને અશુદ્ધ કર્મચેતનાનો સ્વાદ છે. અશુદ્ધ કર્મચેતના. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ, હિંસા, જૂઠું, ચોરીના અશુભભાવ બેય અશુદ્ધ ચેતના છે. અશુદ્ધ ચેતનાનો અનાદિનો એને સ્વાદ છે, અનુભવ છે. આહાહા..! એ દુઃખનો સ્વાદ છે. આહાહા..! દુઃખી પ્રાણી છે. ચાહે તો લાખોપતિ, કરોડોપતિ ગણાતા હોય, તે બધા દુઃખી છે.

સુખી થવું હોય અને ધર્મ કરવો હોય તો **'प्रत्यग्ज्योति'** વસ્તુનો અનુભવ કરો. એમ કહે છે. પ્રત્યક્ષ ભિન્ન. પુણ્ય અને પાપના વિકલ્પથી, રાગથી ભિન્ન, શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની દૃષ્ટિ કરો, એનો અનુભવ કરો. જેથી તને સમ્યગ્દર્શન થશે. અને સમ્યગ્દર્શનથી જન્મ-મરણનો અંત આવશે. સમજાણું?

**'કેવી છે વસ્તુ ?' 'शुद्धनयायत्तं'** આહાહા..! **'વસ્તુમાત્રને આધીન છે.' 'शुद्धनय'** નો અર્થ કર્યો–શુદ્ધ વસ્તુ. આહાહા..! એ પુણ્ય-પાપના ભાવ પણ અશુદ્ધ-મલિન છે એનાથી પણ આત્મા ભિન્ન છે. શુદ્ધ વસ્તુ, શુદ્ધનય નામ શુદ્ધ વસ્તુ. શુદ્ધનય કહો કે શુદ્ધ વસ્તુ કહો બેય એક જ છે. ત્રિકાળી પવિત્ર પિંડ પ્રભુ ધ્રુવ, નિત્યાનંદ સહજાનંદ પ્રભુ આત્મા, એવી જે વસ્તુ છે એ પોતાને આધીન છે. એ કોઈને આધીન નથી. વ્યવહાર કરતા થશે એવી એ ચીજ નથી. નિમિત્તને આધીન નથી, વ્યવહારને આધીન નથી. આહાહા..!

**'ભાવાર્થ આમ છે—જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે...'** જુઓ! જેનો અનુભવ કરતાં ધર્મની પહેલી સીઢી, પહેલી દશા સમ્યક્ત્વ ઉત્પન્ન થાય એ શું ચીજ છે? પ્રથમ સમ્યગ્દર્શન ઉત્પન્ન (થાય તે) ધર્મની પહેલી સીઢી... આહાહા..! એનો વિષય શું? અને એ સમ્યક્ કેમ ઉત્પન્ન થાય? તો કહે છે, કે **'જેને અનુભવતાં સમ્યક્ત્વ થાય છે તે શુદ્ધ સ્વરૂપને કહે છે :–'** ત્રિકાળી ભગવાન પવિત્ર શુદ્ધ ચૈતન્ય, એનો અનુભવ કરતાં સમ્યક્ થાય છે અને જન્મ-મરણનો અંત એનાથી થાય છે. સમજાણું કાંઈ? આ કાલે આવી ગયું છે.

**'यदेकत्त्वं न मुञ्चति' 'જે શુદ્ધ વસ્તુ શુદ્ધપણાને નથી છોડતી.'** શું કહે છે? વસ્તુ ભગવાન ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ છે. એ ચાહે તો સંસારની અવસ્થામાં, અશુભરાગમાં હોય, શુભરાગમાં હોય તો પણ વસ્તુ તો શુદ્ધ જ છે. પર્યાયમાં અશુદ્ધતા થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જેનો અનુભવ કરવો છે અને જેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એ સમ્યગ્દર્શનનો વિષય શુભાશુભરાગની સંસાર દશામાં પણ એ તો શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? જ્યારે તારી નજર શુદ્ધ ઉપર પડે તો એ ધ્રુવ શુદ્ધ પડ્યો જ છે. એ શુદ્ધ કાંઈ અશુદ્ધ થઈ ગયો છે (એમ બિલકુલ નથી). આહાહા..! આવો ધર્મ.

**'यदेकत्त्वं न मुञ्चति' 'જે શુદ્ધ વસ્તુ શુદ્ધપણાને નથી છોડતી.'** શુદ્ધનય વસ્તુ ચીજ એવી છે, કે એકરૂપ સામાન્ય જે ધ્રુવ, અખંડ આનંદ અને અખંડ જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા, એ ચીજ શુદ્ધપણાને કદી છોડતી નથી અથવા એકપણાને નથી છોડતી. આત્મા એક અદ્વિતીય છે. અદ્વિતીય છે એ દ્વૈતપણાને કદી પ્રાપ્ત નથી થતો. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! ધર્મ ચીજ એવી કોઈ સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળતી નથી. સંપ્રદાયમાં તો ક્રિયા કરો ને આ કરો.. આ કરો... અરે..! જિંદગી ચાલી જાય છે.

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ કહે છે, કે એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ ક્યારેય એકપણાને છોડતી નથી. ક્યારેય સંસારની દશામાં એ ચીજ નથી આવતી. 'ગોવિંદરામજી'! આહાહા..! શુભ-અશુભભાવ થાય છે. નરકમાં જાય છે, નિગોદમાં જાય છે, તિર્યંચમાં જાય છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છતાં એ પોતાની શુદ્ધતા જે ચીજ છે એ એકપણાને ક્યાંય છોડતી નથી. દ્વૈતપણાને પ્રાપ્ત થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અહીં કોઈ આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે.'** સંસાર પરિભ્રમણ, ચાર ગતિ, ચોરાશી લાખ યોનિ, એના જે અવતાર છે, ભવભ્રમણ છે, રાગ છે, વિકાર છે એના છૂટવાથી શુદ્ધ થાય છે. તમે તો કહો છો કે ત્રિકાળ શુદ્ધ છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી સમજાય એવી છે. આહાહા..! **'આશંકા કરશે કે જીવવસ્તુ જ્યારે સંસારથી છૂટે છે...'** સંસાર પરિભ્રમણ, દુઃખ. ચોરાશી લાખ યોનિનું કારણ મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ છૂટે છે ત્યારે શુદ્ધ થાય છે. શિષ્યનો પ્રશ્ન છે. કાલે આવ્યો હતો.

**'ઉત્તર આમ છે—જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં ત્રણે કાળ શુદ્ધ છે.'** આહાહા..! ભગવાનઆત્મા વસ્તુ છે ને? અનાદિ છે ને? નિત્ય છે ને? ધ્રુવ છે ને? તો એવી જે નિત્ય વસ્તુ ધ્રુવ, એ સંસારદશામાં પણ પોતાનું શુદ્ધપણું ધ્રુવ કદી છોડતું નથી. સમજાણું કાંઈ? છે? **'જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં...'** કાલે આવ્યું હતું ને, 'મખ્ખનલાલજી'નું? પર્યાય અશુદ્ધ થાય છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થાય છે. અરે..! પ્રભુ! જો અશુદ્ધ દ્રવ્ય થાય તો શુદ્ધતા ક્યાંથી આવશે? પવિત્રતા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ જે પવિત્ર છે, જો દ્રવ્ય અશુદ્ધ થાય તો પવિત્રતા આવશે ક્યાંથી? આહાહા..! ભગવાનઆત્મા શક્તિએ, સ્વભાવે, ધ્રુવે ત્રિકાળ ચેતના તત્ત્વની અપેક્ષાએ તો એ ત્રિકાળ શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'જીવવસ્તુ દ્રવ્યદૃષ્ટિએ વિચારતાં...'** દ્રવ્યથી જાણતા ત્રિકાળી વસ્તુને, પર્યાયનું લક્ષ નહિ કરીને. પર્યાય એટલે ભેદ અને અનેકપણાનું લક્ષ છોડીને, એકરૂપે ચીજ ત્રિકાળી દ્રવ્ય છે એવી દૃષ્ટિએ વિચારતાં એ શુદ્ધ જ છે. એ ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! કસાઈ લાખો બોકડાને કાપે છે. 'અમેરિકા'માં છે ને? મોટું કસાઈખાનું. દોઢ માઈલમાં. માઈલ સમજો છો? બે માઈલનો કોસ. દોઢ માઈલમાં કસાઈખાનું છે. મોટો પૈસાદાર છે. અબજોપતિ છે. મોટો કસાઈ છે. એ લાખો બોકડા કાપે કે ગાયોને કાપે, એનો ભાવ થાય એ તો પર્યાયમાં છે. વસ્તુ તો શુદ્ધ છે. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છે?

ઉત્તર :– દ્રવ્ય તો શુદ્ધ જ છે. એ કાળે પણ દ્રવ્ય તો શુદ્ધ જ છે. 'દેવચંદજી'! સમજાણું કાંઈ? નિગોદ લ્યો. એક લસણ અને ડુંગળી–પ્યાજ. એક કટકીમાં અનંત જીવ. એક-એક જીવનું પર્યાય લક્ષ છોડો તો વસ્તુ તો શુદ્ધ જ છે. આહાહા..! ભગવત્ સ્વરૂપ છે. ખબર નથી. અને ભગવત્ સ્વરૂપ ન હોય તો ભગવત્ સ્વરૂપ પરમાત્માની દશા પ્રાપ્ત થાય છે એ ક્યાંથી આવે છે? બહારથી આવે છે? સમજાણું કાંઈ? આહાહા..! કદી એનું મહાત્મ્ય આવ્યું નહિ. હું તો કોઈપણ પ્રકૃતિ એટલે કે રાગાદિના ભાવ સમયે વસ્તુ તો શુદ્ધ જ છે. ચૈતન્ય અખંડાનંદ છે. **'ત્રણે કાળ શુદ્ધ છે.'** કાલે ત્યાં સુધી આવ્યું હતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'તે જ કહે છે –' 'नवतत्त्वगतत्वेऽपि' 'જીવ-અજીવ...'** જડને પોતાના માને એ સમયમાં, પુણ્ય-પાપના ભાવના સમયમાં **'આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપ તે-રૂપ પરિણમી છે...'** એ રૂપે પરિણમી છે. આહાહા..! **'તોપણ શુદ્ધસ્વરૂપ છે.'** વસ્તુ છે એ તો શુદ્ધ છે. એ પર્યાયમાં પરિણમન, અવસ્થામાં છે. અરે..! આ શું? સંસાર પરિભ્રમણ કરવાનો ભાવ હોય, પણ એ તો પર્યાયમાં એની હાલતમાં–દશામાં છે. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. આહા..! એ સમયે વસ્તુ તો શુદ્ધ જ છે. પંડિત સાથે આ મોટા વાંધા.

મુમુક્ષુ :– પાયામાંથી ફેર છે.

ઉત્તર :– મૂળમાં ફેર. આહાહા..!

ભગવાન! અહીં તો ભગવાન તરીકે બોલાવે છે. અંતર આત્મા ભગવાનસ્વરૂપ છે. એ ભગવાનસ્વરૂપ શુદ્ધ છે, એ કદી પર્યાયની અશુદ્ધતામાં આવતો જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, જુઓ! **'नवतत्त्वगतत्वेऽपि'** નવ તત્ત્વમાં પરિણમીત છે. સમજાણું કાંઈ? અહીં જરી શુદ્ધ અને અશુદ્ધ બેય લેવું છે. સંવર, નિર્જરા અને મોક્ષરૂપે ભલે પરિણમીત હોય કે આસ્રવ, બંધરૂપે પરિણમીત હોય પણ વસ્તુ તો શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? એ બધા પર્યાયના ભેદ છે. અવસ્થા, દશા, હાલત.

જેમ સુવર્ણ–સોનું છે. એ સોનું દ્રવ્ય-વસ્તુ છે અને એમાં પીળાશ, ચિકાશ, વજન, ભારે એ એની શક્તિ છે અને એમાં કુંડળ, કડા, વીંટી થાય છે એ એની પર્યાય છે. એ પર્યાયમાં સોનું જે ત્રિકાળી છે એ પર્યાયમાં નથી આવતું. સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા ઇન્દ્રોની સભામાં એમ કહેતા હતા એ આ વાત છે, કે સંસારની ગમે તેટલી. ગમે તેટલીને હિન્દીમાં શું કહે છે? ચાહે. ગમે તેટલી દશા અશુદ્ધ હોય, મલિન હોય, મહા રૌદ્રધ્યાનની દશા હોય તોપણ વસ્તુ તો **'नवतत्त्वगतत्वेऽपि'** વસ્તુ તો ભિન્ન શુદ્ધ છે. આહાહા..! આ મોટા વાંધા આમાં. હજી મૂળમાં સૌને. આહાહા..! અરે..રે..! જ્યાં નજર કરવાની છે અને જ્યાં નજર કરવાથી સમ્યગ્દર્શન–ધર્મની પહેલી શ્રેણી, ધારા, સીઢી, પ્રગટ પ્રથમ સમ્યગ્દર્શન થાય, એનો વિષય તો ત્રિકાળ શુદ્ધ જ છે. એમાં તો સમ્યગ્દર્શનની પર્યાયનો પણ અભાવ છે. સંવર, નિર્જરા, મોક્ષનો પણ એમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલાયે તો આ વાત સાંભળી ન હોય. એમ ને એમ અનાદિ અજ્ઞાન અને મૂંઢતામાં જીવન ચાલ્યા જાય છે. સત્ય સમજણ વિના મનુષ્યનો અવતાર પશુ સમાન છે. ચાહે તો રાજા હોય કે કરોડપતિ હોય. બધા દુઃખી બિચારા ભિખારા છે. આહાહા..!

અહીં કહે છે, કે **'नवतत्त्वगतत्वेऽपि'** નવ તત્ત્વપણે પર્યાયમાં, અવસ્થામાં નવપણે પરિણમીત છે. છે ને? **'તે-રૂપ પરિણમી છે.'** **'गतत्वे अपि'** છે ને? **'તોપણ શુદ્ધસ્વરૂપ છે.'** વસ્તુ છે એ તો ત્રિકાળી શુદ્ધ છે. પર્યાયમાં દ્રવ્ય જે શુદ્ધ છે એ આવતું જ નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'गतत्वे अपि'** એનો સંસ્કૃત ટીકામાં એવો અર્થ કર્યો છે જરી, કે **'गतत्वे अपि'** પણ શુદ્ધ છે પણ **'अगतत्वे अपि'** પણ શુદ્ધ છે. સિદ્ધ નવ તત્ત્વરૂપે નથી તો પણ એ શુદ્ધ છે. **'अपि'** શબ્દનો એવો અર્થ કર્યો છે. આમાં **'अपि'** એટલે તોપણ. શું કહ્યું?

ભગવાનઆત્મા પરમેશ્વર, જૈન પરમેશ્વર વીતરાગ, એણે જે આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ! સત્ ચિત્ અને આનંદ જે ત્રિકાળી વસ્તુ છે એ વર્તમાનમાં જીવ-અજીવ-આસ્રવ આદિ રૂપે પર્યાયમાં પરિણમીત હોય. **'गतत्वे अपि'** **'પરિણમી છે તોપણ..'** વસ્તુ તો શુદ્ધ છે. એ વસ્તુ પર્યાયમાં આવી નથી. આહાહા..!

મુમુક્ષુ :– અંતર દૃષ્ટિવાળાને ખબર પડે.

ઉત્તર :– પણ એની વાત તો ચાલે છે. એમાં અંતરદૃષ્ટિ કરવાની તો વાત છે. બાહ્યદૃષ્ટિ તો અનંતકાળથી છે. આહાહા..!

અહીંયા તો સમ્યગ્દર્શનનો વિષય સંવર-નિર્જરા અને મોક્ષ પણ નથી. સાચી સંવર-નિર્જરા, હોં! એ રૂપે પરિણમન હોય, પણ વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ ધ્રુવ છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! અરે..! એણે આ આત્મા શું ચીજ છે? અને કેમ ત્રિકાળ છે? એવું કદી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. અને એ વિના એણે મુનિપણું લીધું, સાધુ થયો, શ્રાવક થયો, બારવ્રતધારી, પંચમહાવ્રતધારી આદિ બધું નિરર્થક થયું. એમાં કોઈ જન્મ-મરણ મટ્યા નહિ. આહાહા..!

અહીંયાં તો કહે છે, કે **'नवतत्त्वगतत्वेऽपि'** શુદ્ધ છે. નવતત્ત્વરૂપે એટલે પર્યાય લેવી. નવમાં જીવદ્રવ્ય ન લેવું. જીવની એક સમયની પર્યાય છે એ જીવ. અને અજીવનું જ્ઞાન થયું અને રાગાદિ, સંવર, નિર્જરા નવપણે પરિણમન. નવપણે પર્યાયનું પરિણમન હોવા છતાં વસ્તુ **'नवतत्त्वगतत्वेऽपि'** શુદ્ધ છે. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. એ તો કહે છે ને, પર્યાય અને દ્રવ્ય અભિન્ન છે. કાલે આવ્યું હતું. 'મખ્ખનલાલજી'. અહીં તો કહે છે, પર્યાય અને દ્રવ્ય ભિન્ન છે. પર્યાયપણે પરિણમીત હોવા છતાં દ્રવ્ય પર્યાયમાં આવ્યું જ નથી. આહાહા..! મૂળમાં ભૂલ. અને વ્યવહારથી નિશ્ચય થાય એ ભૂલ. અને નિમિત્તથી થાય છે એ ભૂલ. અને ક્રમબદ્ધ નથી એ ભૂલ. આ મૂળ ભૂલ. આહાહા..!

અરે..! કોને પડી છે? મારું શું થશે? હું આત્મા છું. દેહના નાશે કાંઈ આત્મા નાશ થાય એવો નથી. આ નાશ થશે. આ તો હાડકા જડ માટી છે. મહાણની રાખ થશે, રાખ. તે આટલી નહિ થાય. થોડી (થશે). પવન આવે તો ઊડી જશે. જાવ. 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત. પછી નરતન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.' આહાહા..!

કહે છે, કે ભગવાનઆત્મા શુદ્ધ ત્રિકાળી ત્રિકાળી ત્રિકાળી ધ્રુવ ચેતનાસ્વભાવ સ્વરૂપ ભગવાનઆત્મા, એ પોતાની નવતત્ત્વની પર્યાયમાં પરિણમીત થાય, પણ વસ્તુ તો પર્યાયમાં આવતી નથી. વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! કહો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'હસમુખભાઈ'! આ ધંધા આડે નવરા થાવું નહિ.

મુમુક્ષુ :– નવરા થઈ ગયા છે.

ઉત્તર :– એ તો નવરા થયા છે. એણે નાની ઉંમરમાં નિવૃત્તિ લીધી. હવે રોટલા મળતા હોય તો પછી શું? માથે પોટલા ને મોટલા કરી કરીને મરી જવું છે? તારે ક્યાં જાવું છે? આહાહા..! રોટલા તો પેટમાં, પોટલા માથે આમ. અરે..! પ્રભુ! તું કોણ છો? અને તારો પત્તો કઈ રીતે લાગે? તને તારો પત્તો લાગે તો સમ્યગ્દર્શન થશે. પર્યાયના પત્તાથી તને સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'गतत्वे अपि'** પછી સંસ્કૃતમાં ભાઈએ આમ લીધું. ભાઈ! આ ટીકા. **'अगतत्वे अपि'** નવપણે નથી પરિણમ્યો. સિદ્ધ ભગવાન. એ પણ વસ્તુ તો શુદ્ધ છે. પરિણમ્યો છે એ શુદ્ધ છે અને નથી પરિણમ્યો એ પણ વસ્તુ તો શુદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ચીજ સમજવાની છે અને આ ચીજ કરવાની છે. બાકી બધા થોથા છે. આહાહા..! એ એલ.એલ.બી.ના પૂંછડા વળગાડે. એમ.એ.ના, ડોક્ટરના, મોટા જ્યોતિષીના. આહાહા..! શાસ્ત્રના ભણતરના પૂંછડા વળગાડે કે આ અગિયાર અંગનો ભણનાર છે. આહાહા..! એમાં શું થયું? પ્રભુ! અગિયાર અંગનું જ્ઞાન પર્યાયમાં છે. એ પર્યાયમાં આત્મા આવતો નથી. આહાહા..! ભગવાન એ સમયે પણ શુદ્ધ ત્રિકાળ પડ્યો છે. આહાહા..! અંતર આત્મા પરમાત્મસ્વરૂપે શુદ્ધ છે એ નવતત્ત્વની પર્યાયમાં થયો તોપણ વસ્તુ તરીકે નવતત્ત્વમાં આવ્યો નથી. આહાહા..! છે?

**'ભાવાર્થ આમ છે—જેમ અગ્નિ...'** હવે દૃષ્ટાંત આપે છે. **'અગ્નિ દાહકલક્ષણ છે,...'** અગ્નિ જે છે એ દાહક–બાળનાર છે. **'તે કાષ્ઠ,...'** લાકડાની અગ્નિ, **'તૃણ,..'**ની અગ્નિ, **'છાણા આદિ...'** છાણાને હિન્દીમાં શું કહે? ગોબર. **'આદિ સમસ્ત દાહ્યને દહે છે,...'** અગ્નિ લાકડાને અને કોલસાને અને તરણાને સળગાવે છે. **'દહતો થકો અગ્નિ દાહ્યાકાર થાય છે;...'** જે ચીજને સળગાવે છે એરૂપે એ અગ્નિ એ આકારે થાય છે. લાકડી, આ કોલસા. **'પરંતુ તેનો વિચાર છે કે જો તેને કાષ્ઠ, તૃણ અને છાણાની આકૃતિમાં જોવામાં આવે તો કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે,...'** એ લાકડાની પર્યાય, લાકડાની અગ્નિ થઈ, છાણાની અગ્નિ, તો આકાર તો એવો થયો ને? એ આકૃતિથી જુએ તો આકૃતિની અપેક્ષાએ અગ્નિની પર્યાયની દૃષ્ટિએ પર્યાય બરાબર છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એમ કહેવું સાચું જ છે, અને જો અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો...'** કાષ્ઠ ને લાકડી એમ (નહિ). ઉષ્ણતા... ઉષ્ણતા... ઉષ્ણતા... ઉષ્ણતા... **'અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો...'** એ લાકડાની અગ્નિની આકૃતિ જે છે એ આકૃતિ પર્યાયમાં ગઈ. વસ્તુમાં નથી. અગ્નિમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો હશે? કેટલાક એમ કહે છે, આ નવો ધર્મ કાઢ્યો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હશે? આ ભગવાન જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્માનો આ પંથ છે, અનાદિનો છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અગ્નિની ઉષ્ણતા તરફ નજર ન કરો અને અગ્નિ જેને સળગાવે છે, એની આકૃતિથી જુઓ તો એ પર્યાય તરીકે સાચું છે. પણ એ પર્યાય તરફ લક્ષ ન કરતા, અગ્નિના ઉષ્ણ સ્વભાવથી જુઓ તો એ બધી આકૃતિ ખોટી છે. સમજાણું કાંઈ? ઉષ્ણતા સ્વભાવની દૃષ્ટિએ લાકડાની આકૃતિ, નાનું લાકડું હોય, મોટા છાણા હોય એ રૂપ અગ્નિ આકારે થાય છે. તો એ પર્યાયની અપેક્ષાએ, આકૃતિની અપેક્ષાએ જુઓ તો એ આકૃતિ સાચી છે. પર્યાયની અપેક્ષાએ. પણ ઉષ્ણ સ્વભાવની દૃષ્ટિએ જુઓ તો એ આકૃતિ ખોટી છે. કહો, બરાબર છે? આહાહા..! આ તો હજી દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો આત્મામાં ઉતારવાનો છે. આહાહા..!

**'અગ્નિની ઉષ્ણતામાત્ર વિચારવામાં આવે તો ઉષ્ણમાત્ર (અગ્નિ) છે, કાષ્ઠનો અગ્નિ, તૃણનો અગ્નિ અને છાણાનો અગ્નિ એવા સમસ્ત વિકલ્પ જૂઠા છે;...'** ઉષ્ણમાત્ર અગ્નિ જોતા કાષ્ઠની અગ્નિ, લાકડાની અગ્નિ એ બધી ખોટી છે. એ તો પર્યાયની અપેક્ષાએ સાચું છે. વસ્તુની અપેક્ષાએ જૂઠું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આનું નામ સ્યાદ્વાદ.

ઉત્તર :– હા. સ્યાદ્વાદ. એ વસ્તુ પર્યાય છે, એટલું. પર્યાય છે, પર્યાય નથી એમ નથી. પણ વસ્તુ જોતાં પર્યાય વસ્તુમાં નથી. પર્યાય નથી? વ્યવહાર વ્યવહાર તરીકે નથી? વ્યવહાર છે. પણ વ્યવહાર ત્રિકાળી જ્ઞાયક સ્વભાવમાં નથી. અને વ્યવહારથી નિશ્ચય થાય છે એમ પણ ત્રણકાળમાં નથી. આહાહા..! એમ પર્યાય છે. પણ પર્યાયથી દ્રવ્ય જણાય છે એમ નથી. આહાહા..! દ્રવ્યદૃષ્ટિથી જોતાં દ્રવ્ય જણાય છે. ઉષ્ણતામાત્ર અગ્નિથી જુઓ તો સાચી અગ્નિ ખ્યાલમાં આવે છે. આકૃતિથી જુઓ તો પર્યાય તરીકે સાચું છે પણ ઉષ્ણતામાત્ર જુઓ તો એ પર્યાયમાત્ર જૂઠી છે. એ તો દૃષ્ટાંત થયું.

**'તેવી જ રીતે નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે,...'** જુઓ! એ અનાદિનું લીધું એ જુદું છે, ભાઈ! આમાં તો સંવર-નિર્જરા શુદ્ધ લીધા છે. શું કહ્યું? પહેલા છઠ્ઠા શ્લોકમાં કહ્યું હતું, કે નવતત્ત્વપણે પરિણમે છે એ મિથ્યાત્વ છે. એ વખતે સંવર-નિર્જરા-મોક્ષ સાચું નહોતું. ઉપચારિક કહેવામાં આવ્યું હતું. બંધનો થોડો અભાવ, રાગ મંદ. એ અપેક્ષા સંવરને ગણવામાં આવી હતી. વસ્તુમાં નહિ. આ તો વસ્તુ છે. આત્મા પુણ્ય-પાપપણે થાય અને સંવર-નિર્જરા-મોક્ષપણે થાય તે પર્યાયમાં થાય છે. પુણ્ય અને પાપ, આસ્રવ અને બંધ એ ચાર મલિન છે અને સંવર-નિર્જરા અને મોક્ષ એ ત્રણ નિર્મળ છે. આસ્રવમાં પુણ્ય-પાપ નાખો તો પુણ્ય, પાપ, આસ્રવ, બંધ. આવ્યું ને? પુણ્ય, પાપ, આસ્રવ, બંધ ચાર. અને સંવર, નિર્જરા, મોક્ષ એ ત્રણ. સાતરૂપે પરિણમન છે, તો પરિણમનની અપેક્ષાએ, પરિણામની અપેક્ષાએ છે એ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત સાચી છે. પરિણામ છે. છે?

**'નવ તત્ત્વરૂપ જીવના પરિણામો છે, તે પરિણામો કેટલાક શુદ્ધરૂપ છે,...'** સંવર, નિર્જરા, મોક્ષ એ શુદ્ધરૂપ છે અને **'કેટલાક અશુદ્ધરૂપ છે;...'** પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ અશુદ્ધ છે. અરે..રે..! નવતત્ત્વમાં જીવ તો એની એક સમયની પર્યાય છે. હવે એમાં પુણ્ય, પાપ, આસ્રવ, બંધ છે એ મલિન છે, અશુદ્ધ છે. અને સંવર, નિર્જરા અને મોક્ષ એ શુદ્ધ છે. એ બધી પર્યાય છે. મોક્ષ પણ પર્યાય છે, સંવર, નિર્જરા પણ પર્યાય છે. મોક્ષમાર્ગ પણ પર્યાય છે. આહાહા..! એ **'નવતત્ત્વરૂપ જીવના પરિણામો છે,...'** જુઓ! આસ્રવ, બંધ, પુણ્ય, પાપ પણ જીવની પર્યાયના પરિણામ છે. કર્મથી થાય છે અને અજીવથી થયા છે એમ નથી. આહાહા..! એ પાછળ આઠમા શ્લોકમાં આવશે. આત્મામાં મિથ્યાત્વ હોય, રાગ-દ્વેષ હોય, પુણ્ય-પાપ હોય અને બે થઈને આસ્રવ હોય અને એમાં રોકાવું તે બંધ, ભાવબંધ હોય એ જીવના પરિણામ છે. એ પરિણામ કોઈ કર્મનું છે કે અજીવથી થયા છે એમ નથી. સમજાણું કાંઈ? અને **'કેટલાક શુદ્ધરૂપ છે,...'** સંવર, નિર્જરારૂપ પરિણમન છે એ શુદ્ધ છે. પણ એ ત્રણેય શુદ્ધ પણ પર્યાય છે અને ચાર અશુદ્ધ છે એ પર્યાય છે. આહાહા..!

**'જો નવ પરિણામોમાં જ જોવામાં આવે તો નવે તત્ત્વ સાચાં છે...'** જીવની પર્યાય, અજીવની પર્યાય અથવા અજીવને જાણવાની પર્યાય. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. પર્યાયથી જુઓ તો નવતત્ત્વ પર્યાયથી તો બરાબર છે. પર્યાય નથી એમ નથી. પણ પર્યાય આશ્રય કરવાલાયક નથી. નવ ભેદ છે એ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહાહા..! નવરૂપે જીવ પરિણમન કરે છે પણ એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમજાણું કાંઈ? આહાહા..! આમાં ક્યાં નવરાશ? જગતના ધંધા આડે બિચારો નવરો નથી. આહાહા..! ક્યાં જાવું છે? પ્રભુ! તારું નગર ક્યાં છે? આહાહા..!

ચિદ્‌ઘન ચેતના સ્વભાવથી ભરેલો, પ્રભુ! એ નવતત્ત્વના પરિણમનથી જુઓ તો પર્યાય તરીકે સત્ય છે. છે? **'અને જો ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો...'** જેમ ઉષ્ણમાત્ર અગ્નિનો અનુભવ કરતા કાષ્ઠની, તૃણની અગ્નિ જૂઠી છે. એમ ચેતનામાત્ર ભગવાનઆત્મા જાણન, દેખન સ્વભાવ ત્રિકાળી ચેતનામાત્ર જીવ, એમ જોવામાં આવે તો નવતત્ત્વની પર્યાય એ અપેક્ષાએ ખોટી છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન! પણ ભાવ તો જે છે એ છે. ભગવાન ત્રિલોકનાથના ભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... એ કહ્યું ને. જુઓ!

મુમુક્ષુ :– જુવાનિયા જલ્દી સમજી જાય.

ઉત્તર :– જુવાનીયા ઝટ સમજે એમ કહે છે ભાઈ. એ... 'દિલીપ'!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– વયની અપેક્ષાએ બધા સમાન છે.

ઉત્તર :– વય જ નથી ને. ભગવાન તો અનાદિ-અનંત છે. વય તો આ દેહની છે. ૨૫, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦ વર્ષ. એ તો જડની દશા છે. આ તો માટી-ધૂળ છે. આહાહા..!

અહીંયાં કહે છે, જુઓ! કે અગ્નિ, કાષ્ઠ, તૃણ, છાણાં. છાણાં એટલે ગોબર એ રૂપે જ્યારે સળગે છે ત્યારે આકૃતિરૂપ અગ્નિ થાય છે. તો એ આકૃતિથી જુઓ, પર્યાયથી જુઓ તો એ આકૃતિ બરાબર છે. પણ એમાં આકૃતિને ન જોતાં અને ઉષ્ણમાત્ર અગ્નિને જુઓ તો એ આકૃતિ ખોટી છે. ઉષ્ણમાત્ર અગ્નિ, તો એ આકૃતિ ખોટી છે. એમ નવતત્ત્વરૂપે પરિણમન કરવાથી પર્યાય તરીકે જુઓ તો એ સાચું છે. જેમ ઉષ્ણમાત્ર અગ્નિ એમ ચેતનામાત્ર ભગવાનઆત્મા. આહાહા..! જાણન-દેખન, જાણન-દેખન એમ ભગવાનઆત્મા તરીકે જુઓ તો નવતત્ત્વનું પરિણમન ખોટું છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ? આહાહા..!

મુમુક્ષુ :– તો પર્યાય ..

ઉત્તર :– પર્યાયનું જ્ઞાન કરાવ્યું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પર્યાય તરીકે જુઓ તો પર્યાય તરીકે સાચું છે. પણ દૃષ્ટિ ત્યાં રાખો તો મિથ્યાત્વ છે. અહીં તો સંવર, નિર્જરા સહિત લેવું છે. પણ છતાં પર્યાય ઉપર નજર કરવાથી પર્યાયનું લક્ષ થાય તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. પણ ચેતનામાત્ર વસ્તુ ત્રિકાળ.. આહાહા..! જેમ ઉષ્ણતામાત્ર અગ્નિ. એમ ચેતના જાણન-દેખન.. જાણન-દેખન... જાણન-દેખન.. જાણન-દેખન ચેતના, એ રૂપે આત્માને જુઓ તો નવતત્ત્વની આકૃતિનું પરિણમન જૂઠું છે. આહાહા..! ત્રિકાળ ભગવાનને જોતાં તો સંવર, નિર્જરા, મોક્ષ પણ જૂઠા છે. પર્યાય છે ને? એય..! 'હીરાભાઈ'! આવી વાતું છે. અરે..રે..! જન્મ-મરણના ઉદ્ધારનો રસ્તો પરમાત્મા બતાવે છે. ભગવાન! તારી ચીજ તો ચેતનામાત્ર વસ્તુ છે ને? જેમ અગ્નિ ઉષ્ણતામાત્ર છે ને. લાકડાની અગ્નિ, તૃણની અગ્નિમાત્રથી જુઓ તો એ તો પર્યાયથી જુઓ તો, અંશ દૃષ્ટિએ જુઓ તો અંશ સત્ય છે. પણ ઉષ્ણતામાત્ર અગ્નિથી જુઓ તો એ અંશ અસત્ય છે. એમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એમ ભગવાનઆત્મા જીવની એક સમયની પર્યાય, અજીવનું જ્ઞાન, પુણ્ય-પાપ, દયા, દાનનો પુણ્યભાવ, હિંસા, જૂઠુંનો પાપભાવ, સંવર-નિર્જરા અને મોક્ષનો શુદ્ધભાવ. એ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયથી જુઓ તો પર્યાયપણે એ અસ્તિ છે. વ્યવહારનયથી, પર્યાયદૃષ્ટિથી પર્યાય છે. પણ એ આશ્રય કરવાલાયક નથી. એ સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગીને પણ પર્યાય છે તો ખરી. પણ આશ્રય કરવાલાયક નથી. શું કહ્યું? મોક્ષમાર્ગીને આત્માના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, મોક્ષનું કારણ ઉત્પન્ન થયું, પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ મોક્ષના માર્ગની પર્યાય આશ્રય કરવાલાયક નથી. છે એટલું જાણીને, આશ્રય કરવા લાયક તો ત્રિકાળી ચેતના ભગવાન છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે ને, ભગવાન! ભાષા કોઈ આકરી નથી. સંસ્કૃત ને વ્યાકરણ.. આ તો ભાવ જ.. આહાહા..!

અંદર ચૈતન્ય ભગવાન. જુઓ! શું કહ્યું? **'ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે...'** લ્યો. ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે. આહાહા..! જે ત્રિકાળી ચેતનાસ્વભાવ છે. સ્વભાવવાન ભગવાનઆત્મા અને ચેતના એનો સ્વભાવ છે. તો ચેતના સ્વભાવમાત્રનો અનુભવ કરતા એ ભિન્ન ભિન્ન જે પર્યાય છે એ અભેદમાં નથી. એ અપેક્ષાએ અભેદમાં ભેદ નથી, એ અપેક્ષાએ ભેદને જૂઠા કહેવામાં આવ્યા. આહાહા..! કહો, 'ધર્મચંદજી'!

આવો ધર્મ? ઓલા તો દયા કરો, દાન કરો, વ્રત કરો, અપવાસ કરો, ગિરનારની જાત્રા કરો, સમ્મેદશિખરની જાત્રા કરો. થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી, સાંભળ તો ખરો. એ તો બધી રાગની ક્રિયા છે. એ તો આસ્રવની ક્રિયા છે. આહાહા..! અરે..! એને કેમ બેસે? કદી અભ્યાસ પણ નથી, કદી સ્વસન્મુખ (થયો નથી), શું ચીજ છે એની મહત્તા નથી. આહાહા..! 'દેવચંદજી'? એવી વાત છે. અને બહારમાં લોકો મનાવીને સંતોષ માનીને ચાલ્યા જાય. આહાહા..! પણ ધર્મલાભ નહિ થાય.

ધર્મનો લાભ તો એને થશે, કે ભગવાનઆત્મા ચેતનામાત્ર વસ્તુ હોવા છતાં પર્યાયમાં, અવસ્થારૂપે નવરૂપે પરિણમેલા દેખાય છે, પણ એ તો વ્યવહારનયનો વિષય છે, પર્યાયનયનો વિષય છે. વસ્તુ ચેતનામાત્ર ભગવાન જાણન-દેખન સ્વભાવ, જાણન-દેખન સ્વભાવમાત્ર આત્મા, એમ દૃષ્ટિ કરતાં નવતત્ત્વરૂપ પરિણમન અભેદમાં તો નથી. ચેતનામાત્ર વસ્તુમાં પણ એ ભેદ નથી. તો એ અપેક્ષાએ અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતા નથી, માટે ભેદને જૂઠા કહેવામાં આવ્યા છે. આહાહા..! અરે..! આવી વાતું! કેટલાક એમ કહે કે 'સોનગઢ'વાળાએ નવો ધર્મ કાઢ્યો. અરે..! ભગવાન! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારા ઘરની વાત શું છે?

મુમુક્ષુ :– સાંભળવા નવરો ક્યાં છે? આહાહા..!

ઉત્તરઃ– નવરો. નવરો સમજ્યા? ફૂરસદ.

મુમુક્ષુ :– વ્યક્તિદીઠ ધર્મ નથી હોતો.

ઉત્તર :– વ્યક્તિગત શું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પર્યાય થઈ પણ કોના આશ્રયે થઈ?

મુમુક્ષુ :– દ્રવ્ય સ્વરૂપ.

ઉત્તર :– દ્રવ્યના આશ્રયે થઈ, પણ જેના આશ્રયે થઈ એ તો ત્રિકાળ છે. જેનો આશ્રય દૃષ્ટિમાં થયો એ તો ત્રિકાળ છે. થઈ એ તો પર્યાય છે. પર્યાય પર્યાય તરીકે સત્ય છે. પણ લક્ષ કરવા માટે પર્યાય નથી. આહાહા..! સમજાણું કાંઈ? સંવર, નિર્જરા અને મોક્ષ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ લક્ષ કરવા માટે નથી. દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રય જે દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ તો રાગ છે, એ તો બંધનું કારણ છે. એ તો લક્ષ કરવાલાયક છે નહિ. પણ સંવર, નિર્જરા અને મોક્ષનો માર્ગ અને મોક્ષ એ પણ પર્યાય છે તો પણ લક્ષ કરવાલાયક નથી, જાણવાલાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે. માણસને નવો લાગે. અને બિચારા જુવાન માણસને.. ખરેખર તો જુવાન માટે જ આ વસ્તુ છે. કારણ કે જુવાનો હજી બીજામાં બહુ ઘૂસી ગયા ન હોય, બહુ ભટક્યા ન હોય એને આ વાત સમજવા માટે આગ્રહ ન હોય. એ પકડી શકે. આહાહા..! અને આત્મા જુવાન, બાળક, વૃદ્ધ છે જ ક્યાં? એ તો જડ-માટી છે એને બાળક, વૃદ્ધ, યુવાન છે. આહાહા..!

અહીં તો કહે છે, કે નવતત્ત્વમાં, નવતત્ત્વ શબ્દે અહીં જીવતત્ત્વ લેવું એ પર્યાય લેવી. એક સમયની પર્યાય. એમ એક સમયની સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય, એમ એક સમયની પુણ્ય-પાપ, આસ્રવ-બંધની પર્યાય. એ પર્યાયદૃષ્ટિથી જુઓ તો નવ છે. પણ પ્રયોજનભૂત ચેતનામાત્ર ભગવાનઆત્માને જોતાં અભેદમાં અને સમ્યગ્દર્શને જેનો આશ્રય કર્યો છે એ સમ્યગ્દર્શનની પર્યાય છે એને જુઓ તો પર્યાય છે, પણ સમ્યગ્દર્શને જેને વિષય બનાવ્યો છે એને જુઓ તો સમ્યગ્દર્શનની પર્યાય પણ એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતનામાત્ર અનુભવ કરવામાં આવે તો નવે વિકલ્પ જૂઠા છે.'** વિકલ્પ જૂઠા છે, ભેદ જૂઠા છે. આહાહા..! 'ગોવિંદરામજી'! આવી વાત છે. આહાહા..! અગ્નિનું દૃષ્ટાંત આપ્યું ને. લાકડાની અગ્નિ. છાણા હોય છે ને? અડાયા છાણા હોય એને તમારામાં શું કહે છે? જંગલમાં છાણ હોય છે ને? ગોબર. એ સુકાઈ જાય. કંડા? અહીંયાં અડાયા કહે છે. એ છાણ હોય છે એમાં કંડા નાખી છાણા કરે છે. અને જંગલમાં સુકાઈ જાય એને અહીં અડાયા કહે છે. જેવા અડાયા છે એ રૂપ અગ્નિની આકૃતિ થઈ જાય છે. અગ્નિ એને બાળે, સળગાવે, લાકડાને સળગાવે, વડનું પાન, પીપળનું પાન, લીમડાના સુકા પાન એને સળગાવે તો એ આકૃતિ થાય છે. તો આકૃતિની અપેક્ષાએ તો બરાબર છે. પણ ઉષ્ણતામાત્ર અગ્નિથી જુઓ તો એ બધી આકૃતિ ખોટી છે. કેમ કે અભેદમાં એ ભેદ જોવામાં આવતા નથી. અને ભેદની ત્યાં જરૂર પણ નથી.

એમ ભગવાનઆત્મા નવતત્ત્વમાં પરિણમન... નવતત્ત્વમાં જીવ આવ્યો. તો જીવ ત્રિકાળી દ્રવ્ય ન લેવું. નવમાં એક સમયની પર્યાય લેવી. નવ છે ને? એક સમયની પર્યાય લેવી અને અજીવનું જ્ઞાન લેવું. એવા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. કેટલાક શુદ્ધ છે સંવર, નિર્જરા મોક્ષ. કેટલાક અશુદ્ધ છે, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ. તો પણ ચેતનામાત્ર ભગવાનઆત્મા ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, એક સમયની અવસ્થાને ન જોતાં, કેમ કે વ્યવહાર અભૂતાર્થ છે. કાયમ રહેનારી ચીજ નથી. જેમાં દૃષ્ટિ લગાવવી છે એ ચીજ કાયમ રહેનારી છે. તો દૃષ્ટિનો વિષય કાયમ રહેનારી ચીજ ચેતનામાત્ર આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એના આશ્રયથી સમકિત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અને એના આશ્રયથી સમ્યગ્જ્ઞાન થાય છે. અને એના આશ્રયમાં લીન થવાથી ચારિત્ર થાય છે. મહાવ્રત અને ફહાવ્રત એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! સમજાણું કાંઈ ? મહાવ્રત એ આસ્રવમાં જાય છે. અને ચારિત્રની પર્યાય સંવર-નિર્જરામાં જાય છે. છતાં એ પર્યાયપણે હોય પણ આશ્રય કરવાલાયક એ ચીજ નથી. આહાહા..!

એકરૂપ ચિદાનંદ ભગવાન છે.. છે.. છે.. છે.. છે.. છે.. વસ્તુ જેમ ત્રિકાળ છે.. છે.. છે.. છે.. છે.. છે.. ભૂત, વર્તમાન, ભવિષ્ય છે. એમ ચેતના પણ એનો સ્વભાવ છે.. છે.. છે.. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– મહારાજ! જીવની પર્યાય લેવી તો પ્રમાણનો જીવ લેવો.

ઉત્તર :– એક સમયની પર્યાય લેવી. દ્રવ્ય ન લેવું. નવતત્ત્વ છે ને? નવતત્ત્વરૂપે પરિણમ્યું છે, એમ કહ્યું ને?

મુમુક્ષુ :– પર્યાય સહિત દ્રવ્ય લેવું.

ઉત્તર :– નહિ. પર્યાય ભિન્ન છે. આહાહા..!

ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરતા વાસ્તવિક વસ્તુનું પૂર્ણ સ્વરૂપ દૃષ્ટિમાં આવે છે. અને પર્યાયના લક્ષમાં તો અંશ લક્ષમાં આવે છે. એ કાંઈ પૂર્ણ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અગ્નિનું દૃષ્ટાંત દઈને ઘણું સ્પષ્ટ કર્યું. ઉષ્ણતામાત્ર ઉષ્ણતામાત્ર અગ્નિ... અગ્નિ.. અગ્નિ... અગ્નિ... એમ આત્મા ચેતનામાત્ર. જેમ ઓલા ગુણ લીધા હતા ને? ઉષ્ણગુણ તે અગ્નિ, એમ ચેતનામાત્ર ગુણ તે આત્મા. ત્રિકાળી ચેતના જાણન-દેખન... જાણન-દેખન.. જાણન-દેખન... જ્ઞાતા-દૃષ્ટા એવી ચેતના. એ બપોરે આવ્યું હતું. એ ચેતનામાત્ર ભગવાનને દેખે, ભગવાન આત્મા, તો એ નવ પ્રકારની જીવની એક સમયની પર્યાય પણ ખોટી છે. પંડિતજી! નવ આવ્યા ને? નવ પરિણામે જુએ તો નવ તો સાચા છે. નવ આવ્યા છે. જીવ-અજીવ અને ઓલા ચાર અને ત્રણ સાત. નવ આવ્યા છે. આહાહા..!

ચેતનામાત્ર ભગવાનઆત્મા એકલું જાણન-દેખન સ્વરૂપ જ છે. એવો અનુભવ કરતાં દ્રવ્ય જે ચેતન, એનો ચેતનાસ્વભાવ, એનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શનની પર્યાય. સમજાણું કાંઈ? **'નવે વિકલ્પ જૂઠા છે.'** આહાહા..! પર્યાયદૃષ્ટિએ જુઓ તો પર્યાય સાચી છે, સત્ય છે. છે. ભૂતાર્થ છે. વ્યવહારનયથી પણ ભૂતાર્થ છે ને? એ બંધ અધિકારમાં આવ્યું ને? મોક્ષમાર્ગ ભૂતાર્થ ધર્મ કહ્યો છે. સત્ય જે છે ને? ત્રિકાળી ચેતનામાત્ર ભગવાન, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા, એ ભૂતાર્થ ધર્મ, એ પર્યાયને ભૂતાર્થ ધર્મ કહી છે. સત્ય ધર્મ. અહીંયાં એને પર્યાયદૃષ્ટિમાં લેવું છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ભૂતાર્થની દૃષ્ટિ કરાવવા એ મોક્ષમાર્ગને ભૂતાર્થ કહ્યો. સાચો મોક્ષમાર્ગ છે એને ભૂતાર્થ મોક્ષમાર્ગ કહ્યો. રાગાદિ છે એ અસત્યાર્થ બંધમાર્ગ છે. પણ અહીંયાં તો સાચો મોક્ષમાર્ગ જે ભૂતાર્થ મોક્ષમાર્ગ છે એ પણ પર્યાયદૃષ્ટિમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાય છે. આહાહા..! અને ત્રિકાળી ચૈતન્યવસ્તુ ભગવાન, એના ઉપર નજર કરવાથી સમ્યગ્દર્શન થાય છે, તો એ ધ્યેય ઉપરની નજરની અપેક્ષાએ અભેદમાં એ ભેદ નથી. તો ભેદને ખોટા કહેવામાં આવ્યા છે.

અહીંયાં વળી કહે ત્રિકાળનો આશ્રય કરવાથી જ્ઞાન થયું અને વ્યવહારનું જ્ઞાન કરવાથી બે મળીને પ્રમાણનું જ્ઞાન કહે છે. પણ એ ત્રિકાળનો આશ્રય કરવાથી જ્ઞાન થયું એ નવનું જ્ઞાન કરે તો પ્રમાણજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એકલા નવતત્ત્વનું જ્ઞાન કરે એને જ્ઞાન કહેતા નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(માલિની)

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्ममालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'आत्मज्योतिः दृश्यताम्' (आत्मज्योतिः) આત્મજ્યોતિ અર્થાત્ જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર, (दृश्यताम्) સર્વથા અનુભવરૂપ હો. કેવી છે આત્મજ્યોતિ ? 'चिरमितिनवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं' આ અવસરે નાટ્યરસની પેટે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે. તે જ કહે છે- (चिरम्) અમર્યાદ કાળથી (इति) જો વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો જ્ઞાનવસ્તુ (नवतत्त्वच्छन्नं) પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે અને મળી થકી તે રાગાદિ વિભાવ પરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે. તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે, તો જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે; આવું પણ છે, સર્વથા જૂઠું નથી, કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે. 'अथ' હવે 'अथ' પદ દ્વાર બીજો પક્ષ બતાવે છેઃ- તે જ જીવવસ્તુ દ્રવ્યરૂપ છે, પોતાના ગુણપર્યાયે વિરાજમાન છે. જો શુદ્ધ દ્રવ્યસ્વરૂપ જોવામાં આવે, પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે તો તે કેવી છે? 'सततविविक्तम्' (सतत) નિરંતર (विविक्तं) નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે તે આત્મજ્યોતિ?**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'वर्णमालाकलापे कनकमिव निमग्नं' 'વર્ણમાલા' પદના બે અર્થ છે—એક તો *બનવારી, અને બીજો ભેદપંક્તિ; ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ; 'કલાપ'નો અર્થ સમૂહ છે. આથી એમ અર્થ ઊપજ્યો કે જેમ એક જ સોનું ×વાનભેદથી અનેકરૂપ કહેવાય છે તેમ એક જ જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપે અનેકરૂપ કહેવાય છે. 'अथ' હવે 'અથ' પદ દ્વારા ફરીને બીજો પક્ષ બતાવે છે :– 'प्रतिपदम् एकरूपं' (प्रतिपदम्) ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દ્રષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ (एकरूपं) પોતે (એક) જ છે. વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે, વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી. ભાવાર્થ આમ છે કે સુવર્ણમાત્ર ન જોવામાં આવે, વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે; જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણમાત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે; તેવી રીતે જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે, ગુણ-પર્યાયમાત્ર કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાત્ર જોવામાં આવે, તો ગુણ-પર્યાયો છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જીવવસ્તુ આવી પણ છે; જો ગુણ-પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે આત્મજ્યોતિ ? 'उन्नीयमानं' ચેતનાલક્ષણથી જણાય છે, તેથી અનુમાનગોચર પણ છે. હવે બીજો પક્ષ– 'उद्योतमानम्' પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે, શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. ૮.

જ્યેષ્ઠ વદ ૯, શુક્રવાર તા.૧૦.૦૬.૧૯૭૭
કળશ - ૮, પ્રવચન - ૧૧

चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं
कनकमिव निमग्नं वर्ममालाकलापे।
अथ सततविविक्तं दृश्यतामेकरूपं
प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम्।।८।।

શું કહે છે? 'आत्मज्योतिः द्रश्यताम्' આત્મદ્રવ્ય. ત્રિકાળી પરમાત્મસ્વરૂપ દ્રવ્ય. પર્યાયને

* બનવારી = સોનું તપાવવાની કૂલડી.
x દસ વલું, ચૌદ વલું આદિ સોનામાં જે ભેદ છે તેને વાનભેદ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ન જોતાં, ત્રિકાળી દ્રવ્યને જોતાં વસ્તુ પરમાત્મસ્વરૂપ શુદ્ધ જ્ઞાનમાત્ર. એકલો શુદ્ધ પવિત્ર જ્ઞાનસ્વભાવ ત્રિકાળ, એ અનુભવ કરવાલાયક છે. **'સર્વથા અનુભવરૂપ હો.'** આચાર્ય પહેલી એ વાત કરે છે. નવતત્ત્વ છે. પર્યાયમાં નવતત્ત્વથી ઢંકાયેલ ભગવાન છે. પર્યાયમાં નવ, નવમાં જીવ-અજીવ પણ આવી ગયા. જીવની એક સમયની પર્યાય લેવી અને અજીવનો અહંકાર લેવો. આ અજીવ હું છું. કાંઈ અજીવપણે તો કદી નથી થતો. સમજાણું કાંઈ? એવો જીવ, એક સમયની પર્યાય, અજીવ હું છું એવું જ્ઞાન, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. નવતત્ત્વની પર્યાયમાં ભગવાનઆત્મા ઢંકાયેલો છે–**'च्छन्नम्'**. આહાહા..! જેનું એકરૂપ એ છે ને? **'आत्मज्योतिः दृश्यताम्'** ત્રિકાળી જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ ત્રિકાળી, ત્રિકાળી અતીન્દ્રિય આનંદ સ્વભાવભાવ. **'दृश्यताम्'** સર્વથા એનો અનુભવ કરો. આ કરવાલાયક છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

વસ્તુ એક સમયમાં ત્રિકાળ ધ્રુવ પરમાત્મસ્વરૂપ જ જીવદ્રવ્ય છે. એ શુદ્ધ જ્ઞાનમાત્ર છે. જ્ઞાન તો મુખ્યપણે લીધું. પણ અનંતગુણસ્વરૂપ જે શુદ્ધ ત્રિકાળ આત્મા છે. આહા..! **'दृश्यताम्'** અર્થકારે સર્વથા કહ્યું. જોયું? **'સર્વથા અનુભવરૂપ હો.'** એક જ આત્મ અનુભવરૂપ હો. એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! સમ્યક્–સત્યદર્શન, એનો પૂર્ણ સત્ય એ જ વિષય છે. સમજાણું કાંઈ? પંડિતજી! એ પંડિતજી તો ગયા લાગે છે. બીજા પણ એની સાથે ગયા લાગે છે. એ અહીંયાં બેસતા એ પણ ગયા લાગે છે. ભગવાનઆત્મા એક સમયમાં પર્યાયના ભેદથી રહિત એકરૂપ આત્મજ્યોતિ ચૈતન્યસ્વભાવ, સર્વથા એનો આશ્રય કરીને અનુભવ કરો. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

**'કેવી છે આત્મજ્યોતિ ?'** **'चिरमितिनवतत्त्वच्छन्नं, अथ सततविविक्तं'** એક જ પદમાં બે વાત (કરી). **'આ અવસરે નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે,...'** આહાહા..! ભગવાનઆત્મા આત્મજ્યોતિનો સર્વથા અનુભવ કરો એમ કહ્યું. એની સામે (કહે છે), એક સમયમાં અનાદિકાળથી **'આશ્ચર્યકારી અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે,..'** આહાહા..! જેમાં પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ અને બંધના ભાવ, જે સ્વભાવમાં નથી એવા આશ્ચર્યકારી ભાવ પર્યાયમાં દેખાય છે. આહાહા..!

**'એક જીવવસ્તુ...'** વસ્તુ એક ત્રિકાળ, પણ **'આશ્ચર્યકારી અનેકભાવરૂપ...'** એમ લેવું. વસ્તુ એકરૂપ ત્રિકાળ ચૈતન્યદ્રવ્ય પરમાત્મસ્વરૂપ. **'આશ્ચર્યકારી અનેક ભાવરૂપ...'** જેમાં રાગ અને દ્વેષ... ઓહોહો..! જે સ્વભાવમાં નથી, શક્તિમાં નથી એવી પર્યાયમાં આશ્ચર્યકારી બંધ આદિ, રાગાદિ દેખાય છે. આહાહા..! એ **'અનેક ભાવરૂપ એક જ સમયે...'** પાછો સમય એક. જેમ એક જ સમયમાં ત્રિકાળ આત્મજ્યોતિ દેખતા પૂર્ણ એકરૂપ છે. સમજાણું કાંઈ? એક સમયમાં આ બાજુ નજર કરતાં ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ દેખાય છે. આ બાજુ ગુલાંટ ખાતા જીવવસ્તુ એવી હોવા છતાં પર્યાયમાં, અવસ્થામાં, આશ્ચર્યકારી બંધ આદિ અનેક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવ એક સમયમાં દેખાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મ સૂક્ષ્મ છે, ભાઈ! જૈનદર્શન, જૈનધર્મ, સર્વજ્ઞે કહેલો માર્ગ અલૌકિક છે.

વીતરાગ પરમેશ્વર, એણે જે વસ્તુનું સ્વરૂપ કહ્યું, એમાં આત્માના બે રૂપ છે. એક સમયમાં ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદને જુઓ તો અનુભવમાં એકરૂપ છે. આહાહા..! અને પર્યાયથી, વર્તમાનથી જુઓ તો આશ્ચર્યકારી જેમાં શુદ્ધતા છે એની પર્યાયમાં અશુદ્ધતા બંધ ને રાગ ને રૌદ્રધ્યાન, આર્તધ્યાન... આહાહા..! એવા **'અનેક ભાવરૂપ એક જ સમયે દેખાય છે,...'** સમજાય છે કાંઈ?

દેહ, વાણી તો જડ એક બાજુ રહ્યા. એમાં તો જડ હું છું એવો અહંકાર આવે છે. બસ. જડ એમાં આવતું નથી. આત્મામાં જડ નથી આવતું. પણ જડ હું છું એવો અહંકાર. એને અહીં જડપણે પરિણમ્યો એમ કહેવામાં આવે છે. અને અહીં નવતત્ત્વમાં જીવ તો એક સમયની પર્યાય છે. તો એ પર્યાય અને અહંકાર અને રાગ-દ્વેષના બંધભાવ, એકરૂપ ત્રિકાળી સ્વભાવમાં નથી. એ વર્તમાન દશામાં અનેક અશુદ્ધ ભાવ આશ્ચર્યકારી એક સમયમાં દેખાય છે. અરે..! છદ્મસ્થનો ઉપયોગ એક સમયમાં એ બધું જુએ? એક સમય લીધો ને?

**'અનેકભાવરૂપ એક જ સમયે દેખાય છે,...'** આહાહા..! ભારે સૂક્ષ્મ વાત. શું કીધું? સમજાણું? આત્મા વસ્તુ છે વસ્તુ, એને જોવાની બે દૃષ્ટિઓ. એક ત્રિકાળ વસ્તુ જ્ઞાયક ચૈતન્યરસ આનંદકંદ ધ્રુવ ચૈતન્ય છે, એનો અનુભવ કરો એ તો વસ્તુ છે. એનું નામ સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ છે. આહાહા..! પણ એને ન દેખતા અનાદિકાળથી એની વર્તમાન દશામાં અનેક વિવિધ ભાવ એક જ સમયે છે. છે, તો એક સમયમાં દેખાય છે એમ કહેવામાં આવ્યું. શું કીધું? સમજાણું? છદ્મસ્થને એક સમયમાં નવ ભેદ કેમ દેખાય? પણ એ નવ એક સમયમાં છે ને? છે તો દેખાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ... આહાહા..!

જૈન પરમેશ્વર વીતરાગદેવ અરિહંત સર્વજ્ઞ પરમાત્માનો એ હુકમ છે, કે તારી વસ્તુમાં બે પ્રકારે જોવાની ચીજ છે. બે પ્રકારે દેખવાની ચીજ છે. છે તો દેખવાની છે ને? આહાહા..! એક તો ત્રિકાળી ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એકરૂપ, **'सततविविक्तं'** આગળ આવશે. **'सततविविक्तं'** નિરંતર નવતત્ત્વથી ભિન્ન છે. આહાહા..! એ છેલ્લે પાછળ આવશે. પાછળમાં પહેલી લીટી. પહેલી લીટીમાં આવશે. સમજાણું કાંઈ? ધીમે ધીમે સમજવાની ચીજ છે.

આ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર... આહાહા..! કહે છે કે, અરે..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અરે..! આ મનુષ્યપણું મળ્યું, એ ચાલ્યું જશે. એમાં જો આ ચીજ ન સમજાણી, તો ચોરાશીના અવતારમાં જન્મ-મરણમાં ભટકવું પડશે. આહાહા..! એ ભટકવું પડશે એની દૃષ્ટિ શું? કે વસ્તુ ભગવાન એકરૂપે ત્રિકાળી આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે, એને દેખવું એ સમ્યગ્દર્શન જન્મ-મરણ રહિત થવાની ચીજ છે. આહાહા..! અને એક સમયમાં એ ત્રિકાળી ચીજને ન દેખતા વર્તમાનમાં નવ પર્યાય છે. એક સમયમાં છે ને? તો એક સમયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયદૃષ્ટિથી જોતાં છે. તો એ ભાવ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ સંસારમાં ભટકવાનું કારણ છે.

આત્માનો ત્રિકાળી જ્ઞાયકભાવનો અનુભવ થતાં, પછી નવતત્ત્વનું વ્યવહાર જ્ઞાન થાય, એ જ્ઞાન છે. જણાય છે એટલું. પણ જ્યાં સુધી આત્મા ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે. એ સ્વરૂપને નહિ દેખતા, એકલા નવતત્ત્વને જ પર્યાયમાં દેખે છે તો એ મિથ્યાભાવ છે. આહાહા..! 'દેવીલાલજી'! આહાહા..!

મુમુક્ષુ :– ...નવરૂપ કઈ રીતે છે?

ઉત્તર :– નવ એક સમયમાં છે ને? કે એક સમયની પર્યાય જીવની છે, અજીવ હું છું એવો અહંકાર, આસ્રવ, બંધ, પુણ્ય-પાપનો ભાવ બેરૂપ આસ્રવ છે. એ પુણ્ય-પાપને આસ્રવમાં નાખ્યા. આસ્રવમાં રોકાણો એ બંધ છે અને સંવર-નિર્જરા-મોક્ષ પણ એક સમયમાં છે. અનાદિથી એક સમયમાં આ સાચા સંવર-નિર્જરા-મોક્ષ છે એમ નથી. એ તો પહેલા આવી ગયું. નવતત્ત્વનો અનુભવ એકલું મિથ્યાત્વ છે. એ તો રાગ જેટલો ઘટે છે એ અપેક્ષાએ એને વ્યવહાર સંવર કહ્યો. છે તો આસ્રવ. અને કર્મની નિર્જરા વિપાક થાય છે એને નિર્જરા કહી. સાચી નથી. અને બંધ અલ્પ થાય છે એ અપેક્ષાએ મોક્ષ કહ્યો. આહાહા..! આ તો અલૌકિક માર્ગ છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'એક જ સમયે...'** જોયું? અનેકભાવરૂપ **'એક જીવવસ્તુ આશ્ચર્યકારી ભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે.'** આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર. જેમ નાટકમાં એકરૂપ ધરનારા અનેકરૂપ ધારણ કરે છે ને? નાટકમાં ઘડીકમાં રાજા થઈને આવે, ઘડીકમાં રાણી થઈને આવે, ઘડીકમાં નોકર થઈને આવે. એમ આ જીવ ભગવાનઆત્મા... આહાહા..! ત્રિકાળી આનંદ અને શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એમ હોવા છતાં પર્યાયમાં જરી રાગમાં આવે છે, વળી પુણ્યમાં આવે છે, પાપમાં આવે છે, આસ્રવમાં આવે છે. એવા ભિન્ન-ભિન્ન ભેખમાં દેખાય છે એ નાટક છે.

ઘણા સમય પહેલા નાટકનો અર્થ એવો કરતા. ઘણા વર્ષ પહેલાની વાત છે. ન ટકે તે નાટક. એક 'મોરબી'ના ભાઈ હતા. વહીવટદાર 'ગારિયાધાર'માં. ઘણા વર્ષ પહેલાની વાત છે. ૧૯૫૯ની સાલ. સંવત્ ૧૯૫૯. કેટલા વર્ષ થયા? ૭૩ વર્ષ. ત્યાં 'ગારિયાધાર'માં એક વહીવટદાર હતા, એનો દીકરો 'મોરબી'માં મોટા નાટક કરતો હતો. એના ઘરે ગયા, ત્યાં બધા જાણતા હતા ને? અમારા બનેવી ત્યાં રહેતા હતા. મારો દીકરો ઘણા મોટા નાટક કરે છે. મેં કીધું નાટકનો અર્થ શું? ન ટકે તે નાટક. એમ આત્મામાં ત્રિકાળ ચીજ ન ટકે તે નાટક. આ રાગાદિ નથી ટકતા. ત્રિકાળી એક વસ્તુ, એમ કહ્યું ને? જુઓને? આહાહા..!

**'એક જીવવસ્તુ...'** આહાહા..! **'નાટ્યરસની પેઠે એક જીવવસ્તુ આશ્ચર્યકારી અનેકભાવરૂપ એક જ સમયે દેખાય છે, એ જ કારણથી આ શાસ્ત્રનું નામ નાટકસમયસાર છે.'** આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાન આનંદનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા છે. કદી સાંભળ્યું નથી, ખબર નથી. હું શરીર છું, વાણી છું, વાણિયો છું, બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, બાળક છું, વૃદ્ધ છું, સ્ત્રી છું, પુરુષ છું, ઢોર છું, પશુ છું. આહાહા..! ભગવાન! એ બધા નાટક, પરના નાટક છે. એ તારી ચીજ નથી. આહાહા..! તારી ચીજ તો અંદર એકરૂપ જ્ઞાયક આનંદકંદ ભગવાન, એને દેખતા, અનુભવ કરતા ધર્મની દશા સમ્યગ્દર્શન પહેલા થાય છે. અને એને ન દેખતા એકરૂપ જીવ વસ્તુ એમ હોવા છતાં વર્તમાન દશામાં આશ્ચર્યકારી દેખાય છે. આહાહા..! એકવાર આર્તધ્યાન... આહાહા..! રૌદ્રધ્યાન, માંસ ખાવું. આહાહા..! ઉંદર, જીવતા ઉંદર ખાય. છે ને? 'ચીનમાં' ને બધે. કાચા બોકડા શું કહે? બોકડાને શું કહે? બકરા. બકરાને શું કહે છે? બકરી એટલે? બકરીના બચ્ચા હોય છે ને? કૂણા. કાચા ખાય છે. એવા પણ મનુષ્યો છે. છાપામાં આવ્યું હતું. અમે જોયું છે. આહાહા..!

ક્યાં ત્રણલોકનો નાથ આનંદનો કંદ પ્રભુ! એક કોર કાચુ બચ્ચુ ખાય, એક કોર પરસ્ત્રીનો વિષય લે, એક કોર આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરીને પોક મૂકીને રોવે. રુદન કરે. આહાહા..! એકવાર પાંચ-પચ્ચીસ લાખ મળે તો ખુશી-ખુશી દાંત કાઢે. એ બધા આશ્ચર્યકારી (ભાવ) છે. 'દેવીલાલજી'! છે? આહાહા..! પ્રભુ! તારા એકરૂપમાં આ શું નાટક બનાવ્યા છે? આહાહા..! અમારા 'પાલેજ'માં એકવાર એવું થયું હતું. ઘણા વર્ષ પહેલાની વાત છે. ૬૪ વર્ષ પહેલાની વાત છે. મેનેજર આવ્યા હતા. ભરથરીના.. ભરથરી નહિ પીંગળા. ભરથરી નહિ પીંગળા. પીંગળા નથી?

મુમુક્ષુ :– એની રાણી પીંગળા.

ઉત્તર :– હા. એની રાણી પીંગળા અને ભરથરીનું નાટક હતું. 'પાલેજ' ગામમાં મુસલમાન ઘણા રહે છે. મુસલમાનની વસ્તી છે. 'પાલેજ'માં અમારી દુકાન છે ને? 'ભરૂચ' અને 'વડોદરા'ની વચ્ચે. અત્યારે પણ ત્યાં દુકાન તો છે. ૬૪ વર્ષ થયા. મુસલમાન ઘણા રહે છે. એમાં તોફાન થયું. મુસલમાન નાટક જોવા મફત ઘૂસી જતા. એવું કાંઈક હતું. ઘણું તોફાન થયું. એ નાટકના જે મેનેજર હતા. એ નાટકમાં પીંગળા બનીને આવવાના હતા. તો બરાબર સ્ત્રીનો વેશ પહેરતા હતા. કપડા અને શું કહેવાય આ? કાપડું. એમાં તકરાર થઈ તો એમ ને એમ બહાર નીકળવું પડ્યું. નાટકમાં વચ્ચે તકરાર થઈ, તો એના જે માલિક હતા એ પીંગળાનો વેશ પહેરતા હતા. હજી અડધા કપડા પહેર્યા ત્યાં બહાર નીકળવું પડ્યું. અહો..! આ તો મેનેજર પીંગળા છે.

એમ આ ભગવાન ત્રણલોકનો નાથ, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા અંદર છે. ભાઈ! તને ખબર નથી. એક ક્ષણમાં એવો રાગ કરે રોવે... રોવે... રોવે.. વળી ક્ષણમાં હસે. આહાહા..! એવું નવતત્ત્વનું નાટક પાડે છે. પંડિતજી! આહાહા..!

**'આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે, તે જ કહે છે—'** **'चिरम्'** હવે ઓલો અર્થ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'चिरमितिनवतत्त्वच्छन्न' 'અમર્યાદકાળથી...'** અનાદિકાળથી. આહાહા..! એવો જીવ ભગવાન તો અનાદિકાળનો છે. આત્મા કાંઈ નવો છે? અનાદિથી છે. આહાહા..! અહીંયાં અનાદિકાળમાં એટલા ભેખ ધારણ કર્યા... આહાહા..! **'અમર્યાદ કાળથી જો વિભાવરૂપ રાગાદિ પરિણામ–પર્યાયમાત્ર વિચારવામાં આવે...'** આહાહા..! એની વર્તમાન દશા. રાગાદિ છે ને? રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ, આર્તધ્યાન. ઓહોહો..! 'અમેરિકા'માં દોઢ માઈલમાં એક કસાઈખાનું છે. દોઢ માઈલમાં કસાઈખાનું અત્યારે (છે). ગાયું, ભેંસુ કાપે. મોટો ગૃહસ્થ છે. કરોડોપતિ છે. દેખાવ જુઓ તો રાજી-રાજી થાય. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે છે આ? ખબર નથી. ઘડીકમાં કસાઈનો દેખાવ આવે, ઘડીકમાં દયા પાળવાનો દેખાવ આવે. પરની દયા પાળે, પરની દયા પાળે, એવો દેખાવ. એ બધા નાટક છે. 'ધર્મચંદજી'! ઘડીકમાં ઝવેરીના ધંધા કરે, ઘડીકમાં ભિખારી થઈને ઝવેરી આવે.

એકવાર કહ્યું હતું ને? અમે 'જયપુર'માં ઝવેરી જોયો હતો. ઝવેરી હતો. આ 'માવજીભાઈ' 'માવજી ત્રિકમ' 'વાંકાનેર'ના ઝવેરી હતા. 'જયપુર'માં ઝવેરીની દુકાન હતી. અમે (સંવત) ૨૦૧૩ની સાલમાં અમે ગયા. બજારમાં કોઈ દિવાનનું મકાન હતું. 'જયપુર'માં ત્યાં મેડીએ ઉતર્યા હતા. અમારી સાથે આ શેઠિયા 'મહેન્દ્ર શેઠી'. 'મેહન્દ્ર શેઠી'નો નોકર હતો. શું કહેવાય મોટરનો? ડ્રાઈવર. એક ડ્રાઈવર હતો, ત્યાં અમે ઉપરથી ઉતરીને વ્યાખ્યાનમાં જતા હતા. ત્યાં એક માણસ ૭૫-૮૦ વર્ષની ઉંમર હતી. જીર્ણ શરીર, માથે ટાલ. ટાલ સમજ્યાને? વાળ નહિ, ટાલ. અને જીર્ણ જોડા, હાથમાં માગવાનું ... અરે..! ભાઈ! આપો.. આપો... મારી નજર એની ઉપર ગઈ. કીધું, આ માણસ કાંઈ પહેલેથી તદ્દન ગરીબ નથી. એના માથે ટાલ છે. આ કોણ છે કીધું? એટલે અમારા ડ્રાઈવરને પૂછ્યું કે આ કોણ છે? ૭૫-૮૦ વર્ષની ઉંમર. કહે, અહીંયાં 'માવજી ત્રિકમ' નામની ઝવેરીની દુકાન હતી એનો દીકરો છે. પૈસા ને બધું ખલાસ થઈ ગયું. પતરાનો વાટકો લઈને માંગે. વાટકાને શું કહે? કટોરી. એ ભાઈ! એક પૈસા આપોને. આહાહા..! ક્યાં 'વાંકાનેર'નો 'માવજી ત્રિકમ'નો પુત્ર. ઝવેરી. એકવાર ઝવેરીની દુકાને બેઠો હોય ત્યારે કેવું લાગતું હશે? અને એક આ દેખાવ અમે નજરે જોયો હતો. જીર્ણ કપડા, માથું ખુલ્લું, હાથમાં લાકડી આમ જોડા ઢસડે. આહાહા..! આ તો ઝવેરીનો દીકરો છે. ઓહોહો..! આ ભેખ. 'ધર્મચંદજી'! એક વખતે પાંચ-પચ્ચીસ લાખ મળે એ પાછા આવા ભેખ ધારણ કરે, એકવાર આ રોટલો મળે. આહાહા..! પ્રભુ! તેં અનાદિકાળથી આવા અનંત ભેખ ધારણ કર્યા. અનાદિકાળનો આત્મા ભવમાં ભ્રમણ કરતો કરતો આવા (કાળ) ગાળ્યા. આહાહા..!

એ કહે છે, **'વિભાવરૂપ રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે...'** આહાહા..! એને જ્યારે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પથી જોવે **'પર્યાયમાત્ર વિચારવામાં આવે તો જ્ઞાનવસ્તુ પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે.'** આહાહા..! આવા જે જીવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નવ પ્રકાર પર્યાયમાં છે, એમાં ભગવાન નવતત્ત્વમાં ઢંકાઈ ગયો છે. એને દેખે છે. એને દેખે છે, આને (–ભગવાનને) નહિ. છે? આહાહા..! સમજાણું કાંઈ? એ **'રાગાદિ પરિણામ-પર્યાયમાત્ર વિચારવામાં આવે તો...'** ભગવાનઆત્મા જે જ્ઞાનવસ્તુ. પહેલી કહી હતી ને? **'જીવદ્રવ્યનું શુદ્ધ જ્ઞાનમાત્ર.'** બીજી લીટી. એ **'જ્ઞાનવસ્તુ પૂર્વોક્ત જીવાદિ નવ તત્ત્વરૂપે આચ્છાદિત છે.'** આહાહા..! આ તો ધર્મની વાત, બાપુ! અપૂર્વ વાત છે. આ કોઈ કથા નથી. આહાહા..!

કહે છે, કે વસ્તુ તો જ્ઞાનસ્વરૂપી ચિદ્‌ઘન એકરૂપ છે. પણ અનાદિની પર્યાયમાં જુઓ તો રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એમ જોવામાં આવતા, એમ જોઈએ તો વસ્તુ ઢંકાઈ ગઈ છે. જે શુદ્ધ એકરૂપ વસ્તુ છે એ દેખાતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ જે ભગવાનઆત્મા તો અનાદિઅનંત નિત્ય છે. કાંઈ નવો ઉત્પન્ન થાય છે? આત્મા તો છે. છે. છે. એ ગયા કાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ આત્માનો કાંઈ નાશ નથી. એ આત્મા અવિનાશી ત્રિકાળી જે ચીજ છે એને દેખીને અનુભવ કરો. પહેલા તો એમ કહ્યું. પણ એને નહિ દેખતા વર્તમાન પર્યાયમાં જેટલા રાગ-દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ આવ્યા એને જોતાં ઓલી ચીજ ઢંકાઈ ગઈ. આહાહા..! સમજાય એવી સાદી ભાષા છે. ભાવ ભલે ઊંચા હોય.

આ તો ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો કહેલો પંથ છે, પ્રભુ! અરે..! આહાહા..! તારી ચીજ તો અંદર જ્ઞાન શુદ્ધ ચૈતન્યમાત્ર છે. એવી પૂર્ણ ચીજ, અભેદ ચીજ, એકરૂપ ચીજને ન જોતાં અનાદિકાળની તારી દશામાં પર્યાયથી જોતાં વિભાવરૂપ ભાવ દેખાય છે, એકલા વિકાર દેખાય છે. અને વિકારને જોતાં ભગવાન એમાં ઢંકાઈ ગયો. આહાહા..! મેં દયા પાળી, મેં વ્રત પાળ્યા, મેં અપવાસ કર્યા એ તો બધા વિકલ્પ અને રાગ છે. આહાહા..! એ રાગ જ્યારે છે તો પ્રતિકૂળતાના કાળે દ્વેષ પણ થાય છે. જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે જ. આહાહા..! જેટલો શરીર પ્રત્યે પ્રેમ છે, એ શરીરમાં કોઈ વીંછી કરડે, સર્પ કરડે, વાળ ખેંચે. જેટલો રાગ છે એટલો દ્વેષ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અને જેટલો દ્વેષ છે એટલો જ સામે રાગ છે. શરીર પ્રત્યે રાગ, પરવસ્તુ પ્રત્યે... આહાહા..! જેટલો રાગ એટલો દ્વેષ અને જેટલો દ્વેષ એટલો રાગ. 'પંચાધ્યાયી'માં છે, ભાઈ!

મુમુક્ષુ :– નારણભાઈની વાત..

ઉત્તર :– 'નારણભાઈ'ને મેં પૂછ્યું હતું. એ ૧૯૮૫ની સાલમાં. અમારી સાથે દીક્ષા લીધી હતી ને? એક 'નારણભાઈ'એ દીક્ષા લીધી હતી. એ પોસ્ટમાસ્તર હતા. પછી દીકરો ગુજરી ગયો તો વૈરાગ્ય થતાં અમારી દીક્ષા લીધી. બે વર્ષ પછી છોડી દીધી. પછી એના લોંચ કરતા હતા. આ વાળ. 'લાઠી'માં ૧૯૮૫ની સાલની વાત છે. તો મેં એટલું પૂછ્યું, 'નારણભાઈ'! કેટલું દુઃખ લાગે છે? તો એણે જવાબ દીધો. જેટલા પ્રમાણમાં શરીર ઉપર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ છે એટલો દ્વેષ થાય છે. સમજાણું કાંઈ? આમ બુદ્ધિવાળા અને જરીક ઓલા હતા. પછી બે વર્ષ પછી છોડી દીધું. ગૃહસ્થાશ્રમમાં કાળ કરી ગયા. ૧૯૮૫ની સાલમાં દીક્ષા લીધી, બે વર્ષ રહી. પછી તો મગજફેર થઈ ગયો. આહાહા..!

એમ પોતાના આત્મા સિવાય બીજી ચીજ પ્રત્યે અનુકૂળતામાં જેટલો પ્રેમ છે, એટલો જ પ્રતિકૂળતામાં એને દ્વેષ છે. બરાબર છે? 'દીપચંદજી'! આહાહા..! અને જેટલો પ્રતિકૂળતામાં દ્વેષ, અણગમો થાય છે એટલા પ્રમાણમાં અનુકૂળતામાં રાગ થાય છે. ચીજ તો ભિન્ન છે. એ ચીજ પણ ભિન્ન છે, રાગ-દ્વેષથી ભગવાન ભિન્ન છે. આહાહા..! ભગવાન એટલે આત્મા. આહાહા..! આત્મા પ્રભુ છે. આ બધા અંદરમાં ભગવાન છે, હોં! આહાહા..! પણ એ ત્રિકાળીને ન દેખતા, પર્યાયમાત્રને જોતા ત્રિકાળી ચીજ ઢંકાઈ ગઈ છે, આચ્છાદિત થઈ ગઈ છે. આહાહા..! એ તારા કારણથી, તારી ભૂલથી. આવરણથી નહિ, કર્મથી નહિ. કર્મથી આવરણ થયું છે, ઢંકાઈ ગયું છે એમ નથી. આહાહા..!

પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર વીતરાગ સર્વજ્ઞદેવ, પરમેશ્વર જે કંઈ અનંતજ્ઞાન, અનંતઆનંદ પરમેશ્વરને પ્રગટ થયા એ ક્યાંથી આવ્યા? ચીજ કાંઈ બહારથી આવે છે? એ અંદરમાં છે. આહાહા..! એ અનંતઆનંદ અને અનંતજ્ઞાન બેહદ સ્વભાવ, એનો અનુભવ કરો, એ પહેલા કહ્યું. એનો અનુભવ કરો. હવે તો જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? કરવાલાયક તો એ છે. પણ એ કેમ નથી કરી શકતો? આહાહા..! એની પર્યાય, વર્તમાન અવસ્થા, હાલતમાં જે કાંઈ રાગ અને દ્વેષ અને આર્તધ્યાન, રૌદ્રધ્યાન (થાય છે)... ઓહોહો..! આપઘાત કરે એવી પ્રતિકૂળતા આવી જાય. મોટા કરોડોપતિ આપઘાત કરે. એવું થયું એને પૈસા મળતા નથી. બહારમાં કરોડપતિ દેખાય અને અંદરમાં ખાલી હોય. પણ સટ્ટા-બટ્ટા કર્યા હોય તો ખલાસ. આહાહા..! 'અમદાવાદ'માં એક શેઠ હતા ને? 'સારાભાઈ', નહિ? 'સારાભાઈ'ને? 'સારાભાઈ' શેઠ. એ પૈસાવાળા ગૃહસ્થ હતા. પણ કાંઈક ઠીક ન પડ્યું તો અફીણ પીને દેહ છોડ્યો. અફીણ પીધું. શેઠ ગૃહસ્થ (હતા). આહાહા..! દેખાવ તો, જુઓ! અફીણ પીવાનો ભાવ જુઓ, તો ભગવાન અંદર આનંદકંદ છે એને તો જોતા નથી. આહાહા..! અને પરની દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો ભાવ થયો, એ રાગ છે. રાગને જોતા ભગવાન તો ઢંકાઈ ગયો. આહાહા..! 'દેવીલાલજી'! આ તો ભગવાનનો માર્ગ લોજિકથી છે, ન્યાયથી છે. આહાહા..! એમ ને એમ સમજ્યા વિના એ ચીજ સમજાતી નથી. એમ માનવું એ કોઈ ચીજ નથી. અંદર ભાવમાં ભાસન થવું જોઈએ, કે આ ચીજ આ છે, આ ચીજ આ છે. આહાહા..!

કહે છે, કે એ રાગાદિ પરિણામ પર્યાયમાત્ર વિચારવામાં આવે તો ભગવાનઆત્મા **'नवतत्त्वच्छन्नं'** જીવાદિ નવતત્ત્વથી તો ઢંકાયેલું છે. આહાહા..! વર્તમાન દશાને જોતાં દશામાં તો વિકાર આદિ ભાવ છે. મંદ હોય, તીવ્ર હોય. આદિ. જેમાં એ રાગાદિ પર્યાયમાત્ર નથી એ ચીજ ત્રિકાળી પ્રભુ આત્મા ભગવાન, એ ઢંકાઈ ગયો. પર્યાયને જોતાં દ્રવ્ય ઢંકાઈ ગયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'ગોવિંદરામજી'! કર્મથી નહિ. કર્મથી નથી ઢંકાયું. આહાહા..!

આત્મામાં બે પ્રકાર : એક દ્રવ્ય પ્રકાર વસ્તુ અને એક પર્યાય અવસ્થા. તો કહે છે, કે જે ચીજ છે, એનો જો અનુભવ કરે, એને અનુસરીને દશા કરે–થાય, તો એ તો સમ્યગ્દર્શન અને ધર્મ છે. પણ એ દશા અને એ ધર્મ અનાદિથી કેમ ન થયો? કે વર્તમાન પર્યાયમાં જેટલા ભાવ દેખાય છે એટલો હું છું એના ઉપર એની દૃષ્ટિ છે. બીજી ભાષાએ કહીએ તો પર્યાયદૃષ્ટિ છે. પર્યાયદૃષ્ટિથી દ્રવ્યદૃષ્ટિ ઢંકાઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને?

**'ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અનાદિ કાળથી ધાતુ અને પાષાણના સંયોગની પેઠે...'** જેમ ખાણમાં સોનું અને પત્થર એકસાથે નીકળે છે ને? ખાણ ખાણ. સોનું અને પત્થર સાથે છે. પણ સોનું સોનું છે અને પત્થર પત્થર છે. પણ એ **'અનાદિકાળથી ધાતુ...'** એટલે સોનું. **'પાષાણ...'** પત્થર. **'સંયોગની પેઠે...'** બેના સંબંધને કારણે **'કર્મ-પર્યાય સાથે મળેલી જ ચાલી આવે છે...'** એમ ભગવાનઆત્મા જેમ સોનું અને પત્થર એકસાથે મળેલા છે. એમ ભગવાન સોનું ચૈતન્ય આનંદકંદ, પ્રભુ! એ પુણ્ય-પાપ અને રાગાદિ ધાતુ–પત્થર એની જેમ મળેલા ચાલ્યા આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ખાણમાંથી પત્થર કાઢે છે ને? સોનું. પછી પત્થર કાઢી નાખે, પણ એ ખાણમાં સાથે જ છે. એમ અનાદિથી આ ભગવાનઆત્મા આનંદકંદ સોનારૂપ સ્વરૂપ ભગવાન છે. એ પુણ્ય અને પાપના વિકારી ભાવ પત્થર સમાન છે. એના સંયોગ સંબંધથી અનાદિથી પર્યાયબુદ્ધિ ચાલી આવી છે. આહાહા..! લ્યો.

**'કર્મ-પર્યાય સાથે મળેલી ચીજ ચાલી આવે છે અને મળી થકી...'** હવે સિદ્ધ કરે છે. **'તે રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં પરિણમે છે.'** આહાહા..! શું કહે છે? ચિદાનંદ આનંદકંદ પ્રભુ અનાદિઅનંત છે. પ્રભુ આત્માનો સ્વભાવ તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એને છોડીને અનાદિથી રાગ અને દ્વેષ ઉપર **'રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે...'** જુઓ! આત્માને વ્યાપક કહ્યો અને વિકારી પરિણામ વ્યાપ્ય–અવસ્થા (કહી). એ કર્મને કારણે નથી થઈ. પોતાના પરિણામમાં વિકારી પરિણામપણે વ્યાપ્ય એટલે અવસ્થાપણે થનારો આત્મા. વ્યાપક અને વ્યાપ્યપણે પરિણમન થઈને. આહાહા..! ખરેખર તો એ વ્યાપક પર્યાય છે. દ્રવ્ય તો છે ઇ છે. પણ એમ કહેવામાં (આવ્યું છે). આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'રાગાદિ વિભાવપરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપે...'** એટલું તો લીધું પણ **'સ્વયં પરિણમે છે.'** સ્વયં પરિણમે છે. એ શું કહે છે? કે જે વસ્તુ તો છે એ તો આનંદકંદ પ્રભુ (છે). એનો ખ્યાલ નથી અને પર્યાયમાં જે રાગ-દ્વેષ થયા એ રાગ-દ્વેષનો કર્તા કોણ? અને રાગ-દ્વેષનું કાર્ય કોનું? એ આત્માનું. કેમ? કે સ્વયં રાગરૂપે, વિકારરૂપે પરિણમે છે. સ્વયં. કર્મને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ. 'આફ્રિકા'માં ક્યાં આવું આવે?

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'વીરચંદભાઈ'! પછી આ શું તમારા જમાઈ સમજતા હશે કે નહિ? આવું ક્યાં તમારે ત્યાં છે? ત્યાં તો રળવું અને ધૂળ ભેગી કરવી. આહાહા..! શું શૈલી છે ને પણ!

કહે છે, કે જેમ પત્થર અને સોનું ખાણમાં ભેગા છે. એમ અનાદિથી આ ભગવાનઆત્મા જે સર્વજ્ઞ પરમાત્મા અરિહંતને અનંતજ્ઞાન, અનંતઆનંદ પ્રગટ થયા, એ અંતરમાં છે. એ અંતરમાંથી આવ્યો છે. કાંઈ બહાર લટકતા નથી. બહારથી કંઈ નથી આવતા. એમ આ ભગવાનઆત્મામાં અનંતઆનંદ, જ્ઞાન અંતરમાં છે. પણ એ અંતરમાં છે એવી દૃષ્ટિ નહિ કરતા, વર્તમાન પુણ્ય અને પાપ અને રાગ-દ્વેષને કરે છે, એને જોવે છે તો વ્યાપ્ય-વ્યાપક આત્મા થઈ ગયો. આત્મા જ વ્યાપક, વિસ્તાર કરીને, પ્રસરીને વિકારરૂપ આત્મા થયો છે. કોઈ કર્મ થયું છે અને કર્મથી થયું છે (એમ નથી). આહાહા..! કેટલો ખુલાસો કરે છે! ઓલા કહે, કર્મને લઈને થાય છે... કર્મને લઈને થાય છે. 'રતનચંદજી' એ જ બહુ મુકે છે તમારો. 'રતનચંદજી મુખત્યાર' બહુ કહે છે. કર્મથી.. અરે..! ભગવાન! પ્રભુ! કર્મ તો જડ છે. પર ચીજ પર ચીજનું શું કરે? કેમ કે પરચીજનો પરચીજમાં અભાવ છે. અભાવમાં એ ભાવ ક્યાંથી બનાવે? આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શાસ્ત્રમાં લખ્યું છે તો શું સમજવું?

ઉત્તર :– એ તો વ્યવહારના કથન છે. ટૂંકી ભાષા કરવાની કથનશૈલી છે. આહાહા..! જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે. 'ગોમ્મટસાર'માં એવું આવે. એ તો નિમિત્તનું જ્ઞાન બતાવવા માટે વ્યવહારનયથી કથન છે. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! તારી ચીજ તો અતીન્દ્રિય આનંદનો નાથ તું છો ને, પ્રભુ! તારી નિત્ય ચીજ તો અતીન્દ્રિય આનંદ છે. નિત્ય ત્રિકાળી, જેમ તું ત્રિકાળી આત્મા છો, એવો તારો સ્વભાવ ત્રિકાળી આનંદ અને શાંતિ અને વીતરાગતા તારો સ્વભાવ છે. આહાહા..! એ તરફ નજરું ન કરતાં, તારી ચીજમાં, પર્યાયમાં વિકારરૂપ વ્યાપ્ય-વ્યાપકરૂપે સ્વયં તું અપરાધી થઈને અપરાધ કરે છે અને અપરાધને જોતાં નિરપરાધી ત્રિકાળી ચીજને તેં ઢાંકી દીધી. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? આજ તો હવે હિન્દી થોડા છે. ઘણા લોકો ગયા. આહાહા..! આ તમારા બે છોકરા છે. એ ગુજરાતી નથી સમજતા, નહિ? સમજે છે? ઠીક. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'તે પરિણમન જોવામાં આવે,...'** આહાહા..! એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા અને દાન, કામ અને ક્રોધ. એ પરિણામે પરિણમતા આત્માને **'જોવામાં આવે,...'** આહાહા..! છે ને? **'જીવનું સ્વરૂપ ન જોવામાં આવે,...'** ભગવાનઆત્માનું કાયમી સાચું સ્વરૂપ જે છે એને ન દેખે અને આ વિકારને દેખે, મેં દયા પાળી, મેં વ્રત કર્યા, મેં તપ કર્યા, મેં અપવાસ કર્યા. આહાહા..! એવા વિકલ્પને જોવે છે અને ભગવાન અંદર વિકલ્પથી રહિત છે. આહાહા..! આવી વાત ક્યાં!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમારે તો સંપ્રદાયના ગુરુ હતા એ બસ આ કહેતા હતા. બહુ શાંત હતા. ૧૯૭૪ની સાલમાં ગુજરી ગયા. એ એટલું કહે. બહુ હજારો માણસ સાંભળે. વ્યાખ્યાનમાં આ વાત (કરે). **'एवं तुं णाणीवी सारं'** 'હીરાજીમહારાજ' 'બોટાદ' સંપ્રદાય. જ્ઞાનીનો એ સાર છે, કે **'जण न हिंसके किच्चणं'** કોઈપણ પ્રાણીની હિંસા ન કરવી ને પરને મારવા નહિ. **एवं तुं णाणीवी सारं** અહિંસા **'समयम'** છે. કોઈ પ્રાણીને ન મારવા એ અહિંસા એ ધર્મ સિદ્ધાંતનો સાર છે. એ જેણે જાણ્યું એણે સર્વ જાણ્યું એમ કહે. 'હીરાજીમહારાજ' હતા. નરમ હતા. કોઈ વૃદ્ધે જોયા હોય. તમે તો જોયા હશે? તમે જોયા છે? ૧૯૭૪ની સાલમાં ગુજરી ગયા. શાંત-શાંત હતા. સભા મોટી. 'રાજકોટ' જાય તો મોટી સભા ભરાય. ૧૯૭૧ની સાલમાં 'રાજકોટ' આવ્યા હતા. પણ આ વાત (કરે). કાઠિયાવાડમાં સ્થાનકવાસીમાં સારામાં સારા સાધુ કહેવાય. 'હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા.' એનું નામ 'હીરાચંદજી'. બાકી સૂતરના ફાળકા. એ એમ કહેતા. પ્રરૂપણા આ. અમારા સંપ્રદાયના ગુરુ. પરની હિંસા ન કરવી, પરને બિલકુલ ન મારવા. એ જૈન સિદ્ધાંતની અહિંસા એ સાર છે.

અહીં કહે છે, પરને ન મારવા એવો દયાનો ભાવ એ રાગ છે. રાગને જે દેખે છે અને સ્વભાવને નથી જોતા એ મિથ્યાદૃષ્ટિ છે. બહુ ફેર. શાંત હતા. ઘણા શાંત હતા. મારવાડી હતા. પછી દીક્ષા લીધી. ગરીબ માણસ હતા. એની માતા ગુજરી ગઈ પછી દીક્ષા લઈ લીધી. 'બોટાદ' સંપ્રદાયમાં. પછી તો થોરમાં કેળ. થોરમાં કેળા. એવી શાંત પ્રકૃતિ. પણ આ તત્ત્વ તો હતું જ નહિ. આહાહા..! અમે પણ એને પસંદ કરીને એની પાસે એ વખતે દીક્ષા લીધી. ઘણા શાંત. ભાઈએ પણ જોયા છે ને? ૧૯૭૧ની સાલમાં ત્યાં આવ્યા હતા. 'રાજકોટ' વિનંતી કરી હતી.

મુમુક્ષુ :— સુવાની ના પાડી.

ઉત્તર :– 'ઠાકરશીભાઈ' ચોમાસાની વિનંતી કરવા આવ્યા. આહાહા..! પણ એ એની શ્રદ્ધા આ.

મુમુક્ષુ :– 'હીરાજી મહારાજ'ને વિનંતી કરી હતી.

ઉત્તર :– હા. એ વિનંતી કરી હતી. આહાહા..! ૧૯૭૧ની સાલની વાત છે. ૧૯૭૦ની સાલમાં દીક્ષા લીધી. ૧૯૭૧ની સાલમાં 'રાજકોટ' ગયા હતા. ઘણા શાંત હતા. વસ્તુની સ્થિતિ એવી. સંપ્રદાયમાં ખબર જ નથી. સંપ્રદાયના સાધુને હજી ચીજ શું છે એની ખબર નથી. દયા પાળો, આ કરો.. આ કરો... આહાહા..!

અહીંયાં કહે છે, એ દયાનો ભાવ ને વ્રતનો ભાવ એ રાગ છે. જે કોઈ પ્રાણી પોતાનો આત્મા ત્રિકાળી છે, એને જોતા નથી અને રાગની ક્રિયા છે એ મારી છે એમ જોવે છે તો આત્મા **'च्छन्नम्'**–ઢંકાઈ ગયો. આહાહા..! વીતરાગનો માર્ગ આવો. ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ, જેની સભામાં સો-સો ઇન્દ્રો આવે, વાઘ અને નાગ જેની સભામાં સાંભળવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે. 'સીમંધર' તીર્થંકર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. 'મહાવીર' ભગવાન તો મોક્ષ પધાર્યા. આ અરિહંતપદમાં બિરાજે છે. એમાં આ વાત છે. ભગવાન કહે છે એ આ વાણી છે. આહાહા..!

પ્રભુ! તું તારી પ્રભુતા નહિ જોતાં, તારી પામરતા રાગને જોતાં તું ઢંકાઈ ગયો છો. આહાહા..! તારી મોટપ ન દેખતા અને વિકારને જોતા તું ઢંકાઈ ગયો. તેં પરમાત્માનો અનાદર કર્યો. આહાહા..! 'હીરાભાઈ'! આહાહા..! આવો માર્ગ ક્યાં છે? આકરો માર્ગ. સાંભળવા મળે નહિ, પ્રભુ! એને કે દિ' એવું કરે અને ક્યારે એનો મનુષ્યભવ સફળ કરે? આહાહા..! કેટલી ટીકા કરી છે, જુઓને! 'રાજમલ' ગૃહસ્થ પંડિત હતા. એમણે આવી ટીકા બનાવી. આહાહા..!

**'તે પરિણમન જોવામાં આવે,...'** પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, તપના પરિણામ એ રાગ છે. **'તે પરિણમન જોવામાં આવે, જીવનું સ્વરૂપ ન જોવામાં આવે,..'** ભગવાન ત્રિકાળી આનંદ છે એને તો જોતા નથી અને રાગને જોવે છે. આહાહા..! **'તો જીવવસ્તુ નવતત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે;...'** બરાબર છે? જીવવસ્તુ ન જોવે અને પરિણામને દેખે તો **'જીવવસ્તુ નવ તત્ત્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવે છે;...'** આહાહા..! હવે આવો ઉપદેશ. આમાં એક કલાકમાં ક્યાંય આ વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરવા, રાત્રે ન ખાવું, દયા પાળવી. એવું તો ક્યાંય આવ્યું નહિ. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! દુનિયાનો માર્ગ શું છે એની તો ખબર નથી. આહાહા..!

પ્રભુ! તારી ચીજ અંદર પ્રભુતાથી ભરેલી છે. એને કેમ નથી જોતા? કે પામર ચીજ જે રાગ અને દ્વેષ, દયા અને દાન, પુણ્ય અને પાપના ભાવ, બહુ તો વ્રત કર્યા, અપવાસ કર્યા, પુણ્ય કર્યા ત્યાં તો એને થયું... આહાહા..! એ પુણ્યને જોનારા પુણ્યરૂપી પરિણામ પર્યાયને જોનારા ત્રિકાળી ભગવાનને જોતા નથી, એનો અનાદર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'એમ દૃષ્ટિમાં આવે છે; આવું પણ છે, સર્વથા જૂઠું નથી,...'** નવ તત્ત્વરૂપ, રાગરૂપ પરિણમન છે એ કાંઈ સર્વથા જૂઠું નથી. વ્યવહાર અભૂતાર્થ કહ્યું પણ એ જૂઠું કેમ કહ્યું? કે ત્રિકાળ સત્યનો આશ્રય લેવા ગૌણ કરીને જૂઠું કહ્યું છે. સર્વથા જૂઠા નવ પરિણામ છે, એ વ્યવહાર માટે જૂઠા પરિણામ છે એમ નથી. વ્યવહારને અસત્ય કહ્યો છે ને? ૧૧મી ગાથા. આ તો પછીની ગાથા છે ને? વ્યવહારને અભૂતાર્થ કહ્યો. નવ પ્રકારનું પરિણમન છે તે અસત્યાર્થ, જૂઠું છે. કઈ અપેક્ષાએ? એ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરાવવા, સમકિત કરાવવા, ત્રિકાળીને મુખ્ય કરીને સત્ય છે અને પર્યાયને ગૌણ કરીને અસત્ય છે એમ કહેવામાં આવ્યું છે. પણ સર્વથા નથી એમ નથી. આહાહા..!

**'સર્વથા જૂઠું નથી, કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે.'** પાછું જુઓ! સિદ્ધ કર્યું, કે વિભાવરૂપ પરિણમન છે એ વિભાવિક શક્તિ આત્મામાં છે. તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિમિત્તાધીન થઈને એ વિભાવિકશક્તિ વિભાવરૂપ પરિણમે છે. કર્મને કારણે નહિ, પરને કારણે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આમાં કેટલું યાદ રાખવું? એક કલાકમાં બધી સાંભળેલી જેટલી વાતું એમાંથી કાંઈ ન આવે. બધી નવી લાગે. બાપુ! વીતરાગનો માર્ગ, જિનેશ્વર પ્રભુના મારગડા કોઈ જુદા છે, નાથ! આહાહા..!

કહે છે, કે જો પરિણામ જોવામાં આવો તો સર્વથા જૂઠ નથી. વ્યવહાર છે. દયા, દાન, વિકલ્પ, રાગ છે. પરિણમન છે. એ પરિણમન નથી અને જૂઠા છે એમ નથી. આહાહા..! બરાબર છે? 'દેવચંદજી'! પર્યાય છે. એ તો ત્રિકાળ સત્યાર્થનો આશ્રય લેવા પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ અને અસત્યાર્થ કહેવામાં આવી છે. સમજાણું કાંઈ?

**'કેમ કે વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે.'** ભાષા જુઓ! એ વિકારરૂપ પરિણમન કરવું એ પર્યાયને પોતાને કારણે છે, પરને કારણે નથી. બે વાત કરી. ભેદ દેખનારને અભેદ દેખાતો નથી અને અભેદને જોનારને પર્યાયબુદ્ધિ અંદરમાં દેખાતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? અંતરની પૂર્ણ ચીજને દેખનારને સમ્યક્ થાય છે. અને આ ભેદ દેખનારને પોતાનો માને તો મિથ્યાત્વ થાય છે. એ સાર છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ ૧૦, શનિવાર તા.૧૧.૦૬.૧૯૭૭
## કળશ - ૮ - ૯, પ્રવચન - ૧૨

જીવ અધિકાર. આઠમો કળશ છે. અહીંયાં આવ્યું છે.

**'વિભાવરૂપ રાગાદિ પરિણામશક્તિ જીવમાં જ છે.'** છે? શું કહ્યું? જીવ જે આત્મા છે એ દ્રવ્યરૂપ તો ત્રિકાળી શુદ્ધ છે. પણ પોતાની પર્યાયમાં નવતત્ત્વરૂપ વિભાવરૂપ પરિણમન થાય છે. એ રાગાદિ પરિણામ શક્તિ જીવમાં છે. પુણ્ય ને પાપ ને બંધ ને આસ્રવ, એ રૂપ થવાની શક્તિ જીવમાં છે. કર્મથી વિકાર થયો છે કે કર્મથી વિભાવનો ભેદ પડ્યો છે એમ નથી. અહીંયાં સુધી આવ્યું છે. **'સર્વથા જૂઠું નથી.'** જીવ એક સ્વરૂપ જે ત્રિકાળ છે, એ પોતાની પર્યાયમાં આસ્રવ, બંધ, પુણ્ય, પાપ આદિ વિભાવરૂપ, વિકારરૂપ, ઉપાધિભાવરૂપ પરિણમે છે તે પોતાની જીવની શક્તિ છે, પર્યાયની. પર્યાયની યોગ્યતા છે તો પોતાથી વિકાર થાય છે. એ વિકાર કોઈ કર્મથી થયો છે, કર્મ છે માટે થયો છે, એમ નથી. ત્યાં સુધી તો આવ્યું છે.

**'अथ' 'હવે 'अथ' પદ દ્વારા બીજો પક્ષ બતાવે છે :– તે જ જીવવસ્તુ દ્રવ્યરૂપ છે,..'** પહેલા નવ પર્યાય બતાવીને? હવે એ જીવવસ્તુ દ્રવ્યરૂપ વસ્તુ છે, વસ્તુ. કેવી છે? **'પોતાના ગુણપર્યાયે બિરાજમાન છે.'** પોતાની શક્તિ જે ગુણ છે અને વર્તમાન અવસ્થા જે પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, એમાં બિરાજમાન છે. હવે જો દ્રવ્યરૂપ જોવામાં આવે, એમાંથી આત્મા ત્રિકાળી દ્રવ્ય, જ્ઞાયકભાવ, શુદ્ધભાવ, એકરૂપ સ્વભાવ, એવા જીવદ્રવ્યથી જોવામાં આવે... **'પર્યાયસ્વરૂપ ન જોવામાં આવે...'** એમાં બંધ આદિ ભાવ છે પણ એ તો પર્યાયમાં છે. એ પર્યાય સ્વરૂપને ન જોવામાં આવે અને ત્રિકાળી સ્વરૂપને જોવામાં આવે **'તો તે કેવી છે ?'** અંતર આત્મા એ કેવી ચીજ છે? જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય, એ જીવદ્રવ્ય ગુણ-પર્યાયરૂપ છે. પણ એમાં દ્રવ્યથી જુઓ તો **'सततविविक्तम्'** એ નવતત્ત્વના ભેદથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

જીવને પુણ્ય, પાપ, બંધ, રાગ આદિના પરિણમનથી જુઓ તો એ વાત સાચી છે. પર્યાય અપેક્ષાએ એ વાત સાચી છે. પણ એ જીવદ્રવ્યને જુઓ, પર્યાયને ન જુઓ... કેમ કે સમ્યગ્દર્શન કરવાનો વિષય તો ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..! ધર્મની પ્રથમ સીઢી, શ્રેણી ઉત્પન્ન થવા માટે એનો વિષય પર્યાય નથી. સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્યસ્વરૂપ ત્રિકાળ છે. આહાહા..! એ કહે છે, જુઓ! એ દ્રવ્યથી જુઓ તો **'सततविविक्तम्' 'નિરંતર નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે.'** આહાહા..! એક જ તત્ત્વમાં બે પ્રકાર. પર્યાયરૂપ જોવું અને દ્રવ્યરૂપ જોવું. તો પર્યાયરૂપ જોવું એ તો અનાદિથી જોવે છે. એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! અને એમાં દ્રવ્યરૂપ જોવું, ત્રિકાળી ચીજ ઉપર નજર કરવી એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવ્યું ને? **'નવ તત્ત્વના વિકલ્પથી રહિત છે, શુદ્ધ (જીવ) વસ્તુમાત્ર છે.'** એક સમયની પર્યાયની વિચિત્રતાનું લક્ષ છોડીને વસ્તુ તરીકે ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે. એની દૃષ્ટિથી જોતાં વસ્તુ તો શુદ્ધ જીવ વસ્તુમાત્ર છે–શુદ્ધ ચૈતન્ય છે. ચેતનાસ્વભાવ અતીન્દ્રિય આનંદથી ભરેલી શુદ્ધ વસ્તુ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** જુઓ! નવતત્ત્વની પર્યાયનો અનુભવ એ પર્યાયદૃષ્ટિ છે, સમ્યક્ નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કહ્યું છે ને કે નવતત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શન.. ત્યાં તો એકવચન છે. ભેદ નથી. એકરૂપ ત્રિકાળી જ્ઞાયકને જોતાં એમાં બીજા તત્ત્વનું જ્ઞાન નાસ્તિરૂપે આવી જાય છે. અસ્તિરૂપ ભગવાન છે અને એમાં પર્યાયની નાસ્તિ છે. એવી શ્રદ્ધા નવતત્ત્વમાં આવી જાય છે. પણ અહીંયાં તો એકલો આત્મા લેવો છે. જેમાં નવ પ્રકારનો પર્યાયભેદ છે, એનો જેમાં અભાવ છે. એવી શુદ્ધ જીવ વસ્તુ **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** આહાહા..! ચોથું ગુણસ્થાન, સમ્યગ્દર્શનની પ્રથમ ધર્મની શ્રેણી, ધર્મની શરૂઆત, ધર્મની પહેલી સીઢી. એ શુદ્ધ વસ્તુનો અનુભવ એ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

**'શુદ્ધ સ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** ઓલામાં પર્યાયની વાત કરી હતી. નવતત્ત્વરૂપ પરિણમન છે. અસ્તિ છે. જૂઠ નથી. એટલી વાત લીધી હતી. છે એટલું. પણ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી. પર્યાયબુદ્ધિથી જોવું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સામાન્ય, સદશ્ય એકરૂપ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ! એને જોતાં, એની ઉપર નજર કરતાં એકરૂપ ચીજ નજરમાં આવે એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! હજી તો ચોથા ગુણસ્થાનની વાત છે. અને સમ્યગ્દર્શન વિના જ્ઞાન, વ્રત, ચારિત્ર કાંઈ હોતું નથી. સમજાણું કાંઈ?

**'વળી કેવી છે તે આત્મ જ્યોતિ ?'** વિશેષ સ્પષ્ટ કરે છે. **'वर्णमालाकलापे कनकमिव निमग्नं' ''વર્ણમાલા' પદના બે અર્થ છે–એક તો બનવારી,...'** સોનીની કૂલડી હોય છે ને? મુસ કહે છે ને? શું કહે છે? મુસ. કૂલડી જેમાં અગ્નિ લગાવીને સોનાને તપાવે છે ને? શું કહે છે એને? મુસ કહે છે ને? તપાવે. અમારે અહીંયાં કૂલડી કહે છે. એમાં સોનું નાખી અગ્નિથી તપાવે છે. એમાં અગ્નિના નિમિત્તથી અનેક રંગ ઉત્પન્ન થાય છે. તો એ વર્ણમાળાનો એક અર્થ તો એ થયો. મુસ છે અથવા કૂલડી છે. **'અને બીજો ભેદપંક્તિ;'**

**'ભાવાર્થ આમ છે કે ગુણ-ગુણીના ભેદરૂપ ભેદપ્રકાશ;...'** ગુણ અને ગુણી. ગુણી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ અને એના ગુણ જ્ઞાનાદિ અથવા **'ભેદપ્રકાશ; 'કલાપ'નો અર્થ સમૂહ છે. આથી એમ અર્થ ઊપજ્યો છે કે જેમ એક જ સોનું વાનભેદથી અનેકરૂપ કહેવાય છે...'** એક જ સોનું વાનભેદ, અગ્નિના નિમિત્તે અનેક વર્ણમાળા દેખાય છે. અનેક વર્ણ દેખાય છે એ અપેક્ષાએ બરાબર સત્ય છે. **'એમ એક જીવવસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે...'** જેમ સોનાને અનેક વર્ણ-રંગથી પર્યાયથી જોવું, એમ ભગવાનઆત્માને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે જોવો, **'ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપે અનેકરૂપ કહેવાય છે...'** પર્યાયદષ્ટિથી.

**''અર્થ' પદ દ્વારા ફરીને બીજો પક્ષ બતાવે છે :–' 'प्रतिपदम् एकरूपं'** એમ હોવા છતાં પણ જેમ સોનામાં અગ્નિના નિમિત્તથી અનેક રંગ હોવા છતાં પ્રતિપદ એટલે દરેક ક્ષણે સોનું તો સોળ આનું જ છે. સોનાનું રૂપ તો સોળ આના પૂરું છે. એમ ભગવાનઆત્માને અનેકરૂપ પર્યાયમાં જોવામાં આવે છતાં પર્યાય પર્યાયમાં દ્રવ્ય તો ભિન્ન જ શુદ્ધ છે. આહાહા..! આવો માર્ગ. છે? **'ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં...'** વાનભેદ સોનાનો છે. બધા ભેદમાં સોનું જુઓ તો એકરૂપ જ છે. એમ ભગવાનઆત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ગુણ-પર્યાયમાં જુઓ, ભેદરૂપ ન દેખો તો એકરૂપ જ આત્મા અંદર છે. છે?

**'તે બધા ભેદોમાં પણ પોતે (એક) જ છે.'** આહાહા..! સોનાના રંગભેદમાં જુઓ તો રંગભેદ છે. પણ રંગભેદમાં પ્રત્યેક ભેદના કાળે સોનું જુઓ તો ભિન્ન છે. એમ જીવની પર્યાયમાં વિભાવભાવ આદિ અનેક પર્યાયો જુઓ તો છે, પણ પ્રત્યેક પર્યાયના કાળમાં વસ્તુથી ભિન્ન શુદ્ધ જીવમાત્ર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? બંનેની અસ્તિ સિદ્ધ કરે છે. પર્યાય અસત્ય છે એમ નથી. ('સમયસાર'ની) ૧૧ મી ગાથામાં કહ્યું કે વ્યવહાર અભૂતાર્થ છે. પર્યાય જૂઠી છે. એ તો ગૌણ કરીને જૂઠી કહી છે. ત્રિકાળી ચીજની દષ્ટિ કરાવવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાનું સમ્યગ્દર્શન પ્રયોજન સિદ્ધિ થવા અર્થે પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ–અભૂતાર્થ કહી છે. અને ત્રિકાળી ચીજને મુખ્ય કરીને, નિશ્ચય કરીને સત્યાર્થ કહી છે. સમજાણું કાંઈ? પણ પર્યાય છે જ નહિ, તો વેદાંત થઈ જાય. સમજાણું કાંઈ? પર્યાય સર્વથા જૂઠી છે એમ હોય તો વેદાંત થઈ જાય. વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાણું?

એમ જીવને પર્યાયમાં વિકારરૂપ જોતાં અનેક તત્ત્વરૂપ પરિણમે છે. એ જીવની પર્યાયની પોતાની સ્વતંત્ર શક્તિની યોગ્યતા છે. પણ એ કોઈ ત્રિકાળી ચીજ નથી. પ્રત્યેક વિકારના કાળમાં... એ આવ્યું ને? **'प्रतिपदम् एकरूपं'** પ્રત્યેક કાળમાં આત્મા જો અંદર જુઓ તો **'प्रतिपदम् एकरूपं' 'ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા દૃષ્ટાંતની અપેક્ષાએ વાનભેદરૂપ જેટલા ભેદો છે તે બધા ભેદોમાં પણ પોતે (એક) જ છે.'** આહા..! સ્પષ્ટતા તો કેટલી કરી છે! ચૈતન્ય વસ્તુ નિત્યાનંદ પ્રભુ, એને જોતાં પર્યાયમાં અનેક ભેદ છે એ નથી દેખાતા અને એ જોવાનું પ્રયોજન પણ નથી. ત્રિકાળને જોવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..! સમજાણું કાંઈ? આ ચીજ આવી છે.

**'વસ્તુનો વિચાર કરતાં ભેદરૂપ પણ વસ્તુ જ છે,...'** હવે સિદ્ધ કરે છે. સમકિતનો વિષય અભેદ છે. પણ વસ્તુનો પર્યાયનો વિચાર કરે તો ભેદ પણ વસ્તુ છે. સોનાનો રંગભેદ પણ છે. એમ જીવમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ છે. પર્યાયમાં છે. ભેદરૂપ પણ વસ્તુ છે. છે? વસ્તુથી ભિન્ન ભેદ કોઈ વસ્તુ નથી. આત્મામાં ગુણ-પર્યાય તદ્દન ભેદ એટલે ભિન્ન જ છે એમ નથી. ભેદ છે. ગુણ-પર્યાય તરીકે ભેદ છે. ઉત્પાદ-વ્યય તરીકે ભેદ પણ છે. આહાહા..!

**'વાનભેદમાત્ર જોવામાં આવે તો વાનભેદ છે; સોનાની શક્તિ એવી પણ છે;...'** સોનાની શક્તિ પણ એવી છે. રંગ-ભેદરૂપે પરિણમે છે. એ કુલડીમાં નાખીને ફૂંકે છે ને? તો અનેક વર્ણ અગ્નિના નિમિત્તથી દેખાય છે. તો છે. તો **'प्रतिपदम्'** પણ એમાં સોનાને જુઓ તો સોનારૂપ એક છે. એમ પર્યાયમાં આત્માને ગુણ-પર્યાયરૂપ ભેદથી જુઓ તો ગુણ-પર્યાયરૂપ ભેદ છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત ભેદ છે. આહાહા..!

**'જો વાનભેદ ન જોવામાં આવે, કેવળ સુવર્ણમાત્ર જોવામાં આવે, તો વાનભેદ જૂઠા છે;...'** એકલું સોનું... સોનું... સોનું... દ્રવ્ય સ્વભાવ ઉપર સોનાની દૃષ્ટિએ જોતાં વાનભેદ જૂઠા છે. એમાં વાન છે નહિ. કહો, સમજાય છે?

**'તેવી રીતે...'** આ સુવર્ણના દૃષ્ટાંતથી **'જો શુદ્ધ જીવવસ્તુમાત્ર ન જોવામાં આવે,...'** શુદ્ધ ભગવાન પૂર્ણાનંદરૂપ, એકરૂપ વસ્તુને ન જોઈએ, ગુણ-પર્યાયમાત્ર જોવામાં આવે, ગુણભેદ અને પર્યાયભેદને જોવામાં આવે, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ માત્ર જોવામાં આવે **'તો ગુણપર્યાય છે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે; જીવવસ્તુ એવી પણ છે;...'** પર્યાયદૃષ્ટિએ જીવવસ્તુ એવી પણ છે. સમજાણું કાંઈ? પર્યાય છે જ નહિ, તો સિદ્ધ પણ પર્યાય છે, મોક્ષમાર્ગ પણ પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, સંસાર પણ પર્યાય છે. ત્રણે પર્યાય છે. પર્યાયથી જુઓ તો પર્યાય છે. ગુણ-પર્યાય ભેદ છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ભેદ પણ છે. પણ એ વ્યવહારનયનો વિષય છે. પર્યાયનયનો એ વિષય છે. એ જાણવાલાયક છે, આદરવા લાયક નથી. આહાહા..! આવો માર્ગ વીતરાગનો.

**'જો ગુણ-પર્યાયભેદ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદ ન જોવામાં આવે, વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે.'** પર્યાયથી જુઓ તો ગુણભેદ, ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે, વસ્તુથી જુઓ તો ઉત્પાદ-વ્યયના ભેદ એમાં નથી. સમજાય છે? સોનાનું દૃષ્ટાંત આપ્યું. સોનામાં અગ્નિના નિમિત્તથી અનેક પ્રકારના વર્ણભેદ દેખાય છે. પંદર વલુ, ચૌદ વલુ, તેર વલુ અંદર તાંબાનો ભાગ છે, તો એ અપેક્ષાએ ભેદ છે, વાનભેદ છે. પણ ત્રિકાળ સોનાને જોવે તો વાનભેદ નથી, જૂઠા છે. એમ આત્મામાં ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જુઓ તો છે, ભેદ છે. પણ વસ્તુમાત્ર જુઓ તો ભેદ જૂઠા છે. આહાહા..! કેમ કે વસ્તુને જોતાં જ સમ્યગ્દર્શન થાય છે. ભેદથી જોતા સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મની શરૂઆત અને સુખના પંથે પડનારે તો પ્રથમ શુદ્ધ જીવસ્તુનો જ આશ્રય લેવો જોઈએ. જેને સુખના પંથે જાવું છે, સુખનો પંથ કહો કે મોક્ષનો માર્ગ કહો, મોક્ષનો માર્ગ સુખનો પંથ છે, એ અતીન્દ્રિય સુખનો પંથ છે. આહાહા..! સમજાણું કાંઈ? તો અતીન્દ્રિય આનંદના સુખના પંથે જાવું હોય, તો ત્રિકાળી અતીન્દ્રિય આનંદરૂપ વસ્તુ છે એને જોવી અને એનો અનુભવ કરવો. અને પર્યાયથી જોવું હોય તો પર્યાયભેદ છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પણ છે અને ગુણ-પર્યાય ભેદ (પણ છે). અનંતગુણ અને અનંતીપર્યાય એવા ભેદ પણ છે. એકરૂપ વસ્તુમાં અનંતગુણ અને અનંતપર્યાય એવા ભેદ પણ છે. આહાહા..! પણ એ ભેદ સમ્યગ્દર્શનનો વિષય નથી. સત્યદર્શન, સમ્યક્ એટલે સત્યદર્શન એમાં ક્ષણિક પર્યાય એ એનો વિષય નથી. સત્યદર્શનનો વિષય તો ત્રિકાળી ભગવાન શુદ્ધ વસ્તુ, પરમસત્ય, ભૂતાર્થ, સત્યાર્થ, કાયમ એકરૂપ ચીજ ધ્રુવ છે એ જ સમ્યગ્દર્શનનો વિષય, આશ્રય છે. આહાહા..!

હજી આ તો સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆતની વાત ચાલે છે. તો સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, એને વ્રત, નિયમ, તપ અને ચારિત્ર આવી જાય, એ બધું રણમાં પોક મુકવા જેવી વાત છે. એની પોક કોઈ સાંભળે નહિ અને રુદન બંધ રહે નહિ. એ આત્મજ્ઞાન અને સમ્યક્ વિના જેટલા ક્રિયાકાંડ કરે, વ્રત અને નિયમ અને એ બધા ફોક, ચાર ગતિમાં રખડવાના છે. આહાહા..! એ કહે છે.

**'વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે.'** ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે પણ જૂઠા છે. ત્રણનું લક્ષ કરવાથી તો વિકલ્પ ઊઠે છે. અનંતગુણ અને અનંતીપર્યાય એવો વિચાર લક્ષ કરે છે તો વિકલ્પ રાગ ઉત્પન્ન થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ત્રણનો વિચાર કરતાં પણ રાગ ઉત્પન્ન થાય છે, દુઃખ ઉત્પન્ન થાય છે. આહાહા..! આવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાત છે.

એક બાજુ 'પંચાધ્યાયી'માં એમ કહે, કે જ્ઞાનગુણનો સ્વભાવ છે કે સર્વને જાણે. એવું 'પંચાધ્યાયી'માં આવે છે. જ્ઞાનનો સ્વભાવ છે એ સર્વને દેખે માટે તું ઘણું જોવાથી ડર નહિ. એ તો જ્ઞાનનો સ્વભાવ છે. એ બીજી વાત છે. દર્શનપૂર્વક જ્યાં જ્ઞાન થયું એ તો સર્વને દેખે, જાણે. તો જાણે એ કાંઈ નુકસાનકારક નથી. પણ જ્યાં સુધી પોતાની દૃષ્ટિ અભેદ ન થાય અને અભેદની વીતરાગતા પૂર્ણતા ન થાય ત્યાં સુધી રાગી પ્રાણી છે તો ભેદથી જોતા રાગ ઉત્પન્ન થશે. ભેદને જાણવો એ કોઈ રાગનું કારણ નથી. ભેદને જાણવું એ રાગનું કારણ નથી. કેવળી સર્વને જાણે છે. પણ રાગી પ્રાણી છે (તેથી રાગ થાય છે).

૭ મી ગાથામાં ખુલાસો કર્યો છે, કે દર્શન-જ્ઞાન-ચારિત્ર તો આત્માની પર્યાય છે. એને તમે અશુદ્ધ કેમ કહો છો? વ્યવહાર કેમ કહો છો? નિશ્ચય કહો ને. એની પર્યાય છે તો. નહિ, વ્યવહાર કહીએ છીએ. ત્રણ ઉપર લક્ષ જવાથી તો રાગ ઉત્પન્ન થાય છે. કેમ? ભેદને દેખનાર રાગી પ્રાણી, ભેદને દેખનાર રાગી પ્રાણી છે તો રાગ જ ઉત્પન્ન થાય છે. ભેદને જોતાં એકલો રાગ ઉત્પન્ન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? કેવળી તો લોકાલોકના ભેદ દેખે છે તો એમને રાગ થવો જોઈએ. પણ અહીંયાં નીચે સાધકદશા છે અને પોતાના ત્રિકાળી સ્વરૂપ ઉપર દૃષ્ટિ છે અને હજી રાગભાગ બાકી છે, તો રાગી પ્રાણીને ભેદ જોતા રાગી પ્રાણી છે તો રાગ ઉત્પન્ન થાય છે. ભેદ જોવાથી રાગ થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– રાગ બાકી છે એટલે રાગ થાય છે.

ઉત્તર :– રાગી પ્રાણી છે, વીતરાગી નથી. રાગ છે એ કારણે ભેદને જોતા રાગ થાય છે. ભેદને જોવાથી રાગ થાય તો કેવળી તો લોકાલોક સર્વને દેખે છે. સમજાણું કાંઈ? આ માર્ગ બહુ ઝીણો, બાપુ! વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ. આહાહા..! સાતમી ગાથામાં ખુલાસો કર્યો છે, કે તમે કહો છો.. છઠ્ઠી ગાથામાં તો પર્યાયને કાઢી નાખી. દ્રવ્ય માત્ર જ્ઞાયકભાવ એ દર્શનનો વિષય. અને સાતમી ગાથામાં તો ભેદને પણ કાઢી નાખ્યા. સદ્ભૂત અનુપચાર ભેદ કાઢી નાખ્યો, કે આ આત્મા જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એ સદ્ભૂત અનુપચાર વ્યવહાર છે. એ ત્રણ ભેદ પણ જૂઠા છે. તો કહે છે, શું એમાં નથી? છે. પણ રાગી પ્રાણી છે માટે ત્રણ ભેદ ઉપર લક્ષ જવાથી રાગ ઉત્પન્ન થાય છે. એટલે જ્યાં સુધી અભેદતા પૂર્ણ ન થાય ત્યાં સુધી રાગી પ્રાણીને અભેદની દૃષ્ટિ કરાવીને અભેદમાં રહેવાનો ઉપદેશ આપ્યો છે. પછી રાગ નીકળી જાય અને પૂર્ણ થઈ જાય પછી ભેદાભેદને જાણે છે. ભેદાભેદને જાણવું એ કોઈ રાગનું કારણ નથી. સમજાણું કાંઈ? 'દેવીલાલજી'! આહાહા..!

મુમુક્ષુ :– ભેદમાં અટકવું રાગનું કારણ છે.

ઉત્તર :– ભેદને જોવા, અટકવું નહિ. રાગી છે માટે ભેદને જોતાં રાગ થાય છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મોટો ફેર છે. અટકવું તો, અટકે તો છે. એમ નહિ. આ તો રાગી પ્રાણી છે, રાગ છે, સમકિતી છે પણ હજી રાગ છે, તો ભેદને જોતાં રાગ છે તો વિકલ્પ, રાગ ઉત્પન્ન થાય છે. જ્ઞાની સર્વજ્ઞ તો લોકાલોકને દેખે છે. તો પણ રાગ નથી એ તો વીતરાગ છે. ભેદને જોવું એ રાગનું કારણ હોય તો કેવળીને પણ રાગ થઈ જાય. પણ અહીંયાં તો રાગી પ્રાણી હજી સમકિતી રાગી છે. પૂર્ણ વીતરાગ થયા નથી. ન્યાય સમજ્યા? એ સાતમી ગાથામાં ખુલાસો કર્યો છે. 'જયચંદ્ર પંડિતે' ઘણો ખુલાસો કર્યો છે. પહેલાના પંડિતો તો સત્ય વાત જ સ્પષ્ટ કરતા હતા. હવે ગડબડ થઈ ગઈ.

સાતમી ગાથામાં એમ વાત કરી, કે દર્શન-જ્ઞાન-ચારિત્ર તો આત્માનો સ્વભાવ છે. એ તો ત્રણ ગુણ છે. તો ત્રણ ગુણના ભેદને જોતા રાગ થાય, તો કેવળી તો સર્વને દેખે છે. સાંભળ તો ખરો, ભાઈ! અમે શું કહીએ છીએ, કે ભેદને જોતાં રાગ થાય છે એમ નથી. પણ રાગી પ્રાણી હજી વીતરાગ થયો નથી. દૃષ્ટિ સમ્યગ્દર્શન ઉપર છે અને રાગ છે તો ભેદને જોતા રાગ ઉત્પન્ન થશે. 'દેવીલાલજી'! 'ગોવિંદરામજી'! બરાબર છે?

મુમુક્ષુ :– જાણવું એ રાગનું કારણ નથી, રાગ છે તે રાગનું કારણ છે.

ઉત્તર :– હજી રાગ બાકી છે ને? અભેદ પૂર્ણ નથી થયો. અભેદ પૂર્ણ થયા પછી તો બધા ભેદાભેદને દેખો. એ તો જ્ઞાનનો સ્વભાવ છે. એ તો ત્રણલોક, ત્રણકાળ દેખે તો શું થયું? એને રાગ થાય છે? સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા પર્યાયમાં ભેદ છે, વસ્તુ–દ્રવ્ય અભેદ છે. અભેદની દૃષ્ટિમાં તો વસ્તુ એકરૂપ જ દેખાય છે. એ જ સમ્યગ્દર્શન છે. અને ભેદનું લક્ષ કરતા ભેદ છે એ જણાય છે. પણ રાગી પ્રાણી છે તો ભેદનું લક્ષ કરવા જાય છે ત્યાં રાગ ઉત્પન્ન થાય છે. ભેદને જાણવો એ રાગનું કારણ નથી. પણ ભેદને જાણવાના કાળમાં હજી રાગી છે. એ કારણે રાગ ઉત્પન્ન થાય છે. ન્યાય સમજાય છે? આ તો લોજિકનો માર્ગ છે, પ્રભુનો ન્યાયનો માર્ગ છે. આહાહા..! એ ('સમયસાર'ની) સાતમી ગાથામાં કહ્યું છે. હિન્દી છે હિન્દી?

**'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે,...'** દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ દ્રવ્યના જ ભેદ છે, પોતાના જ છે. **'અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય?'** દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતામાં છે અને છે, તો એને દેખવા એ વ્યવહાર કેમ કહી શકાય? **'તેનું સમાધાન :—એ તો ખરું છે પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે.'** દ્રવ્યદૃષ્ટિને મુખ્ય કરીને ઉપદેશ આપવામાં આવ્યો છે. **'અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે. તેથી ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા નથી થતી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** આ શબ્દ છે. સિદ્ધાંત અહીં છે. **'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** ભેદને દેખતા રાગી છે એને રાગ ઉત્પન્ન થાય છે. સરાગીને વિકલ્પ થાય છે. વીતરાગીને ભેદ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેખતા રાગ થતો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે ત્યાં નયનું આલંબન જ રહેતું નથી.'** સાતમી ગાથા. સમજાણું કાંઈ? તત્ત્વનું વાંચન ઓછું થઈ ગયું. ચરણાનુયોગ, કરણાનુયોગ, કથાનુયોગ છે. પણ એના વાંચનની મુખ્યતા થતાં તત્ત્વદૃષ્ટિ રહી ગઈ. અને દ્રવ્યદૃષ્ટિ થયા પછી ચાર અનુયોગ વાંચે તો એને તત્ત્વની દૃષ્ટિમાં યથાર્થ જણાય છે, કે ભાઈ! આ અપેક્ષાએ આમાં કહ્યું અને આ અપેક્ષાએ આમ કહ્યું. એવો ખુલાસો કર્યો.

**'સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...'** એવો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એકરૂપ વસ્તુ છે. પણ એમાં ગુણ-પર્યાય છે કે નહિ? અનંતગુણ છે કે નહિ? અનંતપર્યાય છે કે નહિ? તો કહે, છે. તો છે તો જોવામાં શું હરકત છે? એમાં છે તો જાણવામાં સમકિતીને શું હરકત છે? કહે છે, સાંભળ તો ખરો. એ સમકિતીની દૃષ્ટિ છે તો અભેદ ઉપર. ભેદ ઉપર દૃષ્ટિ નથી. પણ ભેદને દેખતા હજી રાગ છે, વીતરાગ થયો નથી. રાગી પ્રાણી હોવાને કારણે ભેદને જોતાં રાગીને રાગ થાય છે. 'દેવીલાલજી'! વસ્તુ તો વસ્તુ છે. ગુણ પોતાની ચીજ નથી? અનંતગુણ નથી? અનંતપર્યાય નથી? છે. છે છતાં એવા ભેદ ઉપર લક્ષ કરતાં, ભેદને કારણે નહિ, પણ હજી રાગી પ્રાણી છે અભેદ પૂર્ણ થયો નથી. એ રાગને કારણે રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? સાતમી ગાથા. કહો, 'ગોવિંદરામજી'!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એવી વાત છે, ભાઈ! આહાહા..!

અહીંયા એમ કહ્યું, કે સોનાને અગ્નિમાં તપાવવાથી એની કૂલડીમાં વર્ણભેદ દેખાય છે. તો એ વર્ણભેદ છે. પણ એ વર્ણભેદના કાળમાં સોનાની એકરૂપ દૃષ્ટિએ જોતા સોનું એકરૂપ છે. એમ ભગવાનઆત્મા જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગાદિ ભાવ ઉત્પન્ન થાય છે. વિભાવભાવ છે. પણ એની દૃષ્ટિમાં વિભાવનું લક્ષ ન કરવું, દૃષ્ટિમાં અભેદ લેવું. કેમ કે જો ભેદનું લક્ષ કરશે, તો હજી રાગી પ્રાણી છે, વીતરાગ થયો નથી તો રાગીના રાગને કારણે રાગ ઉત્પન્ન થાય છે. ભેદને જોતાં રાગ ઉત્પન્ન થાય છે એવો સિદ્ધાંત નથી. છે? સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ પ્રભુનો બહારમાં સ્થૂળ કરી નાખ્યો. જૈન પરમેશ્વર ત્રણલોકના નાથ ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ દેખે છે. 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આ વાણી આવી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. મુનિ, સંત, આત્મજ્ઞાની, ધ્યાની, વીતરાગી સંત. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. આહાહા..! આ કળશ પછી 'અમૃતચંદ્રાચાર્યે' (બનાવ્યા). આહાહા..!

**'વસ્તુમાત્ર જોવામાં આવે, તો સમસ્ત ભેદ જૂઠા છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે.'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ! આહાહા..! આત્મામાં પર્યાય ને ગુણ ને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવું અનેકપણું હોવા છતાં વસ્તુની એકરૂપ દૃષ્ટિ કરવાથી સમ્યક્ત્વ થાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણને જોતાં રાગ ઉત્પન્ન થાય છે. ભેદથી જોતા રાગીને રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! 'ધર્મચંદજી'! આહાહા..! **'વળી કેવી છે આત્મજ્યોતિ ?' 'उन्नीयमानं' 'ચેતનાલક્ષણથી જણાય છે,...'** જુઓ! હવે ક્યાં લઈ જાય છે? કે વસ્તુ ચેતના તે ચેતન. ચેતના તે ચેતન. ચેતના લક્ષણ. રાગ નહિ, ભેદ નહિ. આહાહા..! ભગવાન! તારું સ્વરૂપ તો આવું છે પણ અભ્યાસ નથી ને. આહાહા..! તારી ચીજ તો અંદર ભગવાન બિરાજે છે. એ આવ્યું હતું ને?

**'सर्व जीवाः'** પૂર્ણ અવસ્થાથી ભરેલા છે. સર્વ કાળ, સર્વ લોક. આહાહા..! **'सर्व जीवाः'** અભવી પણ. સર્વ કાળમાં, સર્વ લોકમાં સર્વ પરિપૂર્ણ શક્તિથી ભરેલા તત્ત્વ છે. આહાહા..! દ્રવ્યથી અનંત, અનંતક્ષેત્રમાં પણ ભગવાન આત્મા છે, લોકમાં છે. ત્રણેકાળમાં અને પ્રત્યેક આત્મા ભરીત અવસ્થા. ભરીત અવસ્થા નામ પૂર્ણ અવસ્થ. સંપૂર્ણ શક્તિ પર્યાયથી અભિન્ન ભગવાન પૂર્ણ પડ્યો છે. તો સાધકજીવે સર્વ જીવ ભગવાનસ્વરૂપ છે, પરિપૂર્ણ છે એવી ભાવના કરવી જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ? એ 'બંધ અધિકાર'માં અને 'પરમાત્મ પ્રકાશ'માં છેલ્લે ચાલ્યું છે. આપણે બંધ અધિકારમાં વાંચી ગયા છીએ.

અહીં કહે છે, હવે અહીંયાં અનુમાનને પણ કાઢી નાખવું છે. ભેદને તો કાઢી નાખ્યો. આહાહા..! કહે છે કે **'આત્મજ્યોતિ ?' 'उन्नीयमानं' 'ચેતનાલક્ષણથી જણાય છે,...'** ચેતના જાણન.. જાણન... જાણન.. જાણન... એ લક્ષણથી આ ચેતન જણાય છે. આહાહા..! **'તેથી અનુમાનગોચર પણ છે.'** આ અપેક્ષાએ અનુમાનગમ્ય પણ છે. **'હવે બીજો પક્ષ—'** જેમ પહેલા નવ પ્રકાર કહીને એક લીધું હતું. એમ અનુમાનગોચર કહીને બીજું લઈ લેવું કે ભેદ પણ નથી. આહાહા..! **'અનુમાનગોચર પણ છે.'**

**'હવે બીજો પક્ષ—' 'उद्योतमानम्' 'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. ભાવાર્થ આમ છે કે ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે,...'** એટલો ભેદ બતાવ્યો. આહાહા..! ચેતનાલક્ષણથી લક્ષમાં આવે છે. એટલો પણ વ્યવહાર અને ભેદ થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? અને એ અનુમાન તો વ્યવહાર થઈ ગયો. આહાહા..!

**'પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે.'** અનુમાનથી ચેતનાલક્ષણ એ આત્મા, એ પણ વ્યવહાર છે. એમ આવે છે. પણ **'ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે,...'** જુઓ! આહાહા..! **'ભેદબુદ્ધિ કરતાં...'** જીવ ભગવાનઆત્મા **'ચેતનાલક્ષણથી જીવને જાણે છે,...'** એ ભેદબુદ્ધિની અપેક્ષા છે. આહાહા..! **'વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે,...'** આત્મા ચેતનાલક્ષણથી જણાય છે એટલો વિકલ્પ પણ જૂઠો છે. સમજાણું કાંઈ? જેમ વર્ણભેદ દેખતા સોનામાં વર્ણભેદ છે. પણ સોનાને જોતાં વર્ણભેદ નથી. એમ જીવમાં નવ તત્ત્વના પરિણામથી જુઓ તો છે. પણ જીવદ્રવ્ય દેખો તો એ નથી. હવે અહીંયા ત્રીજો બોલ લીધો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કે અનુમાનથી જુઓ તો ચેતનાલક્ષણથી આત્મા જણાય છે એમ પણ છે. પણ એ વ્યવહાર છે. આહાહા..! કેમ? કે એ તો પ્રત્યક્ષ જ્ઞાનગોચર છે. અનુમાનથી પણ નહિ. એ તો રાગ અને વિકલ્પને છોડીને આત્મા જ્ઞાનથી પ્રત્યક્ષ વેદનમાં આવે છે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? સમજાણું?

ચેતનાલક્ષણથી લક્ષિત એ પણ વ્યવહાર થયો. એટલો પણ ભેદ નથી. આવું સ્વરૂપ છે. આહાહા..! હવે અહીંયાં દયા, દાન, વ્રત અને તપથી આત્માને ધર્મ થાય એ વાત તો ક્યાંય રહી ગઈ. આહાહા..! એના નવતત્ત્વના ભેદરૂપથી જોતાં ધર્મ થાય એ પણ ક્યાંય રહી ગયું. પણ અહીંયાં તો ચેતનાલક્ષણથી લક્ષિત ભગવાનઆત્મા એ પણ અનુમાન અને વ્યવહાર થયો. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભેદબુદ્ધિ કરતાં જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં...'** એક ભગવાન ચૈતન્યસ્વરૂપ ભગવાન ત્રિકાળ, એની ભેદબુદ્ધિનું લક્ષ છોડીને ચેતનાલક્ષણથી જણાય છે એવા ભેદનું લક્ષ પણ છોડીને **'જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે, વસ્તુ વિચારતાં એટલો વિકલ્પ પણ જૂઠો છે,...'** એટલો અનુમાનનો વિકલ્પ કરવો એ પણ જૂઠું છે. આહાહા..! પંડિતજી! છે? આહાહા..! આ લોકોને આકરું પડે છે. પછી એમ કહે, 'સોનગઢવાળા' તો વ્યવહારનો લોપ કરે છે અને નવો ધર્મ કાઢ્યો. ભગવાન! નવો નથી, પ્રભુ! એ અનાદિનો સનાતન સત્ય માર્ગ તો આ જ છે. તને સાંભળવા મળ્યો નથી માટે નવો થઈ જાય, એમ નથી. આહાહા..! વ્યવહારથી નિશ્ચય થાય એ તો કાઢી નાખ્યું, રાગાદિથી ધર્મ નિશ્ચય આત્મામાં થાય (એ તો કાઢી નાખ્યું) પણ અનુમાનથી પણ આત્મા જણાય એ પણ વ્યવહારમાં નાખ્યું, ભેદમાં નાખ્યું. આહાહા..!

મુમુક્ષુ :– 'ટોડરમલજી'એ તો એમ લખ્યું કે, અનુમાન, આગમથી જાણીને પછી તેમાં શ્રદ્ધાન કરવું.

ઉત્તર :– પછી કલ્યાણ. પણ જાણીને પછી અંદરમાં જાવું. પાંચ પ્રકાર લીધા છે ને? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' છે ને, ખબર છે. સમજાણું કાંઈ? પછી અંદરમાં જાવું. ત્યાં વ્યવહાર સિદ્ધ કર્યો છે. પાંચ પ્રકાર સિદ્ધ કરવા છે. આહાહા..! અહીં તો કહે છે, કે વસ્તુ વિચારતા એટલો વિકલ્પ પણ જૂઠો છે. ચેતના અને ચેતન એવો ભેદ પાડવો એ પણ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! આવો માર્ગ છે, બાપુ!

જગતના પ્રાણી દુઃખને પંથે પડ્યા. બધા દુઃખમાં દોરાઈ ગયા છે. રાગ, પુણ્ય, પાપ, મિથ્યા ભ્રાંતિ ને... આહાહા..! પરમાં સુખબુદ્ધિ, વિષયમાં, લક્ષ્મીમાં, શરીરમાં સુખબુદ્ધિ, ભ્રમણા ને દુઃખને પંથે પ્રાણી પડ્યા છે. આહાહા..! એને સુખના પંથે દોરવા અહીંયા ભગવાને ત્યાં સુધી કહ્યું, કે ચેતનાલક્ષણથી ચેતન જણાય એટલો વિકલ્પ પણ જૂઠો છે. આહાહા..! એ નિર્વિકલ્પતાનું કારણ નથી એમ કહે છે. આહાહા..! દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિભાવ, વિકાર, બંધ અને દુઃખરૂપ તો ભિન્ન રહી ગયા. એનાથી તો આત્માને લાભ થતો નથી. પણ અનુમાનથી જાણવામાં પણ આત્માને લાભ થતો નથી. નિર્વિકલ્પતા નથી થતી એમ કહે છે. આહાહા..!

અલિંગગ્રહણ છે ને? વીસ બોલ. 'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. વીસ બોલ છે. એમાં છઠ્ઠો બોલ એવો લીધો છે, કે પોતાના સ્વભાવથી જાણેલો આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. એવો શબ્દ છે. વીસ બોલ. ઇન્દ્રિયથી જણાતો નથી, ઇન્દ્રિયથી જાણતો નથી. ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. બીજાના અનુમાનનો પણ વિષય નથી. એકલો આત્મા અનુમાન કરે એ પણ નહિ. આ અનુમાન આવ્યું ને? શું કહ્યું? અલિંગગ્રહણના વીસ બોલ છે. 'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથાનો ચોથો બોલ આ છે, કે બીજાના અનુમાનથી આત્મા જણાય એવો આત્મા નથી. આહાહા..!

'પ્રવચનસાર' ૧૭૨ ગાથા. **'ઇન્દ્રિયો વડે ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે...'** ઇન્દ્રિય વડે જણાય છે એમ નથી. એવું અનુમાન. **'જેમ ધુમાડા દ્વારા અગ્નિનું ગ્રહણ થાય છે તેમ લિંગ દ્વારા એટલે કે ઇંદ્રિયગમ્ય દ્વારા (–ઇન્દ્રિયોથી જણાવાયોગ્ય ચિહ્ન દ્વારા) જેનું ગ્રહણ (જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે.'** **'બીજાઓ વડે માત્ર લિંગ દ્વારા જ જેનું ગ્રહણ થતું નથી...'** અનુમાનથી નથી જણાતું. આહાહા..! છે? **'જેને લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી...'** પોતાના આત્માને પરનું જ્ઞાન અથવા એના અનુમાનથી પણ નથી જણાતો. આહાહા..! **'લિંગથી જ પરનું ગ્રહણ થતું નથી..'** આહાહા..! **'સ્વભાવ વડે જેનું ગ્રહણ થાય છે...'** સ્વભાવ વડે જેનું ગ્રહણ થાય છે. **'આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે...'** આહાહા..!

મુમુક્ષુ :– એક સમ્યગ્દૃષ્ટિ બીજા સમ્યગ્દૃષ્ટિને કઈ રીતે જાણે?

ઉત્તર :– એ તો અનુમાનથી એને યથાર્થ કરીને જાણ્યું. પણ પોતાને પ્રત્યક્ષ થાય છે એ બીજાને જાણી શકે. એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. જેને પ્રત્યક્ષ થયું હોય એ પરને અનુમાનથી પ્રત્યક્ષ જાણી શકે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષ થયું નથી એ પરના અનુમાનથી પણ જાણી શકતા નથી. નિશ્ચયપૂર્વક અનુમાન વ્યવહાર છે એમ કહે છે. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! સૂક્ષ્મ વાત, વીતરાગ માર્ગ... આહાહા..! અનાદિ સંસાર પરિભ્રમણ, એ દુઃખનો અંત લાવવો અને આનંદની શરૂઆત થવી અને જેના ફળમાં અનંત આનંદ પ્રાપ્ત થાય એ માર્ગ તો કોઈ અલૌકિક હોય ને! આહાહા..!

અહીંયાં ભગવાન સંત કહે છે, ભવના અંતની વાત સંત કહે છે. આહાહા..! કે આત્મા અનુમાનથી જણાય એ પણ વિકલ્પ છે. આહાહા..! રાગથી જણાતો નથી, બીજા ભેદ જે નવતત્ત્વના ભેદ, એનાથી પણ જણાતો નથી. પણ અનુમાનથી જણાય છે એ પણ એક વિકલ્પ, રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? અંદર છે કે નહિ? **'શુદ્ધ વસ્તુમાત્ર છે.'** આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ તો શુદ્ધ વસ્તુ (છે). અનુમાન પણ નહિ. પ્રત્યક્ષ શુદ્ધ ચૈતન્યમાત્ર. રાગ અને મનનું પણ જેને અવલંબન નથી. અનુમાનનું પણ જેને અનુમાન નથી. આહાહા..! એવો ભગવાન અંદર આનંદકંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું દળ (છે). આહાહા..!

અમે શક્કરકંદનું દૃષ્ટાંત આપીએ છીએ. શક્કરકંદ નથી કહેતા? શક્કરકંદ. શક્કરકંદ સમજો છો? ભાઈ! અમારે શક્કરિયા કહે છે. શક્કરિયા હોય છે ને? તો એક પાતળી લાલ છાલ જરીક છે અને બીજો આખો ભાગ શક્કરકંદ છે. શક્કર નામ સાકરનો પિંડ છે. શક્કરકંદ કહે છે ને? સાકરનો પિંડ, મીઠાશનો પિંડ છે. લાલ છાલ છે એ ભિન્ન છે. એમ આત્મામાં દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે એ લાલ છાલ છે. આ અનુમાનથી જાણવું એ પણ વિકલ્પ–છાલ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ નહિ. એનાથી ભિન્ન અંદર શક્કરકંદ, અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે. એને પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જાણવા, એનું નામ યથાર્થતા કહેવામાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શનનો વિષય કહે છે. આહાહા..! વાત સાંભળી ન હોય હજી. આહાહા..!

**'આવો અનુભવ...'** જોયું? **'શુદ્ધ વસ્તુમાત્ર છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** એમ. શુદ્ધ વસ્તુ ભગવાન પૂર્ણ છે એવો અનુભવ સમ્યક્ત્વ છે. આહાહા..! અનુમાનથી જાણવું એમ પણ નહિ. રાગથી જણાય એ તો છે જ નહિ. વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય છે એ તો ત્રિકાળમાં છે જ નહિ. આહાહા..! અનુમાનથી જણાય છે એ પણ વિકલ્પ છે, એ પણ નહિ. આહાહા..! એવી વાત છે.

મુમુક્ષુ :– સ્વાદપૂર્વક જણાય...

ઉત્તર :– પ્રત્યક્ષ જાણવું. જ્ઞાનને પ્રત્યક્ષ જાણવું. જેમાં પરની કે કોઈ ભેદની અપેક્ષા નથી. ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ પ્રભુ! એને પ્રત્યક્ષ જાણવો એ પોતાના સ્વભાવથી જણાય છે. સમજાણું કાંઈ? આવો ધર્મ. કોઈ કહે કે આ તે કાંઈ જૈનધર્મ હશે આવો? જૈનધર્મમાં તો ભાઈ! છ કાયની દયા પાળવી. અહીં તો કહે છકાય જીવ જ નથી. 'પંચાસ્તિકાય'માં છ કાય એ જીવ નથી. જીવ તો અંદર જ્ઞાનસ્વરૂપ તે જીવ છે. 'પંચાસ્તિકાયમાં' છે. છ કાય આદિ જીવ નથી. એ શરીરાદિ તો જડની પર્યાય છે. અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણન-દેખનનો રસકંદ ચૈતન્યકંદ પ્રભુ એ આત્મા છે. આહાહા..!

અરે..! આત્માની દૃષ્ટિ વિના સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના બધી કરણી કરે તપ, વ્રત, નિયમ એ બધું ચાર ગતિમાં રખડવાની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ આઠ કળશ થયા. તેરમી ગાથા. તેરમી ગાથા છે ને? એનો કળશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

(માલિની)

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वकषेऽस्मिन्
अनुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अस्मिन धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति' (अस्मिन्) આ-સ્વયંસિદ્ધ (धाम्नि) ચેતનાત્મક જીવવસ્તુનો (अनुभवम्) પ્રત્યક્ષપણે આસ્વાદ (उपयाते) આવતાં (द्वैतम् एव) સૂક્ષ્મ-સ્થૂળ અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો (न भाति) નથી શોભતા. ભાવાર્થ આમ છે—અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે, પ્રત્યક્ષજ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે, કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે, મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે. આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચન-વ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે. આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે, તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ. કેવી છે જીવવસ્તુ? 'सर्वंकषे' (सर्वं) બધા પ્રકારના વિકલ્પોની (कषे) ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે. ભાવાર્થ આમ છે—જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે. અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે? ઉત્તર આમ છે કે બધાય વિકલ્પો મટે છે; તે જ કહે છે– 'नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्वचित् याति, अपरम् किम् अभिदध्मः' જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા? ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે. જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે; આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે. (प्रमाण) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (नय) વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે. (निक्षेप) ઉપચારઘટનારૂપ જ્ઞાન; તે પણ વિકલ્પ છે. ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઇચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે. તે સાધના

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી. તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે. ૯.**

---

નવમો કળશ.

**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**
**क्कचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।**
**किमपरमभिदध्मो धाम्नि सर्वकषेऽस्मिन्**
**अनुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।**

આહાહા..! **'अस्मिन धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति'** **'આ–સ્વયંસિદ્ધ...'** સ્વયંસિદ્ધ ભગવાન પોતાથી છે. આનંદ અને જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ આદિ અનંતગુણસ્વરૂપ એ જીવ પદાર્થ સ્વયંસિદ્ધ છે. પોતાથી છે. એનું અસ્તિત્વ કોઈના અવલંબનથી છે કે એનો કોઈ કર્તા ઈશ્વર છે એમ છે નહિ. ભગવાનઆત્મા વસ્તુ સ્વયંસિદ્ધ છે. આહાહા..! એકને તો ભગવાનઆત્મા કહે એ પણ ખટકતુ હતું. કે ત્યાં તો ભગવાનઆત્મા કહે છે. 'સમયસાર'ની ૭૨ ગાથામાં તો ભગવાનઆત્મા કહ્યું છે. ભગવાનઆત્મા! 'સમયસાર'ની ૭૨ ગાથા છે ને? પુણ્ય અને પાપના ભાવ આસ્રવને અશુચિ કહ્યું, પછી ભગવાનઆત્મા શુચિ–નિર્મળ છે, એમ કહ્યું. સંસ્કૃત ટીકા પાઠ છે. પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, પૂજા અને ભાવ, કામ અને ક્રોધ એ બેય ભાવ અશુચિ છે, મેલ છે.

જેમ પાણીમાં શેવાળ–કાઈ છે. એમ ભગવાન આત્મામાં પુણ્ય અને પાપ શેવાળ પેઠે અશુચિ છે. આહાહા..! અને પછી કહ્યું કે ભગવાનઆત્મા તો શુચિ છે. પુણ્ય અને પાપનો વિકાર ભાવ અશુચિ છે, પ્રભુ શુચિ છે. ભગવાન! એવો ટીકામાં પાઠ છે. પછી ત્રણ બોલ લીધા છે, કે પુણ્ય અને પાપ બેય ભાવ જડ છે. કેમ કે એ પોતાને જાણતા નથી માટે અચેતન છે. શરીર જડ છે એ પોતાને નથી જાણતું. એ પરમાણુરૂપી જડ છે. અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જે રાગ વિકલ્પ છે, એ પોતાને નથી જાણતા, તો ચેતનના અભાવની અપેક્ષાએ એને જડ કીધા. ભગવાનઆત્મા ચૈતન્ય એમ કહ્યું છે. આહાહા..! આચાર્યે ભગવાન તરીકે જ બોલાવ્યા છે.

અહીંયાં એમ કહે છે. આહાહા..! **'આ–સ્વયંસિદ્ધ ચેતનાત્મક જીવસ્તુનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં સૂક્ષ્મ-સ્થૂળ-અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ બધા વિકલ્પો નથી શોભતા.'** વિશેષ વ્યાખ્યા લેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જ્યેષ્ઠ વદ ૧૧, રવિવાર તા.૧૨.૦૬.૧૯૭૭
## કળશ - ૯, પ્રવચન - ૧૩

'કળશ ટીકા' જીવ અધિકાર. નવમો કળશ છે.

**'अस्मिन धाम्नि अनुभवमुपयाते द्वैतमेव न भाति'** પહેલો શબ્દ એ ઉપાડ્યો છે. શું કહે છે? **'આ–સ્વયંસિદ્ધ...'** **'अस्मिन्'** આ આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે. શુદ્ધ ચિદ્‌ઘન અનાદિ અકૃત્રિમ. કોઈએ કરી નથી. સ્વયંસિદ્ધ વસ્તુ ભગવાન પૂર્ણ. એ **'धाम्नि'** **'ચેતનાત્મક જીવવસ્તુનો..'** છે શું? ચેતનસ્વરૂપ, ચેતનાસ્વરૂપ. છેલ્લામાં છેલ્લી ગાથાનો સાર છે. ચેતનાત્મક વસ્તુ. ચેતન, જાણક, દેખન વસ્તુ આત્મા. એનો **'પ્રત્યક્ષપણે આસ્વાદ...'** આહાહા..! એવા આત્માના આનંદનો સ્વાદ પ્રત્યક્ષ આવવો. એનું નામ અનુભવ, એનું નામ અનુભૂતિ અને સમ્યગ્દર્શન છે. ઝીણો વિષય છે.

**'अस्मिन्'** **'ચેતનાત્મક જીવવસ્તુનો પ્રત્યક્ષપણે આસ્વાદ...'** અંતર્મુખ ચૈતન્યની લક્ષ્મી પડી છે. અંતરમાં અતીન્દ્રિય આનંદનો રસ પડ્યો છે. ભગવાનઆત્મા–પ્રત્યેક આત્મા–અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય સુખસ્વરૂપથી આત્મા ભરપૂર ભરેલો છે. આહાહા..! એના આનંદનો સ્વાદ પ્રત્યક્ષ આવવો. જેવી વસ્તુમાં ચીજ છે, અતીન્દ્રિય આનંદ વસ્તુના સ્વરૂપમાં છે. ભગવાન જિનેશ્વર તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં જે આત્મા આત્મા તરીકે જોયો, એ આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુએ જોઈ છે. શરીર, વાણી તો પર છે પણ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ પણ પર છે, પર છે. એ કોઈ આત્માનો સ્વભાવ–સ્વરૂપ નથી. એથી તો અહીં આગળ લેશે. આહાહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞે જોયો ઇ, હોં! સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બીજા ઘણા આત્મા-આત્મા કરે છે. પણ એ (નહિ).

મુમુક્ષુ :– ભગવાને જોયો એમ આપ કહો છો તો ભગવાને કેવો જોયો?

ઉત્તર :– અહીં એ જ કહે છે ને! એ માટે તો અહીંયા કહે છે. પ્રમાણ, નય, નિક્ષેપ આવશે, થાય છે. અનુભવમાં એ નથી. એ માટે તો આ વાત કરી. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ એ જે આત્મા કહે છે અને એ સિવાય જગતના બીજા પ્રાણીઓ આત્મા કહે છે, એમાં ફેર છે. એ ફેર ટાળવા પ્રથમ નય-નિક્ષેપ-પ્રમાણથી આત્મા કેવો છે એવો ભૂમિકામાં નિર્ણય આવે છે. પણ એ ચીજ કોઈ વસ્તુ નથી. ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ હમણાં આવશે. અહીં તો હજી શરૂઆત કરે છે.

**'આવતા સૂક્ષ્મ-સ્થૂળ...'** આત્માનો અનુભવ ધર્મ જ્યારે થાય છે, સમ્યગ્દર્શન થાય છે, પ્રથમ દરજ્જાનો ધર્મ, જૈનદર્શન ધર્મ, એ પ્રથમ દરજ્જાના ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન થવાથી થાય છે. એ સમ્યગ્દર્શન ક્યારે થાય છે? કે પ્રત્યક્ષ ભગવાન આનંદસ્વરૂપ છે એના પ્રત્યક્ષ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આનંદનો વર્તમાન દશામાં સ્વાદ આવવો, એમાં પ્રતીતિ કરવી એ સમ્યગ્દર્શન છે. આહાહા..! વાતમાં બહુ ફેર છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં તો શરૂઆત લીધી છે છેલ્લેથી, કે **'પ્રત્યક્ષપણે આસ્વાદ આવતાં...'** અંતર આનંદસ્વરૂપ, ભગવાન આનંદસ્વરૂપે બિરાજમાન દરેક–પ્રત્યેક આત્મા છે, પણ એ આનંદસ્વરૂપનો અંતરમાં અનુભવ થતાં, આત્માના પ્રત્યક્ષ આનંદનો સ્વાદ, અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે. એ વેદનમાં જે આત્મા જણાય, જોવામાં આવે એ આત્મા છે. એ પ્રત્યક્ષ અનુભવમાં આવતાં **'સૂક્ષ્મ-સ્થૂળ-અન્તર્જલ્પ...'** આહાહા..! કહે છે કે સૂક્ષ્મ અંતર (જલ્પ), હું આનંદ છું, હું શુદ્ધ ચૈતન્ય છું, એવો વિકલ્પ અન્તર્જલ્પ રાગ એ ત્યાં **'નથી શોભતાં.'** ત્યાં એ શુભરાગનો પણ અવકાશ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સ્થૂળ બહિર્જલ્પ–વાણી. અંદર વાણી તો ક્યાં છે? આ તો અન્તર્જલ્પ હું આનંદસ્વરૂપ છું, શુદ્ધ ચૈતન્ય અખંડ છું, એવી જે રાગની વૃત્તિ ઊઠે છે એ પણ અન્તર્જલ્પ રાગ છે. અનુભવમાં એનો પણ અવકાશ નથી. એની અપેક્ષાથી અનુભવ થાય છે એવી એને અપેક્ષા નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ 'ભાવનગર'(વાળા) આવે ત્યારે ઝીણું આવે છે. આજે રવિવાર છે ને પાછો. આહાહા..! અહીં તો બાપુ! ઝીણી વાત છે, ભગવાન! જિનેશ્વરદેવ તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાની ભગવાન, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. એવા કેવળી પરમાત્મા એના જ્ઞાનમાં આવ્યું, કે સમ્યગ્દર્શન કેમ થાય? અને ધર્મીને ધર્મ કેમ થાય છે? એવું જાણ્યું એવું ભગવાને કહ્યું, કે ધર્મીને ધર્મ એમ થાય છે કે ધર્મી એવો જે ભગવાનઆત્મા.. ધર્મ એટલે અંતર આનંદ જ્ઞાનાદિ સ્વભાવથી ભરેલો છે. એની સન્મુખ થઈને અતીન્દ્રિય આનંદનું વેદન થવું એનું નામ ધર્મની પહેલી શરૂઆત, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ એ મોક્ષના માર્ગની શરૂઆત ત્યારે થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહ્યું ને? **'સૂક્ષ્મ-સ્થૂળ-અન્તર્જલ્પ અને બહિર્જલ્પરૂપ...'** સૂક્ષ્મ અન્તર્જલ્પ. અંતર વિકલ્પ રાગ ઉઠવો, હું આત્મા છું, શુદ્ધ છું એવો રાગનો વિકલ્પ ઉઠવો એનો પણ ત્યાં અવકાશ નથી. અનુભવમાં એ વિકલ્પ પણ છૂટી જાય છે. આહાહા..! પંડિતજી! આહાહા..! **'બહિર્જલ્પ...'** વાણી. એ તો રહેતી જ નથી. બે. **'બધા વિકલ્પો નથી શોભતા.'** કોઈપણ વૃત્તિ, ભગવાનનું સ્મરણ આદિ, ભગવાનની ભક્તિ આદિ એ તો બધો રાગ છે, વિકલ્પ છે, પુણ્ય છે, એ કોઈ ધર્મ નથી. આહાહા..! આકરી વાત, ભાઈ!

કોઈ **'વિકલ્પો નથી શોભતા.'** એનો અર્થ? કોઈ વિકલ્પ ત્યાં છે જ નહિ. એમ. નથી શોભતા એટલે (એનો અર્થ ઇ). અંતરમાં જ્યારે સમ્યગ્દર્શન (થાય છે), અંતરસન્મુખ થઈને પૂર્ણાનંદના નાથની સન્મુખ થઈને અનુભવ જ્યારે થાય છે, સમ્યગ્દર્શન થાય છે, આત્માની અનુભૂતિ થાય છે ત્યારે અંતર્મુખ અને બહિર્મુખ એવા વિકલ્પની ત્યાં શોભા નથી. અર્થાત્

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ત્યાં નથી. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન! અત્યારે તો જિનેશ્વરનો માર્ગ ક્રિયાકાંડમાં સમાડી દીધો. આ ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, અપવાસ કરો. એ તો બધો રાગ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! અહીં તો કહે છે, એ તો રાગ ધર્મ નથી. પણ હું આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ અભેદ છું, એવી રાગની વૃત્તિ ઊઠે છે એ પણ ધર્મ નથી. આહાહા..!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવનું ફરમાન, હુકમ છે, કે અનુભવના કાળમાં સૂક્ષ્મ અને સ્થૂળ વિકલ્પ હોતા નથી. એટલે ત્યાં શોભતા નથી. સમજાણું કાંઈ? ભાષા તો સાદિ છે ને? ભગવાન! વાત તો જે છે એ છે. વસ્તુનું સ્વરૂપ તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવે જોયું, એવી ચીજ ક્યાંય નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાત ક્યાંય નથી. પણ એ વાત ઘણી સૂક્ષ્મ છે, ભગવાન! આહાહા..!

કહે છે, કે પ્રભુ! એક પશુ સિંહ હોય સિંહ. અસંખ્ય સમકિતી પડ્યા છે. અઢી દ્વિપ બહાર અસંખ્ય સમ્યગ્દષ્ટિ સિંહ, વાઘ, નાગ, મચ્છ અસંખ્ય પડ્યા છે. અઢી દ્વિપ બહાર. એથી અસંખ્યગુણા પંચેન્દ્રિય મિથ્યાદષ્ટિ જીવો છે. પણ અસંખ્ય સમકિતી પંચમગુણસ્થાનવાળા પણ પશુ સિંહ, વાઘ છે. આહાહા..! એ સિંહ, વાઘને પણ જ્યારે સમ્યગ્દર્શન થાય છે. છે. અત્યારે અઢી દ્વિપ બહાર અસંખ્ય છે. દ્વિપ સમુદ્ર છે ને? ભગવાને અસંખ્ય (તિર્યંચ સમ્યગ્દષ્ટિ) અઢી દ્વિપ બહાર (જોયા છે). ઓ..હો..! એમાં હજાર-હજાર યોજનના મચ્છ હોય છે. એ વળી આત્મજ્ઞાની હોય છે. એ આવા (હોય છે). અનુભવ કરવાથી એમાં વિકલ્પ રહેતા નથી એનું નામ અનુભવ અને સમકિત કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? ત્યાં...

**'ભાવાર્થ આમ છે—અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે,...'** અનુભવ પ્રત્યક્ષ જ્ઞાન છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ (છે) એને અનુસરીને પોતાની પર્યાયમાં અનુભવ થવો, વેદન થવું એ પ્રત્યક્ષ છે. છે ને? એ પ્રત્યક્ષ જ્ઞાન છે. આહાહા..! ભલે કેવળજ્ઞાન નથી. પણ ભાવશ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ છે. આહાહા..! બહારનું દ્રવ્યશ્રુત જ્ઞાન ત્યાં કામ કરતું નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ પણ અનંતવાર ભણ્યો. એમાં શું થયું?

ભગવાનઆત્મા વિકલ્પથી રહિત છે. આહાહા..! ચૈતન્યરત્નાકર. જેમાં ચૈતન્યના રત્નનો સમુદ્ર પડ્યો છે. આહાહા..! ભગવાનઆત્મા પ્રત્યેક ચૈતન્યરત્નાકર (છે). ચૈતન્યના જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત રત્નનો આકર–સમુદ્ર છે. એના અનુભવના કાળમાં અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિના કાળમાં ત્યાં જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ એ જ્ઞાનના ભેદ છે. સમકિતના પ્રત્યક્ષ પરોક્ષ ભેદ નથી. સમકિત તો પ્રતીતિરૂપ, ત્રિકાળનું પ્રત્યક્ષ જ્ઞાન થયું, ત્યાં જ્ઞાનમાં રાગની ને નિમિત્તની અપેક્ષા છૂટી ગઈ. મનની અપેક્ષા છૂટી ગઈ. આહાહા..! અને જે જ્ઞાનની દશા પ્રત્યક્ષ-પરની સહાય વિના પોતાનો અનુભવ કરે એ પ્રત્યક્ષ જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. એ પ્રત્યક્ષ જ્ઞાનમાં પ્રતીતિ થવી, એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! આવો માર્ગ છે. કેટલાયે તો સાંભળ્યો પણ નહિ હોય. જૈનમાં જન્મ્યો હોય. ૫૦-૫૦, ૬૦-૭૦ વર્ષ કાઢ્યા હોય. ધર્મ સમકિત શું ચીજ છે એની ખબર ન મળે. આહાહા..! આ તો અજૈન છે. ખબર છે? વૈષ્ણવ છે. ઘણી પ્રેમ-રુચિ થઈ ગઈ. ત્યાં 'ભાવનગર'માં વાંચે છે. 'મુંબઈ' વાંચવા જાય છે. મોઢ છે મોઢ. 'રાણપુરના' મોઢ વૈષ્ણવ છે. એમાં આત્મા વિષ્ણુ ક્યાં છે? આહાહા..! વ્યાપક વિભુ. એક ગુણમાં અનંતગુણનું વ્યાપકપણું વિભુ આત્મા છે. વિભુગુણ છે ને એમાં? ૪૭ ગુણ છે. વિભુગુણ છે. અનંતગુણમાં અનંત વ્યાપક છે એ વિભુ એ વિષ્ણુ એ આત્મા છે. એવા આત્માના અનુભવકાળમાં પ્રત્યક્ષ જ્ઞાન છે.

**'પ્રત્યક્ષજ્ઞાન છે એટલે વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે;...'** આહાહા..! ખુલાસો કર્યો. પ્રત્યક્ષજ્ઞાન છે એ શું છે? કે વેદવા યોગ્ય અને વેદન કરનાર. વેદવાવાળો અને વેદવાયોગ્ય બેય આત્મા છે. વેદક પણ આત્મા અને વેદવા યોગ્ય આત્મા આનંદ. આહાહા..! એનું નામ પ્રત્યક્ષ જ્ઞાન છે. આહાહા..! આવો માર્ગ છે.

**'પ્રત્યક્ષજ્ઞાન છે એટલે...'** પ્રત્યક્ષજ્ઞાનની વ્યાખ્યા. **'વેદ્ય-વેદકભાવપણે આસ્વાદરૂપ છે;...'** આનંદનું વેદન કરનારા આત્મા અને આનંદની યોગ્યતાએ વેદન કરવાલાયક એ પણ આત્મા. એમાં પરની અપેક્ષા નથી. કોઈ રાગ કે મનનો સંબંધ નથી. એનું નામ પ્રત્યક્ષજ્ઞાન છે, એનું નામ અનુભવ છે. એનું નામ ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન છે. ચારિત્ર તો ક્યાંય રહ્યું. ચારિત્ર કોને કહેવું એ વાત તો લોકોએ સાંભળી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ચારિત્ર તો લોઢાના ચણા છે ને?

ઉત્તર :– નહિ નહિ. ચારિત્ર તો આનંદનો અનુભવ છે. ચારિત્રમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. સમ્યગ્દર્શનમાં જે આનંદનો અનુભવ છે એના કરતાં ચારિત્રમાં પ્રચુર આનંદનો અનુભવ છે. એ ચારિત્ર અત્યારે ક્યાં છે? લુગડા ફેરવીને બેઠા કે નગ્ન થયા, સાધુ થયા એ બધી ભ્રમણા છે, ભ્રમણા. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો પ્રત્યક્ષજ્ઞાન ચોથે ગુણસ્થાને (થાય છે). જ્ઞાન પ્રત્યક્ષનો અર્થ, કે વેદનાર અને વેદવાયોગ્ય એ પોતાની ચીજ પોતાથી છે. કોઈ પરની અપેક્ષા છે નહિ. આહાહા..! વેદન કરનાર આત્મા અને રાગ વેદ્ય એવું પણ પ્રત્યક્ષજ્ઞાનમાં નથી. સમજાણું કાંઈ? અથવા વેદન કરવાયોગ્ય આનંદ અને વેદન કરનાર રાગ એ પણ અહીં નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા.. આ તો ધર્મની પહેલી સીઢી. ચોથું ગુણસ્થાન. સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. લોકોએ તો કંઈને કંઈ માનીને ભગવાનની પૂજા, ભક્તિ, જાત્રા, ગિરનાર, શેત્રુંજય, સમ્મેદશીખરની જાત્રા કરવાથી ધર્મ થઈ ગયો. ધૂળમાં પણ ધર્મ નથી. એ તો બધા વિકલ્પ શુભરાગ છે. પણ અહીંયાં તો વિશેષ વાત કરશે.

**'વેદ્યવેદકભાવપણે આસ્વાદરૂપ છે; તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે.'** જુઓ!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! ભગવાનઆત્મા એ આનંદના સ્વાદમાં જે પ્રત્યક્ષ જ્ઞાન છે, એ પરસહાયથી રહિત છે. એ જ્ઞાનમાં કોઈ નિમિત્ત કે રાગની કે મનની સહાયતા પણ નથી. એ રાગની મંદતા, શુભરાગ કષાય મંદ હોય, ભગવાનની ભક્તિ, પૂજાઆદિનો શુભરાગ હોય તો આ અનુભવ થાય છે એમ નથી. અરે..! આવી વાતું છે. છે? આહાહા..! **'તે અનુભવ પરસહાયથી નિરપેક્ષપણે છે. આવો અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે...'** આત્માની અનુભૂતિ એ જ્ઞાનની એક દશા છે. **'તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે,...'** આહાહા..! સમકિતની સાથે એ અનુભૂતિ હોય છે. અનુભૂતિ થાય ત્યારે સમ્યક્ છે અને સમ્યક્ છે તો અનુભૂતિ સાથે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જિનેશ્વર સર્વજ્ઞદેવ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, કે આત્માની જે અનુભૂતિ છે એ સમકિતની સાથે હોય છે અને સમ્યગ્દર્શનની સાથે અનુભૂતિ હોય છે. સમજાણું કાંઈ? અનુભૂતિ જ્ઞાનની દશા છે. પણ એ સમયે સમ્યગ્દર્શનની પ્રતીતિ પણ સાથે છે. અને સમ્યગ્દર્શનની પ્રતીતિની સાથે પ્રત્યક્ષ જ્ઞાનની અનુભૂતિ પણ છે. અરે..! આવું સાંભળવું.. આહાહા..! બધા ૫૦-૫૦ વર્ષ કાઢી, ૬૦-૭૦ વર્ષ કાઢ્યા હોય. ભક્તિ કરતા, વ્રત પાળતા, અપવાસ કરતા, તપસ્યા કરતા. એ બધો ક્રિયાકાંડ રાગ છે. એ કોઈ ધર્મ નથી અને આત્માના અનુભવમાં એની કોઈ અપેક્ષા નથી. કહો, 'જયંતીભાઈ'! આહાહા..!

**'અનુભવ જોકે જ્ઞાનવિશેષ છે તોપણ સમ્યક્ત્વની સાથે અવિનાભૂત છે,...'** આત્માની અનુભૂતિ છે, રાગરહિત આનંદનું વેદન અને અનુભૂતિ એ વિશેષ છે તો જ્ઞાનની દશા પણ સમકિતની સાથે અવિનાભૂત છે. સમકિતની સાથે છે. સમ્યગ્દર્શન થાય છે ત્યાં અનુભૂતિ હોય છે અને અનુભૂતિ છે ત્યાં સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું કાંઈ? **'કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે,...'** આહાહા..! આત્માના આનંદનો સ્વાદ સમ્યગ્દષ્ટિને જ હોય છે. મિથ્યાદષ્ટિ જૈન સાધુ હોય, પંચમહાવ્રત પાળતો હોય, નગ્ન હોય, દિગંબર હોય, પણ અંતર અનુભવ સમ્યગ્દર્શન નથી તો બધા મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહ્યું ને?

**'કેમ કે તે સમ્યગ્દષ્ટિને હોય છે,...'** અનુભવ. **'મિથ્યાદષ્ટિને નથી હોતો એવો નિશ્ચય છે.'** જેની દષ્ટિમાં રાગાદિ કષાયની મંદતા શુભોપયોગ એ ધર્મ છે અને ધર્મનું કારણ છે એવી જેની મિથ્યાદષ્ટિ છે એને આવો અનુભવ હોતો નથી. એને અનુભૂતિ હોતી નથી અને સમ્યક્ હોતું નથી. આહાહા..! **'એવો નિશ્ચય છે,...'** છે? ગાથા તો ઘણી સારી આવી છે. છોકરાઓ ચાલ્યા ગયા?

મુમુક્ષુ :– ભાવનું નગર એટલે ભાવ આવવા જોઈએ ને!

ઉત્તર :– આ તો અમારા 'ગોવિંદરામજી'ના છોકરા ગયા. સવારમાં કહ્યું, પિતાજી રહેવાના છે. આહાહા..! આવો માર્ગ સાંભળવો પણ મુશ્કેલ પડે. વીતરાગ પરમેશ્વર 'સીમંધર' ભગવાન તો મહાવિદેહ ક્ષેત્રમાં તો પ્રભુ બિરાજે છે. તીર્થંકર જિનેશ્વર. ત્યાંથી આવેલી આ વાણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' નગ્ન મુનિ, દિગંબર સંવત્ ૪૯ માં ભગવાન પાસે ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને શાસ્ત્ર બનાવ્યું. એ શાસ્ત્રની પછી ટીકા બનાવી, એમાંથી કળશ બનાવ્યા એ આ કળશ છે. આહાહા..!

અરેરે..! પ્રભુ! તું કોણ છે? અને કઈ રીતે તારી પ્રાપ્તિ થાય છે? કહે છે કે અહીંયાં તારી અનુભૂતિમાં કોઈપણ વિકલ્પ રાગની અપેક્ષા જ નથી. આહાહા..! એ હજી તો ઉપોદ્ઘાત કરીને પછી વિશેષ વાત કરશે. આહાહા..!

**'આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** આહાહા..! એવો અનુભવ થતાં, આત્માના આનંદનું વેદન થતાં સમ્યગ્દર્શનના કાળમાં... આહાહા..! પ્રથમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે ત્યારે **'જીવવસ્તુ પોતાના શુદ્ધસ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે.'** આહાહા..! જીવ પદાર્થ પોતાનું વસ્તુસ્વરૂપ જે આનંદ છે એને પ્રત્યક્ષ વેદે છે. આહાહા..! અહીં તો હજી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, બહારની નવતત્ત્વની વ્યવહારની શ્રદ્ધા કરો, એ સમકિત. હવે લઈ લ્યો વ્રત એટલે ચારિત્ર થઈ ગયું. બધું થોથે થોથા છે. એમ કરતાં કરતાં અનંતકાળ વીત્યો. આહાહા..! સમજાણું કાંઈ?

**'આવો અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે...'** જેટલા કાળમાં આનંદના વેદનનો કાળ રહે છે એટલા કાળમાં... આહાહા..! **'વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે,...'** વાણી તો નથી પણ અંદરનો વિકલ્પ વ્યવહાર પણ નથી. આહાહા..! આવો માર્ગ. તેથી આ લોકો એમ કહે છે ને, કે આ 'સોનગઢવાળા'એ કોઈ નવો ધર્મ કાઢ્યો છે. અરે..! પ્રભુ! નવો નથી, ભાઈ! તને ખબર નથી. જિનેશ્વરદેવનો અનાદિ સનાતન સત્ય માર્ગ તો આ છે. તને સાંભળવા મળ્યો નથી એથી બીજો માર્ગ થઈ જાય, એમ નથી. આહાહા..! કહો, પંડિતજી! દિગંબરમાં ક્યાં મળે છે?

મુમુક્ષુ :– ... અહીંયા જ મળે છે.

ઉત્તર :– આહાહા..! એ માર્ગ બીજો છે. સત્યનો માર્ગ પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞદેવ એના પ્રથમ ધર્મની શરૂઆતનો સાચો માર્ગ એ વર્તમાન ચાલતી પદ્ધતિથી ભિન્ન છે. આહાહા..! કહો, 'ધીરૂભાઈ'! આ બધા શેઠિયાઓ મંદિર બનાવી દે અને ફલાણું બનાવી દે એટલે થઈ ગયો ધર્મ. ધૂળમાં પણ ધર્મ નથી.

મુમુક્ષુ :– ભૂતકાળમાં એવો ધર્મ નહિ થાતો હોય?

ઉત્તર :– ત્રણકાળમાં નથી હોતો. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' પાંચ-કરોડ, બે-ત્રણ કરોડ ખર્ચીને મંદિર બનાવી દે એટલે ધર્મ થઈ જાય. ધૂળમાં પણ ધર્મ નથી. એ તો જડ પર વસ્તુ છે. બનાવવાનો ભાવ હોય તો શુભભાવ છે, પુણ્ય થાય. એ કોઈ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ભવિષ્યમાં તો ધર્મનું કારણ થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– બિલકુલ એને કારણ ન થાય.

અહીંયાં તો અનુભવકાળમાં પરની કોઈ અપેક્ષા જ નથી ને. આહાહા..! અહીંયાં તો ત્યાં સુધી લેશે. નય, નિક્ષેપ, પ્રમાણની અપેક્ષા પણ ત્યાં નથી. કે જે જરૂર આવ્યા વિના રહે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ એણે જે આત્મા કહ્યો અને અજ્ઞાનીઓએ બીજા સર્વજ્ઞ સિવાયે આત્મા કહ્યો, એનો નિર્ણય કરવા માટે નય, નિક્ષેપ, પ્રમાણ આવે છે. સમજાણું કાંઈ? માલ લેતા પહેલા... માલ લેતા પહેલા ભાવ પૂછે છે ને? અને ત્રાજવામાં ઓલા શું કહે? તોલા, તોલાનું માપ કરાવે. અને શું ભાવે આપે છે? (એમ પૂછે છે). ત્રાજવામાં બરાબર તોલે છે. પણ જ્યારે પછી ખાય છે ત્યારે એ કંઈ કામ આવે છે? જમતી વખતે એ બધું કામ નથી આવતું.

એમ પહેલા સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા કહ્યો અને અજ્ઞાનીએ જે કહ્યો, એનાથી ભિન્ન નિર્ણય કરવા નય, નિશ્ચય, વ્યવહાર, પ્રમાણ, દ્રવ્ય-પર્યાયનું બેનું એક સાથે જ્ઞાન કરવું અને નિક્ષેપ જ્ઞેયના ભેદનું જ્ઞાન કરવું, એ પહેલા આવે છે. પણ અનુભવકાળમાં એ કોઈ મદદ નથી કરતા. સમજાણું કાંઈ? આવો કેવો ધર્મ? નવો માણસ હોય એને એવું લાગે કે આ તે કાંઈ 'સોનગઢ'નો ધર્મ લાગે છે. જૈનધર્મ નથી. જૈનધર્મમાં તો છકાયની દયા પાળવી, ભગવાનની પૂજા કરવી, મૂર્તિ સ્થાપવી, મંદિરો કરવા.

મુમુક્ષુ :– રાત્રે જમવું નહિ.

ઉત્તર :— રાત્રે જમવું નહિ, એ જૈનધર્મ. બાપુ! એવી તો ક્રિયા અનંતવાર કરી, સાંભળને. એ તો બધી રાગની ક્રિયા છે. એ વાત એકવાર થઈ હતી. ત્યાં જવાનું હતું ને? શેત્રુંજય? ત્યાં એ બાજુ એક ગામમાં ગયા હતા. 'ગિરનાર' નહિ, 'શેત્રુંજય'. 'શેત્રુંજય' પહેલા ગામ આવે છે. આપણે એ બાજુ ગયા હતા ને? 'શેત્રુંજય' કે 'ગિરનાર'? એક ગામમાં ગયા હતા અને વ્યાખ્યાન વાંચ્યું હતું. નામ ભૂલી ગયા. આ 'શેત્રુંજય'ની એક બાજુ શું છે? 'ઘેટી'. 'ઘેટી-ઘેટી' એ 'ઘેટી'માં એકવાર ગયા હતા. તમે નહોતા? 'ઘેટી'માં વ્યાખ્યાન વાંચ્યું હતું. શ્વેતાંબરમાં વાંચવા ગયા હતા. 'ઘેટી'. પછી ત્યાંથી શેત્રુંજય જવાનું હતું. .. માણસને. આ વાત સાંભળે. એય..! આ વાત નહિ. આ તો બીજી વાત છે. આ આપણી વાત નથી. શું કરે? સાંભળવા મળ્યું નથી. આહાહા..!

અહીં એ કહે છે, **'અનુભવ થતાં જીવવસ્તુ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષપણે આસ્વાદે છે. તેથી જેટલા કાળ સુધી અનુભવ છે તેટલા કાળ સુધી વચનવ્યવહાર સહજ જ અટકી જાય છે, કેમ કે વચનવ્યવહાર તો પરોક્ષપણે કથક છે.'** પરોક્ષરૂપે કથક છે. વ્યવહાર તો એમ કહે કે ભગવાનઆત્મા છે, આવો આત્મા છે, આવો આત્મા છે. એ તો વાણીનો વિલાસ છે. અને અંદરમાં વિકલ્પ રાગ ઉઠે છે. આહાહા..! **'આ જીવ તો પ્રત્યક્ષપણે અનુભવશીલ છે,...'** આહાહા..! ભગવાનઆત્મા તો પ્રત્યક્ષપણે અનુભવસ્વભાવવાળો છે–અનુભવશીલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આહાહા..! એના આનંદનો અનુભવ થવો એવો એનો સ્વભાવ છે. અનુભવશીલ. આહાહા..! પહેલા એનું જ્ઞાન તો કરે કે યથાર્થ શું ચીજ છે? ખબર કાંઈ નથી અને એમનેમ ધર્મ થઈ જશે. તારા જન્મ-મરણ કરતા કરતા અનંતકાળ થયો, ભાઈ! આહાહા..! ક્યાંય ભવનો અંત આવ્યો નહિ. ભવના અંતમાં પરમેશ્વર કહે છે, કે તારો આત્મા આનંદ છે એનું પ્રત્યક્ષ જ્ઞાન થવું અને એમાં આનંદનું વેદન થવું... આહાહા..! એ અનુભવશીલ ચીજ છે. આહાહા..!

**'તેથી (અનુભવકાળમાં) વચનવ્યવહાર પર્યંત કાંઈ રહ્યું નહિ.'** વચનવ્યવહારપર્યંત. એટલે વચનવ્યવહાર તો કાંઈ રહ્યું નહિ, પણ એ સિવાય કોઈ વિકલ્પાદિ પણ નહિ. આહાહા..! **'કેવી છે જીવવસ્તુ ?' 'सर्वंकषे' 'બધા પ્રકારના વિકલ્પોની...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવી ચીજ છે. એ ચીજ કેવી છે? કે **'ક્ષયકરણશીલ...'** વિકલ્પનો નાશ કરવાનો એનો સ્વભાવ છે. એ પણ વ્યવહાર કહે છે. આહાહા..! જેટલા શુભ વિકલ્પ ઊઠે છે, એનો તો નાશ કરવાનો આત્માનો સ્વભાવ છે. વિકલ્પ ઉત્પન્ન થવા એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! રાગની વૃત્તિ ઊઠે છે. ચાહે તો આ આત્મા નિશ્ચયથી શુદ્ધ છે અને વ્યવહારથી અશુદ્ધ છે. પ્રમાણથી બેનું સાથે જ્ઞાન કરે છે એવો વિકલ્પ જે રાગ છે, એ રાગનો તો નાશકરણ–નાશ કરવાનો એનો સ્વભાવ છે. આહાહા..!

શુભ-અશુભરાગની ઉત્પત્તિ થવી એ એનો કોઈ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ તો વિકૃતભાવ, વિભાવભાવ થાય છે. પણ આ તો અનુભવકરણ તો શીલ છે. આહાહા..! જીવ તો પ્રત્યક્ષરૂપ અનુભવશીલ છે. આહાહા..! નવા માણસને ગ્રીક-લેટીન જેવી ભાષા લાગે. ગ્રીક-લેટીન. આ તે કાંઈ જૈનદર્શનની વાત છે? આહાહા..! જૈનદર્શન શું છે એ સાંભળ્યું નથી. વાડામાં પડ્યા અને જે જ્યાં જન્મ્યા તે ત્યાં ક્રિયાકાંડમાં માની એમાં જિંદગી કાઢી નાખી. જાવ ચોરાશીના અવતારમાં. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા કહે છે કે, **'કેવી છે જીવવસ્તુ ?' 'सर्वंकषे' 'બધા પ્રકારના વિકલ્પોની ક્ષયકરણશીલ (ક્ષય કરવાના સ્વભાવવાળી) છે.'** ભગવાન રાગ અને વિકારને ઉત્પન્ન કરવાનો એનો સ્વભાવ નથી. વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ અને શાસ્ત્રનું જ્ઞાન, ભણવું, વાંચવું એ પણ રાગ. એ રાગને કરવો એ જીવનો સ્વભાવ નથી. આહાહા..! પર્યાયમાં પર નિમિત્તને આધીન થઈને એ વિકાર થાય છે. એ આત્માનો સ્વભાવ નથી. પણ એનો નાશ કરવાનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? નાને મોઢે મોટી વાત હશે આ? આહાહા..! ભગવાન!

મુમુક્ષુ :– મોટામાં મોટી વાત નાને મોઢે છે.

ઉત્તર :– ભગવાન! મોઢા આ તો જડ, માટી, ધૂળ છે. આ તો માટી-ધૂળ છે, રાખ છે. વાણી ધૂળ છે. આ નીકળે છે એ જડ છે. અહીંયાં તો અંદરમાં વિકલ્પ ઊઠે છે એ પણ અચેતન જડ છે. કેમ કે આત્માનો આનંદ અને જ્ઞાન એમાં નથી. આહાહા..! સમજાણું

કાંઈ?

**'ક્ષયકરણશીલ છે.'** આહાહા..! **'ભાવાર્થ આમ છે—જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે...'** સ્વાભાવિક અંધકારથી સૂર્યનો પ્રકાશ ભિન્ન છે. આહાહા..! **'તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.'** આહાહા..! વિકલ્પ જે રાગ છે એ તો અંધકાર છે. ચાહે તો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ (કરે), લાખ, કરોડ રૂપિયા ખર્ચે તો પણ એ શુભરાગ છે, એ વિકલ્પ છે. આહાહા..! એ અંધારુ છે. રાગમાં જ્ઞાન નથી, આત્મપ્રકાશ નથી, ચૈતન્યપ્રકાશનો તો એમાં અભાવ છે. સૂર્યમાં જેમ અંધકારનો અભાવ છે એમ ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપમાં વિકલ્પરૂપી અંધકારનો અભાવ છે. આહાહા..! વાત તો ઘણી સાદી અને સીધી છે, પણ લોકોએ એવી ગડબડ કરી નાખી છે. ક્યાંય હાથ આવે નહિ, આત્માનો પત્તો લાગે નહિ. આહાહા..!

**'જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે...'** સહજ જ ભિન્ન છે... આહાહા..! ટીકાકારે પણ... **'તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.' જ.** આહાહા..! આત્માનો 'અનુભવ રત્ન ચિંતામણી અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો અનુભવ મોક્ષસ્વરૂપ.' એ અનુભવ આત્માના આનંદનો સ્વાદ અને પ્રત્યક્ષ જ્ઞાન, એ રાગાદિનો તો નાશ કરવાનો સ્વભાવ છે. છે? આહાહા..! **'અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.'** સૂર્ય જેમ અંધકારથી રહિત છે. એમ ભગવાનઆત્માનો અનુભવ અંદર પ્રત્યક્ષજ્ઞાન થવું, પ્રથમ સમ્યગ્દર્શનની ઉત્પત્તિના કાળમાં, ત્યારે વિકલ્પ છે એ બધો અંધકાર છે. અંધકારનો તો અનુભવમાં અભાવ છે. આહાહા..! આમાં કેટલી વાત યાદ રાખવી? ઘરના વેપારમાં વાત આવે નહિ. ધર્મના સ્થાનકે જાય તો આ વાત આવે નહિ. ઓલા કહે કે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. આ લોકો કહે કે ભક્તિ કરો, શેત્રુંજયની અને ગિરનારની જાત્રા કરો, દિગંબરમાં કહે લુગડા કાઢીને નગ્ન થાવ. પડિમા ધારણ કરો. એક, દો, તીન, ચાર, અગિયાર. આહાહા..!

અહીં પરમાત્મા કહે છે, તારો માર્ગ, પ્રભુ! જિનેશ્વર વીતરાગ પરમાત્માએ જોયો. એ માર્ગ કોઈ અપૂર્વ છે. અપૂર્વ–પૂર્વે કદી થયું નથી. એવા અપૂર્વ અનુભવકાળમાં વિકલ્પનો તો અભાવ છે. આહાહા..! સૂર્યના પ્રકાશમાં અંધકારનો અભાવ, એમ આનંદના અનુભવમાં વિકલ્પરૂપી અંધકારનો અભાવ છે. આહાહા..! એક કલાકમાં કેટલી ભિન્ન ભિન્ન વાત આવે. બધી સાંભળેલી હોય એનાથી બીજી જાત આવે. એટલે એને એમ લાગે કે આ ધર્મ કાંઈક નવો કાઢ્યો લાગે છે. અરે..! ભગવાન!

મુમુક્ષુ :– નવા આવનાર માણસને એમ લાગે.

ઉત્તર :– એવું લાગે. આહા..! બાપુ! જિનેન્દ્રદેવ કેવળજ્ઞાની પરમાત્મા સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. 'મહાવીર' પરમાત્મા આદિ તો મોક્ષ પધાર્યા અને સિદ્ધ થયા. ણમો

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિદ્ધાણંમાં. 'સીમંધર' ભગવાન બિરાજે છે એ ણમો અરિહંતાણંમાં છે. ત્યાંથી આ વાણી આવી છે. સમજાય છે કાંઈ? 'કુંદકુંદાચાર્ય' ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આહા..! અહીં આવ્યા પછી શાસ્ત્ર બનાવ્યા. પછી સંતોએ ટીકા કરી અને કળશ બનાવ્યા. આહાહા..! 'રાજમલ' તો ગૃહસ્થ છે. એમણે અનુવાદ કર્યો. આહાહા..!

**'અહીં કોઈ પ્રશ્ન કરશે કે અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે કે જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે?'** આહાહા..! જ્યારે સમ્યગ્દર્શન થાય છે, ધર્મની પહેલી સીઢી, ચોથું ગુણસ્થાન, શ્રાવકનું પાંચમું એ તો હજી પછી. કોને પાંચમું કહેવું? હજી ચોથાના ઠેકાણા ન મળે ત્યાં પાંચમું ક્યાંથી આવ્યું? અને છઠ્ઠું ને સાતમું ગુણસ્થાન મુનિને આવી ગયું. ભાઈ! મારગડા જુદા, પ્રભુ! આહાહા..! કહે છે, કે **'અનુભવ થતાં...'** આત્મા આનંદસ્વરૂપ છે એના આનંદના વેદનમાં પ્રત્યક્ષજ્ઞાન થાય છે, એવા અનુભવના કાળમાં બધા વિકલ્પ છૂટે છે કે થોડા વિકલ્પ રહે છે? કહે છે ને? **'તે બધાય મટે છે?'** બધા વિકલ્પ છૂટી જાય છે? બધો રાગ છૂટી જાય છે? એમ કહે છે. આહાહા..!

**'ઉત્તર આમ છે કે બધા વિકલ્પો મટે છે;...'** આહાહા..! અનુભવના કાળમાં કોઈ પણ રાગની વૃત્તિ રહેતી નથી. સમ્યગ્દર્શન ઉત્પન્ન થવાના કાળમાં. સમ્યક્ એટલે સત્યદર્શન. જે પરિપૂર્ણ પરમાત્મા આત્મા આનંદકંદ સત્યસાહેબ છે. પરમેશ્વરે જોઈ એવી સત્ય વસ્તુ ત્રિકાળી આનંદકંદ છે. જેવી વસ્તુ છે એવી પ્રતીતિ થતાં જ્ઞાનમાં પ્રત્યક્ષપણું આવ્યું અને આનંદનો સ્વાદ આવ્યો એમાં કોઈપણ વિકલ્પ હોતો નથી. એમાં કોઈપણ રાગ હોતો નથી. એ વીતરાગનો માર્ગ છે. આહાહા..!

**'તે જ કહે છે—'** **'नयश्रीरपि न उदयति, प्रमाणमपि अस्तमेति, न विद्मः निक्षेपचक्रमपि क्वचित् याति, अपरम् किम् अभिदध्मः'** એ શ્લોક છે. એ શ્લોકનું કથન છે. **'જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે,...'** આહાહા..! પહેલા કહ્યું હતું ને? માલ લે છે ત્યારે ભાવ પૂછે છે, પાંચ શેર છે એ બરાબર છે? માપ કરે છે. ત્રાજવું. એ પણ સરખું છે કે નહિ? આ બાજુ કાંઈ નીચે લાખ પાછળ ચોંટાડી દીધું હોય અને શેર અહીં મૂકે તો પોણો શેર માલ આવે. તો ત્રાજવું સરખું છે? તોલ સરખો છે? અને ભાવ શું છે? એમ આત્માનો નિર્ણય કરવામાં નય, નિક્ષેપ અને પ્રમાણ ત્રણ આવે છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા કહ્યો, એવો છે કે કેવો છે? એવો નિર્ણય કરવામાં નિશ્ચય વ્યવહાર નય આવે છે. ત્રિકાળી વસ્તુને જાણવી એનું નામ નિશ્ચય છે. વર્તમાન પર્યાય અને રાગને જાણવા એનું નામ વ્યવહાર છે. દ્રવ્ય અને પર્યાય બેને એક સાથે જાણવા એ પ્રમાણ છે. અને નિક્ષેપ. જ્ઞેય જાણવાલાયક ચીજ નામરૂપ છે, સ્થાપનારૂપ છે, યોગ્યતારૂપ છે, ભાવરૂપ છે. એ જ્ઞેયના ચાર પ્રકારના ભેદરૂપે જાણવાનો નિક્ષેપ છે. એ પહેલા આવે છે. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો એવો નિર્ણય કરવા નય, નિક્ષેપ અને પ્રમાણ આવે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે,...'** પણ જ્યાં સમ્યગ્દર્શન થયું, અંતરના અનુભવમાં આવતા એ બધા જૂઠાં થઈ ગયા. અહીં તો જુઠા (કહ્યા છે). તેરમી ગાથામાં અસત્યાર્થ કહ્યું. અભૂતાર્થ છે. અહીં કહે છે, જૂઠાં છે. આહાહા..! આત્માનો અનુભવ કરવામાં એ કોઈ મદદગાર નથી. આહાહા..! નિશ્ચયનયથી ભગવાન શુદ્ધ પૂર્ણાનંદ છે, વ્યવહારથી પર્યાય અને રાગાદિ છે. ભગવાને કહ્યો એવો નિર્ણય પહેલા નયથી આવે છે. ચીજ ખાતા પહેલા શું ભાવ છે? શું તોલ છે? એ આવે છે. પણ જમવા ટાણે એ ચીજના ભાવનું કામ નથી, તોલાનું કામ નથી, ત્રાજવાનું પણ કામ નથી. એમ અનુભવના કાળમાં નય-નિક્ષપ-પ્રમાણનું કોઈ કામ નથી. એ આત્માના આનંદને ભોગવવો એ અનુભવ છે. આહાહા..! એ વખતે નય-નિક્ષેપ-પ્રમાણ જૂઠાં છે. એનો અર્થ શું થયો કે પહેલા આવે તો છે. સમજાણું કાંઈ? આહાહા..! સૂક્ષ્મ વિષય છે, ભાઈ! આહાહા..!

આ દેહમાં જે ભગવાનઆત્મા છે એ આત્મામાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આ વિષયમાં, ભોગમાં, પૈસામાં આનંદ માને છે એ તો બધું દુઃખ છે. એમ હશે? 'હસમુખભાઈ'! બધા પૈસાવાળાને લોકો સુખી કહે છે. પાગલ. પૈસાવાળા હોય, પાંચ-પચ્ચીસ લાખ મળ્યા હોય, બે-પાંચ કરોડ રૂપિયા હોય, પાગલ લોકો એને સુખી કહે છે.

મુમુક્ષુ :– લૌકિક અપેક્ષાએ તો સુખી છે.

ઉત્તર :– લૌકિક એટલે જૂઠી દૃષ્ટિની અપેક્ષાએ જૂઠા સુખી છે. આહાહા..!

અહીં તો કહે છે... આહાહા..! **'ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા ?'** આહાહા..! અહીંયાં તો નય-નિક્ષેપ-પ્રમાણથી નિર્ણય કરવાના કાળમાં વિકલ્પ થાય છે. ભગવાને કહ્યો એવો આત્મા આનંદકંદ પ્રભુ છે. દુઃખની દશા જે ઉત્પન્ન થાય છે એ તો એની અવસ્થામાં છે. ઈન્દ્રિયોના વિષય, પાંચ ઇન્દ્રિયોનો વિષય, એમાં જે રાગ ઉત્પન્ન થાય છે એ તો પર્યાયમાં રાગ વિકાર છે, સ્વરૂપમાં નથી. એમ નિર્ણય કરવામાં નિશ્ચય અને વ્યવહારનયથી નિર્ણય થાય છે પણ એ બધો વિકલ્પ છે, રાગ છે. અર્થમાં આવે છે ને? ભાઈ! નહિ સિદ્ધ કરેલી વસ્તુને સિદ્ધ કરવું એ નય છે. એના અર્થમાં આવે છે. 'સમયસાર'ના અર્થમાં આવે છે. આમાં. આ ગાથાના ભાવાર્થમાં આવે છે. આહાહા..! નય-નિક્ષેપ-પ્રમાણ પણ સર્વજ્ઞના માર્ગમાં છે, બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

નયથી નિશ્ચયથી નિર્ણય કરવો કે હું તો પૂર્ણ આનંદ, અખંડ આનંદકંદ છું. એ પણ એક વિકલ્પ રાગ છે. વ્યવહારથી નિર્ણય છે કે પર્યાયમાં રાગ છે, અશુભતા છે, શુભ છે. પર્યાય પણ અલ્પજ્ઞ છે, પૂર્ણ નથી. એવું જ્ઞાન કરવું એ વ્યવહારનયનો વિકલ્પ છે. ત્રિકાળી દ્રવ્ય અને વર્તમાન પર્યાય બેનું જ્ઞાન કરવું એ પ્રમાણ. એ પ્રમાણ પણ એક વિકલ્પ રાગ છે. અને નિક્ષેપ– કોઈપણ ચીજ નામવાળી છે કે આકૃતિવાળી છે. આ ભગવાન સ્થાપના એ નિક્ષેપ છે. ભગવાન નિક્ષેપ છે. દ્રવ્ય નિક્ષેપથી યોગ્યતા હોય. ભવિષ્યમાં ભગવાન થવાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોય, ભગવાન થઈ ગયા હોય એને વર્તમાનમાં કહેવું એ દ્રવ્યનિક્ષેપ છે. અને વર્તમાન ભાવનિક્ષેપે પરિણતિ શુદ્ધ ભગવાનપણું પ્રગટ થયું હોય એને ભાવનિક્ષેપ કહે છે. તો એવો નિર્ણય અનુભવ કરવાના કાળ પહેલા બીજી ચીજથી ભિન્ન હોવાને કારણે પરમાત્માએ કહેલા આત્માનો નિર્ણય કરવામાં આવા ત્રણ નય-નિક્ષેપ-પ્રમાણ આવે છે. પણ એ બધા વિકલ્પ છે, રાગ છે. આહાહા..! આવી વાત છે. અંતરમાં અનુભવ કરવાના કાળમાં એ બધા રાગ જૂઠા છે. આત્માને કંઈ મદદ કરતા નથી. આહાહા..! શું ચીજ છે? આહાહા..!

**'રાગાદિ વિકલ્પોની શી કથા?'** આહાહા..! અહીં તો નય-નિક્ષેપ-પ્રમાણ પણ જ્યાં જૂઠા છે. ત્યાં વિકાર, રાગ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પંચમહાવ્રતનું પાલન એ તો રાગ છે, શુભરાગ છે. એ કોઈ આત્માનું સમ્યગ્દર્શન પામવામાં બિલકુલ કારણ નથી. આહાહા..! ઝીણી વાત બહુ પણ, ભાઈ! બે, પાંચ, દસ દિ' શાંતિથી સાંભળે તો એને ખ્યાલમાં આવે કે આ વાત કાંઈક બીજી છે. છે તો સત્ય. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, **'રાગાદિ વિકલ્પોની શી કથા?'** ઓલામાં આવે છે. 'સમયસાર'માં. રાગાદિની શું વાત છે? નય-નિક્ષેપ-પ્રમાણ જ્યાં જૂઠા છે ત્યાં રાગાદિની શી વાત? આહાહા..! સ્થૂળ રાગ, બહાર પરમાત્માની ભક્તિ, શાસ્ત્રનું જ્ઞાન એ પણ રાગ છે. પર તરફના વલણવાળા ભાવ એ બધા રાગ છે. એની તો શું વાત કરવી? પણ પોતાનો આત્મા જેવો છે, એવો નિર્ણય કરવામાં પણ નય-નિક્ષેપ-પ્રમાણનો વિકલ્પ રાગ આવે છે. એ પણ સમ્યગ્દર્શનના કાળમાં, અનુભવના કાળમાં એ પણ જૂઠા છે. એ પણ મદદ કરતા નથી. આહાહા..!

**'રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે.'** ભાવાર્થમાં આવ્યું ને? એ પુણ્ય-પાપના ભાવ જે છે એ તો જૂઠા જ છે. આહાહા..! **'જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠાં છે;...'** અખંડમાં ભેદ કરવો કે આ નિશ્ચય છે અને આ વ્યવહાર છે, આ પ્રમાણ છે એવો ભેદ પણ અનુભવ કરવામાં બધા જૂઠા છે. આહાહા..! **'આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે.'** લ્યો. આહાહા..! ભગવાનઆત્મા તો અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભર્યો છે, છલોછલ ભર્યો છે. એવો અનુભવ કરતાં વિકલ્પ અને રાગ બધા જૂઠા છે. એની સાથે કોઈ અપેક્ષા છે નહિ. એને સમ્યગ્દર્શનનો અનુભવ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## જ્યેષ્ઠ વદ ૧૨, સોમવાર તા.૧૩.૦૬.૧૯૭૭
## કળશ - ૯--૧૦, પ્રવચન - ૧૪

'કળશટીકા' ચાલે છે. ૯ મો કળશ છે. અહીં સુધી આવ્યું, જુઓ! ભાવાર્થથી ફરીને. જુઓ! ભાવાર્થ છે ને? નીચે ભાવાર્થ આ બાજુ.

**'રાગાદિ તો જૂઠા જ છે,...'** શું કહે છે? રાગાદિ છે એ તો જૂઠા જ છે. પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એની પ્રાપ્તિ માટે, પ્રાપ્તિને કારણે રાગ જૂઠા છે. કોઈ રાગ એની સહાય કરે (એમ નથી). પોતાના આત્માની દૃષ્ટિ શુદ્ધ અનુભવમાં જે પહેલામાં પહેલું કર્તવ્ય છે. એ આત્મા આનંદ શુદ્ધ, એનો અનુભવ. એ અનુભવમાં રાગ તો કાંઈ મદદ કરતો નથી. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, એ પૂજાદિના શુભભાવ છે. એ તો બધા જૂઠા છે. જૂઠાનો અર્થ પોતાના અનુભવમાં સહાયક નથી. છે? **'જીવસ્વરૂપથી બાહ્ય છે.'** રાગાદિ ભાવ તો જીવના સ્વરૂપથી બાહ્ય છે, એ જીવનું સ્વરૂપ નથી.

**'પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા...'** પણ આત્માનું, શાસ્ત્રનું જ્ઞાન કરવામાં પ્રમાણ-નય અને નિક્ષેપ એ ત્રણની વ્યાખ્યા કરશે. **'બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના...'** જીવ અંદર અખંડ અભેદ એક જ છે. સમ્યગ્દર્શનમાં તો સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળ અખંડ એક દ્રવ્ય વસ્તુ છે. તો એ જીવદ્રવ્યનું દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ભેદથી વિચાર કરવો અથવા **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે,...'** આહાહા..! પોતાની ચીજ જે અખંડ અંદર આનંદ પ્રભુ! અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાનઆત્મા, એની દૃષ્ટિ કરવામાં, અનુભવ કરવામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવના જે ભેદ છે, નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂની પર્યાય વ્યય થાય છે અને (વસ્તુ તરીકે) ધ્રુવ રહે છે, એવા ત્રણ ભેદ પણ એમાં જૂઠા છે. અભેદદૃષ્ટિમાં ત્રણ ભેદ પણ કામ નથી કરતા, એમ કહે છે. આહાહા..! અને દ્રવ્ય-ગુણ અને પર્યાયનો ભેદ, એ પણ જૂઠા છે. પહેલા પ્રમાણ-નય-નિક્ષેપથી એનો નિર્ણય કરવામાં એ આવે છે, પણ એ બધા વિકલ્પ અને રાગ છે. આવી વાત છે. જેને ધર્મ કરવો હોય એને તો અંતર શુદ્ધ ચૈતન્ય જ્ઞાન અખંડ એકરૂપ આત્મા, એની દૃષ્ટિ કરીને અનુભવ કરવો, એ ધર્મનો પ્રકાર છે. આહાહા..!

**'આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે.'** લ્યો. ભગવાનઆત્મા, એના આનંદનો સ્વાદ આવવો. આનંદસ્વરૂપ આત્મા છે. અતીન્દ્રિય આનંદ. વિષયોમાં, પૈસામાં જે આનંદ માને છે એ તો ભ્રમ, અજ્ઞાન અને મિથ્યાભાવ છે. કેમ કે એમાં સુખ નથી. એ તરફની દશા, પાંચ ઇન્દ્રિયની વિષય-વાસના એ તો દુઃખ છે, રાગ છે, વિકલ્પ છે. એનાથી રહિત ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એ નય-નિક્ષેપ-પ્રમાણ પણ જ્યાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કામ કરતા નથી અથવા ભેદ પણ જ્યાં કામ કરતા નથી, ત્યાં અભેદદૃષ્ટિ કરતા આનંદનો સ્વાદ આવવો, એનું નામ ધર્મ છે. આહાહા..! એ ભવનો અંત કરવાનો આ ઉપાય છે. આહાહા..!

**'વસ્તુનો સ્વાદ છે તે અનુભવ છે.'** બહુ ટૂંકું. આહાહા..! દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ પણ જ્યાં નથી. ઉત્પાદ-વ્યય-ધ્રુવનો ભેદ પણ જ્યાં નથી. તો બીજા રાગાદિની કથા તો શું કહેવી? આહાહા..! એ ચીજ અંદર ભગવાનઆત્મા અનાકુળ શાંતરસનો કંદ પિંડ આત્મા છે. શાંત... શાંત... શાંત... અર્થાત્ અકષાયસ્વભાવસ્વરૂપ અર્થાત્ વીતરાગમૂર્તિ આત્મા. આહાહા..! એ વીતરાગમૂર્તિનો અનુભવ વર્તમાન વીતરાગભાવથી થાય છે. એ વીતરાગભાવમાં સુખનો સ્વાદ આવે છે. આહાહા..! આવું વસ્તુનું સ્વરૂપ હવે, કોઈ દિ' સાંભળ્યું ન હોય એને એવું લાગે આ શું છે ? દરકાર પણ ક્યાં કરી છે. આખી જિંદગી પાપ. ધર્મ તો નહિ પણ પાપ ઘણા અને પુણ્યના ઠેકાણા નહિ. સત્ સમાગમ, શ્રવણ, મનન, બે-ચાર કલાક કાઢવા એ પુણ્ય છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે પુણ્ય તો નહિ, પાપ તો નહિ પણ નય-નિક્ષેપ-પ્રમાણથી વસ્તુનો નિર્ણય કરવામાં વીતરાગ જેવો આત્મા છે એવો નિર્ણય કરવામાં વિકલ્પ ઊઠે છે. એ પણ સ્વરૂપનો અનુભવ કરવામાં જૂઠા છે. એની પણ સહાય કે મદદ છે નહિ. આહાહા..! હવે ત્રણનો ખુલાસો કરે છે. પ્રમાણ કોને કહે છે?

**'પ્રમાણ' 'યુગપદ્ અનેક ધર્મ ગ્રાહક જ્ઞાન;...'** એક સાથે ત્રિકાળી દ્રવ્ય અને પર્યાય બેનું જ્ઞાન કરવું એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..! એ અહીં રાગવાળું પ્રમાણ લેવું છે ને? પ્રમાણના બે ભેદ છે. નિર્વિકલ્પ પ્રમાણ, એક સવિકલ્પ પ્રમાણ. નયના પણ બે ભેદ છે. સવિકલ્પ નય અને નિર્વિકલ્પ નય. તો અહીં તો સવિકલ્પ પ્રમાણ લેવું છે. એટલે? કે **'યુગપદ્ અનેક ધર્મ...'** આત્મામાં અનેક સ્વભાવ છે. દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ, પર્યાયસ્વભાવ. એ એક સમયમાં બેયનું–દ્રવ્ય અને પર્યાયનું જ્ઞાન કરવું, અનેક ધર્મગ્રાહક. એક ધર્મગ્રાહક નથી. ધર્મ શબ્દે શક્તિ–સ્વભાવ. અંદર જે અનંત સ્વભાવ છે, અનંત ગુણ છે. એ અનંત ગુણને ગ્રહનાર, દ્રવ્ય-ગુણ-પર્યાયને ગ્રહણ કરનાર પ્રમાણ એ વિકલ્પ છે. એ પણ રાગ છે. આહાહા..! એ પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં, અભેદની અનુભૂતિ કરવામાં એનો પણ સહારો નથી. પંડિતજી! આવી ચીજ છે. આહાહા..!

**'તે પણ વિકલ્પ છે. 'નય' વસ્તુના કોઈ એક ગુણનું ગ્રાહક જ્ઞાન; તે પણ વિકલ્પ છે.'** વસ્તુ જે ભગવાનઆત્મામાં અનંત શક્તિ–ગુણ છે એમાં એક ધર્મને, એક ગુણને ગ્રહણ કરનારા જ્ઞાનને નય કહેવામાં આવે છે. એ પણ વિકલ્પ છે. આહાહા..! એ પણ રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં અનંતગુણ છે અને એની પર્યાય પણ અનંત છે. આ આત્મા, હોં! દેહથી ભિન્ન. આ તો માટી જડ છે. અને કર્મ અંદર જડ છે, એનાથી પણ

ભગવાનઆત્મા ભિન્ન. પુણ્ય-પાપના જે સાધારણ ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એવા પાપથી પણ આત્મા ભિન્ન છે અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિના વિકલ્પ રાગ એનાથી પણ આત્મા ભિન્ન છે. એનાથી તો સ્થૂળ રીતે ભિન્ન છે પણ પ્રમાણ-નય-નિક્ષેપના વિકલ્પ જે આવે છે એનાથી પણ એ ચીજ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

વસ્તુ આત્મા જે સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે જે આત્મા જોયો, દેહથી ભિન્ન અંદર વસ્તુ. 'પ્રભુ! તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા.' પરમાત્મા સર્વજ્ઞ અરિહંતદેવ, જિનેશ્વરદેવ, 'પ્રભુ તુમ જાણગ રીતી, સૌ જગ દેખતા હો લાલ.' સૌ જગતને આપ દેખો છો. ત્રણકાળ અને ત્રણલોક. કેવળી પરમાત્મા 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' પણ આ આત્મા જે અંદર છે, પોતાની નિજ સત્તા, પોતાનું હોવાપણું એ તો શુદ્ધ, પવિત્ર અને આનંદ છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે, શરીર અને કર્મ એ તો અજીવતત્ત્વમાં જાય છે. ભગવાનઆત્મા એ પુણ્ય-પાપ ને અજીવતત્ત્વથી અંદર ભિન્ન તત્ત્વ, શુદ્ધ ચૈતન્ય આનંદકંદ આત્મા છે. આહાહા..! ભગવાને એ આત્માને જોયો. એમ આ આત્મા પણ પોતાને એવો દેખે. આહાહા..! હું તો શુદ્ધ ચૈતન્ય અખંડ અને અનાકુળ આનંદકંદ છું. એમાં બાહ્ય વ્રત, તપના વિકલ્પ પણ મદદ કરતા નથી. એ તો રાગ છે. પણ આ પ્રમાણ-નય-નિક્ષેપનો વિકલ્પ પણ એને મદદ કરતા નથી. આખી ચીજનું જ્ઞાન થવું એ પણ એક વિકલ્પ, રાગ છે. એ આખી ચીજમાં એક એક ગુણનું જ્ઞાન થવું એ નય, એ જ્ઞાનના અંશનો એ વિકલ્પ છે. આહાહા..! વાતેય કેટલી ફેર. ધર્મ શું ચીજ છે (એ સાંભળ્યું નથી). આહાહા..!

કહે છે, કે **'નિક્ષેપ' 'ઉપચારઘટનારૂપ જ્ઞાન;...'** આરોપિત કે આ પ્રતિમા ભગવાન છે. આ ભગવાનનું નામ છે, ભગવાન સ્થાપના છે, ભગવાન થવાને લાયક હોય દ્રવ્ય અને ભગવાન થયા હોય એ જ્ઞેયના ભેદ. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. એ પણ એક વિકલ્પ છે, રાગ છે. ઝીણી વાત છે, ભગવાન!

જિનેશ્વરદેવનો ધર્મ પરમેશ્વર પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાનીનો કહેલો સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી ઘણી સૂક્ષ્મ છે. લોકોને સાંભળવા મળી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એક તો જિંદગી આખી પાપમાં જાય. ખાવું, પીવું, રળવું, ભોગ, વિષય, દુકાનનો ધંધો. એકલા પાપ. પાપમાં વીસ કલાક ત્યાં જાય. છ-સાત કલાક ઉંઘમાં જાય. બે-ચાર કલાક ખાવા-પીવામાં મોજમાં જાય. એ બધા પાપ છે. ભલે પાંચ-પચ્ચીસ લાખ પેદા કરે તો પણ એકલું પાપ છે. એ પાપી પ્રાણી છે. આહાહા..! એનાથી કદાચિત છૂટીને થોડા દયા, દાન, ધર્મ, પૂજા, ભક્તિ, વ્રત કરે તો એ પુણ્ય છે. એ ધર્મ નથી. એ વિકલ્પ છે, રાગ છે. એનાથી પણ છૂટીને કદાચિત્ વસ્તુ શું છે? ભગવાન આ વસ્તુને આત્માને શું કહે છે? એનો નિર્ણય કરવામાં ભેદથી નિર્ણય કરે છે એ પણ એક રાગ છે. આહાહા..! ઝીણી વાત છે, ભગવાન!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! તારી મહિમાનો પાર નથી એવી અંદર ચીજ છે. કાંઈ ખબર નથી. એક બીડી સરખી પીવે બેસે ત્યાં બસ રાજી... રાજી... મૂર્ખાઈનો પાર ન મળે. આહાહા..! એક દિવસમાં પાંચ-દસ-પચાસ હજાર લક્ષ્મી મળી જાય. લાપસી રાંધો, આજ લાપસી કરો. આહાહા..! એ ધૂળના પ્રેમીઓ, મૂર્ખાઓ પાગલ છે, કહે છે.

મુમુક્ષુ :– વસ્તી પત્રકમાં પાગલ...

ઉત્તર :– વસ્તી પત્રકમાં પાગલની સંખ્યા ઘણી હોય. પાગલને ખબર ક્યાં છે દુનિયાને ભાન ક્યાં છે કોણ છે? શું છે? આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ, તીર્થંકર પરમાત્મા અત્યારે તો મહાવિદેહમાં બિરાજે છે. એમની આ વાણી છે. એ તો એમ કહે છે, કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજમાં ધર્મ પામવામાં કોઈ વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કામ નથી કરતા, એ તો વિકાર છે. એ તો વિકાર છે પણ આત્મા ત્રિકાળી અનંતગુણનો પિંડ છે. એવા અનંતગુણનું એકસાથે જ્ઞાન કરવું એ પ્રમાણ છે, એ પણ એક વિકલ્પ અને રાગ છે. અને અનંતગુણમાં એક એક ગુણને ભિન્ન કરીને જ્ઞાન કરવું એ પણ એક નયજ્ઞાનનો વિકલ્પ રાગ છે. અને વસ્તુના ચાર ભેદ પાડવા કે આ ભગવાન નામ છે, એક ભગવાન મૂર્તિ છે, એક ભગવાન થવાને લાયક દ્રવ્ય છે અને એક ભગવાન વર્તમાનમાં છે. એવા નિક્ષેપના ચાર પ્રકાર પાડવા એ પણ વિકલ્પ, રાગ છે. 'ધર્મચંદજી'! ધર્મ ઘણો દુર્લભ છે, ભગવાન! વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ, જેને ધર્મ કહે છે એ ધર્મ બહુ અલૌકિક છે, ભાઈ! અરે..! વાણિયા વેપાર કરવામાં ઘૂસી ગયા બિચારા. પાંચ-પચાસ લાખ મળે, કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળે ત્યાં તો આપણે ફાવ્યા.

મુમુક્ષુ :– હું મોટો ને શેરી સાંકડી.

ઉત્તર :– હું મોટો થયો. બધા કરતા હું મોટો થયો. પાપમાં મોટો પાપી છે. આહાહા..! ઝીણી વાત, ભગવાન! વીતરાગનો માર્ગ તો બહુ સૂક્ષ્મ છે.

અહીં તો એમ કહે છે. **'ભાવાર્થ આમ છે કે અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે,...'** અનાદિ કાળથી આત્મા શું ચીજ છે એની ખબર નથી. જૈન સાધુ પણ અનંતવાર થયો. દિગંબર સાધુ નગ્ન મુનિ હજારો રાણી છોડીને મુનિ પણ થયો, પણ આતમજ્ઞાન, સમ્યગ્દર્શન શું ચીજ છે એનું ભાન નથી. સમજાણું કાંઈ? **'અનાદિ કાળથી જીવ અજ્ઞાની છે, જીવસ્વરૂપને નથી જાણતો.'** ભગવાનઆત્મા અંદર અતીન્દ્રિય આનંદ જેનું સ્વરૂપ છે, અતીન્દ્રિય જ્ઞાન જેનો સ્વભાવ છે, અતીન્દ્રિય શાંતિ, વીતરાગતા જેનો સ્વભાવ છે, એવા જીવસ્વરૂપને અનાદિથી અજ્ઞાની જાણતો નથી. આહાહા..! આ દુનિયાના ડહાપણ આ વકીલાતના, ડોક્ટરના, એલ.એલ.બી.ના પૂંછડા અને મોટા એમ.એ.ના પૂંછડા વળગાડે. બી.એ., બી.એસ. એ બધા અજ્ઞાનના પૂંછડા છે. આહાહા..! અજ્ઞાનીને આત્મા શું એની ખબર નથી. ભલે દસ-દસ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હજારનો મહિને પગાર મળે. એમાં શું થયું? ધૂળ? આહાહા..! એ બધા મરીને ઢોરમાં જવાના, પશુ થવાના. આહાહા..!

અહીં પરમાત્મા કહે છે, તારી ચીજની તને ખબર નથી. તારી ચીજ કેટલી મહાત્મ્યવાળી છે અને તારી ચીજમાં કેટલી શક્તિના સામર્થ્યનો ધર્મ પડ્યો છે... આહાહા..! એ ખબર નથી. એ તો અનાદિથી અજ્ઞાની છે. **'જીવસ્વરૂપને નથી જાણતો. તે જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઇચ્છે...'** ભગવાનઆત્માનો સત્ત્વ–સ્વભાવ. જેમ ભગવાનઆત્મા અનાદિ છે. અનાદિઅનંત આત્મા છે. આ શરીરનો સંયોગ મળ્યો તો જન્મ કહે છે અને શરીરનો વિયોગ થયો તો મરણ કહે છે. એ તો શરીરની વાત છે. આત્મા તો અનાદિઅનંત છે. એવો અનાદિઅનંત આત્મા, એનું અનાદિઅનંત સત્ત્વ. આત્મા અનાદિઅનંત સત્, એનું સત્ત્વ, આનંદ, જ્ઞાન, શાંતિ આદિ સ્વભાવ એ એનું સત્ત્વ છે. આહાહા..! શું કહે છે આ?

**'જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઇચ્છે...'** આહાહા..! ભગવાનના સ્વભાવની ગુણની શક્તિની પ્રતીતિ થવી જોઈએ. આહાહા..! ભગવાનઆત્મામાં તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ, અનંતવીર્ય ભર્યું છે. એને ખબર નથી. એવા સત્ત્વની **'પ્રતીતિ આવવી ઇચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે.'** તો જેવું પ્રતીતિમાં આવે એવું વસ્તુના સ્વરૂપનું સાધન કરે છે. કઈ રીતે? **'તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે,..'** ભેદ. ભેદ વિના બીજો કોઈ ઉપાય નથી, કે આ આત્મા છે એ જ્ઞાનસ્વભાવ છે, ચેતનાસ્વભાવ છે. એટલો પણ ભેદ થયો. એવું ભેદથી પહેલા જ્ઞાન તો કરવું પડે.

આત્મા છે. આ તો જડ, માટી, ધૂળ છે. આંખ બંધ કરીને જે ચીજ જણાય છે, જેની ભૂમિમાં જણાય છે એ જાણનાર આત્માનો સ્વભાવ છે. આહાહા..! ઓલું 'મોક્ષમાર્ગ'નું પદ જોયું હતું પછી, હોં! **'दंसण भूमि बाहिरा जीव वही सुखन न रुहंति'** એ શબ્દ છે. સાતમા અધ્યયનમાં ૨૪૨ પાને. શું કીધું? કે જેને હજી તત્ત્વજ્ઞાન સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. જેમ ભૂમિ વિના ઝાડ-વૃક્ષ નથી ઊગતા, એમ સમ્યગ્દર્શનની ભૂમિ વિના વ્રતનું વૃક્ષ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભૂમિ છે નહિ અને વૃક્ષ ઊગી ગયું. ક્યાંથી ઊગે? એમ સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. બસ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા અમે કરીએ ઇ સમકિત. વ્રત અને તપ કરો. એમ ને એમ કરીને મરી ગયો. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનરૂપી ભૂમિ–ભૂમિકા. એ વિકલ્પથી રહિત, પ્રમાણ નય-નિક્ષેપના વિકલ્પથી પણ રહિત અંતર નિર્વિકલ્પ આનંદનું વેદન આવવું, નિર્વિકલ્પ આનંદનો સ્વાદ આવવો એનું નામ ધર્મ છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનની ભૂમિકામાં હજી આત્મા શું છે એની ખબર નથી. એને વ્રત અને ચારિત્રનું વૃક્ષ થઈ ગયું! માનો અજ્ઞાની.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– સત્યવાત બહાર આવે ત્યારે ઊંધા માનનારા તો હોય જ.

ઉત્તર :– હોય જ. આખી દુનિયા અજ્ઞાનમાં પડી છે. આહાહા..! અને નવરાશ પણ ક્યાં? દુકાનના ધંધામાં આખો દિ' પાપમાં. એમાં બિચારા આજીવિકા થોડી હોય, પુણ્ય થોડા હોય એને દુકાનમાં બહુ રોકાવું પડે. આહાહા..! અને આજીવિકા ઝાઝી હોય તો એની મમતામાં, વ્યવસ્થા કરવામાં રોકાવું પડે. પચાસ લાખ અહીં આપ્યા, પચાસ લાખ અહીં આપ્યા, પચાસ લાખ અહીં આપ્યા. એવું કરે તો એ એક ઉપાધિમાં એકલા પાપમાં છે. આહાહા..! ધર્મ તો નથી પણ પુણ્ય પણ નથી. આહાહા..! એય..! 'ધર્મચંદજી'! છોકરા કામ કરતા હોય ત્યાં મદદ કરવા જાય. આહાહા..! પ્રભુ! તું શું કરે છો? ક્યાં જાવું છે તારે? તું કોણ છો?

કહે છે, કે આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. એનો ભેદ કરીને જાણવું તો પડે. ગુણ-ગુણીનો ભેદ કે જ્ઞાન એ આત્મા, આ જાણે એ આત્મા, શ્રદ્ધે એ આત્મા, એવો ભેદ પાડીને વિચાર કરવો એ પણ એક વિકલ્પ છે. આહાહા..! પણ એવા ભેદ પાડ્યા વિના સમજાતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવનો હુકમ બીજી જાતનો છે. વર્તમાન ચાલે છે એ બીજી જાત ચાલે છે. લોકોએ અજૈનને જૈનધર્મ માની રાખ્યો છે. આહાહા..!

ભગવાન પરમેશ્વર એમ કહે છે, કે **'તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે,..'** આત્મા અખંડ અભેદ છે, પણ એ જ્ઞાન દ્વારા જણાય છે, જ્ઞાન લક્ષણ છે, લક્ષ દ્રવ્ય છે એવો ભેદ પાડીને જાણવામાં આવે છે. પહેલા એવો વિકલ્પ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! આ વીતરાગનો માર્ગ હશે? વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્મા એમણે કહેલો ધર્મમાર્ગ એવી ચીજ કોઈ ઠેકાણે નથી, કોઈમાં નથી. જે સંપ્રદાયમાં પડ્યા એને ભાન નથી તો બીજાને તો શું ખબર હોય? આહાહા..!

અહીંયાં કહે છે, કે **'તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે, બીજો ઉપાય તો કોઈ નથી.'** આત્મામાં અનંતગુણ છે, એનો એ ધરનારો છે, એની અનંતપર્યાય છે. પર્યાયમાં પરલક્ષી રાગ થાય છે એમ જાણવું તો પડે. જાણ્યા વિના વસ્તુની સ્થિતિને સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા કહ્યો, જેવો કહ્યો એવું જાણવામાં પ્રમાણ-નય-નિક્ષેપ આવે છે. આહાહા..! વીતરાગ સિવાય અન્યમતિઓ આત્માને શું કહે છે? અને પરમેશ્વર આત્માને શું કહે છે? એને જાણવા માટે પ્રમાણ-નય-નિક્ષેપ વચ્ચે આવે છે. પણ એ પણ છે તો વિકલ્પ અને રાગ. આહાહા..! **'ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે.'** જુઓ! આહાહા..! અંતર ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ છે, એવો ગુણી અને ગુણનો વિચાર કરતા વિકલ્પ આવ્યો, રાગ આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? રાગ જેટલો થયો એ રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પ છે, એ પણ ધર્મનું કારણ નથી. આહાહા..!

અરે..! એને દયા ક્યાં છે? કોની? એને પોતાની દયા ક્યાં છે? અરે..રે..! હું ક્યાં જઈશ? ક્યાં થઈશ? કઈ રીતે થઈશ અને કઈ રીતે રહીશ? ક્યાં જઈશ? ખબર નથી. આત્માની દયા છોડીને પરની દયા કરવા નીકળી પડ્યો છે. દયામંડળીના નાયક, પ્રમુખ, ફલાણા, ઢીકણા. પરનું કંઈ કરવાને ત્રણકાળમાં સમર્થ નથી. પરની દયા પણ એનું આયુષ્ય હોય તો બચે. એને ઠેકાણે કહે કે હું દયા પાળી શકું. એ માન્યતા ભ્રમ અને મિથ્યાત્વ છે. આહાહા..! એમાં આગળ પડતા થાય. આ આત્મા શું ચીજ છે? સર્વજ્ઞ પરમેશ્વર શું કહે છે? એના પ્રમાણ-નય-નિક્ષેપના ભેદથી... ભેદ કહ્યો ને? ગુણ-ગુણીના ભેદથી જાણવું. એ પણ આ દ્રવ્ય છે અને આ પર્યાય છે એ પણ ભેદ થયો ને? એટલો પણ ભેદ પાડીને પ્રમાણથી જાણવું એ વિકલ્પ રાગ છે. અને એક એક ગુણને એક એક નયથી જાણવું એ પણ વિકલ્પ છે. જાણવાની ચીજમાં ચાર ભેદ પાડવા–નામ, સ્થાપના, યોગ્યતા અને ભાવની વર્તમાન પ્રગટતા યોગ્યતા. એ ચાર પ્રકારથી વિચાર કરવો એ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! કહો, 'પંડીતજી'! આહાહા..!

એ **'ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે...'** આવે છે. સમજાણું કાંઈ? માલ લેવા જાય છે. બરફી. તો પહેલા ભાવ પૂછે છે, કે ભાઈ! પાંચ રૂપિયાના શેરના હિસાબે ટકા શેરનો ભાવ, એક વાત. તોલાનો નિર્ણય કરે છે કે તમારું પાંચ શેરી તોલું બરાબર છે? ત્રાંબાના છાપવાળી આવે છે ને? બે. અને ત્રીજું ત્રાજવું. એ ત્રાજવું બરાબર છે? કારણ કે આ બાજુ જેમાં માલ પડે છે એમાં નીચે લાખ-બાખ લગાવી હોય, તો શેર તોલ નહિ ને પોણો શેર આવે. તો ત્રાજવું બરાબર છે? ત્રાજવું, તોલા અને ભાવ. એમ માલ લેતા પહેલા નક્કી કરે છે. પણ જમતી વખતે એ ત્રણને ભૂલી જાય છે.

એમ આત્મા ભગવાન સર્વજ્ઞ કહે છે એમ પ્રમાણ-નય-નિક્ષેપથી તુલના, તોલા, પૂર્ણ માપ શું છે? સમજાણું કાંઈ? એક એક નયનો ધર્મ કેટલો છે? અને નિક્ષેપ કોને કહે છે? એવું જ્ઞાન તો થાય છે. પણ એ જ્ઞાન થાય છે એ વિકલ્પવાળું, રાગવાળું છે. આહાહા..! જેમ એ બરફી ખાતી વખતે ભાવ, તોલા અને ત્રાજવા ત્રણને ભૂલી જાય છે. આહાહા..! ત્રાજવું સમજો છો?

અહીંયા કહે છે, કે પહેલા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જે અનંત આત્મા છે, અનંત પરમાણુ છે, એવા એક એક આત્મા કેવા છે એને જાણવામાં ભેદથી પ્રમાણ-નય-નિક્ષેપ આવે છે. એ પણ એક વિકલ્પ તો છે. પહેલા આવે છે, આવ્યા વિના રહે નહિ. ભાવ પૂછ્યા વિના માલ લઈ લે? આ બરફી લઈ લ્યો. પણ કેટલો ભાવ છે? પૂછ તો ખરો. તારે કેટલી લેવી છે? આહાહા..! એમ ભગવાનઆત્મા અંદર પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંદર આત્મા છે. એની શક્તિમાં અનંત આનંદ અને જ્ઞાન ભરેલા છે. ભરિત અવસ્થ. અંતર પૂર્ણ અનંત જ્ઞાન, શાંતિ, આનંદ, સ્વચ્છતા પૂર્ણ ભરી છે. આહાહા..! એનો નિર્ણય કરવામાં પ્રમાણ, નયના ભેદથી વિચાર કરવામાં વિકલ્પ તો આવે છે. પહેલા તો વિકલ્પ આવ્યા વિના ભગવાન શું કહે છે અને બીજા અજ્ઞાની શું કહે છે? એની ભિન્નતા જણાતી નથી. તો ભિન્નતા જાણવામાં પહેલા પ્રમાણ અને નિક્ષેપથી આત્માને જાણવો એવો વિકલ્પ આવે છે. તો પહેલી અવસ્થામાં આવે એને ભલો કહેવામાં આવે છે.

**'તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે.'** આહાહા..! પણ ભગવાનઆત્મા અંદર સમ્યગ્દર્શન પ્રાપ્તિના કાળમાં... સમ્યગ્દર્શન હજી, હોં! એ પહેલી ધર્મની સીઢી. ધર્મની પહેલી સીઢી, શ્રેણી. આહાહા..! એ ધર્મ પ્રાપ્તિના કાળમાં... આહાહા..! પ્રથમ એ ચાર આવે છે. એને છોડીને પછી આત્માના આનંદનો અનુભવ કરવો, આનંદનો સ્વાદ લેવો એનું નામ ધર્મ છે. જૈનધર્મમાં એને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ વાત તો કોઈએ સાંભળી ન હોય. ક્યારે કરે? ક્યારે વિચારે? અરે...! જિંદગી ચાલી જાય છે. મૃત્યુનો સમય ભગવાને દીઠો એ નક્કી છે. એ સમય પલટશે નહિ. જે સમયે, જે ક્ષેત્રે, જે સ્થિતિએ દેહ છૂટવાનો એ નક્કી છે. ત્યાં આગળ-પાછળ નહિ થાય. મોટા ડોક્ટર બોલાવે માટે આયુષ્ય વધી જાય. આહાહા..! ક્ષણમાં ચાલ્યા જાય છે. જુઓને! અત્યારના કેટલા દાખલા છે. આહા..! આપણે અહીં 'માણેકલાલ' એક સેકન્ડમાં ચાલ્યા ગયા. દેહ તો માટી, ધૂળ છે. એ તો મુદ્દત છે ત્યાં સુધી રહેશે. પછી છૂટી જશે. આહાહા..! એ પહેલા આવા આત્માનું જ્ઞાન ન કર્યું, તો એ મનુષ્યપણું એનું બધું નિરર્થક, નિષ્ફળ છે. ચાહે તો કરોડપતિ થયો હોય અને ચાહે તો એક મહિનાના લાખનો પગાર હોય. બધું ઢોર જેવું જીવન છે. બરાબર છે? 'મોહનભાઈ' કહેતા હતા. એના છોકરાઓને કહેતા હતા. આ કરવા જેવું છે... આ કરવા જેવું છે, એમ કહેતા હતા. કહેતા હતા ને? 'મોહન વાઘજી' એના દીકરાને શું કહેતા હતા? બિચારા ઊડી ગયા. દેહ છૂટી ગયો. બહુ તો અહીં જ રહેતા હતા. આહાહા..! હજારો માણસ ચાલ્યા ગયા. કેટલા? યાદ કરીએ તો પૂરું ન થાય. કેટલા ચાલ્યા ગયા. આહાહા..! 'પાલેજ'માં અમારી દુકાન હતી, તો સાથે કેટલાય માણસ હતા, ભાગીદાર હતા. બધા ખલાસ થઈ ગયા. ત્રણ છોકરા છે, બસ. ક્યાં મરીને ચાલ્યા ગયા. આહાહા..! ધંધા... ધંધા... ધંધા... ધંધા... પાપના.

અહીં તો હજી કહે છે, કે આત્માને જાણવામાં ગુણ-ગુણીના ભેદ પહેલા આવે તો છે. એ નય-નિક્ષેપ-પ્રમાણમાં આવ્યા વિના રહે નહિ. એ પણ આત્માનો અનુભવ કરવામાં મદદગાર નથી. એ પણ જૂઠા છે. આત્માના આનંદનું વેદન કરવું એ ધર્મ, એમાં એ બધા વિકલ્પ પણ ખોટા છે. આહાહા..! કહો, બરાબર છે? આહાહા..! બહારમાં કાંઈ પાંચ-પચાસ લાખ મળે, ત્યાં તો જાણે... આહાહા..! જાણે અમે મોટા શેઠીયા થઈ ગયા. આહાહા..! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છોકરો નથી? 'જયેશ', એનો મામો 'શાંતિલાલ ખુશાલ' 'ગોવા-ગોવા' બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ચાલીસ કરોડ. સાંભળ્યું છે ને? 'ગોવા'માં. આપણે આ છોકરો 'જયેશ' છે ને? એના મામા છે. એ હમણા દોઢ વર્ષ પહેલા ગુજરી ગયા. પૈસા બે અબજ અને ચાલીસ કરોડ. પાંચ મિનિટમાં મરી ગયો. હાય.. હાય.. એ મને દુઃખે છે... મને દુઃખે છે... એટલું કહ્યું, ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવ્યા એ પહેલા ભાઈસાહેબ ઉપડી ગયા. 'ગોવા'માં એના ૪૦-૪૦ લાખના બંગલા, હોં! ત્રણ બંગલા છે. ૧૦-૧૦ લાખના બે, એક ૪૦ લાખનો. મરી ગયા. એ પણ ક્યાં તારી ચીજ છે? એ તો જગતની ચીજ છે. આહાહા..! એમાં રોકાતા તારું રહી ગયું. તારી ચીજ શું છે એ વાત રહી ગઈ. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ થઈ શકે એ ચીજ છે. આ થઈ શકે છે. આહાહા..!

ભગવાન પરમેશ્વર જિનેશ્વરદેવ એ ભગવાનની વાણીમાં આ આવ્યું, પ્રભુ! તું અખંડાનંદ ચીજ અંદર છે. અમે અરિહંતપદ પામ્યા. અમને દશામાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતશાંતિ મળી એ આવી ક્યાંથી? એ અનંતજ્ઞાન અતીન્દ્રિય આનંદ અરિહંત પરમાત્માને થયો. એ આવ્યો ક્યાંથી? બહારથી આવે છે? એ અંદરમાં પડ્યો છે. આત્માની શક્તિમાં, ગુણમાં એ બધું પડ્યું છે. એમાંથી અનંતજ્ઞાન અને અનંતઆનંદ આવે છે. બહાર ધૂળમાં છે? આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, કે '**તે વિકલ્પો પ્રથમ અવસ્થામાં ભલા જ છે...**' આવ્યા વિના રહે નહિ. એ વિના બીજો ઉપાય નથી. સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વર આત્મા કોને કહે છે? અને વીતરાગ સિવાય બીજા બધા આત્મા-આત્મા કહે છે. પણ બેમાં ફેર છે. ઘણો ફેર છે. ઉગમણો-આથમણો ફેર છે. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ જે અનંત આત્માને કહે છે અને એક એક આત્મામાં અનંતગુણ અને અનંતગુણની એક એક સમયમાં અનંતી એક સમયની એક પર્યાય એવી અનંતીપર્યાય, એવી વાત જિનેશ્વર સિવાય ક્યાંય છે નહિ. તો આવો નિર્ણય કરવામાં પહેલા રાગનો વિકલ્પ આવે છે. પરથી ભિન્ન પાડવા અને સ્વ ચીજ શું છે (એ સમજવા વિકલ્પ આવે છે) પણ અનુભવ કરવાના કાળમાં એ મદદગાર નથી. એ વિકલ્પ જૂઠા છે. આહાહા..!

અનુભૂતિ... આહાહા..! ભગવાનઆત્મા જેમ પવિત્ર છે, અનંતઆનંદ છે. એવી અનુભૂતિ–એને અનુસરીને થવું. નિર્વિકલ્પ આનંદપણે થવું એનું નામ અનુભૂતિ. એની પ્રતીતિ નામ સમ્યગ્દર્શન. આહાહા..! અને એમાં રમણતા એનું નામ ચારિત્ર. સમજાણું કાંઈ? તો કહે છે, કે એ વિકલ્પ પહેલી અવસ્થામાં આવે છે. '**ભલા જ છે...**' હોં! પાછો એ શબ્દ નાખ્યો છે. આવે તો ખરો ને. 'જ' શબ્દ વાપર્યો છે. '**તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠાં છે.**' આહાહા..! એ નવમો શ્લોક થયો. ૯ શ્લોક.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(ઉપજાતિ)

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'शुद्धनयः अभ्युदेति' (शुद्धनयः) નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ (अभ्युदेति) પ્રગટ થાય છે. શું કરતો થકો પ્રગટ થાય છે? 'एकम् प्रकाशयन्' (एकम्) શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને (प्रकाशयन्) નિરૂપતો થકો. કેવું છે શુદ્ધ જીવસ્વરૂપ? 'आद्यन्तविमुक्तम्' (आद्यन्त) સમસ્ત પાછલા અને આગામી કાળથી (विमुक्तम्) રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે. વળી કેવી છે જીવવસ્તુ? 'विलीनसंकल्पविकल्पजालं' (विलीन) વિલય થઈ ગયા છે (संकल्प) રાગાદિ પરિણામ અને (विकल्प) અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય જેને એવી છે. ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે. વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ? 'परमभावभिन्नम्' રાગાદિ ભાવોથી ભિન્ન છે. વળી કેવી છે? 'आपूर्णम्' પોતાના ગુણોથી પરિપૂર્ણ છે. વળી કેવી છે? 'आत्मस्वभावं' આત્માનો નિજભાવ છે. ૧૦.**

૧૦મો શ્લોક.

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

આહાહા..! વીતરાગ સર્વજ્ઞની વાણી સંતો આડતિયા થઈને જગતને માલ બતાવે છે. ભગવાન પરમેશ્વર એમ કહે છે, આવો માર્ગ વીતરાગી સંતો. વીતરાગી મુનિઓ, સંતો વનમાં વસતા હતા. એ અહીં 'અમૃતચંદ્રાચાર્ય' કળશમાં કહે છે. આહાહા..! ભગવાન! **'शुद्धनयः अभ्युदेति' 'નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ પ્રગટ થાય છે.'** આહાહા..! હવે શુદ્ધનયનો ઉપદેશ પ્રગટ થાય છે. શુદ્ધનયનો અર્થ નિરુપાધિક જીવસ્વરૂપ, જીવવસ્તુસ્વરૂપ, એનું નામ શુદ્ધનય. એનો **'अभ्युदेति'** એટલે એનો ઉપદેશ આવે છે, નીકળે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે આત્મા અંદર છે એ તો મલિનતા રહિત છે. મલિનતા જે પુણ્ય-પાપના ભાવ છે, એ તો જડ અચેતન ભિન્ન છે. ભગવાનઆત્મા તો નિરુપાધિ (સ્વરૂપ છે). જેમ સ્વચ્છ પાણી કાદવના મેલથી રહિત છે. એમ ભગવાન અંદર આત્મા પુણ્ય-પાપના મેલથી ભિન્ન છે, રહિત છે. આહાહા..! એવા આત્માને અહીં શુદ્ધનય કહે છે. એ શુદ્ધનય હવે પ્રગટ થાય છે. કથનમાં થાય છે અને શુદ્ધનય અંદરથી પ્રગટ થાય છે. આહાહા..! અરે..! આવી વાતું હવે. શુદ્ધનય શું એ કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યું પણ ન હોય. શુદ્ધનય એટલે આત્મા ત્રિકાળી પવિત્ર આનંદકંદ છે, એને શુદ્ધ જ્ઞાનનો નય, જે જ્ઞાન પવિત્ર છે એ પવિત્ર અંશનો જે વિષય છે એ આત્મા. એ આત્માને જ શુદ્ધનય કહ્યો. આહાહા..!

ફરીથી, **'નિરુપાધિ જીવવસ્તુસ્વરૂપનો ઉપદેશ પ્રગટ થાય છે.'** આહાહા..! ભગવાન ચૈતન્યપ્રકાશનું પૂર અંદરમાં ભગવાનઆત્મા છે, એ ચૈતન્યના પ્રકાશનું નૂરનું તેજનું પૂર છે. અરે..! ક્યાં કદી સાંભળ્યું છે? આહાહા..! તેજનું પૂર. આહાહા..! એ જ્ઞાનરૂપી પ્રકાશનું નૂરરૂપી તેજનું ભગવાનઆત્મા તો પૂર છે. જેમ પાણીનું પૂર હોય છે એમ ચૈતન્યપ્રવાહનું પૂર અંદર છે. આહાહા..! જેમાં પુણ્ય અને પાપ, રાગાદિ વિકલ્પનો અભાવ છે. આખા સંસારની દશાનો જેમાં અભાવ છે. એવી ચીજ અંદર આત્મા ભગવાન શુદ્ધનય એટલે આત્મા પ્રગટ થાય છે. અથવા એનો ઉપદેશ હવે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? ઓલો કહે, કંદમૂળ ખાવા નહિ, રાત્રે આહાર-પાણી કરવા નહિ, છપરબી પાળવું, છકાયના જીવની દયા પાળવી, જૂઠું બોલવું નહિ, બ્રહ્મચર્ય પાળવું. આવી વાતું તો સાંભળી છે, બાપુ! આ વળી ક્યાં? બાપુ! એ બધી વાતું...

મુમુક્ષુ :– ઓલું સાંભળ્યું હતું અને આ આપે બતાવ્યું.

ઉત્તર :– બાપુ! એ બધી વાતું તો રાગની ક્રિયાની વાતું છે, ભાઈ! એ ધર્મ નહિ, એ ધર્મની રીત નહિ. આહાહા..! વીતરાગ પરમેશ્વરનો ધર્મ વીતરાગભાવથી પ્રગટે છે. રાગભાવથી પ્રગટે એ વીતરાગ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :– પેલો ધર્મ નથી પણ સદાચાર તો છે.

ઉત્તર :– એ સદાચાર આ છે. સચ્ચિદાનંદ ભગવાનઆત્મા, એની દૃષ્ટિ કરીને એમાં લીન થાય એ સત્ આચાર–સદાચાર છે. આહાહા..! બાકી મંદ કષાયને સદાચાર કહે એ વ્યવહારનયનું કથન છે. બહુ ઝીણી વાત, બાપુ! દુનિયા તો જાણી છે ને. નથી જાણી? આહાહા..! શું ચાલે છે એ પણ જાણીએ છીએ કે નહિ? આહાહા..! ૬૪ વર્ષ તો દીક્ષિત થયા એને થયા છે. દુકાન છોડીને ૬૪ વર્ષ તો દીક્ષિત થયાને થયા છે. અને શરીરને ૮૮ વર્ષ થયા છે. શરીરને બે આઠડા ૮૮ (થયા). ૯૦ માં બે ઓછા. અમને તો નાની ઉંમરથી આનો અભ્યાસ છે. ૧૭ વર્ષની ઉંમરથી. ૭૧ વર્ષ પહેલા. આહાહા..! બધાને જાણીએ છીએ. શું ચાલે છે. સંપ્રદાયમાં પણ એકવીસ વર્ષ, ચાર માસ રહ્યા ને? સ્થાનકવાસી. પિતાજી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ સંપ્રદાયમાં હતા. પછી તો ખબર પડી કે અંદર માર્ગ બીજો છે. બાપુ! માર્ગ બીજો છે, ભાઈ! આહાહા..!

કહે છે, શુદ્ધનય પ્રગટ થાય છે. **'શું કરતો થકો પ્રગટ થાય છે?'** ભાષા જુઓ! **'एकम् प्रकाशयन्'** આહાહા..! એક નામ **'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને નિરૂપતો થકો.'** શુદ્ધનય નિશ્ચય યથાર્થ નયનું કથન શુદ્ધ સ્વરૂપ જીવવસ્તુનો પ્રકાશ કરવો એ બતાવે છે. ભગવાન શુદ્ધ સ્વરૂપી... અરે..! કેમ બેસે? આહાહા..! એક અડદની દાળ છાશમાં બરાબર સરખી ન હોય. સડદી-સદડી. સદડી અમારી ગુજરાતી ભાષા છે. તમારી ભાષામાં એકરસ (કહે છે). અડદની દાળ હોય છે ને? એમાં છાશ એકરસ થાય એને અમારી ગુજરાતી ભાષામાં સદડી કહે છે. એકરસ થઈ જાય. એકરસ ન હોય તો કહે, કોણે બનાવ્યું આ? ધાનનું ધૂળ કરી નાખ્યું. ઢીંચણીયું ઊડે ત્યાં. એને આ કહે.

મુમુક્ષુ :– હવે ઢીંચણીયા નીકળી ગયા. સાહેબ !

ઉત્તર :– ઢીંચણીયા રાખતા હતા. આહાહા..!

અહીં કહે છે, કે ભગવાન! એકવાર સાંભળ તો ખરો. જરી શાંતિથી સાંભળ તો ખરો, નાથ! આહાહા..! **'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને..'** **'प्रकाशयन्'** **'एकम् प्रकाशयन्'** એમ શબ્દ પડ્યો છે ને? વસ્તુ જે એકરૂપ ત્રિકાળી આનંદકંદ છે, એકરૂપ છે, એનો અર્થ અહીં કહ્યો, **'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુને...'** **'प्रकाशयन्'**. આહાહા..! સમ્યગ્જ્ઞાન શુદ્ધનય એકરૂપ પ્રકાશમાન આત્મા. આહાહા..! જેમાં રાગ, પુણ્ય, દયા, દાન તો નથી પણ પ્રમાણ-નય-નિક્ષેપનો વિકલ્પ પણ નથી અને જેમાં એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય પણ નથી. આહાહા..! **'एकम् प्रकाशयन्'** સમ્યગ્જ્ઞાન શુદ્ધનય. શુદ્ધનયસ્વરૂપ તો આત્મા પોતે છે. પણ અહીંયાં તો શુદ્ધનય પ્રકાશ કરે છે એમ બતાવવું છે ને? આહાહા..! એકરૂપ ચૈતન્ય અંદર આનંદકંદ આનંદનું દળ. અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પરમાત્મા આત્મા છે. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાનનો સાગર આત્મા અંદર છે. અતીન્દ્રિય જ્ઞાનથી ભરપૂર ભરેલો આત્મા છે. અને અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલો આત્મા છે. એવા એકરૂપ ત્રિકાળને બતાવનારને અહીં શુદ્ધનય કહે છે. ભાષા તો સાદી આવે છે પણ ભાવ તો જે હોય એ આવે. બીજું તો શું કરીએ ત્યારે? ભાષા તો સાદી આવે છે. સાદી ભાષામાં સમજાય એવું છે. કેમ 'પન્નાલાલજી'! દુકાનના ધંધામાંથી માંડ નિવૃત્તિ (લીધી). કીધું હતું, એક આવ્યો હતો... આહાહા..! જગતના મોહે મારી નાખ્યા.

મુમુક્ષુ :– મોહરાજાનું રાજ ચાલે છે.

ઉત્તર :– મોહરાજાનું રાજ.

અહીં હવે પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા એમ ફરમાવે છે. એકરૂપ અંદર જે ચૈતન્ય આનંદ ધ્રુવ શુદ્ધ સામાન્ય એને શુદ્ધનય બતાવે છે. સમ્યક્ સાચી નય એને કહે છે કે આ તારી ચીજ છે. સમજાણું કાંઈ? આહાહા..! **'શુદ્ધસ્વરૂપ જીવવસ્તુ...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકની વ્યાખ્યા કરી. એક બતાવે છે. **'एकम् प्रकाशयन्'** **'एकम् प्रकाशयन्'** નો અર્થ, એક એટલે શુદ્ધ સ્વરૂપ જે ત્રિકાળી એકરૂપ છે એને બતાવનાર નય એટલે જ્ઞાન, એને અહીં શુદ્ધનય કહે છે. એની પ્રતીતિ અનુભવ કરવો, એકરૂપ જ્ઞાનનો, આનંદનો પ્રકાશ, એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ધર્મની પહેલી સીઢીની શરૂઆત ત્યાંથી થાય છે. બાકી થોથા છે. આહાહા..!

**'કેવું છે શુદ્ધ જીવસ્વરૂપ ?'** પ્રકાશનું નિરૂપણ કરે છે એમ કહ્યું. **'आद्यन्तविमुक्तम्'** આત્મા પહેલા નહોતો અને પછી થયો એમ છે? આદ્યથી રહિત છે, અંતથી રહિત છે. આત્મા આદ્યથી રહિત છે એટલે અનાદિથી છે. એને કોઈ ઈશ્વરે બનાવ્યો છે એવી ચીજ છે? એ તો અનાદિ સત્ય વસ્તુ છે. આહાહા..! ભગવાનઆત્મા અંદર જે છે એ આદિ-અંત રહિત છે. શરૂઆત નહિ, અંત નહિ, નાશ નહિ. ભવિષ્યમાં આત્માનો ક્યારે નાશ થશે? એ તો અવિનાશી ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'आद्यन्तविमुक्तम्'** **'સમસ્ત પાછલા અને આગામી કાળથી રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે.'** લ્યો. ત્રિકાળીને, શુદ્ધ ચૈતન્યનને પ્રકાશે એનું નામ શુદ્ધનય, નિશ્ચયનય કહેવામાં આવે છે. એ ત્રિકાળી ચીજનો અનુભવ કરવો, એની સન્મુખ થવું અને નિમિત્ત, રાગ અને પર્યાયથી વિમુખ થવું, એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની પ્રથમ સીઢી છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ ૧૩, મંગળવાર તા.૧૪.૦૬.૧૯૭૭
## કળશ - ૧૦-૧૧ પ્રવચન - ૧૫

'સમયસાર-કળશ' જીવ અધિકાર. ૧૦મો કળશ છે. અહીં આવ્યા છીએ.

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુ...'** આ અંદર જે આત્મા ભગવાન શુદ્ધ વસ્તુ અનંત શુદ્ધ ગુણનો પિંડ (છે) એ વસ્તુની **'આદિ પણ નથી,...'** એ વસ્તુની શરૂઆત પણ નથી. વસ્તુ તો અનાદિ છે. એની શરૂઆત ક્યારથી? **'આદિ પણ નથી, અંત પણ નથી.'** આહાહા..! જીવ જે અંદર શુદ્ધ પદાર્થ છે એ અસ્તિ છે, સત્ છે. એ સત્‌ની આદિ નથી. છે તે ત્રિકાળ છે અને એનો અંત નથી. એનો નાશ પણ નથી. **'आद्यन्तविमुक्तम्'** **'પાછલા અને આગામી કાળથી રહિત છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવવસ્તુનો આદિ પણ નથી, અંતપણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે.'** કાલે અહીં સુધી આવ્યું હતું.

શું કહે છે? શુદ્ધનય કોને કહીએ? કે જે ત્રિકાળી ચૈતન્યમૂર્તિ પૂર્ણ આનંદને બતાવનારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન દશા તેને શુદ્ધનય કહે છે. અર્થાત્ જે વસ્તુ છે એ જ શુદ્ધનય છે. એ શુદ્ધનય છે. આહાહા..! વિષય છે એ તો પહેલા કહ્યું. **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ૧૧મી ગાથા. મૂળ ગાથા **'भूदत्थो देसिदो'**. ભૂતાર્થ ચીજ છે એ જ શુદ્ધનય છે. એ કહ્યું ને? જુઓ! **'આદિ પણ નથી, અંત પણ નથી. જે આવું સ્વરૂપ સૂચવે તેનું નામ શુદ્ધનય છે.'** બતાવે એનું નામ શુદ્ધનય. પણ એનો વિષય છે એ જ શુદ્ધનય છે. આહાહા..! ઝીણી વાત છે.

**'વળી કેવી છે જીવવસ્તુ?' 'विलीनसंकल्पविकल्पजालं' (विलीन) 'વિલય થઈ ગયા છે...'** રાગાદિ પરિણામ જેમાં છે જ નહિ. આહાહા..! અનુભવ કરવામાં, ધર્મની દશા કરવામાં એ શુદ્ધ ચૈતન્યવસ્તુના અનુભવમાં એમાં રાગાદિ નથી. ત્રિકાળમાં નથી એ તો દૃષ્ટિમાં આવ્યું ત્યારે ત્રિકાળમાં નથી એમ આવ્યું ને? દૃષ્ટિમાં આવ્યું કે આ ત્રિકાળમાં નથી, તો પર્યાયમાં નથી એમ આવ્યું. સમજાણું કાંઈ? એ તો કહેશે. અહીં તો પર્યાયમાં તો ભેદ પણ નથી. અખંડ વસ્તુ સમ્યગ્દર્શન, એનો વિષય પરિપૂર્ણ ચીજ આનંદકંદ છે. આહાહા..! એ શુદ્ધનય રાગાદિ રહિત છે અને વિકલ્પ... હવે આવ્યું, જુઓ!

**'અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય...'** ભેદો. જ્ઞાનના ભેદો પણ અંતરમાં નથી. **'અનેક નયવિકલ્પરૂપ જ્ઞાનના પર્યાય...'** શુદ્ધ જ્ઞાન. આ એમ છે. એવી દૃષ્ટિનો વિષય કરવો, એને ધ્યાનમાં લેવો, ધ્યાનનો વિષય પૂર્ણ કરવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. આવી વાત છે. ધર્મની શરૂઆત જ આવી છે. પૂર્ણ આનંદ શુદ્ધ વસ્તુ, એમાં રાગ-દ્વેષ નથી તો દૃષ્ટિમાં રાગ-દ્વેષ નથી. અને શુદ્ધ વસ્તુમાં જ્ઞાનભેદ નથી. તો પર્યાયનો વિષય છે એમાં ભેદ નથી તો પર્યાયમાં પણ ભેદ નથી. અભેદ દૃષ્ટિ થઈ એમ કહે છે. આહાહા..! આવો માર્ગ હવે.

મુમુક્ષુ :– ધર્મ તે...

ઉત્તર :– આ ધર્મ થાય. આમ ધર્મ થાય છે. આહાહા..! ચૈતન્યઘન, શુદ્ધનયનો વિષય કહો કે શુદ્ધનય કહો, પૂર્ણાનંદ પ્રભુ! આવશે. આગળ આવશે. રાગાદિથી રહિત અને ભેદથી રહિત. જ્ઞાનના વિકલ્પથી પડતા ભેદો, એનાથી વસ્તુ છે એ ત્રિકાળ રહિત છે. એ દૃષ્ટિનો વિષય અને એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે સમસ્ત સંકલ્પ-વિકલ્પથી રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ સમ્યક્ત્વ છે.'** લ્યો. **'સમસ્ત સંકલ્પ-વિકલ્પ...'** સંકલ્પની વ્યાખ્યા રાગાદિ પરિણામ, વિકલ્પની વ્યાખ્યા જ્ઞાનના ભેદ. એ બધાથી **'રહિત વસ્તુસ્વરૂપનો અનુભવ...'** આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે. ધર્મની પહેલી શરૂઆત અહીંથી થાય છે. હિન્દી સાવ સાદુ છે. આ કાંઈ આપણા હિન્દીવાળાના હિન્દી જેવું નથી. સમજાણું કાંઈ? આહાહા..! દેહથી તો ભિન્ન, કર્મથી ભિન્ન, રાગાદિથી ભિન્ન, ભેદથી ભિન્ન. એવી એક સમયની પૂર્ણ શુદ્ધ વસ્તુ, એનો અનુભવ તે સમ્યગ્દર્શન છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'વળી કેવી છે શુદ્ધ જીવવસ્તુ?' 'परभावभिन्नम्' 'રાગાદિ ભાવોથી ભિન્ન છે. વળી કેવી છે ?' 'आपूर्णम्'** વિકલ્પથી અને રાગથી ભિન્ન છે પણ સ્વભાવથી પરિપૂર્ણ છે. નાસ્તિ-અસ્તિ લીધી. રાગાદિ વિકલ્પથી રહિત પણ વસ્તુ છે એ પરિપૂર્ણ છે. **'आपूर्णम्'** આહાહા..! એના તરફ નજરું કદી કરી નહિ, એનો આશ્રય લીધો નથી અને કદી સમ્યગ્દર્શન થયું નથી. તો એના જન્મમરણ કદી મટ્યા નહિ. ચોરાશીના અવતાર... **'आपूर्णम्' 'પોતાના ગુણોથી પરિપૂર્ણ છે.'** રાગ અને વિકલ્પથી તો રહિત છે પણ પોતાની ગુણ-શક્તિથી પરિપૂર્ણ છે. અસ્તિ-નાસ્તિ કરી. સમજાણું કાંઈ?

**'વળી કેવી છે?' 'आत्मस्वभावं' 'આત્માનો નિજ ભાવ છે.'** ત્રિકાળી શુદ્ધ વસ્તુ છે એ આત્માનો નિજ ભાવ છે. રાગાદિ કોઈ આત્માનો ભાવ નહોતો. જ્ઞાનમાં ભેદ પડતા હતા એ પણ આત્માના ભાવ નહોતા. આહાહા..! **'आत्मस्वभावं' 'આત્માનો નિજ ભાવ છે.'** આ ૧૩મી ગાથાનું. પછીનું આવે છે ને ૧૪મીનો ઉપોદ્‌ઘાત, એ ગાથા છે. હવે આ ચૌદમીનું.

(માલિની)

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'जगत् तमेव स्वभावम् सम्यक् अनुभवतु' (जगत्) સર્વ જીવરાશિ! (तम् एव) નિશ્ચયથી પૂર્વોક્ત (स्वभावम्) શુદ્ધ જીવવસ્તુને (सम्यक्) જેવી છે તેવી (अनुभवतु) પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો. કેવો થઈને આસ્વાદો ? 'अपगतमोहीभूय' (अपगत) ટળી ગઈ છે (मोहीभूय) શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિજેની એવો થઈને. ભાવાર્થ આમ છે કે સંસારી જીવને સંસારમાં વસતાં અનંતકાળ ગયો. શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો; તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ? 'समन्तात् द्योतमानं' (समन्तात्) સર્વ પ્રકારે (द्योतमानं) પ્રકાશમાન છે. ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગદ્વેષમોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?–કોણ ભોગવે છે? ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે અને જીવ ભોગવે છે, પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે, ઉપાધિરૂપ છે; તેથી નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે. કેવું છે શુદ્ધસ્વરૂપ? 'यत्र अमी बद्धस्पृष्टभावादयः**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



प्रतिष्ठां न हि विदधति' (यत्र) જે શુદ્ધાત્મસ્વરૂપમાં (अमी) વિદ્યમાન (बद्ध) અશુદ્ધ રાગાદિ ભાવ, (स्पृष्ट) પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ અને (भावादयः) આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ ઇત્યાદિ જે વિભાવપરિણામો છે તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં (प्रतिष्ठां) શોભા (न हि विदधति) નથી ધારણ કરતા. નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે; અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે; દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે; તથા રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે. ભાવાર્થ આમ છે કે બદ્ધ, સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવપરિણામો છે તે સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે, શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી. કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ? 'स्फुटं' પ્રગટપણે 'एत्य अपि' ઊપજ્યા થતા વિદ્યમાન જ છે તોપણ 'उपरि तरन्तः' ઉપર ઉપર જ રહે છે. ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી. જોકે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે તોપણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી, તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી. ૧૧.

---

હવે ૧૧ મો કળશ.

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम्।।११।।

આહાહા..! જગત. જગતના જીવ. જગત કહીને આધારથી વાત કરી. આધારમાં રહેનારા જીવ એને કહે છે. **'સર્વ જીવરાશિ!'** એવો શબ્દ લીધો ને? જગત તો જગત છે. એ તો રહેનારી ચીજ છે. એમાં રહેનારા જીવ છે એને અહીં જગત કહે છે. આધેયને આધાર કહ્યું છે. જીવ તો જગતમાં રહે છે તો એને જગત કહ્યું. આધેય જીવ છે એને આધાર કીધો કે જગત. માળવા દેશના. આ માળવા આવ્યા એમ કહે છે ને? ઓલી ભગવાનની નથી કરતાં? પારણા ઝુલા. ભગવાનને પારણા ઝુલાવે ત્યારે, રાજા, માળવાનો રાજા આવ્યો, માળવાદેશ આવ્યો એમ પણ કહે. આ ગુજરાત આવ્યું. ભગવાનની.. આહાહા..! હાલરડા કરે છે ને? એ શું કહેવાય? એ વખતે કહે, માળવાદેશ આવ્યો. માળવાદેશ કે માળવાનો માણસ?

અહીં કહે છે, કે હે જગતના જીવો! આહાહા..! એમ કહીને, જગત શબ્દ કહીને આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળના સર્વ જીવરાશિને કહેવું છે. અમુક શ્રોતા છે (એમ નહિ), અહીં તો સર્વજીવ જગત રાશિ. આહાહા..! હે સર્વ જીવો! આહાહા..! એમાં તો એકેન્દ્રિય, નિગોદાદિ બધા આવ્યા. અહીં તો વિસ્તારથી લેવું છે ને? જગત આખું અનુભવ કરો. અથવા આખો જીવરાશિ– સર્વ જીવનો ઢગલો. રાશિ છે ને? આખો લોક.

'तम् एव' **'નિશ્ચયથી પૂર્વોક્ત...'** एव એટલે નિશ્ચય અને तम् એટલે પૂર્વોક્ત. **'तम् एव'**. एव એટલે નિશ્ચયથી, तम् એટલે પૂર્વોક્ત. પૂર્વોક્ત જે જીવ કહ્યો એનો સ્વભાવ... આહાહા..! અહીં સ્વભાવનો અર્થ શુદ્ધ જીવવસ્તુ લીધો. છે તો ત્રિકાળ શુદ્ધ સ્વભાવ. પણ એ શુદ્ધ સ્વભાવ એ જ જીવવસ્તુ. સ્વભાવનો અર્થ જ શુદ્ધ સ્વભાવ જીવવસ્તુ એમ લીધું. જીવવસ્તુ તો સ્વભાવવાન છે. પણ એ સ્વભાવ જ્યાં કહ્યો ત્યાં બધી જીવવસ્તુ આવી ગઈ. જે પૂર્ણ સ્વભાવ છે... આહાહા..!

**'શુદ્ધ જીવવસ્તુને सम्यक् જેવી છે તેવી...'** એ જેવી છે તેવી. એ છે શુદ્ધ પરિપૂર્ણ. જ્ઞાન, આનંદ આદિ સ્વભાવથી પરિપૂર્ણ ચીજ છે. કોઈપણ શક્તિ છે એવી અનંત શક્તિથી પરિપૂર્ણ ચીજ છે. એવો જે સ્વભાવ નામ **'શુદ્ધ જીવવસ્તુ...'** આહાહા..! **'જેવી છે તેવી...'** વિકલ્પથી રહિત છે અને ભેદથી રહિત છે એવો અનુભવ કરો. **'પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો.'** આહાહા..! હે સર્વ જીવરાશિ! આચાર્યનું (સંબોધન છે). સર્વ જીવો ભગવાનઆત્મા. આહાહા..! તમારા આત્માને પ્રત્યક્ષ સ્વસંવેદન, પ્રત્યક્ષ સ્વ એટલે પોતાથી, સમ એટલે પ્રત્યક્ષ વેદન કરો. આહાહા..! લ્યો, આ કરવાનું આવ્યું. આ વ્રત કરો, તપ કરો, એ કરો. એ તો બધો રાગ છે. એનાથી તો ભગવાનઆત્મા રહિત છે. જ્ઞાનના ભેદ અથવા ગુણના ભેદથી પણ રહિત છે. એવી એ જીવરાશિ... આહાહા..!

**'(अनुभवतु)' 'अनुभवतु'** નો અર્થ આસ્વાદો. પણ **'પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો.'** એમ. એકલું જાણપણું કર્યું કે આવી ચીજ છે, એવી ચીજ છે. એમ જ્ઞાનના ક્ષયોપશમમાં જણાયું એ કોઈ ચીજ નથી. ચીજ છે એ જ્ઞાનની પર્યાયમાં ખ્યાલમાં આવે કે આ વસ્તુ આવી છે. એ એકલું જ્ઞાન થયું એ કાંઈ વસ્તુ નથી, કહે છે. એ તો ક્ષયોપશમભાવ (છે). પણ **'પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો.'** આહાહા..! હજી કાંઈ ખબર ન મળે એને પાધરી (આવી વાત)? ભગવાન વાત તો પહેલા ચાલી ગઈ છે ને? આ તો ૧૧મો કળશ છે.

દેહથી ભિન્ન ભગવાન પ્રભુ આત્મા અંદર બિરાજે છે એ અભેદ ચીજ છે. એને પ્રત્યક્ષ રાગ અને મનની અપેક્ષા વિના અને વ્યવહાર વિકલ્પની અપેક્ષા વિના (આસ્વાદો). વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એવી પણ અપેક્ષા નથી. આહાહા..! આવો માર્ગ છે. લોકોને બિચારાને આકરું લાગે. કથા બધી ઊડી ગઈ. વીતરાગ સર્વજ્ઞનો જે પંથ, જે એની પદ્ધતિ અને રીત, વીતરાગભાવથી શરૂ થવો જોઈએ એ વાત ઊડી ગઈ. આ કરોને... આ કરોને... આ કરો... આ કરો... આ કરતા કરતા થશે. રાગની મંદતા, શુભભાવ, શુભોપયોગ કરતાં થશે એવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પદ્ધતિ થઈ ગઈ. અહીં તો કહે છે, એ વાત સાચી નથી. આહાહા..! જ્યારે પ્રાપ્ત આત્મા થશે ત્યારે તો પ્રત્યક્ષ સ્વસંવેદન અને આનંદના વેદનથી પ્રાપ્ત થશે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'પ્રત્યક્ષપણે સ્વસંવેદનરૂપ આસ્વાદો.'** એ અતીન્દ્રિય આનંદ ચીજ છે એને અનુભવો એટલે એના આનંદનો સ્વાદ લ્યો. આહાહા..! તો વસ્તુ જણાઈ એમ કહેવામાં આવે છે. આવી વાત છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! ઓલા વ્યવહારના જે રસિયા થયા એને આ ભારે આકરું પડે. ભાવાર્થ. **'કેવો થઈને આસ્વાદો?'** **'अपगतमोहीभूय (अपगत)'** નાશ. **'ટળી ગઈ છે'** **'(मोहीभूय)'** રાગ અને શરીરમાં એકત્વબુદ્ધિનો નાશ થઈ ગયો છે. વિકલ્પ અને શરીર, ભાવકર્મ અને નોકર્મ અને જડકર્મ. ત્રણેમાંથી એકત્વબુદ્ધિનો જેને નાશ થયો છે એ આત્માના એકત્વનો અનુભવ કરશે. આહાહા..! સમજાણું કાંઈ?

છે ને? **'अपगतमोहीभूय'** **'ટળી ગઈ છે. શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વબુદ્ધિ જેની એવો થઈને.'** આહાહા..! આ શરીર તો માટી, મડદું જડ છે. એની એકત્વબુદ્ધિ જેની નાશ થઈ અને કર્મથી એકત્વબુદ્ધિ નાશ થઈ ગઈ અને રાગથી એકત્વબુદ્ધિ નાશ થઈ ગઈ અને ભેદથી પણ એકત્વબુદ્ધિ નાશ થઈ ગઈ. આહાહા..! **'अपगतमोहीभूय'** એવો થઈને અનુભવ કરો. આહાહા..! એકત્વબુદ્ધિ રહે અને આત્માનો અનુભવ થાય એમ બની શકે નહિ. આહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હોય અને રાગની એકત્વબુદ્ધિ હોય અને આત્માનો અનુભવ થાય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આ શરીર છે, વાણી છે. એ કોના છે? કોના છે શું? એ તો જડનું છે. અને અંદરમાં પુણ્ય-પાપનો ભાવ થાય એ કોના છે? એ તો અચેતન છે. તારી ચૈતન્યની એ ચીજ નથી. આહાહા..! રાગ અને શરીરની એકત્વબુદ્ધિ, એ પણ હું છું અને મારામાં એ ચીજ છે એવી એકત્વબુદ્ધિનો નાશ થઈને પ્રત્યક્ષ સ્વસંવેદનનો અનુભવ થાય છે. આહાહા..! એ વાત કરે છે. લ્યો, આવો માર્ગ છે. પણ પહેલા શું કરવું? આ તો બી.એ અને એલ.એલ.બી.ની વાત છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો આવી ગયું. **'तावत्'** પહેલા આ કરવું. પહેલામાં પહેલા કરવાનું હોય તો આ કરવાનું છે. એવો નિર્ધાર, નક્કી કરવું જોઈએ. આહાહા..!

શરીર, વાણી, મન એ તો જડ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ આદિ એ તો પર છે. એ તો ભિન્ન (છે). આ તો એક ક્ષેત્રાવગાહે છે. ઓલા તો પરક્ષેત્રે છે. આહાહા..! રાગાદિ વિભાવરૂપભાવ છે એ પણ પર છે. એમાંથી એકત્વબુદ્ધિનો–મોહ–મિથ્યાત્વનો નાશ કરીને... આહાહા..! પોતાનો ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય, પોતાના નિજ પૂર્ણ સ્વભાવથી ભરેલો છે, એવા ભગવાનઆત્માનો, રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા વિના સીધો સ્વભાવનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. આહાહા..! કહો, 'ગોવિંદરામજી'! આહાહા..! આવી વાત છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાઈ! એ તો 'છ ઢાળા'માં આવ્યું નહિ? 'લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' લાખ વાતની વાત જૈનદર્શનની. કરોડ વાત, અનંત વાત (હોય) પણ શું છે? કરવાનું શું છે? આહાહા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ અને શરીરની ક્રિયા, એમાંથી અહંબુદ્ધિ, એમાં અહંબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. આહાહા..! અંદરમાં દયા, દાન, વ્રતનો રાગ ઉત્પન્ન થાય છે એ અહંબુદ્ધિ છે. આ મારા છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે. ત્યાં સુધી જૈન નથી. જૈનની એને ખબર નથી. આહાહા..!

જૈન તો એને કહીએ, કે જેણે રાગાદિની એકત્વબુદ્ધિ છોડીને અને પોતાના સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થયો એને જૈન કહે છે. સમજાણું કાંઈ? સાચો જૈન એને કહે છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. બાકી વાડામાં કહે કે આ શ્રાવક છે અને આ સાધુ છે. માનો. કાળીજીરીનો કોથળો હોય અને ઉપર સાકર નામ લખે એથી કાળીજીરી મીઠી થઈ જાય છે? આહાહા..! એમ મિથ્યાશ્રદ્ધા હોય અને રાગથી લાભ થશે અને દેહની ક્રિયા કરતા કરતા મને લાભ થશે, છકાયની દયા પાળતા પાળતા મને અંદર લાભ થશે, એવી મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધી તો તે જૈન નથી. એને મિથ્યાત્વને જીતવું થયું નથી. એ તો મિથ્યાત્વનું પોષણ કરવાનો ભાવ છે. સમજાણું કાંઈ? અર્થાત્ અજૈનપણાનું પોષણ કરવાનો એ ભાવ છે. રાગથી લાભ થશે અને વ્યવહારથી નિશ્ચય થશે એ અજૈનપણાનું પોષણ છે. આહાહા..!

પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ એમ ફરમાવે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો. તારા જન્મ-મરણ... આહાહા..! તલને જેમ ઘાણીમાં પીલે. એમ ચોરાશી લાખ યોનીમાં અનંતવાર પીલાઈ ગયો છે, પ્રભુ! એ તારું દુઃખ એટલું છે કે રુદન કરીને સહન કરવું પણ મુશ્કેલ પડ્યું, પણ તારા દુઃખ જોનારને રુદન આવી ગયા છે. અરે..! વર્તમાન તને થોડું અનુકૂળ લાગે છે એ બધી ભ્રમણા છે. આહાહા..! અનુકૂળ તો ભગવાનઆત્મા આપૂર્ણમ્–પૂર્ણ સુખ અને શાંતિથી ભરેલો છે. આહાહા..! પોતાની શક્તિ પૂર્ણ ઈશ્વરતાથી ભરેલો ભગવાન છે. પરની અપેક્ષા છોડીને, પ્રત્યક્ષ એટલે પરની સહાય વિના સીધો જ્ઞાનની પર્યાયથી આત્માનો અનુભવ કરવો. આહાહા..! એનું નામ આત્માનો સ્વાદ અને એનું નામ જૈનપણું કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે...**' ભાવાર્થ આમ છે કે '**સંસારી જીવને સંસારમાં વસતાં...**' આહાહા..! પણ વર્તમાન કાંઈક શરીર ઠીક મળે, પૈસા કાંઈક મળે, આબરૂ મળે અને બહાર કાંઈક ક્રિયાકાંડ કરે એને લોકો વખાણે, કે આહાહા..! ભારે આ તો વ્રતધારી છે, સંયમધારી છે, બ્રહ્મચારી છે. બહારના શરીરથી બ્રહ્મચર્ય પાળે તો એને એમ થઈ જાય કે, અહો..! અમે કાંઈ કરીએ છીએ અને અમે કંઈક મોટા થયા. આવું અનંતકાળમાં નથી કર્યું. પ્રભુ! એમ નથી, ભાઈ!

આ '**સંસારમાં વસતાં અનંતકાળ ગયો.**' ઓહો..! અનંત શબ્દ છે તો ત્રણ અક્ષરનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનંત. પણ જેનો અંત નથી એવો અનાદિ. આહાહા..! આજથી માંડીને ભૂતકાળનો સમય લ્યો, તો ક્યારે ભવ અને ભવનું દુઃખ નહોતું? ભવ છે એ જ કલંક છે અને દુઃખનું કારણ છે. આહાહા..! અહીંયાં કહે છે કે, અનંત કાળ સંસારમાં વસતા ગયો. આહાહા..! **'શરીરાદિ પરદ્રવ્ય-સ્વભાવ હતો,...'** શરીર, વાણી, કર્મ, પૈસા, સ્ત્રી, કુટુંબ, દેશ એ પર હતા. એ પરદ્રવ્ય સ્વભાવ હતો. **'પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો;...'** એ શરીરની ક્રિયા થાય છે. હું આમ દયા પાળું, પગ આમ ઊંચો રાખું ને પરની દયા પાળી શકું. એ બધું શરીરાદિને પોતાના માન્યા. આહાહા..! શરીરનો સદુપયોગ કરું, વાણીનો સદુપયોગ કરું, લક્ષ્મી મળી એનો હું સદુપયોગ કરું. એ બધું જડને પોતાના માને છે. આહાહા..! ટી. જી. શાહ હતા, નહિ? 'વઢવાણ'. 'વઢવાણ'માં ટી.જી. શાહ હતા ને? વીસાશ્રીમાળી વાણિયા હતા. 'નારણભાઈ'ના ભાઈબંધ હતા. એણે એકવાર પ્રશ્ન કર્યો. (સંવત) ૧૯૯૨-૯૩ની સાલમાં અહીં આવ્યા હતા. એ ગુજરી ગયા. 'મુંબઈ'માં એનું મકાન છે. એણે પ્રશ્ન પૂછ્યો, કે મહારાજ! સિદ્ધ ભગવાન શું કરતા હશે? સિદ્ધ ભગવાન શું કરતા હશે? મેં કીધું, પરનું કાંઈ કરે નહિ. એ તો આનંદનો અનુભવ કરે. આવા મોટા પુરુષ થાય એ કાંઈ કરે નહિ પરનું? અમે પણ આટલું થોડું કો'કનું કરીએ. સિદ્ધ ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ વસ્તુ થઈ ગઈ જેને એ કાંઈ કરે નહિ? બધું કરે, કીધું. પોતાના આનંદનો અનુભવ. પરનું કાંઈ કરે નહિ. કિંચિત્માત્ર (કરે નહિ). અહીં કસાઈખાના લોકો માંડે તો સિદ્ધને વિકલ્પ આવતો નથી. આહાહા..! કંઈક કરી દઈએ, પરનું કરી દઈએ. અને પરનું કરે એ લોકમાં જરીક મોટો જીવદયા મંડળીનો નાયક છે, આનો આ પ્રમુખ છે, આનો આ મુખ્ય છે. આહાહા..! આનો આ મેનેજર છે, આનો આ કર્તાહર્તા કાર્યવાહક છે. આહાહા..!

મુમુક્ષુ :– કાર્યકર છે બધા.

ઉત્તર :– ધૂળમાં પણ કોઈના કાર્યકર્તા નથી. આહાહા..!

એ કહ્યું. **'શરીરાદિ પરદ્રવ્ય–સ્વભાવ હતો, પરંતુ આ જીવ પોતાનો જ જાણીને પ્રવર્ત્યો;..'** આહાહા..! **'તો જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...'** જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે... આહાહા..! શરીરનું હું કાંઈ કરી શકતો નથી. આમ પાંપણ ફરે છે એનો કર્તા પણ હું નથી. એ તો જડની ક્રિયા છે. આહાહા..! સમજાણું કાંઈ? જીભ હલે છે એ પણ જડને કારણે. હું હલાવી શકતો નથી. 'શ્રીમદ્' તો ત્યાં સુધી કહે છે, કે હું તો એવો છું કે એક તણખલાના બે ટુકડા કરવાની શક્તિ મારામાં નથી. એક તણખલું, તરણું.

મુમુક્ષુ :– એ તો લઘુપણું બતાવવા માટે.

ઉત્તર :– એ કરી શકતા નથી એમ બતાવ્યું છે. આહાહા..! તણખલું હોય છે ને? તરણું. એના બે ટુકડા કરવાની શક્તિ મારામાં નથી. એ તો એનાથી થાય છે. આ બધા દવાખાના કરે છે ને? છોકરા કરે છે ને? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીંયાં આચાર્ય મહારાજ કહે છે, પ્રભુ! અહીંયાં તો જીવન-મરણથી રહિત થવાની વાત છે. જ્યાં સુધી જીવન-મરણ કરશે ત્યાં સુધી તો નરકમાં, પશુમાં, ઢોરમાં, કાગડામાં, કૂતરામાં અવતાર કરી કરીને (રખડશે). આહાહા..! રસ્તામાં આમ જોઈએ છે જ્યાં. ખટારા નીકળે, મોટરું નીકળે. સસલા મરી જાય. સસલા-સસલા સમજ્યા? ખરગોશ. નોળ, કોળ, ઉંદરના ભૂક્કા ઊડી ગયા હોય, રસ્તામાં ચકદાઈ ગયા હોય. આહાહા..! એવા ભવ કરતા કરતા અનંત ભવ વીત્યા છે, પ્રભુ! એમ નથી કે આ પહેલો જ ભવ છે. એ તો એ કહે છે, જુઓને!

**'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...'** આહાહા..! પરમાં પોતાપણું માને... આહાહા..! કાલે તો બે ઉંદર એવા હતા. ચકદાઈ નહોતા ગયા. પણ એકદમ કોઈનો ધક્કો લાગ્યો હશે (તો) ચાર પગ આમ ઊંચા એમ ને એમ મરી ગયેલા. ધોળા ઉંદર-ઉંદર. ઉંદર કહે છે ને? ચૂહા. કાલે રસ્તામાં બે ધોળા જંગલી ઉંદર હતા. ચકદાઈ નહોતા ગયા. ચગદાય તો.. એનું શું કહેવાય? પૈડું. પણ કાંઈક ધક્કો લાગી ગયેલો એટલે આમ ચાર પગ ઊંચા, મરી ગયા. આહાહા..! કોણ રોનાર છે? કે આ મારો દીકરો મરી ગયો, મારો બાપ મરી ગયો. છે કોઈ રોનાર? 'મરનારને શીદ રુઓ તમે, રોનારા નથી રે રહેનાર.' કોને રોવો છો? બાપુ! તું ક્યાં રહેવાનો છો ત્યાં? પાંચ-પચ્ચીસ વર્ષ રહેવાનું છે. જાવ. આહાહા..!

કહે છે, પરની ચીજને પોતાની માને છે. મારી સ્ત્રી, આ મારી દીકરી, આ મારા. દીકરી એમ.એ. ને એલ.એલ.બી. થાય તો એટલો પોરો ચડે. મારી દીકરી આટલી ભણી છે. એમ.એ. અને એલ.એલ.બી. ઓહોહો..! શું છે તારે? મારા દીકરા આઠ છે અને મોટો છોકરો તો ઘણું ભણ્યો છે. 'અમેરિકા'માં એની માસિક પંદર હજારની નોકરી છે. હવે ત્યાં તો માસિક દસ-પંદર હજાર તો ભંગીને પણ મળતા હોય. પણ અહીંયાં વાણિયાને એમ લાગે કે આહા..! મારો દીકરો જાણે 'અમેરિકા' જઈને ભારે... આહાહા..!

અહીં કહે છે, કે **'પોતાનો જ જાણીને પ્રવર્ત્યો;..'** શરીર, વાણી, મન, કર્મ, પુણ્ય-પાપની જાળ, વિકલ્પ જાળ... આહાહા..! પોતાનું માનીને જ્યાં સુધી પ્રવર્તે છે ત્યાં સુધી અનંત કાળ ચાર ગતિમાં રખડે છે. આહાહા..! **'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે...'** આહાહા..! રાગ અને શરીરાદિ પર છે, હું નથી. મારી ચીજ તો પૂર્ણ આનંદ અને પૂર્ણ પ્રભુતાથી ભરી પડી ભગવાન શક્તિ પૂર્ણ છે. આહાહા..! **'ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે.'** આહાહા..! પોતાના સિવાય રાગ, શરીર, વાણી, દેશમાં પોતાપણું માનવાનું છૂટે છે, ત્યારે આત્માનો અનુભવ કરવા યોગ્ય થાય છે. આપણો દેશ છે, આ આપણો દેશ છે. 'મુંબઈ'માં નથી કહેતા? હમચી મુંબઈ. હમચી મુંબઈ. ત્યાં ઓલા લોકો રહે ને? મરાઠી. એ બાજુ 'મુંબઈ' થયું છે ને એટલે હમચી મુંબઈ. કોનું 'મુંબઈ'? કોનો દેશ? આહાહા..! અમારું કાઠિયાવાડ, અમારું 'રાજકોટ', અમારું 'ખંડવા'. કોનું 'ખંડવા'?, કોનું 'રાજકોટ'?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્યાં સુધી પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય છે એ સિવાય રાગાદિ, શરીરાદિ, પરદેશ, દેશાદિ, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ, લક્ષ્મી, આબરૂ આદિ, એમાં અહંબુદ્ધિ છૂટે નહિ તો આત્માનો અનુભવ કરવા યોગ્ય નથી. આહાહા..! આ તો સીધી વાત છે. મારો દીકરો. આમ અંદર ખુશ થઈ જાય. 'સાકરચંદભાઈ' કહેતા હતા મારી દીકરી આમ ભણી છે... મારી દીકરી આમ ભણી છે. 'રામજીભાઈ' ના એક મિત્ર હતા. 'મોરબી'વાળા 'સાકરચંદભાઈ', 'રાજકોટ'. મારી દીકરી આમ ભણી છે. આહા..! એ પાંચસો-સાતસોનો પગાર. ત્યારે, હોં! નેવું વર્ષ પહેલા. 'આણંદજી કલ્યાણજી' પેઢીમાં નોકરી હતી. શ્વેતાંબર. આહાહા..! બૈરા મરી ગયા, પછી અમારી પાસે કેટલું સાંભળવા આવતા.

મુમુક્ષુ :– ... થઈ ગયા ને?

ઉત્તર :– શું? .. ધૂળ? એ બા! એ બા! એમ કરતા. ૬૦ વર્ષની ઉંમર. એની નવી વહુ મરી ગઈ. ઘણું કરીને નવી હતી. મરી ગઈ એટલે એને બહુ સંભારતા હતા. એટલે આમ પાછળથી કહે, એ બા! એ બા! એમ કરતા. એ ૬૦-૬૦ વર્ષના માણસ. એનો દીકરો આપણે ત્યાં કો'કવાર આવે છે. અરે..રે..! શું છે પણ આ? આ તો સ્થૂળ મિથ્યાત્વભાવ છે. અહીંયાં તો અંદરમાં રાગના દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ, રાગ ઊઠે છે એમાંથી એકત્વબુદ્ધિ ન છૂટે ત્યાં સુધી આત્માનો અનુભવ નહિ થાય. આહાહા..! ત્યાં સુધી ધર્મ નહિ થાય. સમજાણું કાંઈ? આવી શરતુંવાળો ધર્મ! બાપુ! વીતરાગનો ધર્મ બાપુ! અલૌકિક છે. આહાહા..! એ કહ્યું ને? આહાહા..!

**'જ્યારે આ વિપરીત બુદ્ધિ છૂટે ત્યારે જ આ જીવ શુદ્ધસ્વરૂપ અનુભવવાને યોગ્ય થાય છે.'** આહાહા..! બહારમાં આબરૂ વિશેષ વધી હોય, દીકરો હોય, પેદાશવાળા હોય, મોટી દુકાન ચાલતી હોય. અમારી દુકાન છે... અમારી દુકાન ચાલે છે. અમારી દુકાનમાં કદી ખોટ નથી ગઈ. બધી દુકાનો તૂટી ગઈ પણ અમારી દુકાન તો બરાબર ચાલે છે. અમારો છોકરો ઘણો હોંશિયાર છે. અરે..! પ્રભુ! શું ક્યાં? છોકરા ક્યાં છે? જ્યાં સુધી પોતાનો આત્મા આનંદસ્વરૂપ, એનાથી વિપરીત રાગાદિ, વિકલ્પાદિ, પુણ્યાદિ, શુભઉપયોગાદિ, પર શરીર, દેશાદિ, આ દેશ મારો એવી અહંબુદ્ધિ છે, ત્યાં સુધી એને આત્માનો ધર્મ નથી થતો. એ પરની અહંબુદ્ધિ છૂટે તો સ્વની અહંબુદ્ધિનો અનુભવ થાય. આહાહા..! અહંબુદ્ધિમાં આ આનંદ છું, હું જ્ઞાન છું, હું આનંદ છું. આહાહા..! એવો અનુભવ, એનું નામ સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. આહાહા..!

આ તો 'સોનગઢ' એક કોર છે ને. નાનું ગામ, જંગલ. સંપ્રદાયમાં તો આવી વાતું કરે તો તકરાર કરે. આહાહા..! એકવાર કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૫ ની સાલની વાત છે. ૧૫ ને કેટલા વર્ષ થયા? ૪૮ વર્ષ. 'બોટાદ' ઘણી મોટી સભા ભરાતી હતી. હજાર, બારસો, પંદરસો. તો એકવાર એમ કહેવામાં આવ્યું, ૧૯૮૫ની સાલ ને પોષ માસ હતો.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યાખ્યાનમાં એમ કહ્યું. ઘણા માણસો હતા. 'રાયચંદ ગાંધી' આદિ મોટા ગૃહસ્થો. એ વખતે ૫૦-૫૦ હજારની વર્ષની પેદાશ. બધા બેઠા હતા. 'નારણ ભુદર' મોટા વિશાશ્રીમાળી. એમ કહ્યું કે, ભાઈ! પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. અને જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. કેમકે જે ભાવથી બંધન થાય એ ધર્મ નથી. ધર્મથી બંધન થતું નથી. ૧૯૮૫. ૪૮ વર્ષ થયા. ૫૦માં બે ઓછા. આહાહા..!

એક સાધુ હતા. અમારા ગુરુભાઈ હતા. એ બેઠા હતા. એને એ વાત ન રુચિ. તો આખી સભામાં બેઠા હતા વોસરે.. વોસરે... એમ કહીને (ચાલ્યા ગયા). એમ કે આ શ્રદ્ધા અમારે ન જોઈએ.. ન જોઈએ. એમ કહીને ઊઠી ગયા. એના મોટા ગુરુભાઈ હતા એને કહ્યું જોયું મેં એમ કહ્યું. સભામાં ... જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી, અધર્મ છે. કેમકે અધર્મથી બંધન થાય છે, ધર્મથી બંધન થાય? ધર્મ તો આત્માનો વીતરાગસ્વભાવ છે એનાથી બંધન થાય? આહાહા..! અને પંચમહાવ્રતના પરિણામ તો આસ્રવ, રાગ, વિકલ્પ રાગ છે, આસ્રવ છે. આહાહા..! પછી તો વ્યાખ્યાન પૂરું થયા પછી કીધું કે તમારે ઉઠી જવું હતું... આ શું કીધું એ સભાને ખબર નથી. મને ખબર છે. સભા કીધું અત્યારે મુહપતિ છે અને બધું છે કે નહિ? ત્યાં સુધી કોઈ સામે બોલે નહિ. મોટી સભા. તમે શું કહ્યું એ ખબર છે. ઓસરે.. ઓસરે.. આ શ્રદ્ધા ન જોઈએ... ન જોઈએ. વોસરે.. વોસરે... શ્વેતાંબરમાં આવે છે ને? બહાર પઠવા જાય તો વોસરે. આહાહા..! હવે આવું પણ હજી સાંભળવું ગોઠે નહિ. આહાહા..!

અહીં કહે છે, કે શુદ્ધ સ્વરૂપ અનુભવ કરવા યોગ્ય ત્યારે થાય છે કે જ્યારે વિપરીત બુદ્ધિ છૂટે છે. આહાહા..! **'કેવું છે શુદ્ધસ્વરૂપ?' 'समन्तात् द्योतमानं' 'સર્વ પ્રકારે પ્રકાશમાન છે.'** આહાહા..! કેમ? કે આ જડ છે, શરીર છે, વાણી છે, આ પર છે એ જાણ્યું કોણે? જે જાણનાર આત્મા છે એ જાણે છે કે હું જ્ઞાનાનંદ છું અને આ ચીજ પર છે. જડને ખબર છે? આ શરીરને ખબર છે કે હું જડ છું? આ પર છે એમ એને ખબર છે? એ આત્માની ભૂમિકામાં જણાય છે કે હું આત્મા આનંદ અને જ્ઞાન છું. અને શરીર, વાણી, મન એ જડ છે એ આત્મા જાણે છે. જડને પણ આ જડ છે એમ આત્મા જાણે છે. જડ જડને જાણતું નથી. અરે..! એ તો ઠીક, પણ દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ રાગને જાણતો નથી. રાગને જાણનાર તો ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જાણે છે કે આ રાગ છે અને હું તો જ્ઞાન છું. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ, ભાઈ! આ તો એક કલાકમાં આવી વાતું આવે. માર્ગ તો આવો છે, ભાઈ!

અરે..! અનંતકાળથી... કહ્યું ને? આવ્યું ને? **'સંસારી જીવને સંસારમાં વસતાં અનંતકાળ ગયો.'** આહાહા..! ભૂલી ગયો પણ. એક વર્તમાન જરી ઠીક મળ્યું, શરીર કાંઈક, ઘર કાંઈક ઠીક મળે... આહાહા..! આ બાયડ્યુંને વર ઠીક મળે ત્યાં રાજી-રાજી થઈ જાય. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આને કાંઈક ઘર અને આબરૂ સારી મળે ત્યાં રાજી રાજી થઈ જાય. આ શું છે પ્રભુ આ? જ્યાં સુધી વિપરીતબુદ્ધિ રહેશે ત્યાં સુધી આત્મા બાજુ તારી નજર નહિ જાય. સમજાણું કાંઈ? જ્યાં સુધી આત્માથી વિપરીતબુદ્ધિ છે, ત્યાં સુધી ભગવાનઆત્માનો પત્તો એને નહિ લાગે. દુનિયા દુનિયાનું જાણે. દુનિયા હા પાડો, ના પાડો, નિંદા કરો, એકાંત છે એમ કહો. તો એમ કહો. વસ્તુ તો આવી છે. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, જુઓ! આહાહા..! **'समन्तात् द्योतमानं'** ભગવાન તો ચારે બાજુ પ્રકાશ ચૈતન્યજ્યોતિ છે. પોતાને પ્રકાશે, રાગને પ્રકાશે, શરીરને પ્રકાશે, વાણીને પ્રકાશે. સ્વપરપ્રકાશક સ્વભાવના પ્રકાશનું પૂર, નૂર, તેજ છે. **'समन्तात्'** ચારે બાજુ ચૈતન્યજ્યોતિ પ્રકાશ છે. આહાહા..! એમાં તો ચૈતન્યપણાનું પૂર ભરેલું છે. આહાહા..! **'ભાવાર્થ આમ છે કે અનુભવગોચર થતાં કાંઈ ભ્રાંતિ રહેતી નથી.'** આત્મા પરનું અહંપણું છોડીને સ્વ ચૈતન્યની અનુભૂતિ, અનુભવ થાય છે ત્યારે કોઈ ભ્રાંતિ રહેતી નથી. રાગથી મને લાભ થશે, શરીરની ક્રિયા, શરીર ઘણું પુષ્ટ છે, હું કામમાં લગાવું છું એ ભ્રાંતિ પછી રહેતી નથી. આહાહા..! હું લોકોને સમજાવી શકું છું, મારી ભાષામાં ઘણી તાકાત છે એ બધું મિથ્યા ભ્રમ છે. ભાષા તો જડ છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે, ભાઈ!

વીતરાગ જિનેશ્વરદેવ, પરમેશ્વરનો આ હુકમ છે. પ્રભુ! તારી દશાનો અનુભવ ક્યારે થશે? તારા સ્વભાવથી વિપરીત ચીજમાંથી અહંબુદ્ધિ છોડીશ ત્યારે થશે. જ્યાં સુધી પરમાં અહંબુદ્ધિ રહેશે જ્યાં ત્યાં ઊંડે ઊંડે... આહાહા..! એ રાગનો સૂક્ષ્મ વિકલ્પ જે છે, એમાં જે કાંઈ અંતર્જલ્પ જે સૂક્ષ્મ રાગ, હું નિર્મળ શુદ્ધ છું એવો વિકલ્પ ઊઠે છે, એમાં અહંપણું રહેશે ત્યાં સુધી ભગવાનઆત્માનો તને અનુભવ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન! આહાહા..! ભગવાનની શૈલી જ સાદી છે. ન્યાયયુક્ત છે. એમાં દિગંબર સંતો... ઓહોહો..! વીતરાગભાવમાં ઝુલતા ઝુલતા વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયું. એ પણ કહે છે કે અમે શાસ્ત્ર રચ્યું નથી, હોં! એમ કહે છે. શાસ્ત્ર તો જડની પર્યાય જડથી રચાયું છે. આહાહા..! અમે શાસ્ત્ર રચનાર કોણ? અમે તો જ્ઞાનસ્વરૂપ આત્મા છીએ. આ વાણી તો જડ છે. શાસ્ત્ર પણ જડ છે. એને રચવાનું આત્મા કેમ કરે? આહાહા..! આ તો બે-ચાર પુસ્તક કલ્પનાએ બનાવ્યા હોય ત્યાં તો એને એમ થાય... ઓહોહો..! મારું પુસ્તક આવું છે. આવી પ્રસિદ્ધિ છે. ત્રણ વાર છપાયા છે. એક વાર છપાણા ખલાસ થઈ ગયા, બીજી વાર છપાયા. શું છે? આહાહા..! દુનિયાથી વિપરીત વાત છે, હોં! પ્રભુ!

અહીં એ કહે છે. જ્યાં સુધી પરમાં અહંબુદ્ધિ રહેશે... આહાહા..! ત્યાં સુધી ભ્રાંતિ રહેશે અને અનુભવ નહિ થાય. અને અનુભવગોચર થતાં કોઈ ભ્રાંતિ નથી રહેતી. પછી કોઈ રાગનો વિકલ્પ, તીર્થંકરગોત્રનો ભાવ ઉઠે એ મારો છે, એવી ભ્રાંતિ નથી થતી. એ તો પર છે. હું જાણનાર છું. આહાહા..! પંચમહાવ્રતનો વિકલ્પ પણ આવે છે. આત્માનો

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનુભવ થવાથી એ જાણવામાં આવે છે. પણ એ તો જાણવાલાયક છે, રાગ એ મારી ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગદ્વેષમોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?'** અંદર રાગ-દ્વેષ થાય છે, સુખ-દુઃખની કલ્પના થાય છે એ કોણ કરે છે? એ ચીજ શું છે? તમે તો કહો છો કે આત્મા રાગ વિનાની, સુખદુઃખની કલ્પના વિનાની ચીજ અંદર છે. એ ઠીક છે. પણ આ રાગ-દ્વેષ થાય છે, પુણ્ય-પાપનો ભાવ થાય છે, હરખ શોક થાય છે, પરમાં સુખ છે, દુઃખ છે, એવી કલ્પના થાય છે એ ક્યાંથી આવી અને એનો કર્તા કોણ છે? સમજાણું કાંઈ? લ્યો આવ્યા. 'વિંછીયા'થી આવ્યા.

અહીં ત્યાં સુધી કહે છે, કે પોતાનો આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ સત્ શાશ્વત આનંદકંદ પ્રભુ આત્મા છે. આત્મા તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એનો અનુભવ કેમ નથી થતો? કે જ્યાં સુધી એનાથી ભિન્ન ચીજ શરીર, વાણી, મન, દેશ, પુણ્ય-પાપનો રાગ એ પ્રત્યે અહંપણું રહે છે ત્યાં સુધી આત્માનો અનુભવ, આત્માની પ્રાપ્તિ નથી થતી. આહાહા..! જ્યાં સુધી આત્માની પ્રાપ્તિ નથી થતી ત્યાં સુધી પરનો અહંકાર અંદરથી છૂટતો નથી. આહાહા..! શરીર મારું એ તો ધૂળ જડ છે. વાણી મારી. અરે..! અંદર દયા, દાન, વ્રતના વિકલ્પ, રાગ ઊઠે એ મારા, એ બધી ભ્રમણા, ભ્રાંતિ છે. આહાહા..!

તો શિષ્યનો પ્રશ્ન છે કે **'જીવ તો શુદ્ધસ્વરૂપ કહ્યો અને તે એવો જ છે, પરંતુ રાગદ્વેષમોહરૂપ પરિણામોને અથવા સુખદુઃખાદિરૂપ પરિણામોને કોણ કરે છે?'** શરીર મારું, સ્ત્રી મારી, કુટુંબ મારું, દેશ મારો, હું પરની દયા પાળી શકું છું એવા જે રાગાદિ થાય છે એ છે કોના? શુદ્ધ આત્મા તો રાગરહિત સચ્ચિદાનંદમૂર્તિ પ્રભુ છે. એ તો બરાબર છે. પણ આ રાગ ઉત્પન્ન થાય છે, પરમાં મોહ ઉત્પન્ન થાય છે એ ચીજ શું છે? અને એ ચીજનો કર્તા કોણ છે? જીવને તો શુદ્ધ કહ્યો એ બરાબર.

**'ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે...'** કરે તો અજ્ઞાની જીવ કર્તા છે. પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદકંદ જ્ઞાતાદૃષ્ટા, એના ભાન વિના એ પુણ્ય-પાપનો ભાવ કરે તો કર્તા અજ્ઞાની જીવ જ છે. કોઈ કર્મ કરે છે અને કોઈ ઈશ્વર વિકાર કરાવે છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'જીવ ભોગવે છે,...'** એ હરખ-શોકનો ભોક્તા જીવ જ અજ્ઞાનમાં છે. લક્ષ્મી આદિ અનુકૂળતા જોઈને હું સુખી છું, એવી કલ્પના જીવ અજ્ઞાનભાવે કરે છે. સ્વરૂપની ખબર નથી.

'નરસિંહ મહેતા'એ કહ્યું કે નહિ? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ! એનો અનુભવ નથી અને ભાન નથી. ત્યાં સુધી જે સાધન કરે દયા, દાન, વ્રત, ભક્તિ, તીર્થ, તપ એ બધું ખોટું છે. એનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાંઈ આત્માને લાભ થતો નથી. અજ્ઞાની કરે છે ભાવથી, રાગથી. પણ ભાન થયા પછી રાગનો કર્તા જ્ઞાની થતા નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**જ્યેષ્ઠ વદ ૧૪, બુધવાર તા.૧૫.૦૬.૧૯૭૭**

**કળશ - ૧૧, પ્રવચન - ૧૬**

એ ભોક્તા પણ વિદ્યમાન છે. જેવી એ ચીજ વિદ્યમાન છે એવી આ ચીજ પણ પર્યાયમાં વિદ્યમાન છે. સમજાણું કાંઈ? તો એનો કર્તા-ભોક્તા કોણ? આત્મા તો શુદ્ધ ચૈતન્ય આનંદ છે એ તો બરાબર છે. સમજાણું કાંઈ? પ્રશ્નકારનો પ્રશ્ન આ છે કે, વિદ્યમાન વસ્તુ જે ચૈતન્ય છે એ તો આનંદ અને અતીન્દ્રિય શુદ્ધ પવિત્ર છે, એ તો બરાબર છે. એમ જ છે. પણ આ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના આવી ક્યાંથી? એમાં તો છે નહિ. એ તો પવિત્ર છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ થાય છે અને સુખ-દુઃખની ભોક્તાપણાની કલ્પના થાય છે એ કોણ કરે છે? અને કોણ ભોગવે છે? એવો પ્રશ્ન છે.

**'ઉત્તર આમ છે કે આ પરિણામોને કરે તો જીવ કરે છે...'** છે તો શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ, પણ કરે છે તો અજ્ઞાનભાવે જીવ પોતે કરે છે. કોઈ કરાવે છે કે કર્મથી વિકાર થાય છે એમ છે નહિ. આહાહા..! **'જીવ કરે છે અને જીવ ભોગવે છે,...'** જેવી પોતાની ચીજ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ એ ચીજને નહિ જાણીને જીવ શુદ્ધ હોવા છતાં પોતાના અજ્ઞાનથી પુણ્ય-પાપનો ભાવ કરે છે તો એ જ કરે છે, ભોગવે છે તો એ જ ભોગવે છે. કહો, બરાબર છે?

**'પરંતુ આ પરિણતિ વિભાવરૂપ છે,...'** એ શુભ-અશુભરાગ, એનું કરવું અને ભોગવવું. એ અવસ્થા વિકારરૂપ છે, વિભાવરૂપ છે, આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગનો ભાવ કરે છે તો એ જીવ જ પર્યાયમાં કરે છે. એ શુદ્ધ હોવા છતાં પવિત્ર અને શુદ્ધ હોવા છતાં એની ખબર નથી, એનું જ્ઞાન નથી. એ તો અજ્ઞાનમાં આત્મા જ પુણ્ય-પાપનો ભાવ કરે છે અને હરખ-શોકને ભોગવે છે. પણ એ પરિણતિ વિભાવ છે. આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવનું કરવું અને ભોગવવું એ કરે છે જીવ, પણ એ છે તો જીવમાં ઉપાધિ. સમજાણું કાંઈ? આહાહા..!

**'પરિણતિ વિભાવરૂપ છે, ઉપાધિરૂપ છે;...'** આહાહા..! **'તેથી નિજસ્વરૂપ વિચારતાં...'** એ પુણ્ય અને પાપના ભાવ અને હરખ-શોકને ભોગવવાનો ભાવ છે તો નિજ પરિણતિ, પણ છે વિભાવરૂપ, ઉપાધિરૂપ, મેલરૂપ. આહાહા..! અને **'નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી...'** નિજસ્વરૂપનો વિચાર કરતાં, હું આત્મા તો આનંદ અને જ્ઞાન શુદ્ધ ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિદ્યમાન છે તે હું છું. એવા નિજસ્વરૂપનો વિચાર કરતા એ વિભાવ **'જીવનું સ્વરૂપ નથી.'** જીવનું સ્વરૂપ નથી. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શાસ્ત્રમાં તો એમ કહ્યું છે, પુણ્યફલા અરહંતા.

ઉત્તર :– પુણ્ય પણ ક્યા? અરિહંતને તો લીધા નથી. એ તો પુણ્યની ક્રિયા લીધી છે. જે હાલે છે, ચાલે છે, બોલે છે ક્રિયા છે એ પુણ્યનું ફળ છે એમ લીધું છે. સમજાણું કાંઈ? આ ને? આ 'પરમાત્મ પ્રકાશ'. કેટલામી ગાથા? 'પ્રવચનસાર', આ 'પ્રવચનસાર' છે. જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન. ૪૫? એમાં જે લખ્યું છે એનો અર્થ જ ઊંધો કરે છે. એમ લખ્યું છે, જુઓ! **'अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर'** ભગવાનને પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. એનાથી ભગવાનમાં કાંઈ થતું નથી. છે? **'એ પ્રમાણે હોવાથી તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે.'** ભગવાનને કોઈ કરતું નથી. એ કહે છે, પુણ્યના ફળથી અરિહંત થાય છે. એમ છે જ નહિ. પુણ્યનું ફળ તીર્થંકર આત્માને અકિંચિત્કર છે. કંઈ કરતું નથી. એ ઉદયમાં આવતી ક્રિયા એ પુણ્યફળ છે. હાલવું, ચાલવું, બોલવું, સમવસરણ આદિ થવું એ બધું પુણ્યના ફળ છે. પુણ્યનું ફળ અરિહંતપણું થવું એમ છે નહિ. આહા..! હવે આના ઊંધા અર્થ કરે છે. અહીંથી બહાર નીકળ્યું છે. કહ્યું છે, જુઓ! અહીં મૂળ પાઠમાં છે. 'અમૃતચંદ્રાચાર્ય' નો પાઠ છે. **'अथैवं सति तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एव'** **'અકિંચિત્કર જ...'** તીર્થંકરના આત્માને પુણ્યનું ફળ કંઈ કરતું નથી. સમજાણું કાંઈ? આહા..! એ તો હાલવા, ચાલવા, બોલવાની ઉદયની જે ક્રિયા છે એ પુણ્યનું ફળ છે. એનો પણ ક્ષણે ક્ષણે નાશ થાય છે એને ક્ષાયિકી ક્રિયા કહેવામાં આવે છે. છે ઉદયની ક્રિયા પણ ક્ષાયિકી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે આના ઉંધા અર્થ કરે. 'રતનચંદજી' એમ કહે છે, જુઓ! પુણ્યનું ફળ અરિહંત છે. એમ લખ્યું છે.

મુમુક્ષુ :– બહુ જોર જોર રાડો પાડે છે.

ઉત્તર :– કહે છે. પણ આ પાઠ શું છે? સાંભળ તો ખરો. પાઠ તો એમ કહે છે, કે **'तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवत्यवधारयति-'** કાંઈ કરતો નથી એમ નક્કી થાય છે. પોતાની દૃષ્ટિથી વાંચે તો આશય શું કહે છે એ ખબર નથી. અરિહંત ભગવાનને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ, એ તો પોતાનું સ્વચતુષ્ટય શક્તિરૂપ હતા, સ્વભાવરૂપ તો હતા, એનો અનુભવ કરવાથી શક્તિમાંથી વ્યક્તતા થઈ. અનંતજ્ઞાન, અનંતદર્શન એ તો શક્તિમાંથી વ્યક્તતા એમના પુરુષાર્થથી થઈ છે. કોઈ પુણ્યથી થઈ છે એમ છે નહિ. અહીં જે કહ્યું, **'पुण्णफला अरहंता'** એ અરિહંતની ઉદયની ક્રિયાને કહ્યું છે. પંડિતજી! ઘણા વર્ષથી આ 'પ્રવચનસાર'ના અધિકારની વાત બહાર પડી છે. પણ શું કરે? પોતાની દૃષ્ટિએ અર્થ કરવા હોય તો સ્વતંત્ર જીવ છે. જ્યાં-ત્યાં લગાવે છે. જુઓ! પુણ્યનું ફળ ભગવાન છે. પુણ્યના ફળથી અરિહંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે. અરે..! પ્રભુ એમ છે નહિ. આહાહા..!

એ તો અહીં કહે છે, જુઓ! **'નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી...'** પુણ્ય અને પાપના ભાવ, વ્યવહાર રત્નત્રયનો ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ બધો રાગ ઉપાધિભાવ છે. જીવનું સ્વરૂપ નથી. આહાહા..! શું કરે પણ આમાં? આ 'પ્રવચનસાર'ની સંસ્કૃત ટીકા છે. 'ધન્યકુમારજી'! આ તો આવું લખ્યું છે. આહાહા..! શું કરે? ઉંધો અર્થ ચલાવ્યો છે તો ફેરવવો મુશ્કેલ પડે છે. **'તેથી નિજસ્વરૂપ વિચારતાં તે, જીવનું સ્વરૂપ નથી એમ કહેવાય છે.'** એ પુણ્ય-પાપનો ભાવ આવે છે. ક્ષાયિક સમકિતીને પણ આવે છે અને મુનિને પણ આવે છે, પણ એ છે ઉપાધિ. ઉપાધિથી તીર્થંકરપણું મળે છે? અરિહંતપણું મળે છે? પુણ્ય અને પાપ બેય ઉપાધિ છે. નિજસ્વરૂપ નથી. તો ઉપાધિથી તીર્થંકરપણું મળે છે? અરિહંતપણું મળે? આહાહા..!

એ તો જેને બેસી ગયું એ જાતનું... ઓલામાં આ લોકો આ કરે. 'શ્રીમદ્'માં આવે છે ને? 'જાતિ વેષનો ભેદ નહિ કહ્યો મારગ જો હોય.' એ મોટી મોટી કરીને વાતો કરે. એના મોટા ભણેલા હોય ને? ઓલા 'ભગવાનદાસ' એક ડોક્ટર છે ને? 'મુંબઈ'. જુઓ! 'શ્રીમદ્' એમ કહે છે કે 'જાતિ વેષનો ભેદ નહિ' ગમે તે જાતિ, ગમે તે વેષમાં મોક્ષ થાય છે, મોક્ષનો માર્ગ થાય છે. લ્યો, એમાં એ કહે છે. એનો અર્થ પહેલા (સંવત) ૧૯૯૫ની સાલમાં એમ કહ્યો. 'રાજકોટ'માં આ ગાથાનું વ્યાખ્યાન થયું હતું. ૩૮ વર્ષ થયા. કીધું 'જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય.' એનો અર્થ એ છે કે 'કહ્યો માર્ગ જો હોય તો જાતિ વેષનો ભેદ નહિ.' સમજાણું કાંઈ? જે જાતિ હોય છે એ જાતિ અને જે લિંગ હોય છે એ લિંગ. 'કહ્યો માર્ગ હોય તો જાતિવેષનો ભેદ નહિ.' પણ એમ નથી કે જાતિવેષનો ભેદ નહિ કહ્યો માર્ગ.. ગમે તે જાતિમાં અને ગમે તે વેષમાં મોક્ષમાર્ગ થાય છે અને મોક્ષ થાય એમ નથી. સમજાણું કાંઈ? ૧૯૯૫ની સાલમાં. ૧૯૯૧ની સાલમાં અહીં પરિવર્તન થયું છે. ૧૯૯૫ની સાલમાં ચોમાસુ 'રાજકોટ'માં હતું. 'ગાંધી' વ્યાખ્યાનમાં આવ્યા હતા. ગાંધી, એની સ્ત્રી, એના ભાઈ સાથે હતા. 'મહાદેવભાઈ' બધા વ્યાખ્યાનમાં આવ્યા હતા. પહેલા આગળ-પાછળ થઈ હતી. તે દિ' તો આ બીજી થઈ. તે દિ' તો એક પરની દયા પાળી શકે એવો ભાવ રાગ છે અને દયા પાળી શકે એમ માનનાર મૂઢ મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :– 'ગાંધી'એ બરાબર યાદ રાખ્યું હતું.

ઉત્તર :– રાખ્યું હતું. મેં તો તત્ત્વમાં જે વાત હતી એ કહી હતી. પણ એણે યાદ રાખી હતી. એક મહારાજ મને મૂંઢ કહેતા હતા. 'બેચરભાઈ'નો દીકરો છે. એને કહ્યું. મેં તો તત્ત્વની વાત કહી. પરની દયા પાળી શકે છે એવી માન્યતા મિથ્યાદષ્ટિ મૂંઢ જીવની છે. 'સમયસાર'ના 'બંધ અધિકાર'માં છે ને? (ગાથા–૨૫૦). **'મૂઢો અણ્ણાણી'**. એ તો મૂંઢ અને અજ્ઞાની છે. પરને પાળી શકું છું ને પરને હું સુખી કરી શકું છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ જરા ભૂલ હતી. અંદર જ્ઞાનની ભૂલ હતી. એમ તો એવી બે-ત્રણ ભૂલ છે 'આત્મસિદ્ધિ'માં. એ બધા અર્થ ત્યાં ૧૯૯૫ની સાલમાં કર્યા હતા. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન' એમાં એમ આવે છે. શિષ્ય સર્વજ્ઞ પરમાત્મા થઈ જાય તો પણ ગુરુનો વિનય કરે. કીધું એમ નથી. કેવળજ્ઞાની ગુરુનો વિનય કરે એ વિકલ્પ થતો નથી અને એ દશા હોતી નથી. પણ એનો અર્થ એમ લેવો. 'શ્રીમદ્'નો આશય એવો નહોતો. પણ મેં કીધું એનો આશય એમ લેવો કે કેવળજ્ઞાન જ્યારે થયું ત્યારે આવું પૂર્વનું જ્ઞાન થયું, કે મેં ગુરુનો વિનય કર્યો હતો એનું જ્ઞાન થયું. 'પંડિતજી'! આ તો ૧૯૯૫ની સાલની વાત છે. ૩૮ વર્ષ પહેલાની. 'આત્મસિદ્ધિ' છે ને? ઘણાં છપાઈ ગયા. પાંચ-સાત હજાર પુસ્તક છપાઈ ગયા છે. 'આત્મસિદ્ધિ'. એનો એ અર્થ કરે તો એના ભક્તોને ઠીક ન લાગે. ભાઈ! ઠીક ન લાગે, પણ આ તો સત્ય વાત છે. 'ચેતનજી'! ઠીક લાગે, ન લાગે તો શું કરે? 'જાતિવેષનો ભેદ નહિ...' એક ભૂલ. અને કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કરે એ ત્રણકાળમાં બનતું નથી. કેવળજ્ઞાની વીતરાગ પરમાત્મા થયા એનાથી મોટા કોણ છે અને એમને વિકલ્પ ક્યાં છે? માર્ગ તો આવો છે. માનો, ન માનો સ્વતંત્ર છે. વસ્તુની સત્યતા તો આ છે. એ બે-ત્રણ બોલ આવ્યા હતા. એક બોલ એવો આવ્યો હતો. સમકિતી મુનિપણું.. એવું આવે છે. ... સમ્યક્પણું સમ્યગ્દર્શન છે એ મુનિપણું છે એમ આવે છે. એ શ્વેતાંબરનો ટુકડો આવ્યો છે. સમ્યગ્દષ્ટિ હોય એ મુનિપણા... મુનિપણું બીજી ચીજ છે. સમ્યગ્દષ્ટિ તો ચોથા ગુણસ્થાને થાય છે. મુનિ તો છઠ્ઠે-સાતમે નગ્ન મુનિ ત્રણ કષાયનો અભાવ હોય. એ પહેલા સમ્યગ્દર્શન થાય, પછી ચારિત્ર થાય ત્યારે મુનિ થાય છે. સમજાણું કાંઈ? અહીંયાં તો સત્ય છે એ છે. બાપુ! અહીં બીજી ચીજ છે નહિ. કોઈ સંપ્રદાય અહીં નથી, અહીં કોઈ પક્ષ છે નહિ. કે ઝાઝા માણસ બહુ માને માટે એ વાત કહેવી એમ પણ અહીં નથી. સત્ય તો આ છે. માનો, ન માનો, થોડું માનો, વિશેષ માનો. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાની વિનય કરે એ શ્વેતાંબરમાં આવે છે. 'દશ વૈકાલિક'ના નવમાં અધ્યયનમાં. એ વાત એમને ખ્યાલમાં રહી ગઈ અને નાખ્યું. એ ભૂલ છે. પણ એ લોકોમાં એ ભૂલ ન સમજે. કહે, નહિ 'શ્રીમદ્'માં ભૂલ! ભાઈ! એ છદ્મસ્થ છે.

મુમુક્ષુ :– અતિચાર છે.

ઉત્તર :– હા, અતિચાર છે ને. કામ કરી ગયા. દૃષ્ટિ નિર્મળ હોય અંદર પછી દેહ છોડીને એકાવતારી થઈ ગયા. એક ભવે મુક્તિ થઈ જશે. અત્યારે તો સ્વર્ગમાં છે. ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષે જશે. એમાં ફેર નથી. પણ જેટલી છે એટલી વાત તો સમજવી પડે. અહીં કોઈ પક્ષ નથી. અહીં તો સત્ય શું છે બસ એ (વાત છે).

અહીં એ કહે છે, કે જીવનું સ્વરૂપ વિચારતાં ઉપાધિરૂપ છે એમ કહેવાય છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ જીવનું સ્વરૂપ નથી. એ કારણે એ ઉપાધિ છે. આહાહા..! **'શુદ્ધસ્વરૂપ કેવું છે?' 'यत्र अमी बद्धस्पृष्टभावोदयः प्रतिष्ठां न हि विदधति' 'જે શુદ્ધાત્મસ્વરૂપમાં વિદ્યમાન...'** શું કહે છે? કે ભગવાન શુદ્ધ વસ્તુ તરીકે પ્રભુ આત્મા તો શુદ્ધ સ્વરૂપ આનંદકંદ જ છે. પણ એની પર્યાયમાં '**(अमी)**' વિદ્યમાન છે. વિકાર. વસ્તુમાં નથી. પણ '**(अमी)**' પર્યાયમાં. છે ને? **'વિદ્યમાન (बद्ध) અશુદ્ધ રાગાદિ ભાવ,...'** અર્થકારે બે બોલ ભિન્ન પાડ્યા છે. આપણું મૂળ જે 'અમૃતચંદ્રાચાર્ય' ટીકામાં અબદ્ધસ્પૃષ્ટ એક બોલ લીધો છે. પછી પાંચ લીધા છે અને અહીંયાં છ લીધા છે. અબદ્ધ અને સ્પૃષ્ટ બે જુદા પાડ્યા. મૂળ પાઠમાં પાંચ બોલ છે. પણ આ અબદ્ધસ્પષ્ટ ભિન્ન પાડ્યા.

**'જે શુદ્ધાત્મસ્વરૂપમાં વિદ્યમાન અશુદ્ધ રાગાદિ ભાવ,...'** એ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ જીવના શુદ્ધાત્મસ્વરૂપમાં નથી. એની પર્યાયમાં વિદ્યમાન છે. એક વાત. **'પરસ્પર પિંડરૂપ એકક્ષેત્રાવગાહ...'** પુદ્‌ગલ પરમાણુ વિસસ્ત્રા. કર્મ થવા લાયક જે પરમાણુ છે એને અહીંયાં સ્પૃષ્ટ ને ભિન્ન ગણ્યા. ઓલામાં બધાને એક ગણ્યા છે. અબદ્ધસ્પૃષ્ટ. પરસ્પર આત્મા અને પરમાણુને એકક્ષેત્રાવગાહ. એકક્ષેત્રાવગાહમાં રહેનાર એ અબદ્ધસ્પૃષ્ટનો અર્થ કર્યો. **'આદિ શબ્દથી અન્યભાવ, અનિયતભાવ, વિશેષભાવ અને સંયુક્તભાવ...'** આદિ શબ્દથી આ ચાર ભાવ બીજા લેવા. બે ભાવ એ અને છ ભાવ એ.

**'સંયુક્તભાવ ઇત્યાદિ જે વિભાવપરિણામો છે...'** એનો અર્થ કરશે. **'તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં શોભા નથી ધારણ કરતા.'** આહાહા..! એ શુદ્ધ સ્વરૂપમાં અંદર પ્રવેશ નથી કરતા. આહાહા..! રાગ-દ્વેષાદિ ભાવ અને વિસસ્ત્રા પુદ્‌ગલ કર્મનો પિંડ એકક્ષેત્રાવગાહે રહ્યા એ અને ચાર ભાવ હમણા કહ્યા. એ છએ ભાવ શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્યસ્વભાવ છે એમાં પ્રવેશ નથી કરતા. એ પર્યાય તો ઉપર ઉપર તરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ પાણીમાં તેલ ઉપર ઉપર તરે છે. તેલના બિંદુ પાણીમાં પ્રવેશતા નથી. પાણીમાં તેલનું ટીપું ઉપર ઉપર તરે છે. અંદર પ્રવેશ નથી કરતા. એમ ભગવાનઆત્મા આનંદકંદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ, એમાં આ રાગાદિ પરિણામ પાંચ-છએ બોલ અંદર પ્રવેશતા નથી. પર્યાયમાં ઉપર તરે છે, ઉપર રહે છે. પર્યાયમાં ઉપર ઉપર રહે છે. આ પાઠ છે ને જુઓને! **'स्फुटमुपरि तरन्तो'** એનો અર્થ છે એ. ઉપર રહે છે. દ્રવ્યની ઉપર પર્યાયમાં રહે છે. દ્રવ્યના સ્વભાવમાં પ્રવેશતા નથી. વસ્તુ તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ આત્મા છે. એમાં એ પાંચ બોલ અથવા છ બોલ અંદરમાં પ્રવેશતા નથી. ઉપર ઉપર તરે છે. આહાહા..! છે ખરા. ઉપાધિ છે. ઉપર રહેનારા. નિરુપાધિ જીવના સ્વરૂપમાં પ્રવેશ નહિ કરનારા. તો નિજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં એ આવશે નહિ. આહાહા..! અને નિજ શુદ્ધસ્વરૂપ એ પાંચ બોલમાં આવતું નથી. સમજાણું કાંઈ? આ તો માર્ગ બહુ ઝીણો, બાપુ! આહાહા..! ક્યાં દરકાર જગતને એટલી બધી પડી છે. આ સંસારના કામકાજ કરવા અને પછી મરી જાવું. જાય મરીને. અરે..! પ્રભુ! તારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચીજ તો જો, ભાઈ!

ભગવાન જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા આમ ફરમાવે છે એ સંતો ફરમાવે છે. વીતરાગી સંત છે. આહાહા..! જેને આનંદનું પ્રચુર સ્વસંવેદન થયું છે એ મુનિ એમ કહે છે. ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજ જે નિજ સ્વરૂપ છે. ત્રિકાળી ટકનાર, રહેનાર ત્રિકાળી ચીજ છે એ તો પવિત્ર, શુદ્ધ, આનંદ ને જ્ઞાન છે. એમાં એ પાંચ બોલ કે છ બોલ અંદરમાં પ્રવેશ નથી કરતા. એ બધી ઉપાધિ છે. સ્વભાવભાવથી વિપરીત ભાવ છે. તો વિપરીતભાવ છે એ અવિપરીત ત્રિકાળી સ્વભાવમાં ઉપર તરે છે, અંદર જતા નથી. કહો, સમજાણું કાંઈ? કાંઈ સમજાય છે કે નહિ? આ તો સાદી ભાષા છે.

તેલનું ટીપું પાણી ઉપર તરે છે. પાણીમાં પ્રવેશતું નથી. ચિકાશ ઉપર રહે છે. એમ ભગવાનઆત્મા સમ્યગ્દર્શનનો વિષય એ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ આત્મા છે. આહાહા..! એમ હોવા છતાં એની પર્યાયમાં આ છ બોલ ઉપાધિ છે, વિભાવ છે. આહાહા..! સ્વભાવથી વિપરીતભાવ છે. ઉપર ને ઉપર રહે છે. અંદરમાં પ્રવેશ કરતા નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત છે.

**'તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં શોભા નથી ધારણ કરતા.'** એનો અર્થ એ કે અંદરમાં પ્રવેશ કરતા નથી. એની શોભા આત્માને નથી એમ કહે છે. એ પાંચ ભાવની શોભા આત્માને નથી. અંદર ત્રિકાળી ચીજને નથી. એટલે કે ત્રિકાળી ચીજમાં એનો પ્રવેશ નથી. આહાહા..! **'નથી ધારણ કરતા.'** એ અબદ્ધસ્પૃષ્ટ એક બોલની વ્યાખ્યા થઈ. અબદ્ધસ્પૃષ્ટ. રાગાદિથી અબદ્ધ છે, પણ પર્યાયમાં ઉપર રહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ અને શુભાશુભભાવ બેય ઉપર ઉપર રહે છે. અંદરમાં પ્રવેશ નથી. એની શોભા અંદરમાં જતી નથી. એ તો એની શોભા જ નથી. એ તો ઉપાધિ–અશોભા છે. આહાહા..! શોભનીક ચીજ જે આનંદકંદ, પ્રભુ! એની અંદર આ શોભા નથી. આહાહા..! ભારે, ભાઈ! આવું. આમાં શું કરવું એ સૂઝ પડે નહિ. બાપુ! અંદર ચૈતન્યમૂર્તિ ભગવાન છે ને, ભાઈ! અનાદિનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાન અંદર પડ્યો છે. એના ઉપર દૃષ્ટિ કરવાની છે. કરવાની શરૂઆત તો અહીંથી થાય છે. એ સિવાય બધું ફોક ફોક ફોક છે. આહાહા..! એ ગમે તેટલા વ્રત અને તપ કરે. બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

**'તે સમસ્ત ભાવો શુદ્ધસ્વરૂપમાં શોભા નથી ધારણ કરતા.'** હવે બીજા બોલની વ્યાખ્યા કરે છે. બે બોલ કહ્યા. હવે ત્રીજો. અંદર હતા ને? અન્યભાવ. અબદ્ધસ્પૃષ્ટનો અર્થ આવી ગયો. હવે શબ્દથી ગ્રહિત અન્યભાવ. છે ને? અનિયતભાવ, વિશેષભાવ, અસંયુક્તભાવ. એની વ્યાખ્યા કરે છે. અન્ય ભાવનો અર્થ. **'નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે;...'** એ ચાર ગતિના ભાવ અન્યભાવ છે. ચાર ગતિના ભાવ શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મામાં અંદર જતા નથી. પર્યાયમાં રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાધિ છે તો સ્વભાવની દૃષ્ટિ કરવાથી નીકળી જાય છે, એમ કહે છે. એ કોઈ ત્રિકાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ત્રિકાળ જે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વરે જિનેશ્વરે જે આત્મા જોયો એ આ પાંચ ભાવથી રહિત જોયો. અહીં છ કહ્યા છે. એ આત્મા ત્રિકાળી આનંદકંદ પડ્યો છે. આહાહા..! પર્યાયમાં છે તો એની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ થઈ શકે છે. પર્યાયમાં છે તો અંદરમાં નથી. અંદરમાં છે તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ શકે છે. હું શુદ્ધ અનુભવ કરવાલાયક છું એવું એને ભાન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! અરે..!

**'નર, નારક, તિર્યંચ અને દેવપર્યાયરૂપ ભાવનું નામ અન્યભાવ છે;...'** એ ત્રિકાળી નિજ સ્વરૂપમાં નથી, એ અન્યભાવ છે. નિજ સ્વરૂપથી અન્યભાવ છે. આત્માનું જે નિજસ્વરૂપ ચિદાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ! એ નિજ સ્વરૂપ છે. એથી આ ચાર ગતિ અન્ય સ્વરૂપ છે. અન્ય ભાવસ્વરૂપ છે, અન્ય ભાવસ્વરૂપ છે, કે જેથી એનો સ્વભાવમાં પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે. ઘણી સાદી છે. પણ હવે એને પકડવું (કઠણ છે). વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, કરી કરીને મરી ગયો. એ બધી રાગની ક્લેશની ક્રિયા છે.

કહે છે કે એ હો, પણ એ ઉપાધિ–મેલ છે. અને ચાર ગતિ છે એ પણ અન્યભાવ છે, સ્વભાવભાવ નથી. તારું જે શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી નિજસ્વરૂપ છે એનાથી ચાર ગતિ અન્યભાવ છે. અન્ય છે તો ૧૪મી ગાથામાં આવ્યું ને? ભાઈ! એમ કેમ નીકળી જાય છે? કે એ અભૂતાર્થ છે માટે છૂટી જાય છે. પાંચે બોલ, છએ બોલ અભૂતાર્થ–અસત્યાર્થ છે, કાયમ રહેનારી ચીજ નથી. પર્યાયમાં છે તો સ્વભાવનો આશ્રય કરવાથી છૂટી જાય છે. આહાહા..! આવો ધર્મ. વીતરાગ પ્રભુ પરમાત્મા, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત વીતરાગી દિગંબર સંતો, એનો તો આ માર્ગ છે. સમજાણું કાંઈ? અન્યભાવ એમાં નથી. બે બોલ થયા. ત્રણ થયા, લ્યોને. અબદ્ધ, સ્પૃષ્ટ અને અન્યભાવ. ત્રણ બોલ આવ્યા. હવે ત્રણ રહ્યા.

**'અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે;...'** એમાં 'સમયસાર'માં બીજો ભાવ લીધો છે. જ્ઞાનની પર્યાય એકરૂપ ન રહેતા અનેક પ્રકારના પરિણમન સૂક્ષ્મ થાય છે, એકરૂપ નથી રહેતો એ ભાવ પોતાનો નથી. એ અનિયત ભાવ એકરૂપ નથી રહેતી એ પર્યાય, ત્રિકાળમાં નથી. અહીં બીજો અર્થ કર્યો છે. અનિયતભાવનો અર્થ **'અસંખ્યાત પ્રદેશસંબંધી સંકોચ-વિસ્તારરૂપ પરિણમનનું નામ અનિયતભાવ છે;...'** પર્યાયમાં અસંખ્ય પ્રદેશના જે સંકોચ વિસ્તાર થાય છે એ ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? એ પણ ઉપર ઉપર રહે છે. આહાહા..! ત્યાં અનિયતભાવનો અર્થ હતો નિશ્ચય પર્યાયમાં અગુરુ-લઘુને લઈને હાનિ-વૃદ્ધિ આદિ અનંત અનંતગુણી પર્યાય ઉત્પન્ન થાય છે એ અનિયતભાવ છે. અનિતયતભાવ ત્રિકાળી સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? એ ચાર બોલ થયા. અબદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્પૃષ્ટ બે, એક ગતિ રહિત અન્યભાવ અને આ અનિતયભાવ. ચાર બોલ થયા.

**'દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભેદકથનનું નામ વિશેષભાવ છે;...'** ભગવાનઆત્મા અભેદ એકરૂપ ચીજ છે. અનંતગુણની એકરૂપ ચીજ છે. એમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ભેદ કરવો એ **'ભેદકથનનું નામ વિશેષભાવ છે;...'** એ વિશેષભાવ પણ ત્રિકાળમાં નથી. નિજસ્વરૂપ અભેદ છે એમાં વિશેષભાવનો અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મની વ્યાખ્યા આવી ઝીણી. પછી માણસ વિરોધ કરે 'સોનગઢ'ના નામે. કરે, બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :– ... કદી સાંભળવા આવ્યો નથી.

ઉત્તર :– સાંભળ્યું નથી એણે. ભલે પંડિત થઈને ભણી ગયો હોય. બાપુ! આ ચીજ તો કોઈ બીજી છે. આહાહા..! અને તે પણ તારા હિતની વાત છે, ભગવાન! આહાહા..! હિત કેમ થાય છે એની અહીંયા તો વાત છે.

આ બોલ છે દર્શન, જ્ઞાન, ચારિત્રનો ભેદ છે એ પણ ઉપર ઉપર રહે છે, અંદરમાં જતા નથી. ભેદ ઉપર લક્ષ જાય છે તો રાગ ઉત્પન્ન થાય છે. આહાહા..! એ કારણે ભેદ પણ ત્રિકાળી ચીજમાં નથી, એમ કહે છે. આહાહા..! નિજસ્વરૂપ જે ભગવાનઆત્મા ત્રિકાળ, નિત્યાનંદ જેનું સુંદર રૂપ, પવિત્ર. ઓલું આવી ગયું ને? **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे'** એ ('સમયસાર'ની) ત્રીજી ગાથામાં આવે છે. ત્રિકાળ સુંદર શુદ્ધ ચૈતન્ય ભગવાન, એમાં એ વિશેષભાવ, સામાન્યમાં વિશેષભાવનો પ્રવેશ નથી. અભેદમાં ભેદનો પ્રવેશ નથી. એ વિશેષ પણ સામાન્યની ઉપર રહે છે. આહાહા..! તો સમ્યગ્દર્શનનો વિષય એ વિશેષ નથી. સમ્યગ્દર્શનનો વિષય તો ભગવાનઆત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનેરી અનેરી દશા રહિત, અને વિશેષ રહિત અને અનિયત રહિત, નિયત ત્રિકાળી સ્વભાવભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલા ચીજની ખબર નથી અને પછી ચારિત્ર, વ્રત અને તપ થઈ જાય. આહાહા..! મુનિપણું આવી ગયું, નગ્ન થઈ ગયા. આહા..! એ પાંચ બોલ થયા.

છટ્ઠો. **'રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે.'** સંયુક્ત. સ્વભાવભાવ નહિ. પુણ્ય અને પાપનો વિકલ્પ છે એ આત્મામાં સંયુક્ત–સંબંધી ભાવ એમાં છે, સ્વભાવભાવ નથી. આહાહા..! સંયોગીભાવ છે. સંયુક્તભાવ કહો, સંયોગીભાવ કહો. સમજાણું કાંઈ? આહાહા..! આવી વ્યાખ્યા!

મુમુક્ષુ :– બદ્ધભાવ અને સંયુક્તભાવમાં અંતર શું છે ?

ઉત્તર :– એ બદ્ધમાં આવ્યું સમુચ્ચય રાગનો સંબંધ છે એટલું. અને આ રાગાદિ દુઃખરૂપ છે એ દશા બતાવવી છે. એમાં તો ફક્ત કર્તાપણું બતાવવું છે અને અહીં ભોક્તાપણું બતાવવું છે. સંયુક્ત રાગાદિથી રહિત. એ 'સમયસાર'માં કહ્યું છે. આહાહા..! કર્મના નિમિત્તથી ઉત્પન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થતી દુઃખરૂપ દશા આ છે. સંયુક્તભાવ એ સુખરૂપ સ્વભાવથી ભિન્ન છે. સમજાણું કાંઈ? એમને પ્રશ્ન થયો કે, પહેલા બદ્ધમાં તો શુભરાગ વિભાવ હતા. અહીંયાં વળી સંયુક્તમાં રાગાદિભાવ કેમ આવ્યા? એનો પ્રશ્ન એ છે. છે ને ખ્યાલ છે.

અહીંયાં અશુદ્ધપણું, મલિનપણું દુઃખરૂપ છે એ લેવું છે. સમજાણું કાંઈ? ત્યાં તો રાગાદિનું કર્તાપણું, વિકારીની દશાપણું છે એ બતાવવું છે. પણ અહીંયાં દુઃખરૂપ છે એમ બતાવવું છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગાદિ પર્યાયમાં થાય છે પણ એ દુઃખરૂપ છે. એ સુખરૂપ ભગવાનઆત્મામાં એનો પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'રાગાદિ ઉપાધિ સહિતનું નામ સંયુક્તભાવ છે.'** ઓલામાં તો સંબંધ જ લીધો. રાગાદિભાવ, ક્ષેત્રાવગાહ એટલો સંબંધ. અહીંયાં સંયુક્તભાવ લીધો. પણ એ દુઃખરૂપ બતાવવો છે.

**'ભાવાર્થ આમ છે કે બદ્ધ,...'** એક તો બદ્ધ રાગાદિથી સંબંધ અને **'સ્પૃષ્ટ,...'** સંયોગી વિસસ્ત્રા પુદ્‌ગલનો સંબંધ, **'અન્ય,...'** અનેરી અનેરી ગતિ એ અન્ય. **'અનિયત,...'** પર્યાયમાં એકરૂપ ન રહેવું તે અનિયત અને સામાન્યથી વિશેષનો ભેદ પડવો એ **'વિશેષ અને સંયુક્ત એવા જે છ વિભાવપરિણામો છે...'** ઓલામાં બદ્ધ લીધું હતું, અહીં સંયુક્ત લીધું. એટલો ફેર છે. સમજાણું કાંઈ? **'છ વિભાવપરિણામો છે...'** છએ વિભાવ પરિણામ છે. આહાહા..! વિકારી પરિણામ છે, દુઃખરૂપ છે, ઉપાધિ છે, મેલ છે. ભગવાનઆત્મા પરમાનંદ અંદર પવિત્ર છે. એમાં એ મેલનો પ્રવેશ નથી. તો એ અભૂતાર્થ છે અને અંદર પ્રવેશ નથી તો એનો અનુભવ કરવાથી પવિત્રતા અનુભવમાં આવે છે. કેમકે પવિત્રતામાં અંદર અપવિત્રતા નથી. તો પવિત્રતા ભગવાનઆત્માનો અનુભવ કરવાથી અપવિત્રતા એમાં આવતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો ભાવ.

**'સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે,...'** એ છ વિભાવ પરિણામ, વિકારીભાવ **'સમસ્ત, સંસાર-અવસ્થાયુક્ત જીવના છે,...'** સમસ્ત સંસારની અવસ્થા સહિતવાળા જીવને છે. સિદ્ધને નથી. આહાહા..! **'શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી.'** આહાહા..! પર્યાયમાં છે પણ ત્રિકાળી શુદ્ધ જીવને અનુભવતાં એ નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિને પણ શુદ્ધનો અનુભવ કરતાં એમાં એ નથી. આહાહા..! બદ્ધ, સ્પૃષ્ટ, અનિયત, વિશેષ, અન્યભાવ, સંયુક્તભાવ, એ બધાથી રહિત ભગવાનઆત્મા ભૂતાર્થ, સત્યાર્થ વસ્તુ, સત્‌ આનંદ, સત્‌ જ્ઞાન જે એકરૂપ રહેનારી ચીજ, એનો અનુભવ થતાં એ છ બોલનો અનુભવ નથી થતો. ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ? નિશ્ચયમાં તો સમ્યગ્દષ્ટિને પણ એ નથી. કર્મધારા તરીકે હોય પણ જ્ઞાનધારામાં એનો પ્રવેશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? રાગધારા છે એ તો જ્ઞાતાનું જ્ઞેય છે–પરજ્ઞેય છે. સ્વ અને પર એમ જ્ઞેય પણ બે છે ને? એમાં આ પરજ્ઞેય છે. સ્વજ્ઞેયમાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? પહેલી બધી ગાથાઓ ઝીણી છે, અટપટી છે.

**'શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં જીવના નથી. કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ?'** જુઓ આવ્યું. **'સ્ફુટં' 'પ્રગટપણે...'** પ્રગટપણે. વિદ્યમાનરૂપ, વ્યક્તરૂપ **'उपरि तरन्तः' 'ઊપજ્યા થકા વિદ્યમાન જ છે...'** જોયું? પર્યાયમાં તો વિદ્યમાન છે. આહાહા..! વસ્તુસ્વભાવમાં નથી પણ પર્યાયમાં તો વિદ્યમાન છે. એ કાંઈ આકાશના ફૂલ છે અને નથી. એવી ચીજ નથી. વિદ્યમાન છે. આહાહા..! **'બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ પ્રગટપણે ઊપજ્યા થકા વિદ્યમાન જ છે...'** ઉત્પન્ન રાગ, દ્વેષ, વિકાર, અનેરા અન્ય અન્ય ભાવ, વિશેષભાવ એ પર્યાયમાં પ્રગટરૂપ વિદ્યમાન છે.

**'તોપણ उपरि तरन्तः ઉપર ઉપર જ રહે છે.'** ભગવાન પૂર્ણાનંદનો સાગર એમાં સ્વભાવમાં પ્રવેશ નથી. આહાહા..! નિજાનંદ દરબારમાં એનો પ્રવેશ નથી. અંદર ભગવાન નિજાનંદસ્વરૂપી બિરાજમાન છે. જેમાં લક્ષ્મી અને પવિત્રતા પડી છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ, બેહદ શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા પડ્યા છે. એ નિજ ચીજ, નિજ ચીજ એનાથી આ છ ભાવ ઉપર તરે છે. આહાહા..!

એક બાજુ એમ આવે કે આત્મા વિશ્વથી ભિન્ન ઉપર તરે છે. એમ આવે છે ને? વિશ્વથી ઉપર તરે છે. ભિન્ન ભગવાન વિકલ્પ અને બધી ચીજથી ભિન્ન અનુભવમાં, આખા જગતથી, વિશ્વથી આત્મા ભિન્ન તરે છે. એટલે ભિન્ન રહે છે. એ આવે છે ને? 'સમયસાર' (ગાથા-૧૪૪)માં આવે છે. આહાહા..! વિશ્વથી ઉપર તરે છે. આહાહા..! અહીં કહે છે કે આત્મા ઉપર આ બધા ભાવ તરે છે. એ પણ વિશ્વરૂપ છે ને? અનેકરૂપ. તો એકરૂપ ભગવાનમાં એ અનેકરૂપ વિશ્વ છે નહિ. સમજાણું કાંઈ?

એક બાજુ એમ કહ્યું કે વિશ્વ વિકલ્પથી માંડી, ભેદથી માંડી બધી ચીજ ઉપરથી ભગવાનઆત્મા ભિન્ન છે. સમ્યગ્દષ્ટિને ભિન્ન તરતો દેખાય છે. આહાહા..! આખો સંસાર વિકલ્પથી માંડીને જગતની બધી ચીજ, એનાથી ભગવાનઆત્મા સપ્તમ (દ્રવ્ય) થઈ જાય છે–ભિન્ન થઈ જાય છે. વિશ્વ ઉપર તરે છે. આહાહા..! વિકલ્પથી ભિન્ન રહે છે. આહાહા..!

અહીંયાં એમ કહે છે કે આ છ બોલ છે એ ઉપર તરે છે, ભગવાનમાં અંદર પ્રવેશતા નથી. એમાં એમ કહ્યું, ૧૪૪ માં આવે છે ને? 'સમયસાર' ૧૪૪ મી ગાથામાં. વિશ્વ ઉપર પ્રભુ ભિન્ન તરે છે. જગતની ચીજ વિકલ્પ, ઉપાધિ આ છ બોલ કહ્યા અને આખું જગત, અનંત દ્રવ્ય. એનાથી સમ્યગ્દર્શન અંદરમાં જોતા બધી ચીજથી ભિન્ન તરે છે, ભિન્ન રહે છે. અહીં કહે છે, કે આ છ બોલ છે એ ચૈતન્ય ભગવાનમાં ન પ્રવેશ કરતા ઉપર તરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભાષા તો સાદી છે. સમજાય છે કે નહિ? 'શાંતિભાઈ'નો છે ને આ? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ ચીજ. ધર્મ આવો હોય. ઓલા કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ઉપધાન કરો, ભક્તિ કરો, મંદિર બનાવો. આહાહા..!

એક ભાઈ બિચારા કહેતા હતા, હોં! 'નીતિવિજય' 'વાંકાનેર'ના સાધુ હતા. ભાઈને

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સવારમાં કહ્યું. 'નીતિવિજય' સાધુ હતા. એ બધા બિચારાને ખ્યાલ તો ખરો કે આ બધું સાધુનું અત્યારે ઉપાધિમાં છે. પછી 'કીરચંદભાઈ' હતા આપણે. 'કાંપ'ના. 'કીરચંદભાઈ' બહુ સારા માણસ. નરમ પ્રકૃતિવાળા. એને આ રુચિ બહુ હતી. એને 'નીતિવિજયે' એમ કહ્યું, ભાઈ! તમે દીક્ષા લ્યો. કારણ કે બહુ વૈરાગી હતા ને? અને ગૃહપતિ હતા. તમારા જેવા હશે તો આ.. નહિતર અત્યારે આ સાધુનું વહાણ ક્યાં જશે? એકબીજાની હરિફાઈ... સ્વાગત કરે કે આનું ઓછું સ્વાગત છે, મારામાં વધારે સ્વાગત થયું. મારે ઓછા શિષ્ય અને આને વધારે શિષ્ય હતા. આની ક્રિયા ઉપધાનની થોડી ને આના ઉપધાનમાં ઘણાં થયા. આ બધા સાધુ ક્યાં ચાલ્યા જાય છે એની કાંઈ ખબર પડતી નથી. એમ કહેતા હતા બિચારા. આ સાધુનું વહાણ ક્યાં ઉતરશે. એ 'કીરચંદભાઈ' કહેતા હતા, કે મને આમ કહ્યું. મેં કીધું, ભાઈ હું તો દીક્ષા લેવાનો નથી. દીક્ષાને હું કાંઈ માનતો નથી. અહીંનો પરિચય હતો ને. દીક્ષા કોને કહેવી? બાપુ! આહાહા..! હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબર નથી. આહાહા..!

એક માણસ કહે, વધારે બહારનું કરે, પૈસા બહુ ખર્ચે, બહુ આ કરે, બહુ આ કરે... આહાહા..! તો એ મોટો કહેવાય. અરે..! પ્રભુ! બાપુ! બહારની મોટપને શું? આવા મોટા મકાન કરાવે, મોટા વરઘોડા કાઢે એ મોટો. ભાઈ! કોણ કરે? બાપુ! એ તો એની મેળાએ થવાનું હોય ત્યારે થાય. કોઈથી કર્યું ક્યાંય થયું નથી. આહાહા..! એની હરિફાઈમાં જવું. મારે બીજાથી ઘણો ખર્ચ કરાવું, ઘણા શિષ્યો બનાવું, ઘણાં મકાનો બનાવું, ઘણાં પુસ્તકો બનાવું, એ મોટપ એ મોટપ નથી એમાં, પ્રભુ! છે? આહાહા..! ધમાધમ કરે. આહાહા..!

**'કેવા છે બદ્ધસ્પૃષ્ટ આદિ વિભાવભાવ ?'** ઉપર ઉપર તરે છે. આહાહા..! એ **'पुण्णफला अरहंता'** જે કહ્યું ને? એ ક્રિયા પણ શુદ્ધ ચૈતન્ય ઉપર ઉપર રહે છે. બહાર આવે છે. ઉપર ઉપર રહે છે. અંદરમાં નહિ. એ તો આવ્યું ને? **'तीर्थकृतां पुण्यविपाकोऽकिंचित्कर एव' 'पुण्यविपाकोऽकिंचित्कर एव'** એની પર્યાયમાં પ્રવેશ નથી. આ તો દ્રવ્યમાં પ્રવેશ નથી. પુણ્યના ફળનો એની પર્યાયમાં પ્રવેશ નથી. આહાહા..! આ માર્ગ પ્રભુનો તો જુઓ! આહાહા..! ગમે તે હો માર્ગ તો આ છે. એ કલ્યાણ થવાની ચીજ છે. બાકી તો બધી વાતું છે. આહાહા..! બહારમાં ઘણા પુસ્તકો છપાવે, ઘણા શિષ્યો થઈ જાય, બહુ આબરૂ વધી જાય માટે મોટો છે એ કોઈ ચીજ નથી. આહાહા..! અહીં તમારે આમ કર્યું.. મોટા ૨૬-૨૬ લાખના મકાન. ૨૦-૨૦ લાખ પુસ્તકો છપાવે. બીજા સાથે નથી તમે? કોણે કર્યું? બાપુ! તને ખબર નથી. અમે તો કોઈ દિ' કીધું નથી કે આ કરજો. આ તો 'મુંબઈ'વાળાએ નક્કી કર્યું કે અમારે આમ કરવું છે. પછી તો 'મુંબઈ'વાળા એક કોર રહી ગયા. ક્યાં ગયા 'હિરાભાઈ'? એ તો લોકોએ ઉપાડીને બધું એની મેળે કર્યું. આપણે કોઈ દિ' કહ્યું નથી કે અહીં મકાન બનાવો. બનવાનું હોય એ બને છે. કોણ કરે અને કોણ કરાવે? આહાહા..! અને એ ચીજથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્માની મોટાઈ છે? આહાહા..!

મુમુક્ષુ :– એનું ઉદ્‌ઘાટન તો આપના દ્વારા થયું.

ઉત્તર :– ઉદ્‌ઘાટનનો અર્થ શું? ખુલ્લુ મૂકવાનો ભાવ એ થયું આ ખુલ્લુ કર્યું. એ પણ શુભભાવ છે. એ પણ આત્માનો સ્વભાવ નથી. આહાહા..!

**'ઉપર ઉપર જ રહે છે.'** **'उपरि तरन्तः'** નો અર્થ કર્યો **'ઉપર ઉપર જ રહે છે.'** 'જ' શબ્દ મૂક્યો. પુણ્ય અને પાપના ભાવ અને દર્શન, જ્ઞાન, ચારિત્રનો વિશેષભાવ ઉપર જ તરે છે, ઉપર જ રહે છે. ક્ષાયિકભાવ સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય, એમાં એનો કોઈ સ્પર્શ નથી. આહાહા..! આવું પવિત્ર જૈનશાસન. જૈનધર્મ એટલે જૈનશાસન. પવિત્ર મહાપ્રભુ. એની ખબર ન મળે ને ઓલા અપવિત્રભાવથી પવિત્ર પ્રગટશે અને એમાંથી આ થાશે અને એમાંથી આ થાશે. આહાહા..!

અહીં તો વિશેષને પણ ઉપર ઉપર જ રહે છે એમ કહ્યું. રાગ-દ્વેષને તો કહ્યું, સંકોચવિકાસને તો કહ્યા, ગતિને તો કહ્યું પણ ભગવાન એકરૂપ સામાન્ય જે શુદ્ધ ચૈતન્યઘન અખંડ અભેદ, એમાં જ્ઞાન-દર્શન-ચારિત્રનો ભેદ પાડવો, વિશેષ કરવો એ પણ સામાન્યની ઉપર જ તરે છે. આહાહા..! પાછો 'જ', હોં! ઉપર 'જ'. એકાંત કહે છે કે સામાન્યથી વિશેષ ભિન્ન તરે છે. આહાહા..! સામાન્ય શું અને વિશેષ શું? આ શું કહે છે? સામાન્ય એટલે એકરૂપ ચૈતન્યદળ અનાદિઅનંત ધ્રુવ નિત્ય, પ્રભુ! એકરૂપ સ્વભાવી વસ્તુ, તેને સામાન્ય કહે છે. અને એમાં ગુણભેદ, રાગભેદ એ બધી વિશેષ ઉપાધિ છે. આહાહા..! એ વિશેષને ઉપાધિ કહી. ઉપર તરે છે એમ કહ્યું. અને એકલું ઉપર નહિ, ઉપર જ તરે છે. નિશ્ચયથી કહીએ છીએ કે ઉપર જ તરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે જીવનો જ્ઞાનગુણ ત્રિકાળગોચર છે...'** જ્ઞાનથી પ્રધાનતાથી કથન કર્યું. આત્મા અને જે જ્ઞાનસ્વભાવ, સ્વભાવ-સ્વભાવ, વસ્તુ સ્વભાવવાન તો સ્વભાવની મુખ્યતા જ્ઞાનને કહી. એ જ્ઞાનસ્વરૂપી આત્મા ત્રિકાળ છે. ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ત્રિકાળગોચર છે, ત્રિકાળગમ્ય છે. આહાહા..! જ્યાં જ્યાં આત્મા ત્રિકાળ, ત્યાં ત્યાં તેનો જ્ઞાનગુણ ત્રિકાળ. આહાહા..! અહીંયા પર્યાયની વાત નથી. જ્ઞાનસ્વભાવ ત્રિકાળ. **'તેવી રીતે રાગાદિ વિભાવભાવ જીવવસ્તુમાં ત્રિકાળગોચર નથી.'** જુઓ! એ પાંચ ભાવ કાંઈ ત્રિકાળ રહેનારા નથી. આહાહા..! જ્ઞાન જેમ ત્રિકાળ રહે છે એમ રાગાદિ ત્રિકાળ નથી રહેતા.

**'જોકે સંસાર-અવસ્થામાં વિદ્યમાન જ છે...'** 'જ' છે, હોં! **'તોપણ મોક્ષ-અવસ્થામાં સર્વથા નથી,...'** સિદ્ધમાં બિલકુલ નથી. એ પોતાનો સ્વભાવ નથી. **'તેથી એવો નિશ્ચય છે કે રાગાદિ જીવસ્વરૂપ નથી.'** લ્યો. એ નિશ્ચય થયો કે પાંચે બોલનું સ્વરૂપ જીવસ્વરૂપ નથી. એવા જીવસ્વરૂપની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યક્ ધર્મ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(શાર્દૂલવિક્રીડિત)

भूतं भान्तमभूतमेव रभशा निर्भद्य बन्धं सुधी-
र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।
आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अयम् आत्मा व्यक्तः आस्ते' (अयम्) આમ (आत्मा) ચેતનાલક્ષણ જીવ (व्यक्तः) સ્વ-સ્વભાવરૂપ (आस्ते) થાય છે. કેવો થાય છે? 'नित्यं कर्मकलङ्कपङ्कविकलः' (नित्यं) ત્રિકાળગોચર (कर्म) અશુદ્ધપણારૂપ (कलङ्कपङ्क) કલુષતા-કાદવથી (विकलः) સર્વથા ભિન્ન થાય છે. વળી કેવો છે? 'ध्रुवं' ચારે ગતિમાં ભમતો અટકી ગયો. વળી કેવો છે? 'देवः' ત્રૈલોક્યથી પૂજ્ય છે. વળી કેવો છે? 'स्वयं शाश्वतः' દ્રવ્યરૂપ વિદ્યમાન જ છે. વળી કેવો થાય છે? 'आत्मानुभवैकगम्यमहिमा' (आत्म) ચેતન વસ્તુના (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદથી (एक) અદ્વિતીય (गम्य) ગોચર છે (महिमा) મોટપ જેની એવો છે. ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે; તે સુખગુણ સંસાર-અવસ્થામાં અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી, અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે. તે સુખને કહેવા માટે કોઈ દ્રષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી, કેમ કે ચારે ગતિઓ દુઃખરૂપ છે; તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે, કેમકે શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે–એવો ભાવ સૂચવ્યો છે. કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે. ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે. 'किल यदि कोऽपि सुधीः अन्तः कलयति' (किल) નિશ્ચયથી (यदि) જો (कः अपि) કોઈ જીવ (अन्तः कलयति) શુદ્ધસ્વરૂપને નિરન્તરપણે અનુભવે છે. કેવો છે જીવ ? (सुधीः) શુદ્ધ છે બુદ્ધિ જેની. શું કરીને અનુભવે છે? 'रभसा बन्धं निर्भिद्य' (रभसा) તત્કાળ (बन्धं) દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના (निर्भिद्य) ઉદયને મિટાવીને અથવા મૂળથી સત્તા મિટાવીને, તથા 'हठात् मोहं व्याहत्य' (हठात्) બળથી (मोहं) મિથ્યાત્વરૂપ જીવના પરિણામને (व्याहत्य) મૂળથી ઉખાડીને. ભાવાર્થ આમ છે કે અનાદિકાળનો મિથ્યાદ્રષ્ટિ જ જીવ કાળલબ્ધિ પામતાં સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં ત્રણ કરણો કરે છે; તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે; કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે; તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે;–જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે તેમ. કેવો છે બંધ અથવા મોહ ? 'भूतं भान्तम् अभूतम् एव' (एव) નિશ્ચયથી (भूतं)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અતીત કાળસંબંધી, (भान्तम्) વર્તમાન કાળસંબંધી, (अभूतम्) આગામી કાળસંબંધી. ભાવાર્થ આમ છે–ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે. ૧૨.**

**અષાઢ સુદ ૧, શુક્રવાર તા.૧૭.૦૬.૧૯૭૭**
**કળશ - ૧૨, પ્રવચન - ૧૭**

'કળશટીકા' જીવ અધિકાર. ૧૨મો કળશ છે.

**भूतं भान्तमभूतमेव रभशा निर्भद्य बन्धं सुधी-**
**र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात्।**
**आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं**
**नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः।।१२।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'अयम् आत्मा व्यक्तः आस्ते' (अयम्) આમ (आत्मा) ચેતનાલક્ષણ જીવ'** શું કહે છે? એ તો **'ચેતનાલક્ષણ જીવ...'** જાણનલક્ષણ જીવ એ પ્રગટ થાય છે. જાણન.. જાણન... દેખન. જાણવાવાળો અને દેખવાવાળો સ્વભાવ એ **'ચેતનાલક્ષણ જીવ સ્વ-સ્વભાવરૂપ થાય છે.'** પોતાના જ્ઞાન અને આનંદ સ્વભાવમાં દૃષ્ટિ આપતા એ સ્વસ્વભાવરૂપ થાય છે. શું કહ્યું ઇ? કે આ આત્મા છે ચેતનાલક્ષણ સ્વયં ચીજ છે. એ એનો સ્વસ્વભાવ છે. પુણ્ય અને પાપ, દયા અને દાન ને રાગ, કામ અને ક્રોધ એ બધા વિકલ્પો રાગ કાંઈ એના સ્વરૂપમાં નથી. એ તો ઉપર ઉપર તરે છે. અંતર એનું સ્વરૂપ તો ચેતના જાણન-દેખન ચેતનાલક્ષણ સ્વભાવરૂપ છે. તેમ તેનો આશ્રય લેતા સ્વભાવરૂપ થાય છે. અરે..! આવી વાતું છે! કઈ ક્રિયા થાય કહે છે કે.. **'ચેતનાલક્ષણ જીવ સ્વ-સ્વભાવરૂપ થાય છે.'** પોતાનો ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વભાવ ત્રિકાળી ત્રિકાળી છે તે રૂપે તે પર્યાયમાં થાય છે. ત્રિકાળી સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અને આનંદ છે, એના સ્વભાવમાં સન્મુખ થતાં એ શક્તિની પર્યાયમાં વ્યક્તતા થાય છે. આહાહા..! એનું નામ પરમાત્મપણું અથવા એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન. આહાહા..!

**'કેવો થાય છે?' 'नित्यं कर्मकलङ्कपङ्कविकलः' 'ત્રિકાળગોચર (कर्म) અશુદ્ધપણારૂપ...'** જોઈ કર્મની વ્યાખ્યા? અશુદ્ધ જે પુણ્ય-પાપના ભાવ. દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિ ભાવ. વ્રત-તપ એ બધો ભાવ અશુદ્ધ છે. આહાહા..! એ અશુદ્ધભાવરૂપ જે કર્મ **'કલુષતા-કાદવથી...'** એ અશુદ્ધપણારૂપ કલુષતા એ કાદવ જેવો મેલ છે. **'(कलङ्कपङ्क)'** એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મલિનભાવ, આત્મા ચૈતન્યલક્ષણી સ્વરૂપમાં પર્યાયમાં જે અશુદ્ધપણું ભાસે છે એ બધું કર્મનું કલંક છે, એ અશુદ્ધતાના ભાવનું કલંક છે. આહાહા..! **'સર્વથા ભિન્ન થાય છે.'** જે અશુદ્ધભાવ છે એ ત્રિકાળી જ્ઞાયક આનંદમાં નથી. એથી ત્રિકાળી આનંદ અને જ્ઞાનના સ્વભાવની સન્મુખ થતાં, સ્વભાવની એકાગ્રતા થતાં એ અશુદ્ધતાથી સર્વથા છૂટી જાય છે. અશુદ્ધતાથી છૂટવાનો ઉપાય આ. આહાહા..!

મુમુક્ષુ :- છૂટી જાય છે એટલે ઉત્પન્ન જ થતા નથી.

ઉત્તર :- ઉત્પન્ન થતું નથી એને છૂટી જાય છે એમ કહે છે. ઉપદેશની શૈલી બીજી શું લે? આહાહા..!

કોઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ ભાવ તો અશુદ્ધ છે. જેમ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપરૂપી અશુદ્ધ છે અને દયા, દાન, વ્રત, તપ આદિ ભાવ એ પુણ્યરૂપી અશુદ્ધ છે, પણ છે તો એ અશુદ્ધ. આહાહા..! એ અશુદ્ધભાવથી સર્વથા વિકલ્પ ભિન્ન થાય છે. અંતરમાં જોતાં, શરીરમાં ભિન્ન ચીજને જોતાં.. 'નિરખે અંતર ઘર' એવું લખ્યું છે. ઓલું છે ને? અંતઃ કિલ. શુદ્ધસ્વરૂપને અનુભવે છે. આમાં એમ લખ્યું છે. ઓલા 'સમયસાર નાટક'માં એમ લખ્યું, કે આ શરીરમાં જોતાં પરવસ્તુ શરીરથી ભિન્ન, એને જોતાં એ ચૈતન્ય લક્ષણવાળો આનંદસ્વરૂપ ભગવાન પરથી ભિન્ન ભાસે છે અને તેથી પરથી ભિન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? ત્યાં તો એવું લીધું છે. 'નિરખે અંતર ઘર.' આ શરીર ઘર. એનાથી ભગવાન અંદર ભિન્ન છે. જાણનાર-દેખનાર, આનંદ એવું એનું સ્વરૂપ નિરખે-જોવે છે. શરીરઘરથી જુદું. નિજઘર જુદું. આહાહા..! એ શુભ અને અશુભભાવ એ મલિનરૂપી કલંક ભાવ છે. એનાથી સર્વથા ભિન્ન થાય છે.

**'વળી કેવો છે? ચારે ગતિમાં ભમતો અટકી ગયો.'** ધ્રુવ જે પ્રગટ થયું. હવે ખલાસ. એને ચાર ગતિમાં રખડવાનું હોતું નથી. ત્રિકાળ આનંદપ્રભુ જ્ઞાનગમ્ય, સ્વરૂપ જ્ઞાનગોચર, જ્ઞાનગમ્ય, ચેતનાલક્ષણ જ્ઞાનગમ્ય જે છે એનાથી અનુભવ કરીને અશુદ્ધતાથી સર્વથા ભિન્ન થયો, એને ચાર ગતિનું રખડવું રહ્યું નહિ. સમજાણું કાંઈ? ભિન્ન થયું કહ્યું ને? **'ચારે ગતિમાં ભમતો અટકી ગયો.'**

**'વળી કેવો છે? ત્રૈલોક્યથી પૂજ્ય છે.'** આહાહા..! એ પર્યાય પ્રગટ થાય છે ત્યારે તો ત્રૈલોક્યથી પૂજ્ય છે જ, પણ સ્વભાવ એનો ત્રૈલોક્ય પૂજ્ય છે. આહાહા..! એ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની દિવ્યશક્તિનો દેવ છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ એના સ્વભાવનો-એવી શક્તિનો-એ દેવ છે. દિવ્યશક્તિનો ધરનાર એ છે. એ પુણ્ય અને પાપ, સંસાર અને રાગને ધરનારો નથી. આહાહા..! આવો ધર્મ.

મુમુક્ષુ :- સાચો ધર્મ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– આવો.

**‘ત્રૈલોક્યથી પૂજ્ય છે.’** આહાહા..! **‘देवः’** છે. એ તો દિવ્યશક્તિનો ભંડાર પ્રભુ, જેમાંથી અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંત અતીન્દ્રિય આનંદના મીણા ચડી જાય. આહાહા..! દશામાં અતીન્દ્રિય આનંદ એવો આવે કે જેને લઈને આખી દુનિયા જેનાથી ભિન્ન થઈ જાય છે. આહાહા..! એવું ચૈતન્યસ્વરૂપ પ્રગટ થતાં ત્રિલોકથી પૂજ્ય છે અને વસ્તુ તરીકે ત્રિલોકથી પૂજ્ય છે. આહાહા..! **‘स्वयं शाश्वतः’** સ્વયં પોતે તો વિદ્યમાન શાશ્વત દ્રવ્યરૂપ છે. વસ્તુ તરીકે તો શાશ્વત છે. નિર્મળ આનંદ આદિ પ્રગટ થાય છે એ તો પર્યાય છે. અશુદ્ધતાનો નાશ થઈ અને ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈ અને શુદ્ધતા જે પ્રગટ થાય છે, પરમાત્મપદ, સિદ્ધપદ, અરિહંતપદ, સમ્યગ્દર્શન-જ્ઞાન પદ, એ બધી તો પર્યાયો છે, પણ વસ્તુ છે એ તો ત્રિકાળી ધ્રુવ અને શુદ્ધ છે. આહા..! આવો ધર્મ હવે. બહારમાં એવો તો માની બેઠા. આ વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરવા, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવું. માંડ્યો ધર્મ. ભાઈ! ધર્મ બીજી ચીજ છે, બાપુ!

જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું સ્વયં દેવ છો ને! તને બીજા દેવનું ભજન કરવાની જરૂર નથી એમ કહે છે. સ્વયં ગુરુ છે. એ અનંત આનંદ અને જ્ઞાનથી ભરેલો ભાવ, ભરપૂર છક્ક ભરેલો ભગવાન એ પોતે ગુરુ છે. અને પોતે જ અનંત આનંદ, જ્ઞાનાદિ ધર્મસ્વરૂપ છે. પોતે જ પંચ પરમેષ્ઠીસ્વરૂપ છે. આહાહા..! એને ધ્યાનમાં લેતા, એને જ્ઞાનનો વિષય બનાવતા, એને સમકિતનું ધ્યેય કરતાં જે પર્યાયમાં અશુદ્ધતા ટળી અને પવિત્રતા પ્રગટે છે એ દિવ્યશક્તિ બહાર આવે છે. સમજાય છે કાંઈ? અશુદ્ધતા, જે મલિનતા હતી એ ટળીને દિવ્યશક્તિ જે વસ્તુ છે તે વસ્તુ શક્તિ બહાર વ્યક્તરૂપે આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**‘કેવો થાય છે?’ ‘आत्मानुभवैकगम्यमहिमा’ ‘ચેતન વસ્તુના પ્રત્યક્ષપણે આસ્વાદથી...’** આહાહા..! એ ચેતન જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એના આસ્વાદથી. **‘પ્રત્યક્ષપણે આસ્વાદથી...’** એ રાગથી ભિન્ન પોતાના સ્વરૂપ સન્મુખ થતાં એને પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! **‘પ્રત્યક્ષપણે આસ્વાદથી...’** પોતાની ચીજને આનંદરૂપે સ્વાદમાં લેતી. આહાહા..! આવો ધર્મનો ઉપદેશ. ઓલા તો કહેતા, કે ભાઈ! સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. બધું થોથા છે તારા. એ બધા વિકલ્પ અને અશુદ્ધતા હતી. એ બધી અશુદ્ધતા ટળતા, ટાળતા સ્વરૂપનો આશ્રય લઈ જે ભગવાન દિવ્યશક્તિનો ભંડાર છે, એનો આશ્રય લેતા, એનું ધ્યાન કરતાં પર્યાયમાં પ્રત્યક્ષ આસ્વાદ આવે છે. આ પ્રત્યક્ષ આનંદનો આસ્વાદ આવે એનું નામ ધર્મ છે. અને એ પ્રત્યક્ષ આનંદના સ્વાદથી ગમ્ય છે. જુઓ! છે?

**‘પ્રત્યક્ષપણે આસ્વાદથી एक અદ્વિતીય ગમ્ય ગોચર છે...’** એ એક સ્વભાવથી ગમ્ય છે. બીજી કોઈ ચીજ ત્યાં કામ કરતી નથી. આહાહા..! શું કહ્યું? આત્મા દિવ્યશક્તિનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભંડાર ભગવાન અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરપૂર ભરેલો, એ અનુભવ આત્માના આનંદના સ્વાદથી જ તે પ્રગટ થઈ શકે છે. એક જ એનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. છે ને? એક લીધું ને? **'एक अद्वितीय'** અજોડ, બીજી ચીજ નહિ. એક આત્માના આનંદના સ્વાદથી જ પ્રગટ થાય એવી એ ચીજ છે. એ આત્માનો સ્વાદ વળી કેવો હશે? દાળ, ભાત ને શાક ને મોસંબીના સ્વાદ.. આહાહા..! જડના સ્વાદ કે દિ' હતા? એ તો અંદર રાગ કરીને માને એ રાગનો સ્વાદ અજ્ઞાનીને છે. આ છે તે વીતરાગી આનંદ છે. આહાહા..! કેમકે અશુદ્ધતા ટળતા, ત્રિકાળી આનંદના નાથનું અવલંબન લેતા વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ વીતરાગી આનંદ છે. આહાહા..!

મુમુક્ષુ :– આનંદ બે પ્રકારના હશે? એક રાગી આનંદ, બીજો વીતરાગી આનંદ.

ઉત્તર :– રાગી આનંદ માને છે ને. આ પૈસાવાળા, ભોગવાળા ભોગી, શરીર સુંદર હોય તો વિષય લેતા જાણે અમને ઠીક પડે છે, મજા પડે છે. એ રાગનો આનંદ છે, ઝેરનો આનંદ છે. આહાહા..! એ ઝેરનો અનુભવ છે. ત્યારે આ આત્માનુભવગમ્ય જે આસ્વાદ છે એ આત્માનો આનંદ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન ભગવાનસ્વરૂપ, એના સન્મુખથી જે આનંદ આવે, એવા આનંદથી તે એક અદ્વિતીય, એ આનંદથી જ, એક જ માર્ગથી તે જણાય એવો છે. બીજો માર્ગ છે નહિ એમ કહે છે. ઓલા વ્યવહારની આમાં ના પાડે. ઓલા પંડિતો કહે છે, વ્યવહારનો નિષેધ કરો એ એકાંત થાય છે એમ કહે છે. આહાહા..!

અહીંયાં તો દિવ્યશક્તિનો ભંડાર ભગવાનઆત્મા જે પરમાત્મા અરિહંત જિનેશ્વર થયા, પરમાત્માને એ અનંતગુણની નિર્મળ પર્યાય પ્રાપ્ત થઈ એ ક્યાંથી આવી? કાંઈ બહારથી આવે છે? એ અંદરમાં ભગવાન પૂર્ણાનંદથી ભરેલો છે. પૂર્ણજ્ઞાન, પૂર્ણઆનંદ, પૂર્ણદર્શન, પૂર્ણવીર્ય, પૂર્ણ પ્રભુતા–ઈશ્વરતાથી ભરેલો એ ભગવાનઆત્મા છે. એનો અનુભવગમ્ય એ આત્મા છે. એનો આત્માનો સ્વાદ લેવો, એ સ્વાદ અદ્વિતીય એકથી જ જણાય એવો છે. આત્મા વ્યવહારથી જણાય (એવો) એ ત્રણકાળમાં નથી એમ કહે છે. આ લોકો પંડિતોની ઘણાની અત્યારે રાડ એ છે. વ્યવહાર અને શુભયોગથી શુદ્ધ થાય. શુભરાગ કરતાં કરતાં શુદ્ધતા થાય. આહાહા..! અરે..! અત્યારે શુભ (છે એ) તો નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે જે શુભ હતો એ તો અત્યારે એવો શુભ છે નહિ. એવું તો અનંતવાર કર્યું. 'મુનિવ્રત ધાર અનંત વાર ગ્રૈવૈયક પાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! અનંતવાર એવા શુભભાવ તો કર્યા, ભાઈ! તને ખબર નથી. આહાહા..!

એ રખડતો આતમરામ, એ અશુદ્ધતાના પરિણામને પોતાના માની અને એ ચાર ગતિમાં રખડી રહ્યો છે. એ દયા, દાન, વ્રત, તપના વિકલ્પ છે એ રાગ છે, અશુદ્ધ છે, વિભાવ છે, ઝેર છે. આહાહા..! એના અનુભવથી તો પરિભ્રમણ કરી રહ્યો છે. ભગવાન જિનેશ્વરદેવનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમ ફરમાન છે. પ્રભુ! એ અશુદ્ધતા એ તારી ચીજ નથી. તારી ચીજ અંદર છે એમાં અશુદ્ધતાનો અભાવ છે અને પૂર્ણ શુદ્ધતાથી ભરેલો તારો ભગવાન છે. આહાહા..!

**'પ્રત્યક્ષપણે આસ્વાદથી અદ્વિતીય ગોચર છે.'** ગોચર એટલે ગમ્ય. **'મોટપ જેની એવો છે.'** જેની મોટપ એવો. એટલે શું કહ્યું? એની મોટપ જ એવી છે કે જે અતીન્દ્રિય આનંદથી એકથી જ ગમ્ય છે, એવી એની મોટપ અને મહિમા છે. કે દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પથી આત્મા જણાય કે અનુભવ થાય એ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ રખડતો રખડતો આવ્યો. માણસપણે આવ્યો. પાછો માણસપણે આવ્યો ત્યાં ઘૂંચાઈ ગયો બહાર. આહાહા..! આ બાયડી, છોકરા, કુટુંબના રક્ષણ અને પાલનમાં ઘૂંચવાણો, ત્યાંથી બહાર આવ્યો તો દયા, દાન, વ્રત અને તપના પરિણામ એ ધર્મ છે એમ માનીને ત્યાં પકડાઈ ગયો. આહાહા..!

રખડતો રામ. આતમરામ એમાં રમવું જોઈએ એને ઠેકાણે રાગની રમતુમાં એણે (કાળ ગાળ્યા). આહાહા..! 'રાણા રમતું મેલ કટક આવ્યું કિનારે.' એ 'રાણપર'માં. ગામ છે ને? બહાર નદીને કાંઠે. નાનું ગામ કિનારાનું. જોગઠે આ રમતો હતો. માથે કટક રાજને લુંટવા–દબાવવા આવ્યું. પણ આ રમવામાં પડ્યો હતો. કોઈકે કહ્યું, અરે..! 'રાણા રમતું મેલ હવે, આ કટક આવ્યું કિનારે.' આહાહા..!

એમ અહીં કહે છે કે હે રાણા! એ રાગની રમતું મેલ. એ કાળ હમણાં આવી જશે તને ઉપાડી જશે ક્યાંક. આહાહા..! એ રાગની રમતું છોડ અને આત્માની રમતમાં આવ હવે. એ ત્યાં 'રાણપર'માં છે. સાડા ચારસો વર્ષ પહેલાનો રાણાનો મોટો કિલ્લો છે. અત્યારે પણ એ મજબુત કિલ્લો છે. એ આવ્યા... કુદરતી, અને એ થયું લડાઈમાં, એણે કીધેલું કે મારી જે ધજા છે એ જો પડી જાય તો સમજવું કે હું હારી ગયો. કુદરતે એની લડાઈમાં ધજા કોઈકે પાડી નાખી. હાર્યો નહોતો. ધજા આમ પડી ગઈ. એની રાણીઓ હતી. ત્યાં અત્યારે મોટો કૂવો છે. એ કૂવામાં રાણીઓ (કૂદી ગઈ). રાજા હારી ગયા. આવીને મારી નાખશે. રાણીઓ કૂવામાં પડી. અત્યારે કૂવો છે. એકવાર જોવા ગયા હતા. જંગલ જઈએ ત્યાં. એ કૂવામાં રાણીઓ (પડી). આમ ને આમ અનાદિથી છેતરાણા છે. આહાહા..! એમ કદાચિત્ આ સંસારના પાપના પરિણામ છોડ્યા ત્યાં પુણ્યના કૂવામાં પડ્યો. સલવાણો. આહાહા..! પણ એને રાગ કહેવો કે નહિ એની એને ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :– ખબર નહોતી એ મોટી ભૂલ.

ઉત્તર :– ખબર નથી. દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એ બધો વિકલ્પ અને રાગ છે. અંતર આનંદ સ્વરૂપમાં જાવું, ઠરવું એનું નામ વીતરાગતા અને એનું નામ ધર્મ છે. આહાહા..!

અહીં તો કહે છે, **'आत्मानुभवैकगम्यमहिमा'** એની મોટપ જ એવી છે... આહા..! કે

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ આત્માના અનુભવથી જ જણાય. એ રાગ અને વ્યવહારથી જણાય એવી એની મોટપ નથી. એ તો એની હીણપ છે. આહાહા..! દયા, દાન ને વ્રત, તપના વિકલ્પથી જણાય એવી એની મોટપ નથી. એ તો હીણપ છે. આહાહા..! એની મહિમા અને મોટપ એટલી છે... આહાહા..! અનુભવગમ્ય (છે). એકલો આત્માના આસ્વાદના અનુભવગમ્ય એક જ એનો ઉપાય છે. એટલી એની મોટપ છે. એટલી તો ભગવાનસ્વરૂપ પ્રભુ, એની એ મોટપ છે કે એના આત્મા આનંદના સ્વાદથી એક ગમ્ય છે. આહાહા..! હજી એના જ્ઞાનના ઠેકાણા ન મળે, વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને એને ધર્મ થઈ જાય. આ વ્રત કર્યા ને તપ કર્યા... આહાહા..!

અહીં તો ભગવાન આચાર્ય કહે છે, '**आत्मानुभवैकगम्यमहिमा**' આહાહા..! '**ભાવાર્થ આમ છે કે જીવનો જેમ એક જ્ઞાનગુણ છે...**' આનંદ નાખે છે ને? આનંદ. '**જીવનો જેમ એક જ્ઞાનગુણ...**' ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... જ્ઞાન છે. '**તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે;...**' એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ છે. આ ઇન્દ્રિયના આનંદમાં સુખ માને છે એ રાગ (છે). એનાથી ગુલાંટ ખાઈને અંદરમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે (ત્યાં જાય છે). આહાહા..! '**જીવનો જેમ એક જ્ઞાનગુણ છે તેમ એક અતીન્દ્રિય સુખગુણ છે; તે સુખગુણ સંસાર-અવસ્થામાં અશુદ્ધપણાને લીધે પ્રગટ આસ્વાદરૂપ નથી,..**' જોયું? સંસારદશામાં એ આનંદગુણ પ્રગટ અવસ્થારૂપ નથી. શક્તિરૂપ છે. આવ્યું ને એમાં?

'**પ્રગટ આસ્વાદરૂપ નથી,...**' શક્તિરૂપ છે. સંસાર અવસ્થામાં પણ અતીન્દ્રિય આનંદ આત્મામાં અંદર શક્તિ–સ્વભાવ તો છે. એ આનંદ સંસાર અવસ્થામાં પ્રગટ પર્યાયમાં પ્રગટમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**સંસાર-અવસ્થામાં...**' એટલે મલિન અવસ્થામાં '**અશુદ્ધપણાને લીધે...**' એ મલિનદશાને લીધે '**આસ્વાદરૂપ...**' એનો ત્રિકાળી ગુણ છે. છતાં તેનો પ્રગટ આસ્વાદ નથી. પર્યાયમાં તેનો આસ્વાદ નથી. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણ પહેલી દશા થાય. એમાં આનંદનો સ્વાદ ભેગો આવે. એમ કહે છે. આહાહા..! એની તો વાતું નહિ ને એ મુકીને બધી વાતું. સાધુ થાવ, તપ કરો, વ્રત કરો, તપસ્યા કરો, આ કરો, તે કરો. આહાહા..! મોટા મોટા મકાનો બનાવે અને મોટા જલસા કરવા, એ માટે જાણે ધર્મ હશે. એમાં કદાચ રાગ મંદ હોય તો પુણ્ય છે, અશુદ્ધભાવ છે. આહાહા..! એ અશુદ્ધ અવસ્થાના સ્વાદ વખતે અતીન્દ્રિય સ્વાદનો એમાં પ્રગટ અભાવ છે. આહાહા..! શું કહે છે આવો ધર્મ? જિનેશ્વરનો માર્ગ આવો હશે? માર્ગમાં તો એવું જ સાંભળીએ છીએ, અપવાસ કરો, વ્રત કરો, તપ કરો, લુંગડા છોડી દો, બાયડી છોડો, છોકરા છોડો, કુટુંબ છોડો, ધંધો છોડો. આવું સાંભળ્યું છે અને આ વળી નવું ક્યાંથી કાઢ્યું? નવું ક્યાં છે? આ પુસ્તક ક્યાં નવું છે? આ પુસ્તકના કળશો તો હજાર વર્ષ પહેલાના છે. એનો અભિપ્રાય તો મૂળ પાઠમાં બે હજાર વર્ષ પહેલાનો, એનો અભિપ્રાય તો અનાદિકાળનો છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અશુદ્ધપણું જતાં...'** ભગવાનઆત્મા અતીન્દ્રિય સુખ અને ત્રિકાળ આનંદસ્વરૂપ જ છે. ત્રિકાળ આનંદસ્વરૂપ ભગવાન છે. પણ એની દશામાં મલિનતાને કારણે એ આનંદનો એને પ્રગટ સ્વાદ દશામાં નથી. સમજાણું કાંઈ? આવું વ્યાખ્યાન હવે. આમાં માણસ ભેગા શી રીતે થાય? માણસને પકડાય નહિ, સમજાય નહિ. સાંભળતા હતા ને ત્યાં? 'ભોપાલ'. 'ભોપાલ'માં ચાલીસ હજાર માણસ. પોર (ગયે વર્ષે) અહીં 'મુંબઈ' ૮૭ જન્મ જયંતીમાં ૧૫-૧૫ હજાર માણસ. સાંભળે લોકો એ તો આ માર્ગ કહે છે. માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..!

એ દુઃખી પ્રાણી, એની દશામાં, એની વર્તમાન હાલતમાં, પુણ્ય અને પાપની અશુદ્ધતાના મલિનતાને કારણે અતીન્દ્રિય આનંદ ત્રિકાળી હોવા છતાં પ્રગટ તેના સ્વાદમાં એ નથી. એના પ્રગટ સ્વાદમાં તો મલિનતાનો સ્વાદ છે. આહાહા..! રાજા, શેઠિયા, કરોડપતિઓ, અમે સુખી છીએ. હજી હમણા એક ઓલો સાધુ આવ્યો હતો. મારું સાધુપણું આનંદ છે કહે. બિચારાને ખબરેય નથી. આહાહા..! કોને કહેવું? એમ કે આ ઘર છોડ્યું, બાયડી છોડી, છોકરા છોડ્યા. નાની ઉંમરમાં દીક્ષા લીધી હોત તો બહુ આનંદ આવત. મેં કીધું કે, ભાઈ! આ વેષ જ નથી. જૈનનો આ વેષ જ લુગડા નથી. જૈનનો વેષ તો નગ્ન છે. અંદરનો વેષ રાગ વિનાનો છે. એવો ભેખ અંદરમાં આવ્યા વિના મુનિપણું હોય નહિ. સમકિત નથી ત્યાં મુનિપણું ક્યાંથી આવ્યું? આહાહા..! આકરું લાગે, શું થાય? બાપુ! હિતની વાતું છે, ભાઈ! ચોરાશીના અવતાર કરી કરીને સોથા નીકળી ગયા. અને હજી સમ્યગ્દર્શન નહિ પામે તો એ અવતાર ચોરાશીના અવતારની મોટી ખાણું પડી છે. ક્યાંય કીડે, કાગડે, કૂતરે, નાગ, વાઘમાં જન્મીને કંઈક પાપ કરીને વળી પાછો નરકે જાશે. આહાહા..! આવું સ્વરૂપ છે.

'કુંડલા'માં એક જણો બિચારો કહેતો હતો. હતો અન્યમતિ પણ અભ્યાસ આ. અરે..! મહારાજ! હવે તો અંદર રુદન આવી જાય છે. અંદર જવાતું નથી, પહોંચાતું નથી અને રોવાઈ જાય છે. એમ કહેતો હતો. અન્યમતિ બ્રાહ્મણ કો'ક હતો પણ અહીંનો અભ્યાસ. અંદરમાં અનુભવમાં જવામાં હાથ લાગતું નથી. રુદન આવી જાય છે. અંદર રોવાઈ જાય છે. બાપુ! કીધું, મહેનત જોઈએ. અનંત પુરુષાર્થ જોઈએ. આહાહા..! 'કુંડલા'માં હતો. વ્યાખ્યાનમાં આવતો હતો. આત્મા છે ને! આત્મારૂપ છે. આત્માની જાતમાં ક્યાં ફેર છે? બહારમાં વાણિયો, મુસલમાન ગમે તે નામ ધરાવો. એ તો બહારની ચીજ શરીરને ધૂળને માટે છે. ભગવાન અંદર નાત-જાત વિનાનો છે. એ તો અશુદ્ધતા વિનાનો છે ત્યાં વળી બહારની ચીજ ક્યાં લેવી? પુણ્ય-પાપની અશુદ્ધતા એ મલિનતા વિનાની એ ચીજ છે. આહાહા..! એ ચીજનું અવલંબન લેતા ભગવાન અતીન્દ્રિય આનંદ, જેવો એનો જ્ઞાનગુણ જાણવું-જાણવું જેમ ત્રિકાળ છે તેમ આનંદ આનંદ પણ એનામાં ત્રિકાળ છે. પણ એ કેમ પત્તો નથી ખાતો? કે એ અશુદ્ધતાના સ્વાદમાં પડ્યો એને શુદ્ધના સ્વાદનો વિરહ થઈ ગયો છે. આહાહા..!

એ પુણ્યના પરિણામની વિકલ્પજાળ, એમાં ઘૂંચવાઈને માન્યું કે મેં કાંઈક કર્યું છે, કાંઈક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કરું છું... કાંઈક કરું છું... એવી જાળમાં ભરાઈ ગયેલો દુઃખી પ્રાણી, એને આત્માના આનંદના વિરહ પડ્યા છે. આહાહા..! અનાદિકાળના અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન હોવા છતાં એને મલિનતાના સ્વાદની મહિમામાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ નથી આવતો. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આહાહા..!

કાંઈક શરીર ઠીક હોય, કાંઈક બાયડી ઠીક હોય, છોકરા ઠીક હોય, ધંધે સરખે રસ્તે ચડ્યા હોય ને... રાજી-રાજી થઈ જાય. આહાહા..! શું છે? પ્રભુ! એ તો ઠીક પણ હવે આગળ જતાં કદાચિત્ કોઈ દયા, દાન, વ્રત અને તપના ભાવ થયા. ત્યાં રાજીપો થયો કે આપણે કાંઈક હવે કરીએ છીએ. દુકાને બેઠા પાપ કરે છે એના કરતા તો કાંઈક નવું કરીએ છીએ ને? આહાહા..! એ પણ પાપને ઠેકાણે પુણ્ય પણ પાપ જ છે. પવિત્રતાથી પતીત કરાવે તે પાપ. આહાહા..! છે ને? પુણ્ય-પાપના અધિકારમાં છેલ્લે. પવિત્રતા એવો આત્મા આનંદ... આહાહા..! એનાથી પતીત થાય છે. એ શુભભાવથી, શુદ્ધથી પતીત થાય છે માટે પાપ છે. 'સમયસાર'ના પુણ્ય-પાપના છેલ્લા અધિકારમાં છે. આહાહા..! પહેલા જરા કહ્યું છે કે શુભ છે એ પાપ કરતા ઠીક છે, આમ છે, વ્યવહાર કહીને પછી કહ્યું. આહાહા..!

ભગવાન! તું આત્મા છો ને, ભાઈ! છે કે નહિ? તું છો કે નહિ? તારી હયાતી છે કે નહિ? કે આ શરીરની હયાતી અને બહારની હયાતી એ તારી હયાતી (છે)? તારી હયાતીએ તારું હોવાપણું સ્વયં (છે). એ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની હયાતીથી તારી હયાતી છે. આહાહા..! એ પુણ્યના અશુદ્ધ મલિન પરિણામની હયાતીથી તારી હયાતી છે એમ છે નહિ. આહાહા..! એ પુણ્ય પરિણામની હયાતીને જ્યાં કબુલવા જાય છે, ત્યાં પોતાની હયાતીને ખોઈ બેસે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, બાપા! પણ ભાવ તો જે હોય એ હોય. બીજું શું હોય? આહાહા..!

ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ 'મુખ ઓમકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' ભગવાનના મુખમાંથી શ્રીધ્વનિ નીકળે છે. આહાહા..! એને સંતો, આનંદના અનુભવીઓ, અતીન્દ્રિય આનંદના રસીલાઓ ભગવાનની વાણીમાંથી શાસ્ત્ર બનાવે છે. 'રચી આગમ ઉપદેશ ભવ્ય જીવ સંશય નિવારે.' ભવ્ય નામ લાયક જીવ હોય એ સંશયને ટાળે. આહાહા..! એ વીતરાગની વાણી તો આ છે. આહાહા..! દિવ્યધ્વનિ ત્રિલોકનાથ પરમાત્મા જિનેશ્વરદેવ, એની દિવ્યધ્વનિ. દિવ્ય નામ પ્રધાન અવાજ. પ્રવચન. પ્ર-ઉત્કૃષ્ટ વચનો. એનો આ સાર છે. આહાહા..! 'પ્રવચનસાર' છે ને. આહાહા..!

કાલે કહ્યું હતું ને. 'પ્રવચનસાર'માં તો એમ કહ્યું છે. જ્ઞેય અધિકાર. ૧૦૨ ગાથામાં તો એમ કહ્યું, જે જગતના પદાર્થો છે તેને જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાનો તેનો એ કાળ જન્મક્ષણ છે. એ હવે નિમિત્તથી થાય કોણ માને? એ આ પંડિતોને વાંધા. કાલે બધું વિરોધનું લખાણ આવ્યું હતું. લ્યો, એ તો કહે છે કે ઘડો થાય એ માટીથી થાય. કુંભારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય નહિ. અરે..! શું ધૂળ થાય? કુંભાર એને અડતો પણ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતુંય નથી. એક દ્રવ્યનો તો બીજા દ્રવ્યમાં અત્યંત અભાવ છે. એ અભાવ છે એ ભાવને કેમ કરે? બાપુ! માર્ગ તો સીધો છે. મળ્યો નથી. સાંભળવા મળ્યું નથી. અને એમ ને એમ મજુરી કરી કરીને જગતના જીવો જિંદગી ગાળે છે. આહાહા..! એ પુણ્ય અને પાપના બેય ભાવ મજૂરી છે.

એ અશુદ્ધતાને કારણે આત્માના આનંદનો સ્વાદ એને નથી. આહાહા..! એમ નથી કહ્યું કે એને કર્મના ઉદયનું જોર છે માટે તેને આનંદનો સ્વાદ આવતો નથી. એ અશુદ્ધતાના સ્વાદને લઈને શુદ્ધતાનો સ્વાદ આવતો નથી એમ કહ્યું. કેમ? પંડિતજી! આહાહા..! ભગવાનની વાણી તો 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ. ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' વીર્યહિન, કાયર, નપુસંકોને આકરા પડે. આહાહા..! અહીં તો કહે છે કે પુણ્યની રચના કરનાર પાવૈયા, હીજડાઓ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઊઠે છે એની રચના કરનારું વીર્ય એ વીર્ય નથી. આહાહા..! જેમ નપુંસકને, હીજડાને પ્રજા ન હોય, એમ શુભભાવમાં ધર્મની પ્રજા ન હોય. કેમકે એ વીર્યની નપુંસકતા છે. વીર્ય ભગવાનનું એને કહીએ, કે જેની શુદ્ધ સ્વભાવની રચના કરીને આનંદ આવે. એને વીર્યની રચના કહેવામાં આવે છે. કહો. આહાહા..!

અરે..! ભગવાન! એ ક્યાં મળે? ભાઈ! એ પરમાત્માના ઘરની વાતું ખોવાઈ ગઈ. ક્યાં મળે? ભાઈ! રખડતા રામ તને. એ રખડતામાં તું દુઃખી છો. એ દુઃખના સ્વાદ આગળ.. આહાહા..! અશુદ્ધનો સ્વાદ કહો કે દુઃખનો કહો. એ આનંદસ્વરૂપ હોવા છતાં અશુદ્ધતાની દશામાં એને આત્માના સ્વાદનો અભાવ છે. આહાહા..! અનંતકાળ થયો. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના અનંતા ભવ કર્યા. અબજોપતિ અનંતવાર થયો. એ બધા દુઃખી પ્રાણી બિચારા અશુદ્ધતાના વેદનમાં દુઃખી છે. આહાહા..! દેવો મોટા નવમી ગ્રૈવેયકે જનારા કેટલાક મિથ્યાદૃષ્ટિ, એ પણ અશુદ્ધતાને વેદનારા દુઃખી છે. એ આપણે પહેલા આવી ગયું છે. કર્મચેતના અને કર્મફળ ચેતનાનું અનાદિથી વેદન છે. પહેલા આવી ગયું હતું. આહાહા..!

ચેતના ત્રણ પ્રકારની. જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના. જ્ઞાનચેતના એટલે? જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં એકાગ્ર થઈને આનંદનું વેદન આવે એ જ્ઞાનચેતના. કર્મચેતના એટલે? પુણ્યના, પાપના ભાવને વેદવા એ કર્મચેતના છે. કર્તાપણે થવું એ કર્મચેતના છે. અને તેના ફળમાં હરખ-શોક થઈને વેદવું એ કર્મફળચેતના છે. આહાહા..! અરે..રે..! સંસારી પ્રાણી અનાદિથી કર્મચેતના અને કર્મફળચેતનાને વેદ્યા છે. કોઈ દિ' ભગવાનઆત્માની જ્ઞાનચેતનાની સામું જોયું નથી. આહાહા..!

**'અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે.'** જોયું? આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ નાશ થતાં આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! એ પુણ્ય પરિણામ વ્યવહાર કહેવામાં આવે તો

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એના જતાં આનંદ આવે એમ કહે છે. એનાથી આનંદ આવે એમ તો કહેતા નથી. વ્યવહાર શુભભાવ એ તો અશુદ્ધવેદના છે. અશુદ્ધ કર્મફળવેદના છે. એનાથી જ્ઞાન અને આનંદના ફળનું વેદન આવે, એ તો અહીં ના પાડે છે. શું થાય? ઓલા સંસ્કૃત, વ્યાકરણ મોટા ભણી ભણીને. 'કાશી'માં ભણ્યા હોય. ઓલા બ્રાહ્મણ ભણાવનારા, ઈશ્વરકર્તા માનનારા. નિમિત્તના લાકડા ખોસી ઘાલ્યા. સૃષ્ટિમાં ઈશ્વર નિમિત્ત છે. એમ આ જગતના કામમાં બીજી ચીજ નિમિત્ત છે, એવા લાકડા. 'બનારસ'ના, 'કાશી'માં ભણેલાના લાકડા બધા. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, સંતો કહે છે એ પરમાત્મા જ કહે છે. પરમાત્માની પ્રાપ્તિનો ઉપાય જેને મળ્યો છે એ મળેલો મેળવવાની માટે વાત કરે છે. ભાઈ! તને ઉપાય કહીએ છીએ તેને મેળવ. આહાહા..! બહારની રમતુંમાં રાજી થઈને રમી રહ્યો, પ્રભુ! એ તો બધી દુઃખની રમતું, ઝેરની રમતું છે. આહાહા..! નિજઘરમાં ગયો નહિ અને પરઘરમાં ભમ્યો. આહાહા..! એ વ્યભિચારી થઈને તું રમ્યો છો, ભાઈ! રાગનું વેદન છે એ વ્યભિચાર વેદન છે. આહાહા..! એ વ્રત ને તપનો વિકલ્પ છે એ વ્યભિચાર છે. એ વ્યભિચારના વેદનમાં તેં રાજી થઈને વખત ગાળ્યા, પ્રભુ! આહાહા..!

કહે છે, એ **'અશુદ્ધપણું જતાં...'** અતીન્દ્રિય આનંદ **'પ્રગટ થાય છે.'** છે ને? આહાહા..! એ અશુદ્ધપણાથી આ અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે એમ નથી. અરે..! એના હિતની વાતું આવે અને ગોઠે નહિ. **'અશુદ્ધપણું જતાં પ્રગટ થાય છે. તે સુખ અતીન્દ્રિય પરમાત્માને હોય છે.'** તેવું પૂર્ણ સુખ અરિહંતદેવ પરમાત્મા, જિનેશ્વરદેવને પૂર્ણ આનંદનું સુખ હોય છે. આહાહા..! એને કોઈ સામગ્રી હોતી નથી. એને તો અતીન્દ્રિય આનંદનું સુખ. અશુદ્ધતા ટળીને શુદ્ધતાનો આનંદ આવ્યો છે. એ પરમાત્મા જિનેશ્વરદેવને પૂર્ણ આનંદ છે. આહાહા..!

**'તે સુખને કહેવા માટે કોઈ દૃષ્ટાન્ત ચારે ગતિઓમાં નથી,...'** કોની સાથે મેળવવું? કે આ રાજાના સુખ અને ઇન્દ્રોના સુખથી અનંતગણું સુખ. એ તો ઝેર છે, દુઃખ છે. એની સાથે સુખને કેવી રીતે મેળવે? એનાથી અનંતગણું કરે તો દુઃખ થાય. એ આનંદનું, સુખનું વેદન એનું ચાર ગતિમાં નથી. એને કોની સાથે ઉપમા આપવી અને કોને કહેવું? આહાહા..! **'ચારે ગતિઓ દુઃખરૂપ છે; તેથી એમ કહ્યું કે જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે,...'** જોયું? આહાહા..! ચાર ગતિના રખડતા જીવો પરમાત્માને જાણવાને લાયક નથી. અરિહંત જિનેશ્વર પરમાત્મા, એને અતીન્દ્રિય આનંદ પ્રભુને પૂર્ણ પ્રગટ થયો છે. આહા..! એને ઓળખવાને ચાર ગતિના જીવો લાયક નથી. કેમકે એ તો દુઃખના વેદનમાં પડ્યા છે. એ દુઃખના વેદથી એ સુખની દશાનું માપ-પ્રમાણ શી રીતે કાઢે? આહાહા..!

**'જેને શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ પરમાત્મારૂપ જીવના સુખને જાણવાને યોગ્ય છે,...'** આહાહા..! એ પુણ્ય અને પાપના મલિન પરિણામથી ભિન્ન મારી ચીજ છે. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય આનંદના સુખના સ્વાદથી જણાય એવી ચીજ છે. એવો જેણે અતીન્દ્રિય સ્વાદથી આત્માને જાણ્યો એ પરમાત્માના સુખને જાણવાને લાયક છે. કારણ કે એનાથી અનંતગણું સુખ પરમાત્માને છે એ અનુમાન કરી શકે. આહાહા..! સમજાણું કાંઈ? એ અતીન્દ્રિય આનંદના અલ્પ સુખની પણ જેને ખબર નથી. એ કઈ ચીજ છે? આહાહા..! અનંતવાર મહાવ્રત ધારણ કર્યા, સમિતિ, ગુપ્તિ પાળી. હવે એને એ લોકો વ્યવહારને નિશ્ચયનું કારણ કહે છે. આહાહા..! એ અશુદ્ધતાના પરિણામ શુદ્ધતાને પ્રગટ કરાવે, એમ કહે છે. પ્રભુ! તારા હિતની વાત છે. બાપુ! તને ખોટી કેમ લાગે? આહાહા..! આ કાંઈ કોઈ વ્યક્તિની વાત નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..!

પરમાનંદનો નાથ દુઃખના વેદનમાં અંદર ઢંકાઈને પડ્યો છે. આહાહા..! એ અશુદ્ધતાના પરિણામની પાછળ ભગવાન આનંદનો નાથ પડ્યો છે એની એને ખબર નથી. અને બહાર... બહાર... બહાર... બહાર... બહાર... આમ જોયા કરે છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આબરૂ, કીર્તિ, શરીર, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના વિષયો. આહાહા..! અહીં તો કહે છે, કે બહારમાં ભગવાન તીર્થંકર ગુરુદેવને પણ તું બહાર જોયા કરે, તો ત્યાં ક્યાં આત્મા હતો? આહાહા..! અને તું અશુદ્ધ પરિણામને જોયા કરે, કે મેં આટલું તો કર્યું ને! દુકાન છોડી, ધંધા છોડ્યા, બાયડી છોડી, કુટુંબ છોડ્યા, પંચ મહાવ્રત પાળ્યા. બાપુ! પણ એ અશુદ્ધતાને દેખનારો, એ શુદ્ધતાને તું જોતો નથી. તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ છે તે જીવ...'** તે જીવ... આહાહા..! તે દેવને અનંતસુખ પરમાત્મા જિનેશ્વરને છે એ જાણવાને યોગ્ય છે. આહાહા..! બીજે એવું ક્યાંક આવી ગયું છે. શુદ્ધના અનુભવીઓ મોક્ષના અરિહંત ને પરમાત્માના આનંદના અનુભવને જાણી શકે. કારણ કે એને ગુણાકાર કરતા આવડે કે આ આનંદથી વધારે આનંદ છે. પણ જેને એ આનંદની ખબરું નથી એ કોની સાથે મેળવે? આહાહા..! સમજાણું કાંઈ? હવે આમાં શું આવ્યું? આ કલાક તો થવા આવ્યો પણ એમાં ક્યાંય લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, ચોવિયાર કરવો, રાત્રી આહાર ન કરવો, આઠમ, ચૌદશના અપવાસ કરવા. એ વાત તો ક્યાંય આવી નહિ. અને આવી તો એ કે એ બધા અશુદ્ધ પરિણામ વિકલ્પ છે, રાગ છે. અને જ્યાં સુધી અશુદ્ધના સ્વાદમાં પડ્યો છો ત્યાં સુધી ભગવાનના આનંદનો તને વિરહ છે. અને તું પરમાત્માના આનંદના ક્યા માપે માપ કરીશ? એકલા પુણ્યના પરિણામ મેલા છે એના અનુભવમાં પડ્યો (છો), એ પવિત્રતાના પૂર્ણ આનંદ પરમાત્માનું કઈ રીતે માપ કરીશ? તારી પાસે માપણું જ ક્યાં છે? આહાહા..! કહે છે એ માપ તો શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે જીવ પરમાત્માના સુખને જાણવાને યોગ્ય છે. કેમકે શુદ્ધ સ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે. **'એવો ભાવ સૂચવ્યો છે.'** આહાહા..!

**'શુદ્ધ સ્વરૂપ અનુભવતાં...'** ભગવાનઆત્મા ત્રિકાળી શુદ્ધ. હવે એ પણ નથી બેસતું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હમણા તો એ વાંધા આવ્યા છે કે અશુદ્ધ પરિણામ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય. અરે..! ભગવાન!

મુમુક્ષુ :– અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ...

ઉત્તર :– એ અશુદ્ધ દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય આખું અશુદ્ધ થઈ ગયું એમ કહે છે. આહાહા..! એ દ્રવ્યને અશુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યું એ દ્રવ્ય પોતે પર્યાયપણે અશુદ્ધપણે પરિણમ્યું એમ બતાવવું છે. દ્રવ્ય તો દ્રવ્ય છે. દ્રવ્ય કોઈ દિ' અશુદ્ધપણે પરિણમે કે અરે..! મોક્ષની પર્યાયપણે (પણ ન) પરિણમે દ્રવ્ય. દ્રવ્ય તો ત્રિકાળી દ્રવ્ય છે. આહાહા..! આવો જૈનધર્મ હશે! કેટલાક કહે, 'સોનગઢવાળા'એ નવો ધર્મ કાઢ્યો. બાપુ! તે સાંભળ્યો નથી, પ્રભુ! એ જિનેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનો કહેલો અંતર માર્ગ, ભાઈ! તેં કઈ જાત છે એ સાંભળી નથી. તેથી તને એમ લાગે કે આ બધું નવું કાઢ્યું. આહાહા..!

**'શુદ્ધસ્વરૂપ અનુભવતાં અતીન્દ્રિય સુખ છે–એવો ભાવ સૂચવ્યો છે. કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે ? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** આહાહા..! શુદ્ધ સ્વરૂપ ભગવાન, એની સન્મુખતા, એકાગ્રતાથી શુદ્ધ થાય. અશુદ્ધતા એ તો સ્વભાવથી વિમુખ દશા છે. એનાથી વિમુખ થઈને સ્વભાવ સન્મુખનો સ્વાદ લેતાં આત્માનું જ્ઞાન થાય, ભાન થાય એમ કહે છે. જોયું? **'શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ ૨, શનિવાર તા.૧૮.૦૬.૧૯૭૭
## કળશ - ૧૨-૧૩, પ્રવચન - ૧૮

'કળશટીકા' ૧૨મો શ્લોક. **'કોઈ પ્રશ્ન કરે છે કે કેવું કારણ કરવાથી...'** જોયું? કારણ શબ્દ મુક્યો છે. શિષ્યના મુખમાં ઇ (મુક્યું છે). **'કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે? ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** એટલે? કે જીવ અને આત્મા એક જ વસ્તુ છે. એ વસ્તુ તરીકે શુદ્ધ અને પવિત્ર છે. પણ પર્યાયમાં શુદ્ધ કઈ રીતે થાય? ક્યા કારણે? એમ કહ્યું. વસ્તુ તો શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ છે. હવે શિષ્યનો પ્રશ્ન છે કે પર્યાયમાં એનો શુદ્ધ કઈ રીતે અનુભવ થાય? પર્યાયની દશામાં (શુદ્ધ કઈ રીતે થાય?) વસ્તુ તો વસ્તુ છે. ક્યા કારણથી એમ કહ્યું ને? જીવ શુદ્ધ થાય. એનું કારણ એમ કહ્યું કે **'શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** આહાહા..! કોઈ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ કરવાથી શુદ્ધ થાય એમ કહ્યું નહિ.

મુમુક્ષુ :– અહીં નહિ કીધું હોય તો બીજે કીધું હશે.

ઉત્તર :– બીજે કહ્યું હોય તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું હોય. વસ્તુસ્થિતિ છે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કાંઈ બીજી રીતે થતી નથી. આહાહા..!

**'શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** કારણ કહ્યું છે ને? પૂછ્યું હતું ને? ભગવાનઆત્મા નાનામાં નાના સૂક્ષ્મ રાગનો વિકલ્પ, એનાથી ચીજ ભિન્ન છે. અને પોતાની પવિત્ર શક્તિ અને સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એને એની સન્મુખનો અનુભવ કરવાથી તે શુદ્ધતા થાય છે. એટલે કે એની સન્મુખનો અનુભવ કરવાથી એને ધર્મ થાય. આહાહા..!

મુમુક્ષુ :– કારણ તો બે જોઈએ ને?

ઉત્તર :– કારણ એક જ છે. બીજું તો આરોપિત છે. આહાહા..! શિષ્યે અહીં પ્રશ્ન કર્યો એનો ઉત્તર આ જ આપ્યો. એણે એમ પૂછ્યું હતું, કે **'કેવું કારણ કરવાથી જીવ શુદ્ધ થાય છે?'** પ્રશ્ન તો એ હતો. **'ઉત્તર આમ છે કે શુદ્ધનો અનુભવ કરવાથી જીવ શુદ્ધ થાય છે.'** આહાહા..! એ પવિત્ર પરમાત્મસ્વરૂપ છે, એની દૃષ્ટિમાં પૂર્ણ પવિત્રતાનો સ્વીકાર કરી, અને તેનો અનુભવ એટલે તેમાં લીન થવું એ શુદ્ધ પ્રગટ થવાનું કારણ છે. આવી વાત છે. હજી એને ચીજ શું છે એની મહિમાની જ્યાં ખબર નથી. આહાહા..!

ભગવાનઆત્મા તો અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ એ અતીન્દ્રિય અનાકુળ આનંદના અનુભવથી જ પ્રાપ્ત થાય એવો છે. આમ વાત છે. નિમિત્તના ને વ્યવહારના ઘણા લખાણ આવે. એ બધું આવે, એવી ચીજ છે એટલું જ્ઞાન કરાવવા. બાકી આત્માને સુખી થવાનો પંથ, દુઃખથી મુક્ત થવાની રીત, એ શુદ્ધસ્વરૂપ પવિત્ર ભગવાન ત્રિકાળ આનંદસ્વરૂપ જ છે એની સન્મુખ થઈને અનુભવ કરવો. રાગ અને એક સમયની પર્યાયથી વિમુખ થઈ વસ્તુના સ્વભાવનો અનુભવ કરવો. એ સ્વભાવને અનુસરીને દશામાં પવિત્રતાના પરિણામ પ્રગટ કરવા એ શુદ્ધતાને પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આકરું કામ ભારે! માર્ગ આ છે. પછી.

**'किल यदि कोऽपि सुधीः अन्तः कलयति (किल) નિશ્ચયથી જો કોઈ જીવ अन्तः कलयति'** જોયું? **'શુદ્ધસ્વરૂપને નિરન્તરપણે અનુભવે છે.'** **'अन्तः कलयति'** અંતર સ્વરૂપ ભગવાન અને એને **'कलयति'** એટલે અનુભવે. પુણ્ય-પાપના વિકલ્પ હોય, પણ એનાથી ભિન્ન પડી અને શુદ્ધ સ્વરૂપને **'कलयति'** અભ્યાસે, અનુભવે, વેદે. આહાહા..! **'નિરન્તરપણે અનુભવે છે.'** છે ને? **'अन्तः'** ની વ્યાખ્યા શુદ્ધ સ્વરૂપ કર્યું. અને **'कलयति'** નો અર્થ નિરન્તરપણે અનુભવે એમ કર્યો. **'अन्तः कलयति'** આ તો માખણની વાતું છે. અનંતકાળમાં કદી કર્યું નથી. કરે ત્યારે તે અપૂર્વ છે. પૂર્વે નહિ થયેલું થાય છે. એ આ રીતે.

ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે, એની સન્મુખની એની દૃષ્ટિમાં પૂર્ણાનંદનો સ્વીકાર કરે અને પછી અનુભવે. પ્રતીતમાં આવે એટલો અનુભવ છે પણ વિશેષ અનુભવે ત્યારે તે શુદ્ધતાની પ્રાપ્તિ કરે. એટલે કે પવિત્રતાની પ્રાપ્તિ ત્યારે તેને થાય. આહાહા..! **'કેવો છે જીવ ?'** **'सुधीः'** **'શુદ્ધ છે બુદ્ધિ જેની.'** જેની બુદ્ધિ શુદ્ધ છે. જેને ભગવાન આનંદ, અનાકુળ અતીન્દ્રિય સ્વરૂપ, એનો જેણે બુદ્ધિમાં–મતિમાં સ્વીકાર કર્યો છે એને શુદ્ધિ કહેવામાં આવે

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. જગતનું જ્ઞાન હોય ન હોય એની સાથે સંબંધ નથી. ભગવાનઆત્મા અંદર જે આનંદકંદ પ્રભુ છે, એની બુદ્ધિથી એને જાણે, એને પોતાની બુદ્ધિથી અંતરમાં જાણે એ સુબુદ્ધિ. આહાહા..!

**'શુદ્ધ છે બુદ્ધિ...'** આહાહા..! આ દેહ છે એ તો જડ છે. એનાથી તો આત્મા ભિન્ન છે. પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય છે, એનાથી આત્મા ભિન્ન–જુદો છે. એને શુદ્ધિ એવા શુદ્ધને જે જ્ઞાનમાં લઈ અને બુદ્ધિવાળો એ શુદ્ધને અનુભવે. આહાહા..! ત્યારે તેને ધર્મ થાય. ત્યારે તેને સુખની પ્રાપ્તિ અનંતકાળમાં થઈ નથી એવો અપૂર્વ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહાહા..! ત્યારે તે ધર્મ થયો કહેવાય. એ ધર્મ પૂર્ણ થાય ત્યારે એને મુક્તિ થાય. આહાહા..! બહુ આકરું કામ જગતને.

**'શુદ્ધ છે બુદ્ધિ જેની. શું કરીને અનુભવે છે?'** ધર્માત્મા આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે. એ શુભઅશુભ પુણ્ય-પાપના વિકલ્પોના રાગથી તે વસ્તુ ભિન્ન છે. કેમકે એ તત્ત્વ છે ને? પુણ્ય અને પાપ એવું એક તત્ત્વ છે. એ પરતત્ત્વ છે. સ્વતત્ત્વ તો એ પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન જ્ઞાયક આનંદતત્ત્વ છે. એને જે અનુભવે... આહાહા..! તત્કાળ. **'શું કરીને અનુભવે? તત્કાળ દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મના ઉદયને મિટાવીને...'** એ બાહ્ય નિમિત્તથી વાત કરી. **'અથવા મૂળથી સત્તા મિટાવીને.'** મૂળથી એટલે નિમિત્તથી.

'हठात् मोहं व्याहत्य' **'બળથી મિથ્યાત્વરૂપ જીવના પરિણામને મૂળથી ઉખાડીને.'** આહાહા..! નિમિત્તથી વાત કરી. પછી કહે છે કે અશુદ્ધ પરિણામ જે છે. જોયું? **'મિથ્યાત્વરૂપ જીવના પરિણામ...'** પુણ્યનો શુભરાગ તે મારો, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ વિકલ્પ રાગ છે એ મારા છે, એ મિથ્યાત્વભાવ છે. અને કાયાની ક્રિયા થાય આ હાલવું, ચાલવું એ ક્રિયા મારી છે, એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ ભાવને છોડી દઈને. આહાહા..! બળથી મૂળથી ઉખાડીને. જોયું? **'हठात्'** આવ્યું અહીંયાં. ઓલામાં આવ્યું હતું ને. **'हठात्'**. અહીંયાં **'हठात्' 'બળથી...'** પુરુષાર્થથી. આહાહા..! આકરી વાત છે. પહેલી એની રીત તો શીખે.

અંતર વસ્તુ ભગવાન અંતઃ એ ચિદ્ઘન આનંદકંદપ્રભુ આત્મા. આહાહા..! એને પુણ્ય-પાપના વિકલ્પને મૂળમાંથી ઉખેડી નાખી. ભાષા જોઈ? આહાહા..! **'મૂળથી ઉખેડીને...' 'व्याहत्य'** છે ને? વિશેષ આહત. **'મૂળથી ઉખેડીને.'** આહાહા..! પોતાનો ભગવાનઆત્મા, એની સંપદાથી ભરેલો ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, વિભુતા, પ્રભુતાથી ભરેલો ભગવાન છે. કેમ બેસે? આહા..! એવો આ આત્મા, એનો આશ્રય કરીને, એમાં એકાગ્ર થઈને જેણે મિથ્યાત્વને મૂળમાંથી ઉખેડી નાખ્યું છે. ભ્રમણા મિથ્યાશલ્ય. આહાહા..! દયા, દાન, પુણ્યનો રાગ એ ધર્મ છે, એ માન્યતા મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વને મૂળથી ઉખેડી નાખ્યું, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'व्याहत्य' 'મૂળથી ઉખાડીને.'** આહાહા..! જેણે આત્માના સ્વભાવને કોઈપણ સૂક્ષ્મ, સ્થૂળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિકલ્પ, રાગથી ભિન્ન અને કાયાથી ભિન્ન, કાયાથી ભિન્ન તો અશરીરી અને રાગથી ભિન્ન તો અરાગી... આહાહા..! એવી એ આત્મા વસ્તુ છે. જિનેશ્વરદેવે પરમેશ્વર પરમાત્મા તીર્થંકરોએ આ રીતે આત્માને અનુભવવાનું કહ્યું છે.

ભાઈ! તું આત્મા આનંદ છો, પ્રભુ! આહાહા..! એમાં પુરુષાર્થથી, આત્માના સ્વભાવ સન્મુખના પુરુષાર્થથી ભ્રમણાનો મૂળમાંથી નાશ કર કે ફરીને ઉત્પન્ન ન થાય એમ કહેવા માગે છે. ભગવાનને ભાળતા ફરીને ભ્રમણા ઉત્પન્ન ન થાય. પોતે ભગવાન અનંત આનંદ આદિ લક્ષ્મીનો ધણી, પ્રભુ! એ આત્મા એવો પણ કેમ બેસે? ભગવાન છે એમ કહે. પણ તું પોતે ભગવાન છો. તારા સ્વરૂપે, તારા સ્વભાવે ભગવાન પૂર્ણ ભર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા આત્માને પુરુષાર્થ દ્વારા અંતર સન્મુખ થઈને બહિરસન્મુખની મિથ્યા ભ્રમણાને મૂળમાંથી નાશ કરે છે. ત્યારે એ શુદ્ધનો અનુભવ થાય. 'દીપચંદજી'! સમજાય છે કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જ જીવ...'** અનાદિકાળનો. મિથ્યા અસત્ય માન્યતા, જૂઠી માન્યતા–દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ એ ધર્મ અને ધર્મનું કારણ, એવું મિથ્યાદૃષ્ટિપણું અનાદિનું છે. સમજાણું કાંઈ? એ **'અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જ જીવ કાળલબ્ધિ પામતાં...'** એટલે કે તેના સમ્યક્ પામવાના કાળને પામતા **'સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં ત્રણ કરણો કરે છે;...'** એ જરી આગમ ભાષા છે. એ પરિણામ એવા થાય છે. અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. સમ્યગ્દર્શન–ધર્મની પહેલી શરૂઆત થવા પહેલા, સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત કીધી, એ પ્રગટ થવા પહેલા એ ત્રણ કરણ છે. પરિણામ છે. ત્રણ પ્રકારના એ પરિણામ થાય છે. એક અધઃકરણ, એક અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. એ કાંઈ જાણવામાં ન આવે કે હું આ કરું. પણ આ તો સમજાવે છે.

**'ત્રણ કરણો કરે છે; તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે;...'** તે પરિણામ અંતર્મુહૂર્ત બે ઘડીની અંદરમાં થાય છે. **'કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે;...'** જડકર્મ જે દર્શનમોહ છે, એનો રસ મટે છે. **'તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે;–'**

મુમુક્ષુ :– એ તો કહ્યું ...

ઉત્તર :– એ મટે છે ને પણ. આમ કરે ત્યારે આ મટે છે ત્યારે આ પણ મટે છે, એમ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બે નિમિત્તનિમિત્ત સંબંધ બતાવ્યો છે. ભાવ મિથ્યાત્વનું નિમિત્ત હતું. એ નિમિત્તને પહેલું મટાડ્યું. એ મટાડ્યું તે કાળે નૈમિત્તિક ભાવને મટાડ્યો. આહાહા..! આમ છે. વીતરાગનો માર્ગ બહુ ઝીણો, ભાઈ! અરે..રે...! આત્માની એને દયા આવતી હોય ને કે આ હું ચોરાશીના અવતારમાં રખડી મરું છું. નિગોદ, નરક, એકેન્દ્રિય ને પશુ, નોળ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોળ, કીડા, કાગડાના અવતાર કરી કરીને અનંતકાળ ગયો. એ અનંતકાળમાં એ દુઃખી, બિચારો દુઃખી છે ઇ. આહાહા..! એની એને દયા નથી. એમ કહે છે.

દયા ક્યારે કહેવાય? કે એ રાગરહિત, શરીરરહિત જેવું એનું સ્વરૂપ છે એવડું અને એટલું એની પ્રતીતિમાં, અનુભવમાં લે ત્યારે એણે પોતાના જીવની દયા પાળી કહેવાય. પણ એ ભગવાનઆત્માને રાગવાળો, અલ્પજ્ઞ જેટલો, પુણ્યની ક્રિયાકાંડ જેટલો, શરીરની ક્રિયા આત્મા કરે એ, એટલો માનવો એ આત્માની હિંસા છે. એણે પૂર્ણાનંદના નાથનો અનાદર કર્યો. આહાહા..! આ વાતું બહુ જુદી જાતની છે. આહાહા..! એણે કોઈ દિ' સ્વદયા ન પાળી.

હું એક પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું. મારો આનંદ મારી પાસે છે. અને મારું જ્ઞાન જડ જગતને જાણનાર જ્ઞાન એ જડનું નથી, એ જડમાં નથી, જડને લઈને નથી. જ્ઞાનમાં જણાય છે કે આ શરીર છે, આ વાણી છે. એની આ ક્રિયા થાય છે એ જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં એ ચીજ નથી. આત્મામાં એ ચીજ નથી. પણ આત્મા જ્ઞાનમાં જાણે છે. એને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. તે કાળે, તે સંબંધી શરીર-વાણીની ક્રિયા થાય, તે સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાને થયું છે. એ શરીર ક્રિયા થઈ એનાથી જ્ઞાન થયું છે એમ નથી. આહાહા..!

એવો જે ભગવાન આ આત્મા, જિનેશ્વર તીર્થંકરો એમ ફરમાવે છે, કે એ શુદ્ધ જીવને... આહાહા..! મિથ્યાત્વમાંથી, મૂળમાંથી ઉખેડી નાખો. પોતાનો આશ્રય લેતાં, એનું બહુમાન થતાં, એને દર્શન સમ્યક્ થતાં, મિથ્યાત્વને જે ભ્રમણા રાગ મારો અને કાયા મારી. એવો જે મિથ્યાત્વભાવ તે મૂળથી નાશ થઈ જાય છે. કેમકે કાયારહિત અને રાગરહિત બેય આત્માનું સ્વરૂપ છે. બીજી ભાષાએ કહીએ, તો કાયા એટલે અજીવ અને રાગ એટલે આસ્રવ, પુણ્ય-પાપ. તો અજીવ અને આસ્રવરહિત ભગવાનઆત્માનું અંતર સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આવો ધર્મ અને આવું સુખ-દુઃખ, એ કરતા છકાયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. સહેલું સટ હતું.

મુમુક્ષુ :– બધું ઊંધું હતું.

ઉત્તર :– બધું ઊંધુ હતું. બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..!

'પ્રવચનસાર'ની ૨૩૬ ગાથામાં ભગવાન તો એમ કહે છે, કે જે કોઈ પ્રાણી.. આ શરીરની ક્રિયા થાય તે મારી છે, એ શરીર એ મારું છે અને હું એને ચલાવી શકું છું એમ શરીરને પોતાનું માને અને જે દયા-દાન આદિનો રાગ થાય, એ રાગ છે એ મારો માને, એ પ્રાણી રાગને પોતાનો માનનાર બહારથી પાંચ ઇન્દ્રિયના વિષયને ભલે ભોગવતો ન હોય, છતાં રાગને પોતાનો માને છે તો પાંચ ઇન્દ્રિયના વિષયનો એ ભોગવનાર જ છે. એ 'પ્રવચનસાર'ની ૨૩૬ ગાથામાં કહ્યું છે. કાયાને, કષાયને પોતાનો માનનાર. અશરીરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને અકષાય સ્વરૂપ અંદર આત્માનું છે, એની જેને દૃષ્ટિ નથી, ખબરું નથી, વિશ્વાસ નથી. એવા જીવો રાગને, કાયાને પોતાના માની, ભલે પછી મહાવ્રત પાળતો હોય, બહારથી ત્યાગી હજારો રાણી છોડીને બેઠો હોય, પણ એ રાગના વિકલ્પને પોતાના નિર્વિકાર સ્વભાવ સાથે એકત્વ કરે છે, એ પાંચ ઇન્દ્રિયના વિષયનો સેવનારો જ છે. કેમકે રાગ છે એ જ મહાપાપ છે. એને પોતાનો માન્યો એ પાંચ ઇન્દ્રિયના વિષયનો સેવનાર છે. ભલે બહારથી સેવતો ન હોય, ત્યાગી હોય. અને કાયાને પોતાની માનનાર ભલે બાહ્યથી છકાયની હિંસા ન કરતો હોય એવો દેખાય. પણ શરીર મારું એમ માનનારો, છકાયની હિંસાનું કારણ છે એ છકાયની હિંસાનો જ કરનારો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે! વીતરાગ પરમેશ્વર, જિનેશ્વર તીર્થંકરદેવો અનંત તીર્થંકરોનો આ આદેશ છે.

પ્રભુ! તું કોણ છો? એ પુણ્ય તત્ત્વનો જે રાગ છે એ તત્ત્વ તો જુદું છે. અને શરીર અને કર્મ છે, અજીવ છે એ કાયા અને કર્મ તો ભિન્ન છે. તો જેણે એ ભિન્ન તત્ત્વને અજીવ અને આસ્રવ જે રાગ ભલે શુભ હોય, એને પોતાના જેણે માન્યા, એ તો છકાયની હિંસા કરનારો અને પાંચ ઇન્દ્રિયના વિષયનો ભોગવનાર છે. કારણ કે એ રાગના ફળમાં મિથ્યાત્વ છે એ રાગને પોતાનો માન્યો છે. એ મિથ્યાત્વને લઈને ચાર ગતિમાં રખડશે, ત્યાં પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવશે. આહાહા..! અને કાયા, દેહ માટી આ તો પરમાણુ માટી પુદ્‌ગલ છે. અજીવ છે, આ કાંઈ આત્મા નથી. આ કાંઈ આત્મામાં નથી. જેમ શરીર માટી છે તેમ આ પ્રભુ આત્મા નથી. આત્મા તો ભિન્ન તત્ત્વ અંદર છે. આહાહા..! શરીરનો એ જાણનાર, રાગનો એ જાણનાર એવું જ્ઞાયકતત્ત્વ અતીન્દ્રિય આનંદવાળું તત્ત્વ તો પુણ્ય અને શરીરની ક્રિયાથી ભિન્ન છે. આહાહા..!

અરે..રે..! એ સત્ય વાત પરમાત્માની સાંભળવા મળે નહિ અને ધર્મને બહાને બીજે રસ્તે ચડી ગયા. એને ભવ મૂકવાના કાળમાં... આ ભવ તો ભવ મૂકવા માટે ભવ આવ્યો છે. એમાં એ ન કરે તો એના પરિભ્રમણના ભવ કે દિ' ટળશે? આહાહા..! સમજાણું કાંઈ? એ ૨૩૬ ચરણાનુયોગની ગાથા છે ને? ત્યાં કહ્યું છે. કાયા અને કષાયને પોતાનો માને એ દયા, દાન, વ્રત ને તપનો વિકલ્પ, રાગ ઊઠે છે એ મારો માને. એ પાંચ ઇન્દ્રિયના પૂર્ણ આખા વિષયનો ભોગવનારો છે. કારણ કે એનું લક્ષ રાગ ઉપર છે. રાગ વિનાનો ભગવાન છે ત્યાં એની દૃષ્ટિ નથી. એ રાગ ઉપર લક્ષવાળો છે તે વિષયનો જ અભિલાષી છે. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી આવતું? આવે છે. વિષયના ત્યાગમાં એમ કે વિષયના અભિલાષનો ત્યાગ. એમ આવે છે.

મુમુક્ષુ :– અભિલાષા મુખ્ય છે.

ઉત્તર :– હા, એ મુખ્ય વસ્તુ છે. અભિલાષ મુખ્ય છે. આહાહા..!

જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભિન્ન તત્ત્વ, એ રાગના વિકલ્પથી અને કાયાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્રિયાથી એટલે કાયાથી તદ્દન ભિન્ન તત્ત્વ છે. ભિન્ન તત્ત્વનું જ્ઞાન કરવું એમ પણ કહેવું એ વ્યવહાર છે. એને ઠેકાણે ભિન્ન તત્ત્વને પોતાના માનવા અને પોતાનું આખું પૂર્ણાનંદનું અસ્તિત્વ જે હોવાપણું તેને ભૂલી જવું, અને રાગ ને કાયાની ક્રિયામાં પોતાનું હોવાપણું માનવું એ મોટો મિથ્યાત્વભાવ છે. ચાર ગતિ નરક અને નિગોદમાં લઈ જનાર એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીને પણ રાગ આવે પણ એ રાગને દુઃખરૂપ જાણે છે. સમ્યગ્દષ્ટિ ધર્મીને દયા, દાન, વ્રતનો એ વિકલ્પ તો આવે પણ તેને એ દુઃખરૂપ જાણે છે. અજ્ઞાની રાગને સુખરૂપ અને પોતાનો માને. મોટો આંતરો છે. આહાહા..! એ અહીં કહે છે. આહાહા..!

**‘જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે તેમ.’** આત્માના શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરતાં ભાવ મિથ્યાત્વના પરિણામ નાશ થાય છે. પુણ્યને ધર્મ માનવો, પાપમાં મીઠાશ માનવી. અજીવની પરિણતિ ક્રિયા એ મારાથી થાય છે. હું જેમ શરીરને દોરું તેમ દોરાય. વાણી પણ હું જેમ કરું તેમ નીકળે. એ બધા વાણી અને શરીરના ધણી–સ્વામી થાય છે. એ મૂઢ જીવ છે, એને મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને ટાળવાનો ઉપાય સ્વભાવનો અનુભવ છે. સમજાણું કાંઈ? અરે..! આવો ઉપદેશ હવે. ઓલું તો કાંઈ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિયા, ચોઇન્દ્રિયા, પંચેન્દ્રિયા લ્યો. મિચ્છામી દુક્કડમ, ... કરી. તસ્સ ઉતરી કરણેણં ઠાણેણં ઝાણેણં થઈ ગઈ સામાયિક. લોગસ્સ બોલે. અરે..! ભગવાન! બાપુ! મારગડા જુદા, નાથ! એ બધા તત્ત્વો જુદા, તારું તત્ત્વ જુદું, એ ક્રિયાવાળા તત્ત્વો બધા જડના, અજીવના અને ભાવના રાગનું તત્ત્વ એ પુણ્યતત્ત્વ ભિન્ન, એને અંતરમાં ભિન્નને ભિન્ન જાણ્યા વિના એ રાગને પોતાનો માનવાનું મિથ્યાત્વ ટળશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભલે ત્યાગી થયો હોય, સાધુ થયો હોય, હજારો રાણી છોડીને મુનિ થાય. પણ અંદરમાં જેના આનંદ સ્વભાવમાં રાગની ગંધ નથી, શરીરનો અત્યંત જેમાં અભાવ છે, એને એ શરીરની ક્રિયા હું કરી શકું છું ને રાગથી મને લાભ છે, એ રાગ મારી ચીજ છે, એવું માનનારો સાધુ પણ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આવી વાત છે. સાંભળવું કઠણ પડે અને સમજીને અંતરમાં ઉતારવું, બાપુ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની આ આજ્ઞા છે.

બળથી ભ્રમણાનો નાશ કર. ભગવાનઆત્માને સંભાળીને એનો નાશ કર. એનું સંભાળવું છોડી દે. આહા..! મિથ્યાત્વની ભ્રમણાની સંભાળ રહેશે ત્યાં સુધી સ્વરૂપનો અનાદર છે. અને સ્વરૂપનો જ્યારે આદર થશે ત્યારે ભ્રમણાનો અનાદર થશે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને? સમજાય તો તો ન્યાલ થઈ જાય. પણ કઈ પદ્ધતિ અને કઈ રીત છે એની? એ રીતની પદ્ધતિનો ખ્યાલ આવવો એ પણ કાંઈ સમજાય એમ કહેવામાં આવે છે. આહાહા..! એ પ્રભુના મારગડા જુદા. આહાહા..! અહીં એ કહે છે, મિથ્યાત્વને હઠથી–પુરુષાર્થથી ટાળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જેમ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા મટે છે તેમ.'** તેમ મિથ્યાત્વ મટતા આત્માને મિથ્યાત્વ ટળીને સમકિત થાય છે. એમ કહે છે. સમકિત થાય છે. **'કેવો છે બંધ અથવા મોહ?'** જુઓ! ખુલાસો. ગયો કાળ. **'भूतं भान्तम् अभूतम् एव' 'નિશ્ચયથી અતીત કાળસંબંધી, વર્તમાન કાળસંબંધી, આગામી કાળસંબંધી. ભાવાર્થ આમ છે–ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ,...'** તે મોહ. શું કીધું? ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય, ત્રણ કાળમાં રાગ અને શરીર મારા એ દયા, દાનના, વિકલ્પ એ મારા, શરીરની ક્રિયા હું કરું તેમ થાય. એવો જે શરીર અને રાગને પોતાના માનેલા સંસ્કાર, એ રૂપી મોહ. આહાહા..! એ રૂપી મિથ્યાત્વ. એમ કહ્યું ને? **'કેવો છે બંધ અથવા મોહ?'** એમ કહ્યું છે ને? આવ્યું છે ને પહેલું? બંધ અથવા મોહ કેવો છે? આહાહા..! પહેલા કહ્યું ઇ. આહા..!

**'ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ,...'** ત્રણે કાળ સંસ્કારરૂપી શરીરાદિ. સંસ્કાર પડ્યા એવા એના. આહાહા..! જ્યાં હોય ત્યાં ઇ શરીર ચલાવું તો હું, પરની દયા પાળી શકું તો હું, પરને મારી શકું તો હું. એવી શરીરની ક્રિયાના સંસ્કાર ત્રણે કાળમાં પોતાની અંદર પડ્યા છે. આહાહા..! ત્રિકાળી ચૈતન્ય ભગવાન અવિનાશી દેહમાં ભિન્ન તત્ત્વ છે. એ ચૈતન્યજ્યોતિ અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાનઆત્મા છે. કેમ બેસે? આહાહા..!

બહારની ઇન્દ્રિયોના અભિલાષની સુખબુદ્ધિવાળાને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે એ વાત કઈ રીતે બેસે? આહાહા..! અને જેને અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા એમ જેને સમ્યક્ બેઠું, એને પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ ઊડી જાય છે. આહાહા..! ભલે એ રાજા હોય કે સ્ત્રી આદિના ભોગ હોય છતાં એમાંથી સુખબુદ્ધિ ઊડી જાય છે. એટલે કે મિથ્યાત્વ ઊડી જાય છે. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. પરમેશ્વર 'ભાખ્યો શ્રી ભગવાન' એમ આવે છે ને? 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે પ્રભુ. તીર્થંકર કેવળી પરમાત્મા. એમનું આ કહેલું છે. આહાહા..!

**'ત્રિકાળ સંસ્કારરૂપ છે જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ,...'** મોહ કેવો છે? કે **'ત્રિકાળ સંસ્કારરૂપ છે જે...'** શરીર આદિ છે ને રાગ. **'શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ,...'** તે મોહ, તે મિથ્યાત્વ છે. આહાહા..! ભલે જૈનનો દિગંબર મુનિ, સાધુ થાય પણ જેને હજી અંદરમાં વ્રતના પરિણામ, તપના પરિણામ, રાગ એ ધર્મ છે અને એ મારા છે એમ માને ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે કામ આકરા. પ્રભુ! મારગ તો ભાઈ આ છે. જન્મ-મરણ રહિત થવાનો ઉપાય તો આ છે, કે રાગ અને શરીરથી... કેમકે રાગતત્ત્વ પુણ્યતત્ત્વ છે. પાપતત્ત્વ તો એક કોર રાખો. અજીવતત્ત્વ તે સ્વતંત્ર તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું તત્ત્વ છે. એના જે શરીર છે, વાણી, મન છે એની જે ઉત્પાદ એનો પર્યાય સમયે સમયે ઉત્પન્ન થાય એવું એ તત્ત્વ છે. એ તત્ત્વને આત્મા એમ માને કે એ પર્યાય ઉત્પાદ મેં કરી. આહાહા..! અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ આવે એ રાગ વિકલ્પ ને દુઃખરૂપ છે. એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ પોતાના સ્વભાવમાં સાધન તરીકે મારા છે એમ માને... આહાહા..! એવો જે મિથ્યાત્વભાવ ત્રિકાળી, રાગ અને શરીર સાથે સંસ્કારરૂપી બુદ્ધિ ત્રિકાળી એનું નામ મિથ્યાત્વ અને મોહ કહે છે. સમજાણું કાંઈ? આવો ધર્મ, લ્યો.

છકાયની દયા પાળવી, ભૂખ્યાને આહારપાણી દેવા, તરસ્યાને પાણી, રોગીને ઓસડ દેવા, કપડા ન હોય એને કપડા દેવા, સ્થાન ન હોય એને મકાન આદિ દેવા. કોણ દે? ભાઈ! એ તો પર ચીજ છે. એ પર ચીજને હું દઈ-લઈ શકું છું એ જ પરને પોતાની માની છે. પૈસા, લક્ષ્મી, શરીરાદિ હું પરને પૈસા દઉં, આહાર-પાણી પરને દઉં, એ તો પરવસ્તુ છે. દઈ શકું એવી જે માન્યતા એ જ મિથ્યાત્વ છે. આહાહા..! એ પરતત્ત્વ છે તેનો એ સ્વામી થાય છે અને સ્વતત્ત્વનો તે અનાદર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કેવો છે મોહ? ત્રણે કાળના સંસ્કાર. કેમકે અનંતકાળથી સંસ્કાર ચાલ્યા આવે છે. એમ કહે છે. વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ હજી અજ્ઞાની રહેશે. આહાહા..! અથવા અજ્ઞાનીને ભવિષ્યની દેહ ક્રિયા આદિ મારી છે, ભવિષ્યમાં રાગ થશે એ મારો છે એવા ત્રિકાળી સંસ્કાર એને પડ્યા છે. પરની સાથે એકત્વબુદ્ધિ. '**તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' આહાહા..! છે અંદર? છે કે નહિ? એવા જે પરમાં એકત્વબુદ્ધિના સંસ્કાર અનાદિના જામેલા છે, કહે છે. ભગવાન જ્ઞાતાદૃષ્ટા ચૈતન્યતત્ત્વ ભિન્ન, એને ન જાણતા એનાથી ભિન્ન તત્ત્વ જે પુણ્ય-પાપ અને દેહની જડ આદિ ક્રિયા એ મારા, એ ત્રિકાળી સંસ્કારમાં એની એકત્વબુદ્ધિ પડી છે. આહાહા..!

એ '**એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' આહાહા..! એ રાગના એકત્વ અને શરીરની ક્રિયાની એકત્વબુદ્ધિને મટાડીને... આહાહા..! એની સંસ્કાર બુદ્ધિ છોડી દઈને, જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાન આનંદ પ્રભુ છે, એને અનુભવે તેને મિથ્યાત્વનો નાશ થઈને સંસાર પરિભ્રમણ અટકી જાય. સમજાણું કાંઈ? '**તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે.**' આહાહા..!

'જીવ અધિકાર' છે ને? જીવ અધિકાર છે. જીવનો અધિકાર જ આટલો અને આવો છે કહે છે. રાગ અને પરની ક્રિયાથી ભિન્ન સંસ્કારને છોડી દઈને જીવતત્ત્વ જે છે તેને અનુભવવો એનું નામ જીવનો અધિકાર છે. આહાહા..! અરે..! સાંભળતા કઠણ પડે. સાંભળ્યું ન હોય. બહારની ચીજમાં થોથવાય, ગોથવાયને અનંતકાળ ગાળ્યો. ત્રણે કાળના સંસ્કાર કીધાને અહીંયાં? ભવિષ્યમાં રાગ થાય તો સારો એ પણ વર્તમાન સંસ્કાર મિથ્યાત્વ છે. ભવિષ્યમાં દેહ સારો મળે તો સારી ક્રિયા થાય, લક્ષ્મી-બક્ષ્મી મળે તો લક્ષ્મીનો સદુપયોગ કરશું. એ બધા પરદ્રવ્યના ભવિષ્યના વર્તમાનમાં સંસ્કાર મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ ૧૨મો કળશ થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(વસન્તતિલકા)

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।

ખંડાન્વય સહિત અર્થ :– 'आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति' (आत्मा) આત્મા અર્થાત્ ચેતન દ્રવ્ય (सुनिष्प्रकम्पम्) અશુદ્ધ પરિણમનથી રહિત (एकः) શુદ્ધ (अस्ति) થાય છે. કેવો છે આત્મા ? 'नित्यं समन्तात् अवबोधघनः' (नित्यम्) સદા કાળ (समन्तात्) સર્વાંગ (अवबोधघनः) જ્ઞાનગુણનો સમૂહ છે–જ્ઞાનપુંજ છે. શું કરીને આત્મા શુદ્ધ થાય છે ? 'आत्मना आत्मनि निवेश्य' (आत्मना) પોતાથી (आत्मनि) પોતામાં જ (निवेश्य) પ્રવિષ્ટ થઈને. ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે અને ક્યાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે, તો આમાં વિશેષતા શું છે? ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે– 'या शुद्धनयात्मिका आत्मानुभूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा' (या) જે (आत्मानुभूतिः) આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે. કેવી છે અનુભૂતિ? (शुद्धनयात्मिका) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે. ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે. (किल) નિશ્ચયથી (इयम एव ज्ञानानुभूतिः) આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે (इति बुद्ध्वा) એટલીમાત્ર જાણીને. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય; નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી. ૧૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૩મો કળશ. આમાં શું કહેવું છે? કે જે સમ્યગ્દર્શન છે એ પોતાના શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદનો સ્વીકાર છે, અનુભવ અને વેદન છે તે સમ્યગ્દર્શનની પ્રધાનતાથી એ ગાથા, કળશ કીધો. અહીં જ્ઞાનની મુખ્યતાથી વાત કરે છે. આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો બે ચીજ એક છે. કેમકે આત્મા પવિત્ર ભગવાન છે એ જ્ઞાનસ્વરૂપ જ છે. જેમ અગ્નિ ઉષ્ણસ્વરૂપ છે. એ ઉષ્ણતા અને અગ્નિ બે કાંઈ જુદી ચીજ નથી. એમ ભગવાનઆત્મા આત્માનો અનુભવ કરવો એમ કહેવું કે રાગ અને દેહની ક્રિયાના સંસ્કારથી છૂટીને આમાં સંસ્કાર નાખવા, એને સમ્યગ્દર્શન કહે છે. આને હવે અહીંયાં સમ્યગ્દર્શનમાં આત્માનો જે અનુભવ કહ્યો, એ જ અનુભવ જ્ઞાનનો છે. જ્ઞાનનો અનુભવ અને આત્માનો અનુભવ કોઈ જુદી ચીજ નથી. ૧૫મી ગાથા. સમજાણું કાંઈ? આહાહા..! પહેલા ૧૪મી ગાથાનો (કળશ) હતો. ૧૫મી ગાથામાં કહ્યું છે ને? ૧૪મી ગાથામાં એમ કહ્યું છે, કે આ આત્માને અબદ્ધસ્પૃષ્ટ જે દેખે એટલે કર્મ અને રાગના સંબંધ વિનાનો દેખે અને સામાન્ય એકરૂપ છે, ભેદ વિનાની એ ચીજ છે એમ દેખે, એણે જૈનશાસન દેખ્યું. એ સમ્યગ્દર્શનનો વિષય કહ્યો છે.

અહીંયાં જ્ઞાનપ્રધાન કરીને જૈનશાસન કહ્યું છે. જે જ્ઞાન સ્વરૂપનો અનુભવ કરી અને આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણે. રાગના અને કર્મના સંબંધ વિનાની ચીજ અંદર ભગવાન ભિન્ન તત્ત્વ પડ્યું છે. એવા આત્માને અનુભવનારો સમકિતી અને એના જ્ઞાનનો અનુભવ કરનારો એ જૈનશાસનનો અનુભવ કરનારો છે. કારણ કે જ્ઞાન અને આત્મા કાંઈ જુદા નથી. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. ચાલતા પ્રવાહની વાતું સાંભળી હોય ને. બધી ખબર છે ને. અમને નથી ખબર? આહાહા..! બધો ફેર છે. પ્રભુ! મારગડા ફેર છે. જૈનશાસન વીતરાગમાર્ગ, પરમેશ્વર વીતરાગ તીર્થંકર એના મારગડા દુનિયાથી જુદી જાતના છે. એનો સમ્યગ્દર્શનનો અને સમ્યગ્જ્ઞાનનો માર્ગ હજી તો આ કહે છે. ચારિત્રની તો પછી વાત.

આ ઓલા દર્શનનો માર્ગ ગયો, હવે આ જ્ઞાનની અનુભૂતિનો માર્ગ કહે છે. આહાહા..! અને જેણે આત્માને એ વિકલ્પના રાગના સંબંધ વિનાનો છે એમ જોયું અને અનુભવ્યું, તેને શુદ્ધોપયોગમાં એ આત્મા અબદ્ધસ્પૃષ્ટ જણાણો. એને શુભ અને અશુભરાગના ઉપયોગથી ભિન્ન પડ્યો, ત્યારે એને પુણ્ય-પાપના ભાવ તે અશુદ્ધ છે, એનાથી જુદો પડીને શુદ્ધોપયોગ દ્વારા આત્માને જાણ્યો, એણે જૈનશાસન જાણ્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ૧૫મી ગાથા. (એનો આ શ્લોક છે માથેનો) ઉપોદ્ઘાત છે ને? આહાહા..!

મુમુક્ષુ :- સામાન્યનો આવિર્ભાવ...

ઉત્તર :- બધું એમાં આવી ગયું.

રાગ અને શરીર, ક્રિયા, કર્મ એનાથી જુદું છે અને તે સામાન્ય એટલે એકરૂપ છે. પર્યાયભેદ કે ગુણભેદ પણ નથી. અને સુખ-દુઃખની કલ્પનાના વેદનથી પણ એ ભિન્ન ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એવું જે આત્માનું તત્ત્વ સ્વયંસિદ્ધ પરમેશ્વર જૈનેશ્વરે જે જોયું, અને કહ્યું કે આવા આત્માનો જે અનુભવ કરે એ જૈનશાસનનો અનુભવ કરે. એણે જૈનશાસન જાણ્યું. એટલે કે શુદ્ધોપયોગ વીતરાગભાવ દ્વારા આત્મા જાણે, એણે જૈનશાસન જાણ્યું. કારણ કે જૈનશાસન વીતરાગભાવ છે, કોઈ રાગભાવ એ જૈનશાસન નથી. આહાહા..!

હજી આ તો ચોથા ગુણસ્થાન અને ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાનની વાત છે. શ્રાવકપણું સાચું અને મુનિપણું સાચું એ તો કાંઈક બીજી આઘી ચીજ છે. વાડાવાળા કેવા માને અમે શ્રાવક છીએ. માને. માનો તો કોઈ ના પાડે? કાળીજીરીની કોથળીમાં સાકર નામ લખે તો કાંઈ કાળીજીરી મીઠી થઈ જાય? એમ નામ આપે જૈન. અમે શ્રાવક છીએ, મુનિ છીએ. અંદરમાં તો મિથ્યાત્વ ભર્યા છે. રાગ મારા અને રાગથી ધર્મ થાય. કાળીજીરીની કોથળી છે. ઉપર નામ આપે સાકર. અરે..! પ્રભુ! એ જૈનસ્વરૂપ નથી. જૈનપરમેશ્વર અને જૈનનું સ્વરૂપ બાપુ! પ્રભુ! બહુ જુદું છે, ભાઈ! આહાહા..! જેણે જૈનશાસનને જોયું, એને હવે ભવ રહે નહિ. એમ કહે છે.

જેણે આ ભગવાનઆત્માને... આહાહા..! અબદ્ધસ્પૃષ્ટ, રાગના સંબંધ વિનાનો અને રાગના કર્તા વિનાનો અને રાગના વેદન વિનાનો અને વિશેષ વિનાનો સામાન્ય એકરૂપ ત્રિકાળ દ્રવ્ય છે... આહાહા..! એને જે જાણે, અનુભવે અને પરિણમે, સમ્યગ્જ્ઞાન દશારૂપી પરિણમે ત્યારે એ જૈનશાસનમાં આવ્યો. એણે જૈનશાસન જોયું. આહાહા..! બાકી વાડામાં તો અનેક પ્રકારે નામ ધરાવો. ઓલા કહે, અમે સ્થાનકવાસી છીએ, ઓલા કહે, અમે દેરાવાસી છીએ, ઓલા કહે, અમે દિગંબર છીએ. ઓલો વળી એક હમણા નીકળ્યો છે ને તેરાપંથી તુલસી. આહાહા..! પ્રભુ! વીતરાગના મારગડા જુદા રહી ગયા. એટલે કે તારો મારગ જુદો રહી ગયો. આહાહા..! ત્યાં દર્શનપ્રધાન વાત હતી હવે જ્ઞાનપ્રધાન (વાત છે). જ્ઞાનને અનુભવવું તે જ આત્માનો અનુભવ છે. એમ આમાં કહે છે.

**आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या**
**ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।**
**आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-**
**मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तात्।।१३।।**

આહાહા..! એક એક કળશે ન્યાલ કરી નાખશે. અમૃતના કળશા ભરીને ધોવરાવે, એમ મેલ ધોવરાવી નાખે છે. આહાહા..! અમૃતના કળશા ભરીને સ્નાન કરાવે છે. સ્નાન આમાં બે-ત્રણ વાર આવ્યું છે. ભક્તિનું આવે છે ને? હમણા ભક્તિના ૨૭ શ્લોક આવ્યા છે ને? કેવળજ્ઞાનની જ એકલી મહિમા ગાઈ છે. ૨૫ અધિકાર છે. એક એક અધિકારમાં ૨૫ ગાથાઓ છે. ૬૨૫ ગાથા. એકલું કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય અને અનંતઆનંદ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બસ, એના ગાણા ૬૨૫ ગાથામાં ગાયા છે.

મુમુક્ષુ :–...

ઉત્તર :– આમાં ક્યાં સમજાય? એને હજી આ સમજાતું નથી. એ તો એકલી મોક્ષની કેવળની વાતું છે ને? આહાહા..! પણ એ કેવળજ્ઞાન થાય કોને? જેને બીજ ઊગે એને પૂનમ થાય. એમ જેને સમ્યગ્દર્શન થાય એને કેવળજ્ઞાન થાય. પણ એ સમ્યગ્દર્શન થાય કઈ રીતે? કે આત્માને ત્રિકાળી આનંદકંદને, અબદ્ધસ્પૃષ્ટને, સામાન્યને અનુભવે, ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..! હજી તો સમ્યગ્દર્શન, હોં! પછી જ્ઞાન એની સાથે થાય એ આત્માનો અનુભવ, તે જ્ઞાનાનુભૂતિ. પછી આનંદમાં લીન થવું. અતીન્દ્રિય આનંદને જેણે જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે. એ અતીન્દ્રિય આનંદમાં લીન થાય એનું નામ ચારિત્ર. બાકી બહારના થોથા પાંચ મહાવ્રત, ક્રિયાકાંડ, ચારિત્ર એ નહિ. આહાહા..! આવો માર્ગ છે.

**'आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति' 'આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય. અશુદ્ધ પરિણમનથી રહિત...' 'सुनिष्प्रकम्पम् '** નો અર્થ કર્યો. પુણ્ય અને પાપના ભાવ છે એ કંપન છે. કંપન છે, ધ્રુજારો છે, મેલ છે. શુભ-અશુભભાવમાં આવવું એ કંપન છે, ધ્રુજારો છે, વસ્તુનું સ્વરૂપ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? માથુ કામ કરે નહિ, કહે. '...ભાઈ'! આવી વાત છે.

મુમુક્ષુ :– પહેલા પદમાં આકરી વાત છે (એમ કહ્યું), હવે એક વિશેષણ વધાર્યું, ઘણી આકરી વાત છે.

ઉત્તર :– આહાહા..! પરિચય નહિ ને, પરિચય. આખો પરિચય જ ઊલટો. જિંદગીનો આખો પ્રસાર ઊંધા ઓલામાં જિંદગી (ગાળી હોય). આહાહા..! સાધુ નામ ધરાવે પણ એ ઉપદેશ આપે. વ્રત કરો, અપવાસ કરો, એ તમારે સંવર-નિર્જરા. વ્રત એ સંવર છે અને અપવાસ એ નિર્જરા છે. આહાહા..! મૂળમાં ભૂલ. આહાહા..! બહુ ટૂંકી વાત કહે, વ્રત કરવા, અહિંસા, સત્ દત્ત બ્રહ્મચર્ય પાળવા બસ, એ સંવર. અને એક, બે, ત્રણ, પાંચ, ચોવિહારા લુખ્ખા અપવાસ કરવા એ તપસ્યા તે નિર્જરા. નિર્જરા તે ધર્મ, ધર્મ તે મોક્ષનું કારણ. જાવ. સહેલુંસટ કીધું. એ તો બધા રાગના વિકલ્પોની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ વ્રતનો વિકલ્પ પણ આસ્રવ અને બંધ છે અને અપવાસ આદિ કરું એ પણ આત્માના જ્ઞાનના ભાન વિનાનો વિકલ્પ અને રાગ છે. બેયને ધર્મ માનવો એ તો મિથ્યાત્વનું પોષણ છે. જૈનશાસનમાં વિરોધનું પોષણ છે. સમજાણું કાંઈ?

અહીં તો **'ચૈતન્યદ્રવ્ય...' 'सुनिष्प्रकम्पम् '** આહાહા..! એની વ્યાખ્યા શું કરી? ભગવાનઆત્મા એવો છે, કે જેમાં પુણ્ય અને પાપના વિકલ્પની કંપના નામ અસ્થિરતા જેમાં નથી. સુનિષ્કમ્પ છે. પુણ્ય-પાપના વિકલ્પના રાગ વિનાનો ભગવાન અંદર છે. આહાહા..! અરે...! એ તો સિદ્ધ થાય ત્યારે હોય કે અત્યારે હોય? બાપુ! સિદ્ધ થાય ત્યારે તો એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દશામાં પણ ન રહે. અહીં તો એની દશામાં હોવા છતાં એ સ્વભાવમાં નથી, એવા આત્માને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક વાત આવે ત્યાં બીજી અને બીજી આવે ત્યાં ત્રીજી. બધી અજાણી જેવી વાતું આવે એમ લાગે. પરિચય નહિ ને, ભાઈ! ઓલા પરિચય હોય તો એકદમ ખબર પડે એકદમ કે એકેન્દ્રિયની દયા પાળવી, છપરબી લીલું શાક ન ખાવું, ચોવિહાર, આઠમ, ચૌદશના અપવાસ કરવા. બધું સહેલુંસટ હતું. એ બધી મિથ્યાત્વની ક્રિયા. રાગની ક્રિયા અને માને ધર્મ. મિથ્યાત્વના ભાવનું પોષણ, સંસારની વૃદ્ધિનું પોષણ છે. એ માર્ગ નથી. આહાહા..!

મુમુક્ષુ :– ધર્મ કરે...

ઉત્તર :– ધર્મ કર્યો હોય પણ ધર્મ કોને કહેવો?

અહીં તો સુનિષ્કમ્પની વ્યાખ્યા કરી. આહાહા..! છે ને? **'सुनिष्प्रकम्प'** ત્રીજું પદ. ત્રીજા પદનો છેલ્લો શબ્દ. પ્રભુ કહે છે, કે આત્મા એને કહીએ કે જેમાં એ દયા, દાન, વ્રતના વિકલ્પનું કમ્પપણું નથી. એવા આત્માને જ્ઞાનમૂર્તિ કહીએ. તો એનો અનુભવ કહો, કે જ્ઞાનનો અનુભવ કહો બે એક જ વાત છે. એ વાત વધારે સિદ્ધ કરશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ સુદ ૩, રવિવાર તા.૧૯.૦૬.૧૯૭૭**
**કળશ - ૧૩, પ્રવચન - ૧૯**

'કળશટીકા' ૧૩મો શ્લોક ચાલે છે. થોડીક બે-ત્રણ લીટી ચાલી છે. ફરીને.

**'आत्मा सुनिष्प्रकम्पम् एकः अस्ति'** શું કહે છે? આ આત્મા છે જે આત્મા, એ વસ્તુ તરીકે શુદ્ધ ચૈતન્ય અને આનંદસ્વરૂપ છે. જેને હિત કરવું છે એટલે કે ધર્મ કરવો છે એણે શું કરવું કહે છે? કે **'ચેતનદ્રવ્ય અશુદ્ધ પરિણમનથી રહિત શુદ્ધ થાય છે.'** જે એની વર્તમાન દશામાં અશુદ્ધતા પુણ્ય-પાપનો મેલ, મલિન, રાગ-દ્વેષ, દુઃખ એનાથી રહિત હું છું અને ચૈતન્યઆત્માની સહિત અંદરમાં સ્થાપન કરવું, એમાં અંદર જવું, આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એમાં વસવાટ કરવો, વસવું. આહાહા..! એનાથી અશુદ્ધ પરિણમનનો નાશ થાય છે. ત્યારે એ શુદ્ધ થાય છે તે ધર્મ છે. સમજાણું કાંઈ?

**'ચેતનદ્રવ્ય અશુદ્ધ પરિણમનથી રહિત શુદ્ધ થાય છે.'** આહાહા..! **'કેવો છે આત્મા?'** **'नित्यं समन्तात् अवबोधघनः'** એ આત્મા જે વસ્તુ અંદર છે, એ તો સદા કાળ નિત્ય છે. નિત્ય વસ્તુ છે અને સર્વાંગ, એના ચારે બાજુના સ્વભાવમાં એકલો આનંદ અને જ્ઞાન ભર્યું છે. **'સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે—'** આહાહા..! એની ચારે બાજુમાં અંદરથી જુઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. આહાહા..! જ્ઞાનગુણનો એ પુંજ આત્મા છે. જેમ રૂનું ધોકળું હોય, એમ આ જ્ઞાનનું ધોકળું છે. ધોકળું સમજો છો? ગઠ્ઠા. ગઠડી. આહાહા..! જેને સુખી થવું હોય, જેને ધર્મ કરવો હોય એને કેમ ધર્મ થાય? કહે છે કે શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ સર્વાંગ જ્ઞાનગુણથી ભરેલી છે. એની સન્મુખ થઈને અનુભવ કરવો, એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો ઉપાય છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :– દેવ, ગુરુ, શાસ્ત્ર, એની ક્રિયા...

ઉત્તર :– એ બધી ક્રિયા બહારમાં ગઈ. દેવ-ગુરુ-શાસ્ત્ર, એની શ્રદ્ધા એ પણ એક રાગ છે. પંચમહાવ્રત આદિના ભાવ એ પણ એક રાગ–શુભરાગ છે. એ કોઈ ધર્મ નથી.

મુમુક્ષુ :– ધર્મનું કારણ છે.

ઉત્તર :– ધર્મનું કારણ પણ નથી. આહાહા..!

આત્મદ્રવ્ય, ચૈતન્ય દ્રવ્ય એમ ભાષા લીધી છે ને? ચૈતન્ય વસ્તુ જે સર્વાંગ જ્ઞાનથી પરિપૂર્ણ ભરેલી છે. એ જ્ઞાનનો ગાંઠડો છે. આહાહા..! એનો અનુભવ કરતા, એમાં રહેતા અશુદ્ધતાનો નાશ થાય અને શુદ્ધતા પ્રગટ થાય, એનું નામ ધર્મ અને મોક્ષનો ઉપાય એ છે. આહાહા..!

**'કેવો છે આત્મા? સદા કાળ સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે–' 'अवबोधघनः'** છે ને? **'अवबोधघनः'** એ જ્ઞાનનો ઘન છે. આહાહા..! શક્કરકંદ જેમ મીઠાશનો પિંડ છે એમ ભગવાનઆત્મા જ્ઞાનનો ઘન છે, પિંડ છે. આહાહા..! અરે..! અનંતકાળથી પોતાની જાતની મહિમા એને બેઠી નથી. મહિમા એને પર પદાર્થની. વિસ્મયતા અને આશ્ચર્યતા એને પરપદાર્થની લાગે છે. શરીરની કંઈક ઠીકતા, કંઈક લક્ષ્મી-આબરૂ ઠીક, કુટુંબ ઠીક એવી બાહ્યની ચીજમાં એની વિસ્મયતા એને ત્યાં રોકે છે. આહાહા..! બહારની ચીજની આશ્ચર્યતા અથવા એને આશ્ચર્ય લાગે છે એટલે પોતાના જ્ઞાનસ્વરૂપથી એ ચીજમાં કાંઈક અધિકતા, વિશેષતા, આશ્ચર્યતા લાગતા ત્યાંથી ખસતો નથી. આહાહા..!

આશ્ચર્ય અને વિસ્મયકારી ચીજ તો પોતે છે. સર્વાંગ જ્ઞાન ભર્યું છે. સર્વાંગ એટલે અસંખ્ય પ્રદેશે. આત્માના અસંખ્ય પ્રદેશ છે. એ સર્વજ્ઞ પરમેશ્વરે જ અસંખ્ય પ્રદેશની વાત કરી છે. એ સિવાય કોઈ અજ્ઞાનીએ જીવના અસંખ્ય પ્રદેશ છે એને કોઈએ જોયું નથી, જાણ્યું નથી તો કહ્યું ક્યાંથી હોય? એવો જે આત્મા અસંખ્ય પ્રદેશ એ સર્વાંગ જ્ઞાનથી ભરેલો છે. જેમ સોનાની સાંકળી પાંચસો મકોડાની હોય એ સર્વાંગ સોનાથી ભરેલી છે. એમ આ ભગવાનઆત્મા... સર્વાંગમાં ક્ષેત્ર લીધું. આખું–સર્વાંગ. અસંખ્ય પ્રદેશનો પિંડ, પ્રભુ! એ બધામાં જ્ઞાનથી ભરેલો ભગવાન છે. જ્ઞાનસ્વભાવનું સ્વરૂપ એ એનું સ્વરૂપ છે. આહાહા..! આ બહારમાં કેળવણીનું જ્ઞાન અને આ છોકરા ભણે એ જ્ઞાન નહિ, હોં! એ તો બધું અજ્ઞાન છે. આ તો જ્ઞાન એટલે જાણવાના સ્વભાવ સ્વરૂપથી સર્વાંગ ભરેલો એવો આત્મા પૂરો, પ્રભુ! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમૂહ એવો જ્ઞાનપુંજ આત્મા (છે).

**‘શું કરીને આત્મા શુદ્ધ થાય છે?’** એવો પ્રભુ પોતે છે પણ હવે શું કરીને એ શુદ્ધ થાય? જુઓ! આ કરવાનું આવ્યું. શું કરવું એને? શું કરીને શુદ્ધ થાય? એ કરવાનું આવ્યું. **‘आत्मना आत्मनि निवेश्य’ ‘પોતાથી પોતામાં જ પ્રવિષ્ટ થઈને.’** સ્થાપીને. આહાહા..! જ્ઞાનસ્વભાવ ભગવાનઆત્મા એને જ્ઞાનની પર્યાય દ્વારા ત્યાં અંદરમાં સ્થાપીને, નિવેશ કરીને, સ્થાપીને. જે અનાદિથી જ્ઞાનની અવસ્થા વિકારના પરિણામમાં રોકાયેલી છે એ દુઃખરૂપ છે, એ સંસાર છે, એ પરિભ્રમણના બીજડા છે. એને ટાળવા હોય તો સર્વાંગ જ્ઞાનથી ભરેલો પ્રભુ! છે? એમાં **‘પોતાથી પોતામાં જ...’** પોતાથી એટલે એમાં કોઈ રાગની અપેક્ષા નથી. વ્યવહાર રત્નત્રયના રાગની પણ જ્યાં અપેક્ષા નથી. પોતે પોતાથી અંદર પેસીને, અંદર જોઈને. આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાનની પર્યાય દ્વારા પોતામાં સ્થાપીને. આહાહા..! આ ભાષા બધી આવી. બહારમાં દુનિયાએ કંઈક ધર્મ મનાવ્યો. આહાહા..!

અહીંયાં તો કહે છે, **‘आत्मना आत्मनि निवेश्य’** આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનું નૂરનું પૂર પ્રભુ છે. સર્વાંગ જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ છે. અતીન્દ્રિય આનંદ, એને પોતામાં પોતે સ્થાપીને. આહાહા..! એ જ્ઞાનની વર્તમાન દશાને પૂર્ણ સર્વાંગ આત્મામાં સ્થાપીને.. આહા..! એ શુદ્ધતા થાય છે. એ રીતે શુદ્ધ થાય છે. કોઈ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એથી આત્મા શુદ્ધ થતો નથી. કેમ? કે એ તો અશુદ્ધ (છે). એ તો પહેલા આવી ગયું. સુનિષ્કંપ છે. **‘અશુદ્ધ પરિણમનથી રહિત...’** ભગવાનઆત્મા વસ્તુ જે છે એ પુણ્ય-પાપના મલિનભાવથી રહિત છે અને જ્ઞાનના સર્વાંગે જ્ઞાનપુંજથી ભરેલો છે. એમ. ઓલી નાસ્તી કરી અને આ અસ્તિ. એવા આત્માને... આહાહા..! જ્ઞાનની પર્યાય દ્વારા. **‘પોતાથી...’** એટલે જ્ઞાનની દશા દ્વારા પોતામાં સ્થાપવું, અંદર આત્મામાં સ્થાપન કરવું. આહાહા..! પ્રવેશ કરવો. આત્મામાં પ્રવેશ કરવો. એટલે સ્થાપન કરવું. જ્ઞાનની દશાને પૂર્ણાનંદ સર્વાંગ આત્મામાં એને સ્થિર કરવી. આહાહા..! આ ક્રિયા. શું કરીને? આમ કરીને. સમજાણું કાંઈ? આત્મા દશામાં, હાલતમાં શુદ્ધ થાય, પવિત્ર થાય. શું કરીને? કે પોતે સર્વાંગ જ્ઞાનસ્વરૂપથી ભરેલો પ્રભુ (છે), એને જ્ઞાનની દશા દ્વારા જ્ઞાનમાં સ્થાપન કરવું, એનાથી શુદ્ધ થાય. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ત્યારે તેને ધર્મ થાય. ત્યારે તેનું અકલ્યાણ ટળે અને કલ્યાણ થાય. આહાહા..!

**‘ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે...’** જુઓ! શું કહે છે? ભગવાન ચૈતન્ય સ્વરૂપ અને અતીન્દ્રિય આનંદથી સર્વાંગ આત્મા ભરેલો ભગવાન પૂર્ણ અસંખ્ય પ્રદેશે. આહાહા..! જેમ સાકરમાં મીઠાશ ભરેલી છે. એમ ભગવાન જ્ઞાન અને આનંદથી ભરેલો આત્મા છે. એને અંતર અનુભવ કરવા માટે કોઈ પરદ્રવ્યની સહાયની જરૂર નથી. આહાહા..! એને વીતરાગની વાણી પણ સહાય કરે એમ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને સહાય કરે એમ નથી. પરદ્રવ્યની સહાય રહિત છે. સ્વદ્રવ્યના સ્થાપનથી, એને સ્વદ્રવ્યની સહાય છે. **'પરદ્રવ્યની સહાયથી રહિત છે.'** આહાહા..! શું આવો ધર્મ હશે?

ભાઈ! એ ચોરાશી લાખમાં અવતાર કરીને એક-એક અવતારમાં અનંતા જન્મ-મરણ કર્યા છે. ભૂલી ગયો છે ને. આહાહા..! ઘાણીમાં જેમ તલને પીલે એમ અનંતવાર પશુ, નારકી (થયો). આહાહા..! જીવતા ઉંદરને ખાય, જીવતા ઉંદરને અગ્નિમાં પકાવે. એ ઉંદરમાં એ પોતે જીવ હતો. આહાહા..! સર્વાંગ જ્ઞાનથી ભરેલો પ્રભુ (છે) પણ એની દૃષ્ટિ ત્યાં નથી. એની દૃષ્ટિ આ શરીર હું, રાગ હું, પુણ્ય હું. જે એના મૂળ સ્વરૂપમાં ત્રિકાળમાં નથી. એવી વર્તમાન કૃત્રિમ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ, એમાં પોતાનું માનીને ચોરાશીમાં અવતરીને પરિભ્રમણ કર્યું છે. આહાહા..! એ ચોરાશી લાખ યોનીનું પરિભ્રમણ... આહાહા..!

જુઓને! આ સડક ઉપર ખટારા ચાલે છે. ઉંદર ને નોળ આમ તદ્દન કચરાઈ જાય છે. આહાહા..! એવા અવતાર પણ અનંતકાળમાં અવતાર કરતો કરતો, ભવ કરતો કરતો ભમી રહ્યો છે. આહાહા..! એવા અવતાર પણ અનંતવાર કર્યા છે. ભૂલી જાય છે. જરીક ક્યાંક માણસ થયો અને કાંઈક બહારની અનુકૂળતા (થઈ), કુટુંબ, બાયડી, પૈસા થઈ ગયા તો જાણે, ઓહોહો..! જે એમાં નથી, એને પોતાનું માનીને વિસ્મયથી ત્યાં પડ્યો છે. પણ વિસ્મયકારી ચીજ તો ભગવાન આનંદનો કંદ અંદર છે. આહાહા..! એ ચીજ આત્માનુભવ. એનો જે અનુભવ કરવો. એટલે કે શુદ્ધ ચૈતન્ય આનંદ, એને અનુસરીને નિર્મળ આનંદની દશાનું વેદન કરવું. એ **'આત્માનુભવ પરદ્રવ્યની સહાય રહિત છે...'** સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં દયા, દાનના વિકલ્પની પહોંચ નથી. પહોંચ ત્યાં નથી. આહાહા..! એને પહોંચ મળે એવું નથી, કે ભાઈ! એનાથી આ મળશે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો પોતે પોતાના દ્રવ્ય સ્વભાવને અનુભવતાં પરદ્રવ્યના સહાયની એને બિલકુલ જરૂર નથી. ત્રણલોકના નાથ તીર્થંકરની પણ આત્મા ભગવાન પૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો, એને અનુભવવા માટે પરદ્રવ્યની કોઈ સહાયની જરૂર નથી. આહાહા..! આ તો વળી એમ કહે કે પરદ્રવ્યથી આત્મામાં થાય. હવે આ પંડિતો કેટલાક આમ કહે છે. કેટલાક. બધા નહિ. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? અહીં પ્રભુ શું કહે છે? તારી ચીજ જે અંદર છે, જેને આત્મા કહીએ એ તો જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના સ્વભાવથી સર્વાંગ ભરેલું તત્ત્વ છે. એને આત્માને આત્માથી સ્થાપીને. વ્યવહાર ક્રિયા કરે તો અંદર જઈ શકે એમ કહ્યું નથી. એમાં પણ મોટા વાંધા છે કે વ્યવહારથી નિશ્ચય થાય. અહીં તો પરદ્રવ્યની સહાય બિલકુલ નથી. વ્યવહાર રાગ છે એ પરદ્રવ્ય છે. આહાહા..! દયા, દાન, વ્રત, તપ એવા વ્યવહાર રાગનો વિકલ્પ ઊઠે છે એ તો પરદ્રવ્ય છે, પરવસ્તુ છે. સ્વવસ્તુમાં એનું સ્થાન નથી. એ તો પરવસ્તુમાં એનું સ્થાન છે. આહાહા..! આત્માના અનુભવ માટે, ધર્મ માટે પરદ્રવ્યની સહાયની જરૂર નથી. **'પરદ્રવ્યની સહાય રહિત છે...'** છે ને? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ એ ચીજ સામું કોઈ દિ' જોયું નથી. જે ચીજ પોતે છે એની સામું જોયું નથી. જે ચીજની વર્તમાન દશા છે, એ દશાએ પર સામું જોઈને એણે આ જાણ્યું... આ જાણ્યું... આ જાણ્યું... આ જાણ્યું... આ જાણ્યું... જેનામાં એ ચીજ નથી તેને જાણવા રોકાઈ ગયો, અને જેની જાણવાની પર્યાય છે એને જાણવામાં ગયો નહિ. આ ભૂલ રહી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સાદી ભાષા છે. છોકરાઓને સમજાય એવી છે. આહાહા..! આઠ-આઠ વર્ષના છોકરાઓ, રાજકુમારો અને કઠિયારા કેવળજ્ઞાન પામતા. કોઈ કહે, ભાઈ! મોટા જ પામે?

મુમુક્ષુ :– આજના છોકરાઓ તો બધા હોંશિયાર હોય છે.

ઉત્તર :– હોંશિયાર બધા. બહારમાં પાપમાં હોંશિયાર છે.

હજી આ ચીજ અંદર કોણ છે? કેવા સ્વભાવથી ભરેલો સર્વાંગ ક્ષેત્ર જેનું... આહાહા..! જેમ એક મોટી વખાર હોય અને કેસરના ડબ્બાથી આખી ભરી હોય. ડબ્બા તો ભિન્ન ભિન્ન છે. એમ અહીં અસંખ્ય પ્રદેશ છે એકરૂપ એક એક પ્રદેશમાં અનંતાગુણોથી ભરેલું (તત્ત્વ છે). અસંખ્યપ્રદેશી અનંતતત્ત્વ, અનંતગુણ વ્યાપેલા છે. આહાહા..! સર્વાંગ કહ્યું હતું ને? આહાહા..! એવા આત્માને, જેને હિત કરવું છે, જેને અધર્મનો નાશ કરીને ધાર્મિક દૃષ્ટિ, ધાર્મિક પરિણતિ પ્રગટ કરવી છે, એણે તો પોતે પોતાથી અંદર સ્થાપીને શુદ્ધતા પ્રગટ કરવી. આ એણે કરવાનું છે. આહાહા..!

મુમુક્ષુ :– આગળ કેટલી વાર કર્યું છે?

ઉત્તર :– એક્કેય વાર કર્યું નથી. અનંતકાળમાં... અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... આહાહા..! આમ ભૂતકાળ જુઓ તો સમજ્યો છે એ કાળ કોઈ નથી. રખડવાના દુઃખના કાળમાં અનંતકાળ ગયો છે. ભૂતકાળ. આ પહેલા... આ પહેલા... આ પહેલા... આ પહેલા... આ પહેલા... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આહાહા..! એક સેકન્ડ પણ કોઈ દિ' ભગવાનઆત્મા પોતાના જ્ઞાન અને આનંદથી ભરેલો પૂર્ણ આનંદ, સર્વાંગથી ભરેલો પૂર્ણ છે (એને જોયો નથી). આહાહા..!

જેમ કોઈ માણસને બહારની અનુકૂળતા દેખીને રોમ ઊભા થાય છે ને? વાળ–રોમ. એમ આ આત્મા અનંતજ્ઞાન અને આનંદથી ભરેલો છે. એની દૃષ્ટિ કરતા એને રોમ, રાય એટલે અસંખ્ય પ્રદેશમાં આનંદ સ્ફુરે છે. આહાહા..! ત્યારે તે શુદ્ધ થાય છે. સમજાણું કાંઈ? હજી જેની રીતની ખબર ન મળે. કેમ આત્માને શુદ્ધ થવાય તેની પદ્ધતિની ખબર ન મળે. શીરો કેમ કરવો એની ખબરું ન મળે એ શીરો કરવા માંડે... આહાહા..! લોટને પહેલા ઘીમાં શેકવો જોઈએ અને પછી ગોળનું કે સાકરનું પાણી નાખવું જોઈએ. આવડત વિનાના એ પહેલા ગોળના પાણીમાં લોટ શેકી અને પછી ઘી નાખે. એ શીરો કરવાની રીતની જ એને ખબર નથી. શીરો સમજો છો? હલવો. આહાહા..! એ ઘીનો બચાવ કર્યો. કારણ કે મોંઘુ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પડે. ઘીમાં લોટ શેકાય તો ઘી લોટ પી જાય. પછી ગોળ કે સાકરનું પાણી નાખે ત્યારે શીરો થાય. હલવો.. હલવો. તમારે હિન્દીમાં હલવો કહે. આહાહા..! પણ એમ આવડે નહિ અને ઘી બચાવવા માટે પાછળથી ગોળના પાણી નાખવા એના કરતા પહેલા લોટમાં નાખીને શેકોને. એ શીરો કરવાની રીત નથી, ભગવાન! એ તારા બધા ત્રણે જાશે. લોટ, ઘી અને ગોળ ત્રણે (જાશે). આહાહા..! શું કહેવાય આ? લુપરી. લુપરી પણ નહિ થાય. પોટીસ-પોટીસ. આહાહા..! પોટીસમાં તો બાયું એમ કહેતી હોય. આપણે તો સાંભળેલું હોય. આ ક્યાં કોઈ દિ' કર્યું છે? જાતું-વળતુ ઘી નાખજે, હોં! એ વહુ! પોટીસ બનાવ. જાતું-વળતું ઘી એટલે? કંઈક ઘી પડ્યા વિના રહે નહિ અને ઘણું પડે નહિ. ઘણું પડે તો લુપરી નહિ થાય, બિલકુલ ન પડે તો પણ લુપરી નહિ થાય.

એમ અહીંયાં આત્માના અનુભવ માટે કહે છે, કે તું રાગ અને પરની અપેક્ષા રાખીને આત્માને સાધવા જા છો, એ આત્મા નહિ સધાય. આહાહા..! ભગવાન! તું તને સ્થાપ. એમ કીધું ને? આત્માથી આત્મામાં નિવેશ કર. એમ કીધું. આત્મામાં આત્માથી એટલે? સાધન નિર્મળ દશા. રાગ વિનાની દશાથી આત્માને સ્થાપ. એનાથી આત્મા પ્રાપ્ત થશે. કેમકે પૂર્ણ આનંદ અને સર્વાંગ જ્ઞાનથી શુદ્ધ તત્ત્વથી ભરેલું છે. એ શુદ્ધ દશા વડે શુદ્ધતા પ્રાપ્ત થશે. વ્યવહાર રત્નત્રય, દયા, દાન, વ્રત, તપના વિકલ્પ તો અશુદ્ધ છે. એનાથી તો દુઃખ અને બંધન પ્રાપ્ત થશે. આહાહા..! આવો માર્ગ! નવા માણસને એવું લાગે કે આ તો બધું નવું કાઢ્યું. અમે બધું કરતા હતા એમાંથી તો કાંઈ વાત આવતી નથી. આહાહા..!

અહીં તો કહે છે **'પરદ્રવ્યની સહાય રહિત છે તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે.'** આહાહા..! **'તેથી...'** તેથી એટલે? જેમાં રાગ અને પરદ્રવ્યની સહાયની જરૂર નથી. તેથી ભગવાનઆત્માને અનુભવવા માટે–ધર્મ કરવા માટે–પરદ્રવ્યની જેને સહાય નથી તેથી. છે ને? **'પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે.'** આહાહા..! પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે. પોતામાં પોતાથી આત્મા શુદ્ધ થાય છે. પવિત્રતાની પરિણતિથી આત્મા શુદ્ધ થાય છે. આહાહા..! આવો ધર્મ ક્યાંથી? શું કીધું?

પરદ્રવ્યની સહાય. આત્મા આનંદસ્વરૂપ સર્વાંગ જ્ઞાનથી ભરેલો પદાર્થ છે, એને પરદ્રવ્યની સહાય તેના ધર્મને માટે, એના અનુભવને માટે... અનુભવવું એટલે? જે વસ્તુ છે તેને અનુસરીને થવું, એમાં પરદ્રવ્યની સહાય બિલકુલ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– નિમિત્તની સહાય નથી આવતી.

ઉત્તર :– નિમિત્ત છે, વ્યવહાર છે. એની સહાય નથી. આહાહા..! આવું છે. નાના છોકરાઓને બિચારાએ સાંભળ્યું નથી. છોકરો નાનો છે જ કે દિ'? આત્મા તો અનાદિઅનંત છે. એ તો શરીર, આની ઉંમરની વાતું ચાલે છે. ભગવાન તો અનાદિઅનંત છે. પહેલા કીધું ને? **'સદા કાળ સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે–'** આહાહા..! સદાકાળ, ત્રણેકાળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાનઆત્મા જ્ઞાન અને જ્ઞાનના આનંદના રસથી ભરેલો સર્વાંગ પ્રભુ છે, હવે એને આત્મા કહે એ આત્માની તો ખબરું ન મળે. અને એને ધર્મ થઈ જાય. રખડવાનો રહે.

મુમુક્ષુ :– બે-ચાર કલાક ધ્યાનમાં બેસવાથી થાય?

ઉત્તર :– ધ્યાન કોને કહેવું? પણ ધ્યાન કોને કહેવું? હજી ચીજ શું છે એ દૃષ્ટિમાં આવી નથી અને ત્રાટક કોની ઉપર કરશે? એક ચીજ ઘડિયાળ છે કે આમ ત્રાટક (કરે). પણ કોઈ ચીજ છે એની ઉપર ત્રાટક કરવું છે ને? કે ન હોય ઉપર અધ્ધર આકાશમાં કરવું છે? એમ અંદર ધ્યાન કઈ ચીજ છે? કેવડી છે? એ દૃષ્ટિમાં આવ્યા વિના એ ધ્યાન કરશે કોનું?

મુમુક્ષુ :– આપે કીધું અને અમે સાંભળ્યું બધું એનું ધ્યાન કરવું.

ઉત્તર :– આહાહા..! એ તો મોક્ષ પાહુડમાં આવ્યું છે ને? સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્દર્શનનું ધ્યાન કરે. સમ્યક્ પામવા માટે પણ. એમ આવે છે, આવે છે. એટલે કે આ આત્મા અંદર.. દિશાને ફેરવી નાખ. જે તારી વર્તમાન દશા પરને જોવામાં દિશામાં રોકાઈ ગઈ છે. આહાહા..! જેમાં તું નથી ત્યાં તે રોકાઈ ગયેલી તારી દશા છે. એ દશા જ્યાં તું છો ત્યાં ફેરવી નાખ. આહાહા..!

અંતર ચીજ ભગવાન ચૈતન્યરત્ન હીરલો પડ્યો છે. આહાહા..! એની કિંમત શું? જેની ધર્મની પરિણતિ પ્રગટ થાય એની કિંમત નથી, તો જીવ ચીજ છે, અમૂલ્ય ચૈતન્યહીરલો અંદર છે. એના ગુણની અને એની શક્તિના સામર્થ્યની કિંમત શું? આહાહા..! અમૂલ્ય ચીજ છે. પણ એ ચીજ શું છે એના ઉપર કોઈ દિ' નજર કરવાનો વખત અને ટાઈમ લીધો નથી. આહાહા..! એમ ને એમ બહારમાં ને બહારમાં ભટક, ભટક, ભટક (કરે છે). ગિરનાર જાય, સમ્મેદશિખર જાય, શેત્રુંજય જાય. આ જુઓને અષાડ સુદ પૂનમ આવે છે તો બહુ માણસો શેત્રુંજય જશે. આહાહા..! બાપુ! ત્યાં કાંઈ આત્મા છે? જ્યાં છે ત્યાં જોતો નથી અને જ્યાં નથી ત્યાં ઝાંવાં નાખે છે. ભાઈ! તને ખબર નથી. તું ભગવાનસ્વરૂપે અંદર બિરાજમાન છો. આહાહા..! એને ભગવાન તરીકે ન ભાળતા, એને પામર તરીકે ભાળીને પોતાથી બીજી ચીજમાં વિસ્મયતા આપતા એ અધિક (ભાસે છે). એ જાણે તારો ભગવાન થઈ ગયો. 'દેવીલાલજી'! આહાહા..! સમજાય છે કાંઈ?

**'પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...'** તમે આમાં એમ કહ્યું, કે આત્માનુભવ કરતાં, ભગવાન શુદ્ધ ચૈતન્ય છે, તેની સન્મુખતાની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરતા ધર્મ થાય, આત્માનુભવ થાય. અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય. સમજાણું? **'અને ક્યાંક એમ કહ્યું કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય...'** તમે બે વાત કેમ કરો છો? એક એમ કહો કે આત્મા અંદર અનંત ગુણસ્વરૂપ વસ્તુ છે, એનો અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરતા ધર્મ થાય. સમજાણું કાંઈ? અનુભવ કરતાં શુદ્ધ થાય. અને ક્યાંક એવું લખ્યું છે કે જ્ઞાનગુણનો અનુભવ કરતાં શુદ્ધ થાય. ક્યાંક દ્રવ્ય વસ્તુ છે તેનો અનુભવ કરતાં શુદ્ધ થાય અને ક્યાંક જ્ઞાનગુણનો અનુભવ કરતાં શુદ્ધ થાય. બેમાં તમે શું ફેર પાડો છો? શિષ્યનો પ્રશ્ન છે આ. આહાહા..! શું કહ્યું ઇ?

**'કોઈ પ્રશ્ન કરે છે કે આ અવસરે તો એમ કહ્યું...'** અત્યારે તો એમ કહ્યું. **'આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...'** આત્મા પવિત્ર પ્રભુ, એની સામું જોઈને જે અનુભવ થાય, એનાથી શુદ્ધ થાય. એમાં કાંઈ પરપદાર્થના સહાયની–મદદની જરૂર નથી. શરીર સંઘયણ મજબૂત હોય, નિરોગ હોય તો અનુભવ થઈ શકે એવું છે નહિ. આહાહા..! ચાહે તો શરીર રોગીનું સોળ રોગથી ભરેલું, સાતમી નરકનું શરીર હોય, જન્મથી સોળ રોગ. એ બધા આકરા રોગ, હોં! આહાહા..! હોય. પણ એવી દશામાં આત્મા ન અનુભવાય અને ન જણાય એમ નથી. કારણ કે પરદ્રવ્યની ત્યાં કોઈ અપેક્ષા જ નથી. આહાહા..!

સાતમી નરકના દુઃખો જોયા, જાણ્યા જાય નહિ, એ સાંભળ્યા જાય નહિ એવા દુઃખ છે, બાપુ! ભૂલી જાય છે. ભવનો ડર નથી. આહાહા..! એની જે શીતવેદના–ઠંડીવેદના સાતમી નરકની છે. એને લાખ મણનો લોઢાનો એક ગોળો હોય. લાખ મણનો. અને યુવાન ૩૨ વર્ષનો લુહારનો દીકરો, એણે અગ્નિમાં ટીપી-ટીપી-ટીપીને મજબુત કર્યો હોય. લાખ મણનો લોઢાનો ગોળો ટીપીને. એ સાતમી નરકમાં જો એ ગોળો મૂકે તો એક ક્ષણમાં એનું પાણી થઈ જાય એટલી શીતવેદના છે. એ કેવી વેદના હશે? ભાઈ!

જેની શીતવેદનામાં ઠંડી એટલી ઠંડી છે કે લાખ મણનો ગોળો છ મહિના સુધી ૩૨ વર્ષના યુવાન લુહારના દીકરાએ ટીપીને મજબૂત કર્યો હોય. નીવડ. એમાં જો મૂકે તો અગ્નિના અંગારા ઉપર જેમ કપૂર મૂકો ને ઓગળી જાય... આહાહા..! એમ એની ઠંડી એટલી છે કે એમાં એ લોઢાનો ગોળો એક ક્ષણમાં પાણી થઈ જાય. આહાહા..! ભગવાન! તેં એવી વેદના અનંતવાર સહન કરી છે. ભાઈ! એ વેદ્યા ન જાય, સહ્યા ન જાય એવા સહન કર્યા છે. હવે એને મૂકવાનો ઉપાય હોય તો આ છે. આહાહા..! ઝીણો પડે પણ માર્ગ તો આ છે ને, પ્રભુ! આહાહા..! જ્યાં તું છો ત્યાં તો દુઃખ પણ નથી, રાગ પણ નથી, સંસાર માત્ર નથી. એને આત્મા કહેવામાં આવે છે. એ ભગવાન તો જ્ઞાન અને આનંદથી ભરેલો સર્વાંગ... આહાહા..! સંપૂર્ણ ગુણથી ભરેલો ગુણી પ્રભુ છે. એને પોતાથી પોતાને અનુભવ કરતાં શુદ્ધ થાય એમ કહ્યું.

**'ક્યાંક એમ કહ્યું છે કે જ્ઞાનગુણમાત્ર અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે, તો આમાં વિશેષતા શું છે?'** બેમાં ફેર શું? શિષ્યનો પ્રશ્ન છે.

**'ઉત્તર આમ છે કે વિશેષતા તો કાંઈ પણ નથી. એ જ કહે છે—'** **'या शुद्धनयात्मिका आत्मानुभूतिः इति किल इयम् एव ज्ञानानुभूतिः इति बुद्ध्वा'** આહાહા..! **'જે આત્મ-**

**અનુભૂતિ...**' ભગવાનઆત્મા જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ, હોં! આ ઇન્દ્રિયના ભોગના ને રાગના ને ખાવામાં જે આનંદ માને છે એ તો ઝેર છે, દુઃખ છે. આહાહા..! શાંતિનો સાગર ભગવાન, એમાં ઇન્દ્રિયના વિષયના વિકલ્પો એને ઘાયલ કરે છે. આત્માની શાંતિ અને આનંદને ઘાયલ કરે છે. જેમ સજાવેલા ઊંચા છરા શરીરને ઘાયલ કરે. આહાહા..! પ્રભુ! એ પાંચ ઇન્દ્રિયના વિષયોનો રાગ અને પ્રેમ તારી શાંતિના શરીરને, આનંદ અને જ્ઞાનરૂપી તારું શરીર એટલે આત્મા... આહાહા..! એને આ પુણ્ય અને પાપના બેય વિકલ્પો ઘાયલ કરે છે. અને જેમ છરા વાગે અને લોહી ઝરે... આહાહા..! એમ અંદરમાં ઘાયલ કરે છે, દુઃખ ઝરે છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. દુઃખમાં પણ તું ક્યાં છો અને કેમ વેદાય છે એની પણ ખબર નથી. આહાહા..! અને માને છે કે મને મજા છે, ઠીક છે. આહાહા..!

અહીંયાં કહે છે કે **'આત્મ–અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે.'** આહાહા..! સમ્યગ્દર્શન એટલે? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જે ધર્મની પહેલી સીઢી અને શરૂઆત, એટલે? એ **'આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે...'** આહાહા..! જે અનાદિથી દુઃખના આસ્વાદ (લે છે), એ નરકના, નિગોદના અને પશુપણાના... આહાહા..! એકવાર નહોતું કહ્યું? 'નારણભાઈ' એક ઠેકાણે ગયા હતા. 'ડીસા.. ડીસા.' એ પારસી હતા તે ભૂંડને પકડી એના પગે સળીયા બાંધી, પગ ઉપર લોઢાના સળીયા બાંધી, જીવતું ભઠ્ઠીમાં નાખ્યું, અગ્નિમાં જીવતું! આહાહા..! શેકવા માટે. જીવતું ભૂંડ. અરે...! પ્રભુ! તેં એવા અવતાર અનંત વાર કર્યા છે. તને ખબર નથી. એ ભૂંડની વાત નથી. તારી ચીજની દૃષ્ટિ ને ઓળખાણ વિના, તારી કિંમતવાળી ચીજની કિંમત કર્યા વિના, એ પરમાં કિંમતી ચીજ નથી તેની કિંમત કરીને રખડી મર્યો છે. આહાહા..!

છોકરા કાંઈક પાંચ-સાત થાય, રળાવ થાય, પાંચ-પચ્ચીસ લાખ પૈસા થાય, શરીર કાંઈક ઠીક હોય. ખાવા-પીવાના મૈસુબ ઉડતા હોય, પુરણપોળી અને ઘી આમ પુરણપોળી તાજી નીકળે, તપેલીમાં ઘી હોય એમાં બોળી બોળીને થાળીમાં નાખે અને એ પુરણપોળી અને પાછી એની સાથે અડદની દાળ હોય, એ ખાય ત્યારે એમ કે, આહાહા..! એકલા દુઃખમાં ગરી ગયો છો. દુઃખની બળતરાના... બળતરા... બળતરા.. છે પણ એને તેં સુખ માન્યું, હવે કરવું શું? આહાહા..!

અહીંયાં તો આત્મા.. ગુરુ ઉત્તર કહે છે, કે આત્માનો અનુભવ કે જ્ઞાનનો અનુભવ, બેમાં શું ફેર છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. ગુરુ કહે છે કે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, આહાહા..! આવા માણસપણા ફરી ફરીને મળવા મુશ્કેલ છે. આહાહા..! એમાં એને આત્માનો અનુભવ એટલે એ આનંદથી સર્વાંગ ભરેલો પ્રભુ, એવા આત્મામાં દૃષ્ટિ આપતા, એને આનંદ પરના રાગની અપેક્ષા વિના સીધો પ્રત્યક્ષ આનંદનો સ્વાદ અનુભવ આવે એને આત્માનુભવ

અને તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ **'આત્મ-અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે.'** આહાહા..! જેમ એ અનાદિનો રાગ અને દ્વેષનો સ્વાદ લે છે એ દુઃખના સ્વાદ છે. આહાહા..! એ ઝેરના પ્યાલા પીવે છે. ભાન નથી તો એમાં પ્રમોદ માને છે. પણ અહીંયાં અંતરમાં એ દુઃખનો ભાવનો નાશ કરવા અંતરમાં જોવે, સમ્યગ્દર્શનના કાળમાં એ ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનથી ભરેલો સર્વાંગ, એની દૃષ્ટિ અનુભવ કરતાં એને પ્રત્યક્ષ આનંદનો સ્વાદ આવે. આહાહા..! ઓલા રાગ અને દ્વેષના સ્વાદના સ્થાનમાં આત્માના અનુભવમાં આત્માના આનંદનો સ્વાદ આવે. સમજાણું કાંઈ? એનો સ્વાદ શું હશે? સ્વાદ તો આ અડદની દાળ, મોસંબી, ચુરમાના લાડવા, લાપસીનો સ્વાદ એમ લોકો કહે છે. ધૂળનો પણ સ્વાદ નથી, સાંભળને. એ તો બધી જડ, માટી, ધૂળ ચીજ છે. તને એનો સ્વાદ છે? એમ સ્ત્રીનું શરીર, એનો સ્વાદ છે જીવને? ફક્ત સ્વભાવને ભૂલીને પરના પ્રેમમાં રાગ ઉત્પન્ન કરે છે, એ રાગનો સ્વાદ આકુળતાનો લ્યે છે. એને એ સુખી છું એમ માને છે.

હવે ગુલાંટ ખાય છે. એ વસ્તુ હું નહિ. હું તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ ભગવાન. જિનેશ્વરદેવે કહ્યો છે, જોયો છે, જાણ્યો છે, પ્રગટ કર્યો છે. એ પ્રગટ કરવાનો ઉપાય ભગવાન આ કહે છે. આહાહા..! એ આત્માનો અનુભવ પ્રત્યક્ષ આસ્વાદ. એટલે કે એના આનંદના સ્વાદ માટે પરોક્ષતા નથી. ભલે જ્ઞાનમાં સીધો આત્મા જણાય નહિ. એ અપેક્ષાએ પરોક્ષ કહેવાય. પણ એના આનંદના સ્વાદની અપેક્ષાએ પરોક્ષ નથી. સ્વાદ કોઈ બીજો લે છે કે બીજાની મદદથી લે છે એમ નથી. સમજાય છે કાંઈ? આવો ધર્મ કઈ જાતનો હશે આ? જૈનધર્મમાં તો, ભાઈ! આ સ્થાનકવાસીમાં હોય તો સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો એવું હોય. દેરાવાસીમાં હોય તો કહે જાત્રા કરો, સિદ્ધયંત્ર પૂજા કરો, કર્મદહનની પૂજા કરો, મોટા સાધુ આવે તો સ્વાગત કાઢો. હાથી શણગારીને સામે મૂકે. દિગંબરમાં લુગડા છોડો, નાગા થાવ. એ કોઈ વસ્તુ નથી. આહાહા..! પંચમહાવ્રત પાળો એમ કહે લ્યોને. આહાહા..! એ દશા .., બાપા! તને ખબર નથી, ભાઈ! એ પંચમહાવ્રતના પરિણામને પણ પરમાત્મા તો આસ્રવ અને રાગ કહે છે. એ ધર્મ નહિ, ધર્મનું કારણ નહિ. ભાઈ! તને પ્રભુનું કથન ખબર નથી. અને પાગલપણે એમ ને એમ જાણે ધર્મી છીએ અને ધર્મ કરીએ છીએ. પાગલપણે એમ ને એમ જિંદગી ગુમાવે છે. આહાહા..! આહાહા..!

પ્રભુ! તું કોણ છો? કહે છે કે તું આત્મા અંદર એવી ચીજ છો, સર્વજ્ઞ જિનેશ્વરદેવ, હોં! એ સિવાય કોઈએ જોયું નથી અને બીજાએ કોઈએ કહ્યું નથી. એવી વાત બીજે ક્યાંય છે નહિ. જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વર, એમને જે ત્રણકાળ, ત્રણલોકની શક્તિનું સામર્થ્ય પર્યાયમાં જણાયું... આહાહા..! એ ભગવાનના શ્રીમુખે દિવ્યધ્વનિમાં એ આવ્યું, પ્રભુ! તું એક આત્માનો અનુભવ કર તને આનંદનો સ્વાદ આવશે. ત્યારે તને આત્મા જાણ્યો અને તને સમકિત

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થયું એમ કહેવામાં આવશે. એ વિના એ સમકિત પણ નથી, ચારિત્ર પણ નથી અને જ્ઞાન પણ નથી અને ધર્મ પણ નથી. આહાહા..! બહુ માર્ગ આવો, ભાઈ! બીજો કાંઈ સહેલો માર્ગ નહિ હોય? 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' પ્રભુ પરમાત્મા જિનેશ્વરદેવ, એનો આ એક જ માર્ગ છે, હોં! લોકોએ એ માર્ગને ચુંથી નાખ્યો. આહાહા..!

કહે છે, આત્માનો પ્રત્યક્ષ અનુભવ... આહાહા..! એ આસ્વાદ આવે. **'કેવી છે અનુભૂતિ? શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવી છે.'** આહાહા..! આત્મા શુદ્ધસ્વભાવ જ એ વસ્તુ છે. એ શુદ્ધનય કહો કે શુદ્ધનયનો વિષય કહો. આનંદ અને શુદ્ધ સ્વભાવથી ભરેલો ભગવાન. એ શુદ્ધ સ્વભાવવાળી વસ્તુ છે. **'શુદ્ધ વસ્તુ તે જ છે આત્મા...'** આહાહા..! **'ભાવાર્થ એમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે તેનું નામ શુદ્ધાત્માનુભવ છે.'** છે એમાં? આખું લખેલું છે. ભગવાન તીર્થંકરો પરમાત્માના ભક્તો, જે સમકિતી જ્ઞાનીના આ બધા લખાણ છે. આહાહા..!

ભાઈ! તને તારા ભાવના માલની ખબર નથી. તારા ભાવમાં તો આખો આનંદ અને પરમાત્મપદ પડ્યું છે. આહાહા..! જિન અને જિનવરમાં–દ્રવ્ય સ્વભાવમાં ફેર નથી. એનો અનુભવ કરવો, એ **'નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે.'** આહાહા..! પણ આ પહેલા શું કરવું? ભાઈ! પહેલા કહો કે પછી કહો, આ કર્યે છૂટકો છે. બીજી ગમે તે ક્રિયા તું કરે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા અને લાખો કરોડોના દાન, લાખો મંદિર બનાવ, લાખો વાર ગીરનાર, શેત્રુંજય, સમ્મેદની જાત્રા કર એ બધો શુભરાગ છે. એ ધર્મ નથી, એ ધર્મના કારણ નથી. આવો માર્ગ આકરો પડે, પ્રભુ! શું થાય? મારગ તો આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' જિનેશ્વરદેવે વીતરાગદેવે આવો ધર્મ કહ્યો છે. કેવો કહ્યો? જોયું? આહાહા..!

**'પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે.'** એનું નામ ધર્મ છે, એનું નામ સમકિત છે, એનું નામ સમ્યગ્જ્ઞાન છે, એનું નામ સ્વરૂપમાં સ્થિરતાનું સ્વરૂપાચરણ છે. ભગવાન પરમાનંદનો નાથ, પ્રભુ! વર્તમાન દશામાં એનું સાક્ષાત્ અતીન્દ્રિય આનંદના સ્વાદનું વેદન થવું. એ ધર્મ છે, તે સમકિત છે, તે જ્ઞાન છે, તે મોક્ષનો માર્ગ છે. આહાહા..! આ સિવાય આ બધા ઘણી બધી વાતું કહે છે ને? બધી ખોટી હશે? આહાહા..! ભાઈ! શું કરે? તારી વસ્તુ તો તારી પાસે પડી છે. આહાહા..! એ મૃગની ડુંટીમાં-નાભીમાં કસ્તુરી, પણ મૃગલાને કસ્તુરીની કિંમતું નહિ. આહાહા..! હરણ-હરણ–મૃગલા, એની નાભીમાં કસ્તુરી. અને એ કસ્તુરી બહાર શોધે. એમ પરમાત્મા કહે છે કે તારા સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદથી ભરેલી કસ્તુરી પડી છે ને? તેની સામું જોતો નથી અને પરની સામું જોઈને તને ધર્મ થાય? આ ભગવાન સામું જોઈને પણ રાગ થાય, ધર્મ ન થાય એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન તો પરદ્રવ્ય છે ને. આહાહા..! પ્રતિમા પણ પરદ્રવ્ય છે. આવે, પાપથી બચવા શુભરાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવે, હોય. પણ એ ધર્મ છે અને ધર્મનું કારણ છે એમ નથી. આહાહા..!

અહીં કહે છે, **'કેવી છે અનુભૂતિ?'** આહાહા..! પહેલા **'આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે.'** એ આત્માનુભવ કહ્યો. સમજાણું? હવે **'शुद्धनयात्मिका' 'શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ તે જ આત્મા અર્થાત સ્વભાવ જેનો એવી છે. ભાવાર્થ આમ છે કે નિરુપાધિપણે જીવદ્રવ્ય જેવું છે તેવો જ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે એનું નામ શુદ્ધાત્માનુભવ છે. નિશ્ચયથી આ જે આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે...'** આહાહા..! એ આત્માનો જે અનુભવ, આત્માના આનંદનો સ્વાદ આવવો, સમકિત થતાં, ધર્મની પહેલી દશા થતાં, એને અહીંયાં **'આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે...'** એ આત્માનો અનુભવ તે જ જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનનો અનુભવ. બધું એક જ છે. જ્ઞાનનો અનુભવ કહો કે આત્માનો અનુભવ કહો. આત્માનો દ્રવ્યથી અનુભવ કીધો અને જ્ઞાનને ગુણથી અનુભવ કીધો. પણ ગુણ અને ગુણી બે અભેદ અંદર ચીજ પડી છે. આહાહા..! છે? **'એટલી માત્ર જાણીને.'** આત્માનુભૂતિ કહી તે જ જ્ઞાનાનુભૂતિ છે. **'इति बुद्ध्वा' 'એટલી માત્ર જાણીને.'**

**'ભાવાર્થ આમ છે કે જીવવસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ, તેને નામથી આત્માનુભવ એમ કહેવાય અથવા જ્ઞાનાનુભવ એમ કહેવાય;...'** બેય કહેવાય. આહાહા..! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપથી સર્વાંગ ભરેલો પદાર્થ પરમાત્મસ્વરૂપ, એનો અનુભવ કહો કે એનો સ્વભાવ જે જ્ઞાન છે તેનો અનુભવ કહો, બેય એક જ ચીજ છે. સમજાણું કાંઈ? આ શિષ્યના પ્રશ્નનો ઉત્તર છે. **'નામભેદ છે, વસ્તુભેદ નથી. એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે.'** એમ જાણવું કે પરમાત્માના માર્ગમાં આત્માના આનંદનો સ્વાદ લેવો અને અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે, બાકી કોઈ મોક્ષમાર્ગ છે નહિ. છે એમાં લખ્યું છે કે નહિ? આહાહા..!

આત્માનુભવ એ મોક્ષનો માર્ગ છે. આહાહા..! ભગવાન આનંદ અને જ્ઞાનથી સર્વાંગ ભરેલો, પ્રભુ! એનો અનુભવ કરવો એટલે તેની સન્મુખ થઈને આત્માના આનંદનું વેદન કરવું એ મોક્ષનો માર્ગ છે. મોક્ષનો એ માર્ગ ભગવાન અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, વીતરાગી સંતો થયા એ બધાએ આ માર્ગ કહ્યો છે. આહાહા..! આકરું પડે. એક તો ધંધા આડે નવરો ન થાય. ૪૦-૪૦, ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ ધંધો... ધંધો... ધંધો... પાપ અને પાપ. આ રળ્યો, આ કમાણો, આ ખાધું, આ પીધું, આ દીધું, દીકરાને પરણાવ્યા, દીકરીને ઠેકાણે નાખી. આ પાપની હોળી સળગી આખો દિ'. આહાહા..!

મુમુક્ષુ :- પાપની હોળી હોય તો તો પાપ બળી જાય.

ઉત્તર :- પાપની હોળી તો આમ અગ્નિ સળગી. હોળી આમ સળગે એમ પાપની અગ્નિ સળગી. આહાહા..!

અહીં તો કહે છે કે આત્માનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે. વિશેષ વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અષાઢ સુદ ૪, સોમવાર તા.૨૦.૦૬.૧૯૭૭
## કળશ - ૧૩-૧૪, પ્રવચન - ૨૦

... રાગાદિ દયા, દાન, વ્રત, તપ એ કોઈ મોક્ષમાર્ગ નથી. આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ (છે), એનો અનુભવ પર્યાયમાં, એ વસ્તુ તો પૂર્ણ છે, પણ પર્યાયમાં એનો અનુભવ, એની સન્મુખ થઈને તેનું પરિણમન થવું એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :– આત્મામાં એકાગ્રતા કરવી એવું શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :– એકાગ્રતા કહો કે સન્મુખતા કહો. સન્મુખતા કહો કે આત્માના સ્વભાવમાં પ્રવેશ કહો. પ્રવેશ કહો કે અંદર આત્માના સ્વભાવમાં સ્થાપન કહો. ભાષા ફેર છે, વસ્તુ એક છે. આહાહા..! ત્રિકાળી ચૈતન્ય વસ્તુ ભગવાન નિત્ય પ્રવાહ શુદ્ધ પડ્યો છે. એમાં દૃષ્ટિ કરીને સ્થિર થવું. એટલે કે એની સન્મુખ (થવું). અનાદિથી સ્વભાવથી વિમુખ અને પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણામથી સન્મુખ અનાદિથી છે. એ કોઈ ચીજ નથી. આહાહા..! એ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ, જેનાથી વિમુખ (થવું). એટલે કે પર્યાયબુદ્ધિથી છૂટીને વસ્તુ ત્રિકાળી ચૈતન્ય રસકંદ છે તેની સન્મુખ થવું. દ્રવ્યદૃષ્ટિ એટલે વસ્તુની દૃષ્ટિ થવી. અને વસ્તુની દૃષ્ટિ થઈને તેમાં રમવું એ એક જ મોક્ષનો માર્ગ છે. ત્યાં સુધી આવ્યું છે.

**'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે...'** આ પ્રશ્ન શું કરવા ઉઠાવ્યો? કે મોક્ષમાર્ગ જ્યારે આત્માનો અનુભવ છે એ જ મોક્ષમાર્ગ (છે), તો પછી આ શાસ્ત્રમાં આટલું જ્ઞાન વર્ણવ્યું, બાર અંગ વર્ણવ્યા. કરણાનુયોગ, ચરણાનુયોગ. એ બધું વર્ણન છે ને. **'આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે કે, કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.'** બાર અંગનું જ્ઞાન થાય એ કોઈ અપૂર્વ લબ્ધિ છે એમ કોઈ માને. તો એમ નથી એમ કહે છે. આહાહા..! અગિયાર અંગ. એક અંગમાં ૧૮ હજાર પદ અને એક એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવું એક આચારંગ, એવું ડબલ સૂયગડાંગ, ડબલ ઠાણાંગ. એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા ૧૮ હજાર પદનું તો એક આચારંગ. ડબલ સૂયગડાંગ, ડબલ ઠાણાંગ એમ ડબલ અગિયાર અંગ સુધી લઈ જવું. એ સિવાય બાર અંગ. ચૌદ પૂર્વ અને બાર અંગ. એનું જ્ઞાન થવું એ કોઈ અપૂર્વ છે એમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– કેમ પૂર્વે થયું છે?

ઉત્તર :– એ નહિ. એ છે એટલી જ એ વસ્તુ નથી એમ કહે છે. અનુભૂતિ કરવી એમાં એમ કહ્યું છે. બાર અંગનું જ્ઞાન છે એનું પણ લક્ષ છોડીને... આહાહા..! છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.'** એમ કે બાર અંગનું જ્ઞાન તો સમકિતીને થાય છે અને તે અપૂર્વ હોય છે. એમ કોઈ કહે. બાપુ! એ અપૂર્વ નથી. કારણ કે એ બાર અંગનું જ્ઞાન એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહાહા..!

મુમુક્ષુ :– પરસત્તાવલંબી...

ઉત્તર :– આહાહા..!

**'દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** બાર અંગમાં પર તરફનું લક્ષ છે ને? એની એમાં વૃત્તિ ઊઠે છે. **'તેમાં પણ એમ કહ્યું છે...'** આહાહા..! બાર અંગમાં. ચારેય અનુયોગ આવી ગયાને? ચરણાનુયોગમાં કાંઈક કહ્યું છે, કરણાનુયોગમાં કાંઈક કહ્યું છે. એમ અત્યારે ચાલે છે. બાર અંગની અંદર ચૌદ પૂર્વની લબ્ધિ તો બાર અંગનો એક ભાગ છે અને બાર અંગ તો ચૌદ પૂર્વ ઉપરાંત છે. એટલું જ્ઞાન પણ પરલક્ષી અથવા ક્ષયોપશમ ભાવે છે, એમાં પણ વિકલ્પ ઊઠે કે આ આવું મારું જ્ઞાન. એ કોઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! અહીં તો એમ સિદ્ધ કરવું છે કે ક્ષયોપશમમાં બાર અંગનું જ્ઞાન થઈ જાય તો પણ એ તો વિકલ્પ છે, ભેદ છે. આહાહા..!

**'તેમાં પણ...'** ચૌદ પૂર્વ અને બાર અંગ. ચૌદ પૂર્વ તો બારમા અંગનો એક ભાગ છે. આહાહા..! એવા બધા પૂર્ણ ભાગ બાર અંગનો. એ બારે અંગમાં અને ચૌદ પૂર્વમાં એમ કહેવામાં આવ્યું છે, કે **'શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** અહીંયાં વજન શેનું છે? જ્ઞાનના ક્ષયોપશમનું બહુ વજન નથી એમ કહે છે. આહાહા..! આત્મા ભગવાન પૂર્ણ આનંદ અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો, પ્રભુ! એનો અનુભવ થવો, એને અનુસરીને આત્મામાં આનંદના સ્વાદ સાથેનું સમ્યગ્જ્ઞાન થવું, એ અનુભૂતિ–મોક્ષમાર્ગનું બાર અંગમાં વર્ણન કર્યું છે. આહાહા..! એ જાણીને કોઈ એમ કહે અમે બહુ જાણ્યું. 'પ્રવચનસાર'માં આવે છે, 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે) કે ઘણા ક્ષયોપશમથી હવે બસ થાઓ. એમ કહે છે. આહાહા..! કેમકે જ્ઞાનનો બહુ વિકાસ (થાય) એથી કરીને મોક્ષમાર્ગની વૃદ્ધિ છે એમ નથી. આહાહા..!

મોક્ષમાર્ગ તો વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્યઘન અનાકુળ જ્ઞાન અને અનાકુળ આનંદનું પૂર્ણ પૂર, પૂર્ણ પૂર પ્રભુ છે. એનો અનુભવ કરવો. આહાહા..! એમાં એમ કહ્યું કે એની દૃષ્ટિ કરીને એમાં સ્થિરતા–અનુભૂતિ કરવી. એમ બાર અંગમાં કહ્યું છે. સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા..! બહુ–ઘણું જાણવામાં આવ્યું અને માણસોમાં કહેતા આવડે માટે તે મોક્ષમાર્ગમાં છે, એમ નથી. આહાહા..! મોક્ષમાર્ગ તો બાર અંગમાં પરમાત્માએ... ઉત્કૃષ્ટ બાર અંગ. એથી વિશેષ જ્ઞાન હોય નહિ. એ ચારેય અનુયોગમાં બાર અંગ આવી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :– બાર અંગવાળાને એને સમ્યગ્દર્શન હોય જ.

ઉત્તર :– હોય જ. બાર અંગવાળાને હોય. પણ એથી કરીને બાર અંગનું જ્ઞાન છે માટે એને મોક્ષમાર્ગ થયો, વધી ગયો. મોક્ષમાર્ગ એને વધી ગયો એમ નથી. મોક્ષમાર્ગ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુની દૃષ્ટિ કરી અનુભવ (કરી) અને એમાં સ્થિર થવું એ મોક્ષમાર્ગ છે. 'દેવીલાલજી'! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરો, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત ગણધરોએ જે બાર અંગ રચ્યા. 'મુખ ઓમકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે.' મુખ ઓમકાર ધ્વનિ. વીતરાગ પરમેશ્વરને ઇચ્છા તો છે નહિ. ધ્વનિ પણ કાંઈ આ વાણીથી નીકળતી નથી. આખા શરીરમાંથી (નીકળે છે). પણ મુખથી ધ્વનિ નીકળે એ લોકોનો વ્યવહાર છે એટલે શબ્દ એવો વાપર્યો છે. 'પંચાસ્તિકાય'માં પણ એમ છે. બાકી તો આખા શરીરમાંથી (નીકળે છે). હોઠ બંધ હોય, કંઠ ધ્રુજે નહિ, જીભ ચાલે નહિ. 'મુખ ઓમકાર ધ્વનિ સુનિ અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' પણ એ આ સંશય નિવારે અને અસ્થિરતા નિવારે. સમજાણું કાંઈ? આહાહા..!

ગમે તેટલું જ્ઞાન હોય, પણ એ બાર અંગના જ્ઞાનમાં કહ્યું છે તો એ, કે આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગમાં એ વધી ગયો છે, એમ નથી. સમજાણું કાંઈ? અંતર આત્મા દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય વસ્તુ તત્ત્વ છે ને? વસ્તુ છે ને? વસ્તુ છે તો એનો સ્વભાવ પણ ત્રિકાળી છે ને? એ ત્રિકાળી સ્વભાવની શક્તિઓ દરેક શક્તિ પરિપૂર્ણ ભરેલી છે. એવું પરિપૂર્ણ અનંત શક્તિનું એકરૂપ એવું જે દ્રવ્ય, તે સમ્યગ્દર્શનનો વિષય છે. બાર અંગનું જ્ઞાન થાય માટે એને મોક્ષમાર્ગ વધી જાય છે (એમ નથી). બાર અંગનું જ્ઞાન થાય સમકિતીને. સમજાણું કાંઈ? કાંઈ બાર અંગનું જ્ઞાન અજ્ઞાનીને ન થાય. પણ બાર અંગનું જ્ઞાન થયું માટે એ અંતરમાં મોક્ષમાર્ગમાં વધી ગયો છે એમ નથી. બાર અંગમાં તો એમ કહેવામાં આવ્યું. બહુ જ ટૂંકું કહ્યું. બાર અંગ કોને કહે? આહાહા..! જેના એક આચારંગમાં ૧૮ હજાર પદ, એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. હવે એવું એવું તો એક અંગ એથી ડબલ બીજું, ડબલ ત્રીજું, એનાથી ડબલ અગિયાર. બાર અંગની તો શું વાત કરવી! ઓહો..! પણ ભગવાન જિનેશ્વરદેવે, તીર્થંકરોએ... આહાહા..! બાર અંગમાં પણ... એમ છે ને? '**તેમાં પણ...**' એમ. બાર અંગમાં એટલે એમાં પણ. મોટું ઘણું જ્ઞાન માટે કોઈ મોક્ષમાર્ગ એને ઘણો થઈ ગયો એમ નથી.

'**તેમાં પણ...**' આહાહા..! '**એમ કહ્યું છે કે...**' પરમાત્માએ એમ કહ્યું છે કે, દિવ્યધ્વનિમાં એમ આવ્યું છે કે... આહાહા..! માર્ગ બહુ ... ભાઈ! આહાહા..! અત્યારે તો માર્ગ બધો વીંખી નાખ્યો. વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, ધર્મ થઈ જશે. આહાહા..! અહીં તો સમ્યગ્દૃષ્ટિને બાર અંગનું જ્ઞાન થાય, એથી એ મોક્ષમાર્ગમાં આગળ વધી ગયો છે એમ નથી. બાર અંગમાં પણ અનંત તીર્થંકરો, અનંત કેવળી પરમાત્માએ આત્માની અનુભૂતિ કરવી (એમ કહ્યું છે). આહાહા..! ભગવાનઆત્મા અનંત અનંત શક્તિનો સાગર એ અનંત અનંત ગુણનું મોટું ગોદામ પડ્યું છે. આહાહા..! અનંત સ્વભાવ જે સત્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આત્મા સત્ છે તો એનું સત્ત્વ એટલે ભાવપણું જે છે એ તો એમાં અનંત છે. આહાહા..! એ સત્નું સત્ત્વપણું એ સત્ને અનુભવવું. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે.

**'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** 'રાજમલજી'એ પણ... ભગવાન પવિત્ર પ્રભુ, આનંદનો સાગર નાથ, અતીન્દ્રિય આનંદથી ભરેલો. એનો આનંદ ક્યાંય બહારમાં નથી. એ આનંદની અનુભૂતિ કરવી... આહાહા..! એને અનુસરીને નિર્મળ વીતરાગી દશાપણે પરિણમવું, એમ બાર અંગમાં પરમાત્માએ અનુભૂતિ કરવી એ કહ્યું છે. આહાહા..! કહો, પંડિતજી! છે? પાણી ઉતારી નાખે એવું છે. જાણપણું વધી ગયું માટે... આહાહા..! અને તે પણ બાર અંગનું જ્ઞાન હોય સમકિતીને. મિથ્યાદૃષ્ટિને નવ પૂર્વ સુધી હોય. દસ પૂર્વ થાય એટલે સમ્યગ્જ્ઞાન જ હોય. આહાહા..! એથી કરીને શું? કહે છે. આહાહા..! એને તો ભગવાન શુદ્ધ સ્વરૂપ પવિત્ર પરમાત્મસ્વરૂપ, એની સન્મુખનો અભ્યાસ–અનુભવ (કરવો), બસ, એ પરમાત્માએ કહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! કેટલાક એમ જાણે કે બહુ વાંચીએ, બહુ બધું અનેક શાસ્ત્રો વાંચીએ તો એમાંથી મોક્ષમાર્ગ થઈ જાય.

મુમુક્ષુ :– આપ તો ઘણી વાર કહો છો ત્રણ-ચાર કલાક વાંચવું જોઈએ.

ઉત્તર :– એ તો અજ્ઞાનના ઘણા લાકડા ઘૂસી ગયા છે એ લાકડા છોડવા માટે એને (વાત કરી છે). મૂળ તો એમાં પાછું અંદરથી સાર તો આ કાઢવાનો છે. શાસ્ત્ર વાંચવામાં આવે. આગમ કહે છે ને 'પ્રવચનસાર'માં. સ્વને લક્ષે આગમનો અભ્યાસ કરવો. પણ આગમના અભ્યાસમાં કહેવાનું શું છે? એનું તાત્પર્ય શું છે? સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનનો ભેટો કર એ એનું તાત્પર્ય છે. ત્રણલોકનો નાથ પ્રભુ બિરાજે છે. બાપુ! પ્રભુ! તું ભગવાન છો. આહાહા..! તે દિ' એક ફેરી નહોતું કહ્યું? નાટકમાં આવતું. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. ૧૯૬૪-૬૪. ૧૮ વર્ષની ઉંમર હશે. ૭૦ વર્ષ પહેલાની વાત છે. નાટકમાં.

મુમુક્ષુ :– એ તો બ્રાહ્મણમાં હોય, વાણિયામાં ન હોય.

ઉત્તર :– વાણિયામાં તો કહેવામાત્ર છે. વસ્તુ તો અહીં આત્મામાં છે. વાણિયામાં પણ નથી.

તે બાય એમ કહેતી, હોં! બેટા! તું નિર્વિકલ્પ છો, શુદ્ધ છો, પવિત્ર છો, ઉદાસ છો. એવા બે-ચાર શબ્દ યાદ રહી ગયા છે. બાકી તો ઘણું બોલતી હતી. આપણે તો આમાં 'બંધ અધિકાર'માં ઘણું આવે છે. અને 'પરમાત્મપ્રકાશ'માં છેલ્લે. આહાહા..! ત્રણે કાળના ત્રણ લોકના જીવો સર્વ જીવો પોતાના સ્વભાવથી, શક્તિના સ્વભાવના સામર્થ્યથી પરિપૂર્ણ ભર્યા છે. પર્યાયમાં ફેર છે એ વાત અહીં નથી. કારણ કે પર્યાય દ્રવ્યમાં નથી. પરમાત્મ સ્વરૂપ ભગવાનઆત્મા દ્રવ્ય જે વસ્તુ છે, તત્ત્વ છે, પદાર્થ છે એ તો પરિપૂર્ણ અનંત શક્તિનો રસકંદ એકરૂપ છે. એની અનુભૂતિ કરવી... આહાહા..! એમ બાર અંગમાં કહ્યું. એની અનુભૂતિ કરવી... આહાહા..! એમ બાર અંગમાં કહ્યું છે. એમ કહીને વજન શું આપ્યું છે? દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને ચારિત્રનું. સ્વભાવ સન્મુખની દૃષ્ટિ અને એમાં સ્થિરતાનું રમણ. એ મોક્ષનો માર્ગ છે. ઉઘાડ ઓછો હો, ન હોય. શિવભૂતિને તો દ્રવ્યસૂત્રનો શબ્દ પણ યાદ નહોતો. 'શિવભૂતિ'. મારુષ, માતુષ ગુરુએ કહ્યું, દ્વેષ કરીશ નહિ, રાગ કરીશ નહિ એનો અર્થ કે વીતરાગતા રાખજે. એ શબ્દ યાદ ન રહ્યા. આહાહા..! પણ વીતરાગતા અંદર યાદ રહી ગઈ. વીતરાગતાની અનુભૂતિ કરી. અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન ઝળહળજ્યોતિ... આહાહા..!

જેનો સ્વભાવ પરિપૂર્ણ છે, એના અવલંબે, એના આશ્રયે જે દશા પૂરી થાય, એ તો ઝળહળ જ્યોતિ કેવળજ્ઞાન છે. એ અનુભૂતિથી કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી બહુ ક્રિયા કરે, વ્રત પાળે, અપવાસ બહુ કરે, ભક્તિ બહુ કરે, શાસ્ત્રના પાના ફેરવ્યા ફેરવ કરે માટે તેનું જ્ઞાન વધી ગયું છે, એમ નથી. જ્ઞાન તો દ્રવ્ય સ્વભાવને જાણે ત્યારે જ્ઞાન વધી ગયું ત્યારે જ્ઞાન કહેવાય. આહાહા..! 'ધન્યકુમારજી'! આવી વાત. હમણા ભાઈ 'દેવીલાલજી'એ કહ્યું, કે પ્રાંતીજ વીસ દિવસ રહ્યા પણ આવી વાત કાંઈ ત્યાં નહોતી. ત્યાં તો સ્થૂળ વાત ચાલે. આહાહા..! અનુભૂતિ અંદર...

મુમુક્ષુ :– કોઈ બોલતું નહોતું. અનુભૂતિ કોને ખબર હતી? આપ બીજાને કહેતા હતા, ત્યારે તેમણે કહ્યું કે ઇ તો બ્રાહ્મણમાં હોય,...

ઉત્તર :– કહ્યું હતું. કીધુંને ઓલા. ૧૯૮૦ની સાલમાં કહ્યું હતું. કીધું ભાઈ અનુભવ આત્માનો. ત્યારે 'ઠાકરશીભાઈ' હતા. 'ગોપાણી'. એનો દીકરો ત્યાં રહે છે ને? 'અમદાવાદ' આપણા...

મુમુક્ષુ :– પંડિત.

ઉત્તર :– પંડિત નથી. એ તો વળી એના નાના ભાઈ હતા. એનો દીકરો 'અમૃતલાલ' એ 'ગોપાણી' ભણેલો છે. વિદ્વાન છે. એ 'સ્વરૂપચંદભાઈ'નો દીકરો. 'સ્વરૂપચંદ ગોપાણી' અને 'ઠાકરશી ગોપાણી' 'ઠાકરશી ગોપાણી'ની બુદ્ધિ જાડી હતી. એનો છોકરો ત્યાં છે. 'અમદાવાદ'માં આપણું મંદિર છે ને? ત્યાં દુકાન છે. કેટલીક વાર સાંભળવા આવે. ૧૯૮૦ની સાલમાં એને એકવાર મેં કહ્યું. દરરોજ પડિક્કમણા કરે ને. કીધું ભાઈ! અનુભવ આત્માનો એ વસ્તુ. આ ક્યાંથી કાઢ્યું? અનુભવ તો અમારા મહારાજ કહેતા નથી. આપણા જૈનમાં અનુભવ હોય નહિ. આહાહા..! 'ઠાકરશી ગોપાણી' હતા. એના છોકરાનું નામ ભૂલી ગયા. ત્યાં 'અમદાવાદ'માં છે. એ શું કહેવાય મંદિર? 'ખાડિયા-ખાડિયા'. 'ખાડિયા' મંદિર નહિ? એટલામાં જ છે. નામ પણ ભૂલી ગયા. આ તો ૧૯૮૦ની વાતું છે ને. કેટલા વર્ષ થયા? ૫૩.

એ કહે આ અનુભવ અને બીજું એક હતું વિભાવ. એ વિભાવ-વિભાવ આત્મામાં કેવો? એ અહીં ક્યાં? એ તમારા ભાઈ એમ કહેતા, 'મૂળચંદજી' એમ કહેતા. વિભાવ-બિભાવ જૈનમાં ન હોય. 'મગનભાઈ મોદી' હતા ને? 'નવરંગભાઈ'ના બાપ. 'નવરંગ મોદી' આવે છે ને. એમના બાપ હતા. એ એકવાર ત્યાં આવ્યા હતા. એણે પ્રશ્ન કર્યો, મહારાજ!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવકર્મ એટલે શું? ભાવકર્મ, દ્રવ્યકર્મ એ બધું શાસ્ત્રમાં છે જ નહિ. કર્મ છે બસ. કહેવાય બાદશાહ. 'મૂળચંદજી' હતા.

મુમુક્ષુ :– બાદશાહ નહિ, બેરિસ્ટર

ઉત્તર :– બાદશાહ શું બેરિસ્ટર. બેરિસ્ટર કહેવાતા. જૈનના બેરિસ્ટર. મોટી-મોટી વાતું કરે પણ ખબર આટલી નહિ. આહાહા..! દ્રવ્યકર્મ અને ભાવકર્મ એવું શાસ્ત્રમાં છે જ નહિ. 'મગનભાઈ' તો એમ જાણે કે આ સાધારણ વાત છે તો પૂછું. ભાવકર્મ અને દ્રવ્યકર્મ પણ સ્પષ્ટ નથી. આહાહા..! શ્વેતાંબરમાં તો જરી છે. આહાહા..! એમાં અનુભવ એટલે શું વળી? એ તો આપણે જે ચારિત્ર પાળીએ છીએ આ વ્રત, તપ. એનું ફળ એકલું જ્ઞાન આવશે અને એ જ્ઞાન રહેશે. બસ. એ મોક્ષ.

મુમુક્ષુ :– ચારિત્ર...

ઉત્તર :– ચારિત્ર... 'મૂળચંદજી' એમ કહેતા. જૈનના બેરિસ્ટર કહેવાય. એકવાર પૂછ્યું હતું ધર્માસ્તિમાં ગુણ કેટલા? કે બે. એક અરૂપી અને ગતિ. ગતિ કરવામાં નિમિત્ત થાય. લ્યો, આવા બેરિસ્ટર. એક એક દ્રવ્યમાં સામાન્ય અનંતગુણ અને વિશેષ અનંતગુણ (છે). બેય અનંતગુણ છે. એક-એક દ્રવ્યમાં પરમાણુમાં લ્યો તો સામાન્ય-વિશેષ, સામાન્ય અનંત અને વિશેષ અનંત. સામાન્યના છ નામ જ આપ્યા છે સાધારણ વિશેષ તરીકે. અસ્તિત્વ, વસ્તુત્વ. બાકી દરેક પદાર્થ વસ્તુ છે ને? અસ્તિ તત્ત્વ છે ને? સત્ છે ને? અનાદિઅનંત છે ને? અણ કરાયેલ છે ને? સહજ સ્વરૂપ છે. તો એમાં સામાન્યગુણો અસ્તિત્વ આદિ પણ અનંત છે અને વિશેષ પરમાણુમાં જડ, રંગપણું, આત્મામાં જ્ઞાનપણું. એ બધા વિશેષ ગુણો પણ દરેકમાં અનંત છે. આહાહા..!

અહીં તો કહે છે, કે એ બધું એણે ભલે જાણ્યું. આહાહા..! 'રાજમલજી'એ બહુ ખુલાસો કર્યો છે. **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** આહાહા..! ભગવાનઆત્મા અરે..રે..! આ ધૂળ, શરીર, વાણી ને મન ને જુવાનીના લઠ જેવા શરીર બધા આકર્ષણ કરે. હાડકા અને ચામડા. મહાણના હાડકા છે આ તો. આહાહા..! એનાથી ભગવાન ભિન્ન પડેલું તત્ત્વ અંદર, એને ભિન્ન તરીકે ભેદજ્ઞાનમાં અનુભવવું... આહાહા..! એવું બાર અંગમાં કહ્યું છે. એનો અર્થ એ કે જે વસ્તુ છે તેની દૃષ્ટિ કરી અને તેને અનુભવમાં આચરણ કરવું. આહાહા..! એ ભગવાનઆત્માને દૃષ્ટિમાં લઈને એનું આચરણ કરવું એ અનુભૂતિ. એ બાર અંગમાં આ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પ્રવચનસાર'માં પણ એમ કહ્યું. ૩૪મી ગાથા કહી ને? ૩૪ કે ૩૫? 'પ્રવચનસાર' પહેલા જ્ઞાન અધિકારમાં. 'અલમ' વિશેષ ક્ષયોપશમથી બસ થાઓ. અમે તો આત્મા છીએ તેને અનુભવીએ, બસ. આહાહા..! વિશેષ જ્ઞાન હો, ભલે હોય. પણ 'અલમ'. ત્યાં બસ થાઓ. અમે આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છીએ, એનો અનુભવ કરીએ એ જ અમારી ચીજ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! એટલે? કે એની દૃષ્ટિ અને એનું આચરણ. દર્શન અને ચારિત્ર–બે. ઉઘાડનો ભાગ તો એક સ્વને જાણવાનો એટલો તો છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ! સાંભળતા કઠણ પડે. એણે કોઈ દિ' સાંભળ્યો નથી. આહાહા..!

આવી ચોખવટ દિગંબર સિવાય ક્યાંય છે નહિ. આ તો સનાતન વીતરાગમાર્ગ અનાદિનો જે છે, એ માર્ગ આ છે. આમાં ક્યાંય ઓછી, વત્તી, વિપરીત કે કોઈ કલ્પનાનું આમાં કાંઈ નાખ્યું એ આમાં ક્યાય નથી. સંતો, વીતરાગી મુનિઓ, દિગંબર મુનિઓ... આહાહા..! જેને વીતરાગી અનુભૂતિ, પ્રચુર અતીન્દ્રિય આનંદના સ્વાદીયા, જેને રાગનો સ્વાદ દુઃખરૂપ લાગે, મહાવ્રતના પરિણામ પણ જેને દુઃખરૂપ લાગે. એવા આનંદના રસિયા, એમણે કહેલા આ તત્ત્વો, એ સર્વજ્ઞે કહેલા તત્ત્વો એ એણે કહ્યા. આહાહા..! સમજાણું કાંઈ? એના વાડામાં રહ્યા, દિગંબર વાડામાં રહ્યા એને પણ ખબર ન મળે. એ આ કરવું, આ કરવું, વ્રત કરવા, તપસ્યા કરવી.

મુમુક્ષુ :– વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય.

ઉત્તર :– વ્યવહાર કરતા નિશ્ચય થાય. વળી એ લાકડા મોટા. આહાહા..! અહીં તો અનુભૂતિ કરતા મોક્ષ થાય એમ કહે છે. આહાહા..! અરે..! આવો અવસર મળે ક્યારે? માંડ નિગોદમાંથી નીકળી પંચેન્દ્રિય, મનુષ્ય, આર્યક્ષેત્ર, જૈનકુળ, એમાં પણ જૈનની સાચી વાણી સાંભળવાનો યોગ, એ બધું દુર્લભ, બહુ દુર્લભ છે. આહાહા..! એમાં પણ અનુભૂતિ કરવી એ તો મહાદુર્લભ છે. આહાહા..!

**'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં...'** આહાહા..! **'શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** કે ભાઈ! બીજાને સમજાવતા આવડે માટે આપણે ભણવું, એ કાંઈ છે નહિ. આહાહા..! અને બીજાને સમજાવતા આવડે માટે સમ્યગ્જ્ઞાન છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગનો આવો માર્ગ! અનંત તીર્થંકરોએ આ કહ્યું છે. **'શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** ભણે, વિકલ્પ આવે. શાસ્ત્ર આગમ ભણે-પઢે. 'પ્રવચનસાર'માં એમ કહ્યું. જ્ઞાન અધિકાર કરી પછી જ્ઞેયનું પણ જ્ઞાન કરે. સ્વના લક્ષે આગમનો અભ્યાસ કરો, તમારું કલ્યાણ થશે. એમ પણ ત્યાં કહેવાય. પણ એ આગમમાં પણ કહેવાનું આ છે. આહાહા..!

**'શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** ભણે, વાંચે, વિચારે. અંદર સ્થિર થઈ શકે નહિ ત્યારે શાસ્ત્રનો અભ્યાસ હોય. પણ એ શુદ્ધાત્માનુભૂતિવાળાને એનું બંધન નથી કે એ વધારે જાણવાનું આવે તો લોકોને સમજાવી શકાય, માટે એને ભણવું, એવી કોઈ અટક નથી. આહાહા..! બીજાને સમજાવી શકે કે નહિ. આહાહા..! એ 'સમાધિશતક'માં તો એમ કહ્યું, હું બીજાથી સમજું અને હું બીજાને સમજાવું, એ બધા વિકલ્પ પાગલપણું છે. આહાહા..! કેમકે બીજાથી સમજ્યો એ પણ એક વિકલ્પ છે, રાગ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અંતરમાંથી અનુભવીને સમજવું એ વસ્તુ છે. બીજો મને સમજાવે એ પણ એક વિકલ્પ છે અને હું બીજાને સમજાવું (એ પણ વિકલ્પ છે). આહાહા..!

વીતરાગમાર્ગમાં વીતરાગતાની કિંમત છે. આહાહા..! સમ્યગ્દર્શન એ વીતરાગભાવ છે. સમ્યગ્જ્ઞાન ભલે થોડું હોય, પણ એ વીતરાગી જ્ઞાન છે અને ચારિત્ર સ્વરૂપમાં રમણતા એ વીતરાગી ચારિત્ર છે. એ વસ્તુ છે. આહાહા..! એને અનુભૂતિવાળાને.. આહાહા..! અનુભૂતિ તો ચોથે ગુણસ્થાને થઈ જાય છે. તો પણ એને શાસ્ત્ર ભણવું જ પડે અને એ વાંચે જ એ, અને એણે બીજાને સમજાવવું જ પડે, એવી કોઈ અટક નથી. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્ર તો હમણા રચાણા, પહેલા શાસ્ત્ર હતા ક્યાં.

ઉત્તર :– કંઠસ્થ હોય તો એ કહે. મુનિઓને કંઠસ્થ હોય તો વાત કરે. બીજાને થાય કંઠસ્થ. લખાયેલા નહોતા. પણ કંઠસ્થ હતા તે મુનિઓ બીજાને વાત કરતા, બીજા સાંભળતા. આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્ર વાંચે તો શાસ્ત્રમાં અટકી ન જાય.

ઉત્તર :– અટકી ન જાવું. અહીં તો અનુભૂતિ કરવાની વાત છે. વિશેષજ્ઞાન ન હોય, સમજાવતા ન આવડે એથી કરીને એનો મોક્ષમાર્ગ અટકી જાય છે (એમ નથી). આહાહા..! એ મોક્ષમાર્ગ તો અંતર આત્માનો અનુભવ કરવો, આનંદના સ્વાદમાં રહેવું, અનુભૂતિ કરીને એના આનંદના સ્વાદને વધારવો. આ કરવાનું છે. કહો, 'ધર્મચંદજી'! આવી વાતું હવે! આહાહા..! અહીં તો થોડુંઘણું જ્યાં બહારથી કરે, વેપારમાં આખો દિ' પાપ કરે. વેપાર અને ધંધા (કરે) એમાં પાંચ-પચ્ચીસલાખ કમાણા હોય અને એમાં કલાકની નવરાશ મળે, સાંભળવા જાય. સાંભળવા જાય ત્યાં મળે કેવું? વ્રત કરો, અપવાસ કરો એ તમારો ધર્મ છે. થઈ રહ્યું, બિચારાની જિંદગી... આહાહા..! ઢોરની જિંદગી જેવી એ જિંદગી કહેવાય. આહાહા..!

**'શુદ્ધાત્માનુભૂતિ થતાં શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** એને વાંચવું જ તે, એણે ભણવું જ. કેમકે બીજાને સમજાવવા માટે પણ ભણવું એવું કાંઈ છે નહિ. આહાહા..! પોતે પોતાને જાણીને રમે એ કરવાનું હતું એ કર્યું. એને કાંઈ શાસ્ત્ર ભણવાની અટક નથી. આહાહા..! સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે. એ ત્રણ-ચાર લીટીમાં તો કેટલું ભરી દીધું! એ ૧૩ શ્લોક થયા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(પૃથ્વી)

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

ખંડાન્વય સહિત અર્થ :– 'तत् महः नः अस्तु' (तत्) તે જ (महः) શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ (नः) અમને (अस्तु) હો. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે, બીજું બધું હેય છે. કેવો છે તે 'महः' (જ્ઞાનમાત્ર આત્મા)? 'परमम्' ઉત્કૃષ્ટ છે. વળી કેવો છે 'महः'? 'अखण्डितम्' ખંડિત નથી–પરિપૂર્ણ છે. ભાવાર્થ આમ છે કે ઇન્દ્રિયજ્ઞાન ખંડિત છે; તે જોકે વર્તમાનકાળે તે–રૂપ પરિણમ્યો છે તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે. વળી કેવો છે? 'अनाकुलं' આકુળતા રહિત છે. ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુઃખરૂપ પરિણમે છે તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે.*x x x વળી કેવો છે? 'अन्तर्बहिर्ज्वलत्' (अन्तः) અંદર (बहिः) બહાર (ज्वलत्) પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે, જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી. વળી કેવો છે? 'सहजं' સ્વયંસિદ્ધ છે. વળી કેવો છે? 'उद्विलासं' પોતાના ગુણ:પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે. વળી કેવો છે? 'यत् (महः) सकलकालम् एकरसम् आलम्बते' (यत्) જે (महः) જ્ઞાનપુંજ (सकलकालम्) ત્રણે કાળ (एकरसम्) એકરસને અર્થાત્ ચેતનાસ્વરૂપને (आलम्बते) આધારભૂત છે. કેવો છે એકરસ? 'चिदुच्छलननिर्भरं' (चित्) જ્ઞાન- (उच्छलन) પરિણમનથી (निर्भरं) ભરિતાવસ્થ છે. વળી કેવો છે એકરસ? 'उल्लसतलवणखिल्यलीलायितम्' (लवण) ક્ષારરસની (खिल्य) કાંકરીની (उल्लसतलीलायितम्) પરિણતિ સમાન જેનો સ્વભાવ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે. ૧૪.

---

હવે ૧૪મો કળશ.

अखण्डितमनाकुलं ज्वलदनन्तमन्तर्बहि-
र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा।
चिदुच्छलननिर्भरं सकलकालमालम्बते
यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितम्।।१४।।

* પં. શ્રી રાજમલ્લજીની ટીકામાં અહીં 'अनन्तम्' પદનો અર્થ કરવો રહી ગયો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'तत् महः नः अस्तु'** આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' સંત વીતરાગી મુનિ છે. જેને પ્રચુર અનંત આનંદનો સ્વાદ, અતીન્દ્રિયનો સ્વાદ ઘણો આવ્યો છે. એને મુનિ કહીએ. મુનિ કાંઈ પંચમહાવ્રત પાળે અને નગ્ન થઈ ગયો માટે મુનિ છે એમ નથી. આહાહા..! એ મુનિ એમ કહે છે, કે **'તે જ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ અમને હો.'** છે ને? **'तत् महः नः'** **'महः'** એટલે અમને. તે–ચૈતન્ય તે જ અમને હો. આહાહા..! એક શબ્દમાં આટલું નાખ્યું. ચૈતન્યપ્રકાશનું પૂર પ્રભુ! ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર, એ એક અમને હો, બસ. અહીં તો બીજું અમારે કાંઈ જોઈતું નથી. આહાહા..! કે ભાઈ! શિષ્યો ઝાઝા થાય, લોકો સભામાં ખૂબ ભરાય, લોકો પાસ કરે. ઓહોહો..! એ કાંઈ અમારે કામ નથી.

**'तत् महः'** તે જ **'શુદ્ધજ્ઞાનમાત્ર વસ્તુ...'** તે જ વસ્તુ અમને પ્રાપ્ત થાઓ. તે જ એટલે તે જ જે ચૈતન્યવસ્તુનો પ્રકાશ **'महः'** છે ને? **'महः'**નો અર્થ તેજ–ચૈતન્ય તેજ છે. પુણ્ય અને પાપના ભાવ બધા અંધારા છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ અંધારું છે, રાગ છે એ અંધારું છે. અમને તો ચૈતન્યપ્રકાશનો પુંજ હો, બસ. આહાહા..! સમજાણું કાંઈ? **'(तत्) તે જ (महः ) નામ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ...' महः** તે જ છે, જ્ઞાન તે છે. જ્ઞાનરૂપી વસ્તુ જે અંદર છે, જેનો ભાવ એકલો જ્ઞાન છે એ આત્મા. એક જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જાણવું... જાણવું... જાણવું... જાણવું... તે આત્મા. એવી વસ્તુ અમને હો. આહાહા..! છે તો ખરી પણ પૂર્ણ હો. એમ. સમજાણું કાંઈ? આહાહા..! આ તો આચાર્ય છે. દિગંબર મુનિ 'અમૃતચંદ્રાચાર્ય' એના આ કળશ છે. **'અમને હો.'**

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે,...'** લ્યો. 'લાખ વાતની વાત.' 'છ ઢાળા'માં આવે છે ને? 'નિશ્ચય ઉર આણો. છોડી જગત દ્વંદ્વ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' આહાહા..! માણસને એની કિંમત નથી. કિંમત કાંઈ કરે ને.. વ્રત પાળે, અપવાસ કરે. બબ્બે મહિનાના સંથારા અનંતવાર કર્યા. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે બબ્બે મહિનાના. ઝાડની ડાળ પડી રહે એમ પડ્યો રહ્યો. આહાહા..! પણ એ આતમજ્ઞાન છે એ અંદર આત્માનું જ્ઞાન ન કર્યું. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ એક જ ઉપાદેય છે, બીજાં બધું હેય છે.'** લ્યો, અસ્તિ-નાસ્તિ કરી. એ પંચમહાવ્રતના વિકલ્પ હો, બાર વ્રતના રાગ હો, ભગવાનની ભક્તિનો રાગ હો, પંચ પરમેષ્ઠીનું સ્મરણ હો, એ બધો રાગ છે. આહાહા..! સ્વદ્રવ્યના અનુભવ સિવાય પરના આશ્રયે જેટલા ભાવ થાય, એ બધો અશુદ્ધ ભાવ–મેલ છે. ચાહે તો સ્ત્રી, કુટુંબ, ધંધાને આશ્રયે થાય તો અશુભભાવ અશુદ્ધ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રયે થાય તો શુભ અશુદ્ધભાવ છે. આહાહા..! આવી વાતું!

**'બીજાં બધું હેય છે.'** બહુ ટૂંકો સિદ્ધાંત. ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર પિંડ પ્રભુ, એની સન્મુખતા થઈને એનો અનુભવ કરવો એ એક જ આદરણીય વાત છે. એ સિવાય બધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


(હેય છે). જે ભાવે તીર્થંકરપણું બંધાય એ ભાવ પણ હેય છે. ષોડશકારણ ભાવના ભાય, તીર્થંકરગોત્ર બંધાય. આવે છે ને? 'ષોડશ તીર્થંકર પદ પાય.' એ ભાવ પણ હેય છે. માણસને લાગે ને! 'ધન્યકુમારજી'! પછી આ 'સોનગઢ'નું એકાંત ન લાગે? 'સોનગઢ'નું છે? આહાહા..! આવું બોલે છે. બિચારા વ્રત કરે, તપ કરે, વર્ષીતપ કરે. શ્વેતાંબરમાં વર્ષીતપ (કરે). દિગંબરમાં નથી. શ્વેતાંબરમાં બહુ કરે. એને તો અપવાસ બહુ કરે. આઠ દિવસના, પર્યુષણમાં અપવાસ, આણે આટલા કર્યા, આણે આ કર્યા, એને બહુમાન આપી, દીક્ષા આપી, દીક્ષા દીધી, દીક્ષા લેવાના દીક્ષાર્થીઓને બહુ સન્માન આપ્યા. બહુ લખાણ આવે. તારી દીક્ષા જ ક્યાં હતી? આહાહા..! એ તો બધો મિથ્યાત્વભાવ છે. રાગને કરું, કરી શકું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે.

ખરેખર તો સિદ્ધાંતમાં અલિંગ્રહણમાં એમ આવે છે, કે યતિના બાર આચારનો વસ્તુમાં અભાવ છે. અલિંગ્રહણ. ૧૭મો બોલ છે. ૨૦ બોલ છે ને? અલિંગ્રહણના ૨૦ બોલ. આ ૧૭મો બોલ છે. જેટલી મુનિની પંચમહાવ્રતાદિની પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહારની જેટલી ક્રિયાઓ છે અને જેટલું બાહ્ય આચરણ છે, વ્યવહાર, જ્ઞાન, દર્શન-ચારિત્ર એ બધું વસ્તુના સ્વભાવમાં એનો અભાવ છે. યતિની બાહ્ય ક્રિયાનો જેમાં અભાવ છે. તેથી ભગવાનઆત્માને અલિંગ્રહણ કહેવામાં આવે છે. આહાહા..! ૨૦ બોલ છે. એમાં ૧૭મો બોલ છે. ૧૮માં તો ગુણ-ગુણી, અર્થાવબોધ વિશેષ જેમાં નથી એવું અલિંગ્રહણ. ગુણ-ગુણીનો ભેદ પણ જેમાં નથી. આહાહા..! જેમાં પર્યાયનો વિશેષ ભેદ પણ નથી. આહાહા..! આવો માર્ગ છે. એની પહેલી શ્રદ્ધા અને જ્ઞાન તો કરે કે માર્ગ આ છે.

જે જ્ઞાન ઉંધે રસ્તે જાય અને માર્ગ માને કે અમે કાંઈક આમાં છીએ. કે દિ' આરા આવે? ભાઈ! આહાહા..! મનુષ્યપણું ચાલ્યું જશે, ભાઈ! અને જાશે ક્યાંક... આહાહા..! અરે..! ચોરાશી લાખની મોટી પાટ પડી છે. ભવસિંધું. ચોરાશી લાખની યોનિમાં ભવસિંધુ. અનંત અસંખ્ય ભવ કરવા દરિયો પડ્યો છે. આહાહા..! અરે..! એણે વિચાર્યું છે કે દિ'? ક્યાં રખડતો રહ્યો છું? અને એ રખડવું કેમ મટે? આહાહા..! એ મટે આ શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા એ રખડવું મટે. આહાહા..! સમજાણું કાંઈ? દુકાન છોડી, ધંધા છોડ્યા, બાયડી-છોકરા છોડ્યા માટે ત્યાગી થઈ ગયો અને એને ધર્મ થઈ ગયો (એમ બિલકુલ નથી). આહાહા..!

શુદ્ધ ભગવાનઆત્મા એનો અનુભવ એક જ ઉપાદેય છે. ત્યારે આ વ્યવહારને ઉપાદેય કહ્યો છે ને ક્યાંક? 'પદ્મનંદિ પંચવિંશતિ'માં કહ્યું છે. વ્યવહાર પૂજ્ય છે. એ વ્યવહારથી કહ્યું છે. નિશ્ચયથી તો એક જ આત્મા પૂજ્ય છે, આદરણીય છે. પણ વ્યવહાર વચમાં આવે છે, તેથી અશુભથી છૂટવા વ્યવહારને ઉપાદેય વ્યવહારનયથી કહેવાય. પણ છે તો નિશ્ચયથી હેય. આહાહા..!

**'કેવો છે 'महः'** તેજ. આત્માનું તેજ. જ્ઞાનમાત્ર આત્મા. એ તો જ્ઞાનમાત્ર આત્મા છે. જાણક, જાણક શક્તિનું સત્ત્વ તે તત્ છે. તે તત્ત્વ છે. એકલી જાણકશક્તિ... જાણકશક્તિ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણકશક્તિ... એવી ધ્રુવ જાણકશક્તિનું એ તત્ત્વ તે આત્મા. **'(જ્ઞાનમાત્ર આત્મા) ? 'परमम्' ઉત્કૃષ્ટ છે.'** એ જ વસ્તુ છે. આહાહા..! જેની એક સમયની પર્યાયનો પણ જેમાં અભાવ છે. એવો જ્ઞાનરસકંદ, પ્રભુ! ચૈતન્યસૂર્ય. ચૈતન્યના તેજનો પિંડ, પ્રભુ! એ જ આત્મા છે. આહાહા..! **'ઉત્કૃષ્ટ છે.'** એ આત્મા ઉત્કૃષ્ટ છે. આહાહા..! **'વળી કેવો છે 'महः'** એટલે તે જ. **'अखंडितम्' 'ખંડિત નથી–પરિપૂર્ણ છે.'** વસ્તુ અને વસ્તુનો સ્વભાવ... ક્ષેત્ર નાનું હોય એની સાથે સંબંધ નથી. એ વસ્તુ અને એનો સ્વભાવ તે અખંડ એકરૂપ છે. આહાહા..! **'ખંડિત નથી..'** એક સમયની પર્યાયમાં પણ એ આવતો નથી. એવો ભગવાન અખંડ છે. આહાહા..! આવી વાત!

**'ખંડિત નથી–પરિપૂર્ણ છે. ભાવાર્થ આમ છે કે ઇન્દ્રિયજ્ઞાન ખંડિત છે;...'** આ પાંચ ઇન્દ્રિયથી જાણવું એ તો ખંડખંડ જ્ઞાન છે. સમજાણું? જ્ઞાન પોતાનું છતાં ઇન્દ્રિયથી જાણવું એ ખંડજ્ઞાન છે, દોષવાળું છે. **'તે જોકે વર્તમાનકાળે તે-રૂપ પરિણમ્યો છે...'** ઇન્દ્રિયના જ્ઞાનરૂપે પર્યાયમાં પરિણમ્યો છે. **'તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે.'** એનું જે સ્વરૂપ અંદરમાં છે એ તો અતીન્દ્રિય જ્ઞાન છે. ઇન્દ્રિયજ્ઞાનપણે પરિણમ્યો છે એ પર્યાયમાં, વસ્તુ છે એ અતીન્દ્રિય જ્ઞાન છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો હશે! જિનેશ્વરનો જૈનધર્મ આવો હશે? બાપુ! જૈનધર્મ તો આ છે, ભાઈ! દુનિયાએ સાંભળ્યો નથી. અધર્મને ધર્મ તરીકે, અજૈનને જૈન તરીકે સ્વીકારીને જૈનો નામ ધરાવ્યા. પણ વાસ્તવિક જૈનપણું શું છે એની એને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વર્તમાન કાળે તો ઇન્દ્રિયજ્ઞાનપણે છે **'તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે...'** આહાહા..! અને તે પણ **'આકુળતા રહિત છે.'** આહાહા..! ત્રિકાળી વસ્તુ તો આનંદ આકુળતારહિત છે. કો'ક એમ કહેને બહુ જાણવામાં તો ભાઈ આકુળતા આવે. એ અહીં નથી. અહીં તો જાણવું... જાણવું... સ્વરૂપ એનું છે. એ સ્વરૂપ છે એ અનાકુળ છે. જ્ઞાન અને આનંદસ્વરૂપ એનું છે. આહાહા..! છે? **'આકુળતા રહિત છે. ભાવાર્થ આમ છે કે યદ્યપિ સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુઃખરૂપ પરિણમે છે તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે.'** જુઓ! ત્રિકાળ વસ્તુ તો આનંદરૂપ છે. પર્યાયમાં ભલે કલ્પિત ઇન્દ્રિયના વિષયો અને બહારમાં સુખદુઃખની કલ્પના કરે. પર્યાયમાં. વસ્તુમાં કાંઈ નથી. વસ્તુ તો ત્રિકાળી શુદ્ધ છે. આહાહા..! હવેના પંડિતો ના પાડે છે. 'મખ્ખનલાલજી'. પર્યાયમાં અશુદ્ધતા છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. આહાહા..! શું થાય? એને મળ્યું નથી એટલે. એ જાતની ગુરુગમતા અને આગમને પરમાર્થ શું કહેવો છે એની ખબર નથી. આહાહા..! **'સ્વભાવિક સુખસ્વરૂપ છે. વળી કેવો છે?'** કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અષાઢ સુદ ૫, મંગળવાર તા.૨૧.૦૬.૧૯૭૭
## કળશ - ૧૪-૧૫, પ્રવચન - ૨૧

'કળશટીકા' જીવ અધિકાર. ૧૪મો કળશ છે. અહીં સુધી આવ્યું છે.

**'સ્વભાવિક સુખસ્વરૂપ છે.'** ફરીને આખો મેળ કરીએ. **'તે જ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુ અમને હો.'** આચાર્ય મહારાજ કહે છે, કે અમારે તો અખંડ, પૂર્ણ એક આત્મા, તે પ્રાપ્ત હો. **'ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે,...'** ભાવાર્થ એ કે શુદ્ધસ્વરૂપ આત્મા ત્રિકાળી પવિત્ર શુદ્ધ આનંદકંદ છે. એનો અનુભવ એ મોક્ષનો માર્ગ છે.

મુમુક્ષુ :– .. ઉપાદેય છે એમ કહ્યું.

ઉત્તર :– ઉપાદેય છે. એ ત્રિકાળી ઉપાદેય પછી આ પણ ઉપાદેય છે.

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાદેય છે,...'** એટલે કે એ કરવાલાયક, આદરવાલાયક એ છે. ત્રિકાળી ચૈતન્ય એક સમયમાં ધ્રુવ અખંડ અભેદ ચૈતન્યવસ્તુ, એને અનુસરીને અનુભવ થવો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પણ અભેદમાં ગૌણ થઈ ગયા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, એ ભેદ છે એ અનુભવમાં અભેદ થઈ ગયા. આહાહા..! એટલે? આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનો અનુભવ, એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા. એ અનુભવ ઉપાદેય છે એમ કહ્યું. **'બીજાું બધું હેય છે.'** આહાહા..! વ્રતના, તપના, ભક્તિના ભાવ આવે. અશુભથી બચવા જ્ઞાનીને પણ એ ભાવ આવે, પણ એ હેય છે, આદરણીય નથી.

મુમુક્ષુ :– આદરણીય નથી એટલે શું?

ઉત્તર :– એ જીવને શાંતિ અને મોક્ષમાર્ગમાં એ મદદગાર નથી, વિરુદ્ધ છે. એ માટે હેય છે. આદરવાલાયક નથી એટલે? એને અંદર આચરણમાં મેળવવા લાયક નથી. અનુભવમાં વ્યવહારને મેળવવા લાયક નથી. વ્યવહાર રાગ છે, હેય છે. આહાહા..! આવી વાત છે. જેને ધર્મ કરવો છે તેને આ ધર્મ થાય. બાકી બધી વાતું છે. આહાહા..!

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે આત્મા ત્રિકાળી પવિત્રતાનો પિંડ, એને અનુસરીને અનુભવવું થવું, એ એક જ મોક્ષમાર્ગ છે. અને એને સ્વની અપેક્ષાએ અનુભવ છે માટે ઉપાદેય કહ્યો. અને વ્યવહારના જેટલા બોલ ઉત્પન્ન થાય, દેવ-ગુરુ-શાસ્ત્ર તરફનો વિકલ્પ કે સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધાનો વિકલ્પ એ બધા અશુદ્ધ, એ બધો હેય છે. આહાહા..! કલ્યાણ કરવું હોય એને આ માર્ગ છે.

મુમુક્ષુ :– ઉપાદેય અને હેય થયો ક્યારે?

ઉત્તર :– એ ઉપાદેય અંદરમાં થયો ત્યારે રાગ હેય થયો. આહાહા..!

મુમુક્ષુ :– એ પહેલા હેય માને તો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– માને, પણ શી રીતે માને? હેય એટલે? કે આત્મા આનંદસ્વરૂપ છે, એનો અનુભવ તે ઉપાદેય છે એમ થાય ત્યારે રાગ એમાં આવતો નથી માટે હેય છે. ત્યારે હેય છે ને? હેય કરું છું એવું છે ક્યાં? હેય થઈ જાય છે. આહાહા..! બહુ આકરો માર્ગ. અંતર આત્મા આનંદસ્વરૂપ છે. ચૈતન્યસુખ સુખરૂપ. કીધું ને અહીં? હમણા કહેશે. એ આવી ગયું છે. એ સુખરૂપનો અનુભવ (થાય), એ વખતે દુઃખ રાગાદિ વિકલ્પ દુઃખનો અનુભવ નથી. એટલે એના અંતરમાં આચરણ કરતાં રાગનું આચરણ તેમાં આવતું નથી. અથવા રાગ એ જાતનો ઉત્પન્ન થતો નથી. તેને હેય કહેવામાં આવે છે. અને રાગ રહ્યો છે એ પણ આદરણીય નથી. જાણવાલાયક છે પણ આચરવા લાયક નથી. આહાહા..! આવું સ્વરૂપ હવે.

મુમુક્ષુ :– જે આચરવા લાયક ન હોય એને જાણવાનું કામ શું?

ઉત્તર :– વસ્તુ નથી? વસ્તુ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એ પર છે એમ વ્યવહારે જાણે તો ખરો. બાકી પર સંબંધીનું જ્ઞાન એ પોતાનું છે એને જાણે છે એ નિશ્ચય છે. આવું બધું. માર્ગ એવો છે, ભાઈ! આહાહા..!

જ્ઞાનીને રાગ આવે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ હોય, છતાં એનો આદરભાવ નથી. ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર છે. એનું નામ હેય કહેવામાં આવે છે. 'જયસેનાચાર્ય'ની સંસ્કૃત ટીકામાં ત્યાં સુધી કહ્યું, હેય કરવો પડતો નથી, હેય થઈ જાય છે. આ બાજુ જ્યાં ઢળે છે એટલે વ્યવહાર એમાં આવતો નથી તો હેય થઈ જાય છે. આહાહા..! એ આગળ ટીકામાં છે. અહીં નથી. આગળ ટીકામાં છે. 'જયસેનાચાર્ય'ની.

કેવો છે તે આત્મા? **'महः'** છે. એકલું જ્ઞાનમાત્ર તેજ સ્વરૂપ. આ ચૈતન્યના પ્રકાશનો સૂર્ય છે. અંદર આત્મા ચૈતન્યપ્રકાશનો સૂર્ય. **'महः'** ચૈતન્ય તેજ. આહાહા..! એમાં સંસારના રાગ-દ્વેષ અને વ્યવહારના વિકલ્પો છે નહિ. આહાહા..! પરમ છે. **'ઉત્કૃષ્ટ છે.'** ચૈતન્યનું તેજ એ ઉત્કૃષ્ટ તેજ છે. આહાહા..! જેના તેજના માપનું માપ શું? આહાહા..! જેનું જ્ઞાનસત્ત્વ અને જ્ઞાનસ્વરૂપ, એવું જે જ્ઞાનસ્વરૂપ એનું માપ શું? બેહદ છે, ઉત્કૃષ્ટ છે. આહાહા..! ત્રિકાળની વાત છે, હોં!

**'વળી કેવો છે 'महः'?'** એ તેજ. અખંડિત છે. **'ખંડિત નથી–પરિપૂર્ણ છે.'** પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવથી ભરેલો ભગવાન પરિપૂર્ણ છે. તેના ઉપર આશ્રય લેવા જેવું છે. નજર ત્યાં કરવા જેવી છે. નિધાન ત્યાં છે. જ્યાં નિધાન છે ત્યાં નજર જોઈએ. આહાહા..! આવો માર્ગ હવે.

**'ભાવાર્થ આમ છે કે ઇન્દ્રિયજ્ઞાન ખંડિત છે;...'** પાંચ ઇન્દ્રિયથી થતું જ્ઞાન એ ખંડ ખંડ છે. અને તે ખંડ જ્ઞાનરૂપે, ઈન્દ્રિયપણે પર્યાયમાં પરિણમ્યો છે. પાંચ ઇન્દ્રિયના વલણમાં, ઝુકાવમાં પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન તે ખંડ ખંડ એ રૂપે છે. પર્યાયમાં એ રૂપે થયો છે. તોપણ... છે ને? **'જોકે વર્તમાનકાળે તે-રૂપ પરિણમ્યો છે તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે.'** આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનો સ્વભાવ જે ત્રિકાળી છે એ તો અતીન્દ્રિય છે. આહાહા..! આટલા બધા ભેદને સમજવા. ધર્મ એવો સહેલો હતો કે કાંઈ બિચારાને... ઇચ્છામિ પડિક્કમણ કરી એને સામાયિક કરતા, લોગસ્સ કરીને ભગવાનની સ્તુતિ કરતા, કરેમી ભંતે કરીને સામાયિક કરતા. કાંઈ ધૂળેય નહોતું. આહાહા..! અખંડ વસ્તુ જે ચૈતન્યપ્રભુ, ધ્રુવ જે ધ્રુવધામ, તેની નજરું વિના એ નિધાનના આચરણ અને આદરણીય વિના બધો વ્યવહાર-ફ્યવહાર એ બધું પુણ્યબંધનું કારણ છે, સંસારનું કારણ છે. આહાહા..!

**'તોપણ સ્વરૂપ અતીન્દ્રિય જ્ઞાન છે. વળી...'** એકલું જ્ઞાન નથી એમ કહે છે. અનાકુળ છે. **'આકુળતા રહિત છે.'** આહાહા..! આનંદસ્વરૂપ છે. ઘણું જાણવાનો સ્વભાવ માટે એમ કે આકુળતા હોય તો? જેનો સ્વભાવ ઘણો, પૂર્ણ જાણવાનો સ્વભાવ છે. ઘણું જાણવાનો ત્રિકાળી જાણવાનો સ્વભાવ, એમાં આકુળતા છે? એ આકુળતા નથી. એ તો આનંદ છે. આહાહા..! એવો જે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય અને અતીન્દ્રિય આનંદમય, તેનો અનુભવ કરવો એ ધર્મ છે. આહાહા..! તેને જન્મ-મરણના આરા–અંત આવવાનો એ ઉપાય છે. બાકી ચોરાશીના અવતાર કરી કરીને મરી ગયો છે. અને હજી પણ એ જ્યાં સુધી ભ્રમણા, વસ્તુ અખંડ આનંદ છે એનો અનુભવ અને દૃષ્ટિ નહિ કરે ત્યાં સુધી ચોરાશીના અવતારમાં પરિભ્રમણમાં ગોથા ખાવાનો છે. આહાહા..! એ ચીજ જે અંદરમાં છે ભગવાન પ્રભુ! એનો અંતરમાં આદર નહિ કરે અને રાગનો આદર રહેશે... આહાહા..! ત્યાં સુધી સંસાર પરિભ્રમણ છે. એ આનંદસહિત છે.

**'ભાવાર્થ આમ છે કે યદ્યપિ...'** જોકે **'સંસાર-અવસ્થામાં કર્મજનિત સુખદુઃખરૂપ પરિણમે છે...'** પર્યાયમાં, સંસાર દશામાં. સુખ એટલે સંસારી કલ્પના, આમાં સુખ છે એ કલ્પના. અને દુઃખ, દ્વેષભાવ, એ રૂપે જીવ પર્યાયમાં પરિણમે છે, અવસ્થામાં થાય છે. સંસાર અવસ્થામાં. આહાહા..! **'તથાપિ સ્વાભાવિક સુખસ્વરૂપ છે.'** એ અનાકુળતાનો ખુલાસો કર્યો. સ્વાભાવિક સુખ આનંદસ્વરૂપ છે. જેના અતીન્દ્રિયના સ્વાદ આગળ, ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલા તરણા જેવા લાગે, એવું એ આત્માનું સુખસ્વરૂપ છે. આહાહા..! સાંભળવા મળે નહિ, પાપ આડે નવરાશ ન મળે. આહાહા..! દુકાનના ધંધા, બાયડી-છોકરા સાચવવા. એકલા પાપના પોટલા. આહાહા..! ધર્મ તો નહિ પણ ત્યાં તો પુણ્ય પણ નથી. આહાહા..! જેમાં કાંઈક મનુષ્યની કે દેવની ગતિ મળે એના ઠેકાણાં ન મળે. એ તો રચ્યો-પચ્યો. અમારી ફરજ, અમારે કામ બધું. બાયડી, છોકરા, કુટુંબ, ધંધો એ અમારી ફરજ છે અને એ અમારે કરવું જોઈએ.

મુમુક્ષુ :– ... દીકરીયુનું શું કરવું?

ઉત્તર :– કોણ હતી? પણ એની પાસે ક્યાં હતી? એની ક્યાં હતી. એ તો પરદ્રવ્ય છે. દીકરીનો આત્મા, બાયડીનો આત્મા, છોકરાનો આત્મા, દીકરીનું શરીર. એ તો પરવસ્તુ છે. પરવસ્તુને જીવ કરે શું? માને છે ને કે હું બધાને સરખા રાખું, સંભાળ કરું, ઠેકાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાડું. એ મારા દીકરા છે. કે દિ' હતો દીકરો? મારા વળી આત્માને દીકરા કેવા? આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા જ્યાં રાગથી રહિત છે, એને વળી આ બાહ્ય ચીજ એની છે એ તો ભ્રમણા અજ્ઞાનીએ માનીને માન્યતા ઊભી કરીને રખડે છે. આહાહા..! એ ઊંધી માન્યતાના ભેખનો ભેખ પહેરી... આહાહા..! ગાંડપણે પાગલ થઈને ચારે બાજુ રખડે છે.

અહીં કહે છે, સંસારમાં એ ભલે સુખ-દુઃખરૂપે પર્યાયમાં પરિણમ્યો હોય. વસ્તુ છે એ સુખરૂપ છે. એ કાલે ત્યાં સુધી આવ્યું હતું. વળી કેવો છે? અંદર રહી ગયું છે. ભાઈ કહે છે. '**अनन्तम्**' પદનો અર્થ કરવો રહી ગયો છે. નીચે લખ્યું છે. અનંત છે. આહાહા..! છે અંદર છે ને. અનંત છે ને? '**ज्वलदनन्तमन्तर्बहि-**' એમ. અનંત છે. આહાહા..! જેના સ્વભાવમાં ભગવાનઆત્મામાં જ્ઞાન અને આનંદ અનંત છે. અનંત એટલે અંત–નાશ થાય એવો નથી અનંત એટલે ગણતરીએ એની શક્તિ અનંત છે. આહાહા..! આવું જે આત્મતત્ત્વ અંદર બિરાજમાન છે, એનો આશ્રય લેવો, એનું નામ ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. બાકી બધા થોથા છે. આહાહા..!

**'અંદર બહાર પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે.'** પરિણમ્યો એટલે? વસ્તુ છે એમ. અંતરમાં અને બાહ્યમાં, ધ્રુવમાં અને બાહ્યમાં દશામાં એ વસ્તુ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. બસ એટલું. એમાં કાંઈ બીજું છે નહિ. આહાહા..! **'અંદર બહાર પ્રકાશરૂપ પરિણમી રહ્યો છે. ભાવાર્થ આમ છે કે જીવવસ્તુ અસંખ્યાતપ્રદેશી છે.'** ભગવાનઆત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે. જેમ સોનાની સાંકળીમાં હજાર મકોડા હોય. પાંચસો કે હજાર મકોડા એ આખી સાંકળી. એમ આત્મા અસંખ્ય પ્રદેશી એટલે આખો આત્મા. એ મકોડો એ પ્રદેશ છે. એક-એક પ્રદેશમાં અનંતા ગુણો છે. એ અસંખ્ય પ્રદેશે અનંતાગુણો વ્યાપેલા છે. એ એનો દેશ છે. આત્માનો અસંખ્યપ્રદેશ તે દેશ છે. અને એ દેશમાં અનંતાગુણો વ્યાપી રહેલા છે. આહાહા..!

**'અસંખ્યાતપ્રદેશી છે. જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે,...'** એકસરખો રહ્યો છે. જ્ઞાન અસંખ્ય પ્રદેશમાં એકરૂપ જ્ઞાન છે, બસ. કોઈ પ્રદેશમાં હીણું અને કોઈ પ્રદેશે અધિક, એમ નથી. આહાહા..! આ ધર્મનો આવો ઉપદેશ, લ્યો. કાંઈ ખબર ક્યાં છે બિચારાને? એમ ને એમ ચાર ગતિમાં રખડી, રઝળી રહ્યા છે. આહાહા..! આત્મા અંદર વસ્તુ પરમેશ્વર, જિનેશ્વરદેવ, કેવળજ્ઞાની પરમાત્માએ જે કહ્યો, જોયો એ આત્મા આવો છે. આહાહા..!

**'જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે, કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી.'** આહાહા..! અસંખ્ય પ્રદેશે એક પ્રદેશમાં અનંતગુણનો અંશ છે. આખો ગુણ એક પ્રદેશમાં નથી. આખો ગુણ અસંખ્ય પ્રદેશમાં છે. એવા અનંતાગુણો અસંખ્ય પ્રદેશમાં તીરછા એટલે આમ વર્તમાન અક્રમે એકસાથે રહેલા છે. આહાહા..! હજી તો આત્મા કોને કહેવો અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મ. આહાહા..! એનાથી ભવના અંત આવે. બાકી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભવ કરી કરીને મરી ગયો છે. કાગડાના, કૂતરાના, નરકના... આહાહા..! કુયોનિમાં. યોનિ એટલે ઊપજવાના કુસ્થાનો. આહાહા..! વિષ્ટામાં કીડાપણે અનંતવાર ઉપજ્યો. આહાહા..! કાગડા, કૂતરા, મચ્છર, ડાંસ... એવા અવતાર એણે અનંત અનંત કર્યા. એ આ આત્માનું આવું જ્યાં સુધી ભાન નહિ કરે (ત્યાં સુધી) એ રખડવાનો છે. ચોરાશીમાં રખડીને હેરાન-હેરાન છે, દુઃખી છે બિચારો. આહાહા..!

**'અસંખ્યાતપ્રદેશી છે. જ્ઞાનગુણ બધા પ્રદેશોમાં એકસરખો પરિણમી રહ્યો છે. કોઈ પ્રદેશમાં ઘટ-વધ નથી. વળી કેવો છે? સહજં સ્વયંસિદ્ધ છે.'** એ તો સ્વયંસિદ્ધ છે. એનો કોઈ કર્તા નથી. કોઈ ઈશ્વર છે એણે આત્મા કર્યો છે (એમ નથી). એ સ્વયંસિદ્ધ અનાદિ અસંખ્યપ્રદેશી અનંતગુણનો પિંડ એ અનાદિ સત્ સ્વયંસિદ્ધ વસ્તુ છે. સ્વયં એટલે પોતાથી તે છે. એનો કોઈ કર્તા ઈશ્વર છે, કે ભાઈ! ફલાણાનો આ કર્તા અને ફલાણાનો આ કર્તા. ચીજ સ્વયંસિદ્ધ છે તેને કરે કોણ? અને કરે એ તો નવી અવસ્થા હોય. એ કોઈ ચીજ ન હોય. એ અવસ્થા નવી હોય એ તો કર્તા જે દ્રવ્ય છે એ અવસ્થા કરે. આહાહા..!

**'વળી કેવો છે?' 'उद्विलासं' 'પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે.'** એના ગુણના ભેદે ધારાપ્રવાહરૂપે ભેદરૂપ અંદર છે. ત્રિકાળ. આહાહા..! ગુણી એવું જે તત્ત્વ ભગવાન! ગુણી તો અનાજ ભર્યું હોય એને ગુણી કહેવાય છે. એ ગુણીમાં દાણા–ચોખા ભર્યા હોય છે. પણ એ ચોખા જુદા અને ગુણી જુદી. એ કોથળો જુદો. આ તો ગુણી પોતે એમાં અનંત ગુણ અને અનંતગુણનું રૂપ તે ગુણી. આહાહા..! ગુણી એટલે દ્રવ્ય વસ્તુ અને આ જ્ઞાન-દર્શન-આનંદ એ એના ગુણ છે. એ ધારાપ્રવાહરૂપે રહ્યા છે. આહાહા..!

**'यत्** (**महः**) **सकलकालम् एकरसम् आलम्बते' 'महः'** શબ્દ બધે ઠેકાણે ગોઠવ્યો છે. બીજી લીટીનો પહેલો શબ્દ. **'सकलकालम् एकरसम् आलम्बते' 'જે જ્ઞાનપુંજ...'** પ્રભુ! આ જ્ઞાનપુંજ પ્રભુ છે. આ શાસ્ત્રનું જાણવું કે વકીલાતનું કે ડોક્ટરનું કે વેપારી-ધંધાનું જાણવું. એ કાંઈ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન દશામાં છે. આહાહા..! અંદર વસ્તુ છે એ તો જ્ઞાનનો પુંજ છે, જ્ઞાનનો ઢગલો છે. આહાહા..! સમજાણું કાંઈ? **'(सकलकालम्) ત્રણે કાળ...'** આહાહા..! **'એકરસને અર્થાત્ ચેતનાસ્વરૂપને આધારભૂત છે.'** એ ભગવાનઆત્મા તો ચેતનારૂપ જે એકરૂપ એને આધારભૂત ત્રિકાળ છે. આહાહા..! આવો આત્મા, એને ઓળખીને એની પ્રતીત કરવી એનું નામ હજી ધર્મની, સમ્યગ્દર્શનની શરૂઆત કહેવામાં આવે છે. અને એ સમ્યગ્દર્શનમાં, પ્રતીતમાં એ વસ્તુ ન આવે, ત્યાં સુધીના એના કરેલા બધા વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન બધા ચાર ગતિમાં રખડવાના (ભાવ) છે. આહાહા..! સમજાણું કાંઈ? **'सकलकालम् एकरसम् आलम्बते'** આહાહા..! **'જ્ઞાનપુંજ...'** એક ચેતનાસ્વરૂપને આધારભૂત ત્રિકાળી વસ્તુ. આહાહા..!

**'કેવો છે એકરસ?'** ઓલામાં જે છે ને? **'उद्विलासं'** સંસ્કૃતમાં એનો અર્થ અહીં બીજો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યો. '**उद्ध**' સિદ્ધ ભગવાન લીધા છે. '**उद्ध**', '**उद्ध**'માં બિરાજે છે. સિદ્ધ ભગવાન '**उद्ध**' એ સુખને અનુભવે છે. '**उद्ध**' સિદ્ધ ભગવાન વિલાસ સુખને અનુભવે છે. એ '**उद्विलासं**' એવો અર્થ કર્યો છે. આહાહા..! સંસ્કૃતમાં. છે ને આ? '**उद्विलासं**' '**પોતાના ગુણ-પર્યાયે ધારાપ્રવાહરૂપ પરિણમે છે.**' એનો અર્થ સંસ્કૃતમાં એવો કર્યો છે. '**उद्ध**' એટલે સિદ્ધ ભગવાન ઊર્ધ્વ. અને તે વિલાસ સુખનો વિલાસ કરે છે. સિદ્ધ ભગવાન તો અતીન્દ્રિય આનંદને અનુભવે છે. આહાહા..!

સિદ્ધ ભગવાન ત્યાં શું કરતા હશે? કોઈને કાંઈ મદદ કરે કે નહિ? મોટા થયા. કોઈના કામ કરી દે કે નહિ કાંઈ? એની ભક્તિ કરે તો કાંઈ આપે નહિ? આહાહા..! એ તો પૂર્ણાનંદનો નાથ, એકલો અતીન્દ્રિય આનંદનો અનુભવ, એનો સિદ્ધમાં સ્વાદ લે છે. ઊર્ધ્વમાં ભગવાન બિરાજે છે. આ પણ ઊર્ધ્વ એટલે વર્તમાન રાગથી ભિન્ન પડેલો ભગવાન અંતર આનંદના વિલાસસ્વરૂપ છે. આહાહા..! હવે આ ગોતવા જાય છે ધૂળમાં, પૈસામાં, બાયડીમાં, છોકરામાં, કુટુંબમાં, આબરૂમાં. મૂર્ખાઈનો પાર નથી.

મુમુક્ષુ :– આ દુનિયા માને એવી જ ક્યાં છે?

ઉત્તર :– દુનિયા મૂર્ખાઈથી ભરેલી... આહાહા..! પાગલ છે પાગલ. આહાહા..! પૈસા પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ. જુઓ! ઓલા ભાઈ પાસે ચાલીસ કરોડ. હમણા 'શાહુજી શાંતિપ્રસાદ' શેઠ આવ્યા હતા ને? ચાલીસ કરોડ. ધૂળમાં પણ સુખ નથી, એ બધું દુઃખ છે. આહાહા..! ધૂળના પૈસા એ મારા, એ તો અજીવ જડ ધૂળ છે. ભગવાન તો ચૈતન્ય અરૂપી એનાથી ભિન્ન ચીજ છે. એ પૈસા મારા એ જ એની અંદર મોકાણ માંડી છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન શાંતરસનો જલ્પ કંદ, પ્રભુ! એમાં પરવસ્તુ મારી એ મોટું પાપ. મોટું પાપ વહોર્યું છે. છતાં કાંઈ પરવસ્તુ એની થતી નથી. એ તો એને કારણે આવે, એને કારણે રહે અને પૂરું થાય એટલે ચાલ્યા જાય. આહાહા..! લ્યો. આ કરોડપતિ છે આ. 'વાડીભાઈ' 'વાડીલાલ કાનજી પાનાચંદ'. એ પહેલા 'કલકત્તા' ગયા હતા ત્યારે એના ઘરે ગયા હતા. ત્યારે 'કાનજીભાઈ' હતા. 'કાનજી પાનાચંદ'. ગામડાના. 'રાજકોટ' પાસે કયું ગામ? ગામડાના.

મુમુક્ષુ :– લખુઅદાના ભાઈ.

ઉત્તર :– હા. 'લખુભાઈ'. પણ ગામડાના હતા. ત્યાં આપણે ૧૯૯૦ની સાલમાં આવતા. ૧૯૯૦ની સાલમાં 'રાજકોટ' ચોમાસુ હતું ને. ત્યાં 'કાનજીભાઈ' વ્યાખ્યાનમાં કાયમ આવતા. પછી 'કાનજીભાઈ'ના દીકરા 'વાડીભાઈ' હતા. એને પ્રેમ અહીં ખરો. કરોડપતિ છે. ત્યાં 'કલકત્તા'માં સ્થાનકવાસીમાં અગ્રેસર. પ્રેમ અહીં આવે. પણ છતાં ઓલું મુકાય નહિ. સંપ્રદાયનું અગ્રેસરપણું છૂટે નહિ.

મુમુક્ષુ :– સંપ્રદાયના શેઠિયા કેમ આવે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ધૂળના શેઠિયા. આહાહા..! વાડાનો સંપ્રદાય છોડવો... આમ પ્રેમ હતો. 'કલકત્તા' જઈએ દરરોજ આવે, કાયમ આવે. 'રાજકોટ' હોય તો આવે.

મુમુક્ષુ :– મહારાજ પધારે તો પૈસા વધે.

ઉત્તર :– આહાહા..! જગતની એવી ભ્રમણાઓ છે. લક્ષ્મી તો અહીં અંદર પડી છે. અનંત આનંદ અને જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી લક્ષ્મીનો ભંડાર આત્મા અંદર છે. એ ભંડારને કોઈ દિ' ખોલતો નથી. રાગ અને વિકારને ખોલે છે. આહાહા..!

ભગવાન! **'ત્રણે કાળ એકરસને અર્થાત્ ચેતનાસ્વરૂપને આધારભૂત છે.'** એ તો. એ રાગનો, પુણ્યનો, વ્યવહારનો આધાર આત્મા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ ચેતના જે સ્વભાવ કાયમ, એનો આધાર આત્મા છે. આહાહા..! એમાં દયા, દાન અને વ્રત પરિણામ ઉત્પન્ન થાય એનો આધાર આત્મા નથી. અને પાપના પરિણામ આ રળવાના, ભોગના, બાયડી, છોકરા સાચવવા એ તો એકલા પાપ છે. એનો આધાર કાંઈ આત્મા નથી. એ તો અધ્ધરથી ઉત્પન્ન થયેલા વિકારી દુઃખરૂપ ભાવો છે. આહાહા..! સમજાણું કાંઈ? એકરસ.

**'(ચિત્) જ્ઞાન-પરિણમનથી ભરિતાવસ્થ છે.'** અવસ્થાનો શબ્દ અહીં ન લેવો. એ આત્મા જ્ઞાનથી ભરિત અવસ્થ. નિશ્ચય સ્થ. જ્ઞાનમાં સ્થપણે આત્મા છે. જ્ઞાનમાં એનું રહેવાપણું છે. એ જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ એમાં એ રહેવાપણું છે. આહાહા..! જ્ઞાનનો આધાર આત્મા અને આત્મા જ્ઞાનમાં રહેલો છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનથી ભરિત અવસ્થ છે. અવસ્થ છે. અવસ્થા નહિ, હોં! અ–નિશ્ચય સ્થ. અંદર જ્ઞાન અને આનંદથી ભરપૂર ભરેલો સ્વભાવ એનો છે. અરે..! ક્યાં જોવે? કોઈ દિ' સામું જોવાની નજરેય ન મળે. આત્મા સામું જોવાનું સાંભળવા મળે નહિ. આહાહા..! એવો જે અંદર ભગવાનઆત્મા જિનેશ્વરદેવ કેવળી પરમાત્મા, એણે કહ્યો, એણે ફરમાવ્યો, કે ભગવાન! તું તો ભરિત અવસ્થ છો. જે જ્ઞાનસ્વભાવ છે એનો આધાર તું અને તું છો એ ભરિતઅવસ્થ, જ્ઞાનથી ભરેલો છો ને. આહાહા..!

એક સમયની અવસ્થા છે એ અહીં ન લીધી. પુણ્ય-પાપના ભાવ તો એમાં નથી. એનો આત્મા આધાર પણ નથી. એને આધારે થતા પણ નથી. આહાહા..! એ તો ભગવાન ચેતના સ્વભાવ તેનો આધાર અને એ આધાર વસ્તુ રહેલી છે જ્ઞાનસ્વભાવમાં. આહાહા..! જુઓ! વીતરાગનો આવો ઉપદેશ છે. આ ઓલા તો કહે, દયા પાળો, વ્રત કરો, મંદિર બનાવો, પૂજા કરો, ભક્તિ કરો. ત્યાં ધૂળમાં પણ ધર્મ નથી. ધૂળમાં એટલે કે ત્યાં પુણ્ય પણ સરખા નથી. આહાહા..! સમ્યગ્દષ્ટિને જે પુણ્ય બંધાય એવું પુણ્ય એને હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાન-પરિણમનથી (નિર્ભરં)'** લ્યો. ભર-ભર. આ જેમ ભર નથી આ? ગાડું નથી? ઘાસનું ભર. ભર તો છે પણ આ તો નિર્ભર. નિર્ભર. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ. આ ભર નથી કહેતા?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘાસનું ભર છે. આ રાડાનું ભર છે. મોટું ગાડું ૨૫ મણનું ભરેલું હોય. આ ભર તો છે પણ આ તો નિર્ભર. આહાહા..! ભગવાનઆત્મા પ્રભુ! તારી કિંમત તેં કરી નથી. તારી ચીજની તેં કિંમત કોઈ દિ' કરી નથી. અને ત્યાં સુધી એનું રઝળવું મટશે નહિ. આહાહા..! એ માણસ મરીને ઢોર થાય, ઢોર મરીને નરકમાં જાય. નારકી મરીને કીડા, કાગડા, કૂતરા થાય. આહાહા..! એવા અનંતા ભવ કરી કરીને દુઃખની ઘાણીમાં પીલાઈ રહ્યો છે. પણ વિચારનો અવસર ન મળે. મારું શું થશે? હું અહીંથી ક્યાં જઈશ? આહાહા..! કેમકે અહીં તો દેહમાં રહેવાનો કાળ તો થોડો છે. ૨૫, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦ વર્ષ. કેટલા હોય? આ 'રામજીભાઈ'ને વળી ૯૫ વર્ષ થયા. કહો, સમજાણું કાંઈ? એ તો એની મુદ્દત છે એટલો રહેશે. આત્મા છે એટલો કાળ શરીર નથી અને શરીરની સ્થિતિ છે તેટલો આત્મા નથી. આત્મા તો અનાદિ-અનંત છે. અનાદિનો છે, અનંતકાળ રહેશે. આહાહા..! શરીરનો સંયોગ થઈને વિયોગ થાય, આત્માને કોઈ ગુણનો વિયોગ થઈને સંયોગ થાય? હા. એને નવી પર્યાયનો સંયોગ થાય એમ કહેવામાં આવે. એની નિર્મળ પર્યાય. આહાહા..! 'પંચાસ્તિકાય'માં છે ને એ. શું કીધું એ?

જે આત્મા વસ્તુ છે એ તો અનાદિ-અનંત સ્વયંસિદ્ધ વસ્તુ, એમાં શક્તિઓ જે ગુણ છે એ પણ અનાદિઅનંત સ્વયંસિદ્ધ છે. હવે અહીં તો કહે છે, કે એ ગુણ જે છે એનો આધાર તે આત્મા અને એ આત્મા એ ગુણમાં ભરિતઅવસ્થ રહેલો છે. આહાહા..! હવે એને જે ધર્મની નિર્મળપર્યાય થાય, એ પર્યાયને પણ વસ્તુની અપેક્ષાએ સંયોગ થયો કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? એમ પુણ્ય-પાપના ભાવ થાય એ પણ એક સંયોગીભાવ છે. આ તો નિર્મળપર્યાય થાય તેને પણ સંયોગભાવ કહેવામાં આવે છે. આહાહા..! અને આ પુણ્ય-પાપના ભાવ તો સંયોગીભાવ છે. એ તો એને સંયોગીભાવ જ કહ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..! એમ આ શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, ધંધો એને તો કાંઈ સંબંધ ન મળે. ક્યાંય રખડતા એ આવ્યા અને ક્યાંય રખડતો તું (જઈશ), કાંઈ મેળ ન મળે. આહાહા..!

એકવાર મને પૂછ્યું હતું. (સંવત) ૧૯૮૭ની સાલનું ચોમાસુ 'અમરેલી'માં હતું. ૧૯૮૬-૮૬. ૬૬ નહિ ૮૬. પછી ત્યાંથી ઉઠીને 'ચીત્તલ' ગયા. ત્યારે અમારા 'આણંદજી' ત્યાં આવ્યો હતો. 'મનસુખ'નું સગપણ કરવા. અમારે 'કુંવરજીભાઈ'નો દીકરો 'મનસુખ'. ૧૯૮૭ની સાલની વાત છે. કારતક વદ ૧. એ 'આણંદજી' સગપણ કરવા આવ્યો હતો. મને પૂછ્યું કે આ બધું મેળ શી રીતે ખાય છે? ક્યાં 'પાલેજ'નો 'ઉમરાળા'નો છોકરો અને ક્યાં 'ચીત્તલ'ની છોકરી! આ ૧૯૮૭ની સાલની કારતક વદ ૧ની વાત છે. ચોમાસું ૧૯૮૬માં 'અમરેલી'માં પૂરું થયું ને? એટલે ચાર ગાઉ વિહાર કરીને ગયા. ત્યાં આ ભાઈ આવ્યો હતો. આહાહા..! મેં કીધું એક છોડી આવે ક્યાંક કીડામાંથી, ધણી આવે ક્યાંક થોરમાંથી. આહાહા..! 'ચીત્તલ'ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વાત છે. અમારો 'મનસુખ' છે ને 'મનસુખ'? 'કુંવરજીભાઈ'નો. તે દિ' એનું સગપણ કર્યું. ૧૯૮૭ની સાલ. લગન તો ૧૯૯૨ની સાલમાં થયા. તે દિ' એણે આ પૂછ્યું હતું, કે આ મારો મેળ ક્યાં 'ઉમરાળા'નો અને ક્યાં 'પાલેજ' અને ક્યાં 'ચીત્તલ'ની! કીધું એ તો જગતના એવા છે... એક આવે થોરમાંથી અને એક આવે કીડામાંથી. બેને પોતાની યોગ્યતા પ્રમાણે મેળ ખાઈ જાય. પાછા એક મરીને ક્યાંક જાય અને એક મરીને ક્યાંક જાય. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાનઆત્મા જે વસ્તુ છે, એના ગુણોનો આધાર તો એ છે. અને એ વસ્તુ છે એ ગુણમાં અવસ્થ–નિશ્ચય રહેલી છે. આહાહા..! રાગ અને દયા, દાનના વિકલ્પમાં એ આત્મા રહ્યો નથી. તેમ રાગનો આધાર તે આત્માના ગુણ અને આત્મા નથી. એ તો અદ્ધરથી નવા વિકલ્પ ઉત્પન્ન કરે માળો. આહાહા..! સમજાણું કાંઈ? **'વળી કેવો છે એકરસ?' 'लवणखिल्यलीलायितम्'** જેમ **'ક્ષારરસની કાંકરીની પરિણતિ...'** મીઠું-મીઠું. ક્ષારરસથી ભરેલું હોયને? નમક-નમક. એ નમકનો ગાંગડો એકલો ક્ષારરસથી ભરેલો હોય. મીઠાની ગાંગડી–મીઠાની ગાંગડી એકલા ક્ષારરસથી ભરેલી છે. ક્ષારરસ અને ગાંગડી કાંઈ જુદી નથી. આહાહા..! છે?

**'ક્ષારરસની કાંકરી...'** કાંકરી એટલે ગાંગડી. મીઠાની આવડી મોટી ગાંગડી હોય ને. એ એકલી ક્ષારરસથી ભરેલી છે. એ ક્ષારરસનો આધાર ગાંગડી અને ગાંગડી ક્ષારરસથી ભરેલી. આહાહા..! એવો ભગવાનઆત્મા, જેમ એ મીઠાની ગાંગડી ક્ષારરસથી ભરેલી છે. આહા..! **'પરિણતિ સમાન જેનો સ્વભાવ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે લવણની કાંકરી સર્વાંગેય ક્ષાર છે...'** લવણની ગાંગડી–કાંકરી એકલા ક્ષારરસથી ભરેલી છે. એ તો દૃષ્ટાંત છે. **'તેવી રીતે ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે.'** આહાહા..! ભગવાનઆત્મા ચેતનદ્રવ્ય, ચેતનરસરૂપ છે. છે? ચેતનદ્રવ્ય. આત્મા ચેતનવસ્તુ એ સર્વાંગે ચેતન છે. એનો સ્વભાવ આખો સર્વાંગે ચેતન છે. મીઠાની ગાંગડી સર્વાંગે–ચારે બાજુથી ક્ષારરસથી ભરેલી છે. એમ ભગવાનઆત્મા ચેતનદ્રવ્ય વસ્તુ ચેતનથી ભરેલી સર્વાંગે છે. આહાહા..! આવો આત્મા છે સાંભળ્યું ન હોય. અને ધર્મ થઈ એને... સવારમાં એકવાર દેરાસર દર્શન કરવા આવે, ઓલો સવારમાં એક સામાયિક કરી લે. ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... દાતણ કર્યા પછી ભગવાન ણમો અરિહંતાણં ભગવાન... આહાહા..! આ દુનિયાના અવતાર એકલા મજૂરીના છે. વિકારના રાગની મજુરીના છે. અને એના ફળ તરીકે પાછા જવાના કીડે, કાગડે અને કૂતરે અવતરવાના. આહાહા..!

ભગવાનઆત્મા કોણ છે એની એને ખબર નથી. હું બહાર નીકળીને બહારચલ્લો કેમ થાવ છું? અને અંતર વસ્તુ કેમ છે એની એને ખબર નથી. આહાહા..! એ જ્ઞાનરસથી ભરેલું ચેતનદ્રવ્ય. જેમ એક ખારાશથી ભરેલી મીઠાની ગાંગડી, એમ ભગવાનઆત્મા એકલો ચેતનદ્રવ્ય વસ્તુ, એ ચેતનસ્વભાવથી ભરેલો છે. આહાહા..! એમાં આ બધા પુણ્ય અને

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પાપના ભાવ ઊભા કરવા એ વિકારી, મલિન, દુઃખરૂપ, મારા એ ભ્રમણા મિથ્યા છે. આહાહા..!

**'ચેતનદ્રવ્ય સર્વાંગેય ચેતન છે.'** આહાહા..! અસંખ્યપ્રદેશે ચેતનદ્રવ્ય. દેશ-ક્ષેત્ર એનો અસંખ્ય પ્રદેશ. અને દ્રવ્ય તે ચેતનદ્રવ્ય વસ્તુ, અને એનો ભાવ એ ચેતન એનો ભાવ. એ સર્વાંગે ચેતનભાવથી ભરેલો ભાવવાન છે. ભાવવાન એવું ચેતનદ્રવ્ય એ ચેતનના ભાવથી ભરેલું પૂર્ણ છે. આહાહા..! એવા ચેતનથી ભરેલા ભગવાન ઉપર નજર કરવી અને તેને દૃષ્ટિમાં લઈને એનો વિશ્વાસપણે અનુભવવું... આહાહા..! એનું નામ ધર્મ છે. બાકી બધી વાતું છે. આહાહા..! કહો, 'કાંતિભાઈ'! એ ૧૪મો શ્લોક થયો. પોણો કલાક ચાલ્યો. કેટલું યાદ રહે? તદ્દન નવું લાગે. આહાહા..! એમાં આખો દિ' ધંધામાં, પાપમાં મશગુલ હોય, એને આ શું કહે છે? ક્યાં જશે? શું કહે છે આ? કોની વાત કરે છે આ? આત્માની? આત્મા તો કાંઈ એવો લાગતો નથી. આત્મા તો આ રાગ કરે, પુણ્ય કરે, પાપ કરે, ખાઈ પીવે, કોકની હિંસા કરે, કોકને મારે, ક્રોધ કરે કાં દયા પાળે. એવો તો આત્મા દેખાય છે. અરે..! એ તો તારી માનેલી કલ્પના છે, બાપુ! આહા..! એવો આત્મા છે નહિ. આહાહા..! એ તો ચેતનદ્રવ્ય છે અને ચેતનસ્વભાવથી ભરેલો છે, એમ કહ્યું. આહાહા..!

ખારના રસથી ભરેલી મીઠાની ગાંગડીમાં એકલો ક્ષારરસ–ક્ષારરસ ખારો રસ. એમ ભગવાન ચેતનપદાર્થ, પ્રભુ! એનું ચેતન... ચેતન... ચેતન... ચેતનસ્વભાવથી સર્વાંગે ભરેલો છે. આહાહા..! એવા ચેતનના દ્રવ્યની સમ્યગ્દર્શનની દૃષ્ટિ ત્યાં કરવી. આહાહા..! એ સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત. એ પૂર્ણાનંદના નાથને દૃષ્ટિમાં લઈને... ક્ષારરસથી ભરેલી ગાંગડી એમ જ્ઞાનરસથી ભરેલો ભગવાન, એ ધ્રુવનું ધ્યેય બનાવીને ધ્યાનમાં સમકિત પ્રગટ કરવું. આહાહા..! એનું નામ ધર્મ છે. બાકી બધો અધર્મ છે. કારણ કે એના સ્વભાવમાં નથી. અધ્ધરથી ઊભા કરેલા સંયોગીભાવ છે. પુણ્ય અને પાપના ભાવ સંયોગી છે. આહાહા..! એ ૧૪મો કળશ થયો.

(અનુષ્ટુપ)

एष ज्ञानधनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।
साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'सिद्धिमभीप्सुभिः एषः आत्मा नित्यम् समुपास्यताम्' (सिद्धिम्) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને (अभीप्सुभिः) ઉપાદેયપણે અનુભવનારા જીવોએ (एषः आत्मा) આ આત્માને અર્થાત્ ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને (नित्यम्) સદા કાળ (समुपास्यताम्) અનુભવવો. કેવો છે આત્મા ? 'ज्ञानघनः' (ज्ञान) સ્વ-પરગ્રાહકશક્તિનો (घनः) પુંજ છે. વળી કેવો છે ? 'एकः' સમસ્ત વિકલ્પ રહિત છે. વળી કેવો છે ? 'साध्यसाधकभावेन**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**द्विधा' (साध्य) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ, (साधक) મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ–(भावेन) એવી જે બે અવસ્થા, તેમના ભેદથી (द्विधा) બે પ્રકારનો છે. ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે, તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી, માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ. ૧૫.**

---

૧૫મો કળશ.

**एष ज्ञानधनो नित्यमात्मा सिद्धिमभीप्सुभिः।**
**साध्यसाधकभावेन द्विधैकः समुपास्यताम्।।१५।।**

'**सिद्धिमभीप्सुभिः एषः आत्मा नित्यम् समुपास्यताम्**' '**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ...**' સિદ્ધિ એટલે એ. પૂર્ણ કર્મનો ક્ષય થઈને પરમાત્મદશા, સિદ્ધદશા થાય. ણમો સિદ્ધાણં. એ પૂર્ણ કર્મક્ષય થઈને જે સિદ્ધપદ થાય તે સિદ્ધિ કહેવાય. '**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને ઉપાદેયપણે અનુભવનારા જીવોએ...**' આહાહા..! '**अभीप्सुभिः**' '**સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને ઉપાદેયપણે...**' એટલે એ અનુભવવા લાયક છે અને એમાં પૂર્ણ પ્રાપ્તિ કરવાલાયક છે. એવું '**ઉપાદેયપણે અનુભવનારા જીવોએ...**' વર્તમાનમાં આનંદને અનુભવનારા જીવો, એ મોક્ષને પામવા માટે પૂર્ણ કર્મક્ષયના નાશને માટે તે ઉપાય છે. આહાહા..! એ ઉપાદેયપણે અનુભવનારા, મોક્ષને ઉપાદેયપણે અનુભવનારા. પૂર્ણ કર્મ ક્ષય થઈને જે કેવળજ્ઞાન મોક્ષ સિદ્ધપદ થાય, એને ઉપાદેયપણે અનુભવનારા. આહાહા..! એને ઉપાદેયપણે ક્યારે અનુભવે? કે આત્મા આનંદસ્વરૂપ છે તેને આનંદનો અનુભવ કરે, એને મોક્ષનું ઉપાદેયપણું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેને આ ચૈતન્યદ્રવ્ય, ચૈતન્યથી ભરેલો ભગવાન, એને ધ્યેય બનાવીને જે અનુભવ કરે, એ અનુભવી જીવ મોક્ષને ઉપાય તરીકે જાણે છે. કારણ કે વર્તમાનમાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ છે, એ મોક્ષને ઉપાદેય તરીકે જાણે. પૂર્ણ આનંદની પ્રાપ્તિનું સાધ્ય તેને એ છે. ધ્યેય છે ભગવાનઆત્મા. સાધ્ય છે કર્મક્ષયલક્ષણ આત્મલાભ થાય એવો મોક્ષ. આત્મલાભ એ કહેવાય છે. આ દિવાળી ઉપર ધૂળનો લાભ લખે છે ને? લાભ સવાયા. બારણા ઉપર લખે ને. ધૂળમાં પણ કાંઈ નથી. આહાહા..! આત્મલાભરૂપી મોક્ષ. એટલે આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ, તેની પૂર્ણ પ્રાપ્તિરૂપી આત્મલાભ, એનું નામ મોક્ષ, એવા મોક્ષને ઉપાદેયપણે અનુભવનારા. આહાહા..! એટલે કે જેને આત્મદ્રવ્યનો અનુભવ થઈને એવા મોક્ષના ઉપાયને મોક્ષને ઉપાદેય તરીકે અનુભવે છે. આહાહા..! વ્યવહાર, દયા, દાનના ભાવને પણ જે કાંઈ અનુભવતા નથી. આહાહા..! આવે છે તેને એ જાણવાલાયક ગણીને, મોક્ષ તે ઉપાદેયપણે છે એમ અનુભવ કરનાર. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અનુભવનારા જીવોએ ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને...'** આહા..! જુઓ! સિદ્ધિમાં લીધું મોક્ષ. પણ સદા કાળ અનુભવવો કોને? કે પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને. આહાહા..! ચૈતન્ય ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો, પ્રભુ! અતીન્દ્રિય. એને અનુભવનારો. ધ્યેય તે ચૈતનદ્રવ્ય છે અને મોક્ષ તેને ઉપાદેય તરીકે અનુભવમાં આનંદ આવ્યો છે અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ માટે તેનો પ્રયત્ન છે. માટે તે મોક્ષના ભાવને અનુભવવાને કારણે લાયક છે. આહાહા..! એ બીજે ક્યાંક આવ્યું હતું. ક્યાંક આમાં આવી ગયું છે. મોક્ષના અનુભવનારા એટલે વર્તમાન આનંદનો અનુભવ કરે છે. એ મોક્ષના અનુભવનારા છે. ક્યાંક આવ્યું'તું ખરું. ઘણું વાંચન હોય એમાં કયે ઠેકાણે હોય પાછું યાદ રહે કાંઈ?

**'ઉપાદેયપણે અનુભવનારા જીવોએ...'** આ બાજુ ક્યાંક નીચે હતું. **'પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને...'** પોતાના કેમ કહ્યું? **'एषः आत्मा'** એમ કહ્યું છે ને? આ આત્મા. આહાહા..! ભગવાન તીર્થંકર અને કેવળી પણ નહિ. કારણ કે એ તો પરવસ્તુ છે. એના ઉપર લક્ષ જશે તો તો રાગ જ થશે. શુભરાગ પુણ્ય થશે. ધર્મ નહિ થાય. આહાહા..! પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરશે, પંચ પરમેષ્ઠીને ધ્યાનમાં–લક્ષમાં લેશે એને પણ શુભરાગ થશે, ધર્મ નહિ. આહાહા..! **'ઉપાદેય એવા પોતાના શુદ્ધ આત્માને...'** ચૈતનદ્રવ્યને **'સદાકાળ અનુભવવો.'** આહાહા..! મોક્ષને ઉપાદેયપણે અનુભવનારા જીવોએ, **'ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને સદાકાળ...'** એ શું કીધું વળી પાછું? સદા કાળ એમ કીધું. વળી કોઈ કાળે રાગને સેવવો અને કોઈ કાળે આત્માને સેવવો. સમજાણું કાંઈ? એમ નહિ. કોઈ કાળે વળી દયા, દાન, ભક્તિના પરિણામને પણ સેવવા અને કોઈ કાળે આત્માને સેવવો એમ નહિ. એ પુણ્યના પરિણામ આવે ત્યારે પણ સેવવો આત્માને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને સદા કાળ...'** આ નવરાશ કે દિ' મળે તે આ કરવું? તો તો પછી અમારા બાયડી-છોકરાનું શું કરવું? ક્યાં મૂકવા? પાંજરાપોળે? કે દિ' હતા? કોણ રાખે? અને ક્યાં હતા? એ તો પરની ચીજ, જગતની ચીજ છે. એને કારણે આવી, એને કારણે બદલી અને એને કારણે રહી છે. એને કારણે પૂરું થઈને પાછા ચાલ્યા જશે. તારે ને એને સંબંધ શું છે? તું જુદું દ્રવ્ય, એ જુદું તત્ત્વ. આહાહા..! જેમાં એકબીજાનો અત્યંતઅભાવ. એ તત્ત્વમાંથી તારું એ તત્ત્વ આવે ક્યાંથી? ભારે આકરી વાતું. ત્યારે એ તો આ બધું મૂકી દઈ અને બાવો થાય તો થાય. ઓલો પૂછતો હતો. ભાઈ! અત્યારે પણ બાવો જ છે. પર હતા કે દિ'? એ તો માન્યતામાં રાખ્યું છે. પોતે એકલો જ છે. એની સાથે પરને કાંઈ સંબંધ છે નહિ. અત્યારે એમ છે.

મુમુક્ષુ :– શક્તિરૂપે હોય.

ઉત્તર :– શક્તિ શું પર્યાયમાં પણ પરરહિત જ છે. આહાહા..! એની પર્યાયમાં પણ આ પરદ્રવ્યનો તો અભાવ છે. અને એ પરદ્રવ્યમાં તારી પર્યાયનો અભાવ છે. આવો ઉપદેશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લ્યો. આહાહા..! આનું નામ જૈનધર્મનો ઉપદેશ. આહાહા..!

**'સદા કાળ અનુભવવો.'** **'एषः आत्मा नित्यम् समुपास्यताम'** એમ છે. આ આત્મા જે ચેતનદ્રવ્ય, જે ચેતનસ્વભાવથી ભરેલો, એવો આત્મા નિત્ય સેવવો. **'સદા કાળ અનુભવવો.'** આહાહા..! **'समुपास्यताम'** સમ્યક્ પ્રકારે ઉપાસના કરવી, એની સેવા કરવી, અનુભવ કરવો એમ કહે છે. આહાહા..! **'समुपास्यताम'** છે ને? સમ્યક્ પ્રકારે ઉપાસના કરવી. આ ભ્રમણા અજ્ઞાની દેવી, દેવલાની કરે છે ને? ચાર ગતિમાં રખડવા મરી જવાના બિચારા. આહાહા..! આ પર પરમાત્માની સેવા કરવી અને ભક્તિ એ પણ શુભરાગ છે. તો ખોટા દેવ, કુદેવ, દેવી, દેવલા, અંબાજી, શિકોતેર, ફલાણા, ઢીંકણા, ગણેશ. ચોરાશીમાં રખડીને મરી જવાના બધા. આહાહા..! અહીં તો આત્મદેવ પરમાત્મા સાચા અરિહંતદેવ વીતરાગ પરમાત્મા એની પણ સેવા અને ભક્તિ તે શુભરાગ છે કહે છે. એ પુણ્યબંધનું કારણ છે. પાપથી બચવા માટે એ ભાવ આવે. હોય, પણ છે હેય. આહાહા..!

**'કેવો છે આત્મા?'** **'ज्ञानघनः'** ત્યાં માથે લીધું'તું ખરું ને? અહીં પાછું લીધું. એ તો **'સ્વ-પરગ્રાહકશક્તિનો પુંજ છે.'** સ્વ અને પરને જાણવાની શક્તિનો સાગર છે. પરને પોતાનું માનવું એવું એના સ્વરૂપમાં નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો રાગ છે એ એના સ્વરૂપમાં નથી. તેમ તેને એનાથી લાભ થાય એવું માનવું એ સ્વરૂપમાં નથી. એ તો સ્વપરપ્રકાશક ગ્રાહક શક્તિ છે. સ્વને જાણે ને પરને જાણે બસ. રાગ થાય તેને જાણે. આત્મા ચૈતન્ય ત્રિકાળી દ્રવ્ય તેને જાણે. જાણવાનો પુંજ છે. વિશેષ કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ ૬, બુધવાર તા.૨૨.૦૬.૧૯૭૭
## કળશ - ૧૫, પ્રવચન - ૨૨

કળશ-૧૫. ફરીને. **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને ઉપાદેયપણે અનુભવનારા જીવોએ...'** જે જીવને સર્વથા કર્મરહિત એવી જે મોક્ષદશા, એને ઉપાદેયપણે જાણનારા. આહાહા..! કોઈ શરીર, વાણી, મનની ક્રિયા એ ઉપાદેય અને આદરણીય નથી. એ જડ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ થાય એ પણ રાગ છે. એ અચેતન, જડ, અરૂપી અચેતન જડ. આ શરીરની ક્રિયા આદિ રૂપી અચેતન જડ છે. એને નહિ અને અહીંયાં તો જેને પૂર્ણ કર્મરહિત મોક્ષદશા, એ જેને... છે? **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષને ઉપાદેયપણે અનુભવનારા જીવો...'** આહાહા..! જેની વર્તમાન દશામાં ત્રિકાળી ભગવાનઆત્મા જે વસ્તુ છે, એનો આનંદ સ્વભાવ છે, એ આનંદની પર્યાયને વેદે છે, જાણે છે, એ મોક્ષના અનંત સુખને ઉપાદેયપણે જાણે છે. ઝીણું બહુ, ભાઈ! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'અનુભવવો. કેવો છે આત્મા?'** ઉપાદેય એવા પોતાના શુદ્ધ ચૈતન્યદ્રવ્યને... વસ્તુ જે ચૈતન્ય આત્મા ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ, વસ્તુનો સ્વભાવ જે ત્રિકાળ. જેમાં દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો નથી. એ તો વિકાર છે. જેમાં એક સમયની વર્તમાન પ્રગટ પર્યાય વ્યક્ત છે એ પણ જેમાં નથી. આહાહા..! એવું ચેતનદ્રવ્ય... આહાહા..! એને **'સદા કાળ અનુભવવો.'** આહાહા..! ધર્મી તો એને કહીએ... આહાહા..! જૈનધર્મ. જેને ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાનઆત્મા સદાય જેની દૃષ્ટિ તેના ઉપર પડી હોય છે અને તેથી તેના ધ્યેયમાં સદા નિર્વિકલ્પ તત્ત્વ જ હોય છે. એને જ સદાય અનુભવે છે. આહાહા..! છે?

**'સદા કાળ અનુભવવો.'** આહાહા..! ધર્મી એને કહીએ... જૈનધર્મ. ઝીણી વાત બહુ. જે ત્રિકાળી આત્મા દ્રવ્ય વસ્તુ છે એ સદાય અનુભવે. કોઈ સમયે પણ ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિનું ગૌણપણું ન થતાં મુખ્યપણું જેનું ચૈતન્ય વસ્તુ ભગવાનઆત્મા પૂર્ણ સ્વભાવનો પિંડ તેનું જેને મુખ્યપણું સદાય વર્તે. દૃષ્ટિમાં અને અનુભવમાં સદાય તેની મુખ્યતા વર્તે. આહાહા..! આવી વાત હવે. એને સદાય અનુભવવો.

**'કેવો છે આત્મા?' 'જ્ઞાનઘનઃ' જ્ઞાન** એટલે **'સ્વ-પરગ્રાહકશક્તિ...'** એ તો સ્વ અને પરને જાણવાની શક્તિવાળું તત્ત્વ છે. એ કોઈની દયા પાળે, હિંસા કરે કે બીજા પદાર્થને, પોતા સિવાયના પદાર્થને કંઈ કરી શકે, મદદ કરે એવું એનું સ્વરૂપ નથી, કહે છે. કહો, 'દેવજીભાઈ'! આહાહા..! દેશને કે કુટુંબને કે બાયડી-છોકરાને નભાવી શકે એવો એનો સ્વભાવ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– જાણવાની શક્તિ તો છે ને?

ઉત્તર :– જાણવાની શક્તિ છે. સ્વપર જાણવાની શક્તિ છે. એ પરને જાણવું કહેવું એક અપેક્ષિત વાત છે. આહાહા..! વીતરાગમાર્ગ એવો અપૂર્વ છે. અત્યારે તો સંપ્રદાયમાં બધા ગોટા ઉઠ્યા છે અને સાંભળનારને બિચારાને કાંઈ ખબર ન મળે. આહાહા..!

અહીંયાં તો **'સ્વ-પરગ્રાહકશક્તિ...'** હજી તો જ્ઞાનની વ્યાખ્યા કરી. ઘન પછી કહેશે. એ છે જ્ઞાનપુંજ, જ્ઞાનઘન. એટલે કે જ્ઞાન એટલે સ્વપર જાણવાની શક્તિવાળું જ્ઞાન અને ઘન એટલે એ જ્ઞાનનો પુંજ પ્રભુ છે. આહાહા..! જેમ સૂર્ય પ્રકાશનો પુંજ છે. એમ આ દેહમાં પ્રભુ આત્મા એકલો જાણવાની શક્તિનો પુંજ છે. આહાહા..! એવા ચૈતન્યદ્રવ્યને દૃષ્ટિમાં લઈને અનુભવવો એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આહાહા..! છે? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

મુમુક્ષુ :– ... એનો આનંદ ભોગવવો.

ઉત્તર :– એ આનંદ ભોગવવો એ તો કહેવું પણ બાકી આત્માને ભોગવવો એટલે જ આનંદને ભોગવવો. એ તો હમણા આવશે. આત્મામાં દર્શન-જ્ઞાન અને ચારિત્રના ભેદ પાડવા. રાગ તો એકકોર રહ્યો. એ ચીજ તો એનામાં–વસ્તુમાં નથી. દયા, દાન, વ્રત, તપનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ એ તો આત્માના સ્વભાવમાં નથી. પણ આત્માના સ્વભાવમાં જે એકરૂપ છે, એના દર્શન-જ્ઞાન અને ચારિત્ર એમ ત્રણ ભેદ પાડવા... એ હમણા પછી કહેશે, એ પણ મલિનતા છે ને અશુદ્ધતા છે. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ કોઈ આખી દુનિયાથી જુદી જાત છે. આહાહા..!

કહે છે, કે અહીંયાં આત્માને અનુભવવો. દર્શન-જ્ઞાન-ચારિત્રની સેવના કરવી એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? રાગ છે એ વ્યવહાર એ તો અસદ્ભૂત વ્યવહાર, જૂઠો વ્યવહાર બહાર કાઢી નાખ્યો. આહાહા..! અહીંયાં તો એક જ્ઞાન જાણક સ્વભાવ જેનો ત્રિકાળી, એ સ્વપર જાણવાની શક્તિવાળું તત્ત્વ અને એ જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા છે, ઢગલો છે. આહાહા..! એવા આત્માને અનુભવવો. અનુભવની પ્રધાનતા આનંદની છે. અતીન્દ્રિય આનંદનું વેદન આવવું એ અનુભવ. પણ એના અનુભવમાં ધ્યેય કોનું? પૂર્ણ સ્વરૂપ ભગવાનઆત્મા અંદર છે. પરમેશ્વર સર્વજ્ઞ જિનેશ્વરે જોયો એ આત્મા. આહાહા..! એના ઉપર દૃષ્ટિ મૂકીને એને અનુભવવો.

કેવો છે ભગવાન? **'एकः'** છે. **'સમસ્ત વિકલ્પરહિત છે.'** આહાહા..! એ શુભાશુભ રાગ અને પરનું કરવું એ રાગથી તો ભિન્ન છે પણ એમાં જ્ઞાન-દર્શન-ચારિત્રના ત્રણ ભેદ પાડવા, એવા વિકલ્પથી એટલે ભેદથી પણ રહિત છે. આહાહા..! 'દેવજીભાઈ'! આમાં કણબીને ક્યાં આવું સાંભળવાનું મળતું હતું? વાણિયાના ઠેકાણા નથી ત્યાં.. આહાહા..!

આહાહા..! સર્વજ્ઞદેવ પરમેશ્વર સીમંધર ભગવાન તીર્થંકર, તીર્થંકર મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. એમાં 'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકાર પાછા. આહાહા..! એ કહે છે, વસ્તુ તો **'સમસ્ત વિકલ્પ રહિત છે.'** આહાહા..! જે આત્મા એક એટલે શુદ્ધ અને શુદ્ધ એટલે એક. એક એટલે કે અભેદ. આહાહા..! અરે..! આવી વાત હજી સમજવી કઠણ પડે એ કે દિ' કરે?

**'एकः' 'સમસ્ત વિકલ્પ રહિત છે. વળી કેવો છે?' 'साध्यसाधकभावेन द्विधा' 'साध्य'** શું છે? **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ,...'** જેને મોક્ષની અભિલાષા છે, પૂર્ણ આનંદના લાભની જેને અભિલાષા છે. મોક્ષ એટલે પૂર્ણ અતીન્દ્રિય આનંદનો લાભ. આહાહા..! મોક્ષ એટલે અતીન્દ્રિય અનંત પૂર્ણ આનંદનો લાભ, એનું નામ મોક્ષ. એવા મોક્ષની અભિલાષાવાળા જીવે... આહાહા..! **'મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ...'** આહાહા..! એવો જે મોક્ષ પરમાત્મપદ, સિદ્ધપદ. તેનો ઉપાય, તેનું કારણ **'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ–'** આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ તો પાપભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ પુણ્ય. એ બેય વિકાર છે. આહાહા..! એનાથી રહિત શુદ્ધોપયોગ. ત્રિકાળી દ્રવ્યને અંતર અવલંબીને જે પુણ્ય-પાપના વિકલ્પ રાગથી ભિન્ન શુદ્ધોપયોગ પરિણમન થાય તે ધર્મ અને મોક્ષનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? કીધું ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એનું સાધક કોણ? મોક્ષ એટલે સિદ્ધપદ પરમ આનંદની પ્રાપ્તિ. એનું કારણ કોણ? એનું સાધક કોણ? એનો ઉપાય શું?

ઉપાય એ, કે **'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ—'** આહાહા..! શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમ આનંદસ્વરૂપ, એનો શુદ્ધ ઉપયોગથી અનુભવ કરવો. દયા, દાન, વ્રતના પરિણામ એ બધા અશુદ્ધ ઉપયોગ, મલિન ઉપયોગ છે. આહાહા..! આ ભગવાન પવિત્ર પ્રભુ જે પરમેશ્વર– જિનેશ્વર, એણે પ્રગટ કર્યો ને એણે કહ્યો અને એણે જોયો. એવા પરમેશ્વર એમ કહે છે. આહાહા..! જેને મોક્ષની અભિલાષા છે એનો ઉપાય એને માટે તો આત્માનો શુદ્ધોપયોગથી અનુભવ કરવો એ સાચો ઉપાય છે.

મુમુક્ષુ :– શુભ ઉપયોગને કારણરૂપે કાઢી નાખ્યો.

ઉત્તર :– એ શુદ્ધ ઉપયોગ પર્યાય કારણ છે. એક દ્રવ્યની બે અવસ્થા બતાવશે. મોક્ષ પણ આત્માની એક અવસ્થા અને મોક્ષનો માર્ગ પણ એક આત્માની અવસ્થા. આત્મા ત્રિકાળી દ્રવ્ય વસ્તુ, એની બે અવસ્થા, બે હાલત. અપૂર્ણ નિર્મળ દશા શુદ્ધોપયોગ તે સાધક અને પૂર્ણ નિર્મળદશા તે સાધ્ય. આવી વાતું ક્યાંય.. બિચારાને નવરાશ જ ક્યાં છે? દુનિયાના પાપ આડે આખો દિ'... ધર્મ તો ક્યાંય રહ્યો પણ પુણ્યના ઠેકાણા ન મળે. બે-ચાર કલાક સાંભળવું સાચું, હોં! એવું બધું પાપનું ચારે કોરથી સાંભળે છે. દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો. એ તો બધું મિથ્યાત્વનું પોષક છે. રાગની ક્રિયાને ધર્મ માને છે. એ મિથ્યાત્વ મહાપાપ પોષાય છે. આહાહા..!

મુમુક્ષુ :– ક્યું પાપ પોષાય છે?

ઉત્તર :– એ મિથ્યાત્વનું પાપ, જૂઠી દૃષ્ટિનું પાપ, અસત્યનું પાપ. સત્ય છે તેનાથી વિરુદ્ધ અસત્યનું મહાપાપ. આહાહા..!

કહે છે, અહીં તો શુદ્ધ મોક્ષનું કારણ કોણ? કે **'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ...'** ત્રિકાળી ભગવાન ઉપર દૃષ્ટિ આપતા શુદ્ધોપયોગ થાય. એ પુણ્ય અને પાપના પરિણામ તે તો અશુદ્ધ ઉપયોગ છે, મેલ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ મેલ છે. આહાહા..! એથી તો અહીંયાં આગળ વધારે લેશે. **'મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ...'** શુદ્ધોપયોગ શું એ હજી સાંભળ્યું ન હોય. શુદ્ધોપયોગ એટલે શું હશે? અરે..રે..! કહો, 'દેવજીભાઈ'!

અંદર ચૈતન્ય વસ્તુ જે છે, પવિત્ર છે. એનો સ્વભાવ તદ્દન આત્માનો ત્રિકાળી વીતરાગસ્વરૂપ છે. એવા સ્વરૂપને શુદ્ધોપયોગ દ્વારા અનુભવવો. આહાહા..! એવી ત્રિકાળી વસ્તુ છે આત્મપદાર્થ, એની પૂર્ણ નિર્મળ દશા એ એની અવસ્થા તે મોક્ષ. અને તેની અપૂર્ણ શુદ્ધઉપયોગરૂપી સાધક દશા તે મોક્ષનું કારણ. એ પોતે દ્રવ્ય જ બે પર્યાયપણે થાય છે. એને બીજા દ્રવ્યના સહારાની જરૂર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કહેવા માગે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ!

**'મોક્ષનું કારણ શુદ્ધોપયોગલક્ષણ...'** શુદ્ધોપયોગ જેનું લક્ષણ એવો **'શુદ્ધાત્માનુભવ...'** એમ. અરે..! એણે કોઈ દિ' શબ્દ પણ સાંભળ્યા ન હોય. જિંદગી ઢોરની જેમ જાય. આહાહા..! અરે..! વીતરાગમાર્ગમાં પરમેશ્વર વીતરાગદેવ કહે છે, કે શુદ્ધોપયોગ જેનું લક્ષણ એવો શુદ્ધ અનુભવ. શુદ્ધ અનુભવનું લક્ષણ શું? કે શુદ્ધોપયોગ. આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ જે અશુદ્ધ છે એનાથી રહિત. આહાહા..! એવો જે **'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ...'**

**'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ– ભાવેન એવી જે બે અવસ્થા,...'** કઈ બે અવસ્થા? એક આત્મા ત્રિકાળી વસ્તુની મોક્ષ અવસ્થા. મોક્ષ પણ એક અવસ્થા છે, પર્યાય છે. આહાહા..! સિદ્ધપદ પણ આત્માની એક પર્યાય છે, અવસ્થા છે અને આ મોક્ષનો માર્ગ જે શુદ્ધોપયોગ એ પણ આત્માની એક અવસ્થા છે. ઉપયોગ જે સાધક છે તે... શુદ્ધ પૂર્ણ નહિ પણ અપૂર્ણ શુદ્ધોપયોગ તે સાધક છે. અને પૂર્ણશુદ્ધ દશા થઈ જવી તે સાધ્ય છે. ધ્યેય છે આત્મા. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું કરવી. ધ્યેય દૃષ્ટિમાં ત્રાટક ધ્યેય તો દ્રવ્ય છે. એ દ્રવ્યની પૂર્ણ નિર્મળ દશા તે મોક્ષ છે અને તેની શુદ્ધોપયોગ શુદ્ધાત્માનુભવ **'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ–'** તે એનું સાધક. તે તેની અવસ્થા અપૂર્ણ નિર્મળ તે મોક્ષનું સાધક છે. સમજાણું કાંઈ? મંદિર, ભક્તિ, પૂજા, એ શુભભાવ પાપથી બચવા આવે. પણ એ ધર્મ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– પાપથી બચવું એ ધર્મ નથી?

ઉત્તર :– ધર્મ નથી. પુણ્ય, મેલ, અશુદ્ધભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બીજો, બાપુ!

ચોરાશી લાખના અવતારમાં અનાદિકાળથી રખડી રહ્યો છે. કાગડાના, કૂતરાના ભવ કરી કરીને મરી ગયો છે. આહાહા..! અબજોપતિ શેઠિયો અનંતવાર થયો. મરીને પાછા પશુ, ઢોરમાં, કાગડા અને કૂતરામાં ગયા. જેને આત્મા ભગવાન, પરમાત્મા, પરમેશ્વર કહે છે, એ આત્માની જેને હજી ખબર પણ નથી. એ આત્મા કેમ પમાય તેની રીતની, પદ્ધતિની ખબર નથી. આહાહા..! એવા જીવો રખડીને મરી મરીને ચોરાશી લાખ યોનિ... ચોરાશી લાખ યોની! એક-એક યોનીમાં અનંતવાર ઊપજ્યો છે. અનાદિનો છે ને? એ ક્યાં આત્મા નવો છે? આહાહા..! એના દુઃખ એણે ચાર ગતિમાં વેઠ્યા છે. જોનારને રુદન આવે એવા તો એના દુઃખ વેઠ્યા છે. આહાહા..! એવા દુઃખથી જેને મુક્ત થવું હોય અને જેને સિદ્ધપદ એટલે મોક્ષની અભિલાષા, પૂર્ણ આનંદના લાભની, પૂર્ણ જ્ઞાનના લાભની દશા એવી સિદ્ધદશા, એની જેને અભિલાષા હોય, એનો ઉપાય ત્રિકાળી દ્રવ્ય જે વસ્તુ છે, તેને ધ્યેયમાં લઈ અને તેનો શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ કરવો એ મોક્ષનું સાધન, એ ધર્મ છે. આહાહા..! અહીં તો કહે, દયા પાળો એ ધર્મ, વ્રત પાળો એ ધર્મ. બિચારા વાણિયાને ખબર ન મળે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જય નારાયણ કરે. કહો, 'કાંતિભાઈ'!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ, તીર્થંકરદેવ ત્રિલોકનાથ એમ કહે છે, કે જેને પરમાનંદના મોક્ષની પ્રાપ્તિનો વર્તમાન અનુભવથી પ્રાપ્તિનો ઉપાય છે એ જીવે શુદ્ધાત્મલક્ષણ **'શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ...'** કરવો. આહાહા..! કઈ ક્રિયા કરવી? કે આ ક્રિયા છે. આહાહા..! **'એવી જે બે અવસ્થા,...'** એવી બે અવસ્થા એટલે શું કીધું? કે વસ્તુ જે ભગવાનઆત્મા તો અનાદિઅનંત, નિત્ય ગુણનો પિંડ. અનંત શક્તિનો પિંડ એ વસ્તુ. એ દ્રવ્ય–પદાર્થ કહેવાય. અને મોક્ષની દશા અને મોક્ષનો માર્ગ એ બે એની અવસ્થા કહેવાય. બે એની હાલત–દશા કહેવાય. આહાહા..! વાતે વાતે ફેર.

અહીં કહેવાનો આશય એમ છે, કે વસ્તુ જે પોતે આત્મા ત્રિકાળી સચ્ચિદાનંદ, પ્રભુ! સત્ શાશ્વત વસ્તુ અંદર છે, એની શક્તિઓ પણ શાશ્વત ભેગી છે. એવી દ્રવ્યશક્તિનું દશામાં પૂર્ણ નિર્મળ થવું, એ પણ દ્રવ્યની એક અવસ્થા છે. અને તેનો શુદ્ધોપયોગલક્ષણ શુદ્ધાત્માનુભવ માર્ગ પ્રગટવો એ પણ એક દ્રવ્યની પૂર્ણ નિર્મળ નહિ એવી એક અવસ્થા છે. એ દ્રવ્યની બે અવસ્થાઓ છે, હાલત છે. દ્રવ્ય–વસ્તુ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પર્યાયથી વસ્તુ છે એ ભિન્ન છે. વસ્તુ જે ભગવાનઆત્મા છે એ તો અનંત શક્તિનો પિંડ વસ્તુ છે. એ ધ્રુવ છે, ધ્રુવ. આહાહા..! એની બે અવસ્થા, બે પર્યાય, બે હાલત. જેમ કે આ મનુષ્યપણું છે એની ત્રણ અવસ્થા. બાળકપણું, યુવાનપણું, વૃદ્ધપણું. મનુષ્યપણું તો મનુષ્યપણું છે. એની ત્રણ અવસ્થા. એમ આત્મદ્રવ્ય છે એ તો વસ્તુ ત્રિકાળી છે. એની આ મોક્ષની અવસ્થા અને મોક્ષના માર્ગની એમ બે અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હશે? નવો કાઢ્યો હશે? સાંભળ્યો નથી. ક્યાંય છે નહિ. ઊંધા ગોટા વાળ્યા.

અહીં પ્રભુ એમ કહે છે, કે તારી નિર્મળદશા થવામાં અને પૂર્ણ નિર્મળદશા થવામાં અનેરા પરદ્રવ્યનો સહારો અને મદદ નથી. તારું દ્રવ્ય જ એ અવસ્થાપણે સ્વતંત્ર પરિણમે છે. આહાહા..! કહો, 'હીરાભાઈ'! દ્રવ્ય એ શું હશે? પૈસા હશે? અહીં પૈસાનું–ધૂળનું શું કામ? આ તો દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી આત્મા. જેમાં અનંત અનંત શક્તિઓનો સંગ્રહાલય, ગોદામ છે એ તો. અનંતગુણનું ગોદામ આત્મા છે. આહા..! એવા આત્માને ત્રિકાળપણાને લક્ષમાં લેતાં શુદ્ધ, ઉપયોગરૂપી લક્ષણ શુદ્ધાત્માનુભવ થાય. એ આત્મદ્રવ્યની એક અવસ્થા છે, પર્યાય છે, હાલત છે. અને મોક્ષ એની પૂર્ણ એક અવસ્થા છે. દ્રવ્યની બેય અવસ્થાઓ છે. એ અવસ્થા દ્રવ્યરૂપ નથી. આવો માર્ગ છે. આમાં ક્યાં નવરાશ મળે? બાયડી, છોકરાનું કરવું કે આત્માનું કરવું?

આ લોકોને ત્યાં 'કાનાતળાવ'માં જમીન એવી છે ને પેદાશ બહુ. હજી આપણે અહીં થોડો વરસાદ છે ત્યાં ૧૨-૧૩ ઈંચ વરસાદ આવી ગયો. એની પેદાશ ઘણી. ત્યાં તો લાખ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લાખ, બે-બે લાખના પેદાશવાળા કણબી છે. 'કાનાતળાવ'માં. કણબી, હોં! એ પોતે ૮૦ હજારની ઊપજવાળા છે. એના ભાણેજને ૫૦ હજારની પેદાશ. ઘરે મંદિર બનાવ્યું છે. દિગંબર મંદિર. વેદી પ્રતિષ્ઠા કરી છે ને? વેદીને? વેદી પ્રતિષ્ઠા એ શુભભાવ હોય છે. પાપથી બચવા એવો ભાવ હોય. પણ એ પોતે પુણ્ય છે, એ કોઈ મોક્ષનું કારણ છે, એમ નથી. 'દેવીલાલજી'! એવો ભાવ તો મુનિને આવે, ધર્મીને આવે, સમકિતી જ્ઞાની(ને આવે). પણ એ ભાવને સમજે કે આ હેયભાવ આદરણીય નથી પણ આવ્યા વિના રહેતો નથી. આદરણીય તો એક શુદ્ધોપયોગલક્ષણ જે આત્માનુભવ, આનંદનો અનુભવ એની છાપ–મહોર છે. મહોરછાપ.

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! કેવળીએ કહેલો એ, હોં! અન્યમતિઓ કહે કે આત્મા આત્મા અને વેદાંત વેદાંત એણે આત્મા જોયો નથી. બીજાને કોઈને આત્માની ખબર નથી. કેવળી પરમાત્મા જિનેશ્વરદેવે, જે આત્મા જોયો અને પૂર્ણ પ્રગટ કર્યો. એ આત્મા અસંખ્યપ્રદેશી અનંતગુણનો પિંડ, પ્રભુ! આહાહા..! એનો શુદ્ધોપયોગ સ્વરૂપ દશા વડે અનુભવ કરવો. આહાહા..! એ ધર્મરૂપ અને તે મોક્ષનું કારણ છે. આહાહા..! અને પૂર્ણ નિર્મળ દશા. પૂર્ણ આનંદની અને પૂર્ણ જ્ઞાન-દર્શન-શાંતિની, વીર્યની પૂર્ણ દશાની પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. એટલે મોક્ષ અને મોક્ષનો માર્ગ એ આતમદ્રવ્યની બે અવસ્થાઓ છે. અવસ્થાયી એ તો ત્રિકાળી દ્રવ્ય છે. કહો, 'દિલીપ'! આ તો બધો આવો ફેરફાર છે. એમાં રૂપિયા-બુપિયા તો ક્યાંય ગયા તારા. આહાહા..! 'ચીમનભાઈ'ને અડધો કલાક મોડું થઈ ગયું. છાંટા-બાટા હશે.

**'એવી જે બે અવસ્થા, તેમના ભેદથી બે પ્રકારનો છે.'** કોણ? જ્ઞાન સ્વપરગ્રાહકશક્તિનો પુંજ એવું દ્રવ્ય. એ આ બે અવસ્થારૂપે છે. **'તેમના ભેદથી બે પ્રકારનો છે.'** આહાહા..! એને એક-એક લીટી સમજવી કઠણ છે. આ તો વીતરાગ પરમેશ્વરનું કહેવું છે. આ બીજા બધાએ તો કલ્પના માંડીને કલ્પનાથી શાસ્ત્રો બનાવ્યા અને કલ્પનાથી બધું હાંક્યું જગતને. આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર, તીર્થંકરદેવ, કેવળજ્ઞાની પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. 'મહાવીર' પરમાત્મા આદિ તો મોક્ષ પધાર્યા. એમના આ વચનો છે. સંતો આડતિયા થઈને એનો માલ જગતને આપે છે. ભાઈ! પરમેશ્વરનો માલ તો આ જ છે. કિંમત આપીને લે. એ શુદ્ધ ઉપયોગરૂપી કિંમત આપીને માલ–મોક્ષમાર્ગ લેવાય છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે એક જ જીવદ્રવ્ય...'** જોયું? એક જ ભગવાનઆત્મા અંદર વસ્તુ અનાદિઅનંત અવિનાશી દ્રવ્ય છે. **'કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** આહાહા..! એક એક શબ્દ જુઓ તો... મોક્ષના કારણરૂપે પણ એ દ્રવ્ય પોતે જ થાય છે. આહાહા..! **'જીવદ્રવ્ય કારણરૂપ પણ...'** પણ કેમ કીધું? કે પાછું કાર્યરૂપ પણ કહેવું છે ને? કારણ અને કાર્ય બે કહેવા છે ને? એટલે ભગવાનઆત્મા પવિત્રનો પિંડ પ્રભુ આનંદનો કંદ છે. આત્મા અંદર અતીન્દ્રિય આનંદનો સાગર છે. આહાહા..! એ **'જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** પોતામાં જ એટલે વીતરાગી પર્યાયપણે એ પરિણમે છે. આહાહા..! જીવદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વસ્તુ આત્મા તો અનાદિઅનંત છે. આત્મા નવો ઊપજે છે? અનાદિ છે. અનંતકાળથી ચાર ગતિમાં રખડે છે. આહાહા..! એ દશાઓ જુદી છે અને વસ્તુ છે એ ત્રિકાળ છે. આહાહા..!

એ '**જીવદ્રવ્ય...**' દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી. '**કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...**' ભાષા દેખો! મોક્ષનું કારણ વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિ એ નહિ, એ નહિ. આહાહા..! '**જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...**' આહાહા..! એટલે કે વસ્તુ જે છે એ પોતામાં જ નિર્મળપણે, અવસ્થાપણે થાય છે. એ મોક્ષના કારણરૂપે દ્રવ્ય પોતે જ પોતારૂપે શુદ્ધ પરિણમે છે. એને શુદ્ધ પરિણમનને માટે, ધર્મને માટે કોઈ બીજા વ્યવહાર આદિનો સહારો છે અને અપેક્ષા છે, એથી તે ધર્મપણે પરિણમે છે એમ નથી. આહાહા..! આ તો અવલદોમની વાતું છે. જિનેશ્વરનો માર્ગ વાડાવાળાને બિચારાને મળ્યો નથી. જ્યાં-ત્યાં વાડામાં પુરાણા, થઈ રહ્યું. આહાહા..!

આ તો પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ એમ ફરમાવે છે, કે આ જીવ વસ્તુ છે એ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ છે. જ્ઞાન અને આનંદની પૂર્ણ શક્તિથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એવા આત્મદ્રવ્યને પોતાની પૂર્ણ મોક્ષદશા પ્રાપ્ત થવામાં કોઈ પરદ્રવ્યનો સહારો કે પરમેશ્વરની પણ ત્યાં મદદ નથી. આહાહા..! તેમ તેને મોક્ષના કારણપણે પોતે પરિણમે છે, એમાં કોઈ પરમેશ્વર વીતરાગ કે એની વાણીની પણ ત્યાં અપેક્ષા છે નહિ. આહાહા..! આવી વાતું ભારે! કહો, 'રતિભાઈ'! મુંબઈ-બુંબઈમાં કાંઈ નથી. બધા થોથા છે, બધા પાપ ત્યાં ભર્યા છે. છોકરાને સાચવવા અને આને સાચવવા. મારી નાખ્યા જગતને. જિંદગી ચાલી જાય છે. આહાહા..! કરવાનું શું છે એની ખબરું ન મળે. પછી કરોડો રૂપિયા થાય અને અબજો રૂપિયા થાય. ધૂળમાં, પાણીમાં.. આહાહા..! બે અબજ અને ચાલીસ કરોડ. 'ગોવા'માં આપણો વાણિયો નથી? હમણા 'ગોવા'માં મરી ગયો. દશાશ્રીમાળી વાણિયો. 'પાણસણા'નો. 'પાણસણા'ને? 'લીંબડી' પાસે. અને 'દામનગર' પાસે બીજું ગામ આવ્યું. 'પાડનશિંગા'. એ દોઢ વર્ષ પહેલા ગુજરી ગયો. બસ્સો ચાલીસ કરોડ રૂપિયા. ૨૪૦ કરોડ. એનો ભાણિયો હમણા આવ્યો હતો. આહાહા..! પાંચ મિનિટમાં મરી ગયો. જાવ...

મુમુક્ષુ :– ક્યાં જાય?

ઉત્તર :– ઢોરમાં ગયો હશે. ક્યા જાય શું? પશુ થયો હશે. ઘરે ૬૦ લાખના મકાન. 'ગોવા'માં ૪૦ લાખનું એક મકાન. ૧૦-૧૦ લાખના બે બીજા મકાન. વર્ષની ૫-૭-૧૦ કરોડની પેદાશ. અને મૂડી બે અબજ ને ચાલીસ કરોડ. એમના બહેનની દીકરીઓ આપણે ત્યાં છે. ૬૪માં બાળ બ્રહ્મચારી છે. એમની સગી બેનની બે દીકરીઓ બ્રહ્મચારી છે. એની વહુને દોઢ વર્ષ પહેલા હેમરેજ થયેલું. 'મુંબઈ' આવેલ. હેમરેજ થયું એની દવા કરવા પોતે આવ્યો. એમાં બે-ચાર દિ' પછી રાત્રે દોઢ વાગે જરી ઉઠ્યો. કહે, દુઃખે છે. ૬૧ વર્ષ. ડૉક્ટરને બોલાવો. દુઃખે છે. ડૉક્ટર આવે ત્યાં ભાઈ'સાબ... એ ૬૦ લાખના મકાન પડ્યા રહ્યા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બે અબજ ને ચાલીસ કરોડ રૂપિયા પડ્યા રહ્યા. ધૂળમાં ચાલ્યા ગયા હશે. એક તો પાછો અંબાજીને માનતો હતો. સ્થાનકવાસી. કાંઈ ભાન ન મળે. બધા ઢોર જેવા અવતાર. ઢોર જેવા અવતાર, પછી થાશે તો ઢોરમાં. આહાહા..! આવી વાતું છે. અહીં મોટા રાજા થાય. એમાં શું છે?

અહીં કહે છે, કે મોક્ષના કારણ માટે લક્ષ્મીની જરૂર નથી, શરીરની અપેક્ષા નથી. જેને મનની અપેક્ષા નથી, જેને શુભરાગની અપેક્ષા નથી, જેને દેવ-ગુરુ-શાસ્ત્રની, વાણિયાને દેવ-ગુરુ-શાસ્ત્રની અપેક્ષા નથી. આહાહા..! આવો માર્ગ! માણસને સાંભળતા હજી... **'જીવદ્રવ્ય...'** છે ને? ત્રીજી લીટી. દ્રવ્ય એટલે વસ્તુ. ભગવાનઆત્મા તો અનાદિઅનંત છે. એ કાંઈ વસ્તુ છે એને કોઈ ઊપજાવનાર હોય? એ તો તત્ત્વ છે. આહાહા..! વસ્તુ તત્ત્વ છે. એવું એ ભગવાન આત્મતત્ત્વ અનંત આત્માઓ ભિન્ન ભિન્ન દેહમાં બિરાજે છે. આહાહા..!

**'એ જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** પોતામાં જ. શુદ્ધપણે પોતામાં જ પરિણમે છે. આહાહા..! એ શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! બધા આત્માઓ એવા છે. કેમ બેસે? **'જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ...'** પોતામાં એટલે પોતે તો શુદ્ધ દ્રવ્ય ચૈતન્યમૂર્તિ છે. એ શુદ્ધપણે પોતામાં પોતે પરિણમે છે. એને વ્યવહાર રત્નત્રયની અપેક્ષા નથી. આ પંડિતો સાથે મોટો વિવાદ છે. 'હીરાભાઈ'! કાશિના પંડિતો બધા ભણેલા. એ વ્યવહારથી થાય, વ્યવહારથી થાય. નહિ તો એકાંત છે. 'સોનગઢ' કહે છે કે નિશ્ચયથી જ થાય, વ્યવહારથી ન થાય એ એકાંત છે. વાત સાચી છે. આ સમ્યક્ એકાંત જ છે. આહાહા..!

**'જીવદ્રવ્ય કારણરૂપ પણ...'** એટલે શું કીધું? મોક્ષની દશા, સિદ્ધપદની દશાના કારણરૂપે એ જીવદ્રવ્ય પોતે જ તેના કારણરૂપે, મોક્ષમાર્ગરૂપે પોતે પરિણમે છે. દશામાં પવિત્રપણે પોતે થાય છે. એને પવિત્રપણાના થવામાં બીજી ચીજની કોઈ અપેક્ષા છે નહિ. એમાં છે કે નહિ? આહાહા..! અરે..! વાંચવા મળે નહિ, સાંભળવા મળે નહિ. ભગવાન આપી દેશે. ભગવાન પાસે છે તારી મુક્તિ? તારામાં શક્તિ પડી એ ભગવાન પાસે તારી શક્તિ છે? આહાહા..! તારી શક્તિનું તત્ત્વ તો તું પોતે છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ આદિ સચ્ચિદાનંદ પ્રભુ સહિતનું સત્ત્વ તો તું પોતે છો. એની શક્તિને દૃષ્ટિમાં આશ્રય લઈને, જે શુદ્ધોપયોગ પુણ્ય અને પાપના ભાવથી રહિત. શુદ્ધ વેપાર–અનુભવ અંદર પ્રગટ થાય એ મોક્ષનું કારણ છે. અને તે કારણ પોતામાં પોતે પરિણમે છે. આહાહા..! આ આટલું સ્પષ્ટ કથન છે. આ કાંઈ 'સોનગઢ'નું શાસ્ત્ર નથી. સમજાણું કાંઈ? આ તો બે હજાર વર્ષ પહેલા 'કુંદકુંદાચાર્ય' કહી ગયા. એનો અભિપ્રાય તો અનંતકાળથી ચાલ્યો આવે છે. 'અમૃતચંદ્રાચાર્ય' એનો ખુલાસો કરે છે. આહાહા..!

મુમુક્ષુ :– આગળ જતાં .. ખુલાસો કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- પણ એમાં છે ને આ? જુઓને! કેટલું ભર્યું છે! ઓહોહો..!

જીવદ્રવ્ય વસ્તુ પોતે ત્રિકાળી અનાદિઅનંત વસ્તુ છે. અને તેમાં આનંદ અને શાંતિ જ્ઞાન આદિ અનાદિઅનંત પડી છે. વસ્તુ છે એ એના સ્વભાવ વિનાની વસ્તુ હોય? લોજિકથી, ન્યાયથી સમજશે કે નહિ? જે કોઈ ચીજ હોય, એ ચીજ એની શક્તિ અને સ્વભાવ વિનાની હોય? તો ભગવાનઆત્મા પદાર્થ છે, તો એનો ત્રિકાળી શક્તિ અને સ્વભાવ તો આનંદ, જ્ઞાન, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા એવી અનાદિ-અનંત શક્તિ અંદર છે. પણ એ ધ્રુવપણે છે. તેને શુદ્ધોપયોગ દ્વારા, વર્તમાનમાં નિર્મળ પરિણામ દ્વારા ધ્યેય બનાવી... આહાહા..! ભારે કામ. એક એક શ્લોક કેટલું કામ કરે! આહા..! આ તો અનાદિકાળનો આ અભિપ્રાય અને આ રીત-પદ્ધતિ અનાદિકાળની ચાલી આવે છે. ધર્મીને માટે તો આ રીતે ધર્મ થાય, મોક્ષ આ રીતે થાય એ તો અનાદિથી ચાલ્યું આવે છે. લોકોએ બીજી રીતે કલ્પીને મચડી-કચડી નાખ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ધનકુબેર' છે ને? 'ધનકુબેર' કીધા લ્યો વળી. 'ધન્યકુમાર'. કહો, આવો માર્ગ છે, બાપા! આહાહા..! 'ધન્યકુમારે' અંતરિક્ષમાં કામ બહુ કર્યું. આહાહા..! વિકલ્પો કર્યા હતા. એ તો આવવાનું હોય એ આવે છે. આહાહા..! માર્ગ ભારે આકરો. સાંભળવું કઠણ પડે હવે એ સમજે તો કે દિ'? આહાહા..! અને આ રીતે સમજ્યા વિના એનો ઉદ્ધાર ત્રણકાળમાં ક્યાંય નથી. એ ચોરાશીની યોનીમાં અવતરી અવતરીને સોથા નીકળી ગયા છે. આહાહા..!

**'જીવદ્રવ્ય...'** અહીં તો કારણ આવ્યું ને એટલે. **'જીવદ્રવ્ય કારણરૂપ...'** કોનું કારણરૂપ? મોક્ષનું કારણરૂપ. જીવદ્રવ્ય મોક્ષના કારણરૂપે **'પણ પોતામાં જ પરિણમે છે...'** આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ, એના અતીન્દ્રિય આનંદના સ્વાદપણે, શુદ્ધ ઉપયોગના અનુભવપણે પોતે થાય છે. આહાહા..! **'અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે,...'** કાર્ય એટલે મોક્ષદશા. સિદ્ધપદ. ણમો સિદ્ધાણં. સિદ્ધપદ જે શરીરરહિત એકલો આત્મા રહે એને સિદ્ધ પરમાત્મા કહીએ. અને શરીરસહિત હોય અને કેવળજ્ઞાન થાય, ત્રણકાળનો આનંદ આવે એને અરિહંત કહીએ. હજી એને શરીર બાકી હોય. ત્રણકાળનું જ્ઞાન હોય, અનંત આનંદ પ્રગટ થયો હોય, ઇચ્છા વિના જેની વાણી નીકળતી હોય, જેના શરીરની દશા નગ્ન હોય, અંદરમાં અનંત કેવળજ્ઞાન, ત્રણકાળ, ત્રણલોક જાણ્યા હોય (એને અરિહંત કહીએ). આહાહા..!

કાલે એક કાગળ આવ્યો છે. બહેનને તો વાત કરી હતી. 'ચાંદમલ' કરીને કોઈ ડોડુ છે. 'પ્રતાપગઢ'નો. અહીં 'પાલનપુર'માં દિગંબર જૈન ધર્મશાળામાં ઉતર્યો છે. 'પાલિતાણા'. શું કીધું પહેલું? 'પાલનપુર'. 'પાલિતાણા'. એનો કાગળ આવ્યો છે, મહારાજ! તમે સાધુ એક છો અને બીજા સાધુ રૂઢિગતવાળા છે. ચોવીસ તીર્થંકર ઉત્પન્ન થયા એમાં પહેલા તીર્થંકર તરીકે હું ઉત્પન્ન થયો છું. મને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. એમ લખે છે. કાલે કાગળ આવ્યો હતો. માટે મને ત્યાં રહેવાનું, બધી સગવડતા આપો. ઠીક. તીર્થંકર અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેવળી. અરે..રે..! મારી નાખ્યા. ભ્રમણા કેટલી! તમે સાંભળ્યું હતું?

મુમુક્ષુ :– હમણા સાંભળ્યું.

ઉત્તર :– રાત્રે વાત થઈ હતી. કાલે કાગળ આવ્યો છે. પહેલા પણ કાગળ આવ્યો હતો. 'ચાંદમલ' નામ છે. ડોડુ એની કોઈ ઓળખ હશે. ઓળખ સમજ્યાને? અટક. એ 'ચાંદમલ ડોડુ'. મને કેવળજ્ઞાન થયું છે, મને ત્યાં બોલાવો અને બધા સ્થાન આપો. ચાર ઘાતિકર્મ કેમ નાશ થાય એ હું બધાને શીખવીશ.

મુમુક્ષુ :– ક્ષાયિક સમકિત જેને હોય તેને.

ઉત્તર :– ક્ષાયિક સમકિત જેને દેખાતું હોય એને હું હવે કેવળજ્ઞાન પામવાની વાત કરીશ. એવો મોટો કાગળ આવ્યો હતો. પહેલા આવ્યો હતો. આવી ભ્રમણા જગતમાં. ક્યાંના ક્યાંય બિચારા. અહીંનું નામ મોટું ને એટલે પાછા મારા વખાણ કર્યા. કે સાધુમાં અત્યારે તમે એક છો.

મુમુક્ષુ :– સુધારકવાદી.

ઉત્તર :– સુધારકવાદી. ભાઈ! અમે સાધુ નથી. સાધુ કોને કહેવાય એની તમને ખબર નથી. સાધુ તો નગ્ન દિગંબર ત્રણ કષાયનો અભાવ. એવા સંતોને સાધુ કહીએ. અમે સાધુ કે દિ'? વખાણ કર્યા. બધા રૂઢિગત છે. તમે એક સાધુ સુધારકવાદી બરાબર નીકળ્યા છો. હું હવે કેવળી થયો છું માટે મને ત્યાં બોલાવો. આવી વાત છે, ભાઈ! ગજબ છે. 'પંડિતજી'એ કાગળ વાંચ્યો. હતો તું? આહાહા..! કેવી ભ્રમણા! હજી સમકિત કોને કહેવું એની ખબર ન મળે. સાધુ તો કોને કહેવા? બાપુ! એ તો અત્યારે... આહાહા..! એમાં કેવળજ્ઞાન અને ચોવીસ તીર્થંકરની પહેલી શરૂઆત થઈ ગઈ છે. અને સલાકા પુરુષો પણ એની સાથે જોઈએ. એ પણ કેટલાક મોટા જન્મી ગયા છે. લ્યો, આવો એ કાગળ છે.

મુમુક્ષુ :– રત્નોની વૃષ્ટિ નથી થઈ?

ઉત્તર :– એ વૃષ્ટિનું શું કામ છે? એ તો બહારની ચીજ છે એમ કહે. રત્ન બહારની ચીજ છે. અંદરમાં કેવળજ્ઞાન થાય એને બહારનું શું કામ છે? આહાહા..! 'પાલિતાણા'માં દિગંબર ધર્મશાળામાં ઉતર્યા છે. દિગંબર જૈન લાગે છે. 'પ્રતાપગઢ'નો છે. કેટલી ભ્રમણા? કેવળજ્ઞાન ચાર ઘાતિકર્મ કેમ નાશ થાય એનો ઉપાય હું બીજા જીવોને શીખવીશ. એમાં 'રામજીભાઈ'નું પણ નામ છે. એને ઓળખતા હશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– અરે...! ભગવાન! હજી સમકિત કોને કહેવું અને કોની દશા? એનું ધ્યેય કોને? દશા કોની કેવી હોય એની ખબરું ન મળે, બાપા! આહાહા..! સાધુપદ તો કોને કહેવું એ તો અત્યારે હિન્દુસ્તાનમાં નથી. આહાહા..!

જેને અંતરમાં પ્રચુર અતીન્દ્રિય આનંદ ઉછળી રહ્યો હોય છે. જેને આત્મામાં અતીન્દ્રિય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આનંદની શક્તિ ભરી છે. એમાંથી જેને અતીન્દ્રિય આનંદ જેની દશામાં, દરિયામાં જેમ પાણી ઉછળે અને કાંઠે ભરતી આવે, એમ એની દશામાં અતીન્દ્રિય આનંદ ઉછળી રહ્યો હોય છે. એવી અને જેની બાહ્ય દશા નગ્ન હોય છે. વસ્ત્રનો કટકો પણ એને હોતો નથી. એવી દશાવંતને તો હજી મુનિ કહીએ. આહાહા..! લ્યો. સાધુ કેવા હોય એની ખબર નથી. અને કેવળી થઈ ગયા. અરે..! ભગવાન! આવું બિચારા જુઓને! એ આત્માની ભ્રમણા થઈ ગઈ છે એને. 'પ્રતાપગઢ'નો છે. કાગળ પહેલા આવ્યો હતો. ક્યારે આવ્યો હતો ખબર નથી, બે-ચાર વર્ષ પહેલા આવ્યો હશે. 'કાંતિભાઈ' મેનેજર ઉપર આવ્યો હતો.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ખ્યાલ છે ખરો. સાધારણ ખ્યાલ છે. 'રામજીભાઈ' કહેતા હતા કે કાગળ આવ્યો હતો. થોડો ખ્યાલ છે. પણ આ તો ચોખ્ખો આવ્યો. બધા વચ્ચે વંચાવ્યો. અરે..! પ્રભુ! તીર્થંકર કોને કહેવા? કેવળજ્ઞાની કોને કહેવા? બાપુ! આહાહા..! હજી સાધુપણું નજરે પડતું નથી ત્યાં કેવળજ્ઞાન ક્યાંથી થઈ ગયું? આહાહા..! સાધુ કોને કહેવા એની ખબર ન મળે. આહાહા..! અહીં એ કહે છે કે મારો પ્રભુ, મોક્ષના કારણરૂપે પણ હું જ પોતે પરિણમું છું. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– અહીં તો એ કાર્યરૂપે પરિણમનારો પણ હું એટલું કહે છે. હું કેવળી છું અત્યારે એમ નથી કીધું. સમજાણું કાંઈ? આહાહા..!

ન્યાયની કસોટીએ કસીને તત્ત્વ શું છે એનો નિર્ણય થવો જોઈએ. એમ ને એમ માની લેવું એ કોઈ ચીજ નથી. અનાદિકાળથી અંધારામાં ચાલ્યો છે. આહાહા..! અહીં પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની વાણી ઇચ્છા વિના ૐ ધ્વનિ ઊઠે. પૂર્ણ પરમાત્મદશા જેને પ્રગટી હોય એને શરીરની નગ્ન દશા હોય, એને આહાર ન હોય, પાણી ન હોય, વાહન ન હોય. એને વાણી આમ બોલીએ આમ છે એવી વાણી ન હોય. એને તો આખા શરીરમાંથી ૐ એવો ધ્વનિ ઊઠે. 'મુખ ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,' 'મુખ ૐ ધ્વનિ સુણી...' હોઠ હલ્યા વિના, કંઠ હલ્યા વિના ૐ એવો અંદરથી ધ્વનિ ઊઠે. પૂર્ણ પરમાત્મદશા એને કેવળી કહીએ. એવા 'ૐ મુખ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' સંતોના નાયક જે અનુભવી આનંદના વેદનારા, અતીન્દ્રિય આનંદના પ્રચુર ઘણા સાગરમાં ડોલતા એવા મુનિરાજ એને સાંભળીને શાસ્ત્ર રચે. આહાહા..! 'મુખ ૐ ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિ જીવ સંશય નિવારે.' એના આગમ રચનારા ગણધર સંતો હોય છે. મુનિ નગ્ન દિગંબર હોય છે, વનવાસી હોય છે. આહાહા..! બાપુ! એ દશાઓ જુદી, ભાઈ! આ તો.. આહાહા..!

એ અહીં કહે છે, કે મારો પ્રભુ! મોક્ષના કારણરૂપે પણ હું પોતે જ અવસ્થામાં પરિણમું.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દ્રવ્યના ધ્યેયે પરિણમનારો, થનારો હું. એમાં બીજાની કોઈ મદદ નથી. વ્યવહારના કારણે મારો મોક્ષમાર્ગ પ્રગટે એવી અપેક્ષા નથી. **'કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** આહાહા..! **'તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી,...'** આત્માની મુક્તિ થવામાં અનેરા દ્રવ્યની, અનેરા પદાર્થની, સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરની પણ, આત્માના મોક્ષમાર્ગમાં અને મુક્ત થવામાં સહારો અને મદદ નથી. આહાહા..! 'દેવીલાલજી'!

મુમુક્ષુ :– કોઈના સહારાની જરૂર નથી.

ઉત્તર :– કાંઈ કોઈની જરૂર નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(અનુષ્ટુપ)

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'आत्मा मेचकः' (आत्मा) ચેતનદ્રવ્ય (मेचकः) મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે? 'दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्' સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થ ગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે–આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાયછે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે. 'आत्मा अमेचकः' (आत्मा) ચેતનદ્રવ્ય (अमेचकः) નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે? 'स्वयम् एकत्वतः' (स्वयम्) દ્રવ્યનું સહજ (एकत्वतः) નિર્ભેદપણું હોવાથી;– આવો નિશ્ચયનય કહેવાય છે. 'आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च' (आत्मा) ચેતનદ્રવ્ય (समम्) એક જ કાળે (मेचकः अमेचकः अपि च) મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? (प्रमाणतः) યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ. તેથી પ્રમાણદૃષ્ટિએ જોતાં એક જ કાળે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે. અભેદરૂપ પણ છે. ૧૬.**

**અષાઢ સુદ ૭, ગુરુવાર તા.૨૩.૦૬.૧૯૭૭**
**કળશ - ૧૬, પ્રવચન - ૨૩**

'કળશ ટીકા' જીવઅધિકાર. ૧૬મો કળશ છે.

**दर्शनज्ञानचारित्रैस्त्रित्वादेकत्वतः स्वयम्।**
**मेचकोऽमेचकश्चापि सममात्मा प्रमाणतः।।१६।।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા મેચક છે. આહાહા..! ભગવાન ચેતનદ્રવ્ય દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણપણે પરિણમે એ ભેદ છે, એ વ્યવહાર છે, એ મલિનતા છે. વસ્તુ આત્મા જ્ઞાયકસ્વરૂપ એકરૂપ એ ત્રણપણે પરિણમે કહેશે... **'કોની અપેક્ષાએ મલિન છે?' 'दर्शन-ज्ञान-चारित्रैस्त्रित्वात्'** આહાહા..! હવે એ પહેલા ત્રણની વ્યાખ્યા કરે છે. **'સામાન્યપણે અર્થ ગ્રાહક શક્તિનું નામ દર્શન છે,...'** પદાર્થને સામાન્યપણે દેખવાની જે શક્તિ તે દર્શન. **'વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે—'** ત્રણની અહીંયાં પરિણમનની અપેક્ષાએ વાત છે. શક્તિ ત્રિકાળ છે એ તો છે. પણ ત્રિકાળી ભગવાનઆત્મા ત્રણપણે દર્શન-જ્ઞાન-ચારિત્ર, નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ પણે પરિણમે એ વ્યવહાર છે. એ મેચક છે એટલે મલિનતા છે. આહાહા..! કેમકે ત્રણ પ્રકારે પરિણમે છે. એનું જ્યાં લક્ષ કરવા જાય છે ત્યાં વિકલ્પ ઊઠે છે. એથી ત્રણ પ્રકારને જાણવું એ વ્યવહાર કહીને એને મેચક-મલિન કહ્યું છે. આહાહા..! ક્યાં માણસને જાવું? હજી તો બહારના વાંધા.

કાલે લેખ આવ્યો છે ને? પંડિતજી! કાલે લેખ આવ્યો છે 'સુમેરુચંદજી'નો. ... કે પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય છે. તેરમે ગુણસ્થાને કેવળી પણ કરી શકતા નથી. એના એકાંતવાદીઓ પુણ્યનો ક્ષય પહેલેથી ના પાડે છે. ક્ષયની ક્યાં વાત છે? એ પુણ્ય છે, રાગ છે, ભેદ છે, વિકલ્પ છે, અપરાધ છે. એ વાત છે. દૃષ્ટિમાં એનો આદર ન હોવો જોઈએ. એ વાત છે. ક્ષયની ક્યાં વાત છે? કાલે 'જૈન ગેઝેટ'માં આવ્યું છે. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, ભગવાન એકસ્વરૂપી ચૈતન્યદ્રવ્ય એને ત્રણપણે પરિણમન, એને અમે મલિન કહીએ છીએ. એટલે કે અમે એને વ્યવહાર કહીએ છીએ. આહાહા..! અને એ ત્રણ પ્રકારના પરિણમનનું લક્ષ કરવા જાય તો તેને વિકલ્પ, રાગ ઊઠે છે. આહાહા..! લક્ષ કરવા જાય એટલે? એનું જ્ઞાન (કરવા જાય) એમ નહિ. આ ત્રણ છે એમ એનો આશ્રય કરવા જાય. જ્ઞાન તો આત્માનું એકરૂપ છે, એનું જ્યાં જ્ઞાન થયું એમાં ત્રણ પ્રકારના પરિણમનના ભેદનું, ભેદને કારણે નહિ, પોતાના કારણે સ્વપરપ્રકાશની પર્યાયનું સામર્થ્ય હોવાને લીધે તે ભેદનું જ્ઞાન અને અભેદનું જ્ઞાન એવું સ્વતઃ પોતાની પર્યાયમાં પોતાને કારણે સ્વપરપ્રકાશક આ રીતે થાય છે. પંડિતજી! આહાહા..! સમજાય છે કાંઈ? પણ એનું લક્ષ એટલે ભેદ છે એ વસ્તુ વ્યવહાર છે. અને અહીં મેચક કહેવાનો વ્યવહાર છે એમ જરી ગ્રંથકાર કહે છે. જુઓને!

**'કોની અપેક્ષાએ મલિન છે? સામાન્યપણે અર્થ ગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થ ગ્રાહક શક્તિનું નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું નામ ચારિત્ર છે–આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...'** શક્તિભેદનો અર્થ અહીંયાં પરિણમન છે, હોં! ત્રિકાળી શક્તિનો ભેદ કરવો એ પણ વ્યવહાર છે. હવે અહીં તો દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થાય છે. એ પછી લેશે. ૧૭મા કળશમાં. **'परिणतत्वतः'** એમ શબ્દ છે. પરિણમેલું. ઝીણી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વાત છે, ભાઈ! આ તો ૧૬મો શ્લોક છે. આહાહા..! રાગરૂપે થવું, દયા, દાન, પુણ્યરૂપે થવું એ તો એનું સ્વરૂપ જ નથી. એ તો પરદ્રવ્યમાં જાય છે. આહાહા..! પણ અહીંયાં એકરૂપ ચૈતન્યદ્રવ્યને ત્રણપણે પરિણમેલો એમ જોવો, કહેવો... આહાહા..! એને અહીંયાં મલિન કહેવાનો વ્યવહાર છે. આહાહા..!

મુમુક્ષુ :– મલિન કહેવાનો વ્યવહાર છે...

ઉત્તર :– એ છે અપેક્ષાએ. કહ્યું ને એ? ૬ઠી ગાથામાં કહ્યું, પછી ૭ મી ગાથામાં કહ્યું. પ્રશ્ન કર્યો કે, ભાઈ! આ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ભેદ પડે છે એ અશુદ્ધતા આવે છે. 'સમયસાર'ની ૭ મી ગાથામાં ઉપર મથાળું કર્યું છે. ૬ઠી ગાથામાં તો તમે એમ કહ્યું કે આત્મા પ્રમત્ત-અપ્રમત્તની પર્યાયપણે નથી, એ તો જ્ઞાયકભાવ એકરૂપ છે. અને એ ભગવાન જ્ઞાયકસ્વરૂપ તે શુભાશુભ પરિણામ જે અચેતન છે, એટલે કે જેમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. એને લઈને એ શુભાશુભપણે પરિણમે, તો જ્ઞાયક ચૈતન્ય છે તે જડ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? નથી? અહીં ૭ મી ગાથામાં છે ને. આપણે તો અહીં ૭ મામાં લેવું છે, હોં! આ તો ૬ઠી તો વાત કરી.

જ્યારે જ્ઞાયકસ્વરૂપ છે એ જો શુભાશુભભાવ એ અરૂપી અચેતન છે. શરીર, વાણી, મન, કર્મ એ રૂપી અચેતન છે. તો કહે છે કેમ? કે એ શુભઅશુભ પરિણામમાં ચૈતન્યપ્રકાશના સ્વભાવનો અભાવ છે. એથી એને અમે જડ કીધા છે. તો આત્મા જો શુભાશુભપણે પરિણમે તો જ્ઞાયકભાવ છૂટીને જડ થઈ જાય. આહાહા..! 'શશીભાઈ'! માટે જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ પ્રભુ, જે સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય એ શુભાશુભપણે થયો નથી. આહાહા..! અને તેથી તેને પ્રમત્ત-અપ્રત્તના ભેદો પડતા નથી. પછી કહ્યું. આપણે આની સાથે મેળ કરવો છે. સાતમી ગાથા કહેતા પહેલા.

**'પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર–એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા; એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે!'** છે. સંસ્કૃત છે. 'અમૃતચંદ્રાચાર્ય'નું સાતમી ગાથાની ઉપર ઉપોદઘાત્. **'दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्-'** વસ્તુ એકરૂપ છે એને ત્રણપણે, ભેદપણે કહેવો, એ તો અશુદ્ધપણું થઈ જાય. પંડિતજી! આ સાતમી ગાથા છે. ઉપર સંસ્કૃતનો મૂળ શ્લોક છે, હોં! 'અમૃતચંદ્રાચાર્ય'નું એ વચન છે. એ અહીં નાખ્યું છે. આ કળશ એનો જ છે ને? ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

એ **'ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.'** જોયું? વ્યવહાર છે એટલે એ રીતે એને જાણવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! એકરૂપ ચૈતન્ય... આગળ આવશે. એ 'વીરજીભાઈ' બહુ કહેતા. 'એક દેખીએ, જાણીએ, રમી રહીએ એક ઠોર, સમળ, વિમળ ન વિચારીએ એહી સિદ્ધિ નહી ઓર.' સમળ વિમળ આ. ભેદપણે સમળ અને અભેદપણે વિમળ. બેયના વિકલ્પો ન કરવા. આહાહા..! માર્ગ પ્રભુ એવો છે.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને પરદ્રવ્યના સહારાની... એ આપણે ઉપર આવી ગયું. ૧૫ મા શ્લોકમાં. કે **'જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે.'** નીચેથી ત્રીજી લીટી છે. **'જીવદ્રવ્ય કારણરૂપે..'** એટલે મોક્ષના માર્ગરૂપે પોતે જ નિર્વિકાર પર્યાયપણે પરિણમે છે. આહાહા..! **'અને કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે.'** દ્રવ્યની બે અવસ્થાઓ છે. એક મોક્ષમાર્ગની શુદ્ધતાની અપૂર્ણતાની દશા અને મોક્ષની શુદ્ધતાની પૂર્ણ દશા. એ દ્રવ્યની બે અવસ્થાઓ છે. આહાહા..! એ બેય અવસ્થાપણે પોતાનું દ્રવ્ય પરિણમે છે. એને કોઈ પરદ્રવ્યનો સહારો નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયના રાગનો પણ એને સહારો નથી એમ કહે છે. જે અત્યારે કેટલાક પંડિતો રાડ પાડે છે, એ.. વ્યવહારનો લોપ કરી નાખ્યો. એકાંત છે... એકાંત છે.. 'જૈન ગેઝેટ'માં ઘણું આવે છે. 'જૈનદર્શન'માં, 'કરુણાદીપ'માં તો બહુ આકરુ આવે છે. ભ્રષ્ટાચાર અને વ્યભિચાર પંથ છે. અરે..! પ્રભુ! તેં સાંભળ્યું નથી. એને ખબર નથી. આહાહા..!

અહીં કહે છે, કે **'જીવદ્રવ્ય કારણરૂપ પણ પોતામાં જ પરિણમે છે...'** પણ કેમ કીધું? કે ઓલો કાર્યરૂપે પણ પરિણમે છે ને? રાગરૂપે નહિ, વ્યવહારરૂપે નહિ. વ્યવહારનો રત્નત્રય તે એનો સહારો, સ્વદ્રવ્યને મોક્ષમાર્ગપણે પરિણમવામાં એનો–વ્યવહારનો સહારો નથી. આહાહા..! પરદ્રવ્યની એને મદદ કે સહાયક નથી. નિમિત્તને સહાયક કહેવામાં આવે છે ને? વ્યવહાર એ નિમિત્ત છે. સહાયકનો અર્થ તો સાથે છે. સહાયક મદદ કરી શકે છે (એમ નથી). છે એમાં? **'કાર્યરૂપ પણ પોતામાં જ પરિણમે છે, તેથી મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી,...'** ૧૫ મા કળશની છેલ્લી લીટી. ૧૫ મો કળશ. **'મોક્ષ જવામાં કોઈ દ્રવ્યાન્તરનો સહારો નથી, માટે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.'** આહાહા..! ત્રિકાળી પવિત્ર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! એને અનુસરીને થવું જોઈએ.

અહીં તો કહે છે કે એને અનુસરીને થયેલી ત્રણ દશા... આહાહા..! આ ૧૬મા (કળશમાં) એને પણ **'મલિન કહેવાનો વ્યવહાર છે.'** આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં ૭ મી ગાથામાં પણ એમ કહ્યું ને? ભાઈ! ઉપર મથાળે 'અમૃતચંદ્રાચાર્યે' એમ કહ્યું, કે ૬ઠી ગાથામાં જ્યારે તમે એમ કહો, કે એકલો જ્ઞાયકભાવ છે એ વસ્તુ છે, એ જ દૃષ્ટિનો વિષય છે અને વસ્તુનું સત્ત્વ એટલું ને એવડું છે. એ શુભાશુભપણે પરિણમતું નથી. તત્ત્વ જ્ઞાનરસ છે, ચૈતન્યરસ, ચૈતન્યસ્વભાવનો રસ છે એ શુભાશુભ પરિણામ અચેતન છે એ રીતે ચૈતન્યરસ કેમ થાય? આહાહા..! એ ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજનું પૂર છે. એ ભગવાનઆત્મા... આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ કે કામ, ક્રોધના પરિણામપણે એ ભગવાનઆત્મા કેમ થાય? આહાહા..! ત્યારે એ તો ઠીક, પણ ૭ મી ગાથામાં એમ કહ્યું, **'ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।'** એ આ વાત છે. ભગવાનઆત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ કરવા એ વ્યવહાર છે. ૭ મી ગાથામાં. અને પ્રશ્નકારે પોતે 'અમૃતચંદ્રાચાર્યે' પ્રશ્ન મુક્યો, કે આ તો અશુદ્ધ છે પુણ્ય-પાપપણે થવું એ તો ઠીક.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ આ ત્રણ ભેદ પડે છે એ અશુદ્ધ છે. એનું કેમ છે? આહાહા..!

એ અહીં કહે છે. આ શક્તિનો અર્થ અહીંયાં ત્રિકાળી શક્તિની વાત નથી. પરિણમનની વાત છે. સમજાણું કાંઈ? પરિણમે છે. આત્મા દર્શનપણે, જ્ઞાનપણે, ચારિત્રપણે (પરિણમે છે). ચારિત્ર, હોં! વીતરાગભાવપણે. આહાહા..! કહ્યું ને? **'સામાન્યપણે અર્થગ્રાહક શક્તિનું નામ દર્શન છે, વિશેષપણે અર્થગ્રાહક શક્તિનું (પદાર્થને જાણવાનું) નામ જ્ઞાન છે અને શુદ્ધત્વશક્તિનું (પરિણમનનું) નામ ચારિત્ર છે—આમ શક્તિભેદ કરતાં એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...'** આહાહા..! જે સાતમી ગાથામાં કહ્યું હતું એ અહીં એણે વધારે સ્પષ્ટ કર્યું, કે ભાઈ! વ્યવહારથી દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવને છે. નિશ્ચયથી તો જ્ઞાયકપણું એકરૂપ છે તે વસ્તુ છે. આહાહા..! નિમિત્ત ક્યાંય ઉડાવી દીધું. નિમિત્તથી વિકાર થાય એ પણ ઉડાવી દીધું. વિકારથી પરિણમન નિર્મળ થાય એ પણ ઉડાવી દીધું. આહાહા..! પણ અહીં તો પરિણમન ત્રણ થાય એને પણ ઉડાવી દીધું. આહાહા..! કહો, 'શશીભાઈ'! એ વ્યવહાર છે, બાપુ! પ્રભુ એકરૂપ છે ને! અને એકરૂપ એ જ સમ્યગ્દર્શનનો વિષય છે, એકરૂપ એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. આહાહા..! આ ત્રણરૂપ પરિણમવું એ સમ્યગ્દર્શનનો વિષય છે નહિ અને સમ્યગ્દર્શનનું એ ધ્યેય પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :– નિશ્ચય કહો કે ધ્યેય કહો.

ઉત્તર :– એ તો... ભગવાનઆત્મા અશુદ્ધ ત્રણપણે પરિણમે તો કહે છે અમે એને અશુદ્ધ કહીએ. વ્યવહાર કહો કે અશુદ્ધ કહો. સાતમી ગાથાના પ્રશ્નમાં પોતે અશુદ્ધ કીધું. આહાહા..! કેમકે ભગવાનઆત્મા એકરૂપે ચીજ છે એ વાસ્તવિક ત્રિકાળી આનંદકંદ, સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વભાવથી ભરેલું (તત્ત્વ), જેમાં પર્યાયનો પણ અભાવ છે. રાગ, પુણ્ય, નિમિત્તનો અભાવ તો ક્યાંય પૃથક્ રહી ગયો. જેની એક સમયની વર્તમાન નિર્મળ પર્યાય વ્યક્ત પ્રગટ, એ પણ અવ્યક્ત એવું જે ચૈતન્યદ્રવ્ય એમાં એનો અભાવ છે.

હવે અહીં તો કહે છે કે ભગવાન એકરૂપ છે, એને ત્રણરૂપે પરિણમવું એનો પણ એમાં અભાવ છે. આહાહા..! આવી વસ્તુસ્થિતિ જ છે, કંઈ ભગવાને કરી નથી. ભગવાને તો જાણી હતી એવી કહી છે. આહાહા..! આમાં તકરાર શેની? બાપુ! આહાહા..! ઝઘડા શેના? નાથ! તું અંદર કોણ છો? આહાહા..! એકરૂપ વસ્તુ છે ને પ્રભુ! અહીં કહે છે એને ત્રણપણે પરિણમન કરે... આહાહા..! એ ત્રણ પ્રકારે થાય, એકરૂપે ભગવાન ત્રણપણે થાય,.. આહાહા..! **'તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.'** આહાહા..! લોકોને આકરું પડે. અભ્યાસ નહિ અને તે તરફના વલણનું વીર્ય નહિ. આહાહા..! બીજું બધું ગમે તે આવડે, હોય. અગિયાર અંગ અને નવ પૂર્વ ભણ્યો. આહા..! એ કાંઈ જ્ઞાન નથી. એ તો પરલક્ષી બંધનું કારણ છે. એ તો કહ્યું ને? પહેલા આપણે આવી ગયું છે ને? બાર અંગનું જ્ઞાન પણ વિકલ્પ છે. આહાહા..! આવી ગયું છે આમાં. પહેલા આવી ગયું ને? તરત જ આવ્યું. ૧૩ મા

કળશમાં.

**'દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે.'** ૧૩ મા કળશની છેલ્લી લીટી. ૧૭ મે પાને. આહાહા..! કહે છે, કે બાર અંગનું જ્ઞાન તો સમકિતીને જ હોય. બાર અંગનું જ્ઞાન મિથ્યાદષ્ટિને ન હોય. આહાહા..! તોપણ છે એ વિકલ્પ અને ભેદ. આહાહા..! અને તેમાં પણ પરમાત્માએ કહ્યું છે આ–શુદ્ધાત્માનુભૂતિ. આહાહા..! બાર અંગનું જ્ઞાન હોય શુદ્ધાત્માનુભૂતિવાળાને. અજ્ઞાનીને ન હોય. અજ્ઞાનીને નવ પૂર્વ અને અગિયાર અંગ આદિ હોય. આહાહા..! સમજાણું કાંઈ? છતાં કહે છે કે બાર અંગમાં વિશેષતા નથી. બાર અંગને જાણવું છે એની કાંઈ વિશેષતા નથી. એમાં છે ને? **'કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે.'** એમાં લખ્યું છે. **'દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. તેનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે.'** આહાહા..! **'તેમાં પણ એમ કહ્યું છે કે શુદ્ધાત્માનુભૂતિ મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં...'** આહાહા..! **'શાસ્ત્ર ભણવાની કાંઈ અટક (બંધન) નથી.'** બહુ જાણપણું ઘણું કરવું એવું કાંઈ છે નહિ પછી. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'દેવજીભાઈ'! આવી વાતું છે.

શુદ્ધાત્માનુભૂતિ થતાં.. કેમકે શાસ્ત્રમાં એ કહ્યું છે એ કર્યું છે. એથી એને શાસ્ત્ર ભણવાની અટક નહિ. ભણે, વિકલ્પ આવે, વાંચે, કહે. પણ અટક નહિ કે હવે એને બસ ભણવું જ જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ?

'અમૃતચંદ્રાચાર્યે' 'પ્રવચનસાર'માં કહ્યું છે ને? 'પ્રવચનસાર'ની ૩૪-૩૫ ગાથા. **'અલમ્'** વિશેષ જ્ઞાનથી બસ થાઓ હવે. આહાહા..! એમ 'પ્રવચનસાર'માં છે. આહાહા..! અમે તો અમારા દર્શનસ્વભાવને અનુભૂત કરીએ, બસ એ કરવાનું છે. 'પ્રવચનસાર'માં છે. **'અલમ્'** વિશેષ જ્ઞાનથી હવે બસ થાઓ. આહાહા..! અમારે જે કરવાનું છે એ તો આત્માનું દર્શન, આત્માનો અનુભવ અને આત્મામાં સ્થિરતા. આહાહા..! એ દર્શન અને ચારિત્ર ને અંતર સ્વ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ, પર તરફનું વિશેષજ્ઞાન બસ થાઓ. કહે છે. હો ન હો એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! આકરું કામ આવું ભારે, ભાઈ! તેથી બિચારા 'સોનગઢવાળા'ને એમ કહે છે ને. 'સોનગઢ' નિશ્ચયાભાસી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. ભગવાન! એને બેસે નહિ ને. એને બેસે નહિ તો શું કરે?

મુમુક્ષુ :– કોઈવાર વ્યવહારથી લાભ થાય...

ઉત્તર :– અહીં તો ત્રણને પરિણમન કરવું એ વ્યવહાર છે. આહાહા..! ત્યાં વળી વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ અને રાગ (એનાથી લાભ થાય, એ તો ક્યાંય રહી ગયું). આહાહા..! કહો, 'શશીભાઈ'! આ શાસ્ત્રમાં છે કે નહિ? કે આ 'સોનગઢ'નું છે? 'સોનગઢ'નું નામ પડે ત્યારે એમ કહે, એકાંત છે. એ સાધુઓને માનતા નથી. અરે..! પ્રભુ! સાંભળને

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રભુ! ભાઈ! અરે..! સાધુ કોને કહેવા? બાપા! આહાહા..! પ્રભુ! તને...

મુમુક્ષુ :– .. મોટર આવી એટલે ભેંસુ ભડકે, નવી મોટર આવી ત્યારે ભેંસુ ભડકે

ઉત્તર :– ભડકી. છે તો એ આત્મા ભગવાન છે, ભગવાન છે. એક સમયની ભૂલ છે, એક સમયની ભૂલ છે. બાકી આખો ભગવાન છે. દ્રવ્યદૃષ્ટિએ તો સાધર્મી ભગવાન છે. પર્યાયની દૃષ્ટિ છોડી દો. પોતે પર્યાયની દૃષ્ટિ છોડી છે તો પરની છોડીને જુઓ તો એ ભગવાન છે. એની ભૂલ એક સમયની, અંતર્મુહૂર્તની નહિ. એક સમય. ક બોલે એમાં અસંખ્ય સમય જાય. એમાં એક સમયની દ્રવ્યમાં ભૂલ છે. આહાહા..! પંડિતજી! ટાળશે. ભગવાન છે ને એ. અત્યારે ભલે ન બેસે, પણ એની તાકાત છે.

મુમુક્ષુ :– આપની વાત સાચી છે. તો ચર્ચા કરવા...

ઉત્તર :– ચર્ચા કોની કરે? બાપા! આ ચર્ચા કરવા યોગ્ય છે. આ પંડિતજી છે ને કરો ને એની સાથે. અને તે ચર્ચા આપણે થઈ ગઈ નથી? ખાણિયા ચર્ચા. નહિતર આ ‘હુકમચંદજી’ છે, આ ભાઈ ઘણા છે. બધા પંડિત આપણા. મુખ્યપણે તો આપણે અત્યારે એ છે. એની સાથે ચર્ચા કરો. આહા..! અરે..! બાપુ! ચર્ચા કરીને, વાદવિવાદ કરીને કોઈને ખોટા પાડવા એવું કાંઈ છે નહિ, ભાઈ! એવા રાગ-દ્વેષ નથી. અહીં તો વીતરાગતા સિદ્ધ કરવી છે. એને ખોટા પાડીને તમે જૂઠા છો, એમ કહેવું નથી, બાપુ! આ તો વસ્તુનું સ્વરૂપ કેમ છે એ જાણવા માટેની આ વાત છે. કોઈ પ્રત્યે વ્યક્તિનો વિરોધ ન હોય, વેર ન હોય. ગમે તે પ્રકારે એની દૃષ્ટિ હોય, પણ તેના આત્મા પ્રત્યે એને દ્વેષ ન હોય. આત્મા છે, ભગવાન છે. એ પોતે ભગવાન ભૂલને ટાળશે. આહાહા..! સમજાય છે કાંઈ?

અમે તો ભાઈ ચર્ચા જ નથી કરતા કીધું. આવ્યો હતો ને? ‘લીંબડી’માં ‘ચંદ્રશેખર’ શ્વેતાંબરના સાધુ છે. ઓલો કરોડપતિ ‘જીવાભાઈ’ છે ને ‘મુંબઈ’? એના ભત્રીજાએ દીક્ષા લીધી છે. ‘ચંદ્રશેખર’. ત્રણ-ચાર વર્ષ થયા. તમે હતા ને? ‘લીંબડી’માં ત્રણ-ચાર સાધુ લઈને આવ્યા. ચર્ચા કરીએ. મેં કીધું, ભાઈ! અમે ચર્ચા કરતા નથી. ચર્ચામાં તો વાદવિવાદે આ વાત બેસે એવી નથી. એટલું નહોતું કહ્યું, પણ એટલું કહ્યું કે ચર્ચા નહિ. ત્યારે એણે એમ કહ્યું, કે તમારું આવું નામ અને તમે ના પાડો છો. તો તમારી આબરૂ? અહીં અમારી આબરૂ ક્યાં હતી? ગમે એમ ગણે નહિ. અમે તો ના પાડી. બાપા! મેં કીધું, ભાઈ! અમે ચર્ચા કરતા નથી.

મુમુક્ષુ :– કેટલા વર્ષ પહેલાની વાત છે?

ઉત્તર :– સાત વર્ષ થયા. ‘લીંબડી-લીંબડી’ એ મોટો ‘જીવા પ્રતાપભાઈ’ શું નામ? કરોડપતિ છે. એના ભત્રીજાએ દીક્ષા લીધી. એને અભિમાન બહુ છે. ત્રણ-ચાર સાધુ લઈને આવેલા અને એના અગ્રેસરો બે-ત્રણ લઈને આવેલા. ‘લીંબડી’માં. ચર્ચા આપણે કરીએ. આપણે વાદવિવાદ નહિ. બાપુ! ચર્ચા એ વાદવિવાદ છે. એ ચર્ચા તો અમે કાંઈ કરતા નથી. તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તમારા નામનું શું થાશે? અમારું નામ અહીં ક્યાં છે? નથી આવડતું એમ માનો, આબરૂ ગઈ માનો. માનોને અમારે શું છે ? પણ છેવટે કરતા કરતા એમ બોલ્યા. લ્યો, આ ચશ્મા વિના જ્ઞાન થાશે? કીધું, આવી ગઈ ચર્ચા, બાપુ! પંડિતજી! બાપુ! જ્ઞાનની પર્યાય તો સ્વકાળ છે તેથી તેને થાય છે. એને પરદ્રવ્યની અપેક્ષા નથી. આહાહા..! આ ચર્ચા આવી ગઈ, બાપુ!

જે સમયનો જ્ઞાનગુણ ત્રિકાળી છે તેની તે સમયની તે જ્ઞાનની પર્યાયનો જન્મક્ષણ છે. જન્મ એટલે ઉત્પત્તિનો કાળ જ એ પર્યાયનો છે. એને કોઈ પરદ્રવ્યનો સહારો નથી. અહીં આવી ગયું ને? પરદ્રવ્યના સહારાની કોઈ જરૂર નથી. આહાહા..! એને કાંઈ પકડાય નહિ. પણ પ્રત્યક્ષ આ ચશ્મા ચડે ને જણાય, ન જણાય (ક્યાં છે?), બાપુ! એની ક્ષણે ક્ષણે નિર્મળ અવસ્થા ભિન્ન-ભિન્ન હોય છે. એનો ઉપયોગ પણ ભિન્ન ભિન્ન હોય છે. આહાહા..! એ ઉપયોગને કાળે જે પર્યાય થાય છે એ પોતાથી પોતામાં પોતાને કારણે થાય છે. ચશ્માને કારણે નહિ, વાણીને કારણે નહિ, વીતરાગ ત્રિલોકનાથને દેખે અને વાણી સાંભળે, માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે (એમ નથી). એ જ્ઞાનગુણની એક સમયની પર્યાય ષટ્કારકથી દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી. એવી એ પર્યાય એક સમયમાં ષટ્કારકરૂપે પરિણમતી પર્યાય તે કાળે, તે જ ઉત્પન્ન થવાની તે ક્રમબદ્ધ ઉત્પન્ન થાય છે. બપોરે ક્રમબદ્ધ ચાલે છે. આહાહા..!

ભગવાન! ચર્ચા શેની? પ્રભુ! આ કાલે બહુ આવ્યું હતું. એ વાત–ચર્ચા કોઈ સાથે કરતા નથી. એકાંત છે... એકાંત છે. પ્રભુ! સાંભળને, ભાઈ! ભાઈ હમણા આવ્યા હતા ને ઓલા પ્રોફેસર 'દેવચંદજી'. 'સહરાનપુર'. હમણાં ઘણા દિવસ રહી ગયા. એ બિચારા તો સાંભળીને એમ કહેતા હતા, અરે..! આઠ-દસ દિવસ સાંભળેને મધ્યસ્થથી, તો એને ખબર કે આ શું છે? બાપુ! આ કોઈ કલ્પિત વાત છે અને કોઈ એમ વાત નથી, બાપુ! આ તો અંતરની વાતું છે. આહાહા..! એ હમણા બે-ત્રણ દિવસ પહેલા ગયા. પ્રોફેસર છે ને? 'દેવચંદજી'. બહુ મગજ શાંત. 'ફિરોઝાબાદ' ગયા. બે-ત્રણ દિવસ વ્યાખ્યાન આપશે. આહાહા..!

અહીં કહે છે, **'એક જીવ ત્રણ પ્રકારે થાય છે,...'** એમાં બે અર્થ નીકળ્યા. છે ને? પાંચમી લીટી. **'એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.'** આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર, નિર્મળ વીતરાગી પર્યાય. રાગની અહીં વાત નથી. વ્યવહાર-દર્શન-જ્ઞાન-ચારિત્રની અહીં વાત છે જ નહિ. આહાહા..! આ તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકલ્પ, વીતરાગી દ્રષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર, એવા એકને ત્રણ પ્રકારે પરિણમન કહેવું, એટલે કે જાણવું એ બધો વ્યવહાર મલિન છે. આહાહા..! ત્યારે (કોઈ) કહે, એવું હોય તો તમે આ બધું કરો છો કેમ? એમ કહે છે. મંદિર, પૂજા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભક્તિ, મોટા રથયાત્રા. 'જયપુર'માં તો જોયું હતું ને. ચાલીસ હજાર માણસ. ૨૧ હાથી. બાપુ! એ કોણ કરે? ભાઈ! તે સમયની, તે જડની તે અવસ્થાના જન્મક્ષણે તે તે પર્યાય થાય છે. આત્માથી થાય છે અને આત્મા કરે છે, એમ છે નહિ, પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી.

તારી પ્રભુતા બીજાને કરે એ પ્રભુતા તારી નથી. રાગને કરે એ પણ તારી પ્રભુતા નથી, એ તો પામરતા છે. આહાહા..! ફક્ત રાગાદિ થાય.. અરે..! અહીં ત્રણ ભેદ થાય. એને પણ તે સમયે જ્ઞાન સ્વને પૂર્ણ જાણે અને પર્યાયભેદને જાણે એવો જ જ્ઞાનનો પર્યાય સ્વપરપ્રકાશક સ્વતઃ (થાય છે). ત્રણ ભેદને લઈને નહિ, તેમ ત્રિકાળી તત્ત્વને લઈને નહિ. એ સમયની પર્યાય સ્વનું જ્ઞાન કરે છે પૂર્ણનું. એ પૂર્ણનું જ્ઞાન કરે છે એ પર્યાયમાં પૂર્ણ આવતું નથી. તેમ પૂર્ણમાં પેસીને પર્યાય જ્ઞાન કરે છે તેમ નથી. તેમ પૂર્ણનું જ્ઞાન કરતા તે પર્યાયમાં પૂર્ણ તત્ત્વ આવી જાય છે એમ નથી. પણ પૂર્ણ તત્ત્વનું જેટલું સામર્થ્ય છે એટલું એક સમયની પર્યાયમાં જ્ઞાનમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે આ. વસ્તુની સ્થિતિ આવી છે. એમાં કોઈ..

આવે છે કે નહિ? જિનેશ્વરે કહેલું કોઈ કુતર્કથી પણ હણાતુ નથી. શ્લોકમાં આવે છે. જે જ્ઞાન ભગવાને કહ્યું એનું... સંસ્કૃતમાં આવે છે. ભાષા ભૂલી જવાય છે. કોઈ કુતર્કથી પણ એ હણાઈ શકે એમ નથી. એવું ભગવાનનું કહેલું તત્ત્વ છે. સંસ્કૃતમાં શ્લોક આવે છે. 'પરમઅધ્યાત્મ તરંગિણી' 'પરમઅધ્યાત્મ તરંગિણી' પુસ્તક સંસ્કૃત છે. આમાં સંસ્કૃતના શ્લોક અને અર્થ કર્યા છે. 'શુભચંદ્રાચાર્યે'.

**'એક જીવ ત્રણ પ્રકારે થાય છે, તેથી મલિન કહેવાનો વ્યવહાર છે.'** આહાહા..! ગજબ વાત છે ને! એટલે? કે ભગવાનઆત્મા એકરૂપે, સ્વરૂપે, સામાન્ય સદશ્ય, ધ્રુવ, અભેદ એ રૂપે રહેવાનો એનો સ્વભાવ છે. એવો એકરૂપ જીવ દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે સાચો મોક્ષનો માર્ગ, જે સ્વદ્રવ્યને આશ્રયે થયેલી પર્યાય, પણ ત્રણ પ્રકાર એકમાં કહેવા એ તો કહે છે કે વ્યવહાર છે. અને વ્યવહાર છે માટે તેને અમે મલિન કહીએ છીએ. આહાહા..! હવે અમેચકનું આવે છે. આ મેચકની વાત થઈ. કહો, 'ધર્મચંદજી'! સમજાય છે કે નહિ? ગુજરાતી ભાષા છે. અમારા બહેન આવ્યા છે ઘરેથી? એ ગુજરાતી સમજી શકતા હશે? એ ગુજરાતી નથી સમજતા. તમારે સમજાવી દેવું. અહીં તો ઘણા ગુજરાતી છે ને. વિચાર આવ્યો તો ખરો કે બહેન આવશે. એ ગુજરાતી સમજશે કે નહિ? આહાહા..! ગુજરાતીમાં જેવું સ્પષ્ટ આવે છે એવું હિન્દીમાં અટકી જાય છે. વિચારની દીર્ઘતાની ધારા અટકી જાય છે. હિન્દી ભાષા જરી ગોતવી પડે ને. અને આ તો એની મેળાએ ચાલ્યું આવે. આહાહા..!

**'आत्मा अमेचकः'** મેચકની વ્યાખ્યા થઈ. છે ને? છઠ્ઠી લીટી. **'आत्मा अमेचकः'**. **'आत्मा'** એટલે **'ચૈતનદ્રવ્ય...'** **'अमेचकः'** એટલે **'નિર્મળ...'** ઓલા વ્યવહારને મેચકને મલિન કીધું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

હતું ને? એ મલિન. ત્યારે આત્મા ભગવાન એકરૂપ વસ્તુ છે, તે દ્રવ્ય છે, તે નિર્મળ છે. **'કોની અપેક્ષાએ નિર્મળ છે?'** ઓલામાં કહ્યું હતું ને? કે દર્શન-જ્ઞાન-ચારિત્ર મલિન છે. ચેતનદ્રવ્ય મલિન છે એમ કહ્યું હતું. કોની અપેક્ષાએ? કે ત્રણપણે પરિણમવાની અપેક્ષાએ. એમાં કહ્યું હતું ને? ઉપર બીજી લીટી. **'ચેતનદ્રવ્ય મલિન છે. કોની અપેક્ષાએ મલિન છે?'** કે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણપણે પરિણમવાની અપેક્ષાએ મલિન છે. આહાહા..!

હવે અહીંયાં કહે છે, કે ભગવાનઆત્મા તો અમેચક છે. ત્રિકાળ બિંબ, ચૈતન્યબિંબ એકલો જ્ઞાનનો રસકંદ ધ્રુવ, ત્રિકાળ પ્રજ્ઞાસ્વરૂપ. ચેતનનો ચેતનાસ્વભાવ, ચેતનનો ચેતનાસ્વભાવ. એ ત્રિકાળી એકરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'ચેતનદ્રવ્ય નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે?'** **'स्वयम् एकत्वतः'** આહાહા..! ઓલામાં ત્રણપણું લીધું હતું ને? તો અહીં એકપણું છે. આહાહા..! સામે સામે વાત છે ને. **'स्वयम् एकत्वतः'** **'દ્રવ્યનું સહજ...'** **'एकत्वतः'** એટલે **'નિર્ભેદપણું હોવાથી;...'** આહાહા..! વસ્તુ છે એ ભેદ વિનાની ચીજ છે. એમાં પરિણમનના ભેદો છે એ પણ વસ્તુમાં નથી. આહાહા..! આત્મદ્રવ્ય નિર્મળ છે. કઈ અપેક્ષાએ? કે દ્રવ્યનું નિર્ભેદપણું હોવાથી. આહાહા..!

વસ્તુ નિર્ભેદ–ભેળસેળ, પર્યાયની ભેળસેળ વિનાની છે. જેમ એક દાણામાં બીજા દાણાની ભેળસેળ કરે છે ને? એમ ભગવાનઆત્મામાં ભેદનું ભેળસેળ નથી. આહાહા..! એ તો નિર્ભેદ ત્રિકાળી... આહાહા..! એકેન્દ્રિયની પર્યાયમાં હો, પંચેન્દ્રિયની પર્યાયમાં હોય, પહેલા ગુણસ્થાને હોય કે ચૌદમે ગુણસ્થાને હોય... દરેક પર્યાયમાં વસ્તુ તો નિર્ભેદ જ રહી છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ચૌદ ગુણસ્થાન જીવમાં નથી એમ કીધું છે ને? એ દ્રવ્યમાં નથી એમ. ભેદ છે એ ભેદ વખતે વસ્તુ તો ત્રિકાળી ધ્રુવ આખી પડી જ છે. મિથ્યાત્વ ગુણસ્થાનમાં હોય કે કેવળ ગુણસ્થાનમાં હોય કે ચૌદમે ગુણસ્થાને હો. સિદ્ધને અહીં નથી લેવા અત્યારે. બાકી સિદ્ધની પર્યાય વખતે દ્રવ્ય તો પરિપૂર્ણ ધ્રુવ શુદ્ધ પડ્યું જ છે. સિદ્ધ અવસ્થા અને મોક્ષમાર્ગની અવસ્થા, એ તો બે પર્યાયો અવસ્થા છે. અવસ્થાયી–ત્રિકાળી અવસ્થાયી એમાં તો એ અવસ્થાનો અભાવ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આ શ્લોક જ એવો આવ્યો છે. એનો અર્થ હોય એવો કરવો પડે ને? એમાં બીજો થોડો થાય? એ વસ્તુસ્થિતિ નહિ રહે. આહાહા..!

કોઈ કહે કે ભાઈ! સભામાં આટલું બધું આવું? ભાઈ! સભામાં તો સત્ય દ્રવ્યાનુયોગનું જે તત્ત્વ છે, એ જ મોક્ષના માર્ગને મુખ્યપણે બતાવે છે. માટે એ જ સભામાં મુખ્યપણે હોવું જોઈએ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. દ્રવ્યાનુયોગની ભૂલ એમાં એ કહ્યું છે. મૂળ એનો જ પહેલો ઉપદેશ જોઈએ. કારણ કે મોક્ષનો માર્ગ મુખ્યપણે તો ત્યાં છે. આહાહા..! અને ચારે અનુયોગનો સાર તો વીતરાગતા છે. એ 'પંચાસ્તિકાય'ની

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૭૨ ગાથામાં (કહ્યું). ચારે અનુયોગનું, સર્વ શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. એ વીતરાગતા પ્રગટે કેમ? કે પર્યાયને આશ્રયે પ્રગટે નહિ, રાગને આશ્રયે પ્રગટે નહિ. આહાહા..! ત્રિકાળી દ્રવ્ય જે અભેદ છે એને આશ્રયે પ્રગટે. માટે નિર્ભેદ અને નિર્મળ કહેવામાં આવે છે. આહાહા..! આવું છે. કહો, 'દેવજીભાઈ'! એ કણબી છે. 'કાનાતળાવ' છે ને? ત્યાં દિગંબરનું મંદિર બનાવ્યું છે. 'દેવજીભાઈ' છે. 'ધર્મચંદભાઈ'ની પાછળ. દસ-બાર ઘર છે. વાંચન ચાલે છે. વાંચે છે. ૫૫ હજારનું મંદિર બનાવ્યું. હાથીના હોદ્દે લાવ્યા હતા. વેદી પ્રતિષ્ઠા કરી હતી. અત્યારે વાંચે છે. અરે..! આ માર્ગ ક્યાં? બાપા! આહાહા..! આવી પરમ સત્ય વાત કાને પડવી એ પણ કોઈ ભાગ્ય હોય તો કાને પડે. હા પડવી એ તો અનંત પુરુષાર્થ છે. એમાં કાંઈ પુણ્યની જરૂર નથી. આહાહા..!

મુમુક્ષુ :– કરવું એને પુણ્યની જરૂર નથી.

ઉત્તર :– અંદર હા એટલે આ આમ છે. એમ માનવામાં કોઈ બહારની જરૂર નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નહિ. નહિ. સાંભળવા યોગ્ય પૂરતું પુણ્ય છે. પણ ત્યાં અંદર કાંઈ જરૂર નથી. અંદર શ્રદ્ધા કરવામાં એની જરૂર નથી. સાંભળેલા જ્ઞાનની પણ એને જરૂર નથી. સાંભળવા ટાણે પણ જ્ઞાન તો પોતાનું છે. ભગવાનની વાણી સાંભળે છે ત્યારે ઉપાદાન તો પોતાનું છે. એ તો નિમિત્ત છે. એનાથી કાંઈ ત્યાં થયું નથી. પણ એ પરલક્ષી જ્ઞાન છે એ પણ સ્વલક્ષ કરવા માટે મદદગાર નથી. સમજાણું કાંઈ? કહો, 'દેવીલાલજી'! એ મધ્યસ્થ થઈ આઠ દિ' સાંભળે તો એને જરી આગ્રહ રહે. એમ કે મેં આ જાણ્યું. બાપુ! ગમે તેટલું જાણ્યું હોય. એ વિદ્વતાનું અહીં કાંઈ કામ નથી.

ઓલામાં કહ્યું છે ને? 'સમયસાર' માં. 'નિશ્ચય તજી વ્યવહારમાં વર્તે છે.' વિદ્વાનો નિશ્ચય તજી વ્યવહારમાં વર્તે છે. આહાહા..! અરે..! તેં વિદ્વાનપણું કરીને શું કાઢ્યું? એમ કહે છે. તું સ્વનો આશ્રય છોડીને વ્યવહારની વાતું કરવા માંડ્યો? આહાહા..! પણ નિશ્ચયનયાશ્રિત સંતોને મુક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર હોય છે. હોય છે તેનું ત્યાં જ્ઞાન પણ વ્યવહાર છે માટે નહિ. આહાહા..! તે સમયની જ્ઞાનની પર્યાય દ્રવ્ય આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થયું છે તે પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાન તે સમયે તે જ પ્રકારનો ઉત્પત્તિનો કાળ છે માટે થાય છે. આગળ-પાછળની પર્યાયની પણ જેને જરૂર નથી. સમજાણું કાંઈ? કહો, 'ચંદ્રકાંતજી'! આવી વાતું છે. ત્યાં નોકરી છે. 'ચંદ્રકાંતભાઈ' છે. તેને બે-અઢી હજારનો પગાર છે. એમાં ને એમાં છો તમે? એસ.ઓ.માં છો હજી? એચ.પી. થઈ ગયું. આહાહા..! આ ધૂળ-ધાણી છે. એ ૧૦ હજાર, ૫૦ હજારના પગાર, બે-પાંચ કરોડ પૈસા. એ તો અજીવ છે. એમાં તું નથી, તારામાં એ નથી. અહીં તો રાગમાં આત્મા નથી, આત્મામાં રાગ નથી. અહીં તો નિર્મળ પરિણતિમાં એક નથી આવતો, એકમાં ત્રણ પરિણતિ નથી. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ?

**'ચેતનદ્રવ્ય 'अमेचकः' નિર્મળ છે; કોની અપેક્ષાએ નિર્મળ છે ?' 'स्वयम् एकत्वतः'** પોતે-સ્વયં દ્રવ્યનું જ નિર્ભેદપણું. સ્વયં પોતાનું નિર્ભેદપણું પોતાથી છે. આહાહા..! **'આવો નિશ્ચયનય કહેવાય છે.'** આનું નામ સત્ય જ્ઞાનનો ન્યાય અને સત્ય જ્ઞાન કહેવાય છે. આહાહા..! આ જ્ઞાન સત્ય કહેવાય છે. અખંડ આનંદ પ્રભુને પકડે, અને એનાથી જે જ્ઞાન થાય, તે નિશ્ચયજ્ઞાન તે યથાર્થજ્ઞાન છે. શાસ્ત્રના ભણતરથી જ્ઞાન થાય એ જ્ઞાન નથી. પરાલંબી જ્ઞાન છે. એ પણ બંધનું કારણ છે. આહાહા..! ભગવાન અબંધ સ્વરૂપ છે, એને આશ્રયે જ્ઞાન થાય તે અબંધ પરિણામી જ્ઞાન હોય. આહાહા..! સમજાણું કાંઈ? **'આવો નિશ્ચયનય કહેવાય છે.'**

**'आत्मा प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च'** પહેલો વ્યવહાર કહ્યો, પછી નિશ્ચય કહ્યો. હવે એ બેયને સાથે લઈને પ્રમાણ કહે છે. પણ પ્રમાણમાં પણ નિશ્ચયનું જે અભેદપણું છે એને રાખીને ભેદને ભેળવે છે. પ્રમાણ એનું નામ નથી કે નિશ્ચયને છોડી દઈને ભેદને ભેળવે છે. સમજાણું કાંઈ? શું કીધું એ? પ્રમાણજ્ઞાન બેને જાણે છે. તો એમાં બેને જાણે છે એટલે જે નિશ્ચયથી અભેદ છે એનું જ્ઞાન પણ એમાં છે. એની સાથે પર્યાયમાં ત્રણ ભેદ પડ્યા, એનું પણ જ્ઞાન સાથે છે. એથી વ્યવહાર ભળ્યો. ઓલો નિશ્ચયે હતો હવે વ્યવહાર ભળ્યો. બેના જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રમાણજ્ઞાનમાં ઓલો નિશ્ચય છે એ કાઢી નાખે અને પર્યાયના ભેદને ભેળવીને જ્ઞાન થાય. એ જ્ઞાન થાય જ નહિ. આહાહા..! પ્રમાણજ્ઞાન ન થાય. આહાહા..!

**'आत्मा प्रमाणतः समम्'** એટલે એક સાથે. **'प्रमाणतः समम् मेचकः अमेचकः अपि च' 'आत्मा' 'ચેતનદ્રવ્ય समम् એક જ કાળે...'** આહાહા..! **'મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ.'** યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ. આહાહા..! એટલે કે ત્રિકાળીને પણ જાણે, અભેદને પણ જાણે અને ત્રણ પ્રકારનું પરિણમન છે એને પણ ભેળવીને જાણે. તો એને પ્રમાણજ્ઞાન કહેવામાં આવે છે. ઓલા અભેદ અને નિર્ભેદની દૃષ્ટિ છોડી દઈને એકલા ભેદને જાણે તો એ પ્રમાણ ન થયું. પ્રમાણમાં તો બેનું જ્ઞાન સાથે જોઈએ.

મુમુક્ષુ :– ક્યારેક આને જાણે, ક્યારેક આને જાણે.

ઉત્તર :– એમ નહિ. આહાહા..!

અહીંયાં તો નિશ્ચયથી નિર્ભેદ વસ્તુ છે. એ તો નિશ્ચયનું જ્ઞાન પ્રમાણમાં છે જ. એ ઉપરાંત ત્રણ પ્રકારે પરિણમે છે એવા વ્યવહારને ભેળવ્યો, માટે ઓલો નિશ્ચય હતો, આ વ્યવહાર હતો. બેનું એક સાથે જ્ઞાન કર્યું એનું નામ પ્રમાણ થયું. આહાહા..! સમજાણું કાંઈ? સામે છે ને? પુસ્તક સામે છે ને? 'ધન્યકુમારજી'! પુસ્તક છે કે નહિ? 'ધન્યકુમારજી'ને જાણો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છો? અંતરીક્ષમાં ઘણી મહેનત કરી હતી. શ્વેતાંબરમાં અંતરીક્ષ. અંતરીક્ષ શ્વેતાંબરમાં હોય જ નહિ. કારણ કે ભગવાન અંતરિક્ષ તો દિગંબરમાં જ હોય છે.

મુમુક્ષુ :– સમવસરણમાં ચાર આંગળ ઉપર બિરાજે છે.

ઉત્તર :– શ્વેતાંબરમાં એ હોય જ નહિ. એ તો નવું નીકળ્યું છે અને એમાં અમથુ પણ ન હોય. દિગંબરમાં અંતરીક્ષ હોય છે. ભગવાન અધ્ધર રહે. પણ લોકોને પક્ષ આડે, આગ્રહ આડે સત્ય શું છે એને શોધીને એનો નિર્ણય કરવો જોઈએ. એમ ને એમ માની લેવું એ કાંઈ વસ્તુ છે? ભાવનું ભાસન થવું જોઈએ. કઈ જાતનો આ ભાવ કેમ છે અને શું થયું? એવું એના જ્ઞાનમાં તેનું ભાન, ભાવ ભાસવો જોઈએ. આહાહા..!

અહીં કહે છે **'ચેતનદ્રવ્ય એક જ કાળે મલિન પણ છે અને નિર્મળ પણ છે.'** આ ભારે કરી. ત્રણપણે પરિણમે છે એ અપેક્ષાએ એને વ્યવહારરૂપે મલિન કહેવામાં આવ્યું. તે જ વખતે એ એકરૂપે છે. અહીંયાં સાધક છે ને? સાધકના લેવું છે ને? અહીં કાંઈ કેવળીનું નથી લેવું. કેવળીને એકલું પ્રમાણ આખું પૂર્ણ જ્ઞાન થઈ ગયું. આહાહા..! પણ નીચલાની અપેક્ષાએ કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે. શ્રુતજ્ઞાનીને નય છે ને. કેવળીને ક્યાં નય છે? આહાહા..! સમજાણું કાંઈ? કેવળીને નય નથી કાંઈ કે એ નિશ્ચયનયે કેવળજ્ઞાન લે. એ તો શ્રુતજ્ઞાની નયવાળો કેવળજ્ઞાન સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે એમ પોતે જાણે છે. સમજાણું કાંઈ? એને કાંઈ સદ્‌ભૂત વ્યવહારનય નથી. એને તો પૂર્ણ જ્ઞાન થઈ ગયું, કેવળ થઈ ગયું. ત્યાં શ્રુત ક્યાં રહ્યું છે? નય તો શ્રુતનો ભેદ છે. આહાહા..! નીચલી દશામાં....

અહીં કહે છે કે જ્યારે **'ચેતનદ્રવ્ય એક જ કાળે મલિન પણ છે...'** એ સાધકની અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? ત્રણપણે પરિણમવું એ વ્યવહાર પણ છે અને એકપણે છે એ નિશ્ચય પણ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! આવું ઝીણું છે. ક્યાં 'કાનાતળાવ' અને ક્યાં કણબી! ક્યાં જૈનની આ વાત આવી! આહાહા..! આ તો વસ્તુની સ્થિતિ છે. આ કાંઈ સંપ્રદાય નથી. આહાહા..! આ તો વસ્તુની જે રીતે મર્યાદા છે, તે રીતે તેનું જાણવું એનું નામ વસ્તુસ્થિતિ છે. એનું નામ જૈન છે. જૈન કોઈ સંપ્રદાય નથી. આહાહા..!

વસ્તુ **'મલિન પણ છે અને નિર્મળ પણ છે. કોની અપેક્ષાએ? યુગપદ્ અનેક ધર્મગ્રાહક...'** એટલે કે નિશ્ચયનો ધર્મ પણ ગ્રહ્યો–જાણ્યો છે અને વ્યવહારના ભેદને પણ જાણ્યો છે. એવા **'અનેક ધર્મગ્રાહક...'** ઓલો એક-એક ધર્મ હતો. અભેદનો અને ભેદનો. નિશ્ચયમાં અભેદનો અને વ્યવહારમાં ત્રણ પ્રકારના ભેદનો. એ બેમાં બેને ભેગા કરીને અનેક ધર્મગ્રાહક કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! **'યુગપદ્ અનેક ધર્મગ્રાહક જ્ઞાનની અપેક્ષાએ.'** પ્રમાણ છે એમ કહે છે. **'તેથી પ્રમાણદૃષ્ટિએ જોતાં એક જ કાળે...'** પ્રમાણદૃષ્ટિથી જોતાં એટલે જાણતાં. **'એક જ કાળે જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે, અભેદરૂપ પણ છે.'** આહાહા..! સાધક છે ને? સાધક છે એટલે ભેદનું પરિણમન છે. એકલું પૂર્ણ થઈ ગયું છે કેવળીને, એમ સાધકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. સમજાણું કાંઈ?

સાધક છે તેથી તેના પ્રમાણજ્ઞાનમાં અનેક ધર્મગ્રાહક આવ્યું. એટલે કે અભેદ ત્રિકાળી છે તેનું જ્ઞાન પણ એમાં આવ્યું. અને ભેદ ત્રણરૂપે પરિણમે છે એનું પણ જ્ઞાન આવ્યું. અનેક ધર્મગ્રાહક થઈ ગયું. અભેદને અને ભેદને બેને ગણીને અનેક ધર્મગ્રાહક પ્રમાણજ્ઞાન થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? **'જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે,...'** પણ કેમ લીધું? ઓલું અભેદ પાછું નાખવું છે એટલે પણ લીધું. **'ભેદરૂપ પણ છે, અભેદરૂપ પણ છે.'** પાછી ભાષા શું લીધી? કે **'પ્રમાણદૃષ્ટિએ જોતાં એક જ કાળે જીવદ્રવ્ય...'** પાછું જીવદ્રવ્ય લીધું. આહાહા..! **'પ્રમાણદૃષ્ટિએ જોતાં...'** એટલે દ્રવ્ય અને પર્યાય બેને એકસાથે જોનાર પ્રમાણથી જોતાં તે **'જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે,...'** લ્યો ઠીક. એ જીવદ્રવ્ય ત્રણ પ્રકારે પરિણમ્યું છે એ રીતે પણ છે એમ. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, બહુ ભાષા આકરી નથી. સંસ્કૃત ને વ્યાકરણ એવું તો કાંઈ નથી. આ તો વસ્તુસ્થિતિ આમ છે. આહાહા..!

પહેલા કહ્યું હતું કે ચેતનદ્રવ્ય નિર્મળ છે. અમેચકમાં કહ્યું હતું ને? કેમ? કે દ્રવ્યનું સહજ નિર્ભેદપણું હોવાથી. અહીં પાછું કીધું કે **'જીવદ્રવ્ય ભેદરૂપ પણ છે, અભેદરૂપ પણ છે.'** ... પ્રકારનું પરિણમન પણ હજી છે અને આમ અભેદ તરીકે નિર્ભેદ પણ છે. આહાહા..! બેને થઈને નિર્ભેદને રાખીને ભેદને ભેળવ્યું માટે તેને પ્રમાણ અનેક ધર્મગ્રાહક કહેવામાં આવ્યું, ભાઈ! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(અનુષ્ટુપ)

दर्शनज्ञानचारित्रैस्त्रिभिः परिणतत्वतः।
एकोऽपि त्रिस्वभावत्वाद्वयवहारेण मेचकः।।१७।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'एकः अपि व्यवहारेण मेचकः' (एकः अपि) દ્રવ્યદૃષ્ટિથી જોકે જીવદ્રવ્ય શુદ્ધ છે તોપણ (व्यवहारेण) ગુણગુણીરૂપ ભેદદૃષ્ટિથી (मेचकः) મલિન છે. તે પણ કોની અપેક્ષાએ ? 'त्रिस्वभावत्वात्' (त्रि) દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે (स्वभावत्वात्) સહજ ગુણો જેના, એવું હોવાથી. તે પણ કેવું હોવાથી ? 'दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः' કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે પરિણમે છે, તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે. ૧૭.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અષાઢ સુદ ૮, શુક્રવાર તા.૨૪.૦૬.૧૯૭૭
## કળશ - ૧૭-૧૮, પ્રવચન - ૨૪

(એકરૂપ) એટલે શુદ્ધ છે. ત્રિકાળી શુદ્ધ છે. આ કહે છે ને અત્યારે ઓલા? કે ભાઈ! અશુદ્ધ પરિણામ હોય ત્યારે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. એમ નથી. પર્યાય, જોનારી પર્યાય દૃષ્ટિ છે, પણ એનો વિષય જે છે એ તો ધ્રુવ એકરૂપ છે. એકરૂપનો અર્થ અહીં શુદ્ધ કર્યો. ત્રિકાળ શુદ્ધ. એ નિગોદ અવસ્થામાં હોય તો પણ દ્રવ્ય તો શુદ્ધ જ છે અને મોક્ષમાર્ગની પર્યાયમાં હોય તો પણ પૂર્ણ શુદ્ધ જ છે. અને ઘણી શુદ્ધતા પ્રગટી તો દ્રવ્યમાં શુદ્ધતા ઓછી થઈ ગઈ એમ નથી. સમજાણું કાંઈ? અને પર્યાયમાં અશુદ્ધતા ઘણી થઈ ગઈ, નિગોદમાં અક્ષરના અનંતમા ભાગે થઈ, તો એટલી પર્યાય થઈ તો દ્રવ્યમાં શુદ્ધતા વિશેષ છે એમ પણ નથી. દ્રવ્ય તો એકરૂપ શુદ્ધ છે એ સદા એકરૂપ જ છે. **'एको'** કહ્યું ને? સમજાણું કાંઈ?

પર્યાયમાં ગમે તેટલી મલિનતા હોય અને ગમે તેટલી પર્યાયમાં નિર્મળતા હોય, પણ વસ્તુ તો એકરૂપ રહે છે. એક એટલે શુદ્ધ રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અને કેવળદર્શન અનંત શુદ્ધ પ્રગટ્યા તો શુદ્ધમાંથી આવ્યું માટે શુદ્ધતા ઓછી થઈ ગઈ એમ નથી.

**'દ્રવ્યદૃષ્ટિથી જોકે જીવદ્રવ્ય શુદ્ધ છે...'** એક જ છે, એકરૂપ જ છે. એકનો અર્થ અહીં શુદ્ધ કર્યો. શુદ્ધ આવે તો એક અર્થ કરે, એક હોય તો શુદ્ધ અર્થ કરે. એ તો વસ્તુની શૈલી છે. સમજાણું કાંઈ? વસ્તુદૃષ્ટિથી, સમ્યગ્દર્શનથી જુઓ તો વસ્તુ એકરૂપ ત્રિકાળ છે અને ત્રિકાળ શુદ્ધ છે. **'તોપણ...'** વ્યવહાર એટલે પર્યાયદૃષ્ટિથી જુઓ તો... આહાહા..! વ્યવહાર એટલે પર્યાય. પર્યાયથી જુઓ તો... આહાહા..! **'ગુણગુણીરૂપ ભેદદૃષ્ટિથી મલિન છે.'** આહાહા..! ઘણા ટૂંકા શબ્દોમાં અર્થ કર્યો.

ભગવાન એકરૂપ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય. અને તેની પર્યાયમાં વર્તમાન દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય હોય, તો એ પર્યાયદૃષ્ટિથી એકરૂપ ન રહ્યું, અનેક થયું. એકાકાર કહ્યું ને? એકરૂપ છે એ એકાકાર છે. અને ત્રણરૂપ છે એ અનેકાકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનેકાકારની દૃષ્ટિથી જુઓ કે પર્યાયદૃષ્ટિથી જુઓ કે વ્યવહાર દૃષ્ટિથી જુઓ તો એક જ વાત છે. તો ગુણગુણી ભેદથી જુઓ તો મલિન છે. ત્રિકાળી એકરૂપ શુદ્ધની દૃષ્ટિની અપેક્ષાએ ત્રિરૂપ પરિણમનને પર્યાયદૃષ્ટિથી દ્રવ્યની દૃષ્ટિમાં ગૌણ કરીને, ત્રણરૂપ પરિણમનને ગૌણ કરીને પર્યાયને અસત્ય પણ કહેવામાં આવે છે.

દ્રવ્ય શુદ્ધ એકરૂપ ચીજ છે એ અપેક્ષાએ ત્રણરૂપ પરિણમનને વ્યવહાર કહીને, પર્યાયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિષય કહી એને અસત્ય કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ કહ્યું ને? **'व्यवहारेण'** ત્યાં 'સમયસાર'ની ૧૧મી ગાથામાં એમ કહ્યું કે **'व्यवहारोऽभुदत्थो'** વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. અને નિશ્ચય ભૂતાર્થ છે, નિશ્ચય છે એ જ શુદ્ધનય છે. નયનો વિષય અને નય એવા બે ભેદ ન પાડતા, ત્રિકાળી ભૂતાર્થ વસ્તુ સમ્યગ્દર્શનનો જે વિષય છે... આહાહા..! એ તો એકરૂપ ભૂતાર્થ છે, એ જ સત્યાર્થ છે. આ **'एकोऽपि'** કહ્યું ને? એ **'एकोऽपि'** કહો કે ભૂતાર્થ કહો. અને 'સમયસાર'ની ૧૧મી ગાથામાં **'व्यवहारोऽभुदत्थो'** કહ્યું. એ પર્યાયને ગૌણ કરીને, અભાવ કરીને નહિ. ગૌણ કરીને પર્યાયના ત્રણ ભેદને અસત્યાર્થ કહ્યા. ત્રિકાળી સત્યને એકરૂપ જાણીને સત્યાર્થ કહ્યું. સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું છે.

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ એકરૂપ (છે). એકરૂપનો અર્થ અહીં શુદ્ધ કર્યો છે. અને ત્રણપણે અનેકાકારરૂપ પરિણમન થવું, તેને વ્યવહાર કહીને ત્રિકાળની અપેક્ષાએ ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું છે. અરે..રે..! આવી વાત છે. સમજાણું કાંઈ? 'પ્રેમચંદજી'! આવી વાતું છે, ભાઈ! આહાહા..! એના દ્રવ્ય અને પર્યાય બે વચ્ચેની વાત છે, હોં! પરની અપેક્ષા અહીંયાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં 'રાજમલજી'ની ટીકાએ તો બહુ (કર્યું છે). એ ગુણ-ગુણી ભેદ એટલું લીધું. ત્રિકાળી વસ્તુમાં જે ત્રણરૂપ પરિણમન છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ગુણગુણી ભેદ થયા. આહાહા..! ગુણી જે ત્રિકાળી એકસ્વરૂપ જે દૃષ્ટિનો વિષય ભૂતાર્થ છે એની અપેક્ષાએ અહીં તો ગુણ-ગુણી ભેદ લીધો. એ ગુણ શબ્દે ત્રણ પ્રકારનું પરિણમન. એ ગુણી એકરૂપમાં ત્રણ પ્રકારનું પરિણમન એ ભેદ થઈ ગયો. સમજાણું કાંઈ? ગુણ-ગુણી ભેદ એમ લીધું છે ને? તો ગુણી તો ત્રિકાળી એકરૂપ છે, શુદ્ધ છે. પણ ત્રણરૂપ પરિણમન છે એ પર્યાય છે. ગુણ શબ્દે ત્યાં પર્યાય છે. સમજાણું કાંઈ? એ ગુણી અને પર્યાયનો ભેદ કરીને ભેદથી... આહાહા..! **'ભેદદૃષ્ટિથી મલિન છે.'** મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, ત્રણ જે પર્યાય છે એ ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર કહીને, પર્યાય કહીને ગૌણ કરીને અસત્યાર્થ કહી અને મલિન કહી. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાય પણ મલિન છે એમ કહે છે. લ્યો.

'પરમાર્થ વચનિકા'માં લીધું છે ને? દ્રવ્ય છે એ નિષ્ક્રિય નિશ્ચય છે અને મોક્ષમાર્ગ એ વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ એ વ્યવહાર છે. એ 'બનારસીદાસ'ની 'પરમાર્થ વચનિકા'માં છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણરૂપ પરિણમનને જોવું, જાણવું એ પર્યાયનયનો વિષય છે અને એ વ્યવહારનો વિષય છે તો એ મલિન છે એમ કહે છે. કેમકે એકમાં ત્રણરૂપ પરિણમન ભેદ થયા એને અહીં મલિન કહ્યું. ગૌણ કરીને મલિનને અસત્યાર્થ પણ કહી.

મુમુક્ષુ :– મલિન શા માટે કહે છે?

ઉત્તર :– એ મલિન કહ્યાને? ત્રિકાળ જ્યારે નિર્મળ છે, ત્રિકાળી વસ્તુ શુદ્ધ ને એકરૂપ છે. આ પર્યાય અનેકરૂપ અને ભેદરૂપ છે, તેને અશુદ્ધ કહી, મલિન કહી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ભેદની અપેક્ષાઓ છે.

ઉત્તર :– બસ. એ અપેક્ષાએ. એ કાલે સાતમીમાં કહ્યું હતું. ૭મી ગાથા. 'અમૃતચંદ્રાચાર્યે' હિન્દી લેવું છે? ૭મી ગાથામાં કહ્યું હતું, **'दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति चेत्-'** 'અમૃતચંદ્રાચાર્ય' 'સમયસાર'ની ૭મી ગાથામાં કહે છે. એ આ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની વાત છે. છે. જુઓ!

**'હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર–એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા; એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે.'** સંસ્કૃત છે. કાલે કહ્યું હતું. સમજાણું કાંઈ? કઈ અપેક્ષા છે એ સમજવું (જોઈએ). કેમકે વ્યવહારનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. આહાહા..! ચાહે તો નિશ્ચય મોક્ષમાર્ગ હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ પર્યાય (હોય), પણ ત્રણ થયા ને? ત્રિકાળી એકની અપેક્ષાએ ત્રણને વ્યવહાર કહીને અશુદ્ધ કહ્યું છે અને મલિન કહ્યું છે. આહાહા..! થોડી ઝીણી વાત છે. 'દેવજીભાઈ'! 'કાનાતળાવ'માં ક્યાંય આવું ન મળે. આહાહા..! પ્રભુ! તું જો તો ખરો. આહાહા..! એ ઉપરની ટીકા છે, હોં! 'અમૃતચંદ્રાચાર્ય'ની.

**'ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે'** એકને ત્રણપણે કહેતા અશુદ્ધતા આવે છે. એવો પ્રશ્ન 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં ઉત્પન્ન કર્યો. શ્લોક કહેતા પહેલા. આહાહા..! **'अशुद्धत्वमिति'** એનો ઉત્તર કહ્યો, કે છે તો અશુદ્ધ જ. ભેદરૂપ છે એ અશુદ્ધ છે. આહાહા..! દૃષ્ટિનો વિષય તો અભેદ, શુદ્ધ એકરૂપ ત્રિકાળ છે. સદશ સ્વભાવમાં વિસદશતા એ વિસદશ છે ને? ઉત્પાદ-વ્યયરૂપ છે ને? મોક્ષનો માર્ગ નિશ્ચય છે પણ એ ઉત્પાદ-વ્યયરૂપ છે. અને ઉત્પાદ ભાવ અને વ્યય અભાવ. ઉત્પાદ-વ્યય તો વિસદશ થયો. એક ભાવરૂપ, એક અભાવરૂપ. ત્રિકાળ છે એ એક ભાવરૂપ, ધ્રુવરૂપ. એ સદશની અપેક્ષાએ એને અવિરુદ્ધ કહ્યો છે. અને ઉત્પાદ-વ્યયને વિરુદ્ધ કહ્યા છે. અને ભેદને... એ ઉત્પાદ-વ્યય ત્રણ ભેદ છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પાદ છે ને? તો ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યયમાં મોક્ષમાર્ગ થાય છે. કાંઈ ધ્રુવમાં નથી. આહાહા..!

કહે છે, કે એને અશુદ્ધતા આવે છે ને? કે, ભાઈ! અશુદ્ધતા છે જ. સાંભળ તો ખરો. પર્યાય ઉપર લક્ષ જતાં રાગી પ્રાણી છે... એ રાત્રે કહ્યું હતું. એ સાતમી ગાથાના ભાવાર્થમાં છે, ત્રણ ઉપર લક્ષ જતાં, ભેદના જાણતાં અશુદ્ધતા નથી આવતી. પણ ભેદને જાણતાં રાગી પ્રાણી છે તો રાગ ઉત્પન્ન થાય છે. ભેદને જાણવું એ અશુદ્ધતાનું કારણ હોય તો કેવળી સર્વ લોકાલોકને જાણે છે. ભેદાભેદને જાણવું એ કાંઈ રાગનું કારણ નથી. પણ રાગી પ્રાણી છે, અલ્પજ્ઞ છે, સાધક છે અને હજી રાગ છે, તો ત્રણ ઉપર લક્ષ જશે, તો રાગી છે માટે રાગ ઉત્પન્ન થશે. ત્રણ ઉપર લક્ષ જાય છે માટે એમ નથી. સમજાણું કાંઈ? વસ્તુ આવી છે, ભાઈ! હવે આમાં ચર્ચા શું કરવી? કોની સાથે કરવી? આ પંડિતજીને સોંપી દીધું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચર્ચા-બર્ચા કરશે કરવી હોય એની સાથે. આપણા તરફથી એક મોટા પંડિત છે. આહાહા..!

અહીં તો ભગવાન કહે, સાંભળ તો ખરો, પ્રભુ! તારું હિત ક્યાં છે? એ વાત લે ને. આહાહા..! કહે છે, **'व्यवहारेण'** અર્થ શું કર્યો? ગુણ-ગુણી ભેદ. આહાહા..! દ્રવ્ય અને પર્યાયનો ભેદ એ વ્યવહાર થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ અધિકાર છે, ભાઈ! પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવનું આ કથન છે. જિનેશ્વરદેવે જે કહ્યું એ સંતો કહે છે. કહે છે, કે ગુણ-ગુણી ભેદ મલિન છે. આહાહા..! **'તે પણ કોની અપેક્ષાએ ?' 'त्रिस्वभावत्वात्' 'દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે...' 'त्रिस्वभावत्वात्' 'સહજ ગુણો જેના,...'** છે તો એની સ્વાભાવિક નિર્મળ પર્યાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તો સહજ નિર્મળ પર્યાય, પણ ત્રણ છે ને? અહીં તો **'एको'** સામે ત્રણ એમ લીધું છે. પાઠમાં છે ને? **'एको'** એ શબ્દ છે ને. એની સામે **'त्रि'**. **'एको'** ત્રિકાળ એકરૂપ છે એ શુદ્ધ છે અને એની સાથે અનેક પર્યાય છે, દ્રવ્ય પર્યાય ભેદ છે એ વ્યવહાર છે, મલિન છે. આહાહા..! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. પંડિતજી! બહુ ગોટા ઊઠ્યા છે. હજી તો ક્યાંક અટક્યા છે. હજી તો વ્યવહાર કરતાં કરતાં થાય. આહાહા..!

આ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને અહીં તો વ્યવહાર કહ્યો. એને વ્યવહાર કહ્યો. દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ અને શાસ્ત્રનું વિકલ્પવાળું જ્ઞાન એ વ્યવહારની તો અહીં વાત જ નથી, એ તો અસદ્ભૂત વ્યવહાર છે. પણ અહીંયાં સદ્ભૂત વ્યવહાર જે છે... આહાહા..! એના દ્રવ્યમાં પર્યાયનો ભેદ થાય છે એને અહીંયા મલિન કહેવાની રીત છે. આહાહા..! કહો, 'ધર્મચંદજી'! આહાહા..!

**'त्रिस्वभावत्वात्'**. **'एको'** એ દૃષ્ટિનો વિષય શુદ્ધ. ત્રણ એ પર્યાયનો વિષય મલિન. આહાહા..! આવું છે. અને તે છે, હોં! એ નથી એમ નથી. પર્યાય પણ છે. વેદાંતની પેઠે નથી એમ નથી. છે પણ ત્રણરૂપે ભેદ થયો, એ અપેક્ષાએ એને વ્યવહાર કહીને, અશુદ્ધ કહીને મલિન કહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :– કહી દીધું કે છે જ ખરેખર.

ઉત્તર :– છે. એ અપેક્ષાએ છે. ત્રિકાળીની અપેક્ષાએ એકરૂપ શુદ્ધ છે. એ અપેક્ષાએ ત્રણરૂપે અશુદ્ધ કહેવામાં આવ્યું છે. કારણ કે ત્રણ ભેદ છે ને? આહાહા..! આવી વાત છે. વીતરાગ સિવાય આવો માર્ગ ક્યાં છે? આહાહા..! એ પણ દિગંબર સંતો સિવાય ક્યાંય માર્ગ છે નહિ. એથી લોકોને દુઃખ લાગે, પણ શું થાય? ભાઈ! સત્યનો માર્ગ, પ્રવાહ તો આ છે. આહાહા..!

મુમુક્ષુ :– પ્રવાહ તો ફરી ગયો હોય. ઔષધી બધી કડવી હોય.

ઉત્તર :– કડવી હોય. એ દાખલો આવે છે ને? એક કણબી હતા એને બહુ તાવ આવ્યો. તાવ આવ્યો તો બધા કહેવા લાગ્યા. કોઈ કહે કે કરિયાતુ આપો, કરિયાતુ સમજો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છો? કરિયાતુ–કડવું. એમ એમ બધા કહેવા લાગ્યા. એમાં એક આવ્યો, કહ્યું કે એને શીરો ખવરાવો. શીરો–હલવો. એ શું કહે છે? એ તને મરવાનું કહે છે. સાંભળને, શું કહે છે. આવો પાંચ ડિગ્રી તાવ અને એમાં શીરો ખાઈશ તો મરી જઈશ. ઓલું કડવી દવા કોણ કહે છે એ એણે ન સાંભળ્યું. કડવી દવા કહેનારને બરાબર સાંભળ્યું નહિ. એ કહે છે કે શીરો ખવરાવો. મરી જાઈશ. પાંચ ડિગ્રી તાવ છે. ન્યુમોનિયા છે. 'દેવજીભાઈ'! એ દાખલો આવે છે. એમ કોઈ સવળી સહેલી વાત કરે, ઊંધી કે રાગથી તને લાભ નહિ થાય. એ નહિ. નહિ. રાગથી લાભ થાય એમ જો કહે તો કહે, હા એ સાંભળો, એ કહો. મરી જઈશ હવે, સાંભળ તો ખરો. રાગથી તો લાભ નથી પણ અહીં તો ત્રણ પ્રકારના ભેદથી પણ લાભ નથી. અરે..! તું સાંભળ તો ખરો. આહાહા..! સમજાણું કાંઈ? આ વખતે બરાબર ઠીક આવ્યા છે, હોં! 'દેવજીભાઈ'! આહાહા..! આ આવો અધિકાર ચાલે છે.

એ '**त्रिस्वभावत्वात्**' ભાષા છે ને? પાછું એમ કહ્યું કે એ વસ્તુ નથી એમ નહિ. ત્રણ પ્રકારનો એવો સ્વભાવ છે. એમ કહ્યું ને? '**त्रिस्वभावत्वात्**' વ્યવહાર કહ્યો. પણ ત્રણરૂપ સ્વભાવ છે. અસ્તિ છે. શૂન્ય છે એમ નથી. આહાહા..! '**त्रिस्वभावत्वात्**' '**દર્શન-જ્ઞાન-ચારિત્ર, તે ત્રણ છે. સહજ ગુણો જેના, એવું હોવાથી. તે પણ કેવું હોવાથી ?**' '**दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः**' આહાહા..! જુઓ! આ ચોખ્ખું આવ્યું. એ દ્રવ્ય વસ્તુ ત્રિકાળી છે, એના ગુણભેદ દર્શન-જ્ઞાન-ચારિત્ર શક્તિના ભેદ કહેવા એ વાત નથી. અહીંયા એ ન લેવું. અહીં તો એના દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન લેવું છે. સમજાણું કાંઈ? આમ તો ગુણી જે ચીજ છે વસ્તુ ભગવાન શુદ્ધ અખંડ અભેદ, એમાં ગુણ આ જ્ઞાન, દર્શન એવા ભેદ પાડવા એ પણ વ્યવહાર છે. પણ એ વાત અહીં નથી લેવી. કારણ કે અહીં તો પરિણમન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયરૂપ પરિણત છે. એ શબ્દ લેવો છે. પાઠમાં છે ને? '**परिणतत्वतः**' આહાહા..!

'**दर्शन-ज्ञान-चारित्रैः त्रिभिः परिणतत्वतः**' '**કેમ કે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ગુણોરૂપે...**' ગુણ એટલે પર્યાય. ત્રણ પર્યાયરૂપ '**પરિણમે છે,...**' સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આ કાંઈ કથા નથી. આ તો ભગવાન પરમેશ્વરના ઘરની (વાત છે). આત્મા પરમેશ્વર કેમ થાય છે અને પામરતામાં કેમ રોકાય છે એની વાત છે. આહાહા..!

અહીં તો પરમેશ્વર એમ કહે છે, કે ત્રણ પ્રકારની જે પરિણતિ થઈ. '**परिणतत्वतः**' છે ને? પરિણમે છે. આહાહા..! '**તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે.**' જોયું? ભેદબુદ્ધિ ઘટે છે. છે ખરી. નથી એમ નથી. ત્રણરૂપ પરિણમન છે, ભેદરૂપ હોવી ઘટે છે પણ એ વ્યવહારનયનો વિષય છે પણ ત્રિકાળી એકરૂપની અપેક્ષાએ અસત્યાર્થ કહ્યું. પણ પોતાની પર્યાયની અપેક્ષાએ છે. ઘટિત થાય છે. અસત્યાર્થ કહ્યું માટે નથી એમ નથી. એ તો ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું હતું. પણ પર્યાય તરીકે સત્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– કઈ અપેક્ષાએ? એકરૂપ ત્રિકાળની અપેક્ષાએ એને મુખ્યપણું આપવા એને સત્યાર્થ કહ્યું. એ ૧૧મી ગાથામાં કહ્યું છે. ત્રિકાળને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું. ત્રિકાળને મુખ્ય કરીને, નિશ્ચય કરીને સત્યાર્થ કહ્યું. અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યું. આહાહા..! આવી વાતું છે, બાપુ! મૂળ તો ચીજ જ એવી છે, કે એને સમજવા માટે, અનુભવવા માટે બહુ એમાં પુરુષાર્થ જોઈએ છે. આહાહા..! એ કાંઈ વાતે વડા થાય એવું નથી. શાસ્ત્ર ભણી ગયો માટે થઈ જાય એવી ચીજ નથી. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે, કે એકરૂપને ત્રણરૂપ પરિણમન છે. ભેદબુદ્ધિ ઘટે છે. ભેદ છે. નથી એમ નથી. એ તો ત્રિકાળીની અપેક્ષાએ એને અસત્યાર્થ કહીને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યું હતું. પણ ભેદરૂપ વર્તમાનની દૃષ્ટિએ જુઓ તો ત્રણરૂપ ભેદ છે. આહાહા..! વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય નથી (એમ નથી). સમજાણું કાંઈ? આહાહા..! ત્રણરૂપ ભેદ છે એ વ્યવહારનયનો વિષય છે. નય છે તો નયનો વિષય છે કે નહિ? નય તો વિષય કરનાર છે. તો નયનો વિષય છે કે નહિ? એ કહે છે.

**'ત્રણ ગુણોરૂપે પરિણમે છે. તેથી ભેદબુદ્ધિ પણ ઘટે છે.'** આહાહા..! પર્યાયથી ત્રણરૂપ પરિણમન થવું એ વાત ઘટે છે. છે. તદ્દન અસત્ય છે. આકાશના ફૂલ છે એમ નથી. આકાશમાં ફૂલ નથી. એમ આ ત્રણ પર્યાય નથી એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'ભેદબુદ્ધિ પણ ઘટે છે.'** એ શું કહ્યું? કે ભેદબુદ્ધિ પણ એમ કહ્યું ને? ત્રિકાળી અભેદ તો છે પણ **'ભેદબુદ્ધિ પણ ઘટે છે.'** આહાહા..! સમજાણું કાંઈ? જરા ધ્યાન રાખે તો પકડાય એવું છે, બાપુ! આ તો. આ કાંઈ વાર્તા નથી. આહાહા..! આ તો ભગવાન ભગવત્ સ્વરૂપ, એની ભાગવત્ કથા છે, ભગવત્ કથા છે. આહાહા..! 'નિયમસાર'માં કહ્યું છે, ભાગવત્ કથા. 'નિયમસાર'માં છે. આ ભાગવત કથા છે. ભગવાનની કથા છે. આહાહા..! એ ૧૭મો કળશ થયો. કાલે ૧૬મો કળશ ચાલ્યો હતો. આજે ૧૭ મા કળશમાં અડધો કલાક થયો. કાલે ૧૬મા કળશમાં એક કલાક થઈ હતી. ૧૬ મા શ્લોકમાં તો બહુ હતું ને?

(અનુષ્ટુપ)

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैकक: ।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचक: ।।१८।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'तु परमार्थेन एकक: अमेचक:' (तु) 'तु' પદ દ્વારા બીજો પક્ષ કર્યો છે તે વ્યક્ત કર્યું છે. (परमार्थेन) પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી (एकक:) શુદ્ધ જીવવસ્તુ (अमेचक:) નિર્મળ છે–નિર્વિકલ્પ છે. કેવો છે પરમાર્થ ? 'व्यक्तज्ञातृत्वज्योतिषा'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**(व्यक्त) પ્રગટ છે (ज्ञातृत्व) જ્ઞાનમાત્ર (ज्योतिषा) પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે? 'सर्वभावान्तरध्वंसिस्वभावत्वात्' (सर्व) સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે (भावान्तर) ઉપાધિરૂપ વિભાવભાવ તેમનું (ध्वंसि) મેટનશીલ (ભટાડવાના સ્વભાવવાળું) છે (स्वभावत्वात्) નિજ સ્વરૂપ જેનું, એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે. ૧૮.**

---

૧૮મો શ્લોક.

**परमार्थेन तु व्यक्तज्ञातृत्वज्योतिषैककः ।**
**सर्वभावान्तरध्वंसिस्वभावत्वादमेचकः ।।१८।।**

આહાહા..! શ્લોક નાના-નાના છે ને? ભાવ તો અંદર છે. શ્લોક નાનો છે.

**'ખંડાન્વય સહિત અર્થ :–' 'तु परमार्थेन एककः अमेचकः'** જુઓ! ઓલામાં **'एककः'** કહ્યું હતું ને? તો અહીં કહે છે, કે **'तु' 'પદ દ્વારા બીજો પક્ષ કર્યો છે તે...' 'तु'** કહ્યું ને? તો પહેલા વ્યવહારનો પક્ષ કહ્યો. હવે બીજો પક્ષ કહેવામાં **'तु'** શબ્દ વાપર્યો છે. **'तु' 'પદ દ્વારા બીજો પક્ષ કર્યો છે તે વ્યક્ત કર્યું છે.' 'परमार्थेन'** ખરેખર, યથાર્થ રીતે, વાસ્તવિક **'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી एककः શુદ્ધ જીવવસ્તુ નિર્મળ છે...'** આહાહા..! ભગવાનઆત્મા તો શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી એકરૂપ ત્રિકાળ છે. એમાં દ્રવ્ય અને પર્યાય કે ગુણ-ગુણી પર્યાયનો પણ ભેદ નથી. સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં તો એમ કહ્યું છે, કે અર્થાવબોધરૂપ ગુણવિશેષ તેને આલિંગન ન કરતું થકું દ્રવ્ય છે. ગુણ-ગુણીના ભેદને પણ દ્રવ્ય આલિંગન નથી કરતું એવું દ્રવ્ય છે. ૧૮મો બોલ છે. ૨૦ બોલ છે ને? અલિંગગ્રહણના ૨૦ બોલ છે. એમાં ૧૮મો બોલ છે. અર્થાવબોધરૂપ ગુણવિશેષને આલિંગન નહિ કરતું શુદ્ધ દ્રવ્ય છે. આહાહા..! આત્મા કેવો છે? કે અર્થાવબોધરૂપ ભાષા તો અર્થ-અવબોધ એમ લીધી છે. એ જ્ઞાન જ્ઞાન. પણ ત્યાં બધા ગુણ લેવા છે. ભાષા આમ છે અર્થાવબોધ. અર્થનો અવબોધ. પણ એ જ્ઞાનપ્રધાનથી કથન છે. પણ અર્થાવબોધમાં બધા ગુણ લેવા છે, બધા ગુણ લેવા છે. તો સર્વ ગુણ અર્થાવબોધરૂપ ગુણવિશેષને નહિ આલિંગન કરનાર ત્રિકાળી દ્રવ્ય, નહિ આલિંગન (કરનારું), ગુણવિશેષને નહિ આલિંગન કરનાર એક દ્રવ્ય છે. એ દ્રવ્ય છે.

પાઠ તો એમ છે, અર્થાવબોધરૂપ ગુણવિશેષ. એટલે કોઈ એમ લઈ લે કે જ્ઞાનગુણ વિશેષરૂપ એમાં ભેદ નથી. પણ અહીં તો બધા ગુણ લેવા. અર્થાવબોધ નામ સર્વ ગુણવિશેષરૂપ, એને આલિંગન નહિ કરતા, એને નહિ સ્પર્શતું દ્રવ્ય છે. આહાહા..! આવી વાતું, કહો, 'દામજીભાઈ'! ક્યાં છે? ભગવાન સિવાય ક્યાંય મળે એવી નથી. આહાહા..!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું કહે છે? કે એક વસ્તુ જે ત્રિકાળ પ્રભુ છે, એમાં ગુણના વિષેશ ભેદરૂપ એને એ ગુણી જે તત્ત્વ, નહિ આલિંગન કરતું થકું દ્રવ્યરૂપ છે. ગુણગુણીના ભેદ નહિ સ્પર્શતું દ્રવ્ય છે, સમજાણું કાંઈ? અને ૧૯મા બોલમાં એમ કહ્યું, અર્થાવબોધરૂપ પર્યાય વિશેષ. પહેલા અર્થાવબોધરૂપ ગુણવિશેષ હતું. આ અર્થાવબોધરૂપ છે તો અવબોધ શબ્દ લીધો છે. ત્યાં બધી પર્યાય લેવી. અર્થાવબોધરૂપ પર્યાયવિશેષને નહિ આલિંગન કરનારું દ્રવ્ય છે. આહાહા..! પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું જ નથી, કદી સ્પર્શતું જ નથી. આહાહા..! એ માટે અહીંયા પર્યાયને વ્યવહાર કહી અને ત્રિકાળને પરમાર્થ કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. ઝીણી તો પડે પણ વસ્તુ તો આ છે. બીજી શું લાવવી? એને સમજવું તો પડશે. આહાહા..! જિનેશ્વરદેવ પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્મા, એની દિવ્યધ્વનિનો આ સાર છે.

**'પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી...'** અહીં એક આવ્યા હતા. ઘણા વર્ષ પહેલા. 'થાન'વાળા પોટરીવાળા 'માણેકચંદભાઈ'. આપણે ત્યાં લખ્યું છે ને? ત્યાં લખ્યું છે. 'દ્રવ્યદૃષ્ટિ તે સમકિત દૃષ્ટિ' એમ લખ્યું હતું. હવે આમ ફેરવ્યું છે. તો એ કહે કે મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમકિત દૃષ્ટિ! કારણ કે એના સગા 'નાનાલાલભાઈ' કરોડપતિ અહીં ઘણી વાર આવે છે. તો દ્રવ્ય એટલે પૈસો, એની દૃષ્ટિ એટલે સમકિત દૃષ્ટિ.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– અરે..! ..

શ્વેતાંબર જૈન 'થાન'માં એની પોટરી છે. વાડામાં પડ્યા એને શબ્દના ભાવની કાંઈ ખબર ન મળે. આખો દિ' ધંધાની મજૂરી કરે. બે ઘડી જાય, એક કલાક અપાસરે જઈને સાંભળે. એ ઓલો માથે જે કહે જે સચ્ચા જાવ. 'દસ બોઘા, દસ બોઘલી, દસ બોઘા કા બચ્ચા, ગુરુ મારે ગપ્પા ને શિષ્ય કહે સચ્ચા.' આહાહા..! કાંઈ ખબર ન મળે. હોંકારો આપે ને હોંકારો? હોંકારાને હિન્દીમાં શું કહે છે?

મુમુક્ષુ :– તહેત વચન.

ઉત્તર :– તહેત વચન. હા એ. અમારા પંડિતજી!. તહેત વચન, મહારાજ! તહેત વચન.

મુમુક્ષુ :– તહેત એટલે?

ઉત્તર :– તહેત એટલે સાચું. તમારું સાચું છે. એમ હોંકારો આપે. સ્થાનકવાસીમાં એમ કહે. આને 'ત્રંબકભાઈ'ને બધી ખબર નથી?

અહીં **'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી...'** ત્યારે કહે શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી છે તો કોઈ અશુદ્ધ દ્રવ્યદૃષ્ટિ છે? કહેવાય. રાગ-દ્વેષ સહિત અને ભેદ સહિતને અશુદ્ધ દ્રવ્ય કહે છે. અશુદ્ધ દ્રવ્ય એવો પાઠ છે. પણ એ દ્રવ્ય રાગરૂપે અને ભેદરૂપે પરિણમ્યું છે તો એ અપેક્ષાએ અશુદ્ધ દ્રવ્ય કહ્યું. પણ છે તો પર્યાય અને વ્યવહાર. સમજાણું કાંઈ? ટીકામાં પાઠ છે, હોં! અશુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ દ્રવ્ય. આહાહા..! ૧૨મી ગાથામાં છે ને? ભાઈ! ૧૨મી ગાથામાં છે. અશુદ્ધદ્રવ્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અપેક્ષાએ... એમ. એ વર્તમાનમાં અશુદ્ધતા અને રાગ, ભેદ છે, એ અશુદ્ધદ્રવ્યની અપેક્ષાએ એમ કહ્યું. એનો અર્થ, દ્રવ્ય જે છે એ પર્યાયમાં અશુદ્ધતામાં આવ્યું તો અશુદ્ધ દ્રવ્યાર્થિક કહ્યું. પણ દ્રવ્ય અશુદ્ધ છે એવી વાત ત્યાં નથી. સમજાણું કાંઈ?

અહીં પણ કહ્યું, **'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી...'** કોઈ એમ લઈ લે કે અશુદ્ધ દ્રવ્યદૃષ્ટિ કોઈ બીજી ચીજ હશે. એ તો પર્યાય છે. **'શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી...'** **'एकक:'** **'एक'** ન કહેતા **''एकक:''** **'શુદ્ધ જીવવસ્તુ...'**

મુમુક્ષુ :– એકનો અર્થ શુદ્ધ કર્યો, કનો અર્થ જીવવસ્તુ.

ઉત્તર :– શું કહેવાય? ઉપસર્ગ કહે?

મુમુક્ષુ :– .. પ્રત્યય

ઉત્તર :– હા, એ પ્રત્યય-પ્રત્યય. **'क:'** પ્રત્યય છે. આપણને ક્યાં બહુ... નથી કહેતા **'एक:'** **'एकक:'** પણ **'क:'** પ્રત્યય લગાવ્યો. **'શુદ્ધ જીવવસ્તુ...'** **'एक:'** નો અર્થ કર્યો. **'શુદ્ધ જીવસ્તુ નિર્મળ છે–નિર્વિકલ્પ છે.'** આહાહા..! ત્રિકાળી ચીજ તો નિર્મળ છે. લ્યો. એ અશુદ્ધ પરિણામ હોય તો પણ વસ્તુ તો ત્રિકાળ નિર્મળ જ છે. તો પણ એમ આવ્યું છે 'મખનલાલજી' કહે, નહિ, અશુદ્ધ પરિણામ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. એમ છે? અરે..! ભગવાન! એમ ક્યાં છે? ભાઈ! અરે..! પ્રભુના વિરહ પડ્યા, એની પાછળ આવી વાતું તમે કરો છો. પરમાત્માની હાજરી નહિ અને આવી ઊલટી વાતું (કરો છો). ભગવાન!

અહીં તો કહે છે, કે **'નિર્મળ છે–નિર્વિકલ્પ છે.'** એ તો ત્રિકાળી ભગવાન ચાહે તો નિગોદની અવસ્થા હોય, ચાહે તો સિદ્ધની પર્યાય હોય, વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. આહાહા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ઇ છે. સમ્યગ્દર્શનનું ધ્યેય સમ્યગ્દર્શન પણ નથી. સમ્યગ્દર્શન એ પર્યાય છે. તો એનું ધ્યેય, પર્યાયનું ધ્યેય પર્યાય નથી. પણ એ પર્યાયનું ધ્યેય આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

૩૨૦ માં તો ત્યાં સુધી કહ્યું, કે પર્યાય એમ માને છે કે હું ત્રિકાળી છે તે હું છું. પર્યાય છું એમ નહિ. ૩૨૦ ગાથામાં. કોણ છો તું? હું તો દ્રવ્ય છું. કોણ કહે છે કે પર્યાય છું? પર્યાય એમ જાણે છે કે હું પર્યાય છું એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે ને? પર્યાય પોતાને કેવી જાણે છે? જ્ઞાની પોતાને કઈ રીતે જાણે છે? કે **'सकलनिरावरणअखंडैकप्रत्यक्षप्रतिभासमय...'** આ 'જયસેનાચાર્ય'નું 'સમયસાર'ની ૩૨૦ ગાથાનું સંસ્કૃત છે. **'सकलनिरावरणअखंडैकप्रत्यक्षप्रतिभासमय...'** આહાહા..! પોતાની પર્યાયમાં અખંડ પ્રતિભાસમય થાય છે. પર્યાયમાં આ આખી ચીજ જણાય છે. પર્યાયમાં એ ચીજ નથી આવતી. પ્રતિભાસ– એનું જ્ઞાન થાય છે. આહાહા..!

**'अखंडैकप्रत्यक्षप्रतिभासमयअविनश्वरंशुद्धपारिणामिकपरमभावलक्षणं निजपरमात्मद्रव्यं तदेवाहमिति'** તે જ હું છું. તે હું છું. એમ પર્યાય માને છે. જ્ઞાની એમ કહે છે. તે જ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું છું. આ હું. આહાહા..! પરંતુ એમ ભાવતા નથી કે ખંડજ્ઞાનરૂપ છું. જ્ઞાની, ક્ષયોપશમ જ્ઞાનાદિની પર્યાય ખંડરૂપ છે એની ભાવના નથી કરતો. હું ત્રિકાળી નિરાવરણ અખંડ પ્રતિભાસમય શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી શુદ્ધ ઉપાદાન ત્રિકાળ, એ મારો વિષય, એ હું છું. એ હું છું. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં એ કહે છે. **'નિર્મળ છે–નિર્વિકલ્પ છે.'** આહાહા..! **'કેવો છે પરમાર્થ?'** મારી ચીજ અખંડ આનંદકંદ પ્રભુ કેવી છે? જે સમ્યગ્દર્શનનો વિષય છે, જેના આશ્રયથી સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી–શરૂઆત થાય છે. આહાહા..! એ **'કેવો છે પરમાર્થ?' 'व्यक्तज्ञातृत्वज्योतिषा'** એ તો **'પ્રગટ છે...'** વસ્તુ તરીકે પ્રગટ છે. એ તો પર્યાયને જ્યારે વ્યક્ત કહીએ, તો વસ્તુને અવ્યક્ત કહી. છ બોલ છે ને? અરસ, અરૂપ (૪૯ ગાથામાં) અવ્યક્તના છ બોલ છે. ત્યાં પર્યાયને વ્યક્ત કહી અને દ્રવ્યને અવ્યક્ત કહ્યું છે. અહીંયાં તો દ્રવ્ય પોતે વ્યક્ત પ્રગટ છે. આહાહા..! સમજાણું કાંઈ? અસ્તિરૂપ છે. અવ્યક્ત કહ્યું તો નથી એમ નહિ. એ તો પર્યાયની વ્યક્તતા કહો તો દ્રવ્ય અવ્યક્ત એટલે પર્યાયમાં આવ્યું નથી, એ કારણે એને અવ્યક્ત કહ્યું. પણ વસ્તુ તો પ્રગટ છે. આહાહા..! ભૂતાર્થ, સત્યાર્થ, મોજૂદ ચીજ છે. ધ્રુવ ચીજ મોજૂદ છે. ઓહોહો..! ભગવાનઆત્મા મોજૂદ છે. છે?

**'પ્રગટ છે જ્ઞાનમાત્ર પ્રકાશ-સ્વરૂપ...'** આહાહા..! આત્મદ્રવ્ય ત્રિકાળી વસ્તુ કેવી પ્રગટ છે? **'જ્ઞાનમાત્ર ज्योतिषा'** જેની જ્યોતિ જ્ઞાનમાત્ર જ્યોતિ છે. આહાહા..! જ્ઞાનની મુખ્યતાથી લીધું છે. બાકી અનંત ગુણમાત્ર જ્યોતિ છે. જ્યોતિ–પ્રકાશ લેવો છે ને? આહાહા..! **'જ્ઞાનમાત્ર પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે.'** જેમાં એવો. ભગવાનઆત્મા ત્રિકાળી તો જ્ઞાનસૂર્ય છે, જ્ઞાનસૂર્ય. જ્ઞાન પ્રકાશમય વસ્તુ છે. આહાહા..! જે આ પ્રકાશ છે એને પણ પ્રકાશ છે એની ખબર નથી. સૂર્યનો પ્રકાશ અસ્તિ છે. એની એને ખબર નથી. એની ખબર અહીં છે કે હું જ્ઞાનજ્યોતિ છું, આ બધું અજ્ઞાન છે. એવું જ્ઞાનજ્યોતિ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે.'** જોયું? વસ્તુ કીધી છે ને? **'પરમાર્થથી અર્થાત્ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ જીવવસ્તુ નિર્મળ છે—'** તો કેવી છે? એ **'પ્રગટ છે જ્ઞાનમાત્ર પ્રકાશ-સ્વરૂપ જેમાં એવો છે.'** એમાં તો જ્ઞાનમાત્ર પ્રકાશ આત્મામાં છે. આહાહા..! ભાવ, જ્ઞાયકભાવ, જ્ઞાનભાવ એ સ્વભાવ છે. આહાહા..! ધ્રુવની વાત ચાલે છે, હોં! **'તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે.'** આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે.'** શુદ્ધ એકરૂપ નિર્ભેદ–ભેદ વિના, વસ્તુમાત્રને જાણનારી નય, વસ્તુમાત્ર ગ્રાહક. વસ્તુમાત્રને જાણનારી નય. ગ્રાહક એટલે જાણનારી. **'જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે.'** આહાહા..! એવી વસ્તુને જાણનાર જે જ્ઞાનનય, એને નિશ્ચયનય કહેવાય છે. ભાષા જુદી. નવા માણસને તો ગ્રીક-લેટિન જેવી લાગે. દયા એ ધર્મ, વ્રત એ ધર્મ, તપ એ ધર્મ, જાત્રા એ ધર્મ એમ માન્યું હોય. એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તારું ક્યાંય રહી ગયું, સાંભળને. એ તો બધા વિકલ્પ છે. પાપથી બચવા માટે હોય. એવી પુણ્યની ક્રિયાઓ પાપથી બચવા માટે હોય, પણ એ કાંઈ ધર્મ નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હોયની કોણે ના પાડી? હેય છે કે ઉપાદેય છે એટલી વાત છે. કાલે વાંચ્યું ને? 'મેરુચંદજી' વાંચ્યું ને કાલે? એમ કે પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય છે. પુણ્યને તેરમા ગુણસ્થાને કેવળી પણ ક્ષય કરી શકતા નથી. અને તમે પહેલેથી પુણ્ય હેય છે.. હેય છે... હેય નથી. એના માટે હેય શબ્દ નથી વાપર્યો. ક્ષય કર્યો. ભાઈ! ક્ષયની ક્યાં વાત છે? આહાહા..! એ નાશ કરવાલાયક છે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભલે નાશ ન થાય, પણ નાશ કરવા લાયક છે એ પણ વ્યવહાર છે. એ હમણા આવશે.

**'શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક...'** જાણનાર જ્ઞાનને નિશ્ચયનય કહેવાય છે. આહાહા..! ત્રિકાળ ભગવાન પૂર્ણઆનંદ સ્વરૂપ, એકરૂપ, શુદ્ધરૂપ, એને જાણનાર જ્ઞાનને નિશ્ચયનય કહે છે. નિશ્ચયનય જ્ઞાનની પર્યાયમાં એ ચીજ આવતી નથી. પણ એ પર્યાય એને પૂર્ણ જાણે છે. આહાહા..! ગ્રાહક કીધું ને? જાણનારી કહ્યું. એ નય છે એ કાંઈ અંદર દ્રવ્યમાં ત્રિકાળમાં ઘૂસી નથી જતી. તેમ ત્રિકાળી (ચીજ) નયમાં આવતી નથી. જ્ઞાન નિશ્ચયનય જે પર્યાય છે એમાં ત્રિકાળી ચીજ આવતી નથી. સમજાણું કાંઈ? ગ્રાહક કહ્યું ને? **'વસ્તુમાત્રગ્રાહક...'** ગ્રાહક આ તમારે શું કહેવાય? ઘરાક. આ માલ લેવા આવે એ ઘરાક-ગ્રાહક. માલ લેવા આવે છે. એમ આ ગ્રાહક નિશ્ચયનય ત્રિકાળને જાણે છે, ગ્રાહક છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ-નિર્ભેદ વસ્તુમાત્રગ્રાહક જ્ઞાન નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત શુદ્ધ છે.'** સર્વ ભેદ રહિત શુદ્ધ છે. એ દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતી પર્યાય એ પણ ભેદથી રહિત છે. આહાહા..! મોક્ષના માર્ગની જે નિશ્ચય પર્યાય એ ભેદથી પણ વસ્તુ તો રહિત છે. આહાહા..! તમારો 'દિલીપ' ગયો? કહો, સમજાણું કાંઈ? આવું ત્યાં ક્યાં સાંભળવા મળે? આહાહા..!

**'તે નિશ્ચયનયથી જીવપદાર્થ સર્વભેદરહિત...'** સર્વ ભેદ રહિત છે તો પછી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે, ભેદ છે, એ ભેદથી પણ વસ્તુ તો રહિત છે. આહાહા..! પર્યાયથી રહિત છે. દ્રવ્ય ભેદથી રહિત છે તો પર્યાયથી પણ રહિત છે. આવો ધર્મ હોય? આવો જૈનધર્મ હશે? આ ભક્તિ કરવી, છ કાયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, ચોવિહાર કરવા, રાત્રી આહાર ખાવો નહિ. બાપુ! એ તો બધી ક્રિયાની વાતું છે. એ કાંઈ જૈનધર્મ નથી. એ તો બધી રાગની વાતું છે. આહાહા..! ત્રિકાળી ભગવાન પરમાર્થે એકરૂપ સ્વરૂપ, એની દૃષ્ટિ એનું નામ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ છે. ધર્મ તો નહિ પણ ધર્મનું કારણ છે. ધર્મ તો ચારિત્રખલુ ધમ્મો. અને દંસણમુલો ધમ્મો. ચારિત્ર એ ધર્મ છે અને એનું મૂળ સમ્યગ્દર્શન છે. અને સમ્યગ્દર્શનનું મૂળ ધ્યેય આખું પૂર્ણ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'સર્વભેદરહિત શુદ્ધ છે. વળી કેવો હોવાથી શુદ્ધ છે?' 'સર્વભાવાન્તરધ્વંસિસ્વભાવત્વાત્' 'સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ...'** દ્રવ્યકર્મ એટલે જડ, રજકણો. ભાવકર્મ એટલે વિકારી પરિણામ. પુણ્ય-પાપના ભાવ. **'નોકર્મ...'** શરીર, વાણી. **'અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય...'** બધાથી એ રહિત છે. **'જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે ભાવાન્તર'** પોતાના ભાવથી અનેરા ભાવ. સમજાણું કાંઈ? **'ભાવાન્તર'** શબ્દ છે ને? તો પોતાના ભાવથી અનેરા ભાવ. ક્યા અનેરા ભાવ? જડકર્મ, દયા, દાન આદિ કામ, ક્રોધના ભાવકર્મ. શરીર, વાણી નોકર્મ અને જ્ઞેયરૂપ પરદ્રવ્ય. **'એવા જે ભાવાન્તર ઉપાધિરૂપ વિભાવભાવ તેમનું (ધ્વંસિ) મેટનશીલ...'** છે. અર્થાત્ એનાથી રહિત છે. મેટનશીલનો અર્થ એનો નાશ કરનાર છે એ પણ યથાર્થ નથી. વ્યવહારથી એમ કહેવામાં આવે છે. **'ધ્વંસિ'** પણ ખરેખર તો રાગનો નાશ કરવો એવો પણ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? પણ એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ અને પરદ્રવ્ય. એ **'સર્વભાવાન્તરધ્વંસિ'** અભાવ–રહિત. એ બધાથી રહિત ભગવાનઆત્મા છે, બસ. સમજાણું કાંઈ? પણ **'ધ્વંસિ'** નો અર્થ એટલો. મેટનશીલ તો એ અપેક્ષાથી કહ્યું છે.

૩૪મી ગાથામાં આવ્યું ને? પંડિતજી! 'સમયસાર'ની ૩૪મી ગાથા, કે આત્મા રાગનો ત્યાગકર્તા પણ પરમાર્થે નથી. રાગનો ત્યાગકર્તા પણ પરમાર્થે નથી. એ તો નામમાત્ર છે. આહાહા..! એમાં ક્યાં રાગ હતો તે ત્યાગ કરે? એ તો સ્વરૂપમાં ઠર્યો તો રાગની ઉત્પત્તિ ન થઈ, તેથી રાગનો ત્યાગ કર્યો એમ કથનમાત્રથી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બહુ, બાપુ! આહાહા..! અહીં **'ધ્વંસિ'** કહ્યું છે ને? ત્યાં ૩૪મી ગાથામાં ના પાડી છે. રાગાદિ ભાવનો પરમાર્થે ત્યાગકર્તા આત્મા છે જ નહિ. એ તો નામમાત્ર છે. કેમ? કે જ્ઞાનમાત્ર... પચ્ચખાણની વ્યાખ્યા છે ને? પચ્ચખાણ. પચ્ચખાણ એટલે ત્યાગ. એ તો સ્વરૂપમાં ઠરે છે. જ્ઞાન, જ્ઞાનમાત્રમાં રહે છે તો રાગની ઉત્પત્તિ નથી થતી. નથી થતી એને ત્યાગ કર્યો એમ નામમાત્ર કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયાને બેસે ન બેસે વસ્તુસ્થિતિ તો આ છે. માને, ન માને, વાદવિવાદ કરે, ચર્ચા કરે. આહાહા..!

**'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય...'** એનો નાશશીલ છે તો પરદ્રવ્યનો ક્યાં નાશ કરવો છે? પણ પરદ્રવ્ય, આત્મા સિવાય ત્રણલોકના નાથ તીર્થંકર અને તીર્થંકરની વાણી, એ જ્ઞેય પરદ્રવ્ય છે. એનો **'ધ્વંસિ'** એનાથી ભિન્ન છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એનાથી રહિત છે. **'વિભાવભાવ તેમનું મેટનશીલ...'** છે. **'સ્વભાવત્વાત્'** જેનું સ્વરૂપ જ આવું છે. એટલે? કે ભગવાન આનંદઘન પ્રભુ શુદ્ધ ચૈતન્ય, એ દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અને પરદ્રવ્ય એનાથી વિવિક્ત છે–રહિત છે. એવા દ્રવ્યને અહીંયા સમ્યગ્દર્શનનો વિષય કહ્યો. એને અહીં આત્મા કહ્યો, નિત્ય કહ્યો, ધ્રુવ કહ્યો, એક કહ્યો, શુદ્ધ કહ્યો, નિર્ભેદ કહ્યો, સામાન્ય કહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એનો તો (પરથી) રહિત સ્વભાવ જ એવો છે. ભગવાનઆત્માનો સ્વભાવ પરનો મેટનશીલ અર્થાત્ એનાથી રહિત જ આત્મા છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ભાવકર્મ, એનાથી તો રહિત જ છે. આ તો વળી કહે છે, કે ભાવકર્મથી–વ્યવહારથી નિશ્ચય થાય. આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહાર પરાશ્રય છે...

ઉત્તર :– પરાશ્રયની દિશા આમ. એનાથી સ્વદિશામાં આમ જાવું. પરદિશા કરે પછી સ્વદિશામાં આવી શકે. એ વાત ખોટી છે. આહાહા..!

**'એવો સ્વભાવ...'** છે. લ્યો. **'નિજ સ્વરૂપ જેનું, એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે.'** આ શુદ્ધ છે એની વ્યાખ્યા કરી. પહેલા કહ્યું હતું ને? એક. શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી શુદ્ધજીવવસ્તુ **'एक'** કહ્યું હતું ને? **'एकक:'** એનો સરવાળો કર્યો. **'એવો સ્વભાવ હોવાથી શુદ્ધ છે.'** આહાહા..! ત્રિકાળ શુદ્ધ છે. જેમાં કોઈ રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ, અશુદ્ધતા જેમાં નથી એમ કહે છે. એનું નામ આત્મા અને એનું નામ સમ્યગ્દર્શનનો વિષય કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(અનુષ્ટુપ)

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयो:।**
**दर्शनज्ञानचारित्रै: साध्यसिद्धिर्न चान्यथा।।१९।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'मेचकामेचकत्वयो: आत्मन: चिन्तया एव अलं' આત્મા (मेचक) 'મલિન છે' અને (अमेचक:) 'નિર્મળ છે'–આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે; (आत्मन:) ચેતનદ્રવ્યના આવા (चिन्तया) વિચારથી (अलं) બસ થાઓ; આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી (एव) એમ નક્કી જાણવું. ભાવાર્થ આમ છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતા ઘણા વિકલ્પો ઊપજે છે; એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે, બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે–આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે. તે જ કહે છે–'दर्शन-ज्ञान-चारित्रै: साध्यसिद्धि:' (दर्शन) શુદ્ધસ્વરૂપનું અવલોકન, (ज्ञान) શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, (चारित्र) શુદ્ધસ્વરૂપનું આચરણ–આવાં કારણો કરવાથી (साध्य) સકળકર્મક્ષયલક્ષણ મોક્ષની (सिद्धि:) પ્રાપ્તિ થાય છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે? ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે. 'न च अन्यथा' (च) પરંતુ (अन्यथा) અન્ય પ્રકારે (न) સાધ્યસિદ્ધિ નથી થતી. ૧૯.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અષાઢ સુદ ૯, શનિવાર તા.૨૫.૦૬.૧૯૭૭
## કળશ - ૧૯, પ્રવચન - ૨૫

(આ પ્રવચન બેટરી ઉપર છે.)

'કળશ ટીકા' છે. ૧૯મો કળશ ચાલે છે. ૧૯. છે તો આ ૧૬મી ગાથાના કળશ છે. ૧૬મી ગાથા આવીને? એનો આ કળશ છે. આ છેલ્લો કળશ છે.

**आत्मनश्चिन्तयैवालं मेचकामेचकत्वयोः।**
**दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।**

**'मेचकामेचकत्वयोः आत्मनः चिन्तया एव अलं'** હોં! શું કહે છે? ઝીણી વાત છે. જૈનદર્શન ધર્મ વીતરાગ પરમેશ્વર જે સમ્યગ્દર્શન ધર્મ કહે છે એ ઘણો સૂક્ષ્મ છે. અહીંયાં કહે છે, કે આ આત્મા જે ચીજ છે, આત્મા, જિનેશ્વર પરમેશ્વરે જે આત્મા જોયો એ અનંત અનંત શક્તિનો પિંડ છે. અનંતગુણનો પિંડ આત્મા છે.

અહીંયાં કહે છે કે એ આત્માને ત્રણ પ્રકારે વિચારવો કે દર્શન-જ્ઞાન-ચારિત્રપણે છે, એ વ્યવહાર છે. આહાહા..! જેને ધર્મ કરવો છે. તો કેમ થાય? કે એ **'આત્મા મેચક'** દર્શન-જ્ઞાન-ચારિત્રપણે છે. એવા ત્રણપણે છે એમ વિચાર કરવો એ વ્યવહારનયનો વિષય મલિન છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! અનંતકાળમાં અપૂર્વ, પૂર્વે કદી કર્યો નથી એવો આત્મધર્મ ઘણો સૂક્ષ્મ છે.

અહીંયાં કહે છે કે આત્મા.. પરદ્રવ્યની વાત તો અહીંયા છોડી દીધી. આત્મા જે છે એ અનંતગુણનો પિંડ છે શક્તિએ. એની પર્યાયમાં વર્તમાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્રપણે જે પરિણમન થાય છે, એ ત્રણનો વિચાર કરવો એ વ્યવહાર છે, અશુદ્ધ છે, મલિન છે. આહાહા..! એ મેચકનો અર્થ થયો. **'આત્મા મલિન છે...'** એનો અર્થ એટલો થયો, ભાઈ! આહાહા..! આત્મામાં ત્રણ પ્રકારનું પરિણમન ધર્મનું થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર. અવલોકન લીધું છે. એ ત્રણ પ્રકારનો વિચાર કરવો... આહાહા..! એ પણ વિકલ્પનું કારણ છે. રાગ ઉત્પન્ન થાય છે. ત્રણ પ્રકારના વિચારમાં પણ રાગની ઉત્પત્તિ થાય છે. આહાહા..! એ મેચક.

**'અને अमेचकः'** આત્મામાં ત્રણ પ્રકારનું પરિણમન નથી એ તો એકરૂપ છે. એવો પણ વિકલ્પ–ચિંતવન લેવું છે ને અહીંયા? ચિંતવન લેવું છે. સમજાણું કાંઈ? આત્મા ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ, સર્વજ્ઞ જિનેશ્વરે જોયો એવો સર્વજ્ઞ સિવાય કોઈએ આત્મા જોયો નથી. એ આત્મા–ભગવાને જોયો છે એ આત્મા, ગુણની ત્રણ પ્રકારની પરિણતિ પર્યાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તેને અહીંયા વ્યવહાર કહીને મલિન કહેવાનો વ્યવહાર છે એમ કહ્યું છે. હવે એ આત્મામાં ત્રણ પ્રકારની પરિણતિ નથી. આહાહા..! શું કહે છે આ? વસ્તુ અખંડ આનંદકંદ પ્રભુ આત્મા છે. અતીન્દ્રિય આનંદનો અભેદ પિંડ પ્રભુ આત્મા છે. તો એના એક ગુણનો પણ ભિન્ન વિચાર ન કરવો. ત્રણ ભેદનો વિચાર પણ વિકલ્પ છે એ પણ છોડી દેવું. અને હું એકરૂપ છું, એવી ચિંતવનાની અહીંયા વાત છે. નહિતર એકરૂપ વસ્તુ જે છે, એની દૃષ્ટિ કરવી એ સમ્યગ્દર્શન છે, એ ધર્મ છે. પણ અહીં ચિંતવનની વાત લીધી છે. પંડિતજી! ચિંતવન લીધું છે ને? '**चिन्तया**' વિકલ્પ લીધો છે.

નય બે પ્રકારની છે : એક વિકલ્પાત્મક નયનું જ્ઞાન છે અને એક નિર્વિકલ્પ જ્ઞાનની નય છે. તો અહીં જરી ચિંતવન વિકલ્પસહિતની વાત લીધી છે. સમજાણું કાંઈ? કે હું આત્મા છું. દેહ તો જડ છે. આ તો માટી-ધૂળ છે. અંદર આત્મા જે છે, ભગવાન કહે છે એ આત્મામાં બે પ્રકાર છે. એના પરિણમનમાં, પર્યાયમાં ત્રણ પ્રકારનું પરિણમન થવું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, હોં! એ ત્રણ પ્રકારની દશા થવી, એવો વિચાર કરવો એ વ્યવહારનો વિકલ્પ છે. આહાહા..!

**'અને 'નિર્મળ છે'...'** અર્થાત્ ત્રિકાળી એકરૂપ ચૈતન્ય છે, અભેદ છે એવો વિચાર કરવો એ પણ એક વિકલ્પ, ચિંતવન નામ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! છે? આ તો સિદ્ધાંત અધ્યાત્મ છે, ભગવાન! એ અંતરની વાત તો અનંતકાળમાં એણે સાંભળી નથી. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર કહે છે એ વાત એણે અનંતકાળમાં એક સમય પણ એને રુચિ નથી. શું કહે છે અને કઈ પદ્ધતિ છે એની ખબર નથી. આહાહા..!

અહીં પરમાત્મા એમ કહે છે, કે એને એકરૂપ વિચારવો. ત્રિકાળ અભેદ અભેદ... સમ્યગ્દર્શન(નો) વિષય તો અભેદ છે. પણ એ અભેદ છે એવો ચિંતવન–વિકલ્પ ઉઠાવવો એ પણ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'દેવજીભાઈ'! આહાહા..! આવો માર્ગ પ્રભુનો, બાપુ! અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે. ચોરાશી લાખ યોનિના અવતાર, એક એક યોનિમાં અનંત અવતાર કરીને એના સોથા ઉડી ગયા છે પણ એને ભાન ન મળે. વર્તમાનમાં ક્યાંક જન્મ્યો અને શરીર... આ હું છું. પણ મારી ચીજ કોણ છે? મારામાં શું ભર્યું છે? અને પરમેશ્વર એ ચીજને કઈ રીતે નિર્મળ કહે છે? આહાહા..! એ પણ એણે વિચારમાં કદી લીધું નથી. આહાહા..!

અહીં બીજી ક્રિયાકાંડ જે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, એ ભાવ તો શુભરાગ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! અહીં તો હું નિર્મળ એકરૂપ છું એવો વિકલ્પ કરવો એ પણ ધર્મ નથી. આહાહા..! ત્રણ પ્રકારરૂપે હું થાઉં છું એ પણ વિકલ્પ છે. એ તો છોડી દે. પણ હું એકરૂપ ચિદાનંદ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જ્ઞાનનો પિંડ અને આનંદનો સાગર પ્રભુ છે. આહાહા..! એવા અભેદરૂપ–એકરૂપ હું છું, એવો વિકલ્પ એટલે રાગ છે એ ચિંતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! કહો, 'ધર્મચંદજી'! આવો માર્ગ. આહાહા..! માર્ગ તો એવો છે, પ્રભુ! એણે કદી સાંભળ્યો નથી, કર્યો નથી. દુઃખી થઈને રખડે છે.

અહીં તો અહીં સુધી આવ્યા તોપણ કહે છે કે હું એકરૂપ ત્રિકાળ છું, તોપણ એ ચિંતા-વિકલ્પ છે. આહાહા..! છે? **'આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે;...'** ચિંતન કહ્યું હતું ને? એ માટે બે નય પક્ષપાતરૂપ છે. નહિતર 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' ત્યાં વિકલ્પ નથી. ત્યાં તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને અનુભવ કરે એ મોક્ષનો માર્ગ છે. પણ અહીં તો પહેલા વિચારમાં આવ્યું છે કે આ ત્રણરૂપે છે અને એકરૂપે છે. એવી ચિંતવનાનો, પક્ષપાતનો વિકલ્પ છે. આહાહા..! આ વિકલ્પ શું હશે? વિકલ્પ એટલે રાગનો ભાગ. આહાહા..! સમજાય છે કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના કામ નહિં ત્યાં.' અન્યમતિમાં કહે છે. 'પ્રભુનો માર્ગ છે શુરાનો એ કાયરના નહિં કામ જોને.' એમ પ્રભુનો રે માર્ગ છે વીરાનો. વીતરાગ પરમાત્માનો માર્ગ ... એ પામર કાયરના એ માર્ગ નથી. આહાહા..!

અહીંયાં તો ત્યાં સુધી લીધું, કે આત્મા પરદ્રવ્યની ચિંતા અને પરદ્રવ્યનું કરવું, કરાવવું એ તો આત્મામા છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આત્મા સિવાય આ શરીર, વાણી, મન, જડ, કે સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ પર, એનું કાંઈ આત્મા કરી શકે એ ત્રણકાળમાં વાત જૂઠી છે. આહાહા..! હવે રહી વાત પોતાના કરવાની. પણ એ કરવું પણ હું પરિણતિરૂપ ત્રણ પ્રકારે છું અને એકરૂપ છું એવો જે વિકલ્પ... આહાહા..! એને પણ કરવું એ વિકલ્પને કરવું એ કર્તાબુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! એને જન્મ-મરણ રહિત થવાના પરમેશ્વરના પંથ બહુ અલૌકિક છે. અત્યારે સાંભળવા મળવું મુશ્કેલ પડી ગયું છે.

અહીં પ્રભુ એ કહે છે, **'આમ આ બંને નયો પક્ષપાતરૂપ છે; ચૈતન્યદ્રવ્યના આવા...'** જોયું? ચૈતન્યદ્રવ્ય વસ્તુ ભગવાન પૂર્ણ તત્ત્વ આત્મા. એ **'ચૈતન્યદ્રવ્યના આવા चिन्तया વિચારથી બસ થાઓ;...'** જોયું? એવો જે રાગ વિકલ્પ ઊઠે છે **'अलं' 'બસ થાઓ;...'** એ પણ કોઈ શુદ્ધતાનું કારણ નથી. આહાહા..! પોતાનું સમ્યગ્દર્શન, ધર્મની પહેલી સીઢી-સમ્યગ્દર્શન, એ કહે છે કે હું એકરૂપ છું કે અનેકરૂપ છું. એવો પક્ષપાતનો વિકલ્પ એ સમ્યગ્દર્શનનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતનદ્રવ્યના આવા વિચારથી...'** વિચાર-ચિંતવના, મૂળ વિકલ્પ. **'अलं' 'બસ થાઓ;...'** પ્રભુ! હું તો ચૈતન્ય આનંદ છું એવો અનુભવ કરો. આહાહા..! કહો, 'હીરાભાઈ'! માર્ગ તો આવો છે, પ્રભુ! લોકોએ તો બીજી રીતે કલ્પીને પ્રભુના માર્ગને મનાવ્યો છે. પ્રભુનો માર્ગ તો વીતરાગી માર્ગ છે. તો વીતરાગતા ક્યારે થાય? કેમ થાય? હું એક અને અનેક એવા વિકલ્પથી પણ બસ થાઓ. આહાહા..! એ પણ અંતર સમ્યગ્દર્શનનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મની પહેલી સીઢી સમ્યગ્દર્શન, ધર્મની શરૂઆત છે. પછી જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અને ચારિત્રની વાત છે.

અહીંયાં તો કહે છે, પ્રથમ જેને ધર્મ અને શુદ્ધતાના પરિણામ પ્રગટ કરવા હોય તો હું એકરૂપ છું કે અનેકરૂપ છું એવા રાગના વિકલ્પથી પણ બસ થાઓ. **'अलं'** આહાહા..! 'પ્રેમચંદજી'! આહાહા..! આકરું પડે, પ્રભુ! શું થાય? માર્ગ તો આ છે. અરે..! દુઃખી છે. આ બધા પૈસાવાળા કરોડોપતિ ગણાય, અબજોપતિ છે. એ ભિખારા બિચારા દુઃખી છે. આહાહા..! એને આત્માની લક્ષ્મીની ખબર નથી. ધૂળની લક્ષ્મી મારી. એ ધૂળ છે, માટી છે. શરીર એ માટી છે. આ શરીર માટી છે. માટી નથી કહેતા? તમારામાં પણ કહે છે. લોઢાની ખીલ્લી વાગે ને? ચૂંક. તો કહે કે મારી માટી પાકણી છે. માટે પાણી ન અડાડવું. મારી માટી પાકણી છે એમ ભાષા બોલે. લોઢાનો ખીલ્લો વાગ્યો હોય તો એમ બોલે કે મારી માટી પાકણી છે માટે પાણી ન અડાડવું. એક કોર માટી કહે અને એક કોર કહે શરીર મારું છે. હવે આમાં... આહાહા..! 'દેવજીભાઈ'! આપણે ગુજરાતીમાં કહેવાય છે કે નહિ? તમારે હિન્દીમાં પણ હશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના આ તો મારી માટી પાકણી છે. એમ કહે. પાકણી છે માટે પાણી ન અડાડવું. નહિતર પાકી જાય. માટે પાણી ન અડાડવું. પાણીનું પોતું મૂકે એ પણ ન મૂકવું. કારણ કે મારી માટી પાકણી છે. શરીરની પાકણી માટી છે. આહાહા..! આ તો માટી-ધૂળ છે. એની તો અહીંયા વાત જ નથી. એ તો પોતાનું છે નહિ. અને શરીરથી પોતાનું કલ્યાણ થતું નથી. પણ અહીંયાં તો હું એકરૂપ છું એવા વિકલ્પથી પણ કલ્યાણ નથી થતું એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હું અનેકરૂપ છું એ તો વ્યવહાર છે, એને તો હેય કહ્યું છે. પણ અહીંયાં આ ગાથામાં આમ લીધું છે. આગળ આવશે, જુઓ! **'दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः'** ત્રણ બોલ લેશે. એ ત્રણ પર્યાયને પર્યાયથી પ્રાણી સમજે છે એટલે પર્યાયથી ભેદથી વાત કરી છે. બાકી ત્રણની સેવના કરવી એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? રાગ છે. આહાહા..!

એક ચૈતન્યવસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આત્મા (છે). વીતરાગે વીતરાગતા પ્રગટ કરી, અને ભગવાનને અનંતજ્ઞાન, અનંતઆનંદ પ્રગટ્યો એ ક્યાંથી આવ્યો? પરમેશ્વર અરિહંત પરમાત્મા જેને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય પ્રગટ થયા એ આવ્યા ક્યાંથી? બહારથી કોઈ ચીજ આવે છે? આહાહા..! એ અંતરમાં શક્તિ પડી છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ પીપર કહે છે ને? લીંડીપીપર. લીંડીપીપર હોય છે ને? તે નાની છે, રંગે કાળી, તીખાશમાં પૂરી. તીખાશ તમારી ભાષામાં ચરપરાઈ. પણ અંદરમાં ચોસઠ પહોરી ચરપરાઈ તીખાશ ભરી છે. ઘૂંટે છે તો પીપરની ચોસઠ પહોરી પ્રગટતા ક્યાંથી થઈ? કાંઈ ઘૂંટવાથી આવી? કોલસા ને પત્થર ઘૂંટે નહિ? એ પીપર કદે નાની અને રંગે કાળી. પણ અંદરમાં

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શક્તિ એની ચોસઠ એટલે પૂર્ણ રૂપિયો, સોળ આના. એવી તીખાશ. હિન્દી ભાષામાં ચરપરાઈ. ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. આહાહા..! અને અંદર લીલો રંગ પડ્યો છે. બહારમાં કાળી દેખાય છે. અંદર લીલો રંગ છે. ઘૂંટે ત્યારે લીલો રંગ ક્યાંથી આવ્યો? શું કોઈ ચીજ બહારથી આવે છે? આહાહા..!

એમ ભગવાનઆત્મા ચૈતન્ય આનંદની શક્તિનો ભંડાર આત્મા છે. તો જ્યારે જ્ઞાનનો ભંડાર, આનંદનો ભંડાર, શ્રદ્ધાનો ભંડાર, વીર્યનો ભંડાર... આહાહા..! એ તો અનંત ગુણનું ગોદામ છે. કોઈ દિ' સાંભળ્યું નથી, ખબર નથી. આહાહા..! ધૂળના ગોદામની ખબર હોય. આ કેસરના ગોદામ છે, ચોખાના ગોદામ છે. પ્રભુઆત્મા અનંતગુણનું ગોદામ અંદર શક્તિ છે. હું આવો છું... હું આવો છું... એકરૂપ છું, અભેદ છું એ પણ એક રાગના વિકલ્પની વૃત્તિ ઊઠે છે. એ પણ બસ થાઓ. આહાહા..! બીજું તો શું કહેવું? પણ અહીંયાં સુધી આવ્યા તો કહે **'બસ થાઓ;...'** આવા રાગથી મને કાંઈ લાભ નથી. આહાહા..! કહો, પંડિતજી! આવી વાતું આવે, વાદ કોની સાથે કરવા? વાદ માટે પંડિતજી રાખ્યા છે. જેને વાદ કરવો હોય એ અમારા 'હુકમચંદજી' અમારા પંડિત છે. કરો એની સાથે. અરે..! ભગવાન! આહાહા..!

અહીં તો એ ગાથા પણ આવી છે. શું કહે છે? જુઓ! **'બસ થાઓ;...'** વસ્તુ અખંડ અભેદ ચૈતન્યતત્ત્વ વસ્તુ છે. તો હું અખંડ છું એવા રાગના વિકલ્પની વૃત્તિ ઊઠે છે. **'બસ થાઓ;...'** એનાથી મને કાંઈ લાભ નથી. આહાહા..! છે? **'આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી...'** સાધ્ય એટલે મોક્ષ, પરમાનંદ સિદ્ધદશા, મોક્ષદશા. મોક્ષદશાની સિદ્ધિ–પ્રાપ્તિ, એવા વિકલ્પના વિચારથી નથી થતી. આહાહા..! છે? વિચારથી એટલે વિકલ્પથી નથી થતી. **'એમ નક્કી જાણવું.'** આહાહા..! આવો નિર્ણય કરીને નિશ્ચય જાણવું કે વિકલ્પ જે હું નિર્મળ છું, અખંડ છું એવા વિકલ્પથી પણ સાધ્ય એટલે મુક્તિની સિદ્ધિ, એનો ઉપાય એનાથી નથી થતો. આહાહા..! બહારની ક્રિયાકાંડથી મુક્તિ થાય. આહાહા..! દયા પાળો, વ્રત કરો, તપસ્યા કરો, અપવાસ કરો. ભાઈ! એ તો વિકલ્પ છે, બાપુ! તને ખબર નથી. એ તો અભવી પણ અનંતવાર કરે છે. આહા..!

અહીંયાં તો ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ એણે જે આત્મા... એ સિવાય અજ્ઞાની જે આત્માની વાત કરે છે એણે આત્માને જોયો જ નથી. જે ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. સર્વજ્ઞે જે જોયું છે. એ ચીજ બરાબર છે. તો સર્વજ્ઞે તો આત્માને એવો જોયો છે... એકવાર કહ્યું હતું ને? 'પ્રભુ તુમ જાણગ રીતિ...' પ્રભુ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરને એમ કહે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ! હે પરમેશ્વર! આપ સર્વ જગત, ત્રણકાળ, ત્રણલોકને દેખો છો. એમાં અમારો આત્મા, જગતમાં જે આત્મા છે એની સત્તા આપ કેવી જુઓ છો? નિજ સત્તાથી શુદ્ધ. આહાહા..! 'નિજસત્તાએ શુદ્ધ...' પોતાનું હોવાપણું, જે મોજૂદગી ચીજ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નિજસત્તાથી શુદ્ધ છે, પવિત્ર છે, આનંદકંદ છે. એવો હે નાથ! અમારા આત્માને આપ એ રીતે જુઓ છો. આહાહા..! તો જે રીતે ભગવાને જોયો કે આત્મા આવો છે. એ રીતે જો આત્મા અંદરમાં વિકલ્પથી રહિત થઈને જુએ, તેને સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. આહાહા..! આવો માર્ગ છે. છે, બાપુ! ગ્રીક-લેટિન જેવું લાગે. છે તો એવું. બધી દુનિયાની ખબર નથી? આહાહા..!

અહીં કહે છે **'આવો વિચાર કરવાથી તો સાધ્યની સિદ્ધિ નથી થતી એમ નક્કી જાણવું. ભાવાર્થ આમ કહે છે કે શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં...'** ભાષા જુઓ! એક બાજુ એમ કહે કે ભાવશ્રુતજ્ઞાનથી આત્માનો અનુભવ થાય છે. અંદર વિકલ્પથી રહિત જે ભાવશ્રુતજ્ઞાન છે એનાથી આત્માનો અનુભવ થાય છે, આનંદનો સ્વાદ આવે છે. ૧૪૩-૧૪૪ ગાથા. કર્તા-કર્મ અધિકાર. શ્રુતજ્ઞાનની બુદ્ધિને અંતરમાં વાળવી. ત્યાં વિકલ્પથી રહિત કહ્યું. અહીંયાં શ્રુતજ્ઞાન વિકલ્પવાળું લીધું છે. છે? આહાહા..!

**'શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં...'** એમ. શ્રુતજ્ઞાન ભગવાને કહ્યું એવું જ્ઞાન થયું. એ **'શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...'** આહાહા..! રાગની ઘણી વૃત્તિઓ ઊઠે છે. આહાહા..! ભગવાનઆત્મા તો અંતર નિર્વિકલ્પ સ્વરૂપ છે. **'શ્રુતજ્ઞાનથી આત્મસ્વરૂપ વિચારતાં ઘણા વિકલ્પો ઊપજે છે;...'** આહાહા..! ઝીણી વાતું આવી છે. સમજાણું કાંઈ? **'એક પક્ષથી વિચારતાં આત્મા અનેકરૂપ છે.'** ત્રણ ગુણરૂપ પણ, પરિણમનરૂપ પણ છે. એક પક્ષથી જુઓ તો સમ્યગ્દર્શન અથવા દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન છે. પરિણમન નામ અવસ્થા. પરિણમન આવી ગયું ને? ૧૭ માં કળશમાં આવી ગયું.

**'બીજા પક્ષથી વિચારતાં આત્મા અભેદરૂપ છે—'** આહાહા..! એકાકાર છે. **'આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી.'** આહાહા..! આવો વિચાર કરવાથી પણ ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન અનુભવ નથી થતો. આહાહા..! સમજાણું કાંઈ? 'દેવજીભાઈ'! આવી વાતું છે. કણબીમાં તો તમારે ત્યાં સાંભળવાનું ક્યાં હતું? ઈશ્વરકર્તા અને ઈશ્વરે બધું કર્યું. ઈશ્વરના ભજન કરો. અનાદિ ચીજ છે. ચીજ જે છે એને કરે કોણ?

અહીં તો કહે છે, કે પોતાની ચીજ છે. એમાં એક પક્ષથી અનેકપણાનો વિચાર કરવાથી વિકલ્પ ઊપજતા નથી. એકપણાનો વિચાર કરતા પણ વિકલ્પ ઊપજે છે. આહાહા..! **'આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી.'** ભગવાનનું સ્વરૂપ આત્માનો આનંદ, અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ એ તો છે. ચૈતન્યજ્યોતિ ઝળહળ જ્યોતિ આત્મા... આહાહા..! સમજાણું કાંઈ? **'આમ વિચારતાં થકાં તો સ્વરૂપ-અનુભવ નથી.'** સ્વરૂપનો અનુભવ નથી. સ્વરૂપ જે પોતાનું આનંદ અને જ્ઞાન છે એનો આવા વિકલ્પ રાગ કરવાથી અનુભવ નથી થતો. આહાહા..! આવી વાત છે. આકરું લાગે. શું થાય? ભાઈ! લોકોને એક તો સંસારના કામ આડે નવરાશ ન મળે. ૨૦ કલાક એમાં જાય. ૨૦-૨૧ કલાક. ૬-૭ કલાક ઊંઘે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખાય, પીવે, ભોગ, વિષય, સ્ત્રી, કુટુંબનું રક્ષણ કરવું, હા-હા-હો-હો. કલાક વખત મળે તો સાંભળવા જાય. ત્યાં એને એવું સાંભળવાનું મળે, કે આ રાગ કરો, વ્રત પાળો, તપસ્યા કરો, ભક્તિ કરો. એવું સાંભળવાનું મળે. હવે એને બિચારાને ક્યાં જાવું? આહાહા..! સમજાણું કાંઈ? ભલે એ રાજા હોય કે ધનાઢ્ય અબજોપતિ હોય. પણ એ બધા... આહાહા..! અજ્ઞાનમાં મુંઝાઈને પડ્યા છે. હું એકરૂપે છું એવો પક્ષપાતના વિકલ્પથી પણ બસ થાઓ. એનાથી મારી સિદ્ધિ થતી નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિચારતાં થકાં તો અનુભવ નથી, તો અનુભવ ક્યાં છે?'** આહાહા..! **'ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.'** આહાહા..! ઝીણી વાત, પ્રભુ! એ આત્મા અતીન્દ્રિય આનંદ છે. આ મૂંઢ જે ઇન્દ્રિય તરફનો આનંદ માને છે, વિષયમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે એ તો મૂંઢ દશા, મિથ્યાભ્રાંતિની દશા છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. એ આનંદમાં અંદરમાં હું એક છું કે અનેક છું એવા રાગના વિકલ્પને છોડીને સ્વસ્વરૂપમાં સન્મુખ થઈને અતીન્દ્રિય આનંદનું વેદન થાય એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત હવે. આ તો સાંભળવામાં મુશ્કેલ પડે. મગજના ઠેકાણા ન મળે. આખો દિ' સંસાર... સંસાર... સંસાર... બાયડી, છોકરા, કુટુંબ, ધંધો. બધા એકલા પાપના ધંધા છે. હવે ધર્મ તો ત્યાં નથી, પણ ત્યાં તો પુણ્ય પણ નથી. બે-ચાર કલાક આવી સત્ય વાત સાંભળવામાં, વાંચવામાં પુણ્ય થાય છે. ધર્મ નહિ. તો બે-ચાર કલાક સત્ય વાત, હોં! સાંભળવું, વાંચવું. અસત્ય વાત સાંભળે, વાંચે તો એમાં પણ પાપ છે. આહાહા..! પણ પરમસત્ય સર્વજ્ઞ પરમેશ્વરે જે સત્ કહ્યું, એવું સાંભળે, વાંચે, વિચારે તોપણ એને શુભરાગથી પુણ્ય થાય છે. પંડિતજી! આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં હજી પુણ્યના ઠેકાણા નથી એને આત્મા અંદર શું છે એની શું ખબર? આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. **'અનુભવ ક્યાં છે?'** કેવી રીતે થાય છે? કે **'પ્રત્યક્ષપણે...'** આહાહા..! મનથી નહિ, રાગથી નહિ, દેવ-ગુરુની વાણીથી પણ નહિ. એ તો પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય છે, એ શુદ્ધ ચૈતન્યની પર્યાયમાં નિર્મળ પર્યાય દ્વારા એનું પ્રત્યક્ષ વેદન થવું. સમજાણું કાંઈ? કેમકે સર્વજ્ઞ, સર્વદર્શી, સ્વચ્છત્વ, પ્રકાશ. એક પ્રકાશત્વ નામની શક્તિ આત્મામાં છે. આત્મામાં જેમ જ્ઞાન છે, આનંદ છે એમ પ્રત્યક્ષપ્રકાશક નામની શક્તિ છે. ૪૭ શક્તિમાં બારમી. એનો અર્થ શું છે? કે જે પ્રત્યક્ષ વેદનમાં આવે એ પ્રત્યક્ષ શક્તિ છે. આહાહા..! સ્વસંવેદનમાં પોતાનું આનંદસ્વરૂપ સ્વનું સં નામ પ્રત્યક્ષ વેદન થવું. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એનું નામ ધર્મ છે. આવો ધર્મ હવે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'સીમંધર' ભગવાન (બિરાજે છે). સામાયિક કરતી વખતે આજ્ઞા લે છે. જય ભગવાન! એ પ્રભુ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે. આહાહા..! એ ભગવાનના સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે ભગવાનની વાણીમાં આમ આવતું હતું. એ વાણી આ 'કુંદકુંદાચાર્ય' ત્યાંથી લાવ્યા. સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે આ? અમે તો ભાઈ સાંભળ્યું હતું એમાંનું કાંઈ ન આવ્યું. બાપુ! એ બધું સાંભળ્યું છે એ તો અનંતકાળથી કરે છે. વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધા શુભભાવ છે. એની તો વાત ન કરી. પણ આત્મા એકરૂપ શુદ્ધ ચૈતન્ય છું એવો વિકલ્પ શુભભાવ છે. એ અશુભ નથી. ત્રણ પ્રકારે પરિણમન થાય છે એનું લક્ષ કરવું એ પણ વિકલ્પ શુભભાવ છે. પણ હું એકરૂપ ચિદાનંદ અભેદ અખંડ છું, એવો રાગ ઉત્પન્ન થવો એ પણ શુભ છે, અશુભ નથી. એ પણ બસ થાઓ. એ પણ ધર્મ નથી. આહાહા..!

**'તો અનુભવ ક્યાં છે? ઉત્તર આમ છે કે પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.'** ત્રણ શબ્દો લીધા. **'પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે.'** આહાહા..! ભગવાનઆત્મા અંદર વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે, આનંદસ્વરૂપ છે. એને પ્રત્યક્ષ–રાગ અને નિમિત્તની અપેક્ષા વિના પ્રત્યક્ષ, અને વસ્તુ. પ્રત્યક્ષમાં પોતાની વસ્તુ જે અખંડ અભેદ ચીજ છે એ પ્રત્યક્ષ વસ્તુને. અનુભવ આસ્વાદે એ પર્યાય છે. વસ્તુ ત્રિકાળી છે, એને પ્રત્યક્ષપણે આસ્વાદે એ પર્યાય છે. સમજાણું કાંઈ? પર્યાય શું અને દ્રવ્ય શું? એ પણ સાંભળ્યું ન હોય. આહાહા..! અરે..રે..! જગતમાં આંધળા અનાદિકાળથી ચોરાશીના અવતારમાં રખડી મરે છે. ક્યાંય એનો આરો નથી. આહા..!

અહીં પ્રભુ એમ કહે છે, એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! એ ત્રણરૂપે પરિણમન અવસ્થા થવી એ પણ ભેદ છે. એ તો અહીં કહેશે. કે આ ત્રણને સેવન કરવાનું કેમ કહ્યું? ત્રણ તો ભેદ છે. તમે તો કહો છો કે ત્રણનો વિચાર કરવો એ પણ વિકલ્પ છે, તો સેવન કરવાનું શા માટે કહ્યું? એ ખુલાસો કરશે. કે એ તો પર્યાયથી લોકો સમજે છે માટે પર્યાયથી વાત કરી છે. પંડિતજી! સમજે છે. બાકી વસ્તુ તો ત્રિકાળી એકરૂપ છે એની સેવના કરવાની છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, પ્રભુ! ભાષામાં કોઈ વ્યાકરણ, સંસ્કૃત ને મોટા મોટા.. સાદી ભાષા છે. સત્ આ છે.

ચૈતન્યમૂર્તિ પ્રભુ અંદર બિરાજે છે. ચૈતન્યના પ્રકાશનું પૂર, આનંદનું તેજનું પૂર એવો ભગવાન અંદર બિરાજે છે. એનો અનુભવ કરવો. હું આવો છું કે આવો નથી એવા વિકલ્પથી પણ હવે બસ થાઓ. એમાંથી મારું કાર્ય કાંઈ સિદ્ધ થયું નથી. આહાહા..! ત્યારે એને આત્માનું ભાન અને જ્ઞાન કઈ રીતે થાય? આ રીતે તમે ના પાડી તો હવે થાય કઈ રીતે? કે આ રીતે થાય છે. અંદર થોડું ગુજરાતી આવી જાય છે.

**'પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં...'** આહાહા..! ગજબ કામ છે. ભગવાનઆત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ વિકલ્પ જે રાગ છે, એની અપેક્ષા છોડી દે અને પોતાના જ્ઞાનની વર્તમાન પર્યાય પ્રત્યક્ષ છે, એ પર્યાયમાં પોતાનો આત્મા પ્રત્યક્ષ થાય છે. પરની અપેક્ષા જેમાં નથી. આહાહા..! **'પ્રત્યક્ષપણે વસ્તુ...'** વસ્તુ એટલે અખંડ અભેદ ચૈતન્ય તે. એને પ્રત્યક્ષપણે આસ્વાદતાં. આહાહા..! અતીન્દ્રિય ભગવાનઆત્માના આનંદનો સ્વાદ લેતાં. આહાહા..! ભાઈ! અહીં તો સાકરનો સ્વાદ, કેળાનો સ્વાદ, ગોળનો સ્વાદ એમ માણસ કહે છે. બધી ખોટી વાત છે. સાકરનો સ્વાદ કોણ લે? સાકર તો જડ છે. ભગવાનઆત્મા તો અરૂપી છે. એને સાકરનો સ્વાદ આવતો જ નથી. ફક્ત સાકર ઉપર લક્ષ જાય છે (એ વખતે) ઠીક છે એવો રાગ કરે છે, એ રાગનો સ્વાદ આવે છે. આહાહા..!

અરૂપી પ્રભુને સ્ત્રીના શરીરના ભોગ વખતે પણ એ શરીરને અડતો જ નથી. શરીરને તો આત્મા સ્પર્શતો જ નથી. ફક્ત એનું લક્ષ જાય છે કે આ શરીર સુંદર છે, આવું છે, તેવું છે. એવી કલ્પના રાગ કરે છે એ રાગનો ભોગ છે. શરીરનો ભોગ તો અજ્ઞાનીને પણ ત્રણકાળમાં નથી. અરૂપી રૂપીને કેમ ભોગવે? આહાહા..! સમજાણું કાંઈ? પ્રભુ તો અરૂપી આત્મા છે. એમાં કાંઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. આહાહા..! તો એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શનું વેદન કરે એમ નથી. આહાહા..! એ તો પર તરફનું લક્ષ કરીને (આ) ઠીક છે, એવો રાગ ઉત્પન્ન કરે છે એ રાગનો સ્વાદ લે છે. અને વીંછી કરડે છે, સાપ કરડે છે એ વખતે કરડવાનો અનુભવ નથી, પણ અણગમાનો દ્વેષ થાય છે. એ દ્વેષનો અનુભવ એને થાય છે. વીંછીનું કરડવું તો જડ પરમાણુ છે, આત્મા તો અરૂપી છે. અરૂપીને પરમાણુનો સ્વાદ ક્યાંથી આવે? આહાહા..! વાતે વાતે ફેર. પ્રભુનો માર્ગ એવો છે, ભાઈ! કદી સાંભળ્યો નથી, વિચાર કર્યો નથી. આહાહા..!

'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપણ દેખ કે રોયા.' એવું બધું અમારે 'પાલેજ'માં બોલતા. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ'માં અમારી દુકાન હતી ને? 'પાલેજ' છે ને 'પાલેજ'? ત્યાં અમે નવ વર્ષ રહ્યા. અત્યારે પણ દુકાન છે. મને દુકાન છોડ્યે ૬૪ વર્ષ થયા. ૬૪ વર્ષ. શરીરનું તો ૮૮મું વર્ષ ચાલે છે. બે આઠ-૮૮. ૯૦ માં બે ઓછા. તો ત્યાં અમે બહાર સૂતા હોય ને. ત્યાં મુસલમાનની વસ્તી ઘણી. 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ'. તો મુસલમાન ફકીર નીકળે એ એમ બોલતા હતા, 'બાળપણ ખેલમેં ખોયા...' નાની ઉંમરમાં ૧ થી ૧૫ વર્ષ રમત-ગમતમાં... આહાહા..! 'જુવાનીમાં સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધપણ દેખ કે રોયા.' વૃદ્ધ થયો જ્યાં ૭૦-૮૦-૮૫. આહાહા..! મારું શરીર આવું થઈ ગયું, હું કામ કરી શકતો નથી. હું ઊઠી-બેસી શકતો નથી, ઓઠીકણ વિના બેસાય નહિ. આહાહા..! આમ જિંદગી ગુમાવી. પોતાના આત્માનું કાર્ય શું છે?

અહીં તો કહે છે કે હું અખંડ અભેદ છું એ વિકલ્પ પણ બસ થાઓ. એનાથી મારી હિત ચીજ પ્રગટતી નથી. આહાહા..! આ તો પોતાના કામની વાત છે, ભાઈ! દુનિયા દુનિયાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે. દુનિયા શું કરે અને કેમ બોલે એ પોતપોતાની જવાબદારી છે, એ જવાબદારી એની છે. આહાહા..! અહીંયાં તો પરમાત્મા જિનેશ્વરદેવ એવું ફરમાન કરે છે, કે પ્રત્યક્ષ વસ્તુનો અનુભવ કરવો એનું નામ અનુભવ છે. એ ભેદ અને અભેદનો વિકલ્પ, રાગ ઉઠે છે, એ પણ છોડી દે.

અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ આવે છે. પોતાનો આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એવો બોલ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છે ને? એમાં ૬ઠો બોલ એવો છે. પોતાનો આત્મા પોતાના સ્વભાવથી જણાય છે. પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! છઠો બોલ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છે ને? 'પ્રવચનસાર'ની ૧૭૨ ગાથા. ઇન્દ્રિયથી જણાતો નથી. ઇન્દ્રિયથી જાણતો નથી. આત્મા ઇન્દ્રિયથી જાણતો નથી અને ઇન્દ્રિયથી જણાતો નથી. અને ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. બીજો પ્રાણી અનુમાનના અવલંબનથી જાણી શકે એવો આત્મા નથી. અને પોતાનો આત્મા અનુમાનથી પરને જાણે એવો પણ આત્મા નથી. આહાહા..! પાંચ બોલ થયા. છઠ્ઠો–પોતાના સ્વભાવથી જણાય છે. આ પ્રત્યક્ષ એ. પોતાનો આત્મા અંતરજ્ઞાનની દશા, રાગની અપેક્ષા છોડીને પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાય પોતાના સ્વભાવથી જણાય છે. એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. માણસને આવું આકરું લાગે એટલે પછી વ્યવહારથી થાય એ વાત તો તમે ઉડાડી દો છો, એમ કહે છે. અહીં તો ભગવાન કહે છે એ પ્રમાણે કહીએ છીએ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બધે. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– નિશ્ચય નિષેધ છે વ્યવહાર. નિશ્ચય નિષેધક છે અને વ્યવહાર નિષેધ્ય છે. એ વિકલ્પવાળી નયની વાત છે. સમજાણું કાંઈ? ત્યાં તો વિકલ્પ રહિત નિષેધની વાત છે. આહાહા..! ૧૪૪ માં વિકલ્પવાળી નય લીધી છે, રાગવાળી.

અહીં એ લીધું. અહીંયા તો **'પ્રત્યક્ષપણે વસ્તુને આસ્વાદતાં થકાં અનુભવ છે. તે જ કહે છે–'** **'दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः'** લ્યો. દર્શન વડે ભગવાનઆત્માનું અવલોકન કરવું, અને જ્ઞાનથી પ્રત્યક્ષ જાણવું અને ચારિત્રથી અંદરમાં લીન થવું. આહાહા..! એ વ્યવહારીજન પર્યાયથી સમજે છે તો ત્રણ ભેદથી સમજાવ્યું છે. આ ત્રણ બોલ લીધા ને? **'दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः'** નહિતર ભેદથી **'साध्यसिद्धिः'** થયું એમ કહ્યું. સમજાણું કાંઈ? પહેલા તો કહ્યું હતું કે ત્રણ ભેદ છે એ તો વિકલ્પ છે, વ્યવહાર છે, મલિન છે એમ કહ્યું હતું. અહીં કહ્યું, ત્રણથી સિદ્ધિ છે. એ પર્યાયથી વ્યવહારીજન ભેદથી સમજે છે તો ભેદથી સમજાવ્યું છે. આહાહા..! શબ્દે શબ્દના અર્થમાં ફેર, ભાવમાં ફેર. હવે એનું કરવું શું? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'दर्शन-ज्ञान-चारित्रैः साध्यसिद्धिः' 'શુદ્ધ સ્વરૂપનું અવલોકન,...'** જુઓ! દર્શનની વ્યાખ્યા કરી. ભગવાનઆત્મા તો પવિત્ર પિંડ પ્રભુ છે. શુદ્ધ ચૈતન્ય જેમ સ્ફટિક રત્ન હોય છે એવું ચૈતન્ય સ્ફટિક રત્ન શુદ્ધ ચૈતન્યઘન આત્મા છે. આહાહા..! રાગાદિ ઉત્પન્ન થાય એ કાંઈ અંતર ચીજમાં નથી. આહાહા..! એ **'શુદ્ધસ્વરૂપનું અવલોકન,...'** દર્શન લીધું છે. **'શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું,...'** જ્ઞાનની વ્યાખ્યા. શુદ્ધ પરમાત્મસ્વરૂપ ભગવાનઆત્મા, એનું પ્રત્યક્ષ જાણપણું. અને **'શુદ્ધસ્વરૂપનું આચરણ—'** એ શુદ્ધ વસ્તુ ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદ છે, એનું આનંદ આચરણ. આચરણ–ચારિત્ર. એ આનંદનું આચરણ, આનંદરૂપ આચરણ એનું નામ ચારિત્ર.

અહીં તો બહારથી બાયડી-છોકરા છોડ્યા અને પંચ મહાવ્રત પાળ્યા એટલે થઈ ગયા ચારિત્રવંત. ભાઈ! બાપા! એ વસ્તુ બહુ ઝીણી, ભાઈ! આહાહા..! એવું તો અનંતવાર કર્યું છે. પણ કાંઈ આત્માની સિદ્ધિ થઈ નથી. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનઆત્મા... એ કેમ બેસે? મૃગલાની નાભીમાં કસ્તુરી, હરણની નાભીમાં.. નાભી કહે છે? હરણની નાભીમાં કસ્તુરી. એના ઘરેથી બહેન આવ્યા છે. એ સમજે નહિ માટે હિન્દી લીધું છે. નહિતર આપણે તો અહીં ગુજરાતી ચાલે. હરણની નાભીમાં કસ્તુરી એ કસ્તુરીની હરણને કિંમત નથી. એમ ભગવાનઆત્મામાં અંદર અતીન્દ્રિય આનંદ પડ્યો છે એની અજ્ઞાનીને કિંમત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપનું પ્રત્યક્ષ જાણપણું, શુદ્ધસ્વરૂપનું આચરણ–આવા કારણો કરવાથી...'** આવા ત્રણ પ્રકારના કારણો કરવાથી. વ્યવહારથી લીધું ને? નહિતર તો ખરેખર તો ત્રિકાળી કારણરૂપ પરમાત્મા પોતે છે એના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ તરફની એકાગ્રતા એ જ મોક્ષનો માર્ગ છે. ત્રણ ભેદથી તો કથન કર્યું છે. પર્યાયથી સમજે એ કારણે. છે? **'આવાં કારણો કરવાથી...'** એ શું કહે છે? કે ભાઈ! કર્મ-બર્મથી એવું કોઈ કારણ હોય, કર્મ માર્ગ આપે તો આવો ધર્મ થાય. એમ નથી. **'આવા કારણો કરવાથી...'** પુરુષાર્થ કરવાથી. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ... આહાહા..! આ લોકો સચ્ચિદાનંદ કહે છે એ નહિ, હોં! એ તો બીજા. આ તો સત્ એટલે છે. ચિદાનંદ–ચિદ્ નામ જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ અંદર છે. આહાહા..! 'સ્વામિનારાયણ'માં આવે છે ને? સચ્ચિદાનંદ પ્રભુ!

અમે 'બોટાદ' હતા ને? ઓલા લોટ લેવા આવે તે એમ બોલે, સચ્ચિદાનંદ પ્રભુ. પણ સચ્ચિદાનંદ કોણ? ભગવાન થઈ ગયા એ સચ્ચિદાનંદ? આ તો આ આત્મા જ સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા..! સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ સચ્ચિદાનંદ છે. જિનેશ્વરદેવે પ્રગટ કર્યો એવો આત્મા અંદર છે.

**'આવાં કારણો કરવાથી સકળકર્મક્ષયલક્ષણ મોક્ષની પ્રાપ્તિ (ત્રણ કારણથી) થાય છે.'** મોક્ષ નામ પરમાત્મા સિદ્ધ દશા. ણમો સિદ્ધાણં. ણમો સિદ્ધાણં એમ બોલ્યા કરે પણ કોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સિદ્ધ દશા કહેવી? અને સિદ્ધ દશા ક્યા ઉપાય–કારણથી પ્રાપ્ત થાય એની ખબર નથી. સમજાણું કાંઈ? એ મોક્ષની પ્રાપ્તિ ત્રણ કારણથી થાય છે. **'ભાવાર્થ આમ છે કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે.'** લ્યો. આહાહા..! પ્રભુ આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે. અતીન્દ્રિય અનાકુળ શાંતિનો સાગર પ્રભુ છે. આહાહા..! કેમ બેસે? મૃગની ડુંટીમાં કસ્તુરી, એ કસ્તુરીની ગંધ આવે તો ગોતવા જાય. ક્યાં ગંધ આવે છે? ક્યાંથી આવે છે? જંગલમાં ગોતવા જાય. પણ અહીં છે, એને તું જો. એમ આ સુખને માટે બહારમાં ગોથા મારે. બાયડીમાં, છોકરામાં, પૈસામાં, આબરૂમાં. આ ભણતર મોટું કાંઈ કરીએ તો સુખ થાય. એલ.એલ.બી.ના પૂછડા વળગાડે. એમ.એ.ના અને એલ.એલ.બીના. ધૂળમાં પણ ક્યાંય સુખ નથી, સાંભળને! સમજાણું કાંઈ? પ્રભુ સુખ અને આનંદ તો તારામાં છે. આહાહા..! અરે..! પણ સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચારે? કે દિ' આત્મા તરફ ઝુકે? અને કે દિ' એનું મોક્ષનું કારણ સિદ્ધ થાય? આહાહા..! અરે..! દુર્લભ વસ્તુ થઈ પડી. ઘરની ચીજ છે એ દુર્લભ થઈ પડી અને પારકી ચીજ છે એ પોતાની કદી ન થાય એ સુલભ થઈ ગઈ. આ મારી... આ મારી... આ મારી... આ મારી... કોઈ દિ' એની થઈ નથી. એની બાયડીનો આત્મા, બાયડીનું શરીર કોઈ દિ' આ આત્મારૂપે થશે? અને આમ તો કહે કે આ અમારી અર્ધાંગના છે. અડધું અંગ હું અને અડધું એ. ધૂળેય નથી, હવે સાંભળને. ગપ મારનારા આવા. મારી અર્ધાંગના છે. અડધું અંગ એ અને અડધુ અંગ હું, એમ.

અહીં તો પરમાત્મા કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરા. એ તો પરદ્રવ્ય છે. એ કદી તારું થયું નથી અને કદી તું એમાં જતો નથી. પણ તારી ચીજ જે અખંડ આનંદકંદ પ્રભુ છે. આહાહા..! એ ચીજનો વિકલ્પ પણ ઉઠાવવો એને પણ છોડીને ભગવાનઆત્મા નિર્વિકલ્પ આનંદસ્વરૂપ, એનો અનુભવ કરવો એ એક જ મોક્ષની સિદ્ધિ છે. મોક્ષની એ સિદ્ધિ છે, બીજી કોઈ સિદ્ધિ નથી. વ્રત, નિયમ, તપ-ફપ એ કોઈ મોક્ષનું કારણ નથી એમ કહે છે. આહાહા..! શુભભાવ હોય છે. ધર્મીને પણ ભક્તિનો, પૂજાનો, વ્રતનો શુભભાવ આવે છે. પણ એ હેય માને છે. ઉપાદેય તો ભગવાન એક આનંદકંદ પ્રભુ છે, એ જ ઉપાદેય છે. આહાહા..! ઉપાદેય એટલે આદરવા લાયક.

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં મોક્ષની પ્રાપ્તિ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આટલો જ મોક્ષમાર્ગ છે કે કંઈ અન્ય પણ મોક્ષમાર્ગ છે?'** બીજો કહે કે આ એક જ માર્ગ છે? આહાહા..! **'ઉત્તર આમ છે કે આટલો જ મોક્ષમાર્ગ છે.'** છે? લ્યો પંડિતજી! બે મોક્ષમાર્ગ છે એ તો ચાલ્યું. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલજી' કહે છે કે બે મોક્ષમાર્ગ માને એ ભ્રાંતિ છે. ત્યારે 'રતનચંદજી' કહે કે બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રાંતિમાં પડ્યા છે. એને જે બેઠું હોય એ કહે. આહાહા..! જે વાત અભિપ્રાયમાં બેસી ગઈ, હવે એ કઈ રીતે ખસેડે? એ અભિપ્રાય (જેવો) તો આત્મા થઈ ગયો. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે, કે પોતાનું સ્વરૂપ, એની દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ–પર્યાય, એનાથી મોક્ષની પર્યાય, સિદ્ધની પર્યાય પ્રાપ્ત થાય છે. મોક્ષ પણ પર્યાય છે, અવસ્થા છે. ભગવાન તો ત્રિકાળી આનંદકંદ અનાદિઅનંત આત્મા છે. એની એક મોક્ષમાર્ગની પર્યાય, અવસ્થા અને એક મોક્ષની પર્યાય. તો મોક્ષની પર્યાય એટલે અવસ્થાનું કારણ આ મોક્ષનો માર્ગ. આહાહા..! કહો, 'કાંતિભાઈ'! કોઈક એમ કહે છે કે આવું નવું ક્યાંથી કાઢ્યું? ભાઈ! નવું નથી, બાપુ! ભગવાન! માર્ગ તો અનાદિનો આવો છે. તને સાંભળવા ન મળ્યો હોય માટે નવો લાગે. એમ નથી, ભાઈ! ભગવાન! તારી મહિમાની તને ખબર નથી. તારી ચૈતન્યની મહિમા સર્વજ્ઞ પૂર્ણ કહી શક્યા નથી. એવું એ તત્ત્વ અંદર બિરાજે છે. આહાહા..! એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી મોક્ષ છે. એ પર્યાયથી કથન કર્યું છે. નહિતર તો ભગવાનઆત્માના અંતર દર્શન-જ્ઞાન (ચારિત્ર, ત્રણેની) અંતરમાં એકતા કરવી. સમજાણું કાંઈ? ત્રણ ભેદ પણ નહિ. આહાહા..!

**'न च अन्यथा'** **'પરંતુ અન્ય પ્રકારે સાધ્યસિદ્ધિ નથી થતી.'** લ્યો. પાઠ તો આમ કહે છે. પોતાનો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ, અતીન્દ્રિય પરમ ઈશ્વરસ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપ અંદર છે. ઓહોહો..! શક્તિ એવી છે. જેમ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. એમ આત્મામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદની શક્તિ પડી છે. આહાહા..! એની દૃષ્ટિ કરવાથી, એનું જ્ઞાન કરવાથી, એમાં રમણતા કરવાથી મોક્ષની સિદ્ધિ થાય છે. આ અનેકાંત કર્યું, કે આનાથી થાય છે અને અન્યથી નથી થતી. તો ઓલા કહે છે કે આનાથી પણ થાય અને ઓલાથી પણ થાય તો અનેકાંત છે. વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય, તો અનેકાંત છે. નહિતર સ્યાદ્વાદ નથી રહેતું. એમ કહે છે. આહાહા..!

અહીં તો અનેકાંત એને કહ્યું, પોતાની ચીજ છે એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાથી મુક્તિ છે, અન્યથા બીજા પ્રકારે નથી એનું નામ અનેકાંત છે. આહાહા..! **'અન્ય પ્રકારે સાધ્ય...'** સાધ્ય એટલે મોક્ષ. એની સિદ્ધિ એટલે પ્રાપ્તિ નથી થતી. આત્માને મોક્ષની પ્રાપ્તિ આત્માના અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રથી થાય છે. અન્ય પ્રકારે નથી થતી. એ શ્લોક પૂરો થયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(માલિની)

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इदम् आत्मज्योतिः सततम् अनुभवामः' (इदम्) પ્રગટ (आत्मज्योतिः) આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને (सततम्) નિરંતર (अनुभवामः) પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ. કેવી છે આત્મજ્યોતિ? 'कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्' (कथम् अपि) વ્યવહારદૃષ્ટિથી (समुपात्तत्रित्वम्) ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે તોપણ (एकतायाः) શુદ્ધપણાથી (अपतितम्) પડતી નથી. વળી કેવી છે આત્મજ્યોતિ? 'उद्गच्छत्' પ્રકાશરૂપ પરિણમે છે. વળી કેવી છે? 'अच्छम्' નિર્મળ છે. વળી કેવી છે? 'अनन्तचैतन्यचिह्नं' (अनन्त) અતિ ઘણું (चैतन्य) જ્ઞાન છે (चिह्नं) લક્ષણ જેનું એવી છે. કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દૃઢ કર્યો તે શા કારણે? તે જ કહે છે– 'यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु' (यस्मात्) કારણ કે (अन्यथा) અન્ય પ્રકારે (साध्यसिद्धिः) સ્વરૂપની પ્રાપ્તિ (न खलु न खलु) નથી થતી, નથી થતી, એમ નક્કી છે. ૨૦.

અષાઢ સુદ ૧૦, રવિવાર તા.૨૬.૦૬.૧૯૭૭
કળશ - ૨૦, પ્રવચન - ૨૬

'કળશટીકા' ચાલે છે. જીવ અધિકાર. ૨૦મો કળશ છે. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથાનો એ કળશ છે.

कथमपि समुपात्तत्रित्वमप्येकतायाः
अपतितमिदमात्मज्योतिरुद्गच्छदच्छम्।
सततमनुभवामोऽनन्तचैतन्यचिह्नं
न खलु न खलु यस्मादन्यथा साध्यसिद्धिः।।२०।।

શું કહે છે? જુઓ! જરી સૂક્ષ્મ છે. 'इदम् आत्मज्योतिः सततम् अनुभवामः' આચાર્ય મહારાજ કહે છે, કે આ આત્મા પ્રત્યક્ષ. 'इदम्' પ્રત્યક્ષ '**પ્રગટ આત્મજ્યોતિને અર્થાત્**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ચૈતન્યપ્રકાશને નિરંતર પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ.**' આહાહા..! એનું નામ આત્મજ્ઞાન અને ધર્મ. નિરંતર નિશ્ચયથી... ગાથા એવી છે એનો કળશ છે. ગાથામાં ટીકા શું છે? કે જે આ આત્મા છે આત્મા, એની જ્ઞાનપર્યાય જે છે જ્ઞાનપર્યાય. '**સતતમ્ અનુભવામઃ**' કહ્યું ને? તો પહેલી વાત એનાથી ગુલાંટ ખાય છે. જે આ જ્ઞાનની પર્યાય પ્રગટ છે, એ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ એનું અસ્તિત્વ સ્વપરપ્રકાશક સ્વભાવ એવો છે. જ્ઞાનની પર્યાય... અજ્ઞાની હોય કે આબાળગોપાળ. બાળકથી માંડીને વૃદ્ધ સુધી સૌને સદા કાળ સ્વયં પોતાનો આત્મા જ જ્ઞાનપર્યાયમાં પ્રકાશમાન થાય છે. શું કીધું?

આ આત્મા જે છે એનો ગુણ તો જ્ઞાન ત્રિકાળ છે પણ એની જે વર્તમાન પર્યાય પ્રગટ વ્યક્ત જે છે, એ પર્યાયનું સામર્થ્ય સ્વપરપ્રકાશક છે. (બધાનું) પ્રત્યેક આત્માનું. બાળગોપાળ (બધાનું). બાળકથી લઈને વૃદ્ધ સુધી. સૌને સદા કાળ. અહીં આવ્યું ને સદા કાળ અનુભવે છે. એ સદાકાળ જ્ઞાનમાં (અનુભવમાં) આવે જ છે. અનાદિથી જીવને એની જ્ઞાનપર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી સ્વ આત્મા જ જણાય છે. પણ અનાદિથી એની દૃષ્ટિ પર ઉપર છે, પર્યાય ઉપર છે. રાગની એકત્વબુદ્ધિમાં, ત્રિકાળી મારા જ્ઞાનમાં, પર્યાયમાં જણાય છે એ બાજુ દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જ્ઞેય, જ્ઞેય પૂર્ણ આનંદ પ્રભુ એ જ એનો વિષય અને એ જ પર્યાયમાં જણાય છે. અજ્ઞાનીને પણ. અરે..! આ શું કહે છે? કેમકે જ્ઞાનની પર્યાય એક સમયની દશા, એના સ્વભાવનું સામર્થ્ય એટલું છે કે સ્વપરપ્રકાશક (છે). તો એ જ્ઞાનની દશામાં સ્વઆત્મા પ્રકાશે તો છે. અજ્ઞાનીને પણ પર્યાયમાં સ્વજ્ઞેય આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સતતમ્**' આચાર્ય અહીં કહે છે કે હવે અમે ગુલાંટ ખાધી છે. છે તો એમ જ. એક સમયની પર્યાય, પૂર્ણ અસ્તિત્વ જે દ્રવ્યનું છે, એ જ પ્રકાશમાં, પર્યાયમાં છે. કેમકે પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. તો અનાદિથી એવી પર્યાયમાં જ્ઞેય થઈને સ્વ જણાય છે એવી તાકાત છે. પણ એ તરફ એની દૃષ્ટિ નથી. વર્તમાન પર્યાય, રાગ અને નિમિત્ત ઉપર દૃષ્ટિ છે. અથવા રાગ જે પર વસ્તુ છે એમાં એકત્વબુદ્ધિ (છે). એકત્વબુદ્ધિને કારણે પર્યાયમાં દ્રવ્ય જણાય છે છતાં એકત્વબુદ્ધિ ત્યાં થતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! શું? 'ધર્મચંદજી'! આવો ધર્મ લ્યો. આહાહા..!

અહીં આચાર્ય કહે છે ને કે '**આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને નિરંતર..**' '**અનુભવામઃ**' એનો અર્થ એમ કે નિરંતર જ્ઞાનની પર્યાયમાં અજ્ઞાનીને પણ આત્મા જ જણાય છે. પણ એની દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર એકત્વબુદ્ધિ છે. આહાહા..! એ કારણે જ્ઞાનની પર્યાયમાં આત્માનો અનુભવ, સ્વાદ આવતો નથી. આહાહા..! બહુ ઝીણી વાત, બાપુ! વીતરાગનો ધર્મ બહુ સૂક્ષ્મ. આહાહા..!

એની જ્ઞાનની પર્યાયનો સ્વપ્રકાશક સ્વભાવ હોવાથી પર્યાયમાં જ્ઞેય વસ્તુ જે દ્રવ્ય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ જ જણાય છે. પણ દૃષ્ટિ એ તરફ નથી. જે જણાય છે એ બાજુ દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો વર્તમાન રાગ, દયા, દાન, વિકલ્પ આદિ એકત્વબુદ્ધિમાં છે. એ કારણથી પર્યાયમાં જણાવા છતાં એને જાણતો નથી. ન્યાય સમજાય છે? 'મોહનભાઈ'! આ બહુ ઝીણી વાતું છે. ત્યાં તમારા વકીલાત-ફકીલાતમાં ક્યાંય નથી. આહાહા..!

પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે, પ્રભુ! તું કોણ છો? તો પ્રભુ એમ કહે છે... આહાહા..! કે તારી ત્રિકાળી શક્તિનું તત્ત્વ અસ્તિત્વ જ છે. પણ એનું અસ્તિત્વ તારી વર્તમાન ક્ષણિક પર્યાયમાં એ પૂર્ણ અસ્તિત્વ છે એનું જ જ્ઞાન થાય છે. પણ એની સન્મુખ નથી તેથી એનું જ્ઞાન થતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એની સન્મુખ નથી, એનાથી વિમુખ છે. વર્તમાન કોઈ શુભ, અશુભભાવ, વિકલ્પ રાગ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, રળવું, કમાવાનો વિકલ્પ રાગ. અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો રાગ. એમાં એકત્વબુદ્ધિને કારણે... એમાં એકત્વબુદ્ધિને કારણે પોતાની પર્યાયમાં પોતાનું દ્રવ્ય જણાય છે તો પણ જાણી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે. હવે તો અમે જેવી ચીજ છે, જેમ પર્યાયમાં જણાય છે એમ અમે તો સ્વસન્મુખ થયા છીએ. સમજાણું કાંઈ?

**'इदम्'** આમાં પહેલું લીધું છે. આ.. છે ને? આહાહા..! બીજા પદમાં **'इदम्'** છે ને? **'अपतितमिदम'** બીજું પદ છે. **'इदम् आत्मज्योतिः'** આહાહા..! આ આત્મજ્યોતિ એમ કહે છે. આ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ. **'इदम्'** આ અમારી પર્યાયમાં એ જણાતું હતું પણ અમારી દૃષ્ટિ આ બાજુ નહોતી. અનાદિની દૃષ્ટિ પર્યાયબુદ્ધિમાં એકત્વબુદ્ધિ હતી. એ કારણે એ જણાતું નહોતું. હવે કહે છે કે **'इदम्'** અમે સન્મુખ થયા. પરથી વિમુખ થઈને પોતાની સન્મુખ થયા. પહેલા પોતાથી વિમુખ થઈને પરસન્મુખ હતા. આહાહા..! આવો માર્ગ હવે. સમજાણું કાંઈ?

પોતાની ચીજ પર્યાયમાં જણાય છે તોપણ પર્યાયબુદ્ધિ અને રાગના વિકલ્પ ચાહે તો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ રાગ હોય, એ રાગની સાથે એકત્વબુદ્ધિને કારણે ભગવાનઆત્મા જ્ઞાનમાં જણાય છે તોપણ એનું જ્ઞાન એને નથી થતું. એને રાગનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ કરવાલાયક શું અને ન કરવાલાયક શું છે એ વાત ટૂંકી છે. આહાહા..! ચાહે તો ગમે તેટલા શાસ્ત્રો વાંચી નાખે, વાંચી નાખે! વાંચીને છોડી દે. આહાહા..! એમ આત્માને છોડી દીધો. પર્યાયમાં આત્મા જણાય છે તોપણ પર્યાયમાં જણાયું એને છોડી દીધું. અને પર્યાયમાં રાગ જણાયો એ પરપ્રકાશ એકત્વબુદ્ધિ. પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો એમાં સ્વ પણ પ્રકાશે છે અને પર પણ પ્રકાશે છે. રાગ પણ જણાય છે અને આત્મા પણ જણાય છે. એ જ્ઞાનની પર્યાયનો એટલો સ્વભાવ છે. આહાહા..! એવી દશામાં સ્વ જણાય છે તોપણ એની દૃષ્ટિ એ તરફ નથી. અને દયા, દાન, કામ, ક્રોધાદિ વિકલ્પ ઊઠે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, વૃત્તિ–વિકાર ઊઠે છે, એમાં એકત્વબુદ્ધિને કારણે સ્વનું એકત્વપણું દૃષ્ટિમાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી જાતની વાત, હવે આને ધર્મ... ભાઈ! વીતરાગમાર્ગ કોઈ અલૌકિક ચીજ છે. સ્વસન્મુખ અને પરસન્મુખ એ દશા એ પરપ્રકાશક સ્વભાવ છે. પણ એકલો પરપ્રકાશક સ્વભાવ નથી. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે.

અહીં આચાર્ય કહે છે, કે **'इदम्'** આ આત્મા... આહાહા..! પર્યાયમાં જે જણાતો હતો એ અમે જાણ્યો નહિ. હવે અમે જાણ્યો, અમે સ્વસન્મુખ થયા. આહાહા..! પોતાની વર્તમાન પર્યાયને.. જે પરસન્મુખ હતી એ તો ગઈ, હવે એ વર્તમાન પર્યાયને સ્વસન્મુખ કરી, તો પહેલી પર્યાયમાં પણ જણાતો હતો, પણ એમાં રાગની એકતાબુદ્ધિને કારણે જાણવામાં આવ્યો નહીં. આહાહા..! સમજાણું કાંઈ? **'इदम्'** આ. જે જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જણાય છે એવો આ હું. આહાહા..! એનું નામ આત્મજ્ઞાન. આહાહા..! હું આ **'પ્રગટ...'** પ્રગટ છે ને? એ વસ્તુ અંદર પ્રગટ જ છે. આહાહા..! એક સમયમાં જેમ અસ્તિત્વ છે, એવું ત્રિકાળીનું અસ્તિત્વ પ્રગટ જ છે. વસ્તુ છે.. વસ્તુ છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનું સત્ત્વ, એ પ્રગટ છે. ગુમ થઈ ગયો છે એમ નથી. સમજાણું કાંઈ? તારી દૃષ્ટિ રાગમાં હતી માટે ગુમ થઈ ગયો હતો. વસ્તુ તો પ્રગટ જ છે. સમજાણું કાંઈ? પંડિતજી! આવી વાત છે, ભાઈ! આ ૧૭-૧૮ ગાથાનો શ્લોક છે. આહાહા..!

ભેદરૂપ પર્યાયમાં રાગાદિ ભેદરૂપને પોતાના જાણી પોતાને અનાદિથી ભૂલી ગયો. ભેદરૂપ જે રાગાદિ પર્યાય છે, એને પોતાની જાણી, જે અભેદ ચીજ જ્ઞાનમાં જણાય છે એને ભૂલી ગયો. આહાહા..! અને હવે આચાર્ય કહે છે, કે જેમ અમે ભૂલી ગયા હતા. એ ભગવાનને અમે લક્ષમાં લીધો. રાગ લક્ષમાં જે આવતો હતો અને પર્યાય એક અંશ જે વર્તમાન પ્રગટ છે એનું અસ્તિત્વ અમે માનતા હતા, પણ એ ત્રિકાળનું અસ્તિત્વ જ્ઞાનમાં આવવા છતા માનતા નહોતા... આહાહા..! તો હવે અમારો આત્મા અંદર પ્રગટ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેવો પ્રગટ છે?

**'આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશ...'** આત્માનો અર્થ ચૈતન્ય કર્યો અને જ્યોતિનો અર્થ પ્રકાશ કર્યો. આહાહા..! ભગવાન આત્મજ્યોતિ વસ્તુ ચૈતન્યજ્યોતિ છે. જેમ અગ્નિનો અને દીવા આદિનો પ્રકાશ છે એમ આ ચૈતન્યજ્યોતિ છે. એકલો જાણન-દેખન સ્વભાવરૂપ ચૈતન્યજ્યોતિ આત્મા. એ અમને પ્રગટ થયો છે એમ કહે છે. પ્રગટ છે. પણ અત્યારે હવે પ્રગટ થયો. અમારી દૃષ્ટિ ત્યાં ગઈ.. આહાહા..! સમજાણું કાંઈ? **'આત્મજ્યોતિને અર્થાત્ ચૈતન્યપ્રકાશને નિરંતર...'** ભાષા જુઓ! પહેલા નિરંતર તો હતી. 'પંડિતજી'! એમાં એ નિરંતર સદા. આબાળગોપાળ સૌને સદા સ્વયં અનુભવમાં આવે છે તોપણ પરની એકત્વબુદ્ધિને કારણે એનો અનુભવ કરી શકતા નથી. આહાહા..! આવો ધર્મ. આ તો હજી સમજવું કઠણ પડે. સમજાણું કાંઈ? આહાહા..! તારો માર્ગ પ્રભુ અનંતકાળમાં રખડતા એ ચીજ અંદર શું છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો તેં પ્રત્યક્ષ અનુભવ નથી કર્યો. પરોક્ષ શાસ્ત્ર દ્વારા લક્ષમાં લીધું પણ એ કાંઈ વસ્તુ નથી. સાંભળીને લક્ષમાં લીધું કે આ આત્મા છે, શુદ્ધ છે. સાંભળ્યું છે ને અગિયાર અંગ ભણ્યો છે. સમજાણું કાંઈ? વસ્તુ છે, પર્યાય છે, રાગ છે, શાસ્ત્રથી સાંભળ્યું હતું. પણ સાંભળવાથી શું થયું? ભાવભાસન વિના એ સાંભળવાથી શું થયું? આહાહા..! ભાવ જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે, એની પર્યાયમાં ભાસન થયું, ભાવનું ભાસન થયું. જ્ઞાન થયું. ભાસન શબ્દે જ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ રવિવારે તમારે બધું ઝીણું આવે છે. 'મનસુખભાઈ'! 'ભાવનગર'થી આવે છે. રવિવાર છે માટે ભાવનગરથી કાયમ આવે છે. રજા હોય એટલે આવે. બાકી તો આખો દિ' ધંધો હોય. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે તું પણ પરમાત્મા જ છો. શક્તિએ, સ્વભાવે, સામર્થ્યરૂપ તું આત્મા પરમાત્મસ્વરૂપ જ છો. પણ એની દૃષ્ટિમાં કેમ ન આવ્યો? આવી છતી ચીજ છે, મોજૂદ છે અને પર્યાયમાં જણાય પણ છે. આહાહા..! કેમકે પર્યાય જેની છે એને જાણે છે. એ આત્માની પર્યાય છે. તો એ પર્યાય આત્માને જાણે છે. આહાહા..! પણ દૃષ્ટિમાં પરની દયા, દાન, વ્રત આદિનો વિકલ્પ રાગમાં એકત્વબુદ્ધિ થતાં રાગાદિ ભાવબંધ છે. ભગવાન અબંધ સ્વરૂપ છે. એ અબંધ સ્વરૂપ જ પર્યાયમાં ભાસે છે. છતાં અબંધસ્વરૂપ પર લક્ષ નથી. એ રાગનો બંધ જે છે, ચાહે તો શુભરાગનો વિકલ્પ હોય, એની ભાવબંધમાં એકત્વબુદ્ધિને કારણે અબંધસ્વરૂપ એની દૃષ્ટિમાં ન આવ્યો. આહાહા..! શું કહે છે આ? 'કનુભાઈ'! તમારા જજમાં-ફજમાં આવા કાયદા-ફાયદા હોય નહિ. જજ છે જજ. 'અમદાવાદ'. આહાહા..!

અહીં તો ત્રણલોકનો નાથ જિનેશ્વરદેવ તીર્થંકર, જેને ઇન્દ્રો... આહાહા..! કૂતરાના બચ્ચાની જેમ સાંભળવા બેસે છે. સમવસરણમાં ધર્મસભામાં પહેલા દેવલોકનો દેવ ઇન્દ્ર છે. ૩૨ લાખ તો વૈમાન છે. એક એક વૈમાનમાં કેટલાકમાં તો અસંખ્ય અસંખ્ય દેવ છે. એનો સ્વામી ઇન્દ્ર છે. સુધર્મઇન્દ્ર. એકભવતારી છે. એને પણ ખબર છે કે હવે મારે એક જ ભવ છે. મનુષ્ય થઈને હું મોક્ષે જવાનો છું. સમજાણું કાંઈ? અને એની જે પટરાણી, મૂળરાણી ઈન્દ્રાણી છે એ પણ એકભવતારી છે. એને પણ ખાત્રી છે, કે અમે છેલ્લે મનુષ્યભવ કરીને મોક્ષે જવાના છીએ. સમવસરણમાં એવું સાંભળવામાં આવે છે, જેને ત્રણ જ્ઞાન અને એક ભવમાં મોક્ષ જવાના છે એવો નિશ્ચય છે. ભગવાનના મુખેથી તો નીકળ્યું છે પણ એને પણ અંદરથી નિશ્ચય છે. આહાહા..! એ સાંભળવા આવે તો એ કેવી વાત હશે? આહાહા..!

અસંખ્ય દેવ એક-એક વૈમાનમાં એવા ૩૨ લાખ વૈમાન. કોઈ વૈમાન થોડા નાના છે. ઘણામાં તો અસંખ્ય દેવ છે. એનો સાહેબો એકભવતારી કંઈ પણ અંદર વિકલ્પ અને એ ચીજ મારી નથી. હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ છું એવી અનુભવદૃષ્ટિ છે. આહાહા..! કરોડો ઇન્દ્રાણી હોય અને અસંખ્ય દેવનો સ્વામી હોય. હું તો એનો સ્વામી નથી. હું તો મારા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દ્રવ્ય-ગુણ-પર્યાય જે શુદ્ધ છે, એ મારું સ્વ છે, એનો હું સ્વામી છું. સ્વસ્વામીસંબંધ. ૪૭ શક્તિમાં છેલ્લે આવે છે. સ્વસ્વામીસંબંધ. આહાહા..! એટલો વૈભવ કે અત્યારે તો ચક્રવર્તી પાસે પણ ન હોય. એટલો વૈભવ! એ મારી ચીજ નથી. હું તો અંતર આનંદકંદ પ્રભુ! શુદ્ધ ચૈતન્યઘન છું. અને મારી પર્યાયમાં જે નિર્મળતા, પૂર્ણાનંદની પ્રતીતિ, જ્ઞાન અને જેટલી લીનતા થઈ, એ મારું દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વ છે, એનો હું સ્વામી છું. એવી ચીજ હોવા છતાં સ્વસ્વામીસંબંધમાં હું છું. પર મારું સ્વ અને પરનો હું સ્વામી (એમ નથી). આહાહા..! કેમકે દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ છે. ગુલાંટ સમજો છો? પલટો ખાઈ ગઈ. જે દૃષ્ટિ રાગ અને પર ઉપર હતી એ દૃષ્ટિ ગુલાંટ ખાઈને, પલટો ખાઈને દ્રવ્ય ઉપર આવી. આહાહા..! પૂર્ણ સ્વરૂપ મારી ચીજ છે, આહા..! એને જ્ઞેય બનાવીને, પર્યાયમાં એ દ્રવ્ય આવ્યું નથી પણ દ્રવ્ય સંબંધી શક્તિ અને તાકાત છે એની પ્રતીત અને જ્ઞાન થયું. સમજાણું કાંઈ? એ પર્યાયમાં વર્તમાન સ્વસન્મુખ થયો, તો એ વસ્તુ જેવી છે એવું જ્ઞાન થયું. એ ચીજ કોઈ પર્યાયમાં નથી આવતી. ચીજ તો ચીજમાં રહે છે. સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા..! એ પર્યાયમાં જ્યારે એમ જણાયું, કે આ આ. તો આચાર્ય કહે છે કે એ આત્મજ્યોતિને અમે સતત અનુભવીએ છીએ. જેમ સતત જ્ઞાનની પર્યાયમાં આત્મા અજ્ઞાનમાં પણ જણાતો હતો. તે અમને ખબર નહોતી. અમે તો રાગ અને પુણ્યની ક્રિયાને પોતાની માનતા હતા, એ હવે પલટો ખાઈ ગઈ. આહાહા..! એ દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ.

હું તો પ્રત્યક્ષ કેવળ **'ચૈતન્યપ્રકાશને નિરંતર...'** **'अनुभवामः'** એની વ્યાખ્યા કરી. **'પ્રત્યક્ષપણે અમે આસ્વાદીએ છીએ.'** આહાહા..! પોતાનો આનંદ છે એ પ્રત્યક્ષ આનંદને અમે આસ્વાદીએ છીએ એમ કહે છે. આહાહા..! અનાદિનો કર્મચેતના અને કર્મફળ ચેતનાનો સ્વાદ છે. અજ્ઞાનીને પોતાના સ્વરૂપનું ભાન નથી. સ્વાદ તો છે. પણ કર્મચેતના પુણ્ય-પાપનો રાગ એ કર્મચેતના અને એનું ફળ હરખ-શોક. એ હરખ-શોક અને કર્મચેતનાનો સ્વાદ અનાદિથી અજ્ઞાની નવમી ગ્રૈવેયક જૈન દિગંબર થઈને ગયો, પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ એને કર્મચેતનાનો સ્વાદ હતો. આહાહા..! રાગનો સ્વાદ હતો. એ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાત. માર્ગ તો આવો છે, પ્રભુ! તારી શક્તિ ગજબ છે. આહાહા..!

'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી'એ એમ કહ્યું, કે તારી શુદ્ધિની શક્તિ તો મોટી છે એનું તો શું કહેવું? પણ તું ઉલટો ગુલાંટ ખાઈને અશુદ્ધ દૃષ્ટિ થઈ એની પણ મોટી શક્તિ છે. કે તું તીર્થંકર પાસે ગયો તો પણ છોડી નહિ. આહાહા..! તારી શુદ્ધ શક્તિ પણ મોટી અને તારી અશુદ્ધશક્તિ પણ મોટી. કે તીર્થંકર ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે ત્યાં સમવસરણમાં તું ગયો હતો. અનંતભવ થયા. તિર્યંચના, પશુના, નરકના અને મનુષ્યના ભવમાં ભગવાનની હયાતી કાયમ ત્યાં છે. મહાવિદેહમાં તારો જન્મ અનંતવાર થયો છે.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્યાં ભગવાન પરમાત્મા કાયમ જ્યોતિરૂપે બિરાજે છે. આહાહા..! ત્યાં જવા છતાં... આહા..! તારી અશુદ્ધતા તેં છોડી નહિ. છોડી નહિ ને હિન્દીમાં શું કહે? છોડી નહિ કહે છે. આહાહા..! તારી અશુદ્ધતા પણ ઘણી છે. જોકે શુદ્ધતાની જે શક્તિ છે એટલી તો નથી. પણ છે તો એટલી પણ. અનંત તીર્થંકરો મળ્યા, સર્વજ્ઞ મળ્યા, સમવસરણ મળ્યું... આહાહા..! અગિયાર અંગનું જ્ઞાન થયું, નવ પૂર્વનું જ્ઞાન થયું... આહાહા..! પણ તારી દૃષ્ટિ ગુલાંટ ખાઈને આત્માને પ્રતીતમાં લે એવી દૃષ્ટિ ન થઈ. સંસારમાં રખડવા માટેની એવી અશુદ્ધ શક્તિ પણ મોટી છે. આહાહા..! સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે, ઓહો..! '**अनुभवामः**' ઓલામાં અનુભવ છે. અજ્ઞાનીને પણ પર્યાયમાં આત્માનો જ અનુભવ થાય છે. હવે અહીં તો પર્યાયમાં આત્માનો અનુભવ હતો એવું પ્રત્યક્ષ થઈ ગયું. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! આહાહા..! લોજિકથી, ન્યાયથી આ વાત કરે છે. આહાહા..! '**अनुभवामः**' '**પ્રત્યક્ષપણે...**' આહાહા..! ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એને અમે પ્રત્યક્ષ, રાગની અપેક્ષા નહિ, મનની અપેક્ષા નહિ, પરલક્ષી જ્ઞાન છે એની પણ જેમાં અપેક્ષા નથી. સમજાણું કાંઈ? એવા સ્વલક્ષી જ્ઞાનથી અમે પ્રત્યક્ષ (અનુભવીએ છીએ). આહાહા..! આ આત્મા છે, એને અમે પ્રત્યક્ષ પરની સહાય વિના, પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ આસ્વાદીએ છીએ. આહાહા..! ગજબ વાત છે. આવી વાત સાંભળવા મળે નહિ, બાપુ! અરે..રે..! એ શું જન્મ ને શું એ અવતાર. આહાહા..! અરે...! મનુષ્યપણામાં જે કાંઈ કરવાનું છે એ કર્યું નથી. નથી કરવાનું એ કરીને મોટાઈ માની. મોટાઈ. આહાહા..! પૈસાથી મોટો છું, આબરૂથી મોટો છું, કુટુંબથી મોટો છું.

એ 'શ્રીમદ્'માં આવ્યું છે ને? 'બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,... લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો?' 'લક્ષ્મી અને અધિકાર વધતા શું વધ્યું તે તો કહો? શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.' લક્ષ્મી વધી, આબરૂ વધી, કુટુંબ વધ્યું, પરિવાર વધ્યો એથી શું થયું? 'વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.' 'વધવાપણું સંસારનું...' ૧૬ વર્ષે કહે છે. દેહની ઉંમર ૧૬ વર્ષની છે. ત્યારે કહે છે. 'મોક્ષમાળા' ૧૬ વર્ષે બનાવી છે. સમજાણું કાંઈ? આહાહા..! એ લક્ષ્મી, આબરૂ, પરિવાર, દીકરા-દીકરી. આઠ-આઠ, દસ-દસ, બાર-બાર દીકરા. એક એક દીકરો પાંચ-પાંચ લાખ પેદા કરે એવી મોટી સાહેબી. આહાહા..! શું વધ્યું? શેમાં તું ગયો? એ સંસારની વૃદ્ધિ થઈ. આહા..! નરદેહ, મનુષ્યનો દેહ... આહાહા..! અનંતકાળે મનુષ્યદેહ માંડ મળ્યો. ખોઈ નાખ્યો. સમજાણું કાંઈ? કહો, 'પોપટભાઈ'! 'પોપટભાઈ'ને તમે નથી ઓળખતા. એક પોપટભાઈ છે. એના સાળા પાસે બે અબજ ચાલીસ કરોડ છે. એના સાળા પાસે. 'ગોવા-ગોવા'. એના સાળા વાણિયા હતા. આ એના બનેવી છે. બે અબજ ચાલીસ કરોડ. દોઢ વર્ષ પહેલા ગુજરી ગયા. ધૂળમાં પણ નથી. મરીને ક્યાંય ચાલ્યો ગયો. આહાહા..! બિચારો... પણ બે અબજ ચાલીસ કરોડ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને બિચારો? ભિખારો છે. પરવસ્તુ લાવ... લાવ... લાવ... લાવ... સ્વવસ્તુ ખોવાઈ ગઈ. સમજાણું કાંઈ? આહાહા..!

આચાર્ય કહે છે અમે અમારી ચીજને આસ્વાદીએ છીએ. આહાહા..! અમને અનાદિ કાળથી અમારી ચીજનો આસ્વાદ નહોતો. આહાહા..! ફક્ત પુણ્ય-પાપના રાગનો સ્વાદ વિકારી ઝેરનો સ્વાદ હતો. ઝેરના પ્યાલા પીતા હતા. આહાહા..! હવે અમે અમૃતના પ્યાલા પીએ છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! 'ગગન મંડળમેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા, સુગુરા હોવે સો ભર ભર પીવે, નુગુરા જાયે પ્યાસા.' ભગવાન અંદર અમૃતનો સાગર પડ્યો છે ને, નાથ! આહાહા..! અરે..! તારી તને કિંમત નથી. તારી મોટપની મોટપ તને બેસતી નથી. અને જે ચીજ તારાથી હીણી છે એની તને કિંમત અને મોટાઈ આવે છે. મૂંઢ છો. સમજાણું કાંઈ? ચાહે તો અબજોપતિ હોય કે.. અબજોપતિ ક્યાં સુધી ચાલતું? અમારા વખતમાં તો બહુ ચાલતુ હતું. સો લાખનો કરોડ અને સો કરોડનો અબજ. ત્યાં સુધી ચાલે. અમારા વખતમાં સો અબજનું ખર્વ અને સો ખર્વનું નિખર્વ. એમ આવતું. ખર્વ-નિખર્વ ... એ વખતે. ૭૦ વર્ષ પહેલાની વાત છે. હવે તો અબજ હોય ત્યાં ઓહોહો..! એવા સો અબજનું એક ખર્વ થાય છે, સો ખર્વનું નિખર્વ થાય છે. એવા ખર્વ, નિર્ખવ, ... અનંત, મધ્યમ, પ્રાપ્ત. અઢાર આંકડા જાતા હતા. આહાહા..! ધૂળમાં પણ નથી. આહાહા..!

અહીંયા પ્રભુ! અંતરમાં આત્મજ્યોતિ.. આહાહા..! અમારી નિજ લક્ષ્મી છે. જ્ઞાન અને આનંદ એ અમારી નિજલક્ષ્મી છે, એનો અમે ભોગવટો કરીએ છીએ. આસ્વાદીએ છીએ એટલે હું એનો અનુભવ કરું છું. આહાહા..!

મુમુક્ષુ :– યોગી થયો કે ભોગી થયો?

ઉત્તર :– આત્માના આનંદનો ભોગી થયો. હું તો આનંદનો ભોગી છું. આહાહા..! ધર્મી પોતાના આનંદનો સ્વાદ લે છે, અજ્ઞાની રાગ અને પુણ્ય-પાપનો સ્વાદ લે છે એ બેમાં આટલો ફેર છે. એક ઝેર પીવે છે અને એક અમૃત પીવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ઘણી લક્ષ્મીવાળા, કરોડપતિ, અબજપતિ રાગ કરે છે. તીવ્ર રાગ કરે છે તો તીવ્ર રાગનું ઝેર પીવે છે. આહાહા..! આચાર્ય કહે છે, કે અમે તો આત્માને પ્રત્યક્ષ, પ્રત્યક્ષ પ્રગટ પ્રત્યક્ષપણે **'અમે...'** અમારો આત્મા એમ કહે છે. અમે **'આસ્વાદીએ છીએ.** આહાહા..!

**કેવી છે આત્મજ્યોતિ?'** એ ભગવાનઆત્માની ચૈતન્યજ્યોતિ કેવી છે? **'कथमपि समुपात्तत्रित्वम् अपि एकतायाः अपतितम्' 'વ્યવહારદષ્ટિથી...' 'कथम्अपि'** પર્યાયદષ્ટિથી, ભેદદષ્ટિથી **'ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે...'** શું કહે છે? પર્યાય વર્તમાન દષ્ટિથી એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ ત્રણરૂપ થયો એ પણ વ્યવહાર છે. આહાહા..! દયા, દાન, વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તો અસદ્ભૂત એ તો કાઢી નાખ્યો. આ તો સદ્ભૂત વ્યવહારમાં જે ત્રણ ભેદ પડે છે... આહાહા..! છે તો એકરૂપ ત્રિકાળી ચીજ. એમ હોવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એની અમને પ્રતીત અને જ્ઞાન અને રમણતાની દશા પ્રગટી, એ એક હોવા છતાં ત્રણરૂપ પરિણમન થયું એ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વ્યવહારદૃષ્ટિથી...'** **'समुपात्तत्रित्वम्'** ત્રણ ભેદોને સમ્યક્ પ્રકારે ગ્રહણ કર્યા છે **'જેણે એવી છે...'** આહાહા..! અનાદિ અનંત એકરૂપ નિત્યાનંદ પ્રભુ અસ્તિ મહા પદાર્થ મોજૂદ છે. એના પદાર્થની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા ચારિત્ર, વીતરાગી ચારિત્ર, હોં! મહાવ્રત-ફહાવત એ ચારિત્ર નથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ, એક વસ્તુ છે એ ત્રણરૂપે પરિણમે છે તેને વ્યવહાર કહે છે. 'જયંતીભાઈ'! આહાહા..! આ તમારા સંસારના વ્યવહારની વાત અહીં નથી. એ તો નથી પણ આ દયા, દાન અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એની પણ અહીંયા વાત નથી. એ તો રાગમાં જાય છે. આહાહા..! આ તો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ, પ્રભુ! એકરૂપ ધ્રુવ, સદૃશ, સામાન્ય ત્રિકાળ હોવા છતાં એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા ત્રણ પ્રકારના પર્યાયમાં પરિણમન થાય છે એ વ્યવહાર છે. આહાહા..! એ વ્યવહાર પણ હેય છે. સમજાણું કાંઈ?

**'તોપણ...'** ત્રણરૂપ પરિણમન થયું છે. સમ્યગ્દર્શન ધર્મની દશામાં, હોં! આહાહા..! સમ્યગ્દર્શન. સમ્યક્ નામ જેવી પૂર્ણ ચીજ છે, એવી પ્રતીતિમાં પૂર્ણ આવવી. પ્રતીતિમાં આવવી. એમાં પૂર્ણ ચીજ નથી આવતી. જેવી પૂર્ણ ચીજ છે એવી પ્રતીતિમાં આવવી એનું નામ સમ્યગ્દર્શન. સમ્યગ્જ્ઞાન–જેવું પૂર્ણ છે એવું જ્ઞાનમાં જણાવું એ સમ્યગ્જ્ઞાન. અને એમાં લીનતા થવી એ ચારિત્ર. એ ત્રણ એકરૂપ ત્રણરૂપે પરિણમન થવું એને વ્યવહારથી ત્રણ પ્રકાર કહેવામાં આવે છે. આહાહા..! આવું ક્યાં? વાણિયાને નવરાશ ક્યાં છે? એય..! 'રતિભાઈ'! હેડ માસ્તરપણું કર્યું. હવે ત્યાં જઈને છોકરાનું ધ્યાન રાખે છે. આ આત્માનું શું કરવું? ક્યાં જશે? આહાહા..!

કહે છે, એકમાંથી સમ્યક્ પ્રકારે **'ગ્રહણ કર્યા છે ત્રણ ભેદ જેણે એવી છે તોપણ શુદ્ધપણાથી પડતી નથી.'** એકરૂપ છે એ ત્રણમાં આવતો નથી. આહાહા..! ત્રિકાળી આનંદકંદ, પ્રભુ, જેમાં અનંત બેહદ જ્ઞાન, બેહદ અપરિમિત શાંતિ અને અપરિમિત આનંદ ને સ્વચ્છતા અને પ્રભુતા એવી શક્તિ જે એકરૂપ છે એ ત્રણમાં આવતી નથી. છે? **'શુદ્ધપણાથી अपतितम्'** **'પડતી નથી.'** આહાહા..! એકરૂપ એ ત્રણમાં નથી આવતો. આહા..! એકરૂપ જે ત્રિકાળ નિશ્ચય સ્વભાવ... નિશ્ચય જે છે એ વ્યવહારમાં નથી આવતો એમ કહે છે. આહાહા..! આવો માર્ગ છે. અરે..રે..! એવો માર્ગ સાંભળવા મળે નહિ. અરે..! એ કે દિ' વિચારે? કે દિ' રુચિ કરે? કે દિ' સન્મુખ થઈને અનુભવ કરે? એ વસ્તુ વિના જન્મ-મરણ મટે એવા નથી, બાપુ! આહાહા..! ચોરાશી લાખના અવતાર. એક-એક યોનિમાં અનંત અવતાર કર્યા. આહાહા..! અરે..! એને આત્માની દયા ન આવી. આત્માની દયા, હોં! દયા નામ જેવડું, જેટલું પોતાનું સ્વરૂપ છે, એવું એને માનવું એ આત્માની દયા છે. અને એને અલ્પજ્ઞ અને

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગરૂપ માનવું એ આત્માની હિંસા છે. હું એવો નહિ... એવો નહિ... એવો નહિ... આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે એકરૂપ ભગવાનઆત્મા દ્રવ્ય સ્વભાવ વસ્તુ... કાલે કોઈએ પ્રશ્ન કર્યો હતો, કે દ્રવ્યાશ્રયા ગુણા, આ તો દ્રવ્ય પહેલા અને ગુણ પછી. ભાઈએ પ્રશ્ન કર્યો હતો. વ્યાખ્યાનમાં આવે છે ને. દ્રવ્યાશ્રયા ગુણા. તો દ્રવ્ય પહેલા અને આશ્રય કરનારા ગુણ પછી. એમ નથી. સાકર પહેલા અને ગળપણ પછી. એનો અર્થ શું? ગળપણ જે છે... ગળપણ કહે છે? મીઠાશ. મીઠાશ છે એ સાકરના આશ્રયે રહેલી છે. તો સાકર પહેલા અને મીઠાશ પછી એમ છે? એ મીઠાશનું સ્વરૂપ જ સાકર છે. સમજાણું કાંઈ?

એમ દ્રવ્ય નામ વસ્તુ ભગવાન! એના આશ્રયે અનંતજ્ઞાન-દર્શન રહે છે, એ દ્રવ્ય પહેલા અને આશ્રય કરનારા ગુણ પછી એમ નથી. આહાહા..! એ તો એકરૂપ ત્રિકાળ છે. અનંત ગુણનું એકરૂપ એ દ્રવ્ય છે. અનંતગુણના ભેદ લ્યો તો તો વ્યવહાર થઈ ગયો. આહાહા..! એકરૂપ વસ્તુ ત્રિકાળ. એ એકરૂપ શુદ્ધતાથી ત્રણરૂપ પરિણમન થયું એમાં પતીત થઈને આવ્યો નહિ. એકથી પતીત ન થયો. એક તો એકરૂપ જ રહ્યું એમ કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ? આવું સાંભળવું હવે.. કહો, 'રતિભાઈ'! કોઈ દિ' સાંભળવા મળે નહિ. અરે..રે..! જિંદગી જાય, બાપા! ઢોરના અવતાર અને માણસમાં ફેર શું? આહાહા..! અરે..! સમ્યક્ ચીજ શું છે એનો ખ્યાલ નહિ, જ્ઞાન પણ નથી. અનુભવ તો પછી. પણ આ ચીજ એવી પરિપૂર્ણ છે. જેમાં અનંત આનંદ અને અનંત કેવળજ્ઞાન પડ્યું છે એવી પૂર્ણ ઇદમ્, આ પૂર્ણ પ્રભુ એ તો એકરૂપ વસ્તુ છે. ત્રણરૂપ પરિણમન થાય છે એ વ્યવહાર છે. એકરૂપ ચીજ એ નિશ્ચય છે. તો ત્રણરૂપ ચીજમાં એ એકરૂપ ચીજ આવતી નથી એમ કહે છે. આહાહા..! તો રાગમાંથી કેમ આવે? એમ કહે છે. અને પરનું કરે એમાં તો એ ક્યાંથી આવે? આહાહા..! પરનું કરી દે. હોશિયાર માણસ હોય તો.. આ વકીલો હોશિયાર હોય તો કોર્ટમાં કાયદા કાઢે ને? આનું આ છે, આનું આ છે. ધૂળમાં પણ નથી. એ બધા કાયદાની વાણી તો જડ છે. સમજાણું કાંઈ? અને એમાં વિકલ્પ ઊઠે એ રાગ છે. આહાહા..! વૃત્તિ રાગ છે, ઝેર છે.

ભગવાનઆત્મા એકરૂપ ત્રિકાળી એ નિમિત્ત એટલે બીજી ચીજમાં તો નથી આવતો, એકરૂપ ચીજ છે એ રાગમાં આવતી નથી, પણ એકરૂપ જે ચીજ છે એ એના ત્રણ પ્રકારના પરિણમનમાં પણ નથી આવતી. આહાહા..! સમજાણું કાંઈ? એક કલાકમાં કેટલું યાદ રાખવું? આહાહા..! 'હીરાચંદ માસ્તર' કહેતા હતા, તમારા બાપ. આ બધા માસ્તરો કેવા કહેવાય? પંતુ.. પંતુ. અમે તો બધા કહેવાઈએ. માસ્તરો પંતુ. એનું એ અમારે શીખવવાનું. એમાં કાંઈ નવો તર્ક હશે કાંઈ? એ સાતમી ચોપડીમાં આ છે, ઇતિહાસમાં આ છે. ..માં આ છે. આખો દિ' અને વર્ષો વર્ષ એનું એ. એ પંતુ. કાંઈ નવો તર્ક? 'હીરાભાઈ' કહેતા હતા. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માસ્તરો બધા પંતુ એટલે એની એ વાતું ગોખવાની અને એની એ કહેવાની. એમાં કોઈ નવો તર્ક કે નવું કાંઈ (ન આવે). આહાહા..! એમના પિતાજી માસ્તર હતા એ કહેતા હતા. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. આહાહા..! તારામાં પરિણમન, સમ્યક્ સત્ય પરિણમન (થયું), જે સ્વરૂપ છે એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવો મોક્ષનો માર્ગ. એ ત્રણરૂપે થયો. પણ એકરૂપથી પતીત થઈને ત્રણમાં આવ્યો એમ નથી. વસ્તુ તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ જ રહી છે. એ દૃષ્ટિનો વિષય છે. મોક્ષના માર્ગનું ત્રણરૂપ પરિણમન જે થયું એ પણ દૃષ્ટિનો વિષય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધપણાથી પડતી નથી. વળી કેવી છે આત્મજ્યોતિ?' 'उद्गच्छत्' 'પ્રકાશરૂપ પરિણમે છે.'** આહાહા..! જે અનાદિથી વિકારરૂપ પરિણતિ હતી, હવે અમે આત્મજ્યોતિ પ્રત્યક્ષ દેખી, અનુભવી તો એ ચૈતન્યરૂપે પરિણમે છે. આનંદરૂપ, જ્ઞાનરૂપ, શાંતિરૂપ, વીતરાગતારૂપ, સ્વચ્છતારૂપ (પરિણમે છે). આહાહા..! સમજાણું કાંઈ? **'પ્રકાશરૂપ પરિણમે છે.' 'उद्गच्छत्'** એ સંસ્કૃત ટીકામાં બીજો એવો અર્થ કર્યો છે. ઓલા અધ્યાત્મ તરંગિણી. **'उद्गच्छत्'** ઉર્ધ્વ જાય છે. પૂર્ણ દશા પ્રાપ્ત થાય છે. **'उद्गच्छत्'** જાય છે. **'उद्गच्छत्'** એવું સંસ્કૃત ટીકામાં લીધું છે. **'उद्गच्छत्'**. પણ અહીંયાં **''उद्गच्छत्''** એટલે પોતાની નિર્મળ પર્યાયમાં અંદર જાય છે. નિર્મળ... નિર્મળ... નિર્મળ... વધતી જાય છે. અને પૂર્ણ થયું ત્યાં પૂર્ણ પ્રકાશ થયો. એક કેવળજ્ઞાન જ્યોતિ, ઝળહળ જ્યોતિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'उद्गच्छत्' 'પ્રકાશરૂપ પરિણમે છે. વળી કેવી છે?' 'अच्छम्' 'નિર્મળ છે.'** આહાહા..! **'નિર્મળ છે.'** વસ્તુ પણ **'अच्छम्'** નિર્મળ ત્રિકાળ. **'વળી કેવી છે?' 'अनन्तचैतन्यचिह्नं'** ત્રિકાળ. આહાહા..! ભગવાનઆત્મા જે સમ્યગ્દર્શનમાં દેખવામાં–પ્રતીતમાં આવ્યો, એ ચીજ કેવી છે? સમ્યગ્જ્ઞાનમાં જણાઈ એ ચીજ કેવી છે? **'अनन्तचैतन्यचिह्नं'** અનંત.. એનો અર્થ એટલો કર્યો. **'અતિ ઘણું જ્ઞાન છે...'** લક્ષણ લેવું છે ને? ત્રિકાળી સ્વરૂપ નહિ, એનું લક્ષણ લેવું છે. **'અતિ ઘણું જ્ઞાન છે લક્ષણ જેનું એવી છે.'** એ અતિ ઘણાનો અર્થ કર્યો. જેનું જ્ઞાન જાણવું-જાણવું એ જેનું લક્ષણ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ એ એનું લક્ષણ નથી. એનાથી જણાતું નથી. આહાહા..! લક્ષણથી લક્ષ જણાય છે. તો ચૈતન્યચિહ્ન જે લક્ષણ છે એનો અહીંયા અનંત કરીને અર્થ કર્યો. આહાહા..!

**'અતિ ઘણું...'** જાણવાની પર્યાય પણ મહાન શક્તિવાળી છે. જે લક્ષણ જ્ઞાન છે એ પણ અતિ ઘણું છે. આહાહા..! જે લક્ષણમાં આખું લક્ષ આત્મા દૃષ્ટિમાં આવે છે. એવું લક્ષણ પણ અતિ ઘણું છે. આહાહા..! અરે..! આવું છે. વીતરાગનો માર્ગ જન્મ-મરણ... ઉદ્ધારનો માર્ગ તો આ છે. એ વાત વીતરાગ સિવાય ક્યાંય નથી. એવી વાત તો સંપ્રદાયમાં પણ રહી નથી. આહાહા..! અરે..રે..! શું થાય?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કહે છે, '**अनन्तचैतन्यचिह्नं**' પર્યાયની વાત છે, હોં! લક્ષણની. વસ્તુ તો બેહદ અનંત છે પણ એને જાણનારું લક્ષણ પણ અતિ ઘણું છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અતિ ઘણું જ્ઞાન છે લક્ષણ જેનું...**' આહાહા..! એ ભગવાનઆત્મા તો જ્ઞાનના લક્ષણથી જણાય છે. ચિહ્ન એનું જ્ઞાન છે, એંધાણ–લક્ષણ જ્ઞાન છે. એ દયા, દાન, વ્રતાદિ વ્યવહારથી આત્મા જણાતો નથી. એ તો રાગ છે. આહા..! આ આકરી વાત પડે છે. અત્યારના પંડિતો કેટલાક આનો વિરોધ કરે છે. બાપુ! ભાઈ! તને તારો વિરોધ થાય છે. આહાહા..!

પ્રભુ! તું તારા સ્વભાવથી જણાય એવી તારી તાકાત છે. તું કાંઈ પાવૈયો–હિજડો નથી, કે રાગથી જણાય એવો તું પામર નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો રાગ, અંધારું. અંધારાથી જાણનશક્તિ, જાગૃતશક્તિ જણાય છે? એ તો અંધારું છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ તો જ્ઞાનના સ્વભાવનો એમાં અભાવ છે. અંધારાથી પ્રકાશ જણાય છે? આ ચર્ચા કરો એમ કહે છે, ભાઈ! લ્યો. આ પંડિતજીને સોંપી દો. આહાહા..!

ભગવાન! તું પણ પ્રભુ છો. ભલે તને અત્યારે ન બેસતું હોય પણ, બાપુ! તારી શક્તિ જે છે એ તો (અનંત છે). આહાહા..! અને એનું લક્ષણ એ પણ ઘણું છે એમ કહે છે. જ્ઞાનલક્ષણ છે એવું જ્ઞાન આત્મામાં જણાય છે. કોઈ ક્રિયાકાંડથી, રાગથી અને વ્યવહારથી જણાય એવી એ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યજ્યોતિ અંદર... આહાહા..! આઠ-આઠ વર્ષનો દીકરો, બાળક ચક્રવર્તીનો દીકરો હોય. ચક્રવર્તીના. જેને ઘરે સોળ હજાર તો દેવ હોય. એનો આઠ-આઠ વર્ષનો દીકરો... આહાહા..! જ્યાં અંતરમાં અનુભવમાં જાય છે, ત્યાં.. આહાહા..! અને માતા પાસે જાય છે, માતા! શરીરની માતા પૂછે. ચરણાનુયોગમાં આવે છે ને? 'પ્રવચનસાર' ચરણાનુયોગમાં. તું શરીરની માતા છે. માતા! મને રજા દે. હું મારા ચૈતન્યસ્વરૂપની પાસે જાવ છું. મારા અનુભવમાં જાવ છું. રજા દે, મા! આહાહા..! માતા! હું કહું છું. તારે રડવું હોય તો રડી લે, મા! અમે તો આનંદના નાથનો સ્વાદ લેવા જંગલમાં જઈએ છીએ. એ મુનિપણું. આહાહા..! અને કોલકરાર કરીએ છીએ, મા! ફરીને મા ન કરીએ. ફરીને જનેતા, માતા ન કરીએ એવો કોલકરાર દઈએ છીએ. માતા! શરીરની તું છેલ્લી માતા છે. આહાહા..! એ વૈરાગ્ય કેવો હોય! સમ્યગ્દર્શન થયું, પછી મુનિપણું લેવાની વૈરાગ્યદશા... આહાહા..!

સ્ત્રીને કહે છે, હે શરીરને રમાડનારી સ્ત્રી! શરીરને રમાડનારી, હોં! મારા આત્માને નહિ. સ્ત્રી રજા દે. મારી અનાદિની અનુભૂતિ છે એની પાસે જવા માંગુ છું. એ મારી સ્ત્રી છે. આહા..! પર્યાય નહિ, હોં! મારી ત્રિકાળી અનુભૂતિ. 'સમયસાર'ની ૭૩ ગાથામાં આવે છે. અનુભૂતિ. ૭૩ ગાથામાં. ષટ્કારકના પરિણમન રહિત ત્રિકાળી વસ્તુને અનુભૂતિ કહે છે. 'સમયસાર'ની ૭૩મી ગાથા છે. કર્તા કર્મ અધિકારમાં. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો શું આવ્યું? લક્ષણ. પછી અર્થ કરવો પડ્યો. ઘણું. વસ્તુ તો મહાપ્રભુ છે.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ એ જ્ઞાનની એક પર્યાય એક લક્ષણ, એ લક્ષણ પણ ઘણું છે, કે જે લક્ષણ લક્ષને– અંતરને પકડી શકે. આહાહા..! એવું જ્ઞાનલક્ષણ છે. **'જેનું એવી છે. કોઈ આશંકા કરે છે કે અનુભવને બહુ દઢ કર્યો તે શા કારણે?'** આવા આત્માના આનંદનો સ્વાદ લેવો એ ધર્મ છે, એ મોક્ષનો માર્ગ છે. એવું તો તમે વારંવાર દઢ કર્યું.

**'તે જ કહે છે—' 'यस्मात् अन्यथा साध्यसिद्धिः न खलु न खलु' 'કારણ કે અન્ય પ્રકારે સ્વરૂપની પ્રાપ્તિ નથી થતી, નથી થતી,...'** અંતર આનંદના સ્વાદથી આત્માની પ્રાપ્તિ થાય છે. બાકી કોઈ ક્રિયાકાંડ તારા દયા, દાન, વ્રત, ભક્તિ, શરીર, મન, વાણી, દેહ પરથી આત્માની મુક્તિ કદી ત્રણકાળમાં થતી નથી. આહાહા..! એ માટે વારંવાર દઢ કર્યું છે એમ કહે છે. છે ને? **'સ્વરૂપની પ્રાપ્તિ નથી થતી, નથી થતી,...'** આહાહા..! અંતર ભગવાન જ્ઞાનના લક્ષણથી અંતરમાં જઈને અનુભવ કરે, એ જ અનુભવ અને આનંદનો સ્વાદ, એ જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ છે નહિ. એ માટે વારંવાર કહેવામાં આવ્યું છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(માલિની)

कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-
र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'ये अनुभूतिं लभन्ते' (ये) જે કોઈ નિકટ સંસારી જીવ (अनुभूतिं) અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ (लभन्ते) પામે છે. કેવી છે અનુભૂતિ? 'भेदविज्ञानमूलाम्' (भेद) સ્વસ્વરૂપ–પરસ્વરૂપને દ્વિધા કરવું એવું જે (विज्ञान) જાણપણું તે જ છે (मूलाम्) સર્વસ્વ જેનું એવી છે. વળી કેવી છે ? (अचलितम्) સ્થિરતારૂપ છે. આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે, તે જ કહે છે– 'कथमपि स्वतो वा अन्यतो वा' (कथमपि) અનંત સંસારમાં ભ્રમણ કરતાં કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે; (स्वतः वा) મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે, (अन्यतः वा) અથવા અંતરંગમાં મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં અને બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે? ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે. તે જ કહે છે– 'ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः' (ते एव)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**તે જ જીવો (सन्ततं) નિરંતરપણે (मुकुरवत्) અરીસાની પેઠે (अविकाराः) રાગદ્વેષ રહિત (स्युः) છે. શાનાથી નિર્વિકાર છે? 'प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः' (प्रतिफलन) પ્રતિબિંબરૂપે (निमग्न) ગર્ભિત જે (अनन्तभाव) સકળ દ્રવ્યોના (स्वभावैः) ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધ સ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે, તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે. ૨૧.**

**અષાઢ સુદ ૧૧, સોમવાર તા.૨૭.૦૬.૧૯૭૭**
**કળશ - ૨૧, પ્રવચન - ૨૭**

'કળશ ટીકા' જીવ અધિકાર. શ્લોક-૨૧ છે. કાલે ૨૦મો કળશ થઈ ગયો.

**कथमपि हि लभन्ते भेदविज्ञानमूला-**
**मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा।**
**प्रतिफलननिमग्नानन्तभावस्वभावै-**
**र्मुकुरवदविकाराः सन्ततं स्युस्त एव।।२१।।**

શું કહે છે એ? શું કહે છે? પહેલા આવી ગયું છે કે અનુભૂતિ સિવાય મુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. આવ્યું હતું ને? **'નથી થતી, નથી થતી,...'** આહાહા..! પોતાનો આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ, એની અનુભૂતિ, અનુભવ અને એના અનુભવનો અર્થ મહાત્મ્ય. સ્વરૂપના મહાત્મ્યની અનુભૂતિ વિના કદી મુક્તિ નથી થતી. વ્યવહારથી થાય છે એમ કહે છે ને? એને **'न खलु न खलु..'** એ કહે છે. એ

**'જે કોઈ...' 'ये'** શબ્દ પડ્યો છે ને? બીજી લીટીમાં વચમાં છે. **'જે કોઈ નિકટ સંસારીજીવ...'** આહાહા..! જેનો સંસાર અલ્પ છે અને મુક્તિની પ્રાપ્તિની તૈયારી થઈ ગઈ છે. આહાહા..! **'જે કોઈ નિકટ સંસારી...'** સંસારની દશા અલ્પ છે. આહાહા..! એવો કોઈ જીવ **'અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ પામે છે.'** ભાષા પાધરી આમ લીધી છે– અનુભૂતિનો અર્થ. આહાહા..! જે અનાદિકાળથી પુણ્ય અને પાપનો વિકાર કર્મચેતના અને એનું ફળ વિકાર, એનો જે આસ્વાદ છે એ સંસાર છે. આહાહા..! એ સંસારની પ્રાપ્તિનો ઉપાય છે. પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એ કર્મચેતના, અને એનું વેદન હરખ-શોક એ કર્મફળચેતના. કર્મ શબ્દે અહીંયા જડ નહિ. કર્મ શબ્દે પોતામાં જે વિકારી કાર્ય થાય છે એ કર્મ. અને એનું વેદન ફળ હરખ-શોક. એનું તો અનાદિકાળથી (વેદન છે). જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફળચેતના, એમાં બેનું વેદન તો અનાદિકાળથી છે. અને એ તો સંસારમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિભ્રમણનું કારણ છે. આહાહા..!

**'અનુભૂતિ અર્થાત્ શુદ્ધ જીવવસ્તુનો આસ્વાદ...'** જ્ઞાનચેતના મૂળ તો એમ કહે છે. આહાહા..! પોતાનો જે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ છે, એમાં અતીન્દ્રિય આનંદ અવિનાભાવથી રહ્યો છે. અર્થાત્ જ્યાં જ્ઞાન છે ત્યાં આનંદ છે અને આનંદ છે ત્યાં જ્ઞાન છે. એ 'છ ઢાળા'માં આવે છે ને? જ્ઞાન બીજું સુખ નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કારણ.. આહાહા..!

પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન, એની અનુભૂતિ, એનું વેદન. જ્ઞાનનું વેદન, એમાં આનંદનું વેદન સાથે લઈને જ્ઞાનનો સ્વાદ અને આનંદનો સ્વાદ (આવે) એને અનુભૂતિ કહે છે. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો રાગ એ કર્મચેતનાનો સ્વાદ છે. આહાહા..! એ દુઃખનો સ્વાદ છે. આ શુદ્ધ જીવવસ્તુનો સ્વાદ છે. આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા આનંદસ્વરૂપની સન્મુખ થઈને એમાંથી આનંદની દશા વ્યક્ત પ્રગટ વ્યક્ત કરવી, એ અનુભૂતિ આનંદનો સ્વાદ છે. એ મોક્ષનું કારણ છે, એ ધર્મ છે. આહાહા..! આવો ધર્મ લ્યો. અનુભૂતિ એ ધર્મ. કર્મ અને કર્મફળચેતના એ અધર્મ. આહાહા..! બે વાત. તેથી પહેલા લેશે. **'भेदविज्ञानमूलाम्'** આહાહા..! સમજાણું કાંઈ?

શુભ-અશુભ વિકાર પરિણામ જે છે, એ કર્મચેતનાનો દુઃખનો સ્વાદ છે, આકુળતાનો સ્વાદ છે. આહાહા..! અને એ સંસારનું કારણ છે. હવે જે સંસારનું કારણ છે એ અનુભૂતિનું કારણ થાય એમ કેમ બને? કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય છે. ભગવાન! એ દૃષ્ટિમાં ફેર છે. તારી ચીજનું મહાત્મ્ય તને આવ્યું નથી. તારી ચીજમાં આનંદ અને જ્ઞાન અપરિમિત ભર્યા છે. એવી ચીજનું મહાત્મ્ય આવ્યું નથી. મહાત્મ્ય આવ્યું નહિ તો અનુભૂતિ થઈ નહિ. આહાહા..! અને રાગનું મહાત્મ્ય આવ્યું, તો દુઃખનો અનુભવ થયો. આહાહા..! એ વાત છે, ભાઈ! મૂળ વાત આ છે. જાણપણું ઓછું હોય, વિશેષ હોય એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..! વ્યવહાર ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરે એ બધા રાગનું દુઃખફળ છે, કર્મફળ છે. કર્મ શબ્દે વિકારી કાર્યનું એ ફળ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને આ છે આત્માની અનુભૂતિ, શુદ્ધ જીવવસ્તુનો સ્વાદ. એ રાગનો સ્વાદ હતો. એ હમણા કહેશે. **'भेदविज्ञानमूलाम्'**. રાગથી ભિન્ન ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ છે. **'मूलाम्'** શબ્દ છે ને? એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે છે એ રાગ છે, દુઃખ છે. આહાહા..! આ વાત માણસને આકરી પડે.

એ કારણે કહે છે કે **'અનુભૂતિ અર્થાત્ શુદ્ધજીવવસ્તુનો આસ્વાદ પામે છે.'** એને મુક્તિનું કારણ પ્રાપ્ત થયું. આહાહા..! મોક્ષ જે અનંત સુખની પ્રાપ્તિ, આત્મલાભ. મોક્ષ એટલે આ. આત્મામાં જે વસ્તુ છે એની પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. આહાહા..! એ મોક્ષનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાય શુદ્ધ જીવવસ્તુ ભગવાનઆત્માનો અનુભવ. એ મોક્ષનો ઉપાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના વિકલ્પ રાગ એ તો સંસારનું કારણ છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! અનંતકાળમાં કદી એણે પોતાની જીવ ચીજની મહિમા કરી નથી. અને એની પર્યાય અને રાગની મહિમા છૂટી નથી. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યભાવ અને પર્યાયનો ક્ષયોપશમભાવ એનું મહાત્મ્ય અંતરમાંથી નીકળ્યું નથી અને પોતાની ત્રિકાળી ચીજ છે એનું મહાત્મ્ય આવ્યું નથી. મહાત્મ્ય કહો કે અનુભૂતિ કહો, આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'પામે છે. કેવી છે અનુભૂતિ?'** આત્માનો–શુદ્ધ જીવસ્તુ, શુદ્ધ પવિત્ર ત્રિકાળ, એનો આસ્વાદ એ અનુભૂતિ. એ મોક્ષનો માર્ગ. એ **'કેવી છે અનુભૂતિ?' 'भेदविज्ञानमूलाम्'** આહાહા..! જેનું મૂળ સર્વસ્વ રાગથી અને પોતાના સ્વભાવની વચ્ચે સ્વપરનું ભેદજ્ઞાન જેનું સર્વસ્વ છે. આહાહા..! એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ અને સ્વભાવ બે વચ્ચે જ્ઞાન ભિન્ન પાડવું એ સર્વસ્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. આહાહા..! એક એક કળશમાં કેટલું ભર્યું છે! કળશ જેમ અમૃતથી ભર્યા છે. એમ આ કળશ અમૃતથી ભરેલા છે. આહાહા..!

એ ૯૬ ગાથામાં આવ્યું છે ને? મૃતક કલેવરમેં અમૃતસ્વરૂપ ભગવાન મૂર્છાઈ ગયો છે. મ..મા. મૃતક કલેવર. આ મૃતક્લેવર છે. માટી-ધૂળ. મૃતક કલેવર આ શું આત્મા છે? દેહ છૂટ્યા પછી મૃતકક્લેવર એમ નથી. આ તો વર્તમાન મૃતક ક્લેવર છે. એમાં અમૃતસાગર ભગવાન મૂર્છાયો છે. અર્થાત્ બીજી રીતે લઈએ તો પુણ્ય અને પાપ એ મૃતક ક્લેવર છે, અચેતન છે. આહાહા..! શુભ અને અશુભભાવ બેય અચેતન છે. એમાં ચેતનના અમૃતના સ્વરૂપનો અભાવ છે. આહાહા..! ચાહે તો એ ભગવાનની ભક્તિનો ભાવ, જાત્રાનો ભાવ, ભગવાનના સ્મરણનો, અપવાસ કરવાનો કે અહિંસા વ્રત લીધા, એ બધો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગનું વેદન એ સંસારનું વેદન છે. એનાથી ભિન્ન **'भेदविज्ञानमूलाम्'** ચાહે તો એ રાગ તીર્થંકરગોત્રનો હોય. પણ એનાથી ભેદવિજ્ઞાન જુદું પાડવું એ સર્વસ્વ એનું મૂળ છે. આહાહા..! અનભૂતિનું મૂળ પરથી સ્વને ભિન્ન પાડવું એ સર્વસ્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહે છે ભગવાન? આચાર્ય કહે છે એ ભગવાન કહે છે, ભગવાન કહે છે એ આચાર્ય કહે છે. આહાહા..!

અનુભૂતિની પ્રાપ્તિ થવી એ **'भेदविज्ञानमूलाम्'** આહાહા..! **'સ્વસ્વરૂપ–પરસ્વરૂપને દ્વિધા કરવું...'** એ રાગ વિકલ્પ જે ઊઠે છે એ પરસ્વરૂપ છે અને આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ સ્વસ્વરૂપ છે. આહાહા..! એ બેને દ્વિધા કરવા. બે છે એને બે કરવા. એ બે છે, એક નથી. સમજાણું કાંઈ? કેમકે એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિનો વિકલ્પ ઊઠે છે એ રાગ છે. એ રાગ સ્વ નથી, એ પર છે. આહાહા..! અને આત્મા એ રાગથી ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાયક જીવવસ્તુ ભિન્ન છે. એમ બે વચ્ચે ભેદજ્ઞાન જેનું સર્વસ્વ છે. આહાહા..! ભેદવિજ્ઞાન જેનું મૂળ છે, ભેદવિજ્ઞાન જેનું કારણ છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

જેને પોતાના આત્માનો અનુભવ કરવો હોય, ધર્મ કરવો હોય, ધર્મ. અનુભવ કહો કે ધર્મ કહો. એ ધર્મનું મૂળ શું? આહાહા..! **'भेदविज्ञानमूलाम्'**. સંવરમાં પણ આવ્યું છે ને?

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત એમ કહે છે, **'भेदविज्ञानमूलाम्'** **'भेदविज्ञानतः सिद्धाः'** અત્યાર સુધી જેટલા પરમાત્મા સિદ્ધ થયા એ રાગથી પોતાના સ્વરૂપને ભિન્ન કરીને સિદ્ધ થયા છે. એ રાગથી પોતાને લાભ થશે એમ માનીને સિદ્ધ નથી થયા. આહાહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ! વીતરાગ જૈનધર્મ અલૌકિક વસ્તુ છે. લોકોએ બહારની ચીજમાં જૈનધર્મ મનાવ્યો છે. એ જૈનધર્મ નથી. આહાહા..! જૈનધર્મ એ રાગથી ભિન્ન પાડીને ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ છે એવા પોતાના આત્માને પ્રાપ્ત કરવો, એનું નામ જૈનધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? રાગની ક્રિયા છે એ જૈનધર્મ નથી. એ તો અજૈન છે. એ તો રાગ છે. તો અજૈન જે રાગ છે એનાથી સ્વરૂપ, પર અને સ્વનો ભેદ કરવો એ ભેદ કરવો એ જ જેનું સ્વરૂપ છે, જુદું પાડવું એ સ્વરૂપ છે. એકત્વ માનવું એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– બેને એક માને એ મિથ્યાત્વ છે.

ઉત્તર :– મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગના માર્ગમાં અત્યારે તો ઘણી ગડબડ થઈ ગઈ છે. આહાહા..!

મુમુક્ષુ :– ઘણું સારું થાય છે ગડબડ ક્યાં થઈ રહી છે?

ઉત્તર :– સારું. એમ કહે હવે તો નીકળી ગયું ને. પંડિતજી. વાત સાચી. આ તો થતી હતી એની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..! આચાર્ય થોડા શબ્દમાં... થોડા કહે છે?

ભગવાન શુદ્ધ જીવવસ્તુ ત્રિકાળી અનંતગુણના પવિત્રનો પિંડ પ્રભુ આત્મા, એનો આસ્વાદ એ જ્ઞાનચેતના, એ જ્ઞાનચેતના એ અનુભૂતિ, અને અનુભૂતિમાં આત્માનો સ્વાદ આવવો એ એની મહોરછાપ. અનુભૂતિની મહોરછાપ. મહોરછાપ સમજો છો? એ 'સમયસાર'ની ૫મી ગાથામાં આવ્યું છે. આચાર્ય 'કુંદકુંદાચાર્ય' કહે છે, કે મારો વૈભવ પ્રચુર સ્વસંવેદન જેમાં આનંદની મહોરછાપ પડી છે. પત્રમાં કરે છે ને? પોસ્ટ-પોસ્ટ. પત્ર કહે છે ને? એમ આચાર્ય કહે છે. અમારા નિજવૈભવની મહોરછાપ શું? રાગ એ કોઈ નિજવૈભવ નથી. શરીર તો પર, જડ, માટી ધૂળ છે. આહાહા..! નિજવૈભવ. આ ધુળના વૈભવના સ્વામી એ તો મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. 'પોપટભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ?

'ગોવા'માં એના સાળા રહે છે ને? એની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હમણા ગુજરી ગયા. એના સાળા પાસે. આ બનેવી છે. એના ઘરે એની બહેન છે, તો એની પાસે બે અબજ ચાલીસ કરોડ. બસ્સો ચાલીસ કરોડ અત્યારે છે. હવે એના દિકરા છે. એ તો મરી ગયો. ધૂળમાં પણ નથી. મહા દુઃખી છે. એ તરફનું લક્ષ છે એ વિકાર છે, કર્મચેતના છે અને દુઃખની ચેતના છે. આહાહા..! આ આનંદચેતના, જ્ઞાનચેતના જે રાગથી ભિન્ન થઈને પોતાની શુદ્ધ જીવવસ્તુના સ્વાદમાં આવવું એ આત્માનો અનુભવ અને ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ (છે). આહાહા..! એમ કેમ ભાગ પાડે છે? કે રાગની એકતાબુદ્ધિ એ સર્વસ્વ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ચાહે તો રાગ શુભઉપયોગ હોય, પણ એની સાથે એ તત્ત્વ પુણ્યતત્ત્વ છે અને ભગવાન જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. એ તત્ત્વ ભિન્ન છે, તો ભિન્ન તત્ત્વમાં એકત્વ માનવું એ જ સંસારનું મૂળ મિથ્યાત્વ છે. અને એના ભેદ પાડવા... આહાહા..! વિકલ્પ રાગથી આત્માને ભિન્ન પાડીને ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ છે એ મુક્તિનું કારણ છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! અરે..! એણે આત્માની દયા અનંતકાળમાં કરી નથી. હું કોણ છું? ક્યાં જઈશ? કેમ રહીશ? એની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, ભેદવિજ્ઞાન **'સ્વસ્વરૂપ-પરસ્વરૂપને દ્વિધા કરવું એવું જે વિજ્ઞાન જાણપણું...'** આહાહા..! એ રાગના ભાવથી પોતાનો સ્વભાવ ભિન્ન અંદરમાં જાણવો. આહાહા..! એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે વૃત્તિ ઊઠે છે એનાથી પોતાનું સ્વરૂપ ભિન્ન કરીને જાણવું. એ જેનું સર્વસ્વ છે. છે? **'मूलाम्'**, **'मूलाम्'** એટલે **'સર્વસ્વ જેનું...'** મૂળ. જેનું મૂળ. ભેદવિજ્ઞાનનું મૂળ. અનુભૂતિ ભેદવિજ્ઞાનથી ઉત્પન્ન થાય છે. અને અનુભૂતિ ભેદવિજ્ઞાનનું મૂળ સ્વરૂપ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! જન્મ-મરણમાં દુઃખી (થાય છે). એ યુવાનો, વૃદ્ધો, પૈસાવાળા, શેઠિયાઓ, રાજાઓ એ બિચારા બધા દુઃખી છે. પોતાના રાગનું વેદન, ચાહે તો અશુભનો રાગ. એ પાપીને તો અશુભનો રાગ છે. આહાહા..! અશુભના રાગનું વેદન, દુઃખનું વેદન એ દુઃખી છે. આહાહા..! અને શુભરાગનું વેદન એ પણ દુઃખી છે. આહાહા..!

મુમુક્ષુ :– સંક્લેશ કરતાં...

ઉત્તર :– બંને સ્થૂળ છે. સંક્લેશ અને વિશેષ બે સ્થૂળ છે. પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે. બેય સ્થૂળ છે. પુણ્ય પાપ અધિકારમાં એવો પાઠ લીધો છે. અશુભભાવ પણ સ્થૂળ અને શુભભાવ પણ સ્થૂળ, અતિસ્થૂળ. આહાહા..! સંક્લેશ સ્થૂળ એનાથી તો કદાચિત છૂટી ગયો. જોકે ખરેખર અશુભ એ તો મિથ્યાત્વભાવ છે. પણ અશુભ એ સિવાયનું પરિણામ છે, ચારિત્રદોષના પરિણામ, એ અશુભથી છૂટ્યો, પણ એ શુભભાવમાંથી છૂટતો નથી. એ શુભભાવ મારો છે અને મને લાભ કરશે એ જ મિથ્યાત્વનું મૂળ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ચાહે તો શુભરાગ હોય, એ દુઃખ છે, રાગ છે, આકુળતા છે, એ પર છે. અને એનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભિન્ન જીવવસ્તુ આનંદકંદ પ્રભુ એ ભિન્ન છે. એમ બે વચ્ચે ભિન્નનું જ્ઞાન કરવું એ અનુભૂતિનું મૂળ છે. એને અનુભૂતિ થાય છે. આહાહા..! વાત સાંભળતા હજી કઠણ પડે. અને બહારની ઓલી વાત જાત્રા કરો, ભક્તિ કરો, પૂજા કરો, સમ્મેદશિખરની આ કરો, ગિરનારની કરો. એ તો બધી બહારની જડની ક્રિયા છે. અને અંદરમાં હોય તો શુભભાવ છે. પણ શુભભાવ એ કાંઈ ધર્મ નથી. આહાહા..! એ દુઃખરૂપ ભાવ છે. અહીં કહે છે કે દુઃખરૂપ ભાવ એ પર અને સુખસ્વરૂપ જીવવસ્તુ એ સ્વ. એ બેનું ભેદજ્ઞાન કરવું એ જેનું સર્વસ્વ છે. આહાહા..! એવી અનુભૂતિ એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**'વળી કેવી છે?'** અનુભૂતિ. **'अचलितम्'** છે. પુણ્ય-પાપનો ભાવ છે એ તો અસ્થિર છે. નવા... નવા... નવા... નવા... નવા... નવા વિકલ્પ ઉત્પન્ન કરે છે. અને એનાથી ભેદ કરીને આત્માની અનુભૂતિ સમ્યગ્દર્શન અને અનુભૂતિ (થાય એ) સ્થિર છે. જેમ સ્થિર ચીજ છે એમ અનુભૂતિ પણ સ્થિર છે. છે પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? **'अचलितम्'** **'સ્થિરતારૂપ છે.'** આહાહા..! એક તો વિકલ્પ એવો આવ્યો હતો. આ અચલિતમાં. આ અનુભૂતિ થઈ છે એ અચલિત છે. હવે નિશ્ચયથી મોક્ષ પામશે. એ સ્થિતિ આચાર્યની છે. (પ્રવચનસાર) ૯૨ ગાથા તથા (સમયસાર) ૩૮ મી ગાથા. કે અમે જે મિથ્યાત્વનો નાશ કર્યો, વમન કર્યું છે એ ફરીને અમને આવશે નહિ. અરે..! તમે પંચમઆરાના સાધુ, કેવળી મળ્યા નથી, કેવળજ્ઞાન થયું નથી (છતાં) આટલું બધું જોર!

મુમુક્ષુ :– નવ તત્ત્વની ખોજમાં પણ એક વાત છે કે જો આત્મામાં ઉપયોગ જાય તો કષાયકર્મ આજે જ મટે.

ઉત્તર :– એ તો છે પણ અહીંયાં તો અપ્રતિહત્ એ સમ્યગ્દર્શન કહે છે. એ કહેવું છે. અનુભૂતિ થઈ એ લેવાનું છે. અનુભૂતિ થઈ એ અનુભૂતિ મોક્ષને જ પ્રાપ્ત કરશે. વચ્ચે પડશે, પંચમઆરો છે, હલકો આરો છે, આવો છે, તેવો છે. એ વાત નથી. ૩૮ ગાથામાં એમ લીધું છે અને ૯૨માં ગાથામાં લીધું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'अचलितम्'**' એ જો અનુભવ રાગથી ભિન્ન થઈને સમ્યગ્દર્શન અને જ્ઞાન અનુભવ થયો, હવે એ ફરે નહિ, કહે છે. આહાહા..! એ તો કેવળજ્ઞાન લીધે છૂટકો. આહાહા..! સમજાણું કાંઈ? જેમ બીજ ઊગે છે, તો પૂનમ થયે છૂટકો. પૂનમ.. પૂનમ–પૂર્ણિમા. એમ અહીંયાં કહે છે કે અનુભૂતિ અચલતિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? સ્થિર વર્તમાન ત્રિકાળી એની અવસ્થા સ્થિર, એ પૂર્ણ સ્થિરનું એ કારણ છે એમ ઉત્પન્ન થયું છે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, ભાઈ! આહા..! વીતરાગ એ પણ માર્ગ... આહાહા..! દિગંબર સંતો એ વાત કરે છે. કેવળજ્ઞાનીના કેડાયતો છે. આહાહા..! અને કેવળજ્ઞાન પામવાની તૈયારી છે. પંચમઆરામાં કેવળજ્ઞાન નથી. વર્તમાનમાં તો રાગથી સ્વર્ગમાં જશે. અને પછી કેવળજ્ઞાન જ લેશે. પછીના ભવમાં કેવળજ્ઞાન જ લેશે. આહાહા..! આવી અનુભૂતિ અચલિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'આવી અનુભૂતિ કઈ રીતે પમાય છે, તે જ કહે છે–'** જુઓ! કહે છે, કે ભેદજ્ઞાનથી પ્રાપ્ત થાય છે પણ એ કેમ પ્રાપ્ત થાય છે? સ્વથી પ્રાપ્ત થાય છે કે પરથી પ્રાપ્ત થાય છે? આવી અનુભૂતિ જે ધર્મ દશા, વિકલ્પ જે રાગ છે એનાથી ભિન્ન પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કઈ રીતે થાય છે? **'તે જ કહે છે–' 'कथमपि स्वतो वा अन्यतो वा' 'અનંત સંસારમાં ભ્રમણ કરતાં...'** આહાહા..! અનંત-અનંત ચોરાશી લાખ યોનિમાં અવતાર ધારણ કર્યા. આહા..! 'છ ઢાળા'માં એ વાત પહેલા લીધી છે. દુઃખની. સંસારમાં ભટક્યો ને.. પહેલો ભાગ એ લીધો છે. પહેલા એ બતાવ્યું. પછી એ... સંસારમાં ચોરાશી લાખ યોનિ... આહાહા..! અનંતકાળ રખડતા રખડતા અનંતકાળ પુદ્ગલ પરાવર્તન વીતી ગયું. અનંતપુદ્ગલ પરાવર્તન. આહાહા..! એક એક યોનિમાં અવતાર ધારણ કરીને એક એક યોનિમાં અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા. આહાહા..! ચોરાશીલાખ યોનિ તો સંખ્યાત છે. એક એક ઉત્પત્તિ સ્થાન જે યોનિ છે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય. એમાં ચોરાશી લાખ ભેદ છે. એક એકમાં અનંત પુદ્ગલ પરાવર્તન કર્યું. આહાહા..!

પરિભ્રમણ કરતા... કરતા... કરતા... કરતા... કરતા... અનંતકાળ વીત્યો. આહાહા..! તારો અનંતકાળ પરિભ્રમણ કરતા વીતી ગયા. ચોરાશી લાખ અવતાર કરતા કરતા રખડતા રખડતા દુઃખી પ્રાણી છે. એને ભાન નથી કે હું કોણ આત્મા છું? શું ચીજ છે? એની ખબર નથી. એવા બેભાન પાગલની જેમ અનાદિકાળથી ચોરાશી લાખ યોનિમાં મિથ્યાત્વના કારણે પરિભ્રમણ કરતા અનંત ભવ વીત્યા. આહાહા..! અત્યારે હવે સમ્યગ્દર્શન પામવાનો કાળ છે તો કઈ રીતે પ્રાપ્ત થાય છે એ કહે છે. આહા..! સમજાણું કાંઈ?

એ ચોરાશી લાખ ભવ કરતા કરતા અનંત ભ્રમણ કરતા એમ કરતા **'કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે...'** આહાહા..! શું કહે છે? ભગવાન! એકવાર સાંભળ! આહાહા..! સંસારમાં અનંતભવ કર્યા. અનંત... અનંત... અનંત... અનંત... એક એક યોનિમાં સંસારમાં રખડ્યો. એમ કરતા અનંતકાળ વીતી ગયો. પણ સમ્યગ્દર્શન શું છે એ પ્રાપ્ત કર્યું નથી. અનંત વાર મુનિપણું લીધું. 'મુનિવ્રતધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! આત્મજ્ઞાન શું ચીજ છે એની ખબર નથી. પંચમહાવ્રત પાળ્યા, અઠ્ઠાવીશ મુળગુણ પાળ્યા, હજારો રાણીનો ત્યાગ કર્યો, મુનિપણું લઈ લીધું, દ્રવ્યલિંગી થયો. પણ એ રાગથી ભિન્ન પોતાની ચીજ છે એના અનુભવ વિના અનંત પરિભ્રમણના ભવ કર્યા. એવું દ્રવ્યલિંગ ધારણ કરીને પણ અનંતભવ કર્યા. લિંગ પાહુડમાં છે. આહાહા..! દ્રવ્યલિંગ ધારણ કર્યું. દ્રવ્યલિંગ તો મુનિપણું નગ્ન, હોં! એ દ્રવ્યલિંગ. એ પણ અનંતવાર ધારણ કર્યા. આહાહા..! પણ એ વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ રાગ છે, એનાથી ભિન્ન મારી ચીજ છે એવું ભેદજ્ઞાન કદી અનંત પરિભ્રમણમાં કર્યું નથી. આહાહા..! જે કરવાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હતું એ કર્યું નથી, નહિ કરવાનું અનંતકાળથી કર્યું છે. એ કોઈ અપૂર્વ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે અનંતકાળ પરિભ્રમણ કરતા વીતાવ્યો. **'કેમેય કરીને કાળલબ્ધિ પ્રાપ્ત થાય છે...'** એ કાળલબ્ધિનું લીધું છે. જે એમાં ધર્મ પામવાનો કાળ છે એની પ્રાપ્તિ થઈ, **'ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે,...'** ત્યારે એને આત્માનું સમ્યગ્દર્શન (ઊપજે છે). આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ આનંદનો સ્વાદ, એમાં પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. એ વિના કદી ધર્મ થતો નથી. તો સમ્યગ્દર્શન એ આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે, સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જોયો એ આત્મા. અજ્ઞાની સમજ્યા વિના આત્મા આત્મા કરે એ નહિ. સમજાણું કાંઈ? જિનેશ્વરદેવ પરમેશ્વર જેણે કેવળજ્ઞાનમાં સર્વથા આત્મા જોયો. એ નિજસત્તાએ શુદ્ધ, પોતાના હોવાપણાથી પવિત્ર ભગવાનઆત્મા છે. એ પુણ્ય-પાપની ક્રિયાકાંડથી પણ ભિન્ન છે. આહાહા..!

એવી અનુભૂતિ થઈને **'સમ્યક્ત્વ ઊપજે છે.'** આહાહા..! ત્યારે એનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન આનંદ છે, 'સિદ્ધ સમાન સદા પદ મેરો, ચેતનરૂપ અનૂપ અમૂર્ત સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો વસ્તુ સિદ્ધસ્વરૂપી સદા અનંત આનંદકંદ છું. એવી અંતરમાં દૃષ્ટિ થઈ, વિકલ્પ નામ રાગથી-શુભરાગથી પણ ભિન્ન થઈને પોતામાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે ત્યારે એ અનુભૂતિ કહેવામાં આવે છે. આહાહા..! **'ત્યારે અનુભવ થાય છે;...'** છે ને? જુઓને! **'ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે;...'** આહાહા..!

અહીં તો કહે છે કે આત્માનો અનુભવ-અનુભવ કહે છે પણ એ અનુભવ કઈ ચીજ છે? અનુભવનો અર્થ શું? આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો, એવું અંતરમાં સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. પૂર્ણ સત્ય... પૂર્ણ સત્ય એનું દર્શન એટલે શ્રદ્ધા, સમ્યક્ એટલે સત્ય શ્રદ્ધા ઉત્પન્ન થવી, એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનમાં અનુભવ થાય છે. આહાહા..! એ સમ્યગ્દર્શનમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે એમ કહે છે. આહાહા..! આવી વાતું! લોકોને ગ્રીક-લેટિન જેવી લાગે. છે બાપુ! વીતરાગમાર્ગ એવો છે. અરે..! જગતને પરમાત્માના...

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' 'શ્રીમદ્ રાજચંદ્ર' ૧૬ વર્ષે કહે છે. ૧૬ વર્ષની ઉંમરમાં. 'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે. એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે' તારો હાથ કોઈ નહિ જાલે, નાથ! 'શ્રીમદ્' ૧૬ વર્ષે કહે છે. 'મોક્ષમાળા' છે ને? આ ગુજરાતી આવ્યું. ભગવાન જિનેશ્વરદેવને જે કેવળજ્ઞાન થયું અને એમણે જે આત્માનો ધર્મ કહ્યો એ જ શરણ છે. એ રાગથી ભિન્ન પોતાની ચીજ જે આનંદપ્રભુ આત્મા, એના શરણમાં જાવું અને રાગનું શરણ છોડવું એ જ સર્વજ્ઞના ધર્મનું શરણ છે. આહાહા..! કહો, 'પ્રવિણભાઈ'! સોમવાર છે. પંડિતને લેવા આવ્યા છો? ઠીક. 'પ્રવિણભાઈ' આવ્યા કીધું. પંડિતને લેવા આવ્યા લાગે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. 'ભાવનગર'થી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

આ કોણ કહે છે? સંતો, દિગંબર મુનિઓ એમ કહે છે. જંગલમાં વસનારા સંત જે આત્માના આનંદના સ્વાદિયા, એ કહે છે કે પ્રથમ જ્યારે રાગથી ભિન્ન થઈને ભેદવિજ્ઞાન થાય છે, ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. ત્યારે સમ્યગ્દર્શનમાં અનુભવ થાય છે. આહાહા..! ત્યારે ધર્મની શરૂઆત થાય છે. બાકી થોથા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનુભવ. છે ને? **'ત્યારે અનુભવ થાય છે;...' 'ત્યારે સમ્યક્ત્વ ઊપજે છે, ત્યારે અનુભવ થાય છે;...'** એમ. વળી કોઈ અનુભવદશા અજ્ઞાનીને પણ હોય છે. વેદાંત આદિમાં આવે છે ને કે અમને અનુભવ છે. ઘણું સાંભળ્યું છે. આહાહા..! અનુભવ છે... અનુભવ છે... કોનો અનુભવ? ધૂળમાં? વસ્તુના ભાન વિના અનુભવ કેવો? એક જ આત્મા માનીને... શું કહે છે?

અમારે ત્યાં 'પાલેજ'માં આજુબાજુમાં. ત્યાં અમારી દુકાન હતી ને? 'ભરુચ' વચ્ચે 'પાલેજ' છે ત્યાં. તો અમારો એક ગ્રાહક હતો. બ્રાહ્મણ. બધાના મોટા ગુરુ હતા. અમારા ગ્રાહક હતા. માલ લેવા આવતા હતા. એને બધા મળીને પગે લાગતા. અમે પણ એને માલ આપતા હતા અને એના ઘરે જતા. ૧૭-૧૮-૧૯ વર્ષની ઉંમરની વાત છે. ૭૦ વર્ષ પહેલાની વાત છે. તો એ પણ એવું કાંઈક બોલ્યા. સર્વવ્યાપક ને એવું.. એવું.. અમારા ગ્રાહક હતા. ગ્રાહક સમજ્યા? આમ અનુભવ થાય છે ને આમ અનુભવ થાય છે. ધૂળમાં પણ અનુભવ નથી. એ બ્રાહ્મણનું નામ ભૂલી ગયા. બ્રાહ્મણ હતા. બહુ નરમ માણસ. અમારે ત્યાં ... ઘરે જઈએ તો ખાટલો પાથરીને બેસાડે, પૈસા આપે. આ તો ઘણા વર્ષની વાત. ૬૫-૬૬-૬૭. સંવત ૧૯૬૫-૬૬-૬૭ વર્ષની વાત. તો એ .. કહે અમને અનુભવ છે, અમને અનુભવ છે. સર્વવ્યાપક આત્મા છે. એક ચીજ છે, બીજી નથી. ધૂળમાં પણ અનુભવ નથી. અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, કે સર્વજ્ઞ ભગવાને જેવો આત્મા જોયો એ આત્મા આનંદસ્વરૂપ આત્મા. એક એક પ્રત્યેક ભિન્ન, હોં! એ આનંદનો અંદરમાં સ્વાદ આવવો એને સમકિત કહે છે અને એને અનુભવ કહે છે. અને ધર્મની શરૂઆત ત્યાંથી કહેવાય છે. એ વિના ધર્મ નથી. કેમ ઉત્પન્ન થાય છે? **'स्वतः वा' 'મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં ઉપદેશ વિના જ અનુભવ થાય છે,...'** ઉપદેશ ન મળે પણ અંદરથી આત્માનો અનુભવ થાય. એ સ્વતઃ ગુરુ ઉપદેશ વિના એને સ્વતઃ સમ્યગ્દર્શન કહે છે. નિસર્ગ, એ નિસર્ગ છે. આ નિસર્ગની વાત છે. સમજાણું કાંઈ? અંતરમાં આનંદનો અનુભવ કરતાં મિથ્યાત્વનો નાશ થાય છે એ સ્વતઃ ઉત્પન્ન થયો છે. કોઈ ગુરુનો ઉપદેશ મળ્યો નથી. અંદરના સંસ્કારથી અંતર આ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન કે અનુભવ સ્વતઃ ઉત્પન્ન થાય છે. એક વાત.

**'अन्यतः वा' 'અથવા અંતરંગમાં મિથ્યાત્વકર્મનો ઉપશમ હોતાં...'** અંતરંગમાં તો ભ્રમણાનો નાશ ઉપશમ થયો. **'અને બહિરંગમાં ગુરુની સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં...'** પોતાનો મિથ્યાત્વનો ઉપશમ તો સ્વથી છે. એમાં નિમિત્તપણે ગુરુએ ઉપદેશ કહ્યો. **'ગુરુની**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**સમીપ સૂત્રનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે.**' એણે કહ્યું. 'કુંદકુંદાચાર્યે' કહ્યું ને? કે અમારા ગુરુએ અમને આત્માનો ઉપદેશ અનુગ્રહ કરીને આપ્યો. પાંચમી ગાથામાં એમ છે. સર્વજ્ઞ ભગવાનથી માંડીને અમારા ગુરુ અંતર નિર્મળ જ્ઞાનમાં નિમગ્ન હતા. આહાહા..! સમજાણું કાંઈ? સાધુ જે સાચા સાધુ છે એ તો અતીન્દ્રિય આનંદનમાં નિમગ્ન હોય. ત્યારે સાધુપણું કહેવામાં આવે છે. બહારની ક્રિયાકાંડ કાંઈ સાધુપણું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, કે પરથી ગુરુનો ઉપદેશ મળતાં અનુભવ થાય છે. ગુરુએ કહ્યું, કે પ્રભુ! તારો આત્મા આનંદસ્વરૂપ છે. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. આહાહા..! એવો ઉપદેશ મળ્યો અને અંતર્મુખ થયો. તો એ રીતે સમકિત પ્રાપ્ત કર્યું તો એને નિસર્ગ નહિ, નિસર્ગ પહેલા સ્વતઃ એ નિસર્ગ કહ્યું. આ ઉપદેશ મળે છે, હોં! શું કહ્યું? અધિગમજ... અધિગમજ. સમજાણું કાંઈ? બે પ્રકાર છે ને? નિસર્ગ અધિગમાત. તત્ત્વાર્થસૂત્ર.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. એ. આહાહા..!

**'કોઈ પ્રશ્ન કરે છે કે જેઓ અનુભવ પામે છે તેઓ અનુભવ પામવાથી કેવા હોય છે?'** જેને ધર્મ પ્રાપ્ત થાય છે, આત્માનું સમ્યગ્દર્શન થાય છે, આત્માની અનુભૂતિમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે, એ ધર્મી આત્મા કેવો છે? એ ધર્મી છે કેવો? છે? આહાહા..! **'કેવા હોય છે?'**

**'ઉત્તર આમ છે કે તેઓ નિર્વિકાર હોય છે.'** આહાહા..! શું કહે છે? કે જ્યારે આત્મજ્ઞાન થયું, સમ્યગ્દર્શન થયું, ત્યારે આત્માના જ્ઞાનનો સ્વાદ આવ્યો અને જ્ઞાનનો પ્રકાશ પણ થયો. પણ પરવસ્તુનું જ્ઞાન, પરવસ્તુ જાણવામાં આવે છે, તો પરવસ્તુ જાણવામાં આવે છે તો વિકાર થાય છે એમ નથી. ધર્મીને પરવસ્તુ જણાય છે તો વિકાર છે, વિકાર ઉત્પન્ન થાય એમ નથી. એ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો સ્વની સમ્યક્ અનુભૂતિ થઈ તો પરનું જ્ઞાન થાય છે, પણ પરનું જ્ઞાન થતા વિકાર ઉત્પન્ન થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવા ધર્મી હોય છે. એનું નામ ભગવાનનો ધર્મીજીવ કહે છે. અરે..! ઘણી સૂક્ષ્મ વાત, ભાઈ! આહાહા..! અરે..! જન્મ-મરણના ઉદ્ધાર, ચોરાશીના ઉદ્ધાર અપૂર્વ વાત છે, ભાઈ! પૂર્વે કદી કર્યું નથી, યથાર્થ રુચિથી સાંભળ્યું જ નથી. આહાહા..! શ્રુત, પરિચીત, અનુભૂતા. એ રાગને સાંભળ્યો છે, રાગનો પરિચય છે અને રાગની આદત છે અને અનુભવ છે. પણ એનાથી ભિન્ન ચીજને તેં સાંભળી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એમ ને એમ જિંદગી ચાલી જાય. થઈ રહ્યું જાવ. ચાર ગતિમાં રખડવાનું પરિભ્રમણ. 'રતિભાઈ'! આવી વાત છે.

કહે છે, કે **'તેઓ નિર્વિકાર હોય છે. તે જ કહે છે–'** **'ते एव सन्ततं मुकुरवत् अविकाराः स्युः'** એ સમ્યગ્દષ્ટિ જીવ, આત્માનું જ્ઞાન થયું એ જીવ, અનુભવ થયો એ જીવ, **'मुकुरवत्**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**अविकारा:' 'નિરંતરપણે અરીસાની પેઠે રાગદ્વેષ રહિત છે.'** આહાહા..! શું કહે છે? અરીસો હોય છે ને અરીસો? અગ્નિ, જ્વાળા, અને ઉષ્ણતા. અગ્નિ છે ને? અરીસામાં એ દેખાય છે કે આ અગ્નિ આવી. (ત્યાં) અગ્નિ નથી. એ તો અરીસાની અવસ્થા છે. અગ્નિની જ્વાળા અને ઉષ્ણતા એ સ્વચ્છતા છે માટે સ્વચ્છતામાં ભાસ થાય છે. એમાં અરીસામાં પણ આમ આમ હોય છે. એ અગ્નિ નથી. અગ્નિનું અસ્તિત્વ અગ્નિમાં છે. અગ્નિનું અસ્તિત્વ અરીસામાં આવ્યું નથી. અરીસામાં તો પોતાની સ્વચ્છતા છે.

એમ જ્ઞાનીજીવ ધર્માત્મા પોતાના જ્ઞાનમાં પરચીજ જણાય છે. પણ જણાય છે તો એ પર ચીજથી અહીં વિકાર થાય છે, એ અગ્નિ અરીસામાં પેસી જાય છે, એમ પરચીજ આત્મામાં પેસી જાય એમ નથી. જ્ઞાની જાણે છે કે આ ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કેમકે ચૈતન્ય સ્વપરપ્રકાશક એવો અનુભવ સમ્યગ્દર્શન થયું, તો કહે છે, કે પરચીજને જાણે છે ને. ઘણું જાણે છે. અરીસામાં અગ્નિ અને જ્વાળા દેખાય છે ને? દેખાય એ અગ્નિ જ્વાળા નથી. એમ આત્મામાં પરવસ્તુનું જ્ઞાન થાય છે એ પરવસ્તુનું નથી. એ પોતાનું જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું. 'પ્રેમચંદજી'! આહાહા..! લોકોને એકાંત લાગે. કદી સાંભળ્યું નથી, સમજ્યા નથી. કદી સાંભળ્યું જ નથી. એકાંત માર્ગ છે, એકાંત છે એમ કહે છે. કહો, ભાઈ!

મુમુક્ષુ :– વ્યવહારથી લાભ થાય...

ઉત્તર :– વ્યવહારથી લાભ ન થાય એમ કહીએ એટલે એકાંત કહે. અહીં તો વ્યવહારથી ભિન્ન પાડે તો લાભ થાય એમ કહે છે. વ્યવહારના વિકલ્પથી ભિન્ન પાડે. ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ છે, રાગથી થાય છે એવું સર્વસ્વ (નથી). આહાહા..! સમજાણું કાંઈ? રાગ વિકલ્પ થાય છે પણ એનાથી ભિન્ન મારી ચીજ છે. એવું ભેદવિજ્ઞાન જેનું સર્વસ્વ છે એને સમ્યગ્દર્શન અને સમ્યક્ અનુભવ ધર્મ થાય છે. એ ધર્મ થાય છે તો ધર્મીને પરચીજનું જ્ઞાન તો થાય છે કે નહિ? કે એકલું સ્વનું જ્ઞાન છે? એમ કહે છે. સ્વનું જ્ઞાન છે, પરનું જ્ઞાન છે પણ પરવસ્તુ અહીં આવતી નથી. પરવસ્તુનો સંબંધપૂર્વક પોતાના જ્ઞાનની પર્યાય પરપ્રકાશકપણે છે એ પોતામાં પોતાથી ઉત્પન્ન થઈ છે. એમાં કોઈ પર જાણ્યું માટે વિકાર થયો... આહાહા..! એમ નથી. આવો માર્ગ કઈ જાતનો છે? આહાહા..! ગ્રીક-લેટિન જેવી ભાષા. બાપુ! મારગડા. આહાહા..!

વીતરાગ જૈનધર્મ ઘણો સૂક્ષ્મ છે, ભાઈ! લોકોને બિચારાને સાંભળવા મળ્યો નથી. જિંદગી એમ ને એમ ચાલી જાય છે. આહાહા..! પરિભ્રમણ કરતા કરતા ભવ ચાલ્યા ગયા. એમ આ રાગથી ભિન્ન પાડીને પોતાના ભેદજ્ઞાનથી અનુભૂતિ ન કરી, અનંત સંસારમાં પરિભ્રમણ કરતા ગયા એવું પરિભ્રમણ છે. પછી કરોડોપતિ હોય કે અબજોપતિ હોય, બધા ભિખારા છે. પોતાની ચૈતન્યલક્ષ્મીનું જેને મહાત્મ્ય નથી, અને પરલક્ષ્મી અને શરીર, વાણી આદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધૂળનું મહાત્મ્ય છે એ ભિખારી છે. આહાહા..! પૈસાવાળા ભિખારી? માગણ છે એમ કહે છે.

દરબાર આવ્યા હતા ને. 'ભાવનગર'ના દરબાર વ્યાખ્યાનમાં આવ્યા હતા. કરોડની ઊપજ છે. એ ગુજરી ગયા. 'કૃષ્ણકુમાર' વ્યાખ્યાનમાં આવ્યા હતા. 'ભાવનગર' કરોડની ઊપજ. તો એને કહ્યું કે દરબાર! સાંભળો. એક માસિક જેની પાંચ હજારની પેદાશ છે, પાંચ હજાર માગે છે એ નાનો માગણ છે અને એક મહિનામાં લાખ માગે છે એ મોટો માગણ છે અને કરોડ માગે છે એ તો મોટામાં મોટો માગણ છે. માગણ સમજ્યા? ભિખારી. માગણ... માગણ... લાવો... લાવો... દરબાર બેઠા હતા. સાંભળતા હતા. ભાવનગર દરબાર આવ્યા હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા. દરબાર તો આવે છે ને કોઈ કોઈ. પહેલા 'પાલિતાણા'ના દરબાર આવ્યા હતા. એ આવ્યા હતા. બીજા દરબાર આવ્યા હતા. 'ધર્મપુર'. 'ધર્મપુર'ના દરબાર આવ્યા હતા. સાંભળવા આવે બિચારા. એને કાંઈ ભાન ન મળે. પાંચ પચાસ લાખના તાલુકા હોય જાણે અમે સુખી છીએ. બીજા કરતાં અમે સુખી છીએ. દુઃખી છે. આહાહા..!

એ પરસંબંધી લક્ષ્મી મારી, આ શરીર ધૂળ, માટી છે. એ મારી ચીજ છે એવી માન્યતા ભ્રમણા ભિખારીની છે. પરમાં એ ચીજ માગે છે. આહાહા..! પોતાની ચીજ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ! સર્વજ્ઞે જોયો એવો સચ્ચિદાનંદ આત્મા, સત્ ચિદાનંદ જ્ઞાનાનંદસ્વરૂપી, પ્રભુ! એનું ભેદજ્ઞાન... આહાહા..! પરથી થયું તો એમાં પરનું હવે જ્ઞાન તો થાય છે. પરનું ઘણું જ્ઞાન થયું તો વિકાર થાય છે? કે ના. એ પોતામાં સ્વપરપ્રકાશક જાણે છે. બસ. દૃષ્ટાંત છે ને? આહા..!

**'मुकुरवत् अविकाराः स्युः' 'તે જ જીવો નિરંતરપણે અરીસાની પેઠે રાગદ્વેષ રહિત છે.'** આહાહા..! એ સમકિતી જ્ઞાની થયો, સમકિત થયું, જ્ઞાન અનુભવ થયો. એ કહે છે કે સ્વપરને જાણવાનું કાર્ય એનું છે. બસ. પર મારું છે અને રાગ મારો છે એવી પણ દૃષ્ટિ છૂટી ગઈ છે. રાગનું જ્ઞાન કરે છે તો રાગની હયાતી છે તો રાગનું જ્ઞાન કરે છે એમ પણ નથી. વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે. એનું જ્ઞાન થાય છે તો વિકાર થાય છે એમ નથી. પણ એ રાગ છે તો રાગનું જ્ઞાન થયું એમ પણ નથી. પોતાની શક્તિથી પોતાની સ્વપરપ્રકાશક શક્તિનું જ્ઞાન અંતરથી પ્રગટે છે. સમજાણું કાંઈ? આહાહા..!

ચાહે સો ચીજ અરીસામાં દેખાય તો એ ચીજ કાંઈ અરીસામાં ઘૂસી જાય છે? એમ જ્ઞાન અરીસો છે. ચૈતન્યમૂર્તિ, પ્રભુ! ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર પ્રભુ આત્મા, એમાં પરવસ્તુ અનંત જણાય, તો એનાથી કોઈ વિકાર નથી. અને એ ચીજ અહીં આવી નથી. આહાહા..! ભાષામાં તો એમ બોલાય છે. પ્રતિબિંબ. પ્રતિબિંબ હોતું નથી. પ્રતિબિંબનો અર્થ એ ચીજ છે એવું જ્ઞાન થાય છે. એ ચીજનું પ્રતિબિંબ થાય છે? એ તો જડ છે, પર છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન થયું, એ સંબંધી અહીં જ્ઞાન થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહીં તો કહે છે કે જ્યાંથી ધર્મની શરૂઆત થઈ, સમ્યગ્દર્શન અને અનુભવ (થયા) ત્યારથી સ્વ અને પરને જાણનાર રહે છે. રાગ આવે છે એનો કર્તા નથી. પરદ્રવ્ય જાણે છે તો વિકાર થતો નથી. પરદ્રવ્યનું જ્ઞાન પોતાથી થાય છે એવો જ્ઞાતાદૃષ્ટા રહે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? **'અરીસાની પેઠે રાગદ્વેષ રહિત છે. શાનાથી નિર્વિકાર છે?' 'प्रतिफलननिमग्नानन्तभावस्वभावैः' 'પ્રતિબિંબરૂપે...'** ભાષા પ્રતિબિંબ લીધી. પ્રતિબિંબનો અર્થ, જે ચીજ સામે છે એનું જ્ઞાન થાય છે તો એને જ્ઞાનમાં પરવસ્તુનું પ્રતિબિંબ પડ્યું એમ કહેવામાં આવે છે. કાંઈ પરવસ્તુનું પ્રતિબિંબ નથી. આત્મા તો અરૂપી છે. એ તો જ્ઞાનસ્વરૂપ છે. એમાં જડ આવી જાય છે? આ લીમડો જોવે છે તો લીમડાનું શરીર એનું દેખાય છે. એમાં એકેન્દ્રિય જીવ છે એ તો જુદો છે. લીમડાનું પ્રતિબિંબ જ્ઞાનમાં થાય છે? એનો તો મોટો આકાર છે, એનું જ્ઞાન અહીં નાના આકારમાં થાય છે. એટલા જ્ઞાનમાં એ સંબંધી પોતાનું જ્ઞાન થાય છે, તો જ્ઞાની જ્ઞાતાદૃષ્ટા રહે છે. કોઈ ચીજ મારી છે એવું જ્ઞાની માનતા નથી, અને પરચીજ જાણવામાં પોતામાં વિકાર થતો નથી. આહાહા..! ધર્મીની આટલી શરતું છે.

**'પ્રતિબિંબરૂપે ગર્ભિત જે...' 'निमग्न'** જોયું? **'अनन्तभाव' 'સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયો,...'** અરે..! શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ ભાવજ્ઞાનમાં અનંત દ્રવ્ય-ગુણ-પર્યાય જણાય છે. કેવળીને પ્રત્યક્ષ જણાય છે, શ્રુતજ્ઞાનીને પરોક્ષ જણાય છે. પ્રત્યક્ષ અને પરોક્ષનો ભેદ છે. જાણવામાં ભેદ નથી. આહાહા..! આ શ્રુતજ્ઞાનીની વાત કરે છે, હોં! આહાહા..! **'પ્રતિબિંબરૂપે ગર્ભિત જે સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકાર છે. ભાવાર્થ આમ છે કે જે જીવના શુદ્ધસ્વરૂપને અનુભવે છે તેના જ્ઞાનમાં સકળ પદાર્થો ઉદ્દીપ્ત થાય છે,...'** જણાય છે. **'તેમના ભાવ અર્થાત્ ગુણ-પર્યાયો, તેમનાથી નિર્વિકારરૂપ અનુભવ છે.'** એનાથી એને વિકાર થાય છે, વિકલ્પ થાય છે એમ નથી. એ સ્વપરનું જ્ઞાન થાય છે એનું નામ અનુભવ, સમકિતી અને ધર્મી કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(માલિની)

त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं
रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।
इह कथमपि नात्माऽनात्मना साकमेकः
किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'जगत् मोहम् त्यजतु' (जगत्) સંસારી જીવરાશિ (मोहम्) મિથ્યાત્વપરિણામને (त्यजतु) સર્વથા છોડો. છોડવાનો અવસર ક્યો? 'इदानीं' તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે, તે સૂક્ષ્મકાળમાત્ર**

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ આદર કરવાયોગ્ય નથી. કેવો છે મોહ? 'आजन्मलीढं' (आजन्म) અનાદિકાળથી (लीढं) લાગેલો છે. 'ज्ञानम् रसयतु' (ज्ञानम्) જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને (रसयतु) સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો. કેવું છે જ્ઞાન? 'रसिकानां रोचनं' (रसिकानां) શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવોને (रोचनं) અત્યંત સુખકારી છે. વળી કેવું છે જ્ઞાન? 'उद्यत्' ત્રણે કાળ પ્રકાશરૂપ છે. કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે? ઉત્તર કહે છે– 'इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्म्यवृत्तिम् क्वापि काले कथमपि न कलयति' (इह) મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ–આમ વારંવાર અભ્યાસ કરતાં (किल) નિઃસંદેહપણે (एकः) શુદ્ધ (आत्मा) ચેતનદ્રવ્ય (अनात्मना) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની (साकम्) સાથે (तादात्मयवृत्तिम्) જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્રસંબંધરૂપે (क्वापि) કોઈ પણ અતીત, અનાગત અને વર્તમાનસંબંધી (काले) સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષે (कथमपि) કોઈ પણ રીતે (न कलयति) નથી રહેતું. ભાવાર્થ આમ છે કે :– જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્ગલકર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે અને મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતન પરિણામે પરિણમતું જ આવે છે. એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ જે કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને કેવળવીર્ય, તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું; જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે, શરીર, સુખ, દુઃખ, મોહ, રાગ, દ્વેષ ઇત્યાદિ બધું પુદ્ગલકર્મની ઉપાધિ છે, જીવનું સ્વરૂપ નથી–એવી પ્રતીતિ પણ છૂટી ગઈ. પ્રતીતિ છૂટતાં જીવ મિથ્યાદષ્ટિ થયો; મિથ્યાદષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો. તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે. આ પ્રકારે સંસારની પરિપાટી છે. આ સંસારમાં ભ્રમણ કરતાં કોઈ ભવ્ય જીવનો જ્યારે નિકટ સંસાર આવી જાય છે ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે. સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે તથા મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે. વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે. આવી સામગ્રી મળતાં જીવદ્રવ્ય પુદ્ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે. જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થાય છે. દૃષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે તોપણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે. ૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અષાઢ સુદ ૧૨, મંગળવાર તા.૨૮.૦૬.૧૯૭૭
## કળશ - ૨૨, પ્રવચન - ૨૮

આ 'કળશ ટીકા' છે. જીવ અધિકાર. ૨૨મો કળશ.

**त्यजतु जगदिदानीं मोहमाजन्मलीढं**
**रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत्।**
**इह कथमपि नात्माऽनात्मना साकमेक:**
**किल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम्।।२२।।**

ઓહોહો..! **'जगत् मोहम् त्यजतु'** જગત નામ **'સંસારી જીવરાશિ...'** અનંત જીવને સંબોધીને સંતો વાત કરે છે. હે જીવરાશિ! આહાહા..! **'મિથ્યાત્વપરિણામને...'** મોહ. રાગ અને પુણ્યાદિની ક્રિયા રાગની એ પોતાની છે, એવી માન્યતા તે મિથ્યાત્વ છે. આહાહા..! જીવ અધિકાર છે ને? જે કાંઈ અંદર શુભભાવ કે અશુભભાવ બેય રાગ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પણ શુભરાગ (છે). હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ એ અશુભરાગ (છે). બેય મોહ છે. એટલે કે પરમાં સાવધાની છે. આહાહા..! **'जगत् मोहम् त्यजतु'** એ પર તરફના સાવધાનીના ભાવને અર્થાત્ **'મિથ્યાત્વપરિણામને સર્વથા છોડો.'** આહાહા..! **'સર્વથા છોડો.'** જોયું? અર્થ કર્યો છે. **'त्यजतु'** ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, પ્રભુ! એ રાગ અને પર તરફનો મોહ, પર તરફના ઝુકાવથી ઉત્પન્ન થયેલો જે મિથ્યાત્વભાવ... આહાહા..! એને **'સર્વથા છોડો.'**

ભગવાનઆત્મા.. અંદર શુદ્ધ એક કહેશે. એકનો અર્થ શુદ્ધ કરશે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન એ રાગના પુણ્ય અને પાપના ભાવ, એ તરફની રુચિ અને બુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ કે જે રાગાદિ સ્વરૂપમાં નથી એ અનાત્મા છે. એ શુભભાવ જે છે દયા, દાન, વ્રત, ભક્તિનો પણ વિકલ્પ રાગ છે, એ અનાત્મા છે. આહાહા..! આત્મા શુદ્ધ છે એની સાથે તેનું એકત્વપણું કદી થયું નથી. માન્યું છે. સમજાય છે કાંઈ? એને **'સર્વથા છોડો.'** આહાહા..! શુદ્ધ ચૈતન્ય આનંદઘન એ તરફનો ભાવ કરો અને પુણ્ય ને પાપના ભાવનો પ્રેમ અને મોહ, એને છોડો, સર્વથા છોડો. આહાહા..!

**'છોડવાનો અવસર ક્યો?'** છોડવાનો કાળ ક્યો? આહાહા..! કે **'इदानीं'** આ કાળ જ એ છે. તત્કાળ છે. આહાહા..! પર તરફની જે એકતાબુદ્ધિ છે તેને છોડવાનો આ કાળ છે. આહાહા..! સ્વમાં એકત્વબુદ્ધિ અને પરમાં એકત્વબુદ્ધિનો ત્યાગ કરીને સ્વમાં એકત્વબુદ્ધિ, એ આ કાળ છે, કહે છે. આહાહા..! **'તત્કાળ.'** એનો અર્થ એવો કર્યો. **'इदानीं'** નો અર્થ. **'इदानीं'** નો અર્થ વર્તમાન છે. વર્તમાન ભગવાન શુદ્ધ જે આનંદસ્વરૂપ, પ્રભુ! એને દયા, દાન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વ્રત, ભક્તિના જે શુભભાવ, એની સાથે એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વભાવ (છે). આહાહા..! આત્મા-અનાત્મા સાથે એકત્વબુદ્ધિ. ઝીણી વાત, ભાઈ! માર્ગ ધર્મની પ્રથમ શરૂઆત અલૌકિક છે.

કહે છે કે એ સ્વરૂપ તરફની સાવધાની અનાદિથી છોડી છે અને જે સ્વરૂપમાં નથી એવા ભાવની સાવધાની, એવો મિથ્યાત્વભાવ એને તજો, અત્યારે તજો એટલે કે તત્કાળ તજો. આહાહા..! એટલે કે એને વાયદો નહિ કે હમણા નહિ... હમણા નહિ.. પછી કરશું... પછી કરશું... કરવાનું તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'છોડવાનો અવસર ક્યો? તત્કાળ. ભાવાર્થ આમ છે કે શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે,...'** શરીર, વાણી, મન, કર્મ, રાગ, પુણ્ય, પાપ ભાવ આદિમાં. શરીર આદિ. પુણ્ય અને પાપના ભાવ એ પણ વિકાર અનાત્મા છે. શરીરાદિ પરદ્રવ્યો એ પરદ્રવ્ય છે. આહાહા..! ઝીણી વાત બહુ, ભગવાન! તારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યઘન (છે). એ સિવાયના જેટલા પરિણામ (થાય એ) બધા પરદ્રવ્ય છે. આહાહા..! એ શુભભાવ પણ શરીરાદિ પરદ્રવ્ય એમાં આવી ગયા એ. સમજાય છે કાંઈ? શરીર આદિ છે ને? શરીર એટલે નોકર્મ, કર્મ અને ભાવકર્મ–ત્રણે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

એ **'શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે,...'** કહે છે કે અનાદિકાળથી એકત્વબુદ્ધિ છે. આહાહા..! શરીર મારું, સંયોગી સ્ત્રી, કુટુંબ એ તો બધા તદ્દન ભિન્ન, તદ્દન ભિન્ન. એ પણ મારા અને રાગ અંદરમાં થાય છે એ આત્માની પર્યાયમાં થાય છે. પુણ્ય અને પાપના ભાવ આત્માની પર્યાયમાં થાય છે. પણ એ વસ્તુ પરદ્રવ્ય છે, સ્વવસ્તુ નથી. આહાહા..! **'શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે,...'** આહાહા..! શરીર એટલે નોકર્મ, કર્મ એટલે જડ દ્રવ્યકર્મ અને દયા, દાન, વ્રત, કામ, ક્રોધના પરિણામ એ ભાવકર્મ. આહાહા..! એની સાથે એકત્વબુદ્ધિ છે. એટલે અસ્તિ છે. આહાહા..!

ઓલા કેટલાક કહે ને, ભાઈ! ભૂલ-બુલ કાંઈ છે જ નહિ. આત્મા તો તદ્દન શુદ્ધ ચૈતન્ય છે. એની પર્યાયમાં ભૂલ જ નથી, દોષ જ નથી. એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? તારું તત્ત્વ જે ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, એ સિવાય વિકલ્પથી માંડીને બધા પરદ્રવ્ય, એની સાથે એકત્વબુદ્ધિ વિદ્યમાન છે. આહાહા..! જો એકત્વબુદ્ધિ વિદ્યમાન ન હોય તો વિદ્યમાન એવો જે ભગવાન તેનો એને અનુભવ હોવો જોઈએ. વિદ્યમાન તો ત્રિકાળી ટકતું તત્ત્વ તો પ્રભુ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..!

એટલે કહે છે, કે **'શરીરાદિ પરદ્રવ્યો સાથે જીવની એકત્વબુદ્ધિ વિદ્યમાન છે,...'** આહાહા..! **'તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી.'** આહા..! તે સૂક્ષ્મકાળમાત્ર પણ, એક સમયમાત્ર પણ. આહાહા..! એ શુભ-અશુભરાગ અને શરીર એ મારા એકત્વબુદ્ધિ તે સૂક્ષ્મકાળ પણ રાખવા જેવી નથી. આહાહા..! અરે..! આવો માર્ગ. **'સૂક્ષ્મકાળમાત્ર પણ...'** એક સમયમાત્ર પણ અર્થાત્ ખરેખર એ એકત્વબુદ્ધિ એક સમયમાત્ર જ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક સમયમાત્ર પણ રાખવા જેવો નથી કહે છે. આહાહા..! ભગવાન અંદર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ અને અનાકુળ જ્ઞાનનો સાગર ભર્યો છે. આહાહા..! એને એક સમયની વિકૃત અવસ્થા એ સમયમાત્ર પણ રાખવા જેવી નથી. આહાહા..! આવો ધર્મ શું હશે? આ દુનિયામાં બાપુ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા પ્રભુ મહાવિદ્યમાન વસ્તુ, અખંડ અનંત ગુણનો વિદ્યમાન અસ્તિ ધરાવતું મોજૂદગી ચીજ છે. એમાં પર્યાયમાં રાગની એકતા એ પણ મોજૂદગી ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કહે છે. જેમ ત્રિકાળી ભગવાનઆત્મા શુદ્ધચૈતન્યઘન પરમ આનંદનું સ્વરૂપ એનું છે. આત્માનું પરમ અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપ છે. એ પણ વિદ્યમાન છે અને તેને રાગની સાથે એકત્વબુદ્ધિ પણ વિદ્યમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પણ **'તે સૂક્ષ્મકાળમાત્ર પણ આદર કરવાયોગ્ય નથી.'** આહાહા..! એ પરની જે એકતાબુદ્ધિ, રાગ જે તારા સ્વરૂપમાં નથી, એવો જે પુણ્યનો દયા, દાન, વ્રતનો વિકલ્પ જે રાગ છે એ તારા સ્વરૂપમાં નથી. તારું સ્વરૂપ તો શુદ્ધ છે. એક કહેશે. એક છે એટલે શુદ્ધ છે. ત્રિકાળ એકરૂપ છે. આહાહા..! એમાં એ રાગનો વિકલ્પ એક ક્ષણમાત્ર પણ રાખવા જેવો નથી. વિદ્યમાન છે ખરી એકત્વબુદ્ધિ, કહે છે. આહાહા..! મૂળ ઉપર ઘા કર્યો છે. સમજાણું કાંઈ?

પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, તેને આ રીતે કરી શકાય છે. કે જે રાગની સાથે એકત્વબુદ્ધિ પુણ્યના ભાવ, પાપની સાથે તો છે એ તો ઠીક... આહાહા..! પણ પુણ્યતત્ત્વ છે એ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. કેમકે નવ તત્ત્વ છે ને? તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ પણ પુણ્યતત્ત્વ એ જ્ઞાયકતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે. છતાં તેની એકતાબુદ્ધિ પણ વિદ્યમાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'કેવો છે મોહ?' 'आजन्मलीढं' 'અનાદિકાળથી...'** આહાહા..! અનાદિકાળથી રાગની એકતાબુદ્ધિ ચાલી આવે છે. આહાહા..! અનાદિ **'आजन्म' 'आजन्म'** એટલે અનાદિ. આહાહા..! **'आजन्म' 'અનાદિકાળથી...' 'लीढं' 'લાગેલો છે.'** એ રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વ–મોહભાવ લાગેલો છે. આહાહા..! હવે શરીર અને બાયડી, છોકરા, કુટુંબ, ધંધો તો ક્યાંય રહી ગયો. કહો, 'આણંદભાઈ'! આ ધંધા, બંધા. દુકાને બેસીને બરાબર ધંધા ચલાવે, લ્યો. કોણ ચલાવે? સાંભળ પ્રભુ! તું કોણ છો? તું કોણ? તું તો જ્ઞાનની મૂર્તિ છો. એ જ્ઞાનની મૂર્તિ આ રાગાદિની ક્રિયા કરે? આહાહા..!

મુમુક્ષુ :– કરે છે ને...

ઉત્તર :– એ કરે છે પણ એ કરે એમ કહે છે, કરે છે પણ એ એનું સ્વરૂપ છે? એ કાંઈ એને શોભે છે? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગની વાત એવી છે, બાપુ! પરમેશ્વર જિનેશ્વરદેવ, જેણે કેવળજ્ઞાનમાં (અજ્ઞાનીની) ભૂલ જોઈ અને ભગવાન જોયો. બેય જોયું. ભગવાનઆત્મા અનાદિ આનંદકંદ પ્રભુ છે એ પણ જોયો, બીજાનો. પોતાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો જોયો. અને એનામાં ભૂલ છે એ પણ ભગવાને તો જોઈ. આહાહા..!

કહે છે, કે **'અનાદિકાળથી (મોહ) લાગેલો છે.'** આહાહા..! અત્યારે વર્તમાન સમયથી માંડીને અનાદિકાળ લ્યો આ બાજુ... આહાહા..! તો એ રાગની એકતાબુદ્ધિ નિર્વિકારી ચૈતન્ય સ્વભાવમાં એ વિકારના વિભાવની એકત્વબુદ્ધિ અનાદિથી ચાલી આવે છે. આહાહા..! જેમ વસ્તુ અનાદિથી શુદ્ધ ચૈતન્યઘન ચાલ્યો આવે છે. આહાહા..! એમ એની ભૂલ પણ અનાદિથી ચાલી આવે છે. અરે..! આવી વાતું હવે. આહાહા..! આ દુનિયાના કામમાં હોંશીલો થઈને કામ કરે. આમ કરીએ... આમ કરીએ... આમ કરીએ... શું છે? પ્રભુ! શું તને ભૂત વળગ્યું છે? આહાહા..! મોહ.. મોહ. એ મિથ્યાત્વનું–મોહનું તને ભૂત વળગ્યું. આહાહા..! પ્રભુ! તું અનાદિનો ચૈતન્ય શુદ્ધ છો ને. એવી આ અશુદ્ધતાની એકતાબુદ્ધિ તું ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? એ એણે અનાદિથી કરી છે.

જેવી શુદ્ધ ચૈતન્યવસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, એ પણ અનાદિથી છે. તેમ તેને અનાદિકાળથી રાગ અને શરીર મારા, એવો જે મોહ–મિથ્યાત્વ એ અનાદિકાળથી છે. આહાહા..! એ પણ છે. વેદાંત કહે છે ભૂલ-બુલ નથી. આત્મા તો શુદ્ધ જ છે, પર્યાયે શુદ્ધ છે અને દ્રવ્યે શુદ્ધ છે અને બધે શુદ્ધ છે. એને ક્યાં પર્યાયનું ભાન છે. પણ એમ કે શુદ્ધ જ છે. એને અશુદ્ધ માનવો એ ભ્રમ છે. પણ પર્યાયમાં અશુદ્ધ છે.

મુમુક્ષુ :– સદા શુદ્ધ છે.

ઉત્તર :– સદા શુદ્ધ છે ને! એ તો ત્રિકાળ શુદ્ધ છે. અહીં તો ત્રિકાળ શુદ્ધ છે એ વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. પણ પર્યાયમાં જે આ અનાદિની ભૂલ ન હોય તો એના સ્થાનમાં એને આનંદનો અનુભવ હોવો જોઈએ. કેમકે આત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. જો એ ભૂલ ન હોય તો તેના સ્થાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. એ હમણા કહેશે. આહાહા..! આત્મા ભગવાનસ્વરૂપે બિરાજમાન છે એનું જો ભાન હોય, તો તો ભગવાન તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે, તો એનો સ્વાદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. જો સમ્યગ્દર્શન હોય અને ધર્મ હોય તો એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. આહાહા..! સમજાય છે કાંઈ? પાંચ દિ' તો હિન્દી ચાલ્યું. પંડિતજીના બૈરા આવ્યા હતા ને બિચારા. આહાહા..! ત્યાંથી છેટેથી આવ્યા ને, 'જયપુર'થી આવ્યા હતા. આહાહા..!

**'અનાદિકાળથી લાગેલો છે.'** આહાહા..! પણ પ્રભુ! **'ज्ञानम् रसयतु'** પણ હવે **'શુદ્ધ ચૈતન્યવસ્તુને...'** જુઓ! **'જ્ઞાન અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુ...'** એમ. આત્માને જ્ઞાન તરીકે જણાવ્યો. આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાતાસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ એનું છે. આહાહા..! એ **'જ્ઞાન અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને...'** આહાહા..! **'रसयतु'** જે **'आजन्मलीढं'** મોહ છે એને છોડ. આહાહા..! એનો વ્યય કર. અને **'સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.'** આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ! આનું નામ ધર્મ. **'સ્વાનુભવ-પ્રત્યક્ષપણે...'** આત્માના આનંદનો સ્વાદ આવવો, એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત છે. આહાહા..! હવે ભગવાન તો આમ કહે છે. લોકો કહે છે કે વ્યવહાર કરતા... કરતા... કરતા... એ સમકિત થશે.

મુમુક્ષુ :– 'સમયસાર'માં ના પાડી...

ઉત્તર :– વ્યવહારનો નિષેધ કરે છે. વ્યવહારને ૧૧મી ગાથામાં અસત્ય કીધો. ગૌણ કરીને વ્યવહાર તે જૂઠો છે એમ કહ્યું છે. છે ખરો. પણ ત્રિકાળી ભગવાન શુદ્ધને મુખ્ય કરી, તેને નિશ્ચય કરી, તેને સત્યાર્થ કહી અને તેનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય છે. માટે તેને નિશ્ચયને મુખ્ય કહ્યો, મુખ્યને નિશ્ચય કહ્યો. અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને તેને જૂઠો કહ્યો. પર્યાય નથી એમ નહિ. ત્રિકાળી ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ આનંદકંદ છે એને ભૂતાર્થ કહીને એને સાચો કીધો છે. એ સત્ય છે. સમજાણું કાંઈ?

એમાંથી કેટલાક એમ કહે છે, આ તો વેદાંત જેવું થઈ ગયું. એમ કહેતા. એક પંડિત હતા. 'મુંબઈ'. નહિ? ક્યા ઓલા પંડિત? 'નાથુરામ પંડિત'. એ એમ કહેતા આ તો 'સમયસાર'ને વેદાંતને ઢાળામાં ઢાળ્યું છે. બિલકુલ ખોટી વાત છે. આહાહા..! તરત જ બીજી ગાથામાં કહ્યું છે, **'जीवो चरित्तदंसणणाणठिदो'**. જીવ પોતાની નિર્મળ દશામાં સ્થિર થાય તે આત્મા કહેવાય અને મલિનદશામાં સ્થિર થવાય તેને અનાત્મા કહેવાય. એ પર્યાય તો બીજી ગાથાથી લીધી છે. બીજી ગાથાથી લીધી છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે. બિચારા વ્રત કરે, તપસ્યા કરે, અપવાસ કરે, ભક્તિ કરે, સમ્મેદશિખરની જાત્રા કરે. કહે છે કે પ્રભુ! એ બધો પરદ્રવ્યના લક્ષવાળો એ રાગ છે. એ તારી ચીજ નથી. એ રાગની એકતાબુદ્ધિ તને અનાદિની છે, કે એનાથી મને લાભ થશે. એવી બુદ્ધિ–મિથ્યાત્વ તો અનાદિની છે. આહાહા..! પણ તારો સ્વભાવ...

જ્ઞાન **'શુદ્ધ ચૈતન્યવસ્તુને...'** એટલે કે રાગની એકતાબુદ્ધિને છોડીને સ્વભાવની એકતાબુદ્ધિ કર, તો તને વસ્તુનો અનુભવનો આનંદનો સ્વાદ આવશે. સમકિતદર્શન થતાં... આહાહા..! મિથ્યાત્વનો ત્યાગ થતાં, સ્વભાવનો અનુભવ થતાં તને આનંદનો સ્વાદ આવશે. આહાહા..! આવો માર્ગ છે. સમકિત એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વની શ્રદ્ધા એમ નહિ. એ સમકિત નથી. સમ્યગ્દર્શન એટલે પૂર્ણ શુદ્ધ ચૈતન્ય આનંદઘન અખંડાનંદ પ્રભુ, એ પરમસત્યની પરમપ્રતીતિ, એની પ્રતીતિમાં અનુભવમાં આનંદનો સ્વાદ એની સાથે આવે એને અહીંયાં અનુભૂતિ અને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ **'શુદ્ધ ચૈતન્યવસ્તુને...'** **'रसयतु'** રસ લ્યો એનો. એનો રસ ચાખો, એમ કહે છે. આહાહા..! પુણ્ય અને પાપની વિકારી કર્મચેતના એનો સ્વાદ તો તેં અનાદિથી લીધો, પ્રભુ! આહાહા..! શુભ અને અશુભભાવ... આહાહા..! દિગંબર જૈન સાધુ થઈને નવમી ગ્રૈવેયકે ગયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ કર્યા, પંચમહાવ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અઠ્યાવીશ મૂળગુણ. પણ એ તો રાગ, આસ્રવ અને દુઃખ હતું. આહાહા..! કેમ? કે 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! ત્યારે એ દુઃખ હતું. એ પંચમહાવ્રતના, વ્રતના વિકલ્પ છે એ તો રાગ છે. આહાહા..! ભાઈ! તને તારા તત્ત્વથી વિરુદ્ધ તત્ત્વ છે એની તને ખબર નથી. આહાહા..!

એથી કહે છે કે એ વિરુદ્ધ તત્ત્વની જે દૃષ્ટિ છે એને છોડ તો તને રસીક આત્માના આનંદનો રસ આવશે. આહાહા..! જુઓ! આ સંતોની વાણી. વીતરાગી દિગંબર સંતો... આહાહા..! એ વાત ક્યાંય છે નહિ. પરમાત્મા મુનિ. વીતરાગી દિગંબર સંતો જગતને જાહેર કરે છે. આડતિયા થઈને માલ બતાવે છે. ભગવાન! તું તો ... હમણા કહેશે, જુઓ!

**'જ્ઞાનને અર્થાત્ શુદ્ધ ચૈતન્યવસ્તુને સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.'** શું કહે છે? આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે, એને પ્રત્યક્ષપણે સ્વાદ કરજો. એને અનુભવમાં આનંદનો સ્વાદ જે છે એ પ્રત્યક્ષ છે. આનંદ કો'ક વેદે છે અને કો'કને જાણે છે એમ નથી. હજી જ્ઞાન છે, શ્રુતજ્ઞાન એ ભાવ, એ આત્માના અસંખ્ય પ્રદેશને જાણતું નથી. એ અપેક્ષાએ તો એ જ્ઞાનને પરોક્ષ કહ્યું. ભાવશ્રુતજ્ઞાન સમકિતીનું, હોં! પણ આ સ્વાદમાં આનંદનો સ્વાદ કોઈ બીજો લે છે અને પોતાને નથી એમ નથી. આહાહા..! જ્યારે રાગની એકતાબુદ્ધિ ટળે છે, ત્યારે મિથ્યાત્વ ટળતા સ્વભાવની એકતાબુદ્ધિ થાય છે ત્યારે તેને પ્રત્યક્ષ અનુભવનો સ્વાદ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ **'रसयतु'** સ્વાનુભવ. સ્વ અનુભવ, આનંદનો અનુભવ. એ રાગનો અનુભવ તો તેં અનાદિથી કર્યો. આહા..! મહાવ્રત પાળ્યા, બાર વ્રત પાળ્યા એવા અનંત વાર કર્યા. આહાહા..! પણ એ તો બધી કર્મચેતના, રાગચેતના, તને રાગનું વેદન થઈ ગયું. આહા..!

અહીં કહે છે **'रसयतु' 'સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો. કેવું છે જ્ઞાન?'** અથવા આત્મા. ઉપર જ્ઞાન કહ્યું હતું ને? એટલે શુદ્ધ ચૈતન્ય વસ્તુ. જ્ઞાન એટલે શુદ્ધ ચૈતન્ય વસ્તુ. એ કેવું છે? એટલે આત્મતત્ત્વ શુદ્ધ ચૈતન્ય વસ્તુ કેવી છે? **'रसिकानां रोचनं'** આહાહા..! એ **'શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દૃષ્ટિ જીવોને અત્યંત સુખકારી છે.'** આહાહા..! આવી વાત અત્યારે ગુમ થઈ ગઈ અને બહારના ખોખા-થોથા રહી ગયા. આહાહા..!

પરમાત્માનો જિનેશ્વરદેવનો પોકાર છે, કે **'रसिकानां रोचनं'** એટલે? **'શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દૃષ્ટિ...'** એ **'रसिकानां'** છે. એ રસના રસિક, આનંદના રસના રસિક છે. આહાહા..! શુદ્ધ સ્વરૂપ આનંદ, પ્રભુ! એનો અનુભવ જેનો શીલ સ્વભાવ છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવ જેનો સ્વભાવ છે. એવા સમ્યગ્દૃષ્ટિ... આહાહા..! સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા કરી. આહાહા..! શુદ્ધ સ્વરૂપનો અનુભવ જેનો સ્વભાવ છે એ સમ્યગ્દૃષ્ટિ. આહાહા..! કહો, પંડિતજી! આહાહા..! હવે અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ સહેલુંસટ કરી નાખ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, આ કરો. હવે લઈ લ્યો વ્રત. અરે..! પ્રભુ! હજી વાર છે, બાપા! આહાહા..!

**'रसिकानां रोचनं'** સમ્યગ્દષ્ટિ સ્વભાવના અનુભવ સ્વભાવવાળા છે. આહાહા..! ચોથે ગુણસ્થાને, હોં! આહાહા..! **'શુદ્ધસ્વરૂપના અનુભવશીલ...'** **'रसिकानां'** કહેવું છે ને? રસિક જીવો. એ **'रसयतु'** **'સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.'** **'रसिकानां'** રસિક જીવો એટલે **'શુદ્ધસ્વરૂપના અનુભવશીલ સમ્યગ્દષ્ટિ જીવો...'** સમ્યગ્દષ્ટિ જીવો. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. અને જો બીજી રીતે હવે કહે કે ના વ્યવહાર કરો, આ કરો બધું. વ્રત પાળો, અપવાસ કરો, ભક્તિ કરો. કરતા કરતા સમકિત થાશે. એ એને સહેલું લાગે છે. ઝેર પીતા પીતા અમૃત થાશે.

મુમુક્ષુ :– 'પરમાર્થ વચનિકા'માં જ કહ્યું છે કે આ બધું એને સહેલું લાગે છે.

ઉત્તર :– સહેલું લાગે. આગમપદ્ધતિનું આચરણ એને સહેલું લાગે છે, એમ લખ્યું છે. 'પરમાર્થ વચનિકા'. શાસ્ત્રની આજ્ઞા વ્યવહારની જે છે એ એને સહેલી લાગે છે. આ વ્રત ને તપ ને ભક્તિ ને... આહાહા..! અને અધ્યાત્મનો વ્યવહાર પણ શું છે એની એને ખબર નથી. અધ્યાત્મનો વ્યવહાર આ. સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ અને શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ, એ અધ્યાત્મનો વ્યવહાર છે. આહાહા..! કહો, આ વ્યાખ્યાન કઈ જાતનું પણ આવું? આવો ઉપદેશ કઈ જાતનો? ગ્રીક-લેટીન જેવું લાગે. ભગવાન! માર્ગ તો પ્રભુ! એ અપૂર્વ વીતરાગ કહે છે એ અપૂર્વ વાત છે. આહાહા..! દુનિયામાં એ વીતરાગ સિવાય એવી વાત કોઈએ કહી નથી, જાણી નથી, કહી નથી, કરી નથી. આહાહા..! એ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથના શ્રીમુખે દિવ્યધ્વનિ નીકળી. એમાંથી આગમ રચાણા એમાંનું આ 'સમયસાર' આગમ છે. એનો આ કળશ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહો..! ટૂંકું અને ઘણું ગંભીર.

પ્રભુ! એકવાર અનાદિથી... પરસન્મુખની વૃત્તિ જે છે. રાગની એકતાબુદ્ધિ એ પરસન્મુખની વૃત્તિ અને સ્વસન્મુખથી વિમુખ છે. હવે એકવાર પરસન્મુખની વૃત્તિ તજ, છોડ. જેમાં દુઃખ છે, જેમાં સંસાર છે, પરિભ્રમણ છે એવી એકતાબુદ્ધિ–મિથ્યાત્વને છોડ. આહાહા..! અને **'रसयतु'** **'रसिकानां रोचनं'**. **'रसयतु'** આત્મા... આહાહા..! ગજબ શબ્દ છે ને! **'रसयतु'** એટલે આત્માનો રસ લે. આહાહા..! **'रसयतु'** શુદ્ધ ચૈતન્ય પ્રત્યક્ષપણે આસ્વાદે એ **'रसयतु'** આહાહા..! એ કેવો છે ભગવાન? કે **'रसिकानां रोचनं'** એ શુદ્ધ સ્વરૂપના અનુભવ સ્વભાવવાળા સમ્યગ્દષ્ટિને એ **'रोचनं'** છે એટલે **'અત્યંત સુખકારી છે.'** આહાહા..! કહો, 'ધર્મચંદજી'! ત્યાં 'ખંડવા'માં બધા ગોટા વાળે છે. આહાહા..! આવો માર્ગ છે.

બાપુ! તારે દુઃખમાંથી મુક્ત થવું હોય તો તું શુદ્ધ ચૈતન્યનો રસિક થા અને એ રસિકના સ્વભાવને રોચન કર. આહાહા..! એ રુચિમાં લે. આહાહા..! **'रोचनं'** છે ને? એની રુચિ એટલે અત્યંત સુખકારી **'रोचनं'** છે એ. આહાહા..! ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્ય એની રુચિ, એ રુચિ સુખકારી છે. એ આનંદની રુચિ થઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'અત્યંત સુખકારી છે.'** ભાષા એમ લીધી છે, જોયું! રુચિકર છે. ધર્મીજીવને સ્વભાવ છે તે રસિક, તેનો અનુભવ તેની તેને રુચિ છે. તેનું તેને પોષાણ છે. એને રાગનું પોષાણ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને રુચિ નથી. આહાહા..! ધર્મીજીવને આનંદની રુચિ છે. દુઃખરૂપ એવો રાગ તેની એને રુચિ નથી. આહાહા..! આવો માર્ગ છે. આહાહા..! **'रोचनं'** એ રુચિ કરે એટલે **'અત્યંત સુખકારી છે.'** એવો અર્થ કર્યો. આમ તો રસિકાનાં **'रसिकानां' 'रसयतु' 'रोचनं' 'रसयतु' 'रसिकानां रोचनं'** અનુભવ કરો. કેમ કે અનુભવી જીવને તેને સુખકારી રોચન છે. એની એને રુચિ છે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ, ધર્મીજીવને એની રુચિ છે. પુણ્ય-પાપના ભાવ આવે, વ્યવહાર હોય પણ એની રુચિ નથી.

(કેટલાક એમ કહે છે), વ્યવહારનો લોપ કરે છે. એક નિશ્ચય જ (કહે છે). અરે..! ભગવાન! પણ આ ભૂલ છે એ વ્યવહાર નથી? અને ભૂલને ટાળવી એ પણ નિર્મળ પરિણતિ એ પણ ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર છે. ત્રિકાળ જે આનંદનો નાથ પ્રભુ પૂર્ણ છે એ તો નિશ્ચય. એના અનુભવનો પર્યાયમાં સ્વાદ લેવો એ પર્યાય વ્યવહાર છે. આહાહા..! સદ્‌ભૂત વ્યવહાર છે. આહાહા..! આકરું લાગે. ચાલતો પ્રવાહ તૂટી ગયો. સત્યનો પ્રવાહ તૂટી ગયો. વીતરાગનો માર્ગ જે આનંદની રુચિથી આત્માનો સ્વાદ લેવો અને રાગની એકતાની રુચિ છોડવી એવો જે પ્રથમ માર્ગ છે... આહાહા..! એને બીજી રીતે કર્યો એટલે લોકોને અહીંનું બીજી રીતે ઉંધુ લાગે. આ તો આ શાસ્ત્ર કહે છે કે અહીંનું છે આ? આ 'સોનગઢ'નું શાસ્ત્ર છે? આહાહા..! ભાઈ! તને ખબર નથી.

અરે..! તેં અનાદિથી... અનાદિ **'लीढं'** કીધું ને? **'आजन्मलीढं'** અનાદિ કાળથી પ્રભુ તું રાગના સ્વાદને લઈને પડ્યો છો. એ રાગનો સ્વાદ ચાહે તો દયા, દાન, વ્રત છે એ પણ રાગ છે. એના સ્વાદમાં પડ્યો છો તો તું દુઃખના સ્વાદમાં છો. હવે જો તારે આત્માના સ્વાદમાં આવવું હોય, તો એ દુઃખના સ્વાદની રુચિ છોડ. હમણા તત્કાળ છોડ. આહાહા..! અને ભગવાન અંદર આનંદસ્વરૂપ છે એનો અનુભવશીલ થા. એના અનુભવના સ્વભાવવાળો થા. આહાહા..!

કહો, આ અષ્ટાહ્નિકાની આ પૂજા અને ભક્તિ ચાલે છે ને? એય..! 'રજનીભાઈ'! ક્યાં ગયા 'વજુભાઈ'? એ બધો શુભભાવ છે. ધર્મ નથી. કેમકે પરસન્મુખ તરફનું વલણ છે એ રાગ વિના પર તરફનું વલણ થઈ શકે નહિ. અને વીતરાગભાવ વિના સ્વભાવ તરફ વલણ થઈ શકે નહિ. આહાહા..! આ સમ્યગ્દર્શન એ વીતરાગભાવ છે. આહાહા..! હવે આમાં વાંધા અને તકરાર ક્યાં છે? આહાહા..! પ્રભુ! તારો માર્ગ જ આ છે ને. તને એ વ્યવહાર પણ રુચતો નથી. એવી વાત આવે તો (કહે), વ્યવહાર છે. એ પણ રુચતી નથી. એ નહિ. એ નિશ્ચયાભાસ છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. સાંભળને.

કહે છે કે આત્માનો સ્વાદિયો જીવ, એ નિશ્ચયાભાસ આવ્યો નહિ. એ તો એને આનંદનો સ્વાદ આવ્યો છે. સમજાણું કાંઈ? એ નિશ્ચય છે. 'સોગાની'માં આવે છે એ. 'ન્યાલભાઈ સોગાની' ભાઈ! નિશ્ચયાભાસ તો એને કહીએ કે જેને આનંદનો સ્વાદ આવતો ન હોય અને વાત કરતો હોય એ. એમાં આવે છે. 'પ્રેમચંદજી'! એમાં આવે છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'ન્યાલચંદભાઈ સોગાની' એમ કે નિશ્ચયાભાસી તો એને કહીએ કે જેને આત્માના આનંદનો સ્વાદ આવતો નથી અને એકલી રાગની વાતું કરે કે આમ થાય, આમ થાય. એને નિશ્ચયાભાસ કહીએ. એથી અહીંયાં આ લીધું છે. સમજાણું કાંઈ? આહાહા..! હવે આવી વાત સાંભળવા પણ માણસ રોકાવા ઓછા રહે. ધબાકા બોલતા હોય આમ કરવું... આ કરવું... આ કરવું... સમ્મેદશીખરની જાત્રા. 'એકવાર વંદે જો કોઈ...' લ્યો. પશુ... શું કહે છે? 'નરક પશુ નહિ હોય.' એમાં શું દાળિયા છે? શુભભાવ એવો હોય તો કદાચિત ભગવાનની ભક્તિથી સ્વર્ગમાં જાય. પણ પછી પાછું મિથ્યાત્વ છે તો પાછો નરકમાં જાશે. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ! વીતરાગે કહ્યો છે એ આ છે. જુઓને! આહાહા..!

મુમુક્ષુ :– શુભરાગ કરે એને પછી જન્મ ધારણ કરવો પડે?

ઉત્તર :– એ રાગ છોડે ત્યારે ધર્મ થાય. રાગ કરે ત્યારે નહિ. એ રાગને રુચિમાંથી છોડે ત્યારે ધર્મ થાય. રાગ તો અનંત વાર થયો છે. કહ્યું ને? 'મુનિવ્રત ધાર..' મુનિવ્રત ધારણ કર્યા, નગ્ન દિગંબર થયો, અઠ્યાવીશ મૂળગુણ ધારણ કર્યા. એ રાગ છે. એની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરે ત્યારે એને ધર્મ થાય. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'रोचनं' 'વળી કેવું છે જ્ઞાન?'** એ જ્ઞાન કહો કે આત્મા કહો. **'उद्यत्' 'ત્રણે કાળે પ્રકાશરૂપ છે.'** આહાહા..! એટલે? આમ ભગવાન જે આત્મા છે એ તો ચૈતન્યપ્રકાશનું પૂર છે. ચૈતન્યપ્રકાશનું નૂર, પુંજ. ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ છે. એમાં ક્યાંય રાગ કે પરવસ્તુનો અંધકાર ક્યાંય છે નહિ. રાગ જે થાય એ તો અંધકાર છે. કેમ કે રાગમાં જાણવાની શક્તિ નથી અને રાગરહિત ભગવાન જે આત્મા છે એ તો પ્રકાશનો પુંજ છે. જ્ઞાનરૂપી પ્રકાશનો પુંજ, હોં! આ સૂર્ય છે એ જડના પ્રકાશનો પુંજ છે. સૂર્ય છે આ જડપ્રકાશનો પુંજ છે. ભગવાન જ્ઞાનપ્રકાશનો પુંજ છે. એકલો જ્ઞાનસ્વભાવનો પુંજ પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. **'ત્રણે કાળ...' 'उद्यत्'** છે ને? **'ત્રણે કાળ પ્રકાશરૂપ છે.'** આહાહા..!

**'કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે?'** આમ કરે એટલે કે રાગની એકતા છોડે, અને સ્વભાવના આનંદનો સ્વાદ લે, તો એની કાર્યસિદ્ધિ કઈ રીતે છે? એમાં કાર્ય શું થયું? અને કાર્ય શું થાય? આહાહા..! **'કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે?'**

**'ઉત્તર કહે છે–' 'इह किल एकः आत्मा अनात्मना साकम् तादात्मयवृत्तिम् क्वापि काले कथमपि न कलयति'** આહાહા..! મૂળ શ્લોકનો મોટો ભાગ આવ્યો. **'इह'** નામ **'મોહનો ત્યાગ, જ્ઞાનવસ્તુનો અનુભવ—'** આહાહા..! પર તરફની રાગની એકતા એવો જે મિથ્યાત્વ–મોહભાવ, એનો ત્યાગ અને જ્ઞાનવસ્તુનો–ભગવાનનો–અનુભવ. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એનો અનુભવ. **'આમ વારંવાર અભ્યાસ કરતાં...'** આહાહા..! **'નિઃસંદેહપણે...' 'किल' 'किल'** આવ્યું. ઓલો તો **'इह'** નો જ અર્થ કર્યો. **'इह'**નો કે **'મોહનો ત્યાગ,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જ્ઞાનવસ્તુનો અનુભવ–આમ વારંવાર અભ્યાસ કરતાં...**' આ રીતે કરે. '**किल**' '**નિઃસંદેહપણે...**' એકનો અર્થ કર્યો. ખરેખર તો એકપણે આત્મા છે. રાગપણે નથી એવો જે શુદ્ધ. '**નિઃસંદેહપણે શુદ્ધ ચેતનદ્રવ્ય...**' આહાહા..! '**अनात्माना**' એ અનાત્મા ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ તે આત્મા, અને જડ-કર્મ–દ્રવ્યકર્મ, ભાવકર્મ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ બધા ભાવકર્મ છે. અને નોકર્મ–વાણી, શરીર એ નોકર્મ છે. આહાહા..!

'**આદિ સમસ્ત વિભાવપરિણામો...**' એ અનાત્મા. શરીર અનાત્મા, કર્મ અનાત્મા અને પુણ્ય-પાપનો ભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ અનાત્મા. હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ વાસનાનો ભાવ તો અનાત્મા, પણ પંચમહાવ્રતના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, એ ભાવ પણ અણાત્મા. આહાહા..! પેલું આવે છે ને? કળશમાં નહિ? આત્મા અણાત્મા. પહેલા શરૂઆતમાં આવે છે. ઇ આ જ. 'સમયસાર'માં આવે છે. આહાહા..! શું કહ્યું? કે ભગવાનઆત્મા જે અંદર શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદકંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદના રસનો કંદ એ આત્મા. અને શરીર, કર્મ અને ભાવકર્મ, પુણ્ય-પાપના ભાવ એ બધા અણાત્મા. આત્મા ને અણાત્મા. આહાહા..!

'**ચેતનદ્રવ્ય દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામો...**' આહાહા..! '**ની સાથે...**' '**तादात्म्यवृत्तिम्**' જીવ અને રાગની એકત્વબુદ્ધિ. '**तादात्म्यवृत्तिम्**' રાગ અને આત્માની તદાત્મ્ય–એકવૃત્તિ. કોઈ કાળે પણ ટકી શકે નહિ. ભેદ પાડતાં... આહાહા..! રાગની એકતાબુદ્ધિ તોડતાં અને સ્વભાવની એકતાનો અનુભવશીલ સમ્યગ્દર્શન થતાં કોઈ કાળે તાદાત્મ્યવૃત્તિ ત્યાં એક સમય પણ રહી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**વિભાવપરિણામોની સાથે જીવ અને કર્મના બંધાત્મક એકક્ષેત્રસંબંધરૂપે કોઈ પણ અતીત,...**' એક ક્ષેત્રે હોવા છતાં. ક્ષેત્ર એક છે. રાગનું, કર્મનું, શરીરનું અને આત્માનું ક્ષેત્ર એક છે. છતાં... આહાહા..!

'**કોઈપણ અતીત, અનાગત, અને વર્તમાનસંબંધી સમય, ઘડી, પ્રહર, દિવસ કે વર્ષ કોઈ પણ રીતે નથી રહેતું.**' આહાહા..! રાગની એકતા મોહની તોડતા, સ્વરૂપનો આનંદનો અનુભવ થતાં, આ કાર્યસિદ્ધિ થતાં, તેને રાગ અને કર્મ એકક્ષેત્રાવગાહે રહેલા છતાં એકપણાને પામતો નથી. એ કાર્યસિદ્ધિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા અને અનાત્મા એકક્ષેત્રે રહ્યા છતાં... ભગવાનઆત્મા અને પુણ્ય-પાપના ભાવ, એનું ક્ષેત્ર એક. અત્યારે એક ગણ્યું છે. નહિતર ખરેખર એ વિકારનું ક્ષેત્ર જુદું છે અને નિર્વિકારનું ક્ષેત્ર જુદું છે. એ તો બેમાં ભેદ પાડવા હોય ત્યારે. આહાહા..!

અહીં તો એક આત્મા જે સ્થાનમાં છે, શુદ્ધ આનંદકંદ પ્રભુ, તે જ ક્ષેત્રમાં રાગ, કર્મ, શરીર છે. પણ જેણે પર તરફના રાગની એકતા તોડી અને જેણે આત્માના રસનો આનંદનો સ્વાદ લીધો. એ એકક્ષેત્રાવગાહ હોવા છતાં એકપણાને પામતું નથી. આહાહા..! 'કાંતિભાઈ'! આવું છે આ. આહાહા..! જેના આનંદના સ્વાદ લેવા સમકિતી થયા પછી... આહાહા..! મુનિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય છે. એ આનંદના વિશેષ સ્વાદ લેવા માટે. એ કાંઈ બહારનો ત્યાગ થયો માટે આનંદનો સ્વાદ વિશેષ આવ્યો એમ નથી. આહાહા..! અંતરમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ જે ચોથે ગુણસ્થાને હતો, એનાથી જ્યારે મુનિપણું લે છે ત્યારે અતીન્દ્રિય આનંદનો પ્રચુર સ્વાદ આવે છે. પ્રચુર. એ પ્રચુર આનંદના સ્વાદ માટેનું મુનિપણું છે. આહાહા..! જેને શુદ્ધોપયોગ કહ્યો છે ને? મુનિ તે શુદ્ધોપયોગને ગ્રહણ કરે છે. એમ પાઠ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'ના પહેલા અધ્યાયમાં છે. મુનિ છે એ શુદ્ધોપયોગને ગ્રહણ કરે છે. મહાવ્રતાદિ વિકલ્પ છે એને ગ્રહણ કરે એ તો જાણવાનું જ્ઞેય-પરજ્ઞેય છે. આહાહા..! આવો માર્ગ. વાતે વાતે ફેર લાગે. શું થાય? માર્ગ તો પ્રભુ અનંત કેવળીઓ, અનંત તીર્થંકરોએ તો આ કહ્યું છે. આહાહા..! દુનિયા માનો, ન માનો, એની સંખ્યા હોય, ન હોય. એથી કરીને કાંઈ સત્ય બદલી જાય? આહાહા..!

અહીં કહે છે... આહાહા..! આત્મા પર તરફના મોહનો ત્યાગ કરી અને તત્કાળ આત્માના અનુભવને પ્રગટ કરે છે. તે જ કાળે **'इदानीं'** આહાહા..! તે વખતે શું કાર્ય થયું? કે પોતે આનંદકંદમાં એકાગ્ર થયો અને આનંદનો સ્વાદ આવ્યો, ત્યારે એને રાગ અને શરીર અને કર્મ એક ક્ષેત્રે રહ્યા છતાં એ બે એકપણાને પામતા નથી. એ કાર્ય થયું. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'કોઈપણ રીતે...'** **'न कलयति'** એનો એકપણે અનુભવ થતો જ નથી. એકપણે થતું જ નથી. આહાહા..! કહે છે, આત્માના અનુભવમાં રાગના સ્વાદનો અનુભવ અભ્યાસમાં ન આવે. આહાહા..! એનો સ્વાદ ભિન્ન રહી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એક ક્ષેત્રે રાગની ઉત્પત્તિ વ્યવહારનો ભાવ આવે. ધર્મીને એવો આવે, અને ભગવાનઆત્મા આનંદના સ્વાદમાં પડ્યો છે એને એ ભાવ આવે પણ તેની એકતાબુદ્ધિ થતી નથી. આહાહા..! તેનું તેને પૃથક્ ભેદજ્ઞાન રહે છે. આહાહા..! આવો ધર્મ કેવો હશે? ઓલા તો એકેન્દ્રિયના જીવની દયા પાળવી, ભગવાનની ભક્તિ કરવી, જાત્રા કરવી, સહેલુંસટ હતું લ્યો. બાપુ! એ વસ્તુ તો રાગની ક્રિયા છે, ભાઈ! અને રાગ સાથે એકત્વબુદ્ધિ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને છોડતા.. આહાહા..! કંઈ એક સમયમાત્ર પણ એકપણું થતું નથી.

આ ગાથાનો અર્થ અહીં પૂરો થયો. આખી ગાથાનો અર્થ અહીંયાં પૂરો થયો. હવે ભાવાર્થ કહેશે. હવે આ બધું કહ્યું એનો ભાવાર્થ શું? એ કહે છે ને ઓલા તમારા ઓલી ભક્તિ કીધી ને? શું કીધું આ લઘુ..? 'લઘુતત્ત્વ સ્ફોટ' હા એ લઘુતત્ત્વ સ્ફોટ. અને પછી 'પંડિતજી'ને કહ્યું છે ને 'હિંમતભાઈ'ને, કે આનો તમે ભાવાર્થ કરો. એમ કીધું ભાઈએ. નહિ? કોણ? 'હુકમીચંદજી'. ભાવાર્થ શું. એનું કહેવાનું તાત્પર્ય શું છે? અને એમાં અંદર ભાવ શું નીકળે છે? એમ પ્રત્યક્ષ ભાસ થાય એવો ભાવાર્થ કરવો. આહાહા..! એ આ બધાનો ભાવાર્થ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અષાઢ સુદ ૧૩, બુધવાર તા.૨૯.૦૬.૧૯૭૭**
**કળશ - ૨૨-૨૩, પ્રવચન - ૨૯**

'કળશટીકા' ૨૨મો કળશ. એનો ભાવાર્થ છે. ગાથાનો અર્થ આવી ગયો. ભાવાર્થ છે ને? પાંચમી લીટી. મૂળ ગાથાનો ભાવ એને ભાવાર્થમાં જરી સમજાવે છે.

**'जगत् मोहम् त्यजतु'** હે જીવો! પરમાં જે રાગ અને દ્વેષ, પુણ્ય-પાપ આદિ ભાવ, એના પ્રત્યેનું સાવધાનપણું એવો જે મોહ, **'त्यजतु'**–છોડવા લાયક છે, છોડ એમ કહે છે. આહાહા..! અને **'रसिकानां'** નામ આનંદના રસિક જીવોને **'रसयतु'** છે ને? આહાહા..! **'સ્વાનુભવ-પ્રત્યક્ષપણે આસ્વાદો.'** આહાહા..! આનંદના રસિકજીવને સમ્યગ્દષ્ટિ જીવ. જેને આત્માના આનંદ, વસ્તુ પોતે આનંદસ્વરૂપ, એવા **'रसिकानां' 'रसयतु' 'रोचनं'** એવા સાક્ષાત્ આનંદના સ્વાદિયા, આનંદને સ્વાદો. એમ કહે છે. આહાહા..! આનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ. આવી વાત છે. એનો આ ભાવાર્થ કહે છે. ભાઈ! આ બધું કીધું શું? સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે :– જીવદ્રવ્ય ધાતુ અને પાષાણના સંયોગની પેઠે પુદ્ગલકર્મોની સાથે મળેલું જ ચાલ્યું આવે છે...'** અનાદિથી. કર્મ અને આત્માનો વિયોગ કોઈ દિ' થયો નથી. આત્મા તો વસ્તુ છે, એને રાગનો સંબંધ પર્યાયમાં અને કર્મનો સંબંધ પર્યાય સાથે છે. એવો સંયોગ સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે. દ્રવ્યની સાથે કાંઈ છે નહિ. આહાહા..! એની પર્યાયમાં રાગ અને દ્વેષ કરે છે, તેનો સંયોગ.. કેમકે એ સંયોગીભાવ છે. અને તેને લઈને સંયોગી કર્મ પણ બંધાય છે. આહાહા..!

એ **'મળેલું હોવાથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવ-ચેતન...'** ભાષા જુઓ! વિપરીત માન્યતા. એ રાગ છે તે હું છું, પણ ચૈતન્ય આનંદ છે તે હું (નથી), એવી દૃષ્ટિ વિપરીત-ઉલટી થઈ ગઈ છે. સવળી ન થતાં અનાદિથી ઉલટી થઈ છે. મિથ્યાત્વ, રાગ-દ્વેષરૂપ વિભાવ.. છે ચૈતન્ય પરિણામે પરિણમતું. આહાહા..! પહેલામાં એમ કહ્યું હતું, પ્રકૃતિનો સ્વભાવ. બપોરે એમ કહ્યું. પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત, તપનો વિકલ્પ જે રાગ, એ તો પ્રકૃતિનો સ્વભાવ છે એમ કહ્યું હતું. બપોરે. એ આત્માનો સ્વભાવ નથી. પણ પર્યાયમાં પરિણમન એનું છે એમ અહીં કહે છે. કર્મને લઈને એ પરિણામ (પરિણમન) થયું છે એમ નથી. કર્મ તો નિમિત્તમાત્ર છે. પણ વિપરીત માન્યતા... આહાહા..!

આનંદસ્વરૂપ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, જ્ઞાન અને આનંદ એનો તો એ ભંડાર, સાગર છે. એનાથી અનાદિ પર્યાયમાં ભ્રષ્ટ થઈ કર્મના સંયોગમાં જોડાણો છે. એથી એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિભાવ ચૈતન્ય પરિણામ થયા છે. જોયું? મિથ્યાત્વભાવ–પુણ્ય-દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ધર્મ છે એવી માન્યતા તે ચૈતન્યના મિથ્યાત્વ પરિણામ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને પાપના ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એમાં મને ઠીક પડે છે, એવી જે પાપમાં સુખબુદ્ધિ એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ જૂઠી દૃષ્ટિ છે. એ મિથ્યાત્વના પરિણામપણે વિભાવ ચેતન પરિણામે પરિણમતું. એ વિભાવ ચેતનના પરિણામ છે. આહાહા..! લ્યો. ઠીક. બપોરે કહે કે, પ્રકૃતિનો સ્વભાવ છે. સ્વભાવ નથી એ અપેક્ષાએ કાઢી નાખવા. પણ આ આત્મા અનાદિથી કર્મના સંયોગે પોતે મિથ્યાત્વના વિભાવભાવપણે ચૈતન્ય પરિણામે પરિણમે છે. આહાહા..! છે?

**'એમ પરિણમતાં એવી દશા નીપજી કે જીવદ્રવ્યનું નિજસ્વરૂપ...'** ભગવાનઆત્મા, એનું નિજસ્વરૂપ આત્માનું. **'કેવળજ્ઞાન,...'** કેવળ એટલે એકલું જ્ઞાન. એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા છે. આહાહા..! **'કેવળદર્શન,...'** દર્શનમાત્ર આત્મા છે. દર્શનસ્વભાવ, દૃષ્ટાસ્વભાવ એવો આત્મા છે. **'અતીન્દ્રિય સુખ...'** ભગવાનઆત્મામાં તો અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહાહા..! એ અતીન્દ્રિય સુખ અને આનંદસ્વરૂપ જ છે. આહાહા..! **'અને કેવળવીર્ય,...'** પૂર્ણ પુરુષાર્થ. પૂર્ણ વીર્ય શક્તિનો સ્વભાવ. એકલું બળ–વીર્યપણું એનો સ્વભાવ છે.

**'તેનાથી આ જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું...'** આહાહા..! પોતે સ્વયં ભગવાન અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યથી સંપન્ન હોવા છતાં અનાદિ કર્મના સંગે મિથ્યાપણે પરિણમતા પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થયો. આહાહા..! કર્મે ભ્રષ્ટ કરાવ્યો છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? કર્મ તો જડ છે. પોતે પરના સંગના સંબંધમાં સ્વરૂપથી વિપરીત માન્યતાપણે પરિણમતા–થતાં, પોતાનું અનંત આનંદ સ્વરૂપ છે એનાથી ચ્યુત થયો છે. આહાહા..! આવી ઝીણી વાત છે. છે?

**'મિથ્યાત્વરૂપ વિભાવપરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું;...'** એટલે? કે પ્રભુ ચૈતન્ય તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ–પ્રજ્ઞાસ્વરૂપ. જેમ સાકર મીઠાશસ્વરૂપ છે એમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! એ જ્ઞાનપણું છૂટી ગયું. જ્ઞાનપણું છે એ વાત છૂટી ગઈ. અને રાગ અને પુણ્યના અને પાપના ભાવ, તે હું છું એવો મિથ્યાત્વભાવ થઈને સ્વભાવથી અનાદિથી ભ્રષ્ટ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે,...'** એનું પોતાનું સ્વરૂપ સ્વયં તો અનંતઆનંદ છે, અનંતજ્ઞાન છે, અનંત શાંતિ અને સ્વચ્છતાનો એ સાગર છે. અનંત પવિત્રતાનું એ ગોદામ છે. આહાહા..! એ પવિત્રતાની પ્રીતિ અને રુચિ, પુણ્ય અને પાપના, પ્રેમના મિથ્યાત્વભાવમાં એ રુચિ છૂટી ગઈ. આહાહા..! સમજાય છે? પોતાને જ કારણે. એમ કાંઈ કોઈ પરને કારણે નહિ. 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પોતે આનંદસ્વરૂપ છે એની એને ખબર નથી. આહાહા..! પોતે જ્ઞાતા સ્વભાવથી ભરેલો જ્ઞાતા છે એની એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર નથી. એથી મિથ્યાત્વરૂપે પરિણમતાં જ્ઞાનપણું છૂટી ગયું. હું જાણનાર છું એ વાત રહી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે,...'** એ દૃષ્ટિમાં રહ્યું નહિ. **'શરીર, સુખ, દુઃખ,...'** કલ્પના. આ ઇન્દ્રિયોના સુખો કે પ્રતિકૂળમાં દ્વેષ એ દુઃખ. **'મોહ, (મિથ્યાત્વ) રાગ, દ્વેષ ઇત્યાદિ બધું પુદ્ગલકર્મની ઉપાધિ છે,...'** આહાહા..! પહેલા કહ્યું હતું કે મિથ્યાત્વ વિભાવ ચેતન પરિણામે પરિણમતું આવે છે. એ પરિણામ નિશ્ચયથી ખરેખર... આહાહા..! **'પુદ્ગલ કર્મની ઉપાધિ છે.'** એનો નિજ સ્વભાવ ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, આનંદનો કંદ પ્રભુ છે. આહાહા..! મિથ્યાત્વ રાગ-દ્વેષ, મોહ, શરીર, વાણી, મન એનો એ સ્વભાવ નથી. આ કુટુંબ, કબીલા બધુ આખું એ તો બધી પરવસ્તુ છે. આહાહા..! એ તો **'પુદ્ગલકર્મની ઉપાધિ છે.'** આહાહા..!

અંદરમાં પુણ્ય-પાપના ભાવ (થાય) એ કર્મની ઉપાધિ છે અને બાહ્યમાં અઘાતિકર્મના સંયોગે મળેલી ચીજો એ પણ ઉપાધિ છે. આહાહા..! ઘાતિના સંગે મળેલો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ પણ ઉપાધિ છે. અઘાતિને કારણે મળેલી આ સામગ્રી, સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ, એ બધી કર્મની ઉપાધિ છે.

મુમુક્ષુ :– ધર્મની ઉપાધિ કઈ?

ઉત્તર :– ધર્મની ઉપાધિ ન હોય. ધર્મને તો આત્માના આનંદનો સ્વાદ હોય, એ એને હોય છે. આહાહા..! ધર્મીને, ધર્મી જેને કહીએ, પ્રથમ સમ્યગ્દૃષ્ટિ. હજી સાચા શ્રાવક થયા પહેલા. સાચા થયા પહેલા. આ જે અત્યારે છે એ તો બધા નામના શ્રાવક છે. વસ્તુ નથી. કેમકે જેને અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન, એનો આનંદનો સ્વાદ આવે, એને અતીન્દ્રિય આનંદનું વેદન આવે, ત્યારે તેને ધર્મીની દશા (થઈ), ત્યારે તે ધર્મી થયો એમ કહેવાય. આહાહા..! એ વ્રત પાળે કે અપવાસ, તપ કરે, ભક્તિ કરે કે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે કે ગિરનાર અને શેત્રુંજય અને સમ્મેદશિખરની જાત્રા કરે એ બધા ભાવ શુભરાગ છે. આહાહા..! એ શુભરાગ ઉપાધિ છે એમ કહે છે, નિજસ્વભાવ નથી. નિજસ્વભાવ તો જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય છે. આહાહા..! આટલી વાત. લોકોને સત્ય વાત સાંભળવા મળે નહિ, એ બિચારા ક્યાં જાય? શું કરે? અરે..! આહાહા..!

સમ્યગ્દર્શનનો વિષય તો ત્રિકાળી આનંદકંદ પ્રભુ તે એનું ધ્યેય અને વિષય છે. કાલે રાત્રે આવ્યું હતું ને? ધ્યાન વિષય કુરુ. ચાર બોલ છે. કળશ ટીકામાં. આહાહા..! પ્રભુ! એક વાર તારી વર્તમાન દશામાં... એ વર્તમાન દશારૂપી ધ્યાનમાં ધ્યેય ત્રિકાળી વસ્તુ બનાવ. આહાહા..! ત્યારે તને સમ્યગ્દર્શન અને આનંદનો સ્વાદ આવશે. આહાહા..! ધ્યેયમાં... રાત્રે કાઢ્યું હતું ને યાદ આવ્યું. ધવલનો ૧૩મો ભાગ છે ને? એમાં ધ્યેય બહુ લીધા છે, ઘણા લીધા છે. ખબર છે. એ તો પ્રથમ એનું લક્ષ ત્યાં હતું એટલી વાત જણાય છે. ત્યાં ધવલનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



૧૩મો ભાગ છે. એમાં ધ્યેય... ધ્યેય... ધ્યેય... ધ્યેય... ધ્યેય... એ તો વ્યવહારથી વાત કરી છે. ધ્યેય તો આ ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, એકલો જ્ઞાનનો પિંડ પ્રભુ આત્મા, તે સમ્યગ્દર્શનનો વિષય છે, ધ્યેય છે. આહાહા..! એને ધ્યેય બનાવીને ધર્મનો વિષય બનાવ. ધર્મનો વિષય બનાવ. ધર્મ એટલે પવિત્રતા તેનો વિષય તે. આહાહા..!

પુણ્ય અને પાપના ભાવનો વિષય પરદ્રવ્ય છે. એનું પર ઉપર લક્ષ છે. ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો, ભગવાનના સ્મરણનો, પૂજાનો, જાત્રાનો એ બધો ભાવ પર દિશા તરફ વળેલો ભાવ છે. પર તરફમાં વળેલી એ દશા છે. એ સ્વદશા નથી. આહાહા..!

અહીં એ કહે છે કે એનું જ્ઞાનપણું છૂટી ગયું. આહાહા..! એટલે? એ રાગ અને દ્વેષ અને પુણ્ય અને પાપના ભાવ. એ પણે પરિણમતા હું એક જ્ઞાતા છું, એ જ્ઞાનપણાની વાત દૃષ્ટિમાં છૂટી ગઈ. હું એ દયાના ભાવનો કરનાર છું, ભક્તિના ભાવનો હું કરનાર છું, એવી કર્તાબુદ્ધિએ જ્ઞાનપણું છૂટી ગયું. હું જ્ઞાતા છું એ વાત દૃષ્ટિમાં રહી નહિ. આહાહા..! આવી વાત છે. નવા માણસને તો ગ્રીક-લેટીન જેવી વાત લાગે. વસ્તુ તો ભગવાન જિનેશ્વરદેવ, તીર્થંકરદેવ ત્રિલોકનાથની દિવ્યધ્વનિ તો આ છે. આહાહા..!

પ્રભુ! તું ક્યાં છો? કે એ છે તો આનંદ અને જ્ઞાનમાં, પણ એમ ન માનતા હું પુણ્ય અને પાપના ભાવમાં છું. એમ માનેલો પોતે સ્વરૂપના જ્ઞાનથી ભ્રષ્ટ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને? એમ કીધું ને? **'જ્ઞાનપણું પણ છૂટી ગયું; જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે,...'** એને છોડીને આ બધી ઉપાધિ **'જીવનું સ્વરૂપ નથી–એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.'** આહાહા..! શું કીધું? આત્માનું નિજ સ્વરૂપ તો જ્ઞાન, દર્શન, આનંદ (છે). એને છોડી દઈને આ શરીર, સુખ, દુઃખની કલ્પના હું, એમાં આત્માની પ્રતીતિ છૂટી ગઈ. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! વીતરાગ પરમેશ્વર, જિનેશ્વરદેવ બહુ સૂક્ષ્મ વાત કરે છે. બાપુ! અનંત કાળમાં એ વાત રહી ગઈ છે. એણે બધું કર્યું. વ્રત પાળ્યા, અપવાસ કર્યા, મુનિપણું લીધું, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા અને અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, પણ આ વાત રહી ગઈ. હું એક આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું, તેમાં વિકલ્પના રાગનો અવકાશ નથી. એમ ન માનતા રાગ તે હું છું અને રાગથી મને લાભ થશે, એ (માન્યતાને) કારણે સ્વરૂપની–આનંદસ્વરૂપ ભગવાનની–પ્રતીતિ છૂટી ગઈ. આહાહા..! કહ્યું? આહાહા..!

**'જીવદ્રવ્ય ભ્રષ્ટ થયું...'** આહાહા..! **'મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામે પરિણમતાં જ્ઞાનપણું પણ છૂટી ગયું; જીવનું નિજ સ્વરૂપ અનંતચતુષ્ટય છે,...'** એને છોડીને શરીર, સુખ-દુઃખની કલ્પના, ઇન્દ્રિયોના વિષયમાં સુખ, સર્પ અને વીંછીના ડંખમાં દુઃખ, એવી જે કલ્પના... આહાહા..! એની પ્રતીતિ થઈ ગઈ અને સ્વરૂપની પ્રતીતિ રહી ગઈ. આહાહા..! છે?

મુમુક્ષુ :– પ્રતીતિ હતી કે દિ' કે છૂટી ગઈ.

ઉત્તર :– એ છૂટી અનાદિથી છૂટી ગઈ. ભાષા તો એવી જ આવે ને. કર્તા-કર્મમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પહેલા બે ભાગમાં નથી આવતું? ૬૯-૭૦ ગાથામાં આવે છે કે પોતાની જે દશા ઉદાસીન દશા તે છોડી દીધી. હતી તે છોડી? કર્તા-કર્મમાં ૬૯-૭૦ ગાથામાં આવે છે.

મુમુક્ષુ :– કર્તા કર્મ અધિકારની ...

ઉત્તર :– હા. પહેલી જ ગાથામાં. પોતાની દશા જે ઉદાસ છે, રાગથી ભિન્ન છે એ દશા છોડી દીધી. હતી ને છોડી એમ નથી. પણ એ અનાદિથી છૂટી ગઈ છે એમ કહે છે. આહાહા..! વીતરાગનો ધર્મ કોઈ અપૂર્વ છે. પૂર્વે કદી એક સેકન્ડ કર્યો નથી. પણ ખરેખર તો રુચિપૂર્વક એ વાતને સાંભળી નથી. આહાહા..! કેટલાકે તો ધર્મને નામે વ્રત અને તપમાં ચડાવી દીધા. કેટલાકોએ જાત્રા અને ભક્તિ એને નામે ધર્મમાં ચડાવી દીધા, કો'કે દાનાદિમાં ચડાવી દીધા, કો'કે પરમાત્મા અને દેવ-ગુરુની ભક્તિ કરશો તો ધર્મ થાશે એમાં ચડાવી દીધા. એ બધા રાગના, મિથ્યાત્વના પરિણામ. એમાં ધર્મ માન્યો એટલે મિથ્યાત્વના પરિણામ છે. આહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! આહાહા..!

કહે છે, કે પોતાનું સ્વરૂપ જે અનંતચતુષ્ટય છે આનંદ જ્ઞાનાદિ, એનાથી છૂટીને જ્ઞાનથી ભ્રષ્ટ થયો. અને પરને પોતાનું જાણ્યું. અને રાગ-દ્વેષમાં પોતાની પ્રતીતિ કરી. આહાહા..! એથી જીવનું સ્વરૂપ તે નથી એવી પ્રતીતિ પણ છૂટી. આહાહા..! '**જીવનું...**' છે ને? '**જીવનું સ્વરૂપ નથી–એવી પ્રતીતિ પણ છૂટી ગઈ.**' આહાહા..! ભગવાન અનંત ચતુષ્ટયસ્વરૂપ છે એ પ્રતીતિ છૂટી ગઈ. એટલે કે કરી જ નથી એણે. એમ. આહાહા..! આત્માની મોજૂદગી અનંતજ્ઞાન, દર્શન, આનંદપણે (છે) એ પ્રતીતિ રહી નહિ. એમ. પ્રતીતિ આ દયા, દાન, શરીર, વાણી, મન એમાં પ્રતીતિ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! દુનિયાને એકદમ બહારની ક્રિયા સહેલી લાગે છે.

'પરમાર્થ વચનિકા'માં આવે છે. આગમની કહેલી વ્યવહાર ક્રિયા એને સુગમ લાગે છે એથી એ કરે છે. પણ અધ્યાત્મનો વ્યવહાર એને સમજાતો નથી. વ્યવહાર, હોં! અધ્યાત્મનો વ્યવહાર એટલે? ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એની આનંદની દશા અને જ્ઞાનની દશા, વીતરાગી દશા તે અધ્યાત્મનો વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? એને અધ્યાત્મના વ્યવહારની પણ ખબર નથી એમ કહે છે. ઓલા આગમના વ્યવહારે ચડી ગયો. આહાહા..! વ્રત, તપ ને ભક્તિ, પૂજા, દાન, દયા.. એ રસ્તે ચડી ગયો. એ આગમનો વ્યવહાર છે. પુણ્યબંધનું કારણ એને ધર્મ માનીને ત્યાં ચડી ગયો. આહાહા..! પણ અધ્યાત્મનો વ્યવહાર, અધ્યાત્મ શબ્દે આત્મા ત્રિકાળી અનંત ચતુષ્ટય સંપન્ન વસ્તુ એ નિશ્ચય. અને તેનો અનુભવ થવો, આત્માના આનંદનો સ્વાદ આવવો એ વ્યવહાર–એ અધ્યાત્મનો વ્યવહાર છે. કહો, પંડિતજી! આહાહા..! કેમકે આત્મા ત્રિકાળી વસ્તુ છે. સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી ભગવાનઆત્મા 'સિદ્ધ સમાન સદા પદ મેરો,' 'ચેતનરૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' મારું સ્વરૂપ તો સિદ્ધસ્વરૂપ અનાદિ (છે). પણ 'મોહ મહાતમ આતમ અંગ કિયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરસંગ મહાતમ ઘેરો.' પણ પોતાના સ્વરૂપને ભૂલીને રાગાદિમાં મોહ કરી, એનું મહાત્મ્ય કરી અને પોતાના સ્વરૂપને ભૂલી ગયો. પરસંગ કર્યો. આહાહા..!

પછી 'બનારસીદાસ' તો કહે છે, 'જ્ઞાન કળા ઊપજી અબ મોકૂં, કહું ગુણ નાટક આગમ કેરો, તાસુ પ્રસાદ સધે શિવ મારગ, વેગે મિટે ઘટ વાસ બસેરો.' આ હાડકા અને ચામડામાં રહેવું, આ ધૂળ માટી આ તો. ભગવાન પવિત્ર આનંદનો નાથ. આહાહા..! એને હાડકા-ચામડામાં રહેવું... આહાહા..! મેસુબ હોય, મેસુબ. મેસુબ કહે છે ને? મેસુબ. એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી. એ અધમણ મેસુબ બને તો ગધેડા સડી ગયેલા, મરી ગયેલાના ચામડામાં વીંટે... આહાહા..! એમ અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન... આહાહા..! એના હાડકા-ચામડામાં સડેલામાં વીંટ્યો, અંદર બેઠો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'સમયસાર'ની ૯૬ ગાથામાં તો એમ કહ્યું મૃતક કલેવરમાં અમૃતસાગર મૂર્છાઈ ગયો. 'સમયસાર'ની ૯૬મી ગાથા છે. આ મૃતક કલેવર છે. આ જીવતું નથી. આ તો માટી, જડ, ધૂળ અજીવ છે. જીવ તો ભિન્ન છે. એ મૃતક કલેવરમાં અમૃતસાગર ભગવાન મૂર્છાઈ ગયો. આહાહા..! એમ પુણ્ય અને પાપના ભાવમાં નિરુપાધિ સ્વભાવ ઉપાધિમાં મૂર્છાઈ ગયો. આહાહા..! અરે..! અનાદિની ભૂલ. એથી એને સ્વરૂપનું જ્ઞાન તો છૂટી ગયું પણ સ્વરૂપની પ્રતીતિ પણ ન રહી. પ્રતીતિ બહારની ચીજમાં રહી. આહાહા..! છે?

**'પ્રતીતિ પણ છૂટી ગઈ.'** પ્રતીત છૂટી ગઈ એટલે હતી અને છૂટી એમ નહિ. એમ કે છે નહિ. **'પ્રતીતિ છૂટતા જીવ મિથ્યાદૃષ્ટિ થયો;...'** આહાહા..! એ શરીર, વાણી, મન, પુણ્ય-પાપના ભાવ મારા, એવી મિથ્યાત્વરૂપી દશાથી.. આહાહા..! એ સ્વરૂપની પ્રતીતિ, સ્વરૂપ અનંત આનંદનો નાથ, પ્રભુ! એવો જે ભગવાનઆત્મા એની પ્રતીતિ છૂટી અને મિથ્યાત્વરૂપે દૃષ્ટિ થઈ ગઈ. આહાહા..! આવો માર્ગ છે. **'મિથ્યાદૃષ્ટિ થયો;...' 'મિથ્યાદૃષ્ટિ થયો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધકરણશીલ થયો.'** આહાહા..! મિથ્યાદૃષ્ટિ હોવાથી આઠ કર્મના બંધનનો કરનારો સ્વભાવ એનો થયો. કરણશીલ. વિભાવ. આઠેય કર્મ બાંધે એવો એનો વિભાવભાવ થઈ ગયો. આહાહા..!

**'તે કર્મબંધનો ઉદય થતાં જીવ ચારે ગતિઓમાં ભમે છે.'** આહાહા..! દેવમાં જાય, મનુષ્ય થાય, ઢોર થાય, નરકમાં જાય, કીડે, કાગડે જાય. એવા અનંત અવતાર કર્યા. આહાહા..! શું કીધું? જ્ઞાનસ્વરૂપ છે તેનાથી ભ્રષ્ટ થયો. ત્રિકાળી આનંદકંદ છે તેની પ્રતીતિ રહી નહિ અને બહારની ચીજને જાણવા રોકાઈ ગયો. અને બહારની ચીજ મારી છે એમ પ્રતીતમાં આવ્યો એટલે મિથ્યાદૃષ્ટિ થયો. આહાહા..! અને મિથ્યાદૃષ્ટિ હોવાથી નવા આઠેય કર્મના બંધનના ભાવવાળો થયો. અને આઠેય કર્મ બંધાણા, એનો જ્યારે ઉદય આવ્યો, ત્યારે ચાર ગતિમાં રખડ્યો. આહાહા..! આ માણસપણું કાંઈ પહેલુંવહેલું નથી. એવા માણસપણા અનંતવાર મળ્યા છે. અનાદિનો છે એ. નવો ભગવાન ક્યાં છે? આહાહા..! અનાદિ-અનાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા તો.. એ કાંઈ કોઈએ કરેલો છે. ઈશ્વર છે એણે કરેલો? એની સત્તા અનાદિની છે. ભગવાનઆત્મા અનાદિનો નિત્યાનંદ પ્રભુ અવિનાશી છે. એ અવિનાશીની સ્થિતિમાં રહ્યો નહિ અને ઊંધી માન્યતા અને ઊંધુ જ્ઞાન કર્યું, એનાથી કર્મ બંધાણા અને એનાથી ચાર ગતિમાં ભમે છે. આહાહા..! રખડ્યા રખડ... રખડ્યા રખડ... રખડુ થઈ ગયો. આહાહા..!

**'આ પ્રકારે સંસારની પરિપાટી છે.'** આ પ્રકારે સંસારમાં ચોરાશી લાખ યોનિમાં રખડવાની આ દશા છે. સ્વરૂપની પ્રતીતિ નહિ, સ્વરૂપનું જ્ઞાન નહિ, સ્વરૂપ વિનાની બીજી ચીજનું જ્ઞાન અને બીજી ચીજની પ્રતીતિ... આહાહા..! એને રાગનો ભરોસો કે એ હું છું. આત્મા ચિદાનંદસ્વરૂપ છે એનો ભરોસો છૂટી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ વ્રત અને તપનો વિકલ્પ રાગ ઉઠ્યો છે એનો એને ભરોસો કે આ મને કલ્યાણ કરશે. આહાહા..! સ્વરૂપનો ભરોસો છૂટી ગયો. હું એક આનંદનો નાથ છું, જ્ઞાતાદૃષ્ટા છું. એવી પ્રતીતિ અને જ્ઞાન બેયથી ભ્રષ્ટ થઈ ગયો. આહાહા..!

**'આ સંસારમાં ભ્રમણ કરતાં...'** હવે સવળું લે છે. **'કોઈ ભવ્ય જીવનો જ્યારે નિકટ સંસાર આવી જાય છે...'** આહાહા..! આમ રખડતાં-રખડતાં લાયક જીવને, ભવ્ય પ્રાણીને. અભવિને તો હોતું નથી. ભવ્યપ્રાણીને **'નિકટ સંસાર આવી જાય છે...'** થોડા ભવ રહે છે. સંસારનો અંત આવવાનો એને કાળ છે... આહાહા..! **'ત્યારે જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે.'** આહાહા..! ત્યારે એ આત્મા આનંદસ્વરૂપ છે, એ જ્ઞાતાસ્વરૂપ છે, એ દૃષ્ટાસ્વરૂપ છે, એનો અનુભવ (કરી), આનંદનો સ્વાદ લઈને સમકિત પ્રગટ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જીવ સમ્યક્ત્વ ગ્રહણ કરે છે.'** આહાહા..! પાછું સમકિત એટલે શું એની વ્યાખ્યા કરશે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી કે નવતત્ત્વના ભેદની શ્રદ્ધા કરવી એ કોઈ સમકિત નથી. આહાહા..! એ કહેશે. **'સમ્યક્ત્વ ગ્રહણ કરતાં પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય મટે છે...'** જ્યારે સ્વરૂપનું ભાન કર્યું ત્યારે મિથ્યા–વિપરીત પરિણતિનો ભાવ રહેતો નથી. મિથ્યાત્વનો નાશ થાય છે. **'મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ મટે છે.'** અને તેથી જડનું કર્મ મટે છે અને પોતાના વિભાવપરિણામ પણ મટે છે. બે.

**'વિભાવપરિણામ મટતાં શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.'** આ. આહાહા..! આમ તો એમ છે કે શુદ્ધ સ્વરૂપ જે છે એનો અનુભવ થતાં મિથ્યાત્વના પરિણામ નાશ થાય છે અને દર્શનમોહનો ઉદય પણ નાશ થઈ જાય છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શનમાં પ્રથમ ધર્મની શરૂઆતમાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં... આહાહા..! એ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ ત્યાં કામ કરતી નથી. કહે છે કે એ તો રાગ છે. એ શુદ્ધ સ્વરૂપ જે પવિત્ર આનંદકંદ છે એનો અનુભવ થતાં સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? આમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો તો સમકિત થશે અને તમારું કલ્યાણ થશે. વીતરાગમાર્ગમાં એમ નથી. કલ્પિત માર્ગમાં એ બધી વાતું છે. આહાહા..! વીતરાગ જિનેશ્વરમાર્ગમાં તો શુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપનો અનુભવ, પવિત્ર ભગવાનઆત્મા જે અનંત ચતુષ્ટયપણે બિરાજમાન છે, અનંતચતુષ્ટય એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એ પણે બિરાજમાન છે. આહાહા..! એનો અનુસરીને અનુભવ થતાં અને એ અનુભવની મૂળ મહોરછાપ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ એની મહોરછાપ છે. સમ્યગ્દર્શનમાં અનુભવ સાથે થાય. એ અનુભવમાં એની મહોરછાપ શું? ટ્રેડમાર્ક શું? કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ એનો ટ્રેડમાર્ક છે. આહાહા..! આવી વાતું.

બહારની (વાતું) આડે નવરો ક્યાં થાય છે? એક તો ધંધા આદિના પાપમાં બિચારો આખો દિ' પડ્યો. બાયડી, છોકરા, ધંધા, કુટુંબ, કબીલા, એની સંભાળ, એની શોભા. આહાહા..! એકલા પાપના ભાવ. નવરો થાય તો સાચું સાંભળવાનું મળે નહિ. ખોટું સાંભળવામાં જાય. આહાહા..! સાચું સાંભળવાનું ટાણું મળે તો કાંઈક એને પુણ્ય પણ થાય. અને ધર્મ તો રાગથી ભિન્ન પડે ત્યારે ધર્મ થાય. સમજાણું કાંઈ? આહાહા..! બે-ચાર કલાક સત્‌નો સમાગમ કરે, સત્‌નો, હોં! ઉંધી શ્રદ્ધાવાળાની પ્રરૂપણા સાંભળે અને સમાગમમાં રહે એ તો મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! એ કહે કે મેં સત્ સમાગમ કર્યા. પણ એ વાતું તો એ બધી કરતા હોય કે ભગવાનની ભક્તિ કરતા કરતા તમારું કલ્યાણ થશે. વ્રત અને અપવાસ કરતા તમારું કલ્યાણ થશે. એ બધો રાગ છે. એમાંથી કલ્યાણ મનાવનાર એ પ્રરૂપણા જ મિથ્યાત્વની છે. 'આણંદભાઈ'! શું છે આ? આવી વાતું છે. અરે..! એને પુણ્ય બાંધવાના પણ વખત મળે નહિ. પુણ્યનું કઈ રીતે? સાચું સાંભળવામાં જે એને પુણ્ય થાય, સાચું વાંચવામાં જે પુણ્ય થાય... આહાહા..! એનો એને વખત મળે નહિ અને એકલા પાપમાં પડ્યો, અને સત્ સમાગમને નામે ખોટા કુગુરુ, કુશાસ્ત્રને રસ્તે ચડી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? તો એના તો પુણ્યના પણ ઠેકાણા નથી. ધર્મ તો નથી પણ પુણ્યના ઠેકાણા નથી. આહાહા..!

આખા શ્લોકનો ભાવાર્થ ભર્યો છે. શ્લોક તો કાલે આવી ગયો. આહાહા..! '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.**' આહાહા..! ધર્મ જ્યારે પામે છે, સમ્યગ્દર્શન થાય છે ત્યારે તેને આત્મા આનંદસ્વરૂપ છે તેનો અનુભવ થાય છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ જ્ઞાન અને એનું નામ ધર્મ. આહાહા..! '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.**' ભગવાનનો અનુભવ થાય છે અને પરમાત્મા તીર્થંકરનો અનુભવ થાય, એ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એનો તો અનુભવ નહિ. પણ પોતાના અશુદ્ધના પરિણામ છે એનો પણ અનુભવ નથી.

અહીંયાં તો '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.**' આહાહા..! નિજ શુદ્ધ ચૈનત્ય આનંદકંદ પ્રભુ! પવિત્રતાનો સાગર ભગવાનઆત્મા. પ્રત્યેક આત્મા પરમાત્મસ્વરૂપ બિરાજે છે, એની એને ખબર નથી. આહાહા..! એની એને મહિમા અને મોટપ દેખાતી નથી. બહારની મોટપ જેટલી અધિક દેખાય છે એને. પૈસા થયા, શરીર સારું મળ્યું. આહાહા..! અને ધર્મના નામે ધમાધમની મોટા પુણ્યની, શુભભાવની ક્રિયા, મોટી રથયાત્રા, ગજરથ ને ૫૦-૫૦ હજાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માણસના મોટા વરઘોડા કાઢવા. આહાહા..! એ તો બધી ક્રિયા પર છે અને ભાવ હોય તો શુભ છે. એ રસ્તે ચડી ગયો, ઓલી વસ્તુ રહી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય છે.'** એ ચૈતન્ય ભગવાન સ્વ સ્વરૂપે બિરાજમાન અંદર છે. પૂર્ણ આનંદનો નાથ, એનો અનુભવ થવો, એની સન્મુખ થઈને એનો અનુભવ થવો. પરથી વિમુખ થઈને સ્વથી સન્મુખ થવું, એનું નામ સ્વનો અનુભવ કહેવામાં આવે છે. આહાહા..! **'આવી સામગ્રી મળતાં...'** આવા શુદ્ધ સ્વરૂપનો અનુભવ–આવી સામગ્રી મળતાં.. **'જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે.'** લ્યો. આહાહા..! ભગવાનઆત્મા પવિત્ર શુદ્ધ આનંદકંદ પ્રભુ, એનો અંતરમાં પરથી વિમુખ થઈ સ્વસ્વરૂપની સન્મુખ થઈને અનુભવ થાય. **'આવી સામગ્રી મળતાં...'** આહાહા..! **'જીવદ્રવ્ય પુદ્‌ગલકર્મથી તથા વિભાવપરિણામથી સર્વથા ભિન્ન થાય છે.'** સમ્યગ્દષ્ટિ કર્મ અને વિભાવથી સર્વથા ભિન્ન થાય છે. આહાહા..! પહેલા તો દૃષ્ટિમાં સર્વથા ભિન્ન છે. પછી સ્થિરતા કરીને અસ્થિરતાનો નાશ કર્યો છે. આહાહા..! પણ એ સ્થિરતારૂપી ચારિત્ર થાય ક્યાં? જેને શુદ્ધ આત્મા અનુભવ થયો હોય એમાં આ દેખ્યો હોય કે આ આત્મા આનંદ છે. એમાં રમવું અને ઠરવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ નગ્નપણું અને પંચમહાવ્રતના પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! સત્ય વાત અને અસત્ય વાતમાં ઘણો ફેર. એટલે પછી લોકો એમ કહે ને કે... આહાહા..! આ શાસ્ત્રમાં છે કે નહિ?

**'સર્વથા ભિન્ન થાય છે.'** હળવે હળવે કહે છે. પહેલું દૃષ્ટિમાંથી સર્વથા ભિન્ન થાય છે. પછી સ્થિરતા કરીને અસ્થિરતાથી ભિન્ન થાય છે. **'જીવદ્રવ્ય પોતાના અનંતચતુષ્ટયને પ્રાપ્ત થાય છે.'** જે અનંત ચતુષ્ટય સ્વભાવ હતો. જ્ઞાન, દર્શન, આનંદ પૂર્ણ, એ શક્તિરૂપે હતો એ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. આહાહા..! જે સ્વભાવમાં સામર્થ્ય હતું એ વર્તમાન દશામાં પ્રાપ્ત થાય છે.

**'દૃષ્ટાંત આમ છે કે જેવી રીતે સુવર્ણધાતુ પાષાણમાં જ મળેલી ચાલી આવે છે...'** પથરો અને સોનું ખાણમાં એકસાથે ભેગું ચાલ્યું આવે છે. ખાણમાં. **'તોપણ અગ્નિનો સંયોગ પામીને પાષાણથી સુવર્ણ ભિન્ન થાય છે.'** લ્યો. એ પત્થરથી સોનું જુદું પડી જાય છે. એમ આત્માના સમ્યગ્દર્શન અને જ્ઞાન દ્વારા રાગ અને પરથી ભિન્ન પડી જાય છે. એ અગ્નિ. આહાહા..! પત્થર અને સોનું ખાણમાં ભેગા હોવા છતાં, અગ્નિનો સંયોગ થતાં બે જુદા પડી જાય છે. એમ અનાદિ વિકાર અને કર્મના સંયોગનો સંબંધ થયો હોવા છતાં, સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કરતા એ વસ્તુ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આટલો બધો ભાવાર્થ ભર્યો. મૂળ શ્લોકનો અર્થ તો આવી ગયો હતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(માલિની)

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्
अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।
पृथगथ विलसन्तं स्वं समालोक्य येन
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्त पृथक् अनुभव' (अयि) હે ભવ્યજીવ! (मूर्तेः) શરીરથી (पार्श्ववर्ती) ભિન્નસ્વરૂપ (भव) થા. ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવદ્રવ્ય (શરીર સાથે) એકસંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે, તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે તે બધા પુદ્ગલકર્મના છે, તારા નથી; તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ. (अथ) ભિન્ન જાણીને (मुहूर्तम्) થોડોક કાળ (पृथक्) શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે (अनुभव) પ્રત્યક્ષપણે આસ્વાદ કર. ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે, શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે એવું જાણપણું–એવી પ્રતીતિ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે, પરંતુ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી. જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે. કેવો છે અનુભવશીલ જીવ? 'तत्त्वकौतूहली सन्' (तत्त्व) શુદ્ધ ચૈતન્યવસ્તુના (कौतूहली सन्) સ્વરૂપને જોવા ઇચ્છે છે એવો થયો થકો. વળી કેવો થઈને? 'कथमपि मृत्वा' (कथमपि) કોઈપણ પ્રકારે–કોઈ પણ ઉપાયે, (मृत्वा) મરીને પણ, શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર. ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી, પરંતુ આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે. અહીં કોઈ પ્રશ્ન કરે છે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે? તે પણ ઉપદેશ દ્વારા કહે છે– 'येन मूर्त्या साकम् एकत्वमोहम् झगिति त्यजसि' (येन) જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે (मूर्त्या साकम्) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે (एकत्वमोहम्) એકસંસ્કારરૂપ–'હું દેવ છું, હું મનુષ્ય છું, હું તિર્યંચ છું, હું નારકી છું' ઇત્યાદિરૂપ, 'હું સુખી છું, હું દુઃખી છું,' ઇત્યાદિરૂપ, 'હું ક્રોધી છું, હું માની છું' ઇત્યાદિરૂપ, તથા 'હું યતિ છું, હું ગૃહસ્થ છું' ઇત્યાદિરૂપ–પ્રતીતિ એવો છે મોહ અર્થાત્ વિપરીતપણું તેને (झगिति) અનુભવ થતાં વેંત જ (त्यजसि) હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ. ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે, એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે, તોપણ એમને (અનુભવને અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે. તેનું વિવરણ–જે કાળે જીવને અનુભવ થાય છે તે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે. જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે. મિથ્યાત્વ પરિણમન જે રીતે મટે છે તે રીત કહે છે–'स्वं समालोक्य' (स्वं) પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુનો (समालोक्य) સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને. કેવું છે શુદ્ધ ચેતન? 'विलसन्तं' અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે. ૨૩.**

---

હવે ૨૩મો કળશ.

> **अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**
> **अनुभव भव मूर्तेः पार्श्ववर्ती मुहूर्तम्।**
> **पृथगथ विलसन्तं स्वं समालोक्य येन**
> **त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम्।।२३।।**

આહાહા..! **ખંડાન્વય સહિત અર્થ :– 'अयि मूर्तेः पार्श्ववर्ती भव, अथ मुहूर्त पृथक् अनुभव' 'હે ભવ્યજીવ!'** આહાહા..! ભગવાન, સંતો, આચાર્યો, વીતરાગી મુનિઓ જગતને સંબોધે છે. હે ભવ્યજીવો! આહા..! લાયકજીવો! મૂર્ત **'શરીરથી ભિન્નસ્વરૂપ થા.'** આહાહા..! ભગવાન એક ક્ષણમાં પુણ્ય-પાપના ભાવ અને શરીરથી ભિન્ન થા. આહાહા..! અને ભિન્ન છો. છો એમ થા. આહાહા..! સમજાણું કાંઈ? ભિન્ન **'पार्श्ववर्ती'** જોડે છે ને? એ પાડોશી જેમ હોય ને પાડોશી? એમ આ શરીર પાડોશી **'पार्श्ववर्ती'** ભિન્ન છે. આહાહા..! ભગવાન અંદર અરૂપી ચૈતન્યઘન ભિન્ન છે અને આ પાડોશી તરીકે જોડે ચીજ **'पार्श्ववर्ती'** છે. આહાહા..! એનાથી ભિન્નરૂપ થા. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે અનાદિકાળથી જીવદ્રવ્ય (શરીર સાથે) એકસંસ્કારરૂપ થઈને ચાલ્યું આવે છે, તેથી જીવને આમ કહીને પ્રતિબોધવામાં આવે છે કે હે જીવ! આ જેટલા શરીરાદિ પર્યાયો છે...'** શરીરાદિ એટલે પુણ્ય-પાપ બધું. **'તે બધા પુદ્‌ગલકર્મના છે, તારા નથી;...'** આહાહા..! આ શરીર માટી પુદ્‌ગલનું, જડનું છે. વાણી જડની છે. અંદર પુણ્ય-પાપના ભાવ પણ અચેતન રાગના કર્મના સંબંધે ઉપાધિ છે. એ તારા છે નહિ. આહાહા..! **'પુદ્‌ગલકર્મના છે, તારા નથી; તેથી આ પર્યાયોથી પોતાને ભિન્ન જાણ.'** આહાહા..! **'ભિન્ન જાણીને થોડોક કાળ શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** આહાહા..! પહેલું તો રાગ અને શરીરાદિ પર છે એમ ભિન્ન જાણી અને પછી આત્માનો અનુભવ કર. આહાહા..! એકલું જાણ્યું હોય, જાણવામાં આવ્યું હોય એથી કાંઈ ભિન્ન ન થઈ જાય. આહાહા..!

**'શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે અનુભવ પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** આહાહા..! આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આનંદસ્વરૂપ છે તેનો પ્રત્યક્ષપણે આનંદનો સ્વાદ લે. આહાહા..! એનું નામ ધર્મ અને સમકિત છે. આવી વાતું આકરી છે, બાપુ! આહાહા..! **'ભિન્ન જાણીને થોડોક કાળ...' 'मुहूर्तम्' 'मुहूर्तम्'** એમ. થોડોક કાળ. **मुहूर्तम्** શબ્દ વાપર્યો છે, આખું મુહૂર્ત એને હોતું નથી. ખરેખર તો એક સમયમાત્રમાં તે ભિન્ન પડી જાય છે. પણ અનુભવમાં આવતા એને ઉપયોગમાં અંતર્મૂહુર્ત લાગે. એટલે મુહૂર્ત શબ્દ વાપર્યો છે. એનો અર્થ પછી **'થોડોક કાળ...'** એમ કર્યું. આખુ મૂહુર્ત તો ૪૮ મિનિટમાં એક સમય ઓછો એને અંતર્મુહૂર્ત કહે. અંતર મુહૂર્ત–મુહૂર્તથી અંતર. મુહુર્ત બે ઘડીનું હોય એવા ચાર ઘડીનું. એમાંથી એક સમય ઓછો. આહાહા..! બે ઘડીની અંદર. બે ઘડી.

**'શરીરથી ભિન્ન ચેતનદ્રવ્યરૂપે પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** આહાહા..! એ ચૈતન્ય-ચૈતન્યરસ આનંદ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો એ ઈશ્વર છે. એને પ્રત્યક્ષપણે રાગ અને નિમિત્તની અપેક્ષા વિના દેવ-ગુરુ ને શાસ્ત્રની ભક્તિ અને એની વાણીની અપેક્ષા વિના. એક ક્ષણમાત્ર પણ આત્માના આનંદનો સ્વાદ લે. આહાહા..! પ્રત્યક્ષપણે. અનુભવની વ્યાખ્યા કરી. **'પ્રત્યક્ષપણે આસ્વાદ કર.'** આહાહા..!

સમ્યગ્દર્શન છે એને પ્રત્યક્ષ લાગુ નથી પડતું. સમ્યગ્દર્શન છે એ તો પ્રતીતિરૂપ છે. પણ એનો અનુભવ કરવો એ પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષપણું એ સમકિત છે એને પ્રત્યક્ષપણું-પરોક્ષપણું લાગુ નથી પડતું. પણ સમ્યગ્દર્શનમાં જે ત્રિકાળી અનુભવ થયો એની પ્રતીતિ થઈ, એ પ્રતીતિ થઈ કોની? કે જે આનંદ સ્વભાવ લીધો તેની. એટલે અહીંયાં પ્રત્યક્ષ આનંદસ્વભાવ, એ આનંદના સ્વભાવની અપેક્ષાએ પ્રત્યક્ષ કહ્યું છે. સમકિતની અપેક્ષાએ પ્રત્યક્ષ નહિ. પણ એ પ્રત્યક્ષ આનંદનો સ્વાદ છે તેમાં પ્રતીતિ છે. એ સમ્યગ્દર્શન છે. આહાહા..! પ્રત્યક્ષ શબ્દ સમકિતને ન લાગુ પડે, એમ કહેવું છે. એ આપણે 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે ને?

મુમુક્ષુ :– એ તો એકલા જ્ઞાનને જ લાગુ પડે.

ઉત્તર :– જ્ઞાનને પ્રત્યક્ષ અને પરોક્ષ લાગુ પડે છે. અને અહીં આનંદને પણ લાગુ પડે છે. આનંદ વેદતા પરની અપેક્ષા નથી. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન, એના આનંદનો સ્વાદ એ કાંઈ પરોક્ષ નથી. પોતે જ કરે છે માટે પ્રત્યક્ષ છે. આહાહા..! અને જ્ઞાન પણ એને પરની અપેક્ષા વિનાનું અનુભવનું જ્ઞાન એ પણ પ્રત્યક્ષ થઈ ગયું છે. મતિ-શ્રુત. સમકિત છે એ આ વસ્તુની પ્રતીતિ છે. એ ભલે પ્રત્યક્ષ કે પરોક્ષ એનો ભેદ ન પડે. પણ વસ્તુનો અનુભવ છે તેને પ્રત્યક્ષપણું લાગુ પડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'ટોડરમલ'માં આવે છે. એ પ્રશ્ન કર્યો કે, ભાઈ! નિશ્ચય સમકિત એ પ્રત્યક્ષ છે અને વ્યવહાર સમકિત પરોક્ષ છે એવો પ્રશ્ન કર્યો છે. 'ટોડરમલ'ને એના મિત્રોએ. ભાઈ! પ્રત્યક્ષ અને પરોક્ષ સમકિતના ભેદ નથી. પ્રત્યક્ષ અને પરોક્ષ તો જ્ઞાનના ભેદ છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે. માણસને અભ્યાસ નહિ અને માંડ કલાક-બે કલાક મળે તો બીજે રસ્તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચડી ગયા. તત્ત્વ શું છે એને જાણવાની દરકાર ન મળે. આહાહા..! અરે..! જીવન ચાલ્યા જાય છે અને કેટલાકને પૂર્ણ થવાની તૈયારી છે. આહાહા..! એ પહેલા આત્મા રાગથી ભિન્ન... આહાહા..! એક ક્ષણમાત્ર તો અનુભવ કર, કહે છે. આહાહા..! તારા સંસારનો અંત આવી જશે. સમજાણું કાંઈ?

ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ! એની સન્મુખ થઈને તેનું વેદન (થાય) તેને અહીંયાં પ્રત્યક્ષ વેદન કહેવામાં આવે છે. રાગ અને દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ વિમુખ થઈને સ્વરૂપની સન્મુખ થઈને... આહાહા..! દિશાને ફેરવી નાખ. તારી દશા જે શુભાશુભ રાગની (છે), એ પર ઉપર એની દિશા છે. અને આ અનુભવની દશાની દિશા સ્વ ઉપર છે. આહાહા..! હજી આ શું છે એનું જ્ઞાન પણ ન મળે, એને આ અનુભવ અને પ્રતીતિ કે દિ' થાય? એમ જિંદગી ચાલી જાય, બાપા! આહાહા..! અનંત કાળે મળેલો મનુષ્યદેહ, એ તો આંખો મિંચાઈને ચાલ્યો જશે. જાવ. આહાહા..! પ્રભુ! એકવાર તું તારી સંભાળ કરને, એમ કહે છે. તેં પરની સંભાળ કરવામાં બહુ કાળજી રાખી. એય..! 'પોપટભાઈ'! આહાહા..! પણ તેં તારી સંભાળમાં કોઈ દિ' કાળજી કરી નહિ, હોં! આહાહા..! એ અહીં કહે છે, એકવાર અનુભવ તો કર, પ્રભુ! આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે શરીર તો અચેતન છે, વિનશ્વર છે, શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે...'** કે નહિ? આ શરીર છે એ તો જડ છે. હવે એનાથી જુદી કોઈ ચીજ અંદર છે કે નહિ? અનુમાનથી સિદ્ધ કરે છે, કે આ તો માટી છે, અજીવ, ધૂળ છે. તો આત્મા કોઈ એનાથી જુદી ચીજ અંદર છે કે નહિ? કે શરીરરૂપ જ આત્મા છે? આહાહા..! **'શરીરથી ભિન્ન કોઈ તો પુરુષ (આત્મા) છે...'** કે નહિ? પુરુષ એટલે આત્મા. **'એવું જાણપણું–એવી પ્રતીતિ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે,...'** આહાહા..! શરીરથી આત્મા જુદો છે. કારણ કે આ અજીવ છે અને ઓલું... એવું જાણપણું તો અજ્ઞાનીને પણ હોય છે કહે છે. આહાહા..! આ તો એવા ઠેકાણા પણ હજી એને ન મળે. આહાહા..!

**'એવું જાણપણું–એવી પ્રતીતિ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે, પરતું સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી.'** એનાથી આત્માની સાધ્યસિદ્ધિ થાય એવું કાંઈ નથી. આહાહા..! શાસ્ત્રથી જાણ્યું, વાંચ્યું, ખ્યાલમાં આવ્યું, કે આ શરીર જુદું, આત્મા જુદો. તેથી શું? આહાહા..! **'જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે...'** જોયું? ભગવાનઆત્મા દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે પ્રગટ દશા. એ ત્રણેનો જ્યારે પ્રત્યક્ષપણે સ્વાદ આવે છે... આહાહા..! **'ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે,...'** આહાહા..! ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. લુગડા ફેરવ્યા અને નગ્નપણું લીધું માટે ચારિત્ર છે. એ નહિ. આહાહા..!

**'જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે...'** જેવી ચીજ છે તેવું તેને પરની અપેક્ષા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વિના જ્ઞાનમાં **'પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે,...'** આહાહા..! અને ત્યારે તેને સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ છે. એને કર્મનો નાશ થાય છે. અજ્ઞાનીને જ્યાં સુધી હજી આત્માના પરથી ભિન્ન અનુભવની ખબર નથી એને કર્મ નાશ થાય એવું ત્રણકાળમાં બનતું નથી. એ આત્માનો અનુભવ કરે, એકલું જાણપણું નહીં. આહાહા..! ભિન્ન છે તે તો અજ્ઞાની પણ માનતા નથી? આસ્તિક જેવા બધાય કે ભાઈ શરીરથી આત્મા જુદો છે. પણ શરીરથી જુદો પ્રત્યક્ષ વેદે અનુભવે ત્યારે તે સાચું જ્ઞાન કહેવાય, તેનું કલ્યાણ થાય ને તેના કર્મ ક્ષય નાશ થાય લ્યો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ સુદ ૧૪, ગુરુવાર તા.૩૦.૦૬.૧૯૭૭**
**કળશ - ૨૩, પ્રવચન - ૩૦**

**'એવું જાણપણું–એવી પ્રતીતિ મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે,...'** અનંતવાર અગિયાર અંગ ભણ્યો છે એમાં એ વાત આવી ગઈ. એને ખ્યાલ છે. **'એવું જાણપણું—એવી પ્રતીતિ...'** કે શરીરથી કોઈ જુદી ચીજ છે એટલું. **'પરંતુ સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી.'** એમાં કાંઈ પોતાને કાંઈ દાળિયા થાય–કાર્યસિદ્ધિ થાય–એમ છે નહિ. આહાહા..! **'જ્યારે જીવદ્રવ્યનો...'** ભગવાનઆત્મા જીવવસ્તુ... એ આગળ કહેશે. 'જિનવર્ણન કછુ ઔર હૈ. જિનવર્ણન નહિ શરીર કો, જિન હૈ ચૈતન્યમાંહિ' શરીરનું આ વર્ણન આદિ છે એ તો જડનું છે. જિનપદ તો ચૈતન્યમાં, ચૈતન્ય વસ્તુ છે તેમાં જિનપદ છે. 'જિનવર્ણન કછુ ઔર હૈ, એ જિનવર્ણન નહિ.' શરીર, વાણી એ બધું જિનનું વર્ણન નથી. કહે છે. આહાહા..! 'જિનપદ નાંહિ શરીર કો.' શરીરની સ્થિતિ એ કાંઈ જિનપદ છે? એનાથી ભિન્ન જાણ્યું, જ્ઞાનમાં આવ્યું. એથી કરીને વસ્તુ અનુભવમાં ન આવી. આહાહા..! જિનપદ તો ચૈતન્યસ્વરૂપ ભગવાન, એ વીતરાગસ્વરૂપ, જિનસ્વરૂપ આત્મા, એનો પ્રત્યક્ષ સ્વાદ આવવો જોઈએ એમ કહે છે. આહાહા..!

**'જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે...'** આહાહા..! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ રાગ છે. એ પણ કાંઈ સમ્યગ્દર્શનનું કારણ નથી. આહાહા..! સમ્યગ્દર્શનનું કારણ તો શુદ્ધ ચૈતન્ય જિનપદ ચૈતન્ય સ્વરૂપ, એનો અનુભવ કરીને પ્રતીત કરવી એ જૈનદર્શનનું સમકિત છે. આહાહા..! શું કહે છે? કે આ શરીર જે છે, એ તો જડ છે, નાશવાન છે. અને ચૈતન્ય જે છે એ તો શરીરથી તદ્દન ભિન્ન ચીજ છે. છે અંદર? **'જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે...'** આહાહા..! આમ શરીરથી જીવ જુદો એટલું જ્ઞાન કર્યું, એ કોઈ ચીજ નથી. આહાહા..! એ તો અનંતવાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવું જાણપણું તો કર્યું છે, કે આ જડથી ભગવાન અંદર ચૈતન્ય જુદો (છે), પણ એનો અનુભવ કર્યો નથી. ત્યાં સુધી બધું મફત છે, કાંઈ નથી. આહાહા..! એ કહે છે.

**'સાધ્યસિદ્ધિ તો કાંઈ નથી.'** શરીરથી જુદો છે એમ જાણ્યું, ખ્યાલમાં આવ્યું. તેથી કાંઈ કાર્યસિદ્ધિ નથી. આહાહા..! **'જ્યારે જીવદ્રવ્યનો દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે...'** આહાહા..! એ ચૈતન્યસ્વભાવ ભગવાન, શુદ્ધ આનંદકંદ એવી જે ચીજ આત્મા, અને એની શક્તિ ગુણ એટલે આનંદ આદિ અને એની પર્યાયમાં વર્તમાનમાં... આહાહા..! ઝીણી વાતું બહુ, પ્રભુ! અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્મા છે, સુખનો સાગર છે, સચ્ચિદાનંદ છે, સત્ ચિદ્ આનંદ. સત્ છે ત્રિકાળ, ચિદ્–જ્ઞાન, આનંદ–સુખ. એ ત્રિકાળ સચ્ચિદાનંદ એની ચીજ છે. આહાહા..! એનો અનુભવ થવો. આહાહા..! છે? એનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે. આહાહા..!

એ શરીર, વાણી, મનથી ભિન્ન પડી અને દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ વૃત્તિ ઊઠે છે એ રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ વૃત્તિઓ તો પાપરાગ છે. પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ આદિ... આહાહા..! એ પણ એક વિકલ્પ, વૃત્તિનું ઉત્થાન રાગ છે. વૃત્તિ ઊઠે છે. એ સ્વરૂપ નથી. સ્વરૂપ તો ચૈતન્યસ્વરૂપ આનંદ, એનું એને જ્યારે સ્વસન્મુખ થઈને, એના આનંદનો સ્વભાવ જે સચ્ચિદાનંદ છે, એ આનંદનો સ્વાદ વેદનમાં આવે ત્યારે આત્મા જાણ્યો અને આત્મા અનુભવ્યો કહેવાય. આહાહા..! આવી વાત છે. આમ કહ્યું હતું ને તે દિ'? 'નરસિંહ મહેતા'એ કહ્યું ને? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી. શું કર્યું તીર્થ અને તપ કરવાથી?' આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! એના આનંદનું સ્વરૂપ સુખરૂપ છે. એ અતીન્દ્રિય અનાકુળ આનંદકંદ છે. કાલે કહ્યું હતું ને? કે જેમ શક્કરકંદ છે. શક્કરિયું. અધશેર, પોણોશેર. એ શક્કરકંદની છાલ લાલ છે, એ સિવાય જુઓ તો શક્કરકંદ છે. શક્કરકંદ એટલે? સાકરની મીઠાશનો પિંડ છે. એ છાલ લક્ષમાં ન લેવી. તો એ તો શક્કરકંદ છે. સાકરની મીઠાશનો પિંડ છે.

એમ ભગવાનઆત્મા... આહાહા..! શરીર તો જડ ઉપરના છાલા છે, પણ અંદર પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ આદિનો ભાવ (થાય), એ બધા ઉપરના લાલ છાલા છે. એ છાલાની પાછળ જે ભગવાન પોતે છે એ આનંદનો કંદ છે. જેમ ઓલો શક્કરકંદ છે, સાકરનો પિંડ છે. એમ આ એકલો અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે. આહાહા..! સાંભળવા મળે નહિ. એ ક્યારે આ વિચારે અને ક્યારે કરે? પ્રભુ! આ તો માર્ગ એવો છે, બાપા! આવું મનુષ્યપણું મળ્યું, એમાં જન્મ-મરણ રહિતનો માર્ગ તો આ છે. એ ન કર્યું તો એણે કાંઈ કર્યું નથી. એ પાછા ચોરાશી લાખના ભવાબ્ધિ. ભવરૂપી અબ્ધિ–દરિયો. ક્યાંય ચોરાશીના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અવતારમાં જન્મશે, રખડશે. આહાહા..!

અહીં કહે છે, 'શરીર વર્ણન કહ્યુ ઔર હૈ, એ જિનપદ નહિ.' આત્મા જિન વીતરાગી સ્વરૂપ જ છે. એ આનંદથી જુઓ તો આનંદસ્વરૂપ છે, અકષાય સ્વભાવથી લ્યો તો વીતરાગસ્વરૂપ છે, જ્ઞાનથી લ્યો તો જ્ઞાનસ્વરૂપ છે, શાંતિથી લ્યો તો શાંતિસ્વરૂપ છે. પોતાની અનંત શક્તિઓની ઈશ્વરતા અને પ્રભુતાથી લ્યો તો તે ઈશ્વરસ્વરૂપ છે. આહાહા..! કેરીને રંગથી જુઓ તો લીલા રંગની કે પીળા રંગની છે. એને ગંધથી જુઓ તો સુગંધ છે, રસથી જુઓ તો મીઠાશ છે. કેરી. અને સ્પર્શથી જુઓ તો સુંવાળી. પણ એ વસ્તુ તો એની એ છે. આહાહા..! એમ આ ભગવાનઆત્મા જ્ઞાનથી એને જુઓ તો જ્ઞાનમય ચીજ છે. જાણવું... જાણવું... જાણવું... જ્ઞાતા ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞાસ્વરૂપ છે. બ્રહ્મ નામ આનંદથી જુઓ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. આહાહા..! અરે..! એવો આત્મા એણે સાંભળ્યો નથી. આહાહા..! એને જાણ્યા વિના એની સન્મુખ કેમ થઈ શકશે? આહાહા..!

કહે છે, વસ્તુ છે એ જ્ઞાન અને આનંદ, શાંતિ અને સ્વચ્છતા, પ્રભુતાનો પિંડ છે. આહાહા..! એનો વર્તમાનમાં પરથી, રાગથી, નિમિત્તથી ભિન્ન પડી, પરથી વિમુખ થઈ અને સ્વરૂપની સન્મુખ થઈ (અનુભવ કરવો). આહાહા..! આવી વિધિ છે. આહાહા..! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે, એની સન્મુખ થઈ અને આનંદનો સ્વાદ લે, ત્યારે તેને આત્મજ્ઞાન અને આત્મધર્મ થયો કહેવાય છે. સમજાણું કાંઈ? બાકી બધી સમજવા જેવી વાતું. અત્યારે તો વાડામાં તો મારી નાખ્યા. આ ક્રિયા કરો... આ ક્રિયા કરો.. એનાથી કલ્યાણ થશે, એ તો બધી રાગની ક્રિયાઓ છે, ભાઈ! તીર્થ અને પૂજા, ભક્તિ અને જાત્રા, વ્રત અને નિયમ અને અપવાસ એ બધી વિકલ્પની વૃત્તિ છે, એ તો રાગ છે. એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. તેમ એનાથી જીવને લાભ થાય એમ છે નહિ. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે,...'** ત્યારે તેની સાચી દૃષ્ટિ, સાચું જ્ઞાન અને સાચી અંદર રમણતા થઈ છે. આનંદના નાથની પ્રતીતિ, સ્વાદ લઈને આનંદના નાથનું જ્ઞાન, આનંદનો સ્વાદ લઈને અને આનંદસ્વરૂપમાં રમણતા, એનું નામ ચારિત્ર છે. આ લોકો ચારિત્રની વ્યાખ્યા ક્યાંયની ક્યાંય કરે. આહાહા..! છે? એ **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે,...'** આહાહા..! એ આત્મા વસ્તુ છે એનો અનુભવ કરતાં, એ આનંદસ્વરૂપ છે, તેનું વર્તમાનમાં વેદન કરતાં, એની પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન, એનું જ્ઞાન, એનું નામ સમ્યગ્જ્ઞાન, એ આનંદમાં રમવું એનું નામ ચારિત્ર. આહાહા..! દુનિયાથી જુદી જાત છે, બાપુ! સમજાણું કાંઈ? આહાહા..!

હવે કહે છે, **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ પણ છે.'** જેણે આત્માના આનંદનો સ્વાદ લઈને અનુભવ્યો, એને ધર્મ છે, એને મોક્ષમાર્ગ છે અને એને હવે બધા કર્મનો નાશ થઈને મોક્ષ થશે. સમજાણું કાંઈ? કહો, 'કાંતિભાઈ'! ઓહો..! આવી વાતું છે. એ પ્લેનમાં ઉપરી હતા.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્લેનમાં. બ્રહ્મચારી છે. પંદરસોનો પગાર છોડી દીધો. બે વર્ષથી ધંધો છોડી દીધો. બાળ બ્રહ્મચારી. માસિક પંદરસોનો પગાર છે. અરે..! ધૂળમાં શું હતું? આહાહા..!

અહીં પ્રભુ અંદર બિરાજે છે ને નાથ! તારી સત્તા શુદ્ધ અને આનંદની સત્તા છે. એટલે કે તારું હોવાપણું અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી તારું હોવાપણું છે. આહાહા..! એ પુણ્ય-પાપના વિકલ્પો અને રાગ છે એથી તારી હયાતી નથી, એ તો વિકાર છે. આહાહા..! આ તો માટી જડ છે. એને અને એને તો કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ?

અહીં હવે વિશેષ લે છે, કે **'કેવો છે અનુભવશીલ જીવ?'** કેવો છે અનુભવશીલ જીવ? **'तत्त्वकौतूहली सन्'** એ **'શુદ્ધ ચૈતન્યવસ્તુના...'** **'कौतूहली सन्'** આહાહા..! જુઓ! હવે શું કહે છે? જે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે એનો કૌતુહલી છે ધર્મી. કૌતુહલી એટલે અંદર જોવા માગે છે. કુતુહલ થાય છે ને? આહાહા..! જેમ રાણી આદિ પડદામાં હોય અને પડદો તોડીને બહાર નીકળે. 'ભાવનગર'ના રાણીને એમ હતું ને? શું કહેવાય? ઓઝલ-ઓઝલ. અંદર ઓઝલ હોય, એમાંથી બહાર નીકળે તો લોકોને કુતુહલ થાય. રાણી સાહેબ નીકળ્યા... રાણી સાહેબ નીકળ્યા... 'ભાવનગર'ના રાણીને એમ હતું. 'ભાવનગર'ના રાણી. એકવાર ઓઝલ તોડીને બહાર નીકળ્યા. લોકો જોવા જાય, એને કુતૂહલ થાય. એમ પ્રભુ આ ચૈતન્ય છે એને જોવા માટે કુતુહલ તો કર. બીજા જોવાને તેં મહેનતું કરી નાથ પણ તને તેં જોવાનો પ્રયત્ન અને કુતુહલતા ન કરી. આહાહા..! કહો, 'રજનીભાઈ'! આવી વાતું છે, બાપા!

**'कौतूहली सन्'** એકવાર કુતુહલ તો કર. પણ આ અંદર ચીજ શું છે? આ આત્મા-આત્મા કરે છે. સંતો કહે છે, જગત કહે છે, હું પણ કહું છું. આહાહા..! તો જોનારો-જોનારો જાણનારો છે કોણ? આને જાણે છે કે શરીર છે, આ છે, તે છે, ધૂળ છે, પૈસા છે. પણ એ જાણનારો કોણ છે? આ સમજાય છે ને? ભાષા તો સાદી છે. વસ્તુ તો ભલે જેમ છે એમ છે. આહાહા..! એ જાણનારને તેં જાણ્યો નહિ, પ્રભુ! જાણનાર બીજાને જાણવા રોકાઈ ગયો. આહાહા..! પ્રભુ! પોતે ચૈતન્યમય જિનપદ વીતરાગમૂર્તિ પ્રભુ. એને ધર્મીજીવ અનુભવશીલ એટલે આનંદના અનુભવના સ્વભાવવાળો જીવ **'कौतूहली सन्'** અંદરમાં કુતુહલ કરવા, અંદર જોવા જાય છે. પણ આ છે શું? સમજાણું કાંઈ?

આ જાણનારની ભૂમિકામાં જણાય છે આ. પણ જાણનારની ભૂમિકામાં જણાનારો, જાણનારો જણાતો નથી કેમ? ન્યાય સમજાય છે કાંઈ? લોજિકથી તો વાત ચાલે છે. આહાહા..! જેના હોવાપણામાં આ હોવાપણું, આ શરીર, આ લક્ષ્મી, આ બાયડી, આ છોકરા આદિ એવું જેની હોવાપણાની ભૂમિકામાં જણાય છે, એ ભૂમિકાનો ધરનાર છે કોણ પણ? આહાહા..! આ જાણનારો જણાય કેમ? જાણનારો પરને જાણે ત્યાં રોકાઈ ગયો? એમાં કાંઈ દાળિયા ન થયા. આહાહા..! 'રતિભાઈ'! આવી વાત છે.

**'कौतूहली सन्'** કુતુહલ કરે કે આ શું છે પણ આ? સમજાય છે? જેમ હીરા-માણેકને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જોવા માટે ટગ-ટગ કરે છે ને? લાખો-કરોડોના હીરા હોય ને? શું છે આ ચકમક ચકમક..? એમ આ ચૈતન્ય હીરો. એ તો બધા ધૂળના હીરા. ચૈતન્યહીરો જેની મોજૂદગી, જેનું અસ્તિત્વ હયાતીપણું છે કેવું? આ કોણ છે? આહાહા..! એમ ધર્મીજીવ પોતાના સ્વરૂપને જોવાને કુતુહલ કરે છે. ઉત્સાહ ને હોંશ કરીને અંદર સ્વરૂપને જોવા જાય છે. ઝીણી વાત, ભગવાન! શું થાય? અમે તો બધી દુનિયાને જાણી છે ને? આહાહા..! આ શરીરને ૮૮ વર્ષ થયા. આહાહા..! એ બધું જાણ્યું દુનિયામાં. આ ચીજ શું છે? એની પ્રરૂપણા કથન શૈલી ઘટી ગઈ. આ ચીજ અંદર જે છે એ અવિનાશી છે ને? નવી ઉત્પન્ન થયેલ છે? એ ચીજ આત્મા નવો ઉત્પન્ન થયો છે? એ તો છે. છે. છે અનાદિ, છે વર્તમાન, છે ભવિષ્ય. એ તો અનાદિઅનંત વસ્તુ છે. આહાહા..! એ ચૈતન્યને જોવાને ધર્મી કુતૂહલ થાય છે કહે છે. આ રાગને અને નાટકને ને બીજાને જોવા લોકો કુતુહલ કરે છે. આહા! એ તો પરનું જાણવું, પાપનું જાણવું છે. એમાં આત્માને દુઃખનું કારણ એ તો.

**‘कौतूहली सन्’** આહાહા..! **‘એવો થયો થકો. વળી કેવો થઈને કોઈપણ પ્રકારે–કોઈપણ ઉપાયે, मृत्वा મરીને પણ,...’** એટલે? મરીને કાંઈ પછી... પણ મરણ સુધીનું કષ્ટ આવે તોપણ સ્વને જોવામાં તું અંદર જા. આહાહા..! છે? ભાઈ! ડૉક્ટર! **‘મરીને પણ,...’** મરીનેનો અર્થ આ. કે કદાચિત શરીરને છૂટવાનો પ્રસંગ આવે, એટલું કષ્ટ આવે તોપણ અંદર જોવાને મનમંથન કર. આહાહા..! મરીને પછી ક્યાં... સમજાણું કાંઈ? એ **‘मृत्वा’**ના ત્રણ અર્થ છે. એક **‘मृत्वा’** નો અર્થ ચ્યુત કર્યો છે. વિકારથી ચ્યુત, ભ્રષ્ટ થઈ અને સ્વરૂપને જો. પુણ્ય-પાપના વિકલ્પથી ચ્યુત થઈને જો. અને બીજું એક મરીને પણ જો. એટલે કે મરણ સુધીનું કષ્ટ આવે તોપણ અંદર જોવાનો પ્રયત્ન કર. આટલું કષ્ટ આવે કદાચ દેહ છૂટવાનો પ્રસંગ આવી જાય, પણ અંદર ચૈતન્ય ભગવાનને જોવાને પ્રયત્ન કર તું. આહાહા..! આનંદનો નાથ અંદર બિરાજે છે, સચ્ચિદાનંદ પ્રભુ છે. એ પોતે ઈશ્વરસ્વરૂપ છે. આહાહા..! બીજાને ઈશ્વર માને પણ પોતે છે. માનનારો પોતે ઈશ્વર છે. એને જોવાને **‘મરીને પણ,...’** એટલે કે મરતા સુધીનું કષ્ટ આવીને પણ. એમ. આ તો અધ્યાત્મ વાત છે. આ કાંઈ વાર્તા નથી કે એક શબ્દમાં પૂરું પડે. આ તો એક એક શબ્દે ભાવ ભર્યા છે.

**‘શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર.’** આહાહા..! શુદ્ધ ચૈતન્યવસ્તુ, ભગવાન! આહાહા..! આપણે ઘણીવાર નાળિયેરનો દાખલો આપી છીએ ને? નાળિયેરમાં ઉપલા છાલા હોય છે ને? એ કાંઈ નાળિયેર નથી. તેમ અંદર કાચલી છે. એ કાંઈ નાળિયેર નથી. જેમ કાચલી કોરની લાલ છાલ. બાઈયું ટોપરાપાક કરે ત્યારે ઓલી લાલ છાલ કાઢી નાખે છે. એ ઝીણી લાલ છાલ હોય છે. એ કાંઈ ટોપરું નથી. ટોપરું તો લાલ છાલની પાછળ ધોળો અને મીઠો ગોળો તે શ્રીફળ છે.

એમ ભગવાનઆત્મા આ શરીર છે એ તો ઉપરના છાલા છે. અને અંદર પુણ્ય-પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવથી બંધાયેલું કર્મ, ધૂળ પડી છે કે જેના પાકથી આ પૈસા મળી કે દરિદ્રતા થાય. એ કર્મ કાચલી જેવી જડ ચીજ છે. અને પુણ્ય અને પાપના વિકલ્પો છે એ કાચલી કોરની અંદરની લાલ છાલ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, માન, માયા એ બધી લાલ છાલ છે. આહાહા..! એ લાલ છાલની પાછળ જેમ ગોળો મીઠો ધોળો છે, એમ પ્રભુ! મીઠો એટલે આનંદ અને ધોળો એટલે શુદ્ધ. શુદ્ધ આનંદકંદ ગોળો અંદર છે. અરે..! આહાહા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એટલે શું? સમજાય જાય તો તો ન્યાલ થઈ જાય. પણ કઈ પદ્ધતિથી એ વાત ચાલે છે એની ગંધ આવે છે? એનું નામ સમજાય છે કાંઈ? આહાહા..!

**'શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર. ભાવાર્થ આમ છે કે શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે,...'** એક જરી વાત કીધી. **'યત્નસાધ્ય તો નથી,...'** એટલે કે એકલો પુરુષાર્થ જ કરું. એની સાથે આત્માના સ્વભાવની બધી શક્તિઓના સંગ્રહની પ્રતીતિ આવવી જોઈએ. એકલા પુરુષાર્થથી એમ નહિ. અહીં આમ લેવું. અનંતગુણનો પિંડ, પ્રભુ એકલા વીર્યથી નહિ. એને અનંતગુણની દશાથી તે પ્રાપ્ત થાય એવો છે. સમજાણું કાંઈ? એમાં કહેનારનો આશય તો બીજો છે. સ્વભાવિક વસ્તુ સહજાત્મસ્વરૂપ. સહજાત્મસ્વરૂપ, સહજસ્વરૂપ છે. અને પોતાના સ્વભાવથી જ પ્રાપ્ત થાય એવી છે. એને કોઈ પરની મદદ અને સહાયની જરૂર નથી. એવી એ ચીજ છે. આહાહા..! આનંદનો કંદ છે, ચૈતન્યનો પિંડ છે, શુદ્ધતાનો સાગર છે. આહાહા..! પોતાની નિર્મળ શક્તિનું ગોદામ છે. પોતાની શક્તિનો સંગ્રહાલય છે. સંગ્રહનો આલય-સ્થાન. અને સ્વભાવનો તો સાગર છે. અંદર દરિયો છે. આ ભવાબ્ધિ જેમ સિંધુ દરિયો ચોરાશીનો અવતાર છે એ ભવસિંધુ. ભગવાન તો આનંદસિંધું છે. કહો, 'રતિભાઈ'! આવું તમારે ત્યાં હેડ માસ્તરમાં ક્યાંય આવ્યું ન હોય. આહાહા..!

બાપુ! તેં તારી ચીજને ભાઈ! ઓળખી નથી. અપૂર્વ વાત છે, બાપા! ચોરાશીના અવતાર કરતા કરતા અનંતકાળ વીત્યો. વસ્તુ તો અનાદિની છે. રહ્યો ક્યાં? આ ભવભ્રમણમાં રખડતો રહ્યો છે. આ પહેલા... આ પહેલા... આ પહેલા... આ પહેલા... આ પહેલા... ભવ.. ભવ... ભવ... ભવ જ ભવ છે. ક્યાંય ભવનો અભાવ છે એવું છે નહિ. આહાહા..! તો પ્રભુ! તેં એવા અનંત ભવ કર્યા ને. આહાહા..! એ તારી ચીજના ભાન અને અનુભવ વિના. એ માટે કહે છે એકવાર સ્વરૂપ તરફનો અનુભવ, અનંતી નિર્મળ પર્યાય દ્વારા અંતર જો. આહાહા..! એ 'પંચાધ્યાયી'માં આવે છે. એકલા પુરુષાર્થથી નહિ. એવું આવે છે, ભાઈ! 'પંચાધ્યાયી'માં આવે છે. એટલે એ અહીં લાગુ પાડ્યું. એકલો પુરુષાર્થ, વીર્ય એકલું, એક જ ગુણ નહિ. એમાં અનંતશક્તિ છે, અનંતગુણ છે. એ અનંતગુણની પર્યાય વર્તમાન દશા એ દ્વારા એ જણાય એવો છે. સમજાણું કાંઈ? કહો, 'હિંમતભાઈ'! આ યત્નસાધ્ય નથી ત્યાં પંચાધ્યાયી'માં આવે છે. આહાહા..! તે દિ' અર્થ વાંચતા હતા ત્યારે કર્યો હતો.

એક જ વીર્ય, એક જ શક્તિ કામ કરે એ નહિ. એની અનંતશક્તિ છે. જ્ઞાન, દર્શન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ એવી અનંત શક્તિઓનો સાગર. એ અનંતશક્તિ કહો, સ્વભાવ કહો કે ગુણ કહો કે સત્વ કહો. એ સત્‌નું સત્ત્વ. વસ્તુ સત્‌ છે તેનું સત્ત્વ, સત્‌પણું. જે શક્તિઓ આનંદ આદિ છે. એ અનંતગુણનો પિંડ પ્રભુ છે. આહાહા..! એને એકલી વીર્યની પર્યાયથી જ ન જાણવો. એને અનંતગુણની પર્યાયથી અંદર વાળીને જાણવો. આહાહા..! આવું હજી પહેલીવાર સાંભળ્યું હોય. અરે..રે..! નાથ! તારો મારગડો જુદો છે, ભાઈ! જન્મ-જરા, મરણ રહિત થવાનો ઉપાય આ છે. બાકી બધા થોથા છે. એ ભક્તિ કરે, પૂજા કરે, લાખો-કરોડોના દાન કરે, એમાં શુભભાવની કદાચિત્‌ રાગની મંદતા કરે. તો એને શેઠાઈ-બેઠાઈ મળે. આ પૈસાના-ધૂળના ધણી થાય છે ને? પણ એમાં કાંઈ ધર્મ ન થાય. આહાહા..! ધર્મ તો આ છે. વસ્તુ સ્વભાવ એ ધર્મ. વસ્તુ છે તેનો ત્રિકાળ આનંદ આદિ જે સ્વભાવ, એને શ્રદ્ધા-જ્ઞાનમાં લઈને આસ્વાદવો એનું નામ ધર્મ છે. એના ધર્મને પર્યાયમાં ધર્મ પ્રગટ કરવો એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**‘આટલું કહીને અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે.’** એટલે? આ શુદ્ધ ચૈતન્ય તે જ આદરવા લાયક છે. ઉપાદેય, તે જ આદરવા લાયક છે એમ દૃઢ કર્યું. આહાહા..! વચમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે પણ એ આદરણીય નથી, હેય છે. છોડવા લાયક છે. આહાહા..! પાપથી બચવા એવા દયા, દાન, પૂજા, ભક્તિના ભાવ આવે. પણ એને એ હેય જાણે. આદરણીય નહિ. આહાહા..! અંતર ભગવાનઆત્મા.. છે? **‘અત્યંત ઉપાદેયપણું દૃઢ કર્યું છે.’** અત્યંત ઉપાદેય. શુદ્ધ ચૈતન્યઘન જ એ આદરણીય છે. સ્વીકારવા લાયક, સત્કાર કરવા લાયક હોય તો ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ તે આદરણીય છે. આહાહા..! અરે..રે..! આવી વાતું હવે. કલાકમાં કેટલી વાતું અજાણી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એક આનંદનો નાથ પ્રભુ તે જ આદરવા લાયક છે. દૃષ્ટિ તેની સન્મુખ કરવા જેવી છે. રાગ અને વર્તમાન દશા અને પુણ્યની દશા તરફ દૃષ્ટિ કરવા જેવી નથી. આહાહા..! જ્યાં પૂર્ણ આનંદ પડ્યો છે ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે, એ આદરવા લાયક છે. ઉપાદેય એટલે ગ્રહણ કરવાલાયક. ગ્રહણ કરવા લાયક એ પ્રભુ પૂર્ણાનંદનો નાથ તે ગ્રહણ કરવા લાયક છે. એ સિવાય કોઈ ગ્રહણ કરવા લાયક છે નહિ. આહાહા..! આ તારા જન્મ-મરણના ગાડા મરી મરીને ચોરાશી અવતાર કરી કરીને ભૂકો ઊડી ગયો. ચોરાશી લાખ યોનિ, ચોરાશી લાખ યોનિ. એમાં એક એક યોનિમાં અનંતવાર અવતર્યો છે. અનંતકાળ ગયો, ભાઈ! આહાહા..! એનો પાર લાવવો હોય તો આ ઉપાય છે. આહાહા..! ભગવાન! તારી મહિમા તો તને ખબર પડે ત્યારે આવે. એવી ચીજ છે ઇ તો. પણ શું થાય?

અત્યારે જે હિન્દુસ્તાનની આત્મવિદ્યા હતી એ બધી ગૂમ થઈ ગઈ. આ બધા બહારના ખોખા રહી ગયા. આ વકીલાતના જ્ઞાન, ડોક્ટરના જ્ઞાન, એલ.એલ.બી.ના ને વકીલાતના

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને ડોક્ટરના એમ.એ.ના બધા અજ્ઞાનના પૂંછડા. આહાહા..! એવા ખોટા રહી ગયા. આત્મતત્ત્વ અંદર જે ભગવાન આત્મવિદ્યા જોઈએ. વિદ્યમાનને વિદ્યમાન તરીકે વિદ્યામાં સ્વીકારવો, તેને વિદ્યા કહેવામાં આવે છે. આ જગતની વિદ્યા તો બધી અજ્ઞાન વિદ્યા છે. વિદ્યમાન ત્રિકાળી તત્ત્વ ભગવાન આનંદના નાથને પર્યાયમાં વર્તમાન દશામાં સ્વીકારવો તેને વિદ્યા કહેવામાં આવે છે. આહાહા..!

એકવાર 'રાજકોટ'... 'રાજકોટ'ને? જેલમાં. હા. ગુનેગારોએ એકવાર એના ઉપરીને વિનંતી કરી. મહારાજ ગામમાં છે. હું તો ઘણીવાર 'રાજકોટ' જાવ ને? ત્યાં બહુ મોટી સભા હોય. અમારે દર્શન કરવા છે. ગુનેગારો બધા, કેદીઓ. એટલે એના મોટાને 'અમદાવાદ' વિનંતી કરી. તેણે કહ્યું, ભલે મહારાજ આવતા. પણ એને બે દરવાજા હોય છે. એટલે જ્યારે આ દરવાજો ઉઘાડીને જાય ત્યારે ઓલો દરવાજો બંધ કરે. એ દરવાજા. પાછો કો'ક ત્યાંથી ભાગી ન જાય. સાત-આઠ હાથને છેટે બે દરવાજા. આ બે દરવાજો ઉઘાડે ત્યારે આ બંધ રાખે. અને જ્યારે આ બંધ કરે પછી આ ઉઘાડે. એ અંદર ગયા. બધા કેદીઓ ભેગા થયા. ઘણા કેદીઓ. એમાં એની ઉપર લખેલું, અજ્ઞાન જેવું કોઈ પાપ નથી. એની ભીંતમાં લખેલું. કે જુઓ! આહાહા..! બાપુ! આત્મા અજ્ઞાનપણે શું ન કરે? ગુના શું ન કરે? બધા ખૂન કરી નાખે. પોતાનો આપઘાત કરે. આહાહા..! એ અજ્ઞાન જેવો કોઈ દોષ નથી. સ્વરૂપના જ્ઞાન જેવો કોઈ લાભ નથી અને સ્વરૂપના અજ્ઞાન જેવો કોઈ દોષ, પાપ નથી. એ ઘણું ચાલ્યું હતું. બધા જેલરો હતા, એના જેલના મોટા ઉભા હતા. મોટું મકાન હતું. એણે બોલાવ્યા હતા ખાસ તો ગયા હતા. અમારી પાસે તો બાપુ આ છે. સાંભળતા હતા બિચારા. બધા સાંભળતા હતા. અંદર આત્મા છે ને. પણ બિચારાથી ગુનો થઈ જાય. અને બહાર નીકળે ત્યાં એક વળી ખૂની હતો. એને પછી ફાંસી દેવાની હતી. બાર મહિના પછી ફાંસી આપી દેશે. ૨૦-૨૫ વર્ષનો જુવાન હતો. એક બાયનું ખૂન કરી નાખ્યું. યુવાન છોડીનું બજારમાં ખૂન કરી નાખ્યું. આમ નીકળ્યા હતા. એને દર્શન કરવા હતા. અંદર એકલો પૂર્યો હતો. જેલરો સાથે. જેલરો બોલ્યા. આમ કાંઈ બોલ્યા એમ કે...

મુમુક્ષુ :– આવેશમાં કરી નાખ્યું...

ઉત્તર :– આવેશમાં બધું શું ન થાય? એમ કરીને. જુવાન માણસ. નક્કી થઈ ગયું કે બાર મહિના પછી એને ફાંસી દેવી. ફાંસી દઈ દીધી. પણ બિચારો દીન થઈ ગયેલો. હાય.. હાય..! ફાંસી! પછી ત્યાં પણ મને લઈ ગયા. જ્યાં ફાંસી ચડાવવાનો હતો તે જોવા. એ તો ત્યાં ને ત્યાં બેઠેલો. છોકરો બિચારો અમને પગે લાગ્યો. એમ કહે, અહીં ફાંસી દેવાની. અહીંથી માથે નાખે, આંખો બંધ કરી દઈએ, હાથ-પગ બાંધી દઈએ. ગળે મોટી ટોપી બાંધી પછી નીચે પાટિયા હોય એના ઉપર ઊભો રાખીએ. ગળે દોરડું મીણમાં ઓલું કર્યું હોય પોચું કરવા. નીચેથી પાટ્યું કાઢી નાખીએ. એટલે લટકે. પા-અડધો કલાક આમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાખે ત્યાં મરી જાય. પછી અહીંથી કાઢી લે. અહીંથી નાખીએ ને અહીંથી કાઢીએ. બે બારણા હતા. ત્યાં બધું જોયું હતું. અર..ર..ર..! આવા ભવ અવતાર. રાડ નાખે. એક જણાને તો જ્યાં અંદર લઈ ગયા ત્યાં તો તડફડ.. તડફડ...તડફડ... ધ્રુજે... ધ્રુજે... ધ્રુજે... હાય હાય. હમણા ... બાપા! આવા ભવ પણ અનંત કર્યા છે. અનંતકાળના પરિભ્રમણમાં કાળનો અંત ક્યાં છે? અનાદિ છે ને? આદિ છે? એવા અનંતભવ કર્યા. એનાથી છૂટવું હોય તો એક ઉપાય છે, બાપુ! આહાહા..! છે?

**'શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર.'** આહાહા..! **'અહીં કોઈ પ્રશ્ન કરે કે અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્યસિદ્ધિ છે?'** શું કહે છે? આત્મા આનંદસ્વરૂપનું જ્ઞાન થાય.. જ્ઞાન થાય. જાણવું થાય જ્ઞેય. એ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં આખી ચીજ જ્ઞેય થાય, જણાય. અનુભવમાં આખી ચીજ જણાય. એ તો જ્ઞાનમાં જણાય. એ તો જ્ઞાન છે. આહાહા..! **'અનુભવ તો જ્ઞાનમાત્ર છે, તેનાથી શું કાંઈ કાર્ય સિદ્ધિ છે? તે પણ ઉપદેશ દ્વારા કહે છે–'**

**'येन मूर्त्या साकम् एकत्वमोहम् झगिति त्यजसि' 'જે શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે...'** આહાહા..! ઠીક આજે પણ વહેલા આવી ગયા ઠીક થયું. પહેલેથી તે દિ' જરી મોડું થઈ ગયું હતું. આહાહા..! આખો કલાક મળે ને. **'શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે એકસંસ્કારરૂપ—'** છૂટી જશે પછી તને એ સંસ્કાર. જો તું ચૈતન્યના અનુભવ. તું જ્ઞાનાનંદ છો એની સન્મુખ થઈને અનુભવમાં જો, તો બે ઘડીની અંદર. **'मूर्त्या' 'मूर्त्या'** છે ને? **'मूर्त्या साकम्' 'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે...' 'एकत्वमोहम्' 'એકસંસ્કારરૂપ–હું દેવ છું,...'** એ સંસ્કાર છૂટી જશે. આહાહા..! છે ને? **'હું મનુષ્ય છું,...'** કોણ મનુષ્ય છે? એ તો દેહ જડ છે. **'હું તિર્યંચ (ઢોર) છું,...'** પશુ-પશુ. **'હું નારકી છું...'** નરક અંદર. આ માંસ, દારૂ ખાનારા રાજા-મહારાજા બધા હોય છે ને? એ બધાની નરકમાં પાર્લામેન્ટ ભરાય છે. નીચે નરક છે. લોજીક, યુક્તિથી બધું સિદ્ધ કરી શકીએ છીએ, હોં! બધું સિદ્ધ કરવા જઈએ તો વાર લાગે. નીચે સાત નરક છે. જઘન્યસ્થિતિ– નાની સ્થિતિ દસ હજારની છે. મોટી સ્થિતિ અસંખ્ય અબજ વર્ષની છે. આ બધા રાજા, મહારાજા, માંસ ખાનારા, દારૂ પીનારા, શિકાર કરનારા ત્યાં જઈને પોઢે છે. આ જીવે એવા અનંતભવ કર્યા છે. એટલે કે **'હું નારકી છું,...'** એ છોડી દે.

**'ઇત્યાદિરૂપ, હું સુખી છું,...'** આ બહારની સામગ્રી, ધૂળની, પૈસા, બાયડી, છોકરાની ... એ છોડી દે કે મારા. **'હું દુ:ખી છું,...'** પ્રતિકૂળતાના કાળમાં. **'ઇત્યાદિરૂપ, હું ક્રોધી છું,...'** એ તને છૂટી જશે. ચૈતન્યનો અનુભવ કરતા હું આવો છું એ વાત છૂટી જશે. આહાહા..! **'હું માની છું ઇત્યાદિરૂપ, તથા હું યતિ છું,...'** હું સાધુ છું. સાધુ તો વર્તમાન પર્યાય છે. ત્રિકાળી વસ્તુ તો આનંદકંદ છે. આહાહા..! એક સમયની અવસ્થારૂપે સાધુ જે છે, સાચા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હોં! એ પણ એક સમયની દશા છે અને વસ્તુ તો ત્રિકાળ છે. આહાહા..! એટલે તને એક સમયની દશાનું પણ અભિમાન છૂટી જશે. જો ત્રિકાળી વસ્તુને જોઈશ અને માનીશ તો આ વસ્તુનું અભિમાન છૂટી જશે. ન્યાય સમજાય છે?

ન્યાયમાં નિ ધાતુ છે. નિ ધાતુની વ્યાખ્યા એવી છે કે નિ એટલે લઈ જવું. જેવી ચીજ છે તેને જ્ઞાનમાં લઈ જવું, દોરી જવું એનું નામ ન્યાય. આહાહા..! જેવી વસ્તુની સ્થિતિ છે, ચૈતન્ય ભગવાનની કે જડની, તેને તે પ્રકારે સ્થિતિમાં જ્ઞાનને દોરી જવું, જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. આ લૌકિક ન્યાય નહિ. સરકારના એ ન્યાય તો સમજવા જેવા. આ તો કુદરતના ન્યાય છે. આહાહા..!

કહે છે, દ્રવ્યકર્મ એટલે જડકર્મ, ભાવકર્મ એટલે પુણ્ય-પાપના ભાવ, નોકર્મ એટલે શરીર. **'એ સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે એકસંસ્કારરૂપ–'** છે. એ **'હું યતિ છું, હું ગૃહસ્થ છું...'** એ પણ પર્યાય છે. **'ઇત્યાદિરૂપ–પ્રતીતિ એવો છે મોહ...'** આહાહા..! આવી પ્રતીતિ મોહ છે, મિથ્યાત્વ ભ્રમ છે. આહાહા..! **'અર્થાત્ વિપરીતપણું તેને અનુભવ થતાં વેંત જ...'** આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુનો અનુભવ–વેદન થતાં તે કાળે **'હે જીવ! પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.'** આહાહા..! ન્યાય સમજાય છે? થોડામાં ઘણું ભર્યું છે. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! વસ્તુ છે ને? તત્ત્વ છે ને? તત્ત્વ છે તો વસ્તુ છે, તો વસ્તુમાં વસેલી શક્તિઓ છે. વસ્તુ છે એ કોઈ શક્તિ વિના હોય? સાકર છે તો ગળપણ વિના હોય? મીઠું છે તો ખારપ વિના હોય? એમ આત્મા છે તો એના ગુણ વિના શક્તિ હોય? તો એ આનંદ અને જ્ઞાનાદિ ગુણવાળો એ આત્મા છે. આહાહા..! એવા સ્વરૂપનો અનુભવ થતાં... આહાહા..! એટલે કે સત્ય આવું છે, તેની પ્રતીતિ સમ્યગ્દર્શન થતાં, સમ્યક્ એટલે સત્ પ્રતીતિ થતાં તું આ અભિમાનને છોડી દઈશ. તને પછી અભિમાન છૂટી જશે. કે હું ક્રોધી છું, મનુષ્ય છું, તિર્યંચ છું, નારકી છું, ગૃહસ્થ છું. એ બધું પર્યાયનું અભિમાન તને છૂટી જશે. આહાહા..! આવું છે. **'પોતાની બુદ્ધિથી તું જ છોડીશ.'** એમ પાછું. છે? જ્યારે આત્મા આનંદની પૂર્ણ વસ્તુ છે એવી તને અનુભવમાં પ્રતીતિ થશે, ત્યારે આ પરની પર્યાયનું અભિમાન તને છૂટી જશે. હું ગૃહસ્થ છું, હું સાધુ છું, આ ફલાણું. એ તો એક સમયની અવસ્થા છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે અનુભવ જ્ઞાનમાત્ર વસ્તુ છે,...'** શું કહે છે? આત્મા આનંદનું જ્ઞાન થાય, જે જ્ઞાન રાગનું, શરીરનું અને આનું કરે છે એ જ્ઞાન અજ્ઞાન છે. જે જ્ઞાન આનું કરે અંદરનું, તે જ્ઞાનમાત્ર વસ્તુને જ્ઞાન કહીએ. એ અનુભવ જ્ઞાન છે. આત્માના સ્વરૂપને અનુભવવું એ જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન દશા છે. અરે..! બધું ગ્રીક-લેટિન જેવું લાગે. અજાણ્યા માણસને અભ્યાસ નહિ ને, બાપુ! આ તો નિજઘરની વાતું છે. આત્મવિદ્યાની વાત છે આ તો. બહારની વિદ્યા તો બધી ઘણી વાર શીખ્યો. એ તો નાશવાન છે. પાછો મૂંઢ થઈ ગયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! આ વિદ્યા. વિદ્યમાન ચીજને જો જાણીશ તો તને અવિદ્યમાન અને ક્ષણિક ચીજનું અભિમાન ઊડી જશે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, સમજાય એવું છે. ન સમજાય એવું કાંઈ નથી. આહાહા..!

**'એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે,...'** શું કીધુ એ? બે વાત કરી, કે આત્મા વસ્તુ છે, એનો અનુભવ થતાં, એની સન્મુખ થતાં એ તો જ્ઞાનમાત્ર ચીજ છે. જ્ઞાનમાં જાણવામાં આવી કે આ ચીજ પૂર્ણ છે. એ તો જ્ઞાનદશા છે. અનુભવ તે જ્ઞાન છે–સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનના અસ્તિત્વમાં આખી ચીજ જણાય છે. માટે અનુભવ તે જ્ઞાન છે. આહાહા..! અને **'એકત્વમોહ મિથ્યાત્વરૂપ દ્રવ્યના વિભાવપરિણામ છે,...'** આહાહા..!

મુમુક્ષુ :– .. વિરુદ્ધ.

ઉત્તર :– એનાથી વિરુદ્ધ. આ દયા, દાનના પુણ્યના પરિણામ મારા, શરીર મારું એવી જે સ્વ અને પરની એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે, એ મોહ છે, એ ભ્રમ છે. આહાહા..! ભારે વાતું, બાપુ! અરે..! આહાહા..!

બે વાત કરી, કે આત્મા વસ્તુ છે એનું જે જ્ઞાન–અનુભવ થાય, એ તો જ્ઞાન છે. એ કોઈ રાગ કે પુણ્ય નથી. એ તો જ્ઞાનમાત્રની દશામાં અનુભવ થાય છે. એટલે તો સમ્યગ્જ્ઞાનની દશા છે. અને રાગ, પુણ્ય, શરીર, વાણી, દેશ મારા એવો જે મોહ, એ મિથ્યાત્વ પરિણામ એકત્વવાળા. પરની સાથેની એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વ છે અને સ્વની સાથેની એકત્વબુદ્ધિ એ જ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! શું થાય? આકરો પડે પણ માર્ગની રીત તો આ છે. એને લેવી પડશે. એને જન્મ-મરણના અવતાર... આહાહા..!

એ વાણિયા કરોડોપતિ હોય, અબજોપતિ હોય. મરીને ઢોરમાં જાય. આહાહા..! કારણ કે વાણિયા હોય તે બિચારા માંસ, દારુ તો ખાતા ન હોય. એટલે નીચે નરકમાં તો ન જાય. પણ માયા, કપટ, લોભ, તૃષ્ણા... આહાહા..! એની ગતિ મરીને ઢોર થાય. માણસ આમ ઉભા છે ને? અને ઢોર આડા છે. ગાય, ભેંસ, ખીસકોલી, હાથી. એ પૂર્વે વિકારની આડોડાઈ બહુ કરી ને, એને લઈને મરીને ઢોર થાય. માંસ, દારૂ, ઈંડા ખાય એ મરીને નરકમાં જાય. વાણિયાને તો આવું હોય નહિ. આર્ય માણસને તો આવા પાપ હોય, રળવાના, ભોગના ને બધા. એવા પાપના પરિણામથી મરીને પછી.. આહાહા..! અહીં અબજોપતિ હોય અને ઊપજે ઢેઢગરોળીમાં. ગાયની કૂંખે વાછડી થાય. આહાહા..! આ સંસાર. એ પરિણામ શેનું છે? કે પર સાથે એકત્વબુદ્ધિનું એ પરિણામ–અવતાર છે. જેને પોતાના માન્યા એનો સંગ એને નહિ છૂટે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તોપણ એમને (અનુભવને અને મિથ્યાત્વના મટવાને) આપસમાં કારણકાર્યપણું છે.'** આહાહા..! એટલે કે વિભાવપરિણામ એકત્વબુદ્ધિ છે અને આ અનુભવ જ્ઞાન છે. બે વિરોધ છે. છતાં આપસમાં કારણકાર્ય છે. એટલે કે આત્માનું જ્ઞાન થતાં વિભાવના પરિણામનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાશ થઈ જાય છે. વિભાવના પરિણામનો નાશ થતાં આત્માનું જ્ઞાન થાય. એ બે વચ્ચે કારણકાર્ય આ રીતે છે. સમજાણું કાંઈ? બધી વાતું આવી. આ તો અધ્યાત્મનો માર્ગ છે ને? પ્રભુ! આહા..! ચાલતા પ્રવાહથી આની જાત ભિન્ન છે. આહાહા..!

**'આપસમાં કારણકાર્યપણું છે. તેનું વિવરણ–જે કાળે જીવને અનુભવ થાય...'** આહાહા..! જે કાળે એ રાગ અને પુણ્યના વિકલ્પની વૃત્તિથી ભિન્ન પડી અને આ ચૈતન્યસ્વરૂપ છે તેનો અનુભવ થાય, એટલે કે સમ્યગ્દર્શન થાય એટલે કે સમ્યક્ એટલે સત્યનું દર્શન થાય, એટલે કે પૂર્ણ સત્ય છે તેની પ્રતીતિ ભાન થઈને થાય. **'તે કાળે મિથ્યાત્વપરિણામ મટે છે,...'** છે? તે કાળે એકત્વબુદ્ધિ મટી જાય છે. આમ જ્યાં આનંદમાં, જ્ઞાનમાં એકત્વ થયો એટલે રાગ અને પુણ્ય અને દયા, દાન અને શરીર મારા એમ એકત્વબુદ્ધિ હતી એ મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આ બધા એક કલાકમાં જુદી જાતની વાતું લાગે. બાપા! તારા ઘરની (વાત છે).

મુમુક્ષુ :– જુદી જાતની જ છે ને.

ઉત્તર :– જુદી જાત છે, ભાઈ! આહાહા..! એને આવી સત્ય વાત સાંભળવા મળવી મુશ્કેલ છે. અત્યારે તો ધર્મના નામે આખો ગોટો ઉઠ્યો છે બધો. આહાહા..! ઈશ્વરની ભક્તિ કરો, ભગવાનની ભક્તિ કરો, પ્રભુની પૂજા કરો. તમારું કલ્યાણ થશે. બાપુ! એ તો વિકલ્પ છે, ભાઈ! રાગ છે. રાગની સાથે એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. મહાપાપ છે. એ મહાપાપનો નાશ, આત્માની સન્મુખ થઈને અનુભવ થતાં તે મહાપાપનો નાશ થાય છે. આવો બેને સંબંધ છે. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વપરિણમન મટે છે, સર્વથા અવશ્ય મટે છે.'** આહાહા..! જરૂર તને રાગની એક્તાની બુદ્ધિ છે એ સ્વભાવનો અનુભવ થતાં જરૂર એકતાબુદ્ધિનો નાશ થશે. આહાહા..! ભારે ભાઈ! **'જે કાળે મિથ્યાત્વપરિણમન મટે છે...'** જે કાળે એકતાબુદ્ધિ ટળે છે. રાગ દયા, દાન વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ–એ મારા, એ મિથ્યાત્વ ટળે છે. આહાહા..! **'તે કાળે અવશ્ય અનુભવશક્તિ થાય છે.'** આહાહા..! ઉત્પાદ અને વ્યય એક સમયમાં હોય છે એમ કહે છે. આહા..! જ્યાં આત્માનું જ્ઞાન યથાર્થ થયું, તે કાળે મિથ્યા એકત્વબુદ્ધિનો નાશ થાય છે. જે કાળે મિથ્યાત્વનો નાશ થાય છે, તે કાળે આત્માના જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વ પરિણમન જે રીતે મટે છે તે રીત કહે છે–'** હવે મિથ્યા એકત્વબુદ્ધિ, રાગ સાથે, શરીર સાથે એકત્વબુદ્ધિ છે. એનો નાશ કેમ થાય? **'स्वं समालोक्य'** **'स्वं'** પોતાની શુદ્ધ ચૈતન્યવસ્તુ. સ્વ-સ્વ. પોતે સ્વ. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યવસ્તુ... આહાહા..! ત્રિકાળી ચૈતન્ય ભગવાનઆત્મા એને સ્વ કહીએ, એ પોતાનું છે. એને **'समालोक्य'** સમ આલોક્ય. સમ આલોક્ય. **'समालोक्य'** **'સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને.'** આહાહા..! **'समालोक्य''** નો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અર્થ આ કર્યો. શું કીધું એ? મિથ્યાત્વની એકત્વબુદ્ધિ જે છે એ મટે કેમ? આહાહા..! '**स्वं समालोक्य**'' શુદ્ધ ચૈતન્ય ભગવાનને સમ આલોક્ય. સમ્યક્ પ્રકારે આલોકન એટલે વેદન કરવું. આહાહા..! અતીન્દ્રિય આનંદનું વેદન કરવું, સ્વનું. એનાથી મિથ્યાત્વ પરિણામ મટે છે. આહાહા..! છે? બહુ સરસ વાત આવી ગઈ છે. 'દાસભાઈ' આવ્યા છે ને. પહેલેથી આવ્યા. તે દિ' કાંઈક મોડું થઈ ગયું હતું. મોટર હતી. આહાહા..!

શું કહે છે? લોઢું હોય ને લોઢું? આમ ઘા પડે એટલે કાટનો નાશ થાય અને પ્રકાશની ઉત્પત્તિ થાય. લોઢું ધોળું. એનો સમય એક જ છે. કાટનો વ્યય-નાશ, પ્રકાશની ઉત્પત્તિ. એમ રાગ અને પુણ્યની સાથેની એકત્વબુદ્ધિનો મિથ્યાત્વભાવ, એનો વ્યય–નાશ અને આત્માના અનુભવની ઉત્પત્તિ. આહાહા..! રોગપણું ગયું અને નિરોગી થયો. એક સમય છે. આહાહા..!

'**સ્વસંવેદનપ્રત્યક્ષપણે આસ્વાદ કરીને.**' વેદન કરીને એમ કહે છે. આત્મા આનંદસ્વરૂપ છે એ આનંદનું વેદન કરીને. તે સમયે આનંદની ઉત્પત્તિ થતાં તે સમયે મિથ્યાત્વ એકત્વબુદ્ધિનો નાશ થાય છે. આહાહા..! '**કેવું છે શુદ્ધ ચેતન? અનાદિનિધન પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.**' એ તો અનાદિઅનંત ભગવાન છે. આહાહા..! ચેતના સ્વભાવથી ભરેલો ચેતન છે. આહાહા..! છે? **विलसन्तं 'અનાદિનિધન...**' અ આદિ અને અ નિધન. આદિ નહિ અને અ નિધન એટલે મૃત્ય નહિ. નિધન એટલે મૃત્યુ. અનાદિ અનિધન. આહાહા..! '**પ્રગટપણે ચેતનારૂપ પરિણમી રહ્યું છે.**' એ તો ચેતનસ્વરૂપ, આનંદસ્વરૂપ ચેતનપણે રહ્યું છે. એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. એનો અનુભવ થતાં મિથ્યાત્વ ટળે અને મિથ્યાત્વ ટળતાં અનુભવ થાય. એને ધર્મ થઈને જન્મ-મરણ મટે. એ વાત છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(શાર્દૂલવિક્રીડિત)

कान्त्यैव स्नपयन्ति ये दश दिशो धाम्ना निरुन्धन्ति ये
धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।
दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं
वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः ।।२४।।

**ખંડાન્વય સહિત અર્થ :– અહીં કોઈ મિથ્યાદષ્ટિ કુવાદી મતાન્તર સ્થાપે છે કે જીવ અને શરીર એક જ વસ્તુ છે. જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી, એક જ છે; કેમકે શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે. એ જ બતાવે છે–'ते तीर्थेश्वराः वन्द्याः' (ते) અવશ્ય વિદ્યમાન છે એવા (तीर्थेश्वराः)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તીર્થંકરદેવો (वन्द्याः) ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે. કેવા છે તે તીર્થંકરો? 'ये कान्त्या एव दश दिशः स्नपयन्ति' (ये) તીર્થંકરો (कान्त्या) શરીરની દીપ્તિ દ્વારા (एव) નક્કી (दश) પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ (दिशः) દિશાઓને (स्नपयन्ति) પ્રક્ષાલ કરે છે–પવિત્ર કરે છે; એવા છે જે તીર્થંકરો તેમને નમસ્કાર છે. (જૈનોને ત્યાં) આમ જે કહ્યું તે તો શરીરનું વર્ણન કર્યું, તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે. વળી કેવા છે તીર્થંકરો? 'ये धाम्ना उद्दाममहस्विनां धाम निरुधन्ति' (ये) તીર્થંકરો (धाम्ना) શરીરના તેજથી (उद्दाममहस्विनां) ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના (धाम) પ્રતાપને (निरुन्धन्ति) રોકે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની જ મોટપ કહી છે. વળી કેવા છે તીર્થંકરો? 'ये रूपेण जनमनो मुष्णन्ति' (ये) તીર્થંકરો (रूपेण) શરીરની શોભાથી (जन) જેટલાં દેવ-મનુષ્ય-તિર્યંચ–એ બધાનાં (मनः) અંતરંગને (मुष्णन्ति) ચોરી લે છે. ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતા; એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની મોટપ કરી છે. વળી કેવા છે તીર્થંકરો? 'ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः' (ये) તીર્થંકરદેવો (दिव्येन) સમસ્ત ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવી (ध्वनिना) નિરક્ષરી વાણી વડે (श्रवणयोः) સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં (साक्षात्) તત્કાળ (सुखं अमृतं) સુખમય શાન્તરસને (क्षरन्तः) વરસાવે છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરની વાણી સાંભળતાં સર્વ જીવોને વાણી રુચે છે, જીવો બહુ સુખી થાય છે; તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો? 'अष्टसहस्रलक्षणधराः' (अष्टसहस्र) આઠ અધિક એક હજાર (लक्षणधराः) શરીરના ચિહ્નો સહજ જ ધારણ કરે છે; એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, કમળ, મગર, મચ્છ, ધ્વજા ઇત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે, જે સમસ્ત ગણતાં એક હજારને આઠ થાય છે. અહીં પણ શરીરની મોટપ છે. વળી કેવા છે તીર્થંકરો ? 'सूरयः' મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે. અહીં પણ શરીરની મોટપ છે. આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે, એવું કોઈ મિથ્યામતવાદી માને છે. તેનો ઉત્તર આ પ્રમાણે આગળ કહેશે. ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે. આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે. દ્રવ્યદૃષ્ટિથી જોતાં જીવ-શરીર ભિન્ન ભિન્ન છે. તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજ નામથી જૂઠું છે (અર્થાત્ તેનું નામ સ્તોત્ર ઘટિત થતું નથી), કેમ કે શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી, જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી; રાજાના નિજગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે, તેવી જ રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે. તે જ કહે છે. ૨૪.**

**અષાઢ વદ ૨, શનિવાર તા.૦૨.૦૭.૧૯૭૭**
**કળશ - ૨૪ થી ૨૬, પ્રવચન - ૩૧**

'કળશ ટીકા' જીવ અધિકાર. ૨૪મો કળશ છે.

**कान्त्यैव स्नपयन्ति ये दश दिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः।।२४।।**

શું કહે છે? અત્યાર સુધી એમ આવ્યું, કે શરીર, વાણી, મન એનાથી ભિન્ન ભગવાનઆત્મા છે. પુણ્ય અને પાપના ભાવ એ વિકારી છે, એનાથી આત્મા ભિન્ન–જુદો છે. એવો જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ પ્રભુ આત્મા, એની દૃષ્ટિ કર અને સમ્યગ્દર્શન કર અને એનો અનુભવ કર, ત્યારે ધર્મ થશે. ચૈતન્યસ્વરૂપ ભગવાનઆત્મા આનંદ અને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ (છે). એને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ જે વિભાવ છે, વિકાર છે એનાથી ભિન્ન જાણીને અનુભવ કર. તો તને સમ્યગ્દર્શન અને ધર્મ થશે. ધર્મની શરૂઆત આ છે. સમજાણું કાંઈ? ૨૩મા કળશમાં આવી ગયું છે ને? એક મુહૂર્ત તો શરીરનો પાડોશી થા. આ તો જડ છે. અંદર ખરેખર તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ (થાય છે) એ પણ રાગ છે, અચેતન છે. એ કંઈ ચૈતન્ય સ્વરૂપ નથી. આહાહા..!

એથી બે ઘડી અંતર્મુહૂર્તમાત્ર, થોડો કાળ મૂર્ત જે શરીર, રાગાદિ ભાવ. એ રાગ મૂર્ત પુણ્ય-પાપના ભાવને પણ અહીં મૂર્ત કહ્યો છે. મૂર્ત કહ્યા છે. અચેતન છે. આહાહા..! એનાથી ભિન્ન ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે એનો અનુભવ કર. એને દૃષ્ટિમાં લઈ અને તેમાં લીનતા કર. આહાહા..! ત્યારે તેને પ્રથમ સમ્યગ્દર્શનની, ધર્મની પહેલી દશા પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે શિષ્ય સામે પ્રશ્ન કરે છે, કે તમે આટલી બધી આત્માની-આત્માની વાત કરો, આત્મા આવો, આત્મા આવો. અને તમે શરીર અને આત્માને એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



માનો છો. તમારા શાસ્ત્રમાં એમ છે, એમ શિષ્ય કહે છે. શું કહે છે? જુઓ!

**'અહીં કોઈ મિથ્યાદૃષ્ટિ કુવાદી..'** દૃષ્ટિ જેની ખોટી છે અને કુવાદી–જૂઠું બોલનારા છે. એવા **'મતાન્તર સ્થાપે છે...'** એને પોતાનો મત આનાથી ભિન્ન મતાન્તર, સત્ય મતથી ભિન્ન સ્થાપે છે. **'કે જીવ અને શરીર એક જ વસ્તુ છે.'** જીવ અને શરીર એક જ છે. **'જેમ જૈનો માને છે કે શરીરથી જીવદ્રવ્ય ભિન્ન છે તેમ નથી, એક જ છે; કેમકે...'** તમે પોતે જ એમ માનો છો. **'શરીરનું સ્તવન કરતાં આત્માનું સ્તવન થાય છે, એમ જૈનો પણ માને છે.'** તમે પણ ભગવાનના શરીરના ગુણગાન કરો અને એમ માનો છો કે અમે પણ ભગવાનનું સ્તવન કરીએ છીએ.

**'એ જ બતાવે છે—' 'ते तीर्थेश्वराः वन्द्याः' 'અવશ્ય વિદ્યમાન છે એવા...' 'तीर्थेश्वराः' 'તીર્થંકરદેવો ત્રિકાળ નમસ્કાર કરવાયોગ્ય છે.'** શાને લઈને? **'કેવા છે તીર્થંકરો?' 'ये कान्त्या एव दश दिशः स्नपयन्ति' 'તીર્થંકરો શરીરની દીપ્તિ દ્વારા...'** શરીરની દીપ્તી, તીર્થંકરનું શરીર એટલું શોભાયમાન છે. શરીરનો પ્રકાશ, આભામંડળ. ભા– **'દીપ્તી દ્વારા નક્કી પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ એ ચાર દિશા, ચાર ખૂણારૂપ વિદિશા તથા ઊર્ધ્વદિશા અને અધોદિશા એ દસ દિશાઓને પ્રક્ષાલ કરે છે–પવિત્ર કરે છે;...'** ઉજ્જવળ કરે છે. એવો એના શરીરનો પ્રકાશ છે કે દશે દિશાને નિર્મળ બનાવે છે. આહાહા..! આ તમે શું કર્યું? તમે કહો છો કે શરીર અને આત્મા જુદા અને આ શરીરના તો તમે વખાણ કરો છો. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિનો મતાંતર સ્થાપે છે. આહાહા..!

તમે એક કોર કહો કે ભગવાનઆત્મા તો રાગથી પણ ભિન્ન (છે). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ બધો વિકલ્પ છે, રાગ છે. રાગથી ચૈતન્ય વસ્તુ જુદી છે. એના ગુણગાન કર એટલે કે અંતરમાં એનો સ્વીકાર કર. તો તને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત થશે. આહાહા..! એક બાજુ તમે શરીરના વખાણ કરીને તીર્થંકરના વખાણ કરો છો. સમજાણું? એમ કહે છે. લ્યો. તીર્થંકરો દસ દિશાઓને પવિત્ર કરે છે એટલે કે ઉજ્જવળ કરે છે. એટલો પ્રકાશ છે. એ તો શરીરનું સ્તવન થયું. તમે જ શરીર અને આત્મા એક માનો છો, વળી કહો છો શરીર અને આત્મા જુદા. છે ને?

**'એવા છે જે તીર્થંકરો તેમને નમસ્કાર છે. (જૈનોને ત્યાં) આમ જે કહ્યું...'** જૈનોમાં તમારામાં આમ જે કહ્યું છે **'તે તો શરીરનું વર્ણન કર્યું, તેથી અમને એવી પ્રતીતિ ઊપજી કે શરીર અને જીવ એક જ છે.'** આહાહા..! **'વળી કેવા છે તીર્થંકરો?' 'ये धाम्ना उद्दाममहस्विनां धाम निरुधन्ति' 'તીર્થંકરો શરીરના તેજથી...'** શરીરના તેજ–ભામંડળ આદિ **'उद्दाममहस्विनां' 'ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના...'** સૂર્યના, સુવર્ણના, ચંદ્રના, રતનના **'પ્રતાપને રોકે છે.'** એવો જેનો પ્રકાશ છે. એ તો તમે શરીરના વખાણ કર્યા અને વળી તમે કહો કે શરીરથી આત્મા જુદો. એવો મતાંતર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**‘તીર્થંકરો શરીરના તેજથી ઉગ્ર તેજવાળા કરોડો સૂર્યના પ્રતાપને રોકે છે.’** ભગવાનના શરીરનું તેજ એટલું બધું છે, કે જેની પાસે સૂર્યના તેજ પણ ઠંડા પડી જાય છે. એટલે કે જેની પાસે ફિક્કા પડી જાય છે. એવું તો શરીરનું તેજ છે. તમે પોતે એમ કહો છો. **‘ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં એવી દીપ્તિ છે કે જો કોટિ સૂર્ય હોય તો કોટિયે સૂર્યની દીપ્તિ રોકાઈ જાય;...’** કરોડો. **‘એવા તે તીર્થંકરો છે. અહીં પણ શરીરની જ...’** સ્તુતિ થઈ, લ્યો. શિષ્ય મતાંતર કહે છે. એ શરીરની મોટપ કહી તમે. મોટપ તો શરીરની સ્થાપી, કે આવું એનું શરીર અને આવું એનું આવું, અને આવું એનું તેજ.

**‘વળી કેવા છે તીર્થંકરો?’ ‘ये रूपेण जनमनो मुष्णन्ति’ ‘તીર્થંકરો શરીરની શોભાથી...’** શરીરનું રૂપ એનું એવું હોય છે કે **‘જેટલા દેવ-મનુષ્ય-તિર્યંચ–એ બધાનાં અંતરંગને ચોરી લે છે.’** મનને હરિ લે એવું એના શરીરનું તેજ છે. આહાહા..! શરીરની નમણાઈ, કાંતિ અને શોભા. દેવ-મનુષ્ય અને તિર્યંચ. નારકી તો હોય નહિ. નારકી તો કાંઈ આવી શકે નહિ. **‘એ બધાનાં અંતરંગને ચોરી લે છે.’** મનને હરી લે છે. એવું તો એનું રૂપ છે મનને હરી લે એવું. દેવો પણ ભગવાનના રૂપને જોવા હજારો નેત્રો કરે છે. જન્મતા. આહાહા..!

**‘ભાવાર્થ આમ છે કે જીવો તીર્થંકરના શરીરની શોભા દેખીને જેવું સુખ માને છે...’** આનંદના સુખની વાત નથી. **‘તેવું સુખ ત્રૈલોક્યમાં અન્ય વસ્તુને દેખીને નથી માનતા;...’** એટલી એને શાતા લાગે છે. એમ. ભગવાનને દેખીને મનુષ્યો, તિર્યંચો અને દેવોને અંદરમાં શાતા લાગે. ઓલું આનંદનું સુખ તો ક્યાં છે? એવા તો અનંતવાર ભગવાનના દર્શન કર્યા છે. એનાથી આનંદનું સુખ મળતું હોય તો જન્મ-મરણ મટી જાય. આહાહા..! આ તો શાતાના સુખ. ભગવાનને દેખીને શાતા-શાતા લાગે છે. **‘અહીં પણ શરીરની મોટપ કરી છે.’** અહીં પણ શરીરને જ તમે વધારે સ્થાપ્યું.

**‘કેવા છે તીર્થંકરો?’** એ શરીર. હવે વાણી દિવ્યધ્વનિ. શરીરનું કહ્યું હવે ધ્વનિ-વાણી. **‘ये दिव्येन ध्वनिना श्रवणयोः साक्षात् सुखं अमृतं क्षरन्तः’ ‘તીર્થંકરદેવો સમસ્ત ત્રૈલોક્યમાં ઉત્કૃષ્ટ એવી નિરક્ષરી વાણી...’** પ્રભુને ૐ ધ્વનિ છૂટે. **‘નિરક્ષરી વાણી...’** હોય. ૐ એ નિરક્ષરી. હોઠ બંધ હોય, કંઠ બંધ હોય. આખા શરીરમાંથી ભગવાન તીર્થંકરને ૐ ધ્વનિ નિરક્ષરી છૂટે. આહાહા..! એ **‘નિરક્ષરી વાણી વડે સર્વ જીવોની કર્ણેન્દ્રિયોમાં તત્કાળ સુખમય શાંતરસને વરસાવે છે.’** બીજાને અંદર રાગની મંદતા થઈ જાય છે. એવું ભગવાન પાસે અનંતવાર સાંભળ્યું છે. સમવસરણમાં અનંતવાર ગયો છે. પણ એ શુભભાવ છે. એ કોઈ ધર્મ નથી. આહાહા..! ભગવાનના દર્શન કરવા, ભગવાનની સ્તુતિ કરવી, ગુણગાન કરવા એ બધો શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નથી. આહાહા..! ઓલું તો કહે છે તમે આના વખાણ કરીને સ્તુતિ તો કરો છો. આહાહા..! **‘જીવો બહુ સુખી થાય છે;...’** વાણી સાંભળીને. **‘તીર્થંકરો એવા છે. અહીં પણ શરીરની મોટપ છે.’**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'વળી કેવા છે તીર્થંકરો?' 'अष्टसहस्त्रलक्षणधराः' 'આઠ અધિક એક હજાર શરીરના ચિહ્નો...'** ભગવાનના શરીરમાં એક હજાર ને આઠ લક્ષણ હોય છે. એને તીર્થંકર અને સર્વજ્ઞ પરમાત્મા કહીએ. આહાહા..! એના શરીરમાં એક હજાર અને આઠ લક્ષણ હોય છે. આખુ શરીર સુંદર હોય છે. આહાહા..! **'એવા તીર્થંકરો છે. ભાવાર્થ આમ છે કે તીર્થંકરના શરીરમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, કમળ, મગર, મચ્છ, ધ્વજા ઇત્યાદિરૂપ આકૃતિવાળી રેખાઓ હોય છે,...'** શરીરમાં રેખાઓ હોય છે. હાથમાં, પગમાં રેખાઓ હોય છે ને? એને રેખાઓ હોય છે. **'જે સમસ્ત ગણતાં એક હજાર ને આઠ થાય છે. અહીં પણ શરીરની મોટપ છે.'** અહીં તો શરીરના વખાણ કર્યા. તમે જ પોતે શરીર અને આત્મા એક માનીને વાત કરો છો. વળી કહો શરીર ને આત્મા જુદા! આવા ને આવા છે. **'सूरयः' 'મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે.'** સૂર્યનો અર્થ એવો કર્યો. **'सूरयः'**. મોક્ષમાર્ગના કહેનાર છે. **'અહીં પણ શરીરની મોટપ છે.'** વાણી આવીને? **'આથી જીવ-શરીર એક જ છે એવી મારી પ્રતીતિ છે, એવું કોઈ મિથ્યામતવાદી માને છે. તેનો ઉત્તર આ પ્રમાણે આગળ કહેશે.'**

**'ગ્રંથકર્તા કહે છે કે વચનવ્યવહારમાત્રથી જીવ-શરીરનું એકપણું કહેવાય છે.'** વચનના વ્યવહારમાત્રથી શરીરની સ્તુતિ તે ભગવાનની સ્તુતિ વ્યવહારથી કહેવામાં આવે છે. એ કાંઈ પરમાર્થ સ્તુતિ છે નહિ. આહાહા..! **'આથી એમ કહ્યું છે કે જે શરીરનું સ્તોત્ર છે...'** આહાહા..! જે આ શરીર અને વાણીનું સ્તવન સ્તોત્ર છે **'તે તો વ્યવહારમાત્રથી જીવનું સ્તોત્ર છે.'** એ તો કથનમાત્રથી કહેવામાં આવે છે. ભગવાનનું સ્તવન એ નહિ. આહાહા..!

**'દ્રવ્યદૃષ્ટિથી જોતાં જીવ-શરીર ભિન્ન ભિન્ન છે. તેથી જેવું સ્તોત્ર કહ્યું છે તે નિજનામથી જૂઠું છે...'** આહાહા..! અસદ્ભૂત વ્યવહારનયથી તો ભગવાનના ગાણા ગાયા. એ કાંઈ આત્માના નથી. એ તો શરીર, જડના છે. વાણી ને આ શરીર. આહાહા..! એ સ્તવન નિશ્ચયથી જૂઠું છે એમ કહે છે. દ્રવ્યદૃષ્ટિએ ભગવાનઆત્મા શુદ્ધઆનંદઘન ચૈતન્યમૂર્તિ આત્મા, એની અપેક્ષાએ તો એ વ્યવહારની સ્તુતિ તે જૂઠી છે. સમજાણું કાંઈ? ત્યારે વળી બીજા એમ કહે છે, કે જુઓ! આ શરીર, વાણી, મૂર્તિ એના વખાણ છે એ જૂઠા છે એમ કહ્યું છે. તો તમે મૂર્તિને કેમ સ્થાપી? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..! આમાં તો ના પાડી છે. શરીરની સ્તુતિ તો જૂઠી છે. એનો અર્થ ભગવાનની પ્રતિમાના વખાણ કરવા એ પણ જૂઠા છે, વ્યવહાર થયો. એય..! એટલે આમાં કહે છે. કે જુઓ! આમાં 'સમયસાર'માં એમ કહ્યું છે. ભગવાનની વ્યવહારસ્તુતિ જૂઠી છે. માટે મૂર્તિની પૂજા અને ભક્તિ એ છે નહિ. કઈ અપેક્ષાએ? સાંભળને. એ સ્વરૂપના આનંદકંદની દૃષ્ટિએ, અનુભવની દૃષ્ટિએ એ વસ્તુ જૂઠી છે. પણ વ્યવહારે શુભભાવ હોય છે, ત્યારે ભગવાનની ભક્તિ, સ્તવન આદિ હોય એ પુણ્યનું કારણ છે, પુણ્યનું કારણ છે. એવો વ્યવહાર આવ્યા વિના રહે નહિ. તેમ એ વ્યવહારને ધર્મ માને એ પણ જૂઠી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? એક આર્જિકા એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહે છે, જુઓ! 'સમયસાર'માં આમ કહ્યું છે. નિશ્ચય સ્તુતિ સાચી છે, વ્યવહાર સ્તુતિ જૂઠી છે. અરે..! મુર્ખ. તમારા સ્થાનકવાસીમાં કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'દ્રવ્યદષ્ટિથી જોતાં...'** એટલે? વસ્તુ છે એ દ્રવ્ય ભિન્ન આત્મા, શરીર ભિન્ન, આત્મા ભિન્ન, વાણી ભિન્ન, આત્મા ભિન્ન, પુણ્ય-પાપ ભિન્ન, આત્મા ભિન્ન. આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ! શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એની દષ્ટિએ જોતાં એ સ્તુતિ સાચી છે અને વ્યવહારની સ્તુતિ જૂઠી છે. સમજાણું કાંઈ? આહાહા..! આ સ્યાદ્વાદ. સમજાણું કાંઈ? ઓલા લોકો કહે છે કે તમે મૂર્તિને શું કરવા સ્થાપો છો? અહીં વ્યવહાર સ્તુતિને જૂઠી કીધી છે. કઈ અપેક્ષા છે? ભાઈ! તું સાંભળ.

અંતરનો ભગવાનઆત્મા જે સર્વજ્ઞ પરમેશ્વરે અંદર આત્મા જોયો, એ તો શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. એની દષ્ટિ કરવી અને એનો સ્વીકાર કરવો એનું નામ નિશ્ચય સ્તુતિ છે. એ ધર્મની સ્તુતિ અને ગુણગાન આત્માના અને જ્ઞાનના કર્યા એમ કહેવામાં આવે એને. આહાહા..! શરીરની સ્તુતિ વ્યવહારે હોય છે. એ પુણ્ય છે. ભગવાનની સ્તુતિ પ્રતિમાની હોય કે સાક્ષાત્ ભગવાન સમવસરણમાં હોય, એના શરીરની, વાણીની સ્તુતિ કરવી એ બધું પુણ્ય કારણ છે, શુભભાવ છે. આહાહા..! એ વ્યવહાર આવે છે. પણ એ વ્યવહાર ધર્મ નથી. આહાહા..!

ત્યારે એક જણો સ્થાપે છે કે એ વ્યવહાર જૂઠો છે. માટે નિશ્ચય તે જ ધર્મ છે અને વ્યવહાર વચ્ચે આવે એ જૂઠો છે. વ્યવહાર આવે છે એ જૂઠો છે એ નિશ્ચયની અપેક્ષાએ. પણ વ્યવહાર વર્તમાન પૂજા, ભક્તિનો ભાવ એ શુભભાવ ધર્મીને પણ આવ્યા વિના રહે નહિ. છતાં એ ધર્મ નથી. આહાહા..! આકરી વાતું બહુ, ભાઈ! વીતરાગનો માર્ગ બે નયથી સમજવો. એ નિશ્ચયની સ્તુતિની અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ જૂઠી છે પણ વ્યવહાર સ્તુતિની અપેક્ષાએ વ્યવહાર સ્તુતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

**'શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી,...'** જોયું? ગમે તેટલા ભગવાનના શરીરના વખાણ (કરે), હે પ્રભુ! તમારું રૂપાળુ શરીર, તમારી દિવ્યધ્વનિ આવી અને તમારા તેજથી દસ દિશાઓ ઉજળી થાય, એ બધી વ્યવહારની વાતું છે. એનાથી **'શરીરના ગુણ કહેતાં જીવની સ્તુતિ થતી નથી,...'** આહાહા..! **'જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે.'** ભાષા જુઓ! ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે, એ તો ચૈતન્યસ્વરૂપ છે. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવનો પણ જેમાં અભાવ છે, એવું એનું સ્વરૂપ છે. આહાહા..! જ્ઞાતા-દષ્ટા સચ્ચિદાનંદ પ્રભુ! સત્ ચિદ્ અને આનંદનો કંદ એ તો છે. આહાહા..! એની સ્તુતિ તે સાચી સ્તુતિ છે. એટલે કે એના સ્વરૂપમાં જે પૂર્ણાનંદ આત્મા અંદર છે તેનો દષ્ટિમાં સ્વીકાર કરવો, દષ્ટિને ત્યાં જોડી દેવી. એનું નામ સાચું સ્તવન અને સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! આવી આકરી વાતું છે. કીધું ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'જીવના જ્ઞાનગુણની સ્તુતિ...'** શરીર તો જડ છે, આ તો માટી છે. વાણી જડ છે. એ ભગવાનની વાણી પણ જડ છે, શરીર પણ જડ છે. તેજ એ જડ છે. શરીરનું તેજ એ બધું પણ જડ છે. આહાહા..! એ ચૈતન્ય પરદ્રવ્યથી ભિન્ન ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાતાદૃષ્ટા છે. એમાં એકાગ્ર થવું અને એની સન્મુખ થઈને, તે જ્ઞાનમાં, આત્મામાં એકાગ્ર થવું તે સ્તુતિ છે. એ સાચી સ્તુતિ છે. કહો, બહારની તારી ક્રિયાકાંડ અને શરીરની ક્રિયા તો ક્યાંય રહી ગઈ પણ ભગવાનની ભક્તિ ને સ્મરણ છે એ શુભભાવ છે. એ પણ ધર્મમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. છતાં એ આવે ખરું, પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીજીવને પણ રાગ હેયબુદ્ધિએ આવ્યા વિના રહે નહિ. આહાહા..! આવું છે હવે આમાં ક્યાં...?

**'જીવના જ્ઞાનગુણ...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ અનાકુળ આનંદનો રસકંદ આત્મા છે. આહાહા..! એમાં તો દયા, દાન કે ભક્તિના પરિણામ જે ભગવાનના, એવા ભાવનો પણ જેમાં અભાવ છે. એવા આત્માની સ્તુતિ એટલે કે એનો સ્વીકાર, જેવો આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન છે, એનો શ્રદ્ધામાં, જ્ઞાનમાં સ્વીકાર, સન્મુખતા થઈને તેનો આદર, એવી સમ્યગ્દર્શન દશા (થવી) તે ધર્મની સ્તુતિ છે. આહાહા..! આવું છે. સમજાણું કાંઈ? એમાંથી સ્થાનકવાસી એમ કહે છે, જુઓ! આમાં તમારામાં આમ કહ્યું છે. આહાહા..! બાપુ! એ વ્યવહાર જૂઠો છે પણ કઈ અપેક્ષાએ?

એમ તો ૧૧મી ગાથામાં ન કહ્યું કે, **'ववहारोऽभूदत्थो'** 'સમયસાર'ની ૧૧મી ગાથા. જેટલી પર્યાયો છે તે બધી અસત્ય છે, જૂઠી છે. એમ કીધું છે, જુઓ! કઈ અપેક્ષાએ? એ તો ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, એનું પ્રયોજન સમ્યગ્દર્શન સિદ્ધ કરવા... સમ્યગ્દર્શન એ ત્રિકાળને આશ્રયે થાય છે. સમ્યગ્દર્શન પર્યાયને આશ્રયે, રાગને આશ્રયે, નિમિત્તને આશ્રયે થતું નથી. આહાહા..! આવું હવે સાંભળવું મુશ્કેલ પડે. બહારથી માની બેસે કે આપણે બધી જાત્રા કરી, ભગવાનની જાત્રા કરી, સમ્મેદશિખરની જાત્રા. 'એકવાર વંદે જો કોઈ, નરક પશુ ગતિ ન હોઈ.' આવે છે ને? એમાં શું થયું? એ તો જરી શુભભાવ હોય તો ગતિ સારી મળે. એમાં કાંઈ ભવભ્રમણ ન ટળે. ભવભ્રમણ ટળવાની સ્તુતિ તો આત્માના જ્ઞાનગુણ જે છે, ગુણ જ્ઞાન, જ્ઞાતાપણાનો જે સ્વભાવ છે, તેનો અંતર સ્વીકાર થઈને તેમાં આનંદનો અંદર સ્વાદ આવવો... આહાહા..! અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનઆત્મા છે, તેના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ આત્માની સ્તુતિ છે. આહાહા..! આકરી વાતું આવી છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે.'** આહાહા..! એ તો ભગવાન તો આનંદસ્વરૂપ અંદર છે. આહાહા..! જેની ધ્રુવતામાં, ભગવાનઆત્માની ધ્રુવતામાં આનંદ અને જ્ઞાન એકલું ભર્યું છે. એનો સ્વીકાર અંતર્મુખ થઈને, સ્વસ્વામિ સ્વરૂપનો આદર કરીને...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપ, જેમાં રાગ તો નથી પણ જેમાં એક સમયની પર્યાયનો પણ અભાવ છે. એને અહીં દ્રવ્યદૃષ્ટિ કહે છે. આહાહા..! એવી દ્રવ્ય વસ્તુ જે ભગવાન સર્વજ્ઞે કહ્યું એ, હોં! જિનેશ્વરે કહ્યું. જિનેશ્વર સિવાય જે આત્મા આત્મા અજ્ઞાની કરે છે, વેદાંત કે અન્ય સાંખ્યમત, એ બધી જૂઠી વાત છે. જિનેશ્વર ભગવાને જે કેવળી તીર્થંકરે જે આત્માને જોયો અને કહ્યો છે, એ આત્માને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. અસંખ્યપ્રદેશી, અનંતગુણનું ધામ એકરૂપ વસ્તુ એની સ્તુતિમાં, એના સ્વભાવનો સ્વીકાર કરતા... આહાહા..! પરસન્મુખ રાગ અને પર્યાય સન્મુખ છે. એમાં એ વસ્તુના સ્વભાવનો અનાદર છે. આહાહા..! એ મિથ્યાત્વ છે. પુણ્યના પરિણામ અને એક સમયની પર્યાયનો સ્વીકાર પણ મિથ્યાત્વભાવ છે. એનાથી વિમુખ થઈને... આહાહા..! સ્વભાવની પૂર્ણતાની સન્મુખ થઈને જે એકાગ્રતા અને આનંદનો સ્વાદ આવે અને જ્ઞાનની વ્યક્ત દશા પ્રગટ થાય. અને તેમાં જેટલા ગુણો ભગવાનમાં આત્મામાં છે, બધા ગુણોનો એક અંશ વ્યક્ત પ્રગટ થાય, ત્યારે તેને જીવની સ્તુતિ કરી એમ કહેવામાં આવે છે. કહો,.. આહાહા..! આવું છે.

વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ તીર્થંકર આમ ફરમાવે છે. આહાહા..! ઓલાએ કહ્યું ને? તમે શરીરની સ્તુતિ કરો છો અને વળી કહો છો કે આત્મા શરીરથી જુદો છે. ભાઈ! જુદો છે, સાંભળને. એ શરીરની સ્તુતિમાં તો એ એક શુભભાવ છે. એ કાંઈ આત્મા નથી. આહાહા..! એ શુભભાવથી પણ ભિન્ન આત્મા જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરે, આનંદનો સ્વાદ આવે અને સમ્યગ્દર્શન થાય, તેણે જીવની સ્તુતિ કરી. અને એને પછી જે ભગવાનની સ્તુતિ આદિનો રાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે છે. આ નિશ્ચય હોય તો ઓલાને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેને આત્મા આનંદનો નાથ, પ્રભુ! એકલો જ્ઞાનનો પિંડ છે એને ધ્રુવ સ્વરૂપ જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન.. જાણવું. એની સન્મુખ થઈને (જાણવું). સન્મુખ થયો એ જ એનો આદર કર્યો. એ જ એમાં એકાગ્ર થયો. એ જ જીવના જ્ઞાનગુણની સ્તુતિ નિશ્ચયથી સત્ય સ્તુતિ એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અને એવા નિશ્ચય સ્તુતિવંતને પૂર્ણ વીતરાગતા જ્યાં સુધી ન હોય ત્યાં સુધી એને ભગવાનની ભક્તિ આદિ, પૂજા આદિનો ભાવ આવ્યા વિના રહે નહિ. પણ છે હેયબુદ્ધિએ. આહાહા..! એ હેયબુદ્ધિએ છે તો કરે શું? પણ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ વીતરાગ થાય એને પછી શુભભાવ ન હોય. સમજાણું કાંઈ? આહાહા..! આવું બધું સ્વરૂપ છે. તદ્દન અજાણ્યું લાગે. ઓલા કહે દયા પાળો, વ્રત પાળો તમને ધર્મ થાય. હવે એ તદ્દન જૂઠી વાત છે. આ શ્વેતાંબર વળી કહે ભગવાનની પૂજા અને ભક્તિ અને સમ્મેદશિખર અને ગિરનારની જાત્રા કરો ધર્મ થાય. એ પણ જૂઠી વાત.

ધર્મ તો આત્મા એ રાગના ભાવથી ભિન્ન છે, સ્વરૂપ ભિન્ન છે જ. આમાં આવી ગયું હતું. '**मूर्त्या**'. શરીર આદિથી ભિન્ન છે. '**मूर्त्या**' એટલે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ. એમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આવી ગયું, જુઓ! ૨૩માં કળશમાં. **'मूर्त्या साकम्' 'શુદ્ધ ચૈતન્યના અનુભવ વડે...' 'मूर्त्या'** એટલે **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ...'** બધાને **'मूर्त्या'** કીધા છે. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પણ મૂર્ત છે. આહાહા..! એ ૨૩મા કળશમાં આવી ગયું છે. **'मूर्त्या साकम्'** એ **'मूर्त्या'** ની વ્યાખ્યા આ કરી. **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્માત્મક સમસ્ત કર્મરૂપ પર્યાયોની સાથે...'** એમ. રાગની પર્યાયની સાથે. **'मूर्त्या'** એટલે રાગાદિ મૂર્ત સ્વરૂપ. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ પણ કઈ જાતનો! દુનિયામાં બધું કંઈક ચાલે, બાપુ!

એ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકરદેવ, આ આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્યઘન પવિત્રનો પિંડ છે. તેમાં પુણ્ય અને પાપના ભાવનો જેમાં અભાવ છે. અને જેમાં એકલા પવિત્ર સ્વભાવનો ભાવ ભરેલો છે. એની સન્મુખ થઈને એની એકાગ્રતા થવી એને જીવની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! એને ધર્મીનો ધર્મ કહેવામાં આવે છે. એવા ધર્મીના ધર્મના કાળમાં વીતરાગતા પૂર્ણ નથી, તેથી તેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ ભક્તિનો પુણ્યભાવ આવે પણ એ શુભભાવ છે... આહાહા..! ધર્મ નથી. એ પુણ્યબંધનું કારણ છે. અબંધસ્વરૂપી ભગવાનને બંધનું કારણ છે. છતાં આવ્યા વિના રહે નહિ. આહાહા..! પણ એની હોંશુ કરવી કે હાશ, વ્યવહાર આવશે ને? વ્યવહાર હશે ને? એમ હોંશ કરવી એ તો રુચિમાં ગઈ.

મુમુક્ષુ :– એ તો રાગની રુચિ.

ઉત્તર :– આવે છે ખરો. આવે છે પણ એ ખેદ કરીને આવે છે. આહાહા..! **'हन्तः'** આવ્યું છે? ખેદ છે કે વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. આહાહા..! છતાં એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. કોને? જેને આત્માના આનંદના સ્વરૂપનું ભાન થયું છે, સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન. સમ્યક્ એટલે સત્યદર્શન. સત્ય એટલે પૂર્ણ સ્વરૂપ જે સત્ય છે, તેનું દર્શન, તેની પ્રતીતિ અનુભવમાં થવી, એને ભગવાન સમ્યગ્દર્શન કહે છે. એ નિશ્ચયસ્તુતિ, સત્યસ્તુતિ, સત્‌ની સ્તુતિ, સત્‌સ્વરૂપ જે ભગવાનઆત્મા.. આહાહા..! એની સન્મુખ થઈને જે ભાવ પ્રગટ કર્યો એ સ્તુતિ છે. આહાહા..! કહો, 'ધીરૂભાઈ'! આ તમારા મંદિર-બંદિર ક્યાં ગયા આમાં? મંદિર બનાવ્યા માટે ધર્મ થઈ ગયો. તે વ્યવહાર તો કોને? અજ્ઞાનીને તો એ વ્યવહાર પણ ગણવામાં આવતો નથી. કેમકે નિશ્ચય વિના વ્યવહાર કોનો? આહાહા..!

જેને આત્માના સ્વભાવનું જાગૃતપણું (પ્રગટ થયું છે). આ તો જાગૃત ચીજ છે. એ આંધળી ચીજ નથી. આંધળી એટલે પુણ્ય અને પાપના ભાવ તો આંધળા છે. આહાહા..! કેમ કે રાગ છે અને રાગ કાંઈ જાણતો નથી. જાણનાર તો ભગવાન ચૈતન્યમૂર્તિ પોતે છે. આહાહા..! એ રાગને છોડીને જાણનારને જાણે, ત્યારે તે વાસ્તવિક જાણનારની સ્તુતિ કરી, જીવની સ્તુતિ કરી. આહાહા..! એને પછી આવો રાગ આવે. એને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાનીને વ્યવહાર ક્યાં? પણ વ્યવહાર આંધળાને જાણનારો જાગ્યા વિના આ આંધળું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે એમ જાણ્યું કોણે? રાગ છે એ રાગની ક્રિયા છે એ તો આંધળી છે. કારણ કે રાગ કાંઈ જાણતો નથી. રાગમાં જાણવાનો સ્વભાવ નથી. જાણવાનો સ્વભાવ તો ચૈતન્યમાં છે. તો ચૈતન્ય સ્વભાવ જાગૃત છે, રાગ આવે તે આંધળો છે. પણ એ આંધળો છે એને વ્યવહાર કહેનાર કોણ? આત્મા જાણનાર છે કે હું આનંદસ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા છું. એવી દશામાં ભાન થયું, એ એણે પોતાને જાણ્યો અને રાગને જાણ્યો. બસ. ત્યારે એને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ૧૨મી ગાથામાં આવે છે ને? આહાહા..! ત્યારે એને રાગ આવ્યો, એને જાણનારો જાગ્યો છે, પોતાને જાણનારો, ત્યારે પરને જાણવાની જે દશા આવી એણે વ્યવહારે જાણેલો પ્રયોજનવાન કહ્યું. આહાહા..! આવો માર્ગ. સંસારના અભ્યાસ આડે નવરો ન મળે. આખો દિ' પાપના અભ્યાસ. ધંધા, બાયડી, છોકરા, કુટુંબ. આખો દિ' એની સંભાળ, એનું ધ્યાન, એનો પરિચય અને એનો સંગ. એકલા પાપના ભાવ છે. આહાહા..!

અહીં તો કહે છે, કે જે આવા પુણ્યના ભાવ પણ જે વ્યવહારે થાય, એ જેને આત્માની અંદર જાગૃતદશા થઈ છે, જાગતી જ્યોતને જોયો છે, જાણ્યો છે. ભગવાન ચૈતન્ય જાગતી જ્યોત છે અને વ્યવહાર તે આંધળો સૂતો છે. આહાહા..! એ વ્યવહાર છે એમ જાણ્યું કોણે? પણ કહે છે. એ જાણનાર સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જાગ્યો છે. એણે જાણ્યું કે આ રાગ છે, વ્યવહાર છે. અજ્ઞાનીને રાગ વ્યવહાર પણ નથી. એ તો એકલો મિથ્યાત્વભાવ. રાગની ક્રિયા માની, દયા, દાન, વ્રત માનીને ધર્મ કરીએ છીએ. એ તો એકલું મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! આવું છે. બેસવું કઠણ પડે, ભાઈ! શું થાય? જિનેશ્વર તીર્થંકરદેવ, એનો માર્ગ વીતરાગ સ્વભાવે છે. એ પોતે વીતરાગ હતા. એનો કહેલો ધર્મ વીતરાગભાવે હોય. રાગભાવે ધર્મ હોય નહિ. છતાં રાગ આવ્યા વિના રહે નહિ. કોને? આહાહા..!

એમાં આવશે. એક શ્લોકમાં આવશે. .... શું કીધું એ? જિનવર્ણન નહિ... આવે છે ને આમાં? આના પછી આવે. 'જિનપદ ચેતન નાંહી શરીર કો...' એમ આવે છે. જુઓ! 'જિનપદ નાંહી શરીર કો...' ૨૭મો બોલ છે. શરીર અને વાણી એ કાંઈ જિનપદ નથી એ તો જડ છે. 'જિનપદ નાંહી શરીર કો, જિનપદ ચેતન માંહી.' ચેતન જાગૃતસ્વરૂપ ભગવાન તે જિનપદ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'જિનપદ નાંહી શરીર કો જિનપદ ચેતન માંહી, જિન વર્ણન કછુ ઔર હૈ.' ભગવાને જે આત્માનું, જિનનું વર્ણન કર્યું એ ઔર છે. 'યહ જિનવર્ણન નાંહી' શરીરનું વર્ણન એ જિનવર્ણન નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ આ શ્લોક પછી જ છે. એ શ્લોક છે ને? એમાં જ એ કહ્યું છે. આ આપણે ચાલે છે ને? **'कान्त्यैव'** એના પછી જ આ કીધું છે. 'જિનપદ નાંહિ શરીર કો, વાણી નહિ જિનપદ નાંહી.' પુણ્ય-પાપના ભાવ એ જિનપદ નાંહી. આહાહા..! 'જિનપદ ચેતન માંહી' અંદર ભગવાન ચૈતન્યસ્વરૂપ છે એ જિનપદ છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહાહા..! 'જિનપદ સોહી આત્મા.' વીતરાગ સ્વરૂપી જ ભગવાન ત્રિકાળ આત્મા છે. 'જિનપદ સોહી આત્મા અન્ય સોહી કર્મ.' પુણ્ય અને પાપના ભાવ એ આત્મા નથી, એ તો કર્મ છે. આહાહા..! 'યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' ભગવાનની વાણીનો મર્મ આ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે. જોકે આમાં એ નાખ્યું છે. આ શ્લોક છે ને? એના પછી નાખ્યું. આહાહા..! ક્યાં સુધી આવ્યું હતું?

**'જીવના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં (જીવની) સ્તુતિ થાય છે. કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે નગરનો સ્વામી રાજા છે તેથી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે.'** સામાવાળો પ્રશ્ન કરે છે. **'તેવી જ રીતે શરીરનો સ્વામી જીવ છે...'** ધૂળેય સ્વામી નથી. જડનો સ્વામી? આહાહા..! **'શરીરનો સ્વામી જીવ છે તેથી શરીરની સ્તુતિ કરતાં જીવની સ્તુતિ થાય છે.'** એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'ઉત્તર આમ છે કે એ રીતે સ્તુતિ થતી નથી; રાજાના નિજગુણની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે,...'** રાજાના બહારના નગર આદિનું વર્ણન છે એ કાંઈ રાજાની સ્તુતિ નથી. પણ રાજાના નિજગુણની સ્તુતિ એ રાજાની સ્તુતિ છે. **'તેવી રીતે જીવના નિજ ચૈતન્યગુણની સ્તુતિ કરતા જીવની સ્તુતિ થાય છે.'** આહાહા..! જીવ ભગવાનઆત્મા અનંતગુણ આદિ શક્તિનો સંગ્રહાલય. એ તો અનંતગુણનું ગોદામ આત્મા છે. આહાહા..! એવા ભગવાનની સન્મુખ થતાં જે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ થાય એ સ્તુતિ કહેવાય છે. આહાહા..! એ સાચી સ્તુતિ અને સાચું સ્તવન. આની અપેક્ષાએ ઓલું સ્તવન જૂઠું. એની અપેક્ષાએ વ્યવહાર તે વ્યવહારની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આહાહા..!

**'જીવના નિજ ચૈતન્યગુણ...'** ભગવાનઆત્મા તો જ્ઞાતા-દૃષ્ટા. જ્ઞાન અને દર્શન અને આનંદસ્વરૂપ (છે). એની સન્મુખનો અનુભવ થવો એ ચૈતન્યની સ્તુતિ છે. આહાહા..! **'તે જ કહે છે.'** હવે, હોં!

(આર્યા)

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'इदं नगरम् परिखावलयेन पातालम् पिबति इव' (इदं) પ્રત્યક્ષ (नगरम्) નગર અર્થાત્ રાજગ્રામ (परिखावलयेन) ખાઈ વડે ઘેરાયેલું હોવાથી (पातालम्)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**અધોલોકને, (पिबति इव) ખાઈ એટલી ઊંડી છે જેથી એમ લાગે છે કે, પી રહ્યું છે. કેવું છે નગર? 'प्राकारकवलिताम्बरम्' (प्राकार) કોટ વડે (कवलित) ગળી ગયું છે (अम्बरम्) આકાશને જે, એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણો જ ઊંચો છે. વળી કેવું છે નગર? 'उपवनराजीनिगीर्णभूमितलम्' (उपवनराजी) નગરની સમીપ ચારે તરફ ફેલાયેલા બાગોથી (निगीर्ण) રુંધાયેલી છે (भूमितलम्) સમસ્ત ભૂમિ જેની, એવું તે નગર છે. ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણા બાગ છે. આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું તે તો રાજાના ગુણો નથી; રાજાના ગુણો છે દાન, પૌરુષ (શૂરવીરતા) અને જાણપણું; તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે. ૨૫.**

---

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

**'इदं नगरम्'** આ **'રાજગ્રામ...'** નગરનું વર્ણન છે. **'ખાઈ વડે ઘેરાયેલું હોવાથી...'** ચારે કોર ઊંડી ખાઈ હોય. મોટા નગર હોય ને? ઊંડી ખાઈ પાતાળ જેવી. **'અધોલોકને, ખાઈ એટલી ઊંડી...'** એટલે ઘણી ઊંડી છે. **'જેથી એમ લાગે છે કે, પી રહ્યું છે.'** નગરને જાણે આ ખાઈ પી રહી છે. **'કેવું છે નગર? કોટ વડે ગળી ગયું છે...'** ચારે કોર મોટો કોટ. એ કોટમાં અંદર ઘૂસી ગયું છે. **'આકાશને જે, એવું નગર છે. ભાવાર્થ આમ છે કે કોટ ઘણો જ ઊંચો છે. વળી કેવુ છે નગર?' 'उपवनराजी'** તીરછું. પહેલા અધો કીધું, ઊર્ધ્વ કીધું, પછી તીરછું. **'નગરની સમીપ ચારે તરફ ફેલાયેલા બાગોથી રુંધાયેલી છે.'** ચારે કોર બાગ છે. **'भूमितलम्' 'સમસ્ત ભૂમિ જેની, એવું તે નગર છે. ભાવાર્થ આમ છે કે નગરની બહાર ઘણા બાગ છે. આવી નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી.'** એ રાજાની સ્તુતિ છે? એ તો નગરની સ્તુતિ થઈ. આહાહા..!

**'અહીં ખાઈ-કોટ-બાગનું વર્ણન કર્યું...'** ખાઈ એટલે ચારે કોર ઊંડી ખાઈ. કોટ-ઊંચો, બાગ તીરછો. **'તે તો રાજાના ગુણો નથી; રાજાના ગુણો છે દાન, પૌરુષ (શૂરવીરતા) અને જાણપણું;...'** એ રાજાના ગુણો છે. **'તેમની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય છે.'** લ્યો. નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થાય? એમ અહીંયાં કહે છે, કે ભગવાનના શરીરની અને વાણીની સ્તુતિ કરતા આત્માની સ્તુતિ થાય? આહાહા..! આવ્યું હતું ને? એક હજાર ને આઠ જેના લક્ષણ. દિવ્યધ્વનિથી જેને શ્રવણ કરે અને જાણી શાતા થાય. અને શરીરના તેજથી દશે દિશાઓ પ્રકાશમાન થઈ જાય. દશે દિશાને જાણે. આ તો શરીરનું વર્ણન છે, એ કાંઈ આત્માનું વર્ણન નથી. નગરનું વર્ણન એ કાંઈ રાજાનું વર્ણન નથી. એમ શરીરની સ્તુતિ એ કાંઈ આત્માની સ્તુતિ નથી. આહાહા..! એ શરીરની વ્યાખ્યા કરે છે હવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(આર્યા)

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

ખંડાન્વય સહિત અર્થ :– 'जिनेन्द्ररूपं जयति' (जिनेन्द्ररूपं) જિનેન્દ્રરૂપ અર્થાત્ તીર્થંકરના શરીરની શોભા (जयति) જયવન્ત હો. કેવું છે જિનેન્દ્રરૂપ? 'नित्यं' આયુપર્યન્ત એકરૂપ છે. વળી કેવું છે? 'अविकारसुस्थितसर्वाङ्गम्' (अविकार) જેમાં બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી (सुस्थित) સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે (सर्वाङ्गम्) સર્વ પ્રદેશ જેના એવું છે. વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ? 'अपूर्वसहजलावण्यम्' (अपूर्व) આશ્ચર્યકારી છે તથા (सहज) વિના યત્ને શરીર સાથે મળેલા છે (लावण्यम्) શરીરના ગુણો જેને એવું છે. વળી કેવું છે? 'समुद्रम् इव अक्षोभम्' (समुद्रम् इव) સમુદ્રની માફક (अक्षोभम्) નિશ્ચળ છે. વળી કેવું છે? 'परं' ઉત્કૃષ્ટ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે તેવી જ રીતે તીર્થંકરનું શરીર નિશ્ચળ છે. આ રીતે શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી થતી, કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી. આત્માનો જ્ઞાનગુણ છે; જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે. ૨૬.

---

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

જેમ ઓલા નગરનું વર્ણન કર્યું ને? એમ આ શરીરનું વર્ણન કરે છે. **'जिनेन्द्ररूपं' 'તીર્થંકરના શરીરની શોભા જયવન્ત હો.'** જેને ઇન્દ્રો પણ હજાર આંખ કરીને જન્મ કલ્યાણકમાં જોવા માગે છે. **'કેવું છે જિનેન્દ્રરૂપ? આયુપર્યત્ન એકરૂપ છે.'** આયુ સુધી એના શરીરનું સ્વરૂપ એકરૂપે લાગે. એને વૃદ્ધતા ન આવે, રોગ ન હોય. આહાહા..! ભગવાનના શરીરને રોગ ન હોય. શ્વેતાંબર કહે છે ને? ભગવાનને રોગ થયો, દવા લીધી. સમજાય છે કાંઈ? એ વસ્તુ એમ નથી. ભગવાનના શરીરને રોગ હોય નહિ. ભગવાનનું શરીર તો નિરોગ છે.

મુમુક્ષુ :– ભગવાનને આહાર જ ન હોય તો પછી રોગ ક્યાંથી હોય?

ઉત્તર :– કેવળીને આહાર જ ન હોય ને. છદ્મસ્થ હોય ત્યાં સુધી આહાર હોય. આહાર હોય છતાં નિહાર ન હોય. આહાહા..! તીર્થંકરનું શરીર એવું હોય, આહાર હોય, પાણી હોય પણ નિહાર ન હોય. વિષ્ટા અને પેશાબ ન હોય. આહાહા..! એની પુણ્યપ્રકૃતિ જુદી હોય. અહીં તો કહે ભગવાનને રોગ થાય, દવા ખાય ને પછી રોગ મટી જાય. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બધું વર્ણન જૂઠું કર્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, **'આયુપર્યન્ત એકરૂપ છે.'** આહાહા..! ભગવાનનું કરોડ પૂર્વનું આયુષ્ય હોય. ઋષભદેવ ભગવાનનું ચોરાશી લાખ પૂર્વનું હતું. સીમંધર ભગવાનનું કરોડ પૂર્વનું છે. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ને? સીમંધર ભગવાન તીર્થંકરદેવને કરોડ પૂર્વનું આયુ.

મુમુક્ષુ :– ચોરાશી લાખ પૂર્વ.

ઉત્તર :– હા, ચોરાશી લાખ પૂર્વ. પણ ચોરાશી લાખમાં એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. ઋષભદેવ ભગવાનને ૮૪ લાખપૂર્વ પણ એ વખતે બીજાઓને આયુષ્ય હતું કરોડ પૂર્વનું. એમ તીર્થંકર છે ને? મધ્ય આયુષ્ય અપાય. અને ભગવાનનું આયુષ્ય કરોડ પૂર્વનું છે. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ જાય. એવા કરોડ પૂર્વ. છતાં કરોડ પૂર્વ સુધી શરીર એવું ને એવું લાગે. એને વૃદ્ધાવસ્થા દેખાય નહિ. સમજાણું કાંઈ? એવું તો એનું શરીર હોય છે. પુણ્યપ્રકૃતિ એવી હોય છે. છે?

**'જેમાં બાળપણું, તરુણપણું અને વૃદ્ધપણું નહીં હોવાથી...'** **'सुस्थित'** છે. સ્થિર શાંત... શાંત... શાંત. બાળપણથી જ એનું શરીર શાંત (હોય). આહાહા..! હીરો જે ડાબલામાં મૂકે એ ડાબલો પણ ઊંચો હોય એમ કહે છે. એમ ચૈતન્યનો હીરો... આહાહા..! એ ભવમાં કેવળ પામવું છે. એ તીર્થંકરનું શરીર જ જુદી જાતનું હોય છે. **'સમાધાનરૂપ (સારી રીતે ગોઠવાયેલા) છે સર્વપ્રદેશ જેના એવું છે.'** સર્વ પ્રદેશમાં બરાબર ગોઠવાયેલા છે. નાક, આંખ, કાન આમ બરાબર દરેક ગોઠવાયેલા છે. જાણે બીબાથી ગોઠવ્યું હોય એવું એનું શરીર હોય.

મુમુક્ષુ :– સર્વાંગ...

ઉત્તર :– સર્વાંગ સુંદર. આહાહા..! અત્યારે જુઓને કો'કનું શરીર આવું હોય તો કાન આવો હોય, કાન આવો હોય તો નાક લાંબુ હોય, કોઈનો હોઠ લાંબો હોય. ભગવાનનું શરીર તો બધું પૂર્ણ સર્વાંગ સુંદર છે. પણ એ તો શરીરની સ્તુતિ છે. જેમ નગરની સ્તુતિ કરી એ રાજાની સ્તુતિ નથી. આહાહા..!

**'વળી કેવું છે જિનેન્દ્રનું રૂપ? આશ્ચર્યકારી છે તથા વિના યત્ન શરીર સાથે મળેલા છે...'** આહાહા..! **'लावण्यम्'** શરીરના ગુણો વગર યત્ને શરીરમાં રહેલા છે. આહાહા..! **'વળી કેવું છે?'** **'समुद्रम् इव अक्षोभम्'** આ તો વ્યવહારે વાત હતી એટલે ભાઈ એકદમ (લઈ લીધી). **'સમુદ્રની માફક નિશ્ચળ છે. વળી કેવું છે? ઉત્કૃષ્ટ છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે વાયુ રહિત સમુદ્ર નિશ્ચળ હોય છે તેવી જ રીતે તીર્થંકરનું શરીર નિશ્ચળ છે. આ રીતે શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી,...'** નગરની સ્તુતિ કરતાં રાજાની સ્તુતિ થતી નથી. એમ શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી. **'કારણ કે શરીરના ગુણ આત્મામાં નથી.'** આહાહા..! શરીરના જે ગુણો, નગરના ગુણો છે એ રાજામાં નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એમ આ શરીરના ગુણો એ આત્મામાં નથી. આહાહા..!

**'આત્માનો જ્ઞાનગુણ છે;...' 'શરીરના ગુણ આત્મામાં નથી. આત્માનો જ્ઞાનગુણ છે;...'** જાણવું... જાણવું... જાણવું... એ તો જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ છે. જગતનો સાક્ષી ભગવાનઆત્મા... આહાહા..! જ્ઞાતાદૃષ્ટા છે. એ રાગ આવે એનો એ કર્તા નથી. એનો એ જાણનાર છે. એમ કીધું ને? જ્ઞાતાદૃષ્ટા. રાગ આવે. વ્યવહાર રાગ આવે પણ એનો કર્તા નથી. એનો જાણનાર દેખનાર છે. એને આત્મા કહીએ. આહાહા..! જેવો પોતે જાણન-દેખન છે એવો જ જાણન-દેખન સ્વને જાણે-દેખે, તેમ રાગાદિને પણ જાણે. એ જાણવા-દેખવાનો એનો સ્વભાવ છે. રાગ એનો સ્વભાવ નથી. આહાહા..! આવી વાતું!

વ્યવહારે જાણેલો પ્રયોજવાન. ૧૨મી ગાથામાં કીધું ને? એ બધી આ વાત છે. જાણે છે કે છે. કેમકે એ ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. પ્રજ્ઞાસ્વરૂપ એકલું ચૈતન્યબિંબ. એ સ્વને જાણે અને રાગ વ્યવહારે આવે એને જાણે. રાગ આંધળો છે. રાગ પોતાને નથી જાણતો. રાગ છે એ તો અચેતન છે. અચેતન એટલે ચેતનસ્વરૂપનો એમાં અભાવ છે. ચાહે તો દયા, દાનનો ભાવ હોય. અરે...! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આંધળો છે, અચેતન છે. આહાહા..! એમાં ચૈતન્યની શક્તિના અંશનો અભાવ છે. આખું ચૈતન્ય તો નથી પણ એના પ્રકાશનો અંશ પણ એમાં નથી. આહાહા..!

એવો રાગરહિત ભગવાનઆત્મા પોતાનો જ્ઞાનગુણ જે છે, એ **'જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે.'** લ્યો. આહાહા..! જ્ઞાનગુણ એટલે? આ શાસ્ત્રને જાણવા એ કાંઈ જ્ઞાનગુણ નથી. જ્ઞાન એનો આત્માનો ગુણ છે. જાણવું, દેખવું એનો સ્વભાવ છે. એની સ્તુતિ. આહાહા..! નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ રાગ વિનાનું જ્ઞાન (થાય) એ એની સ્તુતિ છે. આહાહા..! બધું અજાણ્યું લાગે. તદ્દન અજાણ્યા માણસને તો જાણે આવો જૈન માર્ગ હશે? આપણે તો જૈનધર્મમાં તો દયા પાળવી, છ કાયની દયા પાળવી, રાત્રે આહાર ન કરવો, છપરબી પાળવા, કંદમૂળ ન ખાવું, એવી વાતું છે. અરે..! બાપુ! સાંભળને. એ તો બધી રાગની ક્રિયાઓ, એ કાંઈ જૈનધર્મ નથી. આહાહા..! જૈન ભગવાનનું કહેલું એ સ્વરૂપ નથી. કહ્યું હોય તો તેને વ્યવહાર તરીકે. નિશ્ચય જાણ્યો એને વ્યવહાર તરીકે કહેવામાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારના શ્લોક હતા ને? આહાહા..!

એ નગરનું વર્ણન એ કાંઈ રાજાનું વર્ણન છે? એમ શરીરની કાંતિ, વાણીનું અમૃતપણું ઝરવું, અને દશે દિશામાં જેની શોભા-પ્રકાશ પ્રસરે. એ તો બધી જડની શરીરની વાત થઈ. એ કાંઈ આત્માની વાત નથી. આહાહા..! આત્મા તો અંદર જ્ઞાનસ્વભાવ જાણનાર-દેખનાર છે. જેનું સ્વરૂપ જ જાણવું અને દેખવું ત્રિકાળ (છે). એવા જાણવા-દેખવાના સ્વભાવની સ્તુતિ એટલે તેની સન્મુખ (થવું). ત્યાં ગાથામાં કહ્યું છે ને? ૩૧મી ગાથા. પૂછ્યું હતું તો એવું, કે પ્રભુ! ત્યારે આ શરીરની સ્તુતિ નહિ તો જીવના ગુણની સ્તુતિ કોને કહેવી? ભગવાનના

શરીરની સ્તુતિ નહિ તો ભગવાનના ગુણની સ્તુતિ કોને કહેવી? ૩૧મી ગાથા. ત્યારે કહ્યું કે આત્માની સ્તુતિ એ ભગવાનની સ્તુતિ છે. એમ કહ્યું છે ને? આહાહા..! પૂછ્યું હતું એમ કે આ શરીરાદિ સ્તુતિ નહિ અને ભગવાનના ગુણની સ્તુતિ કોને કહેવી? ત્યારે કહે આ જીવ આનંદકંદ પ્રભુ છે, એનું સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરવું એ ભગવાનની સ્તુતિ છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चयात्
नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्
नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।

ખંડાન્વય સહિત અર્થ :– 'अतः तीर्थंकरस्तवोत्तरबलात् आत्माङ्ग्योः एकत्वं न भवेत्' (अतः) આ કારણથી, (तीर्थंकरस्तव) 'પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે' એમ જે મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ (उत्तरबलात्) 'શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે,' આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી, (आत्म) ચેતનવસ્તુને અને (अङ्गयोः) સમસ્ત કર્મની ઉપાધિને (एकत्वं) એકદ્રવ્યપણું (न भवेत्) થતું નથી. આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે– 'सा एवं' (सा) તે જીવસ્તુતિ (एवं) જેવી રીતે મિથ્યાદષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી, કિન્તુ જે રીતે હવે કહે છે તે રીતે જ છે– 'कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्' (कायात्मनोः) શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને (व्यवहारतः) કથનમાત્રથી (एकत्वं) એકપણું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે, તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે. (तु पुनः) બીજા પક્ષે (न) જીવ-કર્મને એકપણું નથી. તે ક્યા પક્ષે? (निश्चयात्) દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે મળેલાં છે–એકપિંડરૂપ છે તોપણ સોનું પીળું, ભારી અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે, રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે, તેવી જ રીતે જીવ અને કર્મ પણ જોકે અનાદિથી

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકબંધપર્યાયરૂપ મળેલાં ચાલ્યાં આવે છે-એકપિંડરૂપ છે તોપણ જીવદ્રવ્યના પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે, કર્મ-પુદ્‌ગલદ્રવ્ય પણ પોતાના અચેતન ગુણ સહિત છે, તેથી એકપણું કહેવું જૂઠું છે. તે કારણે સ્તુતિમાં ભેદ છે. (તે જ બતાવે છે-) 'व्यवहारतःवपुषः स्तुत्या नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः' (व्यवहारतः) બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહદૃષ્ટિથી જોતાં (वपुषः) શરીરની (स्तुत्या) સ્તુતિ કરવાથી (नुः) જીવની (स्तोत्रं) સ્તુતિ (अस्ति) થાય છે. (न तत्) બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી? (तत्त्वतः) શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં, ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જોકે કહેવામાં આવે છે તોપણ શ્વેતગુણ રૂપાનો છે, તેથી 'શ્વેત સુવર્ણ' એમ કહેવું જૂઠું છે, તેવી જ રીતે-

'बे रत्ता बे सांवला बे नीलुप्पलवन्न।
मरगजवन्ना दो वि जिन सोलह कंचनवन्न।।'

'[ભાવાર્થ—] બે તીર્થંકરો રક્તવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે,' જોકે આમ કહેવામાં આવે છે તોપણ શ્વેત, રક્ત અને પીત આદિ પુદ્‌ગલદ્રવ્યના ગુણો છે, જીવના ગુણો નથી. તેથી શ્વેત, રક્ત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો, જ્ઞાનગુણ કહેતાં જીવ છે. કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે ? ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે- 'निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति' (निश्चयतः) શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં (चित्) શુદ્ધ જ્ઞાનાદિનાં (स्तुत्या) વારંવાર વર્ણન-સ્મરણ-અભ્યાસ કરવાથી (एव) નિઃસંદેહ (चितः स्तोत्रं) જીવદ્રવ્યની સ્તુતિ (भवति) થાય છે. ભાવાર્થ આમ છે-જેવી રીતે 'પીળું, ભારે અને ચીકણું સુવર્ણ' એમ કહેતા સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે, તેવી જ રીતે 'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે એટલે કે ઇંદ્રિય-વિષય-કષાયને જીત્યાં છે, પછી મૂળથી ખપાવ્યા છે, સકળ કર્મ ક્ષય કર્યાં છે એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે' એમ કહેતાં-જાણતાં-અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે. આથી આ અર્થ નિશ્ચિત કર્યો કે જીવ અને કર્મ એક નથી, ભિન્ન ભિન્ન છે. વિવરણ-જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત? ૨૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અષાઢ વદ ૩, રવિવાર તા.૦૩.૦૭.૧૯૭૭**
**કળશ - ૨૭, પ્રવચન - ૩૨**

'કળશ ટીકા' ૨૭મો કળશ છે.

**एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चयात्**
**नुः स्तोत्रं व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।**
**स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवेत्**
**नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः ।।२७।।**

**ખંડાન્વય સહિત અર્થ :–** 'अतः तीर्थंकरस्तवोत्तरबलात् आत्माङ्ग्योः एकत्वं न भवेत्' **'આ કારણથી, પરમેશ્વરના શરીરની સ્તુતિ કરતાં...'** જોયું? પરમેશ્વર જિનેશ્વરની વાણી, શરીર, એની સ્તુતિ કરતાં કેવળીની સ્તુતિ થઈ શકતી નથી. **'આત્માની સ્તુતિ થાય છે એમ જે મિથ્યામતી જીવ કહે છે...'** ભગવાનના ગુણો અને ભગવાનની સ્તુતિ કરવાથી, એના શરીરની. એનાથી આત્માની સ્તુતિ થાય છે એમ જે કહ્યું હતું. **'મિથ્યામતી જીવ કહે છે તેના પ્રતિ શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી,...'** આહાહા..! ખરેખર તો ભગવાન પરમાત્મા છે, એની સ્તુતિ કરવી એ પણ વ્યવહાર છે. એમના ગુણની સ્તુતિ કરવી એટલે કે આત્માના ગુણની સ્તુતિ કરવી. એમ. 'आत्माङ्ग्योः' કહેશે. આત્મા અને અંગ. એટલે કર્મના નિમિત્તથી થતી બધી ઉપાધિ. એવો અર્થ કર્યો છે. બરાબર કર્યો છે. છે ને?

**'આત્માના જ્ઞાનગુણની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થાય છે,...'** આહાહા..! એમના શરીરની સ્તુતિ થતાં એ વાસ્તવિક સ્તુતિ નથી. તેમ ખરેખર તો પરમેશ્વરની પરની સ્તુતિ કરતાં પણ સ્વની સ્તુતિ થતી નથી. આહાહા..! કેમકે પરની સ્તુતિ થવામાં તો રાગનો ભાગ છે. આહાહા..! પરમેશ્વરની ભક્તિ, સ્તુતિ એ બધો રાગ છે, એ આત્માની સ્તુતિ નથી એમ કહે છે. આત્માની સ્તુતિ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. બપોરે એ નેત્રનું દૃષ્ટાંત આવ્યું હતું ને? આત્મા તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે. એ જ્ઞાનમાં એકાગ્ર થઈને તેનો આદર અને સ્વીકાર કરવો, એનું નામ આત્મસ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. છે?

**'શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ થતી નથી, આત્માના જ્ઞાનગુણની...'** જ્ઞાન લીધું છે ને? જાણક જે આત્મા નિત્ય છે તેમ એનો જ્ઞાનસ્વભાવ નિત્ય છે. એવા સ્વભાવની સન્મુખ થઈને અંદરમાં એકાગ્રતા થવી, એ આત્માની સ્તુતિ છે. આહાહા..! ભાષા તો આમાં આમ લીધી કે, ભાઈ! શરીરની સ્તુતિ એટલે. પણ આમ તો ભગવાનની સ્તુતિ કરવી એ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ વ્યવહાર, વિકલ્પ, રાગ છે. પરમેશ્વર પરદ્રવ્ય છે ને? અને પરદ્રવ્ય છે, એની સ્તુતિ તો રાગ છે. આહાહા..! આત્મદ્રવ્ય ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ તેની સન્મુખ થવું, એમાં એકાગ્ર થવું એ આત્માની સ્તુતિ છે. આહાહા..! આવી વાત છે. એ કહ્યું હતું ને? અહીં તો ના પાડે છે, કે પરની સ્તુતિ અને શરીરની સ્તુતિ એ કાંઈ વાસ્તવિક નથી. ત્યારે સામા પક્ષવાળા એમ કહે છે, તેમાં ભગવાનની મૂર્તિ અને સ્તુતિનો તો આમાં નિષેધ કર્યો છે. એ નિષેધ તો વ્યવહાર છે માટે કર્યો છે. પણ વ્યવહાર છે. અંતર આત્માનું ભાન થયા પછી પણ, આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનનું વેદન આવ્યું હોવા છતાં તેને પૂર્ણ વીતરાગતા નથી એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર, પ્રતિમા, પૂજા આદિનો ભાવ આવ્યા વિના રહે નહિ. પણ છે બંધનું કારણ એમ એણે જાણવું જોઈએ. આહાહા..! આવી વાતું. ઉડાડી દેવું એમ પણ નહિ અને એને ધર્મ માનવો એમ પણ નહિ. આવી વાત છે. કહો, 'દેવીલાલજી'! આહાહા..!

અહીં તો એમ કહે છે. **'આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી,...'** **'आत्माङ्ग्योः'** છેલ્લા શબ્દ છે ને? **'आत्माङ्ग्योः'** **'ચેતનવસ્તુને અને...'** **'अङ्गयोः'** એટલે શરીરને એમ ન લેતા **'સમસ્ત કર્મની ઉપાધિ...'** આહાહા..! ચાહે તો અંદર દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે, એની સ્તુતિ પણ શરીરની સ્તુતિ છે. આહાહા..! આવો માર્ગ. સમજાણું કાંઈ? થોડી-થોડી ગુજરાતી ભાષા સમજો છો? થોડી-થોડી? અહીં બધા ગુજરાતી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

એક કોર આતમરામ, એના આનંદગુણની સ્તુતિ એટલે કે તેનો સ્વીકાર, સત્કાર અને સમ્યગ્દર્શન. એ આત્માની સ્તુતિ છે. એ સિવાય ભગવાનના શરીરના ગુણો ગાવા, અરે..! ભગવાન પોતે, એના ગુણનો ભેદ કરીને... એ આવે છે ને? સિદ્ધની સ્તુતિ. એ વ્યવહારસ્તુતિ કીધી સિદ્ધની સ્તુતિ એ વ્યવહાર સ્તુતિ. પરવસ્તુ છે ને? સિદ્ધ એ આત્માથી પરદ્રવ્ય છે. આહાહા..! એની સ્તુતિ પણ વ્યવહારસ્તુતિ અને રાગ છે. આહાહા..! સિદ્ધની ભક્તિ કરવી એ પણ રાગ છે એમ કહે છે. પરદ્રવ્ય છે ને? અને પરદ્રવ્ય ઉપર લક્ષ જાય તો રાગ જ થાય. આહાહા..! આવો વીતરાગનો માર્ગ છે.

ભગવાનઆત્મા.. બે બોલમાં અંગની વ્યાખ્યા કરી. નહિતર તો અંગ એટલે શરીર અને આત્મા જુદા એમ. પણ અહીં તો અંગ એટલે સમસ્ત કર્મની ઉપાધિ. ચાહે તો એને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, પરમાત્માની ભક્તિનો ભાવ એ પણ શરીર-અંગમાં જાય છે. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો. આહાહા..! પરમેશ્વર જિનેશ્વરદેવ, આમ ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા. એ માર્ગ છે. આહાહા..! બાહ્યથી એકલા ભગવાનના ગુણગાન ને... ઓલામાં આવે છે ને? 'મોક્ષમાર્ગ નેત્તારં ભેત્તારં.... તદ્ગુણ લબ્ધયે.' એમ કે તમારી સ્તુતિ તમારા ગુણની પ્રાપ્તિ માટે (કરીએ છીએ). એવો અર્થ કરે ત્યાં. કે જુઓ! ભગવાનની સ્તુતિ પણ ગુણની પ્રાપ્તિ માટે છે. એ તો નિમિત્તના કથન છે. આવે છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'જ્ઞાતારં તત્ત્વનામ'

મુમુક્ષુ :– તદ્દ્ગુણ લબ્ધયે.

ઉત્તર :– હા. તદ્દ્ગુણ લબ્ધયે. એની વ્યાખ્યા કરે છે. તમારી સ્તુતિ કરતા તમારા ગુણની પ્રાપ્તિને માટે છે. એ તો વ્યવહારના વચન છે. એના ગુણની પ્રાપ્તિ, એના ગુણ પ્રત્યેની સ્તુતિ એ તો વિકલ્પ-રાગ છે. આહાહા..! દુનિયાની આખી લાઈન જ.. ધર્મનો પંથ વીતરાગમાર્ગ એ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે અને વીતરાગભાવ એ આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે. પરનો આશ્રય કરવા જાય, ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર (હોય, તોપણ રાગની ઉત્પત્તિ થાય છે). આહાહા..!

'મોક્ષપાહુડ'માં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે. 'મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથા. **'परदव्वादो दुग्गई'** આહાહા..! આત્મા સિવાય ત્રણલોકના નાથ તીર્થંકર, એના ઉપર લક્ષ જતા પણ તને દુર્ગતિ થશે. એટલે કે ચૈતન્યની ગતિ નહિ થાય. આહાહા..! આવો ૧૬મી ગાથામાં પાઠ છે. જગતે સત્ય સાંભળ્યું નથી. ભગવાનઆત્મા એવી ચીજ છે. પરમેશ્વર એમ કહે, ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે, કે અમે પરદ્રવ્ય છીએ. તારા હિસાબે અમે પરદ્રવ્ય છીએ. અને અમારા તરફ તારી ભક્તિનો ભાવ આવશે એ રાગ છે. આહાહા..! 'દેવીલાલજી'! અહીં તો એને દુર્ગતિ કહી છે. 'અષ્ટપાહુડ'ની ૧૬મી ગાથા. છે ને આમાં? બધું કોતરાયેલું છે. આહાહા..! **'परदव्वादो दुग्गई'**.

સ્વદ્રવ્યનો આશ્રય લઈને જે આનંદદશા પ્રગટ થાય અને જ્ઞાનની નિર્મળતા, શક્તિમાં જે સ્વભાવજ્ઞાન છે, એની પર્યાયમાં શક્તિની વ્યક્તતા નિર્મળ વીતરાગી દશા પ્રગટ થાય, તે આત્માની સ્તુતિ છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં તો એટલું લીધું છે કે શરીર અને બહારના ગુણો. પણ અંદરમાં એનો અર્થ જ એ થયો. આ ખુલાસો તેથી (કર્યો છે). **'સમસ્ત કર્મની ઉપાધિને...'** કર્મના નિમિત્તે થતો જે પુણ્ય, દયા, દાન, ભક્તિનો રાગ એ પણ પરઅંગ શરીરમાં જાય છે, એ આત્મામાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. 'શાંતિભાઈ'! આહાહા..! **'आत्माङ्ग्योः'** એની 'રાજમલજી'એ વ્યાખ્યા કરી. ભગવાનઆત્મા, એ તો જ્ઞાતાદૃષ્ટા અને આનંદસ્વરૂપ પ્રભુ છે. એનો સ્વીકાર સમ્યગ્દર્શનમાં થવો. ત્રિકાળી ચીજને સત્યદૃષ્ટિમાં આખા પૂર્ણ સત્યને પ્રતીતમાં લેવો... આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન છે અને એનું નામ આત્માની સ્તુતિ છે. આહાહા..! અને આત્મા સિવાય **'आत्माङ्ग्योः'** શરીરથી માંડીને બધી પરવસ્તુ. અથવા કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો ભગવાન પ્રત્યેનો ભક્તિનો ભાવ, એને પણ અહીં અંગ-શરીરમાં નાખી દીધું છે. ઇ સ્વ સ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? છે અંદર? જુઓને અંદર પાઠ છે.

**'आत्माङ्ग्योः'** છેલ્લો શબ્દ છે. ૨૭મા કળશનો છેલ્લો શબ્દ. **'आत्माङ्ग्योः'**. **'સમસ્ત કર્મની ઉપાધિને...'** આહાહા..! ભગવાન તીર્થંકર અને કેવળીની વાણી, એ પણ પરદ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એના ઉપર લક્ષ જતા તો રાગ થાય, શુભરાગ. આહાહા..! અને શુભરાગ થાય તેને અહીં અંગ–શરીરમાં ગણ્યું છે. એ કાર્મણશરીરનું ફળ, એ કાર્મણશરીર અંગ. આહાહા..! આવી ઝીણી વાતું છે, બાપા! પ્રભુ! તું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છો ને. એમાં વિકલ્પ જે ઊઠે છે એ તારું સ્વરૂપ નથી. એ તો અંગ-શરીરનું સ્વરૂપ છે. એ તો કર્મશરીરનું સ્વરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આચાર્ય મહારાજને મૂળ કહેવું છે એ. એકલું શરીર અને આત્મા બે જુદા. એ શરીરની સાથે જેટલા પુણ્ય અને પાપના ભાવ થાય એ બધા અંગ-શરીરમાં જાય છે. ભગવાનઆત્મા એનાથી ભિન્ન છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? બે જ ભાગલા પાડ્યા. એકકોર આતમરામ અને એકકોર ગામ. શુભ વિકલ્પ જે ઊઠે, શુભ વિકલ્પ, હોં! શુભરાગ. ભગવાનની ભક્તિનો શુભરાગ. તો કહે છે કે એ ગામમાં એટલે કર્મની ઉપાધિમાં જાય છે. એ આત્મામાં નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. લોકોને બિચારાને મળ્યો નથી. બહારમાં ગોઠવાઈ ગયા. ભગવાનની ભક્તિથી મુક્તિ થશે. ભગવાનના સમવસરણમાં જઈએ એટલે દર્શન થશે અને મુક્તિ થશે. અનંતવાર દર્શન કર્યા, સાંભળને. એ તો શુભરાગ છે અને એ શુભરાગને તો અહીં આત્માથી ભિન્ન શરીરના સંગ્રહમાં, શરીરના સમાગમમાં નાખી દીધો છે. શરીરની સાથે રાગને નાખી દીધો છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ચેતનજી'! અહીં તો રામ અને ગામ. એક કોર ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદનો નાથ, પ્રભુ! અને એક બાજુ ભક્તિ, મહાવ્રત આદિના શુભરાગ વિકલ્પ ઊઠે એ બધું શરીરના અંગમાં જાય, પરમાં જાય છે. આહાહા..! આવી વાતું છે. બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ!

જિનેશ્વરદેવ, ત્રિલોકનાથ અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય પામ્યા, પામ્યા પછી આવી વાણી નીકળી છે. સમજાણું કાંઈ? અને એ પરંપરાની વાણી 'કુંદકુંદાચાર્યે' કહી અને એની ટીકા-અર્થ 'અમૃતચંદ્રાચાર્યે' કર્યા. આહાહા..! નગ્ન મુનિ, દિગંબર સંત પ્રચુર આનંદના વેદનની દશામાં (ઝુલે છે). મુનિઓ તો પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમાં હોય છે. આહાહા..! એ મુનિ, પરંપરાથી આવેલી વાત, મુનિ પોતે કહે છે, કે માર્ગ તો આ છે. આહા..! તારા પ્રભુ સિવાય બીજો પ્રભુ ભગવાન છે એની પણ ભક્તિ કરીશ તો એ રાગમાં આવે. વ્યવહાર આવે. પૂર્ણ વીતરાગ ન થાય તો આવે. પણ એ રાગ હેય છે. છોડવાલાયક છે. આહાહા..! દૃષ્ટિમાં એ છોડવાલાયક છે.

ત્યારે વળી ઓલા એમ કહે છે. હમણા આવ્યું છે ને 'સુમેરુચંદજી' 'શિવની'ના, એમ કે પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય છે. તેરમા ગુણસ્થાનવાળા પુણ્યનો ક્ષય કરી શકતા નથી તમે ચોથે ગુણસ્થાને પુણ્યનો નાશ કરવા માગો છો? અરે..! ભાઈ! સાંભળ તો ખરો, ભાઈ! નાશ થવાની વાત ક્યાં છે? એ આત્માનો સ્વભાવ નથી માટે નાશ કરવા લાયક છે એવી એણે પ્રતીતિ કરવાલાયક છે. સમજાણું કાંઈ? આહાહા..! આવ્યું છે ને?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

'સુમેરુચંદજી'નું. કાંઈનું કાંઈ છે. ચૌદમે ગુણસ્થાને પુણ્યનો ક્ષય થાય માટે એમ કે ચોથેથી પુણ્યનો નિષેધ? પણ દૃષ્ટિમાં તો પુણ્યનો નિષેધ જ છે. એ પુણ્યનો ભાવ જ મારો નથી અને મારા આત્માને એ લાભદાયક નથી. આહાહા..! આ તો વીતરાગસ્વરૂપ.. આવે છે, હોં! એમાં નાખ્યું છે, જિન. જિન સોહી નાખ્યું હશે કે બીજું નાખ્યું હશે. આમાં નહિ. એ નહિ. એ તો કાલે કહ્યું હતું. આ તો બીજું આમાં આવે છે ને? ૧૮. જિનપદ ને એ આવી ગયું હતું. આહાહા..! પછી આ ૩૦ મા આવશે. એકત્વ વ્યવહાર. આ એકત્વ વ્યવહાર છે પછી આવશે. એ એકત્વવ્યવહાર એમાં આવશે.

'જિન સો જીવ, જીવ સો જિનવર' ઓલું જુદું. છે? 'તન તે તન વ્યવહાર એક સે નિશ્ચય ભિન્ન-ભિન્ન હૈ દોહી. તન ચેતન વ્યવહારથી...' વ્યવહારથી એક કહેવામાં આવે છે. 'નિશ્ચય ભિન્ન ભિન્ન હૈ દોહી. તનકી સ્તુતિ વ્યવહાર દેવ સ્તુતિ.' શરીરના ગુણની સ્તુતિ આદિ એ તો વ્યવહાર દેવસ્તુતિ. 'નિયત દૃષ્ટિ મિથ્યાત્વ સ્તુતિ સોહી.' આત્માની નિશ્ચય દૃષ્ટિની અપેક્ષાએ વ્યવહારસ્તુતિ તે જૂઠી છે. આહાહા..! 'જિન સો જીવ, જીવ સો જિનવર.' આહાહા..! 'જિન સો જીવ, જીવ સો જિનવર.' આ જીવ પોતે જિનવર છે. આહાહા..! વસ્તુ શક્તિ અને સ્વભાવ જ એનો જિનવર વીતરાગસ્વરૂપ છે. પ્રભુ પોતે વીતરાગી મૂર્તિ જ આત્મા છે. આહાહા..! ઓલું તો કહ્યું હતું કાલે.

'જિનપદ નાંહિ શરીર કો, જિનપદ ચેતન માંહી, જિનવર્ણન કછુ ઔર હૈ, યહ જિનવર્ણન નાંહિ.' આહાહા..! સમજાણું કાંઈ? એ તો પહેલું કહ્યું હતું કાલે. આ તો આમાં આવ્યું. આ ગાથા છે ને? એકત્વ વ્યવહાર તો એમાં નાખ્યું છે. 'જિન સો જીવ, જીવ સો જિનવર. તન જિન એક ન માને કોઈ, તા કારણ તન કી સ્તુતિ સો જિનવર કી સ્તુતિ નાંહિ હોય.' આહાહા..! આ તો 'બનારસીદાસ' 'સમયસાર નાટક'. 'જિન સો જિનવર...' આહાહા..! કેમ બેસે? અવિકારી વીતરાગી સ્વરૂપ આત્મા એનું નામ જિન અને એનું નામ આત્મા. એના સ્વરૂપમાં રાગ અને અલ્પજ્ઞતા ક્યાં છે? એ તો પૂર્ણ અને વીતરાગસ્વરૂપે બિરાજમાન ભગવાન છે. આ આત્મા, હોં! ભગવાન.

'જિન સોહી આત્મા.' 'જિનવર સોહી જીવ, જીવ સોહી જિનવર.' આહાહા..! એવું એનું સ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ આદિ ગુણોનું ધામ. વસ્તુ એકરૂપ સદૃશ ધ્રુવ, તે આત્મા. એના ગુણગ્રામ કરવા એટલે એમાં એકાગ્ર થવું, પરથી લક્ષ છોડી દેવું. ભગવાનની ભક્તિથી અને સ્તુતિથી પણ લક્ષ છોડી દેવું. આહાહા..! આત્મા ત્રિલોકનાથ અંદર આત્મામાં સ્તુતિનો આદર કરવો. એનું નામ આત્મસ્તુતિ. એ અપેક્ષાએ વ્યવહારસ્તુતિ જૂઠી છે. આહાહા..! કહો, 'શશીભાઈ'! આ બધી તકરારની વાત.

એ તો 'સમયસાર'ની ૧૧મી ગાથામાં ન કહ્યું? વ્યવહાર તે અભૂતાર્થ છે. ભગવાનઆત્મા ભૂતાર્થ ત્રિકાળ આનંદકંદ પ્રભુ, એ એક જ સત્યાર્થ છે. અને પર્યાયમાત્ર તે અસત્યાર્થ

છે. રાગ તો અસત્યાર્થ છે. આહાહા..! પણ એની એક સમયની પર્યાયને ત્રિકાળ સત્યાર્થ ભૂતાર્થ સમ્યગ્દર્શનનો વિષય જે છે, એને સત્યાર્થ મુખ્યને નિશ્ચય કરી, અને તે સત્યાર્થ છે એમ કહ્યું છે. અને પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી અને અસત્ય છે તેમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ મુખ્ય છે.

ઉત્તર :– આ મુખ્ય. ત્રિકાળી ભગવાનઆત્મા તે મુખ્ય, તે નિશ્ચય. અને તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય. આહાહા..! અને પર્યાય છે ખરી. નથી એમ નહિ. તો તો વેદાંત થઈ જાય. વેદાંત પર્યાયને માનતા નથી. એમ અહીંયાં પર્યાય નથી એમ નહિ, પર્યાય–અવસ્થા છે પણ અવસ્થા હોવા છતાં તેને ગૌણ કરી, પેટામાં રાખી, વ્યવહાર કહી અને તેને નથી એમ કહ્યું છે. અને ભગવાનઆત્મા ત્રિકાળી સત્યાર્થ ભૂતાર્થ ત્રિકાળ ધ્રુવ, તેને મુખ્ય કહી, તેને નિશ્ચય કહી અને તેને જ સાચું કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. અરે..! ચોરાશી લાખના અવતારમાંથી ઉગરવાનો આ આરો છે. આહાહા..! બાકી બહારની ભગવાનની ભક્તિ એ બધા પુણ્યબંધના કારણ છે. આહાહા..! આવે, હોય. જ્ઞાનીને હોય. મુનિ પંચમહાવ્રતધારી અને પંચમહાવ્રતના વિકલ્પ પણ રાગ અને દુઃખ છે. આવે ખરા. પણ હેયબુદ્ધિએ આવે. આહાહા..! છોડવાલાયકની બુદ્ધિએ આવે. સમજાણું કાંઈ? આહાહા..!

એક છોડી હતી. (સંવત) ૧૯૮૦ની સાલમાં. ઓલા 'પોપટભાઈ'ના દીકરાની દીકરી. 'પક્કડ પક્કડ મેં ફેર હૈ.' એમ કહેતી. નાની છોડી, હોં! એક ઉંદરને બિલાડી પકડે અને એક એના બચ્ચાને પકડે. બેમાં પક્કડ પક્કડમાં ફેર છે. બચ્ચાને પકડે એમાં ભીંસ ન કરે. પોલું રાખે. બિલાડી સમજો છો? બિલ્લી. બિલાડી એના બચ્ચાને પકડે તો પોલું રાખે. ઉંદરને પકડે તો દબાવીને પકડે અને એના બચ્ચાને પકડે ખરી. પક્કડ-પક્કડમાં ફેર છે.

એમ અજ્ઞાનીને રાગ આવે એ પકડે છે. ઉંદરને જેમ પકડે એમ એને પકડે છે કે મારો છે આ. જ્ઞાનીને રાગ આવે એને એ પકડતો નથી પણ એને જાણે છે કે આ છે. કે રાગ આવે છે અને હોય છે. આહાહા..! એ ત્યાં ૧૯૮૦ની સાલની વાત છે. ૫૩ વર્ષ પહેલા. એક 'પોપટભાઈ' હતા. એના દીકરાની દીકરી નાની હતી. સાત વર્ષની. એને ઘણા શ્લોકો મોઢે. બિચારીને ક્ષય થયો અને મરી ગઈ. સાત વર્ષની છોકરીને ક્ષય થઈ ગયો. આહાહા..! આવતી, બહુ બોલતી. શ્લોકો બોલે. આહાહા..! એ બોલતી 'પક્કડ પક્કડ મેં ફેર..' આખો શ્લોક ભૂલી ગયા. જેમ મીંદડી પકડે ઉંદરને અને મીંદડી પકડે બચ્ચાને. બેમાં ફેર છે.

એમ ધર્મી જીવને આત્મદર્શન અને આત્મજ્ઞાન થયું છે. એને રાગ આવે ખરો. પણ પકડતો નથી કે આ મને લાભદાયક છે એમ પકડતો નથી. અજ્ઞાનીને ભક્તિ આદિનો રાગ આવે તો પકડી રાખે છે કે એનાથી મને લાભ થશે. એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીં તો આટલા અર્થની વ્યાખ્યા ચાલે છે. **'आत्माङ्ग्योः'** આહાહા..! ભગવાનઆત્મા એ તો નિર્મળાનંદ શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એને અહીં આત્મા કહીએ. એ આત્મા સિવાય શુભ-અશુભ રાગનો વિકલ્પ, શરીર એ બધું અંગમાં જાય છે. એ કાર્મણશરીરનો વિકારભાવ છે, જીવનો નહિ. આહાહા..! જીવનો હોય તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ. જીવનો નહિ માટે સિદ્ધમાંથી પણ એ છૂટી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે. લોકોને ન બેસે તો પછી..

**'આવા ઉત્તરના બળથી અર્થાત્ તે ઉત્તર દ્વારા સંદેહ નષ્ટ થઈ જવાથી, ચેતનવસ્તુને અને સમસ્ત કર્મની ઉપાધિને એકદ્રવ્યપણું થતું નથી.'** આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપના રાગનો જે વિકલ્પ ઊઠે, એ બેનું એકપણું નથી. બે જુદા છે. આહાહા..! છે? હિન્દી છે કે ગુજરાતી? હિન્દી છે. ઠીક. એમાં અર્થ છે. **'સમસ્ત કર્મની ઉપાધિને એકદ્રવ્યપણું થતું નથી.'** આહાહા..! કહો. એક કોર જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ અને એક બાજુ શુભરાગ, ભક્તિ, દયા, દાન, વ્રતથી માંડીને કર્મ, શરીર બધું. એ બધું પર શરીરમાં જાય છે. ભગવાનઆત્મામાં એ હોતું નથી. આહાહા..! કહો, 'જયંતીભાઈ'! આ રવિવારે બધું તમારે આવું આવે છે.

મુમુક્ષુ :– ભેદજ્ઞાનની વાત આવી.

ઉત્તર :– હા. શેની ચાલી?

મુમુક્ષુ :– ભેદજ્ઞાનની.

ઉત્તર :– ભેદજ્ઞાન જ આ છે. 'ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મળ નિર, ધોબી અંતર આત્મા, ધોવે નિજગુણ ચીર' આહાહા..! 'ભેદજ્ઞાન સાબુ ભયો...' એ દયા, દાનના વિકલ્પ રાગથી પણ ભગવાન ભિન્ન છે એ ભેદજ્ઞાનરૂપી સાબુ. 'સમરસ નિર્મલ નિર.' રાગ વિના અંદર સમતા પ્રગટી. એ સમતારૂપી નિર્મળ નિરમાં નિજગુણને ધોવે છે. મેલ કાઢી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? 'ધોબી અંતરઆત્મા ધોવે નિજગુણ ચીર.' આહાહા..! મારો પ્રભુ તો પવિત્ર આનંદનો નાથ છે. એવો અનુભવ કરીને રાગને ધોઈ નાખે છે. આહાહા..! ધોઈ નાખે કહે છે ને? હિન્દીમાં શું કહે? ધો ડાલતે હૈં. આહાહા..! આવું સ્વરૂપ છે.

ભગવાનના શ્રીમુખે આવું નીકળેલું છે, કહેલું છે. લોકોને બેસે નહિ. એકલો વ્યવહાર-વ્યવહાર કરીને મરી જાય. આહાહા..! વાસ્તવિક સત્ પ્રભુ, એનો સ્વીકાર અને આદર ન થાય. તેને પુણ્ય અને દયા, દાન, ભક્તિના ભાવનો આદર થાય ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! 'રાજમલ'ની ટીકા આવી કરી, જોયું? અને પાઠ તો **'आत्माङ्ग्योः'** અંગ-શરીર. પણ એ કર્મના નિમિત્તથી ઉપાધિભાવ પુણ્ય અને પાપ બધું અંગ છે, શરીર છે. એ કાર્મણશરીરનો ભાવ કાર્મણશરીર છે. આહાહા..! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય છે નહિ.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ તો એમાં છે ને. આહાહા..! અને 'રાજમલ' ગૃહસ્થ ટીકા કરે છે. 'રાજમલ' ગૃહસ્થ છે. એ કહે છે, **'आत्माङ्ग्योः'** આહાહા..! એક કોર પ્રભુ ચૈતન્ય આનંદગુણનો કંદ પ્રભુ. અને એક બાજુ રાગ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, શરીર એ બધું એક બાજુ. એ બધું એક કોર ગામ અને એક કોર રામ. આહાહા..! બે વચ્ચેનું ભેદજ્ઞાન કરવું એ આત્માની સ્તુતિ છે. અને બે વચ્ચેની એકતા માનવી એ મિથ્યાભ્રમની સ્તુતિ છે. આહાહા..!

**'એકદ્રવ્યપણું થતું નથી. આત્માની સ્તુતિ જે રીતે થાય છે તે કહે છે–' 'सा एवं' 'તે જીવસ્તુતિ જેવી રીતે મિથ્યાદૃષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી,...'** એ તો એમ કહેતો કે શરીરના આવા ગુણ, આવા ગુણ. તમે જૈનો શરીરના ગુણ ગાવ છો માટે શરીર અને જીવ એક હોય, એમ એ કહેતો હતો. અરે..! સાંભળને ભાઈ! **'જીવસ્તુતિ જેવી રીતે મિથ્યાદૃષ્ટિ કહેતો હતો તેવી રીતે નથી, કિન્તુ જે રીતે હવે કહે છે તે રીતે જ છે–' 'कायात्मनोः व्यवहारतः एकत्वं, तु पुनः न निश्चयात्'** આહાહા..! એક લીટીમાં બે નાખ્યું. **'શરીરાદિ અને...'** જુઓ! આદિ શબ્દ છે ને? શરીર, પુણ્ય અને પાપ, દયા અને દાન, ભક્તિ આદિના ભાવ અને એક કોર ચેતનદ્રવ્ય. એ બંનેને કથનમાત્રથી એકપણું છે. આહાહા..! વ્યવહારનયનો અર્થ જ આવો કરે છે. કથનમાત્ર–કહેવામાત્ર છે. આહાહા..! પહેલામાં આવ્યું હતું વ્યવહાર.. પાંચમી ગાથામાં. પાંચમી ગાથામાં વ્યવહારનયનો અર્થ જ એવો કર્યો છે. પાંચમી ગાથા. વ્યવહારનય એટલે જેટલું કથન. બસ. આહાહા..! ભેદ પાડીને બધું કથન, એ બધું કથનમાત્ર છે, વસ્તુસ્થિતિ એ નથી. આહાહા..! **'શરીરાદિ અને...'** અહીં તો કાંઈ આત્માનું બસ. પણ એમાંથી અર્થ કાઢ્યો એણે. કાયા એટલે **'શરીરાદિ અને ચેતનદ્રવ્ય...'** આદિ નાખ્યું અંદર પાછું. **'એ બંનેને કથનમાત્રથી એકપણું છે.'** આહાહા..! કહેવામાત્રથી છે.

**'ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને...'** સોનું અને રૂપુ. **'એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે,...'** સઘળું કહેવામાં તો સુવર્ણ કહેવાય છે, **'તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે.'** જોયું? આહાહા..! સોનું અને રૂપુંને ઓગાળીને સોગઠી કરે. સોગઠી કહેવાય? રવો એક બનાવે. તો એમ કહેવાય કે આ સોનું છે. નહિ તો કથનમાત્ર છે. સોનું અને રૂપું બે જુદી ચીજ છે. આહાહા..!

એમ જીવ અને રાગાદિ ભાવ તદ્દન ભિન્ન છે. ભગવાનની ભક્તિનો ભાવ પણ એ પુદ્ગલના પરિણામ છે. આહાહા..! એ ભક્તિના ભાવ પણ અજીવ છે. કેમકે જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં એ રાગમાં તો જ્ઞાનાનંદનો અભાવ છે. આહાહા..! રાત્રે તો ત્રણ પ્રકાર કહ્યા હતા. એક તો આ શરીર, વાણી, મન એ અચેતન જડ છે. અને પુણ્ય અને પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવ થાય એ રાગ છે. એ રાગ પોતે જાણતો નથી માટે એ જડ છે, અચેતન છે. અને ત્રીજું અચેતન સ્વરૂપ સંબોધનમાં કહ્યું છે. કે જાણવું, દેખવું એ ચેતન. એ સિવાયના બીજા બધા ગુણો અચેતન છે. 'શશીભાઈ'! 'અકલંકદેવ'. પુસ્તક અહીં નથી. 'સ્વરૂપ સંબોધન'માં એમ વર્ણવે છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..!

અચેતનના ત્રણ પ્રકાર. ચેતનનો એક પ્રકાર. જાણનાર-દેખનાર એવો સ્વભાવ તે ચેતન. અને એ સિવાય આ શરીર, વાણી, મન, જડ એ અચેતન. એક વાત. બીજા પુણ્ય અને પાપના બે ભાવ થાય એ રાગ છે, એ અચેતન છે. તેમાં જ્ઞાનનો અંશ નથી. રાગ જાણતો નથી, રાગ જણાવાયોગ્ય બીજા જ્ઞાનથી જણાય છે. માટે રાગ-ભક્તિ આદિનો રાગ પણ અચેતન-જડ છે. આહાહા..! ત્રીજું, ભગવાનઆત્માનો જાણન-દેખન સ્વભાવ ચેતન ઉપયોગ તે ચૈતન્ય છે. એ સિવાય શ્રદ્ધા, ચારિત્ર, આનંદ એ બધા જ્ઞાનસ્વરૂપ નથી. માટે તેને અચેતન કહ્યા છે. આહાહા..! છે તો ચેતનના ગુણ ચેતન જ કહેવાય. પણ બીજા તત્ત્વથી જુદું પાડવા જેટલા ચૈતન્યના ગુણ છે એ બધા ચેતન કહેવાય. પણ હવે એમાં બેનો ભાગ પાડવો હોય જ્યારે, ત્યારે જાણનાર-દેખનાર ચેતન તે ચેતન છે. અને એ સિવાયના ગુણો બધા પોતાને જાણતા નથી. ચેતનને જાણતા નથી. માટે ચેતન ચેતનને જાણે છે, ચેતન એ બધા ગુણોને જાણે છે. માટે ચેતન ચેતન છે. અને એ સિવાયના ગુણ તેને ચેતનનો જાણવાના સ્વભાવનો એમાં અભાવ છે. તેથી એને અચેતન કહેવામાં આવે છે. આહાહા..! આવી વાતું છે. કહો, 'કાંતિભાઈ'! ક્યાંય સાંભળ્યું નહિ હોય. આહાહા..! લ્યો. અચેતનનો અર્થ કાંઈ ઓલા પરમાણુ છે એમ નહિ. પુણ્ય-પાપના ભાવ અચેતન કહ્યા એ કાંઈ પરમાણુ નથી. દયા, દાન, ભક્તિના ભાવને અચેતન કહ્યા, અજીવ કહ્યા, જડ કહ્યા. એ કાંઈ પરમાણુ નથી. પણ એમાં જ્ઞાનના જાણવાનો સ્વભાવ નથી, માટે તેને અચેતન કહ્યા. આહાહા..!

મુમુક્ષુ :– તેમાં વિશેષ પ્રયોજન બતાવવું છે માટે.

ઉત્તર :– હા. આગળ વધારે લઈ જવું છે. જાણનારો છે ત્યાં જા. રાગાદિ જાણનાર નથી. એ ચીજ તારી નથી. આહાહા..! અને ઓલા બેમાં પણ જાણનારની પ્રધાનતા અસાધારણ. અસાધારણ સ્વભાવ હોય તો એ ચેતન જાણવું-દેખવું તે છે. બાકી ઓલા બધા ગુણો છે, પણ એ પર તરીકે. જ્ઞાન ચૈતન્ય સ્વભાવની અપેક્ષાએ પર તરીકે. આહાહા..! એને કહ્યું ને? 'નિયમસાર'માં. આત્મા વસ્તુ જ્ઞાન છે, એ જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વ છે. અને જ્ઞાન બીજા અનંતા ગુણને જાણે એ પર છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતે વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' આહાહા..!

કહે છે, કે જાણનારો પોતાને જાણે અને પોતાના અનંત ગુણોને બીજાને જાણે. એ અપેક્ષાએ તેને પરપ્રકાશક કહ્યો. સ્વને જાણે એ સ્વપ્રકાશક અને જ્ઞાન સિવાય બીજા ગુણને જ્ઞાન જાણે એ પરપ્રકાશક. એ અપેક્ષાએ સ્વપરપ્રકાશક કહ્યો. આહાહા..! આ ચેતનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બલિહારી છે એની. જાણનાર સ્વભાવ. આહાહા..! કોઈપણ ગુણને કહેવો હોય, તો એ ગુણ જ્ઞાનમાં જણાયા વિના કહી શી રીતે શકે? જ્ઞાનમાં જણાય છે, ત્યારે જ્ઞાન જાણી કહે છે કે આ રાગ છે, આ સમકિત છે, આ ચારિત્ર છે. એ સમકિત અને ચારિત્ર પોતે પોતાને જાણતા નથી. આહાહા..! એની સપ્તભંગી છે. પોતામાં, હોં! ચેતન અને ચેતનના ગુણો બીજા. એ ચેતન-ચેતનપણે છે. અને બીજા ગુણોપણે નથી. અસ્તિ-નાસ્તિ. એની સપ્તભંગી છે. આહાહા..!

એવો તેનો જ્ઞાનગુણ મહાપ્રભુ! કે જેનું પેટ લોકાલોક જાણે એવી જેની શક્તિ છે. ત્રણકાળ ત્રણલોક એની પાસે એક અનંતમા ભાગમાં છે. આહાહા..! જેની કેવળજ્ઞાન દશા, એ કેવળજ્ઞાન છે તો પર્યાય, ગુણ નથી. કેવળજ્ઞાન, કેવળદર્શન અરિહંતને પ્રગટે એ ગુણ નથી. ગુણ તો ત્રિકાળ છે. આ તો પર્યાય છે. પ્રગટે તે ગુણ ન હોય, પ્રગટે તે પર્યાય હોય. ગુણ તો ત્રિકાળ હોય. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય... આહાહા..! એની એક સમયની સ્થિતિ છે. બીજે સમયે બીજું થાય, ત્રીજે સમયે થાય ભલે એવું ને એવું પણ એ કેવળજ્ઞાન પહેલે સમયે છે તે બીજે સમયે ન રહે. માટે તેને અનિત્ય કહીને પર્યાયને હેય બતાવી છે. આહાહા..! શુદ્ધભાવ અધિકાર. નાશવાન છે. સંવર-નિર્જરા, મોક્ષની પર્યાય પણ નાશવાન છે. એક સમયની છે ને? બીજે સમયે નાશ થઈને ભલે ઉત્પન્ન થાય એવી ને એવી. પણ એક સમયમાં રહીને બીજે સમયે એ પર્યાય ન આવે. પહેલા સમયની પર્યાય અવસ્થા બીજે સમયે ન આવે. આહાહા..! માટે સંવર અને નિર્જરા અને મોક્ષને પણ નાશવાન ગણી અને એક ભગવાન ચિદાનંદ, નિત્યાનંદ ધ્રુવ તેને અવિનાશી ગણ્યો છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? આવું ઝીણું છે.

અહીં કહે છે, **‘શરીરાદિ અને ચેતનદ્રવ્ય એ બંનેને કથનમાત્રથી એકપણું છે. ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું એ બંનેને ઓગાળીને એક સોગઠી બનાવવામાં આવે છે, ત્યાં તે સઘળું કહેવામાં તો સુવર્ણ જ કહેવાય છે, તેવી રીતે જીવ અને કર્મ અનાદિથી એકક્ષેત્રસંબંધરૂપ મળેલાં ચાલ્યાં આવે છે...’** કર્મ અને રાગાદિ બધું લઈ લેવું. **‘તેથી તે સઘળું કથનમાં તો જીવ જ કહેવાય છે. બીજા પક્ષે જીવ-કર્મને એકપણું નથી.’** આહાહા..! એ તો કહેવામાત્ર કહેવાય કે રાગ અને આત્મા એક છે, કર્મ અને આત્મા એક છે, શરીર અને આત્મા એક છે. એ કથનમાત્ર છે. આહાહા..! બાકી જીવ અને કર્મને, રાગાદિને એકપણું નથી. **‘તે ક્યા પક્ષે?’ ‘નિશ્ચયાત્’ ‘દ્રવ્યના નિજ સ્વરૂપને વિચારતાં.’** આહાહા..! વસ્તુનું નિજ સ્વરૂપ જે ચૈતન્ય જ્ઞાનાનંદ એવો વિચાર કરતાં તે રાગાદિ તે પરવસ્તુ છે, એ આત્માની નહિ. આહાહા..!

**‘ભાવાર્થ આમ છે કે જેવી રીતે સોનું અને રૂપું જોકે એકક્ષેત્રે...’** એક જગ્યાએ. **‘મળેલાં છે–એકપિંડરૂપ છે તોપણ સોનું પીળું,...’** સોનું-સોનું. સુવર્ણ. પીળું છે, ભારે છે એમ લેવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'ભારી...'** શબ્દ પડ્યો છે ને? ભારી કાઢીને ભારે લેવું. ભારે. **'સોનું પીળું, ભારી...'** ભારે છે ને તોલદાર? **'અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે,...'** સોનું તો પોતાના ગુણસહિત છે. ભલે સોનું અને રૂપાની સોગઠી બનાવી છતાં સોનું તો પોતાના ભારે, શ્વેત એના સહિત છે. **'પીળું, ભારી અને ચીકણું એવા પોતાના ગુણો સહિત છે, રૂપું પણ પોતાના શ્વેતગુણ સહિત છે,...'** એ રૂપું ધોળું છે. ભલે એક ક્ષેત્રે ભેગું રહ્યું, સોનું અને રૂપું એક જગ્યાએ રહ્યું. સોનું પીળું, ભારે અને ચીકણું. અને રૂપું શ્વેત. એ પોતે પોતાના ગુણોમાં છે. કોઈમાં ભેળસેળ થઈ ગયો નથી. બે એક નથી થયા. આહાહા..! દૃષ્ટાંત...

**'તેથી એકપણું કહેવું જૂઠું છે,...'** રૂપું અને સોનું બે પોતપોતાના ગુણે છે, એને ધોળું સોનું કહેવું એ જૂઠું છે. ધોળું સોનું કહે, ઓલું રૂપું ભેગુ છે ને? એ જૂઠું છે. **'તેવી જ રીતે જીવ અને કર્મ પણ જોકે અનાદિથી એકબંધપર્યાયરૂપ મળેલાં ચાલ્યાં આવે છે—'** જીવ અને કર્મ પણ જોકે અનાદિથી એક બંધ અવસ્થા એટલે સંયોગ સંબંધે મળેલા ચાલ્યા આવ્યા છે, **'એકપિંડરૂપ (દેખાય) છે...'** આહાહા..! **'તોપણ જીવદ્રવ્ય પોતાના જ્ઞાનગુણે બિરાજમાન છે,...'** ભગવાનઆત્મા તો ચૈતન્યશક્તિથી, ગુણેથી બિરાજમાન છે. ભલે રાગ અને કર્મનો સંબંધ આવે, હો. એક જગ્યાએ હોય, એક ક્ષેત્રે હોય... આહાહા..! અને એક કાળે ભેગા દેખાય. છતાં બેયના ગુણ તદ્દન જુદા છે. રૂપાના અને સોનાના જેમ ગુણ જુદા છે. એમ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી અને રાગાદિ અચેતનસ્વરૂપ, એ બે તદ્દન ગુણે ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! રૂપું અને સોનાને ભેગું કરીને નથી કહેતા? કે આ ધોળું સોનું. સોનું ધોળું છે? ધોળું તો રૂપું અંદર છે. સોનું તો પીળુ, ભારે અને ચીકણું છે. એમ ભગવાનઆત્મા અને રાગ બે અનાદિના ભેગા ચાલ્યા આવે છે. આહાહા..! છતાં બેય ચીજ ભિન્ન છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને રાગ છે તે તો જડ, અચેતન–તેમાં જ્ઞાનનો અભાવ છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનગુણે બિરાજમાન છે,...'** આહાહા..! અનાદિનો ભગવાનઆત્મા તો જ્ઞાનગુણે શોભિત બિરાજે છે. એ તો જ્ઞાનગુણ સ્વરૂપ જ છે. આહા..! કર્મ, પુદ્ગલદ્રવ્ય પણ પોતાના અચેતનગુણ સહિત છે. **'કર્મ-પુદ્ગલદ્રવ્ય પણ પોતાના અચેતન ગુણ સહિત છે,...'** એ રાગ પણ અચેતનસ્વરૂપ છે. આહાહા..! એ આવ્યું હતું ને અંદર? **'अङ्गयोः'** સમસ્ત કર્મની ઉપાધિ. આહાહા..! ચેતનસ્વરૂપ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપે બિરાજે છે અને રાગાદિ અને કર્મ આદિ બધા અચેતન સ્વરૂપે એક જગ્યાએ, એક કાળે ભાગ હોવા છતાં બેયની શક્તિ અને સ્વભાવ તદ્દન ભિન્ન છે. આહાહા..! બે કોઈ દિ' એક થતાં નથી. આહાહા..! રાગ અને સ્વભાવ બે કોઈ દિ' થતાં નથી. આહાહા..! કર્મ અને શરીર અને આત્મા તો કદી એક થતાં નથી. પણ એ પુણ્ય અને પાપનો ભાવ અને આત્મા બે કદી એક થતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'તેથી એકપણું કહેવું જૂઠું છે.'** છે? એ રાગને આત્મા કહેવો, અને આત્માનો રાગ કહેવો એ સંયોગે, શબ્દે એકપણું વ્યવહારનયથી છે. પરમાર્થે બે એક છે નહિ. આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અચેતન રાગ છે. 'ષોડષ કારણ ભાવના ભાયે, તીર્થંકર પદ પાય' આવે છે ને? તીર્થંકરપદ પાય, પણ એ તો રાગ છે. આહાહા..! પ્રકૃતિનો બંધ પડે એ કાંઈ ધર્મથી પડે? બંધ પડે છે એ તો રાગથી પડે છે. એ તો રાગ છે. સોળસકારણ ભાવના પણ રાગ છે. આહાહા..! એ રાગને અને આત્માને એકપણું નથી. આહાહા..! હજી તો શરીરની ક્રિયા હું કરી શકું, વાણી હું કરી શકું, એટલું તો હજી જડના સ્વામીપણે પોતાને માને. અંદરમાં જતાં એ રાગ અને પુણ્યના પરિણામનો સ્વામી પણ પોતાને માને. એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તો દ્રવ્ય-ગુણ-પર્યાય જેના શુદ્ધ છે એ એનું સ્વ છે અને એ એનો સ્વામી છે. રાગનો ભાવ એ ભગવાનઆત્માનો નથી, પર છે તેથી તે આત્મા તેનો સ્વામી નથી, એનો માલિક નથી. આહાહા..! ભારે વાતું, ભાઈ! એ કર્મ માલિક છે. ૭૩ ગાથામાં નથી લીધું? આહાહા..! કર્મ તેનો સ્વામી છે. આહાહા..! વિકારનો. ૭૩ ગાથામાં છે. પુદ્ગલ એનો સ્વામી છે. આહાહા..! બે વસ્તુ જ તદ્દન જુદી છે. આહાહા..! આ ભગવાનની ભક્તિ થાય એ ભાવ અને આત્મા બે તદ્દન જુદા એમ કહે છે. આહાહા..! હવે ભક્તિથી પોતાને કલ્યાણ થાય, એ માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢની છે. અહીં તો સત્ય છે, પરમાત્માનું એ છે. આ કોઈ વાડો નથી, પક્ષ નથી અહીં કાંઈ. આ તો વીતરાગ પરમેશ્વર જે સત્ અને અસત્ કહે છે તે વસ્તુ આ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે કારણે સ્તુતિમાં ભેદ છે.'** શું કહ્યું એ? કે આત્મા જ્ઞાનગુણે બિરાજમાન. રાગ અને કર્મ બધા અચેતનપણે એક ક્ષેત્રે રહેલા. તેથી બેને એક કહેવા એ તો કથનમાત્ર છે. તેથી સ્તુતિમાં ભેદ છે. પરની સ્તુતિ કરવી અને સ્વની સ્તુતિ કરવી એ બેમાં ભેદ છે. એ કહે છે. **'व्यवहारतः वपुषः स्तुत्या'** આહાહા..! **'नुः स्तोत्रं अस्ति, न तत् तत्त्वतः'** **'व्यवहारतः'** **'બંધપર્યાયરૂપ એકક્ષેત્રાવગાહદૃષ્ટિથી જોતાં...'** એક ક્ષેત્રે રહેલા રાગ અને આત્મા, કર્મ અને આત્મા જોતાં, **'શરીરની સ્તુતિ કરવાથી જીવની સ્તુતિ થાય છે.'** એમ વ્યવહારવાળા કહે છે. એ વ્યવહારકથન છે. એ વ્યવહાર તો છે ને? આહાહા..! **'શરીરની સ્તુતિ કરવાથી જીવની સ્તુતિ થાય છે.'**

**'બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી.'** આહાહા..! એ રાગ અને પુણ્યના ભાવના વખાણ બહુ કરે. ઓહોહો..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પરિણામ. આહાહા..! એના બહુ વખાણ કરે, પ્રશંસા કરે. એ તો રાગ વિકારની પ્રશંસા છે. આહાહા..! **'वपुषः'** **'वपु'** એટલે શરીર. એને રાગાદિની સ્તુતિ કરવાથી જીવની સ્તુતિ થાય છે એ વ્યવહારથી કથનમાત્ર છે. **'બીજા પક્ષે વિચારતાં, સ્તુતિ નથી થતી. કઈ અપેક્ષાએ નથી થતી?'** **'तत्त्वतः'** **'શુદ્ધ**

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં.**' આહાહા..! ભગવાનઆત્મા તો શુદ્ધ જીવવસ્તુ છે, એને આત્મા કહેવાય છે. પુણ્ય-પાપના ભાવ આત્મા છે એમ કહેવાતું નથી. નિશ્ચય તત્ત્વથી તો આમ છે. કથનમાત્રથી એક છે, તત્ત્વથી તો બે જુદા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..! હજી તત્ત્વનો અભ્યાસ પણ ન મળે. એની દૃષ્ટિ તો ક્યાં રહી? આહાહા..!

'**શુદ્ધ જીવદ્રવ્યસ્વરૂપ વિચારતાં.**' તત્ત્વથી તે જુદી ચીજ છે. '**ભાવાર્થ આમ છે કે જેમ 'શ્વેત સુવર્ણ' એમ જોકે કહેવામાં આવે છે...**' ધોળું સોનું એમ કહેવામાં આવે છે '**તોપણ શ્વેતગુણ રૂપાનો છે, તેથી શ્વેત સુવર્ણ એમ કહેવું જૂઠું છે,...**' આહાહા..! એમ રાગ અને શરીરના ગુણગાન ગાવા, એ સ્તુતિ ચૈતન્યની અપેક્ષાએ તત્ત્વથી જૂઠી છે. આહાહા..! અંદર જ્ઞાનાનંદ સ્વભાવની સ્તુતિ કરવી. સ્તુતિનો અર્થ એનો સ્વીકાર કરીને એમાં એકાગ્ર થવું. એ વાસ્તવિક આત્માની નિશ્ચય સત્ય તત્ત્વથી સ્તુતિ છે. આહાહા..! બાકી વ્યવહારને એ અપેક્ષાએ જૂઠી સ્તુતિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ વદ ૪, સોમવાર તા.૦૪.૦૭.૧૯૭૭
## કળશ - ૨૭-૨૮, પ્રવચન - ૩૩

'કળશ ટીકા' જીવ અધિકાર. ૨૭મો કળશ.

**बे रत्ता बे सांवला बे नीलुप्पलवन्न।**
**मरगजपन्ना दो वि जिन सोलह कंचनवन्न।।**

અર્થની સાથે બરાબર મેળ નથી ખાતો પણ પાઠ મળવો જોઈને પાછો? '**બે તીર્થંકરો રક્તવર્ણે, બે કૃષ્ણ, બે નીલ, બે પન્ના અને સોળ સુવર્ણરંગે છે.**' ત્યારે બે ધોળા વર્ણે છે એમ જોઈએ અંદર. મેળ થાવો જોઈએ ને? મરકત કોઈ ધોળો મણી થાતો હશે. પણ આ તો મેળ ખાતો નથી. પાંચ વર્ણ છે ને? કાંઈ છઠ્ઠો વર્ણ તો એમાં નથી. પાંચ વર્ણમાં ચોવીસ તીર્થંકરો આવવા જોઈએ. સોળ સોનાવર્ણે, બે રાતાવર્ણે, બે કાળા, બે નીલા. બે રહ્યા હવે. વાદળી રંગ નાખો તો ધોળો રંગ ક્યાં રહી ગયો પાછો? મેળ ખાવો જોઈએ ને? એટલે કોઈ મરકટ મણી હશે. આપણને કાંઈ ખબર નથી, પણ આમાં સફેદ અર્થમાં જોઈએ.

'**જોકે આમ કહેવામાં આવે છે...**' ભગવાન આ પંચ વર્ણે છે એમ કહેવામાં આવે છે. '**તોપણ શ્વેત, રક્ત અને પીત...**' જુઓ! નાખ્યું. શ્વેત પણ આવી ગયું. '**શ્વેત, રક્ત અને પીત આદિ પુદ્ગલદ્રવ્યના ગુણો છે, જીવના ગુણો નથી.**' ભગવાન આવા આવા પંચ વર્ણે છે અને સોળ વર્ણે છે. કંચન વર્ણે. સોળ કંચન વર્ણે એવું આવે છે. આમાં શ્વેતાંબરમાં પણ આવે છે. તે ગુણો તો જડના છે. એ કાંઈ ભગવાનના જીવના ગુણ નથી. '**તેથી શ્વેત, રક્ત અને પીત એમ કહેતાં જીવ નથી હોતો,...**' એમાં જીવ આવતો નથી. જીવની સ્તુતિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી. આહાહા..! **'જ્ઞાનગુણ કહેતા જીવ છે.'** બસ. વાત આ. આહાહા..! જ્ઞાનગુણ તે આત્મા, તે જીવ. આહાહા..! એ કાંઈ રાગવાળો જીવ કે પુણ્યવાળો જીવ એ વ્યવહાર એવું કાંઈ છે નહિ. આહાહા..!

જાણકસ્વભાવ... જાણકસ્વભાવ.. એ આપણે બપોરે આવી ગયું. પહેલો ટુકડો બહુ સારો હતો. નેત્રની જેમ જ્ઞાન દૂરથી જાણે છે. પહેલી લીટી હતી. બહુ સરસ હતી. વસ્તુની સ્થિતિ. જ્ઞાન નેત્રની જેમ... પહેલી લીટી હતી ને? ભાઈ! આ જ્ઞાનસ્વરૂપ ભગવાન નેત્રની જેમ.. નેત્ર જેમ અગ્નિ આદિને દૂરથી જાણે છે એમ જ્ઞાન રાગાદિને, પુણ્ય-પાપના પરિણામને દૂરથી જાણે છે. આહાહા..! આવો જ્ઞાનસ્વરૂપ જીવનો સ્વભાવ, એનો પ્રત્યક્ષ આસ્વાદ આવે ત્યારે એને સમકિત કહેવાય. એના વિના બધા થોથા છે. સમજાણું કાંઈ? એ કહેશે, જુઓ!

**'જ્ઞાનગુણ કહેતાં જીવ છે. કોઈ પ્રશ્ન કરે છે કે શરીરની સ્તુતિ કરતાં તો જીવની સ્તુતિ થતી નથી, તો જીવની સ્તુતિ કઈ રીતે થાય છે? ઉત્તર આમ છે કે ચિદ્રૂપ કહેતાં થાય છે–'** ચિદ્રૂપ. જ્ઞાનસ્વરૂપ. એનો વારંવાર અભ્યાસ. કહેશે. **'निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति'** **'શુદ્ધ જીવદ્રવ્યરૂપ...'** નિશ્ચયનો અર્થ કર્યો. **'શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં...'** **'चित्'** એટલે **'શુદ્ધ જ્ઞાનાદિ...'** આહાહા..! ચેતન... ચેતન.. ચેતન એટલે શુદ્ધ જ્ઞાનાદિ આખી વસ્તુ. એનું **'વારંવાર વર્ણન...'** **'स्तुत्या'** નો અર્થ કર્યો. આનંદ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે, એનું વારંવાર જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એનું વારંવાર વર્ણન. જ્ઞાન છું એવું એનું સ્મરણ અને જ્ઞાન જ્ઞાનસ્વરૂપનો અભ્યાસ. આહાહા..! આ શાસ્ત્રના જ્ઞાનની અહીં વાત નથી. એ જ્ઞાનસ્વરૂપ છે તેનો અભ્યાસ. અરે..! આવી વાતું.

પંચ વર્ણે કીધા. એ વર્ણ એ કાંઈ જીવનો ગુણ નથી. એ તો શરીરની સ્તુતિ થઈ. એમાં કાંઈ જીવની સ્તુતિ ન આવી. જીવની સ્તુતિ તો ચિત્‌સ્વરૂપ સ્તુતિ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન જાણકસ્વભાવ, એને સ્વીકારવામાં આવે. જ્ઞાનસ્વભાવ સન્મુખ થવામાં આવે, જ્ઞાનસ્વભાવનું વારંવાર સ્મરણ કરવામાં આવે. પણ સ્મરણ કોને થાય? એ જ્ઞાનસ્વરૂપનું જેને ભાન થયું હોય, એને જ્ઞાનનું સ્મરણ થાય. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

**'चित्'** **'શુદ્ધ જ્ઞાનાદિ...'** એકલો ચિત્‌નો અર્થ આવો કર્યો છે. **'स्तुत्या'** સ્તુતિ કરી એટલે વારંવાર તેનું જ્ઞાન કરવું, સ્મરણ કરવું, અભ્યાસ કરવો. **'एव'** નિશ્ચય. **'एव'** નો અર્થ **'નિઃસંદેહ...'** કર્યો. નિશ્ચયથી નિઃસંદેહ. આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે, એનું વારંવાર વર્ણન, ચિંતવન, સ્મરણ, અભ્યાસ (કરે તો) નિઃસંદેહ આત્માનો એને અનુભવ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ વાત છે. છે? **'નિઃસંદેહ...'** **'चितः स्तोत्रं'** **'જીવદ્રવ્યની સ્તુતિ...'** **'चितः स्तोत्रं'** જીવદ્રવ્યની સ્તુતિ ત્યારે થઈ. આહાહા..! જ્ઞાનસ્વભાવમાં સન્મુખ થઈને નિમિત્ત, રાગ અને એક સમયની પર્યાયથી પણ વિમુખ થઈને, જ્ઞાન ધ્રુવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપ જ્ઞાન, એની સન્મુખ થઈને તે જ્ઞાનસ્વભાવ ધ્રુવમાં એકાગ્રતા, એ જીવની સ્તુતિ છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ છે, એમ કહે છે. આહાહા..!

જીવ ચિદ્સ્વરૂપ, એની સ્તુતિ. કીધી ને? **'चितः स्तोत्रं'** વ્યવહાર સ્તોત્ર છે એ તો કહે છે, કે નિશ્ચયની અપેક્ષાએ તો જૂઠું સ્તોત્ર છે. વ્યવહાર હોય છે. શુભરાગ, ભગવાનની ભક્તિ આદિનો ભાવ હોય છે પણ એ તો શુભરાગ છે. એ કાંઈ સાચી સ્તુતિ નથી. આહાહા..! સાચી સ્તુતિ જીવની તો ચિદ્રૂપ. હું એકલો જ્ઞાન અને જ્ઞાતા સ્વરૂપ (છું). એવી જ્ઞાતા સ્વરૂપમાં એકાગ્રતા એ જીવની સ્તુતિ છે. લ્યો, આ સ્તુતિ. ભાષા પણ ક્યાં ગઈ, રાગ પણ ક્યાં ગયો?

મુમુક્ષુ :– સ્મરણનો અર્થ?

ઉત્તર :– અર્થ આવી ગયો અંદર. એ સ્મરણનો (અર્થ) પહેલી એકાગ્રતા પછી સ્મરણ. એકાગ્રતા તો પહેલી થઈ ગઈ છે. એનું વારંવાર સ્મરણ કરે. એ અનુભવ ચિદ્ની સ્તુતિ એમ. આહાહા..! વાત આખી બહારમાં ફરી ગઈ. બહારમાં બહારમાં કડા કૂટા. જેમાં ક્યાંય ધર્મ નથી, એમાં રોકાઈને જિંદગી ગાળી. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપનો સાગર છે. જ્ઞાનનો સાગર, જ્ઞાનરૂપ, જ્ઞાનસ્વરૂપ, તેની સ્તુતિ ક્યારે કહેવાય? કે એમાં એકાગ્ર થાય ત્યારે. આહાહા..! એનું નામ જીવની સ્તુતિ, સાચી સ્તુતિ એને કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં ભલે તીર્થંકરોના શરીરની વાત કરી છે. પણ તીર્થંકર સાક્ષાત્ છે, એના આત્માના ગુણોનું સ્તવન, એ પણ વ્યવહાર છે.

મુમુક્ષુ :– તીર્થંકર પર છે.

ઉત્તર :– પર છે એ અપેક્ષાએ. પણ અહીં તો એના વાસ્તવિક ગુણો છે. એનું સ્મરણ ક્યારે કહેવાય? કે આના ગુણોનું સ્મરણ કરે ત્યારે. આહાહા..! હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું અને કેમ થાય એની પણ ખબરું ન મળે. અને આ સાધુ, વ્રત અને પડિમા લઈને બેસે.

મુમુક્ષુ :– સંસારનો ત્યાગ કર્યો.

ઉત્તર :– સંસાર કોને (કહેવો)? સંસાર તો કાલે આવ્યો હતો. મિથ્યાત્વ તે સંસાર છે. આહાહા..! એ જ્ઞાન સ્વરૂપી ભગવાનમાં પુણ્યના પરિણામની, રાગની એકતાબુદ્ધિ એ મિથ્યાત્વ છે, એ સંસાર છે. આહાહા..! અને આત્મા જ્ઞાનસ્વરૂપ, એમાં એકતાબુદ્ધિ મોક્ષસ્વરૂપ છે. આહાહા..! કારણ કે આત્મા મુક્તસ્વરૂપ જ છે. આહાહા..! મોક્ષસ્વરૂપ છે. ચિદ્ઘન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! અરે...! એ ક્યાં હશે? પોતે અહીં ભગવાન કહે છે, હોં! આ. ભગવાન કહે છે કે અમારા વર્ણ, ગંધ, રસ, સ્પર્શના વખાણ કરવા કે અમારા વખાણ અમારી સામું જોઈને કરવા, એ બધો રાગ છે, ધર્મ નહિ. એ આત્મસ્તુતિ નહિ. એ તો રાગની સ્તુતિ છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ!

આત્મસ્તુતિ **'चितः स्तोत्रं'** થાય છે. આહાહા..! ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. પ્રજ્ઞાસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ. એ જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થવું એ જીવની સ્તુતિ છે, એ આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્તુતિ છે અને એ ધર્મની સાચી સ્તુતિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ છે, ભાઈ! આહાહા..! '**निश्चयतः चित्स्तुत्या एव चितः स्तोत्रं भवति**' એમ છે ને? નિશ્ચયથી ચૈતન્યની સ્તુતિથી જ ચિત્‌ની સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! એમાં જે પુણ્ય અને પાપના ભાવ થાય, એ તો મેલ છે, વિકાર છે. આહાહા..! એનાથી ભિન્ન અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એ જ્ઞાન સ્વરૂપમાં એકાગ્ર થાય એને સાચી સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**चितः स्तोत्रं भवति**' ભાષા શું છે? જોયું? આહાહા..! '**एव**' નો અર્થ અહીં તો મારે લેવો છે. '**एव**' છે ને? શુદ્ધ જ્ઞાનાદિની સ્તુતિથી નિઃસંદેહ જ્ઞાનની સ્તુતિ થાય છે. એમ. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એની સન્મુખતા થતાં નિઃસંદેહ ચૈતન્યની સ્તુતિ થાય છે એમ કહે છે. એક શબ્દ એ છે. '**एव**' નો અર્થ નિશ્ચય છે. પણ ઓલો નિશ્ચય તો પહેલા આવી ગયું છે ને? પહેલા નિશ્ચય તો આવી ગયું છે. નિશ્ચય એટલે '**एव**' નો અર્થ આ કર્યો. પહેલો નિશ્ચય આવી ગયો છે ને? નિશ્ચય એટલે શુદ્ધ જીવદ્રવ્યરૂપ વિચારતાં. એમ. નિશ્ચય એટલે શુદ્ધ આત્મ ભગવાન, આનંદ અને જ્ઞાનસ્વરૂપી, એને વિચારતાં. નિશ્ચયનો અર્થ એ કર્યો. '**एव**' નો અર્થ આમ કર્યો. એ છે તો '**एव**' એટલે નિશ્ચય. પણ નિશ્ચય એટલે નિઃસંદેહ. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિત્‌ સ્તુતિ. એ ચિતની સ્તુતિથી નિશ્ચયથી એની સ્તુતિ છે. આહાહા..!

ચૈતન્યસ્વરૂપ ભગવાન, એની સન્મુખ થવું, એનો અર્થ કે અંતર્મુખ થવું. આહાહા..! કેમ કે એ ચીજ અંતરમાં, અંતરમાં છે. એમાં અંતર્મુખ થવું. એ જીવની, ચૈતન્યની સ્તુતિ છે. આહાહા..! આવી વ્યાખ્યા, લ્યો. હવે. અંતર વસ્તુ આત્મા છે એ અંતર જ્ઞાનસ્વરૂપ છે, અંતરમાં છે. એ કાંઈ રાગમાં, પુણ્યમાં કે પર્યાયમાં આવતો નથી. પર્યાય એક સમયની છે એનાથી તો ભિન્ન ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા ભાઈ ગયા લાગે છે, નહિ? હતા જિજ્ઞાસુ. સાંભળવામાં પણ હિન્દી ભાષા જરી. ગુજરાતી થાતી હતી. 'ઇટાવા'ના હતા. લોકોમાં આમ બહારમાં વાત તો ઘણી ગઈ છે, પણ બિચારાને પરિચય મળે નહિ. આહાહા..!

અહીં તો પ્રભુ કહે છે, '**परिचिततत्त्वैः**' આવશે ને? પછી. '**परिचिततत्त्वैः**' એમ છે. પછીના શ્લોકમાં. આહાહા..! ભગવાન... પછીના શ્લોકમાં છે ને, ભાઈ! '**परिचिततत्त्वैः**' એનો અર્થ તો... આહાહા..! '**परिचिततत्त्वैः**' નો એનો અર્થ સર્વજ્ઞ દ્વારા એમ કહ્યું. જેણે તત્ત્વનો પરિચય કર્યો છે એટલે જેને પ્રગટ્યો છે એવા સર્વજ્ઞ દ્વારા. એમ. પરિચિત. સમસ્ત પ્રકારે જેને પરિચય કરીને આનંદ દશા, સર્વજ્ઞ દશા પ્રગટ થઈ છે. '**परिचिततत्त्वैः**' બીજી રીતે કહીએ તો નીચે સ્વરૂપ છે તેનો પરિચય કરીને જેણે પ્રગટ કર્યું છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે—**' આપણે ચાલે એ. '**જેવી રીતે પીળું, ભારી અને ચીકણું સુવર્ણ એમ કહેતાં સુવર્ણની સ્વરૂપસ્તુતિ થાય છે,...**' સોનું એવું છે તો એને એ રીતે કહે તો

એની સ્તુતિ એટલે જેવું છે તેવું કહેવામાં આવે. **'તેવી જ રીતે કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે...'** આહાહા..! કેવળી ભગવાન સર્વજ્ઞ થયા, પહેલો આ સર્વજ્ઞ સ્વરૂપી આત્મા એનો અનુભવ કર્યો. આહાહા..! પહેલા સમ્યગ્દર્શનમાં... આહાહા..! સમ્યગ્દર્શનમાં સ્વરૂપનો અનુભવ કર્યો. પ્રથમ. **'કેવળી એવા છે કે જેમણે પ્રથમ જ શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ કર્યો છે...'** આહાહા..! **'એટલે કે ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે,...'** આ શ્લોક તો એ છે ને ઓલા. ૩૧-૩૨-૩૩નો છે આ. ૩૧-૩૨-૩૩ ગાથા છે ને? ભાઈ! **'जो इंदिये जिणित्ता'** એનો શ્લોક છે આ. ૩૧-૩૨-૩૩ ગાથાનો શ્લોક છે. સમજાણું? આહાહા..!

જેણે ઇન્દ્રિયોને જીતી છે. એટલે? આહાહા..! કે દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે, એ પણ ઇન્દ્રિય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ ઇન્દ્રિય છે અને તેના તરફ લક્ષ કરનાર જે ભાવ ઇન્દ્રિય છે એ પણ ઇન્દ્રિય છે અને આ જડ ઇન્દ્રિય છે. ત્રણે ઇન્દ્રિયો છે. એવી રીતે ઇન્દ્રિયને જેણે જીતી છે. એમ. અહીંયાં આવ્યું ને? **'ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે,...'** આહાહા..! પર તરફના વલણવાળી દશા એ રાગવાળી દશા છે. અને રાગમાં તો નિમિત્તપણે પરમાં એનું લક્ષ જાય છે. આહાહા..! એટલે પરનું અને રાગનું (લક્ષ) જેણે જીત્યું છે. પર તરફથી લક્ષ અને રાગ તરફથી લક્ષ જેણે છોડ્યું છે. આહાહા..! એ **'ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે,...'** ઇન્દ્રિય એનો વિષય, એમાં થતો જે કષાય (એને જીત્યા છે). આહાહા..! આત્મા અણિન્દ્રિય, પર વિષયથી ભિન્ન, કષાયથી ભિન્ન. સમજાણું કાંઈ? આવો માર્ગ. શું થાય? **'ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે, પછી મૂળથી ખપાવ્યાં છે,...'** પહેલા જીત્યા છે અને પછી મૂળથી ખપાવીને કેવળજ્ઞાન લીધું છે. એમ કહે છે. આહાહા..! છે ને? પહેલા તો પરવસ્તુ અને પરવસ્તુના લક્ષે થતો રાગ અને દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય, બધાને પહેલા સ્વરૂપ તરફનો અનુભવ કરીને જીત્યા છે. આહાહા..! પ્રથમમાં પ્રથમ આ કર્તવ્ય છે. આ વિના બધા થોથે થોથાં. સાધુપણા લે, મહાવ્રત ધારણ કરે, પડિમા ધારણ કરે, ગૃહસ્થાશ્રમ છોડ્યો છે. એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– .. છોડ્યું તો ખરું ને.

ઉત્તર :– છોડ્યો છે–ધર્મ. ધર્મ છોડ્યો છે. અધર્મ ગ્રહણ કર્યો છે. ઝીણી વાત, ભાઈ! આહાહા..! આત્માનો ચૈતન્ય સ્વભાવ જે ધર્મ તેની સન્મુખ થયો નથી. એને છોડ્યું છે. અને મેં ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો, મુનિ થયો, મેં પંચમહાવ્રત ગ્રહણ કર્યા, એ ભાવની એકાગ્રતા એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! પરમસત્ય તો આ છે. જગતને સત્ય સાંભળવા મળે નહિ. આહાહા..! પહેલા તો કેવળી ભગવાને... આહાહા..! પ્રથમ જ.. એમ કીધું ને?

**'પ્રથમ જ...'** પહેલાં જ એ કામ લીધું છે. આહાહા..! **'શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ**

**કર્યો છે...**' પ્રત્યક્ષ. આ '**चितः स्तोत्रं**' નો અર્થ આ. પહેલા ભગવાનઆત્માનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. એ પહેલા કામ આ કર્યું હતું. કેવળજ્ઞાન થયા પહેલાં. આહાહા..! '**પછી મૂળથી ખપાવ્યાં છે,...**' પ્રથમ અને પછી, બે શબ્દ છે ને? પહેલો પ્રથમથી જ હતું. પછી આ આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ સર્વજ્ઞ જે થયાં એણે પહેલું શું કર્યું? કહે છે. કેવળી થયા, તીર્થંકર પરમેશ્વર થયા, એણે પહેલું શું કર્યું? એને પાધરું કેવળજ્ઞાન થયું? પહેલામાં પહેલો જીવનો અનુભવ કર્યો, પ્રત્યક્ષ આનંદસ્વરૂપનું વેદન કર્યું. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપ છે તેને જ્ઞાનપણે જ્ઞાનને વેદ્યું. આહાહા..! જ્ઞાનચેતના. આહાહા..! એ જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં ચેતનાર એકાગ્ર થયો. આહાહા..! એવું પહેલામાં પહેલું ભગવાને કેવળીએ પણ પહેલું આ કર્યું. આહાહા..! તો તારે પણ જો પહેલામાં પહેલું કરવું હોય તો આ કરવાનું છે. એમ કહે છે. ઇ એમ કહે છે. આહાહા..!

પહેલું કરવાનું હોય તો એણે સમ્યગ્દર્શન પહેલું કરવાનું છે. પછી બીજી વાત. આહાહા..! કેમકે જે સમ્યક્ ચીજ છે, જ્ઞાન આનંદના અનંત ગુણરૂપ, એને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણ્યું નથી તો પછી સ્થિરતા શેમાં કરશે? જે ચીજ જ્ઞાનમાં આવી નથી એમાં સ્થિરતા શી રીતે કરશે? એ તો રાગ કરશે. આહાહા..! જ્ઞાનસ્વરૂપ જે આત્મા વસ્તુ છે. એ જેને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આખી ચીજ આ છે એવું જ્ઞાન આવ્યું. એટલે જ્ઞાન થયું એ હવે એમાં સ્થિર થશે. જે ચીજ જાણી કે આ તો પૂર્ણ આનંદકંદ ધ્રુવ ચીજ છે. એમ જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવ્યું ત્યારે તે જ્ઞેયમાં ઠરવાનો પ્રસંગ આવ્યો. એ આપણે ૧૭-૧૮ માં આવી ગયું છે, કે જ્યારે એ જ્ઞેય તરીકે પર્યાયમાં આખો આત્મા જણાણો, ત્યારે એની પ્રતીતમાં એમ આવ્યું કે આ શુદ્ધ ચૈતન્યઘન તે હું. અને એમાં હું ઠરીશ ત્યારે એ કર્મ ખરશે. એ સ્વરૂપમાં હું ઠરીશ ત્યારે કર્મ ખપશે, ટળશે. એમ શ્રદ્ધામાં ત્યારે આવ્યું. આહાહા..! 'કાંતિભાઈ'! આહાહા..! આવું છે.

પ્રથમ જીવસ્વરૂપ, શુદ્ધ જીવસ્વરૂપ પાછું એમ. એનો અનુભવ પ્રથમ થાય. આહાહા..! સમકિતની તો વાતું નહિ, પાધરા આ લઈ લ્યો વ્રત લ્યો, પડિમા લ્યો, સાધુ થાવ. આહાહા..! એકડા વિનાના મીંડાની વાતું બધી. આહાહા..! એકડો ન મળે, મીંડા કોરે કાગળે લખી નાખ્યા. અહીં તો પહેલામાં પહેલું કરવા યોગ્ય હોય તો કેવળીએ પણ પહેલા આ કર્યું હતું. આહાહા..! કહો, 'દેવીલાલજી'! આહાહા..! એ ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. ચૈતન્યના પ્રકાશનો સૂર્ય, ચંદ્ર કહો. શીતળ છે એટલે. ચૈતન્યના પ્રકાશનો શીતળ ચંદ્ર છે એ તો. શાંત... શાંત... શાંત... આહાહા..! એવો પ્રથમ જીવનો અનુભવ થવો એ પહેલું કર્તવ્ય છે. એ પહેલા ફલાણા કર્યા, આ કર્યા, તે કર્યા બધી રાગની ક્રિયા એ એનું કર્તવ્ય નથી. આહાહા..!

મુમુક્ષુ :– કરતા કરતા થાય ને?

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– ધૂળેય કરતા કરતા થાય નહિ. કરતા કરતા રાગ થાય. પરસન્મુખનો રાગ કરતા કરતા રાગ પુષ્ટ થાય અને તેમાં ધર્મ માનતા મિથ્યાત્વ પુષ્ટ થાય. આહાહા..! આવી વાત છે. આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! આહાહા..!

કેવળી કહે છે કે સર્વજ્ઞ થયા, એ સર્વજ્ઞ થયા પહેલા એણે શું કર્યું? આહાહા..! પહેલા એ સર્વજ્ઞ જે થયા એ સર્વજ્ઞ શક્તિસ્વરૂપ ભગવાનઆત્માનો, સર્વજ્ઞનો એણે અનુભવ કર્યો. સર્વજ્ઞ સ્વભાવીનો અનુભવ કર્યો, એમ કહે છે. કેમકે આત્મા સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ છે. એનામાં સર્વજ્ઞ શક્તિ–ગુણ પડ્યો છે. સર્વજ્ઞ ગુણ–શક્તિ. એથી પહેલા વહેલા કેવળજ્ઞાન થયા પહેલા કેવળીએ સર્વજ્ઞ શક્તિવાન એવો આત્માનો અનુભવ કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

**'એટલે કે ઇન્દ્રિય-વિષય-કષાયને જીત્યાં છે,...'** પહેલું આ. **'પછી મૂળથી ખપાવ્યાં છે,...'** જીત્યાનો અર્થ, બાયડી-છોકરા છોડ્યા, વિષય-ભોગ છોડ્યા માટે વિષય છોડ્યા એમ છે નહિ. એ તરફનો જે રાગ છે અને પર તરફની દિશાવાળા દ્રવ્યો, રાગની દશામાં પરની દિશા છે, એને જેણે છોડી છે. આહાહા..! પરની દિશા તરફનું વલણ અને પર તરફના રાગનું વલણ, બેય છોડીને અરાગી અને સ્વદશામાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..રે..! કરવાનું તો આ છે. માટે મનુષ્યપણું રળવામાં, ખાવામાં, પીવામાં, ધંધામાં આખી જિંદગી ગઈ, અવતાર એળે જાય છે. આહાહા..! કરવાનું તો પહેલું આ છે. કહે છે. 'હિંમતભાઈ'! આહાહા..! શરીર પણ ક્યાં તારું છે કે શરીરને સંભાળવાનું પહેલું કરવું? આહાહા..! એ તો એને કારણે ટકશે અને એને કારણે જશે. એના માટે તારે કરવાનું કાંઈ છે નહિ, એમ કહે છે. આહાહા..!

કરવાનું તો એને આત્મા આનંદનો નાથ પ્રભુ! એનો પ્રથમમાં પ્રથમ અનુભવ કર્યો. કેવળીએ પણ આમ કર્યું, કહે છે. **'પછી મૂળથી ખપાવ્યાં છે,...'** ભિન્ન પાડીને ભેદજ્ઞાન કર્યું, પછી જે અસ્થિરતા બાકી હતી એને સ્વરૂપમાં સ્થિરતા કરીને ખપાવ્યાં. ચારિત્ર કરીને ખપાવ્યાં એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રથમ રાગ અને નિમિત્તથી ભેદજ્ઞાન કર્યું, ત્યારે જીવનો અનુભવ થયો કે આ જીવ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છે. પછી હજી અસ્થિરતા રહી. ભિન્ન પાડ્યું પણ અસ્થિરતા રહી. હજી અસ્થિરતાથી છૂટ્યો નથી. એ અસ્થિરતાને સ્વરૂપમાં સ્થિરતા દ્વારા નાશ કર્યો. આહાહા..!

મુમુક્ષુ :– આખો મોક્ષમાર્ગ આવી ગયો.

ઉત્તર :– આહાહા..!

પહેલા પછી શબ્દ લીધો છે ને? 'રાજમલે' પણ માળાએ કામ કર્યું છે ને! ગૃહસ્થાશ્રમી છે. કે આ સમ્યગ્દર્શન અને જ્ઞાન અને ગૃહસ્થાશ્રમ અને મુનિપણું બેમાં ક્યાં ફેર છે? તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત બે એક છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં નથી આવતું? આહાહા..! તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત બે એક જાત છે. ચારિત્રમાં ફેર છે. સિદ્ધમાં પૂર્ણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થિરતા છે અહીં સ્થિરતા અલ્પ છે. પૂર્ણ સ્થિરતા નથી માટે તે સમ્યગ્દર્શનમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'સકળ કર્મ ક્ષય કર્યાં છે...'** પછી બધું અસ્થિરતાનો ભાવ અને કર્મ. કર્મ તો કર્મને કારણે નાશ થયા. પણ સ્વરૂપમાં સ્થિરતા થતાં અસ્થિરતાની ઉત્પત્તિ ન થઈ, એ અસ્થિરતાને ખપાવ્યા, એણે કર્મને ખપાવ્યા એમ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? **'એટલે કે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે'** આહાહા..! એ પરમેશ્વર જે **'કેવળજ્ઞાનમાં, કેવળદર્શન, કેવળવીર્ય અને કેવળસુખરૂપે બિરાજમાન પ્રગટ છે.'** જે શક્તિરૂપે કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય હતા એની સ્વસન્મુખ થઈને પ્રતીતિ કરીને, વેદન કરીને, પછી અંદર સ્થિરતા કરીને એ ચતુષ્ટય શક્તિ જે હતી તે વ્યક્ત થઈ. પ્રગટ થઈ એમ કહે છે. હતા તો ખરા. આહાહા..! સમજાણું કાંઈ? અંતરમાં હતા તો ખરા. એમાંથી પ્રગટ થયા. નહોતા એમાંથી ક્યાંથી આવે? પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા..!

ભગવાનઆત્મામાં તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખ ભર્યા છે. જેની શક્તિ અને જેનો સ્વભાવ જ આવો છે જ્યાં. આહાહા..! એવા સ્વભાવવાનની પ્રથમ અનુભવમાં પ્રતીતિ કરી. આહાહા..! પછી સ્થિરતા કરીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. પર્યાયમાં ચતુષ્ટય પ્રગટ કર્યા. આહાહા..! ભગવાનઆત્મા અનંત ચતુષ્ટયસ્વરૂપ છે એવો પ્રત્યક્ષ અનુભવ કર્યો ત્યારે એ અનંત ચતુષ્ટય છે એવી એને પ્રતીતિ થઈ, પછી સ્વરૂપમાં સ્થિરતા થઈને અનંત ચતુષ્ટય જે શક્તિરૂપે હતા એ પર્યાયરૂપે પ્રગટ પૂર્ણ થઈ ગયા. એ રીતે કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા બિરાજમાન છે. આહાહા..!

**'એમ કહેતાં-જાણતાં-અનુભવતાં કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે.'** કહેતાં તો એક ભાષા લીધી. **'જાણતાં–અનુભવતાં...'** આહાહા..! **'કેવળીની ગુણસ્વરૂપ સ્તુતિ થાય છે.'** આહાહા..! પોતાના જે અનંતગુણો છે, એને અંદર અનુભવતા, જાણતાં એ કેવળીની સ્તુતિ કહેવાય છે. **'આથી આ અર્થ નિશ્ચિત કર્યો...'** આથી આ ન્યાય નિશ્ચિત કર્યો, **'જીવ અને કર્મ એક નથી,...'** કર્મ શબ્દે રાગાદિ તો બધું આવી ગયું હતું ને? **अङ्गयोः** ભગવાનઆત્મા નિરુપાધિ જ્ઞાયકતત્ત્વ અને રાગની ઉપાધિથી માંડીને કર્મ એ બધા અંગ-અંગ શરીર છે. પ્રભુ અશરીરી છે. સમજાણું કાંઈ? આવી વાત, લ્યો.

પ્રથમ જેણે ભેદજ્ઞાન કર્યું. રાગ, વિકલ્પ, કર્મ, એ બધા તરફથી ભિન્ન પાડ્યું. અને સ્વરૂપમાં અભિન્ન કર્યું. **'જીવ અને કર્મ એક નથી,...'** રાગ અને આત્મા એક નથી. દયા, દાનનો વિકલ્પ ઊઠે, પંચમહાવ્રતનો રાગ, એ રાગ અને આત્મા એક નથી. આહાહા..! **'ભિન્ન ભિન્ન છે.'** પંચમહાવ્રતનો કે ભગવાનની સ્તુતિનો રાગનો વિકલ્પ ઊઠે છે, તે રાગ અને આત્મા બે એક નથી. આહાહા..! બેય જુદા જુદા છે. જુદા ન હોય તો જુદા પડે ક્યાંથી? આહાહા..! દૃષ્ટિમાં જુદા છે એમ આવ્યું. પણ પછી સ્થિરતા કરી ત્યારે એ જુદા હતા તેનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નાશ થઈ ગયો. આહાહા..!

**'વિવરણ—'** કહ્યું એનું. **'જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત?'** શું કીધું? રાગ, પુણ્ય-પાપ અને આત્મા **'એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત?'** પરની સ્તુતિ કરવામાં તો રાગ છે, સ્વની સ્તુતિ થતા અરાગ છે. આવા સ્તુતિ બે ભેદ. બે જુદા ન હોય તો સ્તુતિભેદ કેમ હોઈ શકે? આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામની પ્રશંસા કરવી, એ વ્યવહારસ્તુતિ એટલે મિથ્યાસ્તુતિ છે. આહાહા..! અસત્યાર્થની સ્તુતિ થઈ. આહાહા..! ભગવાન સત્યાર્થ પ્રભુ પૂર્ણ, એને રાગથી ભિન્ન પાડીને એકાગ્ર થયો એ આત્માની સ્તુતિ. એટલે સ્વસ્તુતિ અને પરસ્તુતિનો આટલો ભેદ. આહાહા..!

**'જીવ અને કર્મ એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત?'** આહાહા..! રાગ અને આત્મા એક હોત તો આટલો સ્તુતિભેદ કેમ હોત? આહાહા..! આવી વાત છે. આ તો પરમેશ્વરના ઘરની (વાત છે). એટલે લોકોને પછી એવું લાગે છે કે આ નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય (કહે છે). પણ નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે જૂઠું. અહીં તો જૂઠું-જૂઠું જ કહેતા આવ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? ૩૧-૩૨-૩૩ ગાથાના આ શ્લોક છે. એના પછીનો શ્લોક-કળશ છે. એમાં પણ પહેલા એમ આવ્યું ને ઇન્દ્રિયને જીતી એટલે કે નિમિત્ત. દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય એનું લક્ષ છોડીને સ્વના આનંદની દૃષ્ટિ કરી. એ પહેલી સ્તુતિ. બીજી સ્તુતિ ઉદયમાં આવે છે તેમાં જોડાણ કર્યું નહિ પણ ઉપશમરૂપે કર્યું. એ બીજી સ્તુતિ. ત્રીજી સ્તુતિ મૂળમાંથી ઉખાડી નાખ્યું. સ્વરૂપમાં એવો એકાગ્ર થયો, કે કર્મના ઉદય તરફનું જોડાણ જ છૂટી ગયું. આહાહા..! અને સ્વભાવનું જોડાણ ઉગ્ર વધી ગયું. એનું નામ અસ્થિરતા અને કર્મ ખપાવ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'જીવ અને કર્મ એક હોત...'** ભગવાનઆત્મા અને રાગ એક હોત.. આહાહા..! **'તો આટલો સ્તુતિભેદ કેમ હોત?'** આહાહા..! પરની સ્તુતિમાં તો રાગ છે અને સ્વની સ્તુતિમાં તો વીતરાગતા છે. આહાહા..! કેમકે જિનસ્વરૂપી ભગવાનઆત્મા છે. એના તરફનું વલણ થવું એ સ્તુતિ એ વીતરાગસ્તુતિ છે, એ વીતરાગભાવ છે. અને પરદ્રવ્ય તરફની સ્તુતિ એ રાગભાવ છે, એ પરસ્તુતિ છે, રાગની સ્તુતિ છે. રાગ અને આત્મા જુદા ન હોત તો આટલા સ્તુતિભેદ કેમ હોત? એમ કહે છે. સમજાણું કાંઈ? 'રસિકભાઈ'! આવી વાતું છે. આહાહા..! માળા 'રાજમલે' પણ કળશની ટીકા કરી છે ને! એ ૨૭મો શ્લોક થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(માલિની)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इति कस्य बोधः बोधम् अद्य न अवतरति' (इति) આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં (कस्य) ત્રણલોકમાં એવો ક્યો જીવ છે કે જેને (बोधः) બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ (बोधम्) સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે (अद्य) આજ પણ (न अवतरति) પરિણમનશીલ ન થાય ? ભાવાર્થ આમ છે કે જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું; એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઊપજતું નથી તેને ઠપકો દીધો છે. ક્યા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં? તે જ ભેદપ્રકાર બતાવે છે– 'आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्' (आत्म) ચેતનદ્રવ્ય અને (काय) કર્મપિંડના (एकतायां) એકત્વપણાને, (ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે તેને,) (परिचिततत्त्वैः) સર્વજ્ઞો દ્વારા [વિવરણ– (परिचित) પ્રત્યક્ષપણે જાણ્યા છે (तत्त्वैः) જીવાદિ સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને જેમણે એવા સર્વજ્ઞદેવ દ્વારા] (नय) દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના (विभजन) વિભાગ–ભેદનિરૂપણ, (युक्त्या) ભિન્નસ્વરૂપ વસ્તુને સાધવી, તેના વડે (अत्यन्तं) અતિશય નિઃસંદેહપણે (उच्छादितायाम्) ઉચ્છેદવામાં આવે છે. જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે, પરન્તુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. કેવો છે બોધ ? 'स्वरसरभसकृष्टः' (स्वरस) જ્ઞાનસ્વભાવનો (रभस) ઉત્કર્ષ–અતિશય સમર્થપણું તેનાથી (कृष्टः) પૂજ્ય છે. વળી કેવો છે? 'प्रस्फुटन्' પ્રગટપણે છે. વળી કેવો છે? 'एकः एव' નિશ્ચયથી ચૈતન્યરૂપ છે. ૨૮.

---

૨૮મો શ્લોક.

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इति कस्य बोधः बोधम् अद्य न अवतरति' આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આટલી વાત ભેદ પાડીને સમજાવી. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે અને રાગાદિ પરસ્વરૂપ છે, આવો ભેદ પાડીને સમજાવ્યું. આહાહા..! આચાર્યની કરુણા તો જુઓ! કહે છે, **'આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં...'** તદ્દન વિકલ્પની જાતને અને ચૈતન્યની નિર્વિકલ્પ જાતને ભિન્ન કરીને બતાવી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ગાંડા જેવું લાગે, હોં! વર્તમાનની શૈલી એવી થઈ ગઈ છે ને, કે નિશ્ચય અને સત્‌ની વાત જાણે ક્યાંની હશે અને આ શું કહે છે? આ તો પ્રથમ દરજ્જાની વાત છે. પ્રથમ કીધું ને?

**'ત્રણ લોકમાં એવો ક્યો જીવ છે...'** આહાહા..! અરે..! જેને આ રીતે સમજાવ્યું, કે પરની સ્તુતિનો ભાવ તે રાગ છે અને સ્વની સ્તુતિનો ભાવ તે ચૈતન્યની વીતરાગ પરિણતિ છે. આમ જીવને, રાગ ને કાયાને બેને જુદા જણાવ્યા. આવું જણાવતાં... આહાહા..! અરેરે..! **'ત્રણ લોકમાં એવો ક્યો જીવ છે...'** આહાહા..! **'કે જેને બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે આજ પણ પરિણમનશીલ ન થાય?'** આહાહા..! શું કહે છે? આટલા ભેદથી સમજાવ્યું. પેથીએ-પેથીએ કહે છે ને માણસ? તેલ નાખે ને તેલ? તો ઝાઝા વાળ હોય એમાં દસ-દસ વાળમાં નાખે. આ તો એક એક દોરે દોરે નાખ્યું. એક વાળે વાળે તેલ. આહાહા..! ઓલામાં તો પેથીએ-પેથીએ કહે છે. એટલે આખું ઓલું લઈને નહિ પણ થોડો ભાગ લઈને પેથીએ. અહીં તો વાળે વાળે તેલ ચોપડ્યું. આહાહા..! રાગના કણને પણ કાયામાં નાખીને જીવને જુદો બતાવ્યો. છે? આહાહા..! અહીં 'કસ્તુરભાઈ' ભાગ લેતા. હવે એમના ભત્રીજા આવ્યા છે અહીં. 'મહાસુખભાઈ'. શિહોર છે નોકરી, પણ પડાવ અહીં નાખ્યો છે. આટલો લાભ મળે ને. આહાહા..! બાપુ! આવી વાત ક્યાં છે? ભાઈ! આહાહા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એના શ્રીમુખે સીધી નીકળેલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! કહે છે, અમે ભિન્ન ભિન્ન રીતે પરની સ્તુતિ અને સ્વની સ્તુતિને અથવા આત્માને અને રાગને અને કર્મને તદ્દન ભિન્ન બતાવ્યા. આહાહા..! હવે **'ત્રણલોકમાં એવો ક્યો જીવ છે...'** આહાહા..! પોતાની વાતની સાથે... આહાહા..! જીવ છે જેને બોધ જ્ઞાનશક્તિ. બોધના અર્થમાં જરી આમાં જ્ઞાન શક્તિ લીધી છે. ઓલામાં આત્મ લીધું છે. બોધ એટલે આત્મા. આ કળશના ટીકાકાર છે ને? ગજરાજ... શું કહેવાય એ? એ કરનારા. ગજાધર. ગજાધરે એમ અર્થ કર્યો છે, કે 'શુભચંદ્રાચાર્યે' બોધનો અર્થ આત્મા કર્યો છે, આત્મજ્ઞાન એ ઠીક કર્યું. અને આણે એકલો બોધ કર્યો છે. જ્ઞાન કર્યું છે ને? પણ એ તો એ જ છે. બોધ એટલે જ્ઞાન અને ઓલું આત્માનું જ્ઞાન. આત્મજ્ઞાન કોને ન થાય? આહાહા..! અરે..! એને ઘરે બેઠા એના ઘરની વાતું કીધી, કહે છે. આહાહા..!

ભગવાન! તને રાગથી, કાયાથી, પરની સ્તુતિના ભાવથી ભિન્ન બતાવ્યો ને? આહાહા..! પોતે ન્યાલ થઈ ગયા છે ને એટલે બધાને ન્યાલ તરીકે જ જોવે છે. આહાહા..! ભાષા કેવી છે જોયું? **'कस्य'** કોને? કોને શબ્દમાં ત્રણલોકના જીવ બધા આવ્યા. અરે..રે..! ક્યા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જીવને હવે સમ્યક્ ન થાય? આહાહા..! 'જયચંદ્ર પંડિતે' જરી લખ્યું છે. કોઈ દીર્ઘ સંસારી હોય તો એની જુદી (વાત છે). એટલું કર્યું છે. પણ અહીં તો એક જ. આહાહા..!

**इति परिचिततत्त्वैरात्मकायैकतायां**
**नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम् ।**
**अवतरति न बोधो बोधमेवाद्य कस्य**

આહાહા..! અરે..! આવું! વાળે વાળે જેમ તેલ ચોપડે એમ અમે ભેદ પાડીને સમજાવ્યું. આચાર્ય કહે છે. આહાહા..! અરે..! એવા ત્રણ લોકમાં ક્યો જીવ એવો છે કે હવે એને ભેદજ્ઞાન અને આત્મજ્ઞાન ન થાય, એમ કહે છે. એય...! 'ધર્મચંદજી'! આહાહા..! આચાર્યે એવું કહ્યું. આહાહા..! લોકને જ આમંત્રણ કરે છે ને? છેલ્લા શ્લોકમાં 'मज्जन्तु'માં આવશે. આખા લોકને. બધા જીવોને આમંત્રણ છે, પ્રભુ! આહાહા..! સાગમટે નોતરું છે. આખા ઘરને જમવા માટે નોતરું. ઓલા કંદોરાબંધ હોય તો પુરુષને જમવાનું હોય. કન્યાનું હોય એને શું કહેવાય? ગોરણી હોય તો કન્યાને જમવાનું હોય અને સાગમટે હોય તો બધાને. રોગી હોય ને ન આવે એ જુદી વાત છે. એમ અહીં તો સાગમટે નોતરું છે પ્રભુ તને. આહાહા..! તું અંદર જ્ઞાનાનંદ પ્રભુ છો ને, નાથ! તને રાગના વિકલ્પથી, પરથી તદ્દન ભિન્ન બતાવ્યો, હવે ભિન્ન બતાવ્યો અને તને જ્ઞાન ન થાય, એવો કહે છે કોણ જગતમાં જીવ છે? આહાહા..!

**'बोधम्' 'બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે...'** આહાહા..! આત્મજ્ઞાન એટલે આત્મબોધ એટલે સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે. આહાહા..! એ જ્ઞાનની દશામાં આત્મા પ્રત્યક્ષ થઈને અનુભવશીલપણું કોને ન થાય? આહાહા..! ગજબ વાત છે. દિગંબર સંતોની કથની કોઈ કેવળીની કથની છે. આહાહા..! મુનિઓ, દિગંબર સંતો જેને પરમાનંદની પ્રચુર વેદન દશા છે. આહાહા..! નગ્ન દશા છે. મુનિને તો નગ્ન દશા જ હોય. વસ્ત્ર દશાવાળાને મુનિપણું હોઈ શકે નહિ. આહાહા..! તેમ એ નગ્નપણું એટલે મુનિપણું અંદર આવ્યું એમ પણ નથી. અંદર આત્માનું અવલંબન લઈ અને જેણે ત્રણ કષાયનો નાશ કર્યો છે અને પરમ આનંદના જેને ઉછાળા આવે છે. ભરતી આવે છે, ભરતી–બાઢ. દરિયામાં જેમ પાણીની ભરતી–બાઢ આવે, એમ મુનિઓને અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે, કહે છે. આહાહા..! એ જગતને કહે છે કે અમે તમને, પ્રભુ! ભિન્ન-ભિન્ન બતાવ્યો ને? તું આ અને રાગ આ. શરીર આ અને અશરીરી આ. વ્યવહાર આ અને નિશ્ચય આ. આહાહા..! 'રસિકભાઈ'! આહાહા..! પોતે ખાધું એટલે બધા ખાય. ખાવ-ખાવ કહે છે. અનુભવવાયોગ્ય ચીજ તો આ છે, કહે છે. આહાહા..!

**'પરિણમનશીલ ન થાય?' 'આજ પણ પરિણમનશીલ ન થાય?'** એમ કહે છે. આ પાંચમા આરામાં આજ પણ... આહાહા..! આવું ભેદ કરીને સમજાવ્યું, તો એને પરિણમનશીલ ન થાય એ કોણ છે? કહે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



## અષાઢ વદ ૫, મંગળવાર તા.૦૫.૦૭.૧૯૭૭
## કળશ - ૨૮, પ્રવચન - ૩૪

'કળશ ટીકા' જીવ અધિકાર છે. ૨૮મો કળશ. કળશ બોલીએ ફરીને.

**इति परिचिततत्त्वैरात्मकायैकतायां**
**नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।**
**अवतरति न बोधो बोधमेवाद्य कस्य**
**स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।**

**ખંડાન્વય સહિત અર્થ :–** '**इति कस्य बोधः बोधम् अद्य न अवतरति**' શું કહે છે? '**આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં...**' શું કીધું? આચાર્ય મહારાજ કહે છે કે મેં એમ સમજાવ્યું કે તારો આત્મા જે છે એ તો આનંદ, જ્ઞાનસ્વરૂપ છે. પુણ્ય અને પાપના જે વિકલ્પ ઉઠે છે, દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ વૃત્તિ રાગ એ આત્મા નથી. એનાથી તો આત્મા ભિન્ન છે. કેમ કે પુણ્ય અને શુભ-અશુભભાવ એ શરીર તરફની ઉપાધિ, કર્મ તરફની કર્મમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ ચિદ્ઘન, એનાથી પુણ્યકર્મના નિમિત્તથી કર્મ અને કર્મના નિમિત્તની ઉપાધિ, પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ બે ઉપાધિ છે. આહાહા..! ઉપાધિથી ભિન્ન તારી ચીજ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એમ અમે પરનો અને સ્વનો ભેદ કરીને બતાવ્યું.

'**ભેદ દ્વારા સમજાવતાં...**' આહાહા..! આચાર્યની કરુણા તો જુઓ! દિગંબર સંત એમ કહે છે, કે અમે તો તને ભગવાનઆત્મા દેહથી તો ભિન્ન છે, પણ અને પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ, ભક્તિનો, જાત્રાનો, મહાવ્રતનો, દયા, દાન, પૂજા, ભક્તિનો ભાવ એ કર્મની ઉપાધિ છે. એ તારી ચીજ નથી. તારામાં નથી. તું એમાં નથી, એ તારામાં નથી. આહાહા..! '**આ પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં...**' આહાહા..! જુઓ! આ 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ, દિગંબર સંત એમ કહે છે કે હું તો પ્રભુ તને (એમ બતાવું છું કે), અંતર કર્મના નિમિત્તની ઉપાધિથી (થયેલા) એ શુભ-અશુભભાવ એ ઉપાધિ છે. આહાહા..! એ આત્માનું સ્વરૂપ નહિ. એ આત્મામાં છે જ નહિ. એ તો અજીવમાં જાય છે. આહાહા..! અને જીવ તો એને કહીએ કે જે ચિદ્રૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ એ આત્મા. આમ રાગથી અને પરથી ભિન્ન આત્માને અમે બતાવ્યો. આહાહા..!

'**कस्य**' '**ત્રણલોકમાં એવો ક્યો જીવ છે...**' આહાહા..! જુઓ તો ખરા. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત જગતને જાહેર કરે છે, અરે..! આત્મા! '**ત્રણ લોકમાં એવો ક્યો જીવ છે...**'કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અમે તને પુણ્ય અને પાપના રાગથી ભિન્ન બતાવ્યો તો તને ભિન્ન અનુભવ કેમ ન થાય? આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહાહા..! જેટલો શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા બધો શુભરાગ છે. એ કર્મની ઉપાધિ છે, આત્મા નથી. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના. અશુભરાગ છે એ પણ ઉપાધિ છે. એ તારી ચીજમાં નથી. આહાહા..! તારી ચીજ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એમ ઉપાધિથી ભિન્ન બતાવી, સમજાવ્યું. યુક્તિથી, નયથી સમજાવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? તો **'कस्य बोधः बोधम्'** **'ત્રણલોકમાં એવો ક્યો જીવ છે...'** આહાહા..! ઓળંભો–ઠપકો આપે છે. ઓળંભો, ઓળંભો આપે છે. ઠપકો. અરે..! એવો ક્યો પ્રાણી જગતમાં છે, કે તારી ચીજ તારામાં પરથી (ભિન્ન) બતાવી અને તારો અનુભવ તને ન થાય અને તારું જ્ઞાન ન થાય એવો ક્યો જીવ છે? આહાહા..!

અંદર ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી.. બોધ કીધું ને? બોધ. ક્યાં આવ્યા? બોધ એમ કીધું ને? **'बोधः बोधम्'** આહાહા..! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન, એનો બોધ. આહાહા..! સ્વની અનુભૂતિ. આહાહા..! એ આત્મા બોધ છે, જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા. એનું **'बोधम्'** એનો અનુભવ. આહાહા..! **'बोधः बोधम्'** અર્થમાં **'एव'** શબ્દ પડ્યો રહ્યો છે. ગુજરાતી અને હિન્દીમાં બેયમાં પડ્યો છે. પાઠ એવો છે ને? **'बोधो बोधमेवाद्य कस्य'** **'एव'** શબ્દનો અર્થ પડ્યો રહ્યો છે. ગુજરાતીમાં પણ પડ્યો રહ્યો છે અને હિન્દીમાં પણ પડ્યો રહ્યો છે. **'एव'** માં વજન છે, નિશ્ચય. આહાહા..!

અરે..! આ ભગવાનઆત્મા તો શરીરથી, રાગથી, કર્મથી, પુણ્ય-પાપના ભાવથી તારું અસ્તિત્વ ભિન્ન બતાવ્યું. તો એવો બોધ, એવું આત્મજ્ઞાન, **'बोधम्'** અનુભવશીલ કોને ન હોય? આહાહા..! એવી વાત છે. દિગંબર સંતની કરુણા તો, જુઓ! આહાહા..! ભગવાન! તું તો અંદર આત્મા આનંદસ્વરૂપ છો ને. તારી ચીજમાં તો ચૈતન્યપ્રકાશનું પૂર, નૂર ભર્યું છે. ચૈતન્યપ્રકાશના તેજ ભર્યા છે. એમાં કોઈ પુણ્ય-પાપનો ભાવ અને શરીર, કર્મ તો એમાં છે નહિ. આહાહા..! તો એવું તને અમે યુક્તિથી, ન્યાયથી બતાવ્યું. તો એ **'बोधम्'** આ બોધ. એ આત્મજ્ઞાન કોને ન થાય? આત્માનું જ્ઞાન **'बोधम्'** એનું જ્ઞાન કેમ ન થાય? આહાહા..! અને એ આત્મજ્ઞાન થયા સિવાય બધું નિરર્થક છે. ગમે તેટલા ક્રિયાકાંડ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ. બધું પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ભાષા તો જુઓ!

**'बोधः बोधम्'** જ્ઞાનશક્તિ અથવા આત્મા. **'बोध'** નો અર્થ એ લેવો. આત્મજ્ઞાન **'સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે...'** આત્મજ્ઞાન કેવું? કે **'સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે...'** આહાહા..! ભગવાનઆત્મા સ્વસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, એનો પ્રત્યક્ષ અનુભવ. એને કોઈ મનનો સંબંધ નથી, રાગનો સંબંધ નથી. પ્રત્યક્ષ આનંદનું વેદન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અતીન્દ્રિય ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. તો એનું પ્રત્યક્ષ અનુભવશીલનું પરિણમન કોને ન થાય? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..! તને ભિન્ન બતાવ્યો ને? એમાં શંકાને સ્થાન ક્યાં છે? આહા..! નિઃસંદેહ ચીજ તો જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, ઉપાધિથી ભિન્ન બતાવ્યો તો ભિન્ન અનુભવ કેમ ન થાય? આહાહા..! જુઓ! આ વાણી. 'દેવીલાલજી'! આહાહા..!

અંતર જ્ઞાનસ્વરૂપી પ્રભુ, તને પરથી ભિન્ન તો યુક્તિથી ઘણીવાર સમજાવ્યું. કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પણ રાગ છે, એ તારી ચીજ નથી અને તારામાં નથી. આહાહા..! એવો ભેદ બતાવ્યો તો **'बोधः बोधम्'** એ આત્મજ્ઞાનનો અનુભવ કેમ ન થાય? આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આજ તો હિન્દી ચાલે છે. પણ ભાવ તો જે હોય એ જ હોય છે. ભાવ જે છે એ છે. સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ, પરમેશ્વર ત્રિલોકનાથની આ વાણી છે. ત્રિલોકનાથ પરમાત્મા જિનેશ્વરે જે કહ્યું એ સંતો, દિગંબર સંતો જાહેર કરે છે. આડતિયા થઈને જાહેર કરે છે. આડતિયા કહે છે? આડતિયા નથી હોતા? આહાહા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો.

જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકરે તારી ચીજ બતાવી. અમને અનુભવ તો થયો છે પણ હવે અમે તને બતાવીએ છીએ. આહાહા..! તારી ચીજ તો અંતર પુણ્ય અને પાપના વિકલ્પ એટલે રાગ એ પુણ્ય-પાપતત્ત્વ તો જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. નવતત્ત્વ છે કે નહિ? તો દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના પરિણામ એ તો પુણ્યતત્ત્વ છે અને હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ એ પાપતત્ત્વ છે. અને તું જ્ઞાયકતત્ત્વ છો. આહાહા..! તો પરતત્ત્વથી તારી ચીજને ભિન્ન બતાવી. આહાહા..! પ્રભુ! તારી ચીજનો તને અનુભવ કેમ ન થાય? **'ત્રણલોકમાં એવો ક્યો જીવ છે'**? ઠપકો આપે છે. ઓળંભો આપે છે. દિગંબર મુનિ નગ્ન બાદશાહ છે. આહાહા..! અંતર આનંદના અનુભવમાં પડ્યા છે. અતીન્દ્રિય આનંદની પ્રચુર વેદના, એનું નામ મુનિપણું છે. આહાહા..! એવા આનંદના વેદનની ભૂમિકામાં રહીને એવો વિકલ્પ આવ્યો. આહાહા..! કે આ ટીકા બની. એ કહે છે કે એ વિકલ્પ પણ હું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! તારું શરીર, લક્ષ્મી, પૈસા, ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ જગતની ચીજ તો પર છે, અજીવ છે. પણ તારામાં પુણ્ય-પાપનો ભાવ થાય છે એ પણ અજીવ છે, એ જીવ નથી. આહાહા..! કેમકે ચૈતન્યસ્વરૂપ ભગવાન, એ પુણ્યપાપના ભાવમાં એના ચૈતન્યનો કણ આવતો નથી. ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એમાં આવતું નથી. એ તો અંધારું છે. આહાહા..! તને એવા પુણ્ય-પાપના ભાવનું અંધારું કહ્યું અને તારું સ્વરૂપ તો અંધારાથી ભિન્ન ચૈતન્યપ્રકાશબોધ બતાવ્યું. આહાહા..!

**'ત્રણ લોકમાં એવો ક્યો જીવ છે કે જેને બોધ અર્થાત્ જ્ઞાનશક્તિ સ્વસ્વરૂપના પ્રત્યક્ષ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અનુભવશીલપણે આજ પણ પરિણમનશીલ ન થાય?'** આહાહા..! કહો, 'કાંતિભાઈ'! એ '**एव**'માં નાખ્યું જરી. હમણા પંડિતજીએ જરી પૂછ્યું હતું. કે '**एव**' શબ્દ આમાં રહી ગયો છે. '**एव**' નો અર્થ ગુજરાતીમાં રહી ગયો અને હિન્દીમાં પણ રહી ગયો. અંદર લખ્યું હોય એમ લખે જાય. આહાહા..! '**एव**' માં વજન છે. વજન સમજો છો? શું કહે છે? વજન. કિંમત છે. આહાહા..!

પ્રભુ! તારી ચીજ તો જ્ઞાનસ્વરૂપી, જ્ઞાનના તેજનું પૂર. એમાં પુણ્ય-પાપનો અભાવ છે. તો આવી વાત સાંભળતા ક્યો પ્રાણી એવો છે કે નિશ્ચયથી '**પ્રત્યક્ષ અનુભવશીલપણે આજ પણ પરિણમનશીલ ન થાય?'** આહાહા..! આત્માનો પ્રત્યક્ષ અનુભવ થવો, એનું નામ સમકિત છે અને એનું નામ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો કયો જીવ છે? એવું બને છે ને? કે બહુ ગુનો કર્યો તો પતિ એની પત્નીને મારે. મારે તોપણ મૂંઢ જવાબ ન દે, બોલે નહિ. નનૂર, નનૂર. નૂર વિનાના, તેજ વિનાના. મીંઢડી છો? એમ કહે. આ બધું સાંભળેલું છે. સાંભળેલું છે એટલે મારતી વખતે સીધું સાંભળેલું છે. સમજાણું કાંઈ? ઉપર મારતા હતા અને નીચે અમે હતા. મીંઢડી કાંઈ બોલતી નથી, તને કાંઈ સૂઝ પડતી નથી. નનૂર છો? નનૂર એટલે તારામાં કાંઈ તેજ નથી. નનૂર. નૂર એટલે તેજ વિનાની ચીજ.

એમ અહીં આચાર્ય ભગવાન કોરડા મારે છે. તું તેજ વિનાની ચીજ છો? આત્માના તેજ વિનાની કે તને તારા આત્માનો અનુભવ ન થાય? એ દિગંબર સંતોની આવી વાણી છે. નાગા બાદશાહથી આઘા. એને કાંઈ દુનિયાની પડી નથી. એ તો આત્માના આનંદના અનુભવ... આહાહા..! વીતરાગી દશામાં પડ્યા છે. આ વિકલ્પ આવ્યો, તો ટીકા બની ગઈ. તોપણ એ કહે છે કે એ ટીકાનો કરનાર હું નથી. આહાહા..! અને વિકલ્પ ઉઠ્યો એ પણ હું નથી. આહાહા..! અને તને પણ એમ સમજાવ્યું. અંદર આનંદઘન પ્રભુ પડ્યો છે ને. આહાહા..! ચૈતન્યનો રસકંદ આત્મા છે ને. એવું સમજાવ્યું તો '**ત્રણલોકમાં એવો ક્યો જીવ છે...**' કે પોતાનો અનુભવ ન કરી શકે? આહાહા..! 'રસિકભાઈ'! અહીં તો આવી વાત છે. આહાહા..! અને એ આત્માના અનુભવ વિના જેટલી કોઈ ક્રિયાકાંડ કરવામાં આવે દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા, અપવાસ એ બધું પુણ્ય સંસાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**बोधः बोधम्**' '**સ્વસ્વરૂપના પ્રત્યક્ષ અનુભવશીલપણે...**' આહાહા..! સ્વસ્વરૂપ ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, એનું સ્વસ્વરૂપ, પોતાનું સ્વરૂપ. એનો પ્રત્યક્ષ અનુભવ. એ આનંદ અને જ્ઞાનનું પ્રત્યક્ષ વેદન, જેમાં મન અને રાગનો સંગ પણ નથી. એવી અસંગ ચીજ, પ્રભુ! એ અસંગ ચીજનો અનુભવ, પ્રત્યક્ષ અનુભવશીલ, અનુભવસ્વભાવરૂપતા... આહાહા..! અને '**આજ પણ પરિણમનશીલ ન થાય?'** અત્યાર સુધી તો તારો અનંતકાળ ગયો, એમ કહે છે. અનંત કાળ ગયો, સમકિત વિના, એ આત્માના અંતર અનુભવ વિના તારો અનંતકાળ ચોરાશી લાખના પરિભ્રમણમાં ગયો. ચોરાશી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંતઅવતાર. એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્દર્શન વિના. એટલે કે આત્માના અનુભવશીલ વિના. આહાહા..! બાકી તો પંચમહાવ્રતાદિ અનંતવાર લીધા. આહાહા..! આવ્યું ને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' 'છ ઢાળા'માં આવે છે. 'છ ઢાળા'. પાઠશાળામાં ભણાવે પણ અર્થની ખબર ન પડે. 'મુનિવ્રત ધાર...' તે મુનિ કોણ? નગ્ન દિગંબર. સમજાણું કાંઈ? અને પંચમહાવ્રત લીધા. નગ્નપણે વનમાં રહેનારા પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ લીધા. એ 'મુનિવ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. પણ 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતના પરિણામ પણ રાગ અને દુઃખરૂપ છે. આહાહા..! એનાથી ભિન્ન આત્મજ્ઞાનમાં આનંદ છે. તે આત્માનો અનુભવ તને અનુભવ ન થયો. એ પંચમહાવ્રત પાળવાથી પણ આત્મજ્ઞાન ન થયું. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ જગતને કઠણ પડે. સત્ય વાત...

મુમુક્ષુ :– આ તો અભવીની વાત છે.

ઉત્તર :– આ ભવ્યજીવની વાત છે. ભવ્યજીવમાં એવો કોણ છે કે આ ન સમજે? એમ કહે છે. અભવી તો નથી સમજતા એની તો વાત જ નથી. આહાહા..!

અહીં તો ભવી જીવ, જેને સાંભળવા મળ્યું, સમજાવ્યું તો... આહાહા..! આત્મજ્ઞાનનો અનુભવ! આહાહા..! કોને ન થાય? આજે પણ કોને ન થાય? એમ કહે છે. ભૂતકાળ તો ગયો. આહાહા..! સમજાણું કાંઈ? **'આજે પણ...'** **'अद्य'** **'न अवतरति'** **'अद्य'** નાખ્યા છે. **'આજે પણ...'** એમાં આવી ગયું છે **'एव'**? આહાહા..! આ તો **'આજે પણ પરિણમનશીલ ન થાય?'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા પર્યાયમાં, જ્ઞાનનું પરિણમન, આનંદનું પરિણમન, શાંતિનું પરિણમન, સ્વચ્છતાનું પરિણમન, એનું નામ ધર્મ અને એનું નામ સમકિત. એવી ચીજ કેમ ન થાય? આજે પણ કેમ ન થાય? એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે...'** સ્વભાવ પરિણમનશીલ છે ને? સ્વભાવનો પરિણમન સ્વભાવ થયો. આહાહા..! **'जीवादी सदणं'**નો 'દિલ્હી'માં પ્રશ્ન થયો હતો ને? 'વિદ્યાનંદજી' સાથે. આ શું કહે છે? એ બીજી વાત છે. અહીંયા તો આત્મા જ્ઞાનસ્વરૂપ, એનું જ્ઞાનરૂપે પવિત્રતાપણે પરિણમન થવું, એનું નામ શ્રદ્ધા છે. આમ જીવની શ્રદ્ધા... જીવની શ્રદ્ધા... એવી શ્રદ્ધા નહિ. આહાહા..! ૧૫૫ ગાથા છે ને? પુણ્ય–પાપ અધિકાર. એ ચર્ચા દિલ્લીમાં થઈ હતી. એમ કહે, આ જીવાદિને માને એ સમકિત. એમ નથી. આહાહા..! જીવનું અંદર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, એવું પર્યાયમાં પરિણમન થવું, વીતરાગી દશા થવી, જ્ઞાનનું પરિણમન થવું. જ્ઞાન તો ત્રિકાળ સ્વભાવ છે. પણ એની પર્યાયમાં, અવસ્થામાં... પણ આવી વાત સાંભળી ન હોય બિચારા શું કરે? આહાહા..! એમ ને એમ જિંદગી ચાલી જાય. આહાહા..! અહીં તો આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). આ 'કુંદકુંદાચાર્ય'ની મૂળ ગાથા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



'અમૃતચંદ્રાચાર્ય' ટીકાકાર છે. આહાહા..! અહો..!

**'ભાવાર્થ આમ છે કે જીવ-કર્મનું ભિન્નપણું અતિશય પ્રગટ કરીને બતાવ્યું;...'** જીવ એટલે ભગવાનઆત્મા અને કર્મ એટલે રાગાદિ ભાવ. એ બધું રાગ, કર્મ, શરીર **'ભિન્નપણું અતિશય પ્રગટ કરીને...'** અતિશય પ્રત્યક્ષ પ્રગટ કરીને બતાવ્યું. આહાહા..! છે? **'એ સાંભળતાં જે જીવને જ્ઞાન ઊપજતું નથી...'** જે જીવને જ્ઞાન નથી ઊપજતું **'તેને ઠપકો દીધો છે.'** ઠપકો આપણી ગુજરાતી ભાષા છે. તમારે ઉલ્હાના (કહે છે). આહાહા..! **'ઠપકો દીધો છે.'** અરે..! પ્રભુ! તને કહ્યું ને. તારી ચીજ અંદર નિર્મળાનંદ શુદ્ધ છે, અસ્તિ છે. અને પુણ્ય-પાપના ભાવ એમાં નથી. એવી ચીજ તને પ્રગટપણે બતાવી. આહાહા..!

**'તે જ ભેદપ્રકાર બતાવે છે–'** **'ક્યા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં? તે જ ભેદપ્રકાર બતાવે છે—'** **'ક્યા પ્રકારે ભેદ દ્વારા સમજાવતાં?'** એમ કે કઈ રીતે ભેદ દ્વારા સમજાવ્યું? આહાહા..! **'आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्'** **'आत्म'** **'ચેતનદ્રવ્ય...'** ભગવાન તો ચેતનદ્રવ્ય આત્મા. જાણન-દેખન, જાણન-દેખન સ્વભાવસ્વરૂપ ભગવાનઆત્મા તો છે. આહાહા..! **'काय'** કાયનો અર્થ જુઓ! **'કર્મપિંડના...'** **'काय'**નો અર્થ કર્યો. એક કોર ભગવાનઆત્મા **'ચેતનદ્રવ્ય અને 'काय' કર્મપિંડ...'** એ પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, દયા અને દાનના વિકલ્પો એ બધા કર્મપિંડ છે. એ આત્મપિંડ, જ્ઞાનપિંડ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, આવો ઉપદેશ છે. આહાહા..! આ તો કાંઈ ભાન ન મળે. સમ્યક્ તો નહિ પણ સમ્યક્ કેમ થાય એની પણ ખબરું ન મળે. અને ત્યાગ કરીને ચાલી નીકળ્યા. ધર્મનો ત્યાગ. આહાહા..! બાપુ! વીતરાગ જિનેશ્વર કહે છે એ ચીજ કોઈ અલૌકિક છે. સાંભળવામાં નથી આવી તો એ સમજે કઈ રીતે?

અહીં તો કહે છે, સાંભળવામાં તને કહ્યું ને? કઈ રીતે કહ્યું? **'ચેતનદ્રવ્ય અને...'** **'काय'** એટલે **'કર્મપિંડ...'** છે ને? શરીર, કર્મ, પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ બધા કર્મપિંડ છે. અહીં આત્મા ચૈતન્યપિંડ છે, ચૈતન્યપુંજ છે. જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા. અને રાગ-દ્વેષ આદિ બધા કર્મપિંડ છે. આહાહા..! આવી વાત છે. પરમસત્ય તો આ છે. આહાહા..! હવે આ લોકો કહે, વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય. આહાહા..! કરો ભાઈ વ્યવહાર. દયા, દાન, વ્રત, ભક્તિ કરતા કરતા થશે. અહીં તો કહે છે કે વિકાર કરતા કરતા આત્માની પ્રાપ્તિ કેમ થશે? એ તો કર્મપિંડ છે. આહાહા..! આ અત્યારે મોટી તકરાર આની છે ને. ભગવાન આમ કહે છે કે એ રાગાદિ તો પુણ્ય, દયા, દાન, વ્રત, વ્યવહાર રત્નત્રય એ બધા કર્મપિંડ છે. એનાથી આત્મા પ્રાપ્ત થતો નથી. એ તો આત્મામાં છે જ નહિ ને.

મુમુક્ષુ :– વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય તે પણ ભગવાન કહે છે.

ઉત્તર :– એ તો નિમિત્તનું કથન છે. આહાહા..!

રાત્રે કહ્યું હતું ને, કે નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. રાત્રે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કહ્યું હતું. એ ‘દ્રવ્યસંગ્રહ’ની ૪૭ ગાથામાં આવ્યું છે. ‘દ્રવ્યસંગ્રહ’ ‘નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી’ દિગંબર મુનિએ ‘દ્રવ્યસંગ્રહ’ બનાવ્યું. એમાં ૪૭મી ગાથા. ૪૭ એટલે ૪૦ અને ૭. એમાં એમ કહ્યું, **‘दुविहं पि मोक्खहेउं...’** સમજાણું કાંઈ? બે પ્રકારના મોક્ષનો માર્ગ ધ્યાનમાં પ્રગટે છે. આહાહા..! એવો પાઠ છે. એ જ ગાથા ‘તત્ત્વાનુશાસન’માં ૩૩મી ગાથા નીકળી. કાલે રાત્રે બતાવી. એ નથી. ‘તત્ત્વાનુશાન’ ‘નાગસેન’ મુનિ થયા છે. દિગંબર સંત. એણે ‘તત્ત્વાનુશાસન’માં ૩૩મી ગાથામાં કહ્યું છે. રાત્રે બતાવ્યું હતું. એમાં **‘दुविहं पि मोक्खहेउं...’** નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારનો મોક્ષનો માર્ગ ધ્યાનમાં પ્રગટે છે, એમ કહે છે. આહાહા..! અર્થાત્ સ્વસન્મુખનું ધ્યાન થયું તો નિશ્ચય થયો. સ્વના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ નિશ્ચય થયા, અને ધ્યાનમાં જે રાગ બાકી રહ્યો, એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કહીને વ્યવહાર કહ્યો. પણ ધ્યાનમાં પ્રગટે છે. પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય એમ તો નથી કહ્યું.

મુમુક્ષુ :– એકસાથે છે પણ આગળ-પાછળ તો કર્યા.

ઉત્તર :– આગળ-પાછળ ક્યાં છે? બેય એક સાથે છે. મોડા કેમ? અડધો કલાક મોડા. ‘ચીમનભાઈ’! મુકવા નહિ આવતા હોય. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો એમ લીધું છે... ‘દ્રવ્યસંગ્રહ’માં અને ‘તત્ત્વાનુશાસન’માં. અને ‘શ્રીમદ્’ પણ ‘આત્મસિદ્ધિ’માં કહે છે ને? ‘નય નિશ્ચય એકાંતથી આમાં નહિ કહેલ એકાંતે વ્યવહાર નહીં બંને સાથ રહેલ.’ અર્થાત્ આ આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપનો અંતર અનુભવ થાય, ધ્યાનમાં અંતર ધ્યેય બનાવીને, પોતાની વર્તમાન દશામાં ચિદાનંદ ભગવાન પૂર્ણને ધ્યેય બનાવીને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન થયું એ સ્વને આશ્રયે થયું એ નિશ્ચય. અને એમાં પૂર્ણ ધ્યાન ન થયું, તો રાગ બાકી રહ્યો, એને વ્યવહાર મોક્ષમાર્ગનો આરોપ કહીને કહ્યું. છે તો બંધનું કારણ. આહાહા..! પણ વ્યવહારથી આરોપ કરીને મોક્ષમાર્ગ કહ્યો. પણ ધ્યાનમાં પ્રગટ થાય એની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘દ્રવ્યસંગ્રહ’ નથી નહિ? છે? આ નહિ? આ શું છે? ૪૭. **‘दुविहं पि मोक्खहेउं जाणे पाउणदि जं मुणी णियमा।’** **‘णियमा’** એમ કહે છે પાછું. નિશ્ચયથી. ભગવાનઆત્મા પોતાના આનંદસ્વરૂપનું અંદરમાં ધ્યાન કરે છે ત્યારે ધ્યાનમાં જે નિશ્ચય થયો, અનુભવ, પ્રતીતિ એ સ્થિરતા, વીતરાગતા (થયા) એ તો નિશ્ચયમોક્ષમાર્ગ છે. **‘तह्मा पयत्तचित्ता जूयं जाणं समब्भसह।।’** લ્યો. પાઠ. **‘કારણ કે મુનિ નિયમથી ધ્યાન દ્વારા બંને પ્રકારના મોક્ષનાં કારણોને પ્રાપ્ત કરે છે. વિશેષ :– કારણ કે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ વ્યવહાર-મોક્ષહેતુ અર્થાત્ વ્યવહાર મોક્ષમાર્ગ જેમનું સાધ્ય-સાધક ભાવરૂપે...’** નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય અને વ્યવહારમોક્ષમાર્ગ સાધન. પણ બે મળે છે ધ્યાનમાં. છે એટલું. નિમિત્ત છે. આ છે. સમજાણું કાંઈ? આહાહા..! **‘નિર્વિકાર સ્વસંવેદનરૂપ પરમધ્યાન મુનિ પ્રાપ્ત કરે છે...’** આહાહા..! એ તો ધ્યાન ‘ધ્યાન વિષયકુરુ’ ભગવાનઆત્માની વર્તમાન દશામાં પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એને ધ્યાનનો વિષય બનાવીને અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આહાહા..! અને સાથે રાગ બાકી રહે છે એને વ્યવહાર કહે છે. એ બંધનું કારણ છે પણ આરોપ કરીને વ્યવહાર કહેવામાં આવે છે. કથનમાત્રથી કહેવું એનું નામ વ્યવહાર છે. આહાહા..! એ 'તત્ત્વાનુશાસન'ની ૩૩મી ગાથામાં છે.

અહીં કહે છે, **'आत्मकायैकतायां परिचिततत्त्वैः नयविभजनयुक्त्या अत्यन्तम् उच्छादितायाम्'** આહાહા..! ભગવાનઆત્મા ચૈતનદ્રવ્ય-ચૈતનદ્રવ્ય, જાણક-જાણક. જ્ઞાનસ્વભાવના નૂરના તેજ પ્રભુ! અને કાયા એટલે પુણ્ય અને પાપ અને કર્મનો પિંડ એ બધી કાયા છે, કર્મપિંડ છે. આહાહા..! છે? **'एकतायां'** **'એકત્વપણાને,...'** એ એકપણું તો કહ્યું. આહાહા..! **'(ભાવાર્થ આમ છે કે જીવ-કર્મ અનાદિબંધપર્યાયરૂપ એકપિંડ છે, તેને)'** **'परिचिततत्त्वैः'** **'સર્વજ્ઞો...'** **'परिचित'** એટલે જેણે... બધા તત્ત્વનું જેને સર્વજ્ઞપણું પ્રગટ્યું છે. પરમેશ્વર, સર્વજ્ઞદેવ, જિનેશ્વરદેવ સર્વજ્ઞ પ્રભુ! આહાહા..! એમને **'परिचिततत्त्वैः'** બધા તત્ત્વનું ત્રિકાળનું જ્ઞાન થાય છે. આહાહા..! એ સર્વજ્ઞ ભગવાને એમ કહ્યું. છે?

**'परिचिततत्त्वैः'** **'સર્વજ્ઞો દ્વારા પ્રત્યક્ષપણે જાણ્યા છે...'** આહાહા..! જિનેશ્વરદેવ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા. મહાવીર પરમાત્મા આદિ તો મોક્ષે પધાર્યા છે. એ તો સિદ્ધમાં છે. એમને તો વાણી નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ તો અરિહંત કહ્યું. સર્વજ્ઞ પરમેશ્વર મહાવિદેહમાં બિરાજે છે. સીમંધર ભગવાન તીર્થંકરદેવ મહાવિદેહમાં બિરાજે છે. એ ભગવાનની વાણી છે એને અહીં કહે છે. સિદ્ધને તો વાણી નથી. સિદ્ધ તો અશરીરી થઈ ગયા. ણમો સિદ્ધાણં. પણ ણમો અરિહંતાણં. શરીર છે, વાણી પણ છે, પણ અંદરમાં સર્વજ્ઞપણું છે. ત્રણકાળ, ત્રણલોકને ભગવાન દેખે છે. એવું સર્વજ્ઞે... **'परिचिततत्त्वैः'** જેને તત્ત્વનું જ્ઞાન થયું છે. આહાહા..! છે?

**'સર્વજ્ઞો દ્વારા પ્રત્યક્ષપણે જાણ્યા છે...'** શું? **'જીવાદિ સકળ દ્રવ્યોના ગુણ-પર્યાયોને જેમણે...'** જીવ, જડ, છ દ્રવ્ય એના ગુણ એટલે શક્તિ, પર્યાય એટલે અવસ્થા જેમણે પ્રત્યક્ષ જાણ્યા છે. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર અરિહંતદેવ, જેણે ત્રણકાળના દ્રવ્ય-ગુણ-પર્યાય (પ્રત્યક્ષ જાણ્યા છે). દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિ-સ્વભાવ, પર્યાય એટલે અવસ્થા–હાલત. એ દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વજ્ઞે પ્રત્યક્ષ જાણ્યા છે. ત્રણકાળ, ત્રણલોક જેણે પરમેશ્વરે જાણ્યા છે. આહાહા..! એ સર્વજ્ઞ કહે છે એમ કહે છે. જુઓ!

**'એવા સર્વજ્ઞદેવ દ્વારા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના વિભાગ ભેદનિરૂપણ, ભિન્નસ્વરૂપ વસ્તુને સાધવી,...'** આહાહા..! દ્રવ્યાર્થિકનય–દ્રવ્યથી ભગવાન આવો છે. પરિપૂર્ણ અખંડ છે. પર્યાયથી વર્તમાન અવસ્થામાં રાગાદિ થાય છે અને પર્યાય એક અંશની અવસ્થા છે, એને પર્યાયનયનો વિષય કહ્યો. પણ અહીં તો પર્યાયનયનો વિષય છોડીને ત્રિકાળી દ્રવ્ય બતાવવું છે. તો **'દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ પક્ષપાતના વિભાગ-ભેદનિરૂપણ, ભિન્નસ્વરૂપ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**વસ્તુને સાધવી, તેના વડે અતિશય નિઃસંદેહપણે...**' આહાહા..! '**उच्छादितायाम**' આહાહા..! '**જેમ ઢાંકેલો નિધિ પ્રગટ કરવામાં આવે છે તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' ભગવાન વસ્તુ છે ને? ચિદ્દ્ઘન આત્મા છે કે નહિ? છે તો એનું કોઈ સ્વરૂપ છે કે નહિ? તો એનું સ્વરૂપ જ્ઞાન, આનંદ, સ્વચ્છતા, વીતરાગતા એ એનું સ્વરૂપ છે. આહાહા..! અત્યારે, હોં! આહાહા..! છે ને?

'**જેમ ઢાંકોલો નિધિ પ્રગટ કરવામાં આવે છે...**' જેમ એક નિધિ હોય છે અને ઢંકાયેલી હોય, એને પ્રગટ કરીને કહે, જુઓ આ. '**તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' આહાહા..! ભગવાન તો વસ્તુ છે ને. રાગ છે, એમ જીવદ્રવ્ય પણ છે. રાગ છે. દયા, દાન આદિ વિકલ્પ એ તો રાગ છે, પુણ્યતત્ત્વ છે. તેમ જીવદ્રવ્ય પણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' એમ કહે છે. ચૈતન્યસ્વભાવી ભગવાન અંદર પ્રગટ સત્ત્વ તત્ત્વ બિરાજમાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી...**' આહાહા..! પણ રાગ અને પુણ્ય અને પાપના વિકારની રુચિમાં ભગવાન અંદર પ્રગટ ચૈતન્યકંદ આનંદસ્વરૂપ છે, પણ એ પુણ્ય અને પાપ જે કર્મની પ્રત્યક્ષ ઉપાધિ, એની રુચિમાં એ ઢંકાઈ ગયો છે, એ મરણતુલ્ય થઈ ગયો છે. જાણે છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું કહે છે? '**કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' અર્થાત્ નહોતો એમ. એ પુણ્ય અને પાપના ભાવની રુચિમાં આત્મા નહોતો. આહા..! સમજાણું કાંઈ? એ શુભભાવ જે છે એના પ્રેમની રુચિમાં આત્મા ઢંકાઈ ગયો. ઢંકાઈ ગયો એટલે આત્મા છે જ નહિ. પ્રગટ છે પણ રાગની રુચિ અને પ્રેમમાં આત્મા નથી એમ મરણતુલ્ય થઈ ગયો. આહાહા..! ઓહોહો..! આવી વાત! દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહિ. એવી પ્રત્યક્ષ.

મુમુક્ષુ :– અત્યારે સોનગઢ સિવાય ક્યાંય નથી.

ઉત્તર :– આહાહા..!

આ તો જુઓ! ઓહોહો..! પ્રત્યક્ષ એને ખ્યાલ (આવે એમ કહે છે). ભાઈ! સર્વજ્ઞ ભગવાને એમ કહ્યું ને? કે વસ્તુ એ પ્રગટ ચૈતન્યઘન છે ને? પણ એને કર્મની ઉપાધિના ભાવના પ્રેમમાં મરણતુલ્ય થઈ રહ્યો છે. '**મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' એટલે કે ચૈતન્યઘન નથી અને રાગ જ હું છું, પુણ્ય જ હું છું. એ કારણે મરણતુલ્ય થઈ રહ્યો હતો. આહાહા..! ભાષા તો છે. આહાહા..! '**જીવદ્રવ્ય પ્રગટ જ છે,...**' વસ્તુ તો વસ્તુ પદાર્થ તત્ત્વ છે કે નહિ? અને તત્ત્વ છે તો એનો સ્વભાવ પણ અવિનાશી તત્ત્વ જેમ આત્મા અવિનાશી, તો જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ પણ અવિનાશી છે, પ્રગટ છે, અસ્તિપણે છે. આહાહા..! છતાં કર્મના સંયોગના પ્રેમમાં એ મરણતુલ્ય થઈ ગયો હતો. આહાહા..! '**મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' આહાહા..! જાણે ચૈતન્ય કોઈ ચીજ જ નથી. બસ, આ દયા, દાન, વ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભક્તિ, કામ, ક્રોધ, પરિણામ એમાં લાગી ગયો, ચોંટી ગયો. આહાહા..! વ્યવહાર કરો. વ્યવહાર કરતા કરતા (કલ્યાણ થઈ જશે). વ્યવહારમાં તો મરણતુલ્ય થઈ રહ્યો હતો. વ્યવહારના રાગના પ્રેમમાં મરણતુલ્ય થઈ રહ્યો હતો. આહાહા..! કેટલું સ્પષ્ટ!

'શ્રીમદ્' કહે છે, 'દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે.' તીવ્ર વચનો. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. આવી વાત સંતો જાહેર કરે છે... આહાહા..! કે એ સર્વજ્ઞે કહેલું તે અમે કહીએ છીએ. જેણે ત્રણકાળ, ત્રણલોક ભગવાને પ્રત્યક્ષ જોયા. અરિહંત સર્વજ્ઞ જિનેશ્વરદેવ. આહાહા..! એમણે એમ કહ્યું, કે તારી ચીજ તો પ્રગટ વસ્તુ અંદર છે, અસ્તિ છે. પણ કર્મના ઉપાધિના ભાવમાં મરણતુલ્ય થઈ રહ્યો છે. મરી ગયો એટલે નથી જાણે. આહાહા..! વસ્તુ જે ચૈતન્યઘન વસ્તુ છે એ કાંઈ જાણે છે જ નહિ. એ રાગ દયા, દાન, વ્રતના ભાવના પ્રેમમાં એની આડમાં એ ચીજ જ જાણે નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! મરણતુલ્ય થઈ રહ્યો હતો. '**મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...**' એમ. એટલે જાણે નથી. આહાહા..!

મૂળ ચીજ જે અસ્તિ ત્રિકાળી છે એ જ અસ્તિ છે. પર્યાય અને રાગની અસ્તિ છે તો એ ક્ષણિક છે. એ ક્ષણિક અવસ્થાની રુચિના પ્રેમમાં ભગવાન ત્રિકાળી મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો. આહાહા..! કહો, આવી વાત ભગવાનની છે. સાંભળી છે? ક્યાંય છે? આહાહા..! સંતો, દિગંબર મુનિઓ કહે છે, કે આ તત્ત્વને તો સર્વજ્ઞે જોયું છે ને બધું? કે તારું તત્ત્વ અંદર ચૈતન્ય વસ્તુ છે, વસ્તુ છે, આખી ચૈતન્યઘન વસ્તુ છે. એ કર્મના નિમિત્તના ઉપાધિના પ્રેમમાં અથવા કર્મની ઉપાધિ રાગાદિના અસ્તિત્વમાં, એનું અસ્તિત્વ સ્વીકાર્યું. આ મરણતુલ્ય થઈ ગયું કે આ નથી જ જાણે. આહાહા..! રાગના પ્રેમમાં, રાગની રુચિમાં આ વસ્તુ જ જાણે નથી. આહાહા..! વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... પણ નિશ્ચય વિના વ્યવહાર હોય જ નહિ. વ્યવહાર તો આંધળો છે. એ ચૈતન્ય જાગે ત્યારે રાગ થાય એને વ્યવહાર કહે છે. આ તો એકલા રાગના પ્રેમમાં, કર્મની ઉપાધિના સંયોગમાં ચૈતન્ય ભગવાન ઢંકાઈ ગયો હતો, મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો. આહાહા..! છે? ભાષા તો એમ છે. આ શ્લોક.

'**કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું; તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...**' આહાહા..! શું કહે છે? કે પરમગુરુ તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર, એનાથી આત્મા અને રાગ શું છે એ ભિન્ન કહેનાર તો એ જ છે. એને સાંભળતા ભિન્ન જણાય છે અને ભ્રાંતિ મટે છે. આહાહા..! દયા, દાન, વ્રત, તપ આદિનો ભાવ કરતા કરતા અંદર આત્મા પ્રાપ્ત થશે એ આત્માને એણે મરણને પ્રાપ્ત કર્યો. એ ભ્રાંતિ વીતરાગના વચન, સર્વજ્ઞના વચનમાં એમ આવ્યું છે એમ કહે છે, કે રાગથી ભિન્ન ચીજ છે. રાગથી તારી ચીજ પ્રાપ્ત નહિ થાય. આહાહા..! તીર્થંકરના વચન આ છે. આહાહા..! જે કર્મસંયોગથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો. તો ભગવાનની વાણી એવી આવી કે સંયોગીભાવથી તને આત્મા પ્રાપ્ત નહીં થાય. આહાહા..! તારો સ્વભાવભાવ છે એ સ્વભાવભાવથી પ્રાપ્ત થશે. આહાહા..! સમજાણું કાંઈ?

'અલિંગગ્રહણ'માં ઇ કહ્યું છે, ઇન્દ્રિયથી આત્મા નથી જણાતો. ઇન્દ્રિયથી આત્મા જાણતો જ નથી. આહાહા..! ભગવાનઆત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય જ નથી. અને બીજા અનુમાનથી તેને જાણી શકે એવી એ ચીજ નથી. અને પોતાનો આત્મા પણ બીજાને અનુમાનથી જણાય એમ પણ નથી. આહાહા..! ત્યારે કહ્યું, ૬ઠો બોલ છે. પોતાના સ્વભાવથી જાણવામાં આવે એવો પ્રત્યક્ષ જ્ઞાતા આત્મા છે. આહાહા..! એ 'પ્રવચનસાર'. ભગવાનની દિવ્યધ્વનિ. એનો સાર 'પ્રવચનસાર' ભગવાન 'કુંદકુંદાચાર્યે' બનાવ્યું. 'પ્રવચનસાર' છે જુઓ ઓલી બાજુ. અહીં 'સમયસાર' છે. 'કુંદકુંદાચાર્ય'ની આગળ 'સમયસાર' ઓલું 'પ્રવચનસાર'. પ્ર-વચન એટલે દિવ્યધ્વનિનો સાર. ભગવાનની વાણીમાં એ આવ્યું. આહાહા..!

**'તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...'** તો ઉપદેશ કેવો છે? એનો અર્થ આવ્યો ને? કે રાગ અને વ્યવહારથી તારી ચીજ ભિન્ન છે. એવો તીર્થંકરનો ઉપદેશ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'તે ભ્રાન્તિ પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં મટે છે,...'** કેમકે ભગવાનનો ઉપદેશ આ છે, કર્મઉપાધિના ભાવથી તારી ચીજ નથી. તારી ચીજ તો ઉપાધિથી રહિત છે. રાગની રુચિ છોડીને સ્વભાવની દૃષ્ટિ કર તો તને પ્રતીત થશે. તો તને પ્રત્યક્ષ અનુભવ થશે. આહાહા..! વીતરાગની વાણી આ છે. જે વાણી રાગથી લાભ મનાવે એ વીતરાગની વાણી નથી એમ કહે છે. કેમકે આ ભ્રાંતિ પરમેશ્વરની વાણીથી (મટે છે). તો વાણીમાં આ આવ્યું. આહાહા..! રાગાદિ ઉત્પન્ન થાય છે એ ઉપાધિ છે, જડની દશા છે, એ ચૈતન્યની દશા નથી. એનાથી ભિન્ન ચૈતન્યપ્રભુ પ્રગટ પડ્યો છે. વીતરાગસ્વભાવ છે એવા વીતરાગભાવથી એ પ્રગટે છે. રાગથી પ્રગટતો નથી. સમજાણું કાંઈ? હવે એક કલાકની વાત. અરે..! ધર્મ, બાપુ! જિનેશ્વરદેવનો ધર્મ એ તે શું ચીજ છે? દુનિયામાં ક્યાંય છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવે જો જોયું અને એમણે કહ્યું.

શું કહ્યું? એમ જ આવ્યું ને? કે **'ઉપદેશ સાંભળતાં મટે છે,...'** ત્યારે ઉપદેશમાં શું આવ્યું? કે રાગાદિ જે વ્યવહાર છે એ કર્મની ઉપાધિ છે. એમાં તારો આત્મા નથી અને એનાથી તારો આત્મા જણાતો જ નથી. આહાહા..! એવો તો ઉપદેશ આવ્યો, ત્યારે રાગની ભ્રાંતિ ટળી. સમજાણું કાંઈ? આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરવાથી તારું કલ્યાણ થશે. આત્મા જણાશે. એવો તો ઉપદેશ છે નહિ. ભગવાન એમ કહે છે. એ ઉપાધિથી રહિત આત્મા અંદર પડ્યો છે. એને અંદરમાં જાણ તો પ્રાપ્ત થશે. વીતરાગભાવથી આત્માને જાણ તો પ્રાપ્તિ થશે. રાગથી જાણવાથી આત્માની પ્રાપ્તિ નહિ થાય. સમજાણું કાંઈ? ઉપાધિથી નિરુપાધિ તત્ત્વ ખ્યાલમાં આવે? એ તો ઉપાધિ છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ ફરી ગયું. અત્યારે પ્રરૂપણા ફરી ગઈ. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ, એના ઉપદેશથી આ ભ્રાંતિ મટી જાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું? ઉપદેશમાં એ આવ્યું, કે રાગાદિ બધા કર્મપિંડ છે, તારો ચૈતન્ય આનંદપિંડ, જ્ઞાનપિંડ છે. આહાહા..! તો રાગનું લક્ષ છોડીને ત્રિકાળ આનંદનું લક્ષ કરવાથી તારી પર્યાયમાં વીતરાગતા ઉત્પન્ન થશે. એનાથી ભ્રાંતિનો નાશ થશે. સમજાણું કાંઈ? રાગ હું છું. એ રાગથી લાભ થશે એવી ભ્રાંતિ... આહાહા..! એ ઉપાધિથી ભિન્ન ભગવાન, એનો અનુભવ કર એમ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું. તો એ અનુભવથી ભ્રાંતિનો નાશ થશે. ઓહો...! આત્મા તો ચૈતન્યપ્રકાશનું પૂર છે. એમાં તો રાગ નથી. રાગ નથી તો રાગથી લાભ થાય એમ છે નહિ. આહાહા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે, કઠણ પડે. હાય.. હાય.. આ તો વ્યવહારનો લોપ થતો જાય છે. ભગવાને એમ કહ્યું છે, કે વ્યવહાર એ બધી ઉપાધિ છે. એનાથી ભિન્ન તારી ચીજ છે. આ તો તારી ચીજ તારા સ્વભાવથી પ્રાપ્ત થાય છે. રાગથી પ્રાપ્ત થતી નથી. એવો તો ભગવાનનો ઉપદેશ છે. આહાહા..!

એ **'કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે.'** જુઓ! ભગવાનની વાણી સાંભળતા ભ્રાંતિ મટે છે અને **'કર્મસંયોગથી ભિન્ન...'** એટલે રાગથી ભિન્ન **'શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** ભગવાન એને સમ્યગ્દર્શન કહે છે. અહીં તો એને ખબર પણ નહિ કે ધર્મ એટલે શું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવતત્ત્વની ભેદથી શ્રદ્ધા કરો એ સમકિત છે. એમ છે જ નહિ. વીતરાગે એમ કહ્યું નથી. આહાહા..! **'કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યક્ત્વ છે. કેવો છે બોધ?'** એ વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ વદ ૯, શનિવાર તા.૦૯.૦૭.૧૯૭૭**

**કળશ - ૨૮-૨૯, પ્રવચન - ૩૫**

'કળશ ટીકા' જીવ અધિકાર. ૨૮માં કળશમાં છેલ્લે.

**'જેમ ઢાંકેલો નિધિ...'** ભાઈને બતાવો. એકવાર ત્યાં મેડી ઉપર ગયા હતા. મેડી ઉપર હતા ને? ત્યાં ગયા હતા. આ જરી ઝીણી વાત છે. **'જેમ ઢાંકેલો નિધિ...'** ઢાંકેલો નિધિ. **'પ્રગટ કરવામાં આવે છે...'** નિધિ તો છે જ પણ ઢાંકેલો છે એ પ્રગટ કરવામાં આવે છે. **'તેમ જીવદ્રવ્ય પ્રગટ જ છે,...'** ભગવાન જીવદ્રવ્ય વસ્તુ પરમપારિણામિક સ્વભાવભાવ, સહજસ્વભાવ નિજ પારિણામિકભાવ લક્ષણ જેનું એવું નિજ પરમાત્મદ્રવ્ય પ્રગટ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ ભગવાનઆત્મા છે, અનાદિ છે, અનંતકાળ રહેનાર છે અને એ ચીજ ધ્રુવ તરીકે પ્રગટ જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પરંતુ કર્મસંયોગથી...'** કર્મના બે પ્રકાર : ભાવઘાતિ, દ્રવ્યઘાતિ. ભાવઘાતિ પર્યાય અંદર પોતાની, પર્યાયમાં હીણાપણે પોતાને માનવો, રાગવાળો માનવો, કે એક સમયની પર્યાય જેટલો માનવો. એ માન્યતાથી ઢંકાઈ ગયેલો છે. આહાહા..! ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ છે અને તે જ્ઞાન અને આનંદનો કંદ છે. આહાહા..! એ વસ્તુ છે. પણ ભાવકર્મ એટલે કે પર્યાયમાં એક સમયની દશા, એના ઉત્સાહમાં, એની પ્રસન્નતામાં કે રાગ તે હું અથવા તે સંયોગી ચીજમાં પોતાને પ્રસન્નતાની શ્રદ્ધા થવી, એથી ઢંકાઈ ગયો છે. આહાહા..! આત્મા સિવાય સંયોગી ચીજ જે છે આ શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એ તો પરવસ્તુ છે. પરવસ્તુમાં વીર્યનું ઉલ્લસીત થઈને પ્રસન્નતા દેખાવી એ પ્રસન્નતાના ઉત્સાહમાં ભગવાન ઢંકાઈ ગયો છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! ભાવકર્મથી, હોં! જડકર્મ તો નિમિત્ત છે. એ કાંઈ... આહાહા..!

પ્રગટ ચૈતન્યમૂર્તિ પારિણામિક સ્વભાવભાવ સહજ અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતસ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓનો સંગ્રહાલય ગોદામ, પ્રભુ! વસ્તુ છે, પ્રગટ છે પણ ભાવકર્મને લઈને ઢાંકી દીધી. એનું અસ્તિત્વ જેવડું છે એવડું એ રીતે ન માનતા એને દયા, દાન, વ્રતના વિકલ્પો તે હું અને તેમાંથી મને લાભ થાય, એવી વિકારની વૃત્તિએ તેને ઢાંકી દીધો છે. આહાહા..! બહુ ઝીણી વાત છે, બાપુ! સમજાણું કાંઈ?

પોતા સિવાય કોઈપણ ચીજ. શુભભાવ કે અશુભભાવ કે કર્મના ફળ તરીકે મળેલી શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એમાં ક્યાંય એને પ્રસન્નતા વર્તે કે આ ઠીક છે, એવી દૃષ્ટિએ એને ઢાંકી દીધો છે. 'દેવીલાલજી'! આહાહા..! પ્રસન્નતા તો અંતરમાં આનંદ છે પ્રભુ તો. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. પણ એને મૂકીને કાંઈક બીજામાં ઠીક છે. ઉલ્લસિત વીર્ય થઈને કાંઈક બીજામાં મજા છે. સ્ત્રીમાં, કુટુંબમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, શુભભાવમાં, અશુભભાવમાં... આહાહા..! એવી દૃષ્ટિએ ભાવકર્મથી એ ઢંકાઈ ગયો. સમજાય છે કાંઈ?

**'પરંતુ કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'** આહાહા..! શું કહે છે? છતી ચીજ છે, એને બીજી ચીજની પ્રસન્નતા અને ઉલ્લસિતમાં એ નથી એમ મરણતુલ્ય થઈ ગયું હતું. આહાહા..! ન્યાય સમજાય છે. આહાહા..! **'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'** એટલે કે એ નથી. આહાહા..! પરમાત્મસ્વરૂપ, નિજ પરમાત્મસ્વરૂપ ત્રિકાળ. આ રાગ હું, પુણ્ય હું, એના ફળ હું એવી પર તરફની દૃષ્ટિએ પોતે છે તેનો નકાર થઈને મરણતુલ્ય થઈ ગયો હતો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'** આહાહા..! જીવતી જ્યોત ભગવાનઆત્મા પરમપારિણામિકભાવ લક્ષણ જેનું, એવી જે નિજ પરમાત્મદ્રવ્ય વસ્તુ, પોતે પરમાત્મવસ્તુ છે. અરે..! કેમ બેસે? એ ચીજને પરની હોંશમાં, પરમાં મજા એવી દૃષ્ટિએ તેને ઢાંકી દીધું, મરણતુલ્ય કરી નાખ્યું. આહાહા..! કહો, 'રતિભાઈ'! આહાહા..! **'મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હવે કહે છે. આહાહા..! આત્મા સિવાય ક્યાંય પણ સુખબુદ્ધિ ઉત્પન્ન થાય એ આત્માને એણે મારી નાખ્યો. આનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ, એનો સ્વીકાર ન કરતા પરમાં આનંદ છે એમ સ્વીકારમાં આનંદની મૂર્તિ તેને મરણ પ્રાપ્ત કરી નાખ્યું. તું નથી. આ હું છું. આહાહા..! શરીરની નિરોગતામાં પ્રસન્નતા, એ પ્રસન્નતાએ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત વસ્તુ છે એનું એણે મરણ કરી નાખ્યું. તું નહિ. આ હું. 'મહાસુખભાઈ'! અહીં તો આવી ચીજ છે, બાપુ! આહાહા..!

**'તે ભ્રાન્તિ...'** હવે કેમ ટળે એ કહે છે. આહાહા..! **'પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ...'** સર્વજ્ઞ પરમાત્મા. જેનો સ્વભાવ સર્વજ્ઞ છે જ. અંદર શક્તિરૂપે પ્રગટ છે, પણ જેણે પર્યાયમાં સર્વજ્ઞપણું પરમાત્માએ પ્રગટ કર્યું, એવા શ્રી તીર્થંકરદેવ, એનો **'ઉપદેશ સાંભળતાં મટે છે,...'** એનો અર્થ એ થયો, કે ભગવાનના ઉપદેશમાં એ આવે છે, કે તું પરમ સ્વભાવભાવ નિજ પરમાત્મ દ્રવ્ય છો. તેની હયાતીમાં તું જા. પરની હયાતીમાંથી ખસી જા. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યપ્રભુની મહાસત્તા, એવી મહાસત્તાનો આશ્રય લે, ત્યાં નજર કર. તો તને મહાસત્તા ચૈતન્ય જેવડો જીવ છે એવો તને પ્રતીતમાં આવશે. તેથી ભ્રાંતિ ટળી જશે. આહાહા..! આવું કામ. સાંભળવું કઠણ પડે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આ બધા રૂપિયા કરતા આ બધું (જુદી જાતનું છે). ઝવેરી છે, ઓળખો છો ને? કહો, સમજાણું કાંઈ? આહાહા..!

ઝવેરી તો એને કહીએ કે ચૈતન્ય ભગવાન પૂર્ણ સ્વરૂપ છે તેની પરીક્ષા કરીને અનુભવ કરે એ ઝવેરી છે. બાકી બધા ભીખારા છે. એ જાણ્યું છે ને? ભીખારા. એને ઓળખે છે. મેડીમાં એકવાર એના ઘરે ગયા હતા. આહાહા..! કહો, 'રતિભાઈ'! આહાહા..! જેને પરમાં રતિ આવી એણે પોતાનું મરણ કરી નાખ્યું એમ કહે છે. પોતે જાગતી જ્યોત ચૈતન્યપ્રભુ અંદર છે. સચ્ચિદાનંદ સત્ શાશ્વત. વસ્તુ છે એ શાશ્વત છે. એ કાંઈ કોઈએ કરેલી છે? એ નવી થઈ છે? અનાદિ અવિનાશી વસ્તુ શાશ્વત છે. આહાહા..! એવી અવિનાશી ચીજ, એને નાશવાનના પ્રેમમાં મારી નાખી એણે, આવું નહિ.. આ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં પર તરફનું થોડુઘણું જાણપણું થાય, એટલામાં પણ જેને સંતોષ માને છે એણે જીવને મારી નાખ્યો છે. 'દેવીલાલજી'! આહાહા..!

પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! પૂર્ણમિદં. આહાહા..! એનું સ્વરૂપ તો ભગવાનઆત્માનું પૂર્ણ અનંત આનંદ આદિ પૂર્ણ સ્વરૂપ છે. એને અપૂર્ણ અને વિકૃતદશા અને વિકૃતદશાના ફળ તરીકે બંધન અને બંધન તરીકેના ફળ તરીકે સંયોગ. એ કોઈપણ ચીજમાં જરી પણ એને... આહાહા..! સુખબુદ્ધિ ઉત્પન્ન થાય, પ્રસન્નતાના પ્યાલા એને અંદર પરમાં ભાસે. આહાહા..! એ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એની એણે હિંસા કરી, એણે મરણતુલ્ય કરી નાખ્યો. આહાહા..! 'રાજમલ' ટીકા કરે છે. ગૃહસ્થ છે. આહાહા..!

તે ભ્રાન્તિ પરમગુરુ તીર્થંકર ત્રિલોકનાથ, જેને સર્વજ્ઞપણું પ્રગટ થઈ ગયું છે. એની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વાણી કીધીને? ઉપદેશ. તેનો અર્થ એ થયો કે એના ઉપદેશમાં એ આવ્યું, કે તું પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છો ત્યાં દૃષ્ટિ કર, એનો આશ્રય લે. આહાહા..! તને વીતરાગતા પ્રગટ થશે, તને પરમ આનંદનો સ્વાદ આવશે. આહાહા..! આ જે પર તરફની પ્રસન્નતાનો સ્વાદ છે એ રાગ-દ્વેષનો સ્વાદ છે, એ ઝેરીલો સ્વાદ છે. આહાહા..! પર તરફના અનુકૂળતા-પ્રતિકૂળતાના પ્રસંગમાં એને ઠીક-અઠીક વૃત્તિ ઉઠે, એવી જે રાગ-દ્વેષની.. ઠીક એટલે રાગ અને અઠીક એટલે દ્વેષ, એવી વૃત્તિના સ્વાદને અનાદિથી સ્વાદી રહ્યો છે. આહાહા..! એણે કોઈ દિ' આત્માનો સ્વાદ શું છે... સ્વાદ એટલે એનો અનુભવ. આહાહા..! એવું એણે રુચિપૂર્વક સાંભળ્યું નથી. શ્રુતપરિચિત. આહાહા..! આમ તો અગિયાર અંગ અને નવ પૂર્વ ભણી ગયો. આહાહા..! પણ એ જે ભણવાનું હતું એ ભણ્યો નહિ. ભગવાન અંદર પૂર્ણાનંદ પૂર્ણમિદં સ્વરૂપ છે એનો એને વિશ્વાસ આવ્યો નહિ. આહાહા..! બહારમાં વિશ્વાસ આવે. તાવ આવ્યો હોય અને ક્વિનાઈન લે. હવે એ શું કર્યું એની ખબર નહિ. પણ એને એનો વિશ્વાસ કે આ ક્વિનાઈનથી તાવ મટી જશે.

મુમુક્ષુ :– એ તો અનુભવ...

ઉત્તર :– અનુભવ કીધું. એ ધૂળમાં. ક્વિનાઈન લઈને મરી પણ જાય છે. આહાહા..! એ ભાઈ આવ્યા નથી. નહિ? 'જવાહરભાઈ'. આવ્યા? ઠીક. એને તાવ આકરો આવી ગયો હતો. સાડા પાંચ-છ. આહાહા..! આઠ-આઠ ડિગ્રી તાવ આવે છે ને? એ તો જડની દશા છે. પણ એના અણગમામાં, અપ્રિય લાગે, અણગમો લાગે. એમાં રોકાઈને ભગવાનને ભૂલી ગયો. અનુકૂળતાના પ્રેમમાં રોકાઈને ભગવાનને ભૂલ્યો, પ્રતિકૂળતામાં દ્વેષ કરીને ભગવાનને ભૂલી ગયો છે. આહાહા..! 'મહાસુખભાઈ'! આવી વાતું છે, ભગવાન! આહાહા..! એને મરણને પ્રાપ્ત (કર્યો છે). વાત ગજબ કરી છે ને.

એ ભગવાનની વાણીનો ઉપદેશ. અહીં પાછું કહેવું છે એ કે વીતરાગનો ઉપદેશ સાંભળતા ભ્રાંતિ ટળે ત્યારે એ ઉપદેશ કેવો હોય? એ સર્વજ્ઞ કેવા હોય અને એનો ઉપદેશ કેવો હોય? બે વાત સિદ્ધ થાય છે. આહાહા..! એ સર્વજ્ઞ હોય છે, તેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન હોય તે પરમાત્મા, એ સર્વજ્ઞ તીર્થંકર. એનો ઉપદેશ કેવો હોય છે એ કહે છે. આહાહા..! પરની અલ્પજ્ઞતા રાગના ફળમાં જે રોકાઈ ગયો છે તેને એ છોડાવે છે. અને જે અહીંથી ખસી ગયો છે ત્યાં લઈ જાય છે.

બીજી રીતે કહીએ તો ચારે અનુયોગના ઉપદેશનો સાર તો વીતરાગતા છે. 'પંચાસ્તિકાય'ની ૧૭૨ ગાથા. વીતરાગતા. વીતરાગતા ક્યારે આવે? ક્યારે થાય? આહાહા..! કેમકે રાગ અને પુણ્ય–પાપના ભાવમાં તો પ્રેમથી ફસાઈને ઝેરના સ્વાદ લઈ રહ્યો છે એ. હવે એ સ્વાદ ક્યારે છૂટે? આહાહા..! કે ભગવાનઆત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે એની સન્મુખ થાય ત્યારે આનંદનો સ્વાદ આવે ત્યારે ભ્રાંતિ ટળી જાય. એટલે ભગવાનના ઉપદેશમાં અંતરના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપનો સ્વાદ લેવો એ એનો ઉપદેશ છે. આહાહા..! આવી વાતું હવે. સમજાણું કાંઈ?

એ **'પરમગુરુ શ્રી તીર્થંકરનો ઉપદેશ સાંભળતાં...'** એનો અર્થ એ થયો કે ભગવાનના ઉપદેશમાં એ આવ્યું, કે ત્રિકાળ પરમ સ્વભાવભાવ છે, એનો આશ્રય લે, તેની તરફ નજર કર, એ નિધાનને નિહાળ. આહાહા..! ભગવાન આનંદનો નાથ નિધાન, એને નિહાળ અને આ જોવું બંધ કરી દે. આ બધા ચારેય અનુયોગનું આ (તાત્પર્ય છે). લોકો રાડ પાડેને કે દ્રવ્યાનુયોગમાં ફલાણું છે અને ચરણાનુયોગમાં ફલાણું છે. બાપુ! બધે છે. સાંભળને.

**'ઉપદેશ સાંભળતા મટે છે.'** આહાહા..! કેમકે એના ઉપદેશમાં સંયોગીભાવ અને સંયોગ તરફનું લક્ષ છોડાવે છે અને અસંયોગી સહજ સ્વભાવ છે, તેની દૃષ્ટિ કરાવે છે. આહાહા..! આ એના ઉપદેશનો આ સાર છે. એમાંથી બીજું કાઢે તો એ ઉપદેશને સમજ્યો નથી. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ એની વાણીમાં આ આવ્યું, કે સ્વના વલણમાં જા, પર વલણ છોડી દે. આ તમારે વલણ નથી કરતા ધંધામાં? સટ્ટામાં. વલણ-વલણ કરે છે ને? અમારે 'પાલેજ'માં બહુ વલણ થાતું હતું. વલણ ચૂકવ્યું. અમારે 'ફાવાભાઈ' ને નુકસાન થયું હતું. પૈસા નહોતા પછી 'કુંવરજીભાઈ'એ સોળ હજાર આપીને ચુકવ્યું. નહિતર ઓલું નામ કાઢી નાખેને? ભાઈ! તારે .. અમે અહીંયાં આવ્યા છીએ. અને તારું નામ નીકળી જાય. સોળ હજારનું વલણ ચૂકવ્યું. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. એ વખતે એ નહોતું અને અત્યારે એના છોકરા પાસે સીત્તેર લાખ રૂપિયા. 'સુરત' 'મનહર'. આહાહા..! એ તો બધા પુણ્ય-પાપના બહારના ખેલ છે, એ કાંઈ તું નહિ. એમાં તું નહિ અને તારામાં એ નહિ. આહાહા..! તારામાં તો પરિપૂર્ણ આનંદ અને પરિપૂર્ણ જ્ઞાન ભર્યા છે. ભગવાનનો ઉપદેશ તો ત્યાં લઈ જવા માગે છે. આહાહા..! હવે એને મૂળની વાતની ખબર ન મળે અને પછી લઈ લીધા વ્રત કર્યા, તપસ્યા કરી, આ કરી. બધી લાંઘણું છે.

મૂળ ભગવાનઆત્માનો સ્વભાવ... આહાહા..! પૂર્ણ છે. **'भूदत्थमस्सिदो खलु...'** 'સમયસાર'ની ૧૧મી ગાથા. આહાહા..! સત્યાર્થ વસ્તુ છે, પ્રભુ ત્રિકાળ સત્યાર્થ છે, ભૂતાર્થ છે, છતી ચીજ છે, ધ્રુવ છે. આહાહા..! એનો આશ્રય લે, એને શરણે જા. તને ભ્રાંતિ નહિ રહે કે હું રાગવાળો છું, અલ્પજ્ઞ છું એવી પ્રસન્નતા નહિ રહે અને સ્વભાવની પ્રસન્નતા આવશે. આહાહા..! કહો, 'શુકનલાલજી'! આવી વાત છે. એટલે લોકોને બિચારાને એવું લાગે છે ને કે 'સોનગઢવાળા'એ નવો ધર્મ કાઢ્યો છે. નવો નથી, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! અનાદિનો માર્ગ તો આ છે, ભાઈ! તને સાંભળવા ન મળ્યો એ માટે તું નવો કહે એમ ન ચાલે. આહાહા..!

અનાદિ પરમાત્મા (છે). ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો વિરહ ન હોય. બધી ત્રિકાળી વસ્તુ છે, એને કોઈ કાળમાં ત્રિકાળને જાણનારનો અભાવ હોય, ભૂતમાં, વર્તમાનમાં... (એમ ન હોય). અનાદિથી ત્રિકાળી વસ્તુ અને અનાદિથી ત્રિકાળના જાણનારા સર્વજ્ઞો અનાદિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આહાહા..! તો એ ત્રિકાળમાં સર્વજ્ઞની વાણીમાં આ આવ્યું છે. ત્રણે કાળના તીર્થંકરો, કેવળીઓ પરમાત્મા. આહાહા..! પ્રભુ! તું પ્રભુ છો, ભગવાન છો. તેં પામરતા માની છે એમાં પ્રભુતાને રખડાવી છે. પ્રભુતાની રઝળી નાખી છે. આહાહા..! કહો, 'રસિકભાઈ'! આવો ઉપદેશ! આ શું હશે? દયા પાળવાનું કહે, ભગવાનની ભક્તિ, દાન કરવાનું કહે. પાંચ-પચ્ચીસ લાખ દેવા હોય તો દ્યો. ધૂળમાં પણ નથી. પાંચ લાખ શું તારા અબજો રૂપિયા દે તો પણ એ તો જડ છે. એને લઈને ધર્મ ક્યાં હતો? એને લઈને પુણ્યેય ક્યાં હતું? એ તો રાગ મંદ કરે તો પુણ્ય થાય. અને એ પુણ્ય એ કાંઈ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'સાંભળતા મટે છે, કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે.'** લ્યો. આહાહા..! ભગવાન અંદર નિર્વિકલ્પ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ. નિર્વિકલ્પ એટલે? વીતરાગી સ્વરૂપ ભગવાનઆત્મા તો છે. એને આ કર્મસંયોગના જેટલા વિકલ્પો છે, એ મટે છે. છે ને? **'કર્મસંયોગથી ભિન્ન શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ થાય છે.'** આહાહા..! પર તરફની દિશાના દશાના ભાવ. પર તરફની દિશાના દશાના ભાવ એ સ્વ તરફની દિશાના ભાવ વડે નાશ થાય છે. અરે..રે..! આવી વાત કેવી? શું છે આ? બાપુ! તારા મારગડા જુદા, નાથ! આહાહા..! હવે ઓલા રાડુ પાડે છે. એ આ વ્યવહાર કરો, દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, મંદિર બનાવો. એમાંથી તમારું કલ્યાણ થશે. બાપુ! એ મારગડા જુદા, નાથ! આહાહા..!

અહીં તો વીતરાગનો આ ઉપદેશ છે, કે કર્મસંયોગથી ભિન્ન ભગવાનઆત્મા, એ જીવનું સ્વરૂપ... આહાહા..! ભગવાનનું સ્વ રૂપ. સ્વ–પોતાનું રૂપ જે અનંતઆનંદ અને જ્ઞાનસ્વરૂપ એનું છે. તે અનુભવમાં, પર્યાયમાં આવે, ત્યારે એને અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન છે. સચ્ચિદાનંદ પ્રભુ છે. એનો એને પર્યાયમાં, વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એને અહીંયાં અનુભવ કહે છે. આહાહા..! એને અહીંયાં ધર્મ કહે છે. આહાહા..!

**'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** એ સત્ય છે એમ કહે છે. કારણ કે વસ્તુ પરમસત્ય છે તેને પરમસત્યની દૃષ્ટિએ સ્વીકારી તે સમ્યગ્દર્શન છે–સાચું દર્શન, સાચી પ્રતીત છે. જેવો પૂર્ણ પરમાત્મસ્વરૂપ એ ભગવાન પૂર્ણમિદં. એને એ રીતે, પૂર્ણ રીતે સત્યને સત્યની પ્રતીતમાં સ્વીકાર્યો, તો એ સમ્યગ્દર્શન છે. એ સમ્યક્ એટલે સત્યદર્શન છે. સત્ય ભગવાન પૂર્ણાનંદના પ્રતીતમાં દર્શન થયા એને સત્યદર્શન થયું. આહાહા..! આવી વાત લ્યો. કીધું ને? એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે સમ્યક્ છે. હવે આ સમ્યક્‌ની તો ખબર ન મળે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કરો, નવતત્ત્વની શ્રદ્ધા કરો. ભેદવાળી, હોં! સમજાણું કાંઈ? આહાહા..! બાપુ! એ નહિ, ભાઈ! આ રીત જુદી છે.

જેનો આત્મા અંતર અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ ભગવાન છે, એની સન્મુખ થતાં સંયોગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ચીજથી લક્ષને હટાવી અને દયા, દાનના વિકલ્પો જે રાગ છે તેનાથી લક્ષ હટાવી, અને તેને રાગને જાણનાર વર્તમાન પ્રગટ જ્ઞાનની પર્યાય અવસ્થા છે, તેનું પણ લક્ષ હટાવી... આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જ્યાં બિરાજે છે પોતે. અરે..! કોઈ દિ' ખબર નથી. આહા..! ત્યાં નજર કર તને સ્વાદ આવશે. તને રાગનો, ક્લેશનો સ્વાદ છૂટી જશે. આહાહા..! આવો ધર્મ! ભાઈ! આવું તો અમે કોઈ દિ' ક્યાંય સાંભળ્યું નહોતું. બાપુ! આ જ સાંભળ. માર્ગ તો આ છે, નાથ! આહાહા..! તારી મોટપને ભૂલી તેં બીજાને મોટપ આપી એમાં મારી નાખ્યો તને. આહાહા..! કાં પૈસાવાળા, કાં આબરૂવાળા, કાં લક્ષ્મીવાળા, કાં શરીરવાળા, કાં કુટુંબવાળા મોટા. દીકરાઓ દસ છે અને એક એક દીકરો બે-બે લાખની પેદાશ કરે છે. એવી મોટપમાં આત્માને મારી નાખ્યો. આહાહા..! અરે..! તારી મોટપ આગળ બીજી બધી પામરતા છે. એની મોટપની જેને સૂઝ પડી એની પામરતાનો નાશ થઈ જશે. એને બીજે ક્યાંય પોતાની મોટપ સૂઝશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'આવો અનુભવ સમ્યક્ત્વ છે.'** આહાહા..! અરે..! હજી સમ્યક્‌ના ઠેકાણા ન મળે ને સાધુ થઈ ગયા, બાવા થઈ ગયા. એવા તો અનંત વાર થયા. એમાં તો ધૂળમાં પણ ક્યાંય નથી. આહાહા..! જ્યાં લગી આત્મા... નો કીધું? 'નરસિંહ મહેતા'એ કહ્યું છે. 'જ્યાં લગી આત્મા તત્ત્વચિહ્નો નહિ, ત્યાં લગી સાધના...' 'શું કર્યું તપ ને તીર્થ કરવા થકી...' એ બધી ભક્તિ પુણ્યભાવ છે. ધર્મ નથી. આહાહા..! ભગવાનઆત્મા સર્વજ્ઞ કહે છે એ. એ વાત આવી હતી ને? 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ...' સર્વજ્ઞ પરમાત્માને કહે છે, પ્રભુ! 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ. નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ સર્વજ્ઞ પરમાત્મા! અમારી નિજસત્તા, નિજ હોવાપણું છે એને આપ શુદ્ધપણે સત્તાને ભાળો છો. અમારી શુદ્ધતાની સત્તાને તમે બરાબર એને આત્મા ભાળો છો. આહાહા..! એ જેમ સર્વજ્ઞ નિજ સત્તાની શુદ્ધતાને આત્મા કહે છે અને જાણે છે. એમ જેની નિજસત્તા શુદ્ધ છે. એવું જેણે દેખ્યું અને શ્રદ્ધયું, ત્યારે એને સત્ય સમ્યગ્દર્શન કહેવાય છે. 'મહાસુખભાઈ'! વાણી બીજી છે ને, બાપા! આખી દુનિયાને જાણી છે ને. અહીં તો ૮૮ વર્ષ થયા. આહાહા..! ગર્ભના ૮૮ પૂરા થવા આવ્યા છે. કારણ કે સવા નવ મહિના માતા પેટના એ અહીંનું આયુષ્ય છે ને? એ તો ક્યારે આવ્યો એમ ન ખબર ન હોય એટલે જન્મથી લોકો આયુષ્ય ગણે. બાકી તો માતાના પેટમાં આવ્યો ત્યારથી આનું આયુષ્ય છે. સવા નવ મહિના તો અહીંનું આયુષ્ય છે. આહાહા..! અરે..! આ આત્મા અનાદિનો એને આયુષ્ય કેવા? એને મુદત કેવી? એને કાળ અલ્પ, એ એને કેવો? એ તો શરીરને (છે). આહાહા..!

કહે છે, **'કેવો છે બોધ?'** ઉપદેશ ભગવાનનો. આહાહા..! **'स्वरस' 'જ્ઞાનસ્વભાવનો ઉત્કર્ષ–અતિશય સમર્થપણું તેનાથી પૂજ્ય છે.'** પોતાનો રસ આવ્યો એ. ભગવાને કીધું હતું

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ. કે તું આનંદસ્વરૂપ પ્રભુ! તારો અનુભવ કર. આહાહા..! એ **'स्वरस' 'વળી કેવો છે?'** **'स्वरस'** છે ને? **'स्वरस'** ઓલો રાગ-દ્વેષનો રસ એ પરરસ છે. આહાહા..! એ ઝેરના પ્યાલા પીવે છે. પૈસા દેખી, આબરૂ દેખી, છોકરા સારા દેખીને ખુશી થાય છે એ ઝેરના પ્યાલા પીવે છે. આહાહા..! આ સ્વરસ. ભગવાનઆત્માનો સ્વરસ કેવો છે જ્ઞાનસ્વભાવનો? **'रभस'** **'અતિશય સમર્થ...'** ઉત્કૃષ્ટ છે. આહાહા..! જેના આનંદના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાણીઓના, હજારો કરોડો ઇન્દ્રાણીના વિષયનો ભોગ એ દુઃખરૂપ ઝેર લાગે એવો આ આસ્વાદ આત્માનો છે. આહાહા..! ઉત્કૃષ્ટ છે. ઉત્કૃષ્ટતા એટલે બીજો કાંઈક જઘન્ય હશે ને? આ જ છે. આહાહા..!

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ. પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. જ્ઞાન અને આનંદની મૂર્તિ, પ્રભુ! એનો જે અનુભવનો સ્વાદ એ ઉત્કૃષ્ટ છે. જગતના બધા સ્વાદો હીણા અને વિપરીત છે. આહાહા..! આવી વાત, બાપુ! એણે સાંભળવી અને વિચારવી પડશે. એને અંતરમાં ગોઠવવી પડશે, બાપુ! આ જન્મ-મરણમાં આંખો મીંચીને ચાલ્યો જશે. કોઈ ત્યાં માસીબા નથી બેઠી. આહાહા..! ચોરાશીના અવતાર, ભવસિંધુ. ચોરાશી લાખ યોનિ. એક એક યોનિમાં અનંતવાર ઉપજ્યો. એ મિથ્યા ભ્રમણાને લઈને. અને એ ભ્રમણા જો રહી... આહાહા..! પ્રભુ! એ અવતાર પાછા એના એ. કીડા, કાગડા, કૂતરા, મીંદડા... આહાહા..!

મુમુક્ષુ :– આત્માનો પક્ષ કરવો જઘન્ય કહેવાય?

ઉત્તર :– ના ના આ રસ જ ઉત્કૃષ્ટ છે. એ રસ જ..

મુમુક્ષુ :– આત્માનો પક્ષ કરવો એ જઘન્ય ખરું?

ઉત્તર :– પક્ષ કરવો એ ઠીક છે. પણ મૂળ એ ચીજ નથી. એ તો એ તરફ જરી શ્રદ્ધામાં પક્ષ કરવો, કે હું આવો છું અને આ રીતે અનુભવ કરવો એ ધર્મ છે. એટલું ભલે ન હોય. પણ એ પક્ષ કાંઈ મૂળ ચીજ નથી. એ તો એક વિકલ્પથી પક્ષ છે. એવી ભૂમિકા પહેલી આવે. પણ એ કોઈ મૂળ ચીજ નથી. આહાહા..! આ તો મૂળની વાતું છે, બાપા!

'શ્રીમદે' કહ્યું ને? 'મૂળ મારગ સાંભળો જૈનનો રે.' પરમેશ્વર ત્રિલોકનાથ, એણે મૂળ માર્ગ કહ્યો એ સાંભળ, નાથ! અરે..! તને આવો મનુષ્યદેહ મળ્યો, ફરી ક્યારે મળશે? આ રજકણો વિખાઈ જશે, બાપા! 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત.' રેત જેમ રખડે એમ આ રાખ થઈને ફૂ થઈને ઊડી જશે. તારો આત્મા ક્યાંય રખડવા ચાલ્યો જશે, બાપુ! આહાહા..! આવા કાળે–ટાણે ભવના અભાવ કરવાના મહાત્મ્યના ભવ છે, પ્રભુ! એમ કહે છે. આહાહા..!

ઉત્કૃષ્ટ રસ છે. એ પૂછ્યું હતું. કેવો છે? **'પૂજ્ય છે.'** આહાહા..! એ આત્માનો અતીન્દ્રિય આનંદ, એનો જે અનુભવ એ પૂજ્ય છે. દયા, દાન, મહાવ્રતના વિકલ્પ એ બધા પૂજ્ય નથી. એમ કહે છે. તપસ્યાઓ કરવી, મહિના મહિનાના આ વર્ષી તપ કરવા. કરે છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આપણે આ સ્થાનકવાસી શ્વેતાંબરમાં. એ કોઈ ચીજ નથી, બાપુ! તને ખબર નથી. આહાહા..! નિજ અનુભવ વિના એ બધી લાંઘણ છે. આહાહા..! આ આત્માનો રસ એ પૂજ્ય છે. એ બધી વિકલ્પની ક્રિયા એ પૂજ્ય નથી. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો હશે? બાપુ! માર્ગ આ છે, ભાઈ! તેં સાંભળ્યું ન હોય પણ શું....?

**'પૂજ્ય છે. વળી કેવો છે?' 'प्रस्फुटन्' 'પ્રગટપણે છે.'** આહાહા..! અનુભવ પ્રગટ થયો છે. જેવું ચૈતન્યસ્વરૂપ પૂર્ણ છે, એવું જ પ્રતીતિમાં પૂર્ણ આવી ગયું છે. ભલે એ ચીજ આવી નથી. પણ પ્રતીતમાં, અનુભવમાં એ જ્ઞાનની પર્યાયના અનુભવમાં એ પૂર્ણ છે એ વસ્તુનું જ્ઞાન થઈ ગયું છે. આહાહા..! પ્રગટપણે થયું છે. આહાહા..! શક્તિપણે છે એ નહિ. આવી વાત હવે લોકોને બિચારાને બીજું લાગે, નવું લાગે. સાંભળવા મળ્યું નથી. કાશીના બધા ભણેલા. સંસ્કૃત અને વ્યાકરણ એ બાપુ! જુદી ચીજ છે, બાપા! આ ચીજ જુદી છે.

**'નિશ્ચયથી ચૈતન્યરૂપ છે.' 'एकः'** ની વ્યાખ્યા કરી. **'एकः एव'** એટલે કે ચૈતન્યસ્વરૂપ જ છે. ભેદ નથી એમ કહેવું છે. સ્વસન્મુખમાં જ્યાં ગયો, ચૈતન્યભગવાન અવિનાશી ચૈતન્યવસ્તુ, તેના તરફ અંદર સન્મુખ થયો, તો એની દૃષ્ટિમાં એક જ સ્વરૂપે ભાસ્યું તો એ ચૈતન્ય અનુભવ પણ એક સ્વરૂપે છે. એમાં જરી રાગનો ભાગ છે અને આ છે, એમ છે નહિ.

મુમુક્ષુ :– પર્યાયને દ્રવ્ય સાથે એકમેક કરી...

ઉત્તર :– પર્યાય નહિ, કરી જ નથી. કરી નથી. છે. પર્યાય અને દ્રવ્ય બે પોતપોતામાં છે. એ કીધું ને? એ પર્યાય એકરૂપ છે, એમ કહે છે. અનુભવ એકરૂપ છે એમાં ભાગ નથી. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય તો તોય જુદું રાખ્યું?

ઉત્તર :– એ જુદું તો પડ્યું જ છે. એ ત્રિકાળ એકરૂપ છે.

મુમુક્ષુ :– કથંચિત્ એકમેક થયા છે?

ઉત્તર :– એકમેક કોઈ થયા નથી. ઝીણી વાત છે, ઝીણી. આહાહા..!

જેના અનુભવની પર્યાયમાં આખો ભગવાન પૂર્ણાનંદનું જે સ્વરૂપ છે તે જ્ઞાનમાં, જાણવામાં આવી ગયું. એ એકરૂપ છે. વસ્તુ જેમ એકરૂપ છે એમ અનુભવ પણ એકરૂપ છે. ભેદ નહિ. એ વિશેષ કહેશે. ૨૯માં કહેશે. એ કહેશે.

મુમુક્ષુ :– સાહેબ! ક્યારેક પર્યાયમાં દ્રવ્ય ભેળવો નહિ આપ?

ઉત્તર :– એ કોઈ ભળતું છે જ નહિ ને. ભળે ક્યાંથી? પર્યાય અવસ્થા, વર્તમાન અવસ્થાનું અસ્તિત્વ અને દ્રવ્ય ત્રિકાળી અસ્તિત્વ. એ ત્રિકાળી અસ્તિત્વ પોતે જાણવાનું કાર્ય ન કરે. કારણ કે એ ત્રિકાળી ધ્રુવ છે. જાણવાનું કાર્ય વર્તમાન દશામાં થાય. તો કાર્યમાં એ કારણચીજનું જ્ઞાન આવે, પણ એ કારણચીજ તે આખી કાર્યમાં આવે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– દ્રવ્ય પર્યાયમાં તન્મય અને તદાકાર થાય નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– એ તન્મય અને તદાકારનો અર્થ રાગમાં તન્મય હતો અને આમ છોડીને અહીં આવ્યો એટલું.

મુમુક્ષુ :– દ્રવ્ય પર્યાયમાં તન્મય નહિ.

ઉત્તર :– દ્રવ્યમાં એકાકાર એટલે એની સન્મુખ એમ. આહાહા..! પર્યાયને જીવતી જાગતી જેવી છે એવી રીતે રાખ, એમ કહે છે. અને જીવતો જાગતો પોતે પરમાત્મા છે એને એમ ને એમ રાખ. આહાહા..! આવી વાતું. અરે..! કાને પડે નહિ, સાંભળવા મળે નહિ. અરે..રે..! જિંદગી જાય છે, બાપા! જેટલા સેકન્ડો, કલાકો, દિવસો જાય એ બધા મૃત્યુની સમીપ જાય છે. કારણ કે એ મૃત્યુનો સમય છે એ નક્કી છે. એમાં ઓછું-વત્તું કાંઈ થાય એવું નથી. આહાહા..! એની મુદ્દત પાકી છે. એના ક્રમમાં પણ છે અને ભગવાને પણ જોયું છે. કે આ સમયે દેહ છૂટશે એ ત્રણકાળમાં બીજો ફેરફાર થાય નહિ. ડોક્ટરો આવીને ઇંજેક્શન આપે અને કાંઈક થાય, બચે. ડોક્ટર પણ ઘણીવાર મરી જાય છે. આ ડોક્ટર નહોતા? 'હેમંતકુમાર' સર ડોક્ટર 'ભાવનગર' 'પ્રભાશંકર પટ્ટણી'ના સગા હતા. એ ઓપરેશન કરતા હતા અને કહે, મને કાંઈક થાય છે. ત્યાં ખુરશી ઉપર બેસે ત્યાં ખલાસ થઈ ગયા. જેની મુદ્દત પૂરી છે ને બાપા! એને કોણ ફેરવે? એક સમય પણ આઘોપાછો થાય નહિ. એમાં કરવાનું તો આ છે. જો આ ન કર્યું તો બધા તારા મનુષ્યના ભવ ઢોરને જેમ મળ્યા નથી એમ તને મળ્યા. અફળ જશે તો એમાં કાંઈ છે નહિ. આહાહા..! મોટપ મેળવી પૈસાથી, આબરૂથી અને કીર્તિથી. આહાહા..! તારી મોટપને ભૂલી ગયો અને પરની મોટપમાં મોટો થઈ ગયો. આહાહા..! તારી મોટપે તને હીણો કરી નાખ્યો. આહાહા..! અહીં કહે છે, કે તારી મોટપ જ્યાં સૂઝી અનુભવમાં... આનંદનો રસ પ્રભુ છે. આહાહા..! એ ૨૮મો કળશ થયો.

(માલિની)

अवतरति न यावदवृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः ।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव ।।२९।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव' (इयम) આ વિદ્યમાન (अनुभूतिः) અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું (तावत्) તેટલા કાળ સુધી (झटिति) તે જ સમયે (स्वयम्) સહજ જ પોતાના જ પરિણમનરૂપ (आविर्बभूव) પ્રગટ થઈ. કેવી છે તે અનુભૂતિ? 'अन्यदीयैः सकलभावैः विमुक्ता' (अन्यदीयैः)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મસંબંધી (सकलभावैः) 'સકળ' અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ રાગ-દ્વેષ-મોહ ઇત્યાદિ અતિ ઘણા વિકલ્પો એવા જે 'ભાવ' અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી (विमुक्ता) સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે અથવા મન-વચનથી ઉપચાર કરી દ્રવ્ય-ગુણ-પર્યાયભેદરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ વિકલ્પો છે તેમનાથી રહિત શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે. તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે–'यावत् अपरभावत्यागदृष्टान्तदृष्टिः अत्यन्तवेगात् अनवम् वृत्तिम् न अवतरति' (यावत्) જેટલો કાળ, જે કાળે (अपरभाव) શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ જે સમસ્ત ભાવો તેમના (त्याग) 'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી' એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક (दृष्टान्त) ઉદાહરણની માફક–[વિવરણ–જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી પોતાના વસ્ત્રના ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને પોતાનું જાણ્યું, પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે,' ફરીને કહ્યું કે 'મારું જ છે,' આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું અને જાણ્યું કે 'મારું ચિહ્ન તો મળતું નથી. માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે,' તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે, વસ્ત્ર પહેરેલું જ છે તોપણ ત્યાગ ઘટે છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે; તેવી રીતે અનાદિકાળથી જીવ મિથ્યાદષ્ટિ છે તેથી કર્મસંયોગજનિત છે જે શરીર, દુઃખસુખ, રાગદ્વેષ આદિ વિભાવપર્યાયો તેમને પોતાનાં જ કરીને જાણે છે અને તે-રૂપે જ પ્રવર્તે છે, હેય-ઉપાદેય જાણતો નથી. આ પ્રમાણે અનંતકાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે અને પરમગુરુનો ઉપદેશ પામે છે–ઉપદેશ એવો છે કે 'હે જીવ! જેટલાં છે જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ-મોહ, જેમને તું પોતાના કરીને જાણે છે અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારાં નથી, અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે'–ત્યારે એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે 'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે, તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી, કર્મસંયોગની ઉપાધિ છે.' આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે. શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે, પરિણામોથી ત્યાગ છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે. આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે. આ પ્રમાણે દષ્ટાન્તની માફક]–ઊપજી છે દષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ જેને એવો જે કોઈ જીવ છે તે (अनवम्) અનાદિ કાળથી ચાલ્યા આવતા (वृत्तिम्) જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે (न अवतरति) પરિણમતો નથી. ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ, મોહ છે તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે–કારણરૂપ છે તથા શુદ્ધ ચિદ્રૂપમાત્રનો અનુભવ કંઈક અન્ય છે–કાર્યરૂપ છે. તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુઃખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે તે જ કાળે તેને અનુભવ છે. તેનું વિવરણ–શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે. હવે જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે. ૨૯.**

---

૨૯મો કળશ.

**अवतरति न यावदवृत्तिमत्यन्तवेगा-**
**दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।**
**झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता**
**स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।**

**ખંડાન્વય સહિત અર્થ :– ‘इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव’ ‘આ વિદ્યમાન અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...’** આહાહા..! એ ચૈતન્યવસ્તુ છે, વસ્તુ છે, અસ્તિ છે, તત્ત્વ છે. એનું અંતરમાં રાગ ને નિમિત્ત ને મનની અપેક્ષા વિના સીધું પ્રત્યક્ષ જ્ઞાન થાય, તેને અહીંયાં અનુભવ અને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! **‘વિદ્યમાન અનુભૂતિ અર્થાત્ શુદ્ધ ચૈતન્ય વસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું...’** આહાહા..! **‘તેટલા કાળ સુધી...’ ‘झटिति’** શીઘ્ર. **‘તે જ સમયે સહજ જ પોતાના જ પરિણમનરૂપ પ્રગટ થઈ.’** શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો અનુભવ થતાં એ અનુભૂતિ સહજ સ્વભાવે પ્રગટ થઈ. વ્યવહાર-ફ્યવહારની કોઈની અપેક્ષા એમાં છે નહિ કે ભાઈ! વ્યવહાર રાગની મંદતાની ક્રિયા કરી માટે અનુભૂતિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

**‘અનુભૂતિ અર્થાત્ શુદ્ધચૈતન્યવસ્તુનું પ્રત્યક્ષપણે જાણપણું તેટલા કાળ સુધી झटिति તેજ સમયે..’** શીઘ્રપણે. **‘झटिति’** નો અર્થ તેમ થાય છે. **‘સહજ જ પોતાના પરિણમનરૂપ...’** આત્માના આનંદનું પરિણમન, જ્ઞાનનું પરિણમન, સમ્યક્નું પરિણમન, વીતરાગ દશાનું પરિણમનરૂપ **‘પ્રગટ થઈ.’** આહાહા..! આવો કેમ એને ભાસે? પામર તરીકે એને જ્યાં સ્વીકાર્યો... આહાહા..! એક-બે બીડી સરખી પીવે જ્યાં ત્યારે ભાઈસાહેબને પાયખાને દસ્ત ઉતરે. આવા તો અપલક્ષણ. એને આવો આત્મા ક્યા ગજે માપે? એના માપલા ક્યાંથી લાવવા? આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ પોતે પૂર્ણાનંદના નાથનો જ્યાં અનુભવ થયો એ પ્રત્યક્ષ છે. આહાહા..! અને પ્રગટ થઈ છે. આહાહા..! અનુભૂતિ પ્રગટ છે. શક્તિરૂપે અનુભૂતિ છે એ જુદી. ૭૩ ગાથામાં કીધું. અનુભૂતિ. ત્રિકાળને પણ અનુભૂતિ કીધી છે. ૭૩ ગાથામાં. ષટ્કારકની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણતિથી રહિત અનુભૂતિ ત્રિકાળ છે. એ આ નહિ. આ તો અનુભૂતિ પર્યાયમાં પ્રગટ છે. આહાહા..!

**'કેવી છે તે અનુભૂતિ?'** અનુભૂતિની ભાષા સાંભળી હોય નહિ. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એને પર તરફની દિશાથી પાછો વાળી અને અંતર જ્યાં ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે ત્યાં લઈ જાય, ત્યારે તેને આત્માનો અનુભવ–અનુભૂતિ દશા (પ્રગટે). આત્માને અનુસરીને થવું તે અનુભૂતિ. આહાહા..! દયા, દાન, રાગને અનુસરીને થવું તે વિકૃતદશા. આત્માને અનુસરીને થવું તે અવિકૃત અનુભૂતિ. આહાહા..! નથી આવ્યા તમારે ક્યાં ગયા? 'ચીમનભાઈ'! નથી આવ્યા? આહાહા..!

**'કેવી છે તે અનુભૂતિ?' 'अन्यदीयैः सकलभावैः विमुक्ता' 'શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવાં દ્રવ્યકર્મ–'** એટલે જડકર્મ. જડકર્મ છે ને? જેના ઉદયમાં પુણ્યનો ઉદય આવે તો પૈસા આદિ ધૂળ મળે. પાપનો ઉદય (આવ્યે) નિર્ધન થાય એ જડકર્મ છે. બુદ્ધિ વિનાના બુદ્ધિના બારદાનો કરોડોપતિ થાય છે. એ કાંઈ પુરુષાર્થથી થતું નથી. 'મહાસુખભાઈ'! કેમ? 'પોપટભાઈ'! 'પોપટભાઈ'ના સાળા જ. તમે નામ સાંભળ્યું નહિ હોય. 'ગોવા'માં 'શાંતિલાલ ખુશાલ' હતા. આપણા દશાશ્રીમાળી વાણિયા. (તેની પાસે) બે અબજ ચાલીસ કરોડ. આ 'પોપટભાઈ' છે એમના સાળા હતા. આ એના બનેવી છે. એમના સાળા હતા. હમણા દોઢ વર્ષ પહેલા ગુજરી ગયા. દશાશ્રીમાળી. બે અબજ ચાલીસ કરોડ. ૬૧ વર્ષની ઉંમરે મરી ગયો. પાંચ મિનિટ. જાવ. 'મુંબઈ' ગુજરી ગયો. ત્યાં એના ગામમાં નહિ. ગામમાં તો ૬૦ લાખના મકાન છે. ૧૦-૧૦ લાખના બે અને એક ૪૦ લાખનું. ધૂળમાં પણ નથી. આહાહા..! આપણા વાણિયા હતા. 'શાંતિલાલ ખુશાલ' ગોવા. અહીં પાણસણા છે ને? ત્યાંના હતા. 'પોપટભાઈ'ના સાળા. આ બનેવી છે. એમના ઘરે એમની બેન છે. એમની બે દીકરીઓ અહીં બાળબ્રહ્મચારી છે. 'ગોવા'વાળાની ભાણેજ. આની દીકરીઓ. આહાહા..! એક ક્ષણમાં ફોક, બાપા! કોની લક્ષ્મી? કોનું શરીર? આ રજકણ પણ ત્યાં નહિ રહે. આહાહા..!

અહીં કહે છે કે એકવાર પરથી ભિન્ન ભગવાન કેવો? દ્રવ્યકર્મથી ભિન્ન. દ્રવ્યકર્મ એટલે જડ પરમાણુ. **'ભાવકર્મ-'** એટલે પુણ્ય-પાપના ભાવ. શુભ-અશુભ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ એને ભાવકર્મ કહીએ. એનાથી ભગવાન ભિન્ન છે. **'નોકર્મ-'** આ શરીર, વાણી. આ અવાજ બધા જડ છે. એનાથી જુદી ચીજ છે. એ **'સંબંધી સકળ અર્થાત્ જેટલા છે...'** આહાહા..! **'ગુણસ્થાન–'** જુઓ! ચૌદ ગુણસ્થાન. જેમ મેડીએ ચડવાના પગથિયા હોય છે આમ. એમ મોક્ષ જવામાં વચમાં ચૌદ પ્રકાર આવે ગુણસ્થાન. ચોથે ગુણસ્થાનથી સમ્યક્ થાય. ચૌદમા ગુણસ્થાને અંતે પછી મુક્તિ થાય. એવા ગુણસ્થાનના એટલે ગુણની દશાના ભેદો. એ પણ જેમાં નથી. આહાહા..!

**'ગુણસ્થાન-માર્ગણાસ્થાન...'** આહાહા..! ઝીણી વાત લીધી થોડી. જાતિ, ગતિ, એકેન્દ્રિય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય એવા ભેદો જેમાં નથી. **'રાગ-દ્વેષ-મોહ ઇત્યાદિ અતિ ઘણા વિકલ્પો...'** ભેદો. **'એવા જે ભાવ અર્થાત્ વિભાવરૂપ પરિણામ...'** વિકારરૂપ પરિણામ. **'તેમનાથી સર્વથા રહિત છે.'** આહાહા..! કોણ? અનુભૂતિ. એય..! એ તો ઓલામાં આવે છે ને? અનુભૂતિથી ભિન્ન. અજીવ અધિકારમાં. અનુભૂતિથી ભિન્ન છે... અનુભૂતિથી ભિન્ન છે. અજીવ અધિકારમાં ૫૦ થી ૫૫ ગાથા. આહાહા..! મોટી વ્યાખ્યા છે. ગુણસ્થાનના ચૌદ ભેદ અને માર્ગણાના ચૌદ ભેદ. એક એકમાં ઘણા ભેદો. ગતિ, જાતિ, ભવિ, અભવિ, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય કેવળજ્ઞાનના ભેદો. એ બધા ભેદોથી (ભિન્ન) એ અભેદ વસ્તુ અનુભૂતિ છે. આહાહા..!

વસ્તુ તો ભેદથી રહિત જ છે પણ એનો અનુભવ છે એ પણ ભેદથી રહિત છે એમ કહે છે. આહાહા..! આવું એક કલાકમાં કાંઈ સાંભળેલા માયલું કાંઈ આવે નહિ. ચોવિહાર કરવો, આહાર ન કરવો, જીવની દયા પાળવી. અરે..! સાંભળને બાપુ! પરને કોણ પાળે? આ તો તારી દયા પાળવાની વાત છે, બાપુ! તું જેવડો છો એવડો ન માન ત્યાં સુધી તારી હિંસા તેં કરી છે. અને જેવડો છે એવડો માન ત્યારે તેં તારી દયા કરી છે. 'મહાસુખભાઈ'! આવી વાત છે, ભગવાન! આહાહા..! હજી ઘણા ભેદ લેશે.

એ **'સર્વથા રહિત છે.'** છે ને? **'विमुक्ता'** શબ્દ છે ને? **'विमुक्ता'** વિશેષે મુક્ત. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો અનુભવ, સ્વસન્મુખની દશા એ બધા આવા ભેદભાવથી રહિત છે. ભાવાર્થ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ વદ ૧૦, રવિવાર તા.૧૦.૦૭.૧૯૭૭**
**કળશ - ૨૯, પ્રવચન - ૩૬**

'કળશ ટીકા' જીવ અધિકાર. ૨૯મો કળશ. થોડું ચાલ્યું છે. ફરીને.

**'इयम् अनुभूतिः तावत् झटिति स्वयम् आविर्बभूव' 'આ વિદ્યમાન અનુભૂતિ...'** એટલે કે આ આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ (છે) એને અનુસરીને અનુભવ (થવો), સમ્યગ્દર્શનની સાથે અનુભૂતિ આનંદનું વેદન (થાય) એવી અનુભૂતિ એ ધર્મ છે–એ મોક્ષનો માર્ગ છે. એ વિદ્યમાન છે, કહે છે. આહાહા..! વસ્તુ છે આખી તે વિદ્યમાન જેમ છે એમ એનો અનુભવ વિદ્યમાન છે. આહાહા..! પ્રગટ કરે ત્યારે. સમજાણું કાંઈ? પ્રથમ સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી. એ આત્મા પૂર્ણ સ્વરૂપ, એની વિદ્યમાન અનુભૂતિ વર્તમાન ચૈતન્ય સ્વરૂપનું પ્રત્યક્ષપણે જાણપણું. એનું નામ સમ્યક્ અનુભૂતિ. આત્મા સીધો રાગ અને નિમિત્તની અપેક્ષા વિના વ્યવહારના, દયા, દાન, વ્રતાદિના વિકલ્પની અપેક્ષા વિના પોતાની મેળાએ સ્વતઃ જણાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આનંદ અને જ્ઞાનની દશાથી જણાય (તે અનુભૂતિ છે). આહાહા..! હજી તો પહેલી ભૂમિકાની વાત છે. સમ્યગ્દર્શન (થાય) એ કાળે જ્ઞાનનું પ્રત્યક્ષપણું થાય છે કહે છે. સમ્યગ્દર્શનમાં પ્રત્યક્ષ-પરોક્ષ નથી. એ તો પ્રતીતિરૂપ છે. પણ એ પ્રતીતિસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન એની પ્રતીતિના કાળમાં જ્ઞાન પ્રત્યક્ષપણે આત્માને જાણે. એનું નામ અનુભૂતિ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– શ્રુતજ્ઞાનને તો પરોક્ષ કહેવામાં આવે છે.

ઉત્તર :– પરોક્ષ કઈ રીતે? બધું દેખતો નથી એ અપેક્ષાએ. પણ આનંદની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. અનુભવ. અનુભૂતિ લેવી છે ને? આહાહા..!

ચૈતન્ય વસ્તુ છે, એની પ્રથમ સમ્યગ્દર્શન દશા, તે કાળે તેને સ્વરૂપ સન્મુખનો જ્ઞાનનો પ્રત્યક્ષ વેદનભાવ આવે, એને અહીંયાં સમ્યગ્દર્શનની સાથે અનુભૂતિ કહેવામાં આવે છે. આહાહા..! '**તેટલા કાળ સુધી તે જ સમયે સહજ જ પોતાના જ પરિણમનરૂપ...**' જુઓ! ભાષા દેખો! આહાહા..! એ આનંદ ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ, પોતાના સ્વયં સહજ પરિણમનરૂપ. એને કોઈ રાગ અને વ્યવહાર રત્નત્રય કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કે આ વ્રત-નિયમના એ તો બધા વિકલ્પો છે. એની કોઈ અપેક્ષા એને અનુભવમાં (નથી). સ્વયમેવ છે. એને કોઈની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**સહજ જ...**' '**स्वयम्**' શબ્દ છે ને? એ તો પોતાના જ પરિણમનરૂપ છે. જ્ઞાનાનંદરૂપ. જ્ઞાનનું ચેતન, જ્ઞાનચેતનાનું પરિણમન. જે દયા, દાન, વ્રત આદિ રાગ એ તો વિકાર છે. એ કાંઈ આત્મધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી. આહાહા..! જરી ઝીણી વાત, ભાઈ! જગતને સત્ય મળ્યું નથી. સત્ય છે ત્યાં સત્ય રહી ગયું છે. આહાહા..! પરમાત્મસ્વરૂપ,... એ તો આપણે બપોરે આવ્યું હતું ને? નિજ પરમાત્મસ્વરૂપ. આહાહા..! ભગવાન તો અંદર નિજ પરમાત્મસ્વરૂપ છે. એની અંતરમાં પ્રત્યક્ષ જ્ઞાનથી સ્વયમેવ–પરની અપેક્ષા વિના જાણવું થાય. એનું નામ આત્માની અનુભૂતિ, ધર્મ અને તેને તે દશામાં સમકિત (કહેવાય). પ્રતીત થઈ તેને સમકિત કહેવાય. આહાહા..!

'**आविर्बभूव**' '**પ્રગટ થઈ.**' પરિણમનરૂપ દશા પ્રગટ થઈ. આહાહા..! જે શક્તિરૂપ ભગવાનઆત્મા અનુભૂતિરૂપ હતો, એને અંતર્મુખ થતાં વર્તમાન પર્યાયમાં પ્રગટ અનુભૂતિ દશા થાય, એને અહીંયાં અનુભૂતિ, આત્માના આનંદનો સ્વાદ, એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ અનુભવ છે. આહાહા..! ત્યાં સુધી તો આપણે આવ્યું હતું.

હજી બીજી વાત છે થોડી. '**अन्यदीयैः**' '**શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન..**' '**अन्य**' છે ને? '**अन्यदीयैः**' ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જે છે, પવિત્ર ભગવાન, એનાથી '**अन्यदीयैः**' અનેરા. આ જીવ અધિકાર છે ને? '**શુદ્ધચૈતન્યસ્વરૂપથી અત્યંત ભિન્ન એવા દ્રવ્યકર્મ-ભાવકર્મ-**' એટલે પુણ્ય અને પાપના ભાવ. એ બધા વિકારો. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ વિકાર શુભભાવ છે. એ આત્માના શુદ્ધ ચૈતન્યથી '**अन्यदीयैः**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનેરા ભાવ છે. જીવ અધિકાર છે ને? આહાહા..!

**'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ...'** શરીરની ક્રિયા આદિ એ જડ ક્રિયા અને વાણી એ બધા નોકર્મ. **'સકળ અર્થાત્ જેટલા છે ગુણસ્થાન-માર્ગણાસ્થાનરૂપ...'** આહાહા..! ચૌદ ગુણસ્થાન અને ચૌદ માર્ગણાસ્થાન ભેદ. જ્ઞાનના ભેદ પાડવા એ બધા ભેદને લક્ષે વિકલ્પ થાય છે. એ બધા ભેદો શુદ્ધ ચૈતન્યથી ભિન્ન છે. આહાહા..! આવો ધર્મ હવે. ઓલું તો પડિમા પાળવી, વ્રત પાળવા થઈ રહ્યું, જાવ. ત્યાં ધૂળેય ધર્મ નથી. એ તો રાગની ક્રિયા છે. અને તેમાં ધર્મ માને તો મિથ્યાત્વનું પોષણ છે. આ તો સમ્યગ્દર્શનનું પોષણ.

સ્વ-સ્વરૂપ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય, એનાથી અનેરા બીજા ભાવો, ગુણસ્થાન, માર્ગણાસ્થાન, ગતિ, જાતિ, લેશ્યા, કષાય જ્ઞાન ચૌદ બોલ આવે છે ને? આહાહા..! તેને **'રાગ-દ્વેષ-મોહ ઇત્યાદિ અતિ ઘણા વિકલ્પો...'** આહાહા..! **'એવા જે ભાવ અર્થાત્ વિભાવરૂપ પરિણામ તેમનાથી સર્વથા રહિત છે.'** **'વિમુક્તા'** આહાહા..! સકળ ભાવે **'વિમુક્તા'**, સકળ ભાવે **'વિમુક્તા'**. સ્વભાવભાવ ચૈતન્ય સ્વરૂપથી ભગવાન સહિત છે, એનાથી રહિત સકળ ભાવે **'વિમુક્તા'**. અરે..રે..! અહીં સુધી આવ્યું હતું.

**'ભાવાર્થ આમ છે કે જેટલા પણ વિભાવપરિણામસ્વરૂપ વિકલ્પો છે...'** જેટલા વિભાવ. જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ (થાય એ) બધા વિકલ્પ અને રાગ છે. આહાહા..! એ બધા વિકલ્પો રહિત અને આ વિભાવપરિણામો, વિકલ્પો **'અથવા મન-વચનથી ઉપચાર કરી...'** શું કહે છે જરી? વસ્તુ છે એ તો અભેદ શુદ્ધ ચૈતન્યમાત્ર છે. એમાં વચન અને મનથી ભેદ પાડવા કે આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે. એ મન અને વચનથી ભેદ પાડવા એ બધા વિકલ્પો છે. આહાહા..!

ભગવાન જીવ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન, અનાકુળ જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ! તે જીવ. અને તેનો અનુભવ તે સમ્યગ્દર્શન અને જ્ઞાન. આહાહા..! એના સિવાય અનેરા જેટલા ભાવો બધા. મનથી.. શું કહે છે? વસ્તુ છે એ તો અભેદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે. ઉપર કીધું ને? શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અભેદ. એનાથી અનેરા ભાવ બધા. મનથી અંદર વિકલ્પ ઉઠાવવો કે આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય વસ્તુ એકરૂપ અભેદ છે, એમાં પણ મનથી ભેદ ઉઠાવવો. મનથી ભેદ (ઉઠાવવો). અંદરમાં ભેદ નથી. આહાહા..! એ આ જીવ તે દ્રવ્ય છે, એના જ્ઞાનાદિ ગુણ છે અને એની અવસ્થાઓ તે પર્યાય છે. એમ ત્રણ ભેદ મનથી વિચારવા એ પણ વિકલ્પ, રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં છે કે નહિ? કે 'સોનગઢ'નું છે આ? આમાં નથી લખ્યું? ચોપડો ક્યાંનો છે? આહાહા..! ભગવાનના કહેલા તત્ત્વો સંતોએ રચ્યા, અનુવાદ કરનારે એનો અનુવાદ કર્યો. આહાહા..!

શું કહે છે? વાણીથી એમ વિચારવું કે આ દ્રવ્ય છે ને આ ગુણ છે ને, આ પર્યાય છે. મનથી વિકલ્પ ઉઠાવવો કે આ દ્રવ્ય છે. આત્મા આનંદ આદિ ગુણ છે અને પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ બધા વિકલ્પો ભેદ છે. એનાથી રહિત આત્મા છે. આહાહા..! સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય–ધ્યેય શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એમાં કહે છે કે મન અને વચન દ્વારા વિકલ્પો ઉઠાવવા એ બધા વિભાવ પર છે. આહાહા..! આવી ઝીણી વસ્તુ.

**'અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યભેદરૂપ...'** આહાહા..! વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય વસ્તુ. એમાં નવી અવસ્થા ઉત્પન્ન થવી, જૂની અવસ્થા વ્યય (થાય) અને કાયમનું રહેવું ધ્રુવ, એવો પણ ભેદનો વિકલ્પ ઉઠાવવો એ વિભાવ છે. એ અન્ય છે. આહાહા..! આવું ઝીણું બહુ પણ. માર્ગ આવો છે, બાપુ! અત્યારે તો લોકોએ માર્ગને વીંખી નાખ્યો. આહાહા..! ક્રિયાકાંડમાં, દયા, દાન અને વ્રત એ બધી કલ્પના છે, હોં! દૃષ્ટિની ખબર ન મળે. વસ્તુ સમ્યગ્દર્શન વિના... આહાહા..!

અહીં સમ્યગ્દર્શનનો વિષય જે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એમાંથી કહે છે કે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પણ એક અભેદ ચીજ છે, એના ભેદ ઉપચારવા એ પણ વિકલ્પ રાગ છે. સમજાણું કાંઈ? **'વિકલ્પો છે તેમનાથી રહિત...'** આહાહા..! **'શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન...'** શુદ્ધચેતના આનંદકંદ, પ્રભુ! શુદ્ધચેતનામાત્રનો આસ્વાદ એ અતીન્દ્રિય આનંદનો આસ્વાદ. આહાહા..! વિકલ્પ હો, એમ કહેશે. એ બધા જૂઠા છે એમ કહેશે. સ્વની અપેક્ષાએ. એની અપેક્ષાએ છે. સમજાણું કાંઈ? વીતરાગ જિનેશ્વરનો માર્ગ કોઈ અપૂર્વ, સૂક્ષ્મ અને અપૂર્વ લાભદાયક છે. પૂર્વે લાભ થયો નથી એવો અનુભૂતિનો લાભ. આહાહા..!

**'શુદ્ધચેતનામાત્ર...'** એકરૂપ વસ્તુ, એના **'આસ્વાદરૂપ...'** એનો સ્વાદ આવવો. આસ્વાદ. આનંદનો સ્વાદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ. એનું નામ સમકિત છે. આ તો સમકિત એટલે કાંઈ નહિ. વ્રત લઈ લ્યો, પડિમા લઈ લ્યો. આહાહા..! કાંઈ એકડા વિનાના બધા મીંડા છે. શું કીધું? આ બધા ભેદ, દ્રવ્ય-ગુણ અને પર્યાય, ઉત્પાદ-વ્યય ને ધ્રુવ. એ મનથી વિકલ્પ ઉઠાવવાના ભેદો છે. વસ્તુમાં ભેદ છે નહિ. વસ્તુ શુદ્ધ ચૈતન્યમાત્ર અભેદ છે. આહાહા..!

એવા **'શુદ્ધચેતનામાત્ર...'** માત્ર કેમ લીધું? એમાં ભેદ પણ નથી, રાગ પણ નથી, પુણ્ય, દયા, દાનના વિકલ્પ પણ જેમાં નથી. આહાહા..! એકલો શુદ્ધચેતનામાત્ર. તેનો આસ્વાદ. એવા શુદ્ધચેતનામાત્રનો આસ્વાદ. હવે આસ્વાદ શું હશે? મેસુબનો આસ્વાદ કહેવાય. દાળ, ભાત ઊના, ઠંડા, ધોળા રસગુલ્લા કહેવાય એનો આસ્વાદ. એનો આસ્વાદ કે દિ' છે? અજ્ઞાની માને છે કે આસ્વાદ પરનો (થાય છે). સ્ત્રીના શરીરનો, માંસનો, હાડકાનો, તેમ ચુરમાનો, દાળ, ભાત, શાક, મોસંબીનો મને સ્વાદ આવે છે. એ તો અજ્ઞાનીની કલ્પના છે. એનો સ્વાદ નથી. એના તરફના લક્ષમાં રાગમાં રોકાઈ જાય છે એ રાગનો સ્વાદ છે. આહાહા..! એ ઝેરીલો સ્વાદ છે. અને શુદ્ધચેતનામાત્રનો સ્વાદ એ અમૃતનો સ્વાદ છે. કહો, 'રતિભાઈ'! આવું ઝીણું છે. આહાહા..! અરે..! શું કરે? ભગવાન આખો પોતે પડ્યો છે. શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની સન્મુખ થઈને જે અનુભૂતિ થઈ, એમાં આત્માના આનંદનો, જ્ઞાનનો સ્વાદ આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમ અજ્ઞાનીને અનાદિથી પુણ્ય અને પાપનો સ્વાદ આવે છે એ મિથ્યાસ્વાદ, અજ્ઞાનસ્વાદ છે. આહાહા..!

**'શુદ્ધચેતનામાત્રના આસ્વાદરૂપ જ્ઞાન તેનું નામ અનુભવ કહેવાય છે.'** તેનું નામ અનુભવ કહેવાય છે. અને **'તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે—'** છે ને? અનુભવ થાય છે. હવે **'તે અનુભવ જે રીતે થાય છે તે કહે છે–'** **'જેટલો કાળ, જે કાળે...'** **'अपरभाव'** **'શુદ્ધચૈતન્યમાત્રથી ભિન્ન...'** ભગવાન પવિત્ર પરમાત્મસ્વરૂપ અખંડાનંદ પ્રભુ, એવો જે આત્મા, એનાથી ભિન્ન. **'દ્રવ્યકર્મ,...'** જડ. **'ભાવકર્મ...'** પુણ્ય-પાપના વિકલ્પો, પુણ્ય-પાપના ભાવ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા ભાવકર્મ વિકાર છે. આહાહા..! **'અને નોકર્મરૂપ...'** વાણી ને મન, વાણી ને શરીર. **'સમસ્ત ભાવો...'** એની ભાષા જુઓ! તેમનો ત્યાગ. આ ત્યાગની વ્યાખ્યા કરે છે હવે. જે ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમાત્રના આસ્વાદમાં જ્યાં આવ્યો, એને અનુભવ થયો ત્યારે કહે છે કે આ બધી ચીજોનો એમાં ત્યાગ વર્તે છે. આ બાહ્ય ચીજની વાત નથી. આ વિકલ્પો અને દયા, દાનના વિકલ્પો છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે... આહાહા..! **'આ ભાવો સમસ્ત જૂઠા છે,...'** એટલે **ત્યાગ** ની વ્યાખ્યા કરી. શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુની અનુભવદશામાં એ ચીજ અસત્ છે. આ સત્ છે એ ભેદ આદિ બધા અસત્ છે. આની અપેક્ષાએ અસત્ છે. એની અપેક્ષાએ ભલે હોય, સમજાણું કાંઈ? અને તેથી શુદ્ધ ચૈતન્યમાત્રના અનુભવના કાળમાં તે બધા આની અપેક્ષાએ જૂઠા છે. **'व्यवहारोऽभूदत्थो'** કીધું છે ને? અહીં એ ભાષા વાપરી છે. વ્યવહાર અસત્ય છે. એય..! આહાહા..! પણ આ રીતે ત્યાગ એને વ્યવહાર કહીને જૂઠો કીધો. એનો એને ત્યાગ છે, એટલે કે એનો સ્વભાવમાં અભાવ છે. આહાહા..! આવી વાતું હવે એને...

**'આ ભાવો સમસ્ત જૂઠા છે,...'** એટલે? શુદ્ધચૈતન્યમાત્રનો જ્યાં અનુભવ (થયો), એમાં એ બધા ગુણસ્થાનના ભેદો, માર્ગણાના ભેદો, શુભાશુભ પરિણામ, દયા, દાનના પરિણામ એ બધા જૂઠાં છે. આ સત્ છે, આ જીવ છે, તો એ બધા આની અપેક્ષાએ અસત્ છે, તેથી તે અજીવ છે. અજીવનો તેને ત્યાગ વર્તે છે એમ કહે છે. 'દેવીલાલજી'! આહાહા..! કહો, 'જયંતીભાઈ'! આ તમારે રવિવારે આવું બધું ઝીણું આવે છે. આહાહા..!

ભગવાન શુદ્ધચૈતન્ય પ્રવિત્ર પ્રભુ આત્મા, ધ્રુવ, અવિનાશી જ્ઞાયકભાવ, તેનો જ્યાં અનુભવ થાય, એને અનુસરીને થતાં, પરનું અનુસરવું ત્યાં રહેતું નથી. તેથી તેને અસત્ય કહીને, અભૂતાર્થ કહીને તેને જૂઠા કીધા. આહાહા..! અને એને અજીવ કહ્યા. આહાહા..! એ શુભરાગનો ભાવ પણ અજીવ છે એમ કહે છે. શુભ ઉપયોગ... આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિનો ઉપયોગ એ શુભોપયોગ છે. એ ત્રિકાળી શુદ્ધ અનુભવની અપેક્ષાએ તે અસત્ છે. તેથી અસદ્ભૂત વ્યવહાર (છે). અભૂતાર્થનયથી એટલે અસત્ય કહીને એને અજીવ કીધા છે.

મુમુક્ષુ :– એટલો કાળ...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :– એ અનુભવકાળ. પછી પણ એમ જ છે. પણ આ તો... આહાહા..! પછી આવે છે. છતાં એ ભિન્નપણે (રહે છે). એનું સ્વામીપણું રહિત વર્તે છે. ધર્મીજીવને એ પુણ્યાદિના પરિણામનું સ્વામીપણું નથી. કેમકે એ અજીવ છે, અસત્ય છે, સત્‌ની અપેક્ષાએ અસત્‌ છે, જીવની અપેક્ષાએ અજીવ છે, સત્‌ની અપેક્ષાએ જૂઠું છે. આહાહા..! માણસને કઠણ પડે માણસને. શું થાય? આહાહા..! 'શાંતિભાઈ'! ઓલો ઝવેરાતનો .. પૈસો જાણે ઝટ થઈ જાય એટલે ઓ..હો..હો..! ધૂળમાં પણ ત્યાં કાંઈ નથી. દુઃખમાં હેરાન થઈને બળી ગયા છે. ત્યાં તો આત્માની શાંતિને બાળે છે. આહાહા..!

અહીંયા તો આત્મા શુદ્ધચૈતન્ય, પ્રભુ! એનો અનુભવ થતાં શાંતિ આવે છે, કહે છે. અને શાંતિમાં આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! આ હજી ચોથા ગુણસ્થાનની વાત છે, હોં! સમકિતની. પાંચમું ગુણસ્થાન શ્રાવકનું એ તો બાપુ અદ્‌ભૂત વાતું છે. લોકોને ખબર પણ નથી કે પાંચમું (ગુણસ્થાન) કોને કહેવું. આહાહા..! અને મુનિ કોને કહેવા, બાપુ! એ તો જિનરાજના ઘરની અલૌકિક વાતું છે. આહાહા..!

**'ત્યાગ'** નો અર્થ અહીંયાં શું કર્યો? **'આ ભાવો...'** **'ત્યાગ'** એટલે કે જૂઠા છે. તેથી તેનો સ્વામી નથી માટે જૂઠા છે. માટે એનો ત્યાગ વર્તે છે એમ કહે છે. આહાહા..! એટલે **'જીવનું સ્વરૂપ નથી...'** આહાહા..! એટલે કે ભગવાન ચૈતન્યવસ્તુ જે આત્મા પરમાનંદનો નાથ, પ્રભુ! એ જીવ. એ સિવાય આ બધા રાગાદિના, વ્રતાદિના, વિકલ્પ આદિના ભેદો પડ્યા એ બધા જૂઠા, અજીવ છે. અરે..! આવી વાત. ચોરાશીના અવતાર. અનંતકાળમાં અનંત વાર મુનિપણું લીધું, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પણ એ તો બધો રાગ છે. આહાહા..! એ તો આસ્રવની ક્રિયા છે. શુદ્ધ ચૈતન્યનો અનુભવ એનાથી અન્ય ભિન્ન છે. આ ચીજથી એ ભિન્ન છે અને એનાથી આ ચીજ ભિન્ન છે. આહાહા..!

**'આ ભાવો...'** **'ત્યાગ'** ની વ્યાખ્યા આ કરી. છે ને? **'પરભાવત્યાગ'** પછી **'દૃષ્ટાન્તદૃષ્ટિઃ'** છે ને? એટલે દૃષ્ટાંત કહે છે હવે. **'આ ભાવો સમસ્ત જૂઠા છે, જીવનું સ્વરૂપ નથી...'** આહાહા..! **'એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ...'** એવું પ્રત્યક્ષપણે સ્વાદરૂપ. એ જ્ઞાનનો સ્વાદ આવવો... આહાહા..! ચેતના. જ્ઞાનસ્વરૂપનો સ્વાદ, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો, એનું નામ અનુભવ અને એનું નામ સમકિત છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે આ લોકોને મોંઘુ લાગે છે. આહાહા..! એટલે એમ કહે અહીં બધું આવું (ચાલે છે). પણ આ કોના શાસ્ત્ર છે? દિગંબર સંતોના તો શાસ્ત્ર છે. એ શાસ્ત્ર તો આમ પોકારે છે. આહાહા..! એય..! 'ધર્મચંદજી'! દિગંબર હતા. ભાન ક્યાં હતું? કોણ દિગંબર કહેવાય. આહાહા..! અહીં તો જેને દિગંબર એટલે બહારમાં વસ્ત્રનો કટકો નથી. અને અંદરમાં સમકિતદૃષ્ટિને વિકલ્પનો ભાગ–અંશ એના સ્વાદમાં નથી. આહાહા..!

**'એવા પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના...'** જોયું? હવે જ્ઞાનના સૂચક દૃષ્ટાંત છે એ તો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પ્રત્યક્ષપણે આસ્વાદરૂપ જ્ઞાનના સૂચક...'** એમ. આહાહા..! ભાષા પણ જુદી જાતની. **'ઉદાહરણની માફક—'** અંદર છે ને? **'દૃષ્ટાન્તદૃષ્ટિઃ'** **'વિવરણ—જેવી રીતે કોઈ પુરુષે ધોબીના ઘરેથી...'** ધોબી.. ધોબી. તમારામાં શું કહે? **'પોતાના વસ્ત્રના ભ્રમથી...'** જાણે કે આ વસ્ત્ર મારું છે. એમ **'ભ્રમથી બીજાનું વસ્ત્ર આવતાં...'** બીજાનું વસ્ત્ર લઈ લીધું. કોટ. મારો કોટ છે એમ ધારીને. ધોવા આપ્યો એટલે મારો કોટ છે. કોટ હતો કો'કનો. બીજાનો કોટ સમજો છો ને? **'બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને...'** આહાહા..! એ **'બીજાનું વસ્ત્ર આવતાં ઓળખ્યા વિના પહેરીને,...'** જાણ્યા વિના પહેરીને **'પોતાનું જાણ્યું, પછી તે વસ્ત્રનો ધણી જે કોઈ હતો તેણે છેડો પકડીને કહ્યું કે 'આ વસ્ત્ર તો મારું છે,...''** એ પછેડી તું લઈને આવ્યો એ પછેડી મારી છે. જો ખૂણે મારું નામ છે. આ પછેડી.. આહાહા..! કોટમાં અહીં પાછળ નામ લખે ને? કોટમાં પાછળ હોય છે. આહાહા..! વસ્ત્ર કો'કનું હતું, પોતાનું જાણીને પહેર્યું. બીજાએ આવીને છેડો પકડ્યો, કે આ તો મારું છે. તું ઓઢીને બેઠો.

**'આમ સાંભળતા...'** **'ફરીને કહ્યું કે 'મારું જ છે,'...'** એમ. પાછું જોયું? **'આમ સાંભળતાં તે પુરુષે ચિહ્ન તપાસ્યું...'** લક્ષણ જોયા. લક્ષણ જોયા. એ વસ્ત્રના ચિહ્ન જોયા. **'અને જાણ્યું કે 'મારું ચિહ્ન તો મળતું નથી,'...'** આ વસ્ત્રમાં મારા વસ્ત્રના જે લક્ષણો હતા એ કાંઈ મળતા નથી. આહાહા..! **'માટે નક્કી આ વસ્ત્ર મારું નથી, બીજાનું છે, તેને આવી પ્રતીતિ થતાં ત્યાગ થયો ઘટે છે,...'** ભલે વસ્ત્ર ઓઢેલું પડ્યું હોય. પણ ચિહ્નથી જાણ્યું કે આ પર છે. એ ઓઢ્યું છતાં એનો સ્વામી નથી. હવે એ પરરૂપે રહ્યું છે. આહાહા..! **'વસ્ત્ર પહેરેલું જ છે તોપણ ત્યાગ ઘટે છે, કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે;...'** આહાહા..! આ તો વસ્ત્રનું દૃષ્ટાંત છે.

**'તેવી રીતે અનાદિકાળથી જીવ મિથ્યાદૃષ્ટિ છે...'** અનાદિકાળથી જૂઠી દૃષ્ટિ, વીતરાગમાર્ગથી વિપરીત દૃષ્ટિ છે. **'કર્મસંયોગજનિત...'** કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલા. આ **'શરીર,...'** અંદર **'દુઃખસુખ,...'**ની કલ્પના એ બધું અજીવ છે, પર છે. હરખ-શોકની કલ્પના થવી એ પણ પર છે. અને રાગ-દ્વેષ પુણ્ય-પાપના ભાવ થવા.. આહાહા..! **'આદિ વિભાવપર્યાયો...'** છે. બધી વિકારી દશાઓ છે. આહાહા..! **'તેમને પોતાના જ કરીને જાણે છે...'** જેમ ઓલા કો'કનું વસ્ત્ર લઈને પોતે ઓઢીને પડ્યો હોય એમ આ... આહાહા..! શુભ-અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ અને કામ, ક્રોધ, હિંસા, જૂઠાનો ભાવ. બેય પર છે. એને પોતાના માનીને મિથ્યાદૃષ્ટિ મૂંઢપણે સૂતો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેમને પોતાનાં જ કરીને જાણે છે...'** જે પોતાની ચીજ છે તેના લક્ષણથી જાણ્યું નહિ એટલે આ પરના ભાવ છે એ મારા છે એમ માનીને અનાદિથી મિથ્યાત્વમાં સૂતો છે. આહાહા..! **'અને તે-રૂપે જ પ્રવર્તે છે,...'** પુણ્ય-પાપના ભાવ, એને પોતાના જાણી એમાં જ પ્રવર્તે છે. ભગવાનઆત્મા પુણ્ય-પાપથી ભિન્ન છે. એની તો ખબરું નથી, સાંભળ્યું નથી, વિચાર્યું નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બેઠું નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'હેય-ઉપાદેય જાણતો નથી.'** આહાહા..! એ રાગાદિ ભાવ બધા હેય છે, અજીવ છે. મારા લક્ષણ એમાં નથી. એમ ન માનતો એ મારા છે એમ માનીને **'હેય-ઉપાદેય જાણતો નથી.'** આહાહા..!

વ્યવહાર રત્નત્રયનો રાગ પણ હેય છે. આહાહા..! એને ઠેકાણે અત્યારે કહે છે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય. આવી ઉંધી પ્રરૂપણાની શ્રદ્ધા ઉંધે રસ્તે દોરાઈ ગયા છે. આહાહા..! અહીં ભગવાન કહે છે, જે વ્યવહાર રત્નત્રયનો રાગ જે વિકલ્પ છે એ તો હેય છે. કેમકે તે સત્ય વસ્તુની અપેક્ષાએ તે જીવની અપેક્ષાએ તે અજીવ છે. ત્રિકાળ સત્યની અપેક્ષાએ તે અભૂતાર્થ–અસત્ય છે. આહાહા..! પણ એને જ પોતાના માની એનાથી મને લાભ થશે. એનાથી લાભ માન્યો એનો અર્થ કે એને પોતાના માન્યા. જે શુભજોગ છે, દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભરાગ છે, વિકાર છે. એને પોતાના માન્યાનો અર્થ કે એનાથી મને લાભ થશે. એ પોતાના માન્યા. આહાહા..! આવી વાત આકરી પડે.

**'આ પ્રમાણે અનંતકાળ ભ્રમણ કરતાં જ્યારે થોડો સંસાર રહે છે...'** આહાહા..! પરિભ્રમણનો એને જ્યારે થોડો કાળ કેવળજ્ઞાનમાં જણાણો છે. **'અને પરમગુરુનો ઉપદેશ પામે છે—'** આહાહા..! વીતરાગી સંતો, વીતરાગપણે જેને આનંદની દશા પ્રગટી છે. મુનિઓ જેને વીતરાગદશા પ્રગટી છે અને અતીન્દ્રિય આનંદનો પ્રચુર સ્વાદ છે. એવા મુનિઓનો ઉપદેશ છે એમ કહે છે. એ પરમગુરુ તીર્થંકરથી માંડીને એ બધા સંતો. પાંચમી ગાથામાં લીધું છે ને એ? કે સર્વજ્ઞ ભગવાન નિર્મળ જ્ઞાન, વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. એના પછી ગણધરો, એના પછી અમારા ગુરુ પર્યંત નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. એને મુનિપણું, એને મોક્ષનો માર્ગ કહીએ. આહાહા..! પાંચમી ગાથામાં છે. સર્વજ્ઞને લીધા છે મહાવીર પરમાત્મા. એ નિર્મળ વિજ્ઞાનઘનમાં અતિ નિમગ્ન છે, અત્યંત નિમગ્ન છે. એમ અમારા ગુરુ જે છે.. આહાહા..! 'કુંદકુંદાચાર્ય' કહે છે. એને અમે મુનિ અને અમારા ગુરુ કહીએ. અમે પણ એવા છીએ એમ ન કહેતા, અમારા ગુરુ પર્યંત... આહાહા..! નિર્મળ જ્ઞાનઘનમાં મગ્ન છે. એ પંચમહાવ્રતના વિકલ્પમાં મગ્ન છે ને નગ્ન દશામાં મગ્ન છે, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

મુમુક્ષુ :– સ્વરૂપમાં ડૂબેલા જીવો

ઉત્તર :– આખી વસ્તુ ફેરફાર... ફેરફાર (થઈ ગયો). સત્ય પ્રરૂપણા, સત્યનો ઉપદેશ વિરુદ્ધ થઈ ગયો. આવા અસત્ય ઉપદેશથી એને લાભ થશે. આ કરો... આ કરો.. આ કરો... પણ શું કરવું તેને? આહાહા..!

**'અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારા નથી,...'** આહાહા..! અહીં આવ્યું. **'પરમગુરુનો ઉપદેશ પામે છે—ઉપદેશ એવો...'** હવે કહે કે ગુરુનો, સંતનો ઉપદેશ કેવો હોય? **'હે જીવ જેટલાં છે જે શરીર, સુખ-દુઃખ, રાગ-દ્વેષ-મોહ,...'** આહાહા..! જુઓ! આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્મીનો, દિગંબર સંતોનો, દિગંબર મુનિઓનો આ ઉપદેશ હોય, આહાહા..! કે જેટલા શરીર, સુખદુઃખની કલ્પના, આ રાગ-દ્વેષ અને મોહ. અંદર જે પુણ્ય-પાપના ભાવ અને મિથ્યાત્વભાવ, **'જેમને તું પોતાના કરીને જાણે છે...'** આહાહા..! **'અને એમાં રત થયો છે તે તો સઘળાંય તારા નથી,...'** આહાહા..! આવો ઉપદેશ. હવે અત્યારે ઉપદેશ આવો થઈ ગયો... આહાહા..! વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો. કરતા કરતા કલ્યાણ થાશે. એ ઉપદેશ તદ્દન મિથ્યાત્વનો છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમગુરુનો તો આ ઉપદેશ છે, કે એ બધા પુણ્યના ભાવ, પાપના ભાવ, કર્મચેતના રાગ તે સઘળી ચીજ તારી નથી. એ અજીવ તરીકે છે, એ તારું જીવસ્વરૂપ નથી. આવો ઉપદેશ ગુરુએ આપ્યો. સમજાણું કાંઈ? દેવ-ગુરુ, ધર્મની શ્રદ્ધા એ પણ એક રાગ છે, પંચમહાવ્રતના ભાવ એ પણ એક રાગ છે, શાસ્ત્રનું ભણતર કરવું એ પણ એક રાગ છે. પર તરફમાં બુદ્ધિ જાય છે ને? જેને વ્યભિચારિણી બુદ્ધિ કીધી છે. એ બધા રાગને તારા માનીને બેઠો છે, તે તારા નથી. આહાહા..! એવો ગુરુનો ઉપદેશ હતો. સમજાણું કાંઈ? આહાહા..!

**'જેમને તું પોતાનાં કરીને જાણે છે...'** ઓલા વસ્ત્રની પેઠે. **'અને એમાં રત થયો છે...'** આહાહા..! એ પુણ્યની ક્રિયામાં આખો દિ' નવરો નથી. લવલીન. શુભરાગ, એમાં લીન. એ તારી ચીજ નથી તેમાં લીન થયો છો એ તારી દૃષ્ટિ મિથ્યા છે. આહાહા..! **'અનાદિ કર્મસંયોગની ઉપાધિ છે—'** આહાહા..! એ તો કર્મરૂપી જડ જે છે તેના નિમિત્તના સંગે ઉત્પન્ન થયેલા વિકારભાવ, એ કાંઈ તારી ચીજ નથી. આહાહા..! આવી વાત! આહાહા..! સમ્યગ્દર્શન વિના આ પડિમા લઈને બેસે એ પડિમા પણ વિકલ્પ અને રાગ છે. શુભરાગ. એ ચીજ તારી નથી એમ કહે છે. તું એનાથી લાભ માનીને લીન થઈને રહ્યો છો. આહાહા..!

મુમુક્ષુ :– પ્રમાણ, નય, નિક્ષેપ વડે વસ્તુ જાણે...

ઉત્તર :– જાણે. પણ એ પણ વિકલ્પ છે. ૧૩મી ગાથામાં ન આવ્યું? પ્રમાણ, નય, નિક્ષેપથી જાણે એ પણ વિકલ્પ (છે) અને ત્રિકાળની અપેક્ષાએ, દૃષ્ટિની અપેક્ષાએ અભૂતાર્થ છે. આહાહા..! આકરી વાતું. એ આમાં આવી ગયું? ગુણસ્થાન, માર્ગણાસ્થાન ભેદો બધા રાગના ભાગ છે. આહાહા..! તારી ચીજ જે અંદર શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ, તેના તરફનું તો તારું લક્ષ પણ નથી, તેને તેં માન્યો પણ નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી. આ રાગને જાણીને અનુભવે છે કે આ મારી ચીજ છે. આહાહા..!

**'ત્યારે એવું વારંવાર સાંભળતાં...'** પાછું એકવાર સાંભળતા એને ઠીક ન આવ્યું એમ કહે છે. વારંવાર સાંભળ્યું, ભાઈ! એ બધા દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ છે, તારા નહીં, તું નહિ, એ તો અજીવ છે. અર..ર..! 'શાંતિભાઈ'! રાડ નાખે. આ 'અમૃતચંદ્રાચાર્ય'ના કળશની ટીકા છે. દિગંબર સંત મુનિ. **'વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો...'** આવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઉપજ્યો કે આ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું છે? શુભરાગ તે અજીવ, શુભ ઉપયોગ, ભગવાનનું સ્મરણ કરવું એ શુભરાગ, એ અજીવ. આહાહા..! પંચપરમેષ્ઠીના જાપ કરવા. ૐ... ૐ... ૐ... પંચપરમેષ્ઠી. એ રાગ છે, વિકલ્પ છે, ઉપાધિ છે. આહાહા..! એ જીવ નહિ, એ જીવનું સ્વરૂપ નહિ. આહાહા..!

**'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે,...'** આહાહા..! ભગવાનનું લક્ષણ તો ચિદ્ જ્ઞાનરૂપ છે. આ રાગાદિ તો બધા વિકલ્પો છે. છે ને એમાં લખ્યું છે કે નહિ? એ તો જ્ઞાનરૂપ છે. એમાં આ વિકલ્પો જે રાગ છે એ સ્વરૂપમાં છે જ નહિ. આહાહા..! હવે આવું સાંભળીને એમ કહે છે, કે વ્યવહારનો લોપ થઈને એકાંત છે. પણ એ અજીવનો લોપ થાય ત્યારે જીવનું ભાન થાય. આહાહા..! એ બધી ક્રિયાકાંડનો ભાવ છે, રાગ છે અને અજીવ છે. એ હું નહિ. હું તો ચિદ્રૂપ આત્મા આનંદકંદ પ્રભુ છું. આહાહા..! એમાં છે કે નહિ? ક્યારનું આ છપાયેલું છે? આ તો 'રાજમલ'ની ટીકા. ૨૦૦ વર્ષ પહેલા થઈ ગઈ છે.

મુમુક્ષુ :– ૪૦૦-૫૦૦ વર્ષ પહેલા.

ઉત્તર :– ૪૦૦-૫૦૦ ઓ..હો..હો..! 'રાજમલ' એની તો ટીકા છે. મૂળ શ્લોક 'અમૃતચંદ્રાચાર્ય'ના છે. દિગંબર સંત મુનિ હજાર વર્ષ પહેલા થયા. એનો કળશ છે અને એની ટીકા આ 'રાજમલજી'એ (કરી છે). આહાહા..!

**'જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે,...'** ભગવાન તો જ્ઞાનસ્વરૂપી ચિદ્ઘન, આનંદકંદ, ચિદ્ઘન પરમાત્મ પરમસ્વરૂપ શુદ્ધ સ્વભાવભાવ, પવિત્ર ચૈતન્યમૂર્તિનું લક્ષણ છે. આ બધા ભાવો તો અપવિત્ર છે. આહાહા..! રાડ નાખે. આહાહા..! સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે. વર વિનાની જાન જોડી દીધી. વરરાજો નહિ અને જાન જોડી દીધી. એમ સમ્યગ્દર્શન શું ચીજ છે એની ખબરું ન મળે. એ વિના લઈ લીધા વ્રત, પડિમા, નિયમ... આહાહા..! એ બધી રાગની ક્રિયાઓ છે. અને એમાંથી ધર્મ થાય એમ માને છે તો મિથ્યાત્વને પોષે છે. અનંત સંસારની પુષ્ટિ કરે છે. આહાહા..! આવું! આવું ક્યાં 'મુંબઈ'માં છે ક્યાંય? 'કાંતિભાઈ'! ધંધામાં પૈસા રળે. ઢગલા થાય તો.. આહાહા..! બાપુ! મારગડા. વીતરાગ પરમેશ્વર, જિનેશ્વરદેવનો માર્ગ કોઈ જુદો છે. આહાહા..!

કહે છે, તું તો શુદ્ધ ચિદ્રૂપ છો ને. આહાહા..! **'તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી,...'** એ બધા પુણ્ય અને પાપના ભાવ, એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ બધા ઉપાધિભાવ એ તારા નહીં. આહાહા..!

મુમુક્ષુ :– લક્ષને ઓળખવા માટે લક્ષણને ભેગું રાખવું પડે કે નહિ?

ઉત્તર :– એ તો ભેદથી સમજાવાય છે. લક્ષણ આ અને લક્ષ્ય આ. પણ જ્યારે લક્ષમાં જાય છે ત્યારે લક્ષણનું લક્ષ રહેતું નથી. એ વાત થઈ ગઈ છે. ભાઈ! આ લક્ષણ અને લક્ષ્ય એટલો તો ભેદ રહે છે ને? પણ એ જ્ઞાન તે આત્મા એ તો ભેદથી એને સમજાવ્યું. અંદર ગયો ત્યાં જ્ઞાન તે આત્મા એવો ભેદ પણ રહેતો નથી. 'સમયસાર'ની દસમી ગાથામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ કહ્યું છે. 'જ્ઞાન તે આત્મા.' વ્યવહારથી. એ ભેદ છે. પણ એ ભેદથી સમજાવ્યું છે. સમજનાર અને સમજાવનારે ભેદને અનુસરવું નહિ. છે એમાં?

આઠમી ગાથામાં પહેલા એમ કહ્યું હતું, કે આત્મા કોને કહીએ? આત્મા. આત્મા સાંભળનારો ટક ટક જોઈ રહ્યો. શું કહે છે આ? ત્યારે ગુરુએ એનો અર્થ કર્યો. આત્મા– હંમેશા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. એવો ભેદ પાડીને સમજાવ્યું. ત્યાં ત્રણ ભેગા લીધા. પછી દસમી ગાથામાં એક જ લીધું કે જ્ઞાન તે આત્મા. સમજાણું કાંઈ? આહાહા..! પણ પાછું એમ પણ કહ્યું કે અમે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એવું જે ભેદથી કથન કહ્યું, એ અભેદને સમજાવવા માટે છે. તો કહેનારે અને સાંભળનારે ભેદને અનુસરવું નહિ. છે ત્યાં? આહાહા..! દિગંબર સંતોની તો બલિહારી છે, બાપુ! એની વાત, એક એક ગાથા, એક એક પદ... આહાહા..! વીતરાગી મુનિ હતા. જેને ક્ષણે અને પળે છઠ્ઠુ-સાતમું, છઠ્ઠુ-સાતમું (ગુણસ્થાન) આવતું. એવી દશામાં વિકલ્પ આવ્યો અને શાસ્ત્રો રચાઈ ગયા છે. આહાહા..!

**'આ બધી ઉપાધિ તો જીવની નથી,...'** આહાહા..! શું કહે છે? અંદરમાં મનથી અને વચનથી ભેદ પાડવો કે આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ છે. એ બધા વિકલ્પો કર્મની ઉપાધિ છે. આહાહા..! આવું સ્વરૂપ છે, બાપુ! વારંવાર સાંભળતા આમ વિચાર આવ્યો, એમ. કે મારું સ્વરૂપ તો શુદ્ધ ચિદ્રૂપ છે. આ બધી ઉપાધિ તો જીવની નથી. આહાહા..! છે? **'કર્મસંયોગની ઉપાધિ છે.'** અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, રાગ એ બધી ઉપાધિ છે કહે છે. પંચમહાવ્રતના વિકલ્પો એ આસ્રવ અને ઉપાધિ છે. આહાહા..! કહો, 'ભોગીભાઈ'! આવી વાત છે. ચારે કોર રાડ પાડે. પાડો બાપા. કહો. ભાઈ! પંથ તો આ છે. જિનેશ્વરદેવનો માર્ગ તો આ છે. એને પ્રગટ કર્યે છૂટકો છે. એ વિના મરીને ચોરાશીના અવતાર... આહાહા..! ક્યાંય સુખ નથી. બધે દુઃખ છે. આહાહા..! એમાં ન કહ્યું?

'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિપણું. નગ્ન દિગંબર મુનિ, હોં! વસ્ત્રવાળા મુનિ તો દ્રવ્યલિંગ પણ નથી. આહાહા..! નગ્ન મુનિ દિગંબર અનંતવાર (થયો), પંચમહાવ્રત (પાળ્યા). 'મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે, આસ્રવ છે. આહાહા..! આવી વાત સાંભળી જાય નહિ. 'છ ઢાળા'માં આવે છે કે નહિ? 'છ ઢાળા'માં આવે છે. આતમજ્ઞાન. શુદ્ધ ચિદ્રૂપ આનંદમૂર્તિ પ્રભુ. એ વિકલ્પમાત્ર ઉપાધિ, એના ભેદ કરીને આત્માનું જ્ઞાન ન કર્યું. આહાહા..! તો દુઃખને ભોગવ્યા. એ મહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે. આસ્રવ છે, રાગ છે, માટે દુઃખરૂપ. આહાહા..!

**'આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** ત્યાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લીધો. પહેલો ત્યાગ લીધો હતો ને? ત્યાગ જૂઠો કીધો હતો. ત્યાગનો અર્થ એવો કર્યો હતો ને? ભલે એમ ને એમ રહે, રાગાદિ હો, એમ કહે છે. જુઓ! એકપણામાં નથી. ભિન્નપણે હો. છતાં એનું **'સ્વામિપણું છૂટી ગયું છે.'** અહીં તો છૂટી જશે અને ત્યારે અશુદ્ધપણું છૂટે અને શુદ્ધપણું અનુભવે ત્યારે અશુદ્ધપણું રહેતું નથી એમ કહે છે. અને અશુદ્ધપણું છૂટ્યા વિના શુદ્ધપણું આવે નહિ. એ અર્થમાં કહેશે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ ૧૧, સોમવાર તા.૧૧.૦૭.૧૯૭૭
## કળશ - ૨૯, પ્રવચન - ૩૭

... થોડું અહીં આવી ગયું છે.

**'વારંવાર સાંભળતા...'** એક વાર સાંભળતા નહિ એમ લીધું છે. આત્મા અને રાગ અને શરીર એ ભિન્ન છે, **'એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો...'** પોતાને જીવ વસ્તુસ્વરૂપ, એનો વિચાર ઉત્પન્ન થયો **'કે જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે,...'** ભગવાનઆત્માનું સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જ છે. એમાં કોઈ ઉપાધિની ચીજ અંદર છે નહિ. **'તેથી આ બધી ઉપાધિ...'** પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ આદિના ભાવ એ જીવની ઉપાધિ તો જીવની નથી. આહાહા..! **'કર્મસંયોગની ઉપાધિ છે.'** સંયોગી ચીજ કર્મ એની આ ઉપાધિ છે. સ્વભાવિક ચીજની એ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? સ્વભાવિક જે આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ! કર્મસંયોગની ઉપાધિ એની નથી. આહાહા..! સંયોગી ચીજ છે તેના લક્ષે થયેલી તેની ઉપાધિ છે. આહાહા..! અહીં તો વ્યવહારનો જે રાગ છે એને કર્મની ઉપાધિથી ઉત્પન્ન થયેલો ભાવ એમ કહે છે.

**'આવો નિશ્ચય જે કાળે થયો...'** આહાહા..! નિશ્ચય થયો એટલે અનુભવ નહોતો. આવો અંદર નિશ્ચય થાય કે આ જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં કર્મના સંયોગથી થયેલી ઉપાધિનો અભાવ છે અને ચિદ્રૂપ સ્વભાવનો એમાં અભાવ છે. **'આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** છે? આહાહા..! હું ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપ છું એમ જ્યાં અંદર ભાન થયું. એ જ કાળે કર્મના સંયોગથી સ્વભાવથી વિરુદ્ધ એવી ઉપાધિ પુણ્ય અને પાપના ભાવ, એ ભાવનો ત્યાગ છે. આહાહા..! આ ત્યાગ છે. સમજાણું કાંઈ? શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપ... આ તો પ્રથમ હજી અનુભવ અને સમ્યગ્દર્શનની વાત છે. અને આ અનુભવ અને સમ્યગ્દર્શન વિના જે કાંઈ છે એ બધી કર્મની ઉપાધિ છે. આહાહા..!

**'આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** શુભ-અશુભ આદિ જે વિભાવ પરિણામ છે, એનો તો તે કાળે તેનો તેમાં અભાવ છે. તે ત્યાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આત્માનો નિર્ણય થયો કે હું જ્ઞાનસ્વરૂપ એવો નિશ્ચય અનુભવ (થતાં) તે જ કાળે બધા વિભાવ પરિણામનો ત્યાગ છે. આહાહા..! **'શરીર સુખ, દુઃખ જેમ હતા તેમ જ છે.'** એ શું કહ્યું? પહેલા તો કહ્યું કે સકળ વિભાવોનો ત્યાગ છે. પણ શરીર, સુખ-દુઃખ એટલે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ જેમ હતા તેમ જ ભલે હો. આહાહા..! સમજાણું કાંઈ? બહારનું શરીર અને સુખ–દુઃખના નિમિત્તો, સંયોગો જેમ હો તેમ હો.

મુમુક્ષુ :– સંયોગ પહેલા કરતા વધી નહિ જાય?

ઉત્તર :– અહીં એની સાથે સંબંધ નથી. સંયોગ-સંયોગમાં છે એમ કહેવું છે. વધવા-ઘટવાનો પ્રશ્ન અહીં નથી. સંયોગી તે સુખ-દુઃખનો સંયોગ હો તો હો. એ તો પરચીજ છે. એનું સ્વામિપણું છૂટી ગયું છે. થોડાઘણા હોય એની સાથે અહીં સંબંધ નથી. આહાહા..!

અહીંયાં તો ત્રણ વાત કે આત્મા શુદ્ધ સ્વરૂપ એણે સાંભળ્યું છે, સાંભળતા એને વિચાર ઉત્પન્ન થયો કે આ તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હું છું. અને બાકીના કર્મના સંયોગે સંબંધે ઉત્પન્ન થયેલી શુભાશુભના પરિણામની લાગણીઓ એનો ત્યાગ છે. એ ઉપાધિ છે, એ મારી ચીજ નથી. આહાહા..!

જુઓ! આ ધર્મના લબ્ધિકાળ. ધર્મની પ્રાપ્તિના કાળે આવું હોય છે એમ કહે છે. 'જયસેનાચાર્ય'માં લબ્ધિ આવે છે ને? લબ્ધિકાળ. ... આહાહા..! સાંભળ્યું હતું આ. ઉપર એમ કહ્યું ને? **'એવું વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો...'** તો સાંભળ્યું હતું એ, કે આ ચૈતન્યસ્વરૂપ જે ભગવાન છે એ તો શુદ્ધ પવિત્ર છે. એમાં કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલી ઉપાધિથી તે વસ્તુ રહિત છે. એમ સાંભળ્યું હતું. સાંભળ્યું એવો વિચાર ઉત્પન્ન થયો, કે આ ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન છે અને પુણ્ય અને પાપના ભાવ એ બધા કર્મસંયોગથી ઉત્પન્ન થયેલી ઉપાધિ છે. છે? આહાહા..!

**'તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે. શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે,...'** જુઓ! આમાં સુખ-દુઃખના પરિણામ લઈએ તો મેળ નહિ ખાય. એમાં પાછા સુખ-દુઃખના એવા પરિણામ, એવા જ પરિણામ રહ્યા નથી. જે હું ચિદ્રૂપ છું એવો અનુભવ થયો, એવા સુખ-દુઃખના પરિણામ પહેલા હતા એવા રહ્યા નથી. આહાહા..! અને અહીં તો એ કહે છે કે **'શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે,...'** આહાહા..! સમજાણું કાંઈ? એટલે કે શરીર ભલે ગમે તેટલું નિરોગ હોય, સરોગ હોય. પાંચસો ધનુષનું શરીર હોય કે એક હાથનું હોય. શરીર તો જે રીતે હોય એ ભલે હોય. અને સુખ-દુઃખના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ જે છે એ ભલે એમ ને એમ હોય. સમજાણું કાંઈ?

**'પરિણામોથી ત્યાગ છે,...'** છે? અંદર અભિપ્રાયથી પરનો ત્યાગ છે અને પરનું સ્વામિપણું રહ્યું નથી. વસ્તુ તો એવી ને એવી રહી ગઈ. સંયોગો. પરિણામ એવા ને એવા ન રહ્યા. સુખ-દુઃખના અને રાગ-દ્વેષના જે પરિણામ પહેલા હતા એ જાતના તેટલા પરિણામ અહીં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રહ્યા નહિ. કારણ કે પરિણામમાંથી રાગ-દ્વેષ, સુખ-દુઃખના પરિણામનો પરિણામમાં તો ત્યાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જંગલમાં જાવું પડતું નથી.

ઉત્તર :– જંગલ-બંગલનું શું કામ? આ જંગલમાં જ છે. એ તો પછી નિવૃત્તિનો વિકલ્પ આવે એટલે. મુનિઓ તો જંગલમાં રહેતા હતા ને? આત્માના ધ્યાનમાં, આનંદમાં મસ્ત, દિગંબર સંતો. આહાહા..! અતીન્દ્રિય આનંદના જેને મીણા અંદર ચઢી ગયા છે. અતીન્દ્રિય આનંદનો પાવર ફાટ્યો છે. સ્વરૂપ જે અતીન્દ્રિય આનંદનો સાગર છે. એની વર્તમાન દશામાં... દરિયામાં જેમ પાણીની ભરતી આવે, એમ જેની પર્યાયમાં અતીન્દ્રિય આનંદની ભરતી આવી ગઈ છે. આહાહા..! એને મુનિ કહેવામાં આવે છે. ઝીણી વાતું, બાપુ!

અહીંયાં તો એમ કહેવું છે, કે અંદર જે બધી ઉપાધિઓ છે, એમાં વિભાવપરિણામનો, શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ થતાં તેમાં તેનો અભાવ છે, તેનો તેમાં ત્યાગ છે. સમજાણું કાંઈ? ત્યારે બહારની માટે શું? કે બહારમાં તો શરીર એવું ને એવું રહે. નિરોગ હોય તો નિરોગ અને સરોગ હોય તો સરોગ. અને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ પણ જેવા હોય તેટલા જ પ્રકારે રહે. આહાહા..! ચક્રવર્તીનું રાજ હોય અને સાતમી નરકનો પ્રતિકૂળ સંયોગ હોય, એ સંયોગ છે એ કાંઈ આત્મામાં નથી. એ સંયોગનો ત્યાગ દૃષ્ટિમાંથી છૂટી ગયો છે. તેનું સ્વામિપણું છૂટી ગયું છે. વસ્તુ વસ્તુમાં રહી છે. આહાહા..! 'કાંતિભાઈ'! આવો માર્ગ છે. આહાહા..!

**'પરિણામોથી ત્યાગ છે,...'** આહાહા..! કોનો? શરીર અને અનુકૂળ-પ્રતિકૂળ સુખ, દુઃખના સંયોગો. પરિણામથી ત્યાગ છે. એ પર છે, મારું નથી. છતાં એ ચીજ તો એવી ને એવી છે. કોઈ વળી સમકિત થતાં (પુણ્ય) વળી વિશેષ હોય તો સંયોગો અનુકૂળ વધી પણ જાય. અને પાપનો ઉદય હોય અને મુનિપણું થાય.. સંયોગો ચક્રવર્તી. ભાઈ કેવા? સનતકુમાર. કોઢ, ગળત કોઢ. આહાહા..! એ તો ચીજ બહારમાં તો જે રીતે છે એ રીતે એમ ને એમ રહેશે. સમજાણું કાંઈ? એટલે કે સમ્યગ્દર્શન અને અનુભવ થતાં ઉપાધિના પરિણામનો ત્યાગ. પણ સંયોગી ચીજ તો જેટલી જે પ્રકારે છે તે પ્રકારે ત્યાં એને રહેશે. પરિણામથી એનો ત્યાગ છે. આહાહા..!

**'કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે.'** વસ્તુ તો જેટલી છે એટલી છે. છન્નું હજાર સ્ત્રી આદિ હોય.. આહાહા..! **'સ્વામિત્વપણું...'** જોયું? સ્વામિત્વપણું... આહાહા..! **'છૂટી ગયું છે.'** છ ખંડનું રાજ હોય છે, છન્નું હજાર સ્ત્રી હોય છે, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. સંયોગ તો એવા ને એવા ભલે હોય, કહે છે. આહાહા..! અનુભવ અને સમકિત થતાં એને અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો ન જ હોય એમ નથી. આહાહા..! સનતકુમારને આત્માના આનંદનો અનુભવ... ભાઈ આવ્યા. પુસ્તક છે? ગુજરાતીમાં ૩૨ પાનું છે. આ ગુજરાતી છે. વચમાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'ત્યારે એવું વારંવાર સાંભળતાં...'** એ શું કહ્યું? કે એને વારંવાર સાંભળવા મળ્યું. પ્રભુ! તું ચૈતન્યમૂર્તિ આનંદકંદ છો. આહાહા..! અને શરીરાદિની ચીજ છે એ તો પર છે. અને તારામાં પુણ્ય-પાપના ભાવ થાય છે એ કર્મસંયોગની ઉપાધિ છે એ કાંઈ તારું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવું વારંવાર સાંભળવા મળ્યું છે એને. જેને હજી સાંભળવા જ મળ્યું નથી એ બિચારા... આહાહા..! આ દેહ જડ-માટી, આ તો માંસ અને હાડકા છે. બહારનો સંયોગ એ પછી કહેશે.

અહીંયાં તો કહે છે, કે **'વારંવાર સાંભળતાં જીવવસ્તુનો વિચાર ઊપજ્યો કે જીવનું લક્ષણ તો શુદ્ધ ચિદ્રૂપ છે,...'** હું તો જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાસૂર્ય. જેમ આ સૂર્યપ્રકાશ જડનો પ્રકાશ છે. એમ ભગવાન ચૈતન્યપ્રકાશના નૂરનું તેજ અંદર છે. આહાહા..! ચૈતન્યના પ્રકાશનું પૂર આત્મા છે. આહાહા..! **'તેથી આ બધી ઉપાધિ તો જીવની નથી,...'** એ કર્મના સંયોગના લક્ષે–નિમિત્તે જેટલો પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, રળવું, ભોગવવું આદિના ભાવ, એ બધા ઉપાધિ છે. એ કાંઈ મારી ચીજ નથી. એમ ધર્મને પંથે અનુભવમાં જતાં, સુખને પંથે દોરાતા... આહાહા..! આ બધા દુઃખી છે એમ કહે છે. ઓલા પૈસાવાળા, ઢીકણા, ફીકણા.

મુમુક્ષુ :– વ્યવહારે તો...

ઉત્તર :– ધૂળમાં પણ વ્યવહાર નથી. વ્યવહાર બધા દુઃખી છે. હેરાન-હેરાન. જુઓને! મુકી મુકીને રખડે છે. શું કહેવાય? 'હોંગકોંગ'. આહાહા..! એય..! 'શાંતિભાઈ'! આહાહા..! **'આ બધી ઉપાધિ તો જીવની નથી, કર્મસંયોગની ઉપાધિ છે.'** આહાહા..!

મુમુક્ષુ :– હોંગકોંગ ગયો અને જીવની નથી...

ઉત્તર :– જીવ ત્યાં ગયો જ નથી. જીવ તો જીવમાં જ છે. આહાહા..! માન્યું છે કે હું અહીં ગયો અને અહીં રહ્યો. એ તો પરની ચીજ છે. આહા..! એ કહેશે.

**'આવો નિશ્ચય જે કાળે થયો તે જ કાળે સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** છે? જેટલા અંદર પુણ્ય-પાપના, શુભ-અશુભના ભાવ થાય, જ્યારે હું ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપ તે આત્મા છું, આ તો ઉપાધિ છે. એવું જ્યાં ભાન થયું તે કાળે તે વિભાવના પરિણામનો ત્યાગ થયો. સમજાણું કાંઈ? આહાહા..! ઓલો ધોબીનો દાખલો આપ્યો હતો ને? ધોબીને ઘરે પોતે વસ્ત્ર ધોવા આપેલું, બીજાના પણ વસ્ત્ર હતા. પોતે કો'કનું વસ્ત્ર લઈ આવ્યો. ખબર ન રહી કે આ વસ્ત્ર કો'કનું છે. ધોબીને ઘરે પોતાની પછેડી કે કોટ આપ્યો હોય. એ બીજાનો કોટ લઈ આવ્યો. બીજો આવ્યો કહે, એલા! પણ મારી પછેડી તું લાવ્યો. આ ક્યાં તારી છે? આમ જોતાં, હા, આ તો ત્રણ તારની જાડી પછેડી છે. આ મારી નહિ એમ જાણ્યું. ઓઢેલી છે. પણ જાણ્યું કે આ તો આની છે. ઓઢેલી છે છતાં તેનું સ્વામિપણું છૂટી ગયું. આ મારી નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ અંદરમાં વિભાવભાવ હોવા છતાં તેના સ્વભાવના અનુભવની દૃષ્ટિની અપેક્ષાએ તેનો ત્યાગ થઈ ગયો. વિભાવભાવ રહ્યા. જેવા હતા તેવા રહ્યા એમ નહિ. જેવા હતા તેવા તો પછી લેશે. સમજાણું કાંઈ? જે પુણ્ય-પાપના ભાવ પહેલા જે હતા, એટલો હું શુદ્ધ ચિદ્રૂપ આનંદ છું. એના અનુભવ કાળે એવા ને એવા વિભાવ પરિણામ જે હતા તેટલા તે રહ્યા એમ નથી. કેમકે એનો અનુભવ થતાં તે વીતરાગી પરિણામનું વેદન આવ્યું, એટલે જે રાગનું એકલું તીવ્ર વેદન હતું એ વેદન ઘટી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. માણસને આમાં નવરાશ ક્યાં? ધંધા આડે નવરાશ ક્યાં? નાના છોકરા હોય તો બિચારા ભણવામાં રોકાય. યુવાન થાય તો બાયડી પરણીને ધંધે રોકાય જાય. વૃદ્ધાવસ્થા થાય તો કાંઈ કામ કરી શકે નહિ. શરીર અવસ્થા જીર્ણ થઈ ગઈ.

મુમુક્ષુ :– ... આપે કહ્યું. હવે અમારે કરવું શું?

ઉત્તર :– હવે આ કરવાનું છે. એય..! આહાહા..! આ શરીર તો ચાલ્યું જશે. આ તો નાશવાન છે. ભૂક્કા ઊડી જશે, મહાણની રાખ થઈ જશે. તું ક્યાં અંદર નાશ થાય એવો છો?

અહીં તો બીજું કહેવું છે, કે **'સકળ વિભાવભાવોનો ત્યાગ છે. શરીર, સુખ, દુઃખ જેમ હતાં તેમ જ છે,...'** એટલે સુખ-દુઃખના પરિણામની અહીં વાત નથી. સંયોગો. શરીર, સુખ, દુઃખના સંયોગ જેમ હતા તેમ જ હો. સાતમી નરકનો પ્રતિકૂળ સંયોગ હો કે ચક્રવર્તીનો અનુકૂળ સંયોગ હો. એ સંયોગ જેવો હોય તેવો જ અનુભવ થતાં રહે. સંયોગમાં ઘટાડો, વધારો આને લઈને થાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એના અનુભવના પરિણામ જે વિભાવના પરિણામ હતા, એને આ અનુભવ થતાં વિભાવના પરિણામ એટલા ન રહ્યા. છતાં રહ્યા છે તેનો ત્યાગ વર્તે છે. આહાહા..! આવી વાત છે. અરે..! ક્યાં એને વખત મળે છે? કોણ છે? 'વશરામભાઈ' છે? 'વશરામભાઈ' લાગે છે. શું કીધું સમજાણું?

**'સકળ વિભાવભાવોનો ત્યાગ છે.'** એટલે કે અંતરના આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપનો જ્યાં અનુભવ થયો ત્યારે વિભાવ પરિણામ જેટલા હતા તેટલા ન રહ્યા. પણ જેટલા છે એનો અંતર દૃષ્ટિએ ત્યાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! **'શરીર, સુખ, દુઃખ તો જેમ હતાં તેમ જ છે,...'** શરીર તો નિરોગી કે સરોગી હોય, અનુભવ થતાં જેવું હોય એવું રહે. અનુભવ થતાં કાંઈ શરીરમાં ફેરફાર થઈ જાય અને અનુભવ થતાં સંયોગો ઘટી જાય કે વધી જાય, (એમ નથી). એ તો જેમ હતા તેમ હો. આહાહા..! અનુભવ થતાં તો સંયોગ થોડા હોય અને પુણ્ય વધી જાય તો એકદમ સંયોગો વધી પણ જાય. અહીં એની સાથે કાંઈ કામ નથી.

એ તો કહે છે, **'શરીર, સુખ, દુઃખ...'** સુખ-દુઃખ એટલે પરિણામ નહિ. સંયોગો. **'જેમ હતાં તેમ જ છે,...'** જેમ છે તેમ જ રહ્યા. આહાહા..! **'પરિણામોથી ત્યાગ છે,...'** કોનો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શરીરને અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ છે, એનો પરિણામમાંથી ત્યાગ છે. વસ્તુનો ત્યાગ તો વસ્તુ તો છે એ છે. એ રહી છે. એનો ત્યાગ-ગ્રહણ આત્મામાં ક્યાં છે? આહાહા..! **'પરિણામોથી ત્યાગ છે,...'** પુણ્ય હોય તો કરોડો ગામ હોય, ચક્રવર્તીને છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. અનુભવ થાય એટલે એ ચીજ તો જેમ છે એમ રહેશે. એનો પરિણામમાં ત્યાગ છે અને એનું સ્વામિપણું છૂટી જાય છે. આ મારા છે એવું ધણીપણું છૂટી જાય છે. સમજાણું કાંઈ? અને જો અહીંયાં સુખ-દુઃખના પરિણામ લઈએ તો ન લેવાય. **'શરીર, સુખ, દુઃખ જેમ હતા તેમ જ છે,...'** કહો, તો સુખ-દુઃખના પરિણામ પહેલા જેવા હતા તેવા જ રહે છે એમ છે નહિ. આહા..! આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવતાં, જેવા પરિણામ પહેલા વેદનના હતા એટલા વેદનના પરિણામ રહેતા જ નથી.

મુમુક્ષુ :– ફેર પડે ને?

ઉત્તર :– આખો મોટો ફેર પડી જાય છે. આહાહા..!

આનંદના વેદનમાં, આત્માના અનુભવમાં સુખપંથે દોરાયેલાને, જે દુઃખના અનુભવના પરિણામ હતા, તેટલા પરિણામ એને રહેતા નથી. આહાહા..! પણ સંયોગો તો તેટલા ને તેટલા જ રહે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે.

મુમુક્ષુ :– શ્રેણિક રાજાને ... નારકીમાં વધારે દુઃખ હોય

ઉત્તર :– દુઃખ બુખ એને લઈને કાંઈ છે જ નહિ. કીધું ને? એ તો કહ્યું ને? સાતમી નરકનો દાખલો પહેલો આપ્યો. સાતમી નરકમાં સમકિત પામે છે માટે સંયોગો બીજા થઈ જાય છે એમ નથી. અને ચક્રવર્તી સમકિત પામે છે અને સંયોગો આટલા બધા મોટા. એ સંયોગો એનામાં ક્યાં છે? એ તો બહારની ચીજ છે. એમાં કાંઈ ઘટાડો-વધારો અનુભવને લઈને થાય એમ નથી. પૂર્વના પુણ્યને લઈને વધારો-ઘટાડો થાય તો એ તો એની ચીજ છે. એ તો એનામાં છે તેમ રહેશે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અંતરનો માર્ગ છે, બાપુ! આહાહા..! એની રીત જ એણે અનંતકાળથી જાણી નથી. આહાહા..!

'બાળપણ ખેલમેં ખોયા...' બાળપણમાં ખેલ, રમતું, ભણતર ને એમાં જિંદગી ગઈ, યુવાનીમાં સ્ત્રીમાં મોહ્યો. બાયડી થઈ એટલે થઈ રહ્યું, એમાં બિચારો ગરી ગયો. વૃદ્ધાવસ્થા થઈ એટલે પછી રોયો. હાય.. હાય.. અરે...! (શરીર) કામ કરતું નથી. બેસાતું નથી. બે કલાક બેસાતું નથી. જગતની આમ ને આમ જિંદગી જાય છે. અને તે બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા એ કાંઈ આત્માની છે? એ તો આની જડની છે. બાળપણું, યુવાનપણું, વૃદ્ધપણું તો માટીની અવસ્થા છે. ભગવાન તો ચૈતન્યસ્વરૂપ છે એને કાંઈ બાળપણું, વૃદ્ધપણું છે નહિ. એને બાળપણું એને કહીએ કે રાગ અને પુણ્ય અને પાપના ભાવ અને એના ફળને પોતાનું માને તો એનું બાળપણું, અજ્ઞાનપણું કહીએ. શરીરનું બાળપણું માટે આત્માનું બાળપણું, એમ નથી. આહાહા..! આઠ વર્ષના કઠિયારાના દીકરા, ચક્રવર્તીના દીકરા આઠ વર્ષના કેવળજ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પામે. આહાહા..!

મુમુક્ષુ :– વાણિયાના દીકરા પામે કે ન પામે?

ઉત્તર :– વાણિયાના દીકરા તો વચમાં રહી ગયા. ઓલા કઠિયારાના લીધા અને એક કોર ચક્રવર્તીને લીધા. આ તો વચમાં રહી ગયા. આહાહા..! 'શાંતિભાઈ'! આહાહા..! મારો પ્રભુ આનંદસ્વરૂપ, એકલો ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ આત્મા (છે). આહાહા..! એવું ભાન થતાં સ્વરૂપના ઉગ્રના ઉગ્રપણાના વેદન માટે રાજકુમારો અને કઠિયારાના છોકરા કે વાણિયા જંગલમાં ચાલ્યા જાય છે. આહાહા..! જ્યાં માણસનો પગરવ નથી. માણસ તો નથી, જ્યાં માણસો તો નથી, પણ માણસનો પગરવ. ચાલતા રવ નામ અવાજ થાય એ પણ જ્યાં નથી. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાનઆત્મા, એનો જ્યાં અનુભવ થયો, હવે એને આનંદને વધારવા માટે... આહાહા..! સંયોગોનું લક્ષ છોડવું છે. સંયોગો છોડવા નથી. સંયોગો તો છૂટેલા જ છે. આહાહા..! આહાહા..! આવી વાતું હવે.

**'કેમ કે સ્વામિત્વપણું છૂટી ગયું છે. આનું જ નામ અનુભવ છે,...'** આનું નામ અનુભવ છે. **'આનું જ નામ સમ્યક્ત્વ છે.'** આહાહા..! અહીં તો સમકિત કોને કહેવાય એની ખબરું ન મળે. ચાલી નીકળ્યા દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, સમકિત. હવે ચારિત્ર લઈ લ્યો, વ્રત અને પડિમા લઈ લ્યો. મરી જઈશ ક્યાંય. આહાહા..!

આ ચૈતન્યસ્વરૂપ જે વસ્તુ જે આત્મા છે એ તો અતીન્દ્રિય આનંદનો રસકંદ દરિયો છે. આહાહા..! એવો જે હું એમ અનુભવ થતાં કર્મના સંયોગથી ઉત્પન્ન થયેલા દયા, દાન, વ્રતના ભાવ પણ તેને ત્યાગબુદ્ધિએ વર્તે છે. આહાહા..! બહારની ચીજ હતી તેમ રહે છે. પણ તેમાં પરિણામોથી ત્યાગ અને સ્વામિપણું છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે.'** આહાહા..! આ તો હજી પહેલાની વાત છે. ધર્મની પહેલી સીઢી. દાદરો હોય ને દાદરો? એનું પહેલું પગથિયું. આહાહા..! ધર્મનું ચોથું પગથિયું. અહીં ચૌદ ગુણસ્થાનોમાં ધર્મનું ચોથું ગુણસ્થાન. આહાહા..! હવે આ સમ્યગ્દર્શનની તો ખબરું ન મળે. એને સમ્યક્ થાય તો એની દશા કેવી હોય અને સમ્યક્ શું હોય? અને આ લઈ લ્યો. પડિમા લઈ લ્યો, વ્રત લ્યો, ચારિત્ર કરો આ બહારની ક્રિયાકાંડ કરો, નગ્ન થઈ જાવ. દિગંબરમાં નગ્ન થઈ જાવ, આ કહે કે બાયડી, છોકરા છોડીને લુગડા ફેરવી નાખો. ધોળા પહેરો. કોટ ને પાટલૂન કાઢી નાખી આ પહેરો. આહાહા..! એમ ને એમ અનાદિથી હેરાન થઈ રહ્યો છે.

**'આનું જ નામ...'** આનું જ શબ્દ છે, હોં! એકાંત કરી નાખ્યું. કથંચિત્ આમ અને કથંચિત્ આમ એમ ન કહ્યું. આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એ તો જ્ઞાનસ્વભાવના તેજનો સાગર છે. સૂર્ય જેમ પ્રકાશનો પુંજ છે. એ જડ છે. આ ચૈતન્યપ્રકાશનો પુંજ છે. શુદ્ધ ચિદ્રૂપ આવ્યું હતું ને? શુદ્ધ ચિદ્રૂપ. ચિદ્ એટલે જ્ઞાન. એ તો જ્ઞાનના પ્રકાશનો પૂર,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નૂર છે, તેજ છે. આહાહા..! એવો અનુભવ થતાં એને જ અનુભવ કહીએ અને એને જ સમકિત કહીએ. આહાહા..! હવે આ બધા વાંધા અત્યારે છે કે આ બધું વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, આ કરો. કરતા કરતા પછી સમકિત થાશે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. આવે? આ ઢોકળા ખાતા નથી?

મુમુક્ષુ :– લસણ તો કસ્તુરી કહેવાય.

ઉત્તર :– એ તો ગરીબની કસ્તુરી. ઓલા પૈસા ન હોય એટલે. ગરીબ માણસને લસણ એ કસ્તુરી છે. પણ કાંઈ ઓલી કસ્તુરી થાતી હશે? આહાહા..!

અહીં કહે છે, **'આનું જ નામ...'** આનું જ નામ. ભાષા બેયમાં 'જ' છે. **'આનું જ નામ અનુભવ છે, આનું જ નામ સમ્યક્ત્વ છે.'** બેયમાં જ કીધો છે. વ્યવહાર સમકિત ને એ કાંઈ છે જ નહિ કહે છે, સાંભળને. એ તો આરોપિત કથન હતા. આહાહા..! નિશ્ચય સમ્યક્ આવું હોય છે. ત્યાં દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો રાગ (હોય), એને વ્યવહારસમકિત કહે છે. એ સમકિતની પર્યાય છે? એ તો રાગની છે. એ તો નિશ્ચય થયું એને વ્યવહારમાં આરોપ આપીને વ્યવહારસમકિત છે એમ આરોપ કર્યો. પણ જેને નિશ્ચય છે એને. એને આરોપ કર્યો તોપણ રાગમાં સમકિત છે એમ આનો આરોપ ત્યાં કર્યો. એ સમકિત છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે દૃષ્ટાન્તની માફક–ઊપજી છે દૃષ્ટિ અર્થાત્ શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ જેને એવો જે કોઈ જીવ છે...'** શુદ્ધ ચિદ્રૂપનો અનુભવ. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, બાળ-ગોપાળ ગમે તે શરીર હોય, નરકમાં નારકી હોય, દેવમાં દેવ હોય પણ ભગવાનઆત્મા તો બધે ચિદ્રૂપ જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! **'તે અનાદિકાળથી ચાલ્યા આવતા વૃત્તિમ્ જે કર્મપર્યાય સાથે એકત્વપણાના સંસ્કાર..'** આહાહા..! રાગની સાથે એકત્વબુદ્ધિ. શરીરાદિ, પૈસા આદિ, ધૂળ આદિ સંયોગો એ તો બહાર છે. એમાં એ મારા એવી એકત્વબુદ્ધિ. આહાહા..! આ મારા છોકરા, આ મારી બાયડી, આ મારા. ક્યાં તારા હતા? એ તો પરચીજ છે. આહાહા..! અર્ધાંગના કહે છે ને? અડધું અંગ મારું અને અર્ધું અંગ એનું એ અર્ધાંગના છે. ધૂળેય નથી હવે, સાંભળને. આ બધા પાગલપણાની વાતું છે. તમારે ત્યાં 'હોંગકોંગ'માં રૂપિયાના ઢગલા થાય. અહીં મિથ્યાત્વના ઢગલાને નાશ કરવાના ઉપાયની વાતું છે. આહાહા..!

**'કર્મ પર્યાય સાથે...'** એમાં બધું આવ્યું. પુણ્ય-પાપના ભાવ અને બહારના સંયોગો. ઘાતિકર્મની અપેક્ષાએ પુણ્ય-પાપ અને અઘાતિકર્મની અપેક્ષાએ મળેલા સંયોગો. એ બધી કર્મપર્યાય અને ઉપાધિ છે. એની **'સાથે એકત્વપણાના સંસ્કાર તે-રૂપે પરિણમતો નથી.'** ધર્મી. આહાહા..! રાગ અને સંયોગી ચીજમાં એકત્વપણાના સંસ્કાર ધર્મીને રહેતા નથી. આહાહા..! ભેદજ્ઞાનમાં આત્મા આનંદનો નાથ, પ્રભુ! એવા અતીન્દ્રિય આનંદના અનુભવના કાળે કે સમયે પરવસ્તુનું એને સ્વામીપણું, સંસ્કાર રહેતા નથી. રાગ મારો, શરીર મારું

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એવા સંસ્કાર ધર્મીજીવને રહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે જેટલાં પણ શરીર, સુખ, દુઃખ, રાગ, દ્વેષ,...'** અહીં બધું લીધું. **'મોહ છે તેમની ત્યાગબુદ્ધિ કંઈક અન્ય છે—'** ત્યાગબુદ્ધિ કોઈ કારણ છે અને આ કોઈ કાર્ય અનુભવ છે એમ કોઈ ભિન્ન છે. **'શુદ્ધ ચિદ્રૂપમાત્રનો અનુભવ કંઈક અન્ય છે–કાર્યરૂપ છે.'** એમ કોઈ જાણશે. **'તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ,...'** પુણ્ય-પાપના ભાવ, મોહ મિથ્યાત્વ. **'શરીર, સુખ, દુઃખ (સંયોગ) આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે...'** જીવને જે કાળે આવા અશુદ્ધ પરિણામના સંસ્કાર છૂટી જાય છે, એકત્વબુદ્ધિ છૂટી જાય છે. આહાહા..!

અહીંના વિરોધનું એ એક હમણા નવું નીકળ્યું છે ને? કે તમે તો કહો છો, કે ભાઈ! ચોથે ગુણસ્થાને પુણ્યનો ક્ષય કરવા લાયક છે અને પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય છે. છાપામાં એમ આવ્યું છે. ક્ષયની કોણે (વાત કરી)? ક્ષય કરવા લાયક છે, નાશ કરવાલાયક છે. ક્ષય તો પછી થાય. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનમાં પુણ્યના પરિણામ નાશ કરવા લાયક છે, હેય છે. એવી બુદ્ધિ થયા વિના તેને અનુભવ અને સમ્યક્ થતું નથી. આહાહા..! આવો માર્ગ. નવું સાંભળીને એમ કહે કે આ બધું નવું કાઢ્યું. ભાઈ! નવું નથી, બાપુ! આ તો અનાદિનું આવું જ છે. જૈનધર્મ એ પણ વીતરાગમાર્ગ... આહાહા..! અનાદિનો આ જ રૂપે છે. તેં ન જાણ્યો માટે નવો થઈ ગયો? આહાહા..!

જેટલા કારણરૂપ છે અને આ કાર્યરૂપ તેમ ભેદ છે. **'તેના પ્રત્યે ઉત્તર આમ છે કે રાગ, દ્વેષ, મોહ, શરીર, સુખ, દુઃખ આદિ વિભાવપર્યાયરૂપ પરિણમતા જીવના જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે...'** જોયું? સંસ્કાર, હોં! અશુદ્ધ પરિણામ એ મારા છે એવા સંસ્કાર જ્યારે છૂટી જાય છે. અશુદ્ધ પરિણામનો નાશ થઈ જાય છે એમ નહિ. પણ અશુદ્ધ પરિણામના એકત્વબુદ્ધિના સંસ્કાર છૂટી જાય છે. આમાં મોટો ફેર છે. લોકો રાડ પાડે અને વિરોધ કરે, બાપુ! આ પરમસત્ય બહાર આવ્યું છે એ હવે પાછું ફરે એવું નથી. આહાહા..! માનો, ન માનો.

અહીં શું કહે છે? **'અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર છૂટી જાય છે...'** આહાહા..! એ શુભરાગ પણ હું છું એવી જ્યારે એકત્વબુદ્ધિ છૂટી જાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન અને અનુભવ થાય છે. છે. આહાહા..! ત્યારે આ અત્યારે એમ કહે છે, કે શુભ પરિણામ કરો, કરતા કરતા સમકિત થશે. આહાહા..! વ્યવહારથી નિશ્ચય થશે એ વાંધા, નિમિત્તથી ઉપાદાનમાં થશે એ વાંધા. બે તો હતા. ચાર. ક્રમબદ્ધના વાંધા. જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે થવાની. કહે નહિ. એ તો નિયત થઈ જાય છે માટે વાંધો. હમણા છઠ્ઠો વાંધો એ કાઢ્યો છે, કે પરિણામમાં જો અશુદ્ધતા છે તો દ્રવ્ય પણ અશુદ્ધ છે. કાઢ્યું છે ને? બહાર તો હતું. 'રતનચંદજી મુખત્યાર' એક છે એ તો કહેતા. પણ આ 'મખનલાલજી'એ હમણા કાઢ્યું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. આવ્યું છે, કે અશુદ્ધ પરિણામ પુણ્ય-પાપના હોય અને આત્મા શુદ્ધ રહે એમ નથી. આત્મા પણ અશુદ્ધ થઈ જાય છે. અરે..! પ્રભુ! એ તો પર્યાય અશુદ્ધ થાય છે એ બરાબર છે. એ તો 'પ્રવચનસાર'માં આવે છે ને? શુભે થતાં તન્મયમાં શુભ છે. એ તો પર્યાયની વાત છે. વસ્તુ તો વસ્તુ છે. વસ્તુને શું છે? આહાહા..! પણ એ વાત આખી ફેરફાર થઈ ગયોને એટલે લોકોને એવું લાગે કે આ નવું છે અને આ તો એકલા નિશ્ચયની વાત છે. પણ નિશ્ચયની એટલે સત્ય અને વ્યવહારની એટલે ઉપચારિક આરોપિત કથન. આહાહા..!

**'જે કાળે આવા અશુદ્ધ પરિણમનરૂપ સંસ્કાર...'** પરિણમનરૂપ સંસ્કાર, હોં! બધી વસ્તુ છૂટી જાય. ચક્રવર્તીનું રાજ હોય કે સાતમી નરકનો સંયોગ છૂટી જાય એવું કાંઈ નથી. તેમ અશુદ્ધ પરિણામનો નાશ થઈ જાય એમ પણ નથી. અશુદ્ધ પરિણામનો નાશ તો આગળ થઈ જશે. શુદ્ધ ઉપયોગ જ્યારે પૂર્ણ થશે ત્યારે એનો નાશ થશે. અહીં શુદ્ધોપયોગ થતાં, આત્મા તરફના વલણની દશા થતાં અશુદ્ધ સંસ્કાર છૂટી જાય છે. આહાહા..! **'તે જ કાળે તેને અનુભવ છે.'** જે કાળે અશુદ્ધ પરિણામની એકતાબુદ્ધિ છૂટે છે તે કાળે આત્મામાં એકતાબુદ્ધિરૂપ અનુભવ થાય છે. કહો, સમજાણું કાંઈ? જે કાળે અંધકારનો નાશ થાય તે જ કાળે પ્રકાશની ઉત્પત્તિ થાય. આહાહા..! ભારે વાતું આવી. નિશાળમાં ભણવા માટે બિચારા કેટલા વર્ષ કાઢે. ૨૦-૨૦ વર્ષ, ૨૫-૨૫ વર્ષ. એલ.એલ.બી. અને બી.એ. ભણવા માટે. એકલા પાપના પોટલા. અને એમાં ને એમાં મરી ગયો. મરી જાય છે ને? આહાહા..!

'અમેરિકા'માં એક ૨૬ વર્ષનો છોકરો... આ 'વજુભાઈ' 'જલગાંવ'વાળા એની બહેનનો દીકરો ૨૬ વર્ષનો. તે આખા 'અમેરિકા'માં ૯૦ ટકાએ પાસ થયો. ટકા કહે, ભાઈ! શું કહે? ૯૦ ટકાએ પાસ. અનેક હજારો છોકરાઓ અને 'અમેરિકા'માં આપણો અહીંનો. ઓહોહો..! ૯૦ ટકે પાસ. કુંવારો. આ કહે હવે મારે મોટાભાઈ પાસે જાવું છે. એટલામાં હશે 'અમેરિકા'માં. અને પછી દેશમાં પરણવા જાવું છે. એ કહે અમે નહિ જવા દઈએ, અમે માન આપશું. તેમને 'અમેરિકા'એ ઘણું માન આપ્યું. ૨૬ વર્ષનો છોકરો આપણે અહીંનો. આ 'જલગાંવ'વાળા 'વજુભાઈ', એની બહેનનો દીકરો. બહુ માન આપ્યું. માન આપીને ૧૧ વાગે સૂતો. સવારે આમ જોવે ત્યાં મડદું. મરી ગયો. આહાહા..! એ પોટલા બાંધ્યા પડ્યા રહ્યા. સવારમાં બાંધીને તૈયાર રાખ્યું હતું. એનો ભાઈ એટલામાં હશે. 'અમેરિકા' બાજુ. 'કેનેડા'. ત્યાં જવાનો ભાવ હતો, ત્યાંથી પછી અહીં દેશમાં. બહુ માન આપ્યું. રાત્રે અગિયાર વાગે સૂતો, સવારે (જોવે તો) આમ મરી ગયો. લ્યો, આ ભણતરના પરિણામમાં પાપના ભાવ લઈને ચાલ્યો ગયો. તે 'અમેરિકા'માં ૯૦ ટકે પાસ. આપણે અહીં ગુજરાતમાં તો .. આ તો 'અમેરિકા'. ત્યાંના ભણેલા કેટલા હોશિયાર હોય. એ બાપુ! એ શું ચીજ છે? આહાહા..! સમકિતમાં પાસ થાય ત્યારે એના જન્મ-મરણ મટે. આહાહા..! એ પાસ થાય છે એ પણ બધા નાપાસ છે. આહાહા..! આ તો વાત બીજી છે, બાપુ! અને નાની ઉંમરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેહ છૂટશે એવું કાંઈ નક્કી નથી. આહાહા..! ૨૦-૨૦ વર્ષના ચાલ્યા જાય છે. આહાહા..!

**'તે જ કાળે તેને અનુભવ છે. તેનું વિવરણ–શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના...'** શું કહે છે? આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્યઘન એ શુદ્ધ ચેતનાનો સ્વાદ આવવો. આહાહા..! ભાઈ! આ તો દાળ-ભાતના સ્વાદ અને રસગુલ્લાના સ્વાદ, મેસુબના સ્વાદ, મોસંબીના સ્વાદ એવું કહે છે. વળી આ આત્માનો સ્વાદ! ભાઈ! એ મોસંબીનો, મેસુબનો સ્વાદ જીવને છે જ નહિ. ફક્ત જીવ એની સામું લક્ષ કરે છે ત્યારે આ ઠીક છે એવો રાગ ઉત્પન્ન કરે છે. એ રાગનો સ્વાદ અજ્ઞાનીને છે. આહાહા..! એ તો જડ ચીજ છે. આત્મા તો અરૂપી છે. એ મોસંબીનો, ચુરમાનો, દાળ-ભાતનો, એનો સ્વાદ આત્મા લે? અજ્ઞાની પણ લે?

મુમુક્ષુ :– એ બધું પુદ્‌ગલ છે.

ઉત્તર :– એ તો માટી, ધૂળ છે, જડ છે અને પ્રભુ તો અરૂપી આત્મા છે. એ ભૂલીને આમાં ઠીક છે એવો રાગ કરે છે એ રાગનો સ્વાદ લે છે. અને વીંછીના કરડ અને સર્પના કરડ એ કરડનો અનુભવ નથી. તેને અણગમો લાગે છે એ દ્વેષનો અનુભવ કરે છે. વીંછીના કરડનો અનુભવ નથી, એ તો જડ પરમાણુ છે. સમજાણું કાંઈ? ત્યારે આ કહે છે ને કે મીઠું ખાય તો જીવને મીઠુ લાગે. ખારું લાગે. ખારું લાગે એ જાણે છે. જીવને ખારાનો સ્વાદ છે? અરે..રે..! મીઠું ખારું છે એ તો જડ છે, અજીવ છે, માટી છે, ધૂળ છે. અરૂપી આત્માને એ ખારાનો સ્વાદ હોય? પણ ખારા ઉપર લક્ષ જતાં એ ઠીક છે કે અઠીક છે એવો રાગ-દ્વેષ કરે છે. એનું એને વેદન છે. આહાહા..! એ 'હોંગકોંગ'માં ત્યાં ધૂળમાં પણ મળે એવું નથી. આહાહા..!

**'શુદ્ધ ચેતનામાત્રનો આસ્વાદ આવ્યા વિના...'** આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ, પ્રભુ! એનો આસ્વાદ, અનુભવનો, આનંદનો સ્વાદ આવ્યા વિના **'અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી...'** આહાહા..! આત્માના અતીન્દ્રિય આનંદનો આસ્વાદ એટલે વેદન, શુદ્ધ ચેતના, જ્ઞાનચેતનાનું વેદન આવ્યા વિના અશુદ્ધ પરિણામ તે છૂટતા નથી. છે? **'અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી...'** આહાહા..! **'અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી.'** આહાહા..! પછી સંસ્કાર લીધા. પહેલા આમ લીધું. અશુદ્ધભાવ છૂટતા નથી એમ લીધું. સમજાણું? પછી અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના. આહાહા..! આવો ઉપદેશ એટલે માણસને એમ લાગે કે આવું તો અમે કોઈ દિ' સાંભળ્યું નથી. દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, આંબેલ કરો, ઓળી કરો, એવું કરે. આવું નવું ક્યાંથી કાઢ્યું? બાપુ! નવું નથી, ભાઈ! વસ્તુ તો આ છે. આહાહા..! એ બધો માર્ગ માણસને ઉંધે રસ્તે ચડાવી દીધા છે. આહાહા..!

અહીં કહે છે, **'અશુદ્ધ ભાવરૂપ પરિણામ છૂટતા નથી અને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી.'** રાગના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધનો અનુભવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થતો નથી. અને શુદ્ધના અનુભવ વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. બરાબર છે? લોજિકથી–ન્યાયથી તો આ કહેવાય છે. અરે..રે..! એય..! 'કાંતિભાઈ'! બહારના પૈસા-બૈસા મળે એમાં ઘૂંચાઈ જાય. મોટાણી! અહીં છે. કહો, સમજાણું કાંઈ? મોટો તો અહીં ભગવાન છે. આહાહા..! એ મોટાનું મહાત્મ્ય આવ્યા વિના એ તુચ્છતાના સંસ્કાર છૂટશે નહિ. આહાહા..! અને તુચ્છતાના સંસ્કાર છૂટ્યા વિના મોટાનું મહાત્મ્ય, સંસ્કાર અનુભવ થશે નહિ. આહાહા..! આવું છે. દુનિયા માનો ન માનો એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા..!

**'અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતો નથી. તેથી જે કાંઈ છે તે એક જ કાળ.'** વળી અશુદ્ધતા જાય અને શુદ્ધતા પછી થાય. શુદ્ધતા થાય અને અશુદ્ધતા પછી જાય અને પહેલા જાય એમ કાંઈ છે નહિ. આહાહા..! તેથી કેટલાક કહે છે ને કે 'સોનગઢવાળા'એ નવો ધર્મ કાઢ્યો. આવું કોઈ દિ' ક્યાંય સંપ્રદાયમાં તો અમે સાંભળતા નથી. ભાઈ! નવો નથી, પ્રભુ! અનાદિનો આ જ છે. એ તો બધાને ઉંધે રસ્તે ચડાવી માર્યા છે. આહાહા..! કાલે તમારી પાસે ચોપડી આવી હતી ને? 'લાડનુ'ની. કાલે આવી હતી. તંત્ર-મંત્ર અને જંત્ર. અર..ર..! અરે..! પ્રભુ! એ તુલસીએ આશીર્વચન આપ્યા પાછા. આ બહુ ઉપયોગી (છે). અર..ર..!

અહીં તો પરમાત્મા કહે છે, કે પંચપરમેષ્ઠી અલૌકિક તત્ત્વ જે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ. એ પંચપરમેષ્ઠીનો મંત્ર પણ શુભભાવ છે. આહાહા..! એમાં શુભભાવ છે. પંચપરમેષ્ઠીનું સ્મરણ, મંત્ર. એ મહામંત્ર. એ શુભભાવ છે. સહજાત્મ સ્વરૂપનું વેદન એ મહામંત્ર છે. આહાહા..! આવા મંત્રને રસ્તે ચડાવીને... કાલે થોડું વાંચ્યું હતું. 'શશીભાઈ'એ આપ્યું હતું. અરે..રે..! શું થયું આ? વાડામાં ક્યાં રોકાઈ ગયા બિચારા? કઈ રીતે? બાપુ! અને તે કાંઈ તારા અનાદરની વાત નથી. વસ્તુની સ્થિતિથી બીજે ચાલ્યા ગયા, ભાઈ! આહાહા..! એમાં વસ્તુની સ્થિતિનો અનાદર થાય છે. આહાહા..! કાલે આવ્યું હતું ને? કાલે?

**'કર્મસંયોગથી ઢંકાયેલું હોવાથી મરણને પ્રાપ્ત થઈ રહ્યું હતું;...'** ભગવાનઆત્મા મરણતુલ્ય થઈ ગયો છે. આહાહા..! કેમ? આ શરીર મારું, પુણ્ય-પાપના ભાવ મારા, એનું જીવતર સ્વીકાર્યું. પણ ત્રિકાળી ચૈતન્યના જીવતરનો નકાર, એની એણે હિંસા કરી. ખૂન કરી નાખ્યું. આહાહા..! એટલે કે નથી એમ કરી નાખ્યું. આ છે બધું. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શરીર, વાણી. આહાહા..! પ્રભુ! જાગતી જ્યોત અંદર તું બિરાજે છે. એનો અનાદર તે તારી હિંસા છે. પ્રભુ! તેં તારી દયા ન કરી. આહાહા..! દયા તો એને કહીએ કે જેવડું એનું જીવન છે, એવડું સ્વીકારે ત્યારે તેની દયા કરી કહેવાય. સમજાણું?

**'એક જ કાળ, એક જ વસ્તુ, એક જ જ્ઞાન, એક જ સ્વાદ છે.'** આહાહા..! **'હવે જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે.'** એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



(સ્વાગતા)

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्धनमहोनिधिरस्मि।।३०।।

ખંડાન્વય સહિત અર્થ :– 'इह अहं एकम् स्वम् स्वयम् चेतये' (इह) વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી (अहं) અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું (एकं) સમસ્ત ભેદબુદ્ધિથી રહિત શુદ્ધ વસ્તુમાત્ર (स्वं) શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને (स्वयम्) પરોપદેશ વિના જ પોતામાં સ્વસંવેદનપ્રત્યક્ષરૂપ (चेतये) આસ્વાદું છું–(દ્રવ્યદષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) સ્વાદ આવે છે. કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ ? 'सर्वतः स्वरसनिर्भरभावं' (सर्वतः) અસંખ્યાત પ્રદેશોમાં (स्वरस) ચૈતન્યપણાથી (निर्भर) સંપૂર્ણ છે (भावं) સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે જૈનસિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી દઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે, પણ એમ નથી; મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે–'मम कश्चन मोहः नास्ति नास्ति' (मम) મારે (कश्चन) દ્રવ્યપિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમનરૂપ (मोहः) જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા (नास्ति नास्ति) સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે–'शुद्धचिद्धमहोनिधिरस्मि' (शुद्ध) સમસ્ત વિકલ્પોથી રહિત (चित्) ચૈતન્યના (घन) સમૂહરૂપ (महः) ઉદ્યોતનો (निधिः) સમુદ્ર (अस्मि) હું છું. ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે, તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે. ૩૦.

**અષાઢ વદ ૧૨, મંગળવાર તા.૧૨.૦૭.૧૯૭૭**
**કળશ - ૩૦, પ્રવચન - ૩૮**

'કળશ ટીકા' ૩૦મો કળશ.

**'જેને શુદ્ધ અનુભવ થયો છે તે જીવ જેવો છે તેવો જ કહે છે.'** હવે. જેને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે. એને શું થાય છે, હોય છે? એ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः
शुद्धचिद्घनमहोनिधिरस्मि।।३०।।

સમ્યગ્દષ્ટિ. ૩૦મો કળશ. ઇ ક્યાં છે? 'કળશ ટીકા' છે? ૩૦-૩૦. ૨૯ થઈ ગયો.

'**इह अहं एकम् स्वम् स्वयम् चेतये**' આહાહા..! આ '**વિભાવપરિણામો છૂટી ગયા હોવાથી...**' સમ્યગ્દષ્ટિ ધર્મીજીવની શરૂઆત દશામાં ચોથે ગુણસ્થાને જેટલા વિકલ્પો છે એ બધા ભિન્ન પડી ગયા છે.

મુમુક્ષુ :– ભિન્ન પડી ગયા એટલે?

ઉત્તર :– જે એકત્વબુદ્ધિ હતી, રાગના ભાવમાં એકત્વબુદ્ધિ હતી એ મિથ્યાત્વ હતું. એ રાગથી ભિન્ન પડીને આત્મા એકલો જ્ઞાયકમાં આવ્યો, ત્યારે વિભાવ ભિન્ન પડી ગયા. પોતામાં એકત્વબુદ્ધિ હતી એ ગઈ.

ખરેખર તો એ રાગનો વિકલ્પ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો, અપવાસ આદિનો એ વિકલ્પ છે એ રાગ છે. રાગની સાથે એકતાબુદ્ધિ એ સંસાર છે. એ મિથ્યાત્વ છે, એ સંસાર છે. એ જેને અંદરમાંથી.. છેને? '**વિભાવપરિણામો છૂટી ગયા...**' આહાહા..! સ્વભાવની સન્મુખ દશામાં વિભાવ જે વિમુખ દશાથી ઉત્પન્ન થતાં, એ બધા દૃષ્ટિમાં, વિષયમાં રહ્યા નહિ. ભિન્ન પડી ગયા. આહાહા..!

એથી '**अहं**' સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને હોય તો એ એમ અનુભવે છે... આહાહા..! '**અનાદિનિધન ચિદ્રૂપ વસ્તુ એવો હું...**' '**अहं**' એટલે કોણ? '**अहं**' એટલે શું? હું એટલે શું? અનાદિનિધનનો અર્થ અનાદિ-અનંત. અણ આદિ અને અ નિધન. આદિ નહિ અને અંત નહિ એવી ચીજ એક આત્મા, શુદ્ધ જ્ઞાનઘન અનાદિ-અનંત ચિદ્રૂપ, પણ એ શું ચીજ અનાદિ-અનંત? જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનનો પુંજ પ્રભુ જ્ઞાનસ્વરૂપ એ વસ્તુ. એવો હું. '**अहं**' ની વ્યાખ્યા કરી. '**अहं**' એટલે હું કોણ? સમ્યગ્દષ્ટિ અંદર ધ્યાનમાં અનુભવમાં વિચારે છે. આહાહા..! કે વિભાવ વિકલ્પો છે એ તો બધા વિકાર છે. ચાહે તો દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા હોય એ પણ રાગ છે, વિકલ્પ છે. આહાહા..!

અહીં તો પરદ્રવ્ય તરફના વિકલ્પોનો ત્યાગ થઈ ગયો છે એમ કહ્યું. એથી એને '**अहं**' હું કોણ? '**अहं**' અનાદિ-અનંત જ્ઞાનરૂપ વસ્તુ એ હું. આહાહા..! એ વિકલ્પ જે હતા તે હું એવું જે માન્યું હતું, એ મિથ્યાત્વભાવ અને તે સંસાર અનાદિ છે. આહાહા..! ભારે ઝીણી વાત. જૈનદર્શનને સમજવું કઠણ છે. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ વાડો નથી. જિન તે જિનવર ને જિનવર તે જિન. આહાહા..! વીતરાગ સ્વરૂપી... એ પછી કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'स्वम् स्वयम्' 'स्वम् स्वयम्'** હું કેવો છું? કે અનાદિઅનંત જ્ઞાનરૂપ વસ્તુ. **'एकं'** એની વ્યાખ્યા. **'સમસ્ત ભેદબુદ્ધિથી રહિત...'** વિભાવથી તો રહિત... આહાહા..! પણ ભેદબુદ્ધિ આ જ્ઞાન, આ દર્શન, ચારિત્ર એવા ભેદ એ બુદ્ધિથી પણ હું રહિત છું. આહાહા..! આકરી વાતું ભારે બહુ. હજી તો સમ્યગ્દર્શન થવા કાળે એની દશા કેવી હોય? અને એ સમ્યગ્દર્શન શું કરે અને શું ન કરે? એની વાત ચાલે છે. શું કરે? કે નિર્મળ વીતરાગી પર્યાયને કરે. શું ન કરે? કે ઓલા રાગાદિ ભાવને કરે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'अहं'** શુદ્ધ વસ્તુ. **'एकं'** હું તો એકરૂપ વસ્તુ છું. વિભાવ તો નથી પણ જેમાં ભેદ નથી. ભેદ નથી તેને અભેદ તરીકે એક કરીને વસ્તુ શુદ્ધ છે એમ કીધી. આહાહા..! સમજાણું કાંઈ? **'एकं'** શુદ્ધ વસ્તુ. **'एकं'** ની વ્યાખ્યા કરી. **'ભેદબુદ્ધિથી રહિત...'** એ તો નાસ્તિથી કહ્યું. અસ્તિથી શુદ્ધ વસ્તુમાત્ર. આહાહા..! **'ભેદબુદ્ધિથી રહિત...'** હું આ જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, એવી ભેદબુદ્ધિથી રહિત. આહાહા..! **'શુદ્ધ વસ્તુમાત્ર...'** એકલો શુદ્ધ ચૈતન્યઘન, આનંદકંદ પ્રભુ. આહાહા..! **'स्वं'** એવી જે શુદ્ધ વસ્તુમાત્ર **'स्वं'** એટલે **'શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને...'** **'स्वं'**ને એટલે **'શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુને...'** આહાહા..! શુદ્ધ જ્ઞાનરૂપમાત્ર વસ્તુને. **'स्वयम्' 'स्वं' 'स्वयम्'** એટલે કે **'પરોપદેશ વિના...'** પરોપદેશ વિના પણ વિકલ્પ વિના. આહાહા..! પરે ઉપદેશ આપ્યો એવું વલણ હતું એ તો વિકલ્પ હતો. એટલે **'स्वयम्' 'स्वं' 'स्वयम्'** આત્માને આત્માથી એમ કહે છે. આવી વાત છે.

**'स्वं'** હું શુદ્ધ ચૈતન્યમાત્ર નિત્ય વસ્તુ ધ્રુવ તે હું. **'स्वं'** સ્વને **'स्वयम्'** પોતાના સ્વસંવેદન આનંદ દ્વારા હું વેદું છું, જાણું છું. આહાહા..! આ શું હશે? આ તો હજી સમકિતીની વાત ચાલે છે. આહાહા..! પાંચમું ગુણસ્થાન એ તો કોઈ જુદી ચીજ છે. એને તો અંતર શાંતિ ઘણી વધી ગઈ હોય. આનંદના ઝરણા ઝરતા હોય. આનંદના ઝરણા તો આમાં પણ છે. પણ આમાં હજી થોડા છે. અતીન્દ્રિય આનંદના ઝરણા. ડુંગરમાંથી પાણી વહે એમ સમ્યગ્દર્શનમાં **'स्वं स्वयम्'** પોતાને પોતા વડે, પરમ આનંદની દશા વડે. આહાહા..! છે ને? પછી સ્થૂળ વ્યાખ્યા કરી. **'પરોપદેશ વિના...'** ખરેખર તો **'स्वं स्वयम्'** બસ. પોતાને પોતા વડે. **'स्वं'** પોતે ભગવાન શુદ્ધ ચૈતન્યવસ્તુ નિર્મળાનંદ પ્રભુ, એને પોતાની નિર્મળ દશા દ્વારા. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રત્યક્ષરૂપ...'** **'स्वयम्'** છે ને? એટલે મારો આત્મા જે અનુભવમાં આવ્યો એ પ્રત્યક્ષમાં આવ્યો છે. સમ્યગ્દર્શન પ્રતીતરૂપ છે. પણ જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થઈ ગયો છે. આહાહા..! વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પ્રતિભાસ, આખી ચીજનું પ્રત્યક્ષપણું ભાસ્યું છે. આહાહા..! હવે આવી વાત. કહો, 'રસિકભાઈ'! લોકમાં તો આ બધું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... કરીને મારી નાખ્યા. એકાંત કરી નાખ્યું. આ જ વસ્તુ છે, બાપુ! બાકી બધા થોથા છે. આહાહા..!

સમ્યક્ સત્ય દર્શન. પૂર્ણ વસ્તુ સત્ય, સત્ત્વ, સત્. ભૂતાર્થ, સત્યાર્થ. ત્રિકાળ જે વસ્તુ

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સત્યાર્થ છે. તેને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણીને પ્રતીતિ કરવી. તો **'स्वं स्वयम्'** પોતાને પોતા વડે જાણ્યો અને અનુભવ્યો છે એમ કહે છે. એને કોઈ રાગનો સહારો નથી.

ઓલામાં એમ છે. આ શ્લોક છે ને? 'સમયસાર નાટક' આ શ્લોકનો અર્થ. શ્લોક છે ને એમાં? આપણે ઘણીવાર કહીએ છીએ. 'કહે વિચિક્ષણ પુરુષ...' આ આનો શ્લોક છે. 'સમયસાર નાટકનો'. 'કહે વિચિક્ષણ પુરુષ સમકિતી.' વિચિક્ષણ એટલે સમકિતી. એ જ વિચિક્ષણ ડાહ્યો, બાકી બધા ડાહ્યા નથી. કહો, 'પંકજભાઈ'! આ બધા ઝવેરાતના તમારા ડાહ્યા-બાહ્યાને ગાંડા કહે છે અહીં. એય..! 'શાંતિભાઈ'! લ્યો. એ તો પહેલા બહુ મોટા ઝવેરી હતા. એને ઝવેરી શું? આ જેને જે ધંધો હોય એમાં.. આહાહા..! આ તો દૃષ્ટાંત છે. આહાહા..!

અહીં તો કહે છે, **'સ્વસંવેદન...'** મારાથી હું મને વેદું છું. આહાહા..! સ્વ-સં-વેદન. સ્વસ્વરૂપને સં પ્રત્યક્ષપણે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેનું મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષપણું થઈ જાય છે. આ સમકિતીને મતિ-શ્રુતજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ થઈ જાય છે. પ્રત્યક્ષની વ્યાખ્યા આટલી કે પરનો સહારો નહિ. એ એમાં એ આવે છે. ઓલા કળશમાં. 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું.' આ 'એક' આવ્યું ને? 'અપને...' હવે આવશે. 'અપને રસ સે ભર્યો અનાદિ ટેક હું.' અનાદિ પરના સહારા વિનાની મારી ચીજ છે. 'અનાદિ ટેક'નો અર્થ ઇ. અહીંયાં છે ને? આ **'स्वयम्'** આવ્યું ને? **'स्वयम्'**માં પરનો સહારો કાંઈ છે નહિ. આહાહા..!

વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એ તો વિભાવ છે એ તો પહેલેથી દૃષ્ટિમાંથી છૂટી ગયા. આહાહા..! ભેદ પણ જેને છૂટી ગયા છે. બે વાત લીધી ને? હવે ત્રીજી. **'स्वं स्वयम्'** પોતે **'स्वं'** પોતે શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ એને **'स्वयम्'** મારા વડે. મને મારા વડે. પોતે પોતા વડે **'સ્વસંવેદપ્રત્યક્ષરૂપ આસ્વાદું છું–'** આહાહા..! આવી વાત છે. લોકોએ તો સમકિતને કાંઈક કરી નાખ્યું. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા. આ કરો સમકિતી છે. હવે તમે પડિમા લઈ લ્યો, વ્રત લઈ લ્યો, તપ કરો. આહાહા..! વીતરાગમાર્ગને આખો વીંખી નાખ્યો. આહાહા..!

અહીં પરમાત્મા, સંતો કહે છે, કે **'स्वं स्वयम्'** અનાદિ ટેક હું. એમાં એમ શબ્દ છે. એ આ **'स्वयम्'**. મને મારા અનુભવમાં પરનો સહારો અને આશ્રય નથી. તે અનાદિ ટેક. સમજાણું કાંઈ? 'સમયસાર નાટક'માં આનો અર્થ છે ને? આ શ્લોકનો એ અર્થ છે. 'કહે વિચિક્ષણ પુરુષ ધર્મી સમકિતી એમ જાણે છે કે સદા હું એક..' સદા હું પોતાનો રસ. આનંદ અને જ્ઞાનસ્વભાવનો રસ, એની રુચિ અને એના અનુભવથી ભરેલો છું. ત્રિકાળ, હોં! આહાહા..! 'અપને રસસે ભર્યો અનાદિ ટેક હું' અનાદિ મને મારા સ્વભાવને કોઈ સહારો છે નહિ. આહાહા..! 'મોહ કર્મ મમ નાંહિ' 'મોહ કર્મ મમ રાગાદિ નાંહિ, નાંહિ ભ્રમ કૂપ હૈ.' આહાહા..! એ શુભરાગનો વિકલ્પ પણ મારો એ ભ્રમનું કૂપ મોટું, ભ્રમણાનો કૂવો છે. આહાહા..! 'મોહ કર્મ મમ નાંહિ, નાંહિ...' પછી આમાં આવશે. 'ભ્રમ કૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' ભવાબ્ધિનો દરિયો જેમ છે એમાંથી ભિન્ન પડીને હું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધ ચિદ્ સિંધુ. શુદ્ધ ચેતન સિંધુ–દરિયો છું. આનંદ અને જ્ઞાનનો દરિયો છું. આહાહા..! પોતાને પોતાની મોટપ એટલી બધી કેમ લાગે? અનાદિથી પામર તરીકે માનીને બેઠો છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનથી પણ હું ભિન્ન અને મારી મોટપ મારામાં છે. આહાહા..! એ ભગવાનના સહારે પણ મારી મોટપ રહે છે એમ છે નહિ. આહાહા..! અને વીતરાગની વાણીને સહારે મારી મોટપ મને જણાય છે, એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! શુદ્ધ ચેતના સિંધુ. આહાહા..! આમ રાગની એકતા એ ભવસિંધુ. અહીંયાં રાગની એક્તા તૂટીને સ્વભાવની એક્તા થઈ, એ સ્વભાવ 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! એય..! આવી ચીજ-વસ્તુ (છે).

કહે છે, **'स्वसंवेदनप्रत्यक्षरूप...'** **'स्वम् स्वयम् चेतये'** એમ છે. **'स्वम्'** મારો શુદ્ધ આત્મ ભગવાન પૂર્ણ, **'स्वयम्'** મારા વડે હું આસ્વાદું છું. આહાહા..! છે? આ 'અમૃતચંદ્રાચાર્ય'નો કળશ છે. દિગંબર સંત, એનો આ અનુવાદ ટીકા 'રાજમલે' કરી છે. 'રાજમલ જૈન ધર્મી' આવે છે ને? 'નાટક સમયસાર'માં. જૈન ધર્મના મર્મી છે એમ 'બનારસીદાસે' કહ્યું. જૈન ધર્મના મર્મી છે. એમણે આ ટીકા કરી છે. જૈનધર્મનો મર્મ જાણ્યો છે. આહાહા..!

**'स्वम् स्वयम् चेतये'** આ ત્રણ શબ્દમાં આવી ગયું. **'स्वम्'** હું શુદ્ધ ચેતના સિંધુ અનાદિઅનંત, **'स्वयम्'** મારા વડે એટલે કે શુદ્ધ પરિણતિ વીતરાગી દશા વડે. **'चेतये'** હું મને મારા આત્માને ચેતું છું, આસ્વાદું છું. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? ઓલા કહે, ભાઈ! દયા પાળવી, વ્રત પાળવા, છકાયના જીવને બચાવવા, દાન કરવા, પાંચ પચાસ હજાર દાન (કરવા). કહો. આ તમારા બાપે નથી આપ્યું? લાખ રૂપિયા હમણાં નથી આપ્યા? ક્યાં? 'ભાવનગર'. સત્ સાહિત્યમાં? શું કહેવાય એ? સત્ સાહિત્ય. સસ્તુ સાહિત્ય નહિ, સત્ સાહિત્ય.

મુમુક્ષુ :– વીતરાગ સત્ સાહિત્ય

ઉત્તર :– વીતરાગ સત્ સાહિત્ય. પછી ઓલો શું આપે છે? દસ રૂપિયાનું પડે તો સાડા સાતે આપે છે. ભાઈ! કેવા? 'હીરાલાલ'. 'હીરાલાલે' ૮૦ હજાર કાઢ્યા અને આના બાપે લાખ કાઢીને એમ કરીને દોઢ લાખ, બે લાખ ભેગા થયા છે. સત્ સાહિત્ય. અહીંનું જે સાહિત્ય છે, એનો પ્રચાર (કરવા). દસનું સાડા સાતે. પડે દસે અને સાડા સાતે આપે. પંદરે પડે એના દસે આપે. પણ એમાં ધર્મ છે કાંઈ? ધર્મ નથી? તો તારા લાખ રૂપિયા મફત ગયા?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો રાગ મંદ થાય, તો પુણ્ય થાય, શુભભાવ થાય. એ શાસ્ત્રને સોંઘા વેંચે માટે એને ધર્મ થઈ જાય (એમ નથી). એ... 'કાંતિભાઈ'! આ 'કાંતિભાઈ' આપે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગામો ગામ. 'રાજકોટ'. 'રાજકોટ'? નહિ. 'જામનગર', 'પ્રાંતિજ'. 'રાજકોટ' ધીયાનું 'રતિભાઈ'નું. એ અડધા ખર્ચા આપે. દસ રૂપિયાનું પુસ્તક પાંચે આપે. જેને લેવું હોય એ લઈ લ્યો. અડધી કિંમતે લઈ લ્યો. એ તો એક રાગની મંદતાનો શુભ વિકલ્પ છે. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– આપે કોણ? કોણ આપી શકે છે? પૈસા જડ છે. એ જડની ક્રિયા જવાની હોય એ જવાની અને થવાની હોય તે થવાની અને રહેવાની હોય એ રહેવાની. પૈસા આપે કોણ? આત્મા પરને, જડને આપી શકે? ઝીણી વાતું, બાપુ! વીતરાગ માર્ગ બહુ ઝીણો, ભાઈ! અરે..રે..! જૈનમાં જન્મ્યા એને પણ વીતરાગનું શું સ્વરૂપ છે એની ખબરું ન મળે. અને અભિમાનમાં અમે જૈનધર્મી છીએ... આહાહા..! શું થાય? ભાઈ! માર્ગ તો આવો છે.

અહીં તો આચાર્ય... આહાહા..! ગજબ કરે છે ને! **'स्वम् स्वयम् चेतये'** હું કોણ એ તો પહેલા કહી ગયા. **'अहं'** શુદ્ધ ચૈતન્યવસ્તુ, શુદ્ધ વસ્તુ એ હું. રાગ પણ નહિ, ભેદ પણ નહિ. આહાહા..! એક સમયની પર્યાય પણ નહિ. પર્યાય તો જાણે છે, કે આ શુદ્ધ ચૈતન્યમાત્ર પૂર્ણ વસ્તુ તે હું. પર્યાય જાણે છે કે પર્યાય હું છું એટલી નહિ, એમ નહિ. આહાહા..! એ પર્યાય એમ જાણે છે કે હું તો શુદ્ધ ચિદ્‌માત્ર વસ્તુ તે હું છું. છે ને? આપણે આવશે. બપોરે ૩૨૦ ગાથામાં છેલ્લે આવે છે ને? આહાહા..! ધર્મી જીવ ખંડ જ્ઞાનને ભાવતો નથી. ક્ષયોપશમ જ્ઞાનનો અંશ પ્રગટ્યો એની ભાવના એને નથી. અખંડ નિરાવરણ ત્રિકાળી અખંડ આનંદકંદ પ્રભુ, એની એને ભાવના અને એનું એને ધ્યાન હોય છે. આહાહા..! આવો માર્ગ. એ અહીં કહે છે.

**'चेतये'**નો અર્થ એ કીધો. હું **'આસ્વાદું છું–(દ્રવ્યદૃષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) સ્વાદ આવે છે.'** આ જોયું? ભાષા. **'चेतये'**ની વ્યાખ્યા કરી. ચેતન શુદ્ધ વસ્તુ આનંદકંદ પ્રભુ ધ્રુવ, એને હું ચેતું છું. એટલે વર્તમાન દશા. ઓલી ત્રિકાળી ચીજ. એને વર્તમાનમાં જેવો આનંદસ્વરૂપ છે, તેવી આનંદની પર્યાયથી તેને જાણું છું, વેદું છું. આહાહા..! આવો માર્ગ બહુ. આટલુ બધું ઝીણું 'મુંબઈ'માં ન ચાલે. ત્યાં તો અમુક-અમુક શૈલી... ત્યાં તો દસ-દસ હજાર, પંદર-પંદર હજાર માણસ આવે. એમાં વાક્ય તો જ આ આવે પણ એમાં કાંઈ દાખલા આવે, એવું કાંઈક આવે. આહાહા..! અને અહીં તો એકલું માખણ જ આવે. આહાહા..!

શું કીધું? હું એક આત્મા છું સમ્યગ્દૃષ્ટિ એ અનુભવે છે. અને તે હું કેવો છું? કે શુદ્ધ ચૈતન્યઘન છું. એવો જે **'स्वम्'** હું **'स्वम्'** હું **'स्वयम्'** મારી નિર્મળ દશા, આનંદ દશા વડે ચેતું છું, વેદું છું, જાણું છું, અનુભવુ છું. આહાહા..! ભાઈ! આટલી બધી લાંબી, ત્યારે એ તો ભાઈ તેરમે ગુણસ્થાને કેવળીને બધી ખબર પડે. અરે..! ભાઈ! હજી તને ખબર નથી. કેવળજ્ઞાન તો કોઈ અલૌકિક ચીજ છે. મુનિપણું પણ કોઈ અલૌકિક, બાપુ! આ કાળે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તો શું કહીએ? આહાહા..! આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. વિચિક્ષણ પુરુષ એટલે જ્ઞાની, સમકિતી. આહાહા..! એ એમ જાણે છે કે, કે જેવો હું દ્રવ્યે હતો, છું. વસ્તુએ આનંદકંદ છું. અતીન્દ્રિય આનંદનો રસકંદ છું. એવો હું પર્યાયે તેને અનુભવું છું. કાંઈ દ્રવ્યનો અનુભવ દ્રવ્યમાં ન થાય. દ્રવ્યનો અનુભવ પર્યાયમાં થાય. સમજાણું કાંઈ? આહાહા..!

માણસ કહે પણ આ સાધારણ સમાજને માટે આવો માર્ગ! બાપુ! એ સમાજ પણ આત્મા છે. એ આત્માનો માર્ગ તો આ છે. બાકી તો બધા રખડવાના રસ્તા તો અનંત વાર કર્યા એણે. પંચમહાવ્રત પાળ્યા, નિયમ કર્યા, અપવાસો કર્યા, બબ્બે મહિનાના સંથારા કર્યા. એવું અનંતવાર કર્યું છે. પણ એને આ આત્મજ્ઞાન સમ્યગ્દર્શન કદી એક સેકન્ડ પણ કર્યું નથી. તેથી એના ભવ ઘટ્યા નહિ. આહાહા..!

**'કેવી છે શુદ્ધ ચિદ્રૂપવસ્તુ?'** સ્વાદમાં આવી છે એ ચીજ કેવી છે? આહાહા..! **'सर्वतः स्वरसनिर्भरभावं' 'सर्वतः' 'અસંખ્યાત પ્રદેશોમાં...'** જોયું? સર્વજ્ઞ સિવાય અસંખ્ય પ્રદેશ કોઈએ જોયા જ નથી. અજ્ઞાનીઓએ કોઈએ. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે એક આત્માને અસંખ્ય પ્રદેશી જોયો છે. છે ભલે એક, પણ છે અસંખ્ય પ્રદેશ.

એ **'અસંખ્યાત પ્રદેશોમાં...'** એટલે મારું જે ક્ષેત્ર પૂર્ણ અસંખ્ય છે. એમાં **'स्वरस' 'ચૈતન્યપણાથી...' 'स्वरस'** ચૈતન્ય. જ્ઞાન, દર્શન આદિ ચૈતન્યરસ. આહાહા..! એનાપણાથી **'સંપૂર્ણ છે...'** અસંખ્ય પ્રદેશોમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવથી તે સંપૂર્ણ ભરેલો છે. ક્ષેત્ર કીધું. પહેલું આત્મા **'अहं'** એકલું કીધું. પછી એનું ક્ષેત્ર કીધું. ક્ષેત્રમાં પરિપૂર્ણ અનંત જ્ઞાન આદિ ગુણો પરિપૂર્ણ વસેલા છે. આહાહા..! **'ચૈતન્યપણાથી...' 'स्वरस'** ની વ્યાખ્યા કરી. મૂળ તો સ્વરસ એટલે સ્વની રુચિનો અનુભવ. પણ જે ત્રિકાળ છે તે અનુભૂતિ સ્વરૂપ છે. એના વર્તમાન અનુભવથી એણે જાણ્યું. તેથી એમ કહે છે, કે **'અસંખ્યાત પ્રદેશોમાં ચૈતન્યપણાથી સંપૂર્ણ છે...'** એ ત્રિકાળ. **'भावं'** જોયું? એ એનો ભાવ. ઓલું અસંખ્યપ્રદેશી એ ક્ષેત્ર. **'ચૈતન્યપણાથી સંપૂર્ણ (ભરેલું) છે સર્વસ્વ...'** એ ભાવ. આહાહા..!

**'ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે જૈનસિદ્ધાન્તનો વારંવાર અભ્યાસ કરવાથી...'** જૈનસિદ્ધાંત એ પણ, હોં! આહાહા..! વીતરાગે કહેલા સિદ્ધાંતો. પરમેશ્વર જૈન દિગંબર સંતો, મુનિઓ, કેવળીઓએ કહેલા સિદ્ધાંતો, એનો **'વારંવાર અભ્યાસ કરવાથી દઢ પ્રતીતિ થાય છે'** એમ કોઈ માનતું હોય તો તે જૂઠું છે, કહે છે. આહાહા..! શું કહે છે? **'જૈનસિદ્ધાંતનો વારંવાર અભ્યાસ કરવાથી દઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે, પણ એમ નથી;...'** આહાહા..! ખરેખર તો શાસ્ત્ર જે ભગવાનના છે, એમાં પણ બુદ્ધિ જાય છે એ બુદ્ધિને વ્યભિચારિણી બુદ્ધિ કીધી છે. 'પદ્મનંદિ પંચવિંશતિ' આહાહા..! સ્વદ્રવ્ય સિવાય બહારમાં ડોકુ કરે તે રાગી થાશે. આહાહા..!

**'જૈનસિદ્ધાંતનો...'** જૈનસિદ્ધાંતનો પાછો, હોં! અજ્ઞાનીએ કહેલાની વાતો તો છે જ નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એની દિવ્યધ્વનિ આવી. 'મુખ ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે' 'મુખ ૐકાર ધ્વનિ' આ 'બનારસીદાસ'નું છે. 'બનારસી વિલાસ' 'મુખ ૐકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે. એ તો ત્યાં નિમિત્તથી કથન કર્યું. જૈનસિદ્ધાંતનો અભ્યાસ કરવો. આખો દિ' વાંચન... વાંચન... વાંચન... વાંચન... વાંચન... માટે એને દઢ પ્રતીતિ થઈ છે એમ નથી. **'તેનું નામ અનુભવ છે, પણ એમ નથી;...'** આહાહા..! અભિક્ષણ જ્ઞાનઉપયોગ કહે છે ને?

મુમુક્ષુ :– આત્મસન્મુખ થવાનો વારંવાર અભ્યાસ કરે...

ઉત્તર :– એ તો અંતરની વાત છે. આ ક્યાં? આ તો જૈનસિદ્ધાંતમાં. ઓલું તો **'स्वम् स्वयम्'** કીધું. પોતાને પોતા વડે અનુભવવો. પણ જૈનસિદ્ધાંતના અભ્યાસથી અનુભવ થાય એમ નથી. આહાહા..! આવી વાત વીતરાગ કરે. આહાહા..! વીતરાગ તો એમ કહે કે, અમારી સામું જોવાથી પ્રભુ! તને રાગ થશે. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. તારા સ્વદ્રવ્યમાંથી છૂટીને અમારા ઉપર લક્ષ આવશે તો તને રાગ થશે. આહાહા..! પ્રભુ! તું તારી સામું જોને અંદર. આહાહા..! પૂર્ણાનંદનો નાથ બિરાજે છે ને અંદર. ભગવત્ સ્વરૂપ. એ પરમાત્મસ્વરૂપ છે, એ પરમાત્મ પ્રકાશ છે. અરે..! આવી વાતને લોકોએ એકાંત કરીને સાંભળવાનું બંધ કર્યું. અરે..રે..! શું થાય? એકાંત છે... એકાંત છે આમાં. આ વ્યવહારની ક્રિયા, વ્રત, તપ કરીએ તો કલ્યાણ થાય એ વ્યવહારની તો ના પાડે છે. કોણ ના પાડે છે? આ શાસ્ત્ર ના પાડે છે? આહાહા..!

જેને આત્માના ભવનો ડર લાગે, ભવનો ડર લાગે. અરે..રે..! ક્યાં અવતાર થશે? એને આ આત્માની ગરજ થાય એ શોભે એવું છે. કીધું ને એમાં? અનાદિ ટેક હું. મારી ચીજને કોઈ પરનો સહારો છે જ નહિ. હું એવો પાંગળો નથી કે મને પરની મદદ હોય તો અનુભવ થાય. એમ કહે છે.

મુમુક્ષુ :– ચિઠ્ઠીમાં આવે છે કે શાસ્ત્ર દ્વારા જાણીને એમાં પરિણામ મદદ કરે.

ઉત્તર :– જાણીને કીધું ને? જાણીને. પણ પછી કરવાનું તો આ બાજુ છે. જાણ્યું એ તો પરલક્ષી જ્ઞાન થયું. અગિયાર અંગ, નવ પૂર્વ અનંતવાર ભણ્યો છે. પણ એની અંદર જાય ત્યારે ઓલાને નિમિત્ત કહેવાયને? એ તો પરલક્ષી જ્ઞાન છે. આહાહા..! પરસત્તાવલંબી જ્ઞાન એ બંધનું કારણ છે. એ આકરી વાત છે, બાપા! પરમાર્થ વચનિકામાં આવે છે. 'બનારસીદાસ' 'પરમાર્થ વચનિકા'. જેટલું પરસત્તાવલંબી જ્ઞાન શાસ્ત્રનું પણ છે એ પરસત્તાના લક્ષે (થયું છે) એ બધું બંધનું કારણ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ આવે છે ને? આહાહા..! સ્વસત્તા ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ, એને આશ્રયે થાય તે જ્ઞાન સમ્યક્ છે. આવી વાતું ભારે, ભાઈ! આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'પણ એમ નથી;...'** આહાહા..! **'જૈનસિદ્ધાંતનો વારંવાર અભ્યાસ કરવાથી...'** અભિક્ષણ જ્ઞાનઉપયોગ. અત્યારે એમ નથી કહેતા? પણ અભિક્ષણ કોને હોય? જેને સમ્યગ્દર્શન અનુભવ છે, એ વારંવાર અભિક્ષણમાં ઉપયોગ કરે છે એ વિકલ્પ છે. અભિક્ષણ જ્ઞાન ઉપયોગ! એનાથી તીર્થંકર ગોત્ર બંધાય. પણ કોને? આહાહા..! આત્મદર્શન–સમ્યગ્દર્શન વિનાનો એકલો વારંવાર શાસ્ત્રનો અભ્યાસ કર્યા કરે એ અભિક્ષણ ઉપયોગ છે જ નહિ. આવે છે ને? ષોડશ કારણ તીર્થંકર ગોત્ર. એમાં આવે છે. અભિક્ષણ જ્ઞાન.. વારંવાર જ્ઞાન.. પણ કોને? જેને આત્મા આનંદનો સ્વાદ આવ્યો છે. એથી એને વિકલ્પ આવે છે એથી પોતાપણે એને નહિ માને. આહાહા..! એવા સમકિતીને વિકલ્પ આવે ત્યારે એ તીર્થંકરગોત્ર બાંધે. પણ છે બંધનું કારણ. આહાહા..! ષોડશ કારણ ભાવના એ વિકલ્પ છે, રાગ છે. તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ધર્મથી બંધાય? આહાહા..! એ તો ઉદયભાવ છે. આહાહા..! આકરી વાતું, બાપા! પ્રભુના મારગડા એ શૂરાના કામ છે, કાયરના કામ નથી અહીં. આહાહા..!

**'જૈનસિદ્ધાંતનો વારંવાર અભ્યાસ કરવાથી દૃઢ પ્રતીતિ થાય છે તેનું નામ અનુભવ છે,...'** એમ કોઈ કહે. **'પણ એમ નથી; મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં...'** આહાહા..! ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે... **'મિથ્યાત્વકર્મનો રસ-પાક મટતાં મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે છે...'** જોયું? નિમિત્તથી પહેલી વાત કરી. કર્મનો રસ ઘટે છે ત્યાં મિથ્યાત્વનો અભાવ (થાય). કર્મ. અહીંયાં મિથ્યાત્વના પરિણામ જે છે એ જ્યારે મટે છે. આહાહા..! ખરેખર તો રાગ જે વિકલ્પ છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ ગુણી ગુણીના ભેદનો. ગુણી એવો ભગવાન અને અંદર ગુણ અનંતજ્ઞાન, એવો વ્યવહારનો ભેદ પડીને જે વિકલ્પ ઊઠે છે... આહાહા..! એ પણ વિકલ્પ તે મારો છે એવી એકત્વબુદ્ધિ એ સંસાર અને મિથ્યાત્વ છે. આવી વાતું છે. વીતરાગ સિવાય ક્યાંય આ વાત છે નહિ. જૈનપરમેશ્વર... લોકોને સમન્વય કરો... સમન્વય કરો.. એમ કહે છે. વેદાંત સાથે, ઈશ્વરકર્તા માને એની સાથે. આ બધા પુણ્યથી ધર્મ માને એની સાથે સમન્વય કરો, બાપુ! કોની સાથે થાય? ભાઈ! આહાહા..!

મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટતા, હોં! ઓલી નિમિત્તથી તો પહેલી વાત કરી. આત્મામાં આત્માને અલ્પજ્ઞપણે અને દયા, દાનના વિકલ્પપણે આત્માને લાભ છે એમ માન્યું છે એ મિથ્યાત્વભાવ છે. **'એ મિથ્યાત્વભાવરૂપ પરિણમન મટે...'** છે ને? **'ત્યારે વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે...'** આહાહા..! બધું ઝીણું. કહો, 'પ્રેમચંદભાઈ'! આમાં વાડામાં ક્યાંય સાંભળવા મળે એવું નથી. સ્થાનકવાસી ઢુંઢીયામાં. પોષા કરો, પડિક્કમણા કરો. પહેલા (સંવત) ૧૯૯૯માં નીકળ્યા હતા ને જ્યારે, પછી ઓલા માસ્તર નહોતા? 'રતિલાલ' માસ્તર. એ કહે કે આ મહારાજ કહે છે એમ જો કહેવા જઈએ તો અપાશ્રયને તાળા દેવા પડે. તે દિ' ૧૯૯૯ની સાલમાં કહે. આહાહા..! બાપુ! આ તો ભગવાન કહે છે. સંસારના તાળા દેવા હોય, બંધ કરવા હોય, મોક્ષ કરવો હોય તો આ માર્ગ છે. આહાહા..! તારી વ્રત,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



તપ, ભક્તિની ક્રિયા અનંતવાર કરી છે. અત્યારે તો એવી છે જ નહિ. નવમી ગ્રૈવેયક ગયો એણે વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ એનો શુક્લલેશ્યા, એવી શુક્લલેશ્યા કે લાંતન દેવલોકમાં શુક્લલેશ્યાવાળો જાય અને આ નવમી ગ્રૈવેયકે જાય. એવી શુક્લલેશ્યા. શુક્લધ્યાન જુદું, હોં! શુક્લલેશ્યા તો અભવિને અને મિથ્યાદૃષ્ટિને હોય છે. આહાહા..! એ તો બંધનું કારણ છે. એવા ભાવ તો અનંતવાર કર્યા છે. એવો શુક્લલેશ્યાનો ભાવ નવમી ગ્રૈવેયકે જાય એવો ભાવ તો અત્યારે કોઈને હોઈ શકે નહિ.

સમ્યગ્દર્શન અને જ્ઞાન અને અંદર ચારિત્રની રમણતા હોઈ શકે. પણ આવો ભાવ જે છે, નવમી ગ્રૈવેયકે જાય એવો ભાવ અત્યારે હોઈ શકે નહિ. આહાહા..! એવું તો અનંત વાર કર્યું. તો પણ એક ભવ ઘટ્યો નથી. અનંત ભવ એમ ને એમ ઊભા રહ્યા. આહાહા..! આંખુ વિંચાય. બાળક પણ મરી જાય છે ને? આહાહા..! ઓલો ૨૬ વર્ષનો નો કીધું? 'અમેરિકા'. કાલે કહ્યું હતું ને? ૨૬ વર્ષનો છોકરો ભણ્યો, 'અમેરિકા'માં ૯૦ ટકે પાસ થયો. 'અમેરિકા'માં પાસ થયો. કુંવારો. હવે અહીં દેશમાં આવીને પરણવું હતું. મોટા ભાઈ ક્યાંક 'અમેરિકા'માં કે 'કેનેડા'માં ક્યાંક હશે. ત્યાં જઈને પછી આવવું હતું. બધું તૈયાર... ત્યાં લોકો કહે એમ ન જવા દઈએ. તમને માન આપશું. ઓ..હો..! તમે આવા કાઠીયાવાડી માણસ ગુજરાતી, એ 'અમેરિકા'માં ૯૦ ટકે પાસ થયા. બહુ માન આપ્યું. આહાહા..! ૧૧ વાગ્યા સુધી તો ધમાધમ (ચાલી). ૧૧ વાગે સૂતો સવારે જ્યાં ઊઠે ત્યાં કાંઈ ન મળે. મડદું. મરી ગયો. ક્યારે દેહની સ્થિતિ પૂરી થશે? આહાહા..! તે કાળ ચોક્કસ છે. એ પહેલા આત્મજ્ઞાન અને આત્મભાન ન કર્યું... આહાહા..! એ ચાર ગતિમાં પિલાઈ જશે, પ્રભુ! ત્યાં કોઈની સિફારીશ નથી લાગુ પડતી.

**'વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે.'** છે? આહાહા..! પહેલું કહ્યું હતું ને? પર્યાયમાં આસ્વાદ આવે છે. આવ્યું હતું ને? **'(દ્રવ્યદૃષ્ટિથી) જેવો હું છું એવો હવે (પર્યાયમાં) આસ્વાદ આવે છે.'** આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદનું દળ છે. એનો અનુભવ થતાં એની પર્યાયમાં પણ એ અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે, એનું નામ અનુભવ અને એમાં માનેલી વાતને સમકિત કહેવાય છે. આહાહા..! અરે..! વાંચતા પણ હજી પોતાની કલ્પનાએ વાંચે. શાસ્ત્ર શું કહે છે એની સામું ન જોવે. પોતાની માનેલી વાત હોય એ ઉપર લઈ જાય. આહાહા..!

**'વસ્તુસ્વરૂપનો પ્રત્યક્ષપણે આસ્વાદ આવે છે તેનું નામ અનુભવ છે. વળી અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે—'** હવે અનુભવશીલ... અનુભવ જેનો સ્વભાવ થઈ ગયો. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ, પ્રભુ! એની પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો અને જેને એ અનુભવનો શીલ સ્વભાવ થઈ ગયો... આહાહા..! સમકિતીને રાગનો સ્વભાવ વિકાર તો છૂટી ગયો. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવને વિકલ્પ આવે, પણ એનો એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કર્તા ન થાય. એનો એ જ્ઞાતા રહે. આવી વાતું આકરી બહુ, ભાઈ! આહાહા..! 'કરે કર્મ સો હિ કરતારા, જો જાણે સો જાણનહારા. જાણે સો કર્તા નહિ હોવે, કર્તા સો જાણે નહિ કોઈ.' આહાહા..! રાગનો વિકલ્પ તો સમકિતીને, મુનિને પણ આવે. પણ એનો એ કર્તા ન થાય. એની રચના મેં કરી એમ ન થાય. આહાહા..! 'કરે કર્મ સોહિ કરતારા...' જે રાગને કરે તે કર્તા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ. આહાહા..! 'જો જાણે સો જાણનહારા.' ધર્મી સમકિતી રાગને જાણનારો પોતામાં રહીને રાગ ભિન્ન છે તેમ જાણે. આહાહા..! 'જાણે સો કર્તા નહિ હોઈ, કર્તા સો જાણે નહિ કોઈ.' આહાહા..! રાગનો કર્તા થાય તે જાણનાર રહેતો નથી, અને જાણનારો તે રાગનો કર્તા થતો નથી. આહાહા..! આવી દેશના! કઈ જાતનો આ ઉપદેશ? બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! ભલે પછી લોકો એને એકાંત કહીને, નિશ્ચયાભાસ છે એમ કહીને (કાઢી નાખે). આહાહા..! જગત સ્વતંત્ર છે. પણ વસ્તુસ્થિતિ છે એ નહિ ફરે. અને એ વસ્તુના માનનારની સંખ્યા ઝાઝી હોય તો સાચું અને ઓછી હોય તો ખોટું એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :– સંખ્યાની સાથે સંબંધ નથી.

ઉત્તર :– સંખ્યાની સાથે સંબંધ નથી. એને સત્તની સાથે સંબંધ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનુભવશીલ જીવ જેવું અનુભવે છે તેવું કહે છે–'** **'मम कश्चन मोहः नास्ति नास्ति'** **'મારે...'** **'कश्चन'** જરા પણ **'દ્રવ્યપિંડરૂપ અથવા જીવસંબંધી ભાવપરિણમનરૂપ જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા સર્વથા નથી,...'** આવી વાત છે. **'મારે દ્રવ્યપિંડ...'** એટલે કર્મ-જડ. **'જીવ સંબંધી ભાવ...'** પુણ્ય-પાપના ભાવ. એ **'જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા...'** આહાહા..! **'તે બધા સર્વથા નથી,...'** જોયું? નાસ્તિ ન અસ્તિ. પાઠ છે ને? 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! પણ વાત એ. એક સમયની પર્યાયની પાછળ આખો સિંધુ ભગવાન! એની તરફ કોઈ દિ' નજરું ગઈ નહિ. એક સમયની પર્યાયમાં બધી રટના અનાદિની. નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ થઈને ગયો મિથ્યાદૃષ્ટિ. એ પર્યાયની રમતું. અંદર એક સમયની પર્યાય પાછળ પ્રભુ મોટો ભગવાન બિરાજે છે. પરમેશ્વર પરમાત્મા. આહાહા..! એ પોતે જ પરમાત્મસ્વરૂપ છે તેની એને નજરું નહિ. આહાહા..! એની નજરમાં તો દયા પાળી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા, ભક્તિ કરી, સંથારા કર્યા. આહાહા..!

એ અહીં કહે છે. ધર્મી જીવ એમ બધા માને છે કે જીવસંબંધી ભાવ. ઓલો દ્રવ્યપિંડ તો કર્મ હતા. અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ **'જીવસંબંધી ભાવપરિણમનરૂપ જેટલા વિભાવરૂપ અશુદ્ધ પરિણામ તે બધા સર્વથા નથી, નથી.'** મારામાં નથી, મને નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**'હવે તે જેવો છે તેવો કહે છે—'** એ તો નથી, નથી આવ્યું. પણ ત્યારે હવે છે શું? એ તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ રાગ છે એ તો બધા. એ તો મારામાં સર્વથા નથી સમકિતી એમ માને છે. આહાહા..! અરે..રે..! આવો વારસો મૂકી ગયા શાસ્ત્રો. સંતો એનો વારસો મૂકી ગયા. પૈસો એનો બાપ મૂકી જાય એ વાત સંભાળે. એય..! પણ આ સંતો, વીતરાગી મુનિઓ દિગંબર મહા. કેવળજ્ઞાનીના કેડાયતો વારસો મૂકી ગયા છે. આહાહા..! એને સમજતા નથી, એને વાંચતા નથી. અને વાંચે તો પોતાની દૃષ્ટિએ એની ખતવણી કરી નાખે. એથી કહે છે ને કે સ્વયં પોતે પોતાની ખબર ન મળે એટલે પછી પરની દૃષ્ટિએ બધો અર્થ કરે. જુઓ! આમ કીધું છે... જુઓ! આમ કીધું છે. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય એમ કીધું છે. શાસ્ત્રમાં એમ આવે છે. વ્યવહાર તે સાધન છે. અરે..! ભાઈ! તો તો રાત્રે ભાઈએ કહ્યું નહિ? બીજી ગાથા. બે ગાથા આવી.

**'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।'** નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમાં મળે છે. તો એનો અર્થ શું થયો? 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭મી ગાથા. 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' 'દ્રવ્યસંગ્રહ'ની ૪૭મી ગાથા. ૪ અને ૭. અને 'નાગસેન'મુનિ'નું 'તત્ત્વાનુશાસન' એની ૩૩મી ગાથા. **'दुविहं पि मोक्खहेउं'** નિશ્ચય અને વ્યવહાર બે મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. એનો અર્થ શું થયો? આહાહા..! અંતર સન્મુખમાં જ્યારે ધ્યાનમાં છે ત્યારે આનંદની દશા પ્રગટે છે, તે કાળે તેને નિશ્ચય કહીએ અને જે કાંઈ રાગ બાકી છે તેને વ્યવહાર કહીએ. પણ વ્યવહાર છે માટે નિશ્ચય થયો એ તો આમાં કાંઈ આવ્યું નહિ. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :– 'જયસેનાચાર્ય' તો તેમ કહે છે.

ઉત્તર :– હા એ તો વસ્તુ છે એનો નકાર બતાવે છે. એનો અભાવ કરીને થાય છે. અને એનાથી થાય એ વ્યવહારનયનું કથન છે. ખબર છે ને. પણ અહીં તો 'નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી' એ આ કહ્યું. 'દ્રવ્ય સંગ્રહ'માં. નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગ ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. ત્રિકાળી ચૈતન્ય ભગવાનનું જ્યાં અંદર ધ્યાન લાગે છે ત્યારે તેની પર્યાયમાં ચિત્ એનો આત્માના આનંદનો સ્વાદ આવે છે. એનું નામ સમકિત જ્ઞાન-ચારિત્ર તે નિશ્ચય અને તે કાળે હજી પૂર્ણ થયો નથી એટલે હજી રાગ બાકી છે. એ રાગને વ્યવહાર કહેવામાં આવે છે. ધ્યાનમાં આ બેય થાય છે. એમાં આ વળી વ્યવહારથી નિશ્ચય થયો એ ક્યાંથી આવ્યું? તો બીજે ઠેકાણે કહે કે વ્યવહારથી નિશ્ચય છે અને અહીં કહે કે વ્યવહાર નિશ્ચય સાથે (પ્રગટ થાય) તો તો વિરોધ થઈ ગયો. પૂર્વાપર સિદ્ધાંતનો વિરોધ થઈ ગયો એ તો. વીતરાગ માર્ગમાં ક્યાંય વિરોધ હોય નહિ. દિગંબર સંતોની વાણીમાં ક્યાંય ત્રણકાળમાં, ત્રણલોકમાં વિરોધ હોય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! આવું સ્વરૂપ. એક કલાકમાં કંઈક જાતની વાતું આવે. અરે..રે..! શું થાય? ભાઈ!

કહે છે, **'સર્વથા નથી, નથી. હવે તે જેવો છે તેવો કહે છે–' 'शुद्धचिद्घनमहोनिधिरस्मि' 'સમસ્ત વિકલ્પોથી રહિત...'** હું તો વિકલ્પની વૃત્તિઓથી રહિત ત્રિકાળી છું. **'चित्' 'ચૈતન્યના...' 'ઘન' 'સમૂહરૂપ...'** હું તો ચૈતન્યનો ઘનસમૂહ છું. આહાહા..! જેમ શક્કરકંદમાં સાકરની કંદનો મીઠાશ છે. એ લાલ છાલ છોડીને. શક્કરિયા–શક્કરકંદ. એકલી મીઠાશનો પિંડ. એમ હું. પુણ્ય-પાપના ફોતરા જે છાલ, તેનાથી રહિત છું. ફોતરા સમજ્યા? છીલકા.**'સમસ્ત વિકલ્પોથી રહિત...'** એ છાલથી. **'ચૈતન્યના સમૂહરૂપ...'** ચૈતન્યનો ઘન. **'महः' 'ઉદ્યોતનો સમુદ્ર હું છું.'** આહાહા..! 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' પર્યાય જેટલો ન કીધું. આ તો મોટો 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! પહેલા તો 'મોહકર્મ નાંહિ નાંહિ...' કહ્યું. એ વિકલ્પો આદિ હું નથી. ત્યારે હું છું કોણ? **'સમસ્ત વિકલ્પોથી રહિત...' 'शुद्ध'** ની વ્યાખ્યા કરી. **'चित्' 'ચૈતન્યના સમૂહરૂપ...'** જ્ઞાનદર્શનના પિંડરૂપ. **'महः' 'ઉદ્યોત...'** ચૈતન્યના તેજનો નિધિ. ચૈતન્યના તેજનો નિધાન સમુદ્ર છું. આહાહા..! **'ઉદ્યોતનો સમુદ્ર...' 'अस्मि' 'હું છું.'** આહાહા..! એક એક શ્લોકમાં તો કેટલું...! મધ્યસ્થથી, શાંતિથી સ્વાધ્યાય કરે તો ખબર પડે કે મારી લાઈન શું છે ને આ વસ્તુ શું કહે છે? આહાહા..!

**'ભાવાર્થ આમ છે–કોઈ જાણશે કે બધાયનું નાસ્તિપણું થાય છે,...'** નથી.. નથી.. નથી... પણ કાંઈ છે કે નહિ? ભેદ પણ નથી, વિકલ્પ પણ નથી, રાગ પણ નથી. કર્મ પણ નથી, શરીર નથી. હવે નથી-નથી. મતલબ નાસ્તિ થઈ. **'તેથી એમ કહ્યું કે શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ પ્રગટ છે.'** ત્રિકાળી આનંદકંદ પ્રભુ વસ્તુ છે એ અસ્તિ છે. એ દૃષ્ટિનો વિષય છે તે વસ્તુ છે. તે દૃષ્ટિમાં આવી છે. આહાહા..! શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનરૂપ એકલી જ્ઞાનરૂપ માત્ર વસ્તુ પ્રગટ છે. વસ્તુ તો વસ્તુ છે એ તો અપ્રગટ ઢંકાઈ ગઈ છે? આહાહા..! એમ જ્ઞાની પોતાના આત્માને સમકિતી અનુભવે છે. એને સમકિતી કહીએ અને એને ધર્મી કહીએ. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(માલિની)

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तेः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

**ખંડાન્વય સહિત અર્થ :– 'एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः' (एव) નિશ્ચયથી જે અનાદિનિધન છે એવું (अयम्) આ જ (उपयोगः) જીવદ્રવ્ય (स्वयम्) જેવું દ્રવ્ય હતું તેવું**

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શુદ્ધપર્યાયરૂપ (प्रवृत्तः) પ્રગટ થયું. ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું; હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું. કેવું થતાં શુદ્ધ થયું ? 'इति सर्वैः अन्यभावैः सह विवेके सति' (इति) પૂર્વોક્ત પ્રકારે (सर्वैः) શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં સમસ્ત (अन्यभावैः सह) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મથી (विवेके) શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું (सति) થતાં. ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનાને તપાવતાં કાલિમા જતી રહેવાથી સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે તેમ મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે. કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે? 'एकम् आत्मानम् बिभ्रत्' (एकम) નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપ વસ્તુ એવો જે (आत्मानम्) આત્મસ્વભાવ તે-રૂપ (बिभ्रत्) પરિણમી છે. વળી કેવો છે આત્મા? 'दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः' (दर्शन) શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ, (ज्ञान) જાણપણું, (वृत्तैः) શુદ્ધ પરિણતિ–એવાં જે રત્નત્રય તે-રૂપે (कृत) કર્યું છે (परिणतिः) પરિણમન જેણે એવો છે. ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર? 'प्रकटितपरमार्थैः' (प्रकटित) પ્રગટ કર્યો છે (परमार्थैः) સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવાં છે. ભાવાર્થ આમ છે કે 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે અને તે જ પ્રમાણ છે. વળી કેવો છે શુદ્ધજીવ? 'आत्माराम' (आत्म) પોતે જ છે (आराम) ક્રીડાવન જેનું એવો છે. ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું, સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે. ૩૧.

**અષાઢ વદ ૧૨, બુધવાર તા.૧૩.૦૭.૧૯૭૭**
**કળશ - ૩૧, પ્રવચન - ૩૯**

'કળશ ટીકા' ૩૧મો કળશ છે.

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

શું કહે છે? 'एव अयम् उपयोगः स्वयम् प्रवृत्तः' જીવ અધિકારના આ બધા છેલ્લા કળશ છે ને? **'નિશ્ચયથી જે અનાદિનિધન...'** 'एव' છે ને? 'एव' નિશ્ચય. ભગવાનઆત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિઅનંત જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ! **'એવું આ જ...'** **'ઉપયોગઃ'** એટલે શુદ્ધ **'જીવદ્રવ્ય...'** અનાદિઅનંત આ જીવદ્રવ્ય. **'સ્વયમ્'** **'જેવું દ્રવ્ય હતું તેવું શુદ્ધપર્યાયરૂપ...'** સ્વયં **'પ્રગટ થયું.'** આહાહા..! શક્તિરૂપે તો શુદ્ધ હતું. ચૈતન્યદ્રવ્ય વસ્તુ સ્વભાવે પવિત્ર અને શુદ્ધ જ છે. પણ તેનું ભાન થતાં, તેના સન્મુખની દૃષ્ટિ-જ્ઞાન અને ચારિત્રનું પરિણમન કરતા, એની પર્યાયમાં શક્તિમાંથી વ્યક્તતા આવી.

ફરીને. **'શુદ્ધપર્યાયરૂપ પ્રગટ થયું.'** એમ કીધું ને? જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું. જુઓ! અત્યારે એને ના પાડે છે. કેટલાક, હોં! બધા નહિ. 'મખનલાલજી' અને 'રતનચંદજી' એમ કહે છે કે જીવ તો પુણ્ય-પાપપણે જ્યારે થાય ત્યારે અશુદ્ધ જ દ્રવ્ય થઈ જાય છે.

મુમુક્ષુ :– જીવમાં અનાદિનું અશુદ્ધપણું છે ને!

ઉત્તર :– અનાદિનો અશુદ્ધ પર્યાયમાં છે, વસ્તુમાં તો અશુદ્ધ ક્યાં છે? દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ છે. અહીં કીધું ને? જુઓ!

**'જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું...'** શક્તિરૂપ તો એનો સ્વભાવ, એનો જે ત્રિકાળીભાવ એ તો પવિત્ર અને શુદ્ધ જ છે. ભૂલ છે અને ભૂલ ભાંગે છે એ બધી પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એ તો આપણે ૩૨૦ મી ગાથામાં આવી ગયું નહિ? એ શુદ્ધ જીવદ્રવ્ય જે વસ્તુ છે, એ તો મોક્ષના પરિણામને પણ કરતું નથી. કારણ કે મોક્ષના પરિણામ તો પર્યાય છે અને વસ્તુ તો ધ્રુવ ત્રિકાળ છે. આહાહા..! એનું અસ્તિત્વ. વસ્તુનું અસ્તિત્વ એટલે હોવાપણું. આત્માનું હોવાપણું ત્રિકાળ છે એ તો શુદ્ધ જ છે. આહાહા..! શુદ્ધ ન હોય તો શુદ્ધતા પર્યાયમાં– અવસ્થામાં–શુદ્ધતા આવશે ક્યાંથી? કાંઈ શુદ્ધતા બહાર છે? આહાહા..! પણ જગતને આ પ્રતીત થવું આકરું, ભાઈ! મલિન પરિણામ કાળે પણ વસ્તુ તો શક્તિએ શુદ્ધ જ છે. આહાહા..!

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણેન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિયમાં જીવ રહ્યો, પણ એ તો પર્યાય છે. વસ્તુ તો તેમાં પણ શુદ્ધ ત્રિકાળ શક્તિ પડી જ છે. આહાહા..! નિગોદમાં, લીલ, ફૂગમાં, આ લીમડો રહ્યો. લીમડો છે ને? નીમ. તેનું એક પાંદડું, એમાં અસંખ્ય જીવ છે. અસંખ્ય શરીર છે અને શરીરદીઠ એક જીવ છે. એક પાંદડું, હોં! એક પાન. એમાં અસંખ્ય તો શરીર છે અને એક એક શરીરમાં એક એક જીવ છે.

મુમુક્ષુ :– ... નિગોદ છે?

ઉત્તર :– નિગોદ નહિ. એ તો પ્રત્યય છે. નિગોદ તો લીલ, ફૂગને એ છે. આ તો પ્રત્યય છે. એક શરીરમાં એક જીવ. કહ્યું ને? એક શરીરમાં એક જીવ તો પ્રત્યય છે. અને આ લીલ, ફૂગ, કાય, લસણ, ડુંગળી. એનો એક રાય જેટલો કટકો હોય, તો એમાં પણ અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. એ સાધારણ છે. આહાહા..! એ અનંત જીવનો શ્વાસ એક આયુષ્ય સરખું... આહાહા..! એની શક્તિ જે છે એ તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બધાની ભિન્ન છે. આહાહા..! જેનો સ્વભાવ છે, સ્વભાવ છે. એની શક્તિના સામર્થ્યની પૂર્ણતા જ હોય એને. એનું ક્ષેત્ર મોટું-નાનું એમ નથી. કે ભાઈ મોટું ક્ષેત્ર એટલે એની શક્તિ મોટી. આકાશમાં અનંત વ્યાપક આકાશ છે, જ્યાં અંત નથી પણ એની એ શક્તિ શુદ્ધ છે. આકાશ તો પર્યાયે પણ શુદ્ધ છે. આ આટલામાં આટલો રહેલો નિગોદમાં... આહાહા..!

અનંત-અનંત એક એક શરીરમાં અનંત અનંત આત્માઓ. અને એક એક આત્મા પર્યાયમાં અપૂર્ણ ને અક્ષરમા અનંતમે ભાગે વિકાસ છે. નિગોદમાં લસણ, ડુંગળી. પણ શક્તિ તો એની પૂર્ણ છે. દ્રવ્યરૂપ વસ્તુ છે, શક્તિ છે એ તો શુદ્ધ જ છે. આહાહા..! વિશ્વાસ આવવો, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલું, જાણેલું, અનુભવ્યું અને પછી વાણીમાં આવ્યું. આહાહા..! એનો વિશ્વાસ આવવો. આહાહા..! આમ જુઓ તો અત્યારે લીલોતરી... લીલોતરી આમ જામી ગઈ, જુઓ! ચારે કોર વરસાદ એવો આવ્યો છે ને. મોલ ને અને ઘાસને જોવે એવો વરસાદ આવે છે. લીલુછમ થઈ ગયું છે. પણ એ લીલાછમમાં પાંદડે પાંદડે અસંખ્ય જીવ છે. એ લીલા ઘાસનો એક કટકો લ્યો, તો એ કટકામાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં એક એક જીવ. અને લસણ અને ડુંગળીનો એક રાય જેટલો કટકો લ્યો, અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ. આહાહા..! અને તે એક એક જીવ શક્તિએ, સ્વભાવે, સામર્થ્યે પરિપૂર્ણ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેની સત્તા બહુ લાંબી એમાં એની શક્તિ ઘણી, અને જેની સત્તા ક્ષેત્રથી થોડી ટૂંકી, એની શક્તિ ઓછી એવું કાંઈ નથી. આહાહા..!

એ અહીં કહે છે. આ અનાદિનિધન વસ્તુ. **‘આ જ...’** **‘उपयोगः’** એટલે **‘જીવદ્રવ્ય...’** **‘स्वयम् प्रवृत्तः’** આહાહા..! સ્વયં જેવું શુદ્ધ હતું તે રૂપે પ્રગટ થયું. આહાહા..! કૂવામાં પાણી હતું એ એના હોજમાં આવ્યું. આહાહા..! એમ આ અંતરમાં શક્તિ ભગવાન અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંત શ્રદ્ધાસ્વરૂપ, અનંત શ્રદ્ધાસ્વરૂપ (છે). અનંત શાંત... શાંત... શાંત... અવિકારી સ્વભાવ શાંત રસ શક્તિએ પૂર્ણ પડી છે. એ હવે કહે છે કે પર્યાયમાં પ્રગટ થયો. પડદાની આડમાં હતો. આહાહા..! .... નાટકમાં છે. એક માણસ નાટકમાં આવે અને પડદો આડો રાખે ત્યાં સુધી કોણ છે એ દેખાય નહિ. પડદો કાઢી નાખે એટલે ઓ..હો..! આ તો રાજા છે, આ પીંગળા રાણી છે. એમ આ ભગવાનઆત્મા એક સમયની પર્યાયમાં જેની રુચિ અને અસ્તિત્વનો વિશ્વાસ, એવી જે મિથ્યાત્વરૂપી ચાદર આડી... આહાહા..! એમાં ભગવાન શક્તિસ્વરૂપ એ ઢંકાઈ ગયો છે. છતી ચીજ છે. આ તો પહેલા આવી ગયું છે ને પહેલું? મરણ પ્રાપ્ત થઈ ગયો. આહાહા..! ખજાને અનંત આનંદ, અનંતજ્ઞાન શક્તિની શુદ્ધ ચૈતન્યવસ્તુ છે એ. એને મરણ પ્રાપ્ત થઈ રહ્યું છે. એને રાગ અને દયા, દાનના વિકલ્પની અલ્પજ્ઞદશા, એની રુચિમાં આ નથી એમ થઈ ગયું છે. આહાહા..! આવો માર્ગ છે. એ છે એમ જ્યાં પ્રતીતમાં, અનુભવમાં, રમણતામાં આવ્યું એ મોક્ષનો માર્ગ. એ શક્તિરૂપે

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જે છે એનો અંતરમાં, સમ્યગ્દર્શનમાં એ શક્તિનો વિશ્વાસ આવ્યો, એ શક્તિનું જ્ઞાન આવ્યું અને એ શક્તિમાં રમણતા થઈ પર્યાયમાં. આહાહા..! શક્તિ તો શક્તિ છે. સમજાણું કાંઈ? એ **'प्रवृत्तः' 'પ્રગટ થયું.'** આહાહા..! હતું તે બહાર આવ્યું.

**'ભાવાર્થ આમ છે કે જીવદ્રવ્ય શક્તિરૂપે તો શુદ્ધ હતું...'** જુઓ! કેટલાક પંડિતો ના પાડે છે. એને વાંધા આવે છે. પર્યાયમાં અશુદ્ધતા (થતાં) દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. ભાઈ! એ તો વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! ચૈતન્યશક્તિનું તત્ત્વ, એ અતીન્દ્રિય આનંદની શક્તિનું તત્ત્વ, એ તો ત્રિકાળ શુદ્ધ છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ તો ત્રિકાળ પડ્યો છે. એ અતીન્દ્રિય આનંદ છે એનો અર્થ એ કે શુદ્ધ છે. રાગ ઉત્પન્ન થાય તે દુઃખ અને અશુદ્ધ છે. વસ્તુ તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ તે શુદ્ધ કહો, આનંદ કહો. આનંદના પવિત્રતાનો પિંડ કહો. ઓહોહો..! એ અંદરમાં ભરોંસે આવી. સમ્યગ્દર્શનમાં એની પ્રતીતિ થઈ. સમ્યગ્જ્ઞાનમાં તેનું જ્ઞાન થયું અને સમ્યક્ચારિત્રમાં તે બાજુની લીનતા થઈ. એ પ્રગટ થયું, એ પ્રગટ થયું. આહાહા..!

**'શક્તિરૂપે તો શુદ્ધ હતું પરન્તુ કર્મસંયોગપણે અશુદ્ધરૂપ પરિણમ્યું હતું;...'** જોયું? કર્મના નિમિત્તના સંગે પોતે પોતાથી અશુદ્ધપણે પરિણમ્યું હતું. આહાહા..! **'હવે અશુદ્ધપણું જવાથી જેવું હતું તેવું થઈ ગયું.'** આહાહા..! **'કેવું થતાં શુદ્ધ થયું?' 'इति सर्वैः अन्यभावैः सह विवेके सति' 'इति' 'પૂર્વોક્ત પ્રકારે...' 'सर्वैः' 'શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં સમસ્ત...'** અન્યભાવ. જડકર્મ. ભાવ એટલે પુણ્ય-પાપના ભાવકર્મ. આહાહા..! આકરી વાતું છે. આ ભાવકર્મથી ભિન્ન પડી ગયું. **'सर्वैः'** શબ્દ છે ને? **'सर्वैः'** એટલે કર્મ, શરીર અને ભાવકર્મ. ભાવકર્મ એટલે શુભ-અશુભભાવ, પરિણામ. એ બધા વિકારી ભાવ અને **'નોકર્મ...'** શરીર-વાણી. એનાથી **'विवेके'** ભિન્ન પડ્યું. **'શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું...' 'विवेके'** નો અર્થ ભિન્ન. **'શુદ્ધ ચૈતન્યનું ભિન્નપણું થતાં.'** આહાહા..! એ વિકારી પરિણામથી પણ મારો પ્રભુ ભિન્ન છે. એમ જ્યાં સમ્યગ્દર્શનમાં ભેદજ્ઞાન થયું (તો વિભાવથી જુદો પડી ગયો). આહાહા..!

**'ભાવાર્થ આમ છે...'** ભિન્નપણું થતાં. એમ છે. શું કીધું? **'सर्वैः' 'શુદ્ધ ચિદ્રૂપમાત્રથી ભિન્ન એવાં...'** ભાવથી ભિન્નપણું થતાં. ભિન્નપણું થતાં પ્રગટ થયું. એમ કહ્યું. આહાહા..! **'ભાવાર્થ આમ છે કે જેમ સુવર્ણના પાનાને તપાવતાં...'** સોનાના કાગળ જેવા પાતળા પાના કરે છે ને? સોનાને ટીપી ટીપીને કાગળ જેવા પાતળા (કરે). સોનાને ટીપી ટીપીને પાતળા પાના કરે છે. **'તપાવતાં કાલિમા જતી રહેવાથી...'** એમાં મેલ નાશ થઈ જાય છે. આહાહા..! **'સહજ જ સુવર્ણમાત્ર રહી જાય છે.'** એકલું સોનું. સોળ વલું. મેલ નીકળતા એકલું પાનું સોળ વલું સોનું રહી જાય છે.

**'તેમ મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણામમાત્ર જતાં...'** મોહ એટલે મિથ્યાત્વ. રાગથી મને લાભ થશે એવી મિથ્યા માન્યતા, એનો નાશ થતાં સ્વરૂપની અંતરની પૂર્ણતાની પ્રતીતિ થતાં,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગ-દ્વેષનો નાશ થતાં સ્વરૂપમાં વીતરાગપણે સ્થિરતા થતાં. **'વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ...'** આહાહા..! જેમ સોનાના પાનમાં ટીપતા અને ઊના કરતા કરતા જેમ કાલિમા જઈને એકલું સોનું રહી જાય છે. એમ ભગવાનઆત્મા જડકર્મ-ભાવકર્મ-નોકર્મને ભિન્ન કરી અને એકલો ભગવાનઆત્મા જ્યાં રહી જાય છે. આહાહા..! એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એણે તપાવ્યું. એની મલિનતા ગઈ. આહાહા..! આવે છે ને? 'સમરસ નિર્મળ નિર, ધોબી અંતર આત્મા, ધોવે નિજ ગુણ ચીર.' આહાહા..! એમાં પહેલું શું આવ્યું? 'ભેદજ્ઞાન સાબુ ભયો...' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ રાગનો વિકલ્પ છે, એનાથી પણ ભિન્ન થયો ત્યારે ભેદજ્ઞાન થયું. 'ભેદજ્ઞાન સાબુ ભયો નિર્મળ સમરસ નીર.' સમરસ નિર્મળ નીર. સમતા થઈ સમતા. પુણ્ય-પાપના વિકલ્પો ગયા અને અહીં વીતરાગતા પ્રગટી. આહાહા..! 'સમરસ નિર્મળ નીર, ધોવે અંતર આત્મા...' 'ધોવે અંતર આત્મા...' ધોબીનો અર્થ અહીં ધોનાર. ધોનાર અંતર આત્મા ધોબી એ પોતે. આહાહા..! 'ધોવે નિજ ગુણ ચીર.' નિર્મળાનંદ પરમાત્માની શક્તિઓ, એની પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરી. આહાહા..! સમજાણું કાંઈ?

**'વિભાવપરિણામમાત્ર જતાં સહજ જ શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે.'** આહાહા..! શું રહી જાય છે? જીવવસ્તુ. આહાહા..! અહીં તો મોક્ષની વાત લે છે. 'સમયસાર નાટક'માં તો સમકિતની વાત લે છે. 'સમયસાર નાટક' આ શ્લોકમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (લે છે), બસ. આહાહા..! **'શુદ્ધ ચૈતન્યમાત્ર રહી જાય છે. કેવી થતી થકી જીવવસ્તુ પ્રગટ થાય છે?'** **'एकम् आत्मानम् बिभ्रम्' 'बिभ्रत्' 'बिभ्रत्'** એ 'પંડિતજી'! શું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :— ... પરિણમી એમ કહ્યું છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. તો એમ જ સમજે. આહાહા..! ... સંસ્કૃતમાં. **'बिभ्रत्'** એટલે ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આહાહા..!

વસ્તુ સ્વરૂપ જેવું શુદ્ધ ચૈતન્યઘન છે, તેને પરિણતિમાં તેવું લઈ લીધું. આહાહા..! આનું નામ મોક્ષનો માર્ગ અને એના ફળ તરીકે મોક્ષ. આહાહા..! નિર્ભેદ **'एकम् आत्मानम् बिभ्रत्'** **''एक'** એટલે શુદ્ધ જીવવસ્તુ. **'નિર્ભેદ-નિર્વિકલ્પ...'** શુદ્ધ જીવવસ્તુ. **'एकम्'** કહ્યું છે ને? ભેદ વિનાની, વિકલ્પ વિનાની **'ચિદ્રૂપ વસ્તુ...'** એક અભેદ ત્રિકાળ. આહાહા..! **'એવો જે આત્મસ્વભાવ...'** એવો આત્મસ્વભાવ ત્રિકાળ, હોં! આહાહા..! **'તે-રૂપ પરિણમી છે.'** હવે પર્યાય આવી. જે ત્રિકાળ શુદ્ધ સ્વભાવ છે. **'નિર્ભેદ-નિર્વિકલ્પ ચિદ્રૂપવસ્તુ...'** જ્ઞાનરૂપ વસ્તુ ધ્રુવ, એ રૂપે પર્યાયમાં પરિણમી છે હવે. આહાહા..! હજી તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ નામ શું છે? ક્યાં પર્યાય? મોક્ષનો માર્ગ છે એ પર્યાય છે. એ વસ્તુ તો ત્રિકાળ હતી. પણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયપણે પરિણમી ત્યારે મોક્ષમાર્ગ થયો. સમજાણું કાંઈ?

**'बिभ्रत्' 'એવો જે આત્મસ્વભાવ...' 'आत्मानम्'** એ રૂપે પરિણમી અવસ્થા, જીવવસ્તુ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ, વીતરાગ પરિણામપણે વસ્તુ (પરિણમી). વસ્તુ તો વીતરાગસ્વરૂપ જ હતી. જિન તે જિનવર ને જિનવર તે જિન. આ જિનસ્વરૂપ તે ભગવાન જિનવર છે અને જિનવર તે જિન હતા. જિન. એ જિનસ્વરૂપી વીતરાગ એની જ્યાં પ્રતીતિ, જ્ઞાન અને રમણતા (થયા) એ પણ વીતરાગભાવે પરિણમી. જેવો એનો વીતરાગ જિનસ્વભાવ છે, એવી એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં વીતરાગરૂપે પર્યાય પરિણમી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. ઓલું બહારનું સહેલું સટ હતું. એક જણો બિચારો આવતો હતો વીરમગામનો. અમે વ્રત પાળીએ, અપવાસ કરીએ, પડિમા લઈએ. એ પડિમા કહેતો નહોતો. એ શ્વેતાંબર હતો. આ ભક્તિ કરી આ શેત્રુંજયની. આમ કેવી ભક્તિ! આહાહા..! હવે તમે કહો કે એ ધર્મ નથી. આ માર્યું આડુ કહે છે. અમારે એવું સહેલું હતું. ત્યાં સલવાઈ ગયા હતા, બાપુ! એ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! એ તો ભાવકર્મ છે.

એક વળી સ્થાનકવાસી આવ્યો હતો. શેત્રુંજ્ય જઈએ તો.. આહાહા..! એલા પણ તમે તો પ્રતિમાને માનો નહિ. એ વળી એમ કહેતો હતો. એનો કાર્યવાહક હતો. આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે, હોં! એ (સંવત) ૧૯૬૯ની સાલની વાત છે. જઈએ આમ શાંત... શાંત... ભગવાન આમ દેખાય. વાતાવરણ. ભગવાનનું વાતાવરણ બહાર ક્યાં હતું? આહાહા..! સ્થાનકવાસી હતા. એ 'બોટાદ'માં મળ્યા હતા. ૧૯૬૯ની સાલની વાત છે. દીક્ષા લીધા પહેલાની વાત છે. આહાહા..! કાંઈક કાંઈક લોકો બિચારા ભ્રમણામાં. ત્યાં વાતાવરણ એવું છે માટે પરિણામ સારા થાય. ભાઈ! તે વખતે પરિણામ શુભ છે. ચાહે તો સમવસરણમાં ભગવાનની ભક્તિ કરે. સાક્ષાત્ ત્રિલોકનાથના સમવસરણમાં અનંતવાર ગયો છે, અનંત વાર પૂજા કરી છે. આહાહા..! મણિરતનના થાળ, હીરાના થાળ, મણિરતનના દીવા, કલ્પવૃક્ષના ફૂલે ભગવાનની પૂજા સમવસરણમાં અનંતવાર કરી છે. પણ એ તો પરદ્રવ્યનું લક્ષ, એ તો શુભભાવ છે. એ કાંઈ ધર્મ નથી. અર..ર..! લોકોને આકરું પડે. લોકોને જ્યાં ઊભા રાખ્યા છે ત્યાંથી ખસવાનું કઠણ પડે. આવે, ભાવ આવે. જ્ઞાનીને પણ એવો ભાવ હોય, પણ એ ભાવ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

અહીંયાં તો વસ્તુ છે એવી પર્યાયમાં પરિણમી ગઈ. એનું નામ મોક્ષમાર્ગ છે. પરિણમી છે ને? કીધું ને? આહા..! **'વળી કેવો છે આત્મા?' 'दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः'** આહાહા..! **'શ્રદ્ધા-રુચિ-પ્રતીતિ,...'** સમ્યગ્દર્શન. અંતર સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થઈ. આનંદના સ્વાદમાં, આત્મા આનંદનો સ્વાદ લઈને એની પ્રતીતિ થઈ એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! આનંદનું જ્ઞાન થઈને એમાં રમણતા થઈ એ જ્ઞાન. જાણપણું છે ને? એ ત્રિકાળી આનંદનો નાથ ભગવાન, તેનું જ્ઞાન તેને જ્ઞાન કહીએ. એ રૂપે આત્મા પરિણમ્યો. એમ કહે છે. આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અને શુદ્ધ પરિણતિ એ ચારિત્ર. છે ને? **'વૃત્તૈ:'** **'શુદ્ધ પરિણતિ–એવાં જે રત્નત્રય...'** એ નિશ્ચય, હોં! આ **'વૃત્તૈ:'** એટલે વ્રતનો વિકલ્પ નહિ. આનંદસ્વરૂપનો નાથ ભગવાન, એની અંતરમાં પ્રતીતિ અને જ્ઞાનમાં રમણતા થવી, એનું નામ ચારિત્ર છે. આહાહા..! નિશ્ચય સત્ય વ્રત તો એ છે. આ સમ્યગ્દર્શન વિનાના વ્રત એ બધા વિકલ્પને આસ્રવ છે. અને સમ્યગ્દર્શન સહિતના પણ વ્રત અને વિકલ્પ હોય એ પણ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું છે. છે ને?

**'दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः'** **'કર્યું છે પરિણમન જેણે...'** પોતે પુરુષાર્થથી કર્યું છે એમ કહે છે. **'કર્યું છે પરિણમન જેણે...'** એમ છે ને? તે કર્મને લઈને કર્મ ખસ્યા માટે થયું છે, એમ નથી. તેમ વ્યવહાર રત્નત્રયનો રાગ હતો માટે આ કૃત પરિણમન થયું છે, એમ નથી. **'कृतपरिणतिः'** **'શુદ્ધ પરિણતિ–એવાં જે રત્નત્રય...'** સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા રત્નત્રય સાચા, નિશ્ચયથી સત્ય, **'તે રૂપે કર્યું છે પરિણમન જેણે...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી છે તે પર્યાયમાં જ્ઞાનનું પરિણમન થવું. શ્રદ્ધાસ્વરૂપી આત્મા છે, તે પર્યાયમાં શ્રદ્ધાનું, જ્ઞાનનું, એટલે આત્માનું શ્રદ્ધારૂપે પરિણમન નિર્વિકલ્પ થવું. સમજાણું કાંઈ? આહાહા..! અને જે સ્વરૂપ છે તેવી ચારિત્રની રમણતા (થવી). ચારિત્ર એટલે રમવું, ચરવું. આનંદનો ખોરાક લેવો, અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન કરવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! ગજબ વાતું છે. સમજાણું કાંઈ?

'દિલ્હી'માં એ ચર્ચા 'વિદ્યાનંદજી' સાથે થઈ હતી. એ આવે છે ને? એ 'સમયસાર'ની ૧૫૫મી ગાથામાં આવે છે ને? **'जीवादिसदहणं'** એમ કે **'जीवादिसदहणं'** એ સમ્યગ્દર્શન કહ્યું છે. કીધું એમ નથી એમાં જુઓ. જુઓ એમાં આગળ. **'जीवादिसदहणं'** એ રૂપે આત્માનું જ્ઞાનરૂપે, શુદ્ધરૂપે પરિણમન એનું નામ સમ્યગ્દર્શન છે. ૧૫૫મી ગાથા છે. ત્યાં આ વાત ચાલી. ત્યાં એ વખતે એ ભાઈ હતા 'જિનેન્દ્ર વર્ણી'. આ પુસ્તક બનાવ્યું છે ને? કોષ બનાવ્યો છે. શ્રમણ કોષ, શ્રમણ સૂત્ર બનાવ્યું છે. પણ એમાં બધા ગોટા. શ્રમણ સૂત્રના વખાણ કર્યા. ઓલા વિનોબાજીએ કહેલું, શ્રમણ સૂત્ર બનાવવું. પણ એમાં શ્વેતાંબરના, દિગંબરના બધા ભેગા મિશ્રિત નાખ્યું છે. આહાહા..! શ્રમણ સૂત્ર. 'ગીતા'ની જેમ એ જૈનની ગીતા કહેવાય એ. આધાર તરીકે કેટલાક શ્વેતાંબરના શ્લોકો એમાં નાખ્યા છે. શ્વેતાંબરના શાસ્ત્રો જ કલ્પિત કરેલા છે. એ ભગવાનના શાસ્ત્ર નથી, સમકિતીના નથી. પણ હવે એ વાત કોને (બેસે)? સમજાણું કાંઈ? હવે એનો આધાર દઈને સંપ્રદાયમાં ચલાવવું એ માર્ગ નથી.

દિગંબર સંતોએ જે કાંઈ કહ્યું હોય, ભલે વ્યવહારથી કહ્યું હોય. જે નયે કહ્યું તે પ્રમાણે એને શાસ્ત્રોમાં આધાર દેવો. દિગંબર શાસ્ત્રોમાં ક્યાં ઓછપ છે? ક્યાં ઊણપ છે? કેટલું પડ્યું છે. ઢગલા પડ્યા છે. આહાહા..! ૪૦ ભાગ તો ધવલના આવ્યા છે. જય ધવલ, ધવલ, મહા ધવલ. કેટલા પુસ્તકો પડ્યા છે. ઓહોહો..! દરિયા છે દરિયા.

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહીં કહે છે કે અહીં તો એકલો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલો, કહેલો શક્તિરૂપ પરમાત્મા પોતે, એનું પર્યાયમાં શુદ્ધ પરિણમન થવું, તેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**પરિણમન જેણે એવો છે.**' આહાહા..! એવો આત્મા છે એમ કહ્યું. જરીક આણે આમાં કાંઈક કર્યું છે ખરું. આમાં કળશ ટીકામાં નહિ, આમાં નાખ્યું છે. ભાઈ 'ગજાધર'. 'ગજાધર'ને? 'કે મૂલમેં પ્રગટિત પરમાર્થી...' છે ને? 'યહ પદ દર્શન-જ્ઞાન.. વિશેષણ હૈ. સંસ્કૃત ટીકાકારને ભી ઐસા હી કિયા હૈ. પરંતુ જિસ સમય ઇસ પદ કા સમાસપૂર્વક અર્થ કરને લગે હે, ઉસમેં ઉન્હોંને આત્મા કા વિશેષણ કર દિયા.' એ એમ કહે છે કે ફેર છે. 'નહિ જાન પડતા ઐસા ક્યું હુઆ? ઉન્હે પ્રસ્થાન પદ હી મીલા થા તો આત્મા કા વિશેષણ કરના યોગ્ય થા. દર્શન-જ્ઞાન વૃત્તિ કા વિશેષણ ક્યોં કિયા? યદિ દોનોં પાઠ મિલે થે તો ઉન્હે પક્ષાંતર લિખકર સ્પષ્ટ લિખકર જાનના થા. ક્યુંકી પ્રગટિત પરમાર્થી પદ કો શ્રુત જ્ઞાનપ્રમાણ દોનોં કે માનનેમેં દોષ નહિ સમજ આ સકતા. હમારી સમજમેં લેખક મહાશય એક દો પંક્તિ ભૂલ ગયે હૈ. ઇનકી છોટી અશુદ્ધિ ... પ્રગટિત પરમાર્થ કો દર્શન જ્ઞાન વૃત્તિ કહી વિશેષણ કિયા હૈ. દૂસરે ભટ્ટારક 'શુભચંદ્રજી'ને યહાં પર આત્માપદ કો જુદાકર ઔર રામ કો ... માનકર રમણીય અર્થ કર દિયા હૈ.' આ સંસ્કૃત છે તમારું. આહાહા..! 'પંડિત જયચંદ્ર કા અર્થ ઉત્તમ પ્રતીત હોતા હૈ. ભટ્ટારક શબ્દકા અર્થ ખટકતા હૈ. પરંતુ ભટ્ટારક 'શુભચંદ્રજી'કા અર્થ બડા મહત્વપૂર્ણ હૈ. ઉન્હોંને ઉપયોગરામ આત્મા. ઉપયોગ અતિશય સુંદર આત્મસ્વરૂપ હી હો ગયા.' અભેદ કીધું. 'ઇસ પ્રકાર નિશ્ચયનય કા આલંબન કિયા. ક્યોંકિ પ્રકરણમેં સર્વથા કાર્યકારી હૈ. ઔર 'જયચંદ્ર'ને ઉપયોગ આત્મા મેં, ઉપયોગ આત્મારૂપી ક્રિડાવન મેં પ્રવર્ત હુઆ.' ભેદ હુઆ. શું કહ્યું એ? આત્મા ઉપયોગમાં આવ્યો, રમ્યો એ ભેદ થયો. અને આત્મા ઉપયોગમય થઈ ગયો એ અભેદ થયું. સમજાણું કાંઈ? એ વધારે નાખ્યું, હોં! છે ને અહીં? ઉપર ઉપયોગ કીધું હતું ને? '**उपयोगः**' '**જીવદ્રવ્ય...**' ઉપર એમ હતું ને? આ એ છે. આહાહા..!

'**રત્નત્રય તે-રૂપે કર્યું છે પરિણમન જેણે એવો છે.**' આત્મા એવો થઈ ગયો એમ કહે છે. સમજાણું? આહાહા..! '**ભાવાર્થ આમ છે કે મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,...**' જોયું? અહીં તો એણે ત્યાં સુધી લઈ લીધું છે. ભ્રાંતિનો ત્યાગ થતાં એટલે કે પર્યાયબુદ્ધિ અને પુણ્યબુદ્ધિ ઉપર રુચિ હતી ત્યાં સુધી મિથ્યાત્વ હતું. આહાહા..! '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,...**' વિશેષ અહીં કહેશે હવે. '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં,...**' '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,..**' આહાહા..! પણ '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં,..**' હવે વિશેષ અહીં છે. '**સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' એમ કહે છે. મિથ્યાત્વનો નાશ થતાં, સમ્યગ્દર્શન થતાં '**સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' કહે છે. આહાહા..!

શું કીધું એ? એમ કે સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું માટે ત્યાં ચારિત્ર નથી એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વરૂપાચરણનું ચારિત્ર પણ ભેગું છે. સમજાણું કાંઈ? **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.'** ત્રણે ઘટે છે એમ કહે છે. શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ ભગવાન, એનો અનુભવ થતાં સમ્યગ્દર્શન અને જ્ઞાન બે જ છે એમ નથી. ચારિત્ર પણ ત્યાં ઘટે છે એમ કહે છે. સ્વરૂપમાં એટલી સ્થિરતા છે ને? આહાહા..! સ્વરૂપાચરણ ચારિત્ર. ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર. સંયમરૂપી ચારિત્ર અંતરની લીનતાનું એ નહિ. પણ એને સ્વરૂપાચરણ ચારિત્ર તો ચોથે ગુણસ્થાને સમકિતીને હોય છે. આહાહા..! શું કહ્યું એ?

એમ કે **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં,...'** સમ્યગ્દર્શન અને જ્ઞાન બે જ છે. એમ નહિ, એમ કહે છે. **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.'** જોયું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની એકતા ત્યાં હોય છે. આહાહા..! એ પહેલા બે જગ્યાએ આવ્યું છે. પાનું-૮માં. એ પાનુ-૮ છે એમાં આવ્યું છે. ૮ ને? છે. જુઓ! **'અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે. ઉત્તર આમ છે–શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.'** ભગવાનઆત્મા પવિત્ર આનંદનો નાથ પૂર્ણ, એનો અનુભવ થતાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે એમાં છે. સમજાણું કાંઈ? અને એક બીજી જગ્યાએ છે. ૯૫ પાને છે. પાનું-૯૫. ભાવાર્થ છે, જુઓ! ૧૦૯ કળશનો છેલ્લું-છેલ્લું. **'કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો...'** પુણ્ય-પાપ અધિકાર છે ને? એટલે પુણ્ય-પાપના પરિણામ વિનાનું જ્ઞાનમાત્ર તે મોક્ષનો માર્ગ. તો તમે જ્ઞાનમાત્ર કહો છો એમાં ત્રણ તો ન આવ્યા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ન આવ્યા. જ્ઞાનમાત્ર આવ્યું. એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો?'** સાંભળ. **'કે શુદ્ધસ્વરૂપજ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...'** આહાહા..! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનરૂપે થયો એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થયો. સમજાણું કાંઈ? જ્ઞાનરૂપે થયો એટલે એકલું જાણપણારૂપે થયો એમ નહિ. જ્ઞાનરૂપે થયો એટલે વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે, એ રૂપે થયો. જ્ઞાનરૂપે એટલે રાગરૂપે ન થયો. સમજાણું કાંઈ? આહાહા..! એ જ્ઞાનરૂપે થયો એટલે આત્મારૂપે થયો. એટલે કે એમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા. જ્ઞાનરૂપે થયો એટલે એકલું જ્ઞાન છે અને દર્શન-ચારિત્ર ભેગું નથી એમ નહિ. અરે..રે..! આવી વાતું.

મુમુક્ષુ :– કોઈ કહે કે ... સ્વરૂપાચરણ નથી.

ઉત્તર :– છે. સ્વરૂપાચરણ ચારિત્ર ત્રણે ભેગું છે. અને તેથી 'છ ઢાળા'માં ન કહ્યું? દર્શન-જ્ઞાન આદિ તીનો મોક્ખ મગ્ગો. ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને અને મુનિ ત્રણે મોક્ષમાર્ગી કહ્યા. આવે છે ને? તીનોં શીવમગચારી. ત્રણે મોક્ષમાર્ગી છે. ચોથા ગુણસ્થાને મોક્ષમાર્ગી કહ્યો. 'છ ઢાળા'માં આવે છે. ત્રણે મોક્ષમાર્ગ. ચોથે, પાંચમે, અને મુનિ ત્રણે મોક્ષમાર્ગી છે. તો મોક્ષમાર્ગમાં ત્રણે આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :– ...

ઉત્તર :– છતાં મોક્ષમાર્ગી કહ્યો છે. શાત્રમાં છે ખબર છે. એ તો ચારિત્ર સંયમ નથી એ અપેક્ષાએ. પણ અહીં તો ચારિત્રનો અંશ સાથે છે. સ્વરૂપાચરણનો ભેગો લઈને કીધું છે. ઓલામાં તો સંયમ એટલે સ્વરૂપની સ્થિરતા, આનંદની ઉગ્રતા. એવું જે સંયમ એ ત્યાં નથી. જેમ મુનિને સંયમ એટલે અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન (છે) એનું નામ સંયમ અને ચારિત્ર, એ નથી તે અપેક્ષાએ એને ઉપચારથી કહ્યો. બાકી યથાર્થપણે અહીં સાક્ષાત્ ત્રણે ઘટે છે એમ અહીં કહ્યું. આહાહા..! ખબર છે ને? આહાહા..! પછી લોકો એમ કહે ને **'જીવાદિસદહણં'** બસ જીવાદિની શ્રદ્ધા. એમ નહિ. જીવાદિની જે વસ્તુ છે એની શ્રદ્ધા એટલે આત્મારૂપે, જ્ઞાનરૂપે, નિર્વિકલ્પરૂપે પરિણમવું. એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાણું? કે આ જીવાદિ શ્રદ્ધા સમકિત છે. પણ એનો અર્થ શું? એનું પરિણમન થવું. આનંદની દશાનું પરિણમન થવું. એ પરિણમન થવું તે સમકિતદર્શન કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :– તો પછી 'અષ્ટપાહુડ'માં સમ્યક્ત્વ આચરણ કેમ કહ્યું?

ઉત્તર :– કહ્યું. એ જુદું. આ આચરણ કહ્યું ચારિત્ર થઈ ગયું ને? નિઃશંકાદિ આઠ બોલ છે એ બધા. ચારિત્ર આચરણ એ જે ચારિત્રના આચરણનો જે વિશેષ ભાગ છે એ નહિ. પણ સમ્યક્ત્વનું આચરણ જે ચારિત્ર અંશ છે એ તો ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ભાઈએ નાખ્યું છે. 'ગોપાલદાસ બરૈયા' 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં નાખ્યું છે. 'મખનલાલજી'એ કબુલ કર્યું છે. સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે ગુણસ્થાને હોય છે. પણ પાછું ઠેકાણું નહિ. કાંઈકનું કાંઈક કરે, કાંઈકનું કાંઈક કરે. આ તો માર્ગ બાપુ! એકરૂપ હોવો જોઈએ. આહાહા..!

અહીં એ કહ્યું, જુઓ! **'શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...'** ઠીક. **'તેથી દોષ તો કાંઈ નથી. ગુણ છે.'** ૯૫ પાના ઉપર છે. અહીં એમ છે, જુઓ! શું કહ્યું? **'મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં,...'** એટલામાં જોર આપ્યું છે. રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ તેનો ત્યાગ થતાં, ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપમાં એકાગ્રતાની પરિણતિ થતાં **'સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.'** અહીં તો હજી મિથ્યાત્વના ત્યાગમાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે એમ કહે છે. અપેક્ષા છે. સમજાણું કાંઈ? આહાહા..! પહેલાના તો આ ગૃહસ્થો પણ, દિગંબર ગૃહસ્થો, પંડિતો પણ ગજબ કામ કરનારા. એને ભવનો ડર હતો. જેમ ભગવાન કહે છે તે રીતે આવવું જોઈએ. એમાં ફેરફાર કાંઈ નહિ. આહાહા..!

આત્મારામ. આત્મા એ રૂપે પરિણમી ગયો છે. આત્મા અભેદ થયો એમ લીધું. અને ઓલામાં એમ કે આત્મા ઉપયોગપણે થયો. ભેદ પડ્યો. એ કરતા ઉપયોગરૂપ પરિણમી ગયો છે. અભેદ છે, અભેદ. શુદ્ધ ઉપયોગરૂપે પરિણમી ગયો છે. આત્મા શુદ્ધ ઉપયોગરૂપે આવ્યો, થયો એ હજી ભેદ. આ તો શુદ્ધ ઉપયોગરૂપ પરિણમી ગયો છે. આત્મા શુદ્ધ ઉપયોગરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું ઝીણી. માર્ગ તો એવો ઝીણો છે, બાપુ! વીતરાગ પરમેશ્વર આ તો જિનેશ્વર... આહાહા..! ત્રણલોકના નાથ જેને લોકાલોક એક સમયમાં પોતાની પર્યાય જાણતા જણાય જાય છે. કહો, સમજાણું?

'સમયસાર નાટક'માં પણ એ જ લીધું છે. સમ્યગ્દર્શન જ. મિથ્યાત્વનો નાશ થતાં સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયું છે. પછી એના ફળ તરીકે મોક્ષ પણ છે એ આમાં ભેગું લઈ લેવું. આહાહા..! આત્મા જે પોતે શક્તિરૂપે, સ્વભાવરૂપે પવિત્ર અને શુદ્ધ જ હતો. એવી પર્યાયમાં પવિત્રતા, શુદ્ધતા, વીતરાગતા પ્રગટ થવી, તેને અહીંયાં દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે. તે આત્મા પોતે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપે પરિણમી ગયો. આહાહા..! એને અહીંયાં મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. અહીંયા 'રાજમલજી' તો એમ જોર દેવા માગે છે, કે જ્યાં મિથ્યાત્વ ટળ્યું ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે અંશે થયા. ભલે ને અંશે. સમજાણું કાંઈ? કારણ કે મિથ્યાત્વ જતા અનંતાનુબંધી પણ સાથે જાય છે ને? તો અનંતાનુબંધી જે છે એ ચારિત્રમોહની પ્રકૃતિ છે. મિથ્યાત્વ ગયું ત્યારે સમ્યગ્દર્શન થયું. તો અનંતાનુબંધી ગયો ત્યારે થયું શું? એટલું સ્વરૂપમાં આચરણ થયું. સ્વરૂપમાં આચરણ એટલું થયું. અહીંની બધી ઝીણી વાતું છે. 'મુંબઈ'માં એટલી બધી એક સાથે ન ચાલે.

મુમુક્ષુ :– એટલે જ અહીંયાં આવવું જોઈએ.

ઉત્તર :– આવવું જોઈએ.

મુમુક્ષુ :– રહેવાના મકાન છે ને...

ઉત્તર :– પણ ત્યાં વેપાર કોણ કરે? એક છોકરાને ત્યાં રાખ્યો છે. એક મોકલ્યો ત્યાં. એના કાકાના ઠેકાણે.

મુમુક્ષુ :– .. તો વેપાર ચાલે... નથી એનું શું?

આહાહા..! અહીં તો વિશેષ શું કહેવું છે? કે જ્યાં આગળ એક સમયની પર્યાયને રાગની રુચિ હતી તે મિથ્યાત્વ હતું. એ મિથ્યાત્વ જૂઠી દૃષ્ટિ હતી. એ સત્યદૃષ્ટિ નહિ. અને એ મિથ્યાત્વના પરિણમનનો જ્યાં નાશ થયો, ત્યારે સાચી દૃષ્ટિ પ્રગટી, ત્યારે સાચી દૃષ્ટિના વખતમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સાક્ષાત્ છે. આહાહા..! જેમ સમ્યગ્દર્શનમાં પ્રતીતિ આવી, સમ્યગ્જ્ઞાનમાં એનું જ્ઞેય જ્ઞાન આવ્યું, એમ સ્વરૂપની સ્થિરતામાં પણ રમણતા આવી. વિશેષપણે રમણતા ન થાય તો અનંતાનુબંધીનો અભાવ થયો જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે, બાપુ! ઝીણું પડે પણ હવે શું થાય? પ્રભુનો માર્ગ તો આવો છે. અત્યારે તો બધું વીંખી નાખ્યું છે ને એટલે ક્યાંય મેળ ખાય નહિ. આહાહા..! બહારની ક્રિયાકાંડમાં બસ બધું મનાવી લીધું. એ પણ સમજવા જેવી ક્રિયાકાંડ છે. આહાહા..!

અહીં તો પરમાત્મામાં પુણ્ય, દયા, દાનના વિકલ્પો છે એનો પણ જ્યાં અભાવ થયો. કેમ કે મિથ્યાત્વમાં જે રાગની એકતાબુદ્ધિ હતી એ છૂટીને શુદ્ધ સ્વભાવમાં એકતાબુદ્ધિનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણમન થયું, એ પરિણમનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે ભાગ આવે છે. એટલે મિથ્યાત્વ જતાં સાક્ષાત્ રત્નત્રય અંશે પણ ઘટે છે. એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..! આમાં અમારે કરવું શું? આ બધી વાતું જ છે આ કરીએ છીએ એમાં સૂઝ પડે છે. કે ભાઈ આ વ્રત પાળવા, પડિમા પાળવી. હવે આમાં સૂઝ પડતી નથી કે શું કરવું? ભાઈ! કરવું એ છે કે આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ, તેની સન્મુખ થવું અને એ ક્રિયાકાંડના વિકલ્પથી વિમુખ થવું. આ કરવાનું છે. અને એ કરવામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર ?' 'प्रकटितपरमार्थैः' 'પ્રગટ કર્યો છે...'** પરમાર્થ જેણે. આહાહા..! આ છેલ્લો મોક્ષ લઈ લીધું. **'परमार्थैः' 'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવા છે.'** પ્રગટ કર્યો છે મોક્ષ જેણે. એમ હવે અહીં લીધું છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી દશા, એણે મોક્ષ પ્રગટ કર્યો છે. મોક્ષમાર્ગથી મોક્ષ પ્રગટ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? **'परमार्थैः' 'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે એવા...'** આહાહા..! ઓલામાં એમ કહ્યું, આત્મા પ્રગટ કર્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે. એટલું લીધું.

**'ભાવાર્થ આમ છે કે सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે...'** 'ઉમાસ્વામી' 'તત્ત્વાર્થસૂત્ર'નું પહેલું સૂત્ર. એ તો મહા સિદ્ધાંત છે. જૈનની ગીતા. સમજાણું કાંઈ? **'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** છે તો ત્રણે મોક્ષમાર્ગ. ત્રણ થઈને મોક્ષમાર્ગ છે એમ કહે છે. માટે અમે એકલું દર્શનને જ કહીએ છીએ એમ નથી. એમાં ભેગું અંદર આવી જાય છે. મિથ્યાત્વના ત્યાગમાં ત્રણે આવ્યા એ અમે આ રીતે કહ્યું એ અમને આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર માન્ય છે. એને છોડીને અમે આ વાત નથી કરતા, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' 'એવું કથન તો સર્વ જૈનસિદ્ધાન્તમાં છે...'** ભગવાનના શાસ્ત્રમાં તો આ ત્રણ બોલ છે. આહા..! **'અને તે જ પ્રમાણ છે.'** પ્રમાણ છે, સત્ય છે. એકલા દર્શન-જ્ઞાનથી જ મોક્ષ થાય એમ નથી. એમાં આનંદની રમણતા અને ચારિત્ર. રમણતા આવે ત્યારે મોક્ષ થાય. ચરવું એટલે રમવું, જમવું. અતીન્દ્રિય આનંદનું ઉગ્રપણે ભોજન કરવું. આહાહા..! અતીન્દ્રિય આનંદને ઉગ્રપણે વેદવું, ભોગવવું એનું નામ ચારિત્ર છે. અરે..રે..! વાતુમાં ફેર છે. એ અમને પ્રમાણ છે, કહે છે. અમે મિથ્યાત્વના ત્યાગમાં સાક્ષાત્ રત્નત્રય કહ્યાં, છતાં આ વાત અમને માન્ય છે. એનો અંશ આમાં લીધો છે. સમજાણું? અને સ્વરૂપનું પૂર્ણ ચારિત્ર થાય તે રમણતા. છઠ્ઠે, સાતમે, આઠમે ગુણસ્થાન આદિ. ચારિત્રની રમણતા. જેણે આનંદના નાથને ઢંઢોળીને જોયો, શોધ્યો ને અનુભવ્યો, એમાં જેની લીનતા જામી ગઈ. આત્મરામમાં. આહાહા..! એને આત્મરામ એનો બગીચો. આત્માના આનંદમાં રમવાનું. ધર્મીનો બગીચો એ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'आत्माराम'** છે ને? **'आत्माराम'** આત્મ-આરામ. આત્મારામ. આત્મા-આરામ. આહાહા..! એ આત્મરામ ભગવાન. પોતામાં રમે, ઠરે. વીતરાગભાવે અતીન્દ્રિય આનંદનું વેદન કરે એ ચારિત્ર છે. એ અમને માન્ય છે કહે છે. એકલા અમે ચોથે ગુણસ્થાને ત્રણ અંશ કીધા માટે આ ચારિત્રનો નિષેધ થઈ ગયો એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! પણ એ ચારિત્ર હોય કોને? જેને સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભવમાં પ્રગટ્યા છે. આનંદનો જેને સ્વાદ આવ્યો છે, એ આનંદના સ્વાદમાં ખૂબ રમે, લીન થાય એને અહીંયાં ચરવું એટલે ચારિત્ર કહ્યું છે.

**'વળી કેવો છે શુદ્ધજીવ?'** **'आत्माराम'** જોયું? **'પોતે જ છે ક્રીડાવન જેનું...'** ભાષા જુઓ! આત્મા-આરામ છે ને? એમ કાઢ્યું. આત્મા-આરામ **'ક્રીડાવન જેનું એવો છે. ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અશુદ્ધ અવસ્થારૂપે પરની સાથે પરિણમતું હતું તે તો મટ્યું, સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે.'** હવે. આહાહા..! એકલું આનંદ અને શાંતિનું વીતરાગી પરિણમન પૂર્ણ. એનું નામ મોક્ષ. અને એનું સાધન જે અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અપૂર્ણ વીતરાગતા, એ એનો ઉપાય છે. આહાહા..! સમજાણું કાંઈ? **'સાંપ્રત (વર્તમાનકાળે) સ્વરૂપપરિણમનમાત્ર છે.'** હવે ત્રણના ભેદનું એકલું પરિણમન રહ્યું છે. મોક્ષમાર્ગનો અભાવ થઈને મોક્ષ થયો. એકલું સ્વરૂપ પરિણમન રહી ગયું. એનું નામ મોક્ષ અને એના કારણરૂપ મોક્ષનો માર્ગ. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

(વસન્તતિલકા)

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।**

**ખંડાન્વય સહિત અર્થ :– 'एष भगवान् प्रोन्मग्नः' (एष) સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો (भगवान्) ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય (प्रोन्मग्नः) શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે આ ગ્રંથનું નામ નાટક અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું. કેવો છે ભગવાન ? 'अवबोधसिन्धुः' (अवबोध) જ્ઞાનમાત્રનું (सिन्धुः) પાત્ર છે. અખાડામાં પણ પાત્ર નાચે છે, અહીં પણ જ્ઞાનપાત્ર જીવ છે. હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે– 'भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य' (भरेण) મૂળથી ઉખાડીને દૂર કરી. તે કોણ ? (विभ्रम) વિપરીત અનુભવ–મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે (तिरस्करिणीं) શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેને (आप्लाव्य) મૂળથી જ દૂર કરીને. ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે, તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે; અહીં પણ અનાદિકાળથી મિથ્યાત્વપરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે. શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે– 'अमी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु' (अमी) જે વિદ્યમાન છે એવા (समस्ताः) બધા (लोकाः) જીવો, (शान्तरसे) જે અતીન્દ્રિયસુખગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ તેમાં (समम् एव) એકી વખતે જ (मज्जन्तु) મગ્ન થાઓ–તન્મય થાઓ. ભાવાર્થ આમ છે કે અખાડામાં તો શુદ્ધાંગ દેખાડે છે, ત્યાં જેટલા દેખનારા છે તે બધા એકીસાથે જ મગ્ન થઈ દેખે છે; તેવી રીતે જીવનું સ્વરૂપ શુદ્ધરૂપ બતાવાયું થકું બધાય જીવોએ અનુભવ કરવાયોગ્ય છે. કેવો છે શાન્તરસ? 'आलोकमुच्छलति' (आलोकम्) સમસ્ત ત્રૈલોક્યમાં (उच्छलति) સર્વોત્કૃષ્ટ છે, ઉપાદેય છે અથવા લોકોલોકનો જ્ઞાતા છે. હવે અનુભવ જેવો છે તેવો કહે છે– 'निर्भरम्' અતિશય મગ્નપણે છે. ૩૨.

---

**અષાઢ વદ ૧૩, ગુરુવાર તા.૧૪.૦૭.૧૯૭૭**
**કળશ - ૩૨, પ્રવચન - ૪૦**

'કળશ ટીકા' જીવ અધિકારનો છેલ્લો કળશ છે. ૩૨મો કળશ છે ને? જીવ અધિકારનો છેલ્લો.

**मज्जन्तु निर्भरममी सममेव लोका**
**आलोकमुच्छलति शान्तरसे समस्ताः।**
**आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण**
**प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।**

જીવનો અધિકાર. છેલ્લો કળશ છે. પછી અજીવ અધિકાર શરૂ થશે. છેલ્લું પદ છે એનો પહેલો અર્થ લીધો. **'एष भगवान् प्रोन्मग्नः'** આહાહા..! **'एष'** આ આત્મા સદાય પ્રત્યક્ષ સ્વરૂપ છે એમ કહે છે. કેમ કે એનામાં ૪૭ શક્તિમાં એક પ્રકાશ શક્તિ છે ને? એટલે પ્રત્યક્ષ થવાનો જ એનો સ્વભાવ છે અને પ્રત્યક્ષસ્વરૂપ છે એમ અહીં કહે છે. આહાહા..! જીવ અધિકારનો છેલ્લો કળશ છે ને? ભગવાનઆત્મા **'एष'** આ. સમ્યગ્જ્ઞાનમાં, મતિ-શ્રુત જ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? **'एष भगवान् प्रोन्मग्नः'**ની વ્યાખ્યા છે આ.

**'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે...'** આહાહા..! ભગવાન શબ્દ પછી કહેશે. પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આ સદા કાળ સમ્યગ્દર્શનમાં જે સમ્યગ્જ્ઞાન થાય, એ જ્ઞાન આત્માને પ્રત્યક્ષ જાણે છે. આહાહા..! **'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ...'** પાછું એમ. સદા કાળ એનો સ્વભાવ જ પ્રત્યક્ષ થવાનો છે. આહાહા..! ધર્મી જીવને, સમ્યગ્દૃષ્ટિ જીવને એ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે, કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રત્યક્ષ થાય છે. જો કે જ્ઞાન છે એ તો પરોક્ષ છે પણ અહીંયાં પ્રત્યક્ષ સ્વસંવેદન થવાની એની શક્તિ છે એ અપેક્ષાએ પ્રત્યક્ષ થાય છે એમ કહ્યું. આહાહા..!

મુમુક્ષુ :– નથી સમજાતું.

ઉત્તર :– ન સમજાણું? ભાવશ્રુતજ્ઞાન છે પણ એક ન્યાયે તો પરોક્ષ છે. પણ જે જ્ઞાનમાં વસ્તુ છે, એનો સ્વભાવ પ્રત્યક્ષ પ્રકાશશક્તિ એનો ગુણ છે. જે ત્રિકાળ પ્રત્યક્ષ થવાની જ એની ચીજ છે. પ્રત્યક્ષ થાય એ ચીજ છે. ભલે શ્રુતજ્ઞાનમાં પરોક્ષ કહેવાય, પણ છતાં વસ્તુ છે એ તો પ્રત્યક્ષ છે. આહાહા..! ઝીણી વાતું છે, ભાઈ! આ તો જીવનો છેલ્લો કળશ છે ને? સાર.

ભગવાનઆત્મા **'સદાકાળ...'** લીધું છે ને? **'एष'** આ પ્રત્યક્ષ. આ પ્રત્યક્ષ પછી એને વળી કાળ કેવો? **'સદાકાળ...'** આ ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ જે છે એ **'પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે...'** પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે. આહાહા..! કેમ કે એનામાં પ્રકાશ નામનો અનાદિઅનંત ગુણ છે. અનાદિઅનંત. ૪૭ શક્તિ છે ને? એમાં આ છે. તો એમાં એ પ્રત્યક્ષ થવાનો જ એનો સ્વભાવ છે. એ પ્રત્યક્ષ જ સ્વરૂપ છે. આહાહા..! આવી વાત છે. અરૂપી અને સદા પ્રત્યક્ષ થવાનો જેનો સ્વભાવ છે. આવી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ ઝીણો બહુ છે. આહાહા..! આ તો હજી સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે અને પછી પૂર્ણ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

**'एष' 'સદાકાળ...'** એમ લીધું છે ને? ટીકાકારે પણ કેવી વાત કરી! આ **'एष'** માણસ કહે ને? આ માણસ. કે આ માણસ. એમ આ આત્મા પ્રત્યક્ષ. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એનું સ્વરૂપ જ અલૌકિક ત્રિકાળ પ્રત્યક્ષ સ્વરૂપ જ એનું છે. આહાહા..! સમજાણું કાંઈ? **'एष' 'પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો...' 'भगवान्' 'પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો भगवान्'** એટલે જીવદ્રવ્ય. આહાહા..! ઓહોહો..! સંતોએ પણ ગજબ કામ કર્યા છે ને! ક્યાં આ વાત સાંભળવા મળે નહિ એવું થઈ ગયું છે. ભગવાનઆત્મા પરમેશ્વર સર્વજ્ઞદેવ એમ ફરમાવે છે એ સંતો આડતિયા થઈને ભગવાનનો માલ જગત પાસે જાહેર કરે છે. આહાહા..! ભગવાન! અહીં ભગવાન તરીકે કીધું છે ને? આહાહા..! **'સદાકાળ...'** 'કાકુભાઈ' છે? આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જીવ અધિકાર છે. સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે જે આત્મા જોયો, એમાં અનંત આત્મા (જોયા), એમાં એક એક આત્મા... આહાહા..! **'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય...'** છે. આહાહા..! જીવદ્રવ્ય છે ને! વસ્તુ છે ને વસ્તુ! ભગવાનના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનમાં તો અનંત આત્મા જણાણા છે. અને એથી અનંતગુણા પરમાણુઓ, છ દ્રવ્ય ભગવાને તો જોયા છે. એમાં આ આત્મા... આહાહા..! **'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો ભગવાન...'** આત્મા. આહાહા..! **'જીવદ્રવ્ય...'** હવે **'प्रोन्मग्नः'** પ્ર–વિશેષે ઉન્મગ્ન. એક નદી છે ને? ભગવાનના શાસ્ત્રમાં બે નદી છે. વૈચાક પર્વત છે એની અંદર વચમાં બે નદી છે. ચક્રવર્તી (છ ખંડ) સાધવા જાય છે (એમાં) વચમાં બે નદી આવે છે. એક ઉન્મગ્ન અને એક નિમગ્ન. એક નદીનો એવો સ્વભાવ છે કે એમાં જે કોઈ ચીજ પડે, એને બહાર કાઢે. બહાર કાઢે. અને એક નદી એવી છે કે જે ચીજ પડે એને તળિયે લઈ જાય. એ બે નદીઓ છે. વૈચાક પર્વતની ગુફામાં. જ્યારે ત્રણ ખંડ સાધવા જાય છે.

અહીં શું કહેવું છે? **'प्रोन्मग्नः'** છે ને? આહાહા..! ભગવાનઆત્મા પ્ર-ઉન્મગ્ન. જે શક્તિરૂપે હતો એ પર્યાયમાં પ્રગટ થઈ ગયો, બહાર આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! મારગડા જુદા છે, નાથ! એ ચૈતન્ય ભગવાનના જન્મ-મરણના અંત, એનો માર્ગ કોઈ અલૌકિક વીતરાગમાર્ગ છે. એ બીજે ક્યાંય છે નહિ. આહાહા..! **'સદાકાળ પ્રત્યક્ષપણે ચેતનસ્વરૂપ છે એવો ભગવાન અર્થાત્ જીવદ્રવ્ય...'** **'प्रोन्मग्नः'** એ ઊંચો બહાર આવ્યો. આહાહા..! પ્રગટ થઈ ગયો. જે સ્વભાવમાં પૂર્ણ આનંદ અને પૂર્ણ શક્તિ હતી (એ પ્રગટ થઈ). હમણાં કહેશે. **'अवबोधसिन्धुः'** એ **'શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો'** એમણે લાંબી વાત કરી છે ને? શબ્દાર્થ તો આ છે. પ્ર-ઉન્મગ્ન. વિશેષપણે અંદર ઊંચો આવ્યો. આહાહા..! મિથ્યાત્વની ભૂમિકામાં એ આત્મા નીચે ઘૂસતો હતો. નીચે. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ જે વિકાર છે એ મારા છે અને મને લાભદાયક છે એવી માન્યતા જે મિથ્યાત્વની છે તે મિથ્યાત્વમાં આત્મા નીચે ઘૂસી જતો હતો. શક્તિ હિણી થઈ જતી હતી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :– શક્તિ તો કોઈ દિ' હિણી થાય જ નહિ.

ઉત્તર :– શક્તિ નહિ, પર્યાયમાં હિણી થાય છે ને એટલે. શક્તિ તો શક્તિ છે. પણ પર્યાયમાં તદ્દન આ છે જ નહિ. વર્તમાન રાગ અને વર્તમાન અલ્પજ્ઞ દશા પ્રગટ છે તેટલો હું છું. એવી માન્યતામાં આખું તત્ત્વ ડૂબી ગયું. આહાહા..! ઝીણી વાત ભગવાન! જન્મમરણના અંતની (વાતું અને) એમાં જૈનદર્શનનું સમ્યગ્દર્શન, વીતરાગ પરમાત્માનું સમ્યગ્દર્શન એ અલૌકિક છે, ભાઈ! આહાહા..! લોકો એ બહારથી માંડીને બેઠા છે, કે અમે દેવ-ગુરુ, ધર્મની શ્રદ્ધા અને સમકિત છે. હવે વ્રત કરો, તપ કરો. બધું જૂઠું છે. આહાહા..!

ભગવાનઆત્મા એની પર્યાયમાં–અવસ્થામાં રાગાદિની એકતાબુદ્ધિમાં વસ્તુનું મરણ કરી નાખ્યું હતું. નથી આ (એમ) કરી નાખ્યું. એમાં સમ્યગ્દર્શન અને ભાન થતાં એ જેવો છે એવો બહાર આવ્યો. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો? દયા પાળવી, ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી, વ્રત પાળવા. એવી તો વાતું કરે. અરે..! બાપુ! એ બધી વાતું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, ભાઈ! તને હજી ખબર નથી. એ બધી ક્રિયામાં રાગભાવ છે. એ રાગ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જેમ અખાડામાં મેલો આવે ને? પેલું પાત્ર આવે. આ તો મોટું નાટક જોયું હતું. અમે નાની ઉંમરમાં ઘણા નાટક જોયા હતા ને? કીધું હતું ને? અનસૂયાનું નાટક જોવા ગયા. નહોતું કહ્યું. બાઈ (એના દીકરાને) સુવડાવતી (વખતે કહે છે), ઉદાસીનો. પ્રભુ! તું ઉદાસીન છો, નિર્વિકલ્પ છો. એવું તો નાટકમાં (સંવત) ૧૯૬૪ની સાલમાં નાટકમાં ગવાતું. અહીં તો હજી સંપ્રદાયમાં (સાંભળવા મળતું નથી). આત્મા નિર્વિકલ્પ અને આનંદસ્વરૂપ છે, ઉદાસીન છે, રાગ અને પરથી તદ્દન ભિન્ન છે. એવું તો નાટકમાં તે દિ' ગવાતું. ૧૯૬૪ની સાલની વાત છે. સંવત્ ૧૯૬૪. સમજાણું કાંઈ? આહાહા..! ત્યાં આગળ પહેલા નાટકમાં નારદ આવતો. મોટું નાટક હતું. ૧૯૬૪ની સાલમાં. 'પાલેજ'માં દુકાન હતી ને? અઢાર ગાઉ છેટે 'પાલેજ'. 'વડોદરા' માલ લેવા ગયેલ. અને રાત્રે નિવૃત્તિ એટલે ચાલો ભાઈ જોવા. એમાં એ નાટકમાં પહેલા નારદ આવે છે. એવું પાત્ર છે. 'બ્રહ્માસૂત હું નારદ કહાવું જ્યાં હોય સંપ ત્યા કુસંપ કરાવું.' પહેલા એમ બોલે. નારદ.. નારદ. મોટું નાટક હતું. બધા ઘણા જોયા છે. નાની ઉંમરમાં. ૨૨ વર્ષ પહેલાની વાતું બધી. શરીરની ૨૨ વર્ષની ઉંમર, હોં! ૨૨ વર્ષે દુકાન છોડી દીધી હતી. પહેલું પાત્ર એવું આવે. નારદ કહે.

અહીં પહેલું પાત્ર એવું આવે છે કે જ્યાં હોય ત્યાં અજ્ઞાન એનો નાશ કરાવીને પ્રગટ પ્રભુતાને પ્રગટ કરાવું એવો અમારો અખાડો–નાટક છે. એય..! આહાહા..!

પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે. **'प्रोन्मग्नः' 'શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને પ્રગટ થયો.'** શુદ્ધ સ્વરૂપ પવિત્ર આનંદનો નાથ ભગવાન, એ પર્યાયમાં હવે પ્રગટ થયો. **''प्रोन्मग्नः''** આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં એ ચીજ આવડી મોટી પરમાત્મસ્વરૂપ છે એવું એને પર્યાયમાં ભાન થયું. એટલે એ પર્યાયમાં **'प्रोन्मग्नः'** આત્મા જે શક્તિરૂપે હતો એ વ્યક્તમાં, પ્રગટમાં આવી ગયો. આહાહા..! તેથી સમ્યગ્દર્શનને એમ કહેવામાં આવે છે... 'શ્રીમદ્' એમ કહે છે, 'સર્વ ગુણાંશ તે સમકિત' 'સર્વ ગુણાંશ તે સમકિત' આપણે અહીં શાસ્ત્રભાષામાં એમ કહે, કે આ આત્મા વસ્તુ છે એમાં અનંતગુણ છે. અહીં કહેશે. સિન્ધુ કહેશે ને? સિન્ધુ એ અનંતગુણનો આધાર છે, પ્રભુ! આહાહા..! એવો જે ભગવાનઆત્મા અનંતગુણનો જે આધાર વસ્તુ છે એ પર્યાયમાં પ્રગટ થાય છે. એટલે જેટલી શક્તિઓ સંખ્યાએ અનંત છે એનો એક અંશ સમ્યગ્દર્શન થતાં અનંતગુણની પ્રગટ દશા, વેદનમાં અનંત ગુણની પ્રગટ દશા આવે છે. આ **'प्रोन्मग्नः'**ની વ્યાખ્યા છે.

જિનેશ્વરદેવના માર્ગની બલિહારી છે, ભાઈ! પણ એ માર્ગ શું છે એ વાડામાં પડ્યા એને પણ ખબરું ન મળે. એક તો આખો દિ' પાપના ધંધા. બાયડી, છોકરા, કુટુંબ, ધંધો. આખો દિ' પાપ. ૨૦ કલાક, ૨૨ કલાક. આહાહા..! એમાં એકાદ કલાક મળે તો એકલી

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કુથલી જેવી વાતું સાંભળવા મળે. સમ્યગ્દર્શન શું અને ધર્મ કેમ પમાય? અને ધર્મ કોને કહેવો એ વાતું જ બધી ગુમ થઈ ગઈ.

અહીં પ્રભુ એમ કહે છે. આ ભગવાન જેમ અખાડામાં પહેલું પાત્ર આવે, કે ભાઈ! આ ભર્તુહરિ, પીંગળા કે આ રાણી. એનું મોટું નાટક આવે છે ને? એમ આ નાટકમાં પહેલા શું આવ્યું? શુદ્ધાંગ. છે? શુદ્ધાંગસ્વરૂપ દેખાડે છે. પોતાના પવિત્ર અંગો–અવયવો બધા પ્રગટ થયા તે દેખાડે છે. આહાહા..! આવી વાત! આમાં શું કરવું એ સૂઝ પડે નહિ. ભાઈ! બાપા! મારગડા જુદા, બાપુ! એ ભવના અંત વિના ભવના ભ્રમણ કરીને મરી ગયો છે. આહાહા..! એ ચોરાશીના અવતાર કરી કરીને, ભાઈ! એને કાંઈક પાંચ-પચ્ચીસ લાખ મળે, સગવડતા મળે તો અમે સુખી છીએ. મોટો મૂંઢ છે. દુઃખીના દાળિયા દુઃખમાં શેકાય જાય છે. એને ભાન ક્યાં છે? એય..! 'શાંતિભાઈ'! આ બધા પૈસાવાળાની વાતું ચાલે છે. પાંચ-પચ્ચીસ લાખ અને બે-ચાર, પાંચ કરોડ રૂપિયા થાય એટલે બસ હું પહોળો ને શેરી સાંકડી. આ વધી ગયા. શું ધૂળમાં વધ્યા? સાંભળને હવે. સમજાણું કાંઈ? એવા અવતાર ચોરાશીના અવતાર કરી કરીને મિથ્યાત્વમાં પરના સ્વના ભાન ન મળે. એ અવતાર અનંત કર્યા. એમાં કહે છે કે એ વસ્તુ જ્યારે પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્મા જાણવામાં આવે છે ત્યારે તે શક્તિમાં તળિયે પડ્યો હતો, એ પર્યાયમાં પ્રગટ થાય છે. કહો, 'પંકજભાઈ'! આવી વાતું છે, બાપુ! આહાહા..! દુનિયાની વાતું ક્યાંય અને આ વાતું ક્યાંય, બાપા! આહાહા..!

**'પ્રોન્મગ્નઃ' 'શુદ્ધાંગસ્વરૂપ દેખાડીને...'** શું કીધું એ? એના અંગ બધા શુદ્ધ છે એ પ્રગટ દેખાડે છે. આહાહા..! ભગવાનનું પહેલું નાટક આ આવ્યું. આહાહા..! ચૈતન્ય ભગવાન અનંતગુણનો આધાર, એ શક્તિરૂપે જે હતો તેની પ્રતીત અને જ્ઞાનના અનુભવમાં એ શક્તિની વ્યક્તતા પર્યાયમાં પ્રગટ થઈ એ **'પ્રોન્મગ્નઃ'** ઊંચો આવ્યો, બહાર આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? **'પ્રોન્મગ્નઃ'**.

**'ભાવાર્થ આમ છે કે આ ગ્રંથનું નામ નાટક...'** છે. આ 'સમયસાર નાટક' કહેવાય છે. **'અર્થાત્ અખાડો છે. ત્યાં પણ પ્રથમ શુદ્ધાંગ નાચે છે...'** અખાડામાં શુદ્ધાંગ નાચે છે. આહાહા..! ભગવાનઆત્માની પવિત્ર અનંત શક્તિઓ જે છે. એ બધી પવિત્રતાની પર્યાયમાં પરિણતિ નાચે છે હવે. આહાહા..! આવી વાત ક્યાંથી પણ આ? ભગવાન! માર્ગ તો પ્રભુ તારો આવો છે, ભાઈ! તેં સાંભળ્યો નથી. અને એવો લાગે કે આ તે શું કહે છે? આહા..! પહેલીવાર તો પકડાય નહિ. ગ્રીક-લેટિન જેવું લાગે. બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહાહા..!

ભગવાન **'પ્રોન્મગ્નઃ'** શુદ્ધાંગ. બધા અંગો. જેટલી શક્તિઓ છે એની બધી અવયવ દશા... આહાહા..! પર્યાયમાં પ્રગટ વેદનમાં આવી ગઈ. અરે..! આવી વ્યાખ્યા. બાપુ! માર્ગ બહુ ઝીણો, ભાઈ! દુનિયામાં તો અબજોપતિ અનંતવાર થયો, ભિખારી અનંતવાર થયો. નરકમાં અનંતવાર ગયો. તિર્યંચ, ઢોરના અવતાર અનંત કર્યા. આહાહા..! એ આ મિથ્યાત્વને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



લઈને. એ મિથ્યાત્વમાં રહીને કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ કર્યા. તો ત્યાંથી સ્વર્ગમાં આદિ જાય, કાં ધૂળના શેઠિયા થાય, પણ એ પાછા મરીને ઢોરમાં, નરકમાં જાય. આહાહા..! 'રતિભાઈ'! આહાહા..!

'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન' અનંતકાળથી ચોરાશીના અવતારમાં રખડે છે, વિના ભાન. આત્મા શું ચીજ છે? એ વિના બધું આ કરો.. આ કરો.. આ કરો... કરવાના ભાવના કર્તાબુદ્ધિમાં અંધારામાં પેસી ગયો. આહાહા..! ચૈતન્યપ્રકાશનો ભગવાનઆત્મા અહીં બહાર આવે છે. નાટકમાં જેમ પાત્ર બહાર આવે છે એમ આ શુદ્ધાંગરૂપે પાત્ર બહાર આવ્યું. આહાહા..! જેની શક્તિઓ બધી પવિત્ર હતી એ સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં પવિત્રતાની પર્યાયમાં અંશે પ્રગટ થઈ. આહાહા..! કેવળજ્ઞાન પરમાત્માને થાય તે શક્તિ એમને પરમાત્માને અરિહંતને પૂર્ણ પ્રગટ થઈ. સમજાણું કાંઈ? અધિકાર એવો છે, બાપુ આ તો. આહાહા..! છે ને?

**'પ્રથમ જ શુદ્ધાંગ નાચે છે તથા અહીં પણ પ્રથમ જ જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું.'** શુદ્ધ ભગવાન પવિત્ર સચ્ચિદાનંદ પ્રભુ! સત્ શાશ્વત આત્મા. ભગવાન સર્વજ્ઞે કહ્યો એ, હોં! જિનેશ્વર સિવાય બીજા આત્મા આત્મા ઘણા કહે છે. એ નહિ. આ તો પરમેશ્વરે જેણે કેવળજ્ઞાનમાં અનંત આત્માઓ જોયા. નિજ સત્તાએ શુદ્ધ. 'પ્રભુ! તુમ જાણગ રીતિ...' પરમાત્માને કહે છે કે હે નાથ! સીમંધર ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે નાથ! હે સર્વજ્ઞ! હે જિનેશ્વરદેવ! ત્રણકાળ, ત્રણલોકને જાણનારા નાથ અમારા આત્માને આપ કેવો જુઓ છો? એની નિજ સત્તા પોતાનું હોવાપણું પવિત્ર અને આનંદ છે, શુદ્ધ છે એમ ભગવાન તમે અમારા આત્માને જુઓ છો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું!

એ અહીં કહે છે, કે જેવો ભગવાને જોયો અને કહ્યો એવો એ પોતે સમ્યગ્દષ્ટિ જોવે. ધર્મી થતાં જ્યારે સમ્યગ્દર્શનમાં એવો જોવાય... નિજ સત્તાએ શુદ્ધ પવિત્ર ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ આત્મા છે. આહાહા..! એ આ બીજે બધે અહીં સુખ છે, સુખ છે. મૂંઢ થઈને ભ્રમણામાં પાગલ થઈ ગયો છે. પૈસામાં સુખ છે, બાયડીમાં સુખ છે, આબરૂમાં સુખ છે. અભિનંદનના મોટા પૂછડા આપે કે તું બહુ આવો મોટો. એમાં સુખ છે એ બધી મૂંઢતા છે. આહાહા..! સુખનો સાગર તો ભગવાનઆત્મા છે. આહાહા..! એ શુદ્ધાંગે પ્રગટ થઈ અતીન્દ્રિય આનંદની દશાથી પ્રગટ થઈને બહાર આવ્યો કહે છે. આહાહા..!

**'કેવો છે ભગવાન?'** જીવદ્રવ્ય ભગવાન છે. રાડ નાખે ને. ભગવાન ન હોય તો ભગવાન દશામાં થાશે ક્યાંથી? કાંઈ બહારથી ભગવાનપણું આવે છે કાંઈ કેવળજ્ઞાન ને ઇ? આહાહા..! પરમેશ્વર અરિહંત પરમાત્મા, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વચ્છતા, અનંત પ્રભુતા. એવી જે પર્યાયમાં પરમાત્માને પ્રગટ થઈ એ ક્યાંથી આવી? બહારથી આવે છે કાંઈ? આહાહા..! અંતરમાં શક્તિઓ ભરી છે એવો ભગવાનઆત્મા **'अवबोधसिन्धुः'** આહાહા..! જ્ઞાનની તો વ્યાખ્યા કરી. **'જ્ઞાનમાત્રનું પાત્ર છે.'** અથવા જ્ઞાનમાત્ર આદિ અનંત ગુણનો આધાર. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન શબ્દ તો મુખ્યપણે લીધું છે. ઓલામાં આવે છે ને, ભાઈ! અર્થાવબોધ ગુણ વિશેષ. 'અલિંગગ્રહણ'માં. અર્થાવબોધ ગુણ વિશેષ જેને નથી. ત્યાં તો જ્ઞાન જેને નથી એમ કીધું. પણ એનો અર્થ, અનંતગુણો જેને નથી. એવો ભેદ નથી. ભગવાન અભેદ ચિદાનંદ છે, એમાં ગુણી આ અને અનંતગુણનો ભેદ (એવો ગુણ-ગુણીનો ભેદ નથી). એમાં અવબોધ શબ્દ લીધો છે. પણ અવબોધ જ્ઞાન તરીકે લેતા બધા ગુણો ભેગા લેવા. અલિંગગ્રહણમાં ત્રણ બોલ છે. ૧૮, ૧૯, ૨૦. આહાહા..!

અહીં પણ જ્ઞાન અવબોધ લીધું છે. પણ એ જ્ઞાન એટલે વસ્તુ પોતે ભગવાનઆત્મા અનંતગુણનો સિંધુ–દરિયો છે. આહાહા..! અરે..! કેમ બેસે? અહીં જરી એક દિ' સટ્ટામાં સરખાઈના જો પાંચ-પચાસ હજાર પેદા થાય તો જાણે આમ.. કુદકા મારે. આકાશે પાટુ (મારું). અરે..! ભગવાન! શું થયું તને આ? આ તે ગાંડપણું! તું તો અવબોધ સિંધુ છો ને, પ્રભુ! એમ કહે છે, અહીં પોકાર કરે છે. તું તો અનંત-અનંત આનંદ, જ્ઞાન, શાંતિ આદિનો સિંધુ સાગર છો ને. આહાહા..! એવા દરિયા ઉપર તારી નજર ન મળે અને રાગ અને પર ઉપર તારી નજર પામરમાં. પ્રભુતાને તું ભૂલી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? અહીં એ વાત આવી છે. 'હુકમચંદ' રૂપિયા ખરે. પચાસ હજાર પેદા થાય, લાખ પેદા થાય, બે લાખ થાય. ધૂળમાં કાંઈ નથી. એ તો પૂર્વના પુણ્ય બળી જાય છે ત્યારે પૈસા આમ દેખાય છે. દેખાય છે. એની પાસે ક્યાં આવે છે? એ તો બહાર રહે છે. એની પાસે આવે છે કે આ મારા એ મમતા એની પાસે આવે છે. આહાહા..! એય..! અંદર આત્મામાં ઝવેરાત આવે છે? નહિ. આહાહા..!

અહીં તો કહે છે, કે ભગવાન **'अवबोधसिन्धुः'** એ તો અનંતગુણનું પાત્ર છે. આ પાત્ર આવીને નાટકમાં નાચે છે ને પેલું પાત્ર? કીધું ને આ નારદ છે, ભર્તુહરિ, પીંગળા એ નાટકમાં આવે. એમ આ સમયસાર આત્મા નાટક છે. એને કહે છે કે જ્ઞાનમાત્રનો સિંધુ છે એ. એટલે કે અનંતગુણનો એ આધાર એવો ભગવાન દરિયો છે. આહાહા..! એવું જેને અંદરમાં ભાન થયું અને પ્રગટ દશા થઈ, એની અહીં વ્યાખ્યા છે. આહાહા..! **'અખાડામાં પણ પાત્ર નાચે છે, અહીં પણ જ્ઞાનપાત્ર જીવ છે. હવે જે રીતે પ્રગટ થયો તે કહે છે–'** હવે પ્રગટ શી રીતે થયો? (એ કહે છે). આહાહા..!

**'भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य' 'भरेण'** અતીશયથી. **'મૂળથી ઉખાડીને...'** વિશેષથી અતિશય. આહાહા..! મિથ્યાત્વના પરિણામને તો ભગવાનઆત્માએ મૂળમાંથી ઉખાડી નાખ્યા. રાગના, દયા-દાન અને વ્રત, ભક્તિના પરિણામ એ ધર્મ છે અને એનાથી ધર્મ થશે એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાત્વભાવ છે. આહાહા..! 'કાકુભાઈ'! ઝીણી વાત છે, ભગવાન! અહીં તો આવી વાતું છે. આ વીતરાગનો માર્ગ કોઈ જુદી જાતનો, ભાઈ! આહાહા..! પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં મોજૂદ છે. વીસ તીર્થંકર, લાખો કેવળીઓ બિરાજે છે. ભરતમાં એના વિરહ પડ્યા. અત્યારે કોઈ કેવળી નહિ, તીર્થંકર નહિ. આહાહા..! એ ભગવાનની આ વાણી છે. આહાહા..!

કહે છે, કે **'भरेण' 'મૂળથી ઉખાડીને...'** એટલે કે અતિશયપણે કરીને, વિશેષપણે કરીને... **'विभ्रम' 'વિપરીત અનુભવ–મિથ્યાત્વરૂપ પરિણામ...'** આહાહા..! આ શરીર મારું, બાયડી મારી, છોકરા મારા, પૈસા મારા, મિથ્યાત્વભાવ છે. એમ આ પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના. એ મારા એ પણ મહામિથ્યાત્વ છે. એ સિવાય દયા, દાન, વ્રત, ભક્તિના જે પુણ્યના પરિણામ એ પણ મારા એ પણ મિથ્યાત્વભાવ છે. 'કાકુભાઈ' શેઠિયા કો'ક આવે તો અહીં લાવે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આહાહા..! અહીં તો શ્રીમંત તો આત્મા છે. શ્રી-મંત–સ્વરૂપની લક્ષ્મીવાળો. આહાહા..! એ તો હમણાં એક શેઠિયા આવી ગયા. છે ને? 'શાહુ શાંતિપ્રસાદ' એની પાસે ચાલીસ કરોડ. ચાલીક કરોડ રૂપિયા છે. હમણાં આવી ગયા છે. વ્યાખ્યાન સાંભળ્યા હતા. હમણાં પંદર દિ' પહેલા ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. 'પ્રાંતિજ'થી આવ્યા હતા. એને અમે તો કહ્યું, રખડીને મરી જશો. 'ફતેહપુર' આવ્યા હતા ત્યારે એકવાર ખાનગીમાં કહ્યું હતું, હોં! ચાલીસ કરોડ રૂપિયા. વર્ષની કેટલા કરોડોની પેદાશ, કેટલા મીલ અને કેટલા... આહાહા..! એકવાર 'ફતેહપુર' એકલા આવ્યા હતા. કીધું, શેઠ! આ બધી જ્યાં હોય ત્યાં મોટપ કરીને તમને બેસાડે છે. આ વખત ચાલ્યો જાય છે, હોં! અમારે ક્યાં એની પાસેથી પૈસા લેવા હતા. એમ પાછા નરમ માણસ, હોં! સાંભળે. ભાઈ! આવા વખત મળ્યા. તમે મોટા ગૃહસ્થ. ચાલીસ કરોડ રૂપિયા. આહાહા..! એટલે તમને જ્યાં સભા ભેગી થાય ત્યાં શેઠ સાહેબને બોલાવો, પ્રમુખપણે બેસાડો. એમ કરીને બધો તમારો ટાઈમ મફતમાં ચાલ્યો જાય. પાપમાં જાય છે આ બધું, ભાઈ! બિચારા સાંભળતા. મહારાજા! બાપુ! અહીં તો આ વાત છે, બાપા! આહાહા..! આવું સ્વરૂપ ભગવાન અંદર એને સમજવા માટે, સાધવા માટે કાંઈ પ્રયત્ન નહિ. અને આ હોળી આખો દિ'. કરોડો રૂપિયા અને અબજો રૂપિયા ધૂળમાં... આહાહા..! હોળી સળગે છે. શું છે? એય..! 'શાંતિભાઈ'! આ તમારા છોકરાને એમ કહીએ છીએ. એને ઝવેરાતના મોટા ધંધા છે.

મુમુક્ષુ :– સૌને લાગુ પડે છે.

ઉત્તર :– સૌને લાગુ પડે છે. આહાહા..! આ પણ મોટા ધૂળને રળે છે ને? 'હોંગકોંગ' શું કહેવાય એ? 'હોંગકોંગ'. ધૂળમાં લાખો પેદા કરે અને પછી લાખ દાનમાં એટલે એમાંથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણે ધર્મ થઈ જશે. ધૂળેય નથી. તારા લાખ શું કરોડ દે ને. એને લઈને ધર્મ નથી. એમાં રાગની મંદતા, તૃષ્ણા ઓછી કરી હોય તો પુણ્ય થાય. ધર્મ નહિ. આહાહા..!

અહીં કહે છે, ભગવાન **'भरेण विभ्रमतिरस्करिणीं आप्लाव्य'** આહાહા..! વિશેષપણે કરીને **'વિપરીત અનુભવ–મિથ્યાત્વરૂપ પરિણામ...'** આહાહા..! જે હું અશુદ્ધ છું અને રાગવાળો છું અને એવું માન્યું હતું એ મિથ્યાત્વભાવ વીતરાગ માર્ગથી વિપરીત દૃષ્ટિ (હતી). આહાહા..! એવા મિથ્યાત્વભાવને. છે? **'વિપરીત અનુભવ—' 'વિભ્રમ', 'વિભ્રમ'** ની વ્યાખ્યા કરી. વિશેષે ભ્રમણા એટલે વિપરીત અનુભવ. વિપરીત ભ્રમ એટલે **'વિપરીત અનુભવ–મિથ્યાત્વરૂપ પરિણામ...'** આહાહા..! અહીં અંદર ગુણી ભગવાન અનંતગુણનો ધણી એવો જે વિકલ્પ ઊઠે એ પણ રાગ અને રાગ એ વિકાર છે. આહાહા..! એ વિકલ્પ તે મારો છે. એવું જે મિથ્યાદૃષ્ટિપણું... આહાહા..! એણે આત્માના સ્વભાવની સંભાળ લઈને મૂળમાંથી તોડી નાખ્યો છે. હું તો આનંદનો નાથ પ્રભુ છું. આહાહા..!

પરમેશ્વરે જિનેશ્વરદેવે.. જુઓ! કહ્યું. **'મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે...'** એ પરિણામ છે, હોં! મિથ્યાત્વના પરિણામ કોઈ ગુણ નથી. વિપરીત માન્યતા મિથ્યાત્વની એ પર્યાય છે, પરિણામ છે. આહાહા..! ભગવાન અનંત અનંતગુણનો પિંડ, પ્રભુ! એને રાગવાળો, પુણ્યવાળો, પાપવાળો, શરીરવાળો, બાયડીવાળો, ધંધાવાળો જે ચીજ એનામાં નથી એ વાળો માનવો, એ મિથ્યાત્વ છે, જૂઠી દૃષ્ટિ છે, પાપદૃષ્ટિ છે, અધર્મદૃષ્ટિ છે. આહાહા..!

વીતરાગે તો પોકાર કરીને જગતને કહ્યું છે. આ જગતને દરકાર ક્યાં? અરે..રે..! મારું શું થશે? આંખ વીંચાય અને ભગવાનઆત્મા કાંઈ નાશ થાય એવું નથી. એ તો આનો નાશ–રાખ થશે. એ તો અવિનાશી વસ્તુ છે. હવે આંખ વીંચીને જશે ક્યાં? રહેવાનો જ છે. જેને રાગ અને પુણ્યના પરિણામને પોતાના માની મિથ્યાત્વમાં પડ્યો છે એ મિથ્યાત્વમાં ભવિષ્યમાં રહેશે. આહાહા..! દુઃખી થઈ ચાર ગતિમાં રખડશે. પણ જેણે **'મિથ્યાત્વના પરિણામને...'** છે?

**'શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ...'** જેમ મોટો દરિયો હોય અને ચાર હાથનું કપડું હોય આડું. દરિયાને કાંઠે આડું. તો ઓલો દરિયો ન દેખાય. કપડું દેખાય. ચાર હાથનું કપડું હોય અને પોતે ચાર હાથનો ઊંચો. એટલે દરિયો ન દેખાય. એમ આ નાટકમાં પણ પડદા આડા રાખીને જે આવે છે તો ઓલી વસ્તુ ન દેખાય. એ પડદા જ્યારે અંદરથી તોડી નાખે છે... આહાહા..! ત્યારે વસ્તુ ખ્યાલમાં આવે છે. ઓહો..! આ તો ભર્તુહરિ, પીંગળા. આહાહા..!

એમ અહીંયાં **'મિથ્યાત્વરૂપ પરિણામ તે જ છે શુદ્ધસ્વરૂપ-આચ્છાદનશીલ અંતર્જવનિકા (અંદરનો પડદો)...'** આહાહા..! પવિત્ર ભગવાન આનંદનો નાથ શુદ્ધ અનાકુળ શાંતિ, અનાકૂળ આનંદ અને અનાકુળ જ્ઞાનનો સાગર. એને રાગ, પુણ્ય અને પાપવાળો માન્યો. આહાહા..! હું એક મનુષ્ય છું, હું એક દેવ છું, હું ક્રોધી છું, હું માની છું, હું માયાવી છું, હું મૂરખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છું, પંડિત છું... આહાહા..! એવી જે માન્યતા તે મિથ્યાત્વની માન્યતા છે. આહાહા..! આવી માન્યતાવાળાને વીતરાગદેવ ધર્મી કહેતા નથી. આહાહા..! એણે અંતરનો પડદો તોડી નાખ્યો કહે છે. આહાહા..!

ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદરૂપ, એવી અંતરદૃષ્ટિ કરતા મિથ્યાત્વના પરિણામરૂપી જે પડદો હતો એ તોડી નાખ્યો. સમજાણું કાંઈ? આવી વાતું. વાણિયાને આખો દિ' પૈસા અને બાયડી-છોકરા. એમાં વળી આવી વાતું પાછી. ઓલા કહે કે ભાઈ! ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, જાત્રા કરો, જાત્રામાં કાંઈક બે-પાંચ હજાર માણસ સાથે લઈ જાવ. એમાં ધૂળેય નથી, સાંભળને. રાગ મંદ હોય તો પુણ્ય થાય. બાકી માન અને અભિમાનમાં હોય તો પાપ થાય. એવી વાતું છે, બાપુ! આહાહા..!

અહીં કહે છે, **'विभ्रम'** ને તોડી નાખ્યું. **'तिरस्करिणीं'** આહાહા..! **'तिरस्करिणीं'** લ્યો. ઓલો શબ્દ નથી આવતો? ૧૯મી ગાથામાં. વિકારના ભાવ આત્માના તિરસ્કાર કરનારા છે. બે શબ્દ આવે છે. તિરસ્કરણી અને તિરસ્કાર એમ બે શબ્દ આવે છે. 'સમયસાર'ની ૧૯મી ગાથામાં. આહાહા..! એ શુભ, અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ એ આત્માનો તિરસ્કાર કરનારા છે. કારણ કે આત્મામાં એ નથી એને માન્યું એ તિરસ્કાર કરનારા છે. આહાહા..! અને બીજી રીતે કહીએ તો એ પુણ્ય-પાપના ભાવ તિરસ્કાર કરવાયોગ્ય છે. સમજાણું કાંઈ? આવી વાતું! નવા માણસને બિચારાને પાગલ જેવી લાગે. બધાની સૌની ખબર તો છે ને. આહાહા..!

ભગવાન તું કોણ છો? પરમેશ્વર શું કહે છે? આહાહા..! જેણે મિથ્યાત્વના પડદા અંતર્જવનિકા કાઢ્યું ને? આ પડદો. **'મૂળથી...' 'आप्लाव्य' 'आप्लाव्य' 'મૂળથી જ દૂર કરીને.'** આહાહા..! જેણે ભગવાન આનંદનો નાથ પ્રભુ એની ઉપર દૃષ્ટિ પડતા, શુદ્ધ સ્વભાવનો સત્કાર અને સ્વીકાર થતાં જે મિથ્યાત્વના પરિણામ હતા તેનો નાશ થઈ જાય છે. બીજી રીતે એનો કોઈ ઉપાય નથી. જેવું એનું શુદ્ધ સ્વરૂપ પવિત્ર અનાદિ અનંત શાંત આનંદકંદ પ્રભુ છે, એવું એણે ભાનમાં જ્યાં લીધું તે કાળે ઓલો મિથ્યાત્વ જે ભ્રમણા હતી કે પુણ્ય તે હું, પાપ તે હું, મૂર્ખ હું, પૈસાવાળો હું. એવો જે મિથ્યાત્વનો પડદો ત્યાં ફડાક દઈને તૂટી જાય છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે અખાડામાં પ્રથમ જ અંતર્જવનિકા કપડાની હોય છે,...'** આડો પડદો હોય ને પડદો? નાટકમાં પડદો હોય ને? પછી આમ ખોલે પડદો. કટકાવાળા પડદા હોય છે આમ. અડધા લીલા આમ, અડદા લીલા આમ. ગૃહસ્થાશ્રમમાં ઘણા નાટક જોયા છે ને? 'પાલેજ'ની દુકાનમાં ઘણો મોટો વેપાર ત્યાં. ઘણા આવે. સરઘસ આવે, નાટક આવે. રાત્રે પિતાજી કહે જાવ પૈસા લઈ જાવ, જોઈ આવો. આ તો ૧૭-૧૮-૧૯ વર્ષની વાત છે. ૭૦ વર્ષ પહેલાની વાતું છે. આ તો અત્યારે તો ૮૮ થયા. શરીરને, હોં! આત્માને ઉંમર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્યાં? એ તો અનાદિઅનંત છે. આહાહા..!

અહીં કહે છે, **'તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે;...'** આહાહા..! શુદ્ધાંગ નાચે છે. અંગ કીધું. એટલે મિથ્યાત્વના પરિણામનો નાશ કરી અને એના સ્થાનમાં શુદ્ધ પવિત્રની પરિણતિરૂપે ત્યાં પરિણતિ થાય છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. આવી વાતું છે. અરે..રે..! સાંભળવા મળે નહિ. તે કે દિ' વિચારે? કે દિ' બેસાડે? અરે..! જિંદગી ચાલી જાય છે, બાપુ! મનુષ્યનો અવતાર, મોંઘેરા અવતાર મળ્યા એ આત્માના જ્ઞાનને માટે મળ્યા છે. એ જો આત્માનું જ્ઞાન આ પ્રમાણે નહિ કરે... આહાહા..! પ્રભુ! તારા આરા ક્યાંય આવવાના નથી. આહાહા..!

અહીં તો કહે છે, એ મિથ્યાત્વના, ભ્રમણાના પરિણામ જે હતા કે આ પુણ્યના પરિણામ તે ધર્મ છે અને એનાથી મને ધર્મ થશે. પાપના પરિણામમાં અમને મજા છે. પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ધૂળમાં, શરીરમાં, માટીમાં, હાડકા-ચામડામાં. આહાહા..! સ્ત્રીનું શરીર હાડકા અને ચામડામાં ભોગ લેતા મને આનંદ આવે છે. એ રાગનો ભાવ, મિથ્યાત્વનો ભાવ છે. એમાં સુખ માનવું એ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? એને જેણે પડદો તોડી નાખ્યો છે. આહાહા..! અંદર બાદશાહ ચૈતન્યભગવાન બિરાજે છે. એની સામું જોતાં, એની સંભાળ લેતા મહાપ્રભુનું અસ્તિત્વ જેટલું, જેવડું છે એવડું કબુલાતમાં, અનુભવમાં આવતા મિથ્યાત્વનો નાશ, મૂળમાંથી નાશ થઈ જાય છે. કહો, 'દેવીલાલજી'! આવો માર્ગ છે, બાપા! નવાને તો જાણે એવું લાગે કે આ શું કહે છે? આ કાંઈ વીતરાગથી નવો માર્ગ હશે? બાપુ! વીતરાગનો માર્ગ આવો છે, ભાઈ! આહાહા..!

**'શુદ્ધાંગ નાચે છે;...'** શું કીધું એ? ઓલામાં અનાદિથી મિથ્યાત્વ નાચતું હતું. આહાહા..! હવે શુદ્ધ પવિત્ર પ્રગટ દશા થઈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પ્રગટ પવિત્ર દશા છે. એવી પવિત્ર દશા હવે નાચે એટલે પરિણમે છે. સમજાણું કાંઈ? ઝીણું ઝીણું કહેવું અને સમજાય છે કાંઈ પાછું કહેવું. પણ ભાઈ! બીજુ શું થાય? બાપુ! અનાદિનો માર્ગ જ આ છે. અરે..! એ રસ્તે ન જતાં ઊંધે રસ્તે અનાદિથી ગયો છો. અને રખડપટ્ટી એમ ને એમ ઊભી બધી. આહાહા..! કરોડોપતિ માણસ ઢોલીયે સૂતો હોય જેમાં રતન ટાંક્યા હોય. એ મરીને... આહાહા..! વાણિયા માંસ અને દારૂ ન ખાતા હોય એટલે કદાચ (નરકમાં તો ન જાય) પણ એ મરીને ઢોરમાં બકરીને કૂંખે બચ્ચુ થાય. આહાહા..!

પરમાત્મા એમ કહે છે, જે માંસ અને દારૂ ખાય તો તો નરકમાં જાય. પણ એ ન હોય અને આડોડાઈ બહુ કરી હોય, માયા, કપટ, કુટીલ, માન, માયા. એ આડોડાઈના ફળ તરીકે જેના શરીર આડા છે ત્યાં જન્મશે. આ માણસના શરીર આમ ઊંચા છે. અને બકરી, હાથી, ઘોડા એના શરીર આડા છે. એ આડામાં જવાના. આડોડાઈ કરીને આડામાં જવાના. આહાહા..! અને જેણે આ સમ્યગ્દર્શનમાં આત્માને માન્યો, અનુભવ્યો... આહાહા..!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ ક્રમે કરીને મોક્ષમાં પૂર્ણ આનંદને પ્રાપ્ત કરનારા થશે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહાહા..! ચાલતી વાત સાથે મેળ ખાય નહિ એટલે આ બીજી વાત છે એમ એને લાગે. બાપુ! માર્ગ આ છે, પ્રભુ! આહાહા..! તારે હિત કરવું હશે તો આ પંથે આવ્યા વિના, રસ્તામાં આવ્યા વિના થાય એવું નથી. એ અંતરનો માર્ગ છે ત્યાં અંતરમાં જાવું પડશે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અંતર્જવનિકા કપડાની હોય છે, તેને દૂર કરીને શુદ્ધાંગ નાચે છે; અહીં પણ અનાદિ કાળથી મિથ્યાત્વ પરિણતિ છે,...'** આહાહા..! નિગોદથી માંડીને લસણ અને ડુંગળી. એક એક કટકીમાં અનંતા જીવો... આહાહા..! ત્યાં અનંતવાર અવતર્યો છે. એવા ભવ કરીને **'અનાદિકાળથી મિથ્યાત્વ પરિણતિ છે, તે છૂટતાં શુદ્ધસ્વરૂપ પરિણમે છે.'** મિથ્યાત્વમાં એકલું અશુદ્ધરૂપ પરિણમન હતું. વસ્તુ શુદ્ધ ભિન્ન રહી ગઈ. હવે શુદ્ધ સ્વરૂપની જ્યાં દૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ થઈ, ત્યારે મિથ્યાત્વનો નાશ થઈને શુદ્ધનું પરિણમન થાય છે. આહાહા..! એને ધર્મનું પરિણમન કહેવામાં આવે છે. ભાષા તો સાદી છે. ભાવ ભલે ઊંચા હોય. ભાષા એવી કાંઈ સંસ્કૃત અને વ્યાકરણ ને મોટી મોટી લાંબી વાતું નથી. આહાહા..!

**'શુદ્ધસ્વરૂપ પરિણમે છે. શુદ્ધસ્વરૂપ પ્રગટ થતાં જે કાંઈ છે તે જ કહે છે-'** આહાહા..! **'अभी समस्ताः लोकाः शान्तरसे समम् एव मज्जन्तु' 'अमी' 'જે વિદ્યમાન છે એવા બધા જીવો,...'** આહાહા..! બધા અનંત આત્માઓ વિદ્યમાન છે, હયાતીવાળા છે. આહાહા..! કાલે નહોતું કહ્યું? આહાહા..! ભગવાન એમ કહે છે કે અનંત જીવો એ જેટલા નિગોદના, લીલ-ફૂગના, લસણના અનંત આત્માઓ એ બધા આત્માઓ સ્વરૂપે તો ભગવાન જ છે. પર્યાયમાં, અવસ્થામાં ફેર છે. પર્યાય-દશામાં ફેર છે. વસ્તુ તો ભગવાનસ્વરૂપ જ બધા છે. આહાહા..! એની શક્તિ અને એનું સત્ત્વ ને એનો સ્વભાવ તો ભગવાનસ્વરૂપ છે. સર્વ જીવો સર્વ કાળ... આહાહા..! ત્રણકાળમાં, ત્રણલોકમાં, ત્રણકાળમાં સર્વ જીવો પૂર્ણાનંદથી ભરેલા ભગવાનસ્વરૂપે છે એમ તું ભાવના કર, કહે છે. આહાહા..! અરે..રે..! આવી વાતું. હજી તો પકડવી કઠણ પડે. આહાહા..! આ માર્ગ છે, ભાઈ! શું કીધું? કીધું?

**'अमी' 'જે વિદ્યમાન છે એવા બધા જીવો,...'** આહાહા..! એ હવે સાગમટે નોતરું આપે છે. **'જે અતીન્દ્રિયસુખ ગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ...'** આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એને અનુભવમાં અતીન્દ્રિય આનંદની પરિણતિમાં લીન થાવ. આહાહા..! બધા જીવો આવીને ત્યાં આવો.. ત્યાં આવો એમ કહે છે. આહાહા..! જેમ માંડવાનો લખે નહિ? આપ આવ્યાથી માંડવાની શોભા વધશે. એવું બધું વાણિયા લખે. આહાહા..! અહીં પ્રભુ એમ કહે છે.. આહાહા..! તારી શોભા અહીં વધશે. અંદરમાં આનંદ ગર્ભિત. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ કર. ત્યાં આવીને બધા શાંતરસમાં મગ્ન થાઓ. ત્યાં તારી શોભા છે. 'રતિભાઈ'! આહાહા..! એક એક ગાથાએ તો ગજબ કરે છે ને!

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા..! સાગમટે નોતરા નથી આપતા? એકલી છોકરીઓનું હોય તો કન્યાનું. આદમીનું હોય તો કંદોરાબંધ એમ કહે છે. આપણે સાંભળેલું છે. અને બધા આખા કુટુંબને કહે તો સાગમટે. ભલે માંદો હોય એ પછી ન આવી શકે. આહાહા..! અહીં તો સાગમટે નોતરું છે, બાપુ!

આત્મા આનંદનો નાથ, એનો આનંદ ગર્ભિત જે અનુભવ છે. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં શાંતરસનો અનુભવ છે. ત્યાં બધા આવોને, ભાઈ! આહાહા..! એમાં છે કે નહિ? આહાહા..! શાંતરસની વ્યાખ્યા કરી. **'અતીન્દ્રિયસુખગર્ભિત છે એવો શુદ્ધસ્વરૂપનો અનુભવ...'** આનંદ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ આનંદ આવે. આહાહા..! કાલે નહોતું કહ્યું? વીતરાગી સહજાનંદ સુખાનુભૂતિ, એવું જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન.. આહાહા..! એ સુખાનુભૂતિ અતીન્દ્રિય આનંદના અનુભૂતિથી જે જ્ઞાન ગર્ભિત છે તે જ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય છે. આહાહા..! જે જ્ઞાનમાં, આ શાસ્ત્રજ્ઞાન પણ નહિ, આ લૌકિક બધા જ્ઞાન પણ નહિ, જે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદ છે એવું જે જ્ઞાન, તે જ્ઞાન વડે આત્મા જણાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ? કાલે આવ્યું હતું ને? નિર્વિકાર સ્વસંવેદન. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની ખાણ છે. એ ખાણમાં એકાગ્ર થતાં, એને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનો શાંતરસનો અનુભવ થાય. શાંત... શાંત... શાંત... અકષાય સ્વભાવ. જે વસ્તુનું સ્વરૂપ ત્રિકાળી અકષાય સ્વભાવ છે, તેનો આશ્રય કરતા, સ્વીકાર કરતા, પર્યાયમાં અકષાયસ્વભાવ પ્રગટે તેને અહીં શાંતરસ કહે છે. એ શાંતરસમાં બધા જીવો આવો. આહાહા..! એમાં સ્નાન કરો. સંસારનો મેલ એમાંથી ટળી જશે. આહાહા..! **'मज्जन्तु'** છે ને? પહેલો શબ્દ છે ને? આહાહા..! સમજાણું કાંઈ? **'मज्जन्तु'** છે ને? જુઓને? **'मज्जन्तु'** એટલે **'મગ્ન થાઓ—તન્મય થાઓ.'** આહાહા..!

આત્મા અંદર અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર સ્વરૂપ વસ્તુ છે. એની સન્મુખતા કરીને તેની જે જ્ઞાન અને આનંદની દશા પ્રગટ થઈ તે શાંતરસ. તે શાંતરસમાં દુનિયા આવો. એમ સાગમટે નોતરું ભગવાન આપે છે. માંદો માણસ હોય, રોગીલો ન આવી શકે એ વાત જુદી પણ નોતરું તો બધાને છે. આહાહા..! આવો ઉપદેશ કઈ જાતનો? વીતરાગનો માર્ગ હશે આ? જિનેશ્વરનો માર્ગ આવો! અમે તો ભાઈ બહારથી એવું સાંભળીએ, ભક્તિ કરવી, જાત્રા કરવી, દાન કરવા, રથયાત્રા કાઢવી, વરઘોડા કાઢવા, પાંચ-પચ્ચીસ હજાર ખર્ચવા, પચાસ લાખ, બે લાખ ખર્ચે. બાપુ! એ વાત જુદી છે. એ તો બધી રાગની ક્રિયાઓ છે, બાપા! તને ખબર નથી. આહાહા..! ભાઈ! તને વીતરાગમાર્ગની ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, વસ્તુ જે ભગવાનઆત્મા જિનસ્વરૂપ છે. 'જિન સો જિનવર અને જિનવર સો જિન.' એવું જિનસ્વરૂપ એનું ત્રિકાળી આનંદકંદ પ્રભુ છે. એનો અનુભવ કરતાં સમ્યગ્દર્શન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરતા એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન. જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે... આહાહા..! એવા અતીન્દ્રિય આનંદના સ્વાદમાં હે આનંદના રસીક જીવો! એમાં આવો તમે. એય..! આ જલસા નથી ઉડાવતા? જલસા કરે ત્યારે બધાને ભેગા કરેને? મિત્રોને, ફલાણાને. પાપના ઢગલા.

અહીં કહે છે, કે પરમાત્મા જિનેશ્વરદેવ વીતરાગ એમ કહે છે, પ્રભુ! તું આત્મા આનંદસ્વરૂપ છો ને. એ અતીન્દ્રિય આનંદની તને અનુભવદશા થતાં, તને આત્મા આવો એમ પ્રાપ્ત થશે. અને તેમાં તને શાંતરસ આવશે. એ શાંતરસને ધર્મ કહીએ. અને એ ધર્મથી જન્મ-મરણ મટે એવું છે. સમજાણું કાંઈ? આહા..! કલાકમાં કંઈક વાતું (આવે). બાપુ! માર્ગ એવા (છે), ભાઈ! આહાહા..! પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અરિહંતપદે બિરાજે છે. 'મહાવીર' આદિ ભગવાન તો સિદ્ધપદે થઈ ગયા. એ ણમો સિદ્ધાણંમાં અશરીરી થઈ ગયા. અને આ ભગવાન મહાવિદેહમાં બિરાજે છે એ તો ણમો અરિહંતાણંમાં છે. એની આ વાણી છે. સમજાણું કાંઈ? સંતો એની વાણી કહે છે. આડતિયા થઈને. આહાહા..! અહીં આવો.

'**એકી વખતે...**' હવે એક આવો આ અને બીજો આવે, ત્રીજો આવે એમ નહિ, કહે છે. આહાહા..! એકી વખતે બધા આત્માઓ આનંદના અનુભવમાં અંદર આવો. આહાહા..! તારો નાથ આનંદસાગરથી અંદર ભરેલો છે ને, પ્રભુ! સુખસાગર આત્મા છે ને. એ આ સુખસાગરના અનુભવની દશામાં આવો બધા. તમને ત્યાં શાંતિ મળશે, સુખ મળશે. આહાહા..! જીવ અધિકારની છેલ્લી ગાથા છે ને? આહાહા..! '**તન્મય થાઓ.**' '**मज्जन्तु**' સ્નાન કરો એમાં. આનંદમાં ગરકાવ થાવ. આહાહા..! એનો ભાવાર્થ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# વાચકોનો નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# વાચકોનો નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001:Remember to check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# વાચકોનો નોંધ માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com